: સંપાદક :

અ. પ્ર. ઉપાધ્યાય મુનિશ્રી કન્હૈયાલાલ 'કમલ'

૨



परस्परोग्रहोजीवानाम्

વીર્યાચાર

તપાચાર

ચારિત્રાચાર

દર્શનાચાર

જ્ઞાનાચાર

# ચરણાનુયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

9474

સમતામૂર્તિ સ્વ. પૂ. પિતાશ્રી **કાનજીભાઈ શીવજીભાઈ (સંગજીભાઈ) મહેતા**

વાત્સલ્યમૂર્તિ સ્વ. પૂ. માતુશ્રી **ગુલાબબેન કાનજીભાઈ મહેતા**

ના સ્મરણાર્થે હસ્તક

સુપુત્ર : **મહેન્દ્રકુમાર કાનજીભાઈ મહેતા,** પુત્રવધુ : **ધનલક્ષ્મીબેન (મીનાબેન)**

પૌત્ર : **પ્રશાંત મહેન્દ્રકુમાર મહેતા,** પૌત્રવધુ : **વૈશાલી પ્રશાંતકુમાર મહેતા**

પ્રપૌત્ર : **ગૌરવ પ્રશાંત મહેતા,** પ્રપૌત્રી : **નિયતી પ્રશાંત મહેતા**

તરફથી સપ્રેમ

# ચરણાનુયોગ

## ભાગ – ૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચરણાનુયોગ

ભાગ – ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री ફતેહ-પ્રતાપ-ગુરુદેવ સ્મૃતિ-પુષ્પ
આગમ અનુયોગ ગ્રંથમાળા પુષ્પ-૪

# ચરણાનુયોગ

## ગુજરાતી ભાષાંતર

(દ્વિતીય ખંડ)

(જૈન આગમોમાં વર્ણિત આચાર ધર્મ-વિષયક સામગ્રીનું પ્રામાણિક સંકલન)

: પ્રધાન-સંપાદક :
અનુયોગ-પ્રવર્તક ઉપાધ્યાય-પ્રવર પં.રત્ન
**મુનિશ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'**

: સંયોજક :
આગમરસિક
**શ્રી વિનયમુનિજી 'વાગીશ'**

: સંપાદિકા-અનુવાદિકા :
**મહાસતીશ્રી મુક્તિપ્રભાજી** એમ.એ., પીએચ.ડી.
**મહાસતીશ્રી દિવ્યપ્રભાજી** એમ.એ., પીએચ.ડી.

: સહસંપાદિકા :
**મહાસતીશ્રી અનુપમાજી** એમ.એ., પીએચ.ડી.
**મહાસતીશ્રી ભવ્યસાધનાજી** એમ.એ., પીએચ.ડી.
**મહાસતીશ્રી વિરતિસાધનાજી** બી.એ.

: પ્રધાન પરામર્શક :
**પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા**

: ગુજરાતી આવૃત્તિ સંપાદક-સંશોધક :
ડૉ. રમણીકભાઈ શાહ
એમ.એ., પીએચ.ડી.

: પ્રકાશન-સહયોગી :
**પૂ. શ્રી ડોસાભાઈ ગોપાલદાસ પટેલ (સાણંદ નિવાસી)**

: સુપુત્રો :
(સ્વ.) શ્રી મહાસુખભાઈ ડોસાભાઈ,
(સ્વ.) શ્રી બળદેવભાઈ ડોસાભાઈ,
(સ્વ.) શ્રી ચિમનલાલ ડોસાભાઈ
પરિવાર

: પૌત્રો :
શ્રી નંદુભાઈ
શ્રી બચુભાઈ, શ્રી બકાભાઈ,
શ્રી નવનીતભાઈ, શ્રી મધુભાઈ,
તથા શ્રી જયંતીલાલ કાંતિલાલ પટેલ સપરિવાર

: પ્રકાશક :
**આગમ અનુયોગ ટ્રસ્ટ**
અમદાવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* સર્વાધિકાર પ્રકાશકાધીન.

* **પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
**આગમ અનુયોગ ટ્રસ્ટ,**
સ્થાનકવાસી જૈન વાડી,
સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા ક્રોસિંગ, અમદાવાદ- ૩૮૦ ૦૧૩
ફોન : ૭૫૫૧૪૨૬, ૭૫૫૨૭૧૧

* **સંપર્ક સૂત્ર :**
**શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર**
સબ્જીમંડી સામે,
માઉન્ટ આબુ (રાજસ્થાન)
પીન-૩૦૭૫૦૧, ફોન : ૪૩૫૬૬

* **દ્વિતીય આવૃત્તિ :**
વીર નિર્વાણ સંવત - ૨૫૨૪
વિક્રમ સંવત - ૨૦૫૪
ઈ.સ. ૧૯૯૮
મહાવીર જયંતિ ( ૯ એપ્રિલ-૧૯૯૮)

* **મૂલ્ય :**
ચારસો રૂપિયા
રૂા. ૪૦૦/-

* **મુદ્રક :**
**સ્કેન-ઓ-ગ્રાફિક્સ**
(કોમ્પ્યુટર-ઓફસેટ જોબ)
૩એ, રવિકુંજ સોસાયટી, નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૪૯૪૩૯૦

* **સેવા-સહયોગી શ્રમણ મંડળ :**
  1. મધુર વ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજી
  2. સેવાભાવી શ્રી સંજયમુનિજી

* **સેવા-સહયોગી શ્રમણી મંડળ :**
  1. મહાસતી શ્રી દર્શનપ્રભાજી
  2. મહાસતી શ્રી ચારુશીલાજી
  3. મહાસતી શ્રી યોગસાધનાજી
  4. મહાસતી શ્રી ઉત્તમસાધનાજી
  5. મહાસતી શ્રી અપૂર્વસાધનાજી
  6. મહાસતી શ્રી વિરાગસાધનાજી

* **ટ્રસ્ટી મંડળ :**
  ૧. શ્રી નવનીતભાઈ ચુનીલાલ પટેલ
  ૨. શ્રી હિંમતલાલ શામળદાસ શાહ
  ૩. શ્રી રમણલાલ માણેકલાલ શાહ
  ૪. શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ
  ૫. શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ
  ૬. શ્રી વિજયરાજ બી. જૈન
  ૭. શ્રી અજયરાજ કે. મહેતા
  ૮. શ્રી જયંતિભાઈ ચંદુલાલ સંઘવી (માનદ્મંત્રી)
  ૯. ડૉ. શ્રી સોહનલાલ સંચેતી (સહમંત્રી)

* **પ્રૂફ સંશોધક :**
માંગીલાલ શર્મા (કુરડાયાં)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Published in memory of Rev.
Gurudeva Fateh–Pratap Agam Anuyog No. 4

# CARAṆĀNUYOGA

## GUJARATI TRANSLATION

(Part-II)

: Chief-Editor :
Anuyog Pravartak Upadhyaya Pravar Pandit Ratna
**Muni. Shri Kanhaiyalalji 'Kamal'**

: Colligator :
Agam Rasik
Shri Vinay Muniji "Vageesh"

: Translators :
Mahasati Shri Muktiprabhaji M.A., Ph.D.
Mahasati Shri Divyaprabhaji M.A., Ph.D.

: Assistant Editors :
Mahasati Shri Anupamaji M.A., Ph.D.
Mahasati Shri Bhavyasadhanaji M.A., Ph.D.
Mahasati Shri Viratisadhanaji B.A.

: Special Advisor :
Pandit Shri Dalsukhbhai Malvania

: Gujarati Edition Editor :
Dr. R. M. Shah
M.A., Ph.D.

: Publishing Co–ordinatior :
Shri Dosabhai Gopaldas Patel (Sanand)

: Son's :
Shri Mahasukhbhai Dosabhai, Shri Baldevbhai Dosabhai, Shri Chimanlal Dosabhai Family

: Grand son's :
Shri Nandubhai
Shri Bachubhai, Shri Bakabhai,
Shri Navanitbhai, Shri Madhubhai
&
Shri Jayantilal Kantilal Patel Family

: Publishers :
**Agam Anuyog Trust**
Ahmedabad


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* ©

* **Publisher :**
**Agam Anuyog Trust,**
Sthanakvasi Jain Wadi,
Sthanakvasi Jain Society,
Naranpura Crossing, Ahmedabad – 13.
Ph : 7551426, 7552711

* **Contect Place :**
**Shri Vardhman Mahavir Kendra**
Opp. Subjimandi, Mt. ABU. (Raj.)
Pin : 307501. Ph : 43566

* **Second Edition :**
AD. 2054
Year : 1998
**Mahavir Jayanti** (9 April - 1998)

* **Price :**
**Rs. : 400 /–** (Rupees Four Hundred)

* **Printed By :**
**Scan–O–Grafix**
(Computer–Offset Job)
3–A, Ravikunj Society,
Naranpura, Ahmedabad–380 013.
Ph : 494390

* **Seva Sahyogi Shraman Mandal :**
1 Madhur Vyakhyani Sh. Gautam Muniji
2 Sevabhavi Sh. Sanjay Muniji

* **Seva Sahyogi Shramani Mandal :**
1 Mahasati Sri Darshanprabhaji
2 Mahasati Sri Charushilaji
3 Mahasati Sri Yogsadhanaji
4 Mahasati Sri Uttamsadhanaji
5 Mahasati Sri Apurvasadhanaji
6 Mahasati Sri Viragsadhanaji

* **Trusties :**
1 Shri Navanitbhai Chunilal Patel
2 Shri Himatlal Shamaldas Shah
3 Shri Ramanlal Maneklal Shah
4 Shri Mahendrabhai Shantilal Shah
5 Shri Bachubhai Baldevbhai Patel
6 Shri Vijayraj B. Jain
7 Shri Ajayraj K. Mehta
8 Shri Jayantibhai Chandulal Sanghavi (Secretary)
9. Dr. Shri Sohanlal Sancheti (Co–Secretary)

* **Proof Reader :**
Mangilal Sharma (Kurdayan)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ઉપાધ્યાય પ્રવર પં. રત્ન
મુનિશ્રી કન્હૈયાલાલજી મ. ''કમલ''



આગમ મનીષી
શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ'



શ્રુતાચાર્ય પરમ વિદુષી
મહાસતીજી ડૉ. શ્રી મુકિતપ્રભાજી



''અરિહંત પ્રિયા'' વિદુષી રત્ન
મહાસતીજી ડૉ. શ્રી દિવ્યપ્રભાજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ અનુયોગ ટ્રસ્ટ - ટ્રસ્ટી મંડળ



શ્રી નવનીતભાઈ ચુનીલાલ પટેલ



શ્રી હિમ્મતલાલ શામળદાસ શાહ



શ્રી મહેન્દ્રભાઈ શાન્તિલાલ શાહ



શ્રી આર. એમ. શાહ



શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ



શ્રી વિજયરાજ બી. જૈન



શ્રી અજયરાજ કે. મહેતા



શ્રી જયન્તિભાઈ સી. સંઘવી (મંત્રી)



ડૉ. શ્રી સોહનલાલજી સંચેતી (સહમંત્રી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ''ચરણાનુયોગ'' ભાગ-૨ પ્રકાશન સહયોગી દાતા



સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

### ચરણાનુયોગ : ભાગ-૨
### ધરીએ તુ જ હસ્તકમળમાં

**આગમ અનુયોગ ટ્રસ્ટના આદ્યસ્થાપક વંદન હો ... આપને કોટી કોટી...**

"વ્યક્તિ ચલા જાતા હૈં સ્મૃતિ સદકાર્ય કી રહ જાતી હૈ...
હર ફૂલ કી મિટ્ટી મેં મહક રહ જાતી હૈ...
ધન્ય હૈ વે લોગ- જિનકે જાને કે બાદ
ગૌરવભરી ગુણગાથા રહ જાતી હૈ"

સંનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, આજીવનસેવાના આદર્શ ભાવનાશીલ, ધર્મશ્રેષ્ઠીવર્ય, માનનીય-સન્માનીય-સૌજન્યમૂર્તિ, મુકસેવક આદરણીય પૂજ્ય દાદાજી, શ્રાવકરત્ન શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનો જન્મ ધર્માનુરાગી શ્રાવકરત્ન શ્રી ડોસાભાઈ ગોપાળભાઈ પટેલના ખાનદાન ખોરડે ૮-૨-૧૯૧૭ માં સાણંદ મુકામે માતુશ્રી જડીબાની કુંખીએ થયો હતો. બાળપણથી જ માતાપિતાએ ઉચ્ચ આદર્શ ધર્મના સંસ્કારના બીજનું રોપણ કરેલ- અને તેથી જ જીવનમાં ધર્મ પ્રત્યેની અડગશ્રદ્ધા- માનવતાના- પરમાર્થના કાર્યની સુઝ સમજ ચોમેર ફેલાવી. S.S.C. પાસ થયા બાદ સાણંદ પોપટીવાડની સ્કૂલમાં ઈંગ્લીશ શિક્ષક તરીકે ત્રણ મહિના નોકરી કરી. સાણંદના વતની ડાહ્યાભાઈ શંકરભાઈની સુપુત્રી રૂક્ષ્મણીબેન સાથે સં.૧૯૩૪ માં લગ્નગ્રંથિથી જોડાયા બાદ રથના બે પૈડા સરીખા હોવાને કારણે તેમના સુપુત્રો- પુત્રીઓમાં ધર્મના સંસ્કાર રહ્યા- સંવત- ૧૯૯૫ માં અમદાવાદમાં પાલડીમાં કરીયાણાની અનાજની દુકાન શરૂ કરી. ભાડાના મકાનમાં રહેતા- નસીબે-પુણ્યોદયે યારી આપી. સં. ૨૦૦૪ માં ચોખાબજારમાં અનાજના વેપારી તરીકે નેકીથી અનાજનો ધંધો વિકસાવ્યો. ૧૯૭૨માં રૂ નો ધંધો શરૂ કર્યો. જેમાં દીકરા જોડાયા- નાના વહેપારીઓની મુશ્કેલીને ધ્યાનમાં લઈને અને પોતે પણ એ દિવસ નાના વ્હેપારી હતા તે લક્ષ્યમાં લઈને કાલુપુર ચોખા બજારના વેપારીઓના સાથીદારોના સંપ-સંગઠનને સથવારે સૌને સાથે રાખી ૫-૧૨-૭૦ માં કાલુપુર બેંકની સ્થાપના કરી- ચેરમેનપદ છેલ્લા શ્વાસ સુધી દિપાવ્યું- નાની મોટી અનેક સામાજીક- ધાર્મિક-સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા બજાવી. જૈનધર્મ-માનવ ધર્મ- સંત સમાગમ દ્વારા હૃદયંગમ બનાવેલ. આગમ અનુયોગની સ્થાપના પૂ. ગુરુદેવ કમલમુની મ.સા.ની પાવન નિશ્રામાં કરી અને તેના અધ્યક્ષપદને દિપાવ્યું. આગમ અનુયોગ ટ્રસ્ટના કાર્યમાં તન-મન-ધનથી ફાળો રહ્યો છે. તા. ૧૩-૭-૯૭ ના દિવસે બેંકના ઉદ્ઘાટન સમારોહમાં હાર્ટએટેક આવતા સવારે ૧૦-૪૦ મીનીટે નશ્વરદેહ છોડ્યો-

તેમના જીવનમાં સચ્ચાઈ-નમ્રતા-પ્રેમભાવના-સદ્ભાવના મધ્યમ વર્ગના માનવી માટે દયાભાવના ગુણોની સુવાસ ચોમેર પ્રસરી રહી છે. બ્રહ્મચર્યવ્રત નાની ઉંમરે લઈ- ચૌવિહાર વગેરેનું ઉત્તમ પાલન કરનાર- શ્રાવકરત્નને અંતરના વંદન હો- આગમ અનુયોગ ટ્રસ્ટ સદાય એમનું ઋણી રહેશે-

ચરણાનુયોગ ભાગ-૨ પૂ. દાદાજીને અર્પણ કરીએ છીએ-

- ટ્રસ્ટીગણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ

## આદરણીય શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ

શ્રી બળદેવભાઈ ડોસાભાઈના ખાનદાન ખોરડે તેમજ પૂ- રૂક્ષ્મણીબાની કુક્ષીએ જન્મ થયો. અભ્યાસકાળ દરમ્યાન ધંધા પ્રત્યેની રૂચી થતા-રૂ ના ધંધામાં જોડાયા- સાહસીકવૃત્તિને કારણે બી.ડી.કોટનનું નામ ગુંજતું થયું- પિતાજીના અવસાન બાદ તેમને આગમ અનુયોગના ટ્રસ્ટી તરીકે લેવામાં આવેલ છે તેઓ નાની મોટી સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલ છે- માનવતાના કાર્ય કરવાની ભાવના ધન્યવાદને પાત્ર છે- તેમના બન્ને દિકરા-પુત્રવધુઓ પણ ધર્મભાવનાવાળા છે- ધર્મપત્ની અ.સૌ.રમીલાબહેન ધર્મના કાર્યમાં સહભાગી બની રહ્યા છે.

## આદરણીય શ્રી બકાભાઈ બળદેવભાઈ પટેલ

સંસ્કારી પિતા શ્રી બળદેવભાઈ ડોસાભાઈના ખાનદાન ખોરડે અને પૂજ્ય રૂક્ષ્મણીબાની કુક્ષીએ જન્મ લઈને અભ્યાસમાં તેજસ્વીતા ઓજસ્વીતાના ઉત્તમ ગુણ સાથે આગળ વધ્યા- જન્મથી માત-પિતાના ઉત્તમ સંસ્કારોના સિંચનથી ધર્મભાવના- તપભાવના-વંદનીય રહેલા જોવા મળે છે. ધંધાના ક્ષેત્રે પણ પિતાજીનું વચન એ જ ભગવાન સમજીને એક એક પગલું માંડ્યું છે- જતુ કરવાનો ઉત્તમ ગુણ તેમનામાં જોવા મળે છે. તેમના ધર્મપત્ની અ.સૌ.ઉર્વશીબ્હેન પણ ધર્મના રંગે-માનવતાના કાર્યની ભૂરી ભૂરી અનુમોદના કરવામાં હંમેશા આગળ રહ્યા છે- તેમના લાડલા દિકરા ચિ. અનય (U.S.A.) માં અભ્યાસ કરે છે અને લાડલી દિકરી ધૃતી પણ ઉત્તમ સંસ્કારની સુવાસની સહભાગી બની રહી છે- પૂ.દાદાજીનાં નામની ચોમેર સુવાસ ફેલાવવામાં મૂક ફાળો અર્પી રહ્યા છે.



શ્રી બકાભાઈ બળદેવભાઈ પટેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પરમ પૂજ્ય બા-ડાહીબેન મહાસુખભાઈ ડોસાભાઈ પટેલ



સ્વ. ડાહીબેન મહાસુખભાઈ ડોસાભાઈ પટેલ

પરમ પૂજ્ય શ્રી ડાહીબેનનો જન્મ. સન ૧૯૦૯માં થયો. શ્રી મહાસુખભાઈ ડોસાભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા બાદ નાની ઉંમરમાં પ્રચંડ પુરુષાર્થ કરી જાત-મહેનતથી સર્વ કાર્ય કરી કુટુંબમાં સસુરપક્ષે સુવાસ ફેલાવી. ગમે તેવી વિટંબણામાં મૌનના ઉત્તમ ગુણને કેળવેલ- પૂજ્ય ડાહીબાના લાડલા સુપુત્ર નંદુભાઈને જન્મ આપી. ૩૫ વર્ષની ઉંમરમાં સ્વર્ગવાસી થયા. આથી શ્રી નંદુભાઈ તથા ડાહ્યાભાઈ લાડલી દીકરી વિદ્યાબેનએ નાની ઉંમરે માતાની હુંફ ગુમાવી. પરંતુ શ્રી નંદુભાઈએ પોતાની કોઠાસુઝ અને જાતમહેનતે ધંધામાં પુન્યોદયે આગળ વધ્યા. પૂજ્ય ડાહીબાના પૌત્ર ચેતનભાઈ નંદુભાઈ સારો અભ્યાસ કરી પોતાની ધગશ-ખંત અને સખત મહેનત કરી ધંધામાં ખૂબ આગળ વધ્યા છે.

પૂ. માતાપિતાની યાદમાં યતકિંચીત ઋણ ચૂકવવા પોતાના માદરે વતન સાણંદમાં ડાહીબેન મહાસુખભાઈના નામે આંખની હોસ્પીટલમાં સારી રકમનું દાન આપી હોસ્પીટલ બનાવી છે.

વંદન હો - માતાના ઉપકાર ઋણને માતાના નામે નાનીમોટી સખાવતો શ્રી નંદુભાઈ કરી રહ્યા છે- તે માતાના ઉપકારની પાવનધારા છે.

---



શ્રી ચીમનભાઈ ડોસાભાઈ પટેલ

## આદરણીય શ્રી ચીમનભાઈ ડોસાભાઈ પટેલ

શ્રી ડોસાભાઈ ગોપાળદાસ પટેલના ખાનદાન ખોરડે અને પૂ. જડીબેનની કુક્ષીએ સાણંદ મુકામે ૧૨-૧૦-૧૯૨૦માં જન્મ થયો. કડવા પાટીદાર હોસ્ટેલ (આંબાવાડી) રહી નૂતન ફેલોશીપ હાઈસ્કુલમાં S. S. C. સુધી અભ્યાસ પાસ ૧૯૩૮માં કરી વહેપાર ક્ષેત્રે જોડાયા. સૂઝ-સમજ-નમ્રતાના ગુણથી અનાજના ધંધામાં સારૂ સ્થાન મેળવી, પ્રમુખસ્થાન ગ્રેઈન મરચન્ટ એસોશીએશનનું દિપાવેલું. અનેક નાની મોટી સામાજીક, ધાર્મિક સંસ્થાઓમાં કર્તવ્ય પરાયણ થઈ ચોમેર સુવાસ ફેલાવી. સં. ૧૯૯૫માં સાણંદ સોમનાથભાઈ પટેલની સુપુત્રી કાન્તાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. મોટી દીકરી ઈન્દીરાબેન - સુપુત્ર શ્રી નવનીતભાઈ - દીકરી કોકીલાબહેન - સુપુત્ર - મધુસુદન ચારેયમાં ધર્મના સંસ્કારના બીજ રોપ્યા. સં. ૨૦૨૮માં બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. ધંધાક્ષેત્રે શ્રી નવનીતભાઈ પિતાજીની છાયામાં ઘણાજ બાહોશ - કુશળ અને નમ્ર વહેપારી તરીકે તૈયાર થયા છે. તા. ૨૬-૧૦-૯૨ સોમવાર બપોરના નશ્વર દેહ છોડયો - ત્યારપછી શ્રી ચીમનભાઈ ડોસાભાઈ અનાજની પેઢીની સુવાસ શ્રી નવનીતભાઈને ચોમેર ફેલાવી છે. પુત્રવધુ અ.સૌ. મીનાબેન તથા પૌત્ર ચિ. પરાસર - પૌત્રી ચિ. હીમાનીબેન પૂ. દાદાજીએ આપેલ ધર્મના સંસ્કાર દિપાવી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ''ચરણાનુયોગ'' ભાગ-૨ પ્રકાશન સહયોગી દાતા



શ્રી જયંતિલાલ કે. પટેલ



અ.સૌ. કોકીલાબેન જે. પટેલ

### આદરણીય શ્રી જયંતિલાલ કે. પટેલ

અનેક તડકાં છાંયડા વચ્ચે B. E. (Med) B. E. (Elect) L.L.B. M.I.E.નો ઉચ્ચ અભ્યાસ કરી. ઉચ્ચ શિક્ષણ મેળવી. પેપરના વ્યવસાયમાં સારૂ સ્થાન ધરાવે છે. તેમના ધર્મપત્ની અ.સૌ. કોકીલાબહેન પુત્ર-પુત્રીઓ-પુત્રવધુઓ પરિવાર ધર્મ ભાવનાશીલ છે. મુકદાન કરી મળેલા માનવભવને સાર્થક કરી રહ્યા છે. નાનીમોટી ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય છે. પુણ્યાનુબંધી પુન્યની લક્ષ્મી માનવતાના - પરમાર્થના - ધર્મના કાર્યમાં વાપરી રહ્યા છે, અને ભૂતકાળના તડકા, છાંયડાને સદૈવ દૃષ્ટિ સામે રાખે છે. આગમ અનુયોગ ટ્રસ્ટના કાર્યમાં સહયોગની ભાવના બિરદાવીએ છીએ.



શ્રી કામેશ જે. પટેલ



પૂર્વી કામેશ પટેલ



દેવિના કામેશ પટેલ



મૌલા જે. પટેલ



હેતલ જે. પટેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ...



## પંચાચારની નિર્મળ સાધના...

જેઓનું જીવન ગુલાબના ફુલની જેમ-

સુખડની જેમ ચોમેર સુવાસીત બની રહ્યું.

આગમ-વાણી પ્રત્યે જેઓ

આ જન્મ સચેતન શ્રદ્ધાવાન રહ્યા....

તેવા જીવનશાસનચન્દ્રિકાં પરમ શ્રદ્ધેય

પરમ પૂજ્ય મહાસતી **ઉજ્જવલકુમારીજી** મ. ને.

સવિનય-સભક્તિ-સમર્પિત

લાલભવન
જયપુર
જ્ઞાનપંચમી વિ. સં. ૨૦૫૫

**— સાધ્વી મુક્તિપ્રભાજી**
**— સાધ્વી દિવ્યપ્રભાજી**
**(શ્રમણ સંઘ)**





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ...ગ્રન્થમાલાના આદ્ય પ્રેરકો...

ધર્મપ્રાણ વીરલોંકાશાહની પરંપરામાં અનેક મહાપુરુષો થયા, જેમાં આચાર્ય **જીવરાજજી મ.**નું નામ ક્રિયોદ્ધારકમાં વિશેષરૂપથી ગણાય. તેમના મુખ્યરૂપથી ચાર શિષ્યો થયા. જેમાં આચાર્યશ્રી **સ્વામીદાસજી મ.** નું નામ અગ્રણીય હતું. તેઓ પરણવા જતા હતા ત્યાં રસ્તામાં જ પૂજ્ય **શ્રી દીપચંદજી મ.** નો ઉપદેશ ચાલતો હતો, તે સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે જ સમયે ભાવિ પત્નીને રાખડી બાંધી, બહેન બનાવી દીક્ષિત થઈ ગયા. તે બહુ જ મહાન જ્ઞાની થયા, પ્રભાવશાળી થયા. તેમના અક્ષરો મોતી જેવા હતા. આજે પણ તેમની લખેલી બત્રીસી જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ છે. એમની પરંપરામાં ઘણા બધા તપસ્વી-જ્ઞાની સંતો થયા.

તેમાં જ પૂજ્ય **ગુરુદેવશ્રી ફતેહચંદજી મ.** હતા જેમની ૮૦ વર્ષની ઉંમરમાં પણ બધી ઈન્દ્રિયો સ્વસ્થ હતી. તેઓ દરરોજ એક આસન પર બેસીને સાત કલાક ભજન કરતા હતા. તેમના જ ગુરુભાઈ **પ્રતાપચંદ્રજી મ.** હતા. તેમનો અવાજ બહુ જ બુલંદ હતો તેમના રાત્રિ પ્રવચનમાં બધી જ્ઞાતિના લોકો (જૈન - જૈનેતર) આવતા હતા. એવા તે પ્રભાવશાળી હતાં. તેમના જ શિષ્ય **કમલમુનિ** છે. તેમને ભણાવવામાં ઘણી જ કાળજી રાખી મોટા પંડિતો પાસે અધ્યયન કરાવ્યું. ૧૧ વર્ષ સુધી વૈરાગ્યકાળમાં (દિક્ષાર્થી અવસ્થામાં) રાખી આગમોનું અને ટીકા-ચૂર્ણી-ભાષ્યનું વિશેષ અધ્યયન કરાવ્યું તે તેમનો મહાન ઉપકાર હતો, તે કારણે જ આ ગ્રન્થમાળા તેમની સ્મૃતિમાં પ્રગટ થઈ રહી છે, પાઠક આ ગ્રન્થોનો ખૂબ જ લાભ લે એજ અભ્યર્થના.

**- વિનયમુનિ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય...

ભારતીય સંસ્કૃતિનું સર્વમાન્ય સૂત્ર છે - आचारः प्रथमो धर्मः - આચાર પ્રથમ ધર્મ છે. જૈન પરંપરા મેં "आयारो पढमो अंगो" આચાર પ્રથમ અંગ છે. અંગનો અર્થ ધર્મશાસ્ત્ર તો છે જ, પરંતુ વ્યાપક અર્થમાં લઈએ તો - જીવનનું મુખ્ય અંગ પણ છે. ભારતીય આગમોમાં માનવતાનું જેટલું મહત્ત્વ આંકવામાં આવ્યું છે, તેનાથી પણ ઘણું અધિક મહત્ત્વ સાધક જીવનમાં આચાર ધર્મનું કહેવામાં આવ્યું છે.

પ્રાચીન જૈન પરંપરામાં **"આચાર"** માટે **"ચરણ"** શબ્દનો પ્રયોગ થતો હતો. ચરણ એટલે ચારિત્ર. મનુષ્યના આચાર ધર્મની મર્યાદા, સંયમ સાધનાનો વ્યવસ્થિત માર્ગ - ચરણ છે.

જૈન શ્રુત જ્ઞાન-શાસ્ત્રોને ચાર અનુયોગોમાં વિભાજિત કરવામાં આવેલ છે - **(૧) ચરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.** આ ચારે અનુયોગ મૂળ અને હિન્દી અનુવાદ સાથે આઠ ભાગમાં પ્રકાશિત થઈ ચૂકયા છે, જેમની સ્વાધ્યાયકર્તાઓ અને વિદ્વાનોએ ઘણી પ્રશંસા કરી છે, અત્યંત ઉપયોગી સાબિત થયા છે અને તેમાંના કેટલાંક તો અપ્રાપ્ય પણ થઈ ચૂકયા છે.

ટ્રસ્ટની યોજના અનુસાર આ અનુયોગોનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થઈ રહ્યો છે. ધર્મકથાનુયોગ બે ભાગોમાં અને ચરણાનુયોગનો પ્રથમ ભાગ પ્રકાશિત થઈ ગયા છે. ચરણાનુયોગનો દ્વિતીય ભાગ પ્રકાશિત કરતાં આનંદની અનુભૂતિ થઈ રહી છે.

અનુયોગ સંપાદન પ્રકાશન કાર્યમાં પૂ. ગુરુદેવ ઉપાધ્યાય **શ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'** એ પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું. ગુજરાતી પ્રકાશનમાં પણ તેઓનું માર્ગદર્શન આવી વૃદ્ધાવસ્થા અને અસ્વસ્થતાની સ્થિતિમાં પણ મળતું રહ્યું છે. આથી આવા મહાન સંત પ્રત્યે આભાર વ્યક્ત કરવો તો ઔપચારિકતા માત્ર છે. આ શ્રુતજ્ઞાનનો અધિકમાં અધિક સદુપયોગ થાય અને જીવનમાં જ્ઞાન ધ્યાનની વૃદ્ધિ થાય, તે જ તેઓ પ્રત્યે સાચી કૃતજ્ઞતા કહેવાશે.

પૂ. ગુરૂદેવના પ્રિય શિષ્ય **શ્રી વિનયમુનિજી 'વાગીશ'**ની વિશેષ પ્રેરણા અને સહયોગથી આ ભગીરથ કાર્ય સંપન્ન થઈ રહ્યું છે. ગુજરાતી ભાષા તેમની માતૃભાષા ન હોવા છતાં પ્રેસ કોપી, પ્રુફરીડીંગ, મૂળ અનુવાદ આદિનું સૂક્ષ્મ અવલોકન કરવામાં તેઓએ અથાગ પરિશ્રમ કર્યો છે. પૂજ્ય ગુરૂદેવની સેવા - વૈયાવચ્ચ કરતાં કરતાં, અપ્રમત્ત ભાવે શ્રુતસેવાનો સુંદર સમન્વય તેઓશ્રીએ પોતાના જીવનમાં કર્યો છે, તે માટે અમે તેઓશ્રીના હૃદયપૂર્વક આભારી છીએ.

સ્થાનકવાસી જૈન સમાજના પ્રખ્યાત તત્ત્વચિંતક આત્માર્થી **પૂજ્યશ્રી મોહનઋષિજી મ.**ની વિદૂષી સુશિષ્યા, જિનશાસનચન્દ્રિકા મહાસતીજી **શ્રી ઉજ્જવલકુમારીજી**ની સુશિષ્યા મહાસતીજી ડૉ. **શ્રીમુક્તિપ્રભાજી, ડૉ. શ્રી દિવ્યપ્રભાજી, ડૉ. શ્રી અનુપમાજી,** જે ત્રણે પી. એચ. ડી. છે, તેઓનો તથા તેમની શ્રુતાભ્યાસી શિષ્યાઓના પણ અમે આભારી છીએ કે જેમણે ચરણાનુયોગ તથા દ્રવ્યાનુયોગના મૂળ અને હિન્દી અનુવાદના સંપાદનમાં ઉપાધ્યાયશ્રીજીને વિશેષ સહયોગ આપ્યો અને જેઓના અથાગ પરિશ્રમથી જ આ વિશાળ કાર્ય મૂર્તરૂપ ધારણ કરી શકયું છે. ચરણાનુયોગના બન્ને ભાગોનું ગુજરાતી ભાષાન્તર પણ મહાસતીશ્રી **ડૉ. મુક્તિપ્રભાજી**એ કર્યું છે. ગુજરાતી ભાષાન્તરની પ્રેસ કોપી ડૉ. મ.સ. **શ્રી અનુપમાજી, ભવ્યસાધનાજી** તથા **વિરતિસાધનાજી**એ તૈયાર કરી છે. દ્રવ્યાનુયોગ જેવા વિશાળ ગ્રંથનું ગુજરાતી ભાષાન્તર પણ તેઓશ્રી તથા તેઓશ્રીની વિદૂષી શિષ્યાઓ કરી રહ્યા છે. આ બધા સહયોગ માટે અમે તેઓશ્રીના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

જૈન દર્શનના પ્રખ્યાત વિદ્વાન **પંડિતશ્રી દલસુખભાઈ માલવણિયા**એ પણ પોતાનો અમૂલ્ય સમય નિસ્વાર્થ ભાવનાથી ઉદારતાપૂર્વક આ કાર્યના માર્ગદર્શન - સલાહસૂચનમાં આપ્યો છે. તેમના પ્રતિ પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવાની અમારી ફરજ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લિંબડી અજરામર સંપ્રદાયના આગમવાણીમાં અત્યંત શ્રદ્ધાવાન **પૂજ્યશ્રી ભાસ્કરમુનિજી મ.સા.**એ પ્રકાશિત અનુયોગ ગ્રંથોના પ્રચાર પ્રસારમાં વિશેષ અભિરુચિપૂર્વક જે સહયોગ આપ્યો છે, તે આદર્શ અને અનુકરણીય છે. આ જ સંપ્રદાયના **શ્રી રૂક્ષ્મણિબાઈ મહાસતીજી**ની સુશિષ્યા **શ્રી કલ્પનાકુમારીજી મ.સા.** તથા **શ્રી કલ્યાણીકુમારીજી મ.સા.**એ આ ગ્રંથની વિશાળ ભૂમિકા તથા પરિશિષ્ટ આદિનો ગુજરાતી અનુવાદ કુશળતાપૂર્વક અને સુંદર અક્ષરોમાં તૈયાર કરી આપ્યો તે પ્રશંસનીય છે. ભવિષ્યમાં પણ આ જ પ્રકારનો સહયોગ તેઓશ્રી તરફથી મળતો રહેશે એવી અપેક્ષા છે.

જૈન દર્શનના સુપ્રસિદ્ધ વિદ્વાન **ડૉ. સાગરમલજી જૈન**, જેમણે સર્વથા નિસ્પૃહ ભાવનાપૂર્વક ગ્રંથની આટલી વિશાળ તથા નક્કર ચિંતનશીલ પ્રસ્તાવનાનું આલેખન કર્યું છે, તે માટે અમે હૃદયપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

ગુજરાતી ભાષાન્તરનું સંશોધન, પ્રમાર્જન, સંપાદન આદિનો કાર્યભાર ગુજ.યુનિ.ના પ્રાકૃત વિભાગના અધ્યક્ષ **ડૉ. રમણીકભાઈ એમ. શાહે** સંભાળ્યો, પોતાનો અમૂલ્ય સમય આપ્યો, આથી તેમના પણ આભારી છીએ.

આગમ અનુયોગ પ્રકાશન પરિષદ, સાંડેરાવના માન્ય કાર્યકર્તાઓનું પણ અમે અહીં આભાર સ્મરણ કરીએ છીએ કે જેમણે આ અતિ દુષ્કર કાર્યના પ્રારંભમાં અતિ ઉત્સાહપૂર્વક કદમ મૂકયા અને અમારે માટે કાર્યશૈલીનો માર્ગ પ્રશસ્ત કરી આપ્યો.

આગમ અનુયોગ કાર્યમાં નાની-મોટી રકમોના દાન આપનાર શ્રુતજ્ઞાનના કાર્યમાં સહભાગી થનાર આભાર છીએ.

આગમ અનુયોગ ટ્રસ્ટને તન-મન-ધનથી સહયોગ આપનાર સર્વના આભારી છીએ.

આ સંસ્થાના આદ્યસ્થાપક તથા ભૂતપૂર્વ અધ્યક્ષ **સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**ના અચાનક દિવંગત થવાથી ટ્રસ્ટને ઘણી મોટી ખોટ પડી છે. તેઓશ્રી અત્યંત ઉદારચેતા, જ્ઞાનની અભિરુચિ રાખનારા કર્મઠ કાર્યકર્તા હતા.

ટ્રસ્ટનું સુચારુરૂપે સંચાલન કરવામાં, સહકાર મેળવવામાં આદિ કાર્યો માટે શાસનસેવામાં રત, ટ્રસ્ટના મંત્રીશ્રી **જયંતિભાઈ ચંદુલાલ સંઘવી**એ કરેલી સેવાઓને નજરઅંદાજ નહીં કરી શકાય. અનેક સંસ્થાઓમાં જોડાયેલા હોવા છતાં પણ ટ્રસ્ટના સંચાલનમાં પોતાનો અમૂલ્ય સમય ફાળવી રહ્યા છે તેથી તેઓના પણ અમે બહુ આભારી છીએ.

પુસ્તકોની સુરક્ષા તથા ઉપલબ્ધિ આદિ કાર્યમાં સંપૂર્ણ સહયોગ આપવા માટે અમે **શ્રી નારણપુરા સ્થા. જૈન સંઘના** વિશેષ આભારી છીએ. સંઘના પ્રમુખશ્રી તથા સંઘ સમસ્તનો આભાર માનું છું.

જેમના આર્થિક યોગદાનથી આટલું મોટું કાર્ય સંપૂર્ણ થઈ શકયું તે બધા સહયોગી સભ્યોના પણ આભારી છીએ. આ ભાગના પ્રકાશનમાં સાણંદનિવાસી **શ્રી ડોસાભાઈ ગોપાલભાઈ** પરિવાર તથા આગમ અનુયોગ ટ્રસ્ટ આદ્યસ્થાપક **(સ્વ.) પૂ. બળદેવભાઈ ડોસાભાઈ સપરિવાર**નો સવિશેષ ફાળો રહ્યો છે, તથા સાણંદના **શ્રી જયંતિલાલ કાંતિલાલ પટેલ**નો ફાળો પ્રાપ્ત થયો છે તે માટે સૌના આભારી છીએ.

કાર્યાલયની વ્યવસ્થા માટે **શ્રી શામજીભાઈ** - નારણપુરા સંઘના કર્મચારી તથા પ્રેસ સંબંધી, ટ્રસ્ટ સંબંધી, પ્રુફરીડીંગ આદિ કાર્ય નિષ્ઠાપૂર્વક સંપન્ન કરવા માટે **શ્રી માંગીલાલજી શર્મા** - કુરડાયાવાળા પણ ધન્યવાદને પાત્ર છે.

ઘણાજ નિષ્ઠાપૂર્વકના પુરુષાર્થ પછી પણ ગુજરાતીમાં પુસ્તકો શ્રુતજ્ઞાનના પ્રેમીઓના હાથમાં ઘણા લેઈટ આવી રહ્યા છે તે માટે સૌની ક્ષમા યાચના-

શુદ્ધ અને સુંદર મુદ્રણકાર્ય સમયસર કરી આપવા માટે **સ્કેન-ઓ-ગ્રાફીક્સવાળા શ્રી દિલીપભાઈ** પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

વિનીત
**નવનીતભાઈ ચુનીલાલ પટેલ**
(અધ્યક્ષ)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંપાદકીય...

— ઉપાધ્યાય કન્હૈયાલાલ 'કમલ'

'चरण' પ્રવૃત્તિ અને પુરૂષાર્થનું પ્રતીક છે. 'चरण' માં મર્યાદા અને સમ્યક્ વિવેકનો યોગ થવાથી તે આચરણ (आङ मर्यादायां) કહેવાય છે. આ ચરણ અર્થાત્ આચારધર્મ.

ચરણાનુયોગનો અર્થ થાય છે. આચારધર્મ સંબંધી નિયમાવલી, મર્યાદા આદિની વ્યાખ્યા અને સંગ્રહ.

પ્રસ્તુત ચરણાનુયોગ ગ્રન્થ પોતાની આગવી ઓળખાણથી સાર્થક છે.

જૈન સાહિત્યમાં અનુયોગનાં બે રૂપ મળે છે.

(૧) અનુયોગ - વ્યાખ્યા

(૨) અનુયોગ - વર્ગીકરણ

કોઈપણ પદ આદિની વ્યાખ્યા કરવા માટે તથા તેનું હાર્દ સમજવા કે સમજાવવા માટે (૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ અને (૪) નય આ ચાર શૈલીનો આશ્રય લેવામાં આવે છે.

**अनुयोगजनमनुयोग :- (अणुजोअणमणुओगो) સૂત્રનો અર્થની સાથે સંબંધ જોડીને તેની યોગ્ય વ્યાખ્યા કરવી તેનું નામ છે - અનુયોગ વ્યાખ્યા (જમ્બૂ.વૃત્તિ)**

**અનુયોગ - વર્ગીકરણનો અર્થ છે અભિધેય (વિષય)ની દૃષ્ટિથી શાસ્ત્રોનું વર્ગીકરણ કરવું. જેમ કે અમુક આગમ, અમુક અધ્યયન, અમુક ગાથા - અમુક વિષયની છે. આ પ્રમાણે વિષય વસ્તુની દૃષ્ટિથી વર્ગીકરણ કરીને આગમોના ગંભીર અર્થ સમજવાની શૈલી - તે અનુયોગ વર્ગીકરણ પધ્ધતિ છે.**

**પ્રાચીન આચાર્યોએ આગમોના ગંભીર અર્થોને સરલતાપૂર્વક સમજાવવા માટે આગમોનું ચાર અનુયોગમાં વર્ગીકરણ કર્યું છે.**

(૧) **ચરણાનુયોગ** - આચાર સંબંધી આગમ.

(૨) **ધર્મકથાનુયોગ** - ઉપદેશપ્રદ કથા અને દૃષ્ટાંત સંબંધી આગમ.

(૩) **ગણિતાનુયોગ** - ચન્દ્રસૂર્ય - અંતરીક્ષવિજ્ઞાન તથા ભૂગોળના ગણિત વિષયક જ્ઞાન.

(૪) **દ્રવ્યાનુયોગ** - જીવ - અજીવ આદિ નવ તત્ત્વોની વ્યાખ્યા કરનાર આગમ.

**અનુયોગ વર્ગીકરણના લાભ** : જો કે અનુયોગ વર્ગીકરણ પધ્ધતિ આગમોના ઉત્તરકાલિન ચિન્તક આચાર્યોની દેન છે. પરંતુ આ આગમપાઠી, શ્રુતાભ્યાસી મુમુક્ષુને માટે ખૂબ જ ઉપયોગી છે. આજના યુગમાં તો આ પધ્ધતિની અત્યધિક ઉપયોગિતા છે.

વિશાળ આગમ સાહિત્યનું અધ્યયન કરવું સામાન્ય વ્યક્તિ માટે ઘણું જ કઠિન છે. માટે જ્યારે જે વિષયનું અનુસંધાન કરવાનું હોય ત્યારે તદ્દવિષયક આગમપાઠનું અનુશીલન કરીને જિજ્ઞાસાનું સમાધાન કરવું, જ્યારે અનુયોગ પધ્ધતિથી સંપાદિત આગમોનું શુદ્ધ સંસ્કરણ ઉપલબ્ધ હોય ત્યારે જ સંભવે છે.

અનુયોગ પધ્ધતિથી આગમોનો સ્વાધ્યાય કરવાથી અનેક જટિલ વિષયોનું સ્વયં સમાધાન થઈ જાય છે, જેમકે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) આગમોનો કેવી રીતે વિસ્તાર થયો છે તે સ્પષ્ટ થઈ જાય છે.

(૨) કયો પાઠ આગમ સંકલનકાળ બાદ પ્રવિષ્ટ થયો છે ?

(૩) આગમપાઠોમાં આગમલેખનથી પહેલાં કે પછી વાચના ભેદના કારણે કે દેશ-કાલના વ્યવધાનના કારણે લિપિકાલમાં શું અંતર પડ્યું છે ?

(૪) કયો આગમપાઠ સ્વ-મતનો છે તથા કયો પર-મતની માન્યતાવાળો છે ? તથા ભ્રાંતિવશ પરમતની માન્યતાવાળો કયો પાઠ આગમમાં સંકલિત થઈ ગયો છે ?

આ પ્રકારના અનેક પ્રશ્નોનું સમાધાન આ શૈલીથી પ્રાપ્ત થઈ જાય છે જેનું આધુનિક શોધના છાત્રો / પ્રાચીનવિદ્યાના અનુસંધાતા વિદ્વાનો માટે ઘણું જ મહત્ત્વ છે.

**અનુયોગ કાર્યનો પ્રારંભ :** લગભગ આજથી ૫૦ વરસ પહેલાં મારા મનમાં અનુયોગ વર્ગીકરણ પધ્ધતિથી આગમોનું સંકલન કરવાની ભાવના જાગી હતી. શ્રી દલસુખભાઈ માલવણીયાએ તે સમયે મને માર્ગદર્શન આપ્યું . પ્રેરણા આપી અને નિઃસ્વાર્થ / નિસ્પૃહ ભાવથી આત્મિક સહયોગ પ્રદાન કર્યો. તેમની પ્રેરણા અને સહયોગ પ્રાપ્ત થવાથી મારો સંકલ્પ દઢ થતો ગયો અને હું આ શ્રુતસેવામાં લાગી ગયો. આજના અનુયોગ ગ્રંથ તે બીજના મધુરા ફળ છે.

સર્વપ્રથમ ગણિતાનુયોગનું કાર્ય સ્વર્ગીય ગુરૂદેવ **શ્રી ફતેહચંદજી મ.સા.** ના સાનિધ્યમાં પ્રારંભ કર્યુ હતું પરંતુ તેનું પ્રકાશન તેમના સ્વર્ગવાસ બાદ થયું.

થોડા સમય બાદ ધર્મકથાનુયોગનું સંપાદનકાર્ય પ્રારંભ કર્યું. તે બંને ભાગ પરિપૂર્ણ થયા ત્યાં સુધી ગણિતાનુયોગનું પૂર્વ સંસ્કરણ સમાપ્ત થઈ ગયું હતું તથા અનેક સ્થાનોથી માંગ આવતી હતી. આ કારણે ધર્મકથાનુયોગ બાદ ફરીથી ગણિતાનુયોગનું સંશોધન કરવાની શરૂઆત કરી. સંશોધન તો શું ? પરંતુ ૫૦ ટકા નવું જ સંપાદન થઈ ગયું. તેનું પ્રકાશન કાર્ય પૂર્ણ થયા બાદ ચરણાનુયોગનું આ સંકલન પ્રસ્તુત છે.

કહેવત છે કે "શ્રેયાંસિ બહુ વિધ્નાનિ" શુભ તથા ઉત્તમ કાર્યોમાં ઘણાં વિધ્નો આવે છે. વિધ્ન તથા બાધાઓ અમારી દઢતા, ધીરતા સંકલ્પશક્તિ તથા કાર્યપ્રતિ નિષ્ઠાની પરીક્ષા છે. મારા જીવનમાં પણ આવી કસોટી અનેકવાર થઈ છે. અનેક વખત શરીર અસ્વસ્થ થયું, કઠિન બિમારીઓ આવી, ક્યારેક સહયોગી મળ્યા, ક્યારેક ન મળ્યા. પરંતુ હું મારા કાર્યમાં જોડાયેલો જ રહ્યો !

સંપાદનમાં સેવાભાવી **વિનયમુનિ 'વાગીશ'** પણ મારા સહયોગી બન્યા. તેઓ આજ પણ શારીરિક સેવાઓની સાથે સાથે માનસિક દષ્ટિએ પણ મને પરમ શાતા આપે છે, અને અનુયોગ સંપાદનમાં પણ સંપૂર્ણ જાગરુકતાપૂર્વક સહયોગ પ્રદાન કરી રહ્યા છે.

મધુર વ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજી પણ મારી સેવામાં તત્પર છે અને પ્રવચન પ્રભાવના કરીને મને શાંતિ આપે છે. **શ્રી સંજયમુનિ 'સરલ'** પણ મારી હાર્દિક લગનથી સેવા કરી રહ્યા છે.

ખંભાત સંપ્રદાયના આચાર્યપ્રવર **શ્રી કાંતિઋષિજી મ.સા.** ના પ્રશિષ્ય વ્યાકરણાચાર્ય **શ્રી મહેન્દ્રઋષિજી મ.સા.** પણ શ્રુતસેવામાં સહયોગી થયા છે.

**સંપાદકીય સહયોગ :-**

આ શ્રમસાધ્યમહાકાર્યમાં આગમજ્ઞ**શ્રી તિલોકમુનિ**નો પણ મને સહયોગ પ્રાપ્ત થયો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક વરસથી વિદુષી સાધ્વી ડૉ. **શ્રી મુક્તિપ્રભાજી**, ડૉ. **દિવ્યપ્રભાજી** તથા તેમના સાક્ષર શિષ્યા પરિવારનો એવો અનુપમ સુયોગ મળ્યો કે જેથી અનુયોગનું કાર્ય પ્રગતિપર થયું. તેઓ આ કાર્યમાં તન્મય થઈને જે સહયોગ પ્રદાન કર્યો છે, તેનાં ઉપકારનું આગમ અભ્યાસીજનો યુગ-યુગ સુધી સ્મરણ કરશે.

અનુયોગ સંપાદનકાર્યમાં પ્રારંભમાં તો અનેક બાધાઓ આવી. જેવી કે આગમની શુદ્ધ સંસ્કરણની પ્રતિઓનો અભાવ, પ્રાપ્ત પાઠોમાં ક્રમભંગ અને વિશેષ તો જાવ શબ્દનો અનપેક્ષિત/ અનાવશ્યક પ્રયોગ, છતાં પણ ધીરે-ધીરે જેમ આગમ સંપાદન કાર્યમાં પ્રગતિ થઈ તેમ-તેમ કઠિનાઈઓ પણ દૂર દૂર થતી ગઈ. મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈ, જૈન વિશ્વભારતી - લાડનૂં તથા આગમ પ્રકાશન સમિતિ - બ્યાવર આદિ આગમ પ્રકાશન સંસ્થાઓનો ઉપકાર માનવો જોઈએ કે જ્યાં આજે પણ આગમોનાં સુન્દર ઉપયોગી સંસ્કરણો ઉપલબ્ધ છે અને અધિકાંશ પૂર્વાપેક્ષા શુદ્ધ અને સુસંપાદિત છે. જો કે આજે પણ ઉક્ત સંસ્થાઓના નિર્દેશકોની આગમ સંપાદન શૈલી પૂર્ણ વૈજ્ઞાનિક કે જેવી જોઈએ તેવી તો નથી જ ! લિપિદોષ, લેખકના મતિભ્રમ તથા વાચનાભેદ આદિ કારણોથી આગમોના પાઠોમાં અનેક સ્થાનો પર વ્યુત્ક્રમ દેખાય છે. પાઠભેદ તો છે જ, જાવ શબ્દ કયાંક અનાવશ્યક જોડી દીધો છે તેના કારણે વિપરીત અર્થ પણ થઈ જાય છે. કયાંક લગાવ્યો નથી અને કયાંક પુરોપાઠ લખીને પણ લગાવી દીધો છે. પ્રાચીનપ્રતિઓમાં આ પ્રકારનો લેખનદોષ રહી ગયો છે. જેના કારણે આગમનો યથાર્થ અર્થ કરવામાં તથા પ્રાચીન પાઠ પરંપરાનો બોધ કરાવવો કઠિન પડે છે. વિદ્વાન સંપાદકોએ તેના તરફ ધ્યાન આપવું જરૂરી હતું. પ્રાચીન પ્રતિઓમાં ઉપલબ્ધ પાઠ જેમનો તેમ રાખી દેવો, અડગ શ્રુત શ્રધ્ધાનું રૂપ નથી. આપણી શ્રુતભક્તિ શ્રુતને વ્યવસ્થિત અને શુદ્ધરૂપમાં પ્રસ્તુત કરવામાં છે. કયારેક - કયારેક એક પાઠનું મિલાન કરવામાં અને યોગ્ય પાઠ નિર્ધારણ કરવામાં કેટલાય દિવસો, કેટલાય સપ્તાહ પણ થઈ જાય છે. પરન્તુ વિદ્વાન અનુસંધાતા તેને યોગ્ય રૂપમાં જ પ્રસ્તુત કરે છે. આજે આ પ્રકારના આગમ સંપાદનની આવશ્યકતા છે.

હું મારી શારીરિક અસ્વસ્થતાના કારણે, વિદ્વાન સહયોગીની કમીના કારણે તથા પરિપૂર્ણ સાહિત્યની અનુપલબ્ધિ તથા સમયના અભાવના કારણે જેવા સંશોધિત શુદ્ધપાઠ આપવા ઈચ્છેલ તેવા નથી આપી શકેલ. છતાં પણ મેં પાઠ શુદ્ધિ માટે પૂરતો પ્રયત્ન કર્યો છે. લાંબો-લાંબો સમાન પદ જેનું ઉચ્ચારણ કઠિન હોય છે તથા ઉચ્ચારણ કરતી વખતે અનેક આગમ અભ્યાસી પણ ઉચ્ચારણદોષથી ગ્રસ્ત થઈ જાય છે. તેવા કઠિન પાઠોને સુગમ રૂપમાં પ્રસ્તુત કરી, નાના પદ બનાવીને આપવામાં આવે અને ઠીક તેની સામે જ તેનો અર્થ આપવામાં આવે તો તેનાથી અર્થબોધ સુગમ થઈ જાય. જો કે જે સંસ્કરણના મૂળ પાઠ લીધા છે તેના જ હિન્દી અનુવાદ પણ લીધા છે. છતાં પણ જાગરુકતા અવશ્ય રાખી છે. અનેક સ્થાનો પર ઉચિત સંશોધન પણ કર્યું છે. ઉપર્યુક્ત ત્રણ સંસ્થા સિવાય આગમોદય સમિતિ રતલામ તથા સુત્તાગમે (પુપ્ફભિખુજી) ના પાઠ પણ ઉપયોગી થયા છે. **પૂ. અમોલખઋષિજી મ.** તથા આચાર્ય **શ્રી આત્મારામજી મ.** દ્વારા સંપાદિત આગમોનો પણ યથાવશ્યક ઉપયોગ કર્યો છે.

હું ઉક્ત આગમોના સંપાદક વિદ્વાનો શ્રદ્ધેય મુનિવરોનો આભારી છું. પ્રકાશન સંસ્થાઓ પણ ઉપકારી છે. તેમનો સહયોગ કૃતજ્ઞભાવથી સ્વીકારવો તે અમારું કર્તવ્ય છે.

હવે પ્રસ્તુત ગ્રંથ ચરણાનુયોગના વિષયમાં પણ કંઈક કહેવા ઇચ્છું છું.

**ચરણાનુયોગ** :- આગમોનો સાર આચાર છે. अंगाणं किं सारो ? - आयारो આચારંગ આગમતો અંગોનું સારભૂત આગમ છે જ. પરંતુ આચાર - અર્થાત્ 'ચરિત્ર' આ આગમનો, શ્રુતનો સાર છે. ज्ञानस्य



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

फलं विरति : - જ્ઞાનનું ફળ વિરતિ છે. શ્રુતનો સાર ચારિત્ર છે. માટે ચારિત્ર સંબંધી વિવરણ આગમોમાં અત્ર તત્ર વધારે માત્રામાં મળે છે. આમ પણ કહેવાય છે કે 'ચરિત્ર' બધા કરતાં વિશાળ તથા વ્યાપક છે. ધર્મકથાનુયોગની જેમ ચરણકરણાનુયોગની પણ વર્ણનની દૃષ્ટિથી વિસ્તૃત છે. માટે તેની સામગ્રી અનુમાન કરતાં વધી ગઈ છે. માટે તેને બે ભાગમાં વિભક્ત કર્યું છે.

'આચાર'ના મુખ્ય પાંચ વિભાગ છે. **૧. જ્ઞાનાચાર, ૨. દર્શનાચાર, ૩. ચારિત્રાચાર, ૪. તપાચાર, ૫. વીર્યાચાર.** વર્ણનની દૃષ્ટિએ ચારિત્રાચાર બધા કરતાં વિશાલ છે. પ્રસ્તુત ભાગમાં જ્ઞાનાચાર અને દર્શનાચારનું વર્ણન તો ૨૦૫ પૃષ્ઠોમાં જ આવી ગયું છે. ચારિત્રાચારનું વર્ણન પ્રથમ ભાગના ૫૫૦ પૃષ્ઠ તથા દ્વિતીય ભાગના ૨૯૨ પૃષ્ઠ એમ ટોટલ ૮૮૨ પૃષ્ઠોમાં છે. તપાચારનો વિષય ૧૨૨ પૃષ્ઠોમાં સમાવાયો છે. પરંતુ વીર્યાચારનો વિષય ૬૨ પૃષ્ઠોમાં સમાવિષ્ટ થઈ ગયો છે.

એ વાતનું પણ ખાસ ધ્યાન રાખ્યું છે કે જે વિષય આગમોમાં અનેક સ્થાને આવેલ છે, ત્યાં એક આગમનો મૂલ પાઠ આપીને બાકી આગમપાઠ તુલના માટે ટિપ્પણીઓમાં આપ્યા છે જેથી તુલનાત્મક દૃષ્ટિથી વાંચવાવાળાને ઉપયોગ થાય. અનેક પાઠોના અર્થોમાં ભ્રાન્તિ થાય છે. ત્યાં ટીકા ભાષ્ય આદિનો સહારો લઈને પાઠનો અર્થ પણ સ્પષ્ટ કર્યો છે. વ્યાખ્યાનું અંતર પણ બતાવ્યું છે. કોઈક પાઠોની પૂર્તિ માટે વૃત્તિ, ચૂર્ણી, ભાષ્ય આદિનો પણ ઉપયોગ કર્યો છે.

આ પ્રમાણે પૂરી સાવધાની રાખી છે કે જે વિષય જ્યાં છે ત્યાં પોતાનામાં પરિપૂર્ણ હોય, તેના માટે સમાન, પૂરક તથા ભાવ સ્પષ્ટ કરવાવાળા અન્ય આગમોના પાઠ પણ અંકિત કર્યા છે. મને દઢ વિશ્વાસ છે કે આગમજ્ઞાન પ્રત્યે રુચિ, શ્રદ્ધા તથા ભક્તિ રાખવાવાળા પાઠકોને આ ચરણાનુયોગ તેની જિજ્ઞાસાને તૃપ્ત કરશે તથા શ્રુતભક્તિને વધારે સુદઢ બનાવશે.

આ મહત્ત્વપૂર્ણ ગ્રંથની વિશિષ્ટ પ્રસ્તાવના લખવાનું દાયિત્વ જૈન સમાજના સુપ્રસિદ્ધ વિદ્વાન **ડૉ. સાગરમલજી જૈને** સર્વથા નિસ્પૃહ ભાવનાથી વહન કરેલ છે. તેઓ જૈન આચાર શાસ્ત્રોના મર્મજ્ઞ છે અને બહુશ્રુત છે. પ્રસ્તાવનામાં તેમણે બધા વિષયો પર તુલનાત્મક દૃષ્ટિથી વિચાર વિસ્તાર કરેલ છે જે પાઠકોને માટે ઉપયોગી થશે. હું તેમના પ્રત્યે કૃતજ્ઞતા જ્ઞાપિત કરું છું.

બંને ભાગની શબ્દસૂચિ તથા વિષયસૂચિ બનાવવાનું શ્રેય સંપાદનકલા નિષ્ણાત **શ્રીયુત શ્રીચન્દજી સુરાણા 'સરસે'** કર્યું છે. આ ગુજરાતી આવૃત્તિમાં શબ્દ સૂચી નહીં આપી શક્યા તેના માટે હિન્દી સંસ્કરણનો ઉપયોગ કરે.

**માંગીલાલ શર્મા**એ પણ સારી રીતે સેવા આપે છે અને પ્રૂફરિડિંગ લાગણીથી કરી છે તે પ્રશંસાને પાત્ર છે.

અંતમાં આ મહાનકાર્યમાં પ્રત્યક્ષ-પરોક્ષ સહયોગ આપવાવાળા સર્વે સહયોગીજનો પ્રત્યે હાર્દિક ભાવથી કૃતજ્ઞતા જ્ઞાપિત કરું છું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સદાચરણ : એક બૌદ્ધિક વિમર્શ

- પ્રો. સાગરમલ જૈન

**માનવપ્રકૃતિ :**

મનુષ્ય વિશ્વમાં શ્રેષ્ઠતમ પ્રાણી છે. તેનાથી શ્રેષ્ઠ અન્ય કંઈ પણ નથી. છતાં પણ માનવ - અસ્તિત્વ જટિલ (Complex) વિરોધાભાસપૂર્ણ (paradoxical) અને બહુ - આયામી (Multi dimensional) છે. મનુષ્ય માત્ર જૈવિક સંરચના જ નથી. તેનામાં વિવેકાત્મક ચેતના પણ છે. શરીર અને ચેતના આપણા અસ્તિત્વના મુખ્ય બે પક્ષ છે. શરીરથી વાસના અને ચેતનાથી વિવેકનું પ્રસ્ફુટન થાય છે. મનુષ્યની એ વિવશતા છે કે તેને વાસના અને વિવેકના બે સ્તરો પર જીવન જીવવું પડે છે. તેની પાસે શરીર પોતાની માંગણી પ્રસ્તુત કરે છે તો વિવેક પોતાની માંગણી પ્રસ્તુત કરે છે. એક બાજુ તેને દૈહિક આવશ્યકતાઓની પૂર્તિ કરવી પડે છે તો બીજી બાજુ વિવેક દ્વારા નિર્ધારિત જીવન જીવવાના અમુક આદર્શોનું પરિપાલન કરવું પડે છે. વાસના અને વિવેકના સંઘર્ષ ને સહન કરવા એ જ માણસની નિયતિ છે. જો કે જીવન જીવવા માટે શારીરિક માંગને પૂર્ણરૂપે ઠુકરાવી નથી શકાતી. પરંતુ એક વિવેકશીલ પ્રાણીના રૂપમાં મનુષ્યનું આ કર્તવ્ય બની જાય છે કે તે આંધળી વાસનાથી ઉપર ઊઠે ! વાસનાત્મક આવેગોથી મુક્તિ મેળવવી તે માણસનું લક્ષ્ય છે. જ્યાં પશુનો જીવન વ્યવહાર પૂર્ણતઃ જૈવિક વાસનાઓથી નિયંત્રિત હોય છે, ત્યાં મનુષ્યની એ વિશેષતા છે કે તે વિવેક તત્ત્વ દ્વારા પોતાના વાસનાત્મક જીવન પર પણ નિયંત્રણ કરી શકે છે. અને તેમાં માનવીય આત્મામાં અનુસ્યૂત સ્વતંત્રતાની અભિવ્યક્તિ છે. પશુનો જીવન વ્યવહાર પૂર્ણતઃ પ્રકૃતિના અન્ધ યાન્ત્રિક નિયમોથી ચાલિત હોય છે. માટે તે પરતન્ત્ર છે. જ્યારે મનુષ્ય પ્રકૃતિના યાંત્રિક નિયમોથી આગળ વધીને જીવન જીવવાની ક્ષમતા રાખે છે. માટે તેનામાં સ્વતંત્ર કે મુક્ત થવાની સંભાવના પણ છે. એ જ કારણ છે કે જ્યાં પશુ જીવનનાં વિકાસ અને પતનની સંભાવનાઓ બહુ જ ઓછી હોય છે. જ્યારે મનુષ્યના જીવનમાં વિકાસ અને પતનની અનંત સંભાવનાઓ હોય છે. તે વિકાસની દિશામાં આગળ વધે તો દેવત્વથી આગળ નીકળી શકે છે. અને પતનની દિશામાં નીચો ઉતરે તો પશુથી પણ નીચો થઈ શકે છે. આને જૈનધર્મની પરિભાષામાં કહીએ તો એક મનુષ્ય જ વિશ્વમાં એવું પ્રાણી છે કે જે આધ્યાત્મિક પતન દ્વારા નારકજીવનના નિમ્નતમ સ્તર (સાતમીનરક) નરકને પ્રાપ્ત કરી શકે છે. તો બીજી બાજુ આધ્યાત્મિક વિકાસ દ્વારા મુક્તિના પરમ સાધ્યને પણ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યની આ આધ્યાત્મિક વિકાસયાત્રાને ધર્મના નામથી સંબોધિત કરાય છે.

**માનવની વિકાસયાત્રાનું સોપાન ધર્મ :**

સામાન્ય રીતે આચાર અને વ્યવહારના કેટલાક વિધિ વિધાનોના પરિપાલનને ધર્મ કહેવાય છે. ધર્મ આપણને બતાવે છે કે આમ કરો, આમ ન કરો, પરન્તુ આચારના બાહ્યનિયમોના પાલનને ધર્મ માની લેવો એ પણ એક ભ્રાન્તિ જ છે. આચાર અને વ્યવહારના બાહ્ય નિયમ ધર્મના શરીર તો અવશ્ય છે, પરંતુ તે ધર્મનો આત્મા નથી ! ધર્મનો આત્મા તો વિવેકપૂર્ણ જીવન - દૃષ્ટિ તથા સમતારૂપી સાધ્યની ઉપલબ્ધિમાં છૂપાયેલો છે. જે આચાર અને વ્યવહારના આ સ્થૂળનિયમોનું મૂળ હાર્દ છે. આ વિવેકપૂર્ણ જીવનદૃષ્ટિ જ આચાર- વ્યવહાર અને તેની મર્યાદાઓ અને વિધિ - નિષેધોની સર્જક છે. જે વ્યક્તિગત અને સામાજિક જીવન શાંતિ અને સમતાના સ્થાપક છે. અને તેને સામાન્ય રીતે ધર્મ કે સદાચારના નામથી ઓળખાય છે.

**વૈદિક અને શ્રમણધર્મ પરંપરાઓ તથા તેની વિશેષતા :**

ભારતીય ધર્મોને મુખ્યતયા વૈદિક અને શ્રમણ આ બે વર્ગોમાં વિભાજિત કરવામાં આવે છે. આ વિભાજનનો મૂલાધાર તેની પ્રવૃત્તિમૂલક અને નિવૃત્તિમૂલક જીવનદૃષ્ટિ છે. જે ક્રમશઃ વાસના અને ભાવાવેગ જનીત જૈવિક મૂલ્યો અને વિવેક જનિત આધ્યાત્મિક મૂલ્યો પર આધારિત છે. સામાન્ય રીતે વૈદિક ધર્મ પ્રવૃત્તિમૂલક અને શ્રમણધર્મ નિવૃત્તિમૂલક કહેવાય છે. જો કે હાલ વૈદિક અને શ્રમણધર્મોની વિવિધ જીવિત પરંપરાઓની વચ્ચે પ્રવૃત્તિ અને નિવૃત્તિના આધારે કોઈ વિભાજક રેખા ખેંચવી કઠિન છે. કારણ કે હાલ કોઈ પણ ધર્મ પરંપરા કે ધર્મ સંપ્રદાયને પૂર્ણરૂપે પ્રવૃત્તિમૂલક કે નિવૃત્તિમૂલક કહી શકાય તેમ નથી. જ્યાં એક બાજુ વૈદિક ધર્મમાં ઔપનિષિદિક ચિંતનના કાળથી જ નિવૃત્તિમૂલક તત્ત્વો પ્રવેશવા લાગ્યા અને વૈદિક કર્મકાંડ, ઈહલૌકિકવાદ અને ભોગવાદી જીવનદૃષ્ટિ સમિક્ષાનો વિષય બની; બીજી બાજુ શ્રમણ પરંપરાઓમાં પણ ધર્મસંઘોની સ્થાપનાની સાથે સમાજ વ્યવસ્થાના રૂપમાં કેટલીક પ્રવૃત્તિમૂલક અવધારણાઓને સ્વીકાર કરવામાં આવ્યો. આ રીતે લોકકલ્યાણના પાવનઉદ્દેશ્યને લઈને બંને પરંપરાઓ એક બીજાની નિકટ આવી ગઈ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જૈન જીવનદષ્ટિ :**

જૈન ધર્મની આચાર પરંપરામાં જોકે નિવૃત્તિમૂલક જીવનદષ્ટિ પ્રધાન રહી છે. પરંતુ તેમાં સામાજિક અને લૌકિક મૂલ્યોની સંપૂર્ણ ઉપેક્ષા કરવામાં આવી છે એવું નથી. તેમાં પણ સામાજિક અને લૌકિક જીવનમૂલ્યોને સમુચિત સ્થાન મળ્યું છે. છતાં પણ એટલું નિશ્ચિત છે કે જૈનધર્મમાં જે પ્રવૃત્તિમૂલક તત્ત્વો પ્રવેશ્યાં છે તેની પાછળ પણ મૂળ લક્ષ્ય તો નિવૃત્તિ કે સન્યાસ જ છે !! અહીં નિવૃત્તિમૂલક ધર્મનું તાત્પર્ય એ છે કે જે સાંસારિક જીવન અને ભોગવિષયને ગર્હણીય માને છે. અને જીવનના અંતિમ લક્ષ્યના રૂપમાં સન્યાસ અને નિર્વાણને સ્વિકાર કરે છે. આજપણ આ શ્રમણ પરંપરાઓ નિર્વાણને જ પરમસાધ્ય તરીકે સ્વિકારે છે. હાલ સન્યાસ અને નિર્વાણને જીવનનું સાધ્ય માનનાર શ્રમણધર્મોમાં મુખ્ય બે જ ધર્મ જીવિત છે. જૈન અને બૌદ્ધધર્મ. જો કે આજીવિક આદિ કેટલીક અન્ય શ્રમણ પરંપરાઓ પણ હતી. જે કાં તો કાલની ગર્તામાં સમાઈ ગઈ છે અથવા બૃહદ્ હિન્દુધર્મનું એક અંગ બની ગયેલ છે. હાલે તેનું પૃથક્ અસ્તિત્વ નથી મળતું.

જૈનધર્મ પરંપરાગત દષ્ટિથી આ કાલચક્રના પ્રથમ તીર્થંકર ઋષભદેવ દ્વારા પ્રવર્તીત માનવામાં આવે છે. ઋષભદેવ પ્રાગ્ ઐતિહાસિક કાળના તીર્થંકર છે. દુર્ભાગ્યવશ તેમના સંબંધી ઐતિહાસિક સાક્ષ્ય ઉપલબ્ધ નથી. વૈદિક સાહિત્યમાં ઉલ્લિખિત ઋષભદેવની કેટલીક સ્તુતિઓ અને વાતરશના મુનિઓના ઉલ્લેખથી માત્ર એટલું કહી શકાય કે વૈદિક યુગમાં પણ કોઈ શ્રમણ કે સન્યાસમાર્ગી પરંપરા પ્રચલિત હતી. જે સાંસારિક કામભોગોથી નિવૃત્તિ અને તપ તથા ધ્યાન સાધનાની પદ્ધતિ પર ભાર આપતી હતી. આ નિવૃત્તિમાર્ગી પરંપરાનો અગ્રિમવિકાસ એક બાજુ વૈદિકધારાની સાથે સમન્વય અને સમાયોજન કરતાં કરતાં ઉપનિષદિકધારાના રૂપમાં તથા બીજીબાજુ સ્વતંત્રરૂપમાં યાત્રા કરતાં જૈન બુદ્ધ એવં આજીવિક આદિ અન્ય શ્રમણ પરંપરાઓના રૂપે થયો.

કોઈપણ ધર્મપરંપરા પૂર્ણ રૂપથી નિવૃત્તિપ્રધાન કે પ્રવૃત્તિપ્રધાન થઈને જીવિત રહી શકે એમ માનવું વર્તમાને ભ્રાન્તિપૂર્ણ લાગશે. વસ્તુતઃ નિવૃત્તિ અને પ્રવૃત્તિના સંબંધમાં એકાંતિક દષ્ટિકોણ ન તો વ્યવહારિક છે કે ન તો મનોવૈજ્ઞાનિક છે. મનુષ્ય ત્યાં સુધી મનુષ્ય છે જ્યાં સુધી મનુષ્ય આત્મા શરીરની સાથે રહીને જીવન જીવે છે. ત્યાં સુધી એકાંત પ્રવૃત્તિ કે એકાંત નિવૃત્તિની વાત કરવી યોગ્ય નથી. જો કે જૈન પરંપરાને નિવૃત્તિમાર્ગી પરંપરા કહેવાય છે, પરંતુ તેને પણ એકાન્તરૂપથી નિવૃત્તિ પ્રધાન માનવી તે ભ્રાન્તિયુક્ત વાત છે. જોકે જૈનધર્મના આચાર ગ્રંથોમાં મુખ્યતયા નિવૃત્તિમાર્ગની ચર્ચા જણાય છે. પરંતુ તેમાં પણ અનેક સંદર્ભ એવા છે કે જયાં નિવૃત્તિ અને પ્રવૃત્તિ વચ્ચે સમતોલ ન રાખવાનો પ્રયત્ન કરાયો છે. માટે જે વિચારક જૈનધર્મને એકાંતરૂપથી નિવૃત્તિપરક માનીને તેના ધર્મગ્રંથોમાં ઉપલબ્ધ સામાજિક અને વ્યવહારિક પક્ષની ઉપેક્ષા કરે છે તે વસ્તુતઃ અજ્ઞાનમાં જ રાચે છે. જોકે એ વાત સત્ય છે કે જૈનાચાર્યોએ તપ અને ત્યાગ પર અધિકભાર આપેલ છે, પરંતુ તેનું તાત્પર્ય એટલું જ છે કે વ્યક્તિ વાસનાઓથી છૂટકારો મેળવીને આગળ વધે ! જૈનાચાર્યો એ જે કાંઈ પણ ઉપદેશાત્મક અને વૈરાગ્યપ્રધાન સાહિત્યનું નિર્માણ કરેલ છે તો મનુષ્યને વાસનાત્મક જીવનથી છોડાવીને તેનો આધ્યાત્મિક વિકાસ કરવાના લક્ષ્યથી કરેલ છે. તેમની દષ્ટિએ ધર્મ અને સાધના વ્યક્તિના આધ્યાત્મિક અભ્યુત્થાન માટે છે અને અધ્યાત્મનો અર્થ છે વાસનાઓ પર વિવેકનું શાસન ! છતાં પણ એ યાદ રાખવું જોઈએ કે કોઈ ધર્મ કે સાધના પદ્ધતિ જૈવિક અને સામાજિક જીવનમૂલ્યોની સંપૂર્ણ ઉપેક્ષા નથી કરી શકતી. કારણ કે તે એક આધારભૂમિ છે કે જયાંથી આધ્યાત્મિક વિકાસયાત્રાનો પ્રારંભ કરી શકાય છે. જૈનોના મતાનુસાર ધર્મ અને અધ્યાત્મનું કલ્પવૃક્ષ સમાજ અને જીવનના પ્રાગણમાં જ વિકસિત થાય છે. ધાર્મિક થવા માટે સામાજિક થવું આવશ્યક છે. જૈનધર્મમાં જિનકલ્પ અને સ્થવીરકલ્પના રૂપમાં જે બે આચારમાર્ગોનું પ્રતિપાદન છે. તેમાં સ્થવિર કલ્પ જે સામાન્ય જનતા માટે છે, કે જે સમાજજીવન કે સંઘજીવનમાં રહીને સાધના કરવાની ઈચ્છા રાખે છે તેના માટે છે.

**વસ્તુતઃ** સમાજજીવન કે સંઘીયજીવન પ્રવૃત્તિ અને નિવૃત્તિનો સુમેળ છે. સમાજજીવન પણ ત્યાગના આધારે જ ટકી શકે છે. જ્યારે વ્યાપક હીતો માટે ક્ષુદ્ર સ્વાર્થના વિસર્જનની ભાવના બલવતી બને ત્યારે જ સમાજ ટકી શકે છે. માટે સમાજજીવન કે સંઘીય જીવનમાં સર્જન અને વિસર્જન તથા રાગ અને વિરાગનો સુન્દર સમન્વય છે. જેને આપણે ધર્મ કહીએ છીએ તે પણ સંપૂર્ણ નિજ ની કે વ્યક્તિગત સાધના નથી. તેમાં વ્યક્તિના આધ્યાત્મિક વિકાસની સાથોસાથ સ્વસ્થ સમાજના નિર્માણની પણ ભાવના છે.

**જૈન આગમોમાં ધર્મનું સ્વરૂપ :**

ધર્મની વિભિન્ન વ્યાખ્યાઓ તથા પરિભાષાઓ છે. પૂર્વ-પશ્ચિમના વિદ્વાનોએ ધર્મને વિવિધરૂપોમાં જોવાનો તથા સમજાવવાનો પુરુષાર્થ કર્યો છે. સામાન્યરીતે આચાર અને વિચારની એક વિશિષ્ટ પ્રણાલિકાને ધર્મ કહેવાય છે. પરંતુ જૈન પરંપરામાં ધર્મને એક સ્વસ્વરૂપની ઉપલબ્ધિના અથવા આધ્યાત્મિક વિકાસની સાધનાના રૂપમાં માનવામાં આવે છે. જૈનાચાર્યોએ ધર્મની અનેક પરિભાષાઓ પ્રસ્તુત કરી છે. તેમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક પરિભાષા "वत्थुसहावो धम्मो"[1] ના રૂપમાં કરી છે. જેમ આગનો ધર્મ ઉષ્ણતા અને જલનો ધર્મ શીતલતા છે તો અહીં ધર્મનું તાત્પર્ય તેના સ્વભાવથી છે. જો કે વસ્તુસ્વભાવના રૂપમાં ધર્મની આ પરિભાષા સત્ય અને પ્રમાણિક છે પરંતુ તેનાથી ધર્મના સ્વરૂપ સંબંધી કોઈ સ્પષ્ટ દિશા નિર્દેષ નથી મળતો. વસ્તુતઃ જ્યારે ધર્મની વ્યાખ્યા વસ્તુના સ્વભાવના રૂપમાં કરે છે. ત્યારે મૂળ પ્રશ્ન મનુષ્યના મૂળ સ્વભાવના સબંધમાં જ ઉત્પન્ન થાય છે. મનુષ્ય એક ચેતન પ્રાણી છે અને એક ચેતનપ્રાણીના રૂપમાં તેનો ધર્મ કે સ્વભાવ ચિત્તના સમત્વની ઉપલબ્ધિ છે. અહીં ચૈત્તસિક સમત્વનું તાત્પર્ય વિભિન્ન અનુકૂલ તથા પ્રતિકૂલ અનુભૂતિઓમાં ચેતનાના સ્તર પર અવિચલિત રહેવું તે છે. બીજા અર્થમાં સમત્વનો અર્થ જ્ઞાતા દૃષ્ટાભાવમાં સ્થિત રહેવું તે છે. વસ્તુતઃ રાગ અને દ્વેષનું તત્ત્વ ચેતનાના સમત્વને વિચલિત કરે છે. માટે રાગદ્વેષજન્ય વિક્ષોભોથી રહિત ચેતનાની સમભાવમાં અવસ્થિતિ તે જ તેનો સ્વ-સ્વભાવ છે અને એ જ ધર્મ છે.

**વૈયક્તિક ધર્મ : સમતા**

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રમાં આત્મસ્વભાવની ચર્ચા કરતાં આ પ્રશ્ન કરાયો છે કે 'આત્મા શું છે તથા તેનું સાધ્ય અને લક્ષ્ય શું છે ?' જૈનાચાર્યોએ આ સંબંધમાં પોતાના ઉત્તરમાં કહ્યું છે કે આત્મા સમત્વરૂપ છે અને તે સમત્વને પ્રાપ્ત કરીલે તેવું તે તેનું લક્ષ્ય છે.[2]

આચારાંગસૂત્રમાં આ દૃષ્ટિકોણને આધારે ધર્મને સમતાના રૂપમાં પરિભાષિત કરવામાં આવ્યો છે. તેમાં કહ્યું છે કે "આર્યજનોએ સમભાવને ધર્મ કહ્યો છે."[3] વસ્તુતઃ સમભાવના રૂપમાં ધર્મની આ પરિભાષા ધર્મના સ્વભાવ પરક પરિભાષાથી ભિન્ન નથી. માનવીય અને પ્રાણી પ્રકૃતિ એ છે કે તે સદૈવ તનાવોથી રહિત સમત્વની સ્થિતિને પામવા ઈચ્છે છે માટે એમ કહેવાય છે કે જે તત્ત્વો ચેતનાના સમત્વનો ભંગ કરે છે તે વિકાર, વિભાવ કે અધર્મ છે. તેનાથી વિપરિત જીવનવ્યવહારનાં જે તત્ત્વો કે જેનાથી વૈયક્તિક અને સામાજિક જીવનમાં સમતાની સ્થાપના થાય છે. તે ધર્મ કહેવાય છે. જ્યારે ધર્મની વૈયક્તિક દૃષ્ટિથી પરિભાષા કરવી હોય ત્યારે તેને નિશ્ચયથી સમભાવના રૂપમાં જ પરિભાષિત કરવો પડશે. સંક્ષેપમાં કહીએ તો સમતા ધર્મ છે અને મમતા અધર્મ કે પાપ છે. કારણ કે સમતા દ્વારા આત્મા સમાધિ કે શાન્ત સ્થિતિમાં હોય છે. આ તેની અવિકારી અવસ્થા કે સ્વભાવ દશા છે. જ્યારે તે મમતાના કારણે તણાવ તથા માનસિક અસંતુલનથી ગ્રસ્ત હોય છે માટે મમતા વિકારી અવસ્થા વિભાવ દશા છે.

**સામાજિક ધર્મ અહિંસા :**

વ્યક્તિગત મમતાનું તત્ત્વ જ્યારે બાહ્યરૂપમાં અભિવ્યક્ત થઈ સામાજિક જીવન પર અસર કરે છે તો તે હિંસા અને સંઘર્ષને જન્મ આપે છે. મમતાને કારણે આધિપત્ય, સંગ્રહ અને શોષણની વૃત્તિઓનો ઉદય થાય છે. વ્યક્તિ પોતાના અને પરાયાની દિવાલો ઉભી કરે છે. જેના કારણે સમાજજીવનમાં સંઘર્ષ અને હિંસાનો જન્મ થાય છે, અને આ સંઘર્ષો તથા હીંસક વ્યવહારના કારણે સામાજિક જીવનના સમત્વનો કે સામાજિક શાંતિનો ભંગ થાય છે. આચારાંગસૂત્રમાં આ સામાજિક વ્યવહારના દૃષ્ટિકોણના આધારે ધર્મની એકબીજી પરિભાષા આપવામાં આવી છે. તેમાં કહ્યું છે કે ભૂતકાળમાં જે અર્હંત થયા છે, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે તે બધા એ પ્રસ્થાપિત કરે છે, વ્યાખ્યા કરે છે કે 'કોઈ પ્રાણી, ભૂત, જીવ કે સત્ત્વને પીડા ન આપવી જોઈએ, તેની ઘાત ન કરવી જોઈએ. આ શાશ્વત શુદ્ધ અને નિત્ય ધર્મ છે."[4] આ પ્રમાણે કહી શકાય કે જૈનધર્મમાં વ્યક્તિગત દૃષ્ટિથી સમતા અને સામાજિક દૃષ્ટિથી અહિંસાને ધર્મ કહ્યો છે.

**ધર્મ સદાચાર અને સદ્દગુણના રૂપમાં :**

પ્રકારાન્તરથી અર્ધમાગધી અને શૌરસેની જૈન આગમમાં ક્ષમા, સરલતા, નિર્લોભતા, સત્યતા, સંયમ આદિની પણ ધર્મના રૂપમાં પરિભાષિત કરવામાં આવ્યા છે.

---

(१) धम्मो वत्थु सहावो, खमादि भावो य दसविहो धम्मो।
रणयत्तयं च धम्मो, जीवाणं रक्खणं धम्मो ॥ - बारस अणुवेक्रखा (कार्तिकेय) ४७८

(२) आया सामाइए, आया सामाइयस्स अट्ठे। व्याख्याप्रज्ञप्ति १/९

(३) समयाए धम्मे आरिएहिं पवेइए । - આચારાંગ - ૧/૫/૩/૧૫૭, ચર. ભાગ ૧ પૃ. ૩૨

(४) से बेमि - जे य अतीता, जे य पडुप्पणा, जे य आगमेस्सा अरहंता भगवंता सव्वे ते एवमाइकखंति, एवं भासेंति एवं पणवेंति, एवं परूवेंति सव्वे पाणा **जाव** सव्वे सत्ता ण हंतव्वा ण अज्जावयेव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा, ण उद्देवेयव्वा एस धम्मे धुवे, णितिए, सासए, समेच्च लोगं खेतन्नेहिं पवेदिते - આચારાંગ - ૧/૪/૧/૧૩૧-૧૩૨
સૂત્રકૃતાંગ ૨/૧/૬૮૦ (चर. પૃ. ૨૧૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) આચારાંગમાં ક્ષમા આદિ સદ્‌ગુણોને ધર્મ કહ્યો છે.[૧]

(૨) સ્થાનાંગમાં ક્ષમા, અલોભ, સરલતા, મૃદુલતા, લઘુત્વ, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ આદિ ધર્મમાં ૧૦ રૂપ પ્રતિપાદિત કર્યાં છે.[૨]

(૩) કાર્તિકેયાનુપ્રેક્ષામાં પણ ક્ષમાદિ દસ ગુણોને દસવિધ યતિધર્મના રૂપમાં પરિભાષિત કરાયા છે.[૩]

વસ્તુતઃ આ ધર્મની સદ્‌ગુણપરક કે નૈતિક પરિભાષા છે. તે બધા સદ્‌ગુણો જે સામાજિક સમતાને જાળવી રાખે છે. માટે સામાજિક સમત્વના સંસ્થાપનની દૃષ્ટિથી ધર્મ કહેવાયા છે. ક્ષમાદિ સદ્‌ગુણોની વિશેષતા એ છે કે વ્યક્તિગત અને સામાજિક બંનેના જીવનમાં સમત્વ કે શાંતિનું સંસ્થાપન કરે છે.

વસ્તુતઃ ધર્મની આ વ્યાખ્યાને સંક્ષેપમાં એ રીતે કહી શકાય કે સદ્‌ગુણનું આચરણ એટલે કે સદાચરણ એ જ ધર્મ છે. અને દુર્ગુણનું આચરણ કે દુરાચરણ જ અધર્મ છે. આ પ્રકારે જૈનાચાર્યોએ ધર્મ અને નીતિ અથવા ધર્મ અને સદ્‌ગુણમાં તાદાત્મ્ય સ્થાપિત કર્યું છે. તેમના મતાનુસાર ધર્મ અને અનૈતિક જીવન સહગામી નથી બની શકતા. પાશ્ચાત્ય વિચારક બ્રેડલેના મતાનુસાર જે ધર્મ અનૈતિકતાનો સહગામી છે. વસ્તુતઃ તે ધર્મ નહીં પણ અધર્મ છે.

**ધર્મ: જિનાજ્ઞાનું પાલન :**

આચારાંગમાં ધર્મની એક અન્ય પરિભાષા 'આજ્ઞા પાલનમાં ધર્મ છે' એ પણ મળે છે. તીર્થંકર કે વીતરાગ પુરુષોના આદેશોનું પાલન એ જ ધર્મ છે. આચારાંગમાં મહાવીર સ્પષ્ટ રૂપથી કહે છે કે માનવો માટે મારો નિર્દેશ છે કે મારી આજ્ઞાનું પાલન કરવું એ જ ધર્મ છે.[૪] અહીં આજ્ઞા પાલનનું તાત્પર્ય સદ્‌ગુણોને જીવનમાં અપનાવવાનું છે. આ ધર્મનો વ્યવહારિક પક્ષ છે. આચારાંગમાં ઉપલબ્ધ ધર્મની આ પરિભાષા અમને મીમાંસા દર્શનમાં ઉપલબ્ધ ધર્મની પરિભાષાની સ્મૃતિ કરાવે છે. જ્યાં ધર્મને પ્રેરણા લક્ષણ કહીને પરિભાષિત કરાયો છે,[૫] અને તેના અનુસાર વેદવિહિત વિધાનોના પાલનને ધર્મ કહ્યો છે.

**ધર્મ : સામાજીક દાયિત્વનું નિર્વહન :**

સ્થાનાંગ સૂત્રમાં ધર્મની વ્યાખ્યાનો એક અલગ સંદર્ભમાં રાષ્ટ્ર-ધર્મ, ગ્રામ-ધર્મ, નગર-ધર્મ, કુલ-ધર્મ, ગણ-ધર્મ આદિનો પણ ઉલ્લેખ કરાયો છે.[૬]

અહીં ધર્મનું તાત્પર્ય રાષ્ટ્ર, ગામ, નગર, કુલ, ગણ આદિ પ્રત્યે જે કર્તવ્ય કે જવાબદારી છે તેના પરિપાલનથી છે. આ ધર્મોના પ્રતિપાદનનો ઉદ્દેશ મનુષ્યને સારા નાગરિક બનાવવાનો છે. જેથી સામાજિક અને પારિવારિક જીવનના સંઘર્ષો અને તનાવોને ઓછા કરી શકાય અને વ્યક્તિગત જીવનની સાથોસાથ સામાજિક જીવનમાં પણ શાંતિ અને સમતાની સ્થાપના થઈ શકે.

**ધર્મની વિવિધ પરિભાષાઓમાં પારસ્પરિક સમાનતા :**

જૈન પરમ્પરામાં ઉપલબ્ધ ધર્મની આ વિવિધ પરિભાષાઓથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જૈનાચાર્યોએ ધર્મને ક્યારેય પણ રુઢિ કે વિશિષ્ટ પ્રકારના કર્મકાંડોના પરિપાલનના રૂપમાં જોયેલો નથી. તેમની દૃષ્ટિમાં ધાર્મિક સાધનાનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિના ચૈતસિક જીવનમાં ઉપસ્થિત પાશવિક વાસનાઓ અને તે કષાયજન્ય આવેગોનું પરિશોધન કરીને તેની આધ્યાત્મિક ચેતનાને સમત્વ, શાંતિ કે સમાધિની દિશામાં અગ્રસર કરવાનું છે. જો કે જૈનધર્મમાં સાધના અને ઉપાસનાની વિશિષ્ટ પદ્ધતિમાં અનુશંસિત છે છતાં પણ તે બધાનું તાત્પર્ય વ્યક્તિની સુમુખ ચેતનાને જાગૃત કરીને તેને પોતાની આધ્યાત્મિક દુર્બલતાનો બોધ કરાવવાનું છે તથા એ બતાવવાનું છે કે તેની આવેગ જન્ય તનાવપૂર્ણ મનોસ્થિતિનું કારણ શું છે ?

---

(૧) આચારાંગ, ૧ / ૧૬૫

(૨) दसविहे समणधम्मे पन्नते, तं जहा- १. खंति २. मुत्ति, ३. अज्जवे, ४. मद्दवे, ५. लाघवे, ६. सच्चे, ७. संजमे, ८. तवे, ९. चियाए, १०. बंभचेरवासे। સ્થાનાંગ ૧૦/૧૭૨ (ચ. પૃ. ૩૪)

ખ્યાલમાં છે કે આચારાંગ ૧/૬/૫, સમવાયાંગ ૧૦/૧, બારસ અણુવેક્ખા, તત્વાર્થ ૯/૬ આદિમાં પણ તેનો ઉલ્લેખ છે. જોકે આચારાંગ અને સ્થાનાંગની સૂચિમાં કેટલાક નામ ભેદ છે. વૈદિક પરંપરામાં મનુસ્મૃતિ ૧૦/૬૩, ૬/૯૨; મહાભારત આદિ પર્વ, ૬૫/૫માં પણ કેટલાક નામભેદ સાથે તેનો ઉલ્લેખ છે. શ્રીમદ્ ભાગવત (૪/૪૯) માં ધર્મને પત્નીઓ એવં પૂત્રના રૂપમાં આ સદ્‌ગુણોનો ઉલ્લેખ છે.

(૩) બારસ અણુવેક્ખા (કાર્તિકેય) ૪૭૮

(૪) आणाए मामगं धम्मं - एस उत्तरवादे इह माणवाणं वियाहिए - આચારાંગ ૧/૬/૧૮૫

(૫) મિમાંસા સૂત્ર ૧/૧/૨

(૬) दसविहे धम्मे पन्नते, तं जहा- १. गाम धम्मे, २. नयर धम्मे, ३. रहधम्मे, ४. पासंड धम्मे, ५. कुलधम्मे, ६. गणधम्मे, ७. संघ धम्मे, ८. सुयधम्मे, ९. चरित्तधम्मे, १०. अत्थिकाय धम्मे। સ્થાનાંગ ૧૦/૭૬૦ (ચ.પૃ.૩૩)

અને તે કારણોનું નિરાકરણ કરીને કેવી રીતે આધ્યાત્મિક શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે ? જ્યારે સ્થાનાંગ સૂત્રમાં ધર્મનું ક્ષમાઆદિ સદ્‌ગુણોથી જે તાદાત્મ્ય બતાવવામાં આવ્યું છે તેનું તાત્પર્ય પણ એ જ છે કે મનુષ્ય આ ગુણોને પોતાના જીવનમાં અપનાવીને સમતા અને શાંતિનો અનુભવ કરતાં કરતાં પોતાની આધ્યાત્મિક વિકાસયાત્રા કે સ્વ-સ્વરૂપની ઉપલબ્ધિની દિશામાં આગળ વધી શકે.

વસ્તુતઃ આ સદ્‌ગુણોની સાધનાનું તાત્પર્ય પણ આ છે કે મનુષ્યની વાસનાઓ અને માનસિક તણાવ ઓછા થાય અને તે પોતાની શુદ્ધ સ્વભાવિક તણાવ રહીત અને શાંત આત્મદશાની અનુભૂતિ કરી શકે ! જો સંક્ષેપમાં કહીએ તો જૈનદૃષ્ટિથી ધર્મ વિભાવથી સ્વભાવમાં જવાની યાત્રા છે. કષાય અને દુર્ગુણ કે દુષ્ટપ્રવૃત્તિઓ મનુષ્યની વિભાવદશા અથવા પર-પરિણતિની સૂચક છે. કારણકે તે પરના નિમિત્તથી થાય છે. તેની ઉપસ્થિતિમાં મનુષ્ય માનસિક તણાવોથી યુક્ત થઈને જીવન જીવે છે તથા તેની આધ્યાત્મિક શાંતિ અને સમતાનો ભંગ થાય છે. માટે કષાયોના નિરાકરણ દ્વારા વ્યક્તિની ખોવાયેલ આધ્યાત્મિક શક્તિને પુનઃ પ્રાપ્ત કરવી અથવા સમત્વદશા કે સ્વ-સ્વભાવમાં સ્થિત થવું તે ધર્મનો મૂલઉદ્દેશ્ય છે. કોઈપણ ધાર્મિક સાધના પદ્ધતિ કે આરાધનાવિધિ, જો તેને સ્વભાવમાંથી સ્વભાવમાં, મમતામાંથી સમતામાં, માનસિક આવેગો તથા તણાવમાંથી આધ્યાત્મિક શાંતિમાં લઈ જાય તો તે સાર્થક કહેવાય છે. નહીંતર નિરર્થક હોય છે. કારણ કે જે આચરણ વ્યક્તિગત કે સામાજિક સમતા અને શાંતિનો ભંગ કરે છે તે ધર્મ નથી અધર્મ જ છે. તેનાથી વિપરીત જે આચરણ વ્યક્તિગત અને સમાજ જીવનમાં સમતા કે શાંતિ લાવે છે તે ધર્મ છે.

જ્યારે ધર્મને વીતરાગ પ્રભુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા કે તેની આજ્ઞાના પાલન રૂપમાં જોઈએ તો પણ તે સમત્વ સંસ્થાપનરૂપ તેના મૂળરૂપથી ભિન્ન નથી હોતું. વસ્તુતઃ જે સાધક બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ આગળની કક્ષા સુધી નથી પહોંચ્યા અથવા જેને ધર્મ અને અધર્મની સમ્યક્ સમજણ નથી તેમના માટે ઉપાદેય તે છે કે તે લોકો જેઓ વિભાવદશા છોડીને માનસિક આવેગો, વાસના અને કષાયથી મુક્ત થયા છે અને આધ્યાત્મિક સમતા અથવા વીતરાગદશાનો અનુભવ કર્યો છે તેના જીવન અને ઉપદેશનું અનુસરણ કરે. જેવી રીતે શારિરીક રોગોથી છૂટકારો મેળવવા માટે વૈદ્ય તથા ડૉ. ના આદેશ અને નિર્દેશનું પાલન કરવું જરૂરી છે-ઉપયોગી છે. તેવી જ રીતે આધ્યાત્મિક નબળાઈથી છૂટકારો મેળવવા માટે વીતરાગ પ્રભુની આજ્ઞા અને જીવનાદર્શોનું અનુસરણ કરવું આવશ્યક છે. કારણકે ધર્મસાધના પણ માનસિક વિકૃતિની ચિકિત્સા જ છે. જે વ્યક્તિ એવો સમર્થ છે કે જે પોતાની વિકૃતિને જાણીને ચિકિત્સા દ્વારા તેનું ઉપશમન કે નિરસન કરી શકે છે, તો તેને અધિકાર છે કે તે પોતાનો માર્ગ સ્વયં બનાવે અને તેના પર ચાલે. તેને ગુરુ માર્ગદર્શક કે ધર્મોપદેષ્ટાની આવશ્યકતા નથી. તેના માટે બીજાના ઉપદેશ કે આદર્શનું પાલન કરવું જરૂરી નથી ! આવા સાધક સ્વયં સંબુદ્ધ કે પ્રત્યેક-બુદ્ધ હોય છે. પરંતુ બધા વ્યક્તિમાં આવું સામર્થ્ય નથી હોતું ! કે પોતાની આધ્યાત્મિક વિકૃતિને સ્વયં જાણી તેના કારણોનું નિદાન અને નિરાકરણ કરી શકે. એવા સાધકો માટે ગુરુ, તીર્થંકર અથવા વીતરાગ પુરુષના આદેશ અને નિર્દેશનું પાલન આવશ્યક છે. આવા લોકોને જ લક્ષમાં રાખીને આગમમાં કહ્યું છે કે તીર્થંકરની આજ્ઞાનું પાલન એ જ ધર્મ છે.

જોકે જૈનધર્મ આ અર્થમાં અનિશ્વરવાદી ધર્મ છે. કારણકે તે વિશ્વના સૃષ્ટા અને નિયન્તાના અર્થમાં ઈશ્વરનો સ્વિકાર નથી કરતા. માટે તેની આસ્થાનું કેન્દ્ર અને માર્ગ નિર્દેશક વિશ્વનિયન્તા ઈશ્વર નથી, પરંતુ તે વીતરાગ પરમાત્મા છે. જેમણે પોતાની સાધના દ્વારા રાગ-દ્વેષ જન્ય આવેગો અને આત્મ વિકારો પર વિજય પ્રાપ્ત કરી સમભાવયુક્ત શુદ્ધ આત્મદશા, પરમશાંતિ કે સમાધિને ઉપલબ્ધ કરી લીધી છે. જૈનધર્મમાં તીર્થંકરના આદેશોનું પાલન કે તેમના પ્રત્યે શ્રદ્ધા કે ભક્તિનું પ્રદર્શન એટલા માટે નથી કરવામાં આવતું કે તે પ્રસન્ન થઈ ને દુઃખ અથવા અપૂર્ણતામાંથી મુક્તિ અપાવશે, અથવા સંકટના સમયે અમને સહાય કરવા આવશે. પરંતુ એટલા માટે કરાય છે કે તેમના માધ્યમથી આપણે આપણા શુદ્ધ સ્વરૂપનો બોધ કરી શકીએ ! તેમની આજ્ઞાનું પાલન એટલા માટે કરવાનું છે કે સુયોગ્ય ચિકિત્સકની જેમ તેમની આજ્ઞાનું પાલન કરવાથી કે તેમના જીવન આદર્શોનું અનુસરણ કરવાથી આપણે આત્મવિકારોનું ઉપશમન કરી શુદ્ધ આત્મદશાને પ્રાપ્ત કરી શકીએ.

માટે ધર્મને વસ્તુસ્વભાવના રૂપમાં પરિભાષિત કરવામાં આવે, સમતા કે અહિંસાના રૂપમાં ઓળખવામાં આવે કે તેને જિનાજ્ઞાના રૂપમાં વ્યાખ્યાયિત કરીએ પરંતુ તેનું મૂળ હાર્દ એ છે કે તે વિભાવમાંથી સ્વભાવમાં જવાની યાત્રા છે. તે આત્મ શુદ્ધિ અર્થાત્ વાસના પરિષ્કારની દિશામાં સમ્યક્ સંચરણ છે. માટે ધર્મ અને સદાચરણ ભિન્ન નથી ! આજ કારણે આચાર્ય શ્રી અભયદેવ સૂરિએ સ્થાનાંગસૂત્રની ટીકામાં તથા શ્રીકુન્દકુન્દાચાર્યએ પ્રવચનસારમાં ચારિત્રને પણ ધર્મનું લક્ષણ માન્યું છે.[૧]

---

૧. (અ) સ્થાનાંગ ટીકા ૪/૩/૩૨૦ (બ) પ્રવચનસાર, ૧/૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનાચાર્યોએ આગમ સાહિત્યની વસ્તુને જે ચાર અનુયોગમાં વિભાજિત કરેલ છે. તેમાં ચરણકરણાનુંયોગ જ માત્ર એવો છે કે તેનો સીધો સંબંધ ધર્મસાધના સાથે છે. ધર્મ માત્ર જ્ઞાન નથી પરંતુ જીવનશૈલી પણ છે. તે જાણવાની નહીં પરંતુ જીવનની વસ્તુ છે. ધર્મ તે છે કે જે જીવી શકાય, માટે સદાચરણ કે સમ્યક્ચારિત્રનું પાલન તે ધર્મ છે.

**ધર્મ : રત્નત્રયની સાધના :**

સામાન્ય રીતે જૈન પરંપરામાં સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને રત્નત્રયના નામથી સંબોધન કરાયેલ છે.

દિગમ્બર પરંપરામાં આચાર્ય કાર્તિકેય 'બારસ્સ અણુવેક્ખા' ગ્રંથ (૪૭૮)માં રત્નત્રયની સાધનાને ધર્મ કહેલ છે. વસ્તુતઃ રત્નત્રયની સાધનાથી ભિન્ન કોઈ ધર્મ નથી. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી આપણા અસ્તિત્વનું મૂળ કેન્દ્ર ચેતના છે. અને ચેતનાના ત્રણ પક્ષ છે. જ્ઞાન, ભાવ (અનુભૂતિ), સંકલ્પ, ખરેખર રત્નત્રયની સાધના બીજું કંઈ જ નથી. પરંતુ ચેતનાના આ ત્રણ પક્ષોનું પરિશોધન છે. કારણકે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ ચારિત્ર ક્રમશઃ વસ્તુનાં યથાર્થ સ્વરૂપનો બોધ કરાવીને જ્ઞેય પ્રત્યેની આસક્તિ કે રાગભાવને જોડાવા દેતા નથી અને જ્ઞાતાદૃષ્ટાભાવ કે સમભાવમાં સ્થિર રાખે છે. આ પ્રમાણે ચેતનાના જ્ઞાનાત્મક પક્ષના પરિશોધનનો ઉપાય સમ્યક્દર્શન, ભાવાત્મક પક્ષના પરિશોધનનો ઉપાય સમ્યક્જ્ઞાન અને સંકલ્પાત્મક પક્ષના પરિશોધનનો ઉપાય-સમ્યક્ચારિત્ર છે. માટે રત્નત્રયની સાધના પણ આપણા જ શુદ્ધ સ્વરૂપની સાધના છે, કારણકે તે સ્વસ્વરૂપમાં અવસ્થિતિ દ્વારા સમભાવ અને વીતરાગની ઉપલબ્ધિનું કારણ છે.

**જૈનસાધનાનું લક્ષ્ય : મોક્ષ**

સામાન્યરીતે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે ધર્મ કે સદાચારનું પાલન શા માટે કરવું ? પાશ્ચાત્ય નીતિશાસ્ત્રમાં આ પ્રશ્નનો ઉત્તર માત્ર સામાજિક વ્યવસ્થાના આધારે અપાય છે. પરંતુ જૈન પરંપરા સદાચાર અને દુરાચારોના પરિણામને માત્ર આલોક કે સામાજિક કે અકલ્યાણ સુધી સિમિત નથી માનતી જોકે એનું તાત્પર્ય એવું પણ નથી કે જૈનધર્મમાં ધર્મસાધન કે નૈતિકજીવનનો સંબંધ માત્ર પરલૌકિક જીવન થી જ છે. જૈન ધર્માનુસાર ધર્મસાધના ન તો માત્ર ઈહલૌકિક જીવન માટે છે કે ન તો પરલૌકિક જીવન માટે. પરંતુ તે જીવાત્માની વિકૃતિ કે દઢ પ્રવૃત્તિઓના પરિશોધન દ્વારા આત્મવિકાસ માટે હોય છે. સામાન્ય રીતે જૈન આગમોમાં ધાર્મિક અને નૈતિક જીવનનો સાર સર્વ દુઃખોનો અંત અને ભવપરંપરાની સમાપ્તિને માનવામાં આવે છે અને એટલા માટે ક્યારેક એવું માની લેવાય છે કે જૈનધર્મમાં ધાર્મિક અને નૈતિક સાધનાનું લક્ષ્ય મોક્ષસંબંધી પરલૌકિક જીવનથી છે. પરંતુ આ એક ખોટી ધારણા છે. મોક્ષ-દુઃખવિમુક્તિ અને આત્મોપલબ્ધિ છે. જે આ જીવનમાં પ્રાપ્ત કરવા યોગ્ય છે.

**મોક્ષ : સમત્વનું સંસ્થાપન :**

જૈનોની આ માન્યતા સ્પષ્ટ છે કે દુઃખ વિમુક્તિ પાર લૌકિક જીવનનું તથ્ય નહીં ઐહિક જીવનનું જ તથ્ય છે. વસ્તુતઃ ધર્મ સાધના અને સદાચરણનું લક્ષ્ય જીવનમાં તનાવ રહીત, સમત્વ પૂર્ણ, શાન્ત આત્મદશાને પ્રાપ્ત કરવાનું છે. જેમકે પૂર્વે કહ્યું તેમ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રાનુસાર સમત્વ કે સમભાવની પ્રાપ્તિ જ આત્માનું લક્ષ્ય છે.

વસ્તુતઃ મનુષ્યનું જીવન અંતર્દ્વન્દ્વોથી યુક્ત છે. માનવજીવનમાં ત્રણ પ્રકારના સંઘર્ષ હોય છે.

(૧) મનોવૃત્તિઓનો આંતરિક સંઘર્ષ. આ સંઘર્ષ બે વાસનાઓ વચ્ચે અથવા વાસના અને બૌદ્ધિક આદર્શોની વચ્ચે હોય છે. આધુનિક મનોવિજ્ઞાન અને વાસનાત્મક અહં (id) અને આદર્શાત્મક અહં (Super ego) નો સંઘર્ષ કહે છે. જેને આપણે વાસના અને નૈતિક આધ્યાત્મિક આદર્શનો સંઘર્ષ પણ કહીએ છીએ. વસ્તુતઃ આ સંઘર્ષ વ્યક્તિની આન્તરિક શાંતિનો ભંગ કરી તણાવ ઉત્પન્ન કરે છે.

(૨) બીજા પ્રકારનો સંઘર્ષ મનુષ્યની આન્તરિક આકાંક્ષાઓ અને બાહ્ય પરિસ્થિતિઓની વચ્ચે હોય છે. આન્તરિક આકાંક્ષાઓ અને તેની પૂર્તિના બાહ્ય સાધનોની વચ્ચે આ સંઘર્ષ ચાલે છે. આ સંઘર્ષ વ્યક્તિ અને તેના ભોતિક પરિવેશ, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે અથવા વ્યક્તિ અને સમાજની વચ્ચે હોય છે. આકાંક્ષાઓ અને વાસનાઓ જ્યાં વ્યક્તિની આંતરિક શાંતિનો ભંગ કરે છે, ત્યાં તેની પૂર્તિનો પ્રયત્ન બાહ્ય સામાજિક જીવનની શાંતિનો ભંગ કરે છે. આ પ્રમાણે આ સંઘર્ષ આંતરિક અને બાહ્ય બંને શાંતિનો ભંગ કરે છે.

(૩) ત્રીજા પ્રકારનો સંઘર્ષ બાહ્ય પરિવેશમાં થવાવાળો સંઘર્ષ છે. જે વિવિધ સમાજો અને રાષ્ટ્રોની વચ્ચે થાય છે. પ્રત્યેક સમાજ અને રાષ્ટ્ર પોતાની અસ્મિતા માટે આ પ્રકાનો સંઘર્ષ ઉત્પન્ન કરે છે. જોકે આ સંઘર્ષ બાહ્ય સંઘર્ષ છે તો પણ વ્યક્તિ સાથ જોડાયેલો છે. કારણે કે વ્યક્તિ કોઈને કોઈ માધ્યમથી સમાજ સાથે જોડાયેલો છે. આ સંઘર્ષોને સમાપ્ત કરીને વ્યક્તિગત અને સામાજિક જીવનમાં સમત્વ અને શાંતિની સ્થાપના કરવી એ જ ધર્મનું લક્ષ્ય રહ્યું છે.

અહીં આપણે એ સમજવું જોઈએ કે સંઘર્ષ કે સમત્વના વિચલન જીવનમાં થતાંજ રહે છે. છતાં તે આપણો સ્વભાવ નથી. અસ્તિત્વ માટે પણ સંઘર્ષ કરવો પડે છે. પરંતુ જીવનનું લક્ષ્ય સંઘર્ષ કે તણાવ નથી ! પરંતુ સંઘર્ષ કે તણાવનું (Tension) નિરાકરણ છે. માટે સંઘર્ષ વ્યક્તિ અને સમાજની વૈભાવિકદશા (વિકૃતદશા) ના સૂચક છે. જ્યારે વિભાવથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વભાવ તરફ સંઘર્ષમાંથી શાંતિ તરફ, તણાવથી સમાધિ (તણાવમુક્તિ) તરફ, મમત્વમાંથી સમત્વ તરફ સાધના કરવી તે ધાર્મિક સાધના અને નૈતિક આચરણનું લક્ષ્ય છે.

મનુષ્ય એક વિવેકશીલ પ્રાણી છે. અને વિવેકશીલ પ્રાણીના રૂપમાં તેનું આચરણ સદૈવ લક્ષ્યોન્મુખ જ હોય છે. સમાધિ, શાંતિ અથવા સમત્વને લક્ષ બનાવીને જે આચરણ કરાય છે તે જ આચરણ નૈતિક અને ધાર્મિકજીવનનું સૂચક છે. જૈન પરંપરામાં જે મોક્ષને દુઃખના આત્યંતિક અભાવની અવસ્થા કહી છે, તેનું તાત્પર્ય એ છે કે વ્યક્તિ તણાવોથી મુક્ત હોય, કારણ તણાવ કે માનસિક અશાંતિ જ વાસ્તવિક દુઃખ છે. વસ્તુતઃ સામાજિક જીવનમાં જે અશાંતિ અને સંઘર્ષ દેખાય છે. તેનું પણ મૂળભૂત કારણ વ્યક્તિની આંતરિક વાસનાઓ અને આકાંક્ષાઓ જ હોય છે. માટે મોક્ષ જે રીતે વૈયક્તિક સાધનાનું લક્ષ્ય માનવામાં આવે છે તે સામાજિક શાંતિનો પણ આધાર છે. સ્થિતપ્રજ્ઞ કે વીતરાગ પુરુષોનું જીવન વૈયક્તિક અને સામાજિક બંને સ્તર પર સંઘર્ષની સ્થિતિમાં નથી હોતું, માટે જે લોકો ધર્મ સાધના કે નૈતિકતાના લક્ષ્ય મોક્ષ કે નિર્વાણને માત્ર વૈયક્તિક માને છે તે યોગ્ય નથી. ધર્મ અને સાધના વૈયક્તિક સાથોસાથ સામાજિક પણ છે. માટે ધાર્મિક અને વૈયક્તિક સાધનાનું લક્ષ્ય વૈયક્તિક અને સામાજિક બંને સ્તરો પર સમત્વનું સંસ્થાપન કરવાનું છે. માટે જૈનધર્મમાં ધર્મની જે પરિભાષા અહિંસા તથા સમત્વના રૂપમાં મળે છે તે માત્ર વૈયક્તિક જીવન તથા સાધનાથી સંબંધીત નથી. જ્યારે સમતાને ધર્મ કહીએ છીએ ત્યારે તે સમત્વ વ્યક્તિ અને સમાજ બંનેનું હોય છે. વ્યક્તિગત સમતા વિના સામાજિક સમતા સંભવિત નથી. વ્યક્તિ અને સમાજ એકબીજાથી એવી રીતે જોડાયેલા છે કે તેને અલગ અલગ જુઓ કે જાણો પરંતુ તેને ક્યારેય અલગ કરી નથી શકાતા.

**મોક્ષ : આત્મપૂર્ણતા :**

નૈતિક જીવનનું સાધ્ય માત્ર સમત્વનું સંસ્થાપન જનથી પરંતુ તેનાથી પણ અધિક છે, અને તે છે આત્મપૂર્ણતાની દિશામાં પ્રગતિ. કારણકે જ્યાં સુધી અપૂર્ણતા છે, સમત્વના વિચલનની સમ્ભાવના પણ નથી. [illegible] ઈચ્છા (want) ઉપસ્થિત રહે છે. અને જ્યાં સુધી એક પણ ઈચ્છા છે ત્યાં સુધી સમત્વ નથી હોઈ શકતું. કામના, વાસના અને ઈચ્છા બધા અસંતુલનના સૂચક છે. તેની ઉપસ્થિતિમાં સમત્વ સંભવિત નથી. સમત્વ તો પૂર્ણ નિષ્કામ તથા અનાસક્ત જીવનમાં સંભવે છે. જ્યાં સુધી અપૂર્ણતા છે, કામના છે અને જ્યાં સુધી કામના છે ત્યાં સુધી સમત્વ નથી. માટે પૂર્ણ સમત્વ માટે આત્મપૂર્ણતા આવશ્યક છે. વ્યવહારિક જીવનમાં પણ આપણે પ્રયત્ન ચેતનાના જ્ઞાનાત્મક, અનુભૂત્યાત્મક અને સંકલ્પાત્મક પક્ષોના વિકાસના નિમિત્તે હોય છે. અન્તશ્ચેતના સદૈવ આ દિશામાં પ્રયત્નશીલ રહે છે. પોતાની ચેતનાના આ ત્રણ પક્ષોની દેશકાલગત સીમાનું અતિક્રમણ કરી શકે. વ્યક્તિ પોતાની જ્ઞાનાત્મક, અનુભૂત્યાત્મક અને સંકલ્પાત્મક ક્ષમતાઓની પૂર્ણતા ઈચ્છે છે. સીમિતતા અને અપૂર્ણતાનો બોધ વ્યક્તિના મનની એક કસક છે. અને તે સદૈવ કસકથી છૂટકારો મેળવવા ઈચ્છે છે. સીમિતતા અને અપૂર્ણતા તેના જીવનની એવી તરસ છે કે જે પૂર્ણતાના જલથી પરિશાન્ત થવા ઈચ્છે છે. જ્યાં સુધી આત્મપૂર્ણતાને પ્રાપ્ત નથી કરી લેતા ત્યાં સુધી પૂર્ણ સમત્વ નથી થતું. જ્યાં સુધી પૂર્ણ સમત્વ ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક પૂર્ણતા સંભવ નથી. આધ્યાત્મિક પૂર્ણતા, આત્મપૂર્ણતા અને સમત્વ એકબીજાના પર્યાયવાચી છે પ્રો. કાન્ટે નૈતિક વિકાસની દૃષ્ટિથી આત્માની અમરતાને અનિવાર્ય માનેલ છે. નૈતિક પૂર્ણતા પણ આત્મપૂર્ણતાની અવસ્થામાં જ સંભવે છે. આ પૂર્ણતા કે અનંત સુધી પ્રગતિ, માત્ર આ માન્યતા પર નિર્ભર છે કે વ્યક્તિમાં પૂર્ણતા ને પ્રાપ્ત કરવાની ક્ષમતા છે. અને તે અનંતતા કે પૂર્ણતા સુધી પહોંચવા માટે તેની સ્થિરતા પણ અનંત છે. બીજા શબ્દોમાં આત્મા અમર છે. કાન્ટે અનંતની દિશામાં નૈતિક પ્રગતિ માટે આત્માની અમરતા પર ભાર મૂક્યો છે. પરંતુ અરબને પ્રગતિને પણ નૈતિકતાની એક સ્વતંત્ર માન્યતા કહેલ છે. જો નૈતિક પ્રગતિની સંભાવનાને સ્વિકારવામાં નહીં આવે તો નૈતિક જીવનનો મહાન ઉદ્દેશ્ય સમાપ્ત થઈ જશે અને નૈતિકતા પારસ્પરિક સંબંધોની વાર્તા માત્ર જ રહેશે.

પાશ્ચાત્ય જગતમાં નૈતિક પ્રગતિનું તાત્પર્ય માત્ર સામાજિક સંબંધો એવં સામાજિક જીવનની પ્રગતિ છે. જ્યારે ભારતીય દર્શનમાં નૈતિક પ્રગતિનું તાત્પર્ય વ્યકિતનો આધ્યાત્મિક વિકાસ છે. મોક્ષ, નિર્વાણ કે પરમાત્માની ઉપલબ્ધિના રૂપમાં નૈતિકપૂર્ણતાની પ્રાપ્તિને શક્ય માનવી નૈતિકજીવનની દૃષ્ટિથી અતિ આવશ્યક છે. જો આત્મપૂર્ણતા કે પરમશ્રેયની પ્રાપ્તિ શક્ય નથી તો સદાચરણ, નૈતિક જીવન અને નૈતિક પ્રગતિનો કોઈ અર્થ નહીં રહે ! નૈતિકપ્રગતિના અંતિમચરણના રૂપમાં આધ્યાત્મિક પૂર્ણતા કે આત્મપૂર્ણતા આવશ્યક છે.

[illegible]નામાં અપૂર્ણતાનો જે બોધ છે, તે સ્વયં અંતરમાં છૂપાયેલી પૂર્ણતાનો સંકેત છે. આપણને આપણી અપૂર્ણતાની સ્પષ્ટ ખબર છે. પરંતુ આ અપૂર્ણતાનો સ્પષ્ટ બોધ પૂર્ણતા વિના કે પ્રત્યય વિના શક્ય નથી ! જો આપણો આત્મા અનંત કે પૂર્ણ ન હોય તો આપણને આપણી અપૂર્ણતાનો બોધ પણ ન જ થાય. બ્રેડલે નું કથન છે કે ચેતના અનંત છે, કારણકે તે અનુભવ કરે છે કે તેની ક્ષમતાઓ શાંત અને સીમિત છે. પરંતુ સીમા કે અપૂર્ણતાને જાણવા માટે અસીમ અને અપૂર્ણ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવું આવશ્યક છે. જ્યારે આપણી ચેતાને એ જ્ઞાન રાખે છે કે તે શાંત - સીમિત અને અપૂર્ણ છે. તો તેનું સીમિત હોવાનું આ જ્ઞાન પોતે જ સીમા પાર કરી જાય છે. આ પ્રમાણે બ્રેડલે પણ આત્મામાં (self) માં છૂપાયેલી પૂર્ણતાનો સંકેત કરે છે.[૧] આત્મા પૂર્ણ છે એ વાત ભારતીય દર્શનના વિદ્યાર્થી માટે નવી નથી. પરંતુ આત્મ પૂર્ણતાનો અર્થ એ નથી કે આપણે પૂર્ણ છીએ. પૂર્ણતા આપણી ક્ષમતા (Capacity) છે, યોગ્યતા (Ablity) નથી. પૂર્ણતાના પ્રકાશમાં આપણને આપણી અપૂર્ણતાનો બોધ થાય છે. અપૂર્ણતાનો બોધ પૂર્ણતાની ઉપસ્થિતિનો સંકેત અવશ્ય છે. પરંતુ તે પૂર્ણતાની ઉપલબ્ધિ નથી. જેવી રીતે દૂધમાં દેખાતી સ્નિગ્ધતા તેમાં રહેલા માખણની સૂચક અવશ્ય છે. પરંતુ માખણની ઉપલબ્ધિ નથી. જેવી રીતે દૂધમાં રહેવા માખણને મેળવવા માટે પ્રયત્ન આવશ્યક છે. તેવી રીતે આત્મા (Self) માં રહેલ પૂર્ણતાની ઉપલબ્ધિ માટે પ્રયત્ન આવશ્યક છે. નૈતિકતા અને સમ્યક્ આચરણ તે સમ્યક પ્રયત્નના સૂચક છે, જેના માધ્યમથી પૂર્ણતા ઉપલબ્ધ કરી શકાય છે. હેડફિલ્ક લખે છે કે "આપણે જે કંઈ છીએ તે આપણો 'સ્વ' નથી (Self નથી) પરંતુ 'સ્વ'તે છે કે જે આપણેથઈ શકીએ છીએ.[૨] આપણી સંભાવનાઓમાં પણ આપણી સત્તા અભિવ્યક્ત થાય છે અને આ અર્થમાં આત્મપૂર્ણતા આપણું સાધ્ય પણ છે. જેવી રીતે એક બાળકમાં રહેલી સમગ્ર ક્ષમતાઓ જેમ એકબાજુ સત્તામાં રહેલી છે તેમ બીજી બાજુ તેનું સાધ્ય છે. એવીજ રીતે આત્મપૂર્ણતા આપણું સાધ્ય છે. જો આપણે આત્મપૂર્ણતાને નૈતિકજીવન કે ધર્મસાધનાનું પરમસાધ્ય માનશું તો આપણે એ પણ સ્પષ્ટ કરવું પડશે કે આત્મપૂર્ણતાનું તાત્પર્ય શું છે ? આત્મપૂર્ણતાનું તાત્પર્ય આત્મોપલબ્ધિ જ છે. તે સ્વ માં 'સ્વ' મેળવવાનું છે. પરંતુ જે આત્મા કે સ્વને ઉપલબ્ધ કરવા છે તે સીમિત કે અપૂર્ણ આત્મા નહીં પરંતુ એવો આત્મા કે જે સમગ્ર વાસનાઓ, સંકલ્પો અને સંઘર્ષોથી પર હોય. વિશુદ્ધદષ્ટા અને સાક્ષીરૂપ હોય. આપણી શુદ્ધ સત્તા આપણા જ્ઞાન, ભાવ અને સંકલ્પ બધાનો આધાર હોવા છતાં પણ બધાથી પર એક નિર્વિકલ્પ, વીતરાગ, સાક્ષી, આત્મસત્તાની સ્થિતિ છે. આ સ્થિતિની ઉપલબ્ધિને પૂર્ણાત્માનો સાક્ષાત્કાર, પરમાત્માની ઉપલબ્ધિ કહેવાય છે. પાશ્ચાત્યદર્શનમાં પૂર્ણતાના બે અર્થ [illegible] અથવા તે ચેતનાના [illegible] સંકલ્પની વચ્ચે સંતુલિત છે. તો બીજી તરફ વૈયક્તિક સીમાઓ અને સીમિતતાઓથી પર છે. જેથી કરીને સમાજના અન્ય ઘટકો અને આપણી વચ્ચેના દ્વૈત સમાપ્ત થઈ શકે અને વ્યક્તિ એક મહાપુરુષના રૂપમાં સમાજને માર્ગદર્શન કરી શકે ! બ્રેડલેનું કથન છે કે હું મને નૈતિકરૂપ માં અભિવ્યક્ત ત્યારે કરૂં છું કે જ્યારે મારો આત્મા મારો નથી રહેતો, મારા સંકલ્પો અન્ય લોકોના સંકલ્પથી ભિન્ન નથી હોતા, જ્યારે હું બીજાના સંસારમાં ફક્ત મને જ જોઉ છું. આ આત્માનુભૂતિનો અર્થ છે. અસીમ અને અનંત થઈ જવું, પોતાના અને પરના અંતરને મિટાવી દેવું.[૩] આ છે પરાભૌતિક સ્તર પર આત્માનુભૂતિનો અર્થ. મનોવૈજ્ઞાનિક સ્તર પર આત્માનુભૂતિનો અર્થ થશે આપણી સંપૂર્ણ બૌદ્ધિક નૈતિક એવં કલાત્મક યોગ્યતાઓ તથા ક્ષમતાઓની અભિવ્યક્તિ, જો આપણે આપણી કામનાઓ તથા ઉદ્દેશોને એકસાથ રાખી ને જોઈએ તો બધા વિશેષ ઉદ્દેશ્યો કેટલાક સામાન્ય અને વ્યાપક ઉદ્દેશ્યોની અંતર્ગત આવી જાય છે. જે પરસ્પર મળીને એક સમન્વયાત્મક સમુચ્ચય બની જાય છે. આ સમન્વયાત્મક સમુચ્ચયમાં આપણો આત્મા પૂર્ણરૂપથી અભિવ્યક્ત થાય છે.[૪]

ભારતીય પરંપરામાં પૂર્ણતાનો અર્થ થોડો ભિન્ન છે. પાશ્ચાત્ય પરંપરામાં આત્મા (self) નો અર્થ વ્યક્તિત્વ છે. અને જ્યારે આપણે પાશ્ચત્ય પરંપરામાં આત્મપૂર્ણતાની વાત કહીએ તો તેનું તાત્પર્ય છે વ્યક્તિત્વની પૂર્ણતા. વ્યક્તિત્વનું તાત્પર્ય છે શરીર અને ચેતના, પરંતુ અધિકાંશ ભારતીય દર્શન આત્માને તાત્ત્વિક 'સત્' ના રૂપમાં લેખે છે. માટે ભારતીય ચિંતન અનુસાર આત્મપૂર્ણતાનો અર્થ પોતાની તાત્ત્વિક સત્યતાની અથવા પરમાર્થની ઉપલબ્ધિ છે. આમ ભારતીય પરંપરામાં આત્મપૂર્ણતાનો અર્થ આત્માની જ્ઞાનાત્મક, ભાવાત્મક અને સંકલ્પાત્મક શક્તિઓની પૂર્ણતા પણ માન્ય છે. ભારતીય ચિંતન અને વિશેષરૂપથી જૈનચિંતન અનુસાર મનુષ્યના જ્ઞાન, ભાવ અને સંકલ્પના અનંતજ્ઞાન, અનંત સૌખ્ય (આનંદ) અને અનંતશક્તિના રૂપમાં અભિવ્યક્ત થઈ જાવું એજ આત્મપૂર્ણતા છે. આ તે અવસ્થા છે જેમાં આત્મા પરમાત્મા બની જાય છે. આત્માની શક્તિઓનું અનાવરણ તથા પૂર્ણ અભિવ્યક્તિ એજ પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ છે. અને એજ આત્મપૂર્ણતા છે.

**મોક્ષ : આત્મસાક્ષાત્કાર**

આત્મપૂર્ણતા 'પર' કે પૂર્વ-અનુપસ્થિત વસ્તુની ઉપલબ્ધિ નહીં પરંતુ આત્મોપલબ્ધિજ છે. આ એક એવી ઉપલબ્ધિ છે, જેમાં મેળવવાનું કંઈ પણ નથી પણ બધું ગુમાવી દેવાનું છે. આ

(૧) જુઓ Ethical Studies, Chapter II
ઉદ્ધૃત - જૈન, બૌદ્ધ અનેગીતાના આચારદર્શનોનું તુલનાત્મક અધ્યયન ભાગ-૧, પૃ. ૪૧૨

(૨) Psychology and Morals - page - 183

(૩) Ethical Studies - P.II

(૪) Ibid - P. 11


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્ણ ખાલીપણું એવં શૂન્યતા છે. બધુંજ ગુમાવી દેવાથી બધુંજ મેળવી લેવાય છે. સંપૂર્ણ ખાલીપો સંપૂર્ણતા બનીને પ્રગટ થઈ જાય છે. ભૌતિક સ્તર પર 'પર' ને મેળવીને 'સ્વ' ને ખોવાનું છે. પરંતુ આધ્યાત્મિકજીવનમાં 'પર' ને ગુમાવીને 'સ્વ' ને મેળવવાનું હોય છે. જૈનદર્શનમાં આ બાબત એવી રીતે કહેવાઈ છે કે જેટલી પર પરિણતિ એટલે કે પુદ્ગલ પરિણતિ છે, તેટલું જ આત્મવિસ્મરણ છે. 'સ્વ' ને ખોવાનું છે. અને જેટલો પર પરિણતિ કે પુદ્ગલ પરિણતિનો અભાવ છે, તેટલું જ આત્મસ્મરણ કે 'સ્વ' ની ઉપલબ્ધિ છે. જેટલી 'પર'માં આસક્તિ, એટલા 'સ્વ' થી દૂર, તેનાથી વિપરીત 'પર'માં આસક્તિનો જેટલો અભાવ તેટલા જ 'સ્વ' કે આત્માથી નજીક. જેટલી માત્રામાં વાસનાઓ, અહંકાર અને ચિત્તવિકલ્પ ઓછા હોય છે તેટલી જ માત્રામાં અમને આત્મોલબ્ધિ કે આત્મસાક્ષાત્કાર થાય છે. જ્યારે ચેતનામાં તેનો સંપૂર્ણ અભાવ થઈ જાય છે તો આત્માસાક્ષાત્કાર-આત્મપૂર્ણતાના રૂપમાં પ્રગટ થઈ જાય છે.

જૈન નૈતિકતાનું સાધ્ય પણ આત્મોપલબ્ધિ કે આત્મસાક્ષાત્કાર જ છે. કુંદકુંદાચાર્ય કહે છે કે "મોક્ષાભિલાષી એ આત્મા જાણવો જોઈએ. આત્મા પર જ શ્રદ્ધા કરવી જોઈએ અને આત્માની જ અનુભૂતિ કરવી જોઈએ. સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, પ્રત્યાખ્યાન (ત્યાગ), સંવર (સંયમ) અને યોગ એ બધાં આત્માને (પોતાને) મેળવવાનાં સાધન છે. કારણ કે એજ આત્મા જ્ઞાનમાં છે, દર્શનમાં છે, ચારિત્રમાં છે, ત્યાગમાં છે, સંવરમાં છે અને યોગમાં છે.[1] કુન્દકુન્દાચાર્યના દષ્ટિકોણથી એ સ્પષ્ટ થઈ જાય છે કે નૈતિક ક્રિયાઓ આત્મોપલબ્ધિજ છે. વ્યવહારનયથી જેને જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહેવાય છે. નિશ્ચયનયથી તે આત્મા જ છે. આ પ્રમાણે નૈતિકજીવનનું લક્ષ્ય આત્મસાક્ષાત્કાર કે આત્મલાભ જ છે.

**સાધ્ય-સાધક અને સાધનાનો પારસ્પરિક સંબંધ :**

જૈનધર્મમાં સાધ્ય અને સાધક અભેદ માનવામાં આવે છે. સમયસાર ટીકામાં આચાર્ય અમૃતસૂરિજી લખે છે કે "પરદ્રવ્યનો પરિહાર અને શુદ્ધ [illegible] જ સિદ્ધિ છે."[2] હેમચન્દ્રાચાર્ય સાધ્ય અને સાધકમાં અભેદ બતાવતાં લખે છે કે "કષાયો અને ઈન્દ્રિયોથી પરાજિત આત્મા જ સંસાર છે. અને તેને જીતવાવાળો આત્મા જ પ્રબુદ્ધ પુરુષો દ્વારા મોક્ષ કહેવાય છે.[3] અધ્યાત્મ તત્ત્વાલોકમાં મુનિ ન્યાયવિજયજી કહે છે કે" આત્મા જ સંસાર છે અને આત્મા જ મોક્ષ છે. જ્યાં સુધી આત્મા ઈન્દ્રિયો અને કષાયને વશીભૂત છે, તે સંસાર છે. અને જ્યારે તેણે પોતાને વશ કરી લે છે ત્યારે મોક્ષ કહેવાય છે.[4] આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે જૈનધર્મનું સાધ્ય અર્થાત્ મોક્ષ અને સાધક બંને આત્માની બે અવસ્થા (પર્યાય) છે. બંનેમાં મૌલિક અંતર એટલું જ છે કે આત્મા જ્યાં સુધી વિષય અને કષાયના વશીભૂત હોય છે ત્યાં સુધી બંધનમાં હોય છે. અને જ્યારે તેના પર વિજય પ્રાપ્ત કરી લે છે ત્યારે તે મુક્ત બની જાય છે. આત્માની વાસનામળથી યુક્ત અવસ્થા જ તેનું બંધન કહેવાય છે. અને વિશુદ્ધ આત્મતત્ત્વની અવસ્થા જ મુક્તિ કહેવાય છે. આ પ્રમાણે આસક્તિને બંધન અને અનાસક્તિને મુક્તિ માનવી એ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે.

જૈનધર્મમાં સાધ્ય અને સાધકમાં ફરક માત્ર એકજ વાતનો છે. આત્માની વિભાવ દશા સાધકની અવસ્થા છે અને આત્માની સ્વભાવદશા સિદ્ધાવસ્થા છે. જૈન સાધનાનું લક્ષ્ય અથવા આદર્શ કોઈ બાહ્ય તત્ત્વ નથી તે તો સાધકનું પોતાનું જ નિજરૂપ છે. તેની પોતાની જ પૂર્ણતાની અવસ્થા છે. સાધકનો આદર્શ તેની બહાર નહીં તેની પોતાની જ અંદર છે. સાધકે તેને મેળવવાનું પણ નથી કારણકે મેળવવાનું તો તે હોય છે કે જે આપણી બહાર હોય, જે આપણામાં ન હોય તે ધર્મ સાધનાનું સાધ્ય બાહ્ય ઉપલબ્ધિ નથી. આંતરિક ઉપલબ્ધિ છે. બીજા શબ્દોમાં કહીએ તો તે આપણું જ અનાવરણ છે. પોતાનું જ આવરણ ખોલવાનું છે પોતાના નિજગુણો પૂર્ણ પ્રગટ કરવાના છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે આત્મા ના નિજગુણ કે સ્વલક્ષણ તો કાયમ તેમાં ઉપસ્થિત જ છે. સાધકે માત્ર તેને પ્રગટ કરવાના છે. આપણી ક્ષમતાઓ સાધક અવસ્થા તથા સિદ્ધ અવસ્થામાં એ જ છે. સાધક અવસ્થા અને સિદ્ધ અવસ્થામાં ફરક ક્ષમતાઓનો નથી પરંતુ ક્ષમતાઓને યોગ્યતામાં બદલવાનો છે. જેવી રીતે બીજ વૃક્ષની રૂપમાં વિકસિત થાય છે એવી જ રીતે મુક્તાવસ્થામાં આત્માના નિજગુણ પૂર્ણરૂપમાં પ્રગટ થઈ જાય છે. સાધક આત્માના જ્ઞાન, ભાવ (અનુભૂતિ) અને સંકલ્પના તત્ત્વ જ મોક્ષના અવસ્થામાં [illegible] અનંતદર્શન, અનંતસૌખ્ય અને અનંતશક્તિના રૂપમાં પ્રગટ થઈ જાય છે તે આત્મા જે ક[illegible] અને રાગદ્વેષથી યુક્ત છે. અને તેનાથી યુક્ત હોવાના કારણે બદ્ધ, સીમિત અને અપૂર્ણ છે. તેજ આત્મા અનંતજ્ઞાન,

---

(૧) સમયસાર ૧૫-૧૮ અને તેની આત્મખ્યાતિ ટીકા.

(૨) સમયસાર આત્મખ્યાતિ ટીકા ૩૦૫.

(૩) યોગ શાસ્ત્ર (હેમચન્દ્ર.) ૪/૫.

(૪) આધ્યાત્મ તત્ત્વાલોક, ૪/૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતદર્શન, અનંતસૌખ્ય અને અનંત શક્તિને પ્રગટ કરી મુક્ત અને પૂર્ણ બની જાય છે. ઉપાધ્યાય અમરમુનિના શબ્દોમાં જૈનસાધના એટલે સ્વ ને સ્વમાં ઉપલબ્ધ કરવો, નિજ ને નિજની શોધ કરવી અને અનંતમાં પૂર્ણરૂપથી રમણતા કરવી તે છે. આત્માની બહાર એક કણમાં પણ સાધકની ઉન્મખુતા નથી. આ પ્રમાણે જૈન વિચારણામાં તાત્ત્વિકદષ્ટિથી સાધ્ય અને સાધક બંને એક જ છે. જોકે પર્યાયાર્થિક દષ્ટિ કે વ્યવહારનયથી તેમાં ભેદ માન્યા છે. આત્માની સ્વભાવ પર્યાય કે સ્વભાવમાં આવવું તેજ સાધના છે.

**સાધનાપથ અને સાધ્ય :** જેવી રીતે સાધક અને સાધ્યમાં અભેદ માન્યો છે તે રીતે સાધનામાર્ગ અને સાધ્યમાં પણ અભેદ છે. જીવાત્મા પોતાના જ્ઞાન અનુભૂતિ અને સંકલ્પના રૂપમાં સાધક કહેવાય છે. તેના આ જ્ઞાન અનુભૂતિ અને સંકલ્પ સમ્યક્દિશામાં નિયોજિત થવાથી સાધનાપથ બની જાય છે. અને તે જ જ્યારે પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરીલે છે તો સિદ્ધ બની જાય છે. જૈનધર્મ અનુસાર સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ ક્રમશઃ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંતસૌખ્ય અને અનંતશક્તિની ઉપલબ્ધિ કરી લેછે. તો આ અવસ્થા સિદ્ધિ બની જાય છે. આત્માનો જ્ઞાનાત્મકપક્ષ સમ્યક્જ્ઞાનની સાધના દ્વારા અનંતજ્ઞાનને પ્રગટ કરી લે છે. આત્માનો અનુભૂવ્યાત્મક પક્ષ સમ્યક્ દર્શનની સાધના દ્વારા અનંતદર્શનની ઉપલબ્ધિ કરી લે છે. આત્માનો સંકલ્પાત્મકપક્ષ ચારિત્રની સાધના દ્વારા અનંતસૌખ્યની ઉપલબ્ધિ કરી લે છે. અને આત્માની ક્રિયાશક્તિ સમ્યક્ તપની સાધના દ્વારા અનંત શક્તિને ઉપલબ્ધ કરી લે છે. આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે જે સાધક ચેતનાનું સ્વરૂપ છે તેજ સમ્યક્ બનીને સાધનાપથ બની જાય છે. અને તેની પૂર્ણતા સાધ્ય હોય છે. આ રીતે સાધક, સાધના પથ અને સાધ્ય બધીજ આત્માની વિભિન્ન અવસ્થાઓ છે.

આત્માની વિભાવદશા અર્થાત્ તેની વિષય વાસનાઓમાં આસક્તિ કે રાગભાવ તેનું બંધન છે. રાગભાવ, આસક્તિ કે મમતાને તોડવાનો જે પ્રયત્ન છે તે જ સાધના છે. અને તે આસક્તિ, મમત્વ કે રાગભાવ તૂટી જવાં તે જ મુક્તિ છે. આજ આત્માનું પરમાત્મા બનવું તે છે. જૈનસાધકોએ આત્મા[illegible]ી ત્રણ અવસ્થા માની છે. (૧) બ[illegible] (૨) અંતરાત્મા અને (૩) [illegible]રમાત્મા. સંત આનંદઘનજી કહે છે કે-

ત્રિવિધ સકલ તનુધર ગત આત્મા, બાહિરાતમ અધરૂપ સુજ્ઞાની।

બીજો અંતર આત્મા તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની ॥

વિષયભોગોમાં અટવાયેલો આત્મા બહિરાત્મા છે. સંસારના વિષય ભોગોમાં ઉદાસીન સાધક અન્તરાત્મા છે અને જેણે વિષયવાસના પર વિજય પ્રાપ્ત કરી લીધો છે, જે વિષયવિકારથી રહિત અનંત ચતુષ્ટયથી યુક્ત થઈ જ્ઞાતાદષ્ટાભાવમાં સ્થિત છે તે પરમાત્મા છે.

**આત્મા અને પરમાત્માનો સંબંધ :**

જૈનધર્મમાં આત્મા અને પરમાત્માના સંબંધમાં કહેવાયું છે કે 'अप्पा सो परमप्पा' આત્મા જ પરમાત્મા છે. પ્રત્યેક પ્રાણી, પ્રત્યેક ચેતન સત્તા પરમાત્મા સ્વરૂપ છે.

મોહ અને મમતા તથા તદજનિત કર્મવર્ગણાના ધુમ્મસમાં તે પરમાત્મા સ્વરૂપ ઢંકાઈ ગયું છે. જેવી રીતે વાદળાંના આવરણમાં સૂર્યનો પ્રકાશપૂંજ છૂપાય જાય છે અને અંધારું છવાઈ જાય છે તેવી જ રીતે મોહમમતા અને રાગદ્વેષ રૂપી કર્મવર્ગણાઓના આવરણથી આત્માનું અનંતઆનંદ સ્વરૂપ-અદશ્ય થઈ જાય છે. અને જીવ દુઃખી અને પીડીત થાય છે.

આત્મા અને પરમાત્મામાં સ્વરૂપતઃ કંઈ જ ભેદ નથી. ડાંગર અને ચોખા એક જ છે. ફરક માત્ર એટલો જ છે કે એક આવરણ (છિલકા) સહિત છે અને બીજો નિરાવરણ (છિલકા) રહિત છે. આવી રીતે આત્મા અને પરમાત્મા એક જ છે. ફર્ક માત્ર કર્મરૂપી આવરણનો છે.

જેવી રીતે ડાંગરનો સુમધુર આસ્વાદ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે તેના પરથી છિલકા ઉતારી લેવાં આવે; તેવી જ રીતે આપણા જ પરમાત્મા સ્વરૂપની અનુભૂતિ ત્યારે જ સંભવિત છે કે જ્યારે આપણી ચેતના પરના મોહમમતા, રાગદ્વેષના છિલકા ઉતારીને ફેંકી દઈએ. છિલકા સહિત ધાન સમાન મોહ-મમતાના ખોલમાં જકડાયેલી ચેતના આત્મા છે. અને છિલકા રહિત શુદ્ધ, શ્વેત ચાવલના રૂપમાં નિરાવરણ શુદ્ધ ચેતના પરમાત્મા છે. કહ્યું છે કે-

सिद्धा जैसा जीव है, जीव सोय सिद्ध होय,

कर्म मैलका आंतरा, बूझे बिरला कोय ॥

મોહમમતારૂપી પરદાને હટાવીને તેની પાછળ રહેલા પોતાના જ આત્મસ્વરૂપનું દર્શન શક્ય છે. આપણે પ્રયત્ન પરમાત્માને મેળવવાનો નહીં પરંતુ આ પડદાને [illegible] કરવાનો છે. [illegible] જ છે. આપણી ભૂલ એ છે કે આપણે પરમાત્મા સ્વલપ મેળવવાતો ઈચ્છીએ છીએ પરંતુ આવરણને ખસેડવાનો પ્રયત્ન નથી કરતા. પ્રયત્નોની દિશા જો સાચી હોય તો આપણામાં જ રહેલા પરમાત્માનું દર્શન દુર્લભ નથી. આપણું દુર્ભાગ્ય તો એ છે કે આપણને આપણી હસ્તિનો અહેસાસ જ નથી ! એક ઉર્દુ શાયરે સાચું જ કીધું છે કે -

इन्सां की बदबख्ती अन्दाज से बाहर है ।

कमबख्त खुदा होकर बंदा नजर आता है ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જૈનદર્શનમાં વીતરાગનો જીવનાદર્શ :**

જૈનદર્શનમાં નૈતિકજીવન કે સાધનાનું પરમ સાધ્ય વીતરાગતાની પ્રાપ્તિ છે. જૈનદર્શનમાં વીતરાગ અને અરિહન્ત આ જીવન આદર્શનું પ્રતીક છે. વીતરાગની જીવનશૈલી કેવી હોય છે, તેનું વર્ણન જૈનાગમોમાં યત્ર- તત્ર વેરાયેલું છે. સંક્ષેપમાં તેના આધારે એવી રીતે પ્રસ્તુત કરી શકાય છે કે જૈનાગમોમાં આદર્શ પુરુષનાં લક્ષણ બતાવતાં કહ્યું છે કે "જે મમત્વ એવં અહંકારથી રહિત છે, જેના ચિત્તમાં કોઈ આસક્તિ નથી અને જેણે અભિમાનનો ત્યાગ કરી દીધો છે, જે પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ રાખે છે. જે લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, માન-અપમાન અને નિંદા-પ્રસંશામાં સમભાવ રાખે છે. જેને આલોક કે પરલોકની કોઈ અપેક્ષા નથી, ચંદનનો લેપ કરનાર પરકે ધૂળ ઉડાડનાર પર જેના મનમાં ચંદનનો લેપ કરનાર પર રાગભાવ નથી, ધૂળ ઉડાડનાર પર દ્વેષભાવ નથી, જે ખાવામાં કે ઉપવાસ કરવામાં સમભાવ રાખે છે. તે જ મહાપુરુષ છે.[૧] જેવી રીતે અગ્નિથી શુદ્ધ કરેલું સુવર્ણ નિર્મલ હોય છે. તેવી રીતે જે રાગ-દ્વેષ અને ભય આદિથી રહિત છે, તે નિર્મલ છે. જેવી રીતે કમળ કીચડ અને પાણીમાં ઉત્પન્ન થવા છતાં પણ તેનાથી અલિપ્ત રહે છે, એવી જ રીતે સંસારના કામભોગોમાં લિપ્ત નથી થતા, ભાવથી સદાય વિરક્ત રહે છે, તે વિરક્ત આત્મા-અનાસક્ત પુરુષને ઈન્દ્રિયોના શબ્દાદિ વિષય પણ મનમાં રાગદ્વેષનો ભાવ ઉત્પન્ન નથી કરતા. જે વિષય રાગી વ્યક્તિઓને દુઃખ આપે છે તે વીતરાગી માટે દુઃખના કારણ નથી બનતાં, તેઓ રાગ, દ્વેષ અને મોહના અધ્યવસાયોને દોષરૂપ જાણી ને સદૈવ તેના પ્રત્યે જાગૃત રહીને માધ્યસ્થભાવ રાખે છે. કોઈપણ પ્રકારના સંકલ્પ-વિકલ્પ ન કરતાં તૃષ્ણાનો નાશ કરી દે છે. વીતરાગ પુરુષ રાગ-દ્વેષ અને મોહનો ક્ષય કરીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો ક્ષય કરી કૃતકૃત્ય થઈ જાય છે. આ રીતે મોહ અંતરાય અને આશ્રવોથી રહિત વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી થાય છે. તેઓ શુકલધ્યાન અને સુસમાધિ સહિત હોય છે અને આયુષ્યનો ક્ષય થતાં મોક્ષ પ્રાપ્ત કરી લે છે."[૨]

**ધર્મ સાધનાનું સ્વરૂપ :**

ધર્મના સ્વરૂપ અને સાધ્યની આ ચર્ચા બાદ એ આવશ્યક છે કે આપણે એ પ્રશ્ન પર પણ વિચાર કરીએ કે ધર્મસાધના શું છે ? ધર્મ કઈ રીતે કરી શકાય ? કારણ કે ધર્મ સાધનાનું તાત્પર્ય ધર્મને જીવનમાં જીવવાનું છે. ધર્મજીવન જીવવાની એક કળા છે. અને તેનાથી અલગ થઈને ન તો તેનો અલગ કોઈ અર્થ છે અને નથી કોઈ મૂલ્ય. ધર્મના સ્વરૂપની ચર્ચામાં જે નિષ્કર્ષ મેળવ્યો હતો તે એ છે કે "સમતાધર્મ છે અને મમતા અધર્મ" અને એ પણ જોયું કે મનુષ્યની વ્યક્તિગત કે સામાજિક જે પીડા કે દુઃખ છે તે બધું તેની મમત્વબુદ્ધિ, રાગભાવ જે આસક્તિનું પરિણામ છે. તેને એવી રીતે પણ કહી શકાય કે "મમતા દુઃખનું મૂળ છે અને સમતા સુખનું મૂળ છે." જીવનમાં મમતા જેટલી છૂટશે અને સમતા જેટલી પ્રગટ થશે તેટલું જ દુઃખ ઓછું થશે અને વ્યક્તિ આનંદનો અનુભવ કરશે. મમતા અને તૃષ્ણાને છોડવાથી જ જીવનમાં સમતા અને સુખ મેળવી શકાય છે અને બીજા શબ્દોમાં કહીએ તો ધર્મને જીવનમાં જીવી શકાય છે. પરંતુ મમતા કે રાગભાવ છૂટવો કે છોડવો તે અત્યંત કઠિન કાર્ય છે. જન્મ-જન્માન્તરોના સંસ્કારોને કારણે મમતા અને તૃષ્ણાનાં મૂળિયાં એટલાં ઊંડા ઉતરેલા છે કે તેને ઉખેડી નાખવા સહજ નથી. વીતરાગ, અનાસક્તિ કે વીતતૃષ્ણ થવાની વાત તો બહુ સરળતાથી કરી શકાય છે, પરંતુ જીવનમાં તેની સાધના કરવી ઘણી કઠિન છે. અનેકવાર એ પ્રશ્ન સ્વભાવિકરૂપે જ થાય છે કે કોઈ વ્યક્તિ વીતરાગ, વીતતૃષ્ણ કે અનાસક્ત થઈને કેવી રીતે જીવન જીવી શકશે ? જો જીવનમાં મમતા નહીં હોય તો પોતાપણાનો બોધ નહીં થાય, ઈચ્છા નહીં રહે તો જીવનજીવવાનું આકર્ષણ કઈ રીતે રહેશે ? મમતા અને ચાહ (તૃષ્ણા) ખરેખર આપણા જીવનવ્યવહારનાં પ્રેરક તત્વો છે. વ્યક્તિ કોઈના માટે કંઈપણ કરે છે તો મમત્વ કે રાગભાવના કારણે કરે છે. ચાહે તે રાગ પ્રશસ્ત હોય કે અપ્રશસ્ત અથવા તે પોતાની કોઈ તૃષ્ણાપૂર્તિ માટે કરતા હોય. જો રાગ અને તૃષ્ણાનાં આ બંને તત્ત્વો જીવનમાંથી નીકળી જાય તો જીવન નીરસ અને નિષ્ક્રિય થઈ જશે. કારણ કે રાગ અને મમતાના કારણે જીવનમાં રસ છે અને ચાહના કારણે સક્રિયતા, પરંતુ આ દૃષ્ટિકોણ પૂર્ણતઃ સત્ય નથી. આસક્તિ મમત્વ કે તૃષ્ણાના અભાવમાં પણ કર્તવ્યભાવ અને વિવેકયુક્ત કરુણાના આધારે જીવન જીવી શકાય છે. એ સત્ય છે કે અનાસક્ત થઈને માત્ર કર્તવ્યબોધ કે નિષ્કામ ભાવથી જીવન જીવવું કેટલાક વીરલા માટે શક્ય હોય છે. જનસામાન્ય માટે એ શક્ય નથી. પરંતુ બીજી બાજુ એ પણ સત્ય છે કે મમતા, આસક્તિ કે તૃષ્ણા જ બધા દુઃખોનું મૂળ છે. સંસારના બધા સંઘર્ષોનું કારણ છે. તેના પર નિયંત્રણ કર્યા વિના કે તેને છોડયા વિના વ્યક્તિગત જીવનમાં અને સામાજિક જીવનમાં સુખશાંતિ આવી શકતી નથી.

આ માનવજીવનનો વિરોધાભાસ છે. એક બાજુ મમત્વ અને ચાહ (કામના) સરસ અને સક્રિયજીવન માટે અનિવાર્ય તત્ત્વ છે, તો બીજી તે દુઃખ અને સંઘર્ષના કારણ પણ છે. જૈન અને બુદ્ધ પરંપરાઓમાં જીવન દુઃખમય કહ્યું છે તેનું કારણ આ જ છે. મમત્ત્વ અને કામના વિના જીવન ચાલતું નથી અને જ્યાં

---

૧/૨ ઉત્તરાધ્યયન સૂત્ર - ૧૯, ૯૦/૯૩, ૩૩/૧૦૬-૧૧૦, ૨૦/૨૧, ૨૭/૨૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી તેની ઉપસ્થિતિ છે ત્યાં સુધી જીવનમાં સુખ-શાંતિ શક્ય નથી.

ભલે એકવાર આપણે માની પણ લઈએ કે જીવનમાં સંપૂર્ણ અનાસક્તિ કે નિર્મમત્વ લાદી શકાતું નથી. પરંતુ સાથે એ પણ માનવું જ પડશે કે જો આપણે પોતાના જીવનને અને માનવસમાજને દુઃખ તથા પીડાઓથી દૂર રાખવો છે તો મમતા અને કામનાઓનો ત્યાગ અથવા તેના પર નિયંત્રણ સિવાય કોઈ વિકલ્પ પણ નથી. જીવનમાં જ્યાં સુધી મમતાની ગાંઠ તૂટતી નથી. આસક્તિ છૂટતી નથી, કામના સમાપ્ત થતી નથી ત્યાં સુધી આત્મિક શાંતિ અને સુખ શક્ય નથી. જો સુખ અને શાંતિની અપેક્ષા છે. તો મમતા અને આસક્તિની ગાંઠ અચૂક છોડવી પડશે. જીવનમાં સમભાવ અને અનાસક્તિ (નિષ્કામતા) ને લાવવી પડશે.

**ક્રિયાકાંડ ધર્મસાધનાનું લક્ષ્ય નથી.**

સામાન્ય રીતે ધર્મ સાધનાનો સંબંધ કેટલાક વિધિવિધાનો, ક્રિયાકાંડો, આચાર-વ્યવહારના વિધિ-નિષેધો સાથે જોડવામાં આવે છે. કહેવામાં આવે છે 'આમ કરો અને આમ ન કરો' પરંતુ યાદ રાખવું જોઈએ કે બાહ્ય ક્રિયાકાંડ ધાર્મિક સાધનાનાં મૂળ તત્ત્વો નથી. જોકે કહેવાનું તાત્પર્ય એવું નથી કે ધાર્મિકજીવનમાં આની કોઈ ઉપયોગિતા નથી કે સાર્થકતા નથી. આચાર, વ્યવહાર અને કર્મકાંડ ધાર્મિકજીવનના સદાયને માટે આવશ્યક અંગ છે. અને રહેશે. પરંતુ એક વાત યાદ રાખવી જોઈએ કે આપણા ધાર્મિક કહેવાતા ક્રિયાકાંડો, વિધિવિધાનો કે આચારનિયમોથી આપણી આસક્તિ કે મમતા છૂટતી નથી. ચાહ અને ચિન્તા ઓછા નથી થતાં, જીવનમાં વિવેક અને આનંદનું પ્રસ્ફૂટન નથી થતું તો એ બધું નિરર્થક છે તેનું કોઈ મૂલ્ય નથી. તેની કોઈ ઉપાદેયતા નથી. આ ક્રિયાકાંડ સાધન છે. અને સાધનોનું મૂલ્ય ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી તે સાધ્યની ઉપલબ્ધિમાં ઉપયોગી હોય કે સહાયક હોય છે. આવો જાણીએ અને જોઈએ કે જૈનધર્મમાં ધર્મસાધનાના ઉપાય કયા છે ? અને તેની મૂલ્યવત્તા કેટલી છે ?

**ત્રિવિધ સાધના માર્ગ :**

જૈનદર્શન મોક્ષની પ્રાપ્તિ માટે ત્રિવિધ સાધના માર્ગ પ્રસ્તુત કરે છે. તત્વાર્થ સૂત્રના પ્રારંભમાં જ કહ્યું છે 'કે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર મોક્ષનો માર્ગ છે.[૧] ઉત્તરાધ્યયન સૂત્રમાં 'સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપ એવા ચતુર્વિધ મોક્ષમાર્ગનું વિધાન છે.'[૨] પરવર્તી જૈનાચાર્યોએ તપનો અન્તર્ભાવ ચારિત્રમાં જ કર્યો છે. અને માટે પરવર્તી સાહિત્યમાં આ ત્રિવિધ સાધના માર્ગનું વિધાન જોવા મળે છે. કુન્દકુન્દાચાર્ય એ સમયસાર તથા નિયમસારમાં, અમૃતચન્દ્રાચાર્યએ પુરુષાર્થ સિદ્ધયુપાયમાં, હેમચન્દ્રાચાર્ય એ યોગશાસ્ત્રમાં ત્રિવિધ સાધનાપંથનું વિધાન કર્યું છે.

**ત્રિવિધ સાધના માર્ગ જ શા માટે ?**

એ પ્રશ્ન થાય કે ત્રિવિધ સાધના માર્ગનું જ વિધાન શામાટે કરાયું છે ? વસ્તુત : ત્રિવિધસાધના માર્ગના વિધાનમાં પૂર્વવર્તી ઋષિઓ અને આચાર્યો ગહન મનોવૈજ્ઞાનિક સુઝ રહી છે, મનોવૈજ્ઞાનિક દષ્ટિથી માનવચેતનાના ત્રણ પક્ષ માનવામાં આવ્યા છે. જ્ઞાન, ભાવ અને સંકલ્પ જીવનનું સાધ્ય ચેતનાના આ ત્રણ પક્ષોનાં પરિષ્કારમાં માનવામાં આવ્યું છે. માટે એ આવશ્યક પણ હતું કે આ ત્રણ પક્ષોના પરિષ્કાર માટે ત્રિવિધ સાધનાપથનું વિધાન કરવામાં આવે. ચેતનાના ભાવાત્મક પક્ષને સમ્યક્ બનાવવા માટે અને તેના સાચા વિકાસમાટે સમ્યક્દર્શન કે શ્રદ્ધાની સાધનાનું વિધાન કરાયું, એ જ રીતે જ્ઞાનાત્મક પક્ષને માટે જ્ઞાન અને સંકલ્પાત્મક પક્ષ માટે સમ્યક્ ચારિત્રનું વિધાન છે. આ પ્રકારે આપણે જોઈએ છીએ કે ત્રિવિધ સાધનાપથના વિધાન પાછળ જૈનોની એક મનોવૈજ્ઞાનિક દષ્ટિ રહેલી છે. તુલનાત્મક દષ્ટિથી વિચાર કરવાથી આપણે મેળવીએ છીએ- બૌદ્ધદર્શનમાં શીલ, સમાધિ અને પ્રજ્ઞાના રૂપમાં અને ગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગના રૂપમાં પણ ત્રિવિધ સાધના માર્ગનો ઉલ્લેખ છે.

**પાશ્ચાત્ય ચિન્તનમાં ત્રિવિધ સાધનાપથ :**

પાશ્ચાત્ય પરંપરામાં[3] ત્રણ નૈતિક આદેશ ઉપલબ્ધ થાય છે.

(૧) પોતાને જાણો.

(૨) પોતાનો (સ્વયંનો) સ્વીકાર કરો.

(૩) સ્વયં જ બની જાઓ.

પાશ્ચાત્યચિંતનના આ ત્રણ નૈતિક આદેશ જૈન પરંપરાના સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્રના ત્રિવિધ સાધનામાર્ગના સમકક્ષ જ છે. આત્મજ્ઞાનમાં જ્ઞાનનું તત્ત્વ, આત્મ સ્વીકૃતિમાં શ્રદ્ધાતત્વ અને આત્મનિર્માણમાં ચારિત્રનું તત્ત્વ સ્વીકૃત જ છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે ત્રિવિધ સાધનામાર્ગના વિધાનમાં જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરા જ નહીં, પાશ્ચાત્ય વિચારક પણ એકમત છે. તુલનાત્મકરૂપમાં તેને નીચે પ્રમાણે પ્રસ્તુત કરી શકાય છે.

---

(૧) તત્વાર્થસૂત્ર ૧/૧

(૨) ઉત્તરાધ્યયન સૂત - ૨૮/૨

(૩) એકસોલોજિ એન્ડ મારલ્સ પૃષ્ઠ -૧૮૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| જૈનદર્શન | બૌદ્ધદર્શન | ગીતા | ઉપનિષદ | પાશ્ચાત્ય દર્શન |
|---|---|---|---|---|
| સમ્યક્જ્ઞાન | શ્રદ્ધા ચિત્ત સમાધિ | જ્ઞાન, પરિપ્રશ્ન | મનન | know thyself |
| સમ્યક્ દર્શન | પ્રજ્ઞા | શ્રદ્ધા-પ્રણિપાત | શ્રવણ | Accept thyself |
| સમ્યક્ ચારિત્ર | શીલ, વીર્ય | કર્મ-સેવા | નિદિધ્યાસન | Bethyself |

**સાધનાત્રય પરસ્પર સંબંધ :**

જૈનાચાર્યોએ નૈતિક સાધના માટે આ ત્રણ સાધનામાર્ગોનો સ્વીકાર કર્યો છે. તે અનુસાર નૈતિક સાધનાની પૂર્ણતા ત્રિવિધ સાધનાપથના સમગ્ર પરિપાલનમાં જ શક્ય છે. જૈનવિચારક ત્રણેના ઐકયથી જ મુક્તિ માને છે. તેના મત પ્રમાણે ન એકલું જ્ઞાન, ન એકલો ધર્મ કે ન એકલી ભક્તિ મુક્તિ અપાવવામાં સમર્થ છે. જ્યારે કેટલાક ભારતીય વિચારકોએ આમાંથી કોઈ એકને પણ મોક્ષપ્રાપ્તિનું સાધન માની લીધું છે. આચાર્ય શંકર માત્ર જ્ઞાનથી અને રામાનુજ માત્ર ભક્તિથી મુક્તિની સંભાવનાને સ્વીકાર કરે છે. પરંતુ જૈનદર્શન આવી કોઈ એકાન્ત વ્યદિતામાં નથી પડતું. તેના મતાનુસાર તો જ્ઞાન-કર્મ અને ભક્તિની સંયુક્ત સાધનામાં જ મોક્ષસિદ્ધિ શક્ય છે. આ ત્રણમાંથી કોઈપણ એકના અભાવમાં મોક્ષ કે સમત્વરૂપી સાધ્યની સિદ્ધિ શક્ય નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે 'દર્શન વિના જ્ઞાન નથી હોતું અને જેનામાં જ્ઞાન નથી હોતું તેનું આચરણ સમ્યક્ નથી હોતું અને સમ્યક્ આચરણના અભાવમાં આસક્તિથી મુક્ત નથી બની શકાતું અને જે આસક્તિથી મુક્ત નહીં તેનું નિર્વાણ કે મોક્ષ નથી થતો'[૧] આ રીતે શાસ્ત્રકાર એ સ્પષ્ટ કરી દે છે કે નિર્વાણ કે આત્મપૂર્ણતાની પ્રાપ્તિ માટે આ ત્રણેની એકતા રૂપે આવશ્યકતા છે. વસ્તુતઃ સાધનારૂપમાં જે પૂર્ણતાનો સ્વીકાર કરાયો છે તે ચેતનાના કોઈ એકપક્ષની પૂર્ણતા નહીં પરંતુ ત્રણે પક્ષની પૂર્ણતા છે. અને તેના માટે સાધનાના ત્રણે પક્ષ આવશ્યક છે.

જોકે ધર્મસાધના માટે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર કે શીલ, સમાધિ અને પ્રજ્ઞા અથવા શ્રદ્ધા, જ્ઞાન અને કર્મ ત્રણે આવશ્યક છે. પરંતુ સાધનાની દૃષ્ટિથી આમાં પૂર્વાપરતાનો ક્રમ પણ છે.

**સમ્યક્ દર્શન અને સમ્યક્જ્ઞાનનો પૂર્વાપર સંબંધ :**

જ્ઞાન અને દર્શનની પૂર્વાપરતાથી લઈને જ્ઞાનમિમાંસાની દૃષ્ટિથી જૈનવિચારણામાં ઘણો વિવાદ રહ્યો છે. કેટલાક આચાર્યો દર્શનને પ્રથમ માને છે તો કેટલાક જ્ઞાનને પ્રાથમિક માને છે. કેટલાકે બંનેનો યુગપદ (સમાન્તરતા) સ્વીકાર કર્યો છે. જોકે આચાર મિમાંસાની દૃષ્ટિએ દર્શનની પ્રાથમિકતા જ પ્રબલ રહી છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે દર્શન વિના જ્ઞાન નથી હોતું.[૨] આ રીતે જ્ઞાનની અપેક્ષાએ દર્શનને પ્રાથમિકતા આપવામાં આવી છે. તત્વાર્થ સૂત્રકાર ઉમાસ્વાતીએ પણ પોતાના ગ્રંથમાં દર્શનને જ્ઞાન અને ચારિત્ર પહેલાં સ્થાન આપ્યું છે.[૩] કુન્દકુન્દાચાર્યએ દર્શનપાહુડમાં કહ્યું છે કે 'ધર્મ (સાધનામાર્ગ) દર્શન પ્રધાન છે.'[૪]

પરંતુ બીજીબાજુ કેટલાક સંદર્ભ એવા પણ છે જેમાં જ્ઞાનને પ્રથમ માન્યું છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં તે અધ્યાયમાં મોક્ષમાર્ગનો જે ક્રમ છે તેમાં જ્ઞાનનું સ્થાન પ્રથમ છે.[૫] વસ્તુતઃ સાધનાત્મક જીવનની દૃષ્ટિથી પણ જ્ઞાન અને દર્શનમાં કોને પ્રાથમિક માનવા એ નિર્ણય કરવો સહેલો નથી. આ વિવાદના મૂળમાં એ તથ્ય છે કે શ્રદ્ધાવાદી દૃષ્ટિકોણ સમ્યક્દર્શનને પ્રથમ સ્થાન આપે છે. જ્યારે જ્ઞાનવાદી દૃષ્ટિકોણ શ્રદ્ધાને સમ્યક્ થવા માટે જ્ઞાનની પ્રાથમિકતાનો સ્વીકાર કરેછે. વસ્તુતઃ આ વિવાદમાં કોઈ એકાન્તિક નિર્ણય કરવો અનુચિત કહેવાશે. અહીં સમન્વયવાદી દૃષ્ટિકોણ જ ઉચિત રહેશે. 'નવતત્ત્વપ્રકરણમાં આવોજ સમન્વયવાદી દૃષ્ટિકોણ અપનાવાયો છે. જ્યાં બંનેને એકબીજાના પૂર્વાપર બતાવ્યા છે. પરંતુ આગલી પંકિતમાં જ્ઞાનભાવમાં માત્ર શ્રદ્ધાથી જ સમ્યક્ત્વની પ્રાપ્તિ માની લેવામાં આવેલ છે. અને કહ્યું છે કે જે વસ્તુતત્ત્વને સ્વતઃ નથી જાણતા છતાં પણ તેના પ્રત્યે ભાવથી શ્રદ્ધા કરે છે તેને સમ્યક્ત્વ થઈ જાય છે.[૬]

આપણા દૃષ્ટિકોણથી આમાંથી કોને પ્રથમ સ્થાન આપવું તેનો નિર્ણય કરતા પહેલાં દર્શન શબ્દના અર્થનો નિશ્ચય કરી લેવો જરૂરી છે. દર્શન શબ્દના ત્રણ અર્થ છે. (૧) યથાર્થ દૃષ્ટિકોણ (૨) શ્રદ્ધા અને (૩) અનુભૂતિ. આમાં અનુભૂતિપરક અર્થનો સંબંધ તો જ્ઞાન મિમાંસા છે અને તે સંદર્ભમાં તે જ્ઞાનનો પૂર્વવર્તી છે. જો આપણે દર્શનનો યથાર્થ દૃષ્ટિકોણ પરક અર્થ લઈએ તો સાધનામાર્ગની દૃષ્ટિથી તેને પ્રથમસ્થાન આપવું જોઈએ. કારણ કે જો વ્યક્તિનો દૃષ્ટિકોણ જ ખોટો છે. અયથાર્થ છે તો નતો તેનું જ્ઞાન સમ્યક્ હશે અને ચારિત્ર પણ નહીં. યથાર્થ દૃષ્ટિના અભાવમાં જો જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ લાગતા હોય તો પણ તે સમ્યક્ કહી શકાય નહીં, તે તો સાંયોગિક પ્રસંગમાત્ર છે. આવો સાધક દિગ્ભ્રાન્ત પણ હોઈ શકે છે. જેની દૃષ્ટિ જ દૂષિત છે. તે સત્યને શું જાણશે અને શું તેનું આચરણ કરશે ? બીજી બાજુ આપણે સમ્યક્દર્શનનો શ્રદ્ધાપરક અર્થ લઈએ તો તેનું સ્થાન

(૧) ઉત્તરાધ્યયન - ૨૮/૩૦
(૨) ઉત્તરાધ્યયન - ૨૮/૩૦
(૩) તત્ત્વાર્થ - ૧/૧
(૪) દર્શનપાહુડ -૨
(૫) ઉત્તરાધ્યયન ૨૮/૨
(૬) નવતત્ત્વ પ્રકરણ ઉદ્ધૃત આત્મસાધના સંગ્રહ (મોતીલાલ માંડોત) પૃ. ૧૫૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન પછી જ હશે. કારણકે અવિચલ શ્રદ્ધા તો જ્ઞાન બાદ જ ઉત્પન્ન થઈ શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ દર્શનનો શ્રદ્ધાપરક અર્થ કરતી વખતે તેને જ્ઞાન બાદ જ સ્થાન આપ્યું છે. તેમાં કહ્યું છે કે 'જ્ઞાનથી પદાર્થ સ્વરૂપનેજાણે અને દર્શન દ્વારા તેના પર શ્રદ્ધા કરે.'[૧] વ્યક્તિના સ્વાનુભવ (જ્ઞાન) બાદ જે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તેમાં સ્થાયિત્વ હોય છે તે સ્થાયિત્વ જ્ઞાનાભાવમાં પ્રાપ્ત થયેલી શ્રદ્ધામાં નથી હોતું. જ્ઞાનાભાવમાં જે શ્રદ્ધા થાય છે તેમાં સંશય થવાની શક્યતા છે. જિનપ્રણીત તત્ત્વોમાં પણ યથાર્થ શ્રદ્ધા તો તેના સ્વાનુભવ અને તાર્કિક પરીક્ષણ બાદ થઈ શકે છે. જોકે સાધના માટે અને આચરણ માટે શ્રદ્ધા અનિવાર્ય તત્ત્વ છે. પરંતુ તે જ્ઞાનપ્રસૂત હોવી જોઈએ. ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે 'ધર્મની પરીક્ષા પ્રજ્ઞા વડે કરો, તર્કથી તત્ત્વનું વિશ્લેષણ કરો.'[૨] આ રીતે મારી માન્યતાનુસાર યથાર્થ દૃષ્ટિપરક અર્થમાં સમ્યક્ દર્શનને જ્ઞાનથી પહેલાં લેવું જોઈએ. જ્યારે શ્રદ્ધાપરક અર્થ માં તેને જ્ઞાન બાદ સ્થાન આપવું જોઈએ.

**સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રનો પૂર્વાપર સંબંધ :**

ચારિત્ર અને જ્ઞાન-દર્શનના પૂર્વાપર સંબંધના લીધે જૈન વિચારણામાં કોઈ વિવાદ નથી. ચારિત્રની અપેક્ષાએ જ્ઞાન અને દર્શનને પ્રાથમિકતા પ્રદાન કરવામાં આવી છે. ચારિત્ર સાધના માર્ગમાં ગતિ છે. જ્યારે જ્ઞાન સાધનાપથનો બોધ છે. અને દર્શન એ વિશ્વાસ જાગૃત કરે છે કે તે માર્ગ આપને લક્ષ્ય સુધી લઈ જનાર છે. સામાન્ય પથિક પણ પથના જ્ઞાન તથા દૃઢ વિશ્વાસના અભાવમાં વાંછિત લક્ષ્યને પ્રાપ્ત નથી કરી શકતા તો પછી આધ્યાત્મિક માર્ગના પથિક જ્ઞાન વિના અને શ્રદ્ધા વિના કેવી રીતે આગળ વધી શકે ? ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે 'જ્ઞાનથી (યથાર્થ સાધનામાર્ગને) જાણે, દર્શન વડે તેના પર વિશ્વાસ કરે અને ચારિત્ર વડે તે સાધનામાર્ગ પર આચરણ કરતાં તપથી પોતાના આત્માનું પરિશોધન કરે.'[૩]

જોકે લક્ષ્યને પામવા માટે ચારિત્રરૂપ પ્રયત્ન આવશ્યક છે. પરંતુ પ્રયત્ન લક્ષ્યોન્મુખ તથા સમ્યક્ હોવો જોઈએ. માત્ર અંધપ્રયત્નોથી લક્ષ્યની પ્રાપ્તિ નથી થતી. જો વ્યક્તિનો દૃષ્ટિકોણ યથાર્થ નથી તો જ્ઞાન યથાર્થ નહીં હોય અને જ્ઞાન યથાર્થ ન હોવાથી ચારિત્ર કે આચરણ પણ યથાર્થ નહીં હોય. માટે જૈનાગમોમાં ચારિત્રથી દર્શન (શ્રદ્ધા)ની પ્રાથમિકતા બતાવતાં કહ્યું છે કે સમ્યક્દર્શનના અભાવમાં સમ્યક્ ચારિત્ર નથી હોતું.[૪]

ભક્ત પરિજ્ઞામાં કહ્યું છે 'કે દર્શનથી ભ્રષ્ટ (પતિત) જ વાસ્તવિક ભ્રષ્ટ છે. ચારિત્રથી ભ્રષ્ટ-ભ્રષ્ટ નથી. કારણકે દર્શનથી યુક્ત હોય છે તે સંસારમાં અધિક પરિભ્રમણ નથી કરતા, જ્યારે દર્શનથી ભ્રષ્ટ વ્યક્તિ સંસારથી જલદી મુક્ત નથી થતા. કદાચિત ચારિત્રથી રહિત સિદ્ધ પણ થઈ જાય, પરંતુ દર્શનથી રહિત ક્યારેય પણ મુક્ત નથી થતા."[૫]

વસ્તુત : દૃષ્ટિકોણ કે શ્રદ્ધા એક એવું તત્ત્વ છે કે જે વ્યક્તિના જ્ઞાન તથા ચારિત્રને સાચી દિશા નિર્દેશ કરે છે. ભદ્રબાહુ આચાર્ય આચારાંગ નિર્યુક્તિમાં કહે છે કે- 'સમ્યક્દૃષ્ટિથી જ તપ જ્ઞાન અને સદાચરણ સફળ થાય છે.'[૬] સંત આનંદઘન દર્શનની મહત્તાને સિદ્ધ કરતાં અનંત જિનના સ્તવનમાં કહે છે.

શુદ્ધ શ્રદ્ધા વિના સર્વ કિરિયા કરી ।
છાર પર લીંપણું તેહ જાણો રે ।।

**સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પૂર્વાપરતા :**

જૈન વિચારકોએ ચારિત્રને જ્ઞાન બાદ જ રાખેલ છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે જે જીવ કે અજીવના સ્વરૂપને નથી જાણતા એવા જીવ અને અજીવનના વિષયમાં અજ્ઞાની સાધક ધર્મ (સંયમ) નું શું આચરણ કરશે ?[૭] ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ એ જ કહ્યું છે કે- 'સમ્યક્જ્ઞાનના અભાવમાં સદાચરણ નથી હોતું.'[૮] આ પ્રમાણે જૈનદર્શન જ્ઞાનને ચારિત્રથી પહેલાં માને છે. જૈનદાર્શનિક એ તો સ્વીકાર કરે જ છે કે - 'સમ્યક્ આચરણ પહેલાં સમ્યક્ જ્ઞાન હોવું આવશ્યક છે. છતાં પણ તે એવું નથી સ્વીકારતા કે માત્ર જ્ઞાન એ જ મુક્તિનું સાધન છે. જ્ઞાન આચરણનું પૂર્વવર્તી અવશ્યક છે. એ પણ સ્વીકારાયું છે કે જ્ઞાનના અભાવમાં ચારિત્ર સમ્યક્ નથી હોતું.'[૯] પરંતુ આ પ્રશ્ન વિચારણીય છે કે શું જ્ઞાન એ જ મોક્ષનો મૂળ હેતુ છે ?

**સાધનાત્રયમાં જ્ઞાનનું સ્થાન :**

જૈનાચાર્ય અમૃતચન્દ્રસૂરિ જ્ઞાનની ચારિત્રથી પૂર્વતાને સિદ્ધ કરતાં એક ચરમસીમા સ્પર્શ કરી લે છે. તે પોતાની સમયસાર ટીકામાં લખે છે કે- 'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે, કારણકે જ્ઞાનનો અભાવ હોવાથી અજ્ઞાનીઓમાં અંતરંગ વ્રત, નિયમ, સદાચરણ અને તપસ્યા આદિની ઉપસ્થિતિ હોવા છતાં પણ મોક્ષનો અભાવ છે. કારણકે અજ્ઞાન તો બંધનો હેતુ છે. જ્યારે જ્ઞાનીમાં અજ્ઞાનનો

(૧) ઉદ્ધૃત આત્માસાધના સંગ્રહ પૃષ્ઠ ૧૫૧
(૨) ઉત્તરાધ્યયન ૨૩/૨૫
(૩) ઉત્તરાધ્યયન ૨૮/૩૫
(૪) વહી ૨૮/૨૯
(૫) ભક્ત પરિજ્ઞા ૬૫/૬૬
(૬) આચારાંગ નિર્યુક્તિ ૨૨૧
(૭) દશવૈકાલિક - ૪/૧૨
(૮) ઉત્તરાધ્યયન ૨૮/૩૦
(૯) વ્યવહાર ભાષ્ય ૭/૨૧૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદ્ભાવ ન હોવાથી બાહ્ય વ્રત નિયમ સદાચરણ તપ આદિની અનુપસ્થિતિ હોવા છતાં પણ મોક્ષનો સદ્ભાવ છે.[1] આચાર્ય શંકર પણ આ માને છે કે- 'એક જ કાર્ય જ્ઞાનના અભાવમાં બંધનનો અને જ્ઞાનની ઉપસ્થિતિમાં મોક્ષનો હેતુ હોય છે.'[2] આચાર્ય અમૃતચન્દ્ર પણ જ્ઞાનને ત્રિવિધ સાધનોમાં મુખ્ય માને છે. તેમની દૃષ્ટિમાં સમ્યક્ દર્શન અને સમ્યક ચારિત્ર પણ જ્ઞાનનાં જ રૂપ છે. તે લખે છે કે મોક્ષના કારણ સમ્યક દર્શન જ્ઞાન અને ચારિત્ર છે. જીવાદિ તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનૂરૂપથી તો જે જ્ઞાન છે તે તેજ સમ્યક્દર્શન છે. અને તેના જ્ઞાન સ્વભાવમાં જ્ઞાન થવું તે સમ્યક્જ્ઞાન છે તથા રાગાદિના ત્યાગ સ્વભાવથી જ્ઞાન થવું તે સમ્યક્ચારિત્ર છે. આ રીતે જ્ઞાન જ પરમાર્થતઃ મોક્ષનું કારણ છે.[3]

અહીં આચાર્ય દર્શન અને ચારિત્રને જ્ઞાનના અન્ય બે પક્ષોના રૂપમાં સિદ્ધ કરી માત્ર જ્ઞાનને જ મોક્ષનો હેતુ સિદ્ધ કરે છે. તેના દૃષ્ટિકોણ પ્રમાણે દર્શન અને ચારિત્ર પણ જ્ઞાનાત્મક છે. જ્ઞાનની આ પર્યાયો છે. જો કે અહીં એ યાદ રાખવું જોઈએ કે આચાર્ય માત્ર જ્ઞાનની ઉપસ્થિતિમાં મોક્ષના સદ્ભાવની કલ્પના કરે છે, છતાં પણ તે અંતરંગ ચારિત્રની ઉપસ્થિતિનો ઈન્કાર નથી કરતા. અંતરંગ ચારિત્ર તો કષાય આદિના ક્ષયના રૂપમાં બધા સાધકોમાં ઉપસ્થિત હોય છે. સાધક અને સાધ્યના વિવેચનમાં આપણે જોઈએ છીએ કે સાધક આત્મા પારમાર્થિકદૃષ્ટિથી જ્ઞાનમય જ છે. અને તે જ્ઞાનમય આત્મા તેનું સાધ્ય છે. આ પ્રકારે જ્ઞાનસ્વભાવમય આત્મા છે અને જે આત્મા છે તે જ્ઞાન છે.[4] માટે મોક્ષનો હેતુ જ્ઞાન જ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે જૈનાચાર્યો એ સાધનત્રયમાં જ્ઞાનને અત્યધિક મહત્વ આપ્યું છે. અમૃતચન્દ્રાચાર્યનો ઉપર્યુક્ત દૃષ્ટિકોણ તો જૈનદર્શનને શંકરની બાજુમાં મૂકી દે છે. છતાં પણ એમ માનવું કે જૈનદૃષ્ટિમાં જ્ઞાન જ માત્ર મુક્તિનું કારણ છે. તો તે જૈનવિચારણાના મૌલિક મંતવ્યથી દૂર છે. જોકે જૈન સાધનામાં જ્ઞાન મોક્ષપ્રાપ્તિનું પ્રાથમિક એવં અનિવાર્ય કારણ છે છતાં પણ તે એક માત્ર કારણ માની શકાતું નથી. જ્ઞાનાભાવમાં મુક્તિ શકય નથી, પરંતુ માત્ર જ્ઞાનથી પણ મુક્તિ શકય નથી. જૈનાચાર્યોએ જ્ઞાનને મુક્તિનું અનિવાર્ય કારણ સ્વીકારતાં બતાવ્યું છે કે શ્રદ્ધા અને ચારિત્ર આદર્શોન્મુખ તથા સમ્યક્ હોવા માટે જ્ઞાન મહત્ત્વપૂર્ણ તથ્ય છે. સમ્યક્ જ્ઞાનના અભાવમાં શ્રદ્ધા, અંધશ્રદ્ધા થશે અને ચારિત્ર કે સદાચરણ એક એવા કાગળનાં સિક્કા સમાન હશે તેનું કદાચ બાહ્ય મૂલ્ય હશે પરંતુ આંતરિક મૂલ્ય શૂન્ય હશે. કુન્દકુન્દાચાર્ય કે જે જ્ઞાનવાદી પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે તે પણ સ્પષ્ટ કહે છે કે જો સદાચરણ ન હોય.[5] તો માત્રજ્ઞાનથી નિર્વાણ નથી થતું જૈન દાર્શનિક શંકરની જેમ એવું નથી સ્વીકારતા કે માત્ર જ્ઞાનથી જ મુક્તિ થઈ શકે છે. અને રામાનુજ પ્રભૃતિ ભક્તિમાર્ગના આચાર્યોની સમાન પણ એવું નથી સ્વીકારતા કે માત્ર ભક્તિથી જ મુક્તિ થાય છે. તેમને મિમાંસા દર્શનની આ માન્યતા પણ ગ્રાહ્ય નથી કે માત્ર કર્મથી જ મુક્તિ થાય છે. તે તો શ્રદ્ધા સમન્વિત જ્ઞાન અને કર્મ બંનેથી મુક્તિની શક્યતાને સ્વીકાર કરે છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો પૂર્વાપર સંબંધ પણ એકાન્તિક નથી. જૈન વિચારણા પ્રમાણે સાધનત્રયમાં પણ એક ક્રમતો માનવામાં જ આવ્યો છે. જો કે આ ક્રમે પણ એકાન્તિક રૂપમાં સ્વીકારવાથી તેની સ્યાદ્વાદની ધારણાનું અતિક્રમણ જ થશે. કારણ કે જ્યાં આચરણને સમ્યક્ થવા માટે સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન આવશ્યક છે અને બીજીબાજુ સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ દર્શનની ઉપલબ્ધિ પહેલાં પણ સમ્યક્ આચરણ હોવું આવશ્યક છે. જૈન દર્શન પ્રમાણે જયાં સુધી તીવ્રતમ (અનંતાનુબંધી) ક્રોધ-માન-માયા અને લોભ ચાર કષાયો સમાપ્ત નથી હોતા ત્યાં સુધી સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન પણ પ્રાપ્ત નથી થતા. આચાર્ય શંકરે પણ જ્ઞાનની પ્રાપ્તિ પહેલાં વૈરાગ્ય હોવો આવશ્યક માન્યો છે. આ પ્રમાણે સદાચરણ અને સંયમનાં તત્ત્વ સમ્યક્દર્શન અને જ્ઞાનની ઉપલબ્ધિના પૂર્વવર્તી પણ સિદ્ધ થાય છે. બીજું આ ક્રમ કે પૂર્વાપરતાના આધારે પણ સાધનત્રયમાં કોઈ એકને શ્રેષ્ઠ માનવું અને બીજાને ગૌણ માનવું તે જૈનદર્શનની સ્વીકૃતિ નથી. વસ્તુતઃ સાધનત્રય માનવીય ચેતનાના ત્રણપક્ષોના રૂપમાં જ સાધનામાર્ગનું નિર્માણ કરે છે. ધાર્મિક ચેતનાના આ ત્રણ પક્ષોમાં જેવી પારસ્પરિક પ્રભાવકતા અને અવિભાજ્ય સંબંધ રહેલો છે. તેવી જ પારસ્પરિક પ્રભાવકતા અને અવિભાજ્ય સંબંધ માનવીય ચેતનાના ત્રણે પક્ષોમાં છે.

**જ્ઞાન અને ક્રિયાના સહયોગથી મુક્તિ :**

સાધના માર્ગમાં જ્ઞાન અને ક્રિયા (વિહિત આચરણ) શ્રેષ્ઠત્વ માટે વિવાદ ચાલ્યો આવે છે. વૈદિક યુગમાં જ્યાં શ્રેષ્ઠ આચરણની પ્રધાનતા રહી છે ત્યાં ઉપનિષદ યુગમાં જ્ઞાન પર ભાર મૂકવામાં આવે છે. ભારતીય ચિન્તકો સમક્ષ પ્રાચીન યુગથી જ આ સમસ્યા રહી છે કે જ્ઞાન અને ક્રિયામાંથી સાધનાનું

---

(૧) સમયસાર ટીકા, ૧૫૩

(૨) ગીતા (શાં.) અ.-૫- પીઠિકા

(૩) સમયસાર ટીકા, ૧૫૫

(૪) जे आया से विन्नाया, जे विन्नाया से आया ।
जेण वियाणइ से आया, तं पुडुच्च पडिसंखाए ॥ આચારાંગ ૧/૫/૫

(૫) પ્રવચનસાર - ચારિત્રાધિકાર - ૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાર્થ તત્ત્વ કયું છે ? જૈન પરમ્પરાએ પ્રારંભથી જ સાધના માર્ગમાં જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કર્યો છે. પાર્શ્વનાથથી પહેલાના યુગમાં જ્યારે શ્રમણ પરંપરા દેહદંડ પરક તપ સાધનામાં અને વૈદિક પરંપરા યજ્ઞયાગપરક ક્રિયાકાંડોમાં જ સાધનાની ઈતિશ્રી માનીને સાધનાના માત્ર આચરણાત્મક પક્ષ ઉપર જ ભાર દેતી હતી તો તેમણે તેને જ્ઞાનથી સમન્વિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. મહાવીર અને ત્યારબાદ જૈન વિચારકો એ પણ જ્ઞાન અને આચરણ બંનેથી સમન્વિત સાધનાપથનો ઉપદેશ આપ્યો. જૈન વિચારકોના એ સ્પષ્ટ નિર્દેષ હતો કે મુક્તિ ન તો માત્ર જ્ઞાનથી પ્રાપ્ત થાય છે અને ન માત્ર સદાચરણથી. જ્ઞાનમાર્ગી ઔપનિષદિક એવં સાંખ્ય પરંપરાઓની સમીક્ષા કરતાં ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે કેટલાક વિચારકો માને છે કે પાપનો ત્યાગ કર્યા વિના માત્ર આર્યત્વ (યથાર્થતા) ને જાણીને જ આત્મા સર્વે દુઃખોથી છૂટી જાય છે. પરંતુ બંધન અને મુક્તિના સિદ્ધાંતમાં વિશ્વાસ કરવાવાળા આ વિચારક સંયમનું આચરણ ન કરતાં માત્ર વચનોથી જ આત્માને આશ્વાસન આપે છે.'[૧] સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે 'મનુષ્ય ચાહે તે બ્રાહ્મણ હોય, ભિક્ષુક હોય, અનેક શાસ્ત્રોના જાણકાર હોય અથવા પોતાને ધાર્મિક માનતા હોય પણ જો તેનું આચરણ સારું નહીં હોય તો તે પોતાનાં કર્મોના કારણે દુઃખી જ હશે.'[૨] અનેક ભાષાઓ તથા શાસ્ત્રોનું જ્ઞાન આત્માને શરણભૂત નથી થતું. મન્ત્રાદિવિદ્યા પણ તેને કઈ રીતે બચાવી શકે ? અસદ્ આચરણમાં અનુરક્ત, પોતાને પંડિત માનવાવાળા લોકો વસ્તુતઃ મૂર્ખ જ છે.[૩] આવશ્યક નિર્યુક્તિમાં જ્ઞાન અને ચારિત્રના પારસ્પરિક સંબંધનું વિવેચન વિસ્તૃત રૂપમાં છે. તેના કેટલાક અંશો આ સમસ્યાને હલ કરવામાં સહાયક થશે. નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ કહે છે કે - 'આચરણ વિહીન અનેક શાસ્ત્રોના જ્ઞાતા પણ સંસાર સમુદ્રથી પાર નથી થતા. આચરણ વિના માત્ર શાસ્ત્રીય જ્ઞાનથી કોઈ મુક્તિ પ્રાપ્ત કરી નથી શકતા. જેવી રીતે નિપુણ ચાલક પણ વાયુ તથા ગતિની ક્રિયાના અભાવમાં જહાજને ઈચ્છિત કિનારે નથી પહોંચાડી શકતા.'[૪] માત્ર જાણી લેવાથી કાર્ય સિદ્ધિ નથી. તરવાનું જાણતા હોવા છતાં પણ જો તરતા નથી તો ડૂબી જાય છે, તેવી જ રીતે શાસ્ત્રોને જાણતા હોવા છતાં પણ જે ધર્મનું આચરણ નથી કરતા તે ડૂબી જાય છે.[૫] જેવી રીતે ચંદનનો ભારો ઉપાડનાર ચંદનથી લાભાન્વિત નથી થતા, માત્ર ભારવાહક જ બની શકે છે. એવી જ રીતે આચરણથી હીન જ્ઞાની જ્ઞાનના ભારનો માત્ર વાહક છે. તેનાથી તેને કંઈ લાભ નથી થતો.[૬] જ્ઞાન અને ક્રિયાના પારસ્પરિક સંબંધને લોકપ્રસિદ્ધ અંધ-પંગુના ન્યાયના આધારે સ્પષ્ટ કરતાં આચાર્ય લખે છે કે જેવી રીતે વનમાં દાવાનલ લાગવાથી પંગુ તેને દેખતો હોવા છતાં પણ ગતિના અભાવે બળી મરે છે, અને આંધળો સમ્યક્ માર્ગ શોધી ન શકવાના કારણે બળી મરે છે. એવી જ રીતે આચરણ વિહીન જ્ઞાન પંગુ સમાન છે અને જ્ઞાનચક્ષુવિહિન આચરણ આંધળા સમાન છે. આચરણ વિહિન જ્ઞાન અને જ્ઞાનવિહિન આચરણ બંને નિરર્થક છે, અને સંસારરૂપી દાવાનળથી સાધકને બચાવવાં અસમર્થ છે. જેવી રીતે એક પૈડાથી રથ નથી ચાલતો, એકલો આંધળો તથા એકલો પાંગળો ઈચ્છિત સાધ્ય સુધી નથી પહોંચતો એવી જ રીતે માત્ર જ્ઞાન અથવા માત્ર ક્રિયાથી મુક્તિ નથી મળતી. પરંતુ બંનેના સહયોગથી મુક્તિ થાય છે.[૭] વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં જ્ઞાન અને ક્રિયામાંથી કોઈ એકનો સ્વીકાર કરવાની વિચારણાને મિથ્યા-વિચારણા કહી છે.[૮] મહાવીરે સાધકની દૃષ્ટિથી જ્ઞાન અને ક્રિયાના પારસ્પરિક સંબંધથી એક ચોભંગીનું કથન આ પ્રમાણે કર્યું છે.-

(૧) કેટલાક વ્યક્તિ જ્ઞાન સંપન્ન છે પણ ચારિત્ર સંપન્ન નથી.

(૨) કેટલાક વ્યક્તિ ચારિત્ર સંપન્ન છે પણ જ્ઞાન સંપન્ન નથી.

(૩) કેટલાક વ્યક્તિ જ્ઞાન સંપન્ન પણ નથી ને ચારિત્ર સંપન્ન પણ નથી.

(૪) કેટલાક વ્યક્તિ જ્ઞાન સંપન્ન પણ છે ને ચારિત્ર સંપન્ન પણ છે.

મહાવીરે આમાંથી સાચા સાધક તેને જ કહ્યા છે જે જ્ઞાન અને ક્રિયા, શ્રુત અને શીલ બંનેથી સંપન્ન છે. તેને સ્પષ્ટ કરવા માટે નીચે મુજબનું રૂપક પણ અપાય છે.

(૧) કેટલાક સિક્કા એવા છે કે જેમાં ધાતુ પણ ખોટી હોય છે અને મુદ્રાંકન પણ બરાબર નથી હોતું.

(૨) કેટલાક સિક્કા એવા હોય છે કે જેમાં ધાતુ તો શુદ્ધ હોય છે પરંતુ મુદ્રાંકન બરાબર નથી હોતું.

(૩) કેટલાક સિક્કા એવા હોય છે કે જેમાં ધાતુ અશુદ્ધ હોય છે પરંતુ મુદ્રાંકન બરાબર હોય છે.

---

(૧) ઉત્તરાધ્યયન, ૬/૯-૧૦
(૨) સૂત્રકૃતાંગ - ૨/૧/૭.
(૩) ઉત્તરાધ્યયન, ૬/૧૧
(૪) આવશ્યક નિર્યુક્તિ - ૯૫/૯૭
(૫) વહી, ૧૧૫૧-૫૪.
(૬) આવશ્યક નિર્યુક્તિ-૧૦૦
(૭) આવશ્યક નિર્યુક્તિ ૧૦૧/૧૦૨
(૮) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ૮/૧૦/૪૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) કેટલાક સિક્કા એવા હોય છે જેમાં ધાતુ પણ શુદ્ધ હોય છે અને મુદ્રાંકન પણ બરાબર હોય છે.

બજારમાં જેમાં ધાતુ શુદ્ધ હોય અને મુદ્રાંકન પણ બરાબર હોય તેવા જ સિક્કા ચાલે છે. એવી રીતે સાચા સાધક તે હોય છે જે જ્ઞાન સંપન્ન પણ હોય અને ચારિત્ર સંપન્ન પણ હોય. આ રીતે જૈન વિચારણા એ બતાવે છે કે જ્ઞાન અને ક્રિયા બંને નૈતિક સાધના માટે આવશ્યક છે. જ્ઞાન અને ચારિત્રની સાથે સાધના થાય તો જ દુઃખનો ક્ષય થાય છે. ક્રિયાશૂન્ય જ્ઞાન અને જ્ઞાનશૂન્ય ક્રિયા બંને એકાન્ત છે અને એકાન્ત હોવાના કારણે જૈનદર્શનની અનેકાન્તવાદી વિચારણાને અનુકૂલ નથી.

**તુલનાત્મક દષ્ટિથી વિચાર :**

જૈન પરંપરામાં સાધનત્રયના સમન્વયથી જ મોક્ષની નિષ્પત્તિ માનવામાં આવી છે. વૈદિક પરંપરામાં જ્ઞાનનિષ્ઠા, કર્મનિષ્ઠા અને ભક્તિમાર્ગ આ ત્રણે અલગ અલગ મોક્ષનાં સાધન માનવામાં આવે છે. અને તેના આધારે વૈદિક પરંપરામાં સ્વતંત્ર સંપ્રદાયોનો ઉદય પણ થયો છે. વૈદિક પરંપરામાં પ્રારંભથી જ કર્મ-માર્ગ અને જ્ઞાન-માર્ગની ધારાઓ અલગ અલગ રૂપમાં પ્રવાહિત થાય છે. ભાગવત સંપ્રદાયના ઉદય સાથે ભક્તિમાર્ગ એક નવી નિષ્ઠાના રૂપમાં પ્રતિષ્ઠિત થયો. આ રીતે વેદોનો કર્મ માર્ગ, ઉપનિષદોનો જ્ઞાન માર્ગ અને ભાગવત સંપ્રદાયનો ભક્તિમાર્ગ અને તેની સાથે સાથે યોગસંપ્રદાયનો ધ્યાનમાર્ગ બધા એકબીજાથી સ્વતંત્રરૂપમાં મોક્ષમાર્ગ સમજવામાં આવે છે. સંભવતઃ ગીતા એક એવી રચના અવશ્ય છે જે આ બધી સાધના વિધિઓનો સ્વીકાર કરે છે. જોકે ગીતાકારે આ વિભિન્નધારાઓને સમેટવાનો પ્રયત્નતો કર્યો, પરંતુ તે તેને સમન્વિત ન કરી શક્યા. એ કારણ હતું કે પરવર્તી ટીકાકારોએ પોતાના પૂર્વસંસ્કારોના કારણે ગીતાને આમાંથી ગમે તે એક સાધના માર્ગનું પ્રતિપાદન બતાવવાનો પ્રયત્ન કર્યો અને ગીતામાં નિર્દેશિત સાધનાના બીજા માર્ગોને ગૌણ બતાવ્યા. શંકરે જ્ઞાનને, રામાનુજે ભક્તિને, તિલકે કર્મને ગીતાનો મુખ્ય પ્રતિપાદિત વિષય માન્યો.

પરંતુ જૈન વિચારકોએ આ ત્રિવિધ સાધનાપથને સમવેતરૂપમાં જ મોક્ષનાં કારણ માન્યાં અને એ બતાવ્યું કે આ ત્રણે એક બીજાથી અલગ થઈને નહીં, પરંતુ સમવેતરૂપમાં જ મોક્ષને પ્રાપ્ત કરાવી શકે છે. તેને ત્રણેને સમાન માન્યાં અને તેમાંથી કોઈ પણ એકને આધીન બનાવવાનો પ્રયત્ન ન કર્યો આપણે એ ભ્રાંતિથી બચવું જોઈએ કે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ આ સ્વતંત્રરૂપમાં નૈતિકપૂર્ણતાના માર્ગ હોઈ શકે છે. માનવીય વ્યકિતત્વ અને નૈતિક સાધ્ય એક પૂર્ણતા છે અને તેને સમવેતરૂપમાં જ મેળવી શકાય છે.

બૌદ્ધ પરંપરા અને જૈન પરંપરા બંને એકાંગી દૃષ્ટિકોણ નથી રાખતા. બૌદ્ધ પરંપરામાં શીલ-સમાધિ અને પ્રજ્ઞા અથવા પ્રજ્ઞાવીર્ય અને શ્રદ્ધાનો સમવેતરૂપમાં જ નિર્વાણનો માર્ગ માનવામાં આવ્યો છે. આ રીતે બૌદ્ધ અને જૈન પરંપરાઓ માત્ર પોતાના સાધનામાર્ગના પ્રતિપાદનમાં નહીં પરંતુ સાધના ત્રયના બલાબલના વિષયમાં પણ સમાન દૃષ્ટિકોણ રાખે છે.

વસ્તુતઃ નૈતિક સાધ્યનું સ્વરૂપ અને માનવીય પ્રકૃતિ બંને એ બતાવે છે કે ત્રિવિધ સાધનામાર્ગ પોતાના સંયુક્તરૂપમાં જ નૈતિકપૂર્ણતાની પ્રાપ્તિ કરી શકે છે. અહીં આ ત્રિવિધ સાધને માનવીય પ્રકૃતિ અને નૈતિક સાધ્યથી શું સંબંધ છે તેને સ્પષ્ટ કરી લેવું યોગ્ય થશે.

**માનવીય પ્રકૃતિ અને ત્રિવિધ સાધના પથ :**

માનવીય ચેતનાનાં ત્રણ કાર્યો છે (૧) જાણવું (૨) અનુભવવું અને (૩) સંકલ્પ કરવો. આપણી ચેતનાનો જ્ઞાનાત્મકપક્ષ માત્ર જાણવા ચાહતો નથી. પરંતુ તે સત્યને જ જાણવા ઈચ્છે છે.

જ્ઞાનાત્મક ચેતના નિરંતર સત્યની ખોજમાં રહે છે. માટે જે વિધિથી આપણી જ્ઞાનાત્મક ચેતના સત્યને ઉપલબ્ધ કરી શકે તેને જ સમ્યક્જ્ઞાન કહ્યું છે. સમ્યક્જ્ઞાન ચેતનાના જ્ઞાનાત્મક પક્ષને સત્યની ઉપલબ્ધિની દિશામાં લઈ જાય છે. ચેતનાનો બીજો પક્ષ અનુભૂતિના રૂપમાં આનંદની શોધ કરે છે. સમ્યક્દર્શન ચેતનામાં જે રાગ દ્વેષાત્મક તણાવ છે તેને સમાપ્ત કરી તેને આનંદ પ્રદાન કરે છે. ચેતનાનો ત્રીજો સંકલ્પાત્મક પક્ષ શકિતની ઉપલબ્ધિ અને કલ્યાણની ક્રિયાન્વિતિ ઈચ્છે છે. સમ્યક ચારિત્ર સંકલ્પને કલ્યાણના માર્ગમાં નિયોજિત કરી કલ્યાણની ઉપલબ્ધિ કરાવે છે. આ રીતે સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો આ ત્રિવિધ સાધના પથ ચેતનાના ત્રણે પક્ષોને સાચી દિશા નિર્દેશિત કરી તેના વાંછિત લક્ષ્ય સત્-સુંદર અને શીવ અથવા અનંતજ્ઞાન, આનંદ અને શકિતની ઉપલબ્ધિ કરાવે છે. વસ્તુતઃ જીવનના સાધ્યને ઉપલબ્ધ કરાવી દેવાનું આ ત્રિવિધ સાધનાપથનું કાર્ય છે. જીવનનું સાધ્ય અનંત તથા પૂર્ણ જ્ઞાન, અક્ષય આનંદ અને અનંત શક્તિની ઉપલબ્ધિ છે. જેને ત્રિવિધ સાધનાપથના ત્રણે અંગો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ચેતનાના જ્ઞાનાત્મક પક્ષને સમ્યક્જ્ઞાનની દિશામાં નિયોજિત કરીને જ્ઞાનની પૂર્ણતાને, ચેતનાના ભાવાત્મક પક્ષને સમ્યક્દર્શનમાં નિયોજિત કરીને અક્ષય આનંદ અને ચેતનાના સંકલ્પાત્મક પક્ષને સમ્યક્ચારિત્રમાં નિયોજિત કરીને અનંતશક્તિની ઉપલબ્ધિ કરી શકાય છે. વસ્તુતઃ જૈનાચારદર્શનમાં સાધ્ય, સાધક અને સાધના પથ ત્રણેમાં અભેદ માનવામાં આવ્યો છે. જ્ઞાન, અનુભૂતિ અને સંકલ્પમય ચેતના સાધક છે અને એજ ચેતનાના ત્રણે પક્ષ સમ્યક્


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિશામાં નિયોજિત થવાથી સાધનાપથ કહેવાય છે અને આ ત્રણે પક્ષની પૂર્ણતા જ સાધ્ય છે. સાધક, સાધ્ય અને સાધનાપથ ભિન્ન ભિન્ન નથી, પરંતુ ચેતનાની વિભિન્ન અવસ્થાઓ છે. તેમાં અભેદ માન્યો છે. કુન્દકુન્દાચાર્યએ સમયસારમાં અને હેમચન્દ્રાચાર્ય એ યોગશાસ્ત્રમાં આ અભેદને અત્યંત માર્મિક શબ્દોમાં સ્પષ્ટ કર્યો છે. કુન્દકુન્દાચાર્ય સમયસારમાં કહે છે કે આ આત્મા જ જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે.[૧] હેમચન્દ્રાચાર્ય આ અભેદને સ્પષ્ટ કરતાં યોગશાસ્ત્રમાં કહે છે કે 'આત્મા જ સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર છે. કારણકે આત્મા આ જ રૂપમાં શરીરમાં સ્થિત છે.'[૨] આચાર્યએ આમ કહીને માનવીય મનોવૈજ્ઞાનિક પ્રકૃતિને સ્પષ્ટ કરેલ છે. જ્ઞાન, ચેતના અને સંકલ્પ ત્રણે સમ્યક્ થઈને સાધનાપથનું નિર્માણ કરે છે, અને તે જ પૂર્ણ થઈને સાધ્ય બની જાય છે. આ રીતે જૈનઆચાર દર્શનમાં સાધક, સાધનાપથ અને સાધ્યમાં અભેદ છે.

**સમ્યક્દર્શનનું સ્વરૂપ :**

ધર્મ સાધનાનાં મુખ્ય ત્રણ અંગ છે. ભક્તિ, જ્ઞાન અને કર્મ. જૈન પરંપરામાં આને જ ક્રમશઃ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન. સમ્યક્ચારિત્ર કહ્યાં છે. તેમાં સર્વ પ્રથમ સમ્યક્દર્શન પર વિચાર કરશું. વસ્તુતઃ સમ્યક્દર્શન શબ્દ સમ્યક્ અને દર્શન એ બે શબ્દો મળીને બન્યો છે. જેનો સીધો ને સરળ અર્થ છે સારી રીતે જોવું. અહીં એ પ્રશ્ન થઈ શકે કે સારી રીતે દેખવાનું તાત્પર્ય શું છે ? સારી રીતે જોવાનું એક તાત્પર્ય તો એ છે કે વિકાર રહિત દૃષ્ટિથી જોવું. આંખની વિકૃતિ- ચક્ષુઈન્દ્રિયના બોધને વિકૃત કરી દે છે. જેમ પીળીયાના રોગીને સફેદ વસ્તુ પણ પીળી દેખાય છે. એવી જ રીતે આધ્યાત્મિક જીવનમાં રાગ દ્વેષ આપણી દૃષ્ટિને વિકૃત કરી દે છે. તેની ઉપસ્થિતિના કારણે સત્યનું યથાર્થ રૂપમાં દર્શન નથી કરી શકાતું. જેના પર રાગ હોય છે તેના દોષ નથી દેખાતા અને જેના પર દ્વેષ છે તેના ગુણ નથી દેખાતા. રાગ-દ્વેષ આંખો પર ચઢાવેલા રંગીન (ગોગલ્સ) ચશ્માં જેવા છે. જે સત્યને વિકૃત કરીને પ્રસ્તુત કરે છે. માટે સામાન્યરૂપથી સમ્યક્દર્શનનો અર્થ છે રાગ અને દ્વેષથી અર્થાત્ પૂર્વાગ્રહથી પર થઈ સત્યનું દર્શન કરવું. રાગ અને દ્વેષના કારણે જ આગ્રહ અને મતાન્ધતા પ્રવર્તે છે અને તે જ સત્યના બોધને રંગીન કે દુષિત બનાવી દે છે. માટે આગ્રહ અને મતાન્ધતાથી રહિત દૃષ્ટિ જ સમ્યક્દૃષ્ટિ છે. સત્યની પાસે ઉન્મુક્ત ભાવથી જવું પડે ત્યારે સત્યનું દર્શન થાય છે. જ્યાં સુધી રાગ-દ્વેષ, મતાન્ધતા, આગ્રહ આદિથી પર થઈ સત્યને જોવાનો પ્રયત્ન નથી કરતા ત્યાં સુધી સત્યનું યથાર્થ સ્વરૂપ આપણી સામે પ્રગટ નથી થતું. માટે આગ્રહ અને પક્ષપાતથી રહિત દૃષ્ટિ જ સમ્યક્દર્શન છે.

જૈનપરંપરામાં સમ્યક્દર્શન શબ્દ તત્ત્વ શ્રદ્ધા અને દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધાના અર્થમાં પણ રૂઢ છે. પરંતુ આપણે એ સમજી લેવું જોઈએ કે જ્યાં સુધી દૃષ્ટિ દુષિત છે ત્યાં સુધી શ્રદ્ધા સમ્યક્ નથી બની શકતી. દૃષ્ટિ નિર્દોષ અને નિર્વિકાર થવાથી સત્યનું યથાર્થરૂપમાં દર્શન થશે અને તે યથાર્થ બોધ પર જો શ્રદ્ધા અને આસ્થા હશે તે સમ્યક્ શ્રદ્ધા હશે.

સમ્યક્દર્શનનો શ્રદ્ધાપરક અર્થ, તેનો પરવર્તી અર્થ છે અને ભક્તિમાર્ગના પ્રભાવથી જૈનધર્મમાં આવ્યો છે. મૂલ અર્થતો દૃષ્ટિપરક જ છે. પરંતુ શ્રદ્ધા પરક અર્થ પણ સાધના માટે ઓછો મહત્ત્વપૂર્ણ. યથાર્થતઃ આત્મબોધ અને પોતાની વિકૃતિઓને સમજવાના બે જ રસ્તા છે. કાં તો પોતે જ આગ્રહ, મતાન્ધતા અને રાગ-દ્વેષથી પર થઈ તટસ્થભાવથી તેના દ્રષ્ટા બને, સ્વયં પોતાને આંકે અને પોતાને દેખે અથવા જેમણે વીતરાગ દૃષ્ટિથી સત્યને જોયું છે તેના વચનો પર વિશ્વાસ કરે. વીતરાગના વચનો પર વિશ્વાસ કે શ્રદ્ધા તે સમ્યક્ દર્શનનો બીજો અર્થ છે. જેવી રીતે બિમારીને ઓળખવાના બે જ માર્ગ છે એક તો અનુભવ દ્વારા પોતે નિશ્ચય કરે કે તબિયત બગડવાનું શું કારણ છે. અથવા તો ડૉ. કે વિશેષજ્ઞની વાત પર વિશ્વાસ કરે. એવી જ રીતે જીવનના સત્યનો કાં તો પોતે અનુભવ કરે અથવા જેમણે સત્યને જાણ્યું છે તેમના વચનો પર વિશ્વાસ રાખે. માટે સમ્યક્દર્શનનો બીજો અર્થ એમ બતાવે છે કે-'જો આપણે પોતે સત્યને અને પોતાની વિકૃતિઓને સમજવા સક્ષમ નથી તો આપણે વીતરાગના વચનો પર શ્રદ્ધા રાખી તે જાણી લેવું જોઈએ." કારણ કે એક વાત નિશ્ચિત છે કે જે રોગને રોગના રૂપમાં જાણી લે છે તે રોગની ચિકિત્સા કરાવે છે અને તે રોગથી મુક્ત થાય છે.

વસ્તુતઃ આધ્યાત્મિક વિકૃતિઓને જાણવા માટે આપણે તટસ્થ ભાવથી અંદર (ડોકીયું) કરવું પડશે. પોતાની વૃત્તિયોને જોવી પડે છે તે છે સમ્યક્ દર્શન વસ્તુતઃ કોઈ વ્યક્તિ સમ્યક્દૃષ્ટિ છે કે નહીં તેની ઓળખાણ તેનું બાહ્ય જીવન નથી. પરંતુ તેની ઓળખાણ છે કે પોતાની વિકૃતિઓ, કષાયો, રાગ-દ્વેષની વૃત્તિઓને કેટલી અને કયા સ્વરૂપે ઓળખે છે. વસ્તુતઃ પોતાની વૃત્તિઓનો દૃષ્ટા જ સમ્યક્દૃષ્ટા છે. સમ્યક્દર્શન એટલે નિજનું દર્શન છે. પોતાની વૃત્તિ અને પોતાની ભાવનાનું દર્શન છે. તે પોતાને જ વાંચવાનું અને જોવાનું છે. વસ્તુતઃ હું સમ્યક્દૃષ્ટિ છું કે નહીં તેની ઓળખાણ એટલી જ છે કે હું મારી વૃત્તિઓ અને ત્રુટિઓને ક્યાં સુધી અને કેટલી છે તે જાણું છું. શું મેં એ જોયું છે કે ક્રોધ, માન, માયા અને લોભના તત્ત્વો અથવા રાગ-દ્વેષના ભાવો ક્યાં સુધી છૂપાયેલા બેઠા છે.

---

(૧) સમયસાર - ૨૭૭ (૨) યોગશાસ્ત્ર, ૪/૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુતઃ દૃષ્ટા કે સાક્ષીભાવ જ એક એવી અવસ્થા છે જે આપણને આધ્યાત્મિક વિકૃતિઓથી દૂર કરી શકે છે. સમ્યક્દર્શનને સાધનાનો મૂળ આધાર કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યાં સુધી વ્યક્તિને પોતાની વાસનાઓ અને વિકારોનો બોધ નહીં થાય ત્યાં સુધી તેના પ્રત્યે તેના હૃદયમાં ગ્લાની ઉત્પન્ન નહીં થાય. અને ત્યાં સુધી તેનાથી છૂટકારો મેળવવો પણ શક્ય નથી. કારણકે મનોવૈજ્ઞાનિક વિકૃતિઓ ત્યારે જ રહે છે જ્યારે આપણે તેના દૃષ્ટા નથી બનતા. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે "સમ્યક્દૃષ્ટા કોઈ પાપ નથી કરતા"[1] પરંતુ આ વાત થોડી મુંઝવણ પણ પેદા કરે છે. કારણકે શાસ્ત્રોમાં અવિરત સમ્યક્દૃષ્ટાનો પણ ઉલ્લેખ છે. અવિરત સમ્યક્દૃષ્ટિ તે છે જે પોતાની વિષય વાસનાઓ કે મનોવિકૃતિઓને જાણવા છતાં પણ તેનાથી મુક્ત નથી થઈ શકતા. એવી રીતે એક અનુભાવિક તથ્ય પણ છે કે સત્યને જાણવા છતાં પણ તેનું આચરણ શક્ય નથી હોતું. મહાભારતમાં દુર્યોધન કહે છે કે "હું ધર્મને જાણું છું પરંતુ તેનું આચરણ નથી કરી શકતો. અધર્મને પણ જાણું છું પરંતુ તેને છોડી નથી શકતો."[2] પરંતુ અહીં એ ધ્યાન રાખવું જોઈએ કે આવું જાણવું તે માત્ર ઔપચારિક જાણવું છે. શું કોઈ ઝેર ને ઝેરરૂપે જાણતા હોય છતાં પણ તેનું ભક્ષણ કરે છે ? વસ્તુતઃ બુરાઈને બુરાઈના રૂપમાં જાણતા હોવા છતાં પણ તેમાં લિપ્ત રહેવું તે કમ સે કમ તેને સાચારૂપમાં જાણે છે એવું તો ન જ કહી શકાય તે સત્ય પ્રત્યેની નિષ્ઠાના સૂચક તો કોઈપણ પરિસ્થિતિમાં માની ન જ શકાય. જો આપણે સત્ય પ્રત્યે નિષ્ઠાવાન હોઈએ તો તે આપણા જીવન વ્યવહારમાં અભિવ્યક્ત તો થવું જ જોઈએ !

આગમમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ કોઈ પાપ નથી કરતા. તેનો પણ એક અર્થ છે. જોવું અને કરવું બંને મનની પ્રવૃત્તિઓ છે અને બંને એક સાથે શક્ય નથી. જે સમયમાં પોતાની દુષ્ટપ્રવૃત્તિઓ કે વિષયવિકારો કે વાસનાઓના દૃષ્ટા હોય છે. તે સમયે તેના કર્તા નથી હોતા. આ વાત એક સામાન્ય ઉદાહરણ દ્વારા સમજાવી શકાય છે. માની લ્યો કે હું ક્રોધીત છું. જો તે સમયે હું ક્રોધનો ભાવ ને જોવા કે જાણવાનો પ્રયત્ન કરીશ, તેના કારણોનું વિશ્લેષણ કરવાનું પ્રારંભ કરી દઉં તો નિશ્ચિત મારો ક્રોધ સમાપ્ત થઈ જશે. ક્રોધને જોવો અને ક્રોધ કરવો બંને બાબત એક સાથે શક્ય નથી. જ્યારે પણ વ્યક્તિ પોતાના મનોભાવને દૃષ્ટા બનાવે છે તે સમયે તે તેનો કર્તા નથી રહેતો. જ્યારે આપણે વાસનામાં હોઈએ, આવેશમાં હોઈએ ત્યારે દૃષ્ટાભાવમાં નથી હોતા. અપ્રમત નથી હોતા, આત્મચેતન નથી હોતા અને જ્યારે આત્મચેતન હોઈએ કે દૃષ્ટા હોઈએ ત્યારે ક્રોધાદિ વિકારોના કર્તા નથી હોતા. આત્મચેતન હોવું દૃષ્ટા હોવું તે નિષ્પાપ હોવાનું છે. આ જ સમ્યક્દર્શન છે. જીવનમાં જ્યારે આવો દૃષ્ટાભાવ આવે છે. ત્યારે વાસના, વિકાર, આવેશ પોતાની મેળે દૂર થવા લાગે છે. વ્યક્તિ નિષ્પાપ અને નિર્વિકાર બનવા લાગે છે. આવેશ અને તણાવ શાંત થવા લાગે છે. અને જીવનમાં શાંતિ અને આનંદ પ્રગટ થાય છે.

**સમ્યક્દર્શનનો શ્રદ્ધાપરક અર્થ અને સાધનાના ક્ષેત્રમાં તેની આવશ્યકતા :**

જો આપણે સમ્યક્દર્શનને તત્ત્વ શ્રદ્ધાન કે દેવ-ગુરુ-ધર્મના પ્રત્યે શ્રદ્ધાના અર્થના રૂપમાં લઈએ તો પણ સાધનાના ક્ષેત્રમાં તેની. ઉપયોગિતા સ્પષ્ટ છે. સાધનાના ક્ષેત્રમાં શ્રદ્ધા કે આસ્થાના સંબલ વિના પ્રગતિ શક્ય નથી. વ્યક્તિ પોતાના ગંતવ્યનગરના માર્ગને જાણતા હોય પરંતુ જો તેને એ વિશ્વાસ ન હોય કે આ માર્ગ મને ગન્તવ્ય સુધી પહોંચાડશે તો સંભવ છે કે તે પોતાના પંથથી વિચલિત થઈ જાય. આપણા જીવનના બધા વ્યવહાર અને સંબંધ આસ્થાના બળ પર જ ટકેલા છે. જો મનુષ્ય સમાજમાં પારસ્પરિક વિશ્વાસ કે શ્રદ્ધા ન હોય તો તેનાં અનેક દુષ્પરિણામ હોય. પરિવારમાં પારસ્પરિક વિશ્વાસ ન રહેવાથી પરિવાર ભંગ થઈ જાય. સમાજમાં પારસ્પરિક વિશ્વાસ ન રહેવાથી સમાજ જીવન ભંગ થઈ જાય છે. જો સમાજના સભ્યોમાં પારસ્પરિક વિશ્વાસ ન હોય તો માત્ર સમાજ જ તૂટે એવું નથી પરંતુ તેમાં પરસ્પર સંઘર્ષ અને હિંસાની દાવાગ્નિ ભડકી ઉઠે છે. હાલે વિશ્વના રાષ્ટ્રોમાં પારસ્પરિક અવિશ્વવાસ જ હિંસક શસ્ત્રોની દોટનું મૂળભૂત કારણ છે. આજે માનવસમાજમાં જે પણ ભય અને આતંકનું વાતાવરણ છે તેનું મૂળ કારણ પણ એકબીજા પ્રત્યે વિશ્વાસનો અભાવ જ છે. આસ્થાની ઔષધિ મનુષ્યના તણાવ અને ભયને દૂર કરી શકે છે.

ધાર્મિક સાધનાના ક્ષેત્રમાં આસ્થાનાં અનેક રૂપ દૃષ્ટિગોચર થાય છે. મુખ્યતઃ આપણે ત્રણ પ્રકારની અવસ્થાની ચર્ચા કરશું.

એક આસ્થા પોતાના પ્રત્યે જ હોય છે.

બીજી આસ્થા પોતાના સહયોગીઓ અને સંઘના સભ્યો પ્રત્યે હોય છે.

ત્રીજી આસ્થા પરમાત્મા પ્રત્યે હોય છે.

પહેલી આસ્થા જે આવશ્યક છે કે તે પોતાના પ્રત્યે હોવી જોઈએ. જો આપણે આપણા પ્રત્યે કે આપણી ક્ષમતાઓ પ્રત્યે આસ્થાવાન ન હોઈએ તો સંભવતઃ આપણે જીવનમાં કાંઈ પણ ન કરી શકીએ. આત્મવિશ્વાસ એક એવું સંબલ છે કે જે મનુષ્યને

(૧) समत्तदंसी न करेइ पावं - આચારાંગ ૧/૩/૨

(૨) जानामि धर्मं नच मे प्रवृतिः, जानाम्यधर्मं न य मे निवृतिः ।
महाभारत उद्धृत, नीतिशास्त्र का सर्वेक्षण डॉ. संगमलाल पांडये द्वितीय संस्करण पृ. ३२१



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુશ્કેલમાં હીંમત આપે છે અને સફળતાના માર્ગ પર આગળ વધારે છે. જે વ્યક્તિમાં આત્મવિશ્વાસ નહીં હોય તે પગલે પગલે ખિન્ન થશે. નિરાશ થશે અને આ રીતે પોતાની પ્રગતિથી વંચિત રહેશે એટલું જ નહીં પરંતુ નિરાશા અને અવિશ્વાસના કારણે જીવન અશાંત અને વિષાદપૂર્ણ બની જશે. મનની ક્ષમતા અને શાંતિ માટે પોતાના પ્રત્યે આસ્થા અને વિશ્વાસ હોવો આવશ્યક છે. નિરાશાથી મુક્તિ મેળવવા માટે આસ્થા આવશ્યક છે કારણ કે આસ્થાથી આત્મશક્તિ પ્રગટ થાય છે. આસ્થાના કારણે જ આત્માની અનંત શક્તિનો અહેસાસ થાય છે.

જ્યાં સુધી સામાજિક શાંતિ અને સદ્દભાવનો પ્રશ્ન છે ત્યાં સમાજમાં પારસ્પરિક વિશ્વાસ અને સદ્દભાવ હોવો આવશ્યક છે. જો સમાજના સભ્યોમાં કે તેનાથી આગળ વધીને કહીએ કે માનવસમાજમાં પરસ્પર સદ્દભાવ કે આસ્થા નહીં હોય, જો પ્રત્યેક મનુષ્યમાં નિહિત માનવીય ગુણો પ્રત્યે વિશ્વાસ નહીં જાગે તો નિશ્ચિત જ અનાવશ્યક ભય તથા આતંકથી ગ્રસ્ત થશું. જૈન ચિંતકોના મતાનુસાર વ્યક્તિમાં પોતાના પ્રત્યે આસ્થા અને સમાજ પ્રત્યે વાત્સલ્યભાવ હોવો આવશ્યક છે. આ બંને સમ્યક્દર્શનનાં અંગ માનવામાં આવે છે.

પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા કે આસ્થાને જૈનધર્મમાં વીતરાગદેવ પ્રત્યેની શ્રદ્ધાના રૂપમાં અભિવ્યક્ત કરવામાં આવેલ છે. જોકે જૈનધર્મને અનિશ્વરવાદી કહેવાય છે અને તેના આધારે ક્યારેક ક્યારેક એવું પણ માની લેવાય છે કે તેમાં શ્રદ્ધા કે ભક્તિને કોઈ સ્થાન નથી પરંતુ આ એક ખોટી ધારણા છે. ભલે જૈન વિચારક દુનિયાના સૃષ્ટા અને નિયામકના રૂપમાં કોઈ ઈશ્વરને નથી માનતા પરંતુ આત્માના શુદ્ધ સ્વરૂપને પરમાત્મરૂપ માનીને તે તેના પ્રત્યે આસ્થા અને શ્રદ્ધાને અવશ્ય માને છે.

વળી કોઈ ઉત્તમશક્તિ કે પરાનિયમ પ્રત્યેની શ્રદ્ધાને પણ તેમણે મક્કમ જીવનમાં આવશ્યક માની છે. તેને તેઓ કર્મનો નિયમ કહે છે. તેમના મતાનુસાર આ એક એવો નિયમ છે જે મનુષ્યને દુઃખ અને નિરાશાની ક્ષણોમાં શાંતિ પ્રદાન કરી શકે છે. અને વ્યક્તિમાં આશાની કિરણ પ્રદાન કરી શકે છે. કારણકે આમાં હોનહાર સાથે પુરુષાર્થને પણ સ્થાન આપવામાં આવ્યું છે. તે માને છે કે ભૂતકાલ આપણા હાથમાંથી નીકળી ગયો, પરંતુ મારા ભવિષ્યનો નિર્માતા તો હું પોતે જ છું. એક પરાનિયમકના રૂપમાં કર્મ સિદ્ધાંતમાં જૈનોની આસ્થા અતૂટ છે. અને તેજ તેમને દુઃખ અને પીડાના સમયમાં સમભાવ અને શાંતિનું સંબલ પ્રદાન કરે છે. એક જૈન કવિ કહે છે કે -

"રેજીવ ! સાહસ આદરો, મત થાવો તુમ દીન,
સુખ દુઃખ આપદ સંપદા, પૂરબ કરમ આધીન"

કર્મનિયમ પ્રત્યેની આ અતૂટ શ્રદ્ધા જ એક એવું તત્ત્વ છે જે આપણી સમતાને વિચલિત થતાં બચાવી લે છે. આ વાતને એક અન્યરૂપમાં આ રીતે કહેવામાં આવી છે.

જ્ઞાની દેખી જ્ઞાનમાં, નિશ્ચય વર્તે સોય ।
જો જો પુદ્દગલ ફરસના, નિશ્ચય ફરસે સોય ॥

અર્થાત્ સર્વજ્ઞપ્રભુએ જે પોતાના જ્ઞાનમાં જાણી લીધું છે તે ભવિતવ્યતા ઘટિત થાય જ છે. આવી સ્થિતિમાં સુખ થાય કે દુઃખ પરંતુ આપણા મનની સમતાને વિચલિત ન થવા દેવી જોઈએ.

શ્રદ્ધા ચાહે પરાનિયમ પ્રત્યે હોય કે પરાશક્તિપ્રત્યે તે નિશ્ચિત દુર્ભાગ્યપૂર્ણ ક્ષણોમાં મનુષ્યને શાંતિ અને શક્તિ પ્રદાન કરે છે. જે ધર્મોમાં ઈશ્વર પ્રત્યે આસ્થા કે શ્રદ્ધાને આવશ્યક માનવામાં આવ્યા છે તે બધા એ ઉપદેશ આપે છે કે વ્યર્થ દુશ્ચિંતા અને તણાવોથી ત્યારે જ બચી શકાય કે જ્યારે આપણે આપણી સમસ્ત ઈચ્છા અને આકાંક્ષાઓને ઈશ્વરને સમર્પિત કરી દઈએ અને તેને દેવી યોજનાનું એક અંગ માનીને આપણો જીવન વ્યવહાર ચલાવીએ. જેવી રીતે એક નાનું બાળક પોતાના માતાપિતાના શરણમાં સમસ્ત ભારી દુઃખ અને ચિંતાઓથી પોતાને મુક્ત અનુભવે છે અને આનંદથી જીવન વ્યતીત કરે છે. તેવી રીતે એક સાચો સાધક ઈશ્વર, કર્મ, નિયમ કે પ્રકૃતિની વ્યવસ્થા ગમે તે કહીએ પરંતુ તેના પર અટલ વિશ્વાસ રાખીને પોતાના મનની શાંતિને જાળવી રાખે છે. ભક્તિ અને શ્રદ્ધાનું જે મહત્વ છે તે એટલા માટે કે તેના માધ્યમથી આપણે એક નિશ્ચિત અને શાંત જીવન જીવી શકાય છે. જીવનમાં જે કંઈ સારું કે ખરાબ બને છે, સંપદા કે વિપદા આવે છે તેને પ્રભુ ઈચ્છા કે કર્મનિયમની અટલ વ્યવસ્થાના રૂપમાં સ્વીકારીને આપણે આપણા મનની શાંતિને જાળવી શકીએ છીએ. મારી દૃષ્ટિએ શ્રદ્ધા અને ભક્તિની સાધનાના ક્ષેત્રમાં આ ઉપયોગિતા છે કે તે આપણને આકાંક્ષાઓથી, વિક્ષોભોથી, તણાવોથી અને અશાંત મનોદશાઓથી મુક્ત કરીને સમતા, સમાધિ અને શાંતિ પ્રદાન કરે છે.

છતાં પણ આપણે એ યાદ રાખવું જોઈએ કે શ્રદ્ધા અને ભક્તિનો અર્થ અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસ નથી. તે માત્ર વિપદાની ક્ષણોમાં આત્મ સંતોષ માટે છે. કર્મ સિદ્ધાંત કે ઈશ્વર પ્રત્યે સમર્પણનો એ અર્થ પણ નથી કે આપણે જીવનમાં પ્રયત્ન અને પુરુષાર્થને છોડીને ભાગ્યવાદી અને નિષ્કર્મણ્ય બની જઈએ. આપણે સ્પષ્ટરૂપથી એ વાતને વિશ્વાસમાં રાખવી પડશે કે આપણે આપણા નિયામક છીએ. કર્તવ્ય બજાવવું તે આપણી ફરજ છે. જૈનધર્મમાં આસ્થા અને વિશ્વાસનો અર્થ કર્તવ્ય વિમુખ થવું તે નથી. જેવી રીતે સમુદ્રમાં ભટકતા જહાજ માટે દીવાદાંડી કંઈ નથી કરતી છતાં પણ તે પ્રકાશસ્તંભ શરણદાતા હોય છે તેવી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે દુ:ખના સાગરમાં તરતા એવા આપણા જેવા પામર પ્રાણીઓ માટે વીતરાગ પ્રભુ કંઈપણ નથી કરતા છતાં પણ શરણભૂત હોય છે. તેઓ દીવાદાંડી સમાન છે, માર્ગદર્શક છે, આદર્શ છે, તેના પ્રકાશમાં આપણે આપણી યાત્રા કરી શકીએ છીએ. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે યાત્રા આપણે પોતે જ કરવાની છે, વિષ્ણુ પૂરાણમાં કહ્યું છે કે-

स्वधर्म कर्म विमुखः, कृष्ण कृष्णेति वादिनः ।

ते हरिर्द्वेषिणो मूढाः, धर्मार्थं जन्म यद्धरे ॥ [१]

જે લોકો પોતાનાં કર્તવ્યને ભૂલી બેઠા છે અને માત્ર કૃષ્ણ કૃષ્ણ કહીને ભગવાનનું નામ જપે છે. તે વસ્તુતઃ ભગવાનના શત્રુ અને પાપી છે. કારણ કે ધર્મની રક્ષા માટે તો સ્વયં ભગવાને પણ જન્મ લીધો હતો. ભક્તિમાં ત્યાગ અને કર્મફળનો કરવાનો છે. (કર્તવ્ય) કર્મનો નહીં. બાઈબલમાં પણ કહ્યું છે કે જે કોઈ ઈશા ઈશા પોકારે છે તે સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ નહીં કરી શકે. પરંતુ તે જ પ્રવેશ કરી શકશે જે પરમપિતાની ઈચ્છાનુસાર કામ કરે છે. (બાઈબલ જોન - ૨/૯/૧૧)

મહાવીરે કહ્યું છે કે એક જે મારું નામ સ્મરણ કરે છે અને બીજા જે મારી આજ્ઞાનું પાલન કરે છે તેમાંથી જે મારી આજ્ઞાનું પાલન કરે છે તેજ સાચા અર્થમાં મારી ઉપાસના કરે છે. [૨]

વસ્તુત : શ્રદ્ધા કે ભક્તિ આવશ્યક તો છે જ પરંતુ તે કર્તવ્ય વિમુખતાની સૂચક નથી. જેવી રીતે કોઈ વ્યક્તિ પોતાના પથ પર દૃઢ શ્રદ્ધા રાખે છે કે આ માર્ગ મને ગંતવ્ય સ્થાન પર પહોંચાડશે તે વ્યક્તિ પોતાના લક્ષ્યસ્થાને પહોંચે છે. એવી જ રીતે શ્રદ્ધાનું સંબલ લઈને જે વ્યક્તિ જીવનમાં કર્તવ્ય કરે છે. તેજ જીવનમાં પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરે છે. સન્ત આનંદઘને સ્પષ્ટ રૂપમાં કહ્યું છે-

"શુદ્ધ શ્રદ્ધા વિના સર્વ કિરિયા કરી,

છાર પર લીપનો તેહ જાણો રે"

જેવી રીતે રાખ પર લીંપણું નિરર્થક હોય છે. એવી જ રીતે શ્રદ્ધાના અભાવમાં ધર્મ ક્રિયાનો કોઈ અર્થ નથી. પરંતુ એ પણ યાદ રાખવું જોઈએ કે આચરણના અભાવમાં માત્ર શ્રદ્ધાનું પણ કોઈ મૂલ્ય નથી ! જૈનદર્શનમાં ભક્તિના સાચા સ્વરૂપને સ્પષ્ટ કરતાં ઉપાધ્યાય શ્રી દેવચન્દ્રજી લખે છે કે-

અજકુલગત કેશરી લહેરે, નિજ પદ સિંહ નિહાલ ।

તિમ પ્રભુભક્તિ ભવિ લહેરે, આતમ શક્તિ સંભાલ ॥

જેવી રીતે ભેડ બકરીયોની સાથે ઉછરેલું સિંહનું બચ્ચું વાસ્તવિક સિંહના દર્શનથી પોતાના પ્રસુપ્ત સિંહત્વને પ્રગટ કરી લે છે.

એવી રીતે સાધક તીર્થંકરના ગુણ-કીર્તન કે સ્તવનથી નિજમાં જિનત્વનો બોધ કરી લે છે. સ્વયંમાં નિહિત પરમાત્મશક્તિને પ્રગટ કરી લે છે.

જૈન સાધના એ સ્વીકાર કરે છે કે ભગવાનની સ્તુતિ આપણી પ્રસુપ્ત અન્તરચેતનાને જાગૃત કરે છે અને આપણી સામે સાધનાના આદર્શનું એક જીવન્ત ચિત્ર ઉપસ્થિત કરે છે. માત્ર એટલું જ નહીં તે આપણને આદર્શની પ્રાપ્તિ માટે પ્રેરણા પણ આપે છે. જૈન વિચારકોએ સ્વીકાર કર્યો છે કે 'ભગવાનની સ્તુતિના માધ્યમથી વ્યક્તિ પોતાનો આધ્યાત્મિક વિકાસ કરી શકે છે.' જો કે તેમાં પુરુષાર્થ વ્યક્તિનો જ હોય છે. પરંતુ સાધનાના આદર્શ તે મહાપુરુષોનાં જીવન તેની પ્રેરણાના નિમિત્ત આવશ્યક હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે 'સ્તવનથી દર્શન વિશુદ્ધિ થાય છે, દૃષ્ટિકોણ સમ્યક્ બને છે અને પરિણામ સ્વરૂપ તે આધ્યાત્મિક વિકાસની દિશામાં આગળ વધી શકે છે."[3] જો કે જૈનધર્મમાં એમ માનવામાં આવે છે કે 'ભગવદ્ ભક્તિના ફલસ્વરૂપ પૂર્વસંચિતકર્મનો ક્ષય થાય છે. તો પણ તેનું કારણ પરમાત્માની કૃપા નહીં, પરંતુ વ્યક્તિના દૃષ્ટિકોણની વિશુદ્ધિ જ છે.' આવશ્યક નિર્યુક્તિમાં ભદ્રબાહુ આચાર્યએ આ વાતનો સ્પષ્ટ રૂપથી સ્વીકાર કર્યો છે કે 'ભગવાનના નામસ્મરણથી પાપ ક્ષીણ થાય છે.'[૪] આચાર્ય વિનયચન્દ્રજી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે -

પાપ પરાલકો પૂંજ બન્યો અતિ, માનો મેરુ આકારો ।

તે તુમ નામ હુતાશન સેતી, સહજ હી પ્રજલત સારો ॥

હે પ્રભુ ! આપના નામરૂપી અગ્નિમાં એટલી શક્તિ છે કે તેનાથી મેરુ સમાન પાપ સમૂહ શિઘ્ર હી નષ્ટ થઈ જાય છે. પરંતુ આ પ્રભાવ ભગવાનના નામનો નહીં સાધકની આત્મિક શક્તિનો છે. જેવી રીતે માલિકના જાગવાથી ચોર ભાગી જાય છે તેવી રીતે પ્રભુના સ્વરૂપ ધ્યાનથી આત્મચેતના કે સ્વશક્તિનું ભાન થાય છે અને પાપરૂપી ચોર ભાગી જાય છે.

**સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ અને સ્થાન :**

બંધન કે દુઃખના કારણોની વિવેચનામાં લગભગ બધા વિચારકોએ અજ્ઞાનને એક મુખ્ય તત્ત્વ માન્યું છે અને એટલા માટે દુ:ખ વિમુક્તિના ઉપાયોમાં જ્ઞાનને મુખ્યતા આપી છે.

(૧) ઉદ્ધૃત ભગવત ગીતા (રાધાકૃષ્ણન્) ભૂમિકા પૃ. ૭૧

(૨) આવશ્યકવૃત્તિ પૃષ્ઠ ૬૬૧/૬૬૨ ઉદ્ધૃત અનુત્તરોપપાતિક દશા ભૂમિકા પૃ. ૨૪

(૩) ઉત્તરાધ્યયન સૂત્ર - ૨૯/૯

(૪) આવશ્યક નિર્યુક્તિ - ૧૦૭૬

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

બંધન કે દુઃખના કારણ આ અજ્ઞાનને મોહના નામથી પણ સંબોધિત કરાય છે. વસ્તુતઃ અજ્ઞાનનું કારણ અનાત્મ કે પરમાં આત્મબુદ્ધિ કે પોતાપણાનો ભાવ ઉત્પન્ન થાય છે. રાગ અને મમતાનું સર્જન થાય છે અને તે જ સમસ્ત દુઃખો કે બુરાઈઓનું મૂળ છે. આસક્તિ, રાગ કે અનાત્મમાં આત્મ બુદ્ધિ સમાપ્ત કરવા માટે જ્ઞાન આવશ્યક છે. જૈન પરંપરામાં આવા જ્ઞાનને સમ્યક્જ્ઞાન અને આવા જ્ઞાનની પ્રક્રિયાને ભેદવિજ્ઞાન કહ્યું છે. વસ્તુતઃ ભેદવિજ્ઞાન તે પ્રક્રિયા છે કે જેના દ્વારા સાધક આત્મા અને અનાત્મમાં, કે સ્વ અને પરમાં ભેદ સ્થાપિત કરે છે. આચાર્ય અમૃતચન્દ્રસૂરિએ 'સમયસારની ટીકામાં કહ્યું છે કે જે 'કોઈ પણ સિદ્ધ થયા છે તે બધા આ ભેદવિજ્ઞાનથી થયા છે. અને જે કોઈ બંધનમાં છે તે આ ભેદવિજ્ઞાનના અભાવને કારણે છે.'[1] આત્મા જ્ઞાન ભારતીય અને પાશ્ચાત્ય સર્વે ચિંતકોનો મૂળભૂત ઉદ્દેશ્ય છે. પોતાના અને પરાયા કે સ્વ અને પરમાં ભેદ સ્થાપિત કરી લેવો એજ આસક્તિ અને મમત્વને તોડવાનો એકમાત્ર ઉપાય છે. જોકે એમ કહેવું તો સહેલું છે કે - ''સ્વ' ને સ્વના રૂપમાં અને 'પર' ને પરના રૂપમાં જાણો.' પરંતુ આ સાધનાની સૌથી કઠિન પ્રક્રિયા પણ છે.

સ્વને જાણવાની તો પોતાના માં જ એક દાર્શનિક સમસ્યા છે, કારણ કે જે પણ જણાશે તે તો પર હશે. જાણવું હંમેશાં પરનું જ હોય છે. સ્વ તો તે છે કે જે જાણે છે. જ્ઞાતા છે. જે જાણવાવાળો તથા જ્ઞાતા છે તે જ્ઞેય અર્થાત્ જ્ઞાનનો વિષય નથી હોઈ શકતો, જેવી રીતે આંખ સમસ્ત વિશ્વને જોઈ શકે છે. પરંતુ સ્વયં પોતાને નથી જોઈ શકતી. નટ પોતાના જ ખભા પર નથી ચડી શકતો, એવી રીતે જ્ઞાતા આત્મા પોતાને જ નથી જાણી શકતો, જ્ઞાતા જેને પણ જાણશે તે તો જ્ઞાનનો વિષય હોવાથી તેનાથી ભિન્ન હશે. માટે ઉપનિષદમાં ઋષિએ કહેવું પડ્યું કે વિજ્ઞાતાને કેવી રીતે જાણી શકાશે ? જેનાથી બધું જણાય છે તેને કેવી રીતેજાણી શકાય.[2] વાસ્તવિકતા તો એ છે કે જે સંપૂર્ણ જ્ઞાનનો આધાર છે. જે સ્વયં જાણવાવાળો છે. તેને કેવી રીતે જાણી શકાય. હું જેવી રીતે બીજાને જાણી શકું છું તેવી રીતે પોતાને નથી જાણી શકતો માટે આત્મજ્ઞાન જેવી સહજ ઘટના પણ કઠિન છે. વસ્તુતઃ આત્મજ્ઞાન તે જ્ઞાન નથી. જેનાથી આપણે પરિચિત છીએ. સામાન્ય જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય ને જાણવાવાળા અને જે કંઈ જણાય છે તેનો ભેદ બની રહે છે. જ્યારે આત્મજ્ઞાનમાં આ ભેદ સંભવતો નથી. તેમાં જે જાણે છે અને જેને જણાય છે તે બંને અલગ અલગ નથી હોતાં વસ્તુતઃ આત્મજ્ઞાનની પ્રક્રિયા એક નિષેધાત્મક પ્રક્રિયા છે. તેમાં આપણે એ વાતથી પ્રારંભ કરીએ છીએ કે "હું શું નથી." 'પર' થી કે જે જ્ઞાનનો વિષય છે તેનાથી પોતાની ભિન્નતા સ્થાપિત કરતાં જવું એ જ આત્મજ્ઞાનની પ્રક્રિયા છે. તેને જ ભેદ વિજ્ઞાન કહ્યું છે. અન્ય દર્શનોમાં તેને આત્મ અનાત્મ વિવેક નામથી ઓળખાય છે.

કુન્દકુન્દાચાર્ય સમયસારમાં ભેદવિજ્ઞાનની પ્રક્રિયાને સ્પષ્ટ કરતાં લખે છે કે-

રૂપ આત્મા નથી કારણકે તે કંઈ નથી જાણતો માટે રૂપ અન્ય છે અને આત્મા અન્ય છે. એવું જિન કહે છે.

વર્ણ આત્મા નથી કારણ કે તે કંઈ નથી જાણતો માટે વર્ણ અન્ય છે અને આત્મા અન્ય છે, એવું જિન કહે છે.

ગન્ધ આત્મા નથી કારણકે તે કંઈ નથી જાણતો માટે ગંધ અન્ય છે અને આત્મા અન્ય છે, એવું જિન કહે છે.

રસ આત્મા નથી કારણકે તે કંઈ નથી જાણતા માટે રસ અન્ય છે અને આત્મા અન્ય છે, એવું નિજ કહે છે.

સ્પર્શ આત્મા નથી કારણ કે તે કંઈ નથી જાણતા માટે સ્પર્શ અન્ય છે અને આત્મા અન્ય છે, એવું જિન કહે છે.

કર્મ આત્મા નથી કારણકે તે કંઈ નથી જાણતા માટે કર્મ અન્ય છે અને આત્મા અન્ય છે, એવું જિન કહે છે.

અધ્યવસાય આત્મા નથી, કારણકે અધ્યવસાય કંઈ નથી જાણતા (મનોભાવ પણ કોઈક જ્ઞાપક દ્વારા જણાય છે તે પોતે કંઈ નથી જાણતા, જેવી રીતે ક્રોધના ભાવને જાણવાવાળો જ્ઞાયક તેનાથી ભિન્ન છે) માટે અધ્યવસાય અન્ય છે અને આત્મા અન્ય છે.

પોતાના શુદ્ધ જ્ઞાપક સ્વરૂપથી આત્મા રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, ક્રોધ નથી, માન નથી, માયા નથી અને લોભ નથી. પોતાના શુદ્ધ સ્વરૂપમાં તે તેનું કારણ અને કર્તા પણ નથી.[3]

વસ્તુતઃ આત્મા જ્યારે પોતાના શુદ્ધ જ્ઞાતા સ્વરૂપમાં અવસ્થિત હોય છે તો સંસારના સમસ્ત પદાર્થ જ નહીં પરંતુ તેની પોતાની ચિત્તવૃત્તિઓ, મનોભાવ પણ તેને 'પર' (સ્વ થી ભિન્ન) લાગે છે. જ્યારે તે 'પર' ને 'પર' ના રૂપમાં જાણી લે છે અને તેનાથી પોતાની પૃથકતાનો બોધ કરી લે છે ત્યારે તેની મમતા અને રાગભાવ સમાપ્ત થઈ જાય છે અને તે પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વરૂપને જાણીને તેમાં અવસ્થિત થઈ જાય છે. આ તે અવસર હોય છે જ્યારે મુક્તિનાં દ્વાર ઉઘડી જાય છે. કારણ કે જેણે 'પર' ને પરના રૂપમાં જાણી લીધા છે તેનાનું મમત્વ કે રાગ માટે કોઈ સ્થાન નથી. રાગના જવાથી વીતરાગતા પ્રગટ થાય છે અને મુક્તિના દરવાજા ખૂલી જાય છે.

(૧) સમયસાર ટીકા ૧૩૧
(૨) બ્રહ્દારણ્યક - ૨/૪/૧૪.
(૩) સમયસાર ૩૯૨ - ૪૦૩, નિયમસાર ૭૮-૮૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેદ વિજ્ઞાનની આ પ્રક્રિયામાં સૌથી પહેલાં આત્મા વસ્તુઓ તથા પદાર્થોથી પોતાની ભિન્નતાનો બોધ કરી લે છે. ભલે અનુભૂતિના સ્તર પર તેનાથી ભિન્નતા સ્થાપિત કરવાનું મુશ્કેલ હોય પરંતુ જ્ઞાનના સ્તર પર આ કાર્ય મુશ્કેલ નથી. કારણકે અહીં તાદાત્મ્ય નથી રહેતું માટે પૃથકતાનો બોધ સુસ્પષ્ટ રૂપથી થાય છે. પરંતુ ત્યારબાદ ક્રમશઃ તેને શરીરથી, મનોવૃત્તિઓથી તથા પોતાના રાગાદિ ભાવોથી પોતાની ભિન્નતાનો બોધ કરવાનો હોય છે. જે અપેક્ષાથી કઠિન અને કઠિનતર છે, કારણ કે અહીં તેના તથા આપણા વચ્ચે તાદાત્મ્યનો બોધ જળવાઈ રહે છે છતાં પણ એ જાણવું જોઈએ કે- 'જે પરના નિમિત્તથી છે તે મારું સ્વરૂપ નથી. આપણા રાગાદિ ભાવ પણ પરના નિમિત્તથી જ છે. માટે તે આપણામાં હોવા છતાં પણ આપણા નિજ સ્વરૂપ નથી થઈ શકતાં. જો કે તે આત્મામાં હોય છે છતાં પણ આત્માથી ભિન્ન છે. કારણ કે તે આત્માનું નિજરૂપ નથી. જેવી રીતે ગરમ પાણીમાં રહેલી ઉષ્ણતા તેમાં રહેવા છતાં પણ તેનું સ્વરૂપ નથી, કારણ કે તે અગ્નિના સંયોગને કારણે છે. એવી જ રીતે રાગાદિ ભાવ આત્મામાં રહેતા હોવા છતાં પણ તે આપણું પોતાનું સ્વરૂપ નથી. આ સ્વસ્વરૂપનો બોધ જ જૈનસાધનાનો સાર છે. જેની વિધિ છે. ભેદવિજ્ઞાન અર્થાત્ જે સ્વ થી ભિન્ન છે તેને પર જાણીને તેનાથી તાદાત્મ્યભાવ તોડી નાખવો તેનાથી મમતાનું બંધન શિથિલ થઈ જાય છે. વસ્તુતઃ જ્યારે સાધક ભેદવિજ્ઞાન દ્વારા એ જાણી લે છે કે- 'પર શું છે અને તેના પ્રત્યેનો પોતાપણાનો ભાવ સમાપ્ત થઈ જાય છે. વસ્તુતઃ જે કંઈ પણ પર છે. આપણાથી ભિન્ન છે તે બધું સાંયોગિક છે અર્થાત્ સંયોગવશ જ આપણને મળેલ છે. જે સંયોગવશ મળે છે તેનો વિયોગ પણ અનિવાર્ય છે. જેનો વિયોગ થવાનો છે તે આપણા માટે દુઃખનું કારણ જ છે.' માટે બૌદ્ધ પરંપરામાં પણ કહ્યું છે કે- 'જે અનાત્મા છે અર્થાત્ પરાયા છે તે અનિત્ય છે. અર્થાત્ તેનો વિયોગ કે નાશ અપરિહાર્ય છે. અને જેનો વિયોગ કે નાશ અપરિહાર્ય છે તે દુઃખરુપ છે.'[1] વસ્તુતઃ આપણું બંધન અને દુઃખ એટલા માટે છે કે આપણે પહેલાં અનાત્મમાં આત્મબુદ્ધિ સ્થાપિત કરીએ છીએ. અને પછી તેના વિયોગ કે નાશથી અથવા નાશની સંભાવનાથી દુઃખી થઈએ છીએ. જેવી રીતે આપણે પૂર્વે પણ સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે દુઃખ અને પીડા ત્યાં સુધી જ છે જ્યાં સુધી પરમાં આત્મભાવ છે. આપણા જીવનનો એક સામાન્ય અનુભવ છે કે આપણે પ્રતિદિન અનેકોને મરતા જોઈએ છીએ અથવા સાંભળીએ છીએ પરંતુ તેમનું મૃત્યુ આપણને વિચલિત નથી કરી શકતું. સામાન્યતઃ આપણે દુઃખી નથી થતા. કારણ કે તેમના પ્રતિ આપણો કોઈ રાગભાવ કે મમત્વ બુદ્ધિ નથી. પરંતુ જ્યાં પણ રાગભાગ જોડાઈ જાય છે ત્યાં મમત્વબુદ્ધિ સ્થાપિત થઈ જાય છે.

જેને આપણે આપણા માનીએ છીએ તેનું મૃત્યુ કે વિયોગ આપણને સતાવે છે. માટે દુઃખ નિવૃત્તિનો જો કંઈપણ ઉપાય હોય તો તે છે કે સંસારી વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેનો રાગભાવ સમાપ્ત થાય અને જ્યારે સમ્યગ્જ્ઞાન દ્વારા આત્મ-અનાત્મનો વિવેક પ્રાપ્ત થાય ત્યારે રાગભાવ સમાપ્ત થઈ શકે છે. સમ્યક્જ્ઞાન શું છે તેને સ્પષ્ટ કરતાં જૈનાગમોમાં કહ્યું છે કે-

एगो मे सासओ अप्पा, नाणदंसण संजुओ ।

सेसा मे बहिरा भावा, सव्वे संजोग लक्खणा ॥

અર્થાત્ હું જ્ઞાતા-દ્રષ્ટારૂપ એકલો આત્મા છું. બીજાબધા મારાથી ભિન્ન છે અને સાંયોગિક છે.[2]

એ યાદ રાખવું જોઈએ કે આપણી જે પણ સાંસારિક ઉપલબ્ધિઓ છે. ભલે તે ધનસંપદાના રૂપમાં હોય કે પત્ની-પુત્ર-પુત્રી આદિ પરિવારના રૂપમાં હોય તે બધી માત્ર સંયોગજન્ય ઉપલબ્ધિઓ છે. વ્યક્તિ માટે પત્ની બધાથી વધારે નિકટ હોય છે. પરંતુ તે પણ માત્ર સંયોગિક ઉપલબ્ધિ જ છે. બે પ્રાણી ક્યાંક કોઈક પરિસ્થિતિના કારણે એક બીજાથી નિકટ આવી જાય છે અથવા સંયોગવશ એકબીજાથી નિકટ આવી જાય છે અને એકબીજાને પોતાનાં માની લે છે. આ જ અપનાપન કે મમતા જ સંસાર છે. જે આપણને બંધન, દુઃખ તથા દુશ્ચિંતાઓથી જકડી લે છે. તે તેના માટે શું ખરું ખોટું નથી કરતો ? વસ્તુતઃ સમ્યક્જ્ઞાનનો અર્થ છે. જીવન અને જગતના યથાર્થ સ્વરૂપને ઓળખવું. વસ્તુતઃ આપણે સમ્યક્જ્ઞાનના અભાવમાં અનિત્યને નિત્ય માની લઈએ છીએ, પરાયાને પોતાનાં માની લઈએ છીએ. આ કારણથી પાછા દુઃખી થઈએ છીએ. આપણે ત્યાં સમ્યક્દષ્ટિ કે જ્ઞાનીની એક ઓળખાણ આપી છે. કહ્યું છે કે -

સમ્યક્દષ્ટિ જીવડા, કરે કુટુંબ પ્રતિપાલ ।

અતંરશું ન્યારા રહે, જ્યોં ધાય ખેલાવે બાલ ॥

આપણે ખૂબ સારી રીતે જાણી એ છીએ કે- 'એક કર્તવ્યનિષ્ઠ નર્સ કોઈ બાળકનું લાલન-પાલન તેની મા કરતાં પણ ખૂબજ સારી રીતે કરે છે અને એક કર્તવ્યનિષ્ઠ ડો. પણ કોઈ વ્યક્તિનો જીવ બચાવવા માટે તેના પારિવારિકજનો કરતાં પણ સારી રીતે તેની પરિચાર્યા કરે છે. પરંતુ બાળક કે રોગીની પીડા અને મૃત્યુથી તેનાં પારિવારિકજનો જેટલાં વિચલિત થાય છે. તેટલા નર્સ કે ડો. નથી થતાં,' આવું કેમ બને છે ? તેનું કારણ સ્પષ્ટ છે. 'પારિવારિકજનો પ્રત્યે મમત્વભાવ હોય છે. પોતાપણું હોય છે. રાગાત્મકતા હોય છે. જ્યારે નર્સ અને ડો. ના મનમાં

(૧) જુઓ. સંયુત્તનિકાય ૩૪/૧/૧/૧; ૩૪/૧/૧/૪; ૩૪/૧/૧/૧૨.

(૨) चंदावेज्झयं पइण्णयं १६०



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરપેક્ષતાનો ભાવ હોય છે. તેઓ જે કંઈ કરે છે તે કર્તવ્ય બુદ્ધિથી કરે છે. એકજ કામ એક વ્યક્તિ કર્તવ્ય બુદ્ધિથી કરે છે. બીજા મમત્વબુદ્ધિથી કરે છે. જે મમત્વ બુદ્ધિથી કરે છે તે વિચલિત થાય છે. દુઃખી થાય છે, પરંતુ જે કર્તવ્ય બુદ્ધિથી કરે છે તે નિરપેક્ષ બની રહે છે. તટસ્થ રહે છે. વસ્તુતઃ સમ્યક્જ્ઞાનનો મતલબ છે કે આપણે સંસારમાં જે કંઈ પણ કરીએ, જેવું પણ જીવીએ. તે બધું કર્તવ્ય બુદ્ધિથી કરીએ અને જીવીએ, મમત્વ બુદ્ધિથી નહી. જે સાંસારિક ઉપલબ્ધિઓ છે અને જે સંસારિક પીડાઓ અને દુઃખ છે તેના પ્રત્યે નિરપેક્ષભાવ રહે. આપણે તેને માત્ર પરિસ્થિતિજન્ય સમજીએ. સુખ- દુઃખ, સંયોગ-વિયોગ, માન-અપમાન, પ્રશંસા અને નિંદા આ બધાં સંસારિક જીવનનાં અનિવાર્ય તત્ત્વો છે. કોઈ પણ તેનાથી બચી નથી શકતું. જ્ઞાની અને અજ્ઞાની બધાના જીવનમાં બંને જાતની પરિસ્થિતિઓ આવે છે. ફરકમાત્ર એટલો છે કે જ્ઞાની તેને યથાર્થ માનીને સમજણથી અર્થાત્ સમતાથી તેનું વેદન કરે છે. જ્યારે અજ્ઞાની તેમાં વિચલિત થઈ જાય છે. તેના કારણે દુઃખી થાય છે. કહ્યું પણ છે કે -

સુખ દુઃખ આપદ સંપદા, સબ કાહૂ કો હોય ।
જ્ઞાની ભુગતે જ્ઞાનસે, મૂરખ ભૂગતે રોય ॥

વસ્તુતઃ સામાન્ય જ્ઞાનનો અર્થ છે. જીવનની અનુકૂલ તથા પ્રતિકૂલ સ્થિતિમાં અવિચલિત ભાવથી કે સમભાવથી જીવવું. જ્યારે જ્ઞાનથી જીવન અને જગતના યથાર્થ સ્વરૂપનો બોધ થઈ જાય છે ત્યારે અનુકૂલ અને પ્રતિકૂલ પરિસ્થિતિમાં મન સમભાવ સાધે છે. જ્ઞાન દ્વારા મનમાં નિરાકૂલતા જાગે. મન તણાવોથી મુક્ત થાય તે જ સાધનાના ક્ષેત્રમાં જ્ઞાનની ઉપયોગિતા છે.

### સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ :

નિશ્ચયદષ્ટિથી ચારિત્રનો સાચો અર્થ સમભાવ કે સમત્વની ઉપલબ્ધિ છે. માનસિક કે ચૈતસિક જીવનમાં સમત્વની ઉપલબ્ધિ ચારિત્રનો પારમાર્થિક કે નૈશ્ચયિક પક્ષ છે. વસ્તુતઃ ચારિત્રનો આ પક્ષ આત્મરમણની સ્થિતિ છે. નિશ્ચય ચારિત્રનો પ્રાદુર્ભાવ માત્ર અપ્રમત્ત અવસ્થામાં જ થાય છે. ચેતનાની અપ્રમત્ત અવસ્થામાં થવા વાળા બધા કાર્યો શુદ્ધ જ માનવામાં આવે છે. ચેતનામાં જ્યારે રાગ-દ્વેષ, કષાય અને વાસનાઓની અગ્નિ સંપૂર્ણ રીતે શાંત થઈ જાય છે. ત્યારે સાચા નૈતિક અને ધાર્મિક જીવનનો ઉદ્ભવ થાય છે. અને આવો જ સદાચાર મોક્ષનું કારણ બની શકે છે. અપ્રમત્તચેતના જોકે નિશ્ચયચારિત્રનો આધાર છે. રાગ-દ્વેષ, કષાય, વિષય વાસના, આળસ અને નિંદ્રાથી રહિત અવસ્થા છે. સાધક જીવનની પ્રત્યેક ક્રિયાના સંપાદનમાં આત્મા જાગૃત હોય છે. ત્યારે તેનું આચરણ બાહ્ય આવેગો અને વાસનાઓથી ચલિત નથી હોતું અને ત્યારે તે સાચા અર્થમાં નિશ્ચયચારિત્રના પાલનકર્તા મનાય છે. વસ્તુતઃ જ્ઞાતાદષ્ટા બનીને જીવન જીવવું એ જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે.

વ્યવહારિક સમ્યક્ચારિત્રનો અર્થ આત્મનિયંત્રણ કે સંયમ છે. પૂર્વે માનવપ્રકૃતિની ચર્ચા કરતાં એ વાત સ્પષ્ટ કરી હતી કે મનુષ્ય અને પશુમાં જો કોઈ ફરક હોય તો તે છે કે મનુષ્યમાં આત્મનિયંત્રણ કે સંયમનું સામર્થ્ય હોય છે. જ્યારે પશુમાં આ સામર્થ્યનો અભાવ હોય છે. પશુ વિશુદ્ધરૂપથી એક પ્રાકૃતિક જીવન જીવે છે. તેના સમસ્ત વ્યવહાર પ્રકૃતિના નિયમાનુસાર થતા હોય છે. ભૂખ્યા થાય ત્યારે તે ખાદ્યસામગ્રીને પ્રાપ્ત કરે છે અને તેનો ઉપભોગ કરે છે. પરંતુ ભૂખના અભાવમાં તે ખાદ્યસામગ્રીને અડતા પણ નથી. તેનાથી વિપરીત મનુષ્ય એ પ્રકૃતિથી વિમુખ થઈને જીવન જીવનની એક શૈલી વિકસિત કરી લીધી છે. ભૂખથી પીડીત હોય તથા ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં પણ તે ખાવાનો ઈન્કાર કરી શકે છે. બીજી બાજુ પેટ ભરેલું હોય છતાં પણ પોતાની પ્રિય ખાદ્યસામગ્રી માટે વ્યાકૂલ થઈ શકે છે. અને તેનો ઉપભોગ પણ કરી લે છે. મનુષ્યમાં એકબાજુ વાસનાની તીવ્રતા છે તો બીજી બાજુ સંયમની ક્ષમતા પણ છે. વસ્તુતઃ સંયમ તેની સાધનાનું મૂળ તત્ત્વ છે. આ સંયમ જ તેને પશુત્વથી પર કરીને દેવત્વ સુધી પહોંચાડે છે. જ્યારે સંયમના અભાવમાં તે પશુ કરતાં પણ નીચે ઉતરી જાય છે. એક હિંસક પશુ કે રાક્ષસ પણ બની જાય છે. આ સંયમ સાધનાજ જૈનધર્મ અને જૈનાચારનું મૂલતત્ત્વ છે. સદાચાર કે સમ્યક્ ચારિત્રની વિસ્તૃત ચર્ચા પૂર્વે આપણે સદાચાર કે દુરાચારના મૂળભૂત દાર્શનિક પ્રશ્નોની ચર્ચા કરવી પડશે.

### જૈન આચાર શાસ્ત્રની મુખ્ય સમસ્યાઓ :

જૈનાચારના મુખ્ય પ્રશ્નોમાં સૌથી પ્રથમ પ્રશ્ન એ છે કે જૈનધર્મમાં સદાચાર ને દુરાચારનો આધાર શું છે ? તે કયો માનદંડ છે કે જેના આધારે કોઈ કર્મને સદાચાર કે દુરાચારની સંજ્ઞા આપે છે. તેની સાથે આચાર શાસ્ત્રની બીજી સમસ્યા એ છે કે કોઈપણ કર્મ કે આચાર નિરપેક્ષ રૂપથી સદાચાર કે દુરાચાર બની રહ્યા છે અથવા દેશ-કાળ અને પરિસ્થિતિના આધારે તેમાં પરિવર્તન થાય છે ? ત્રીજો તેની સાથે જોડાયેલ ઉત્સર્ગમાર્ગ અને અપવાદ માર્ગનો પ્રશ્ન છે. આગળ આપણે આ પ્રશ્નો પર ચર્ચા કરશું.

### જૈનદર્શનમાં નૈતિક પ્રતિમાનનો અનેકાન્તવાદ :[1]

વસ્તુતઃ મનુષ્યોની નીતિ સંબંધી અવધારણાઓ માપ દંડો કે પ્રતિમાનોની વિવિધતા જ નૈતિક નિર્ણયોની ભિન્નતાનું

(૧) વિસ્તૃત વિવેચન માટ જુઓ- 'જૈન બુદ્ધ અને ગીતાનાં આધાર દર્શનોનું તુલનાત્મક અધ્યયન ભાગ-૧, અધ્યાય ૫, પૃષ્ઠ ૧૧૯ - ૧૭૪.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ માની શકાય છે. જ્યારે કોઈપણ આચરણનું નૈતિક મૂલ્યાંકન કરીએ છીએ તો આપણી સામે નીતિ સંબંધી કોઈ માપદંડ, પ્રતિમાન કે માનક (Standard) અવશ્ય હોય છે. જેના આધારે વ્યક્તિનાં ચારિત્ર, આચરણ અથવા કર્મનું નૈતિક મૂલ્યાંકન (Maral valuation) કરીએ છીએ. વિભિન્ન દેશ, કાલ, સમાજ અને સંસ્કૃતિઓમાં આ નૈતિક માપદંડ કે પ્રતિમાન અલગ અલગ રહે છે અને સમયે સમયે તેમાં પરિવર્તન થતાં રહ્યાં છે. પ્રાચીન ગ્રીક સંસ્કૃતિમાં જ્યાં સાહસ અને ન્યાયને નૈતિકતાનું પ્રતિમાન મનાતું હતું ત્યાં પરવર્તી ઈસાઈ સંસ્કૃતિમાં સહનશીલતા અને ત્યાગને નૈતિકતાનું પ્રતિમાન માનવા લાગ્યા. આ એક વાસ્તવિકતા છે કે નૈતિક પ્રતિમાન કે નૈતિકતાના માપદંડ અનેક રહેલા છે. તથા વિભિન્ન વ્યક્તિઓ અને વિભિન્ન સમાજ અલગ-અલગ નૈતિક પ્રતિમાનોનો ઉપયોગ કરે છે. માત્ર એટલું જ નહીં એકજ વ્યક્તિ જીવનની ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં ભિન્ન ભિન્ન નૈતિક પ્રતિમાનોનો ઉપયોગ કરે છે. નૈતિક પ્રતિમાનના આ પ્રશ્ન પર માત્ર જનસાધારણમાં જ નહીં પરંતુ નીતિવેત્તાઓમાં પણ ગહન મતભેદ છે.

નૈતિક પ્રતિમાનો (Moral Standards) ની આ વિવિધતા અને પરિવર્તનશીલતાના કારણે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શું કોઈ એવું સાર્વભૌમ નૈતિક પ્રતિમાન શક્ય છે, જેને સાર્વલૌકિક અને સાર્વકાલિક માન્યતા પ્રાપ્ત થાય ? જો કે અનેક નીતિવેત્તાઓએ પોતાના નૈતિક પ્રતિમાનને સાર્વલૌકિક, સાર્વકાલિન તથા સાર્વજનિક સિદ્ધ કરવાનો દાવો અવશ્ય કર્યો છે. પરંતુ જ્યારે તેઓ જ આપસમાં એકમત નથી. તો પછી તેમના આ દાવાને કેવી રીતે માન્ય કરી શકાય ? નીતિશાસ્ત્રના ઈતિહાસની નિયમવાદી પરંપરામાં કબિલાના બાહ્ય નિયમોની અવધારણાથી લઈને અંતરાત્માના આદેશ સુધી તથા સાધ્યવાદી પરંપરામાં સ્થૂલ સ્વાર્થમૂલક સુખવાદથી પ્રારંભ કરીને બુદ્ધિવાદ, પૂર્ણતાવાદ અને મૂલ્યવાદ સુધી અનેક નૈતિક ફરમાન પ્રસ્તુત કરાયાં છે.

જો આપણે નૈતિક મૂલ્યાંકનનો આધારે નૈતિક આવેગો (Moral sentiments) ને સ્વીકારીએ છીએ તો નૈતિક મૂલ્યાંકનમાં એકરૂપતા સંભવિત નહીં થાય કારણકે વ્યક્તિનિષ્ઠ નૈતિક આવેગોમાં વિવિધતા સ્વભાવિક છે. નૈતિક આવેગોની આ વિવિધતાને સમકાલીન વિચારક એડવર્ડ વેસ્ટમાર્ક એ સ્વયં સ્વીકાર કર્યો છે. તેના અનુસાર આ વિવિધતાનું કારણ વ્યક્તિઓનો પરિવેશ, ધર્મ અને વિશ્વાસમાં દેખાતી ભિન્નતા છે. જે વિચારક કર્મના નૈતિક ઔચિત્ય અને અનૌચિત્યના નિર્ધારણ માટે વિધાનવાદી ફરમાન અપનાવે છે અને જાતિ, સમાજ, રાજ્ય કે ધર્મદ્વારા પ્રસ્તુત વિધિ નિષેધ (આ કરો કે આ ન કરો) ની નિયમાવલીઓનાં નૈતિક ફરમાન સ્વીકાર કરે છે તેમાં પણ પ્રથમ તો આ પ્રશ્ન ને માટે મતભેદ છે કે જાતિ, સમાજ, રાજ્ય શાસન અને ધર્મગ્રંથ દ્વારા પ્રસ્તુત અનેક નિયમાવલીમાંથી કોનો સ્વીકાર કરવો ? પુનઃ પ્રત્યેક જાતિ, રાજ્ય અને ધર્મ ગ્રંથ દ્વારા પ્રસ્તુત આ નિયમાવલીઓ પણ અલગ અલગ છે. આવી રીતે બાહ્ય વિધાનવાદ નૈતિક પ્રતિમાનનો કોઈ એક સિદ્ધાંત પ્રસ્તુત કરી શકવામાં અસમર્થ છે. સમકાલીન અનુમોદનાત્મક સિદ્ધાંત (Approbative Theories) જે નૈતિક પ્રતિમાનને વ્યક્તિગત, રુચિ સાપેક્ષ અથવા સામાજિક અનુમોદન પર નિર્ભર માને છે. કોઈ એક સાર્વભૌમ નૈતિક પ્રતિમાનનો દાવો કરવામાં અસમર્થ છે. વ્યક્તિઓનું રુચિ વૈવિધ્ય અને સામાજિક આદર્શોમાં દેખાતી ભિન્નતાઓ સુસ્પષ્ટ જ છે. ધાર્મિક અનુશંસા પણ અલગ અલગ હોય છે. એક ધર્મ જે કાર્યોનું અનુમોદન કરે છે અને તેને નૈતિક ઠરાવે છે, બીજા ધર્મો તે જ કાર્યોનો નિષિદ્ધ કરે છે અને અનૈતિક ઠરાવે છે. વૈદિકધર્મ અને ઈસ્લામ જ્યારે પશુ બલિને વૈધ માને છે. ત્યારે જૈન વૈષ્ણવ અને બૌદ્ધધર્મ તેને અનૈતિક અને અવૈધ માને છે. નિષ્કર્ષ એ છે કે તે બધાં સિદ્ધાંતો કોઈ એક સાર્વભૌમ નૈતિક પ્રતિમાનોનો દાવો કરવામાં અસમર્થ છે. જો નૈતિકતાની કસોટી વ્યક્તિગત રુચિ, સામાજિક અનુમોદન અથવા ધર્મશાસ્ત્રની અનુશંસાને માને છે.

અંતઃપ્રજ્ઞાવાદ અથવા સરલ શબ્દોમાં કહીએ તો અંતરાત્માના અનુમોદનનો સિદ્ધાંત પણ કોઈ એક નૈતિક પ્રતિમાન આપવામાં અસમર્થ છે. જોકે એમ કહેવાય છે કે અંતરાત્માનો નિર્ણય સરલ સહજ અને અપરોક્ષ હોય છે. છતાં પણ અનુભવ એ બતાવે છે કે અંતરાત્માના નિર્ણયોમાં એકરૂપતા નથી હોતી. પ્રથમતો સ્વયં અંતઃપ્રજ્ઞાવાદી આ બાબતમાં એકમત નથી કે આ અંતઃપ્રજ્ઞાની પ્રકૃતિ શું છે તે બૌદ્ધિક છે કે ભાવના પરક, વળી એમ માનીએ કે બધાના અંતરાત્મા એક સરખા છે તે ઠીક નથી. કારણકે અંતરાત્માની સંરચના અને તેનો નિર્ણય પણ વ્યક્તિના સંસ્કારો પર આધારિત હોય છે. પશુબલિના સંબંધમાં મુસ્લીમ અને જૈન પરિવારોમાં સંસ્કારીત વ્યક્તિઓના અંતરાત્માનો નિર્ણય એક સરખો નહીં હોય, અંતરાત્મા કોઈ સરલ તથ્ય નથી. જેવું અંતઃ પ્રજ્ઞાવાદ માને છે તેવું. પરંતુ આ વિવેકાત્મક ચેતનાનો વિકાસ પારિવારિક એવં સામાજિક સંસ્કારો તથા પરિવેશ જન્ય તથ્યો દ્વારા નિર્મિત એક જટિલ રચના છે અને તે ત્રણે વાત આપણા અંતરાત્માને તથા તેના નિર્ણયોને પ્રભાવિત કરે છે.

આ રીતે સાધ્યવાદી સિદ્ધાંત પણ કોઈ સાર્વભૌમ નૈતિક માનદંડનો દાવો નથી કરી શકતા. સર્વપ્રથમ તો તેમાં "માનવજીવનનું સાધ્ય શું હોઈ શકે ?" આ પ્રશ્ન બાબત મતભેદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. માનવતાવાદી વિચારક જે માનવીય ગુણના વિકાસને જ નૈતિકતાની કસોટી માને છે. એબાત પર પરસ્પર સહમત નથી કે આત્મચેતના, વિવેકશીલતા અને સંયમમાં કોને સર્વોચ્ચ ગુણ માનવો, સમકાલીન માનવતાવાદીઓમાં વારનર ફિટે આત્મચેતનાને મુખ્ય માને છે, તો સી.વી. ગેનેટ અને ઈસ્ત્રાઈલ લેવિન વિવેકશીલતાને તથા ઈરવિંગ બવિટ આત્મસંયમને મુખ્ય નૈતિક ગુણ માને છે. સાધ્યવાદી પરંપરાની સામે આ પ્રશ્ન પણ મહત્વપૂર્ણ રહ્યો છે કે માનવીય ચેતનાના જ્ઞાનાત્મક, અનુભૂત્યાત્મક અને સંકલ્પાત્મક પક્ષમાંથી કોની સંતુષ્ટિને સર્વાધિક મહત્ત્વ આપવામાં આવે ? આ સંદર્ભમાં સુખવાદ અને બુદ્ધિવાદનો વિવાદ તો સુપ્રસિદ્ધ છે. સુખવાદ મનુષ્યના અનુભૂત્યાત્મક (વાસનાત્મક) પક્ષની સંતુષ્ટિને માનવજીવનનું સાધ્ય ઘોષિત કરે છે, ત્યારે બુદ્ધિવાદ ભાવના નિરપેક્ષબુદ્ધિના આદેશોના પરિપાલનમાં જ નૈતિક કર્તવ્યની પૂર્ણતા જુએ છે. આ રીતે સુખવાદ અને બુદ્ધિવાદનાં નૈતિક પ્રતિમાન પણ એક બીજાથી ભિન્ન છે. તેનું મૂળ કારણ બંનેની મૂલ્યદૃષ્ટિની ભિન્નતા છે. એક ભોગવાદનો સમર્થક છે તો બીજો વૈરાગ્યવાદનો. માત્ર એટલું જ નહીં સુખવાદી વિચારક પણ "કયું સુખ સાધ્ય છે?" તે પ્રશ્ન પર એકમત નથી. કોઈ વ્યક્તિગત સુખને સાધ્ય બતાવે છે તો કોઈ સમષ્ટિગત સુખને અથવા અધિકતમલોકોના અધિકતમ સુખને. પછી ભલે તે એકેન્દ્રિક સુખ હોય કે માનસિક સુખ હોય. અથવા આધ્યાત્મિક આનંદ હોય. આ પ્રશ્ન પર પણ મતભેદ છે. વૈરાગ્યવાદી પરંપરા પણ સુખને સાધ્ય માને છે. પરંતુ તે જે સુખની વાત કરેછે તે સુખ વસ્તુગત નથી, તે ઈચ્છા, આસક્તિ કે તૃષ્ણા સમાપ્ત થવાથી ચેતનાની નિર્દ્વન્દ્વ તણાવરહિત સમાધિ પૂર્ણ અવસ્થા છે. આ રીતે સુખને સાધ્ય માનવાના પ્રશ્ન પર તેમાં આ રીતે સહમતી હોવા છતાં પણ તેના નૈતિક પ્રતિમાન ભિન્ન ભિન્ન જ હશે ! કારણકે સુખની પ્રકૃતિઓ ભિન્ન છે.

જો કે પૂર્ણતાવાદ આત્મોપલબ્ધિને સાધ્ય માનીને સુખવાદ અને બુદ્ધિવાદ વચ્ચે સમન્વય સાધવાનો પ્રયત્ન અવશ્ય કરેછે. પરંતુ તેઓ આ પ્રયત્નમાં સફળ થયા છે તેવું નથી કહી શકાતું. વળી તે પણ કોઈએક સાર્વભૌમ નૈતિક પ્રતિમાનને પ્રસ્તુત કરી શકે છે એમ માનવું ભૂલભર્યું છે. કારણકે વ્યક્તિઓનાં હિત માત્ર ભિન્ન ભિન્ન નથી, પરંતુ પરસ્પર વિરોધી પણ છે. રોગીનું કલ્યાણ અને ડો.નું કલ્યાણ એક નથી, શ્રમિકનું-કલ્યાણ તેના સ્વામીના કલ્યાણથી જુદું છે. કોઈ સાર્વભૌમ- શુભ (Universal good) ની વાત ગમે તેટલી આકર્ષક કેમ ન હોય છતાં પણ તે ભ્રાંતિજ છે. વ્યક્તિગત હિતોના યોગ સિવાય સામાન્ય હિત (common good) માત્ર અમૂર્ત કલ્પના છે. માત્ર વ્યક્તિઓનાં હિત કે શુભ અલગ અલગ નથી હોતાં, પરંતુ બે ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં એક જ વ્યક્તિનું હિત પણ જૂદું જૂદું હશે. એક જ વ્યક્તિ બે ભિન્ન ભિન્ન સ્થિતિઓમાં દાતા અને યાચક બંને હોઈ શકે છે. પરંતુ શું બંને સ્થિતિમાં તેનું હિત સમાન હશે ? સમાજમાં એકનું હિત બીજાના હિતનું બાધક થઈ શકે છે. રસેન્દ્રિય કે યૌનવાસનાની સંતુષ્ટિનું હિત અને સ્વાસ્થ્ય સંબંધી હિત (Good) સહગામી હોય એવું આવશ્યક નથી. વસ્તુતઃ આ ધારણા કે મનુષ્યનું કંઈ સામાન્ય શુભ છે. પોતાનામાં તે યથાર્થ છે. જેને આપણે સામાન્ય શુભ કહીએ છીએ તે વિભિન્ન શુભોનો એવો સ્કન્ધ છે, તેમાં માત્ર ભિન્ન ભિન્ન શુભોની પૃથક્ પૃથક્ સત્તા છે એવું નથી પરંતુ તે એકબીજાના વિરોધમાં પણ હોય છે. શુભ એક નથી અનેક છે. અને તેમાં પારસ્પરિક વિરોધ પણ છે. શું આત્મલાભ કે આત્મ ત્યાગની વચ્ચે કોઈ વિરોધ નથી ? જો પૂર્ણતાવાદી નિમ્ન આત્મા (Lower Self) ના ત્યાગદ્વારા ઉચ્ચાત્મા (Higher Belt) ના લાભની વાત કહે છે તો તે જીવનના આ બંને પક્ષમાં વિરોધનો સ્વીકાર કરે છે. વળી નિમ્નાત્મા પણ આપણો આત્મા છે. અને જો આપણે તેના નિષેધની વાત સ્વીકાર કરીએ છીએ તો આપણે પૂર્ણતાવાદનો સિદ્ધાંત છોડીને પ્રકારાન્તરથી બુદ્ધિવાદ કે વૈરાગ્યવાદનો જ સ્વીકાર કરવો પડશે. આવી રીતે વ્યક્તિગત આત્મા અને સામાજિક આત્માનો અથવા સ્વાર્થ અને પદાર્થનો અંતર્વિરોધ પણ સમાપ્ત નથી કરી શકાતો. માટે મૂલ્યવાદ કોઈ મૂલ્યની વાત ન કહેતાં મૂલ્યો કે 'મૂલ્યવિશ્વ'ની વાત કહે છે. મૂલ્યોની વિપુલતાના આ સિદ્ધાંતમાં નૈતિક પ્રતિમાનની વિવિધતા સ્વભાવિક જ હશે. કારણ કે પ્રત્યેક મૂલ્યનું મૂલ્યાંકન કોઈ દૃષ્ટિ વિશેષના આધારે જ થશે. જોકે મનુષ્યની જીવનદૃષ્ટિઓ તથા મૂલ્યદૃષ્ટિઓ વિવિધ છે. માટે તેના પર આધારિત નૈતિક પ્રતિમાન પણ વિવિધ જ હશે. વળી મૂલ્યવાદમાં મૂલ્યોના તારતમ્યના કારણે સદાય વિવાદ જ રહ્યો છે. એક દૃષ્ટિએ જે સર્વોચ્ચ મૂલ્ય લાગે છે તે બીજી દૃષ્ટિથી નિમ્નમૂલ્ય પણ થઈ શકે છે, મનુષ્યની જીવનદૃષ્ટિ કે મૂલ્યદૃષ્ટિનું નિર્માણ પણ સ્વયં તેના સંસ્કારો એવં પરિવેશજન્ય તથ્યો થી પ્રભાવિત હોય છે. માટે મૂલ્યવાદ નૈતિક પ્રતિમાનના સંદર્ભમાં વિવિધતાની ધારણાને જ પુષ્ટ કરે છે. આ રીતે આપણે જોઈએ છીએ કે નૈતિક પ્રતિમાનના પ્રશ્ન પર માત્ર વિવિધ દૃષ્ટિકોણથી જ વિચાર થયો છે એવું નથી. પરંતુ તેના પ્રત્યેક સિદ્ધાંત સ્વયં જ એટલા બધા અંતર્વિરોધથી યુક્ત છે કે તે એક સાર્વભૌમ નૈતિક માપદંડ હોવાનો દાવો કરવામાં અસમર્થ છે. આજે પણ આ સંબંધી કોઈપણ સર્વમાન્ય સિદ્ધાંતનો અભાવ છે. વસ્તુતઃ નૈતિક માનદંડોની આ વિવિધતા સ્વભાવિક જ છે અને જે લોકો કોઈ એક સર્વમાન્ય નૈતિક પ્રતિમાનની વાત કરે છે તે કલ્પનાલોક માં જ વિચરણ કરે છે. નૈતિક પ્રતિમાનોની આ વિવિધતાનાં કેટલાય કારણો છે. સર્વપ્રથમતો નૈતિકતા અને અનૈતિકતાનો આ પ્રશ્ન એવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યના સંદર્ભમાં છે કે જેની પ્રકૃતિ બહુ આયામી (Multi dimensional) અને અન્તર્વિરોધોથી પરિપૂર્ણ છે. મનુષ્ય માત્ર ચેતનસત્તા નથી. પરંતુ ચેતનાયુક્ત શરીર છે. તે માત્ર વ્યક્તિ નથી. પરંતુ સમાજમાં જીવવાવાળા વ્યક્તિ છે. તેના અસ્તિત્વમાં વાસના અને વિવેક તથા વૈયક્તિકતા અને સામાજિકતામાં તત્ત્વ સમાહિત છે. અહીં આપણે એ પણ સમજી લેવાનું છે કે વાસના અને વિવેકમાં તથા વ્યક્તિ અને સમાજમાં સ્વભાવતઃ સંગતિ (Harmony) નથી. તે સ્વભાવતઃ એક બીજાના વિરોધમાં છે. મનોવૈજ્ઞાનિક પણ આ માને છે કે "ઈડ" (વાસના તત્ત્વ) અને "સુપર ઈગો" (આદર્શ તત્ત્વ) માનવીયચેતના સમક્ષ પ્રતિપક્ષીના રૂપમાં જ ઉપસ્થિત થાય છે. તેનામાં સમર્પણ અને શાસનની બે વિરોધિમૂલ પ્રકૃતિઓ એકસાથે કામ કરે છે. એકબાજુ તે પોતાની અસ્મિતાને બચાવી રાખવા ઈચ્છે છે અને બીજીબાજુ પોતાના વ્યક્તિત્વને વ્યાપક બનાવવા ઈચ્છે છે, સમાજ સાથે જોડાવા ઈચ્છે છે. આવા બહુ આયામી તથા અંતર્વિરોધોથી યુક્ત સત્તાના શુભ કે હિત એક નહીં અનેક હશે. અને જ્યારે મનુષ્યનાં શુભ કે હિત (good) જ વિવિધ છે તો પછી નૈતિક પ્રતિમાન પણ વિવિધજ હશે ! કોઈ પરમશુભ (Ultimate good) ની કલ્પના પરમસત્તા (Ultimate reality) ના પ્રસંગમાં ભલે સાચા પણ હોય, પરંતુ માનવીય અસ્તિત્વના પ્રસંગમાં સાચા નથી. મનુષ્યને મનુષ્ય માની ચાલવું પડશે ઈશ્વર માનીને નહીં અને એક મનુષ્યના રૂપમાં તેના હિત કે સાધ્ય વિવિધ પણ હશે. સાથો સાથ હિતો કે સાધ્યોના આ વિવિધતા નૈતિક પ્રતિમાનોની એકતા ને સૂચિત કરશે.

નૈતિક પ્રતિમાનનો આધાર વ્યક્તિની જીવનદષ્ટિ કે મૂલ્યદષ્ટિ હશે પરંતુ વ્યક્તિની મૂલ્યદષ્ટિ કે જીવનદષ્ટિ વ્યક્તિઓના બૌદ્ધિક વિકાસ સંસ્કાર અને પર્યાવરણના આધારે જ નિર્મિત હોય છે. વ્યક્તિઓનો બૌદ્ધિક વિકાસ પર્યાવરણ અને સંસ્કારમાં ભિન્નતાઓ સ્વભાવિક છે. માટે તેની મૂલ્યદષ્ટિઓ અલગ-અલગ હશે. અને જો મૂલ્યદષ્ટિઓ ભિન્ન-ભિન્ન હશે તો નૈતિક પ્રતિમાન પણ વિવિધ હશે. આ એક આનુભવિક તથ્ય છે કે વિવિધદષ્ટિકોણના આધારે એકજ ઘટનાના નૈતિક મૂલ્યાંકન અલગ અલગ હોય છે. દાખલા તરીકે પરિવાર નિયોજનની ધારણા ઘણીવસ્તીવાળા દેશોમાં ભલે ઊચિત હોય પરંતુ અલ્પવસ્તીવાળા દેશોમાં તથા જાતિઓની દષ્ટિએ અનુચિત હશે. રાષ્ટ્રવાદ પોતાની પ્રજાકીય અસ્મિતાની દષ્ટિએ ભલે સારો હોય, પરંતુ સંપૂર્ણ માનવતાની દષ્ટિએ અનુચિત છે. આપણે ભારતીય જ એકબાજુ જાતિવાદ અને સંપ્રદાયવાદને વખોડીએ છીએ તો બીજીબાજુ ભારતીયતાના નામથી પોતાને ગૌરવાન્વિત કરીએ છીએ, શું અહીં આપણે બેવડા માપદંડનો ઉપયોગ નથી કરતા ? આ તંત્રતાની વાત જ લ્યો શું સ્વતંત્રતા અને સામાજિક અનુશાસન સહગામી થઈ ને ચાલી શકે છે ? આપતકાલને જ લ્યો. વ્યક્તિગત સ્વતંત્રતાના હનનની દષ્ટિથી કે નોકરશાહી હોવાની દષ્ટિથી આપણે તેની આલોચના કરી શકીએ છીએ. પરંતુ અનુશાસન જાળવી રાખવા અને અરાજકતાને સમાપ્ત કરવાની દષ્ટિથી તેને ઉચિત કહેવામાં આવે છે. વસ્તુતઃ ઉચિતતા કે અનુચિતતાનું મૂલ્યાંકન કોઈ એક દષ્ટિકોણના આધારે ન હોતાં, વિવિધદષ્ટિકોણના આધારે હોય છે. જે એક દષ્ટિકોણ કે અપેક્ષાથી નૈતિક હોઈ શકે છે. તે જ બીજા દષ્ટિકોણ કે અપેક્ષાથી અનુચિત હોઈ શકે છે. જે એક પરિસ્થિતિમાં ઉચિત હોય, તે બીજી પરિસ્થિતિમાં અનુચિત પણ હોઈ શકે છે. જે એક વ્યક્તિ માટે ઉચિત હોય તે બીજી વ્યક્તિ માટે અનુચિત પણ હોઈ શકે છે. એક સ્થૂલ શરીરવાળા વ્યક્તિ માટે સ્નિગ્ધ પદાર્થોનું સેવન અનુચિત છે. પરંતુ કૃશકાય વ્યક્તિ માટે ઉચિત છે. માટે આપણે કહી શકીએ છીએ કે નૈતિક મૂલ્યાંકનના વિવિધ દષ્ટિકોણ છે અને વિવિધ દષ્ટિકોણના આધારે વિવિધ નૈતિક પ્રતિમાન બને છે. જે એકજ ઘટનાના અલગ-અલગ નૈતિક મૂલ્યાંકન કરે છે.

નૈતિક મૂલ્યાંકન પરિસ્થિતિ સાપેક્ષ અને દષ્ટિ સાપેક્ષ મૂલ્યાંકન છે. માટે તેની સાર્વભૌમ સત્યતાનો દાવો કરવો પણ વ્યર્થ છે. કોઈ દષ્ટિ વિશેષ કે અપેક્ષા વિશેષના આધારે જ તે સત્ય હોય છે. સંક્ષેપમાં સર્વે નૈતિક પ્રતિમાન મૂલ્યદષ્ટિથી સાપેક્ષ છે અને મૂલ્યદષ્ટિ સ્વયં વ્યક્તિઓના બૌદ્ધિક વિકાસ, સંસ્કાર તથા સાંસ્કૃતિક, સામાજિક અને ભૌતિક પર્યાવરણ પર નર્ભર કરે છે. અને એટલા માટે કે વ્યક્તિઓના બૌદ્ધિક વિકાસ, સંસ્કાર તથા સાંસ્કૃતિક, સામાજિક અને ભૌતિક પર્યાવરણમાં વિવિધતા અને પરિવર્તનશીલતા છે. માટે નૈતિક પ્રતિમાનોમાં વિવિધતા કે અનેકતા સ્વભાવિક છે.

વ્યક્તિગત શુભની દષ્ટિથી પ્રસ્તુત નૈતિક પ્રતિમાન સામાજિક શુભની દષ્ટિથી પ્રસ્તુત નૈતિક પ્રતિમાનથી ભિન્ન હશે. આ રીતે વાસના પર આધારિત નૈતિક પ્રતિમાન વિવેક પર આધારિત નૈતિક પ્રતિમાનથી અલગ હશે. રાષ્ટ્રવાદથી પ્રભાવિત વ્યક્તિની નૈતિક કસોટી આંતરરાષ્ટ્રીયતાના સમર્થક વ્યક્તિની નૈતિક કસોટી પૃથક્ હશે. પૂંજીવાદ અને સામ્યવાદના નૈતિક માનદંડ ભિન્ન ભિન્ન જ રહેશે. માટે નૈતિક માનદંડોની અનેકતાને સ્વીકારતાં એ માનવું પડશે કે પ્રત્યેક નૈતિક માનદંડ પોત-પોતાના દષ્ટિકોણના આધારે સત્ય જ છે.

કેટલાક લોકો કોઈ પરમશુભની અવધારણાના આધારે કોઈ એક નૈતિક પ્રતિમાનનો દાવો કરી શકે છે. પરંતુ તે પરમશુભ કે આ વિભિન્ન શુભો કે હિતોને પોતાનામાં અંતર્નિહિત કરશે કે

Jain Education International For Private & Personal Use Only  www.jainelibrary.org

તેનાથી પૃથક્ હશે, જો તે આ ભિન્ન-ભિન્ન માનવીય શુભોને પોતાનામાં અંતર્નિહિત કરશે તો તે પણ નૈતિક પ્રતિમાનોની અનેકતાનો સ્વીકાર કરશે. અને જો તે આ માનવીય શુભોથી પૃથક હશે તો નીતિશાસ્ત્ર માટે વ્યર્થ જ હશે. કારણકે નીતિશાસ્ત્રનો પુરેપુરો સંદર્ભ-માનવ સંદર્ભ છે. જ્યાં સુધી મનુષ્ય મનુષ્ય જ છે ત્યાં સુધી જ નૈતિક પ્રતિમાનનો પ્રશ્ન મહત્ત્વપૂર્ણ છે. જો મનુષ્ય મનુષ્યસ્તરથી આગળ વધીને દેવત્વ પ્રાપ્ત કરી લે છે કે મનુષ્યસ્તરથી નીચે ઉતરીને પશુ બની જાય છે તો તેના માટે નૈતિકતા કે અનૈતિકતાનો કોઈ અર્થ જ નથી રહેતો અને આવા યથાર્થ મનુષ્ય માટે નૈતિકતાનાં પ્રતિમાન અનેક હશે. નૈતિક પ્રતિમાનોના સંદર્ભમાં આ અનેકાંતદષ્ટિ સમ્યક્દષ્ટિ હશે. તેને આપણે નૈતિક પ્રતિમાનોનો અનેકાન્તવાદ કહી શકીએ.

**જૈનદર્શનમાં સદાચારના માનદંડ :**

વળી પણ મૂલ પ્રશ્ન એ છે કે જૈનદર્શનનું ચરમ માધ્યમ શું છે ? જૈનદર્શન પોતાના ચરમ સાધ્યની બાબતમાં સ્પષ્ટ છે. તેના અનુસાર વ્યક્તિનું ચરમ સાધ્ય મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ છે તે એમ માને છે કે જો આચરણ નિર્વાણ કે મોક્ષની દિશામાં જાય છે તે જ આચરણ સદાચારની કોટિમાં આવે છે. બીજા શબ્દોમાં જે આચરણ મુક્તિનું કારણ છે તે સદાચાર છે અને જે આચરણ બંધનનું કારણ છે તે દુરાચાર છે, પરંતુ અહીં આપણે એ પણ સ્પષ્ટ કરવું પડશે કે તેનું મોક્ષ કે નિર્વાણથી શું તાત્પર્ય છે ? જૈનધર્માનુસાર નિર્વાણ કે મોક્ષ સ્વભાવદશા તથા આત્મપૂર્ણતાની પ્રાપ્તિ છે. વસ્તુતઃ આપણું જે નિજસ્વરૂપ છે તેને પ્રાપ્ત કરી લેવું અથવા આપણી બીજરૂપ ક્ષમતાઓને વિકસિત કરી આત્મપૂર્ણતાની પ્રાપ્તિ કરવી તે જ મોક્ષ છે. તેની પારંપરિક શબ્દાવલીમાં પરભાવથી હટી સ્વભાવમાં સ્થિત થઈ જવું તે જ મોક્ષ છે. આ જ કારણે જૈનદાર્શનિકોએ ધર્મની એક વિલક્ષણ અને મહત્ત્વપૂર્ણ પરિભાષા આપી છે. તેના અનુસાર ધર્મ તે જ છે જે વસ્તુનો નિજસ્વભાવ છે. (वत्थु सहावो धम्मो) વ્યક્તિનો ધર્મ કે સાધ્ય તે જ હોઈ શકે છે. જે તેની ચેતના કે આત્માનો નિજસ્વભાવ છે અને જે આપણો નિજ સ્વભાવ છે તે મેળવી લેવો તે જ મુક્તિ છે. માટે તે સ્વભાવ દશા તરફ લઈ જનાર આચરણ જ સદાચરણ કહેવાય છે.

વળી પ્રશ્ન એ ઉઠે છે કે આપણો સ્વભાવ શું છે ? વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિમાં ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછ્યો "ભન્તે ! આત્માનું નિજસ્વરૂપ શું છે ? આત્માનું સાધ્ય શું છે ? ભગવાન મહાવીરે આ પ્રશ્નના જે ઉત્તર આપ્યા હતા તે આજે પણ સમસ્ત જૈન આચાર દર્શનમાં કોઈ કર્મના નૈતિક મૂલ્યાંકનનો આધાર છે. મહાવીરે કહ્યું હતું" આત્મા સમત્વ સ્વરૂપ છે અને તે સમત્વ સ્વરૂપ ને પ્રાપ્ત કરી લેવું એ જ આત્માનું સાધ્ય છે." બીજા શબ્દોમાં સમતા સ્વભાવ છે અને વિષમતા વિભાવ છે અને જે વિભાવથી સ્વભાવની દિશામાં અથવા વિષમતાથી સમતાની દિશામાં લઈ જાય છે તે ધર્મ છે, નૈતિકતા છે, સદાચાર છે, અર્થાત્ વિષમતાથી સમતા તરફ લઈ જવાવાળું આચરણ જ સદાચાર છે. સંક્ષેપમાં જૈન ધર્માનુસાર સદાચાર કે દુરાચારનાં માનદંડ સમતા અને વિષમતા અથવા સ્વભાવ તથા વિભાવનાં તત્ત્વ છે. સ્વભાવથી ફલિત થવાવાળું આચરણ સદાચાર છે. વિભાવ કે પરભાવથી ફલિત થવાવાળું આચરણ દુરાચાર છે.

અહીં આપણે સમતાના સ્વરૂપ પર પણ વિચાર કરી લેવો પડશે. જોકે દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી સમતાનો અર્થ પરભાવથી હટીને શુદ્ધ સ્વભાવ દશામાં સ્થિત થઈ જવું છે. પરંતુ આપણી વિવિધ અભિવ્યક્તિની દૃષ્ટિથી વિભિન્ન પરિસ્થિતિઓમાં તે વિભિન્ન નામોથી સંબોધાય છે. આધ્યાત્મિકદૃષ્ટિથી સમતા કે સ્વભાવનો અર્થ રાગ-દ્વેષથી પર વીતરાગતા કે અનાસક્તભાવની ઉપલબ્ધિ છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી માનસિક સમત્વનો અર્થ સમસ્ત ઈચ્છાઓ, આકાંક્ષાઓથી રહિત મનની શાંત અને તિક્ષોભ (તણાવ) રહિત અવસ્થા આજ સમત્વ જ્યારે આપણા સામુદાયિક કે સામાજિક જીવનમાં ફલિત થાય છે તો તેને આપણે અહિંસાના નામથી સંબોધિત કરીએ છીએ. વૈચારિક દૃષ્ટિથી તેને આપણે અનાગ્રહ કે અનેકાન્તદૃષ્ટિ કહીએ છીએ. જ્યારે આપણે આ સમત્વનો આર્થિક પક્ષથી વિચાર કરીએ છીએ ત્યારે અપરિગ્રહનામથી જાણીએ છીએ, સામ્યવાદ તથા ન્યાયી સિદ્ધાંત આ અપરિગ્રહવૃત્તિની આધુનિક અભિવ્યક્તિ છે. એજ સમત્વ માનસિક ક્ષેત્રમાં અનાસક્તિ કે વીતરાગતાના રૂપમાં, સામાજિક ક્ષેત્રમાં અહિંસાના રૂપમાં, વૈચારિકતાના ક્ષેત્રમાં અનાગ્રહ કે અનેકાંતના રૂપમાં અને આર્થિક ક્ષેત્રમાં અપરિગ્રહના રૂપમાં અભિવ્યક્ત થાય છે. માટે જૈનધર્માનુસાર સમત્વ નિર્વિવાદ રૂપથી સદાચારનો માનદંડ સ્વીકારાય છે. પરંતુ 'સમત્વ' ને સદાચારનો માનદંડ સ્વીકાર કરતાં છતાં પણ તેનો વિવિધ પાસાંઓથી વિચારતો કરવો જ પડશે. કારણ કે સદાચારનો સંબંધ આપણા સાધ્યની સાથે સાથે તે સાધનોથી પણ હોય છે કે જેના દ્વારા આપણે તેને મેળવવા ઈચ્છીએ છીએ અને જે રૂપમાં તે આપણા વ્યવહારમાં અને સામુદાયિક જીવનમાં પ્રગટ થાય છે.

જ્યાં સુધી વ્યક્તિના ચૈતસિક કે આંતરિક સમત્વની વાત છે ત્યારે આપણે તેને વીતરાગ મનોદશા કે ચિત્તવૃત્તિની સાધના માની શકીએ છીએ. વળી પણ સમત્વની સાધનાનું આ રૂપ આપણા વ્યક્તિગત તથા આંતરિક જીવનથી અધિક સંબંધિત છે. આ વ્યક્તિની મનોદશાનો પરિચાયક છે. એ ઠીક છે કે વ્યક્તિની મનોદશાનો પ્રભાવ તેના આચરણ પર પણ હોય છે અને આપણે વ્યક્તિના આચરણનું મૂલ્યાંકન કરતી વખતે તેના આ આંતરિક પક્ષ પર વિચાર પણ કરીએ છીએ. છતાં પણ આ સદાચાર કે દુરાચારનો પ્રશ્ન આપણા વ્યવહારના બાહ્ય પક્ષ અને સામુદાયિક સાથે અધિક જોડાયેલો છે. જ્યારે પણ આપણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદાચાર અને દુરાચારના કોઈ માનદંડની વાત કરીએ છીએ તો આપણી દષ્ટિ વ્યક્તિના આચરણના બાહ્ય પક્ષ પર અથવા તે આચરણનો બીજા પર શું પ્રભાવ પડે છે કે શું પરિણામ આવે છે એ વાતપર અધિક હોય છે. સદાચાર કે દુરાચારનો પ્રશ્ન માત્ર કર્તાના આંતરિક મનોભાવો કે વ્યક્તિગત જીવનથી સંબંધિત નથી. તે આચરણના બાહ્ય પ્રભાવ તથા આપણા સામાજિક જીવનમાં તેના આચરણના પરિણામો પર વિચાર કરે છે. અહીં આપણે સદાચાર અને દુરાચારની વ્યાખ્યા માટે કોઈ એવી કસોટી શોધવી પડશે જે આચારના બાહ્યપક્ષ અથવા આપણા વ્યવહારના સામાજિક પક્ષને પણ આપણામાં સમેટી શકે. સામાન્યતઃ ભારતીય ચિંતનમાં આ સંબંધમાં એક સર્વમાન્ય દષ્ટિકોણ એ છે કે પરોપકાર જ પુણ્ય છે અને પરપીડા જ પાપ છે. તુલસીદાસે તેને નિમ્ન શબ્દોમાં પ્રગટ કરેલ છે.

"પરહિત સરિસ ધરમ નહીં ભાઈ,

પર-પીડા સમ નહીં અધમાઈ"

અર્થાત્ જે આચરણ બીજાને માટે કલ્યાણકારી કે હિતકારી છે તે સદાચાર છે, પુણ્ય છે અને બીજાને માટે અકલ્યાણકારી છે, અહિતકર છે તેજ પાપ છે, દુરાચાર છે. જૈનધર્મમાં સદાચારના આવા જ એક માનદંડની ચર્ચા આચારાંગ સૂત્રમાં ઉપલબ્ધ થાય છે. ત્યાં કહ્યું છે કે- "ભૂતકાલમાં જેટલા અર્હંત થયા છે. વર્તમાન કાલમાં જેટલા અર્હંત છે અને ભવિષ્યમાં જેટલા અર્હંત થશે. બધા એ જ ઉપદેશ આપે છે કે સર્વે પ્રાણો, સર્વે ભૂતો, સર્વે જીવો અને સર્વે સત્ત્વોનો કોઈ પ્રકારનો પરિતાપ ઉદ્વેગ કે દુઃખ ન હોવું જોઈએ, કોઈનું હનન ન કરવું જોઈએ." "જો શુદ્ધ, નિત્ય અને શાશ્વત ધર્મ છે." પરંતુ માત્ર બીજાની હિંસા નહીં કરવાનો અહિંસાનો નિષેધાત્મક પક્ષના કે બીજાના હિત સાધનનેજ સદાચારની કસોટી નથી માની શકાતી. એવી અવસ્થા સંભવ છે કે જ્યારે મારા અસત્ય ભાષણ તથા અનૈતિક આચરણ દ્વારા બીજાનું હિત સાધ્ય છે કે કમ સે કમ બીજાનું અહિત ન થાય.

પરંતુ શું આવા આચરણને સદાચાર કહેવાનું સાહસ કરી શકશો ? શું વેશ્યાવૃત્તિના માધ્યમથી અપાર ધનરાશીને એકત્રિત કરી તેને લોકહિત માટે વ્યય કરવા માત્રથી કોઈ સ્ત્રી સદાચારીની કોટિમાં આવી શકશે ? અથવા યૌન વાસનાની સંતુષ્ટિનું તે રૂપ કે જેમાં બીજા કોઈપણ પ્રાણીની હિંસા નથી થતી તે દુરાચારની કોટિમાં નહીં આવે ? સૂત્રકૃતાંગમાં સદાચારિતાનો એક આવો જ દાવો અન્યતીર્થીઓ દ્વારા પ્રસ્તુત પણ કરાયો છે. જેને મહાવીરે અમાન્ય કરી દીધો હતો. શું આપણે તે વ્યક્તિને કે જે સંપત્તિને ગરીબોમાં વિતરીત કરી દે છે તેને સદાચારી માની શકીશું ? એક ચોર અને એક સંત બંને વ્યક્તિને સંપત્તિના પાશમાંથી મુક્ત કરે છે. છતાં પણ બંને સમાન કોટિના નથી મનાતા વસ્તુતઃ સદાચાર કે દુરાચારનો નિર્ણય માત્ર એક જ આધાર પર નથી થતો. તેમાં આચરણનો પ્રેરક આંતરિક પક્ષ અર્થાત્ તેની મનોદશા અને આચરણનું બાહ્ય પરિણામ અર્થાત્ સામાજિક જીવન પર તેનો પ્રભાવ બંને વિચારણીય છે. આચારની શુભાશુભતા વિચાર પર અને વિચાર કે મનોભાવોની શુભશુભતા સ્વયં વ્યવહાર પર નિર્ભર છે. સદાચાર કે દુરાચારનો માનદંડ તો એવો હોવો જોઈએ કે આ બંનેને સમાવિષ્ટ કરી શકે.

સાધારણતઃ જૈનધર્મ સદાચારનો માનદંડ અહિંસાને સ્વીકારે છે. પરંતુ અહીં આપણે એ વિચારવાનું છે કે શું માત્ર કોઈને દુઃખ કે પીડા ન આપવી કે કોઈની હત્યા ન કરવી એ જ માત્ર અહિંસા છે ? જો અહિંસાની માત્ર આટલી જ વ્યાખ્યા છે તો પછી આ સદાચાર કે દુરાચારનો માનદંડ નહીં બની શકે. જોકે જૈનાચાર્યોએ સદૈવ તેને સદાચારનો એકમાત્ર આધાર તરીકે પ્રસ્તુત કરેલ છે. અમૃતચન્દ્રાચાર્યએ કહ્યું છે કે- 'અનૃતવચન, સ્તેય, મૈથુન, પરિગ્રહ આદિ પાપોનાં જે ભિન્ન ભિન્ન નામ આપ્યાં છે તે તો માત્ર શિષ્ય બોધ માટે છે. મૂલતઃ તો તે બધી હિંસા જ છે. વસ્તુતઃ જૈનાચાર્યોએ અહિંસાને એક વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિચારેલ છે. તે આંતરિક પણ છે અને બાહ્ય પણ છે. તેનો સંબંધ વ્યક્તિથી પણ છે અને સમાજથી પણ છે. તેને જૈન પરિભાષામાં સ્વની હિંસા ને પરની હિંસા એવા બે ભાગોમાં વહેંચી છે. જ્યારે તે આપણા સ્વ-સ્વરૂપ કે સ્વભાવદશાનો ઘાત કરે છે તો સ્વહિંસા છે અને તે જ્યારે બીજાનાં હિતોને ચોંટ પહોંચાડે છે તો પરની હિંસા છે. સ્વની હિંસાના રૂપમાં તે આંતરિક પાપ છે તો પરની હિંસાના રૂપમાં તે સામાજિક પાપ છે. પરંતુ તેનાં આ બંને રૂપ દુરાચારની કોટિમાં જ આવે છે. માટે આ વ્યાપક અર્થમાં હિંસાને દુરાચાર અને અહિંસાને સદાચારની કસોટી માની શકાય છે.

**જૈનદર્શનમાં સદાચાર અને દુરાચારની સાપેક્ષતા અને નિરપેક્ષતાનો પ્રશ્ન :**

પશ્ચિમની જેમ ભારતમાં પણ નૈતિકતાના સાપેક્ષ અને નિરપેક્ષ પક્ષો પર ઘણો ગહન વિચાર થયેલ છે. નૈતિક કર્મોને અપવાદાત્મક અને નિરપવાદિતાની ચર્ચાના સ્વર વેદો, સ્મૃતિગ્રંથો અને પૌરાણિક સાહિત્યમાં ઘણા જોરથી સંભળાય છે.[૧] જૈન વિચારણા અનુસાર, નૈતિકતાને એકાન્તિક રૂપથી નથી સાપેક્ષ કહ્યો કે નથી નિરપેક્ષ કહ્યો.[૨] નિરપેક્ષના અભાવમાં

(૧) જુઓ ગીતા રહસ્ય, અધ્યાય-૨, કર્મજિજ્ઞાસા.

(૨) સ્વયંભૂસ્તોત્ર, ૧૦૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાપેક્ષ સાચો નથી તે નિરપેક્ષ એટલા માટે છે કે તે સાપેક્ષતાની ઉપર પણ છે. નૈતિકતાના સાપેક્ષતા અને નિરપેક્ષતાના પ્રશ્નનો એકાંતિક હલ જૈન વિચારણા પ્રસ્તુત નથી કરી શકતી. તે નૈતિકતાને સાપેક્ષ માનતા હોવા છતાં પણ તેમાં નિરપેક્ષતાના સામાન્ય તત્ત્વની અવધારણા કરે છે. તે સાપેક્ષ નૈતિકતાની કમજોરીને સ્પષ્ટ રૂપથી જાણતી હતી કે તેમાં નૈતિક આદર્શના રૂપમાં જે સામાન્ય તત્ત્વની આવશ્યકતા હોય છે. તેનો અભાવ હોય છે. સાપેક્ષ નૈતિકતા આચરણનાં તથ્યોને પ્રસ્તુત કરે છે. પરંતુ આચરણના આદર્શને નથી કરતી. આજ કારણ છે કે જૈન વિચારણાએ આ કારણના નિરાકરણ માટે સમન્વયાત્મક દૃષ્ટિકોણ અપનાવ્યો છે. જેને સ્પેન્સર અને ડીવીએ પોતાની દાર્શનિક પૃષ્ઠભૂમિના નવીન સંદર્ભો વર્તમાન યુગમાં પ્રસ્તુત કર્યા છે.

આ પ્રશ્ન પર ઉંડાઈથી વિચાર કરવો આવશ્યક છે કે જૈન નૈતિકતા કયા અર્થમાં સાપેક્ષ છે ? અને કયા અર્થમાં નિરપેક્ષ છે ? જૈન તત્ત્વજ્ઞાન અનેકાન્ત સિદ્ધાંતને આધાર માનીને ચાલે છે. તેના અનુસાર સત્ અનંત ધર્માત્મક છે. માટે સત્ સંબંધી પ્રાપ્ત બધું જ્ઞાન આંશિક જ હશે. પૂર્ણ નહીં હોય. આપણે જો નૈતિકતાના ક્ષેત્રમાં આવીએ છીએ અથવા જો તેના આચરણમાં લાગ્યા છીએ તે પૂર્ણ નથી. આપણને આપણી અપૂર્ણતાનો સ્પષ્ટ બોધ છે માટે આપણે જે પણ જાણશું તે અપૂર્ણ જ હશે, સાન્ત હશે, સમક્ષ હશે અને તે આંશિક અને સાપેક્ષ હશે. જો જ્ઞાન જ સાપેક્ષ હશે તો આપણા નૈતિક નિર્ણય પણ સાપેક્ષ હશે. જે આપણે પ્રાપ્ત જ્ઞાનના આધારે આપીએ છીએ. તે સાપેક્ષ જ હશે. આ રીતે અનેકાંતની ધારણાથી નૈતિક નિર્ણયોની સાપેક્ષતા નિષ્પન્ન થાય છે.

આચરણના જે તથ્યોને આપણે શુભ-અશુભ અથવા પુણ્ય-પાપના નામથી સંબોધિત કરીએ છીએ. તેના સંદર્ભમાં સાધારણ વ્યક્તિ દ્વારા અપાયેલા નિર્ણયો સાપેક્ષ જ હોય છે. નિર્ણયો આપવામાં કમ સે કમ કર્તાનું પ્રયોજન એવં કર્મના પરિણામનો પક્ષ તો ઉપસ્થિત હોય જ છે. બીજા વ્યક્તિના આચરણના સંબંધમાં આપણે આપેલા નિર્ણયો અધિકાંશ પરિણામ સાપેક્ષ હોય છે. જ્યારે પોતાના આચરણ સંબંધી નિર્ણય પ્રયોજન સાપેક્ષ હોય છે. કોઈપણ વ્યક્તિને એવું તો સંપૂર્ણ જ્ઞાન હોતું નથી કે કર્તાનું પ્રયોજન શું હતું અને પોતાના કાર્યની બીજા ના પર શું અસર થઈ ? કે શું પરિણામ આવ્યું ? માટે સાધારણ વ્યક્તિના નૈતિક નિર્ણય હંમેશાં અપૂર્ણ જ હશે.

બીજી બાજુ આખું જગત અપેક્ષાઓથી યુક્ત છે. કારણકે જગતની પ્રત્યેક વસ્તુ અનંત ધર્માત્મક છે. આવા જગતમાં આચરિત નૈતિકતા નિરપેક્ષ નથી હોઈ શકતી. સર્વે કર્મો દેશકાલ અથવા વ્યક્તિથી સંબંધિત હોય છે. માટે નિરપેક્ષ નથી હોઈ શકતાં, બાહ્ય જગતની પરિસ્થિતિઓ અને કાર્ય પાછળનું વ્યક્તિગત પ્રયોજન પણ આચરણને સાપેક્ષ બનાવી દે છે.

**જૈન દૃષ્ટિકોણ :**

એકજ પ્રકારથી કરાયેલું કર્મ એક સ્થિતિમાં નૈતિક હોય છે અને ભિન્ન સ્થિતિમાં અનૈતિક થઈ જાય છે. એક જ કાર્ય એક માટે નૈતિક હોઈ શકે છે તો બીજા માટે અનૈતિક હોઈ શકે છે. જૈન વિચારધારા આચરિત કર્મોની નૈતિક સાપેક્ષતાનો સ્વીકાર કરે છે. પ્રાચીનતમ જૈનાગમ આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે- 'જે આચરિત કર્મ આશ્રવ કે બંધનનાં કારણે છે તે પણ મોક્ષનાં કારણ બની જાય છે અને જે મોક્ષનાં કારણ છે તે પણ બંધનનાં કારણ બની જાય છે.'[1] આ રીતે કોઈ પણ અનૈતિક કર્મ વિશેષ પરિસ્થિતિમાં નૈતિક બની જાય છે અને કોઈ પણ નૈતિક કર્મ વિશેષ પરિસ્થિતિમાં અનૈતિક બની જાય છે.

સાધકની મનઃસ્થિતિ, જેને જૈનપરિભાષામાં 'ભાવ' કહે છે તે જ માત્ર આચરણના કર્મોનું મૂલ્યાંકન નથી કરતી અને તેની સાથોસાથ જૈન વિચારકોએ દ્રવ્ય-ક્ષેત્ર અને કાલને પણ કર્મોની નૈતિકતા અને અનૈતિકતાના નિર્ધારક તત્ત્વ તરીકે સ્વીકાર્યા છે. ઉત્તરાધ્યયનચૂર્ણીમાં કહ્યું છે 'તીર્થંકર દેશ અને કાલને અનુરૂપ ધર્મનો ઉપદેશ આપે છે."[2] આચાર્ય આત્મારામજી મહારાજ લખે છે કે- 'બન્ધ અને નિર્જરા (કર્મોની નૈતિકતા અને અનૈતિકતા) માં ભાવોની મુખ્યતા છે. પરંતુ ભાવોની સાથે સ્થાન અને ક્રિયાનું પણ મૂલ્ય છે.'[3] આચાર્ય હરિભદ્રના ગ્રંથ 'અષ્ટપ્રકરણ' ની ટીકામાં આચાર્ય જિનેશ્વરે ચરકસંહિતાનો એક શ્લોક ઉદ્દધૃત કર્યો છે. તેનો આશય એ છે કે દેશ-કાલ અને રોગાદિના કારણે માનવજીવનમાં ક્યારેક એવી સ્થિતિ પણ આવી જાય છે કે અકાર્ય કાર્ય બની જાય છે. વિધાન-નિષેધની કોટિમાં ચાલ્યું જાય છે. આ રીતે જૈન નૈતિકતામાં સ્થાન (દેશ) સમય (કાલ) મનઃસ્થિતિ (ભાવ) અને વ્યક્તિ આ ચાર આપેક્ષિકતાઓનું નૈતિક મૂલ્યોના નિર્ધારણમાં મુખ્ય મહત્વ છે. આચરેલા કર્મ આ ચારેના આધારે નૈતિક અને અનૈતિક બની શકે છે. સંક્ષેપમાં એકાન્તરૂપથી કોઈ આચરણ કર્મ કે ક્રિયા નૈતિક નથી અને કોઈ અનૈતિક નથી. પરંતુ દેશ-કાલ ગત બાહ્ય પરિસ્થિતિઓ અને દ્રવ્ય તથા ભાવગત પરિસ્થિતિઓ તેને એવું

(૧) આચારાંગ - ૧/૪/૨/૧૩૦; જુઓ અમરભારતી મે ૧૯૬૪ પૃ.૧૫

(૨) ઉત્તરાધ્યયન ચૂર્ણિ - ૨૩.

(૩) આચારાંગ, હિન્દી ટીકા - ૩૭૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવી દે છે. આ રીતે જૈન નૈતિકતા વ્યક્તિઓના કર્તવ્યના સંબંધમાં અનેકાંતવાદી કે સાપેક્ષ દૃષ્ટિકોણ અપનાવે છે. તે એ પણ સ્વીકાર કરે છે કે સામાન્ય સ્થિતિમાં કુલદેવોનું પૂજન અથવા દાનાદિકાર્યો જે ગૃહસ્થનું એક નૈતિક કર્તવ્ય છે તે જ સાધુ અને સન્યાસી માટે અકર્તવ્ય હોય છે. અનૈતિક અને અનાચરણીય હોય છે. કર્તવ્યાકર્તવ્ય મિમાંસામાં જૈન વિચારણા કોઈપણ એકાન્તિક દૃષ્ટિકોણનો સ્વીકાર નથી કરતી. આચાર્ય હરિભદ્ર લખે છે કે 'સર્વજ્ઞ તીર્થંકરદેવોએ કોઈ વાત માટે એકાન્ત વિધાન કર્યું નથી અને એકાન્ત નિષેધ પણ કર્યો નથી. તેમનો એકજ આદેશ છે કે તમે જે કંઈ પણ કાર્ય કરી રહ્યા છો તેને સત્યભૂત થઈને કરો, તે પૂરી પ્રમાણિકતાથી કરતા રહો."[1] આચાર્ય ઉમા સ્વાતિનું કથન છે કે "નૈતિક-અનૈતિક, વિધિ-નિષેધ (કર્તવ્ય-અકર્તવ્ય) અથવા આચરણીય- અનાચરણીય (કલ્પ-અકલ્પ) એકાંતરૂપથી નિયત નથી. દેશ, કાલ, વ્યક્તિ, અવસ્થા, ઉપઘાત અને વિશુદ્ધ મનઃ સ્થિતિના આધારે અનાચરણીય આચરણીય બની જાય છે અને આચરણીય અનાચરણીય બની જાય છે.[2] ઉપાધ્યાય અમરમુનિજી જૈનદર્શનની અનેકાંતદૃષ્ટિના આધારે જૈન નૈતિકતાના સાપેક્ષિત દૃષ્ટિકોણને સ્પષ્ટ કરતાં લખે છે કે- "ત્રિભુવનોદર વિવરવર્તી સમસ્ત અસંખ્યેયભાવ ન તો સ્વયં મોક્ષનું કારણ છે કે નથી. સંસારનું કારણ; સાધકની પોતાની અંતઃસ્થિતિ જ તેને સારું કે ખરાબ નાવે છે."[3] માટે એકાંતરૂપથી કોઈ આચરણ શુભ નથી કે અશુભ નથી. આને સ્પષ્ટ કરતાં તે આગળ કહે છે કે "કેટલાક વિચારક -જીવનમાં ઉત્સર્ગ (નૈતિકતાની નિરપેક્ષ કે નિરપવાદ સ્થિતિ) ને પકડીને ચાલવા ઈચ્છે છે. જીવનમાં અપવાદનો સર્વથા અપલાપ કરે છે. તેમની દૃષ્ટિમાં અપવાદ (નૈતિકતાનો સાપેક્ષ દૃષ્ટિકોણ) ધર્મ નથી. પરંતુ એક મહત્તર પાપ છે. બીજીબાજુ કેટલાક સાધક તે છે જે ઉત્સર્ગને ભૂલીને માત્ર અપવાદનો સાહરો લઈને ચાલવા ઈચ્છે છે." આ બંને વિચાર એકાંતિક હોવાથી ઉપાદેયની કોટિમાં નથી આવી શકતા. જૈનધર્મની સાધના એકાંતની નથી તે અનેકાંતની સ્વસ્થ અને સુંદર સાધના છે.[4] તેના દર્શનકક્ષમાં મોક્ષના હેતુઓની બાંધી કે બંધાવેલી કોઈ નિયતરેખા નથી.[5] માટે એ સ્પષ્ટ છે કે- 'જૈનદર્શનને અનેકાન્તવાદી વિચાર પદ્ધતિના આધારે સાપેક્ષિત નૈતિકતાની ધારણા માન્ય છે. જોકે તેમનો આ સાપેક્ષ દૃષ્ટિકોણ નિરપેક્ષ દૃષ્ટિકોણનો વિરોધી નથી. જૈન નૈતિકતામાં એક પક્ષ નિરપેક્ષ નૈતિકતા પણ છે. જેના પર આગળ વિચાર કરવામાં આવશે.

વસ્તુતઃ નીતિની સાપેક્ષતા કે નિરપેક્ષતાનો આ પ્રશ્ન અતિ પ્રાચીનકાલથી એક વિવાદાસ્પદ વિષય રહ્યો છે. મહાભારત સ્મૃતિગ્રંથ તથા ગ્રીક દાર્શનિક સાહિત્યમાં આ સંબંધમાં પર્યાપ્ત ચિંતન થયું છે. અને આજ સુધી વિચારક આ પ્રશ્નને ઉકેલવામાં લાગેલા છે. વર્તમાન યુગમાં સમાજ વૈજ્ઞાનિક સાપેક્ષતાવાદ, મનોવૈજ્ઞાનિક સાપેક્ષતાવાદ અને તાર્કીક ભાવવાદી સાપેક્ષતાવાદ આદિ ચિંતનધારાઓ નીતિને સાપેક્ષ માને છે. તેઓ એમ માને છે કે- 'કોઈ કર્મની નૈતિકતા દેશ, કાલ વ્યક્તિ અને પરિસ્થિતિ પરિવર્તિત થવાથી પરિવર્તિત થઈ શકે છે. અર્થાત્ જે કર્મ એક દેશમાં નૈતિક મનાય છે તેજ કર્મ બીજાદેશમાં અનૈતિક મનાય છે, જે આચાર કોઈ યુગમાં નૈતિક મનાતો હતો તેજ આચાર બીજા યુગમાં અનૈતિક મનાય છે. એવી જ રીતે જે કાર્ય એક વ્યક્તિ માટે એક પરિસ્થિતિમાં નૈતિક મનાય છે તેજ કાર્ય બીજી પરિસ્થિતિમાં અનૈતિક મનાય છે. બીજા શબ્દોમાં નૈતિક નિયમ, નૈતિક મૂલ્યાંકન અને નૈતિક નિર્ણય સાપેક્ષ છે. દેશકાલ, સમાજ, વ્યક્તિ અને પરિસ્થિતિનાં તથ્ય તેને પ્રભાવિત કરે છે. ભલે આપણે નૈતિક માનદંડ અને નૈતિક નિર્ણયોને સમાજ સાપેક્ષ માનીએ કે તેને વ્યક્તિગત મનોભાવોની અભિવ્યક્તિ કહીએ તેની સાપેક્ષિતામાં કોઈ ફરક નથી થતો. સંક્ષેપમાં સાપેક્ષવાદિયોના મતાનુસાર નૈતિકનિયમ સાર્વકાલિક સાર્વદેશિક અને સાર્વજનિક નથી. જ્યારે નિરપેક્ષતાવાદીઓનું કહેવું છે કે નૈતિક માનક અને અનૈતિક નિયમ અપરિવર્તનીય, સાર્વકાલિક, સાર્વદેશિક અને સાર્વજનિક છે. અર્થાત્ નૈતિકતા અને અનૈતિકતાની વચ્ચે એક એવી કઠોર વિભાજક રેખા છે જે અનુલ્લંઘનીય છે. નૈતિક ક્યારેય પણ અનૈતિક નથી થઈ શકતું અને અનૈતિક ક્યારેય પણ નૈતિક નથી થઈ શકતું. નૈતિકનિયમ દેશ- કાલ, સમાજ, વ્યક્તિ અને પરિસ્થિતિથી નિરપેક્ષ છે. તે સાશ્વત સત્ય છે. નૈતિકજીવનમાં અપવાદ અને આપદ્ધર્મ માટે કોઈ સ્થાન નથી.

વસ્તુતઃ નીતિના સંદર્ભમાં એકાન્ત સાપેક્ષવાદ અને એકાંત નિરપેક્ષવાદ બંને ઉચિત નથી તે આંશિક સત્ય તો છે પરંતુ નીતિના સંપૂર્ણ રૂપને સ્પષ્ટ કરવામાં સમર્થ નથી. બંનેમાં કેટલીક કમી છે.

(૧) ઉપદેશ - ૭૭૯
(૨) પ્રશમરતિ પ્રકરણ (ઉમાસ્વાતિ) ૧૪૬; તુલના કરો - બ્રહ્મસૂત્ર (શાં.) ૩/૧/૨૫;
ગીતા (શાં) ૩/૩૫ તથા ૧૮/૪૭-૪૮.
(૩) અમરભારતી - મે ૧૯૬૪. પૃ.૧૫
(૪) અમરભારતી - ફેબ્રુઆરી, ૧૯૬૫ પૃ. ૫
(૫) અમરભારતી - માર્ચ, ૧૯૬૫ પૃ. ૨૮.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીતિમાં સાપેક્ષતા અને નિરપેક્ષતા બંનેનું શું અને કયા રૂપમાં સ્થાન છે તે જાણવા માટે આપણે નીતિના વિવિધ પક્ષોને સમજવા પડશે. સર્વપ્રથમ નીતિનો એક બાહ્યપક્ષ હોય છે અને બીજો આંતરિક પક્ષ હોય છે. અર્થાત્ એકબાજુ આચરણ હોય છે અને બીજીબાજુ આચરણની પ્રેરક અને નિર્દેશક ચેતના હોય છે. એકબાજુ નૈતિક આદર્શ કે સાધ્ય હોય છે. અને બીજી બાજુ તે સાધ્યની પ્રાપ્તિનાં સાધન અને નિયમ હોય છે આ રીતે આપણા નૈતિક નિર્ણય પણ બે પ્રકારના હોય છે. એક નિર્ણય પોતાના સંદર્ભમાં અપાય છે અને બીજો જે બીજાના સંદર્ભમાં અપાય છે. સાથોસાથ એવાં અનેક સિદ્ધાંત હોય છે જેના આધારે નૈતિક નિર્ણય અપાય છે.

નૈતિકતાનો બાહ્યપક્ષ અર્થાત્ આચરણ કે કર્મ નિરપેક્ષ નથી હોઈ શકતાં, સર્વપ્રથમ તો વ્યક્તિ જે વિશ્વમાં આચરણ કરે છે તે આપેક્ષિકતાથી યુક્ત છે. જે કર્મ આપણે કરીએ છીએ અને તેનાં જે પરિણામ નિષ્પન્ન થાય છે તે મુખ્યતઃ આપણા સંકલ્પ પર નિર્ભર નથી હોતા પરંતુ આપણે જ જીવનજીવીએ છે તે પરિસ્થિતિ પર નિર્ભર હોય છે. બાહ્ય જગત પર વ્યક્તિની ઈચ્છા નહીં પણ પરિસ્થિતિઓ શાસન કરે છે. વળી તે માનવીય સંકલ્પને સ્વતંત્ર માની પણ લઈએ પરંતુ માનવીય આચરણને સ્વતંત્ર માની શકાતું નથી. તે આંતરિક અને બાહ્ય પરિસ્થિતિઓ પર નિર્ભર હોય છે. માટે માનવીય કર્મોનું સંપાદન અને નિષ્પન્ન પરિણામ બંને દેશ-કાલ અને પરિસ્થિતિ પર નિર્ભર હશે. કોઈપણ કર્મ દેશ, કાલ, વ્યક્તિ, સમાજ અને પરિસ્થિતિથી નિરપેક્ષ નહીં હોય. આપણે જોયું કે ભારતીય ચિંતનની જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરાઓ કર્મની નૈતિકતા નિરપેક્ષ નથી એ વાતનો સ્પષ્ટ રૂપથી સ્વીકાર કરે છે. વળી નૈતિક મૂલ્યાંકન અને નૈતિકનિર્ણય તે સિદ્ધાંતો અને પરિસ્થિતિઓ પર નિર્ભર છે કે જેમાં તે અપાય છે. સર્વપ્રથમ તો નૈતિક મૂલ્યાંકન વ્યક્તિ અને પરિસ્થિતિથી નિરપેક્ષ થઈને નથી કરી શકાતું કારણકે વ્યક્તિ જે સમાજમાં જીવન જીવે છે તે વિવિધતાઓથી યુક્ત હોય છે. સમાજમાં વ્યક્તિની પોતાની યોગ્યતાઓ તથા ક્ષમતાઓના આધારે એક નિશ્ચિત સ્થિતિ હોય છે. તે સ્થિતિ અનુસાર તેનું કર્તવ્ય અને જવાબદારી હોય છે. માટે વ્યક્તિગત દાયિત્વો અને કર્તવ્યોમાં વિવિધતા હોય છે. ગીતાનો વર્ણાશ્રમ ધર્મનો સિદ્ધાંત અને બ્રેડલેનો "મારું સ્થાન અને કર્તવ્ય"નો સિદ્ધાંત એક સાપેક્ષ નૈતિકતાની ધારણાને પ્રસ્તુત કરે છે. માટે સામાજિક સંદર્ભમાં આચરણનું મૂલ્યાંકન સાપેક્ષ રૂપમાં જ કરવું પડશે. વિશ્વમાં એવો કોઈ સર્વમાન્ય સિદ્ધાંત નથી જે આપણા નિર્ણયોનો આધાર બની શકે. કેટલાક પ્રસંગોમાં આપણા પોતાનો નૈતિકનિર્ણય નિષ્પન્ન કર્મ પરિણામ પર આપીએ છીએ, તો કેટલાક પ્રસંગોમાં કર્મના વાંછિત કે અગ્રાવલોકિત પરિણામ પર અને ક્યારેક કર્મના પ્રેરકના આધારે પણ નૈતિક નિર્ણય અપાય છે માટે કર્મના બાહ્ય સ્વરૂપ અને તેના સંદર્ભમાં થવાવાળા નૈતિક મૂલ્યાંકન તથા નૈતિક નિર્ણય નિરપેક્ષ નથી હોઈ શકતા, તેને સાપેક્ષ જ માનવા પડશે. વળી કર્મ કે આચરણ કોઈ આદર્શ કે લક્ષ્યનું સાધન હોય છે. અને સાધન અનેક હોઈ શકે છે. લક્ષ્યનો આદર્શ એક હોવા છતાં પણ તેની પ્રાપ્તિ માટે સાધનોની પોતાની પરિસ્થિતિ અનુસાર અનેક માર્ગ સુઝાડી શકાય છે. માટે આચરણની વિવિધતા એક સ્વભાવિક તથ્ય છે. બે ભિન્ન સંદર્ભોમાં પરસ્પર વિપરીત દેખાતો માર્ગ પણ પોતાના લક્ષની અપેક્ષાથી ઉચિત માની શકાય છે. વળી જ્યારે આપણે બીજા વ્યક્તિઓના આચરણ પર કોઈ નૈતિક નિર્ણય આપીએ છીએ તો આપણી સામે કર્મનું બાહ્યસ્વરૂપ જ હોય છે. માટે બીજા વ્યક્તિના આચરણના સંબંધમાં આપણું મૂલ્યાંકન અને નિર્ણય સાપેક્ષ જ હોય છે. આપણે તેના મનોભાવ ના પ્રત્યક્ષ દૃષ્ટા નથી હોતા અને માટે તેના આચરણના મૂલ્યાંકનમાં આપણે નિરપેક્ષ નિર્ણય આપવાનો કોઈ અધિકાર નથી. કારણ કે આપણો નિર્ણય માત્ર ઘટિત પરિણામોના આધારે જ હોય છે. માટે આ નિશ્ચય જ સત્ય છે. કર્મના બાહ્ય પક્ષ કે વ્યવહારિક પક્ષની નૈતિકતા અને તેના સંદર્ભમાં અપાતા નૈતિક નિર્ણય બંને સાપેક્ષ હશે. નીતિ અને નૈતિક આચરણને પરિસ્થિતિ નિરપેક્ષ માનવાવાળા નૈતિક સિદ્ધાંત શૂન્યમાં વિચરણ કરે છે. અને નીતિના યથાર્થ સ્વરૂપને સ્પષ્ટ કરી લેવામાં સમર્થ નથી હોતા.

કિન્તુ નીતિને એકાન્તરૂપથી સાપેક્ષ માનવી પણ જોખમકારક છે.

(૧) સર્વપ્રથમ- નૈતિક સાપેક્ષવાદ વ્યકિત અને સમાજની વિવિધતા પર તો દૃષ્ટિ નાખે છે કિન્તુ તે વિવિધતામાં અનુસ્યૂત એકતાની ઉપેક્ષા કરે છે. તે દૈશિક, કાલિક સામાજિક અને વ્યક્તિગત અસમાનતાને જ એકમાત્ર સત્ય માને છે.

(૨) બીજું તે સાધ્ય કે આદર્શની અપેક્ષા સાધનો પર અધિક ભાર આપે છે. જ્યારે સાધનોનું મૂલ્ય સ્વયં તે સાધ્યો પર આશ્રિત હોય છે- જેનાં તે સાધન છે.

(૩) સાપેક્ષતાવાદ કર્મના બાહ્ય સ્વરૂપને જ તેનું સર્વસ્વ માની લે છે. તેના આંતરિક પક્ષ કે કર્મનું માનસ પક્ષની ઉપેક્ષા કરે છે. જ્યારે કર્મની પ્રેરક ભાવનાનું પણ નૈતિક દૃષ્ટિથી સમાન મૂલ્ય છે.

(૪) ચોથો- નૈતિક સાપેક્ષતાવાદ સંકલ્પ સ્વાતંત્ર્યના સિદ્ધાંતના વિરોધમાં જાય છે. જો નીતિનાં નિર્ધારક તત્ત્વ બાહ્ય છે તો પછી આપણી સંકલ્પની સ્વતંત્રતાનું કોઈ અધિક મહત્ત્વ નથી રહેતું. સાપેક્ષતાવાદ અનુસાર નીતિનું નિયામક તત્ત્વ, દેશકાલગત પરિસ્થિતિઓ અને સામાજિક તથ્ય છે. વ્યક્તિગત ચેતના નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ આવી સ્થિતિમાં સંકલ્પ સ્વાતંત્ર્યનો શું અર્થ રહેશે ? એ વિચારણીય છે. સંકલ્પને સાપેક્ષ માનવાનો અર્થ તેની સ્વતંત્રતાને સીમિત કરવી તે છે.

(૫) પાંચમું- નીતિના સંદર્ભમાં સાપેક્ષતાવાદ આપણને અનિવાર્યતઃ આત્મનિષ્ઠા તરફ લઈ જાય છે. પરંતુ આત્મનિષ્ઠાવાદમાં આવીને નૈતિક નિયમ પોતાને સમસ્ત સ્થાયિત્વ અને વસ્તુગત આધાર ખોઈ નાખે છે. નૈતિક જીવનમાં સમરૂપતા અને વસ્તુનિષ્ઠતાનો અભાવ હોય છે તથા નૈતિકતાનો ઢાંચો અસ્તવ્યસ્ત થઈ જાય છે.

(૬) છઠ્ઠુ- આપણે એમ પણ કહી શકીએ છીએ કે સાપેક્ષતાવાદમાં નૈતિકતાનું શરીર તો બચે છે પરંતુ પ્રાણ ચાલ્યા જાય છે, તેમાં વિષય સામગ્રી તો રહે છે. પરંતુ આકાર નથી હોતો, કારણકે નિરપેક્ષતા નૈતિકતાનો આત્મા છે.

(૭) સાપેક્ષતાવાદમાં નૈતિક માનવોની એકરુપતા સમાપ્ત થઈ જાય છે. એક સાર્વભૌમ માનદંડનો અભાવ હોય છે. માટે નૈતિક નિર્ણય આપવામાં વ્યક્તિને એવી મુશ્કેલી થાય છે કે જેમ ગ્રાહકને પ્રત્યેક દુકાન પર ભિન્ન-ભિન્ન માપ મળે ત્યારે થાય છે તેવી જ. વળી નૈતિક પરિસ્થિતિ પોતે એવું જટિલ તથ્ય છે જેમાં સાધારણ માણસો માટે કોઈ સ્પષ્ટ સાર્વભૌમ નિર્દેશક સિદ્ધાંત વિના આ નિશ્ચય કરી લેવું કઠિન છે કે તે પરિસ્થિતિમાં શું નૈતિક છે અને શું અનૈતિક છે ? માટે નીતિમાં કોઈ નિરપેક્ષ તત્ત્વની અવધારણા કરવી પણ આવશ્યક છે. આ સંદર્ભમાં જાનડીવીનો દૃષ્ટિકોણ અધિક સંગતપૂર્ણ લાગે છે.[1] જેમાં નૈતિક આદર્શની સિદ્ધિ કરી શકાય છે તે પરિસ્થિતિઓ સદૈવ પરિવર્તનશીલ છે અને નૈતિકનિયમો, નૈતિક કર્તવ્યો અને નૈતિક મૂલ્યાંકનો માટે આ પરિવર્તનશીલ પરિસ્થિતિઓ સાથે સમાયોજન કરવું આવશ્યક હોય છે. પરંતુ નૈતિક સિદ્ધાંત એટલા સાપેક્ષ છે કે કોઈ સામાજિક સ્થિતિમાં તેમાં કોઈ નિયામકશક્તિ જ નથી એમ માની લેવું મૂર્ખતાપૂર્ણ જ હશે. શુભની વિષયવસ્તુ બદલી શકે છે પરંતુ શુભનો આકાર નથી બદલતો. બીજા શબ્દોમાં નૈતિક્તાનું શરીર પરિવર્તનશીલ છે પરંતુ નૈતિકતાનો આત્મા નહીં. નૈતિકતાનું વિશેષસ્વરૂપ સમયે સમયે જેમ જેમ સામાજિક કે સાંસ્કૃતિક સ્વર પર અન્ય પરિસ્થિતિઓ બદલાતી રહે છે. તેમ તેમ બદલાતું રહે છે. પરંતુ નૈતિકતાનું સામાન્ય સ્વરૂપ સ્થિર રહે છે. નૈતિક નિયમોમાં અપવાદ કે આપદ્ધર્મનું નિશ્ચિત જ સ્થાન છે અને અનેક સ્થિતિઓમાં અપવાદ માર્ગનું આચરણ જ નૈતિક હોય છે. છતાં પણ આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે અપવાદ ક્યારેય પણ સામાન્ય નિયમનું સ્થાન નથી લઈ શકતો. નિરપેક્ષતાવાદના સંદર્ભમાં આ એકભ્રાન્તિ છે કે તે સર્વે નૈતિક નિયમોને નિરપેક્ષ માને છે. નિરપેક્ષતાવાદ પણ સર્વે નિયમોની સાર્વભૌમિકતા સિદ્ધ નથી કરતો. તે માત્ર મૌલિક નિયમોની જ સાર્વભૌમિકતા સિદ્ધ કરે છે.

વસ્તુતઃ નીતિની વાસ્તવિક પ્રકૃતિને સમજવા માટે નિરપેક્ષતાવાદ અને સાપેક્ષતાવાદ બંને અપેક્ષિત જ છે. નીતિનો કયો પક્ષ સાપેક્ષ છે અને કયો પક્ષ નિરપેક્ષ છે. તેને નિમ્નાંકિત રૂપમાં સમજી શકાય છે. (૧) સંકલ્પની નૈતિક્તા નિરપેક્ષ હોય છે અને આચરણની નૈતિકતા સાપેક્ષ હોય છે. હિંસાનો સંકલ્પ ક્યારેય નૈતિક નથી હોતો, જોકે હિંસાનું કાર્ય હંમેશા અનૈતિક જ હોય છે તો પણ આવશ્યક નથી. નીતિમાં જ્યારે સંકલ્પની સ્વતંત્રતાનો સ્વીકાર કરી લેવાય છે તો પછી આપણને એ કહેવાનો અધિકાર નથી રહેતો કે સંકલ્પ સાપેક્ષ છે. માટે સંકલ્પની નૈતિકતા સાપેક્ષ નથી હોઈ શકતી. બીજા શબ્દોમાં કર્મનો જે માનસિક પક્ષ છે, બૌદ્ધિકપક્ષ છે તે નિરપેક્ષ હોઈ શકે છે. પરંતુ કર્મનો જે વ્યવહારિક પક્ષ છે. આચરણાત્મક પક્ષ છે, તે સાપેક્ષ છે. અર્થાત્ મનોમૂલક નીતિ નિરપેક્ષ હશે અને આચરણમૂલક નીતિ સાપેક્ષ હશે. સંકલ્પનું ક્ષેત્ર, પ્રજ્ઞાનું ક્ષેત્ર, એક એવું ક્ષેત્ર છે. જ્યાં ચેતના કે પ્રજ્ઞા જ સર્વોચ્ચ શાસક છે. અંતરમાં વ્યક્તિ સ્વયં પોતાનો શાસક છે. ત્યાં પરિસ્થિતિઓ કે સમાજનું શાસન નથી, માટે તે ક્ષેત્રમાં નીતિની નિરપેક્ષતા સંભવ છે. અનાસક્ત કર્મનું દર્શન આ સિદ્ધાંત પર સ્થિત છે. કારણકે અનેક સ્થિતિઓમાં કર્મનું બાહ્યાત્મક રૂપ કર્તાના મનોભાવોનું યથાર્થ પરિચાયક નથી હોતું. માટે એમ માની શકાય કે મનોવૃત્યાત્મક કે ભાવનાત્મક નીતિ નિરપેક્ષ હશે. પરંતુ આચરણાત્મક કે વ્યવહારાત્મક નીતિ સાપેક્ષ હશે. આ કારણ છે કે જૈનદર્શનમાં નૈશ્ચિક નૈતિકતાને નિરપેક્ષ અને વ્યવહારિક નૈતિકતાને સાપેક્ષ માની છે. (૨) બીજું આધ્યાત્મક નીતિ કે નૈતિક આદર્શ નિરપેક્ષ હોય છે, પરંતુ સાધનાપરક નીતિ સાપેક્ષ હોય છે. બીજા શબ્દોમાં જો સર્વોચ્ચ શુભ છે તે નિરપેક્ષ છે, પરંતુ તે સર્વોચ્ચ શુભની પ્રાપ્તિના જે નિયમ કે માર્ગ છે તે સાપેક્ષ છે. કારણકે એક જ સાધ્યની પ્રાપ્તિના અનેક માર્ગો હોઈ શકે છે. વળી વ્યક્તિગત રૂચિઓ, ક્ષમતાઓ અને સ્થિતિઓની ભિન્નતાના આધારે બધાના માટે સમાન નિયમનું પ્રતિપાદન શક્ય નથી. માટે સાધ્યપરક નીતિને કે નૈતિક સાધ્યને નિરપેક્ષ અને સાધનાપરક નીતિને સાપેક્ષ માનવી તે જ એક યથાર્થ દૃષ્ટિકોણ થઈ શકે છે. (૩) ત્રીજું નૈતિકનિયમોમાં કેટલાક નિયમ મૌલિક હોય છે અને કેટલાક નિયમ તે મૌલિક નિયમના સહાયક હોય છે. ઉદાહરણાર્થ- ભારતીય પરંપરામાં સામાન્યધર્મ અને વિશેષધર્મ (વર્ણાશ્રમધર્મ) આવું વર્ગીકરણ આપણને મળે છે.

1. Contemparary Ethical Theories (T.E.Hill) P. 163



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પરંપરામાં પણ એક એવું જ વર્ગીકરણ મૂલગુણ અને ઉત્તરગુણના નામથી છે. અહીં આપણે ધ્યાન રાખવું જોઈએ કે સાધારણ રીતે સામાન્ય કે મૂળભૂત નિયમ જ નિરપેક્ષ તથા અપરિવર્તનીય માની શકાય છે. વિશેષ નિયમતો સાપેક્ષ તથા પરિવર્તનીય જ હોય છે. જોકે આપણે એમ માનવામાં કંઈ વાંધો ન હોવો જોઈએ કે અનેક સ્થિતિઓમાં સામાન્ય નિયમના પણ અપવાદ હોઈ શકે છે અને તે નૈતિક પણ હોઈ શકે છે. છતાં પણ એ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે અપવાદને ક્યારેય નિયમનું સ્થાન આપી શકાતું નથી. અહીં એક વાત વિચારણીય છે તે એ છે કે મૌલિક નિયમોની નિરપેક્ષતા પણ તેની અપરિવર્તનશીલતા કે તેના સ્થાયિત્વના આધારે જ છે. સાધ્યની અપેક્ષાથી તો એ પણ સાપેક્ષ હોઈ શકે છે.

જે નૈતિક વિચારધારાઓ માત્ર નિરપેક્ષતાવાદનો જ સ્વીકાર કરે છે તે યથાર્થની ભૂમિકાને ભૂલીને માત્ર આદર્શ તરફ જ જુએ છે. તે નૈતિક આદર્શને તો પ્રસ્તુત કરી દે છે પરંતુ તે માર્ગનું નિર્ધારણ કરવામાં સફળ નથી થઈ શકતી. જે તે સાધ્ય અને આદર્શ સુધી લઈ જાય છે, કારણ કે નૈતિક આચરણ તથા વ્યવહારની પરિસ્થિતિ સાપેક્ષ હોય છે. નૈતિકતા એક લક્ષ્યોન્મુખ ગતિ છે. પરંતુ તે ગતિમાં વ્યક્તિના દૃષ્ટિમાત્ર તે યથાર્થ ભૂમિકા સુધી હોય. જેમાં તે ઉભો છે. સીમિત છે તો તે ક્યારેય પણ લક્ષ્ય સુધી નથી પહોંચી શકતા. તે પથભ્રષ્ટ થઈ શકે છે. બીજી બાજુ તે વ્યક્તિ જે ગંતવ્ય બાજુ તો જોઈ રહ્યા છે જેમાં તે ગતિ કરી રહ્યો છે. માર્ગમાં તે ઠોકર ખાય છે અને કાંટાથી પોતાના પગ વીંધી નાખે છે જેવી રીતે ચાલવામાં જેમ માત્ર સામે જોવાથી નથી ચલાતું અને માત્ર નીચે જોવાથી પણ નથી ચલાતું એવી જ રીતે નૈતિક પ્રગતિમાં પણ માત્ર નિરપેક્ષ દૃષ્ટિથી નથી ચાલતું અને માત્ર સાપેક્ષદૃષ્ટિથી પણ નથી ચાલતું. જેમાં વ્યક્તિ ઉભો છે તે સ્થિતિની નિરપેક્ષતાવાદ ઉપેક્ષા કરી દે છે જ્યારે સાપેક્ષવાદ જે ગન્તવ્ય છે તે આદર્શ કે સાધ્યની ઉપેક્ષા કરે છે. આ રીતે નિરપેક્ષતાવાદ સામાજિક નીતિની ઉપેક્ષા કરીને માત્ર વ્યક્તિગત નીતિ પર ભાર આપે છે, પરંતુ વ્યક્તિ સમાજનિરપેક્ષ થઈને નથી જીવી શકતો. વળી નિરપેક્ષવાદી નીતિમાં સાધ્યની સિદ્ધિ જ મુખ્ય હોય છે, પરંતુ તે સાધન ઉપેક્ષિત બની રહે છે. જેના વિના સાધ્યની સિદ્ધિ શક્ય નથી. માટે સમ્યક્ નૈતિકજીવન માટે નીતિમાં સાપેક્ષ અને નિરપેક્ષ બંને તત્ત્વોની અવધારણાનો સ્વીકાર કરવો આવશ્યક છે.[૧]

**ઉત્સર્ગ અને અપવાદની સમસ્યા :**[૨]

જૈન નૈતિક વિચારણામાં નૈતિકતાનાં સાપેક્ષ અને નિરપેક્ષ બંને રૂપ સ્વીકૃત છે. પરંતુ તેમાં પણ નિરપેક્ષતા બે ભિન્ન અર્થોમાં પ્રયુક્ત છે. પ્રથમ પ્રકારની નિરપેક્ષતા તે છે જેમાં આચારના સામાન્ય કે મૌલિક નિયમોને નિરપેક્ષ મનાય છે અને વિશેષ નિયમોને સાપેક્ષ મનાય છે. જેવી રીતે અહિંસા સામાન્ય અને સાર્વભૌમ નિયમ છે. પરંતુ ફળાહાર વિશેષ નિયમ છે. જૈન પરિભાષામાં કહીએ તો શ્રમણના મૂલગુણ સામાન્ય નિયમ છે અને એ રીતે નિરપેક્ષ નિયમ છે. જ્યારે ઉત્તરગુણ વિશેષ નિયમ છે તે સાપેક્ષ છે. આચારના સામાન્ય નિયમ દેશકાલગત વિભેદમાં પણ પોતાની મૂલભૂત દૃષ્ટિના આધારે નિરપેક્ષ દેખાય છે. પરંતુ આ પ્રકારની નિરપેક્ષતા વસ્તુતઃ સાપેક્ષ જ છે. આચરણના નિયમોના વિધિ અને નિષેધ જે સામાન્ય દશામાં કરાયા છે. તેની અપેક્ષાથી આચરણના તે નિયમ તે રૂપમાં આચરણીય છે. વ્યક્તિ સામાન્યસ્થિતિમાં તે નિયમોના પરિપાલનમાં કોઈ અપવાદ કે છૂટની અપેક્ષા નથી રાખી શકતા. અહીં પણ સામાન્યદશાનો વિચાર વ્યક્તિ તથા તેની દેશકાલગત બાહ્ય પરિસ્થિતિઓના સંદર્ભમાં કરાયો છે, અર્થાત્ જો વ્યક્તિ સ્વસ્થ છે અને દેશકાલગત પરિસ્થિતિઓ પણ તે જ છે. જેને ધ્યાનમાં રાખીને વિધિ કે નિષેધ કરાયેલ છે તો વ્યક્તિએ તે નિયમો તથા કર્તવ્યનું પાલન પણ તદનુરૂપ કરવું પડશે. જૈનપરિભાષામાં તેને 'ઉત્સર્ગમાર્ગ' કહેવાય છે. જેમાં સાધકે નૈતિક આચરણ શાસ્ત્રોમાં પ્રતિપાદિત રૂપમાંજ કરવાનું હોય છે. ઉત્સર્ગ નૈતિક વિધિ- નિષેધોનું સામાન્ય કથન છે. જેવી રીતે મન-વચન, કાયાથી હિંસા ન કરવી, ન કરાવવી અને કરવાવાળાને સમર્થન ન આપવું. પરંતુ આ સામાન્ય વિધિ-નિષેધોને કોઈ વિશેષ પરિસ્થિતિઓમાં શિથિલ કરી દેવાય છે ત્યારે નૈતિક આચરણની તે અવસ્થાને 'અપવાદ માર્ગ' કહેવાય છે. ઉત્સર્ગ માર્ગ-અપવાદમાર્ગની અપેક્ષાથી સાપેક્ષ છે, પરંતુ જે પરિસ્થિતિગત સામાન્યતાના તત્ત્વને સ્વીકારીને ઉત્સર્ગ માર્ગનું નિરૂપણ કરાય છે, તે સામાન્યતાના તત્ત્વની દૃષ્ટિથી નિરપેક્ષ જ હોય છે. અપવાદની અવસ્થામાં સામાન્ય નિયમનો ભંગ થઈ જવાથી તેની માન્યતા ખંડિત નથી થઈ જતી. તેની સામાન્યતા કે સાર્વભૌમિકતા સમાપ્ત નથી થઈ જતી. દાખલા તરીકે આપણે કોઈ નિરપરાધી પ્રાણીનો જીવ બચાવવા માટે ખોટું બોલ્યા, તેનાથી સત્ય બોલવાનો સામાન્ય નિયમ ખંડિત નથી થઈ જતો. અપવાદ ક્યારેય મૌલિક નિયમ નથી બની શકતો

(૧) જુઓ-જૈન બૌદ્ધ અને ગીતાના આચાર દર્શનોનું તુલનાત્મક અધ્યયન, ભાગ-૧, પૃષ્ઠ ૭૭/૭૮

(૨) તેજ - ૬૭/૬૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અપવાદના કારણે ઉત્સર્ગની સામાન્યતા કે સાર્વભૌમિકતા ખંડિત થતી નથી. ઉત્સર્ગમાર્ગને નિરપેક્ષ કહેવાનું પ્રયોજન એ છે કે તે મૌલિક હોય છે. જો કે તે મૌલિક નિયમો પર આધારિત ઘણા વિશેષ નિયમ હોઈ શકે છે. ઉત્સર્ગમાર્ગ- અપવાદમાર્ગનો બાધ નથી કરતો. તે તો માત્ર એટલું જ બતાવે છે કે અપવાદ સામાન્ય નિયમ નથી બની શકતો. ડૉ. શ્રીચન્દના શબ્દોમાં "નિરપેક્ષવાદ (ઉત્સર્ગમાર્ગ) બધા નિયમોની સાર્વભૌમિકતા સિદ્ધ કરવા નથી ઈચ્છતો, પરંતુ માત્ર બધા મૌલિક નિયમોની સાર્વભૌમિકતા સિદ્ધ કરવા ઈચ્છે છે.[૧] ઉત્સર્ગની નિરપેક્ષતા દેશકાળ એવાં વ્યક્તિગત પરિસ્થિતિઓની અંદર જ હોય છે. ઉત્સર્ગ અને અપવાદ નૈતિક આચરણની વિશેષ પદ્ધતિઓ છે. પરંતુ બંને કોઈ એક નૈતિક લક્ષ્ય માટે છે માટે બંને નૈતિક છે. જેવી રીતે બે માર્ગ કોઈ એક જ નગર સુધી પહોંચાડતા હોય તો બંને માર્ગ જ હશે, અમાર્ગ નહીં હોય. એવી જ રીતે અપવાદાત્મક નૈતિકતાનું સાપેક્ષ સ્વરૂપ અને ઉત્સર્ગાત્મક નૈતિકતાનું નિરપેક્ષ સ્વરૂપ બંને નૈતિકતાનાં જ સ્વરૂપ છે અને એ કે અનૈતિક નથી.

પરંતુ નૈતિક નિરપેક્ષતાનું એકરૂપ બીજું પણ છે. તેમાં તે સદૈવ દેશ, કાલ અને વ્યક્તિગત સીમાઓથી પર જ હોય છે. નૈતિકતાનું તે નિરપેક્ષરૂપ અન્ય કોઈ નથી. સ્વયં નૈતિક આદર્શ જ છે. નૈતિકતાનું લક્ષ્ય એક એવું નિરપેક્ષ તથ્ય છે જે બધા જ નૈતિક આચરણોના મૂલ્યાંકનનો આધાર છે. નૈતિક આચરણની શુભા-શુભતાનું અંકન આના પર આધારિત છે. કોઈપણ આચરણ ઉત્સર્ગ માર્ગથી હોય કે અપવાદ માર્ગથી પણ આપણને લક્ષ્ય તરફ લઈ જવું હોય તો તે શુભ છે. તેનાથી વિપરીત જે પણ આચરણ આ નૈતિક આદર્શથી વિમુખ કરે છે તે અશુભ છે, અનૈતિક છે. નૈતિક જીવનના ઉત્સર્ગ અને અપવાદ નામના બંને માર્ગ આની અપેક્ષાથી સાપેક્ષ છે અને તેના માર્ગ હોવાથી નિરપેક્ષ પણ છે. કારણકે માર્ગના રૂપમાં કોઈ સ્થિતિ સુધી તેનાથી અભિન્ન પણ હોય છે અને આ જ અભિન્નતા તેને નિરપેક્ષતાનું યથાર્થ તત્ત્વ પ્રદાન કરે છે. લક્ષ્યરૂપી નૈતિક ચેતનાના સામાન્ય તત્ત્વના આધારે જ નૈતિક જીવનના ઉત્સર્ગ માર્ગ અને અપવાદમાર્ગ બંનેનું વિધાન છે. લક્ષ્યાત્મક નૈતિક ચેતના જ તેનું નિરપેક્ષ તત્ત્વ છે. જ્યારે આચરણનું સાધનાત્મક માર્ગ સાપેક્ષ તથ્ય છે. લક્ષ્ય કે નૈતિક આદર્શ નૈતિકતાનો આત્મા છે. અને બાહ્ય આચરણ તેનું શરીર છે. પોતાના આત્માના રૂપમાં નૈતિકતા નિરપેક્ષ છે. પરંતુ પોતાના શરીરના રૂપમાં તે સદાય સાપેક્ષ છે. આ રીતે જૈનદર્શનમાં નૈતિકતાના બંને પક્ષ સ્વીકૃત છે. વસ્તુતઃ નૈતિક જીવનની સમ્યક્ પ્રગતિ માટે બંને આવશ્યક છે. જેવી રીતે લક્ષ્ય સુધી પહોંચવા માટે યાત્રા અને પડાવ બંને આવશ્યક છે. તેવી જ રીતે નૈતિક જીવન માટે પણ બંને પક્ષ આવશ્યક છે. કોઈપણ એકપક્ષ સમુચિત અને સર્વાંગીણ કહી શકાતો નથી. સમકાલિન નૈતિક ચિંતનમાં પણ જૈનદર્શનના આ દૃષ્ટિકોણનું સમર્થન મળે છે.

## સદાચાર અને દુરાચારનું નિર્ધારણ કેવી રીતે થઈ શકે ?

### (અ) ગીતાર્થનો આદેશ :

સાપેક્ષ નૈતિકતામાં સાધારણ મનુષ્ય દ્વારા કર્તવ્યાકર્તવ્યનો નિશ્ચય કરવો સરલ નથી. માટે જૈન નૈતિકતામાં સામાન્ય વ્યક્તિના માર્ગદર્શનના રૂપમાં "ગીતાર્થ" ની યોજના કરાઈ છે. ગીતાર્થ એવી આદર્શ વ્યક્તિ છે કે જેનું આચરણ જનસાધારણ માટે પ્રમાણ હોય છે. ગીતાના આચારદર્શનમાં પણ જનસાધારણને માર્ગ દર્શન માટે શ્રેષ્ઠજનના આચારનેજ પ્રમાણ મનાયો છે. ગીતા સ્પષ્ટરૂપમાં કહે છે કે- 'શ્રેષ્ઠ કે આત્મજ્ઞાની પુરુષ જે રીતે આચરણ કરે છે તેના જેમજ સાધારણ મનુષ્ય પણ આચરણ કરે છે. તે આચરણના જે પાસાને પ્રમાણિત માનીને અંગીકાર કરે છે. લોકો પણ તેનું અનુકરણ કરે છે.[૧] મહાભારતમાં પણ કહ્યું છે કે- 'મહાજન જે માર્ગે ગયા છે તે ધર્મમાર્ગ છે.'[૨] આજ વાત જૈનાગમ ઉત્તરાધ્યયનમાં આ રીતે કહી છે- "બુદ્ધિમાન આચાર્યો (આર્યજન) જે ધાર્મિક વ્યવહારનું આચરણ કરાયું છે તેને જ પ્રમાણિત માનીને તદ્નુરૂપ આચરણ કરવાવાળા વ્યક્તિ ક્યારેય પણ નિંદિત નથી થતા."[૩] પાશ્ચાત્ય વિચારક બ્રેડલેના કથનાનુસાર પણ નૈતિક આચાર જ શુભાશુભતાનો નિશ્ચય આદર્શ વ્યક્તિના ચરિત્રના આધારે કરાય છે.[૪]

ઉપાધ્યાય અમરમુનિના[૫] કથનાનુસાર જૈન વિચારણા નૈતિક મર્યાદાઓ એટલી કઠોર નથી બનાવતા કે જેમાં વ્યક્તિ સ્વતંત્રતાપૂર્ણ વિચરણ ન કરી શકે અને નથી એટલી સરલ બનાવતા કે વ્યક્તિ ઈચ્છાનુસાર તેને વાળી શકે. જૈન વિચારણામાં નૈતિક મર્યાદાઓ કિલ્લાના ખંડેર જેવી નથી કે તેનાં વિચરવાની પૂર્ણ સ્વતંત્રતા તો હોય જ છે. પરંતુ તેમાં શત્રુના પ્રવિષ્ટ હોવાનો સદા ભય રહે છે એવી નથી હોતી. તેનો સુદૃઢ ચાર દિવાલોથી

---

(૧) નીતિશાસ્ત્રનો પરિચય, ડૉ. શ્રીચન્દ પૃ. ૧૨૨.
(૨) ગીતા, ૩/૧૧
(૩) મહાભારત - વનપર્વ ૩૧૨/૧૧૫
(૪) ઉત્તરાધ્યયન. ૧/૪૨
(૫) એથિકલ સ્ટડીઝ પૃ. ૧૯૬/૨૨૬
(૬) જુઓ- અમરભારતી ૧૯૬૪માં ક્રમશઃ પ્રકાશિત 'ઉત્સર્ગ અને અપવાદ' પર ઉપાધ્યાય અમરમુનિનાં લેખ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુક્ત એવા કિલ્લા સમાન છે. જેની અંદર વ્યક્તિને સ્વતંત્ર વિચરણની જોગવાઈ છે અને વિશેષ પરિસ્થિતિઓમાં તે તેનાથી બહાર પણ આવી જઈ શકે છે. પરંતુ શરત એ છે કે આવી પ્રત્યેક સ્થિતિમાં તેને કિલ્લાના દ્વારપાળની અનુજ્ઞા લેવી પડે છે. જૈન વિચારણા અનુસાર નૈતિકતાના આ કિલ્લાના દ્વારપાળ "ગીતાર્થ" છે જે દેશ, કાલ અને વ્યક્તિગત પરિસ્થિતિઓને સમુચિત રૂપમાં સમજીને સામાન્ય વ્યક્તિને અપવાદના ક્ષેત્રમાં પ્રવિષ્ટ થવાની અનુજ્ઞા આપે છે. અપવાદની અવસ્થાના સંબંધમાં નિર્ણય આપવાનો તથા યથાપરિસ્થિતિ અપવાદ માર્ગમાં આચરણ કરવાનું અને બીજાં ને કરાવવાનું સમસ્ત જવાબદારી ગીતાર્થ પર રહે છે. જે નૈતિક વિધિ-નિષેધના આચારાંગાદિ આચાર સંહિતાનાં તથા નિશિથ આદિ છેદસૂત્રોનો મર્મજ્ઞ હોય અને સ્વ પ્રજ્ઞાથી દેશ, કાલ અને વ્યક્તિગત પરિસ્થિતિને સમજવામાં સમર્થ હોય તે જ ગીતાર્થ હોઈ શકે. ગીતાર્થ તે છે કે જેને કર્તવ્ય અને અકર્તવ્યના લક્ષણોનું યથાર્થ જ્ઞાન છે.[1] જે આવક-જાવક, કારણ-અકારણ, અગાઢ-અનાગઢ (રોગી-વૃદ્ધ), વસ્તુ-અવસ્તુ, યુક્ત-અયુક્ત, સમર્થ-અસમર્થ, યતના- અયતનાનું સમ્યક્ જ્ઞાન રાખે છે. સાથે જ સમસ્ત કર્તવ્ય - કર્મના પરિણામોને પણ જાણે છે તે વિધિવાન ગીતાર્થ છે.[2]

### (બ) માર્ગદર્શક રૂપમાં શાસ્ત્રો :

જો કે જૈન વિચારણા અનુસાર પરિસ્થિતિ વિશેષમાં કર્તવ્યાકર્તવ્યનું નિર્ધારણ ગીતાર્થ કરે છે. તો પણ ગીતાર્થ પણ વ્યક્તિ છે. માટે તેના નિર્ણયોમાં પણ મનસ્વીપણાની સંભાવના રહે છે. તેના નિર્ણયોને વસ્તુ નિષ્ઠતા પ્રદાન કરવા માટે તેના માર્ગ નિર્દેશક ના રૂપમાં શાસ્ત્રો છે. સાપેક્ષ નૈતિકતાનો વસ્તુગત આધાર આપવા માટે શાસ્ત્રને પણ સ્થાન અપાયું. ગીતા સ્પષ્ટ રૂપથી કહે છે કે- 'કાર્ય અકાર્યની વ્યવસ્થા આપવામાં શાસ્ત્ર પ્રમાણ છે.'[3] પરંતુ શાસ્ત્રને જ જો કર્તવ્યાકર્તવ્યનો આધાર બનાવાશો તો નૈતિક સાપેક્ષતા સંપૂર્ણ સુરક્ષિત નહીં રહી શકતી. પરિસ્થિતિઓ એટલી ભિન્ન ભિન્ન હોય છે કે તે બધી પરિસ્થિતિંઓના સંદર્ભ સહિત આચાર-નિયમોનું વિધાન શાસ્ત્રોમાં ઉપલબ્ધ નથી થઈ શકતું. પરિસ્થિતિઓ સતત પરિવર્તનશીલ હોય છે. જ્યારે શાસ્ત્ર અપરિવર્તનશીલ હોય છે. માટે શાસ્ત્રને પણ બધી જ પરિસ્થિતિઓના કર્તવ્યાકર્તવ્યનાં નિર્ણાયક કે આધાર નથી બનાવી શકાતા. વળી શાસ્ત્રો પણ ભિન્ન ભિન્ન છે અને પરસ્પર ભિન્ન નિયમ પણ પ્રસ્તુત કરે છે. માટે તે પણ પ્રમાણિક નથી હોઈ શકતા.[4] આ રીતે સાપેક્ષ નૈતિકતામાં કર્તવ્યાકર્તવ્યના નિશ્ચયની સમસ્યા રહે છે, શાસ્ત્રના આધારે તેનું સંપૂર્ણ સમાધાન શક્ય નથી.

### (ક) નિષ્પક્ષ બૌદ્ધિક પ્રજ્ઞા જ અંતિમ નિર્ણાયક :

આ સમસ્યાના સામાધાનમાં આપણને જૈનદષ્ટિકોણની એક વિશેષતા જોવા મળે છે. તે એકાંતરૂપમાં શાસ્ત્રોને જ બધા વિધિ-નિષેધનો આધાર બનાવતા નથી અને વ્યક્તિને પણ નહીં, તેના અનુસાર શાસ્ત્રો માર્ગદર્શક છે પરંતુ અંતિમ નિર્ણાયક નથી. અંતિમ નિર્ણાયક રાગ અને વાસનાથી રહિત વ્યક્તિનો નિષ્પક્ષ વિવેક જ છે. કઈ પરિસ્થિતિ વિશેષમાં વ્યક્તિનું શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે તેનો નિર્ણય શાસ્ત્રોને માર્ગદર્શક માનીને સ્વયં વ્યક્તિએ જ કરવાનો હોય છે.

આચારશાસ્ત્રોનું કાર્ય છે વ્યક્તિ સન્મુખ સામાન્ય અને અપવાદાત્મક સ્થિતિઓમાં આચારનું સ્વરૂપ પ્રસ્તુત કરવાનું. પરંતુ પરિસ્થિતિનો નિશ્ચયતો વ્યક્તિએ જ કરવાનો હોય છે. શાસ્ત્રોનો આદેશ નહીં; નિર્દેશ આપે છે. આ જ દષ્ટિકોણ ગીતાનો પણ છે.[5] ગીતોક્ત શાસ્ત્રપ્રામાણ્ય પણ આ તત્ત્વનાં પોષક છે. પરંતુ શાસ્ત્રોનાં પ્રમાણ માત્ર જાણવાની વસ્તુ છે, જેના દ્વારા નિર્ણય લઈ શકાય છે. નિર્ણય કરવાનો અધિકાર તો વ્યક્તિની પાસે જ સુરક્ષિત છે. પ્રસ્તુત શ્લોકનો 'જ્ઞાત્વા' શબ્દ સ્વયં જ આ તથ્યને સ્પષ્ટ કરે છે. પાશ્ચાત્ય આચારદર્શનમાં પણ આ દષ્ટિકોણ સ્વીકૃત રહ્યો છે. પાશ્ચાત્ય પલવાદી વિચારક જ્હાન ડિવી લખે છે કે 'નૈતિક સિદ્ધાંતોનો ઉપયોગ આદેશના રૂપમાં નથી પરંતુ જેના આધારે વિશેષ પરિસ્થિતિમાં કર્તવ્યનું વિશ્લેષણ કરી શકાય તે સાધનના રૂપમાં છે. નૈતિક સિદ્ધાંતોનું કાર્ય તે દષ્ટિકોણ અને પદ્ધતિઓને પ્રસ્તુત કરી દેવાનું છે. જે વ્યક્તિને એને યોગ્ય બનાવી શકે કે જે વિશેષ પરિસ્થિતિમાં તે છે તેમાં શુભ કે અશુભનું વિશ્લેષણ કરી શકે.[6] આ રીતે તો વ્યક્તિની પ્રજ્ઞા જ કર્તવ્યાકર્તવ્યના નિર્ધારણમાં અંતિમ આધાર બને છે. જ્યાં સુધી સાપેક્ષ નૈતિકતાને મનપરતાવાદના એકાંતિક દોષોથી બચાવવાની વાત છે, જૈન દાર્શનિકોએ તેના માટે "ગીતાર્થ" (આદર્શ વ્યક્તિ) તથા 'શાસ્ત્ર' ના વસ્તુનિષ્ઠ આધાર પણ પ્રસ્તુત કર્યા છે. જોકે તેનો અંતિમ સ્ત્રોત નિષ્પક્ષ પ્રજ્ઞા જ માનવામાં આવી છે.

---

(૧) અભિધાન રાજેન્દ્રકોશ- ખંડ- ૩, પૃષ્ઠ - ૯૦૨.
(૨) બૃહત્કલ્પભાષ્ય, ૯૫૧
(૩) ગીતા ૧૬/૨૪
(૪) મહાભારત વનપર્વ ૩૧૨/૩૧૫.
(૫) તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે, કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ।। - ગીતા ૧૬/૨૪
(૬) કન્ટેપરરિ એથિકલ જ્યોરિજ પૃ. ૧૬૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આચાર પ્રજ્ઞપ્તિ :**

જૈનાચાર્યોએ સદાચરણ કે સમ્યક્ચારિત્રનું વિવેચન એવં વર્ગીકરણ વિવિધ આધારો પર કર્યું છે. એટલા માટે પ્રસ્તુત ગ્રંથમાં પ્રાચીન પરંપરા અનુસાર આચારનું વિવેચન **(૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રચાર (૪) તપાચાર (૫) વીર્યાચારના** રૂપમાં થયું છે. (સ્થાનાંગ ૫/૨/૪૩૩) માટે અમે પણ તે રૂપમાં તેનું વિવચેન પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. અહીં જ્ઞાન, દર્શન આદિનો અંતર્ભાવ આચારમાં એટલા માટે કર્યો છે કે જ્ઞાન અને દર્શન માત્ર જાણવા તથા શ્રદ્ધા રાખવાના વિષય નથી. તે જીવનમાં જીવવા માટે છે. તેનું આચરણ કરવાનું હોય છે. જ્ઞાન, દર્શન આદિનો આ આચરણાત્મક પક્ષ જ્ઞાનાચાર, દર્શનાચાર કહેવાય છે. આ રીતે આરાધનાના ચર્ચાના પ્રસંગમાં પણ જ્ઞાનારાધના, દર્શનારાધના અને ચારિત્રારાધનાની ચર્ચા થયેલ છે. આ રીતે તપારાધનાનો ઉલ્લેખ પણ જૈન સાહિત્યમાં થયેલ છે. તેનું તાત્પર્ય પણ એ છે કે તેની સાધના કરવી જોઈએ. આ સાધનાની પ્રક્રિયા જ આચાર કહેવાય છે. તેને આપણે જ્ઞાન દર્શન આદિનો વ્યવહાર પક્ષ પણ કહી શકીએ છીએ.

**જ્ઞાન અને જ્ઞાનાચાર :**

આગમ સાહિત્યમાં પાંચ પ્રકારના આચારોની ચર્ચાના પ્રસંગમાં સર્વ પ્રથમ જ્ઞાનાચારનું વિવેચન થયું છે. જ્ઞાનાચાર શબ્દ જ્ઞાન + આચાર મળીને બનેલ છે. જ્ઞાન સાથે આચાર શબ્દનો પ્રયોગ સામાન્યતઃ વિચિત્ર લાગે છે. જ્યારે આપણે ત્રિવિધ સાધનામાર્ગમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્રને અલગ-અલગ કરીએ છીએ તો એ પ્રશ્ન સ્વભાવિક રૂપે જ ઉભો થાય છે કે- 'જો જ્ઞાન ચારિત્રથી ભિન્ન છે. તો જ્ઞાનનેઆચાર કેવી રીતે માની શકાય ?" સામાન્ય રીતે જાણવું અને કરવું બંને ભિન્ન ભિન્ન સ્થિતિ છે. માટે તેને અલગ અલગ જ માનવાં જોઈએ. મારી દૃષ્ટિએ જૈનાચાર્ય જ્યારે જ્ઞાનાચારની ચર્ચા કરે છે ત્યારે તેમનું તાત્પર્ય જ્ઞાનથી નહીં, જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાથી હોય છે. જ્ઞાન પ્રાપ્ત કઈ રીતે કરી શકાય ? આ તથ્ય મુખ્યતઃ આચારપક્ષથી સંબંધિત છે અને એ જ આધાર પર જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા (process) ને જ્ઞાનાચાર કહેવાયો છે.

**જ્ઞાન પ્રાપ્તિનો ઉદ્દેશ :**

જૈનાચાર્યો એ સર્વપ્રથમ જ્ઞાનપ્રાપ્તિના ઉદેશ્યને સ્પષ્ટ કર્યો છે. જ્ઞાનપ્રાપ્તિના ચાર ઉદ્દેશ બતાવ્યા છે.

(૧) મને શ્રુત (આગમજ્ઞાન) પ્રાપ્ત થશે માટે અધ્યયન કરવું જોઈએ.

(૨) હું એકાગ્રચિત્ત બનીશ માટે અધ્યયન કરવું જોઈએ

(૩) હું ધર્મમાં સ્થિત થઈશ માટે અધ્યયન કરવું જોઈએ.

(૪) હું ધર્મમાં સ્થિત થઈને બીજાને તેમાં સ્થિર કરીશ માટે અધ્યયન કરવું જોઈએ.[૧] વસ્તુતઃ આ પ્રસંગમાં 'જ્ઞાન જ્ઞાન માટે' (knowledge for knowledge's sake) આ સિદ્ધાંતને ન માનતાં જ્ઞાનને ચિત્તવિશુદ્ધિ અને સદાચરણ કે ધર્મમાર્ગમાં સ્થિરતા પ્રાપ્ત કરવાના એક સાધનના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. આ રીતે જ્ઞાન સ્વયં સાધ્ય નથી પરંતુ એક સાધન છે. જ્ઞાની થવાનો ઉદ્દેશ ચિત્તસમાધિને પ્રાપ્ત કરવાનો અને ધર્મમાર્ગ તથા સદાચારમાં સ્થિત થવાનો છે. આ રીતે જ્ઞાનનો પણ એક પ્રાયોગિક પક્ષ છે. જ્ઞાનનો આ પ્રાયોગિક પક્ષ જ જ્ઞાનાચાર છે.

**જ્ઞાનાચારની વિષયવસ્તુ :**

આ ચરણાનુયોગ નામનો પ્રસ્તુત સંકલનાત્મક ગ્રંથમાં જ્ઞાનાચારની ચર્ચા કરતાં તેને પૂર્વોક્ત આઠ જ્ઞાનાચારોમાં વિભક્ત કરાયો છે. સર્વપ્રથમ આપણે આ ગ્રંથમાં જ્ઞાનાચાર અંતર્ગત કયા કયા મુખ્ય વિષયોનું સંકલન થયું છે. તેનું સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત કરશું. આ ગ્રંથમાં પ્રથમ કાલજ્ઞાનાચાર અંતર્ગત સ્વાધ્યાય કે જ્ઞાનસાધના માટે યોગ્ય અને અયોગ્ય કાલની ચર્ચા કરાઈ છે. અને એ બતાવ્યું છે કે સાધકે કયા સમયે અધ્યયન કરવું જોઈએ અને કયા સમયે ન કરવું. તેની સાથે જ દૈશિક અને કાલિક વિશેષ પરિસ્થિતિઓનું ચિંતન કરાયુ છે જે ઉપસ્થિત થવાથી અધ્યયન કે સ્વાધ્યાય કરવાની મનાઈ કરેલ છે.

આ રીતે બીજા વિનય જ્ઞાનાચાર અંતર્ગત જ્ઞાનપ્રાપ્તિ માટે વિનયની શું આવશ્યકતા છે ? અવિનયના શું દુષ્પરિણામ છે ? તેની પણ ચર્ચા કરાઈ છે. સાથે એ પણ બતાવ્યું છે કે આચાર્ય અને શિષ્યનું પારસ્પરિક કર્તવ્ય શું છે ? તેની અંતર્ગત આચાર્યની વિનય પ્રતિપત્તિ અને શિષ્યની વિનયપ્રતિપત્તિનું વિવેચન કરાયું છે. તેની સાથે જ વિનયનું સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદોનું વિસ્તૃત ચિત્રણ કરાયું છે. જ્ઞાનાચારની આ ચર્ચાના પ્રસંગમાં વિનયજ્ઞાનાચાર પર પ્રસ્તુત ગ્રંથમાં સર્વાધિક ચર્ચા ઉપલબ્ધ થાય છે. કારણ એ છે કે આગમ સાહિત્યમાં આ વિષય પર વિશદ વિવરણ ઉપલબ્ધ થાય છે. ગુરુ અને શિષ્યના પારસ્પરિક સંબંધોની ચર્ચા બાદ આમાં વિનયના પ્રકાર, તેનું સ્વરૂપ, તેની ઉપમાઓ, અવિનીત અને સુવિનીતનું અંતર આદિની ચર્ચા થઈ છે. એ પણ બતાવાયું છે કે અવિનીત અને સુવિનીત આચાર વ્યવહારનો સ્વયં તેના પર તથા સંઘ પર શું પ્રભાવ હોય છે ? આ પ્રસંગમાં શિક્ષાપ્રાપ્તિને અયોગ્ય વ્યક્તિઓ અને શિક્ષાપ્રાપ્તિમાં બાધક કારણોની ચર્ચા કરાઈ છે. અંતમાં ગુરુ આચાર્ય અને વરિષ્ઠ મુનિ (રાજાધિક) ની અવહેલના (આશાતના) કે ઉપેક્ષાનું શું પરિણામ આવે છે. તેની ચર્ચા કરાઈ છે. તથા આચાર્ય આદિના અવિનય કે અવહેલના (આશાતના) કરવાથી શું પ્રાયશ્ચિત્ત આવે તેનું નિશ્ચિત વિધાન કરાયેલ છે.

---

(૧) દશવૈકાલિક - ૯/૪/૭-૮, (ચ.પૂ. ૫૭)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય બહુમાન જ્ઞાનાચાર અંતર્ગત આચાર્યનો મહિમા, આચાર્યની સેવાનું ફળ અને આચાર્યોનો વિવિધ પ્રકારો વિસ્તારથી ઉલ્લેખ કરાયો છે. ત્યારબાદ આચાર્ય તથા ગુરુની ઉપાસના કેવી રીતે કરવી જોઈએ તેની સેવા સુશ્રુષાનું શું ફળ હોય છે એ બતાવ્યું છે. આ પ્રસંગમાં ગુરુના સાનિધ્યમાં રહેવાનું અર્થાત્ ગુરુકુલમાં નિવાસ કરવાના મહત્ત્વની ચર્ચા કરાઈ છે. ત્યારબાદ શિષ્ય દ્વારા ગુરુને પ્રશ્ન કરવા અને ગુરુ દ્વારા તેના ઉત્તર આપવાની વિધિનો ઉલ્લેખ કરાયો છે. આ પ્રસંગે એ પણ બતાવ્યું છે કે ઉત્તર આપતી વખતે ગુરુએ શિષ્યથી સત્ય છુપાવવું જોઈએ નહીં. આ ચર્ચાના પ્રસંગમાં બહુશ્રુત (જ્ઞાની)ના પ્રકારોની ચર્ચા કરાઈ છે. બહુશ્રુતની આ ચર્ચા ઉત્તરાધ્યયન-૧૧માં અધ્યયનમાં પણ વિસ્તારથી ઉપલબ્ધ છે. જેનું અહીં સંકલન કર્યું છે. આ રીતે પ્રસ્તુત ગ્રંથમાં કાલાચાર, વિનયાચાર, બહુમાનાચારનું વિસ્તૃત વર્ણન સંકલિત કરાયું છે.

પરંતુ જ્ઞાનાચારના શેષ ઉપાધાનાચાર, અનિન્હવાચાર, વ્યંજન જ્ઞાનાચાર, અર્થજ્ઞાનાચાર, તદુભયજ્ઞાનાચારની સંક્ષિપ્ત ચર્ચા ઉપલબ્ધ થઈ જાય છે. એટલા માટે પ્રસ્તુતગ્રંથમાં આગમોમાંથી જ વિષયોનું સંકલન કરાયું છે, માટે આગમોમાંથી તેનું વિસ્તૃત વિવેચન ઉપલબ્ધ ન હોવાથી અનુયોગના કર્તાએ તેનું અહીં સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે. આગળએ બધાની ચર્ચા કરશું.

આચારાંગન ટીકામાં શીલાંકે આઠ પ્રકારના જ્ઞાનાચારોનો ઉલ્લેખ કર્યો છે. (૧) કાલાચાર (૨) વિનયાચાર (૩) બહુમાનાચાર (૪) ઉપધાનાચાર (૫) અનિન્હવાચાર (૬) વ્યંજનાચાર (૭) અર્થાચાર (૮) ઉભયાચાર[1] વસ્તુતઃ આ આઠ જ્ઞાનાચારોમાં મુખ્ય રૂપથી જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાનું વિવેચન કરાયું છે.

### (૧) કાલાચાર :[2]

કાલાચારમાં જ્ઞાનપ્રાપ્તિના યોગ્ય સમયનો વિચાર કરાયો છે. જૈન પરંપરા એમ માને છે કે પ્રથમ વયથી લઈને અંતિમવય સુધી અર્થાત્ બાલ્યકાલથી લઈને વૃધ્ધાવસ્થા સુધી જ્ઞાનની સાધના કરી શકાય છે. બીજા શબ્દોમાં જ્ઞાનપ્રાપ્તિની સાધના જીવનપર્યંત ચાલી શકે છે. જૈનાચાર્યોએ આ સંબંધમાં પણ વિસ્તારથી ચર્ચા કરી છે કે- 'સ્વાધ્યાય અને જ્ઞાનાર્જન માટે યોગ્ય સમય કર્યો છે ?' સામાન્ય રીતે તો બધા કાલને જ્ઞાન-પ્રાપ્તિ માટે યોગ્ય મનાયા છે. તેને ક્રમશઃ પૂર્વાન્હ, અપરાન્હ, પ્રદોષ અને પ્રત્યૂષ કહેવાયા છે. સ્વાધ્યાય માટે કે જ્ઞાનાર્જન માટે નિષિદ્ધની ચર્ચા કરતાં બતાવાયું છે કે સૂર્યોદયનો કાલ, સૂર્યાસ્તનો કાલ, મધ્યાન્હ અને અર્ધરાત્રિનો કાલ આ ચાર કાલ અથવા આ ચાર સંધ્યા સ્વાધ્યાય માટે યોગ્ય નથી. આ રીતે સ્થાનાંગમાં પણ તે બધી સ્થિતિઓનું વિસ્તારપૂર્વક વિવેચન કરાયું છે. જેમાં સ્વાધ્યાય ન કરવો જોઈએ. આ રીતે જૈનાચાર્યોએ પણ આ સંબંધમાં વિસ્તારથી ચર્ચા કરી છે. કેટલી દીક્ષાપર્યાયવાળા વ્યક્તિને કયા આગમનું અધ્યયન કરાવવું જોઈએ, અધ્યયન માટે યોગ્ય વય, સમય અને સાધનાત્મક પરિપકવતાનો વિચાર જ કાલાચાર છે.

### (૨) વિનયાચાર :[3]

વિનયાચારમાં આ તથ્ય ની વિસ્તારથી ચર્ચા કરાઈ છે કે ગુરુ શિષ્યનો સંબંધ કેવો હોવો જોઈએ અને શિષ્યને ગુરુ કે આચાર્ય પ્રત્યે કેવો વ્યવહાર કરવો જોઈએ. દુર્ભાગ્યથી આજે જ્યારે શિક્ષણ એક વ્યવસાય બની ગયું છે તેમાં વિનયનું સ્થાન ગૌણ થઈ ગયું છે. આજ તો જ્ઞાન ગુરૂમુખથી જ ઉપલબ્ધ થતું હતું ત્યારે શિષ્યને ગુરૂ પ્રત્યે આદર કે શ્રદ્ધાભાવ રાખવો અપરિહાર્ય હતો. કારણ કે આચાર્ય કે ગુરૂની પ્રસન્નતા પર જ જ્ઞાનની ઉપલબ્ધિ શક્ય હતી. આ ચર્ચાના પ્રસંગમાં જૈનાગમોમાં આચાર્યનું સ્વરૂપ અને તેના વિભિન્ન ભેદ વિસ્તારથી ઉલ્લિખિત છે. આ પ્રસંગે એ પણ બતાવ્યું છે કે આચાર્ય, ઉપાધ્યાય, ગુરૂ અને સહયોગી સાધકોની સેવાનું શું ફળ મળે છે. તેમાં એ બતાવ્યું છે કે- 'તથારુપ અથવા તો ગુણ સંપન્ન આચાર્યની પર્યુપાસના કરવાથી ધર્મશ્રવણનો લાભ મળે છે. ધર્મશ્રવણથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે. જ્ઞાનથી વિજ્ઞાન અર્થાત્ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય છે, વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થવાથી વ્યક્તિ હેયનો પરિત્યાગ કરે છે તેના ફળ સ્વરૂપ અનાશ્રવની પ્રાપ્તિ થાય છે. અનાશ્રવથી તપનો વિકાસ થાય છે. તપથી નિર્જરા કે કર્મક્ષય થાય છે અને જેનાથી અંતે અયોગી અવસ્થા કે મુક્તિની પ્રાપ્તિ થાય છે. આ બાબતમાં એમ પણ બતાવ્યું છે કે સાધકને માટે ગુરૂકુલવાસ અર્થાત્ ગુરુના સાનિધ્યમાં રહેવાની ઉપયોગિતા શું છે ? એ સ્પષ્ટ છે કે ગુરુના સાનિધ્યમાં રહેવાથી એક તો શિષ્યનું હૃદય શંકાઓથી આક્રાંત નથી હોતું, કારણ કે શંકા થતાં જ તેના સમાધાન માટે ગુરુનું સાનિધ્ય હોય જ છે. બીજી બાજુ તેના ચારિત્રનું પણ અનુરક્ષણ થાય છે. કારણ કે ગુરુનું સાનિધ્ય હોવાથી સહજરૂપથી ચારિત્રના દોષોનું સેવન નથી થઈ શકતું. આ બાબતમાં એક તથ્યની ચર્ચા પણ ઉપલબ્ધ થાય છે કે ગુરુએ શિષ્યથી સત્ય છૂપાવવું ન જોઈએ. અપસિદ્ધાંતનો આશ્રય લઈને આગમપાઠને તોડી ફોડીને વ્યાખ્યા ન કરવી જોઈએ. અને પોતાના જ્ઞાનનું પ્રદર્શન પણ ન કરવું જોઈએ. તેને પ્રાજ્ઞ અને સાધક, પ્રશ્નકર્તા કે શ્રોતાની ઉપેક્ષા કે પરિહાસ પણ ન

(૧) આચારાંગટીકા ૧/૧/૭ (ચ.પૃ.૫૭)
(૨) ચ.પૃ. ૬૪-૭૦
(૩) ચ.પૃ. ૭૧-૧૦૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો જોઈએ. આ રીતે આચાર્ય એ શિષ્યની શંકાઓનું કેવી રીતે સમાધાન કરવું જોઈએ તેની પણ વિસ્તારથી ચર્ચા કરાઈ છે. બીજા શબ્દોમાં શિષ્યની સાથે-સાથે ગુરુની જવાબદારીનો બોધ પણ સ્પષ્ટ કરાયો છે.

આ બાબતમાં ઉત્તરાધ્યયન ૧૧માં અધ્યયનના આધારે કોણ વ્યક્તિ શ્રદ્ધા યોગ્ય બહુશ્રુત બની શકે છે તેની વિવેચના કરાઈ છે. ઉત્તરાધ્યયનના પ્રથમ અને ૧૧મા અધ્યયનમાં તથા દશવૈકાલિકના નવમા અધ્યયનમાં વિનીત - અવિનીતના લક્ષણોની વિસ્તૃત ચર્ચા છે. એવી રીતે સુયોગ્ય શિષ્યએ કેવો વ્યવહાર ન કરવો જોઈએ, તે બાબતમાં દશાશ્રુતસ્કંધમાં તેત્રીસ આશાતનાનો ઉલ્લેખ છે. અનુયોગકર્તાએ આ બધા તથ્યોનો પ્રસ્તુતકૃતિમાં સંકલન કરી દીધું છે.

**ઉપધાનાચાર :**

જૈન પરંપરામાં જ્ઞાનસાધનાને તપસાધના સાથે જોડી છે. તેને તેની પારંપરિક ભાષામાં ઉપધાન કહેવાય છે. પ્રાચિનકાલથી જ તેના આ તથ્યના સંકેત ઉપલબ્ધ થાય છે કે કયા આગમનું અધ્યયન કરતી વખતે શિષ્યને કયું તપ કરવું જોઈએ, આ રીતે એક બાજુ જૈનાચાર્યોએ જ્ઞાનસાધના અને તપ સાધનાને પરસ્પર જોડેલી છે. તો આગમ સાહિત્યમાં એવા પ્રસંગ છે જેમાં નવદીક્ષિત અને અધ્યયનશીલ શિષ્ય માટે દીર્ઘકાલિન તપનો નિષેધ કરાયો છે.

**અનિન્હવાચાર :**

અનિન્હવાચારનો સામાન્ય અર્થ છે કે સત્ય સિદ્ધાંત અને પોતાના વિદ્યાગુરુના નામને છૂપાવવું ન જોઈએ. સામાન્યતઃ વ્યક્તિ પોતાને બહુશ્રુત કે વિદ્વાન સિદ્ધ કરવાને માટે પોતાના જ્ઞાનદાતા ગુરૂની ઉપેક્ષા કરે છે. તેનાં નામાદિ નથી બતાવતા. આ પ્રસંગ વિશેષરૂપથી જ્યારે શિષ્ય અને ગુરુમાં મતભેદ ઉપસ્થિત થાય છે. અને તે પોતાના ગુરૂથી પૃથક થઈને સ્વયં પોતાના નામથી સિદ્ધાંતનો પ્રચાર કરે છે. નિન્હવ શબ્દનો અર્થ સત્યને છૂપાવવું એ છે. અનેક વખત વ્યક્તિ સત્યને જાણતો હોવા છતાં પણ પોતાની ચારિત્રિક નિર્બળતાને કારણે કે પોતાની સુવિધા માટે તેને તોડી-મોડીને વ્યાખ્યાયિત કરે છે. આ રીતની પ્રવૃત્તિ સામાન્યતઃ સુવિધાવાદ, શિથિલાચારી વ્યક્તિઓમાં હોય છે. વસ્તુતઃ નિન્હવાચારનું તાત્પર્ય એ છે કે વ્યક્તિને પોતાના અહંકારનું પોષણ માટે અથવા પોતાની નબળાઈને છૂપાવવા માટે સત્યને વિકૃત ન કરવું જોઈએ. વસ્તુતઃ આ એક પ્રકારે જ્ઞાનમાં પ્રમાણિક બની રહેવાની શિક્ષા છે. જૈનધર્મમાં આગમપાઠોને પોતાની સુવિધા માટે તોડ-મોડ કરવાનું ઠીક નથી મનાયું.

**વ્યંજનનાચાર, અર્થાચાર અને ઉભયાચાર :**

વ્યંજનાચારનું તાત્પર્ય શબ્દોના ઉચ્ચારણની શુદ્ધતાને જાળવી રાખવાનું છે. આ પાઠ શુધ્ધિની સાધના છે. આગમગ્રંથોમાં આવેલા સ્વર અને વ્યંજનનો ખોટો ઉચ્ચાર ન કરવો તે જ વ્યંજનાચાર છે. કારણ કે ઉચ્ચારણભેદથી પાઠભેદ અને પાઠભેદથી અર્થભેદ થવાની શક્યતા રહે છે. માટે તે યુગમાં જ્યારે સંપૂર્ણ જ્ઞાન શ્રુતપરંપરાથી વંચિત રહેતું હતું ત્યારે વ્યંજનાચારનું મહત્ત્વપૂર્ણ સ્થાન હતું. વસ્તુતઃ આ ગ્રંથના મૂલપાઠને યથાવત્ સુરક્ષિત રાખવાની એક શૈક્ષણિક પ્રણાલી હતી. જે આગમપાઠોને યથાવત્ તથા પ્રમાણિક બનાવી રાખવા માટે આવશ્યક હતી.

આવી રીતે આગમમાં આવેલા પ્રત્યેક શબ્દનો તેના સંદર્ભને અનુકૂલ સાચો અર્થ કરવો અર્થાચાર છે. સામાન્યતઃ પ્રત્યેક ભાષામાં અને વિશેષરૂપથી પ્રાકૃતભાષામાં એક જ શબ્દ વિભિન્ન અર્થમાં પ્રયુક્ત થતા હોય છે. જેવી રીતે "સુહ" શબ્દ "સુખ" અને "શુભ" બંનેનો વાચક છે. તથા સત્ય શબ્દ શાસ્ત્ર અને શસ્ત્ર બંનેનો વાચક છે. માટે આગમિક પાઠોના અર્થ નિર્ધારણ કરવામાં પ્રમાણિકતા જાળવી રાખવા એ આવશ્યક મનાયું છે કે અધ્યયનમાં શુદ્ધ ઉચ્ચારણ અને સમ્યક્ અર્થનું પ્રતિપાદન આવશ્યક છે. શબ્દના ઉચ્ચારણ અને અર્થ નિર્ધારણની સંયુક્ત પ્રક્રિયા તદુભયાચાર કહેવાય છે.

જ્ઞાનાર્જનના ક્ષેત્રમાં અને તેના પ્રતિપાદનના ક્ષેત્રમાં કઈ પ્રકારની સાવધાની અપેક્ષિત છે તેની ચર્ચા સૂત્રકૃતાંગમાં ઉપલબ્ધ થાય છે. તેમાં કહ્યું છે કે શાસ્તા પ્રત્યે શ્રદ્ધા રાખતા શ્રમણે આગમનું અન્યથા ઉચ્ચારણ ન કરવું જોઈએ અને આગમના અર્થ છૂપાવવો ન જોઈએ કે દૂષિત ન કરવો જોઈએ. ગુરૂ પાસેથી જેવી રીતે સૂત્રાર્થની વ્યાખ્યા સાંભળી હોય તેને ગુરુના નિર્દેશપૂર્વક યથાવત્ પ્રતિપાદિત કરવી જોઈએ. કારણ કે સૂત્રના અશુદ્ધ ઉચ્ચારણથી અર્થભેદ થાય છે. અર્થભેદથી ક્રિયાભેદ થાય છે. ક્રિયાભેદથી સમ્યક્ આચારના અભાવમાં નિર્જરા નથી થતી અને નિર્જરાના અભાવમાં મોક્ષ નથી થતો. આ રીતે આગમપાઠની ઉચ્ચારણ શુદ્ધતા અને તેના પ્રસંગાનુસાર સમ્યક્ અર્થનું પ્રતિપાદન જ્ઞાનાર્જન પ્રક્રિયાની એક આવશ્યક શરત છે.

**સ્વાધ્યાય :**

જૈન પરંપરામાં સ્વાધ્યાયને જ્ઞાન સાધનાનું અનિવાર્ય અંગ મનાયું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં મુનિની દૈનિકચર્યાનું વિવેચન કરતાં દિવસ અને રાત્રિના આઠ પ્રહરમાં ચાર પ્રહર સ્વાધ્યાય માટે, બે પ્રહર ધ્યાન માટે, એક પ્રહર શારીરિક આવશ્યકતા પૂર્તિ માટે અને એક પ્રહર નિદ્રા માટે નિશ્ચિત કરાયેલ છે. તેનાથી જૈન સાધનાના ક્ષેત્રમાં જ્ઞાનની ઉપાસનાનું કેટલું મહત્ત્વ છે તે સ્પષ્ટ થઈ જાય છે. જૈનાગમોમાં અને પરવર્તી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથોમાં સ્વાધ્યાય માટે અનુપયુક્ત કાલ અને સ્થાનથી પણ ચર્ચા કરાઈ છે.જેનો વિસ્તૃત ઉલ્લેખ પ્રસ્તુત ચરણાનુયોગ ગ્રંથમાં થયો છે. માટે આ ભૂમિકામાં તેની વિસ્તૃત ચર્ચા નહીં કરીએ. જ્યાં સુધી સ્વાધ્યાયના સ્વરૂપનો પ્રશ્ન છે તો તે પ્રશ્ન એક વિચારણીય પ્રશ્ન છે. સામાન્યતઃ સ્વાધ્યાયનાં નિમ્ન પાંચ અંગ મનાય છે -

(૧) વાચના : મૂલ ગ્રંથ અને તેના અર્થનું પઠનપાઠન

(૨) પૃચ્છના : ગ્રંથના પઠનમાં ઉપસ્થિત શંકાઓનું સમાધાન પ્રાપ્ત કરવું.

(૩) પરિવર્તના : પઠિત ગ્રંથોની આવૃત્તિ કરવી કે તેનું પુનઃ પઠન કરવું.

(૪) અનુપ્રેક્ષા : પઠિત વિષયોના સંબંધમાં વિશેષરૂપથી ચિંતન કરવું. સ્વાધ્યાયનો આ પક્ષ ચિંતન કે વિમર્શની મહત્તાને સ્પષ્ટ કરે છે.

(૫) ધર્મકથા : પ્રવચન કરવું કે ઉપદેશ આપવો. વસ્તુતઃ સ્વાધ્યાયનું આ અંગ એ વાતનો સંકેત કરે છે કે પ્રાપ્ત જ્ઞાનનું વિતરણ પણ જ્ઞાન-સાધનાનું એક આવશ્યક અંગ છે.

પરંતુ મારી દૃષ્ટિએ આ બધાં સ્વાધ્યાયનાં બાહ્યરૂપ છે. જૈન પરિભાષામાં તેને દ્રવ્ય સ્વાધ્યાય પણ કહી શકાય છે. સ્વાધ્યાયનો વાસ્તવિક અર્થ શું છે ? તે તો શબ્દ ની વ્યુત્પત્તિમાં જ છૂપાયેલો છે. સ્વાધ્યાય શબ્દ સ્વ+અધ્યાયથી બન્યો છે. અધ્યાય શબ્દ અધ્યયન, પઠન અને મનનનો વાચક છે. જો આ દૃષ્ટિથી અર્થ કરવામાં આવે તો તેનો એક અર્થ થશે 'સ્વ' અર્થાત્ પોતાનું અધ્યયન. અહીં એ પ્રશ્ન સ્વાભાવિક થાય છે કે પોતાના અધ્યયનનું શું તાત્પર્ય છે ? અને સાધનાના ક્ષેત્રમાં તેની શું ઉપયોગિતા ? "आत्मानं विद्धिः" આ ઉપનિષદનો મહત્ત્વપૂર્ણ ઉદ્‌ઘોષ છે. જૈનપરંપરામાં આચારાંગ આત્મજ્ઞાનની પ્રાથમિકતાને પ્રતિપાદિત કરે છે. "के अहं आसि" હું કોણ છું આ ઉપનિષદો તથા જૈન આગમોનું મૂળ હાર્દ છે. પરંતુ એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે તે અમૂર્ત આત્મતત્ત્વ જે સમસ્ત જ્ઞાનપ્રક્રિયાનો આધાર છે તે જ્ઞાનનો વિષય નથી બની શકતો. જે જ્ઞાનનો વિષય બની શકે છે, તે છે વ્યક્તિથી અનુભૂતિઓ તથા ભાવનાઓ. વ્યક્તિ પોતાની અનુભૂતિઓ, વૃત્તિઓ, વાસનાઓ અને મનોદશાનો જ્ઞાતા બની શકે છે. તેના જ્ઞાતા થવું, તેને જાણવાનો પ્રયત્ન કરવો તે જ સ્વાધ્યાયનો મૂળ અર્થ છે. સ્વાધ્યાયનો અર્થ એ છે કે પોતાની અંદર ડોકીયું કરવું. પોતાની વૃત્તિઓ અને વાસનાને જોવી, પોતાની મનોદશા વાંચવી, જૈન સાધનાની બાબતમાં આચારાંગમાં વારંવાર કહ્યું છે કે- 'તું દેખ અને દૃષ્ટા બન.' નિશ્ચિતરૂપથી આધ્યાત્મિક વિકાસ માટે ઘણું જ આવશ્યક છે કે વ્યક્તિ પોતાની વાસનાઓ, મનોવૃત્તિઓ અને મનોભાવોને જાણે કારણ કે દુર્વાસનાઓ, અને દુર્ભાવનાઓ અને દુષ્ટપ્રવૃત્તિઓનું નિરાકરણ ત્યારે જ શક્ય છે કે જ્યારે તે છે તેવા સ્વરૂપે જાણે તો જે વ્યક્તિ પોતાની બિમારી અને વિકૃતિઓને જાણે છે તે જ ચિકિત્સાના માધ્યમથી તેનું નિવારણ કરી શકે છે. માટે સ્વના અધ્યયનનું તાત્પર્ય છે. પોતાની મનોદશા અને વૃત્તિઓને જાણીને તેનું નિરાકરણ કરે. જૈનાગમોમાં આ આત્માના અધ્યયનને સ્વાધ્યાય ન કહેતાં ધ્યાન કહેલ છે. જે સ્વાધ્યાય બાદની અવસ્થા છે. સ્વાધ્યાયને આત્મજ્ઞાન, ચિત્તની એકાગ્રતા, (ધ્યાન) આદિનું સાધન માનેલ છે અને આત્માનુભૂતિની પ્રક્રિયાને ધ્યાન કહેલ છે.

આપણે એ યાદ રાખવું જોઈએ કે શાસ્ત્રનું અધ્યયન હોય કે પોતાની વૃત્તિઓ અને વાસનાઓનું અધ્યયન, પરંતુ બધાનું લક્ષ્ય મનોવિકારો અને વાસનાઓનું પરિશોધન છે. આત્મશોધનની આ પ્રક્રિયામાં જ્ઞાન માત્ર "જ્ઞાન" ન રહેતાં "જ્ઞાનાચાર" બની જાય છે.

જૈનાચાર્યો એ આ તથ્યની વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે કે કઈ વ્યક્તિ શિક્ષા પ્રદાન કરવાને અયોગ્ય છે. બૃહત્કલ્પસૂત્ર (૪/૬)માં નપુંસક (પંડક) કામુક (વાતિક) અને ક્લીવ(હીન ભાવનાથી ગ્રસિત વ્યક્તિ)ને શિક્ષાપ્રદાન કરવા માટે અયોગ્ય કહ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્ર (૧૧/૫) માં તે કારણોનું પણ વિશ્લેષણ કર્યુ છે. જેની ઉપસ્થિતિમાં જ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી. તેના પાંચ કારણ છે. (૧) માન (અહંકાર) (૨) ક્રોધ (૩) પ્રમાદ (અનુત્સાહ) (૪) રોગ અને (૫) આળસ. આ રીતે જૈનાગમોમાં જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાના રૂપમાં જ્ઞાનાચારનું વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ છે. જ્ઞાનાચાર વસ્તુતઃજ્ઞાનનો પ્રયોગાત્મક કે વ્યવહારિક પક્ષ છે. તે જ્ઞાનોપલબ્ધિની પ્રક્રિયા છે.

**દર્શનાચાર :**

જેવી રીતે જ્ઞાનને એક આચાર અર્થાત્ સાધનાની એક વિશેષ પ્રક્રિયા માનેલ છે એવી જ રીતે દર્શનનો પણ સાધનાની એક પ્રક્રિયાના રૂપમાં જ સ્વીકાર કરાયો છે. જેવી રીતે આપણે પૂર્વે સંકેત કરેલ છે કે જૈન પરંપરામાં દર્શન શબ્દ ઐન્દ્રિક અનુભૂતિ, આત્મસાક્ષાત્કાર, દૃષ્ટિકોણ વિશેષ, દાર્શનિક સિદ્ધાંત વિશેષ, દાર્શનિક અથવા તત્ત્વમિમાંસીય અવધારણાઓ પ્રત્યે આસ્થા તથા દેવ ગુરૂ ધર્મ પ્રત્યે શ્રધ્ધા આ વિવિધ અર્થોમાં પ્રયુક્ત થયેલ છે, પરંતુ જ્યારે આપણે દર્શન શબ્દનો પ્રયોગ દર્શનાચારના રૂપમાં કરીએ છીએ તો અહીં આપણું તાત્પર્ય તે પ્રક્રિયા વિશેષ તથા સાધના વિશેષથી હોય છે જેના દ્વારા વ્યક્તિ સમ્યક્ દૃષ્ટિકોણને પ્રાપ્ત કરી શકે છે. માટે દર્શનાચારની વિવેચના કરતાં સર્વ પ્રથમ જેના દ્વારા વ્યક્તિનો દૃષ્ટિકોણ દુષિત થાય છે તે તથ્યો પર વિચારીશું, ત્યારબાદ જેના વડે વ્યક્તિની દૃષ્ટિ કે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધા સમ્યક્ બને છે તે તથ્યો પર વિચારીશું. કારણ કે દર્શનાચારનું તાત્પર્ય છે કે- 'મિથ્યામાન્યતાઓ છોડાવીને આત્માને સમ્યક્ માન્યતામાં સુસ્થિર કરવો.'

જૈન પરંપરામાં અયથાર્થ માન્યતાઓના રૂપમાં મિથ્યાદર્શનની ચર્ચા કરતાં વિપરીત માન્યતાઓની સાથોસાથ આગ્રહ, અભિનિવેશ, એકાંત આદિને પણ મિથ્યાત્વની કોટિમાં માન્યા છે. વસ્તુતઃ જૈનદર્શન સત્યને પોતાના સંપૂર્ણરૂપમાં જોવાનો પ્રયત્ન કરે છે. જો કે તે એ માન્યતા છે કે "અનંત ધર્માત્મક વસ્તુ"ના સંપૂર્ણ પક્ષોનો બોધ સીમિત માનવીય જ્ઞાનથી શક્ય નથી. માટે પોતાના જ્ઞાનની સીમાઓને જાણીને બીજાના દષ્ટિકોણ કે સંભાવનાઓને પૂર્ણતઃ અસત્ય કહીને નકારવી નહીં, યથાર્થ કે સમ્યક્ દષ્ટિકોણને આવશ્યક અંગ મનાયું છે. એ સ્પષ્ટ છે કે એકાંતિક દષ્ટિકોણ કે આપણા પૂર્વગ્રહ અર્થાત્ દુરભિનિવેશ સત્યને સમજવામાં બાધક હોય છે. ત્યારે સમ્યક્ દર્શનની ઉપલબ્ધિ માટે વ્યકિત પોતાની જાતને દુરભિનિવેશ અને પૂર્વગ્રહોથી મુક્ત રાખે તે આવશ્યક છે. પાશ્ચાત્ય દાર્શનિક દેકાર્તએ પણ આ તથ્યની વિશેષરૂપથી ચર્ચા કરી છે. કારણ કે જ્યાં સુધી વ્યક્તિ દુરાગ્રહો અને પૂર્વાભિનિવેશથી મુક્ત નથી થતા ત્યાં સુધી દષ્ટિ નિર્મલ નથી થતી અને જ્યાં સુધી દષ્ટિ નિર્મલ નથી થતી ત્યાં સુધી તે સત્યને યથાર્થરૂપમાં સમજી શકતા નથી. જ્યાં સુધી વ્યક્તિની દષ્ટિ પર રાગદ્વેષરૂપી રંગિન ચશ્મા ચડેલા છે ત્યાં સુધી તેના માટે સત્યનું દર્શન શક્ય નથી. તે પૂર્વાગ્રહ અને દુરભિનિવેશોથી મુક્ત નથી. ત્યારે દર્શનવિશુદ્ધિ માટે પૂર્વાગ્રહ અને દુરભિનિવેશ છોડવા પડશે.

જૈનાગમો અને વિશેષરૂપથી સૂત્રકૃતાંગમાં એકાંતિક મિથ્યા ધારણાઓનો ઉલ્લેખ છે. જેને મુખ્યતઃ ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદના નામથી વર્ગીકૃત કરાયા છે. પરંતુ તેના સિવાય ઈશ્વરકર્તૃત્વવાદ, એકત્ત્વવાદ, ઈંડાથી સૃષ્ટિની ઉત્પતિ, નિયતિવાદ, ભૌતિકવાદ કે ભોગવાદ આદિનો પણ ઉલ્લેખ તથા ખંડન જૈનાગમોમાં જોવા મળે છે. સમ્યક્દર્શનનાં પાંચ લક્ષણોની ચર્ચા જૈન આગમસાહિત્યમાં જોવા મળે છે તેમાં સમત્વનું સ્થાન સૌ પ્રથમ છે. સમભાવ, અનાસક્તિ, પાપકર્મો પ્રત્યે ભય, બીજાં પ્રાણીઓને આત્મવત્ સમજીને તેના પ્રત્યે પોતાના આત્મવત્ વ્યવહાર કરવો અને આસ્તિકેય કે શ્રદ્ધા આ પાંચ સમ્યક્દર્શનનાં લક્ષણ મનાય છે. તેમાં પણ સમત્વ અને અનાસકિત મુખ્ય તત્ત્વ છે. સમત્વથી પ્રાણીઓને આત્મવત્ માનવાનો બોધ થાય છે. જે અનુકંપાનું કારણ બને છે. સાથે જ સમત્વની સાધનાથી સાંસારિક અનુકૂલ અને પ્રતિકૂલ પરિસ્થિતિઓમાં ચિત્તની અવિચલતા જળવાઈ રહે છે. આ વાસ્તવિક રૂપમાં દષ્ટિકોણની વિશુદ્ધિનો આધાર છે. વળી અનાસક્તિ વૈરાગ્ય અને પાપકર્મથી વિરતિનું કારણ બને છે. કારણ કે આસક્તિ કે રાગનું તત્ત્વ જ આપણને સંસારમાં જોડે છે અને અશુભાચરણનું કારણ બને છે.

પરંતુ આ બધા સિવાય જૈનચિંતકોએ સમ્યક્દર્શનની ઉપલબ્ધિ માટે ક્રોધ, માન, માયા અને લોભના તીવ્રતમ આવેગોને અર્થાત્ અનંતાનુબંધી કષાયોનું ઉપશમન આવશ્યક માન્યું છે. જ્યાં સુધી આ તીવ્રતમ કષાયોનું ઉપશમન નથી થતું ત્યાં સુધી સમ્યક્દર્શનની ઉપલબ્ધિ અને તેનું ટકવું શક્ય નથી હોતું .

માટે દર્શનાચારની સાધનાનો અર્થ છે સદાય એ પ્રયત્ન કરવો અને સજાગતા રાખવી કે કષાયો અને વાસનાઓનો આવેશ આપણા અંતરાત્માનો અવાજ કે આત્માનુભૂતિને દબાવી ન દે. પરંતુ પ્રત્યેક સાધક માટે એ શક્ય નથી કે તે પોતાની દષ્ટિકોણને પૂર્વાગ્રહો, રાગ-દ્વેષજન્ય દુરભિનિવેશ અને કષાયોના તીવ્રતમ આવેગોથી મુક્ત કરી શકે. જૈનધર્મમાં સાધનાનું મુખ્ય લક્ષ્ય વીતરાગ દશા કે સમત્વ (સામાયિક) ની ઉપલબ્ધિ મનાયું છે. માટે જો આપણે સમ્યક્દર્શનનો અર્થ રાગ-દ્વેષથી પર વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણવા માટે વીતરાગ દષ્ટિની પ્રાપ્તિને માનીએ તો સ્વભાવિક જ પ્રશ્ન થાય કે- એવી વીતરાગદષ્ટિનું નિર્માણ તો સાધનાના અંતે થાય છે. જ્યારે સમ્યક્દર્શન તો સાધનાનું પ્રારંભિક તથા આવશ્યક ચરણ મનાય છે. આ સમસ્યાના સમાધાન માટે જૈનાચાર્યોએ આ વ્યવસ્થા આપી કે જ્યાં સુધી વ્યક્તિ પોતે દુરાગ્રહો અને દુરભિનિવેશથી મુકત થઈને વીતરાગજીવન દષ્ટિને નથી કરી ત્યાં સુધી તેના માટે ઉચિત એ છે કે તે વીતરાગનાં વચનો પ્રત્યે આસ્તિક્ય બુદ્ધિ કે શ્રદ્ધાભાવ રાખે. રોગીને રોગથી મુક્ત બનવા માટે બે જ વિકલ્પ છે. એક તો તે પોતાની બિમારીને સ્વયં સમજીને માનતો હોય તો તેના માટે વૈદનો સહારો લેવો, તેના આદેશોને માનવા અને તદનુરૂપ વ્યવહાર કરવો આવશ્યક હોય છે. આ વાત આધ્યાત્મિક સંદર્ભમાં પણ છે. કાં તો વ્યક્તિ પોતે જ પોતાની આધ્યાત્મિક વિકૃતિઓને કે અપૂર્ણતાને સમજે અને તેને પોતે જ દૂર કરવાનો પ્રયત્ન કરે. આધ્યાત્મિક વિકૃતિનું તાત્પર્ય રાગ-દ્વેષ અને કષાયોથી મુક્ત થવું તે જ છે. જો વ્યકિત એટલો સમર્થ નથી કે તે સજાગ થઈને પોતાની વાસનાત્મક વૃત્તિયો કે ચિત્તની વિકૃતિઓને જોઈ શકે અને તેનાથી પર થઈ શકે. તેના માટે બીજો ઉપાય એ છે કે- 'પ્રબુદ્ધ આત્માઓના ઉપદેશને શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરી તદ્દનુરૂપ સાધના કરે. સાધનાના ક્ષેત્રમાં શ્રદ્ધા કે આસ્તિક્ય બુદ્ધિનું સ્થાન આ જ હોય છે અને એ જ દર્શનાચાર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વાર્થસૂત્રમાં સમ્યકદર્શનનાં બે રૂપ માન્યા છે ? નિસર્ગજ અને અભિગમજ.[1] તેને ઉત્તરાધ્યયનસૂત્રમાં નિસર્ગરુચિ અને ઉપદેશરુચિ કહીને વ્યાખ્યાયિત કરાયા છે.[2] નિસર્ગરુચિ સમ્યક્ત્વનો મતલબ છે કે પરોપદેશ વિના જ પોતાના કષાયો અને વાસનાની મંદતાના કારણે સત્યનું યથાર્થરૂપમાં દર્શન કરી લેવું. વ્યક્તિના જીવનમાં કયારેક-કયારેક એવા અવસર ઉપલબ્ધ થાય છે કે સ્વાભાવિક જ તેનો કષાયો અને વાસનાનો આવેગ ઓછો થઈ જાય છે અને વ્યક્તિ સત્યનું દર્શન કે અનુભૂતિ કરવા લાગે છે. તે પોતાના કષાયોની તરતમતાના આધારે નિશ્ચિતરૂપથી પોતાની આત્મિક વિકૃતિઓ કે કમજોરીઓને જાણી લે છે. દા.ત., એક પાંડુરોગથી ગ્રસ્ત વ્યક્તિ તેના રક્તમાં પીળાશ ના કારણે જ્યારે તે જાણી લે છે કે તેની દૃષ્ટિમાં કંઈક દોષ છે ત્યારે તે તેની ચિકિત્સા કે નિવારણનો પ્રયત્ન કરે છે. પરંતુ બધા લોકોમાં આવી વૈચારિક પરિપક્વતા નથી હોતી કે તે પોતાની વિકૃતિઓને સમ્યક્ પ્રકારથી જાણી નથી શકતા. તેના માટે એ ઉચિત છે કે તે ચિકિત્સકની સલાહ માને અને તદનુરૂપ પોતાની બિમારી દૂર કરવા પ્રયત્ન કરે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં સમ્યક્ત્વના પ્રકારોના સંદર્ભમાં દશ પ્રકારની સમ્યકત્વરૂચિનું વિવરણ જોવા મળે છે.[3] અમે અહીં તેમાંથી માત્ર બે નિસર્ગરુચિ અને ઉપદેશ રુચિનું વિવેચન કર્યું છે. ઉપદેશરુચિનું તાત્પર્ય છે. બીજાના માધ્યમથી સત્યના સ્વરૂપને સાંભળીને વિશ્વાસ રાખવો. આ રુચિઓમાં આજ્ઞા-રુચિ, ક્રિયારુચિ પણ મહત્ત્વપૂર્ણ છે. વડીલોની તથા વીતરાગની આજ્ઞાના પાલનને જ ધર્મસાધનાનું સર્વસ્વ સમજીવી તે જ આજ્ઞારુચિ સમ્યક્ત્વ છે. બુદ્ધિપૂર્વક સત્યને સમજીને તેના પર શ્રદ્ધા કરવી તે અભિગમરુચિ છે.

આ રીતે જે વ્યક્તિની રુચિ અને આસ્થાનું કેન્દ્ર ધાર્મિક વિધિ - વિધાનો કે ધાર્મિક ક્રિયાકાંડોનું સંપાદન થાય છે તેને ક્રિયારુચિ સમ્યક્ત્વ કહેવાય છે. આપણે જાણીએ છીએ કે જ્યાં નિસર્ગરુચિ અને અભિગમરુચિમાં સમજપૂર્વક શ્રદ્ધા હોય છે ત્યાં ઉપદેશરુચિ, આજ્ઞારુચિ અને ક્રિયારુચિમાં વિવેકના સ્થાને શ્રદ્ધાનો પક્ષ અધિક મહત્ત્વપૂર્ણ હોય છે. દર્શનાચારની ચર્ચાના પ્રસંગમાં તેના વિવિધરૂપોની વિસ્તૃત ચર્ચા અહીં શક્ય નથી. છતાં પણ જો આપણે ઐતિહાસિક વિકાસની દૃષ્ટિથી વિચારીએ તો જૈનધર્મમાં સમ્યક્દર્શન શબ્દના અર્થનો જે વિકાસ થયો છે તેમાં આગળ વધીને સત્યની અનુભૂતિ અથવા પૂર્વાગ્રહોથી યુક્ત દૃષ્ટિની અપેક્ષાએ ક્રમશઃ આસ્થા અને શ્રદ્ધાનું તત્ત્વ મુખ્ય થતું ગયું અને અંતમાં તે દેવ - ગુરૂ અને ધર્મ કે શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધાનો વાચક બની ગયો. પરંતુ પ્રારંભમાં આ સ્થિતિ ન હતી. દર્શન શબ્દ આત્માનુભૂતિ કે દૃષ્ટાભાવનો વાચક હતો. ત્યારબાદ પણ સમ્યક્ દર્શનમાં શ્રદ્ધાનું સ્થાન હોવા છતાં પણ તે શ્રદ્ધા તાત્વિક માન્યતાઓના સંદર્ભમાં હતી; વ્યક્તિ વિશેષ પ્રત્યે નહીં.

પ્રાચીન ગ્રંથોમાં આત્માનું અસ્તિત્વ, આત્માની નિત્યતા, આત્માનું કર્તૃત્વ અને ભોકતૃત્વ, આત્માની મુક્તિની શકયતા અને મુક્તિના માર્ગનો સ્વીકાર કરવો તે જ સમ્યકદર્શન મનાયું; પરંતુ જ્યારે આપણે આગમોમાં સમ્યક્દર્શનનાં આઠ અંગો અને પાંચ અતિચારોની ચર્ચાને જોઈએ છીએ તો નિશ્ચિત તે આપણને ધાર્મિક આસ્થાઓ પ્રત્યેની શ્રદ્ધાને દઢ કરવાનો પ્રયત્ન લાગે છે. આ બાબતમાં ઉત્તરાધ્યયન સૂત્રમાં સમ્યક્ત્વની આઠ પ્રભાવનાના અંગોની ચર્ચા થઈ છે. અહીં પ્રભાવનાનું તાત્પર્ય લોકોને જૈનધર્મ પ્રત્યે આકર્ષિત કરવા અને તેમાં તેની શ્રદ્ધાને દઢ બનાવવાનું છે. આ આઠ પ્રભાવના નીચે મુજબ છે.[4]

(૧) જિન પ્રવચન પ્રત્યે શંકા ન રાખવી.

(૨) ફળની ઇચ્છા અથવા અન્ય ધર્મ અને દર્શનની ઇચ્છા ન રાખવી.

(૩) જિન ધર્મની નિંદા ન કરવી.

(૪) મૂર્ખતાપૂર્ણ અંધ વિશ્વાસ ન રાખવો.

(૫) પોતાની શ્રદ્ધાને દઢ બનાવવા પ્રયત્ન કરવો.

(૬) ધર્મમાર્ગથી પતિત લોકોને પાછાવાળી સ્થિર કરવા.

(૭) સ્વધર્મી બંધુ પ્રત્યે વાત્સલ્યભાવ રાખવો, અર્થાત્ તેના સુખદુઃખમાં સહભાગી બનવું.

(૮) જૈનધર્મની પ્રભાવના કે પ્રસારનો પ્રયત્ન કરવો.

આ રીતે સ્પષ્ટરૂપથી જણાય છે કે સમ્યક્દર્શનના મૂળમાં પૂર્વાગ્રહોથી રહિત સમભાવથી યુક્ત હોવું તથા સાક્ષીભાવમાં સ્થિત રહેવાની વાત મુખ્ય હતી. ત્યાં આગળ વધીને ધાર્મિક અભિનિવેશ અને આસ્થાની પુષ્ટિના પ્રયત્ન મુખ્ય થતા ગયા. દર્શન - આત્મદર્શનથી તત્ત્વદર્શન અને પછી શ્રદ્ધાભાવ બની ગયો. આ રીતે જ્યારે દર્શનના પાંચ અતિચારની ચર્ચા થઈ તો તેમાં પણ જિન વચન પ્રત્યે શંકા કરવાનો, અન્યમતની આકાંક્ષા કે ઇચ્છા કરવાનો, અન્ય ધર્માવલંબીઓ સાથે સંપર્ક રાખવાનો અને તેની પ્રસંશા કરવાનો નિષેધ કરી દેવાયો કારણ કે આ એવા આધાર હતા કે જેના દ્વારા કોઈ પણ વ્યક્તિની જૈન ધર્મ પ્રત્યેની આસ્થાને સુરક્ષિત રાખી શકાતી હતી. જો કે આતથ્ય સમ્યક્દર્શનના મૂળ અર્થ સાથે સંગતિ નથી રાખતાં કારણ કે

(૧) તત્વાર્થ, ૧/૩.
(૨) ઉત્તરાધ્યયન ૨૮/૧૬, સ્થાનાંગ - ૨/૧/૫૯
(૩) ઉત્તરાધ્યયન ૨૮, ગા. ૧૬-૨૭.
(૪) ઉત્તરાધ્યયન - ૨૮/૩૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્દર્શનનું મૂળ તાત્પર્ય તો સત્યનિષ્ઠા કે નિષ્પક્ષ દષ્ટિથી સત્યાન્વેષણનો પ્રયત્ન કરવાનો છે. સમ્યક્દર્શનના અતિચારોની ચર્ચામાં સંશયને એક અતિચાર મનાયો છે. અને તેની ગણના હેય તત્ત્વમાં કરાઈ છે. જ્યારે. આચારાંગમાં સંશયને જ્ઞાનનું આવશ્યક સાધન માન્યું છે. તેમાં કહ્યું છે કે "જે સંશયનો પરિજ્ઞાતા હોય છે તે સંસારનો પરિજ્ઞાતા હોય છે.[૧] વસ્તુતઃ અહીં સંશયને જ્ઞાનપ્રાપ્તિમાં બાધક ન માનતાં જ્ઞાનવિકાસનું સાધન મનાયેલ છે. અહીં સંશય વ્યક્તિની જિજ્ઞાસાવૃત્તિનો સૂચક છે. કારણ કે જિજ્ઞાસાવૃત્તિના અભાવમાં જ્ઞાનનો વિકાસ નથી થતો. આ રીતે જ્યાં સમ્યક્દર્શનનાં અતિચારોમાં અન્ય મતની પ્રસંશા કરવી અને તેના અનુયાયી સાથે સંપર્ક રાખવો અનુચિત માનેલ છે તો સૂત્રકૃતાંગમાં જે પોતાના મતની પ્રસંશા કરે અને બીજાના મતની નિન્દા કરે તે વ્યક્તિઓની આલોચના કરાઈ છે[૨]. માત્ર એટલું જ નહીં સૂત્રકૃતાંગમાં તો અસિતકેવલ, નમિ, રામપુત્ર, બાહુક, પરાશર, દ્વૈપાયન આદિને જિનપ્રવચન સમ્મત મનાયા છે.[૩] ઉત્તરાધ્યયનમાં પણ અન્યલિંગ સિદ્ધોનો ઉલ્લેખ છે. ઋષિભાષિતમાં નારદ, યાજ્ઞવલ્ક્ય, આરુલિ, ઉદ્દાલક, સંખલિગોસાલ, સંજય (વેયદ્ધિપુટ) સારિપુત્ર, મહાકાશ્યપ, આદિને અર્હત્ મહર્ષિના સન્માનિતપદ અપાયાં છે.[૪]

આ રીતે આ બંને દષ્ટિકોણોમાં એક મહત્ત્વપૂર્ણ ફરક છે. તે આ વાતનો સૂચક છે. જે સમ્યક્દર્શન શબ્દ કોઈક યુગમાં આગ્રહમુક્ત દષ્ટિથી સત્યાન્વેષણ કે આત્માનુભૂતિનો પરિચાયક હતો તે આગળ જતાં એક પરંપરા વિશેષની માન્યતાઓથી મૂલબદ્ધ થવા લાગ્યો. જો કે સૂત્રકૃતાંગમાં પણ અન્ય મતોની સમાલોચના ઉપલબ્ધ થાય છે. પરંતુ તે આલોચનાઓ મૂલતઃ કાં તો એ કાંતિક અને અયુક્તિસંગત માન્યતાઓ પ્રત્યે છે કે પછી શિથિલાચારી કે સ્વચ્છંદપ્રવૃત્તિ માટે છે. જેમ સૂત્રકૃતાંગમાં મુખ્ય તથા પંચમહાભૂતવાદી, ઈશ્વરકર્તૃત્વવાદી, આત્મદ્વૈતવાદી, નિયતિવાદી આદિ અવધારણાઓની સમાલોચના પ્રસ્તુત કરાઈ છે તેમ આચારાંગમાં આત્મવાદ, લોકવાદ, ક્રિયાવાદ અને કર્મવાદની સ્થાપના કરાઈ છે. વસ્તુતઃ પ્રારંભમાં જૈનપરંપરામાં સમ્યક્દર્શનનું તાત્પર્ય આત્માનુભૂતિ કે સાક્ષીભાવ હતું ત્યારબાદ આત્મા અને લોકના અસ્તિત્વનો સ્વીકાર કરી આત્માને પોતાના કર્માનુસાર ફળ પ્રાપ્તિના રૂપમાં વિવિધ યોનિઓમાં જન્મ લેનારો સ્વીકારીને માન્યો. ષટ્દ્રવ્ય અને નવતત્ત્વ પ્રત્યેની આસ્થાને સમ્યક્દર્શન કહ્યું છે. બાદમાં જિન અને જિન આગમો પ્રત્યેની શ્રદ્ધાને પણ સમ્યક્દર્શન કહ્યું છે. તે જ આગળ જતાં દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધાનો વાચક બન્યો. આ સમસ્ત ચર્ચાથી એ પણ સિદ્ધ થાય છે કે દર્શન શબ્દ માત્ર વિશ્વાસનો પ્રતીક નહોતાં વિશ્વાસને અનુરૂપ જીવન જીવવાનો સૂચક છે અને આ અર્થમાં તે દર્શનાચાર બની જાય છે.

**દર્શનાચાર પ્રસ્તુત કૃતિમાં :**

દર્શનાચારનો પ્રારંભ દર્શનના સ્વરૂપની ચર્ચાથી કરાયો છે. તેમાં સમ્યક્દર્શનનાં લક્ષણ એવં પ્રકાર, સમ્યક્દર્શનનું ફળ તેની પ્રાપ્તિ માટે અનુકૂલ આયુષ્ય, કાળ એવં દિશાઓ જેવા મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચાની સાથે-સાથે સમ્યક્ત્વની પ્રભાવનાનાં આઠ અંગ, રુચિના આધારે સમ્યક્ત્વના દસ પ્રકારોની ચર્ચા પણ પ્રસંગાનુસાર મળે છે. જેનો સંકેત પૂર્વે કરાઈ ગયો છે. પ્રસ્તુત ગ્રંથમાં સમ્યક્દર્શનના સંબંધમાં આ મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ સિવાય બોધિની સુલભતા એવં દુર્લભતાના પાંચ કારણો પર પણ પ્રકાશ પાડ્યો છે. આ બાબતમાં ત્રણ પ્રકારના દુર્બોધ્ય અને ત્રણ પ્રકારના સુબોધ્ય જીવોનું વર્ણન કરતાં સુલભબોધિ અને દુર્લભબોધિનાં લક્ષણો એવં તેના ફરકને સ્પષ્ટ કરાયો છે. સાથે જ બોધિલાભમાં બાધક એવં સાધક હેતુઓનું વિસ્તૃત વિવરણ પણ ઉપલબ્ધ થાય છે. શ્રદ્ધાલુ અને અશ્રદ્ધાલુના અંતરને સ્પષ્ટ કરતાં અંતમાં બતાવ્યું છે કે- 'સમ્યક્દષ્ટિનું સમસ્તજ્ઞાન એવં આચાર પણ સમ્યક્રૂપમાં પરિણત થાય છે.

આ પ્રસંગે સમ્યગ્દર્શી શ્રમણના પરિષહ જય અર્થાત- સાધના માર્ગમાં સફળતા તથા અસમ્યગ્દર્શી શ્રમણનો પરીષહ પરાજય સાધનાના ક્ષેત્રમાં નિષ્ફળતાની ચર્ચા કરાઈ છે. વળી સમ્યક્ પરાક્રમ અર્થાત્ સમ્યક્ત્વ સાધનાનાં અંગોની ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનનાં આધારે ચર્ચા કરાઈ છે. તેની સાથે જ સંવેગ- નિર્વેદ આદિની ચર્ચા પણ કરાઈ છે. આમાં ચાર પ્રકારની શ્રદ્ધા અને સમ્યક્ત્વના પાંચ અતિચારોનું પણ વિશદ વિવેચન ઉપલબ્ધ છે. આ પ્રસંગે અનુશ્રોત અને પ્રતિશ્રોત જેવા મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચાની સાથોસાથ અસ્થિરાત્મા કેવા હોય છે તે પણ વિભિન્ન ઉપમાઓથી બતાવ્યું છે. સાધુતાથી પતિત શ્રમણની દશાનું વર્ણન કરતાં સંયમની સાધનામાં રત રહેવાવાળાને સુખી તથા પતિત થવાવાળાને દુઃખી કહ્યા છે. તથા શ્રમણોને સંયમમાં સ્થિર રહેવાનો સંદેશ આપ્યો છે. મિથ્યાદર્શન પર વિજય મેળવવાથી શું લાભ થાય છે. તેના પર પ્રકાશ કરાયો છે. ચાર અન્યતીર્થીની શ્રદ્ધાનું નિરસન કરતાં

(૧) આચારાંગ ૧ / ૫ / ૧ / ૧૪૯
(૨) સૂત્રકૃતાંગ - ૧ / ૧ / ૨ / ૨૩
(૩) સૂત્રકૃતાંગ - ૧ / ૩ / ૪ / ૧-૪.
(૪) ઋષિભાષિત એક અધ્યયન - (ડૉ. સાગરમલ જૈન) પૃ. ૧૭ / ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમશઃ[1] તજ્જીવ તત્શરીરવાદ, પંચમહાભૂતવાદ, ઈશ્વર કાર્ણિકવાદ તથા નિયતિવાદની સમાલોચના કરી છે. મિથ્યાદષ્ટિઓની આ ચર્ચાના પ્રસંગમાં સૂત્રકૃતાંગમાં ઉલ્લેખિત સૃષ્ટિની ઉત્પત્તિના વિભિન્ન સિદ્ધાંતો, આત્મ અકર્તાવાદ, એકાત્મવાદ, આત્મષષ્ઠવાદ અને પંચમહાભૂત સિવાયના અવતારવાદ, લોકવાદ એવં પંચ સ્કંધવાદની પણ સમિક્ષા કરાઈ છે. પરંતુ તેની સાથોસાથ સૂત્રકૃતાંગમાં એ પણ બતાવ્યું છે કે- 'જે પોતાના મતની પ્રસંશા એવં અન્યમતની નિંદા કરે છે તે સંસારમાં પરિભ્રમણ કરે છે. આ ગાથામાં જૈનદર્શનની અનેકાન્તવાદી કે સહિષ્ણુવાદી દષ્ટિનું દર્શન થાય છે. મિથ્યાત્વની આ ચર્ચાના પ્રસંગમાં મિથ્યાદર્શનના ભેદ-પ્રભેદોંની ચર્ચાની સાથોસાથ મોહમૂઢ કે મિથ્યાદષ્ટિની દુર્દશા પર પણ ચર્ચા કરાઈ છે. તેમાં પ્રસંગાનુસાર વિવાદ કે શાસ્ત્રાર્થના છ પ્રકારો તથા વિપરીત પ્રરુપણાના પ્રાયશ્ચિત્તનું વિધાન પણ ઉપલબ્ધ થાય છે. અન્યતીર્થીઓનાં ચાર સિધ્ધાંતો જેવાં કે ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ તથા અજ્ઞાનવાદની વિસ્તૃત ચર્ચા પણ જૈનાગમોમાં મળે છે. અહીં સૂત્રકૃતાંગના આધારે આ ચારે પ્રકારનાં સિધ્ધાંતોના સ્વરૂપની ચર્ચા કરાઈ છે અને તેનાં એકાંતવાદી રૂપોને પણ સમજાવવાનો પ્રયત્ન કરાયો છે. આ ચર્ચામાં શ્વેતકમલ મેળવવામાં સફળ નિસ્પૃહ ભિક્ષુનો ઉલ્લેખ કરાયો છે. એવં એકાંતદષ્ટિના નિષેધ પર ભાર મૂકાયો છે. સાથે જ શિથિલાચારીની પ્રસંશા તેના સંસર્ગ આદિના પ્રાયશ્ચિત્તની શું વ્યવસ્થા છે તેનો ઉલ્લેખ થયો છે.

અન્યતીર્થીઓના મોક્ષની અવધારણા અને તે અવધારણાઓના પરિત્યાગ પર વિસ્તૃત વિવેચન ઉપલબ્ધ થાય છે. ચર્ચાના આ પ્રસંગમાં નિર્વાણ જ સાધ્ય છે. એવું બતાવ્યું છે. મોક્ષમાર્ગે અપ્રમત્તભાવથી ગમન કરવાના ઉપદેશની સાથે એમ પણ કહ્યું છે કે- 'નિર્વાણનું મૂળ સમ્યક્દર્શન છે. પ્રધાન મોક્ષમાર્ગની ચર્ચા કરતાં ગુરુ અને વૃદ્ધોની સેવા, સ્વાધ્યાય, એકાન્તવાસ આદિના મહત્ત્વપૂર્ણ ઉપાય બતાવ્યા છે. અંતમાં તેમાં સન્માર્ગ અને ઉન્માર્ગના સ્વરૂપનું ચિત્રણ કરાયું છે.

**ચારિત્રાચાર :**

ચારિત્રાચાર અંતર્ગત પ્રસ્તુત ગ્રંથમાં નિમ્ન વિષયોનું સંકલન કરાયું છે. સર્વપ્રથમ ચરણવિધિના મહત્ત્વનું પ્રતિપાદન કરાયું છે. ત્યારબાદ સંવરની ઉત્પત્તિ અને અનુત્પત્તિ ક્યારે કઈ ઉંમરમાં અને કઈ રીતે થાય છે તેની ચર્ચા કરાઈ છે. તદન્તર આશ્રવ અને સંવરનાં સ્વરૂપનું કથન કરાયું છે. પાંચ સંવર દ્વારો પર પ્રકાશ નાંખતા જણાવ્યું છે કે અવિરતિ અને વિરતિથી જીવ કેવી રીતે ગુરૂતા અને લઘુતાને પ્રાપ્ત કરે છે ? તે ક્રમમાં દસ પ્રકારના અસંવર, દસ પ્રકારના સંવરની ચર્ચા કરતાં બતાવ્યું છે કે સંવર કરવાવાળા જ મહાયજ્ઞના કર્તા છે. ત્યારબાદ દસ પ્રકારની અસમાધિ અને દસ પ્રકારની સમાધિ તથા અસંવૃત્ત અને સંવૃત્ત અણગારના સંસારપરિભ્રમણની ચર્ચાની સાથે ચારિત્રસંપન્નતાનાં ફળની પણ ચર્ચા કરાઈ છે. તદનન્તર ચારિત્રાચારમાં પાંચમહાવ્રતોની વિસ્તૃત વિવેચના ઉપલબ્ધ થાય છે.

પ્રથમ મહાવ્રતના રૂપમાં અહિંસાનું સ્વરૂપ અને તેની આરાધનાનું વર્ણન કરાયું છે. પ્રસંગાનુસાર પ્રથમ મહાવ્રતની પ્રતિજ્ઞાનું સ્વરૂપ, અહિંસાનાં સાઠ નામ, ભગવતી અહિંસાની આઠ ઉપમાઓ એવં અહિંસાના સ્વરૂપના પ્રરૂપક અને પાલક વિભિન્ન પ્રકારના સાધનોની ચર્ચા છે. ત્યારબાદ અહિંસાના આધારના રૂપમાં આત્મવત્ દષ્ટિ જેવા મહત્ત્વપૂર્ણ વિષયનું વિવેચન મળે છે.

હિંસાના નિષેધ માટે પ્રથમ છ જીવનિકાયનું વિવેચન કર્યું છે. ત્યાર બાદ જીવનિકાયોની હિંસા ન કરવા પર ભાર અપાયો છે. ષડ્જીવનિકાયમાં પ્રથમ પૃથ્વીકાય જીવોની ચર્ચા કરતાં પૃથ્વીકાયના જીવોની વેદનાને મનુષ્યની વેદના સમાન બતાવીને તેની હિંસાનો નિષેધ કર્યો છે.

આવી રીતનું વર્ણન અપ્કાયિક જીવો, તેજસકાયિક જીવો, વાયુકાયિક જીવો, વનસ્પતિકાયિક જીવો તથા ત્રસકાયિક જીવોના સંબંધમાં પણ વિવરણ આપ્યું છે. આ પ્રસંગે આર્ય-અનાર્ય વચનોનું સ્વરૂપ, બાલજીવોનું પુનઃ પુનઃ મરણ પ્રાપ્ત કરવાનું. અયતનાનો નિષેધ તથા છ જીવનિકાયની હિંસાના પરિણામો પર પણ પ્રકાશ પાડ્યો છે. ચારિત્રાચારના આ સંદર્ભમાં ષડ્જીવનિકાયની હિંસાનાં પ્રાયશ્ચિત્ત પર પણ વ્યાપક ચર્ચા મળે છે. તેમાં સચિત્ત (લીલાં) વૃક્ષના મૂળમાં મળમૂત્ર આદિનું વિસર્જન કરવું, સચિત્તવૃક્ષ પર ચઢવું, પ્રાણીઓ બાંધવાં આદિના પ્રાયશ્ચિત્તની વિસ્તારપૂર્ણ ચર્ચા કરી છે. પ્રાયશ્ચિત્તનાં વિધાનોને લઈને આ ભૂમિકામાં અન્યત્ર વિચાર કર્યો છે.

સદોષ ચિકિત્સાનો નિષેધ કરવાનાં ક્રમમાં ગૃહસ્થ પાસેથી નખ, દાંત, હોઠ આદિ રંગાવવા. ફોડેલા વ્રણ આદિની શલ્યચિકિત્સા કરાવવી, વૈયાવચ્ચ (સેવા) કરાવવી. ગૃહસ્થકૃત ચિકિત્સાની અનુમોદના, લીંખ, કૃમિ આદિ કાઢવાની અનુમોદનાનો નિષેધ કરાયો છે.

નિર્ગ્રંથ, નિર્ગ્રંથિની દ્વારા પરસ્પર ચિકિત્સા કરવા સંબંધી

(૧) જુઓ-સૂત્રકૃતાંગ ૧/ ૩/ ૪/ ૧-૪


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્તની ચર્ચા પ્રસંગમાં નિમ્ન વાતો પર પ્રાયશ્ચિત્ત કરવાનું વિધાન કરાયું છે. જેવી રીતે નિર્ગ્રંથ દ્વારા નિર્ગ્રંથિનીના પગ આદિની સાજ-સજ્જા, નિર્ગ્રંથિની દ્વારા નિર્ગ્રંથના પગ આદિની સાજ-સજ્જા (પરિકર્મ) નિર્ગ્રંથ દ્વારા નિર્ગ્રંથિના વ્રણો એવં ગુમડાદિની ચિકિત્સા કરવી, નિર્ગ્રંથી દ્વારા નિર્ગ્રંથોની વ્રણો એવં ગંડાદિની ચિકિત્સા કરવી, નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિ દ્વારા પરસ્પર એકબીજાના કૃમિ કાઢી આપવા આદિના પ્રાયશ્ચિત્તનું વિધાન જૈનાગમોમાં છે. એવી જ રીતે અન્યતીર્થીક ગૃહસ્થ દ્વારા ચિકિત્સા કરાવવી તથા તેની ચિકિત્સા કરવાનું પ્રાયશ્ચિત્તનું વિધાન પણ છે.

પ્રસ્તુતગ્રંથમાં અહિંસા નામના પ્રથમ મહાવ્રતના પરિશિષ્ટાંકની અંતર્ગત પ્રથમ મહાવ્રતની પાંચભાવનાઓ, આરંભ, સંરંભ, સમારંભ તથા અનારંભ, અસારંભ, અસમારંભના સાત-સાત પ્રકારો, પ્રાણ સૂક્ષ્મ, પનગસૂક્ષ્મ, બીજ સૂક્ષ્મ, હરિત સૂક્ષ્મ, પુષ્પ સુક્ષ્મ, અંડ સૂક્ષ્મ, લયન સૂક્ષ્મ (બિલ) તથા સ્નેહસૂક્ષ્મ આદિ આઠ સૂક્ષ્મોની ચર્ચા અને તેની હિંસાનો નિષેધ, દસ પ્રકારના અસંયમ તથા દસ પ્રકારના સંયમનું નિરુપણ કરાયું છે. સાથોસાથ પાપશ્રમણનું સ્વરૂપ, અન્યતીર્થીકોનો સ્થવીરો સાથે પૃથ્વીકાયિક હિંસાવિષયક વિવાદ જેવા મહત્વપૂર્ણ વિષયોનું પણ સંકલન કરાયું છે.

બીજા સત્ય મહાવ્રતની ચર્ચા કરતાં મૃષાવાદ વિરમણવ્રતની પ્રતિજ્ઞા એવં તેની પાંચ અવક્તવ્ય તથા વકતવ્ય સત્ય, સત્યવચનનું ફળ અને મૃષાવાદના પ્રાયશ્ચિતોનું વર્ણન કરાયું છે. આ પ્રસંગે ન બોલવા યોગ્ય છ પ્રકારનાં વચનોનો નિષેધ કરાયો છે.

તૃતીય અસ્તેય મહાવ્રતનું પ્રતિપાદન કરતાં તેની પ્રતિજ્ઞા, તેની પાંચ ભાવનાઓ, દત્ત અનુજ્ઞાત સંવરના આરાધક, દત્ત અનુજ્ઞાત સંવરનાં ફળ, અન્ય પણ સાધનાનાં ઉપકરણ એવં સ્થાનના ઉપયોગ હેતુ ગ્રહણના વિધિ-નિષેધની ચર્ચા છે. ત્યારબાદ એ કહેવાયું છે કે- 'રાજ્યપરિવર્તન કે રાજાના વંશ વિચ્છેદ કે પરાજીત થવા પર પરિવર્તનની સ્થિતિમાં નવા રાજાની અનુમતિપૂર્વક જ ત્યાં વિહાર અને સ્થાન આદિનો ઉપયોગ કલ્પનીય હોય છે.' અંતમાં અદત્તાદાનના પ્રાયશ્ચિત્તનું વિશદ વિવેચન ઉપલબ્ધ થાય છે. તેમાં અન્ય શ્રમણના શિષ્ય કે આચાર્યના અપહરણનું પણ પ્રાયશ્ચિત્ત બતાવાયું છે.

પરિશિષ્ટમાં તૃતીય અદત્તાદાન મહાવ્રતની પાંચ ભાવનાઓની ચર્ચાની સાથે અન્યતીર્થિઓનાં અદત્તાદાન સંબંધી આક્ષેપોનું નિરાકરણ કરાયું છે.

ચતુર્થ બ્રહ્મચર્યવ્રતની ચર્ચામાં બ્રહ્મચર્યનું સ્વરૂપ, તેની પ્રતિજ્ઞા, મૈથુન વિરમણવ્રતની પાંચ ભાવનાઓ, બ્રહ્મચર્ય મહિમા, તેની તેંત્રીસ ઉપમાઓ, તે ખંડિત થવાથી બધા મહાવ્રતોનું ખંડિત થઈ જવું, બ્રહ્મચર્ય સાધનાની અનુકૂલ એવં પ્રતિકૂલ સ્થિતિઓ, બ્રહ્મચર્યની આરાધનાનું ફળ, બ્રહ્મચર્યની સાધનાને અનુકૂળ વય, પ્રહર જેવા વિષયો ઉપર પ્રકાશ પાડયો છે. બ્રહ્મચર્યની નિર્વિઘ્ન સાધના સંબંધી નિર્દેશોની સાથે વિવિક્ત શયનાશનના સેવનનું શું પરિણામ તથા સ્ત્રી સાથે આસન પર બેસવાનો, તેની ઇન્દ્રિયનું અવલોકન કરવાનું તથા વાસનાજન્ય શબ્દોના ઉચ્ચારણનો નિષેધ કરાયો છે. આ રીતે પૂર્વ અનુભૂત ભોગોના સ્મરણનો નિષેધ, વિકાર વર્ધક આહાર કરવાનો નિષેધ, અધિક આહાર કરવાનો નિષેધ, વિભૂષાનો નિષેધ, શબ્દાદિ વિષયોમાં આસક્તિનો નિષેધ તથા વેશ્યાઓના નિવાસ સંબંધી માર્ગમાં આવાગમનનો નિષેધ કરાયો છે. આ ચર્ચામાં બ્રહ્મચર્યના ૧૮ પ્રકારોનું નિરૂપણ પણ સ્પષ્ટરૂપથી કરાયું છે. બ્રહ્મચર્યનું પાલન શા માટે કરવું જોઈએ તેની ચર્ચા કરતાં કહ્યું છે કે- 'આ અધર્મનું મૂળ છે તથા તેના પાલનમાં સ્ત્રીઓના સંપર્કથી થવાવાળા ભવભ્રમણ જન્ય રોગ નથી થતા. બ્રહ્મચર્યની આ ચર્ચા શારિરીક સાજ-સજ્જા, કાયક્રિયા આદિનો નિષેધ કરાયો છે.

ભિક્ષુ-ભિક્ષણીનું પરસ્પર અથવા કોઈ ગૃહસ્થ પાસે ચિકિત્સા કરાવવાનું કે વ્રણ - ગંડાદિની ચિકિત્સા કરાવવાનું એવં કૃમિ કઢાવવા જેવી ચિકિત્સા જેવા ઉપાયોનો સહારો લેવાથી તેના પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે.

પરિકર્મકરણ (સાજ-સજ્જા)ની ચર્ચાના પ્રસંગમાં શરીર, પરિકર્મ, પાદ પરિકર્મ, નખપરિકર્મ, જંઘા પરિકર્મ, ઓષ્ઠ પરિકર્મ, ઉત્તરોષ્ઠ-રોમરાજિ-દાઢી પરિકર્મ, દંત પરિકર્મ, ચક્ષુ પરિકર્મ, અક્ષિપત્ર પરિકર્મ, રોમ પરિકર્મ, કેશ પરિકર્મ આદિની ચર્ચા છે. આ વિષયમાં પોતે પરિકર્મ કરે અથવા પરસ્પર અન્યતીર્થિકો એવં ગૃહસ્થો પાસેથી પરિકર્મ કરાવવા સંબંધી પ્રાયશ્ચિત્ત પર પણ પ્રકાશ પાડયો છે.

આગમિક સંદર્ભોથી એ સ્પષ્ટ છે કે જૈન પરંપરામાં બ્રહ્મચર્યની સુરક્ષાને સર્વાધિક મહત્ત્વ અપાયું છે. માટે મૈથુનના સંકલ્પથી પોતાના ભિન્નલિંગીનો સ્પર્શ અને સ્પર્શસુખના આસ્વાદનો નિષેધ કરાયો છે. આ રીતે મૈથુન સેવનના સંકલ્પથી ગુહ્ય અંગોના પ્રક્ષાલન આદિનો પણ નિષેધ કરાયો છે. આ રીતે મૈથુન સેવન માટે પ્રાર્થના કરવી, વસ્ત્રો હટાવવા, વાસના સંબંધી અંગોનું સંચાલન કરવું તેને સજાવવા - સંવારવા - હસ્તકર્મથી વીર્યપાત કરવા આદિનો માત્ર નિષેધ જ નથી કરાયો પરંતુ તેના માટે ચાતુર્માસિક પરિહારસ્થાન આદિ કઠોર પ્રાયશ્ચિત્તની વ્યવસ્થા પણ કરાઈ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે ભિક્ષુ ભિક્ષુણી અથવા સ્ત્રી-પુરુષને આકર્ષિત કરવા અથવા તેને મૈથુનસેવન માટે સહમત કરવા માટે વસ્ત્ર-પાત્ર આદિ ભિક્ષુજીવનના ઉપકરણો અથવા આભૂષણ, માળા આદિ રાખવા માટે જૈનાચાર્યોએ પ્રાયશ્ચિત્તની વ્યવસ્થા કરી છે. આ રીતે મૈથુન સેવનના ઉદ્દેશથી કલેશ કરીને પોતાના સાથીઓને અલગ કરી દેવા, પત્ર લખાવવો અથવા પત્ર લખવા માટે બહાર જવું તે પણ પ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધ મનાયો છે. આ સંદર્ભમાં વશીકરણ પૌષ્ટિક આહારનું સેવન આદિને પણ નિષિદ્ધ અને પ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધ મનાયો છે.

પંચ મહાવ્રતની ચર્ચા કરતી વખતે પંચમ પરિગ્રહ મહાવ્રત સંબંધી વિવેચનનો પ્રારંભ અપરિગ્રહ મહાવ્રતની પ્રતિજ્ઞાથી થાય છે. ત્યારબાદ અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓનું વર્ણન કરી પાંચ ઈન્દ્રિયોના સંયમનું વિવરણ પ્રસ્તુત કરાયું છે. વસ્તુતઃ પરિગ્રહનું મૂલકારણ ઈન્દ્રિયોની પોતાના વિષયોની ભોગાકાંક્ષા જ છે. માટે આ ભોગાકાંક્ષા પર વિજય મેળવવામાં જ અપરિગ્રહની સાધના શક્ય છે. સાધુઓએ કઈ વસ્તુઓનો સંચય કલ્પ્ય નથી તેની ચર્ચાના પ્રસંગમાં પ્રાચિનકાળના કેટલાક મિષ્ટાનોનો પણ ઉલ્લેખ છે. તલપાપડી (સકુલ્લી) વેકિમ (વેષ્ટિત જલેબી) નો ઉલ્લેખ છે. આ બાબતમાં અપરિગ્રહી શ્રમણની ઉપમા કમલપત્રથી આપવામાં આવી છે. જે રીતે કમલપત્ર જળમાં રહીને પણ તેનાથી નિર્દોષ રહે છે તેવી રીતે શ્રમણને પણ દેહરક્ષણ નિમિત્તે જે આહારાદિ કરાય છે તેમાં નિર્લેપ ભાવથી રહેવું જોઈએ. આ બાબતમાં એ પણ બતાવ્યું છે કે હિંસાનું મૂળકારણ આસક્તિ કે પરિગ્રહ છે. જે પરિગ્રહમાં આસક્ત થાય છે તે જ હિંસક થાય છે અને તે બાલકે મૂર્ખ કહેવાય છે. વસ્તુતઃ અનાશક્તિ જ સાધનાનું મૂળ તત્ત્વ છે અને તે મુક્તિનો આધાર પણ છે. આ બાબતમાં પ્રસ્તુત ચરણાનુયોગ નામની કૃતિમાં આસક્તિના નિષેધ પર વિસ્તૃત ચર્ચા ઉપલબ્ધ થાય છે. જોકે જ્યાં સુધી ઈન્દ્રિયો છે ત્યાં સુધી તેના વિષયોનું ગ્રહણ થશે જ, એ તો શક્ય જ નથી કે ઈન્દ્રિયો પોતાના વિષયની અનુભૂતિ ન કરે. આંખની ઉપસ્થિતિમાં રૂપ દેખાઈ જ આવશે, શ્રવણેન્દ્રિયની ઉપસ્થિતિમાં શબ્દ સંભળાઈ જશેજ. આવશ્યકતા એ વાતની છે કે તે ઈન્દ્રિયજન્ય અનુભૂતિયોમાં આસક્તિ ન જોડવી અને મનની અનુકૂલ કે પ્રતિકૂલ બંને પ્રકારની અનુભૂતિમાં સાક્ષીભાવથી રહે.

આ ચર્ચાના અંતમાં એ ઉલ્લેખ છે કે- 'જે ભિક્ષુ આસક્ત થઈને ઈન્દ્રિયો પાછળ દોડે છે તે પ્રાયશ્ચિત્તનો અધિકારી હોય છે. પરિગ્રહની ચર્ચા બાદ પ્રસ્તુત કૃતિમાં રાત્રિભોજનનો નિષેધ અને તેમાં થવાવાળા દોષોનું વિવરણ છે. આ સંદર્ભમાં રાત્રિમાં અશનાદિ ગ્રહણ કરે. તેનો ભોગ કરવામાં કે તેને સંચિત કરીને રાખવામાં વિવિધ પ્રાયશ્ચિત્તોના વિધાનની ચર્ચા છે.

ચારિત્રાચારની આ વિવેચનાના અંતમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વર્ણન છે. જેમાં સમિતિઓ આચારના વિવિધ પક્ષને પ્રસ્તુત કરે છે. જ્યારે ગુપ્તિઓ નિષેધ પક્ષને પ્રસ્તુત કરે છે. સમિતિએ બતાવે છે કે- 'સાધકે પોતાનો જીવન વ્યવહાર કઈ રીતે કરવો જોઈએ જેના ફળ સ્વરૂપ જે પોતાને કર્મબંધનથી મુક્ત રાખી શકે. જ્યારે ગુપ્તિઓનો મુખ્ય ઉદ્દેશ મન-વાણીની પ્રવૃત્તિઓનું નિયંત્રણ કે સંયમ કરવાનું છે.

પ્રસ્તુતકૃતિમાં મુખ્યરૂપથી એષણા સમિતિ અર્થાત્ ભિક્ષા ગ્રહણ કરવા સંબંધી નિયમોનું વિસ્તારથી વિવેચન છે. એ સત્ય છે કે જૈન પરંપરામાં આહાર શુદ્ધિ માટે વિશેષ સતર્કતા રખાઈ છે. તેમાં બે દૃષ્ટિ મુખ્ય છે. પ્રથમ ભિક્ષુ-ભિક્ષુણીનું જીવન સમાજ પર ભારરૂપ ન થાય, અને બીજું એ કે તે હિંસાના દોષમાં ભાગીદાર ન બને. આ સંબંધમાં અધિકાંશ વિધિ-નિષેધ આ બંને સિદ્ધાંતોના આધારે થયા છે. જો કે આ સંકલનમાં એષણા સમિતિનુ વિવચેન અધિક વિસ્તારથી થયું છે. પરંતુ અન્ય સમિતિની ઉપેક્ષા પણ નથી થઈ. આશ્ચર્યજનક તથ્ય એ છે કે સ્થાનાંગ એવં ઉત્તરાધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આઠ સમિતિના રૂપમાં ઉલ્લેખ થયો છે. અર્થાત્ ગુપ્તિઓને પણ સમિતિ અંતર્ગત જ વર્ગીકૃત કરાયેલ છે. જ્યારે સમવાયાંગમાં તેનો ઉલ્લેખ અષ્ટપ્રવચન માતાના રૂપમાં થયો છે. વિસ્તારભયથી આ બધાની ચર્ચામાં જતા નથી. વિસ્તારથી જાણવાના ઈચ્છુક વિદ્વાન તેને પ્રસ્તુતકૃતિથી અથવા "મારો ગ્રંથ જૈન બુદ્ધ અને ગીતાનાં તુલનાત્મક અધ્યયન." ભાગ-૨ના "શ્રમણાચાર" નામના અધ્યયનમાં જોઈ શકે છે.

**ઈર્યા સમિતિ :**

ઈર્યા સમિતિના વર્ણનમાં તેના સ્વરૂપ અને ભેદોનું કથન છે. ભગવતીસૂત્રમાં વર્ણીત પ્રાસુક વિહારનું તાત્પર્ય બતાવ્યું છે કે- "ગમનાગમનથી સાંપરાયિક ક્રિયા અને ઈરિયાવહી ક્રિયાનો સંબંધ સંવૃત અસંવૃત અણગારથી કરાયો છે."

વિષમમાર્ગમાં એવં પ્રાણી આદિથી અવરુદ્ધ માર્ગમાં ન જવું, રાત્રિમાં વિહાર ન કરવો, અનાર્યક્ષેત્રમાં ન વિચરવું આદિ વિષયોનું વર્ણન છે. અકારણ અનાર્યક્ષેત્રમાં વિચરવાનું પ્રાયશ્ચિત્ત વિધાન કરીને સાથે જ ચોર આદિના ઉપદ્રવ થવાનું વિશદ વર્ણન કરાયું છે. ગૃહસ્થ પાસે ઉપધિ ન ઉપડાવવી, રસ્તામાં ચાલતા સમયે વાર્તાલાપ ન કરવો, કોઈ માર્ગ પૂછે કે પશુપક્ષી આદિના વિષયમાં કંઈ પૂછે તો મૌન રહેવું. આસપાસના દર્શનીય સ્થળ જોવામાં મન ન લગાવવું આદિ માર્ગ સંબંધી અનેક મહત્ત્વપૂર્ણ વિશ્લેષણ છે. માર્ગમાં નાની કે મોટી નદીઓને પૈદલ કે નાવ દ્વારા વિવેકથી પાર કરવાનો પણ નિર્દેશ કરાયો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાષાસમિતિ** : જૈનાચાર્યોએ સમિતિઓમાં ભાષા સમિતિનું પાલન અતિ કઠિન કહ્યું છે. માટે તેના પાલનમાં વિવેકની અત્યધિક આવશ્યકતા છે. આચારાંગ અને દસવૈકાલિક સૂત્રના આધારે એ સમજાવ્યું છે કે ક્યારે વચનપ્રયોગ કરવો અને ક્યારે ન કરવો. કઈ રીતે કરવો અને કઈ રીતે ન કરવો.

આ પ્રકરણના પ્રારંભમાં ભાષાના વિકારોનું કથન કરીને તેનું સ્વરૂપ પ્રજ્ઞાપનાસૂત્રના આધારે બતાવ્યું છે. સાવદ્યભાષા, નિશ્ચયભાષા આદિ ભાષાઓનો નિષેધ એવં પ્રજ્ઞાપક આદિ ભાષાઓનું વિધાન કરાયું છે.

દાનસંબંધી ભાષાના સાવદ્ય અને નિર્વદ્યની ચર્ચા એવં તેમાં સાધુને તટસ્થ રહેવાનો વિવેક, સંખડી એવં નદી આદિને જોઈને બોલવાનો વિવેક બતાવી ભાષા સંબંધી અનેક પ્રાયશ્ચિત્તોનું વિધાન કરાયું છે.

**એષણા સમિતિ** : આ પ્રકરણની અંદર (૧) પિંડેષણા, (૨) પાણેષણા (૩) શય્યૈષણા (૪) વસ્ત્રૈષણા (૫) પાત્રૈષણા (૬) રજોહરણૈષણા (૭) પાદપોંછણૈષણા આદિ વિભાગ છે.

(૧) **પિંડેષણા**માં મધુકરી વૃત્તિ, મગૃચર્યા, કાપોતવૃત્તિ, અદીનવૃત્તિ આદિથી એષણાઓનું મહત્ત્વ અને ઉપમાયુક્ત ચૌભંગી છે.

આહાર, વિગય, એષણા, ભિક્ષા, ગોચર્યાદિના ભેદોનું નિરુપણ છે. તદનંતર ગવેષણ વિધિ અને ગવેષણની યોગ્યતાનું કથન કરીને પારિવારિકજનોને ત્યાં ભિક્ષાર્થ જવું કે ન જવું તેનું સ્પષ્ટીકરણ કરાયું છે.

ભિક્ષાચર્યાના ઘરોનું અને તેમાં પ્રવેશ કરવાનો તથા આત્મ વિધાનોનું સૂચન ઉદ્ગમ, ઉત્પાદના એવં એષણાના દોષોનું અલગ અલગ વિસ્તૃત વર્ણન, નિર્દોષ આહાર ગ્રહણ કરવાનો વિવેક એવં નિર્દોષવિધિથી તે ખાવું ઈત્યાદિ એષણા સમિતિના મહત્ત્વપૂર્ણ અંગોનું કથન છે. પૂર્વાચાર્યોએ બતાવ્યું છે કે સમુદ્રને પાર કરવા સમાન ગવેષણા છે અને કોંચક આદિથી યુક્ત કિનારાને પાર કરવા સમાન પરિભોગેષણા છે. આહાર કરવાનાં છ કારણ અને નહીં કરવાનાં છ કારણને ધ્યાનમાં રાખીને રાગ-દ્વેષથી રહિત થઈ ઉચિત વિધિથી વિવેકપૂર્વક ઉદરપૂર્તિ માટે આહાર કરાય છે.

એષણાના મુખ્ય ૪૭ દોષોના સ્પષ્ટીકરણની સાથે શય્યાતરપિંડ, રાજપિંડ આદિની વિસ્તૃત ચર્ચા થઈ છે.

(૨) પાણેષણાના વર્ણનમાં અનેક પ્રકારના અચિત જલોનું વર્ણન છે. આગમોમાં અચિતજલોની સંખ્યા નિશ્ચિત નથી કરાઈ પરંતુ કેટલાક નામ ઉદાહરણના રૂપમાં કહીને અનેક અચિત પાણી ગ્રહણ કરવાની સૂચના કરાઈ છે. આગમોમાં આવેલા પાણીના નામોની સ્પષ્ટતા કરીને કલ્પનીય, અકલ્પનીય પાણીને વિભાજીત કરાયેલ છે. સાથોસાથ શુદ્ધોદક અને ગરમપાણીની ચર્ચા કરી તેના અંતરને પણ સ્પષ્ટ કરેલ છે.

ઠાણાંગસૂત્ર અને કલ્પસૂત્રના આધારથી તપસ્યામાં પણ વિવિધપ્રકારના ધોવણ પાણીને ગ્રાહ્ય કહ્યા છે. દાતાની અનુજ્ઞાથી સ્વયં પોતાના હાથે પાણી ગ્રહણ કરવાની વિધિ પણ બતાવી છે. અંતમાં તત્કાળ બનેલા ધોવણના પાણીને લેવાનું પ્રાયશ્ચિતનું વિધાન છે. અર્થાત્ ધોવણ પાણી નિષ્પન્ન થવાના થોડા સમયબાદ (ઘડી-અંતમુહૂર્ત) તેને ગ્રહણ કરવું કલ્પે છે.

(૩) શય્યૈષણા આહાર પાણીની ગવેષણાની સાથેસાથે મકાનની ગવેષણાનું પણ મહત્ત્વ છે. સંયમ, શરીર, સ્વાધ્યાય એવં પરિષ્ઠાપન આદિની સુવિધાથી યુક્ત તથા ચિત્તની એકાગ્રતાને યોગ્ય ઉપાશ્રય હોવો આવશ્યક છે. ધાન્ય, ખાદ્ય પદાર્થ, જલ, અગ્નિ, સ્ત્રી આદિથી યુક્ત ઉપાશ્રયનો નિષેધ અને કેટલાક અપવાદિક વિધાન પણ છે.

ઔદેશિક આદિ દોષ એવં અનેકપ્રકારના પરિકર્મદોષયુક્ત મકાનોની ચર્ચા કરતાં એષણીય તથા અનેષણીય ઉપાશ્રયોનું વર્ણન છે.

ગૃહસ્થોના ઘરોમાં રહેવાથી થવાવાળા દોષોની સંભાવના વ્યક્ત કરાઈ છે.

ભયથી અસુરક્ષિત ઉંચાસ્થાનો પર, પાણીયુક્ત નદી આદિના કિનારે થોડી ઉંચાઈવાળા ઘાસના ઝૂંપડામાં રહેવાનો નિષેધ છે.

ચાતુર્માસકાળ નજીક આવે ત્યારે કેવા ગામ આદિમાં રહેવું એ વિષયનું સ્પષ્ટીકરણ છે, વળી એકાંકી બહુશ્રુતભિક્ષુને રહેવાના સ્થાનની ચર્ચા પણ છે. તદ્દનંતર પાંચ પ્રકારના અવગ્રહોનું કથન એવં અનેક પ્રકારના અવગ્રહોનો ઉલ્લેખ કર્યો છે. સંયમ સાધનાકાળમાં પ્રાપ્ત મનોનુકૂલ કે પ્રતિકૂલ શય્યામાં સમભાવ રાખવાનો ઉપદેશ છે. ત્યારબાદ અંતમાં સંસ્તારક એવં ઉપાશ્રય સંબંધી વિવિધ પ્રાયશ્ચિતોની ચર્ચા છે.

(૪-૫) **વસ્ત્રૈષણા- પાત્રૈષણા** : શરીરના સંરક્ષણ માટે રાખવામાં આવતાં વસ્ત્રોની એવં પાત્રોની જાતિનો ઉલ્લેખ કરીને એમ કહ્યું છે કે- "તરુણ સ્વસ્થ મુનિ તેમાંથી એક-એક જાતિનાં વસ્ત્ર અને પાત્ર જ ધારણ કરે." આ વિષયમાં અર્થભ્રમથી સંખ્યાની અપેક્ષાએ એક જ વસ્ત્ર કે પાત્રના નિયમની કલ્પના કરાય છે. જે ગૌતમ સ્વામીના પાત્રવર્ણન કે અન્યસૂત્રોના પાત્રવર્ણનથી મેળ નથી ખાતો.

વસ્ત્રોની અને પાત્રોની વિવિધ ગવેષણા વિધિનો ઉલ્લેખ કરીને સાથે જ એ પણ બતાવ્યું છે કે ક્યારેક દાતા પછી આવવાનો સંકેત કરે કે આધાકર્મી આહાર પાણી યુક્ત-પાત્ર આપે તો ન લેવું, પૂર્ણ નિર્દોષ વસ્ત્રપાત્ર પણ લેતી વખતે સારી રીતે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિલેખન કરીને લેવું. બંને પ્રકરણમાં ચાર ચાર વિશિષ્ટ પ્રતિજ્ઞાઓ વસ્ત્ર પાત્ર ગવેષણા એવં ધારણ કરવાના બાબતમાં કહી છે. અનાવશ્યક પરિકર્મ એનું વિભૂષા કાર્યોનો નિષેધ કર્યો છે. ઠાણાંગસૂત્રમાં વસ્ત્રધારણ કરવાનાં કારણ કહ્યાં છે અને વ્યવહારસૂત્ર આદિમાં મર્યાદાથી અધિક વસ્ત્ર, પાત્ર આદિ આપવાનાં અને રાખવાનાં અપવાદિક વિધાન છે તથા તેના પ્રાયશ્ચિત્તોનું કથન છે. આચારાંગમાં વર્ણિત એક કે બે, ત્રણ વસ્ત્ર ધારણ કરવાની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરતાં અચેલ સાધનાનું પણ મહત્ત્વપૂર્ણ વર્ણન કરાયું છે.

સાધ્વીને ઉપયોગી વસ્ત્ર ગ્રહણાદિનો ઉલ્લેખ પણ અલગ સૂચિત કરાયો છે. અકારણ વસ્ત્ર પ્રક્ષાલન આદિનો નિષેધ કરીને સકારણ ધોયેલા વસ્ત્રોને સુકાવવાના સ્થળની વિચારણા કરાઈ છે. બહુમૂલ્ય વસ્ત્ર-પાત્રોનો નિષેધ એવં પ્રાયશ્ચિત્તની સાથે ચર્મધારણ સંબંધી અપવાદિક વિધાનોની ચર્ચા પણ કરાઈ છે.

જીવનરક્ષા આદિ હેતુઓથી વસ્ત્રની મચ્છરદાની રાખવાનો ઉલ્લેખ છે. અંતમાં અનેક પ્રાયશ્ચિતોનું સંકલન છે.

(૬-૭)આગમોમાં **પાયપોંછણ અને રજોહરણ** બે અલગ-અલગ ઉપકરણ છે. તેના વિભિન્ન ઉપયોગોનું વિધાન છે. છતાં પણ ક્યાંય સૂત્રોમાં પ્રયુક્ત પાયપોંછનનો અર્થ રજોહરણ કરવાનો ભ્રમ ઉત્પન્ન થાય છે. જેમાં પ્રમાદ આદિનું કારણ પણ મુખ્ય છે.

નિશિથસૂત્રમાં પણ બંને ઉપકરણોનું ભિન્ન ભિન્ન પ્રાયશ્ચિત કહ્યું છે. અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સાધુના ઉપકરણોનું સંકલિત કથન છે. તેમાં પણ બંને નામ અલગ અલગ છે અને ટીકાકારે તેને અલગ-અલગ ગણીને ઉપકરણોની નિશ્ચિત સંખ્યા સૂચિત કરી છે.

પાયપોંછન એક વસ્ત્રનો ટુકડો હોય છે. જે ક્યારેક પગ લૂછવામાં કે ક્યારેક મલોત્સર્ગ કરતી વખતે ઉપયોગમાં લેવાય છે. અથવા ક્યારેક તેને દંડામાં બાંધીને મકાનના ઉંચા વિભાગોંનુ શોધન કરાય છે. તેને ઔપગ્રહિક ઉપકરણ કહેવાયું છે.

પરંતુ રજોહરણ સાધુ-સાધ્વી માટે અત્યાવશ્યક ઉપકરણ છે. તેને રાખવાનો મુખ્ય હેતુ જીવરક્ષા એવં મુનિનું ચિન્હ છે. જિનકલ્પી અચેત સાધુઓ માટે રજોહરણ એક આવશ્યક ઉપકરણ છે.

પ્રસ્તુત પ્રકરણમાં પાંચ પ્રકારનાં રજોહરણોનું વર્ણન કરીને તત્સંબંધિ અનેક વિધાનોનું પ્રાયશ્ચિત કથનના માધ્યમથી સ્પષ્ટ કરાયું છે. તેમાં રજોહરણના પરિમાણનું, તેના પર બેસવા- સુવા આદિના નિષેધનું અવિધિથી બાંધવાનું તથા સદા પોતાની પાસે રાખવાનું ઈત્યાદિ મહત્ત્વપૂર્ણ વિષયોની પ્રરુપણા થઈ છે.

**આદાન નિક્ષેપ સમિતિ** : આ વિષયમાં ઔધિક ઉપધિની સંખ્યા અને ઔપગ્રહિક ઉપકરણોના અનેક નામ સૂચિત કરી તે ઉપકરણોનો વિહાર ગોચરી આદિમાં સાથે રાખવાનું કહેવાયું છે.

સ્થવિરોના દંડ-છત્ર-ઉપાનહ આદિ ઉપકરણોની ચર્ચા પણ અહીં છે. ગણત્રી અને માપથી અમર્યાદિત ઉપકરણ રાખવાનું પ્રાયશ્ચિત કહ્યું છે.

પ્રતિલેખનનું વર્ણન કરતાં તેની વિધિ એવં અનેક પ્રમાદ જનિત દોષોનું વર્ણન કરાયું છે. સાથે જ પ્રતિલેખન ન કરવાવાળાને પ્રાયશ્ચિત્તના પાત્ર બતાવ્યા છે.

અંતમાં ઉણોદરી આદિ તપની અપેક્ષાએ ઉપકણના પ્રત્યાખ્યાનનું ફળ બતાવ્યું છે. વળી કોઈ સાધુ નું ખોવાયેલું ઉપકરણ માર્ગમાંથી બીજા સાધુને મળી જાય તો શું કરવું જોઈએ તેનો વિવેક બતાવ્યો છે.

**ઉચ્ચાર પ્રશ્રવણ સમિતિ** : અહીં પરઠવા યોગ્ય પદાર્થોનું, પરઠવા યોગ્ય સદોષ-નિર્દોષ સ્થાનોનું અને સ્થંડીલના દસગુણોનું કથન કરાયું છે. સાથે જ ઉચ્ચારાદિ પરઠવાની ભૂમિથી સંપન્ન મકાનમાં રહેવાનું વિધાન કર્યું છે.

આચારાંગમાં આ વિષયનું સ્વતંત્ર અધ્યયન છે. તેના આધારે એવં નિશીથ સૂત્રના ત્રીજા-ચોથા આદિ ઉદ્દેશોના આધારે અનેક અકલ્પનીય સ્થાનોનું વર્ણન કરીને સાથે એ પણ બતાવ્યું છે કે કઈ વિધિથી મલોત્સર્ગ કરવો તથા મલદ્વારની શુદ્ધિ કરવી.

આચારાંગ અને નિ્શીથના સૂત્રોથી ઉચ્ચાર માત્રકમાં મલોત્સર્ગ કરવાની વિધિ પણ બતાવી છે. અંતમાં તેના અનેક પ્રાયશ્ચિત્તોનું વિધાન છે.

**ગુપ્તિ** : ત્રણ ગુપ્તિનું સ્વરૂપ અને ભેદોનું કથન કરીને એ પણ બતાવ્યું છે કે સંપૂર્ણ અશુભપ્રવૃત્તિઓથી નિવૃત્ત થવું એ જ ગુપ્તિ છે. સમાધિયુક્ત સાધુનાં લક્ષણ બનાવતાં તેને હાથ પગ આદિથી સંયત એવં ગુપ્ત હોવાનું કહ્યું છે.

ઉત્તરાધ્યયનના અધ્યયન ૨૩ અનુસાર મનના નિગ્રહને કઠિન કહીને તેને નિયંત્રિત કરવાના ઉપાય પણ કહ્યા છે. દસ ચિત્તસમાધિ સ્થાનોનું વિસ્તૃત વર્ણન કરીને દસ પ્રકારની સમાધિ અને દસ પ્રકારની અસમાધિનું વર્ણન કર્યું છે. અંતમાં મનગુપ્તિનું પરિણામ કહીને વચનગુપ્તિનું પ્રરૂપણ કરતાં તેના ચાર પ્રકાર અને ફળ બતાવેલ છે.

કાયગુપ્તિના વર્ણનમાં તેના પ્રકાર મહત્ત્વ અને ફળ બતાવીને પાંચે ઈન્દ્રિયના નિગ્રહનાં અલગ અલગ ફળ બતાવ્યાં છે.

અપ્રમત્તમુનિના અધ્યવસાયોનું દિગ્દર્શન કરીને ઉપયોગ શૂન્ય એવં ચંચળ આસનવાળાને પાપીશ્રમણ કહ્યા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દીક્ષા** : આત્મકલ્યાણના કર્તવ્યમાં દ્રવ્ય અને ભાવથી સંયમ સ્વીકાર કરવો તે પણ સાધકનું એક કર્તવ્ય છે. સંયમ, દીક્ષા, પ્રવ્રજ્યા, અણગારધર્મ આદિ એકાર્થક શબ્દો છે. તેનો સ્વીકાર કરવાવાળા સંયમી, દીક્ષિત, સાધુ, મુનિ, અણગાર કે ભિક્ષુ આદિ કહેવાય છે.

જો કે મહાવ્રત - સમિતિ - ગુપ્તિના વર્ણનથી ચારિત્રાચારનું વર્ણન સંપન્ન થઈ જાય છે. છતાં પણ આગમોમાં સ્થિત અનેક પ્રકીર્ણ વિષયોના આ વિશિષ્ટ વર્ગીકરણમાં વિભાજિત કરવાથી અનેકવિષય મહાવ્રત સમિતિ એવં ગુપ્તિના પ્રકરણ બાદ પણ અવશેષ રહી જાય છે. તે અષ્ટ પ્રવચન માતાના વર્ણનરૂપ પ્રથમ ભાગ બાદ દ્વિતીય ભાગમાં (૧) દીક્ષા (૨) સંયમી જીવન (૩) સમાચારી (૪) પ્રતિક્રમણ (૫) ગૃહસ્થધર્મ (૬) આરાધક - વિરાધક (૭) અનાચાર (૮) સંઘ વ્યવસ્થા આદિમાં વર્ગીકરણ કરાયું છે.

દીક્ષા પ્રકરણમાં સર્વપ્રથમ એ કહ્યું છે કે-જેનો ધર્માન્તરાય કર્મનો ક્ષયોપશમ થયો હોય છે તેજ કોઈની પાસેથી ધર્મસાંભળીને કે સાંભળ્યા વિના સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે. ત્યારબાદ દીક્ષિત થવાવાળાના વૈરાગ્યની વિભિન્ન અવસ્થાઓનો, વયનું, નિશ્રાનું, ઉપકરણોનું વર્ણન કરીને નપુંસક અને અસમર્થને દીક્ષા આપવાનો નિષેધ કરાયો છે. ઠાણાંગ સૂત્રમાંથી ઉદ્ધૃત ચૌભંગી દ્વારા વિવિધ પ્રકારની પ્રવ્રજ્યાનું વર્ણન કરતાં દસ પ્રકારના મુંડન કહ્યાં છે.

છેદોપસ્થાપનીય ચારિત્ર (વડીદીક્ષા) આપવાની સંપૂર્ણ વિધિ, તેના કાલમાનની ચર્ચા એવં તેના યોગ્યાયોગ્યની ચર્ચા કરાઈ છે. અંતમાં અયોગ્યની દીક્ષા આપવાથી ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે.

**સંયમી જીવન** : આ પ્રકરણમાં સંયમનું સ્વરૂપ તેનું મહત્ત્વ એવં સામાયિક આદિ પાંચ ચારિત્ર, છ પ્રકારની કલ્પસ્થિતિનું વર્ણન કરીને સંયમના ભેદો પ્રભેદોના કથન બાદ સત્તર પ્રકારના સંયમનું કથન કરાયું છે.

સંયમના લક્ષણોનું વર્ણન કરીને અણગારના અનેક ગુણોના આદર્શોનું અને શિક્ષિત જીવનનું દિગ્દર્શન પણ પ્રસ્તુત કરાયું છે. જેમાં આચારાંગ, સૂયગડાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયનનો સમાવિષ્ટ કરાયો છે.

આત્માર્થી, અનાત્માર્થીના લાભાલાભની ચર્ચા કરતાં અણગારના ૨૭ ગુણોનું સ્પષ્ટીકરણ કરીને નિર્ગ્રંથોનાં અનેક પ્રશસ્તલક્ષણ કહ્યાં છે. ત્યારબાદ સંયમીની અનેક ઉપમાઓનો સંગ્રહ કરાયો છે.

સાધકના પોતાના જ હાયમાન અને વર્ધમાન પરિણામોથી સંયમ સુખદ અને દુ:ખદ પ્રતીત થાય છે. તેને દુ:ખશય્યા અને સુખશય્યાના નામથી નિર્દિષ્ટ કરેલ છે. તદનંતર સંયમનો પ્રેરણાત્મક ઉપદેશી વિષય વિનય, વિવેક, સંયમની શુદ્ધ આરાધનાનું સ્વરૂપ, પૂજા પ્રસંશાની ચાહનાનો નિષેધ, પરિષહ વિજેતા થવાની પ્રેરણા એવં સદા જાગૃત રહેવાનું સૂચન આદિ સંયમોન્નતિના અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનું સંકલન કરાયું છે. પ્રતિદિન કરવા યોગ્ય સાધુઓના ત્રણ મનોરથ પણ બતાવ્યા છે.

સંયમપોષક બત્રીસ યોગ સંગ્રહનું અને અહિંસા આદિ અઢાર મુખ્ય આચરણના સ્થાનોનું વિસ્તારથી વર્ણન છે. એવં તત્સંબંધી અનેક અપવાદ અને પ્રાયશ્ચિત્ત પણ સાથોસાથ કહ્યા છે.

અંતમાં સંયમધર્મ આરાધનાનું ફળ બતાવતાં સુશ્રમણોની સંસારથી મુક્તિ એવં કુશ્રમણોની દુર્ગતિનું કથન કર્યું છે. એવં મદ્યસેવીની અવનતી અને દુર્દશા પણ કહી છે.

**સમાચારી** : આ પ્રકરણમાં ભિક્ષુની દસપ્રકારની સમાચારી, દિવસ અને રાત્રિના પ્રહરો સંબંધિત દિનચર્યાનું વિધાન કરાયું છે. જેમાં સ્વાધ્યાય, વૈયાવચ્ચ, પ્રતિલેખન, ભિક્ષાચર્યા, પ્રતિક્રમણ, નિદ્રા, ધ્યાન આદિ આવશ્યક કર્તવ્યોની વિચારણા થઈ છે. તેની સાથે જ પોરસી પરિમાણનું વિજ્ઞાન, તિથિ ક્ષય, પ્રતિલેખન વિધિ એવં તેના દોષોનું પણ કથન છે.

વર્ષાવાસ સમાચારીનું વિસ્તૃત વર્ણન છે. તેમાં ક્ષેત્રની સીમા બતાવી અનેક અપવાદિક કારણોથી ચાતુર્માસમાં વિહાર કરવાની ચર્ચા કરીને અકારણ વિહાર કરવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. પછી ભીક્ષાચર્યા સંબંધી વર્ણન કરતાં આઠ પ્રકારના સૂક્ષ્મોનો વિસ્તારથી વર્ણન કરાયું છે. વિશિષ્ટ તપસ્યાઓની સંલેખનાનું કથન કરતાં તેમાં ગ્રહણ કરવા યોગ્ય ધોવણનું પાણી અને ગરમપાણીની ચર્ચા છે. અંતમાં પર્યુષણ એવં ચાતુર્માસ સંબંધી અનેક કર્તવ્યોની સૂચના કરાઈ છે.

**પ્રતિક્રમણ** : આ પ્રકરણમાં સર્વપ્રથમ "આવશ્યક"ની અનુયોગ પદ્ધતિથી વ્યાખ્યા કરાઈ છે. જેમાં દ્રવ્ય ભાવ આવશ્યક એવં નયદષ્ટિથી ચર્ચા પણ થઈ છે. તદનંતર પ્રતિક્રમણના પ્રકાર, અતિક્રમણ આદિના પ્રકાર, તેની વિશુદ્ધિની ચર્ચા કરાઈ છે. બાદ પ્રતિક્રમણની વિધિ એવં તેમાં ઉપયુક્ત પાઠોના અર્થ સ્પષ્ટ કરાયા છે. દસપ્રકારના પચ્ચક્ખાણો અને તેના આગારોનું સ્પષ્ટીકરણ પણ કર્યું છે. અંતમાં પચ્ચક્ખાણ પૂર્ણ થવાથી તેને પાળવાની વિધિનું સૂત્ર પણ આપ્યું છે.

પચ્ચખાણોના વિવિધ સ્વરૂપની સાથે મૂલગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણ પચ્ચક્ખાણોની વિસ્તૃત ચર્ચા કરતાં દુપચ્ચક્ખાણી એવં સુપચ્ચક્ખાણીનું સ્વરૂપ સ્પષ્ટ કરાયું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારબાદ પ્રતિક્રમણ એવં અનેક પ્રકારના પચ્ચક્ખાણોનું ફળ બતાવેલ છે.

**ગૃહસ્થધર્મ :** આ પ્રકરણમાં શ્રમણોપાસકના પ્રકાર ઉપમા દ્વારા બતાવીને ચાર પ્રકારની વિશ્રાંતિનું ઉપમા દ્વારા સ્પષ્ટીકરણ કરાયું છે. તદનંતર અલ્પાયુ, દીર્ઘાયુ બંધની ચર્ચા પણ કરાઈ છે. સમ્યક્ત્વ સહિત શ્રાવકના બારવ્રતોનું સ્વરૂપ અને તેના અતિચારોનું વિશ્લેષણ કરાયું છે.

ચારિત્રાચારમાં સંયમીજીવનનું મહત્વપૂર્ણ સ્થાન છે. સાથે જ શ્રાવકજીવનનું પણ મુખ્ય સ્થાન છે. તે અમુક અપેક્ષાએ સાધુથી કમ છે, અમુક અપેક્ષાએ સમાન અને અમુક અપેક્ષાએ અધિક પણ છે. (૧) મહાવ્રતની અપેક્ષાએ તેના અણુવ્રત કહ્યા છે માટે કમ છે. (૨) બંને ધર્મોની આરાધના કરવાવાળા ઉત્કૃષ્ટ પંદર ભવ સુધી મોક્ષે જાય છે માટે સમાન છે. (૩) "संति एगेहिं भिक्खुहिं गारत्था संजम उत्तरा" આ કથન દ્વારા સાધુઓના સંયમથી ગૃહસ્થીના સંયમને શ્રેષ્ઠ કહ્યો છે.

સામાન્યતઃ કોઈ શ્રાવક પણ એકાવતારી થઈ શકે છે. અને કોઈ સાધુ પંદર ભવે કે વિરાધક હોય તો અનંતભવ પણ કરી શકે છે.

સાધુજીવન સ્વીકાર કરવાવાળાને નિયમતઃ પાંચમહાવ્રત, પાંચ સમિતિ આદિ સ્વીકાર કરીને તેનું જીવનપર્યંત પાલન કરવાનું હોય છે. તેમાં મરજીયાત નથી, પરંતુ ગૃહસ્થજીવનમાં શ્રદ્ધા પ્રરુપણા સિવાય કોઈ પણ વ્રતપચ્ચક્ખાણની અનિવાર્યતા નથી તે ભલે એક વ્રતધારણ કરે કે બારવ્રત અથવા શ્રાવક પ્રતિમા ધારણ કરે એ બધું મરજીયાત છે. એક કે અનેક વ્રતોને પણ તે પૂર્ણ કે અપૂર્ણ તથા અનેક આગારો સહિત પણ ધારણ કરી શકે છે. અર્થાત્ **"જેની શક્તિ તેવું ધારે, પરંતુ પ્રમાદને દૂર નિવારે"** આ કથનને ધ્યાનમાં રાખવું આવશ્યક છે. શ્રાવકના પણ ત્રણ મનોરથ છે. જેનું હંમેશાં ચિંતન-મનન કરી તેમણે આત્મવિકાસ કરવો જોઈએ.

શ્રાવકના બારવ્રતોમાં સામાયિકના વિષયની એવં શ્રમણોને શુદ્ધ આહારાદિ આપવાના વિષયની વિસ્તૃત વિચારણા કરાઈ છે એવં તેનું ફળ બતાવ્યું છે.

શ્રાવકની અગિયાર પ્રતિમાનું પણ વિસ્તારથી વર્ણન કરાયુ છે. તે પ્રતિમાઓની એ વિશેષતા છે કે તેમાં આગાર રહિત નિયમોનું પાલન કરાય છે. પ્રતિમાના વર્ણનમાં પાંચમી-છઠ્ઠી પ્રતિમાના સ્વરૂપ સંબંધી પાઠમાં કેટલીક ભિન્નતા છે. તેને સુધારીને વ્યવસ્થિત પણ કરાયેલ છે.

તદનંતર શ્રાવકના વ્રત પચ્ચક્ખાણનું રહસ્ય બતાવતાં વ્રતધારણ કરવાના શ્રાવકના ૪૯ ભાંગાનું વિશ્લેષણ કરાયું છે. અંતમાં ગૃહસ્થધર્મનું ફળ બતાવતાં આજીવિક શ્રમણોપાસકની મર્યાદાઓનું કથન કરી શ્રમણોપાસકને જીવન આદર્શ બનાવવાની પ્રેરણા કરાઈ છે.

**આરાધક વિરાધક :** જેવી રીતે આખા વર્ષના ભણતરનું પરિણામ પરીક્ષામાં હોય છે તેવી રીતે સંયમીજીવન એવં ગૃહસ્થજીવનનું પરિણામ આરાધક-વિરાધકની પરીક્ષામાં નિહિત છે. આરાધના પ્રકરણના પ્રારંભમાં જિનવચનની શ્રદ્ધાની દૃઢતાનું કથન છે. તદનંતર આલોચનાના ભાવોની વિસ્તૃત વિચારણા કરાઈ છે. સાથે જ આલોચના ન કરવાવાળાના પરિણામોની ચર્ચા કરતાં તેને "માઈ" કહ્યા છે.

આરાધના વિરાધનાના વિષયને 'દાવદવ' વૃક્ષોની ઉપમા આપીને કહ્યું છે કે મુનિને આભ્યંતર પરિષહ અને બાહ્યપરિષહના વચન આદિ સમભાવથી સહન કરવા જોઈએ.

ત્યારબાદ શીલ એવં શ્રુતની ચૌભંગી તથા આરાધના વિરાધનાની અનેક ચૌભંગીઓ કહી છે. અંતમાં આધાકર્માદિ દૂષિત આહારના સંબંધથી આરાધના-વિરાધનાની ચર્ચા કરાઈ છે.

આરાધનાના વિવિધ પ્રકારોની ચર્ચા કરતાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રણે આરાધનાઓનો પરસ્પર સંબંધ પણ બતાવ્યો છે.

તદનંતર ઉવવાઈ સૂત્રમાં વર્ણિત આરાધક- વિરાધક સાધુ, શ્રમણોપાસક, અન્ય તાપસ, પરિવ્રાજક એવં તિર્યંચ આદિનું વિસ્તૃત વર્ણન કરીને તેમની દેવગતિમાં ઉત્પત્તિનું વિશદ વર્ણન કર્યું છે.

જૈનમુનિના કાંદર્પિક કિલ્વિષિક આદિ ભાવોથી સંયમનું દૂષિત થવું બતાવી તેની દુર્ગતિ થવાનો નિર્દેશ કરાયો છે અને તે આભિયોગિક કિલ્વિષિક અવસ્થાઓને પ્રાપ્ત થવાનાં કારણ પણ બતાવ્યાં છે.

ત્યારબાદ નવનિદાનોની વિસ્તૃત વિચારણા કરી અનિદાન સંયમ જીવનની પ્રેરણા એવં તેનું મુક્તિફળ પ્રદર્શિત કર્યું છે.

આરાધના વિરાધનાનો અંતિમનિર્ણય મરણ સમયથી થાય છે, માટે અહીં બાલમરણ આદિનું સ્વરૂપ પણ સ્પષ્ટ કર્યું છે. જેમાં સત્તર પ્રકારના મરણ બાર કે વીસ પ્રકારનાં બાલમરણનું સ્વરૂપ બતાવીને બે મરણ (ફાંસી અને ગૃદ્ધ સ્પૃષ્ટ મરણ) બ્રહ્મચર્ય રક્ષાહેતુ સ્વીકારવાનું પ્રશસ્ત કહ્યું છે. વળી ઉત્તરાધ્યયન અધ્યયન પાંચમાના આધારે બંને મરણનાં વિસ્તૃત કથન છે. અંતમાં બાલ મરણની પ્રસંશા કરવાનું પણ ચૌમાસી પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે.

**અનાચાર :** સંયમ સ્વીકારી લેવાથી બધા સાધક આરાધક જ હોય છે એવું જરૂરી નથી. વિરાધક થવાવાળા પોતાના વૈરાગ્ય એવં લક્ષ્ય પરિવર્તિત થઈ જવાને કારણે અનેક અનાચરણીય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃત્ય કરે છે. આ પ્રકરણમાં એવા અનેક અનાચારોનું વર્ણન છે. જોકે પ્રચલિત ભાષામાં બાવન અનાચાર પણ કહેવાય છે. પરંતુ સૂત્રોમાં અનેક જગ્યાએ અનેક અનાચરણીય વિભિન્ન અપેક્ષાઓથી કહેલ છે. પરંતુ બાવનની સંખ્યા કયાંય પણ નથી કહી.

સર્વપ્રથમ અનાચાર એવં મૂર્છાભાવનો નિષેધ કરતાં સૂત્રકૃતાંગમાં વર્ણિત અનાચારોનું સ્વરૂપ બતાવીને સ્વચ્છંદ અને પાપશ્રમણની પ્રવૃત્તિનું દિગ્દર્શન કરાયું છે. વળી પ્રમત્ત અપ્રમત્ત ભાવ એવં અવસ્થાનું સ્વરૂપ બતાવી અપ્રમત્ત થવાની પ્રેરણા કરાઈ છે.

તદનંતર દશવૈકાલિક સૂત્ર વર્ણિત અનાચાર કહ્યા છે, સાથે જ વીસ અસમાધિસ્થાનક, ત્રીસ મહામોહનીય બંધનાં કારણ, તેર ક્રિયાસ્થાનોનું સ્વરૂપ બતાવ્યું છે.

નિમિત્તકથનનો નિષેધ, કષાયનો નિષેધ એવં કષાયને અગ્નિની ઉપમા, આઠમદ આદિ વિષયોનું વર્ણન કરીને ક્રોધાદિ વિજયનું ફળ બતાવ્યું છે.

અંતમાં વિવિધ અનાચારોના પ્રાયશ્ચિત્તનું સંકલન કરાયું છે.

**સંઘ વ્યવસ્થા :** આ પ્રકરણના પ્રારંભમાં તીર્થ, સંઘ આદિનું સ્વરૂપ, જિનશાસનનો પ્રવર્તનકાલ એવં કેવળી-જિન-સ્થવીર-રત્નાધિક આદિના પ્રકારોનું વર્ણન છે.

પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસન વચ્ચેના તીર્થંકરોના શાસનનાં મહાવ્રત સંબંધી અંતર આદિનું કથન છે. પાંચ પ્રકારના વ્યવહારોનો ઉપયોગ કરવાનું સ્પષ્ટકીરણ કરાયું છે. ત્રણ પ્રકારના આત્મરક્ષક કહીને આચાર્ય એવં શિષ્યોના પ્રકારોનું ચૌભંગી દ્વારા કથન કરાયું છે.

આચાર્ય એવં ગણાવચ્છેદકના આચાર સંબંધી અતિશય બતાવીને આચાર્યની આઠ સંપદાનું વર્ણન કરીને અનેક કર્તાવ્યાકર્તવ્યની ચર્ચા કરાઈ છે.

આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક આદિ પદોની વ્યવસ્થાનું વર્ણન કરતાં, દીક્ષાપર્યાય, શ્રુતજ્ઞાન એવં અન્યગુણ સંપન્ન હોવાની ચર્ચા કરાઈ છે. આચાર્ય દિવંગત થયા બાદ કોને આચાર્ય બનાવવા કે હટાવવા તેની વિશદ ચર્ચા થઈ છે. અબ્રહ્મચર્ય, અસત્ય એવં માયાચરણ કરવાવાળાને તેના પદેથી મુક્ત કરવાનું દંડ વિધાન કરાયું છે. વળી ત્રણ વર્ષ કે જીવનપર્યન્ત તેને પદ ન આપવાનો નિર્દેશ કરાયો છે. સંઘાડાપ્રમુખ કે ગણ ધારણ કરવાવાળાના છ મુખ્ય ગુણોની ચર્ચા કરાઈ છે સાથે જ ગણધારણ કરીને સ્વતંત્ર વિચરણ કરવા માટે આજ્ઞા લેવાની વિધિ બતાવી છે. એવં યોગ્યતા વિના કે આજ્ઞા વિના જવાવાળાને પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

૯/૧૦મા પ્રાયશ્ચિત્તના વિધાનની તથા તરુણ સાધુઓને આચાર્ય ઉપાધ્યાય નિયુક્તિ રહિત ગચ્છોમાં નહીં કરવાની વિચારણા કરાઈ છે. વિચરણ કરતા સંઘાડા પ્રમુખ કાળધર્મ પામી જાય ત્યારે શેષ સાધુઓના કર્તવ્યાકર્તવ્યનો વિવેક બતાવાયો છે.

આ રીતે સાધ્વીઓના પ્રવર્તિની, ગણાવચ્છેદિની આદિ પદોની ચર્ચા કરાઈ છે જેમાં સાઠીટ વરસના દીક્ષાપર્યાય વાળી સાધ્વીઓને પણ આચાર્યની નિશ્રામાં જ વિચરવાનો આદેશ અપાયો છે.

તદનંતર સાધુ-સાધ્વીને આચારાંગ અને નિશિથસૂત્ર કંઠસ્થ કરવાની આવશ્યકતા કહી છે અને ભૂલી જનારને કઠોરદંડની વ્યવસ્થાનો પણ નિર્દેશ કરાયો છે.

ત્યારબાદ સાધુ સાધ્વીના વિનય વ્યવહાર સંબંધી આવશ્યક કર્તવ્યોની ચર્ચા કરાઈ છે.

અધ્યયન અધ્યાપન વ્યવસ્થાનું વર્ણન કરતાં દીક્ષાપર્યાયની સાથે સંબંધ બતાવ્યો છે. વિચરણ વ્યવસ્થાના વર્ણનમાં આચાર્ય ઉપાધ્યાય પ્રવર્તિની આદિની સાથે સાધુ-સાધ્વીની સંખ્યા બતાવી છે તથા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તિની એવં ગણાવચ્છેદક- ગણાવચ્છેદિકાને એકાંકી વિચરવાનો સ્પષ્ટ નિષેધ કરાયો છે. વિચરણકાલ એવં વિચરણ ક્ષેત્રની ચર્ચા કરીને રાત્રિમાં ગમનાગમનનો નિષેધ કરાયો છે.

સાધુ-સાધ્વીના પારસ્પરિક વ્યવહારોની ચર્ચા કરતાં તેના આલાપ-સંલાપ, આવાસ-સંવાસ, વૈયાવચ્ચ એવં કાલધર્મ પ્રાપ્ત સાધુથી સંબંધિત કૃત્યોના ઉત્સર્ગ અપવાદની ચર્ચા કરાઈ છે. અંતમાં વિશેષ કારણ વિના પરસ્પર સેવા કરવી કરાવવી કે આલોચના કરવાનો નિષેધ કરાયો છે.

સાંભોગિક (વ્યવહારિક) વ્યવસ્થામાં બાર સંભોગો (પારસ્પરિક વ્યવહારો) નું કથન કરીને વિસંભોગ કરવાની અર્થાત્ સંભોગ સંબંધને પૃથક્ કરી દેવાના કારણોની ચર્ચા કરાઈ છે. એવં તેની વિધિ પણ બતાવાઈ છે.

સંભોગ (વ્યવહાર) પચ્ચક્ખાણ કરવાના એક વિશિષ્ટ સાધનારૂપમાં કહીને તેનું અનુપમફળ પ્રદર્શિત કરાયું છે. ગૃહસ્થોની સાથે પારસ્પરિક વ્યવહારની ચર્ચા એવં પ્રાયશ્ચિત્તનું કથન કરાયું છે.

ગણાપક્રમ (ગચ્છત્યાગ) ના કારણોની વિશદ ચર્ચા કરતાં શ્રુતગ્રહણ માટે અન્ય ગચ્છમાં જવાની વિચારણા કરાઈ છે. સાથે જ સંભોગ વ્યવહાર પરિવર્તન માટે અને અન્યને અધ્યાપન માટે પણ ગચ્છ પરિવર્તન કે ઉપસંપદા પરિવર્તનની વિચારણા કરાઈ છે. આ વિચારણામાં આચાર્ય આદિ પદવીધરો પોતાનો પદ ત્યાગ કરી અન્યને નિયુક્ત કરીને જ જવાની વિધિ બતાવાઈ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતિચાર સંયમવાળા પાર્શ્વસ્થ આદિના ગણાપક્રમ એવં પુનઃ આવવાથી તેમને ગચ્છમાં રાખવા સંબંધી ચર્ચા વિચારણા કરાઈ છે.

તદન્તર એકલવિહારચર્યાનું વર્ણન, એકલવિહારીના આઠગુણ, તેમને રહેવાના ઉપાશ્રય, ગામ આદિની ચર્ચા પણ કરાઈ છે. અવ્યક્તભિક્ષુના એકાંકી વિચરણનો નિષેધ એવં અનિષ્ટફળ બતાવ્યું છે.

યોગ્ય ભિક્ષુને પરિસ્થિતિવશ એકાંકી વિહાર કરવાની આજ્ઞા અપાઈ છે સાથે જ અનેક સાવધાની રાખવાની સૂચના પણ કરાઈ છે એવં પ્રશસ્ત એકાંકી વિહારની ચર્યાનું વર્ણન કર્યું છે. બાદમાં ક્રોધી, માની આદિ અપ્રશસ્ત એકલ વિહારીનું વર્ણન પણ કરાયું છે. અસમર્થ એકાકી વિહારીના ગણમાં પુનરાગમન સંબંધી વિચારણા પણ કરાઈ છે. અંતમાં સૂયગડાંગ સૂત્રના આધારે સંયમરત તપસ્વી સકારણ એકાંકી વિહારી ભિક્ષુના નિર્વાણપ્રાપ્તિનું કથન છે. પાર્શ્વસ્થ સિથિલ સંયમ સાધકોના વ્યવહાર સંબંધી ચર્ચામાં તેની સાથે આહાર, વસ્ત્ર, પાત્ર, આદાન-પ્રદાન, વંદન વ્યવહાર એવં સાધુઓના આદાન-પ્રદાન આદિના પ્રાયશ્ચિત્ત પણ કહ્યા છે. તથા પુનઃગણમાં આવવા પર યથાયોગ્ય પરીક્ષણ એવં પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરીને ગણમાં લેવાની ચર્ચા પણ છે. ટિપ્પણમાં તેના સ્વરૂપને સરલ સંક્ષિપ્ત ભાષામાં કહ્યું છે. આ વર્ણનમાં શિથિલાચારીઓના દસ પ્રકાર બતાવ્યા છે. અર્થાત્ સંયમચ્યુત સાધુઓના દસ વિભાગ કહ્યા છે.

સંઘ વ્યવસ્થાના અંતિમ ચરણમાં કલહની ઉત્પત્તિનાં કારણ, ગણ વ્યુદ્ગ્રહનાં કારણ, કલહ ઉપશમનો ઉપદેશ કરી અનુપશાંતની વિરાધનાનો નિર્દેશ કર્યો છે. વિવાદ ઉત્પત્તિ એવં તેના નિવારણના ઉપાય પણ બતાવ્યા છે. અંતમાં ક્ષમાપનાના અનુપમ ફળની ચર્ચા કરતાં કલહ સંબંધી પ્રાયશ્ચિત્તોનું કથન કરવામાં આવ્યું છે.

**તપાચાર** : પ્રસ્તુત કૃતિમાં ચારિત્રાચાર બાદ તપાચારનો ઉલ્લેખ કરાયો છે. ઉત્તરાધ્યયન[1] અને કુન્દકુન્દાચાર્યનો[2] દર્શનપ્રાભૃતમાં ત્રિવિધ સાધના માર્ગના સ્થાને ચતુર્વિધ સાધનામાર્ગનો ઉલ્લેખ મળે છે. સાધનાના આ ચતુર્થ અંગને તપ કહ્યું છે. તપની સાધના જ તપાચાર છે. ઉત્તરાધ્યયનમાં પૂર્વકર્મ સંસ્કારોને દગ્ધ કરવા માટે અથવા પૂર્વકર્મોની નિર્જરા માટે તપને સાધનાનું એક આવશ્યક અંગ કહ્યું છે. તપ જૈનસાધનાનો પ્રાણ છે. તપના અભાવમાં સાધના પાયા વિનાના મહેલ સમાન છે. પ્રો. ભરતસિંહ ઉપાધ્યાયના શબ્દોમાં ભારતીય સંસ્કૃતિમાં જે કંઈ શાશ્વત છે, જે કંઈ પણ ઉદત્ત અને મહત્વપૂર્ણ તત્ત્વ છે તે બધા તપસ્યાથી જ સંભૂત છે. તપસ્યા જ આ રાષ્ટ્રનું બળ છે.[3]

જૈન પરંપરામાં તપ શબ્દનો પ્રયોગ સામાન્યતઃ તિતિક્ષા કે કષ્ટ સહિષ્ણુતાના અર્થમાં થયો છે. વસ્તુતઃ જીવનજીવવામાં ઉપસ્થિત અનુકૂલ અને પ્રતિકૂલ પરિસ્થિતિઓને સમભાવપૂર્વક સહન કરવી તે જ તપ છે. જો કે એ યાદ રાખવું જોઈએ કે તપનો અર્થ માત્ર અનુકૂલ કે પ્રતિકૂલ પરિસ્થિતિઓને સમભાવપૂર્વક સહન કરવી એ જ નથી, પરંતુ તે સ્વેચ્છાએ કષ્ટને નિમંત્રણ આપવાનું પણ છે. જૈનપરંપરામાં પરીષહ અને તપમાં ફરક કહ્યો છે. પરીષહમાં જે કંઈ બને છે તેને સહન કરાય છે.

પરંતુ તપમાં સ્વેચ્છાથી કષ્ટમય જીવન અપનાવાય છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે તપનો અર્થ માત્ર દેહદમન નથી. જૈન પરંપરામાં તપમાં દેહદમન તો છે પરંતુ તે માત્ર દેહદમન માટે નથી, પરંતુ અહિંસા અને સંયમસાધના માટે છે. જૈનદર્શનમાં તપ સાધનાનાં બે ચરણ છે. (૧) અહિંસાની સાધના અને (૨) સંયમની સાધના. આ બંને પર તે પ્રતિષ્ઠિત છે.

પંડિત સુખલાલ સંઘવીએ ભારતીય પરંપરામાં તપ સાધનાના વિભિન્ન રૂપોના વિકાસનું એક ચિત્ર પ્રસ્તુત કર્યું છે. તે લખે છે કે- "એવું લાગે છે કે તપનું સ્વરૂપ ક્રમશઃ સ્થૂળથી સૂક્ષ્મ તરફ વિકસિત થતું ગયું, તપમાર્ગનો વિકાસ થતો ગયો અને તેના સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર આદિ અનેકપ્રકાર સાધકોએ અપનાવ્યા. આ તપોમાર્ગ ચાર વિભાગમાં વહેંચી શકાય છે. (૧) અવધૂત સાધના (૨) તાપસ સાધના (૩) તપસ્વી સાધના (૪) યોગ સાધના જેમાં ક્રમશઃ તપના સૂક્ષ્મ પ્રકારોનો ઉપયોગ થતો ગયો. તપનું સ્વરૂપ બાહ્યથી આભ્યંતર બનતું ગયું. સાધના દેહદમનથી ચિત્તવૃત્તિના નિરોધ તરફ વધતી ગઈ."[4] જૈન સાધના તપસ્વીજીવન એવં યોગ સાધનાના સમન્વિતરૂપમાં પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે બૌદ્ધ એવં ગીતાનું આચાર દર્શન મુખ્યતઃ યોગ સાધનાનું પ્રતિનિધિત્વ કરે છે. છતાં પણ તે બધાં પોતાના વિકાસના મૂળ કેન્દ્રથી પૂર્ણ અલગ નથી.

જૈનાગમ આચારાંગસૂત્રનું 'ધૂત અધ્યયન', બૌદ્ધગ્રંથ 'વિશુદ્ધ મગ્ગનું ધૂતંગ નિદેશ' અને હિન્દુ સાધનાની 'અવધૂત ગીતા' આ આચારદર્શનોમાં કોઈ એકજ મૂલકેન્દ્ર તરફ ઈશારો કરે છે. જૈનસાધનાનો તપસ્વી માર્ગ જ અહિંસક સંસ્કરણ છે.[5]

(૧) ઉત્તરાધ્યયન ૨૮/૨, ૩, ૩૫.

(૨) દર્શન પ્રાભૃત (કુન્દકુન્દ.) ૩૨

(૩) બૌદ્ધદર્શન એવં અન્ય ભારતીય દર્શન પૃ. ૭૧/૭૨ (ભરતસિંહ ઉપાધ્યાય)

(૪) સમદર્શી હરિભદ્ર પૃ. ૬૭

(૫) સમદર્શી હરિભદ્ર પૃ. ૬૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જૈન સાધનામાં તપનું પ્રયોજન :**

તપ જો નૈતિકજીવનની એક અનિવાર્ય પ્રક્રિયા છે. તો તેને કોઈ લક્ષ્યનું નિમિત્ત હોવું જોઈએ. માટે એ નિશ્ચય કરી લેવો પણ આવશ્યક છે કે તપનો ઉદ્દેશ અને પ્રયોજન શું છે ?

જૈન સાધનાના લક્ષ્ય શુદ્ધ આત્માની ઉપલબ્ધિ કે આત્મશુદ્ધિકરણ છે. પણ તે શુદ્ધકરણ શું છે ? જૈનદર્શન એમ માને છે કે- 'પ્રાણી કાયિક-વાચિક એવં માનસિક ક્રિયાઓના માધ્યમથી કર્મવર્ગણાના પુદ્‌ગલોને પોતાની તરફ આકર્ષિત કરે છે. આકર્ષિત કર્મવર્ગણાઓના પુદ્‌ગલ રાગ-દ્વેષના કારણે આત્મતત્ત્વથી એકીભૂત થઈને તેની શુદ્ધ સત્તા, શક્તિ એવં જ્ઞાનજ્યોતિને અવતરિત કરી દે છે. જડતત્ત્વ અને ચૈતન્ય તત્ત્વનો આ સંયોગ તે જ વિકૃતિ છે.

તેથી શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ માટે આત્માની સ્વશક્તિને આવરિત કરવાવાળા કર્મપુદ્‌ગલોની જૂદાઈ આવશ્યક છે. કર્મ પુદ્‌ગલોને પૃથક્ કરવાની આ ક્રિયાને નિર્જરા કહે છે. જે બે રૂપમાં સંપન્ન થાય છે જ્યારે કર્મપુદ્‌ગલ પોતાની નિશ્ચિત અવધિ બાદ ફળ આપીને સ્વતઃ અલગ થઈ જાય છે. તે સવિપાક નિર્જરા છે, પરંતુ આ તપ સાધનાનો ઉદ્દેશ નથી. તપ સાધના તો સપ્રયાસ છે. પ્રયત્નપૂર્વક કર્મ પુદ્‌ગલોને આત્માથી અલગ કરવાની ક્રિયાને અવિપાક નિર્જરા કહે છે. અને તપ તે જ ક્રિયા છે. જેના દ્વારા અવિપાકનિર્જરા થાય છે.

તપનું પ્રયોજન છે પ્રયત્નપૂર્વક કર્મપુદ્‌ગલોને આત્માથી અલગ કરી આત્માની સ્વશક્તિને પ્રગટ કરવી. આ શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ છે. આ જ આત્માનું વિશુદ્ધિકરણ છે. અને એ જ તપસાધનાનું લક્ષ્ય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીર તપના વિષયમાં કહે છે કે "તપ આત્માના પરિશોધનની પ્રક્રિયા છે."[1] આ બદ્ધકર્મોને ક્ષય કરવાની પદ્ધતિ છે.[2] તપદ્વારા જ મહર્ષિ ગણ પૂર્વ પાપકર્મોને નષ્ટ કરે છે,[3] તપ રાગ-દ્વેષ જન્ય પાપકર્મોના બંધનને ક્ષીણ કરવાનો માર્ગ છે.[4]

આ રીતે જૈન સાધનામાં તપનો ઉદ્દેશ કે પ્રયોજન પૂર્વબદ્ધ કર્મ પુદ્‌ગલોનું આત્મ તત્ત્વથી પૃથક્કરણ, આત્મ પરિશોધન અને શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ છે.

**જૈન સાધનામાં તપનું વર્ગીકરણ** : જૈન આચાર પ્રણાલિમાં તપના બાહ્ય (શારીરિક) અને આભ્યન્તર (માનસિક) એવા બે ભેદ છે.[5] આ બંનેના પણ છ- છ ભેદ છે.

બાહ્યતપ : (૧) અનશન (૨) ઉણોદરી (૩) વૃત્તિ સંક્ષેપ-ભિક્ષાચર્યા (૪) રસપરિત્યાગ (૫) કાયકલેશ અને (૬) સંલીનતા.

આભ્યંતર તપ : (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સજ્ઝાય (૫) ધ્યાન અને (૬) કાઉસ્સગ (વ્યુત્સર્ગ)

**શારીરિક કે બાહ્યતપના ભેદ :**[6]

(૧) **અનશન :** આહારના ત્યાગને અનશન કહે છે. આ બે પ્રકારના છે. (૧) એક નિશ્ચિત સમયાવધિ માટે કરેલો આહાર ત્યાગ. તે એક મૂહર્તથી લઈને છ માસ સુધીનો હોય છે (૨) બીજો જીવન પર્યંત માટે કરેલો આહાર ત્યાગ. જીવનપર્યંત માટે કરેલા આહાર ત્યાગની શરત એ છે કે તે અવધિમાં મૃત્યુની આકાંક્ષા ન હોવી જોઈએ. આચાર્ય પૂજ્યપાદ અનુસાર આહાર ત્યાગનો ઉદ્દેશ આત્મસંયમ, આસક્તિમાં કમી ધ્યાન, જ્ઞાનાર્જન અને કર્મોની નિર્જરા છે. નહીં કે સાંસારિક ઉદ્દેશોની પૂર્તિ.[7] અનશનમાં માત્ર દેહદમન નથી, પરંતુ આધ્યાત્મિક ગુણોની ઉપલબ્ધિનો ઉદ્દેશ નિહિત છે. સ્થાનાંગસૂત્રમાં આહારગ્રહણ કરવાના અને આહારત્યાગનાં છ - છ કારણ બતાવ્યાં છે. તેમાં ભૂખની પીડાથી નિવૃત્તિ, સેવા, ઈર્યા, સંયમનિર્વાહાર્થ, ધર્મચિન્તનાર્થ અને પ્રાણરક્ષાર્થે જ આહાર ગ્રહણ કરવાની અનુમતિ છે.

(૨) **ઉણોદરી** (અવમૌદર્ય) આ તપમાં આહાર વિષયક કેટલીક સ્થિતિઓ અથવા શરત નિશ્ચિત કરાય છે. તેના ચાર પ્રકાર છે. (૧) આહારની માત્રાથી થોડું ઓછું ખાવું તે દ્રવ્ય ઉણોદરી તપ છે. (૨) ભિક્ષા માટે, આહાર માટે કોઈ સ્થાન નિશ્ચિત કરી ત્યાંથી મળતી ભિક્ષા લેવી તે ક્ષેત્રઉણોદરી તપ છે. (૩) કોઈ નિશ્ચિત સમયે જ આહાર લેવો તે કાલઉણોદરી તપ છે. (૪) ભિક્ષા પ્રાપ્તિ માટે આહારાર્થ કોઈ શરત (અભિગ્રહ) નો નિશ્ચય કરવો તે ભાવ ઉણોદરી તપ છે. સંક્ષેપમાં ઉણોદરી તપ તે છે જેમાં કોઈ વિશેષ સમયે એવં સ્થાને વિશેષ પ્રકારથી ઉપલબ્ધ આહારને પોતાના આહારની માત્રાથી ઓછો ગ્રહણ કરાય છે. મૂલાચાર અનુસાર ઉણોદરીતપની આવશ્યકતા નિદ્રા એવં ઈન્દ્રિયોના સંયમ માટે તથા તપ એવં ષડ્ આવશ્યકોના પાલન માટે છે.[8]

(૩) **રસપરિત્યાગ :** ભોજનમાં દહીં, દૂધ, ઘી, તેલ, મિષ્ટાન આદિ બધાનો કે તેમાંથી કોઈ એકનો ત્યાગ-રસપરિત્યાગ કહેવાય છે. રસપરિત્યાગ-સ્વાદજય છે. નૈતિકજીવનની સાધના માટે સ્વાદજય આવશ્યક છે. મહાત્મા

---

(૧) ઉત્તરાધ્યયન - ૨૮/૩૫.
(૨) ઉત્ત. ૨૯/૨૭
(૩) ઉત્ત. ૨૮/૩૬, ૩૦/૬
(૪) ઉત્ત. ૬/૧
(૫) ઉત્ત. ૩૦/૭
(૬) ઉત્ત. ૨૦. ૮/૨૮
(૭) સર્વાર્થસિદ્ધિ ૯/૧૯
(૮) મૂળાચાર ૫/૧૫૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાંધીએ અગિયાર વ્રતોનું વિધાન કર્યું તેમાં અસ્વાદ પણ એક વ્રત છે. રસપરિત્યાગનું તાત્પર્ય એ છે કે સાધક સ્વાદ માટે નહીં, પરંતુ શરીરનિર્વાહ અથવા સાધના માટે આહાર કરે છે.

(૪) **ભિક્ષાચર્યા :** ભિક્ષા વિષયક વિભિન્ન વિધિ નિયમોનું પાલન કરતાં ભિક્ષાન્ન પર જીવન વ્યાપન કરવું તે ભિક્ષાચર્યા તપ છે. તેને વૃત્તિ સંક્ષેપ પણ કહેવાય છે. તેનો વધારે પડતો સંબંધ ભિક્ષુકજીવન સાથે છે. ભિક્ષાના સંબંધમાં પહેલાં નિશ્ચય કરી લેવો અને તદ્દનુકૂલ જ ભિક્ષા ગ્રહણા કરવી તે વૃત્તિ પરિસંખ્યાન છે. તેને અભિગ્રહ તપ પણ કહેલ છે.

(૫) **કાયકલેશ :** વીરાસન, ગોદુહાસન આદિ વિભિન્ન આસન કરવા ઠંડી કે ગરમી સહન કરવાનો અભ્યાસ કરવો. કાયકલેશ તપ છે. કાયકલેશ તપ ચાર પ્રકારનું છે. (૧) આસન (૨) આતાપના- સૂર્યની ગરમીનો તાપ લેવો, ઠંડી સહન કરવી, અલ્પવસ્ત્ર કે નિર્વસ્ત્ર રહેવું (૩) વિભૂષાનો ત્યાગ (૪) પરિકર્મ- શરીરની સાજ સજ્જાનો ત્યાગ.

(૬) **સંલીનતા :** સંલીનતા ચાર પ્રકારની છે. (૧) ઈન્દ્રિય સંલીનતા-ઈન્દ્રિયોના વિષયોથી બચવું (૨) કષાય સંલીનતા- ક્રોધ, માન, માયા અને લોભથી બચવું (૩) યોગ સંલીનતા- મન-વચન- કાયાની પ્રવૃત્તિથી બચવું (૪) વિવિકત શયનાશન- એકાંત સ્થાને સુવું-બેસવું, સામાન્ય રીતે એમ મનાય છે કે કષાય એવં રાગ-દ્વેષના બાહ્ય નિમિત્તોથી બચવા માટે સાધકે સ્મશાન, શૂન્યાગાર અને વનના એકાંત સ્થાનોમાં રહેવું જોઈએ.

**આભ્યંતર તપના ભેદ** : આભ્યંતર તપ, તપનું તે રૂપ છે જે બાહ્યરૂપથી તપના રૂપમાં પ્રતીત નથી થતું પરંતુ આત્મવિશુદ્ધિનું કારણ હોવાથી જૈન પરંપરામાં તેને તપ જ કહેલ છે. બાહ્ય તપ સ્થૂલ છે જ્યારે આભ્યંતર તપ સૂક્ષ્મ છે. ઉત્તરાધ્યયન આદિ બધા જૈનગ્રંથોમાં આભ્યંતર તપના નિમ્ન છ ભેદ મનાય છે.

(૧) **પ્રાયશ્ચિત્ત :** પોતાના દ્વારા થયેલા વ્રતભંગના દુરાચરણ પ્રત્યે ગ્લાનિ પ્રગટ કરી તેને વડિલ-ગુરુજનો સમક્ષ પ્રગટ કરીને તેના શુદ્ધિકરણ માટે યોગ્ય દંડની યાચના કરવી તે પ્રાયશ્ચિત તપ છે. વસ્તુતઃ તો તે આત્મશોધનની જ એક પ્રક્રિયા છે વાસનાઓ અને કષાયોથી ઉદ્વેલિત થવું તે મનુષ્યનો સહજ સ્વભાવ છે. પ્રાયશ્ચિત્તના સ્વરૂપાદિના સંદર્ભમાં આપણે આગળ વિસ્તારથી ચર્ચા કરી છે. માટે પાઠકોને ત્યાં જોઈ લેવાની ભલામણ કરૂં છું.

(૨) **વિનય :** આત્મશુદ્ધિ વિના વિનય શકય નથી. વિનય વ્યક્તિને અહંકારથી મુક્ત કરે છે અને એ પણ સ્પષ્ટ છે કે આત્મગતદોષોમાં અહંકાર સર્વાધિક મહત્ત્વપૂર્ણ છે. પ્રાચીન જૈનગ્રંથોમાં વિનય શબ્દનું તાત્પર્ય આચારનો નિયમ છે. માટે આચારના નિયમોનું સમ્યક્‌રૂપે પરિપાલન તે જ વિનય છે. બીજા અર્થમાં વિનય વિનમ્રતાનો સૂચક છે. તેનું તાત્પર્ય છે. વરિષ્ઠ એવં ગુરુજનોનું સન્માન કરતાં તેમની આજ્ઞાઓનું પાલન કરવું અથવા તેમને આદર પ્રદાન કરવો. વિનયના સાત ભેદ છે. (૧) જ્ઞાન વિનય (૨) દર્શન વિનય (૩) ચારિત્ર વિનય (૪) મનોવિનય (૫) વચનવિનય (૬) કાવ્ય વિનય અને (૭) લોકોપચાર વિનય. શિષ્ટાચારના રૂપમાં કરાયેલા બાહ્યોપચારને વિનય કહેવાય છે.

(૩) **વૈયાવચ્ચ :** વૈયાવચ્ચનો અર્થ સેવા સુશ્રુષા કરવી છે. ભિક્ષુસંઘમાં દસ પ્રકારના સાધકોની સેવા કરવી તે ભિક્ષુનું કર્તવ્ય છે. (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) તપસ્વી (૪) ગુરુ (૫) રોગી (૬) વૃદ્ધમુનિ (૭) સહધ્યાયી (૮) પોતાના ભિક્ષુ સંઘના સદસ્ય (૯) દીક્ષા સ્થવિર અને (૧૦) લોકસન્માનિત ભિક્ષુ. આ દસની સેવા કરવી તે વૈયાવચ્ચ તપ છે. તેના સિવાય સંઘ (સમાજ)ની સેવા પણ ભિક્ષુનું કર્તવ્ય છે.

(૪) **સ્વાધ્યાય :** સ્વાધ્યાય શબ્દનો સામાન્ય અર્થ આધ્યાત્મિક સાહિત્યનું પઠન-પાઠન એવં મનન આદિ છે. સ્વાધ્યાયના પાંચ ભેદ છે.

(ક) **વાંચના :** સદ્‌ગ્રંથોનું વાંચન એવં અધ્યયન કરવું.

(ખ) **પૃચ્છના :** શંકાઓના નિરસન માટે તથા નવાજ્ઞાનની પ્રાપ્તિ માટે વિદ્વજ્જનોથી પ્રશ્નોત્તર એવં વાર્તાલાપ કરવો.

(ગ) **પરાવર્તન :** પરાવર્તનનો અર્થ ફેરવવું છે. અર્જિત જ્ઞાનના સ્થાયિત્વ માટે આ આવશ્યક છે.

(ઘ) **અનુપ્રેક્ષા :** જ્ઞાનના વિકાસ માટે તેનું ચિંતન કરવું અને તે ચિંતન દ્વારા અર્જિત જ્ઞાનને વિશાળ કરવું તે અનુપ્રેક્ષા છે.

(ઙ) **ધર્મકથા :** ધાર્મિક ઉપદેશ આપવો તે ધર્મકથા છે.

(૫) **ધ્યાન :** એક વિષય પર ચિત્તને કેન્દ્રિત કરવું તે ધ્યાન છે. જૈનપરંપરામાં ધ્યાનના ચાર પ્રકાર છે. (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન અને (૪) શુકલધ્યાન. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ચિત્તની દૂષિત પ્રવૃત્તિઓ છે. તેથી સાધના એવં તપની દષ્ટિએ તેનું કંઈ પણ મૂલ્ય નથી, આ બંને ધ્યાન ત્યાજ્ય છે. આધ્યાત્મિક સાધનાની દષ્ટિથી ધર્મધ્યાન અને શુકલધ્યાન એ બંને મહત્ત્વપૂર્ણ છે. માટે તેના વિષે થોડી વિસ્તૃત ચર્ચા કરવી આવશ્યક છે.

ધર્મધ્યાન : આનો અર્થ છે ચિત્ત વિશુદ્ધિનો પ્રારંભિક અભ્યાસ.

ધર્મધ્યાન માટે ચાર વાતો આવશ્યક છે. (૧) આગમજ્ઞાન (૨) અનાસક્તિ (૩) આત્મ-સંયમ અને (૪) મુમુક્ષુભાવ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મધ્યાનના ચાર પ્રકાર છે : (૧) **આજ્ઞા વિચય :** આગમ અનુસાર તત્ત્વ સ્વરૂપ તથા કર્ત્તવ્યોનું ચિંતન કરવું (૨) **અપાય વિચય :** હેય શું છે તેનું ચિંતન કરવું (૩) **વિપાક વિચય :** હેયના કારણોનો વિચાર કરવો (૪) **સંસ્થાન વિચય :** લોકના પદાર્થોની આકૃત્તિઓ અને સ્વરૂપનું ચિંતન કરવું. વળી સંસ્થાન વિચય ધર્માયાન ચાર વિભાગોમાં વિભાજીત છે. (અ) **પિંડસ્થ ધ્યાન** - આ કોઈ તત્ત્વવિશેષના સ્વરૂપના ચિંતનપર આધારિત છે. તેની પાર્થિવી આગ્નેયી, મારુતિ, વારુણી અને તત્વભૂ એ ચાર ધારણાઓ મનાય છે. (બ) **પદસ્થધ્યાન** - આ ધ્યાન પવિત્ર મંત્રાક્ષર આદિ પદોનું અવલંબન લઈને કરાય છે. (ક) **રૂપસ્થધ્યાન** - રાગ, દ્વેષ, મોહ આદિ વિકારોથી રહિત અર્હન્તનું ધ્યાન કરવું (ખ) **રૂપાતીત ધ્યાન** - નિરાકાર, ચૈતન્ય સ્વરૂપ સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું.

**શુકલધ્યાન :** આ ધર્મધ્યાન બાદની સ્થિતિ છે. શુકલધ્યાન દ્વારા મનને શાંત અને નિષ્પ્રકંપ બનાવાય છે. તેની અંતિમ પરિણતી મનની સમસ્ત પ્રવૃત્તિઓનો પૂર્ણ નિરોધ છે. (૧) **પૃથક્ત્વ વિતર્ક સવિચાર**- આ ધ્યાનમાં ધ્યાતા ક્યારેક અર્થનું ચિંતન કરતાં કરતાં શબ્દનું અને શબ્દનુ ચિંતન કરતાં કરતાં અર્થનું ચિંતન કરવા લાગે છે. આ ધ્યાનમાં અર્થ, વ્યંજન અને યોગનું સંક્રમણ થતા રહેવા છતાં પણ ધ્યેય-દ્રવ્ય એકજ હોય છે. (૨) **એકત્વ વિતર્ક-અવિચારી**- અર્થ, વ્યંજન અને યોગસંક્રમણથી રહિત એક પર્યાય વિષયક ધ્યાન, "એકત્વ શ્રુત અવિચાર" ધ્યાન કહેવાય છે. (૩) **સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ**- મન, વચન અને શરીર વ્યાપારનો નિરોધ થઈ જાય અને માત્ર શ્વાસોશ્વાસની સૂક્ષ્મક્રિયા શેષ રહે ત્યારે ધ્યાનની આ અવસ્થા પ્રાપ્ત થાય છે. (૪) **સમુચ્છિનક્રિયા નિવૃત્તિ** - જ્યારે મન-વચન અને શરીરની સમસ્ત પ્રવૃત્તિનો નિરોધ થઈ જાય છે અને કોઈ પણ સૂક્ષ્મક્રિયા શેષ નથી રહેતી તે અવસ્થાને સમુછિન્ન ક્રિયા શુકલધ્યાન કહે છે. આ રીતે શુકલ ધ્યાનની પ્રથમ અવસ્થાની ક્રમશઃ આગળ વધતાં અંતિમ અવસ્થામાં સાધક કાયિક, વાચિક અને માનસિક સર્વે પ્રવૃત્તિઓનો પૂર્ણ નિરોધ કરી અંતમાં સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી લે છે. જો કે નૈતિક સાધના અને યોગ સાધનાનું અંતિમ લક્ષ્ય છે.[૧]

(૬) **વ્યુત્સર્ગ** - વ્યુત્સર્ગનો અર્થ ત્યાગવું છે કે છોડવું છે. વ્યુત્સર્ગમાં આભ્યંતર અને બાહ્ય બે ભેદ છે. બાહ્ય વ્યુત્સર્ગના ચારભેદ છે-

(૧) **કાયોત્સર્ગ** - અમૂક સમય માટે શરીરના મમત્વનો ત્યાગ.

(૨) **ગણ વ્યુત્સર્ગ** - સાધના માટે સામૂહિક જીવનને છોડીને એકાંતમાં એકલા સાધના કરવી.

(૩) **ઉપધિ વ્યુત્સર્ગ** - વસ્ત્ર, પાત્ર આદિ મુનિજીવન માટેની આવશ્યક વસ્તુઓનો ત્યાગ કરવો અથવા તેમાંથી ઓછા કરવા.

(૪) **ભક્તપાન વ્યુત્સર્ગ**- ભોજનનો પરિત્યાગ, આ અનશનનું જ રૂપ છે. આભ્યંતર વ્યુત્સર્ગ ત્રણ પ્રકારનો છે.

(૧) **કષાય વ્યુત્સર્ગ** - ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયોનો પરિત્યાગ કરવો.

(૨) **સંસાર વ્યુત્સર્ગ**- પ્રાણીમાત્ર પ્રત્યે રાગ-દ્વેષની પ્રવૃત્તિઓ છોડી સર્વે પ્રત્યે સમત્ત્વભાવ રાખવો.

(૩) **કર્મ વ્યુત્સર્ગ** - આત્માની મલિનતા મન-વચન અને શરીરની વિવિધ પ્રવૃત્તિઓને જન્મ આપે છે. આ મલિનતાના પરિત્યાગ દ્વારા શારીરિક, માનસિક એવં વાચિક પ્રવૃત્તિઓનો નિરોધ કરવો.

**જૈનધર્મમાં પ્રાયશ્ચિત્ત એવં દંડ વ્યવસ્થા :**

**પ્રાયશ્ચિત્ત અને દંડ :** જૈનાચાર્યોએ માત્ર આચારના વિધિ-નિષેધોનું પ્રતિપાદન કર્યું છે એવું નથી, પરંતુ તેનો ભંગ થવાથી પ્રાયશ્ચિત્ત તથા દંડની વ્યવસ્થા પણ કરી છે. સામાન્યતઃ જૈન આગમગ્રંથોમાં નિયમભંગ કે અપરાધ માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું અને દંડ શબ્દનો પ્રયોગ સામાન્યતઃ "હિંસા"ના અર્થમાં થયો છે. તેથી જેને આપણે દંડ વ્યવસ્થાનારૂપમાં જાણીએ છીએ તે જૈન પરંપરામાં પ્રાયશ્ચિત્ત વ્યવસ્થાના રૂપમાં જ માન્ય છે. સામાન્યતઃ દંડ અને પ્રાયશ્ચિત્ત પર્યાયવાચી મનાય છે. પરંતુ બંનેમાં સૈદ્ધાંતિક અંતર છે. પ્રાયશ્ચિત્તમાં અપરાધ બોધની ભાવનાથી વ્યક્તિમાં સ્વતઃ જ તેના પરિમાર્જનની અંતઃપ્રેરણા ઉત્પન્ન થાય છે. પ્રાયશ્ચિત્ત અંતઃપ્રેરણાથી સ્વયં કરાય છે. જ્યારે દંડ અન્ય વ્યક્તિ દ્વારા અપાય છે. જૈન પરંપરા પોતાની આધ્યાત્મિક પ્રકૃતિને કારણે સાધનાત્મક જીવનમાં પ્રાયશ્ચિત્તનું વિધાન કરે છે. જો કે જ્યારે સાધક અંતઃપ્રેરિત થઈને આત્મશુદ્ધિ માટે સ્વયં પ્રાયશ્ચિત્તની યાચના નથી કરતા ત્યારે સંઘ વ્યવસ્થા માટે તેને દંડ અપાય છે.

જો કે આપણે એ સ્મરણ રાખવું પડશે કે દંડ આપવાથી સાધકની આત્મશુદ્ધિ નથી થતી. ભલે સામાજિક કે સંઘવ્યવસ્થા માટે દંડ આવશ્યક હોય, પરંતુ જ્યાં સુધી અંતઃપ્રેરણાથી સ્વીકારતો નથી.ત્યાં સુધી તે આત્મશુદ્ધિ કરવામાં સહાયક નથી થતો. જૈન પ્રાયશ્ચિત્ત વ્યવસ્થામાં પરિહાર, છેદ, મૂલ, પારાંચિક આદિ બાહ્યતઃ તો દંડરૂપ છે, પરંતુ તેની આત્મવિશુદ્ધિની સમતાને લક્ષ્યમાં રાખીને આ પ્રાયશ્ચિત્ત અપાય છે.

---

(૧) વિશેષ વિવેચન માટે જુઓ - યોગશાસ્ત્ર પ્રકાશ ૭,૮,૯,૧૦,૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રાયશ્ચિત્ત શબ્દનો અર્થ :**

પ્રાયશ્ચિત્ત શબ્દની આગમિક વ્યાખ્યા સાહિત્યમાં વિભિન્ન પરિભાષાઓ પ્રસ્તુત કરાઈ છે. જીતકલ્પભાષ્ય અનુસાર- "જે પાપનું પ્રાયશ્ચિત્ત છે."[1] અહીં પ્રાયઃ શબ્દને પાપના રૂપમાં તથા ચિત્ત શબ્દને શોધકના રૂપમાં પરિભાષિત કરાયો છે. હરિભદ્રએ પંચાશકમાં પ્રાયશ્ચિત્તના બંને અર્થ માન્ય કર્યા છે. તે મૂલતઃ "પ્રાયશ્ચિત્ત" શબ્દની વ્યાખ્યા તેના પ્રાકૃત રૂપના આધારે જ કરે છે. તે લખે છે કે- 'જેના દ્વારા પાપનું છેદન થાય છે તે પ્રાયશ્ચિત્ત છે.[2] સાથે જ તે બીજા અર્થને સ્પષ્ટ કરતાં કહે છે કે- 'જેના દ્વારા પાપથી ચિત્તનું શોધન થાય છે તે પ્રાયશ્ચિત્ત છે.[3] પ્રાયશ્ચિત્ત શબ્દ સંસ્કૃતરૂપના આધારે પ્રાયઃ શબ્દનો પ્રકર્ષના અર્થમાં લેતાં પણ કહ્યું છે કે- 'જેના દ્વારા ચિત્તપ્રકર્ષતા અર્થાત્ ઉચ્ચતાને પ્રાપ્ત કરે છે તે પ્રાયશ્ચિત્ત છે.[4]

દિગમ્બર ટીકાકારોએ પ્રાયઃ શબ્દનો અર્થ અપરાધ અને ચિત્ત શબ્દનો અર્થ શોધન કરે એમ માન્યું છે કે જે ક્રિયા કરવાથી અપરાધની શુદ્ધિ થાય તે પ્રાયશ્ચિત્ત છે.[5] એક અન્ય વ્યાખ્યામાં "પ્રાયઃ" શબ્દનો અર્થ "લોક" પણ કર્યો છે. આ દૃષ્ટિથી એ મનાય છે કે- 'જે કર્મથી સાધુજનોનું ચિત્ત પ્રસન્ન થાય છે તે પ્રાયશ્ચિત્ત છે.[6] મૂલાચારમાં કહ્યું છે કે- 'પ્રાયશ્ચિત્ત તે તપ છે કે જેના દ્વારા પૂર્વકૃત પાપોની વિશુદ્ધિ કરાય છે.'[7] આ ગ્રંથમાં પ્રાયશ્ચિત્તના પર્યાયવાચી નામોનો ઉલ્લેખ કરતાં કહેવાયું છે કે જેના દ્વારા પૂર્વકૃત કર્મોની ક્ષપણા, ક્ષેપણ, નિર્જરણ, શોધન, ધાવન, પુઝછન અર્થાત્ નિરાકરણ, ઉત્ક્ષેપણ એવં છેદન થાય છે તે પ્રાયશ્ચિત્ત છે.[8]

**પ્રાયશ્ચિત્તના પ્રકાર :**

શ્વેતાંમ્બર પરંપરામાં વિવિધ પ્રાયશ્ચિત્તોનો ઉલ્લેખ સ્થાનાંગ, નિશીથ, બૃહતકલ્પ, વ્યવહાર, જીતકલ્પ આદિ ગ્રંથોમાં મળે છે. પરંતુ જ્યાં સમવાયાંગમાં પ્રાયશ્ચિત્તના પ્રકારોનો માત્ર નામોલ્લેખ જ છે. ત્યારે નિશિથ આદિ ગ્રંથોમાં પ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધોનું પણ વિસ્તૃત વિવરણ ઉપલબ્ધ છે. પ્રાયશ્ચિત્ત સંબંધી વિવિધ સિદ્ધાંતો અને સમસ્યાઓનું સ્પષ્ટતાપૂર્વક વિવેચન બૃહતકલ્પભાષ્ય, નિશીથ ભાષ્ય, વ્યવહાર ભાષ્ય, નિશીથચૂર્ણી, જીતકલ્પભાષ્ય એવં જીતકલ્પચૂર્ણીમાં ઉપલબ્ધ થાય છે. પ્રાયશ્ચિત્તના આ પ્રકારોનો ઉલ્લેખ શ્વેતામ્બર આગમ, સ્થાનાંગ, બૃહત્કલ્પ, નિશીથ અને જીતકલ્પમાં, યાપનીય ગ્રંથ મૂલાચારમાં, દિગમ્બર ગ્રંથ જયધવલામાં તથા તત્ત્વાર્થસૂત્ર એવં તેની શ્વેતામ્બર અને દિગમ્બર આચાર્યોની ટીકાઓમાં મળે છે.

સ્થાનાંગસૂત્રમાં પ્રાયશ્ચિત્તના વિભિન્ન પ્રકારોનો ઉલ્લેખ થયો છે. તેના તૃતીય સ્થાનમાં જ્ઞાન પ્રાયશ્ચિત્ત, દર્શન પ્રાયશ્ચિત્ત અને ચારિત્ર પ્રાયશ્ચિત્ત એવા ત્રણ પ્રાયશ્ચિત્તોનો ઉલ્લેખ થયો છે.[9] આ તૃતીય સ્થાનમાં અન્યત્ર આલોચના, પ્રતિક્રમણ અને તદુભય પ્રાયશ્ચિત્તના એવા ત્રણ રૂપોનો ઉલ્લેખ પણ થયો છે.[10] આ ગ્રંથમાં અન્યત્ર છ, આઠ અને નવ પ્રાયશ્ચિત્તનો પણ ઉલ્લેખ થયો છે. પરંતુ આ બધા પ્રાયશ્ચિત્તોના પ્રકાર તેના દસમ સ્થાનમાં જે દસવિધ પ્રાયશ્ચિત્તનું વિવરણ આપ્યું છે તેમાં સમાહિત થઈ જાય છે.[11] તેથી તેની સ્વતંત્રરૂપે ચર્ચા ન કરતાં તેમાં ઉપલબ્ધ દસવિધ પ્રાયશ્ચિત્તની ચર્ચા કરીશું.

સ્થાનાંગ, જીતકલ્પ અને જયધવલામાં પ્રાયશ્ચિત્તના નિમ્ન દસ પ્રકાર માન્યા છે. (૧) આલોચના (૨) પ્રતિક્રમણ (૩) ઉભય (૪) વિવેક (૫) વ્યુત્સર્ગ (૬) તપ (૭) છેદ (૮) મૂલ (૯) અનવસ્થાપ્ય (૧૦) પારાંચિક[12] જો આપણે આ દસનામોની તુલના યાપનીય ગ્રંથ મૂલાચાર[13] અને તત્ત્વાર્થ સૂત્ર[14]થી કરીએ છીએ તો મૂલાચારમાં પ્રથમ આઠ નામ તો જીતકલ્પના અનવસ્થાપ્યના સ્થાન પર પરિહાર અને પારાંચિકના સ્થાને શ્રદ્ધાનનો ઉલ્લેખ થયો છે. મૂલાચાર શ્વેતામ્બર પરંપરાથી ભિન્ન થઈને તપ અને પરિહારને અલગ-અલગ માને છે. તત્ત્વાર્થ સૂત્રમાં તો તેની સંખ્યા નવ માની છે. તેમાં સાત નામ તો જીત કલ્પ જેવાં જ છે. પરંતુ મૂલના સ્થાને ઉપસ્થાન અને અનવસ્થાપ્યના સ્થાને પરિહારનો ઉલ્લેખ થયો છે. પારાંચિકનો ઉલ્લેખ તત્ત્વાર્થમાં નથી. તેથી તેઓ નવ પ્રાયશ્ચિત્ત જ માને છે શ્વેતામ્બર આચાર્યોએ તપ અને પરિહારને એક માને છે. પરંતુ તત્ત્વાર્થ સૂત્ર તપ અને પરિહારને અલગ-અલગ માને છે. અને બંનેમાં તેનો અર્થ અનવસ્થાપ્ય સમાન છે. જો દિગમ્બર પરંપરાના ગ્રંથ ધવલા-૧૭માં સ્થાનાંગ અને જિતકલ્પની જેમ જ દસ પ્રાયશ્ચિત્તનું વર્ણન છે. અને તેનાં નામ પણ તે જ છે. આ રીતે જ્યારે ધવલા શ્વેતાંબર પરંપરાથી સંગતિ રાખે છે

---

(૧) જીતકલ્પભાષ્ય-૫ (૨) પંચાશક (હરિભદ્ર) ૧૬/૩ (પ્રાયશ્ચિત્તપંચાશક) (૩) પંચાશક (હરિભદ્ર) ૧૬/૩
(૪) અભિધાન રાજેન્દ્ર કોષ (૫) તત્ત્વાર્થ વાર્તિક ૯/૨૨/૧, પૃષ્ઠ ૬૨૦ (૬) તત્ત્વાર્થ વાર્તિક ૯/૨૨/૧, પૃષ્ઠ ૬૨૦
(૭) મૂલાચાર ૫ / ૧૬૪ (૮) મૂલાચાર ૫/૧૬૬ (૯) સ્થાનાંગ ૩ / ૪૭૦
(૧૦) સ્થાનાંગ - ૩/૪૪૮ (૧૧) સ્થાનાંગ - ૧૦ / ૭૩.
(૧૨) (अ) સ્થાનાંગ ૧૦ / ૭૩ (ब) જીતકલ્પસૂત્ર - ૪ (क) ધવલા - ૧૩/૫, ૨૬/૬૩ /૧
(૧૩) મૂલાચાર ૫/૧૬૫. (૧૪) તત્ત્વાર્થ - ૯/૨૨.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે મૂલાચાર અને તત્ત્વાર્થ થોડા ભિન્ન છે. સંભવતઃ એવું પ્રતીત થાય છે કે જીતકલ્પસૂત્રના ઉલ્લેખાનુસાર જ્યારે અનવસ્થાપ્ય અને પારાંચિક આ બંને પ્રાયશ્ચિત્ત ભદ્રબાહુ સ્વામીના સમય બાદ વ્યવછિન્ન માની લેવાયા છે. અથવા તો બીજા શબ્દોમાં આ પ્રાયશ્ચિત્તનું પ્રચલન બંધ કરી દીધું છે[1] તો આ અંતિમ બે પ્રાયશ્ચિત્તના સ્વતંત્ર સ્વરૂપને લઈને મતભેદ થયો અને તેના નામોમાં ફરક પડી ગયો. મૂલાચારના અંતમાં પરિહારનો જે ઉલ્લેખ છે તે અનવસ્થાપ્યથી કાંઈ ભિન્ન નથી કહેવાતો .પરંતુ તેમાં શ્રદ્ધાન પ્રાયશ્ચિત્તનું શું તાત્પર્ય છે તે નથી તો મૂલગ્રંથથી કે નથી તો તેની ટીકાથી સ્પષ્ટ થતું. તે અંતિમ પ્રાયશ્ચિત્ત છે. તેથી કઠોરતમ હોવું જોઈએ. તેનો અર્થ એમ માની શકાય કે એવો અપરાધી વ્યક્તિ જે શ્રદ્ધાથી રહિત માનીને સંઘમાંથી બહિષ્કૃત કરાય. પરંતુ વસુનંદીએ શ્રદ્ધાનનો અર્થ તત્ત્વરુચિ એવં ક્રોધાદિ ત્યાગ કર્યો છે. આ પ્રાયશ્ચિત્તમાં જે ક્રમ છે તે સહજતાથી કઠોરતા તરફ છે. તેથી અંતમાં શ્રદ્ધા નામના સહજ પ્રાયશ્ચિત્તને રાખવાનું કોઈ ઔચિત્ય નથી. વસ્તુતઃ જિનપ્રવચન પ્રત્યેની શ્રધ્ધા સમાપ્ત થઈ જવી તે અપરાધ છે. જેનો દંડ માત્ર બહિષ્કાર છે. તેથી એવા શ્રમણની શ્રધ્ધા જ્યાં સુધી સમ્યક્ નથી ત્યાં સુધી તેને સંઘમાંથી બહિષ્કૃત રાખવો એ જ આ પ્રાયશ્ચિત્તનું તાત્પર્ય છે.

જ્યારે સાધકને સ્વયં જ પોતાના મનમાં અપરાધ બોધના પરિણામ સ્વરૂપ આત્મગ્લાની ભાવ ઉત્પન્ન થાય તે પ્રાયશ્ચિત્તનું સર્વપ્રથમ રૂપ છે. તેથી આલોચનાનો અર્થ છે અપરાધનો અપરાધના રૂપમાં સ્વીકાર કરી લેવો આલોચના શબ્દનો અર્થ છે જોવું તે અપરાધને અપરાધના રૂપમાં જોઈ લેવો તે જ આલોચના છે. સામાન્યતઃ જે અપરાધ આપણા દૈનિક વ્યવહારમાં અસાવધાની (પ્રમાદ) કે બાધ્યતાવશ થાય છે તે આલોચના નામના પ્રાયશ્ચિત્તના વિષય મનાય છે. પોતાના દ્વારા થયેલા અપરાધ કે નિયમભંગને આચાર્ય કે ગીતાર્થમુનિ સમક્ષ નિવેદિત કરીને તેમની પાસેથી તેનું પ્રાયશ્ચિત્તની યાચના કરવી તે આલોચના છે.

સામાન્ય રીતે આલોચના કરતી વખતે એ વિચાર આવશ્યક છે કે અપરાધ કેમ થયો ? તેનું પ્રેરક તત્ત્વ શું છે ?

**અપરાધ કેમ અને કેવી રીતે :**

અપરાધ અને વ્રતભંગ શા માટે અને કઈ પરિસ્થિતિમાં કરાય છે તેનું વિવેચન સ્થાનાંગસૂત્રના દસમ સ્થાનમાં મળે છે. તેમાં દસ પ્રકારની પ્રતિસેવનાનો ઉલ્લેખ થયો છે. પ્રતિસેવનાનું તાત્પર્ય છે ગૃહિતવ્રતના નિયમો વિરૂદ્ધ આચરણ કરવું અથવા ભોજન આદિ ગ્રહણ કરવાં. વસ્તુતઃ પ્રતિસેવનાનો સામાન્ય અર્થ વ્રત કે નિયમનું પ્રતિકૂલ આચરણ કરવું તે જ છે. તે વ્રતભંગ કેમ કયારે અને કઈ પરિસ્થિતિમાં થાય છે તે સ્પષ્ટ કરવા માટે જ સ્થાનાંગમાં દસ પ્રતિસેવનાનો ઉલ્લેખ છે.[2]

(૧) **દર્પપ્રતિસેવના :** આવેશ અને અહંકારને વશીભૂત થઈને જે હિંસા આદિ કરીને વ્રતભંગ કરાય છે તે દર્પપ્રતિસેવના છે.

(૨) **પ્રમાદ પ્રતિસેવના :** પ્રમાદ અને કષાયોને વશીભૂત થઈને જે વ્રતભંગ કરાય છે તે પ્રમાદ પ્રતિસેવના છે.

(૩) **અનાભોગ પ્રતિસેવના :** સ્મૃતિ કે સજગતાના અભાવમાં અભક્ષ્ય કે નિયમ વિરૂધ્ધ વસ્તુને ગ્રહણ કરવી તે અનાભોગ પ્રતિસેવના છે.

(૪) **આતુર પ્રતિસેવના :** ભૂખ-તરસ આદિથી પીડિત થઈને કરવામાં આવતો વ્રતભંગ આતુર પ્રતિસેવના છે.

(૫) **આપાત પ્રતિસેવના :** કોઈ વિશિષ્ટ પરિસ્થિતિ ઉત્પન્ન થતાં વ્રતભંગ કે નિયમ વિરૂદ્ધ આચરણ કરવું તે આપાત પ્રતિસેવના છે.

(૬) **શંકિત પ્રતિસેવના :** શંકાને વશીભૂત થઈને જે નિયમભંગ કરાય છે તે શંકિત પ્રતિસેવના છે. જેમ કે આ વ્યક્તિ અમારૂં અહિત કરશે એવું માની તેની હિંસા આદિ કરવી.

(૭) **સહસાકાર પ્રતિસેવના :** અકસ્માતે થતા વ્રતભંગ કે નિયમભંગને સહસાકાર પ્રતિસેવના કહે છે.

(૮) **ભય પ્રતિસેવના :** ભયના કારણે જે વ્રત કે નિયમનો ભંગ કરાય છે તે ભય પ્રતિસેવના છે.

(૯) **પ્રદોષ પ્રતિસેવના :** દ્વેષવશ કોઈ પ્રાણીની હિંસા અથવા તેનું અહિત કરવું તે પ્રદોષ પ્રતિસેવના છે.

(૧૦) **વિમર્શ પ્રતિસેવના :** શિષ્યોની ક્ષમતા તથા તેને શ્રદ્ધા આદિની પરીક્ષા માટે વ્રત કે નિયમનો ભંગ કરવો તે વિમર્શ પ્રતિસેવના છે. બીજા શબ્દોમાં કોઈ નિશ્ચિત ઉદ્દેશ માટે વિચારપૂર્વક વ્રતભંગ કરવો કે નિયમથી પ્રતિકૂલ આચરણ કરવું તે વિમર્શ પ્રતિસેવના છે.

આ રીતે કોઈ પણ વ્યક્તિ અપરાધ માત્ર સ્વેચ્છાથી કે જાણીબૂઝીને નથી કરતા પરંતુ કયારેક પરિસ્થિતિવશ પણ કરે છે તેથી તેને પ્રાયશ્ચિત્ત આપતી વખતે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે અપરાધ કેમ અને કઈ પરિસ્થિતિમાં કર્યો છે.

**આલોચના કરવાના અધિકારી કોણ ?** આલોચના કોણ કરી શકે છે તે બાબતમાં પણ સ્થાનાંગસૂત્રમાં પર્યાપ્ત ચિંતન કરાયું છે.[3] તદ્દનુસાર નિમ્ન દસ ગુણોથી યુક્ત વ્યક્તિ જ આલોચના કરવા યોગ્ય હોય છે.

---

(૧) જીતકલ્પભાષ્ય ૨૫૮૬, જીતકલ્પ ૧૦૨.

(૨) સ્થાનાંગ ૧૦/૬૯

(૩) સ્થાનાંગ - ૧૦/૭૧.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) જાતિસંપન્ન (૨) કુલ સંપન્ન (૩) વિનય સંપન્ન (૪) જ્ઞાન સંપન્ન (૫) દર્શન સંપન્ન (૬) ચારિત્ર સંપન્ન (૭) ક્ષાન્ત (ક્ષમા સંપન્ન) (૮) દાન્ત (ઈન્દ્રિય-જીત) (૯) અમાયાવી - (માયાચાર રહિત) અને (૧૦) અપશ્ચાત્તાપી (આલોચના કર્યા બાદ તેનો પશ્ચાત્તાપ ન કરનાર)

આલોચના કોની સમક્ષ કરાય ? આલોચના કઈ વ્યક્તિ સમક્ષ કરવી જોઈએ તે પણ એક વિચારણીય પ્રશ્ન છે, યોગ્ય અને ગંભીર વ્યક્તિ સિવાય કોઈ અન્ય વ્યક્તિ સમક્ષ આલોચના કરવાનું પરિણામ એ આવે છે કે આલોચના કરનાર વ્યક્તિની પ્રતિષ્ઠાને ઠેંસ પહોંચાડે છે તથા તે અપયશના ભાગીદાર બને છે. જેથી જૈનાચાર્યોએ માન્યું કે આલોચના હંમેશાં એવી વ્યક્તિ સમક્ષ કરવી જોઈએ કે જે આલોચના સાંભળવાને યોગ્ય હોય, તેને ગોપનીય રાખી શકે અને તેનો અનૈતિક લાભ ન લે. સ્થાનાંગ સૂત્ર[1] અનુસાર જે વ્યક્તિ સમક્ષ આલોચના કરાય છે તે નિમ્ન દસ ગુણોથી યુક્ત હોવા જોઈએ-

(૧) **આચારવાન** : સદાચારી હોવું તે આલોચના આપનાર વ્યક્તિનો મુખ્ય ગુણ છે. કારણ કે જે સ્વયં દુરાચારી છે તે અપરાધોની આલોચના સાંભળવાનો અધિકારી નથી. જે પોતાના દોષોને શુદ્ધ નથી કરી શક્યા તે બીજાના દોષોને શું દૂર કરી શકશે ?

(૨) **આધારવાન** : અર્થાત્ તેને અપરાધો અને તે સંબંધી નિયત પ્રાયશ્ચિત્તોનો બોધ હોવો જોઈએ. તેને એ પણ જ્ઞાન હોવું જોઈએ કે કયા અપરાધ માટે કયા પ્રકારનું પ્રાયશ્ચિત્ત નિયત છે ?

(૩) **વ્યવહારવાન** : આગમ, શ્રુત, જિનાજ્ઞા, ધારણા અને જીત આ પાંચ પ્રકારના વ્યવહારોને જાણવાવાળો હોવો જોઈએ.

કારણ કે સર્વે અપરાધો તથા પ્રાયશ્ચિત્તોની સૂચિ આગમોમાં ઉપલબ્ધ નથી માટે આલોચના સાંભળનાર વ્યક્તિ સ્વવિવેકથી આગમિક આધારો પર કોઈ કર્મના પ્રાયશ્ચિત્તનું અનુમાન કરી શકે એવા હોવા જોઈએ.

(૪) **અપવ્રીડક** : આલોચના સાંભળનાર વ્યક્તિ એવા હોવા જોઈએ કે આલોચના કરનાર વ્યક્તિની લજ્જા છોડાવીને આત્મ-આલોચનાની શક્તિ ઉત્પન્ન કરી શકે.

(૫) **પ્રકારી** : આચાર્ય અને આલોચના સાંભળનારમાં એવું સામર્થ્ય હોવું જોઈએ કે તે અપરાધ કરવાવાળા વ્યક્તિના વ્યક્તિત્વને રૂપાંતરિત કરી શકે.

(૬) **અપરિશ્રાવી** : આલોચના કરનારના દોષોને બીજા સમક્ષ પ્રગટ ન કરવા જોઈએ. નહીંતર કોઈ પણ વ્યક્તિ તેમની સામે આલોચના કરવામાં સંકોચ કરશે.

(૭) **નિર્યાપક** : આલોચના સાંભળનાર વ્યક્તિ પ્રાયશ્ચિત્ત વિધાન એવી રીતે કરે કે પ્રાયશ્ચિત્ત કરવાવાળા વ્યક્તિ ગભરાઈ ને તેને અધવચ્ચે જ ન છોડી દે, તેમણે પ્રાયશ્ચિત્ત કરનારના સહયોગી બનવું પડે.

(૮) **અપાયદર્શી** : અર્થાત્ તેણે એવા થવું જોઈએ કે આલોચના કરનાર કે ન કરનાર વ્યક્તિના ગુણ-દોષોમી સમિક્ષા ન કરે.

(૯) **પ્રિયાધર્મા** : આલોચના સાંભળનાર વ્યક્તિની ધર્મમાર્ગમાં અવિચલ નિષ્ઠા હોવી જોઈએ.

(૧૦) **દઢધર્મા** : તેને થવું જોઈએ કે તે કઠિનમાં કઠિન સમયમાં પણ ધર્મમાર્ગથી વિચલિત ન થઈ શકે.

જેની સમક્ષ આલોચના કરાય છે તે વ્યક્તિની આ સામાન્ય યોગ્યતાઓનું નિર્ધારણ કર્યા બાદ સાથ-સાથ એમ પણ મનાયું છે કે- 'કોઈ ગીતાર્થ, બહુશ્રુત એવં આગમજ્ઞ સમક્ષ જ આલોચના કરવી જોઈએ'. સાથે જ તેના પદક્રમ અને વરિષ્ઠતા પર વિચાર કરાયો છે કે જ્યાં આચાર્યાદિ ઉપસ્થિત હોય ત્યારે સામાન્ય સાધુ કે ગૃહસ્થ સમક્ષ આલોચના ન કરવી જોઈએ. આચાર્ય ઉપસ્થિત હોય તો તેની પાસે જ આલોચના કરવી જોઈએ. આચાર્યની અનુપસ્થિતિમાં ઉપાધ્યાય સમક્ષ, ઉપાધ્યાયની અનુપસ્થિતિમાં સાંભોગિક સાધર્મિક સાધુ સમક્ષ; અને તેની અનુપસ્થિતિમાં અન્ય સાંભોગિક સાધર્મિક સાધુ પણ ઉપલબ્ધ ન હોય તો એવી સ્થિતિમાં બહુશ્રુત, બહુ આગમજ્ઞ. સમાનવેશધારક સાધુ સમક્ષ આલોચના કરે. તે ઉપસ્થિત ન હોય તો જે પૂર્વે દીક્ષા પર્યાય છોડીને બહુશ્રુત - આગમજ્ઞ શ્રમણોપાસક ઉપસ્થિત હોય તો તેમની સમક્ષ આલોચના કરે. તેના અભાવમાં સમ્યક્ત્વ ભાવિત અંતઃકરણવાળા સમક્ષ અર્થાત્ સમકિતી સમક્ષ આલોચના કરે. જો સમ્યક્ત્વભાવી અંતઃકરણવાળા પણ ન હોય તો ગામ કે નગરની બહાર જઈને પૂર્વ કે ઉત્તરદિશા અભિમુખ થઈને અરિહંત અને સિદ્ધની સાક્ષીપૂર્વક આલોચના કરે.[2]

આલોચના બાબત એ તથ્ય ધ્યાન આપવા યોગ્ય છે કે આલોચના દોષ મુક્ત હોય. સ્થાનાંગ, મૂલાચાર, ભગવતી, આરાધના આદિ ગ્રંથોમાં આલોચનાના દસ દોષોનો ઉલ્લેખ થયો છે.[3]

(૧) **આકંપિત દોષ** : આચાર્યાદિને ઉપકરણાદિ આપીને અનુકૂલ બનાવી લેવા તે આકંપિત દોષ છે. કેટલાક વિદ્વાનોના કથન અનુસાર આકંપિત દોષનો અર્થ એવો છે કે, ધ્રુજતાં આલોચના કરે જેથી પ્રાયશ્ચિત્તદાતા ઓછામાં ઓછું પ્રાયશ્ચિત્ત આપે.

---

(૧) સ્થાનાંગ ૧૦ / ૭૨

(૨) વ્યવહાર સૂત્ર - ૧/૧/૩૩.

(૩) (अ) સ્થાનાંગ - ૧૦/૭૦. (ब) મૂલાચાર - ૧૧ / ૧૫.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) **અનુમાનિત દોષ :** અલ્પ પ્રાયશ્ચિત્ત કે દંડ મળે તે કારણે પોતાને દુર્બલ, રોગગ્રસ્ત આદિ બતાવીને આલોચના કરવી તે અનુમાનિત દોષ છે.

(૩) **અદૃષ્ટદોષ :** ગુરૂ અથવા અન્ય કોઈએ જે અપરાધ જોઈ લીધો હોય તેની આલોચના કરવી અને અદૃષ્ટ દોષોની આલોચના ન કરવી તે અદૃષ્ટ દોષ છે.

(૪) **બાદરદોષ :** મોટા દોષોની આલોચના કરે અને નાના-નાના દોષોની આલોચના ન કરે તે બાદરદોષ છે.

(૫) **સૂક્ષ્મદોષ :** નાના-નાના દોષથી આલોચના કરે અને મોટો દોષ છૂપાવે તે સૂક્ષ્મદોષ છે.

(૬) **છન્ન દોષ :** ગુરૂ બરાબર સાંભળી પણ ન શકે તેવી રીતે આલોચના કરે તે છન્ન દોષ છે. કેટલાય વિદ્વાનોના મતાનુસાર, આચાર્ય સમક્ષ મેં આ દોષ કર્યો એમ ન કહે પરંતુ કોઈ પણ બહાને તે દોષનું પ્રાયશ્ચિત્ત જાણી લે અને પછી પોતે જ તેનું પ્રાયશ્ચિત્ત લઈ લે તે છન્ન દોષ છે.

(૭) **શબ્દાકુલિત દોષ :** કલહપૂર્ણ વાતાવરણમાં આલોચના કરવી કે જેથી આચાર્ય પૂરા શબ્દો સાંભળી પણ ન શકે. આ શબ્દાકુલિત દોષ છે. બીજા શબ્દોમાં ભીડભાડ અને વ્યસ્તતાના સમયે ગુરૂ સમક્ષ આલોચના કરવી તે દોષપૂર્ણ મનાય છે.

(૮) **બહુજન દોષ :** એક જ દોષની અનેક લોકો સમક્ષ આલોચના કરવી અને તેમાંથી જે સૌથી થોડો દંડ કે પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરવો તે બહુજન દોષ છે.

(૯) **અવ્યક્ત દોષ :** દોષોને સ્પષ્ટ ન કહીને તેની આલોચના કરવી તે અવ્યક્ત દોષ છે.

(૧૦) **તત્સેવી દોષ :** જે વ્યક્તિ પોતે જ દોષોનું સેવન કરનારા છે તેની સમક્ષ દોષોની આલોચના કરવી તે તત્સેવી દોષ છે. કારણ કે જે વ્યક્તિ સ્વયંદોષનું સેવન કરનાર છે તેને બીજાને પ્રાયશ્ચિત્ત આપવાનો અધિકાર નથી અને બીજું એવા વ્યક્તિ ઉચિત પ્રાયશ્ચિત્ત પણ નથી આપી શકતા.

આ રીતે આપણે જોયું કે જૈનાચાર્યોએ આલોચનાના સંદર્ભમાં તેનું સ્વરૂપ આલોચના કરનાર તથા સાંભળનારની પાત્રતા અને તેના દોષો પર ઊંડાણથી વિચાર કર્યો છે. આ બાબતની વિસ્તૃત ચર્ચા નિશીથ આદિમાં મળે છે. પાઠકોને ત્યાં જોઈ લેવાની ભલામણ કરાય છે.

**આલોચના યોગ્ય કાર્ય :** જીતકલ્પ અનુસાર જે પણ કરવાલાયક અર્થાત્ આવશ્યક કાર્ય છે તે તીર્થંકરો દ્વારા સંપાદિત હોવાથી તો નિર્દોષ જ છે. પરંતુ છદ્મસ્થ શ્રમણો દ્વારા આ કાર્યની વિશુદ્ધિ માત્ર આલોચનાથી જ મનાય છે. જીતકલ્પમાં કહ્યું છે કે- 'આહારાદિનું ગ્રહણ, ગમનાગમન, મલમૂત્ર વિસર્જન, ગુરુવંદન આદિ સર્વે ક્રિયાઓ આલોચના યોગ્ય છે.[૧] તેને આલોચના યોગ્ય માનવાનું તાત્પર્ય એ છે કે સાધક આ વાતનો વિચાર કરે કે તેનાથી આ કાર્યો સજાગતાપૂર્વક અપ્રમત્ત થઈને કરાયાં છે કે નહીં. કારણ કે પ્રમાદના કારણે દોષ લાગવાની શક્યતા છે. આ રીતે આચાર્યથી સો હાથ દૂર જે કાર્યો કરાય છે તે પણ આલોચનાના વિષય મનાય છે. આ કાર્યોની ગુરૂ પાસે આલોચના કરવાથી જ સાધકને શુદ્ધ માનવામાં આવે છે. તેનો ઉદ્દેશ એ છે કે સાધકગુરૂને એ બતાવે કે તેણે ગુરૂથી દૂર રહીને કયાં કયાં કાર્યો કઈ રીતે સંપાદિત કર્યા છે તેની સાથે જ કોઈ કારણવશ કે અકારણે જ સ્વગણનો પરિત્યાગ કરી પરગણમાં પ્રવેશ કરવાનો તથા ઉપસંપદા, વિહાર આદિ કાર્યોને પણ આલોચનાના વિષય મનાયા છે. ઈર્યા આદિ પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓમાં લાગેલા દોષ સામાન્યતઃ આલોચનાના વિષય છે. જો કે આપણે યાદ રાખવું જોઈએ કે આ બધા દોષજે આલોચનાના વિષય છે, તે દેશ-કાલ-પરિસ્થિતિ અને વ્યક્તિના આધારે પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, પરિહાર, છેદ આદિના પ્રાયશ્ચિત્ત યોગ્ય પણ હોઈ શકે છે.

**પ્રતિક્રમણ :**

પ્રાયશ્ચિત્તનો બીજો પ્રકાર પ્રતિક્રમણ છે. અપરાધ કે નિયમભંગને અપરાધના રૂપમાં સ્વીકારી તેનાથી પાછા ફરવું અર્થાત્ ભવિષ્યમાં તેમ નહીં કરવાની પ્રતિજ્ઞા કરવી તે જ પ્રતિક્રમણ છે. બીજા શબ્દોમાં અપરાધિક સ્થિતિમાંથી અનપરાધિક સ્થિતિમાં પાછા આવવું તે જ પ્રતિક્રમણ છે.' આલોચના અને પ્રતિક્રમણમાં અંતર એ છે કે આલોચનામાં અપરાધનું પુનઃ સેવન કરવાનો નિશ્ચય નથી હોતો. જ્યારે પ્રતિક્રમણમાં એમ કરવું આવશ્યક છે.

મન વચન અને કાયાથી જે અશુભ આચરણ કરાય છે અથવા બીજા દ્વારા કરાવાય છે અને બીજા દ્વારા આચરિત પાપાચરણનું જે અનુમોદન કરાય છે તે બધાની નિવૃત્તિ માટે કૃતપાપોની સમીક્ષા કરવી અને ફરી નહીં કરવાની પ્રતિજ્ઞા કરવી તે પ્રતિક્રમણ છે. આચાર્ય હેમચન્દ્ર પ્રતિક્રમણનું નિર્વચન કરતાં લખે છે કે શુભયોગમાંથી અશુભયોગમાં ગયેલા પોતાના આત્માને પાછો શુભયોગમાં લાવવો તે પ્રતિક્રમણ છે.[૨] આચાર્ય હેમચન્દ્રજીએ પ્રતિક્રમણની વ્યાખ્યા કરતાં આ ત્રણ અર્થનો નિર્દેશ કર્યો છે. (૧) પ્રમાદવશ સ્વસ્થાનથી પરસ્થાન (સ્વધર્મથી પરધર્મ) માં ગયેલા સાધકનું પુનઃ સ્વસ્થાનમાં આવી જવું તે પ્રતિક્રમણ છે. અપ્રમત્ત ચેતનાનું સ્વ-ચેતનાકેન્દ્રમાં સ્થિત

(૧) જીત કલ્પ - ૬, જુઓ - જીતકલ્પ ભાષ્ય ગાથા - ૭૩૧ - ૧૬૧૦

(૨) યોગશાસ્ત્ર - સ્વોપજ્ઞવૃત્તિ - ૩


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થવું સ્વસ્થાન છે, જ્યારે ચેતના બહિર્મુખ થઈને પરવસ્તુ પર કેન્દ્રિત થાય તે પર-સ્થાન છે. આ રીતે બાહ્ય દષ્ટિમાંથી અંતરદષ્ટિ કરવી તે પ્રતિક્રમણ છે. (૨) ક્ષાયોપશમિક ભાવમાંથી ઔદાયિક ભાવમાં પરિણત થયેલ સાધક જ્યારે પુનઃ ઔદાયિક ભાવમાંથી ક્ષયોપશમિક ભાવમાં પાછો આવે છે તો આ પણ પ્રતિકૂલગમનના કારણે પ્રતિક્રમણ કહેવાય છે. (૩) અશુભ આચરણથી નિવૃત્ત થઈ મોક્ષફલદાયક શુભ આચરણમાં નિઃશલ્યભાવથી પ્રવૃત્ત થવું તે પ્રતિક્રમણ છે.[1]

આચાર્ય ભદ્રબાહુજી એ પ્રતિક્રમણનાં નિમ્ન પર્યાયવાચી નામ આપ્યાં છે. (૧) **પ્રતિક્રમણ** - પાપાચારના ક્ષેત્રમાંથી પ્રતિગામી થઈને આત્મ શુદ્ધિના ક્ષેત્રમાં પાછા ફરવું. (૨) **પ્રતિચરણ** - હિંસા, અસત્ય આદિથી નિવૃત્ત થઈ અહિંસા, સત્ય, એવં સંયમના ક્ષેત્રમાં અગ્રસર થવું. (૩) **પરિહરણ** - બધી રીતે અશુભ પ્રવૃત્તિઓ એવં દુરાચરણોનો ત્યાગ કરવો. (૪) **વારણ**- નિષિદ્ધ આચરણની પ્રવૃત્તિ ન કરવી. બૌદ્ધધર્મમાં પ્રતિક્રમણ જેવી કરવામાં આવતી ક્રિયાને પ્રવારણા કહેલ છે. (૫) **નિવૃત્તિ**- અશુભ ભાવોથી નિવૃત્ત થવું. (૬) **નિંદા** - ગુરુજન, વરિષ્ઠજન અથવા સ્વયં પોતાના જ આત્માની સાક્ષીએ પૂર્વકૃત અશુભ આચરણોને ખરાબ સમજવા તથા તેના માટે પશ્ચાત્તાપ કરવો. (૭) **ગર્હા** - અશુભ આચરણને ગર્હિત સમજવા, તેની ઘૃણા કરવી. (૮) **શુદ્ધિ** - પ્રતિક્રમણ - આલોચના, નિંદા આદિ દ્વારા આત્મા પર લાગેલા દોષોથી આત્માને શુધ્ધ બનાવે છે માટે તેને શુદ્ધિ કહેવાય છે.

**પ્રતિક્રમણ કોનું ?** સ્થાનાંગ સૂત્રમાં છ બાબતના પ્રતિક્રમણનો નિર્દેશ છે. (૧) **ઉચ્ચારપ્રતિક્રમણ** - મલ આદિનું વિસર્જન કર્યા બાદ ઈર્યા (આવન-જાવનમાં થયેલ જીવહિંસા)નું પ્રતિક્રમણ કરવું તે ઉચ્ચારપ્રતિક્રમણ છે. (૨) **પ્રશ્રવણ પ્રતિક્રમણ** : પેશાબ કર્યા બાદ ઈર્યા પ્રતિક્રમણ કરવું તે પ્રશ્રવણ પ્રતિક્રમણ છે. (૩) **ઈત્વર પ્રતિક્રમણ** - સ્વલ્પકાલિન (દેવસીય-રાત્રિય) પ્રતિક્રમણ કરવું તે ઈત્વર પ્રતિક્રમણ છે. (૪) **યાવત્કથિક પ્રતિક્રમણ**- સંપૂર્ણ પાપથી નિવૃત્ત થવું (જીવનભર પાપથી નિવૃત્ત થવું) તે યાવત્કથિક પ્રતિક્રમણ છે. (૫) **યત્કિંચિત્મિથ્યા પ્રતિક્રમણ** - સાવધાનીપૂર્વક જીવન વ્યતિત કરતા હોવા છતાં પણ પ્રમાદ અથવા અસાવધાનીથી કોઈપણ પ્રકારનું અસંયમરૂપ આચરણ થઈ જવાથી તત્કાલ તે ભૂલને સ્વીકારી લઈ "મિચ્છામિ દુક્કડમ્" એવો ઉચ્ચાર કરવો અને ભૂલનો પશ્ચાત્તાપ કરવો તે યત્કિંચિત્મિથ્યા પ્રતિક્રમણ છે. (૬) **સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ**- વિકાર વાસનારૂપ કુસ્વપ્ન આવે તો તે સંબંધી પશ્ચાત્તાપ કરવો સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ છે.[2] આ વિવેચન મુખ્યતઃ સાધુઓની જીવનચર્યાથી સંબંધિત છે. ભદ્રબાહુ આચાર્ય એ જે જે તથ્યોનું પ્રતિક્રમણ કરવું જોઈએ તેનો નિર્દેશ આવશ્યક નિર્યુક્તિમાં આપ્યો છે.[3] તદનુસાર (૧) મિથ્યાત્ત્વ (૨) અસંયમ (૩) કષાય (૪) અપ્રશસ્ત કાયિક, વાચિક એવં માનસિક વ્યાપારોનું પ્રતિક્રમણ કરવું જોઈએ. પ્રકારાન્તરથી આચાર્ય એ નિમ્નવાતોનું પ્રતિક્રમણ કરવું પણ અનિવાર્ય માન્યું છે. (૧) ગૃહસ્થ એવં શ્રમણ ઉપાસક માટે નિષિદ્ધ કાર્યોનું આચરણ કરી લે તો. (૨) જે કાર્યો કરવાનું શાસ્ત્રમાં વિધાન કરેલ છે તે વિહિત કાર્યોનું આચરણ ન કરે તો. (૩) અશ્રદ્ધા અને શંકા થઈ જાય તો (૪) અસમ્યક્ એવં અસત્ય સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે તો અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઈએ.

જૈન પરંપરા અનુસાર જેનું પ્રતિક્રમણ કરવું જોઈએ તેનું સંક્ષિપ્ત વર્ગીકરણ આ પ્રમાણે છે :

(અ) પચ્ચીસ મિથ્યાત્ત્વ, ચૌદ જ્ઞાનાતિચાર અને અઢાર પાપસ્થાનકનું પ્રતિક્રમણ દરેકે કરવું જોઈએ.

(બ) પાંચ મહાવ્રત, મન, વચન અને કાયાનો અસંયમ તથા ગમન, ભાષણ, યાચના, ગ્રહણ નિક્ષેપ એવં મલમૂત્ર વિસર્જન આદિથી સંબંધિત દોષોનું પ્રતિક્રમણ શ્રમણ સાધકોએ કરવું જોઈએ.

(ક) પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષા વ્રતોમાં લાગવાવાળા પંચોતેર અતિચારોનું પ્રતિક્રમણ વ્રતી શ્રાવકોએ કરવું જોઈએ.

(ખ) સંલેખનાના પાંચ અતિચારોનું પ્રતિક્રમણ જેમણે સંલેખણા વ્રત ગ્રહણ કરેલ છે તે સાધકો માટે છે. શ્રમણ પ્રતિક્રમણ સૂત્ર અને શ્રાવક પ્રતિક્રમણ સૂત્રોમાં સંબંધિત - સંભાવિત દોષોની વિવેચના વિસ્તારથી કરાઈ છે. તેની પાછળ મૂળ દષ્ટિ એ છે કે તેનો પાઠ કરતાં આચરિત સૂક્ષ્મતમ દોષ પણ વિચારપથથી ઓઝલ ન હોય.

**પ્રતિક્રમણ ના ભેદ :** સાધકોના આધારે પ્રતિક્રમણ ના બે ભેદ છે. (૧) શ્રમણ પ્રતિક્રમણ અને (૨) શ્રાવક પ્રતિક્રમણ કાલિક આધારે પ્રતિક્રમણના પાંચ ભેદ છે. (૧) **દૈવસિક**- પ્રતિદિન સાયંકાલના સમયે આખા દિવસમાં આચરેલા પાપોનું ચિંતન કરી તેની આલોચના કરવી તે દૈવસિક પ્રતિક્રમણ છે. (૨) **રાત્રિક** - પ્રતિદિન પ્રાતઃકાલના સમયે-આખી રાતમાં આચરેલા પાપોનું ચિંતન કરી તેની આલોચના કરવી તે રાત્રિક પ્રતિક્રમણ

---

૧. આવશ્યક ટીકા - ઉદ્દધૃત શ્રમણ સૂત્ર - પૃ. ૮૭.

૨. સ્થાનાંગ સૂત્ર : ૬ / ૫૩૮

૩. આવશ્કય નિર્યુક્તિ : ૧૨૫૦ - ૧૨૬૮.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. (૩) **પાક્ષિક** - પક્ષના અંતિમ દિવસે અર્થાત્ પૂનમ તથા અમાસના દિવસે સાંજે પંદર દિવસ દરમ્યાન આચરેલા પાપોનો વિચાર ચિંતન કરી તેની આલોચના કરવી તે પાક્ષિક પ્રતિક્રમણ છે. (૪) **ચાતુર્માસિક** - કાર્તિક પૂર્ણિમા, ફાગણપૂર્ણિમા તથા અષાઢીપૂર્ણિમાના દિવસે સાંજે ચાર માસ દરમ્યાન આચરેલા પાપોનું ચિંતન કરી તેની આવલોચના કરવી તે ચાતુર્માસિક પ્રતિક્રમણ છે. (૫) **સાંવત્સરિક** - પ્રત્યેક વર્ષમાં સંવત્સરી મહાપર્વ (ઋષિપંચમી) ને દિવસે વર્ષ દરમ્યાન લાગેલા પાપોનું ચિંતન કરી તેની આલોચના કરવી તે સાંવત્સરિક પ્રતિક્રમણ છે.

**તદુભય :** જેમાં પ્રતિક્રમણ અને આલોચના બંને કરાય છે. તે તદુભય પ્રાયશ્ચિત્ત છે. અપરાધ કે દોષને દોષના રૂપમાં સ્વીકારીને પછી તેમ નહીં કરવાનો નિશ્ચય કરવો તે જ તદુભય પ્રાયશ્ચિત્ત છે. જીતકલ્પમાં નિમ્ન પ્રકારના અપરાધો માટે તદુભય પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે. (૧) ભ્રમથી કરાયેલા કાર્ય (૨) ભયથી કરાવેલ કાર્ય (૩) આતુરતાથી કરાયેલા કાર્યો (૪) સહસા કરાયેલ કાર્ય (૫) પરવશતાથી કરાવેલ કાર્ય (૬) સર્વે વ્રતોમાં લાગેલા અતિચાર.

**વિવેક :** વિવેક શબ્દનો સામાન્ય અર્થ એ છે કે કોઈપણ કાર્યનો ઔચિત્ય એવં અનૌચિત્યનો સમ્યક્નિર્ણય કરવો અને અનુચિતકર્મનો પરિત્યાગ કરી દેવો. મુનિજીવનમાં આહારાદિનો ગ્રાહ્ય કે અગ્રાહ્ય અને શુદ્ધ કે અશુદ્ધનો વિચાર કરવો તે જ વિવેક છે. જો અજ્ઞાનતાથી સદોષ આહાર ગ્રહણ કરી લીધો હોય તો તેનો ત્યાગ કરવો એ જ વિવેક છે. વસ્તુતઃ સદોષ ક્રિયાઓનો ત્યાગ એ જ વિવેક છે. મુખ્યતઃ ભોજન, વસ્ત્ર, મુનિજીવનના અન્ય ઉપકરણ એવં સ્થાનાદિ પ્રાપ્ત કરવામાં જે દોષ લાગે છે તેની શુદ્ધિ વિવેક પ્રાયશ્ચિત્ત દ્વારા થાય છે.

**વ્યુત્સર્ગ :** વ્યુત્સર્ગનું તાત્પર્ય પરિત્યાગ કે વિસર્જન છે. સામાન્યતઃ આ પ્રાયશ્ચિત્ત અંતગર્ત કોઈ પણ સદોષ આચરણ માટે શારીરિક વ્યાપારોનો નિરોધ કરીને મનની એકાગ્રતપૂર્વક દેહ પ્રત્યે રહેલા મમત્વનું વિસર્જન કરાય છે. જીતકલ્પ અનુસાર ગમના ગમન, વિહાર, શ્રુત અધ્યયન, સદોષ સ્વપ્ન, નાવ આદિ દ્વારા નદીને પાર કરવી તથા ભક્તપાન, શય્યા- આસન, મલમૂત્ર વિસર્જન, કાલ વ્યતિ ક્રમ , અર્હંત એવં મુનિનો અવિનય આદિ દોષો માટે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે. જીતકલ્પમાં એ તથ્યનો પણ ઉલ્લેખ કરાયો છે કે કયા દોષ માટે કેટલા શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કરવો જોઈએ. પ્રાયશ્ચિત્તની બાબતમાં વ્યુત્સર્ગ અને કાયોત્સર્ગ પયાર્યવાચી રૂપમાં જ પ્રયુક્ત છે.

**તપ પ્રાયશ્ચિત્ત :**

સામાન્ય દોષો સિવાય વિશિષ્ટ દોષો માટે તપ પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે. કયા પ્રકારના દોષનું સેવન કરવાથી કયા તપનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે તેનું વિસ્તારપૂર્વક વિવેચન નિશીથ, બૃહત્કલ્પ અને જીતકલ્પમાં તથા તેના ભાષ્યોમાં મળે છે. નિશીથસૂત્રમાં તપ પ્રાયશ્ચિત્ત યોગ્ય અપરાધોની વિસ્તૃત સૂચિ ઉપલબ્ધ છે. તેમાં તપ પ્રાયશ્ચિત્તના વિવિધ પ્રકારોની ચર્ચા કરતાં - માસ લઘુ, માસ ગુરૂ, ચાતુર્માસ લઘુ, ચાતુર્માસ ગુરૂથી લઈને ષટ્માસ લઘુ અને ષટ્માસ ગુરૂ પ્રાયશ્ચિત્તોનો ઉલ્લેખ મળે છે. જેવી રીતે કે અમે પૂર્વે સંકેત કર્યો છે કે માસ ગુરૂ કે માસ લઘુનું શું તાત્પર્ય છે, તે આ ગ્રંથોના મૂળમાં કયાંય સ્પષ્ટ કરેલ નથી પરંતુ તેના પર લખાયેલા ભાષ્ય-ચુર્ણિ આદિમાં તેનાં અર્થને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરાયો છે. માત્ર એટલું જ નહીં લઘુની લઘુ, લઘુતર અને લઘુત્તમ તથા ગુરૂની ગુરૂ, ગુરૂત્તર અને ગુરૂત્તમ એવી ત્રણ-ત્રણ કોટિઓ નિર્ધારિત કરાઈ છે.

કયાંક-કયાંક ગુરુક, લઘુક અને લઘુષ્વક એવા ત્રણ ભેદ પણ કરાયા છે. અને ત્યારબાદ તેમાંથી પ્રત્યેકના જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ-ત્રણ ભેદ કરાયા છે. વ્યવહારસૂત્રની ભૂમિકામાં અનુયોગ કર્તા મુનિશ્રી કનૈયાલાલજી 'કમલ' પણ ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય ત્રણ વિભાગ કર્યા છે. જેમ કે ઉત્કૃષ્ટનો ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટમધ્યમ, ઉત્કૃષ્ટ જઘન્ય ત્રણ વિભાગ છે. એવી રીતે મધ્યમ અને જઘન્યના પણ ત્રણ ત્રણ વિભાગ કર્યા છે. આ રીતે તપ પ્રાયશ્ચિત્તોના ૩×૩×૩-૨૭ ભેદ થઈ જાય છે. તેમણે વિશેષરૂપથી જાણવા માટે વ્યવહારભાષ્યનો સંકેત કર્યો છે. પરંતુ વ્યવહાર ભાષ્ય મને ઉપલબ્ધ ન થવાને કારણે હું આ બાબતમાં તેના વ્યવહાર સૂત્રનાં સંપાદકીયનો ઉપયોગ કરી રહ્યો છું. તેમણે તે ૨૭ ભેદો અને તત્ સંબંધિત પાપોનો પણ ઉલ્લેખ નથી કર્યો. માટે આ બાબતમાં મારે પણ મૌન રહેવું પડે છે.

આ પ્રાયશ્ચિત્ત સંબંધિત માસ,દિવસ એવં તપની સંખ્યાનો ઉલ્લેખ આપણને બૃહત્ કલ્પ ભાષ્ય ગાથા ૬૦૪૧/૬૦૪૪ માં મળે છે. તેના આધારે નિમ્નવર્ણન પ્રસ્તુત છે.

| **પ્રાયશ્ચિત્તનું નામ** | **તપનું સ્વરૂપ અને કાલ** |
|---|---|
| યથાગુરુ - | છ માસ સુધી નિરંતર પાંચ-પાંચ ઉપવાસ, |
| ગુરુત્તર - | ચાર માસ સુધી નિરંતર ચાર-ચાર ઉપવાસ, |
| ગુરુ - | એક માસ સુધી નિરંતર ત્રણ-ત્રણ ઉપવાસ, |
| લઘુ - | ૧૦છઠ્ઠ(એક માસ સુધી નિરંતર-૨/૨ ઉપવાસ), |
| લઘુતર - | ૨૫ દિવસ સુધી એકાંતર ઉપવાસ, |
| યથાલઘુ - | ૨૦ દિવસ નિરંતર આયંબિલ, |
| લઘુષ્વક - | ૧૫ દિવસ નિરંતર એકાસણા, |
| લઘુષ્વકતર - | ૧૦ દિવસ સુધી નિરંતર બે પોરસી, |
| યથા લઘુષ્વક - | પાંચ દિન નિરંતર નિર્વિકૃતિ (વિગયત્યાગ) ઘી-દુધ રહિત ભોજન. |

**લઘુમાસિક યોગ્ય અપરાધ :** દારુદંડનું પાયપુંછણ બનાવવું, પાણી કાઢવા માટે નાલી બનાવવી, દાનાદિ લીધા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ અથવા પહેલાં દાતાની પ્રસંશા કરવી, નિષ્કારણ પરિચિત ઘરોમાં બીજી વખત પ્રવેશ કરવો, અન્યતીર્થિક અથવા ગૃહસ્થની સંગતિ કરવી, શય્યાતર અથવા આવાસ આપવાવાળા મકાનમાલિકના ઘેરથી ગોચરી, પાણી ગ્રહણ કરવા આદિ ક્રિયાઓમાં લઘુમાસિક પ્રાયશ્ચિત આવે છે.

**ગુરુમાસિક યોગ્ય અપરાધ :** અંગાદાનનું મર્દન કરવું, અંગાદાન ઊપરની ત્વચા દૂર કરવી, અંગાદાનને નળીમાં નાખવું, પુષ્પાદિ સુંઘવા, પાત્ર આદિ બીજા પાસે સાફ કરાવવા, સદોષ આહારનો ઉપભોગ કરવો આદિ ક્રિયાઓ કરવાથી ગુરુમાસિક પ્રાયશ્ચિત્ત આવે છે.

**લઘુચાતુર્માસિક યોગ્ય અપરાધ :** પ્રત્યાખ્યાનનો વારંવાર ભંગ કરવો, ગૃહસ્થના વસ્ત્ર, શય્યા આદિનો ઉપયોગ કરવો, પ્રથમ પ્રહરમાં ગ્રહણ કરેલો આહાર ચતુર્થ પ્રહર સુધી રાખવો, અર્ધયોજન અર્થાત્ બે ગાઉથી આગળ જઈને આહાર લાવવો, વિરેચન લેવું અથવા અકારણ ઔષધિનું સેવન કરવું, બાગ-બગીચા આદિ સાર્વજનિક સ્થાનો મળ-મૂત્ર નાખીને ગંદકી કરવી, ગૃહસ્થ આદિને આહાર-પાણી આપવા, સમાન આચારવાળા સાધુ-સાધ્વીને સ્થાન આદિની સુવિધા ન આપવી, ગીતો ગાવાં, વાદ્ય આદિ બજાવવાં, નૃત્ય આદિ કરવું, અસ્વાધ્યાયના કાલે સ્વાધ્યાય કરવો અથવા સ્વાધ્યાયના કાળે સ્વાધ્યાય ન કરવો, અયોગ્ય ને શાસ્ત્ર ભણાવવાં, યોગ્યને શાસ્ત્ર ન ભણાવવાં, મિથ્યાત્વભાવિત અન્યતીર્થિક અથવા ગૃહસ્થને શાસ્ત્ર ભણાવવાં અથવા તેની પાસેથી ભણવું આદિ ક્રિયાઓ લઘુચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય છે.

**ગુરુચાતુર્માસિક યોગ્ય અપરાધ :** મૈથુન સંબંધી અતિચાર કે અનાચારનું સેવન કરવું, રાજપિંડગ્રહણ કરવો, આધાકર્મી આહાર ગ્રહણ કરવો, રાત્રિભોજન કરવું, રાત્રિમાં આહારાદિ રાખવા, ધર્મની નિંદા અને અધર્મની પ્રસંશા કરવી, અનંતકાય મુકત આહાર ખાવો, આચાર્યની અવજ્ઞા કરવી, લાભાલાભનું નિમિત્ત બતાવવું, કોઈ શ્રમણ-શ્રમણીને બહેકાવવા, કોઈ દીક્ષાર્થિને ભડકાવવા, અયોગ્યને દીક્ષા આપવી આદિ ક્રિયાઓ ગુરુચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય છે.

**તપ અને પરિહારનો સંબંધ :** જેવી રીતે અમે પૂર્વ સૂચિત કરેલ છે તેમ તત્ત્વાર્થ અને યાપનીય ગ્રંથ મૂલાચારમાં પરિહારને સ્વતંત્ર પ્રાયશ્ચિત્ત માનેલ છે. જ્યારે શ્વેતાંબર પરંપરાના આગમિક ગ્રંથોમાં અને ધવલામાં તેને સ્વતંત્ર પ્રાયશ્ચિત્ત ન માનતાં તેનો સંબંધ તપ સાથે જોડયો છે. પરિહાર શબ્દનો અર્થ બહિષ્કૃત કરવું અથવા ત્યાગ કરવો થાય છે. શ્વેતામ્બર આગમગ્રંથોના અધ્યયનથી એવું માલુમ પડે છે કે ગર્હિત અપરાધ કરનાર ભિક્ષુ કે ભિક્ષુણી ને માત્ર તપ રૂપી પ્રાયશ્ચિત્ત નોતું અપાતું પરંતુ એમ કહેવાતું કે તે ભિક્ષુસંઘ કે ભિક્ષુણીસંઘથી બહાર જઈ નિર્ધારિત તપ પૂર્ણ કરે. નિર્ધારિત તપ પૂર્ણ થતાં તેને પાછા સંઘમાં સમાવી લેવાતા હતા. આવું પરિહાર્યનું તાત્પર્ય હતું. પ્રાયશ્ચિત્ત તપની નિર્ધારિત અવધિ સુધી સંઘ ભિક્ષુનું પૃથક્કકરણ પરિહારતપની અવધિમાં તે ભિક્ષુ-ભિક્ષુસંઘની સાથે રહેતા હોવા છતાં પણ પોતાનાં આહાર પાણી અલગ કરતા હતા. તેનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે પરિહાર પ્રાયશ્ચિત્ત તથા અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તમાં ગૃહસ્થવેશ ધારણ કરાવીને જે ઉપસ્થાપન કરાતું હતું. ત્યારે પરિહારમાં આવું કોઈ વિધાન ન હતું. આ માત્ર પ્રાયશ્ચિત્તની તપાવધિ માટે મર્યાદિત પૃથક્કકરણ હતું. સંભવતઃ પ્રાચીનકાલમાં તપ નામનું પ્રાયશ્ચિત્ત બે પ્રકારે અપાતું હશે, (૧) પરિહારપૂર્વક અને (૨) પરિહાર રહિત. આ આધારે આગળ જતાં જ્યારે અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્તોનું પ્રચલન સમાપ્ત કરી દીધું ત્યારે પ્રાયશ્ચિત્તોની સંખ્યાને પૂર્ણ કરવા માટે યાપનીય પરંપરામાં તપ અને પરિહારની ગણના અલગ-અલગ કરાવા લાગી હશે. પરિહાર નામના પ્રાયશ્ચિત્તની અધિકતમ અવધિ છ માસની જ મનાય છે. કારણ કે તપ પ્રાયશ્ચિત્તની અધિકતમ અવધિ છ માસ નીજ છે. પરિહારનો છેદ પ્રાયશ્ચિત્તથી એટલો ફરક છે કે છેદ પ્રાયશ્ચિત્ત જેને અપાય તેની ભિક્ષુસંઘમાં વરીયતા બદલાઈ જતી હતી. જ્યારે પરિહાર પ્રાયશ્ચિત્તથી તેની વરીયતા પર કોઈ પ્રભાવ ન તો પડતો. મૂલાચારમાં પરિહારને જે છેદ અને મૂળ બાદ સ્થાન અપાયું છે તે ઉચિત નથી લાગતું, કારણ કે કઠોરતાની દ્રષ્ટિથી છેદ અને મૂળની અપેક્ષાએ પરિહાર પ્રાયશ્ચિત્ત ઓછું કઠોર હતું. વસુનન્દીની મૂલાચારની ટીકામાં પરિહારની ગણથી પૃથક રહીને તપ અનુષ્ઠાન કરવું એવી જ વ્યાખ્યા કરાઈ છે તે સમુચિત એવં શ્વેતામ્બર પરંપરાને અનુરૂપ જ છે. છતાં પણ યાપનીય અને શ્વેતામ્બર પરંપરામાં મૂળભૂત અંતર એટલું તો અવશ્ય છે કે શ્વેતામ્બર પરંપરા પરિહારને તપથી પૃથક્ પ્રાયશ્ચિત્તના રૂપમાં સ્વીકારતી નથી. અહીં એ પણ સ્મરણ રાખવું જોઈએ કે દિગંબર પરંપરા યાપનીય ગ્રંથ ષટ્ખંડાગમની ધવલા ટીકા પરિહારને પૃથક્ પ્રાયશ્ચિત્ત નથી માનતી. તેમાં શ્વેતામ્બર પરંપરા સમ્મત દસ પ્રાયશ્ચિત્તોનો ઉલ્લેખ થયો છે. જેમાં પરિહારનો ઉલ્લેખ નથી.

**છેદ પ્રાયશ્ચિત્ત :** જે અપરાધી શારીરિકદ્રષ્ટિથી કઠોર તપ- સાધના કરવામાં અસમર્થ હોય અથવા સમર્થ હોવા છતાં પણ તપના ગર્વથી ઉન્મત્ત છે અને તપ પ્રાયશ્ચિત્તથી તેના વ્યવહારમાં સુધારો થવો શકય નથી. અને તપ પ્રાયશ્ચિત્ત કરીને પુનઃ પુનઃ અપરાધ કરે છે. તેના માટે છેદ પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે. છેદ પ્રાયશ્ચિત્તનું તાત્પર્ય એ છે કે ભિક્ષુ કે ભિક્ષુણીના દીક્ષા પર્યાયને ઓછો કરી દેવો. જેનું પરિણામ એ આવે છે કે અપરાધીનું શ્રમણસંઘમાં વરીયાતાની દ્રષ્ટિથી જે સ્થાન છે તે અપેક્ષાકૃત નીચું થઈ જાય છે. અર્થાત્ દીક્ષા પર્યાયમાં જે નાના હોય તે તેનાથી મોટાં થઈ જાય છે. બીજા શબ્દોમાં તેની વરિષ્ઠતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સીનિયરીટિ) ઓછી થઈ જાય છે. અને તેને તેનાથી જે નાના હતા તેને વંદનાદિ કરવા પડે છે. કયા અપરાધમાં કેટલા દિવસનું છેદ પ્રાયશ્ચિત્ત આવે છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ મને જોવા નથી મળ્યો. સંભવતઃ આ પરિહારપૂર્વક તપ પ્રાયશ્ચિત્તનો એક વિકલ્પ છે. અર્થાત્ જે અપરાધ માટે જેટલા માસ કે દિવસે તપ નિર્ધારિત હોય તે અપરાધ કરવાથી કયારેક એટલા દિવસનું દીક્ષાછેદનું પ્રાયશ્ચિત્ત અપાય છે. જેવી રીતે કોઈ અપરાધ છ માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય હોય તો તે અપરાધ કરનારને છ માસનું છેદ પ્રાયશ્ચિત્ત પણ અપાય છે. બીજા શબ્દોમાં તેની વરિષ્ઠતા છ માસ ઓછી કરી દેવાય છે. અધિકતમ તપાવધિ ઋષભદેવ સ્વામીના વખતમાં એકવરસ, અન્ય બાવીસ તીર્થંકરોના સમયમાં આઠમાસ, મહાવીરના સમયમાં છ માસની મનાય છે. તેથી અધિકતમ પ્રાયશ્ચિત્ત છ માસનું જ અપાય છે. સામાન્યતઃ પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ અને સંસકત ભિક્ષુઓને છેદ પ્રાયશ્ચિત્ત આપવાનું વિધાન છે.

**મૂળ પ્રાયશ્ચિત્ત :** પૂર્વની દીક્ષા પર્યાય સમાપ્ત કરી નવિન દીક્ષાપર્યાય પ્રદાન કરવી એવો મૂળ પ્રાયશ્ચિત્તનો અર્થ થતો હતો. તેના પરિણામ સ્વરૂપે જે ભિક્ષુને જે ભિક્ષુસંઘમાં આ પ્રાયશ્ચિત્ત અપાતું તે દિવસથી તે સૌથી નાના બની જતા. મૂળ પ્રાયશ્ચિત્ત અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્તોથી આ અર્થમાં ભિન્ન હતું કે તેમાં અપરાધી ભિક્ષુને ગૃહસ્થવેશ ધારણ કરવો અનિવાર્ય ન હતો. સામાન્યતઃ પંચેન્દ્રિય પ્રાણીની હિંસા એવં મૈથુન સંબંધી અપરાધોને મૂળ પ્રાયશ્ચિત્ત યોગ્ય મનાય છે. આ રીતે જે ભિક્ષુ મૃષાવાદ, અદત્તાદાન અને પરિગ્રહ સંબંધી દોષોનું પુનઃ પુનઃ સેવન કરે છે તે પણ મૂળ પ્રાયશ્ચિત્તને પાત્ર મનાય છે. જીતકલ્પભાષ્ય અનુસાર નિશ્ચયનયની દ્રષ્ટિથી જ્ઞાન અને દર્શનની વિરાધના થવાથી મૂલ પ્રાયશ્ચિત્ત આપી શકાય છે. પરંતુ વ્યવહારનયની દ્રષ્ટિથી જ્ઞાન અને દર્શનની વિરાધના થવાથી મૂલ પ્રાયશ્ચિત્ત અપાય છે અને નથી પણ અપાતું, પરંતુ ચારિત્રની વિરાધના થવાથી મૂલ પ્રાયશ્ચિત્ત અપાય છે. જે તપના ગર્વથી ઉન્મત્ત હોય અથવા જેના પર સામાન્ય પ્રાયશ્ચિત્તનો દંડનો કોઈ પ્રભાવ નથી પડતો તેના માટે મૂળ પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે.

**પારાંચિક પ્રાયશ્ચિત્ત :** જે અપરાધ અત્યંત ગર્હિત છે. અને જેના સેવનથી માત્ર વ્યકિત જ નહીં પરંતુ સમસ્ત જૈનસંઘની વ્યવસ્થા ધૂમિલ હોય છે. તે પારાંચિક પ્રાયશ્ચિત્તને યોગ્ય હોય છે. પારાંચિક પ્રાયશ્ચિત્તનો અર્થ પણ ભિક્ષુસંઘથી બહિષ્કાર જ છે. આમ તો જૈનાચાર્યો એમ માને છે કે પારાંચિક અપરાધ કરનાર ભિક્ષુ જો નિર્ધારિત સમય સુધી નિર્ધારિત તપનું અનુષ્ઠાન પૂર્ણ કરી લે તો તેને એક વખત ગૃહસ્થવેશ ધારણ કરાવીને પુનઃ સંઘમાં પ્રવિષ્ટ કરાય છે. બૌદ્ધ પરંપરામાં પણ પારાંચિક અપરાધોનો ઉલ્લેખ કરતાં કહેવાયું છે કે આવો અપરાધ કરનાર ભિક્ષુ સદાયને માટે સંઘમાંથી બહિષ્કૃત કરાય છે. જીતકલ્પ અનુસાર અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્ત ભદ્રબાહુના સમયથી બંધ કરી દેવાયાં છે. તેનું મુખ્ય કારણ શારીરિક શકિત ઓછી થઈ ગઈ છે તે છે. સ્થાનાંગ સૂત્રમાં નિમ્ન પાંચ અપરાધાનોને પારાંચિક પ્રાયશ્ચિત્ત યોગ્ય મનાયાં છે.

(૧) જે કુલમાં પરસ્પર કલહ કરતાં હોય,

(૨) જે ગણમાં પરસ્પર કલહ કરતાં હોય,

(૩) જે હિંસા પ્રેમી હોય અર્થાત્ કુલ કે ગણના સાધુઓની ઘાત કરવા ઈચ્છતા હોય.

(૪) જે છિદ્રપ્રેમી હોય અર્થાત્ છિદ્રાન્વેષણ કરતા હોય.

(૫) જે પ્રશ્ન શાસ્ત્રનો વારંવાર પ્રયોગ કરતા હોય.

સ્થાનાંગ સૂત્રમાં અન્યત્ર અન્યોન્ય મૈથુન સેવી ભિક્ષુઓને પારાંચિક પ્રાયશ્ચિત્ત યોગ્ય બતાવ્યા છે. અહીં એ વિચારણીય છે કે જ્યાં હિંસા કરવાવાળાને, સ્ત્રીથી મૈથુન સેવન કરવાવાળાને મૂલ પ્રાયશ્ચિત્તને યોગ્ય બતાવ્યા ત્યારે હિંસાની યોજના બનાવનાર તથા પરસ્પર મૈથુન સેવન કરનારને પારાંચિક પ્રાયશ્ચિત્ત યોગ્ય બતાવ્યા. તેનું કારણ એ છે કે જ્યાં હિંસા અને મૈથુન સેવન કરનારનો અપરાધ વ્યકત હોય છે અને તેનું પરિશોધન શકય છે. પરંતુ આ બીજા પ્રકારના વ્યકિતઓના અપરાધ ઘણા સમય સુધી ચાલુ રહેતો હોય છે અને સંઘના સમસ્ત પરિવેષને દૂષિત બનાવે છે. વસ્તુતઃ જ્યારે અપરાધીને સુધારવાની બધી જ શકયતા સમાપ્ત થઈ જાય ત્યારે તેને પારાંચિક પ્રાયશ્ચિત્ત યોગ્ય મનાય છે. જીત કલ્પાનુસાર તીર્થંકરના પ્રવચન અર્થાત્ શ્રુત, આચાર્ય અને ગણધરની આશાતના કરવાવાળાને પણ પારાંચિક પ્રાયશ્ચિત્તના દોષિત મનાયા છે, બીજા શબ્દોમાં જિનપ્રવચનનો અવર્ણવાદ કરતા હોય તે સંઘમાં રહેવા યોગ્ય નથી મનાતા. જીતકલ્પભાષ્ય અનુસાર કષાયદુષ્ટ, વિષયદુષ્ટ, રાજાના વધની ઈચ્છા કરવાવાળા, રાજાની અગ્રમહિષીથી સંભોગ કરવાવાળા પણ પારાંચિક પ્રાયશ્ચિત્તના અપરાધી મનાયો તેવી રીતે પરવર્તી આચાર્યોના મતાનુસાર પારાંચિક અપરાધનો દોષી પણ વિશિષ્ટ તપ સાધના બાદ સંઘમાં પ્રવેશવાનો અધિકારી છે. પારાંચિક પ્રાયશ્ચિત્ત ઓછામાં ઓછો સમય છ માસ, મધ્યમ સમય બાર માસ અને અધિકતમ સમય બાર વરસ મનાયાં છે. કહેવાય છે કે સિધ્ધસેન દિવાકરને આગમોનું સંસ્કૃત ભાષામાં રૂપાંતર કરવાના પ્રયત્ન માટે બાર વરસનું પારાંચિક પ્રાયશ્ચિત્ત અપાયું હતું. વિભિન્ન પારાંચિક પ્રાયશ્ચિત્તના અપરાધો અને તેના પ્રાયશ્ચિત્તનું વિવરણ જીતકલ્પભાષ્યની ગાથા ૨૫૪૦ થી ૨૫૮૬ સુધી મળે છે. વિશિષ્ટ વિવરણ ના ઈચ્છુક વિદ્વદજનોએ ત્યાં જોઈ લેવું જોઈએ.

**અનવસ્થાપ્ય :** અનવસ્થાપ્યનો શાબ્દિક અર્થ વ્યકિતને પદથી ચ્યુત કરી દેવાનો છે. અથવા અલગ કરી દેવા તે છે. આ શબ્દનો બીજો અર્થ છે કે જે સંઘમાં રાખવા યોગ્ય નથી. વસ્તુતઃ જે અપરાધી એવા અપરાધ કરે છે કે જેના કારણે તેમને સંઘમાંથી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહિષ્કૃત કરી દેવા આવશ્યક હોય છે તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત યોગ્ય મનાય છે. જો કે પરિહારમાં પણ ભિક્ષુકને સંઘથી પૃથક કરાય છે. પરંતુ તે એક સીમિતરૂપમાં હોય છે. અને તેનો વેશપરિવર્તન આવશ્યક નથી મનાતો. જ્યારે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત યોગ્ય ભિક્ષુને સંઘમાંથી નિશ્ચિત અવધિ સુધી બહિષ્કૃત કરી દેવાય છે. અને જ્યાં સુધી તે પ્રાયશ્ચિત્તના રૂપમાં નિર્દિષ્ટ તપ સાધનાને પૂર્ણ કરી નથી લેતા ત્યાં સુધી પુનઃભિક્ષુસંઘમાં પ્રવેશ આપી શકાતો નથી. અને સંઘ ફરીતે અપરાધ નહીં કરે આ તથ્યથી આશ્વસ્ત નથી થતો, જૈન પરંપરામાં વારંવાર અપરાધ કરવાવાળો અપરાધીપ્રકૃતિના લોકો માટે આ દંડ પ્રસ્તાવિત કરાયો છે. સ્થાનાંગ સૂત્રાનુસાર સાધર્મી ઓની ચોરી કરવાવાળા,અન્યધર્મી ઓની ચોરી કરનાર તથા ડંડા, લાઠી આદિથી બીજા ભિક્ષુઓ પર પ્રહાર કરવાવાળા ભિક્ષુ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત યોગ્ય મનાય છે.

**પ્રાયશ્ચિત્ત આપવાનો અધિકાર :** સામાન્ય પ્રાયશ્ચિત્ત આપવાનો અધિકાર આચાર્ય કે ગણિનો મનાય છે. સામાન્ય વ્યવસ્થા અનુસાર અપરાધીએ પોતાના અપરાધ માટે આચાર્ય સમક્ષ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. અને આચાર્યે પણ પરિસ્થિતિ અને અપરાધની ગુરુતાનો વિચાર કરી તેને પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. આ રીતે દંડ કે પ્રાયશ્ચિત્ત આપવાનો સંપૂર્ણ અધિકાર આચાર્ય ગણિ કે પ્રવર્તકને હોય છે. આચાર્ય કે ગણિની અનુપસ્થિતિમાં ઉપાધ્યાય, ઉપાધ્યાયની અનુપસ્થિતિમાં પ્રવર્તક અથવા જે છેદસૂત્રોના જ્ઞાતા હોય તે વરિષ્ઠમુનિ પ્રાયશ્ચિત્ત આપી શકે છે. સ્વગણના આચાર્યાદિના અભાવમાં અન્યગણના સ્વલિંગી આચાર્યાદિ પાસેથી પણ પ્રાયશ્ચિત્ત લઈ શકાય છે. પરંતુ અન્યગણના આચાર્યાદિ પાસે જ્યારે નિવેદન કરાય તો જ પ્રાયશ્ચિત્ત આપી શકે છે. જીતકલ્પાનુસાર સ્વલિંગી અન્ય ગણના આચાર્ય કે મુનિની અનુપસ્થિતિમાં છેદસૂત્રના અધ્યેતા ગૃહસ્થ કે જેણે દીક્ષા લઈને છોડી દીધી હોય તે પણ પ્રાયશ્ચિત્ત આપી શકે છે. આ બધાના અભાવમાં સાધક પોતે પણ પાપશુદ્ધિ માટે સ્વવિવેકથી પ્રાયશ્ચિત્તનો નિશ્ચય કરી શકે છે.

**શું પ્રાયશ્ચિત્ત સાર્વજનિક રૂપમાં આપી શકાય ?** આ પ્રશ્નના ઉત્તરમાં જૈનાચાર્યોના દ્રષ્ટિકોણ અન્ય પરંપરાઓથી ભિન્ન છે. તે પ્રાયશ્ચિત્ત અથવા દંડને આત્મશુદ્ધિનું સાધન તો માને છે. પરંતુ પ્રતિરોધાત્મક સિધ્ધાંતના વિરોધી છે. તેની દૃષ્ટિએ દંડ માત્ર એટલા માટે નથી અપાતો કે તેને જોઈને અન્ય લોકો અપરાધ કરતી વખતે ભયભીત થાય. તેથી જૈન પરંપરામાં દંડ કે પ્રાયશ્ચિત્તને સંઘ સન્મુખ સાર્વજનિકરૂપમાં આપવાની પરંપરા છે. બૌદ્ધ પરંપરામાં પ્રવારણા સમયે સાધક ભિક્ષુએ સંઘ સમક્ષ પોતાના અપરાધને પ્રગટ કરી સંઘપ્રદત્ત પ્રાયશ્ચિત્ત કે દંડનો સ્વીકાર કરવાનો હોય છે. વસ્તુતઃ બુદ્ધના નિર્વાણ બાદ કોઈ સંઘ પ્રમુખની નિયુકિતને આવશ્યક મનાણી નહીં, માટે પ્રાયશ્ચિત્ત કે દંડ દેવાનું દાયિત્વ સંઘ ઉપર આવી પડયું. પરંતુ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી સાર્વજનિકરૂપથી દંડિત કરવાની આ પ્રક્રિયા ઉચિત નથી. કારણકે તેનાથી સમાજમાં વ્યકિતની પ્રતિષ્ઠા નંદવાય છે તથા કયારેક સાર્વજનિકરૂપથી દંડિત કરવાથી વ્યકિત વિદ્રોહી બની જાય છે.

**અપરાધની સમાનતા પર દંડની સમાનતાનો પ્રશ્ન :** પ્રાયશ્ચિત્તોની ચર્ચાના પ્રસંગમાં એ પણ વિચારણીય છે કે શું જૈનસંઘમાં સમાન અપરાધો માટે સમાનદંડની વ્યવસ્થા છે ? કે પછી એક જ અપરાધ માટે બે વ્યકિતઓને અલગ અલગ દંડ અપાય છે ? જૈન વિચારકો અનુસાર એક જ પ્રકારના અપરાધ માટે બધા પ્રકારના વ્યકિતઓને એક જ સરખો દંડ નથી અપાતો. પ્રાયશ્ચિત્ત કઠોર અને મૃદુ હોવા માટે વ્યકિતની સામાજિક સ્થિતિ એવં તે વિશેષ પરિસ્થિતિ પણ વિચારણીય છે કે કઈ પરિસ્થિતિમાં અપરાધ કરાયો છે દા.ત. એક જ જાતના અપરાધ માટે સામાન્ય ભિક્ષુ-ભિક્ષુણીને અલ્પ દંડની વ્યવસ્થા છે જ્યારે શ્રમણ સંઘના પદાધિકારીઓને અર્થાત્ પ્રવર્તિની, પ્રવર્તક, ગણિ, આચાર્ય આદિને કઠોર દંડ દેવાની વ્યવસ્થા છે. વળી જૈનાચાર્યો એમ પણ માને છે કે જો કોઈ વ્યકિત પોતે જ ઈચ્છાથી અપરાધ કરે છે અને કોઈ વ્યકિત પરિસ્થિતિવશ અપરાધ કરે તો બંને માટે અલગ-અલગ પ્રકારના પ્રાયશ્ચિત્તની વ્યવસ્થા છે. ધારોકે મૈથુન સંબંધી અપરાધમાં બલાત્કારની સ્થિતિમાં ભિક્ષુણી માટે કોઈ દંડની વ્યવસ્થા નથી. પરંતુ તે સ્થિતિમાં પણ જો તો સંભોગનો આસ્વાદ લેતી હોય તો તેના માટે પ્રાયશ્ચિત્તની વ્યવસ્થા છે. જેથી એક જ પ્રકારના અપરાધ માટે બે ભિન્ન વ્યકિતઓમાં તે પરિસ્થિતિમાં અલગ- અલગ પ્રાયશ્ચિત્તનું વિધાન કરાયું છે. એટલું જ નહીં જૈનાચાર્યોએ એ પણ વિચાર કર્યો છે કે અપરાધ કોના પ્રત્યે કર્યો છે. એક સામાન્ય સાધુ પ્રત્યે કરાયેલા અપરાધની અપેક્ષાએ આચાર્ય પ્રત્યે કરાયેલો અપરાધ વધુ દંડનીય છે. સામાન્ય વ્યકિત માટે કરાયેલ અપરાધ મૃદુ કે અલ્પ દંડનીય મનાય છે. જ્યારે શ્રમણ સંઘના કોઈ પદાધિકારી પ્રત્યે કરાયેલ અપરાધ કઠોર દંડને યોગ્ય મનાય છે.

આ રીતે આપણે જોયું કે આપણા પ્રાયશ્ચિત્ત વિધાન કે દંડપ્રક્રિયામાં વ્યકિત કે પરિસ્થિતિના મહત્વને છૂપાવેલ નથી અને માન્યું પણ છે કે વ્યકિત અને પરિસ્થિતિના આધારે સામાન્ય અને વિશેષ વ્યકિતઓને અલગ-અલગ પ્રાયશ્ચિત્ત આપી શકાય છે. જ્યારે સામાન્ય રીતે બૌદ્ધ પરંપરામાં આ પ્રકારના વિચારનો અભાવ જણાય છે. હિન્દુ પરંપરા જો કે પ્રાયશ્ચિત્તના સંદર્ભમાં વ્યકિતની સામાજિક સ્થિતિનું મૂલ્યાંકન કરે છે. પરંતુ તેનો દૃષ્ટિકોણ જૈન પરંપરાથી બિલકુલ વિપરીત દેખાય છે. જ્યારે જૈન પરંપરા તે અપરાધ માટે પ્રતિષ્ઠિત વ્યકિતઓ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદાધિકારીઓ માટે કઠોરદંડની વ્યવસ્થા કરે છે. ત્યારે હિન્દુ પરંપરા આચાર્યો બ્રાહ્મણો આદિ માટે મૂદુદંડની વ્યવસ્થા કરે છે. તેમાં એક સામાન્ય અપરાધ કરવા માટે પણ ક્ષુદ્રને કઠોર દંડ અપાય છે. જ્યારે એક બ્રાહ્મણને મૃદુદંડ અપાય છે. બંને પરંપરાનો આદષ્ટિભેદ વિશેષરૂપથી દૃષ્ટવ્ય છે. બૃહત્કલ્પભાષ્યની ટીકામાં આ તથ્યને સ્પષ્ટ કરાયું છે કે પદ જેટલું ઉત્તરદાયિત્વપૂર્ણ હોય છે તે પદના ધારકને એટલો જ કઠોર દંડ અપાય છે. દા.ત. ભિક્ષુનીઓ નદી-તળાવના કાંઠે ઉભા રહે, ત્યાં સ્વાધ્યાય આદિ કરવાનો નિષેધ છે. તે નિયમનો ભંગ કરવાથી સ્થવીરને માત્ર ષટ્લઘુ, ભિક્ષુણીને ષટ્ગુરુ પ્રાયશ્ચિત્ત અપાય છે, જ્યારે ગણિનીને છેદ અને પ્રવર્તિનીને મૂલ પ્રાયશ્ચિત્ત આપવાનું વિધાન છે. સામાન્ય સાધુની અપેક્ષાએ આચાર્ય દ્વારા એ અપરાધ કરાય તો કઠોર દંડ અપાય છે.

**વારંવાર અપરાધ કે દોષસેવન કરવાથી અધિકદંડ :** જૈન પરંપરામાં પ્રથમ વખત અપરાધ કરવાની અપેક્ષાએ બીજી કે ત્રીજી વખત તેજ અપરાધ કરવાથી કઠોર પ્રાયશ્ચિત્ત વ્યવસ્થા કરાઈ છે. જો કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી એક નિયમનું વારંવાર અતિક્રમણ કરે છે તો તે નિયમ કે અતિક્રમણની સંખ્યામાં જેમ-જેમ વૃદ્ધિ થાય છે તેમ-તેમ પ્રાયશ્ચિત્તની કઠોરતા પણ વધતી જાય છે. જેથી તે અપરાધનું પ્રાયશ્ચિત્ત માસ લઘુથી વધતું - વધતું છેદ તેમજ નવી દીક્ષા સુધી વધી જાય છે.

**પ્રાયશ્ચિત્ત આપતી વખતે વ્યકિતની પરિસ્થિતિનો વિચાર :** જૈન દંડ કે પ્રાયશ્ચિત્ત વ્યવસ્થામાં આ બાબતમાં પણ પર્યાપ્તરૂપથી વિચાર કરાયો છે કે કઠોર અપરાધ કરનાર વ્યકિત જો રોગી હોય, અતિવૃદ્ધ હોય, વિક્ષિપ્ત ચિત્ત હોય, ઉન્માદ કે ઉપસર્ગથી પીડીત હોય, તેને ભોજનપાણી સુવિધાપૂર્વક ન મળતાં હોય અથવા મુનિજીવનને આવશ્યક સામગ્રીથી રહિત હોય તો એવા ભિક્ષુઓને તત્કાલ સંઘથી બહિષ્કૃત કરવા અથવા બહિષ્કૃત કરીને શુદ્ધિ માટે કઠોર તપ આદિનું પ્રાયશ્ચિત્ત આપવું તે સમુચિત નથી.

**આધુનિકદંડ સિદ્ધાંત અને પ્રાયશ્ચિત્ત વ્યવસ્થા :** અમે પ્રારંભમાં જ સ્પષ્ટતા કરી છે કે દંડ અને પ્રાયશ્ચિત્તની અવધારણાઓમાં એક મૌલિક અંતર છે. પ્રાયશ્ચિત્ત અંતઃપ્રેરણાથી સ્વતઃ લેવાય છે જ્યારે દંડ વ્યકિતને બલાત્ આપવો પડે છે માટે આત્મશુદ્ધિતો પ્રાયશ્ચિત્તથી જ શક્ય છે, દંડથી નહીં. દંડમાં તો પ્રતિશોધ પ્રતિકાર કે અપરાધિક પ્રવૃત્તિના નિરોધનો દષ્ટિકોણ જ મુખ્ય હોય છે.

પાશ્ચાત્ય વિચારકોએ દંડના ત્રણ સિદ્ધાંત પ્રતિપાદિત કર્યા છે. (૧) પ્રતિકારાત્મક સિદ્ધાંત (૨) નિરોધાત્મક સિદ્ધાંત (૩) સુધારાત્મક સિદ્ધાંત. પ્રથમ પ્રતિકારત્મક સિદ્ધાંત એમ માનીને ચાલે છે કે દંડ દ્વારા અપરાધની પ્રતિશરત કરાય છે. અર્થાત્ અપરાધીએ બીજાની જે ક્ષતિ કરી છે તેની પરિપૂર્તી કરવી અગર તેનો બદલો લેવો તે જ દંડનો મુખ્ય ઉદ્દેશ્ય છે. "આંખને બદલે આંખ" અને "દાંતના બદલે દાંત" જ આ દંડસિદ્ધાંતની મૂલભૂત અવધારણા છે. આ પ્રકારની દંડ વ્યવસ્થાથી તો સમાજના અન્ય લોકો અપરાધિક પ્રવૃત્તિઓથી ભયભીત થાય છે અને જેણે અપરાધ કર્યો છે તે વ્યકિતનો સુધારો પણ નથી થતો.

અપરાધનો બીજો નિરોધાત્મક સિદ્ધાંત મૂલતઃએમ માની ન આવે છે કે અપરાધીએ અપરાધ કર્યો છે એટલા માટે દંડ નથી અપાતો પરંતુ એટલા માટે અપાય છે કે બીજા લોકો આવો અપરાધ કરવાનું સાહસ ન કરે. દંડનો ઉદ્દેશ સમાજમાં અપરાધિક પ્રવૃત્તિઓને રોકવાનો જ છે. તેમાં નાના અપરાધ માટે કઠોર દંડની વ્યવસ્થા હોય છે. પરંતુ આ સિદ્ધાંત અપરાધ કરવા વાળા વ્યકિતને સમાજના બીજા વ્યકિતઓને અપરાધિકપ્રવૃત્તિથી ભયભીત કરવા માટેનું સાધન બનાવાય છે. માટે દંડનો આ સિદ્ધાંત ન્યાયસંગત નથી કહી શકાતો તેમાં દંડનો પ્રયોગ સાધ્યના રૂપમાં નહીં પરંતુ સાધનનારૂપમાં કરાય છે.

દંડનો ત્રીજો સિદ્ધાંત સુધારાત્મક સિદ્ધાંત છે. આ સિદ્ધાંત અનુસાર અપરાધી પણ એક જાતનો રોગી છે. માટે તેની ચિકિત્સા અર્થાત્ તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ સિદ્ધાંત અનુસાર દંડનો ઉદ્દેશ વ્યકિતને સુધારવાનો હોવો જોઈએ વસ્તુતઃ કારાગૃહોને સુધારગૃહોનારૂપમાં પરિવર્તિત કરવા જોઈએ જેથી અપરાધીના હૃદયનું પરિવર્તન કરી તેને સભ્ય નાગરિક બનાવી શકાય.

જો આપણે આ સિદ્ધાંતોની તુલના જૈન પ્રાયશ્ચિત્ત વ્યવસ્થા સાથે કરીએતો એમ કહી શકાય કે જૈન વિચારક પોતાની પ્રાયશ્ચિત્ત કે દંડ વ્યવસ્થામાં પ્રતિકારાત્મક સિદ્ધાંત કે નિરોધાત્મક સિદ્ધાંતને અપનાવતા નથી પરંતુ સુધારાત્મક સિદ્ધાંતથી સહમત થઈને એમ માને છે કે વ્યકિતને સ્વયં જ અપરાધબોધની ભાવના ઉત્પન્ન કરી શકે એવં અપરાધિક પ્રવૃત્તિથી દૂર રહેવા માટે અનુશાસિત કરી શકાય. તે અમે પણ સ્વીકારે છે કે જ્યાં સુધી વ્યકિતમાં સ્વતઃ અપરાધ પ્રત્યે આત્મગ્લાની ઉત્પન્ન નહી થાય ત્યાં સુધી તે અપરાધિક પ્રવૃત્તિઓથી વિમુખ નહીં થાય. જો કે આ આત્મગ્લાની કે અપરાધબોધનું તાત્પર્ય એ નથી કે વ્યકિત જીવનભર આવી ભાવનાથી પીડિત રહે, પરંતુ તે અપરાધ કે દોષને દોષના રૂપમાં જુએ અને તે સમજે કે અપરાધ એક સંયોગિક ઘટના છે. અને તેનું પરિશોધન કરી આધ્યાત્મિક વિકાસના પંથે આગળ વધી શકાય છે.

**તપનું સામાન્ય સ્વરૂપ એક મૂલ્યાંકન :** તપ શબ્દ અનેક અર્થોમાં ભારતીય આચાર દર્શનમાં પ્રયુકત થયો છે. અને જ્યાં સુધી તેની સીમાઓ નિર્ધારિત નથી કરી લેવાતી ત્યાં સુધી તેનું મૂલ્યાંકન કરવું કઠિન છે 'તપ' શબ્દ એક અર્થમાં ત્યાગ ભાવનાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યકત કરે છે. ભલે તે ત્યાગ વ્યકિતગત-સ્વાર્થ એવં હિતોનો હોય કે વ્યકિતગત સુખોપલબ્ધિનો હોય તે તપ કહેવાય છે. સંભવતઃ તપની આ વિસ્તૃત પરિભાષા હશે, પરંતુ તે તપના નિષેધાત્મક પક્ષને જ પ્રસ્તુત કરે છે. અહીં તપ, સંયમ, ઇન્દ્રિયનિગ્રહ અને દેહદંડન બનીને રહી જાય છે. તપ માત્ર ત્યાગ જ નથી, ઉપલબ્ધ કરવાનું પણ છે. તપનું માત્ર વિસર્જનાત્મક મૂલ્ય માનવું તે ભ્રમ હોઈ શકે. ભારતીય આચારદર્શનોમાં જ્યાં તપના વિસર્જનાત્મક મૂલ્યોની ગુણગાથા ગાઈ છે ત્યાં તેના સર્જનાત્મક મૂલ્યોનો સ્વીકાર પણ કર્યો છે. વૈદિક પરંપરામાં તપને લોકકલ્યાણનું વિધાન કરનાર કહેલ છે. ગીતાની લોક-સંગ્રહની અને જૈન પરંપરાની વૈયાવચ્ચની કે સંઘસેવાની અવધારણાઓ તપના વિધાયક અર્થાત્ લોકકલ્યાણકારી પક્ષને જ અભિવ્યકત કરે છે. બૌદ્ધ પરંપરા જ્યારે "બહુજન હિતાય બહુજન સુખાય" ની ઉદ્‌ઘોષણા કરે છે ત્યારે તે પણ તપના વિધાયકમૂલ્યનું વિધાન કરે છે.

સર્જનાત્મકપક્ષમાં તપ આત્મોપલબ્ધિ જ છે. પરંતુ આમાં સ્વ-આત્મન્ એટલો વ્યાપક હોય છે કે તેમાં સ્વ કે પરનો ભેદ જ નથી ટકી શકતો. ત્યારે જ એક તપસ્વીનું આત્મકલ્યાણ અને લોકકલ્યાણ સમાવિષ્ટ રહે છે અને તેનું લોકકલ્યાણ તે આત્મકલ્યાણ જ છે.

જેવી રીતે વ્યાયામરૂપે કરાયેલ શારીરિક કષ્ટ સ્વાસ્થ્ય રક્ષા એવં શકિત સંચયનું કારણ બનીને જીવનના વ્યવહારિકરૂપમાં પણ લાભપ્રદ બને છે. તેવી રીતે તપસ્યાના રૂપમાં દેહદમનનો અભ્યાસ કરવાવાળા પોતાના શરીરમાં કષ્ટ સહન કરવાની શકિત વિકસિત કરી લે છે. જે માત્ર વાસનાના સંઘર્ષમાં જ નહીં પણ જીવનની સામાન્ય સ્થિતિઓમાં પણ સહાયક થાય છે. એક ઉપવાસનો અભ્યાસ વ્યકિત કયારેક કોઈ પરિસ્થિતિવશ ભોજન નથી મેળવી શકતો તો જેટલો અનભ્યસ્ત વ્યકિત વ્યાકૂલ થાય છે તેટલો તે નથી થતો. કષ્ટ સહિષ્ણુતાના અભ્યાસ આધ્યાત્મિક પ્રગતિ માટે આવશ્યક છે. આધ્યાત્મિક દષ્ટિ વિના શારીરિક યંત્રણામાં કંઈ તપ નથી તેમાં પણ જો તે શારિરીક યંત્રણા પાછળ લૌકિક કે પરલૌકિક સ્વાર્થ છે તો પછી તેને તપસ્યા કહેવી તે મહામૂર્ખતા હશે. જૈનદાર્શનિક ભાષામાં તપસ્યામાં દેહદમન નથી કરાતું, પણ થઈ જાય છે. તપસ્યાનુ પ્રયોજન આત્મશોધન છે, નહીં કે દેહદમન. ઘી ની શુદ્ધિ માટે ઘી ને તપાવવાનું હોય છે નહીં કે સાધનને. તેવી રીતે આત્મશુદ્ધિ માટે શરીરને નહીં પણ આત્મવિકારોને તપાવાય છે. શરીરતો આત્માનું ભાજન-પાત્ર હોવાથી તપી જાય છે. તપવાતું નથી. જે તપમાં માનસિક કષ્ટ હોય, વેદના હોય, પીડા હોય તે તપ નથી. પીડા થવી તે એક વાત છે અને પીડાથી વ્યાકુલતાની અનુભૂતિ કરવી તે બીજી વાત છે. તપમાં પીડા થઈ શકે છે. પરંતુ પીડાની વ્યાકુલતાની અનુભૂતિ નહીં. પીડા શરીરનો ધર્મ છે, વ્યાકુલતાની અનુભૂતિ આત્માનો ધર્મ છે. આવાં અનેક ઉદાહરણ છે જેમાં બંનેને અલગ-અલગ જોઈ શકાય છે. જૈન બાળક જ્યારે ઉપવાસ કરે છે તો તેને ભૂખની પીડા અવશ્ય થશે, પરંતુ તે પીડાની વ્યાકુલતાની અનુભૂતિ નહીં કરે. તે ઉપવાસ તપના રૂપમાં કરે છે જ્યારે તપતો આત્માનો આનંદ છે. તે જીવનના સૌષ્ઠવને નષ્ટ નથી કરતો પરંતુ જીવનના આનંદને પરિષ્કૃત કરે છે.

હવે જૈન પરંપરામાં સ્વીકૃત તપના ભેદોના મૂલ્યાંકનના કિંચિત્ પ્રયત્ન કરાય છે. અનશનમાં કેટલી શકિત હોય છે તે આજ ગાંધીયુગના દરેક વ્યકિત જાણે છે. તેઓ તો તેના પ્રત્યેક પ્રયોગ જોઈ ચૂકયા છે. સર્વોદય સમાજ રચના તો ઉપવાસના મૂલ્યોનો સ્વીકાર કરે જ છે. દેશમાં ઉત્પન્ન અન્નસંકટની સમસ્યાએ પણ આ બાજુ ધ્યાન આકર્ષિત કર્યું જ છે. એ બધાંની સાથે આજે ચિકિત્સો એવં વૈજ્ઞાનિકો પણ તેની ઉપાદેયતાને સિદ્ધ કરી ચૂકયા છે. પ્રાકૃતિક ચિકિત્સા પ્રણાલીનો મૂલ આધાર જ ઉપવાસ છે.

આ રીતે ઉણોદરી કે ભૂખથી ઓછું ભોજન, નિયમિત ભોજન તથા રસપરિત્યાગનું પણ સ્વાસ્થ્યની દષ્ટિએ પર્યાપ્ત મૂલ્ય છે. સાથે જ તે સંયમ તથા ઇન્દ્રિયજયમાં પણ સહાયક છે. ગાંધીજીએ તો તેનાથી પ્રભાવિત થઈ અગિયાર વ્રતોમાં અસ્વાદવ્રતનું વિધાન કર્યું હતું.

જો કે વર્તમાન યુગ ભિક્ષાવૃત્તિને ઉચિત નથી માનતો તથાપિ સમાજ વ્યવસ્થાની દષ્ટિએ તેની બીજી બાજુ પણ છે. જૈન આચાર વ્યવસ્થામાં ભિક્ષાવૃત્તિના જે નિયમ પ્રતિપાદિત છે તે એટલા બધા સબળ છે કે તેના કારણે ભિક્ષાવૃત્તિના સંભવિત દોષોનું નિરાકરણ સ્વતઃ જ થઈ જાય છે. ભિક્ષાવૃત્તિ માટે અહંકારનો ત્યાગ આવશ્યક છે અને નૈતિક દષ્ટિથી તેનું મૂલ્ય ઓછું નથી.

આ રીતે આસન- સાધના અને એકાંતવાસનું યોગ સાધનાની દષ્ટિએ મૂલ્ય છે. આસન યોગ સાધનાનું એક અનિવાર્ય અંગ છે.

તપના આભ્યંતર ભેદોમાં ધ્યાન અને કાયોત્સર્ગનું પણ સાધનાત્મક મૂલ્ય છે. વળી સ્વાધ્યાય, વૈયાવચ્ચ એવં વિનયનું તો સામાજિક એવં વ્યકિતગત બંને દ્રષ્ટિએ ઘણું મહત્ત્વ છે. સેવાભાવ અને અનુશાસિત જીવન એ બંને સભ્ય સમાજના આવશ્યક ગુણ છે. ઈસાઈ ધર્મમાં તો આ સેવાભાવને સારું એવું મહત્ત્વ અપાયું છે. તેમના વ્યાપક પ્રચારનું એકમાત્ર કારણ તેમની સેવાભાવના જ છે. મનુષ્ય માટે સેવાભાવના એક આવશ્યક તત્ત્વ છે. જે તેના પ્રારંભિક ક્ષેત્રમાં પરિવારથી પ્રારંભ થઈને "વસુધૈવકુટુંબકમ્" સુધીનો વિશાળ આદર્શ પ્રસ્તુત કરે છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાધ્યાયનું મહત્ત્વ આધ્યાત્મિક વિકાસ અને જ્ઞાનાત્મક વિકાસ બંને દષ્ટિથી છે. એક બાજુ તે સ્વનું અધ્યયન છે તો બીજી બાજુ જ્ઞાનનું અનુશીલન છે. જ્ઞાન અને વિજ્ઞાનની બધી પ્રગતિના મૂળમાં તો સ્વાધ્યાય જ છે.

પ્રાયશ્ચિત્ત એક પ્રકારે અપરાધી દ્વારા સ્વયાચિત દંડ છે. જો વ્યકિતમાં પ્રાયશ્ચિત્તની ભાવના જાગૃત થઈ જાય છે. તેનું જીવન જ બદલાઈ જાય છે. જે સમાજમાં આવા લોકો હોય તે સમાજ તો આદર્શ જ હશે.

વાસ્તવમાં તપનાં આ વિભિન્ન અંગોના એટલાં બધાં પાસાં છે કે જેનું સમુચિત મૂલ્યાંકન સહજ-સરળ નથી.

તપ આચરણમાં વ્યકત થાય છે. તે આચરણ જ છે. તે શબ્દોમાં વ્યકત કરવું શકય નથી. તપ આત્માની ઉષ્મા છે. તેને શબ્દોમાં બાંધી નથી શકાતું.

આ કોઈ એક આચારદર્શનની માલિકી નથી તેતો પ્રત્યેક જાગૃત આત્માની અનુભૂતિ છે. તેની અનુભૂતિથી જ મનના કલેશ ધોવાય છે, વાસનાઓ શિથિલ થઈ જાય છે, અહં ગળવા લાગે છે. તૃષ્ણા અને કષાયોની અગ્નિ તપની ઉષ્મા પ્રગટ થતાં જ નિઃશેષ થઈ જાય છે. જડતા ક્ષીણ થઈ જાય છે. ચેતના અને આનંદનો એક નવો આયામ ખૂલી જાય છે, એક નવીન અનુભૂતિ થાય છે. શબ્દ અને ભાષા મૌન થઈ જાય છે. આચરણની વાણી મુખરિત થવા લાગે છે.

તપનું આ જીવન્ત અને જાગૃત શાશ્વત સ્વરૂપ છે જે સાર્વજનિક અને સાર્વકાલિક છે. બધી સાધના પદ્ધતિઓ તેને માનીને ચાલે છે. અને દેશ કાલ અનુસાર તેના કોઈ એક દરવાજેથી સાધકોને તપના આ ભવ્ય મહેલમાં લાવવાનો પ્રયત્ન કરે છે. જ્યાં સાધક પોતાના પરમાત્મસ્વરૂપનું દર્શન કરે છે, આત્મન્, બ્રહ્મ કે ઇશ્વરનો સાક્ષાત્કાર કરે છે.

તપ એક એવો પ્રશસ્ત યોગ છે કે તે આત્માને પરમાત્માથી જોડી દે છે. આત્માનો પરિષ્કાર કરી તેને પરમાત્મ સ્વરૂપ બનાવી દે છે.

**વીર્યાચાર**[1] :- પાંચ આચારના આ વિવેચનમા અંતિમ આચાર વીર્યાચાર છે. જૈન પરંપરામાં વીર્યાચારનો અર્થ પુરુષાર્થ અગર પ્રયત્ન કરવો તે છે. અભિધાન રાજેન્દ્રકોશમાં યોગ, વીર્યક્ષમતા, ઉત્સાહ, પરાક્રમ અને ચેષ્ટાનુ એકાર્થ મનાય છે. જો આપણે ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારમાં કોઈ વિભાજન રેખા ખેંચવા ઈચ્છીએ તો તે આ પ્રકારની હશે. જેમ ચારિત્રાચાર, સંયમ મન અને ઈન્દ્રિયો પર નિયંત્રણનો સૂચક છે તેમ તપાચાર કષ્ટ તિતિક્ષા કે સહનશીલતાનો પરિચાયક છે. જ્યારે વીર્યાચાર એટલે સાધનાક્ષેત્રમાં સ્વશક્તિ પ્રગટ કરવી તે છે. ચારિત્ર સંવર કરે છે, તપ સહન કરે છે, પરંતુ વીર્ય પ્રયત્ન કે પુરુષાર્થ કરે છે. ચારિત્ર અને તપ નિષેધપરક છે જ્યારે વીર્ય વિધિપરક છે. જોકે તપ કરવામાં આવે છે, છતાં પણ તે કરવામાં સહેવું તે જ મુખ્ય છે. પ્રસ્તુત કૃતિમાં વીર્યાચાર અંતર્ગત કયા કયા તથ્યોનું સંકલન કરાયું છે તે તત્સંબંધી મુદ્રિત પૃષ્ઠોની અનુપલબ્ધિના કારણે કહી નથી શકતો, પરંતુ આચારાંગ આદિ પ્રાચીન આગમગ્રંથોને જોવાથી એ સ્પષ્ટ થાય છે કે તેમાં સાધકને વારંવાર અને નિર્દેશ અપાયો છે કે તે પરાક્રમ અગર પુરુષાર્થ કરે અને સાધનાના ક્ષેત્રમાં શિથિલ ન થાય. અહીં એ વિચાર સ્વભાવિક જ છે કે આ પુરુષાર્થ કયારૂપમાં કરવો ? વીર્યશબ્દ, પુરુષાર્થ, પ્રયત્ન કે પરિશ્રમનો સૂચક છે. જૈનપરંપરામાં ભિક્ષુને શ્રમણ કહ્યો છે. જે શ્રમ કરે છે તે શ્રમણ છે. પરંતુ અહીં શ્રમનું તાત્પર્ય શારીરિક શ્રમ નથી. અહીં શ્રમનું તાત્પર્ય છે પોતાની વૃત્તિઓ તથા વાસનાઓનું પરિશોધન કરવા સતત પ્રયત્ન કરવો. આચારાંગમાં સાધનાને યુદ્ધનું રૂપક આપ્યું છે અને સાધકને વીર કહ્યો છે. વસ્તુતઃ પોતાની વૃત્તિઓ અને વાસના પર વિજય પ્રાપ્ત કરવો એ જ વીરત્વનું લક્ષણ છે. અને આ વીરત્વનું પ્રદર્શન જ વીર્યાચાર છે. જૈનાગમોમાં કહ્યું છે કે સહસ્ર યોદ્ધાઓ પર વિજય પ્રાપ્ત કરવા કરતાં પોતાના આત્મા પર વિજય પ્રાપ્ત કરનાર શ્રેષ્ઠ છે. જૈનાગમોમાં અનેક સ્થળે સાધકને એ નિર્દેશ આપ્યો છે કે તે પોતાની શક્તિને છૂપાવે નહીં પરંતુ તેને પ્રગટ કરે. પરંતુ અહીં શક્તિના પ્રગટીકરણનું તાત્પર્ય શું છે તે વિચારણીય છે. સાંસારિક સુખભોગો અને તેની ઉપલબ્ધિના પ્રયત્નોમાં તો પોતાની શક્તિ વાપરવાની જૈન સાધુ માટે નિષિદ્ધ મનાય છે. તેથી તેની શક્તિ માત્ર સાધનાના ક્ષેત્રમાં જ વિહિત માની શકાય છે. તેથી આત્મવિશુદ્ધિ માટે પ્રયત્ન કરવો તે વીર્યાચાર છે. પોતાની વાસનાઓને નિયંત્રિત કરવી, તેના પર કાબૂ રાખવો અને તેને સજાગતાપૂર્વક આત્મામાંથી બહાર કાઢી ફેંકી દેવા. સંક્ષેપમાં કહીએ તો કષાયો, વાસનાઓ અને મનોવિકારો પર વિજયલાભ કરવા પ્રયત્નશીલ થવું તે વીર્યાચાર છે.

આત્માની જે શક્તિઓ કર્માવરણના કારણે અનભિવ્યક્ત છે તેને અભિવ્યક્ત કરવી તે પુરુષાર્થ છે અને તે જ વીર્ય છે. જૈન પરંપરામાં આત્માને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ અને અનંતવીર્યથી યુક્ત માન્યો છે. આત્માના અનંતવીર્યને પ્રગટ કરવું તે જ વીર્યાચાર છે. આત્માની શક્તિને આવૃત અથવા ગોપિત કરવાના કારણે તે ઉન્મૂલન કરવામાં વીર્ય અગર પુરુષાર્થ નિહિત છે. જેવી રીતે કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં કોઈ ભૌતિક વસ્તુ પોતાના યથાર્થ ગુણધર્મોને પ્રગટ કરવામાં સમર્થ

(૧) વીર્યાચારની વિસ્તૃત વિવેચના માટે જુઓ - અભિધાન રાજેન્દ્ર કોશ ભાગ-૬, પૃ. ૧૩૯૭/૧૪૦૯.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. તેવી રીતે કોઈ વસ્તુ કે વ્યક્તિમાં નિહિત ક્ષમતા કે શક્તિને જ વીર્ય કહેવાય છે. અને તે ક્ષમતાને યથાર્થરૂપે પ્રગટ કરી લેવી તે વીર્યપુરુષાર્થ છે. દા.ત. એક બહુજ બુદ્ધિશાળી બાળકમાં સ્નાતકોત્તર અધ્યયનનું સામર્થ્ય છે, પરંતુ જ્યારે તે અધ્યયન કરતાં કરતાં ક્રમશઃ વિકાસ કરે છે ત્યારે તે યોગ્યતામાં બદલાઈ જાય છે. આ રીતે આત્મામાં નિહિત સામર્થ્યને યોગ્યતામાં પરિણત કરી દેવું તે જ વીર્યાચાર છે. વીર્યનું વર્ગીકરણ અનેકરૂપમાં ઉપલબ્ધ થાય છે. જેમકે કાયવીર્ય (શારીરિક સામર્થ્ય), વાગ્વીર્ય (વાગ્મિતા), આધ્યાત્મિક વીર્ય (આત્મશોધનનું સામર્થ્ય) અન્યત્ર વીર્યનું વર્ગીકરણ આગારવીર્ય અને અણગારવીર્યના રૂપમાં પણ થયું છે. અહીં આગારવીર્યનું તાત્પર્ય ગૃહસ્થજીનના વ્રતોના પાલનનું સામર્થ્ય, અને અણગાર એટલે કે મુનિજીવનના વ્રતોનું પાલન કરવાનું સામર્થ્ય. વળી વીર્યના બાલવીર્ય, પંડિતવીર્ય અને બાલપંડિતવીર્ય એવા વિભાગ પણ કરાયા છે. મૂર્ખોનો પ્રયત્ન અને પુરુષાર્થ બાલવીર્ય છે. જ્યારે જ્ઞાનીનો પુરુષાર્થ પંડિતવીર્ય છે. વળી પ્રમાદીજનોનો પુરુષાર્થ બાલવીર્ય અને અપ્રમત્ત સાધકનો પુરુષાર્થ પંડિતવીર્ય છે. વળી પ્રમાદીજનોનો પુરુષાર્થ બાલવીર્ય અને અપ્રમત સાધકનો પુરુષાર્થ પંડિતવીર્ય છે. બાલવીર્ય સકર્મક અર્થાત્ બંધનકારક હોય છે. જ્યારે પંડિતવીર્ય અકર્મક અર્થાત્ મુક્તિનો સાધક હોય છે. સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે સમ્યક્દષ્ટિ અને વીર્ય સંપન્ન છે. તેનો પુરુષાર્થ શુદ્ધ હોય છે અને તે કર્મફળથી યુક્ત નથી હોતો. વીર્યાચારની વિસ્તૃત ચર્ચા વીર્યપ્રવાદનામના પૂર્વગ્રંથમાં હતી. એવી સૂચના જાણમાં છે. સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં તથા આચારાંગમાં યત્ર તત્ર વીર્યાચારની ચર્ચા જણાય છે. અભિધાન રાજેન્દ્રકોશ ભાગ-૬ પૃષ્ઠ ૧૩૯૭/૧૪૦૯ માં પણ વીર્યાચારની ચર્ચા ઉપલબ્ધ થાય છે. તેમાં કહ્યું છે કે-પોતાના બળ તથા વીર્યને છૂપાવ્યા વિના યથાશક્તિ પુરુષાર્થ કરવો (પરાક્રમ) કરવું તે વીર્યાચાર છે. વસ્તુતઃ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ ચારેમાં પોતાના સામર્થ્યને ન છૂપાવતાં પુરુષાર્થ કરવો એજ વીર્યાચાર છે. આ રીતે વીર્યાવાર જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપના ક્ષેત્રમાં કરાયેલ પુરુષાર્થ છે અને આ દષ્ટિએ તે આ ચારે આચારોમાં અનુસ્યૂત છે, પરંતુ અનુસ્યૂત હોવા છતાં પણ તેનો પ્રાણ છે. કારણકે પુરુષાર્થ વિના અને પ્રયત્ન વિના સાધના સફળ નથી થતી.

**ઉત્સર્ગ અને અપવાદ** : જૈનાચાર્યોએ આચાર સંબંધી જે વિભિન્ન વિધિ-નિષેધ પ્રસ્તુત કર્યા છે તે નિરપેક્ષ નથી. દેશકાળ અને વ્યક્તિના આધારે તેમાં પરિવર્તન શક્ય છે. જે સામાન્ય સ્થિતિને નજરઅંદાજ કરીને આચારના જે નિયમોના વિધિ-નિષેધ કરાયા છે તેમાં તે આચારના વિધિ-નિષેધ યથાવત્રૂપમાં પાલનીય માન્યા છે, પરંતુ દેશ, કાલ, પરિસ્થિતિ અથવા વ્યક્તિગત પરિસ્થિતિની ભિન્નતામાં તેમાં પરિવર્તન પણ સ્વીકાર્યું છે. વ્યક્તિ અને દેશકાલગત સામાન્ય પરિસ્થિતિમાં જે નિયમોનું પાલન કરાય છે તે ઉત્સર્ગ માર્ગ કહેવાય છે. પરંતુ જ્યારે દેશકાલગત અને વ્યક્તિગત વિશેષ પરિસ્થિતિઓ .: તે સામાન્ય વિધિ-નિષેધોને શિથિલ કરી દેવાય છે ત્યારે તેને અપવાદ માર્ગ કહેવાય છે. વસ્તુતઃ આચારના સામાન્યનિયમ ઉત્સર્ગ માર્ગ કહેવાય છે અને વિશિષ્ટનિયમ અપવાદમાર્ગ કહેવાય છે. જોકે બંનેની વ્યવહારિકતા પરિસ્થિતિ સાપેક્ષ હોય છે. જૈનાચાર્યોની માન્યતા છે કે સામાન્ય પરિસ્થિતિમાં ઉત્સર્ગ માર્ગનું અવલંબન લેવું જોઈએ પરંતુ દેશકાલગત પરિસ્થિતિ અથવા વ્યક્તિના સ્વાસ્થ્ય એવં ક્ષમતામાં કોઈ વિશેષ પરિવર્તન આવી જવાથી અપવાદમાર્ગનું અવલંબન લઈ શકાય છે. અહીં એ તથ્યને પણ સ્પષ્ટરૂપે સમજી લેવું જોઈએ કે અપવાદમાર્ગનો સંબંધ માત્ર આચરણના બાહ્ય વિધિ-નિષેધોથી હોય છે અને અપવાદિક પરિસ્થિતિમાં કરાયેલા સામાન્ય નિયમના ખંડનથી ન તો તે નિયમનું મુલ્ય ઓછું થાય છે અને ન સામાન્યરૂપથી તેનું આચરણ કરવાથી કોઈ પ્રભાવ પડે છે. આચારના આંતરિકપક્ષને જૈનાચાર્યોએ હંમેશાં તેને નિરપેક્ષ અગર ઉત્સર્ગના રૂપમાં સ્વીકાર કર્યો છે. હિંસાનો વિચાર અગર હિંસાની ભાવના કોઈપણ પરિસ્થિતિમાં નૈતિક કે આચરણીય નથી મનાતી. જે સંબંધમાં અપવાદની ચર્ચા કરાય છે તે અહિંસાના બાહ્ય વિધિ-નિષેધોથી સંબંધિત હોય છે. માની લ્યો કે કોઈ નિરપરાધી પ્રાણીનું જીવન બચાવવા માટે અથવા કોઈ સ્ત્રીનું શીલ સુરક્ષિત રાખવા માટે હિંસા અથવા અસત્યનો સહારો લે છે તો તેનાથી અહિંસા કે સત્યભાષણનો સામાન્ય નૈતિક આદર્શ સમાપ્ત નથી થઈ જતો અપવાદ માર્ગ ક્યારેય પણ મૌલિક એવં સાર્વભૌમિક નિયમ બનતો નથી અને નથી અપવાદના આચરણનું કારણ મનાતું. એ રીતે અનુજ્ઞા અનુસાર અર્થાત્ અપવાદમાર્ગે ચાલવાથી પણ આચરણને વિશુદ્ધ જ માનવું જોઈએ. જો એવું ન મનાય તો તે એકમાત્ર ઉત્સર્ગ માર્ગ પર જ ચાલવાનું અનિવાર્ય થઈ જાત. ફલસ્વરૂપ અપવાદમાર્ગનું અવલંબન કરવા કોઈપણ ગમે તેવી પરિસ્થિતિમાં પણ તૈયાર ન થાત. પરિણામ એ આવત કે સાધના માર્ગમાં માત્ર જિનકલ્પીને માનીને જ ચાલવું પડત. પરંતુ જ્યારથી સાધકોના સંઘ એવં ગચ્છ બનવા લાગ્યા ત્યારથી માત્ર ઔત્સર્ગિક માર્ગ અર્થાત્ નિજકલ્પ શક્ય ન રહ્યા. અતએવ સ્થવિરકલ્પમાં જેટલું "પ્રતિષેધ"નું પાલન આવશ્યક છે તેટલું જ આવશ્યક "અનુજ્ઞા"નું આચરણ છે આ અનિવાર્ય થઈ ગયેલ છે. વળી પરિસ્થિતિ વિશેષમાં "અનુજ્ઞા" અનુસાર આચરણ નહીં કરવાથી પ્રાયશ્ચિત્તનું પણ વિધાન કરવું પડયું છે. જે રીતે પ્રતિષેધનો ભંગ કરવાથી પ્રાયશ્ચિત્ત છે એવી રીતે અપવાદનું આચરણ ન કરવાનું પણ પ્રાયશ્ચિત્ત છે. અર્થાત્ "પ્રતિષેધ" અને


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અનુજ્ઞા" ઉત્સર્ગ અને અપવાદ બંને સમબળ મનાયા છે, બંનેમાં વિશુદ્ધિ છે. પરંતુ આ પણ ન ભૂલવું જોઈએ કે ઉત્સર્ગ રાજમાર્ગ છે જેનું આલંબન સાધક માટે સહજ છે. પરંતુ અપવાદ, જોકે આચરણમાં સરળ છે તો પણ સહજ નથી.[1]

વસ્તુત: જીવનમાં નિયમો-ઉપનિયમોની જે સર્વ સામાન્ય વિધિ હોય છે તે ઉત્સર્ગ અને જે વિશેષ વિધિ છે તે અપવાદ વિધિ છે. ઉત્સર્ગ સામાન્ય અવસ્થામાં આચરણીય હોય છે અને અપવાદ વિશેષ સંકટકાલીન અવસ્થામાં આચરણીય હોય છે. જોકે બંનેનો ઉદ્દેશ એક જ હોય છે કે સાધકનો સંયમ સુરક્ષિત રહે. સમર્થ સાધક દ્વારા સંયમ રક્ષા માટે જે અનુષ્ઠાન કરાય છે તે ઉત્સર્ગ છે અને અસમર્થ સાધક દ્વારા સંયમની રક્ષા માટે જ ઉત્સર્ગથી વિપરીત જે અનુષ્ઠાન કરાય છે તે અપવાદ છે. અનેક પરિસ્થિતિઓમાં આ સ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે કે વ્યક્તિ ઉત્સર્ગમાર્ગના પ્રતિપાલન દ્વારા સંયમ જ્ઞાનાદિ ગુણોની સુરક્ષા નથી કરી શકતા, ત્યારે તેને અપવાદ માર્ગનો જ સહારો લેવો પડે છે. જોકે ઉત્સર્ગ અને અપવાદ પરસ્પર વિરોધી લાગે છે, પરંતુ લક્ષ્યની દષ્ટિએ તો તેમાં વસ્તુતઃ વિરોધ નથી જણાતો. બંને સાધનાની સિદ્ધિ માટે છે. તેની સામાન્યતા અને સાર્વભૌમિકતા ખંડિત થાય છે. ઉત્સર્ગમાર્ગને સાર્વભૌમ કહેવાનું તાત્પર્ય પણ એ નથી કે અપવાદને કોઈ સ્થાન નથી. તેને સાર્વ ભૌમ કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સામાન્ય પરિસ્થિતિમાં તેનું જ આચરણ કરવું જોઈએ. ઉત્સર્ગ અને અપવાદ બંનેની આચરણીયતા પરિસ્થિતિ સાપેક્ષ છે, નિરપેક્ષ નથી. વ્યક્તિ ઉત્સર્ગનું અવલંબન લે કે અપવાદનું તે તત્કાલીન પરિસ્થિતિ પર નિર્ભર હોય છે. કોઈ પણ આચાર પરિસ્થિતિ નિરપેક્ષ નથી હોઈ શકતો. જેથી આચારના નિયમોના પાલનમાં પરિસ્થિતિના વિચારને સંમિલિત કરેલ છે. ફલતઃ અપવાદમાર્ગની આવશ્યકતા સ્વીકારાઈ છે.

જૈનસંઘમાં અપવાદમાર્ગનો કઈ રીતે વિકાસ થયો તે સંબંધમાં પંડિત દલસુખભાઈ માલવણીયાનું કથન છે કે આચારાંગમાં નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી સંઘના કર્તવ્ય-અકર્તવ્યના મૌલિક ઉપદેશોનું સંકલન છે. પરંતુ દેશ-કાલ અથવા ક્ષમતા આદિ પરિવર્તિત થવાથી ઉત્સર્ગમાર્ગ પર ચાલવું કઠિન થાય છે અસ્તુ આવી સ્થિતિમાં આચારાંગની જ નિશીથ નામની ચૂલામાં તે આચાર નિયમોના વિષયમાં જે વિતથકારી છે તેનું પ્રાયશ્ચિત્ત બતાવાયું છે. અપવાદના મૂલસૂત્રમાં કોઈ વિશેષ નિર્દેશ નથી. પરંતુ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આદિમાં સ્થાને સ્થાને વિસ્તૃત વર્ણન છે. જ્યારે એકવાર એ સ્વીકાર કરી લેવાય છે કે આચારના નિયમોની વ્યવસ્થાના સંદર્ભમાં વિચારણાને અવકાશ છે ત્યારે પરિસ્થિતિને જોઈ મૂલ સૂત્રોના વિધાનોમાં અપવાદની સૃષ્ટિ કરવી ગીતાર્થ આચાર્યો માટે સહજ થઈ જાય છે. ઉત્સર્ગ અને અપવાદના બલાબલના સંબંધમાં વિચાર કરતાં પંડિતજી પુનઃ લખે છે કે "સંયમી પુરુષને જેટલાં પણ નિષિદ્ધકાર્ય- ન કરવા યોગ્ય કહ્યાં છે તે બધાં "પ્રતિષેધ"ની અંતર્ગત આવે છે અને જ્યારે પરિસ્થિતિ વિશેષમાં તે નિષિદ્ધ કાર્યોને કરવાની અનુજ્ઞા અપાય છે ત્યારે તે નિષિદ્ધ કર્મ વિધિ બની જાય છે. પરિસ્થિતિ વિશેષમાં અકર્તવ્ય પણ કર્તવ્ય બની જાય છે. પરંતુ પ્રતિષેધને વિધિમાં પરિણત કરી દેવાવાળી પરિસ્થિતિનું ઔચિત્ય અને પરીક્ષણ કરવું સાધારણ સાધક માટે શક્ય નથી. માટે આ "અપવાદ", "અનુજ્ઞા" કે "વિધિ" બધા નથી બનાવી શકતા એ કારણ છે કે "અપવાદ"નું બીજું નામ "રહસ્ય" (નિશીથ ચૂર્ણિ.ગા.૪૯૫) પડયું છે. તેનાથી એ પણ ફલિત થઈ જાય છે કે જે રીતે "પ્રતિષેધ"નું પાલન કરવાથી આચરણ વિશુદ્ધ મનાય છે. એ રીતે અનુજ્ઞા અનુસાર અર્થાત્ અપવાદ માર્ગ પર ચાલવા છતાં પણ આચરણને વિશુદ્ધ જ માનવું જોઈએ. (જુઓ નિશીથ એક અધ્યયન-૫૪) પ્રશમરતિમાં ઉમાસ્વાતી[2] સ્પષ્ટરૂપથી કહે છે કે પરિસ્થિતિ વિશેષમાં જે ભોજન, શય્યા, વસ્ત્ર, પાત્ર એવં ઔષધી આદિ ગ્રાહ્ય હોય છે તેજ પરિસ્થિતિ વિશેષમાં અગ્રાહ્ય થઈ જાય છે અને જે અગ્રાહ્ય હોય છે તે ગ્રાહ્ય થઈ જાય છે. નિશીથભાષ્યમાં[3] સ્પષ્ટ કહ્યું છે કે સમર્થ સાધક માટે ઉત્સર્ગ સ્થિતિમાં જે દ્રવ્યાદિ નિષિદ્ધ મનાય છે તે અસમર્થ સાધક માટે અપવાદિક પરિસ્થિતિમાં ગ્રાહ્ય થઈ જાય છે. સત્ય એ છે કે દેશ, કાલ, રોગ આદિના કારણે ક્યારેય જે અકાર્ય હોય છે તે કાર્ય બની જાય છે અને જે કાર્ય હોય છે તે અકાર્ય બની જાય છે. દા.ત. સામાન્ય રીતે તાવ આવે ત્યારે ભોજન નિષિદ્ધ મનાય છે, પરંતુ વાત, શ્રમ, ક્રોધ, શોક અને કામાદિથી ઉત્પન્ન તાવમાં લંઘન હાનીકારક મનાય છે.

ઉત્સર્ગ અને અપવાદની આ ચર્ચામાં એકવાત સ્પષ્ટરૂપે મહત્ત્વપૂર્ણ છે તે એ છે કે બંને પરિસ્થિતિ સાપેક્ષ છે અને એટલા માટે બંને માર્ગ છે, અમાર્ગ એકે નથી. જોકે અહીં એ પ્રશ્ન થઈ શકે છે કે કઈ વ્યક્તિએ ઉત્સર્ગ માર્ગ પર ચાલવું અને કઈ વ્યક્તિએ અપવાદમાર્ગ પર ચાલવું એ નિર્ણય કઈ રીતે કરી શકાય. આ બાબતમાં જૈનાચાર્યોની દષ્ટિ એ રહી છે કે સાધકે સામાન્ય સ્થિતિમાં ઉત્સર્ગનું અવલંબન કરવું જોઈએ અને જો તે કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં ફસાઈ ગયો હોય ત્યારે તેણે

(૧) પં. દલસુખ માલવણીયા, નિશીથ - એક અધ્યયન પૃ.૫૪.

(૨) પ્રશમરતિ - ઉમાસ્વાતિ શ્લોક - ૧૪૫.

(૩) નિશીથભાષ્ય- ૫૨૪૫,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્સર્ગના અવલંબનથી તેના અસ્તિત્વ માટે ખતરો ઉભો થતો હોય ત્યારે અપવાદ માર્ગનું સેવન કરવું જોઈએ. છતાં પણ એ હંમેશાં યાદ રાખવું જોઈએ કે અપવાદનું આલંબન પરિસ્થિતિ વિશેષમાં જ કરાય છે અને તે પરિસ્થિતિની સમાપ્તિ બાદ સાધકે પુનઃ ઉત્સર્ગ માર્ગનું નિર્ધારણ કરી લેવું જોઈએ. પરિસ્થિતિ વિશેષમાં જે અપવાદ માર્ગનું અનુસરણ નથી કરતા તેને જૈનાચાર્યો એ પ્રાયશ્ચિત્તના ભાગી બનાવ્યા છે. પરંતુ જે પરિસ્થિતિમાં અપવાદનું આલંબન લીધું હતું તે સમાપ્ત થઈ જવા છતાં પણ જો કોઈ સાધક અપવાદ માર્ગનો પરિત્યાગ નથી કરતા તો તે પણ પ્રાયશ્ચિત્તના ભાગી બને છે. ક્યારે ઉત્સર્ગનું આચરણ કરવું અને ક્યારે અપવાદનું તેનો નિર્ણય દેશકાલ ગત પરિસ્થિતિ અથવા વ્યક્તિના શરીર સામર્થ્ય પર નિર્ભર હોય છે. એક બિમાર સાધક માટે અકલ્પ્ય આહાર એષણીય મનાય છે પરંતુ તે સ્વસ્થ થઈ જાય પછી તે જ આહાર તેના માટે અનેષણીય થઈ જાય છે.

અહીં એ પ્રશ્ન પણ સ્વાભાવિકરૂપે જ ઉત્પન્ન થાય છે કે સાધક ક્યારે અપવાદ માર્ગનું અવલંબન કરે ? અને તેનો નિશ્ચય કોણ કરે ? જૈનાચાર્યએ આ સંદર્ભમાં ગીતાર્થની આવશ્યકતા કહી છે અને કહ્યું છે કે ગીતાર્થને જ આ અધિકાર હોય છે કે તે સાધકને ઉત્સર્ગ કે અપવાદ કોનું અવલંબન લેવું તે નિર્ણય આપે. જૈન પરંપરામાં જે દેશ-કાલ અને પરિસ્થિતિને સમ્યક્રૂપથી જાણે છે અને જેણે નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ આદિ છેદસૂત્રોનું સમ્યક્ અધ્યયન કર્યું છે તેને ગીતાર્થ કહેવાય છે. સાધકે અપવાદ માર્ગ કે ઉત્સર્ગ માર્ગ કોનું અનુસરણ કરવાનું છે તેના નિર્દેશનો અધિકાર ગીતાર્થને જ છે.

ઉત્સર્ગ અને અપવાદ બંનેમાં કયો શ્રેય છે અને કયો અશ્રેય છે તથા કયો સબળ છે કયો નિર્બળ છે ? આ સમસ્યાના સમાધાનનો પ્રશ્ન છે. જૈનાચાર્યોના મતાનુસાર બંને પોત-પોતાની રીતે પરિસ્થિતિ અનુસાર શ્રેય અને સબળ છે. અપવાદિક પરિસ્થિતિમાં અપવાદને શ્રેય અને સબલ માન્યો છે, પરંતુ સામાન્ય પરિસ્થિતિમાં ઉત્સર્ગને શ્રેય અને સબળ કહ્યો છે. બૃહત્કલ્પભાષ્ય[1] અનુસાર આ બંને (ઉત્સર્ગ અને અપવાદ) પોતપોતાના સ્થાનોમાં શ્રેય અને સબળ હોય છે. તેને વધારે સ્પષ્ટ કરતાં બૃહત્કલ્પભાષ્યની પીઠિકામાં[2] કહ્યું છે કે સાધક સ્વસ્થ એવં સમર્થ હોય તેના માટે ઉત્સર્ગ સ્વસ્થાન છે અને અપવાદ પર-સ્થાન છે. જે અસ્વસ્થ એવં અસમર્થ છે તેના માટે અપવાદ સ્વસ્થાન છે અને ઉત્સર્ગ પરસ્થાન છે. વસ્તુતઃ જેમકે અમે આગળ કહી ગયા છીએ કે આ બધું વ્યક્તિના સામર્થ્ય અને પરિસ્થિતિ પર નિર્ભર છે કે ક્યારેક આચરણીય- અનાચરણીય એવં અનાચરણીય આચરણીય બની જાય છે. ક્યારેક ઉત્સર્ગનું પાલન ઉચિત હોય છે તો ક્યારેક અપવાદનું પાલન ઉચિત ગણાય છે. વસ્તુતઃ ઉત્સર્ગ અને અપવાદની આ સમસ્યાનું સમાધાન તે પરિસ્થિતિમાં કાર્ય કરનાર વ્યક્તિના સ્વભાવનું વિશ્લેષણ કરીને કરાયેલા નિર્ણયમાં નિહિત છે. આમ તો ઉત્સર્ગ અને અપવાદમાં કોઈ સીમારેખા નિશ્ચિત કરવી કઠિન છે. છતાં પણ જૈનાચાર્યોએ અપવાદિત પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરીને બતાવ્યું છે કે તેમાં કેવું આચરણ કરવું.

સામાન્યરીતે અહિંસાને જૈનસાધનાનો પ્રાણ કહેવાય છે. સાધક માટે સૂક્ષ્મમાં સૂક્ષ્મ હિંસા પણ વર્જિત મનાય છે, પરંતુ જ્યારે કોઈ વિરોધી વ્યક્તિ આચાર્ય અગર સંઘના વધ માટે તત્પર હોય, કોઈ સાધ્વીનું બળ પૂર્વક અપહરણ કરવા ઈચ્છતા હોય તે ઉપદેશથી પણ ન માનતો હોય આવી સ્થિતિમાં ભિક્ષુ આચાર્ય સંઘ અથવા સાધ્વીની રક્ષા માટે પુલાકલબ્ધિનો પ્રયોગ કરતો સાધક પણ સંયમી મનાય છે. સામાન્યતઃ શ્રમણ સાધક માટે વનસ્પતિ તથા અપકાયના જીવોના સ્પર્શનો પણ નિષેધ છે. પરંતુ જીવન રક્ષા માટે આ નિયમોનો અપવાદ સ્વીકારાયાં છે જેમકે પર્વત પરથી લપસતી વખતે ભિક્ષુ વૃક્ષની શાખા કે લતાનો સહારો લઈ શકે છે. જળમાં તણાતા સાધુ-સાધ્વીની રક્ષા માટે નદી આદિમાં ઉતરી શકે છે.

આ રીતે ઉત્સર્ગ માર્ગમાં માલિકની આજ્ઞા વિના એક તણખલું પણ અગ્રાહ્ય છે. દશવૈકાલિક[3] અનુસાર શ્રમણ અદત્તાદાન સ્વયં ગ્રહણ કરતો નથી, બીજા દ્વારા ગ્રહણ કરાવી શકતો નથી અને ગ્રહણ કરવાવાળાનું અનુમોદન પણ નથી કરી શકતો. પરંતુ પરિસ્થિતિવશ અપવાદ માર્ગમાં ભિક્ષુ માટે અયાચિત સ્થાન આદિ ગ્રહણ કરવાનો ઉલ્લેખ છે. જેમકે ભિક્ષુ ભયંકર ઠંડીના કારણે કે હિંસક પશુઓનો ભય હોવાથી સ્વામીની આજ્ઞા લીધા વિના જ રહેવા યોગ્ય સ્થાનમાં રહે ત્યારબાદ સ્વામીની આજ્ઞા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે.[4]

જ્યાં સુધી બ્રહ્મચર્ય બાબત અપવાદની વાત છે તો તેમાં બે દષ્ટિથી વિચાર કરવાનો છે. અહિંસા, સત્ય આદિવ્રતોમાં અપવાદ માર્ગનું સેવન કરવાથી પ્રાયશ્ચિત્ત વિના પણ વિશુદ્ધિ શક્ય મનાયેલ છે. જ્યારે બ્રહ્મચર્યવ્રતની બાબતમાં તપ પ્રાયશ્ચિત્ત વિના વિશુદ્ધિ શક્ય મનાયેલ નથી. આવું શા માટે ? આ બાબતમાં જૈનાચાર્યોનો મત છે કે હિંસા આદિમાં રાગ-દ્વેષપૂર્વક કે રાગદ્વેષ રહિત બંને પ્રકારની પ્રતિસેવના શક્ય છે અને જો પ્રતિસેવના રાગ-દ્વેષથી રહિત છે તો તેના માટે વિશેષ પ્રાયશ્ચિત્ત નથી પરંતુ મૈથુનનું સેવન રાગ-દ્વેષના અભાવમાં નથી થતું. જેથી બ્રહ્મચર્યવ્રતની સ્ખલનામાં તપ પ્રાયશ્ચિત્ત અપરિહાર્ય છે. જે

(૧) બૃહત્કલ્પ ભાષ્ય પીઠિકા - ગા. ૩૨૨
(૨) બૃહત્કલ્પ ભાષ્યગાથા - ૩૨૩ - ૩૨૪.
(૩) દશવૈકાલિક - ૬/૧૪
(૪) વ્યવહારસૂત્ર - ૩.૮


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ખલના માટે તપ પ્રાયશ્ચિત્તનું વિધાન હોય તેને અપવાદ માર્ગ નથી કહેવાતો. નિશીથભાષ્યના આધારે પંડિત દલસુખભાઈ માલવણીયાનું[1] કથન છે કે જો હિંસા આદિ દોષોનું સેવન સંયમના રક્ષણ માટે કરાય તો તપ પ્રાયશ્ચિત્તનથી હોતું. પરંતુ અબ્રહ્મચર્ય સેવન માટે તો તપ કે છેદનું પ્રાયશ્ચિત્ત જ આવશ્યક છે.

જો કે બ્રહ્મચર્યવ્રતની સ્ખલના માટે પ્રાયશ્ચિત્તવિધાન હોવાથી બ્રહ્મચર્યનો કોઈ અપવાદ સ્વીકારાયો નથી. પરંતુ તેનું તાત્પર્ય એ નથી કે જૈનાચાર્યોએ તે બધી પરિસ્થિતિઓ પર વિચાર નથી કર્યો, જેવી રીતે જીવનની રક્ષા અથવા સંઘની પ્રતિષ્ઠાને સુરક્ષિત રાખવા માટે શીલભંગ માટે વિવશ થવું પડે. નિશીથ[2] તથા બૃહત્કલ્પભાષ્યમાં[3] આ ઉલ્લેખ છે કે જો એવો પ્રસંગ ઉત્પન્ન થાય કે જેમાં શીલભંગ અને જીવનરક્ષણ બંનેમાંથી એકજ વિકલ્પ હોય તો એવી સ્થિતિમાં શ્રેષ્ઠતો એ જ છે કે મૃત્યુનો સ્વીકાર કરવો પણ શીલભંગ ન કરવો. પરંતુ જો મૃત્યુ સ્વીકાર કરવામાં અસમર્થ હોવાના કારણે શીલભંગ કરે તો આવી સ્થિતિમાં શીલભંગ કરનાર ભિક્ષુના મનોભાવને લક્ષમાં રાખીને જ પ્રાયશ્ચિત્તનું નિર્ધારણ કરાય છે. જૈનાચાર્યોએ બ્રહ્મચર્યની સુરક્ષા પર સર્વાધિક ભાર આપ્યો છે. માટે તેમણે ભિક્ષુ માત્ર મૈથુનનો નિષેધ નથી કર્યો પરંતુ ભિક્ષુ માટે નવજાત કન્યાનો અને ભિક્ષુણી માટે નવજાત કુમારનો સ્પર્શ પણ વર્જિત કર્યો છે. આગમમાં ઉલ્લેખ છે કે ભિક્ષુણીને કોઈપણ પુરુષ પછી ભલે તે પુત્ર કે પિતા કેમ નહોય પરંતુ તેનો સ્પર્શ કરે નહીં. પરંતુ અપવાદરૂપમાં એ વાત સ્વીકારાઈ છે કે નદીમાં ડૂબતી હોય તેવી અગર વિક્ષિપ્ત ચિત્તવાળી ભિક્ષુણીને ભિક્ષુ સ્પર્શ કરી શકે છે. આ રીતે સર્પદંશ કે કાંટો લાગી જવાથી તેની ચિકિત્સાનો અન્ય કોઈ ઉપાય ન હોય ત્યારે ભિક્ષુ કે ભિક્ષુણી પરસ્પર એકબીજાને સહાય કરી શકે છે.

એ યાદ રાખવું જોઈએ કે ઉક્ત અપવાદ બ્રહ્મચર્યના ખંડનથી સંબંધિત નથી માત્ર સ્ત્રી-પુરુષના પરસ્પર સ્પર્શથી સંબંધિત છે. નિશીથ ભાષ્ય અને બૃહત્કલ્પભાષ્યના અધ્યયનથી સ્પષ્ટ થઈ જાય છે કે જૈનાચાર્યોએ બ્રહ્મચર્યની સુરક્ષા પર કેટલી ઉંડાણથી વિચાર કર્યો છે. જૈનાચાર્યોએ એ પ્રશ્ન પર પણ વિચાર કર્યો છે કે એકબાજુ વ્યક્તિ શીલભંગ કરવા નથી ઈચ્છતો પરંતુ બીજીબાજુ વાસનાનો આવેગ એટલો તીવ્ર હોય છે કે તે પોતાની જાત પર સંયમ નથી રાખી શકતો. આવી સ્થિતિમાં શું કરવું ?

આવી સ્થિતિમાં જૈનાચાર્યોએ સર્વનાશની અપેક્ષાએ અર્ધવિનાશની નીતિનો પણ સ્વીકાર કર્યો છે. આ બાબતમાં જૈનાચાર્યોએ આ ઉપાય પણ બતાવ્યો છે કે આવા ભિક્ષુ અથવા ભિક્ષુણીને અધ્યયન, લેખન, વૈયાવચ્ચ આદિ કાર્યોમાં એટલા વ્યસ્ત કરી દેવામાં આવે કે તેને કામવાસના જાગવાનો સમય જ ન રહે.આ રીતે તેમણે કામ વાસના પર વિજય પ્રાપ્ત કરવાના ઉપાય પણ બતાવ્યા છે.

સામાન્યતઃ ભિક્ષુ માટે પરિગ્રહના સંપૂર્ણ ત્યાગનું વિધાન છે અને આ આધારે જ અચેલતાની પ્રશંસા કરાઈ છે. સામાન્યતઃ આચારાંગ આદિ સૂત્રોમાં ભિક્ષુ માટે અધિકતમ ત્રણ વસ્ત્રો અને અન્ય પરિમિત ઉપકરણ રાખવાની અનુમતિ છે, પરંતુ જો મધ્યકાલીન જૈનસાહિત્યનો અને સાધુજીવનનું અધ્યયન કરીએ તો એ સ્પષ્ટ લાગે છે કે ધીરે-ધીરે ભિક્ષુ જીવનમાં રાખવા યોગ્ય વસ્તુની સંખ્યા વધતી જાય છે અને અન્ય પણ આચાર સંબંધી નિયમો સ્થિર નથી રહ્યા. માટે અપવાદિતરૂપમાં કેટલા અકરણીય કાર્યો કરવા પણ વિહિત માની લીધા છે જે સામાન્યતઃ નિંદિત મનાતા હતા. અપવાદમાર્ગ બાબતની વિસ્તૃત ચર્ચા નિશીથ ભાષ્ય એવં નિશીથ ચૂર્ણિ આદિમાં ઉપલબ્ધ છે. પંડિત દલસુખભાઈ માલવણીયાએ તેમના ગ્રંથ 'નિશીથ એક અધ્યયન'[4]માં એવં ઉપાધ્યાય અમરમુનિજીએ નિશીથચૂર્ણિ[5] ના તૃતીય ભાગની ભૂમિકામાં તેનું વિસ્તારથી વિવેચન કર્યું છે. જિજ્ઞાસુ પાઠકગણ વિશેષ ત્યાં જોઈ શકે છે. નિશીથસૂત્ર હિન્દી વિવેચનમાં પણ ઉત્સર્ગ અને અપવાદનું રૂપ સમજાવવામાં આવ્યું છે.[6]

**'અનુયોગ' વિશ્લેષણ એવં પ્રસ્તુત કૃતિ** : શબ્દો બે પ્રકારના હોય છે. યૌગિક અને રૂઢ. તેમાંથી કેટલાય શબ્દોના અનેકઅર્થ થાય છે. ભિન્ન-ભિન્ન દેશકાળમાં ભિન્ન ભિન્ન અર્થ પ્રસંગ અનુસાર પ્રચલિત રહેતા હોય છે. પરંતુ પ્રયોગ કર્તાના આશય અનુસાર એક અર્થ મુખ્ય રહે છે. તદનુસાર અનુયોગ શબ્દના પણ બે અર્થ અપેક્ષિત છે :-

(૧) સૂત્રને અનુકૂલ અર્થનો યોગ કરવો.

(૨) એક એક વિષયને અનુરૂપ (સદશ) વિષયોનો યોગ કરવો. અર્થાત્ વર્ગીકૃત સંકલન કરવું.

પ્રસ્તુત સંકલનમાં બીજા અર્થને અપેક્ષિત કરીને સંકલન કરાયું છે. જેનો આધારના નિમ્ન પ્રયોગ છે.

(૧) દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ.

(૨) દૃષ્ટિવાદનો એક વિભાગ અનુયોગ.

(૩) ગણધર ગંડિકાનુયોગ, તપ ગંડિકાનુયોગ આદિ.

---

(૧) નિશીથ એક અધ્યયન - પૃ. ૬૮
(૨) નિશીથ ગાથા - ૨૬૬-૨૬૭.
(૩) બૃહત્કલ્પભાષ્ય ગાથા - ૪૯૪૬ - ૪૯૪૭
(૪) પંડિત દલસુખભાઈ માલવણીયા - નિશીથ એક અધ્યયન પૃ. ૫૩-૭૦
(૫) નિશીથ સૂત્ર ચૂર્ણિ - તૃતીય ભાગ ભૂમિકા પૃષ્ઠ ૭-૨૮
(૬) છેદસૂત્ર - પૃષ્ઠ ૭૪-૭૫ આગમ પ્રકાશન સમિતિ બ્યાવર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રયોગોથી એ જાણવા મળે છે કે જેમાં વિવક્ષિત એક વિષયનું કથન હોય અગર એક વ્યક્તિનું જીવન હોય તો તેના નામ સાથે અનુયોગ કે ગંડિકાનુયોગ શબ્દ જોડીને કહેવાય છે.

આચારાંગ, ઉવવાઈ આદિ સૂત્રોની ટીકામાં કહેવાયેલા ચાર અનુયોગને આધારભૂત માનીને પ્રસ્તુત કૃતિમાં સંપૂર્ણ આગમોને ચાર અનુયોગમાં વિભાજીત કર્યા છે.

**અનુયોગ શબ્દની ઉપલબ્ધ વ્યાખ્યાઓ :**

અભિધાન રાજેન્દ્રકોશના પ્રથમભાગમાં અનુયોગ શબ્દના અનેક અર્થ એવં અનેક પ્રયોગોની વિસ્તૃત વ્યાખ્યા પૃ. ૩૪૦ થી ૩૬૦ સુધી છે.

થોડાં અર્થ અહીં આપીએ છીએ.

(૧) अणु सूत्रं, महान अर्थः ततो महतो अर्थस्य अणुना सूत्रेण योगो अनुयोग : પૃ. ૩૪૦/૨

(૨) अणुयोगो व्याख्यानम् પૃ. ૩૫૪/૧

(૩) अनुरूपो योगः अनुयोगः सूत्रस्य अर्थेन सार्द्ध अनुरूपः सम्बन्धो व्याख्यानमित्यर्थ : પૃ. ૩૫૫/૨૨

(૪) आर्य वज्राद यावत् अपृथक्त्वे सति "सूत्रव्याख्या रूपः ऐकोप्यनुयोगः क्रियमाणः प्रतिसूत्रं चत्वारि द्वाराणि भाषतेः चरणकरणादीश्यतुरोऽपि अर्थात् प्रतिपादयति इत्यर्थः । पृथकत्वानुयोगकरणादेव व्यवच्छिन्नः । ततः प्रजृति एक एक चरण करणादीनामन्यतरो अर्थः प्रतिसूत्रं व्याख्यायते, न चत्वारोऽपि इत्यर्थः ।

(૫) अनुयोगो अर्थ व्याख्यानम् । પૃ. ૩૫૮/૨

(૬) अध्ययनार्थ कथनविधिः अनुयोगः । "अनुयोग द्वार" પૃ. ૩૫૮

(૭) महापुरस्य इव सामायिकस्य अनुयोगार्थं व्याख्यानार्थ द्वाराणि इति अनुयोग द्वाराणि ।

(૮) अनुयोगद्दाराई, महापुरस्सेव तस्स चत्तारि ।
अणुयोगोत्ति सदत्थो, दाराई तस्स उ महाइं ॥
"अणुओगद्दार" પૃ. ૩૫૮/૨

(૯) संहितायपदं चेव, पयत्थो, पदविग्गहो ।
चालणाय पसिद्धीय, छव्विहं विद्धिलक्खणं ॥ પૃ. ૩૫૫/૧૯

(૧૦) सं च अनुयोगो यद्यपि अनेकग्रंथ विषयः संभवति तथापि प्रतिशास्त्रं, प्रति अध्ययनं, प्रतिउद्देशकं, प्रति वाक्यं, प्रतिपदं च, उपकारित्वाद् अनुयोगद्वाटीका પૃ. ૩૫૯/૧

(૧૧) अनुयोगिन - अनुयोगो व्याख्यानम् प्ररूपणा इति यावत् स यत्र अस्ति ।
अनुयोगी आचार्य :, अणुयोगी, लोगाणं संसयणासओ दढं होति ।
अणुओगधर - अनुयोगिकः ।

(૧૨) अणुयोग परः - सिद्धान्त व्याख्याननिष्ठः ।

(૧૩) नंदीसूत्र गाथा ३२ टीका- मलयगिरीया -
"कालिक श्रुतानुयोगिकान्" - कालिकश्रुत्तानियोगे व्याख्याने नियुक्ताः कालिक श्रुतानियोगिकाः तान् । अथवा कालिक श्रुतानुयोग येषां विधत्ते इति कालिक श्रुतानुयोगिनः ।

(૧૪) अणुओगे च नियोगी, भाषा विभाष य वत्तियं चेव ।
ए ए अणुओगस्स उ नामा एग ट्ठिआ पंचा ॥
बृहत्कल्पभाष्य । कोष પૃ. ૩૪૪
अणुओयणं अणुओगो सुयस्स नियएण जमभिहेएण ।
वावारो वा जोगो, जो अणुसोओ अणुकूलो वा ॥ પૃ. ૩૪૪
सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्तो मीसिओ भणिओ ।
तइओ य निरवसेसो, एस विही भणिय अणुओगे ॥
પૃ. ૩૪૫/૧૪.

આ ઉપર્યુક્ત ઉદાહરણમાં સૂત્રના અર્થને સંક્ષિપ્ત અગર વિસ્તૃત કહેવાની પદ્ધતિને અર્થાત્ વ્યાખ્યા કરવાની પદ્ધતિઓને અનુયોગ શબ્દથી પરિલક્ષિત કરાઈ છે.

**નન્દી સૂત્રમાં અનુયોગ શબ્દના પ્રયોગ.**

(૧) रयणकरण्डगभूओ, अणुओगोर क्खिओ जेहिं ॥३२॥

(૨) अयलपुरा निक्संते, कालियसुय अणुओगिए धीरे ।
बंभद्दिवग-सीहे, वायग पयमुत्तमं पत्ते ॥३६॥

(૩) जेसिं इमो अणुओगो पयरइ अज्जावि अड्ढ भरहम्मि ॥ ३७॥

(૪) कालिय सुय अणुओगस्स धारए, धारए य पुव्वाणं ।
हिमवंत समासमणे वन्दे नागज्जुणायरिए ॥ ३९॥

(૫) गोविंदाणं पि णमो, अणुओगे विउल धारणिंदाणं ॥४१॥

(૬) सीलगुण गदियाणं अणुओग जुगपहाणाणं ॥४८॥

નન્દી સૂત્રની આ ગાથાઓથી નિષ્કર્ષ નીકળે છે કે કાલિક સૂત્રની જે સંક્ષિપ્ત કે વિસ્તૃત વ્યાખ્યા કરાય છે તેની એક વિશિષ્ટ પદ્ધતિ હોય છે. જે આગમકાલથી સૂત્રોની સાથે જ શિષ્યોને સમજાવાય છે તે વ્યાંખ્યાઓ સહિત સૂત્ર વિસ્તૃત થઈ જતાં હતાં તેને કંઠસ્થ કરવાનું ક્રમશઃ કઠિન થતું ગયું. માટે અનુયોગ પદ્ધતિથી કરવાવાળી વ્યાખ્યાયુક્ત કાલિક સૂત્રોને ધારણ કરવાવાળા બહુશ્રુત આચાર્યોએ અનુયોગધર, અનુયોગ રક્ષક, અનુયોગિક, અનુયોગપ્રધાન આદિ વિશેષણોથી વિભૂષિત કરાયા છે.

અહીં ગાથામાં પ્રયુક્ત અનુયોગ (વ્યાખ્યા પદ્ધતિ) પહેલેથી પ્રચલિત હતી તેનું રક્ષણ અને ધારણ યુગપ્રધાન આચાર્યોએ કર્યું હતું માટે આ ગાથાઓથી અનુયોગના પ્રથક્કરણ કે નવિનીકરણનો કંઈપણ સંકેત સમજવો ભ્રમપૂર્ણ છે.

ગાથા-૩૭ અનુસાર (નંદી રચનાના સમયે) જે સૂત્રોની વ્યાખ્યા કંઠસ્થ પરંપરામાં ઉપલબ્ધ હતી તે બધી સ્કંદિલાચાર્ય દ્વારા વ્યવસ્થિત એવં નિશ્ચિત કરાઈ હતી.

અભિધાન રાજેન્દ્ર કોષમાંથી ઉદ્દધૃત નં.૪ અનુસાર પ્રત્યેક અધ્યયનના પ્રત્યેક સૂત્રની વ્યાખ્યાઓ ચારે અનુયોગોના આધારે કરાતી હતી અર્થાત્ તે સૂત્રમાં તત્ત્વ શું કહ્યું છે ? તેનો સંમયાચરણથી શું સંબંધ છે ? તેના માટે ઉદાહરણ શું છે ? ઈત્યાદિ યથાસંભવ ૨/૩ કે૪ અનુયોગોમાં ઘટિત કરીને સમજાવતું હતું.

**સમાનપાઠો (વિષયો)ના અનુયોગ :** સામાન્યરીતે પાઠક વિષયાનુસાર વર્ગીકરણને વાંચવામાં વિશેષ રુચિ રાખે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજવામાં પણ એક વિષયનું સંપૂર્ણ વર્ણન એકસાથે અત્યંત સુવિધાજનક રહે છે. સ્વાધ્યાયશીલ પાઠકો અને અન્વેષક વિદ્યાર્થીઓ માટે તો વર્ગીકૃત વિષયોનું સંકલન અત્યંત ઉપયોગી થાય છે.

તેથી વર્ગીકૃત વિષયોના સંકલનની આવશ્યકતા એવં ઉપયોગિતા સદા મનાય છે. આગમોમાં પણ આ પદ્ધતિનું જ અધિકાંશતઃ અવલંબન લેવાયું છે.

વિષયોનું વિભાજન અનેક દષ્ટિકોણથી કરાય છે. તે વિભાજનકર્તાના દષ્ટિકોણ પર નિર્ભર છે. જેમકે- (૧) જીવદ્રવ્યના વિષયનો અલગવિભાગ કરવો. પરંતુ તેમાં અન્ય કોઈ ક્રમ, ગતિ કે દંડકના વિભાજનનું લક્ષ્ય ન રાખવું (૨) ગતિઓની અપેક્ષાએ વિભાજન કરવું પરંતુ દંડકના ક્રમ કે વ્યુત્ક્રમનું લક્ષ્ય ન રાખવું (૩) દંડકનું ક્રમથી વિભાજન કરવું પરંતુ તેમાં બાર દેવલોક સાત નરક કે પાંચ તિર્યંચનો ક્રમ ન રાખવો. ઈત્યાદિ સ્થૂલથી સૂક્ષ્મ કે સૂક્ષ્મતર અપેક્ષિત વિભાજન ઉપયોગિતાનુસાર કરી શકાય છે. અથવા -

(૧) પ્રાયશ્ચિત્ત વિભાગોને એક સૂત્રમાં કહેવા, (૨) લઘુ, ગુરુ, માસિક, ચોમાસી આવિભાગોને ક્રમથી કરવા (૩) તેમાં પણ પાંચમહાવ્રતોની અપેક્ષાથી વિભાજીત કરવા (૪) સમિતિ, ગુપ્તિ, દીક્ષા, સંઘ વ્યવસ્થા, સ્વાધ્યાય આદિ વિભાગોમાં વિભાજન કરવું ઈત્યાદિ અનેક પ્રકારે વિભાજન કરી શકાય છે.

આગમોમાં કરાયેલી વિભાજન પદ્ધતિ પણ એક સાપેક્ષ પદ્ધતિ છે, જેમકે -

(૧) આચારાંગમાં પ્રથમ શ્રુતસ્કંધમાં સંયમના પ્રેરક વિષય છે.

(૨) આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધમાં સાધુના અતિ આવશ્યક આચારોનું વર્ણન છે.

(૩) સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનને છોડીને શેષ બધા અધ્યયનોમાં સાધ્વાચારનું પ્રતિપાદન કરાયું છે.

(૪) દશવૈકાલિકમાં મુનિજીવનનું પૂર્ણ માર્ગદર્શન આપ્યું છે.

(૫) જ્ઞાતાથી વિપાક પર્યંતના સૂત્રોમાં વિવિધ ધર્મકથાઓ છે.

(૬) પ્રશ્નવ્યાકરણમાં પાંચ આશ્રવ, પાંચ સંવરનો વિષય સંકલિત છે.

(૭) નંદીમાં જ્ઞાનનો વિસ્તૃત વિષય છે.

(૮) ચાર છેદ સૂત્રોમાં પણ મુખ્ય આચાર સંબંધી વિષયોનું સંકલન છે. જેમાં નિશીથસૂત્રમાં તો આખામાં પ્રાયશ્ચિત્ત વિધાનોનું સંકલન છે.

આ રીતે અન્ય ઉપાંગ આદિ કેટલાય સૂત્ર એક એક વિષયના સંકલન યુક્ત છે. ઠાણાંગ, સમવાયાંગનું સંકલન સંખ્યાપ્રધાન છે. પરંતુ તેમાં વિષયોની વિભિન્નતા છે.

ભગવતી સૂત્ર આખું વિવિધ વિષયોના પ્રશ્નોત્તરનું સંકલન છે. ઉત્તરાધ્યયન સૂત્ર વિભિન્ન વિષયોનું ગદ્ય-પદ્યાત્મક સૂત્ર છે.

નિષ્કર્ષ એ છે કે આ આગમોની રચના પદ્ધતિ પણ વિષય સંકલનમાં એક વિશેષ વિવક્ષાવાળી છે. છતાં પણ વિષયોના સૂક્ષ્મ, સૂક્ષ્મતર વિભાજનની જિજ્ઞાષાવાળાને તેના અધ્યયનમાં કઠિનાઈનો અનુભવ થાય તે સ્વભાવિક છે. જેથી પ્રસ્તુત અનુયોગ વિભાજન એક વિશિષ્ટ વિભાજનની પૂર્તિ માટે કરાયું છે.

જોકે આ પ્રકારના વિભાજનની આવશ્યકતા પ્રાચીન સમયમાં પણ હતી. પરંતુ એવું વર્ગીકરણ કરવાનું સાહસ કોઈએ પણ ન કર્યું. કારણકે આવું કરવાંથી સૂત્રોના અસ્તિત્વને નષ્ટ કરવાનું ભ્રમિત વાતાવરણ ઉપસ્થિત થવાનો ભય હતો પરંતુ તેમાં ન તો સૂત્રનુ અસ્તિત્વ નષ્ટ કરવાનું છે અને નથી આગમોના મૂલ્યોને હ્રાસ કરવાના પરંતુ આગમોની ઉપયોગિતા વધારવાની છે.

આગમોનું સ્વતંત્ર અસ્તિત્વ પણ અલગ રહી જાય છે અને વિષયાનુસાર વર્ગીકરણવાળા ચાર અનુયોગરૂપ આ ચાર અનુપમગ્રંથોનું અલગ મહત્ત્વ પણ સ્પષ્ટ છે.

આ સાહસપૂર્ણ અને શ્રમપૂર્ણ કાર્યને વર્તમાનમાં ઉપાધ્યાય પ્રવર પંડિતરત્ન મુનિ શ્રી કનૈયાલાલજી 'કમલ' મ. સા. સ્વેચ્છાએ કરેલ છે. અને બત્રીસસૂત્રોનું વિશિષ્ટ પદ્ધતિથી વિષયાનુસાર વર્ગીકરણ કરીને સંયમીજીવનનાં ૫૦ વરસ શ્રુતની અનુપમ સેવા કરી છે. તેમનું આ કાર્ય જૈનધર્મ અને જૈન સાહિત્યના ઈતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આગમોના સંદર્ભમાં આ એટલું મહાનકાર્ય છે કે ગત બે હજાર વરસના જૈનઈતિહાસમાં ન થઈ શક્યું હતું. આ મહાનકાર્ય માટે નિશ્ચિત જ આખો જૈનસમાજ મુનિશ્રીનો આભારી છે. મુનિશ્રીએ માત્ર આ વર્ગીકરણનું જ મહાનકાર્ય નથી કર્યું પરંતુ તેની સાથે-સાથે શબ્દાનુસારી હિન્દી અનુવાદ અને ગુજરાતી અનુવાદ આપીને જે લોકોને પ્રાકૃતજ્ઞાન નથી પરંતુ વિષયવસ્તુ સમજવા માટે ઉત્સુક છે તેવા લોકો પર બહુ મોટું ઉપકાર કર્યો છે. મુનિશ્રીની આ જ્ઞાન સાધના તેમની કીર્તિને અખંડ રાખશે તેમાં કોઈ સંદેહ નથી.

હું સ્વયં પણ વ્યક્તિગત રૂપે મુનિશ્રીનો કૃતજ્ઞ છું કે તેમણે તેની ભૂમિકા લખવાનો નિર્દેશ કરીને મને આગમોના અધ્યયનનો એક અવસર પ્રદાન કર્યો. સાથે તેમનો એટલા માટે ક્ષમાપ્રાર્થી છું કે પ્રસ્તુત ભૂમિકા માટે મેં તેમને ઘણી જ પ્રતિક્ષા કરાવી. જો કે તેમાં મારા પ્રમાદ કરતાં મારી વ્યસ્તતા તથા બાહ્ય પરિસ્થિતિઓ જ અધિક બાધક રહી છે જેના કારણે હું આ કામ શીઘ્ર પૂર્ણ ન કરી શક્યો. અંતમાં આ ભૂમિકાના લેખનમાં જેનો-જેનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ મળ્યો છે તે દરેકના પ્રત્યે પુનઃ આભાર વ્યક્ત કરું છું.

**ડો. સાગરમલ જૈન**
ભૂતપૂર્વ નિર્દેશક
શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન
વારાણસી (ઉ.પ્ર.)

**: સમાપ્ત :**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ

## સહયોગી સદસ્યોની નામાવલિ

**વિશિષ્ટ સહયોગી :**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી સૂરજબેન ચુન્નીભાઈ ધોરીભાઈ પટેલ, પાર્શ્વનાથ કોર્પોરેશન<br>હસ્તે, સુપુત્ર શ્રી નવનીતભાઈ, પ્રવીણભાઈ, જયંતિભાઈ | અમદાવાદ |
| ૨. | શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ,<br>હસ્તે, શ્રી બળદેવભાઈ, બચ્ચુભાઈ, બકાભાઈ | અમદાવાદ |
| ૩. | આઈડિયલ સીટ મેટલ સ્ટૈમ્પિંગ એન્ડ પ્રેસિંગ પ્રા.લિ....હસ્તે, શ્રી આર.એમ.શાહ | અમદાવાદ |
| ૪. | શ્રી આત્મારામ માણિકલાલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે, શ્રી બળવન્તલાલ, મહેન્દ્રકુમાર, શાન્તિલાલ શાહ | અમદાવાદ |
| ૫. | શ્રી હસમુખલાલ કસ્તુરચંદભાઈ શાહ | અમદાવાદ |
| ૬. | શ્રી પ્રેમ ગ્રુપ પીપલિયા કલાં, શ્રી પ્રેમરાજ ગણપતરાજ બોહરા<br>હસ્તે શ્રી પૂરણચંદજી બોહરા | અમદાવાદ |
| ૭. | શ્રી રાજમલ રિખબચંદ મેહતા ચેરીટેબલ ટ્રસ્ટ....હસ્તે, શ્રી સુશીલાબેન રમણિકલાલ મહેતા | મુંબઈ |
| ૮. | શ્રી શ્રેણીકભાઈ કસ્તુરચંદ શેઠ | અમદાવાદ |
| ૯. | શ્રી દિપચંદભાઈ ગાર્ડી સાહેબ | મુંબઈ |
| ૧૦. | શ્રી યુ. એન. મહેતા સાહેબ | અમદાવાદ |
| ૧૧. | શ્રી કોકીલાબેન જંયતિલાલ કાંતિલાલ પટેલ | સાણંદ |
| ૧૨. | એક સદ્‌ગૃહસ્થ તરફથી...હસ્તે શ્રી ભરતભાઈ શેઠ | અમદાવાદ |
| ૧૩. | શ્રી વાલકેશ્વર સ્થા. જૈન સંઘ | મુંબઈ |
| ૧૪. | શેઠ શ્રી ચુનીલાલ લઘુભાઈ ગુંદીયાળાવાળા.. હસ્તે અરવિંદભાઈ | અમદાવાદ |
| ૧૫. | શ્રી કે. ડી. શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ..હસ્તે જગદીશભાઈ કાંતિલાલ શેઠ | અમદાવાદ |
| ૧૬. | શ્રી રસીકલાલ શાંતિલાલ રાજેન્દ્રભાઈ | અમદાવાદ |
| ૧૭. | શ્રી હસમુખલાલ સી. શેઠ | મુંબઈ |
| ૧૮. | શ્રી રૂપાબેન શૈલેશભાઈ મહેતા | પાલનપુર |
| ૧૯. | શ્રી પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ....હસ્તે શ્રી નવનીતભાઈ | અમદાવાદ |
| ૨૦. | શ્રી કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંક લિ. | અમદાવાદ |
| ૨૧. | શેઠશ્રી ચુન્નીલાલ નરભેરામ મેમોરિયલ ટ્રસ્ટ<br>હસ્તે, શ્રી મન્નુભાઈ બેકરીવાલા, રૂબી મિલ | અમદાવાદ<br>મુંબઈ |
| ૨૨. | શ્રી પ્રભૂદાસભાઈ એન. વોરા | મુંબઈ |
| ૨૩. | શ્રી પી. એસ. લૂંકડ ચેરિટેબલ ટ્રસ્ટ....હસ્તે શ્રી પુંખરાજજી લૂંકડ | મુંબઈ |
| ૨૪. | શ્રી ગાંધી પરિવાર.....હસ્તે, અમરચન્દ રિખવચન્દ ગાંધી | હૈદરાબાદ |
| ૨૫. | શ્રી ગુલશનરાયજી જૈન | દિલ્હી |
| ૨૬. | શ્રીચન્દજી જૈન, જૈન બન્ધુ | દિલ્હી |
| ૨૭. | શ્રી ઘેવરચંદજી કાનુંગા, એલ્કોબક્સ પ્રા.લિ. | જોધપુર |
| ૨૮. | શ્રીમતી તારાદેવી લાલચંદજી સિંઘવી | કુશાલપુરા |
| ૨૯. | શ્રી થાનચંદ મેહતા ફાઉન્ડેશન.....હસ્તે, શ્રી નારાયણચંદજી મહેતા | જોધપુર |
| ૩૦. | શ્રી ઉદયકુંવર ધર્મપત્ની શ્રી ઉમ્મેદમલજી સાંડ....હસ્તે, શ્રી ગણેશમલજી મોહનલાલજી સાંડ | જોધપુર |
| ૩૧. | શ્રીમતી સોહનકંવર ધર્મપત્ની ડો. સોહનલાલજી સંચેતી તથા<br>સુપુત્ર શ્રી શાન્તિપ્રકાશ, મહાવીરપ્રકાશ, જિનેન્દ્રપ્રકાશ અને નગેન્દ્રપ્રકાશ સંચેતી | જોધપુર |
| ૩૨. | શ્રી જેઠમલજી ચોરડિયા, મહાવીર ડ્રગ હાઉસ | બેંગ્લોર |
| ૩૩. | શ્રી શાન્તિલાલજી નાહર | અમદાવાદ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૩૪. | શ્રી ભીમરાજજી ઝવેરચંદજી | સાંડેરાવ |
| ૩૫. | શ્રી કમળાબેન હીરાલાલજી જીરાવાલા | અમદાવાદ |
| ૩૬. | શ્રી જયંતીભાઈ સુંદરજીભાઈ ગોસલિયા | અમદાવાદ |
| ૩૭. | ડૉ. શ્રી યોગેન્દ્રભાઈ શાંતિલાલ ભાવસાર | ખંભાત |
| ૩૮. | શ્રી હિમ્મતલાલ શામળદાસ શાહ | અમદાવાદ |
| ૩૯. | શ્રી મોહનલાલજી મુકનચંદજી બાલિયા | અમદાવાદ |
| ૪૦. | શ્રી વિજયરાજજી બાલાબક્સજી બોહરા - સાબરમતી | અમદાવાદ |
| ૪૧. | શ્રી અજયરાજજી કે. મહેતા - એલિસબ્રીજ | અમદાવાદ |
| ૪૨. | શ્રી ચીમનભાઈ ડોસાભાઈ પટેલ....હસ્તે, નવનીતભાઈ | અમદાવાદ |
| ૪૩. | કાંતાબેન જંયતિલાલ મનસુખલાલ લોખંડવાલા | અમદાવાદ |
| ૪૪. | શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ (નગરશેઠનો વંડો) હસ્તે ભરતભાઈ શેઠ | અમદાવાદ |
| ૪૫. | શ્રી સ્થા. જૈન સંઘ (નારણપુરા) અમદાવાદ...હસ્તે શાંતિભાઈ | અમદાવાદ |
| ૪૬. | શ્રી સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ....હસ્તે, શ્રી બલદેવભાઈ | અમદાવાદ |
| ૪૭. | શ્રી પંજાબ જૈન ભ્રાતૃ સભા - ખાર | મુંબઈ |
| ૪૮. | શ્રી રતનકુમારજી જૈન, નિત્યાનન્દ સ્ટીલ રોલર મિલ | મુંબઈ |
| ૪૯. | શ્રી માણેકલાલજી રતનશી બગડીયા | મુંબઈ |
| ૫૦. | શ્રી હરીલાલ જયચંદ દોશી, વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ | મુંબઈ |
| ૫૧. | શ્રી તેજરાજજી રુપરાજજી બમ્બ | ઈચલકરંજી (મહારાષ્ટ્ર) |
| | હસ્તે, શ્રી માણેકચન્દજી રુપરાજજી બમ્બ | ભાદવાવાલા |
| ૫૨. | શ્રીમતી સુગનીબાઈ મોતીલાલજી બમ્બ....હસ્તે, શ્રી ભીમરાજજી બમ્બ પીહવાલા | હૈદરાબાદ |
| ૫૩. | શ્રી સ્થા. જૈન સંઘ, નવરંગપુરા | અમદાવાદ |
| ૫૪. | શ્રી નંદુભાઈ મહાસુખભાઈ પટેલ | અમદાવાદ |
| ૫૫. | શ્રી ભાઈલાલભાઈ હરિલાલ ગોસલિયા | અમદાવાદ |
| ૫૬. | શ્રી ધીરજલાલ મોરબિયા | આબુરોડ |
| ૫૭. | શ્રી સ્થા. જૈન સંઘ (સોલા) | અમદાવાદ |
| ૫૮. | શ્રી ધીરેશભાઈ ટી. શાહ | અમદાવાદ |
| ૫૯. | શ્રી બંસીભાઈ શીવલાલ કાપડિયા | અમદાવાદ |
| ૬૦. | શ્રી ગુલાબચંદજી માંગીલાલજી સુરાણા | સિકન્દ્રાબાદ |
| ૬૧. | શ્રી નેમનાથજી જૈન | ઈન્દૌર (મધ્યપ્રદેશ) |
| ૬૨. | શ્રી બાબુલાલજી ધનરાજજી મહેતા | સાદડી (મારવાડ) |
| ૬૩. | શ્રી હુકમીચંદજી મહેતા (એડવોકેટ) | જોધપુર |
| ૬૪. | શ્રી કેશરીમલજી હીરાચંદજી તાતેડ સમદડીવાલે | હુબલી |
| ૬૫. | શ્રી આર.ડી. જૈન, જૈન તાર ઉદ્યોગ | દિલ્હી |
| ૬૬. | શ્રી દેશરાજજી પૂરણચંદજી જૈન | અમદાવાદ |
| ૬૭. | શ્રી રોયલ સિન્થેટિક્સ પ્રા.લિ. | મુંબઈ |
| ૬૮. | શ્રી વિરદીચંદજી કોઠારી | કિશનગઢ |
| ૬૯. | શ્રી મદનલાલજી કોઠારી મહામંદિર | જોધપુર |
| ૭૦. | શ્રી જંવતરાજજી સોહનલાલજી બાફના | બેંગ્લોર |
| ૭૧. | શ્રી ધનરાજજી વિમલકુમારજી રુણબાલ | બૈંગ્લોર |
| ૭૨. | શ્રી જગજીવનદાસ રતનશી બગડીયા | દામનગર (ગુજરાત) |
| ૭૩. | શ્રી સુગાલ એન્ડ દામાણી | નઈ દિલ્હી |
| ૭૪. | શ્રી મભીવરાજજી હજારીમલજી સાણ્ડેરાવવાલે | કોસમ્બા |
| ૭૫. | મે. મરુધર ઈલેકિટ્રકલ્સ | મુંબઈ |
| | હસ્તે, શ્રી અક્ષયકુમારજી સામસુખા - જોધપુરવાલા | |
| ૭૬. | શ્રી વિજયરાજજી મહેતા | અમદાવાદ |

●●●●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ✻ અનુક્રમણિકા ✻

## ''ચરણાનુયોગ'' : ભાગ-૨


| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|

### (૧) દીક્ષા

| | | |
|---|---|---|
| | **પ્રવ્રજ્યા ગ્રહણ : વિધિ-નિષેધ-૧** | |
| ૧૬૩૦ | ધર્માન્તરાય કર્મોના ક્ષયોપશમથી પ્રવ્રજ્યા | ૧-૨ |
| ૧૬૩૧ | પ્રવ્રજ્યા- પાલકની ચૌભંગી | ૨-૩ |
| ૧૬૩૨ | ત્રણ પ્રકારનાં સંયતો | ૩ |
| ૧૬૩૩ | પ્રવ્રજ્યા યોગ્ય જનો | ૩ |
| ૧૬૩૪ | પ્રવ્રજ્યા યોગ્ય પ્રહર | ૩-૪ |
| ૧૬૩૫ | પ્રવ્રજ્યા યોગ્ય વય | ૪ |
| ૧૬૩૬ | પ્રવ્રજ્યા યોગ્ય દિશા | ૪ |
| ૧૬૩૭ | પ્રવ્રજિત કરવા આદિનાં વિધિ-નિષેધ | ૪-૫ |
| ૧૬૩૮ | બાળક- બાલિકાને વડી દીક્ષા આદિનો વિધિ-નિષેધ | ૫ |
| ૧૬૩૯ | પ્રવ્રજિત થનારનાં ઉપકરણોનું પ્રરૂપણ | ૫ |
| ૧૬૪૦ | પ્રવ્રજ્યા માટે અયોગ્ય | ૬ |
| ૧૬૪૧ | અસમર્થને પ્રવ્રજિત કરનારનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૬ |
| | **પ્રવ્રજ્યા (દીક્ષા) ના પ્રકાર-૨** | |
| ૧૬૪૨ | વિવિધ પ્રકારની પ્રવ્રજ્યા | ૬-૭ |
| ૧૬૪૩ | પ્રવ્રજ્યાને કૃષિ (ખેતી) ની ઉપમા | ૭-૮ |
| ૧૬૪૪ | પ્રવ્રજ્યાને ધાન્યની ઉપમા | ૮ |
| ૧૬૪૫ | મુંડનના પ્રકાર | ૮ |
| ૧૬૪૬ | પ્રવ્રજ્યાના દસ પ્રકાર | ૮ |
| ૧૬૪૭ | દુઃખનો અંત કરનારી પ્રવ્રજ્યા | ૯ |
| | **ઉપસ્થાપના વિધિ- નિષેધ-૩** | |
| ૧૬૪૮ | વડી દીક્ષા આપવાનો કાળ પ્રમાણ | ૯ |
| ૧૬૪૯ | ઉપસ્થાપનના વિધાનાદિ | ૯-૧૦ |
| ૧૬૫૦ | વડી દીક્ષા માટે યોગ્ય | ૧૦ |
| ૧૬૫૧ | વડી દીક્ષા માટે અયોગ્ય | ૧૦-૧૧ |
| ૧૬૫૨ | અયોગ્યને વડી દીક્ષા આપવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૧૧ |

### (૨) સંયમી જીવન

| | | |
|---|---|---|
| | **સંયમનું સ્વરૂપ-૧** | |
| ૧૬૫૩ | સંયમનું સ્વરૂપ | ૧૧ |
| ૧૬૫૪ | સંયમનું મહત્વ | ૧૧ |
| | **સંયમનાં પ્રકાર- ૨** | |
| ૧૬૫૫ | પાંચ પ્રકારનાં ચારિત્ર અને તેની પરિભાષા | ૧૨ |
| ૧૬૫૬ | છ પ્રકારની કલ્પસ્થિતિ | ૧૨ |
| ૧૬૫૭ | સંયમનાં ભેદ-પ્રભેદ | ૧૨-૧૫ |
| ૧૬૫૮ | સંયમના પ્રકાર | ૧૫-૧૬ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૬૫૯ | અસંયમના પ્રકાર | ૧૬ |
| ૧૬૬૦ | ચારિત્રના પ્રકાર | ૧૬ |
| ૧૬૬૧ | સમારંભ-અસમારંભથી સંયમ અસંયમના પ્રકાર | ૧૭-૧૯ |
| | **સંયમ ગ્રહણ વિધિ-૩** | |
| ૧૬૬૨ | સંયમ યોગ્ય જનો | ૧૯ |
| ૧૬૬૩ | સંયમ યોગ્ય પ્રહર | ૧૯ |
| ૧૬૬૪ | સંયમ યોગ્ય વય (અવસ્થા) | ૨૦ |
| ૧૬૬૫ | યતનાવરણીય કર્મોના ક્ષયોપશમથી સંયમ | ૨૦-૨૧ |
| | **સંયમીના લક્ષણ- ૪** | |
| ૧૬૬૬ | નિર્ગ્રન્થનાં લક્ષણ | ૨૧-૨૨ |
| ૧૬૬૭ | અનગારનાં લક્ષણ | ૨૨-૨૩ |
| ૧૬૬૮ | સંયતોનાં લક્ષણ | ૨૩ |
| ૧૬૬૯ | માહણ આદિનાં લક્ષણ | ૨૩-૨૪ |
| ૧૬૭૦ | ત્યાગી-અત્યાગીનાં લક્ષણ | ૨૪ |
| ૧૬૭૧ | સુસાધુનાં લક્ષણ | ૨૪-૨૬ |
| ૧૬૭૨ | ભિક્ષુનાં લક્ષણ | ૨૬-૩૦ |
| ૧૬૭૩ | મહર્ષિના લક્ષણ | ૩૦ |
| ૧૬૭૪ | મુનિઓનાં લક્ષણ | ૩૦-૩૨ |
| ૧૬૭૫ | અમુનિ તથા મુનિનું સ્વરૂપ | ૩૨-૩૩ |
| ૧૬૭૬ | અનાત્મવાન અને આત્મવાન | ૩૩ |
| ૧૬૭૭ | અણગારનાં ગુણ | ૩૩-૩૪ |
| ૧૬૭૮ | મૃતાદિ નિર્ગ્રન્થનું સ્વરૂપ | ૩૪-૩૫ |
| ૧૬૭૯ | નિર્ગ્રન્થોનાં પ્રશસ્ત લક્ષણ | ૩૬ |
| | **સંયમીની વિભિન્ન ઉપમાઓ - ૫** | |
| ૧૬૮૦ | શ્રમણની ઉપમાઓ | ૩૬-૩૭ |
| ૧૬૮૧ | સૂર્ય જેવા મહર્ષિ | ૩૮ |
| ૧૬૮૨ | પક્ષી જેવા લઘુ-ભૂત વિહારી | ૩૮ |
| ૧૬૮૩ | પક્ષી જેવા અપ્રતિબંધ વિહારી | ૩૮ |
| ૧૬૮૪ | હાથીની જેમ ધૈર્યવાન | ૩૮ |
| ૧૬૮૫ | મેરૂની જેમ ધૈર્યવાન | ૪૦ |
| ૧૬૮૬ | બળદની જેમ ભવાટવીનો પારગામી | ૪૦ |
| | **સંયમનો ઉપદેશ તથા વિશિષ્ટ ચર્ચાઓ - ૬** | |
| ૧૬૮૭ | નિર્ગ્રન્થની દુઃખ શય્યાઓ | ૪૦-૪૧ |
| ૧૬૮૮ | નિર્ગ્રન્થની સુખ શય્યાઓ | ૪૧-૪૨ |
| ૧૬૮૯ | સંયમ ગ્રહણનો ઉપદેશ | ૪૩ |
| ૧૬૯૦ | સંયમથી દુર્ગતિનો નિરોધ | ૪૪ |
| ૧૬૯૧ | જન્મ-મરણથી વિમુક્તિ | ૪૪ |
| ૧૬૯૨ | સંયતીને વિનયનો ઉપદેશ | ૪૪-૪૫ |
| ૧૬૯૩ | સંયમની આરાધનાનો ઉપદેશ | ૪૫-૪૯ |
| ૧૬૯૪ | ગૃહસ્થોના વૈયાવૃત્યની તથા વંદનપૂજાની ઈચ્છાનો નિષેધ | ૪૯-૫૦ |
| ૧૬૯૫ | અધિકરણ વિવર્જન | ૫૦ |
| ૧૬૯૬ | કલહપ્રિય પાપશ્રમણ | ૫૦ |
| ૧૬૯૭ | પરિષહ જયનો ઉપદેશ | ૫૦-૫૧ |





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| ૧૬૯૮ | અધ્યાત્મ જાગરણથી મુક્તિ | ૫૧-૫૨ |
| ૧૬૯૯ | શ્રમણોની ત્રણ ભાવનાઓ | ૫૨ |
| ૧૭૦૦ | શ્રમણોનાં બત્રીસ યોગ સંગ્રહ | ૫૨-૫૩ |
| ૧૭૦૧ | સંયમ યોગમાં આત્માની સ્થાપના | ૫૩ |
| | **સંયમી જીવનનાં અઢાર સ્થાન- ૭** | |
| ૧૭૦૨ | સંયમનાં અઢાર સ્થાન | ૫૪ |
| ૧૭૦૩ | પ્રથમ "અહિંસા" સ્થાન | ૫૪ |
| ૧૭૦૪ | બીજું "સત્ય" સ્થાન | ૫૪-૫૫ |
| ૧૭૦૫ | ત્રીજુ "અદત્ત" સ્થાન | ૫૫ |
| ૧૭૦૬ | ચોથું "બ્રહ્મચર્ય" સ્થાન | ૫૫ |
| ૧૭૦૭ | પાંચમું "અપરિગ્રહ" સ્થાન | ૫૫ |
| ૧૭૦૮ | છઠ્ઠું "રાત્રિ ભોજન વિવર્જન" સ્થાન | ૫૬ |
| ૧૭૦૯ | સાતમું "પૃથ્વીકાય અનારંભ" સ્થાન | ૫૬ |
| ૧૭૧૦ | આઠમું "અપ્કાય અનારંભ" સ્થાન | ૫૬ |
| ૧૭૧૧ | નવમું "તેજકાય અનારંભ" સ્થાન | ૫૭ |
| ૧૭૧૨ | દસમું "વાયુકાય અનારંભ" સ્થાન | ૫૭ |
| ૧૭૧૩ | અગિયારમું "વનસ્પતિકાય અનારંભ" સ્થાન | ૫૭-૫૮ |
| ૧૭૧૪ | બારમું "ત્રસકાય અનારંભ" સ્થાન | ૫૮ |
| ૧૭૧૫ | તેરમું "અકલ્પ્ય આહારાદિ વર્જન" સ્થાન | ૫૮ |
| ૧૭૧૬ | ચૌદમું "ગૃહસ્થપાત્રમાં ભોજન નિષેધ" સ્થાન | ૫૮-૫૯ |
| ૧૭૧૭ | ગૃહસ્થના પાત્રમાં ભોજન કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૫૯ |
| ૧૭૧૮ | પંદરમું "પલ્યંક" નિષદ્યા વર્જન" સ્થાન | ૫૯ |
| ૧૭૧૯ | ગૃહસ્થની શય્યા પર બેસવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૫૯ |
| ૧૭૨૦ | સોળમું "ગૃહનિષદ્યા વર્જન" સ્થાન | ૫૯-૬૦ |
| ૧૭૨૧ | ગૃહનિષદ્યાનો અપવાદ | ૬૦-૬૧ |
| ૧૭૨૨ | સત્તરમું "અસ્નાન" સ્થાન | ૬૧ |
| ૧૭૨૩ | અઢારમું "અવિભૂષા" સ્થાન | ૬૧ |
| | **સંયમી જીવનનું ફળ- ૮** | |
| ૧૭૨૪ | સર્વગુણ સંપન્નતાનું ફળ | ૬૧ |
| ૧૭૨૫ | સામાયિકનું ફળ | ૬૨ |
| ૧૭૨૬ | સંયમની આરાધનાનું ફળ | ૬૨-૬૩ |
| ૧૭૨૭ | ધર્મ આરાધનાનું પરિણામ | ૬૪ |
| ૧૭૨૮ | સંવૃત ભિક્ષુનું ફળ | ૬૪ |
| ૧૭૨૯ | નિર્ગ્રન્થની મુક્તિ | ૬૪ |
| ૧૭૩૦ | સુશ્રમણની સમાધિ અને કુશ્રમણની અસમાધિ | ૬૪-૬૫ |
| ૧૭૩૧ | અજ્ઞાની શ્રમણની ગતિ | ૬૬ |
| ૧૭૩૨ | ભિક્ષુની અહિંસાનું પરિણામ | ૬૬ |
| ૧૭૩૩ | ભિક્ષુની હિંસાનુમોદનનું ફળ | ૬૬ |
| ૧૭૩૪ | ભોગાશક્તિનું પરિણામ | ૬૬ |
| ૧૭૩૫ | સુવ્રતી સાધુનો સંસાર પાર | ૬૬ |
| ૧૭૩૬ | કુશ્રમણની દુર્ગતિ અને સુશ્રમણની સદ્ગતિ | ૬૬-૬૭ |
| ૧૭૩૭ | મદ્ય સેવનનું અને વિવર્જન પરિણામ | ૬૭-૬૮ |
| ૧૭૩૮ | મદ્યાદિ-સેવનનું નિષેધ | ૬૮ |


Jain Education International
For Private & Personal Use Only

www.jainelibrary.org

## (૩) સમાચારી

| | | |
|---|---|---|
| | **દિવસ રાત્રિક સમાચારી - ૧** | |
| ૧૭૩૯ | સમાચારીનું મહત્વ | ૬૮ |
| ૧૭૪૦ | દસ પ્રકારની સમાચારી | ૬૮-૬૯ |
| ૧૭૪૧ | સમાચારીનું પ્રવર્તન | ૬૯ |
| ૧૭૪૨ | દિવસ સમાચારી | ૬૯-૭૦ |
| ૧૭૪૩ | પૌરુષી વિજ્ઞાન | ૭૦ |
| ૧૭૪૪ | છ ક્ષય તિથિયો | ૭૦ |
| ૧૭૪૫ | છ વૃદ્ધિ તિથિયો | ૭૦-૭૧ |
| ૧૭૪૬ | પાત્ર-પ્રતિલેખનાનો કાળ | ૭૧ |
| ૧૭૪૭ | પ્રથમ પૌરુષીની સમાચારી | ૭૧ |
| ૧૭૪૮ | પ્રતિલેખનાની વિધિ | ૭૧ |
| ૧૭૪૯ | પ્રતિલેખનાના દોષ | ૭૧-૭૨ |
| ૧૭૫૦ | અન્યૂનાધિક પ્રતિલેખના | ૭૨ |
| ૧૭૫૧ | પ્રતિલેખના-પ્રમત્ત વિરાધક | ૭૨ |
| ૧૭૫૨ | પ્રતિલેખનામાં ઉપયુક્ત આરાધક | ૭૨ |
| ૧૭૫૩ | તૃતીય પૌરુષી સમાચારી | ૭૩ |
| ૧૭૫૪ | ચતુર્થ પૌરુષી સમાચારી | ૭૩ |
| ૧૭૫૫ | દૈવસિક પ્રતિક્રમણ સમાચારી | ૭૩ |
| ૧૭૫૬ | નિદ્રાશીલ પાપશ્રમણ | ૭૩ |
| ૧૭૫૭ | રાત્રિ-સમાચારી | ૭૩ |
| ૧૭૫૮ | રાત્રિ પૌરુષી વિજ્ઞાન | ૭૪ |
| ૧૭૫૯ | રાત્રિના ચતુર્થ પ્રહરની સમાચારી | ૭૪ |
| ૧૭૬૦ | રાત્રિ પ્રતિક્રમણ સમાચારી | ૭૪ |
| ૧૭૬૧ | ઉપસંહાર | ૭૪ |
| | **વર્ષાવાસ-સમાચારી - ૨** | |
| ૧૭૬૨ | વર્ષાકાળ આવવા પર વિહારનો નિષેધ | ૭૫ |
| ૧૭૬૩ | વર્ષાવાસને અયોગ્ય ક્ષેત્ર | ૭૫ |
| ૧૭૬૪ | વર્ષાવાસ યોગ્ય ક્ષેત્ર | ૭૫-૭૬ |
| ૧૭૬૫ | વર્ષાવાસ પછી વિહારનો અયોગ્ય કાળ | ૭૬ |
| ૧૭૬૬ | વર્ષાવાસ પછી વિહારનો યોગ્ય કાળ | ૭૬ |
| ૧૭૬૭ | વર્ષાવાસ અવગ્રહ ક્ષેત્રનું પ્રમાણ | ૭૬ |
| ૧૭૬૮ | વર્ષાવાસમાં વિહાર કરવાનો વિધિ-નિષેધ | ૭૬-૭૭ |
| ૧૭૬૯ | વર્ષાવાસમાં ગ્લાન હેતુ જવા માટે ક્ષેત્ર પ્રમાણ | ૭૭ |
| ૧૭૭૦ | પહેલા-બીજ પ્રાવૃટ્માં વિહાર કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૭૭ |
| | **વર્ષાવાસ આહાર સમાચારી - ૩** | |
| ૧૭૭૧ | સર્વત્ર આચાર્યાદિની આજ્ઞાથી જવું, વગર આજ્ઞાએ જવું નહિ. | ૭૮ |
| ૧૭૭૨ | ભિક્ષાચર્યા માટે જવા યોગ્ય ક્ષેત્ર | ૭૮ |
| ૧૭૭૩ | ભિક્ષાચર્યાની દિશા કહીને ભિક્ષાર્થ જવાનું વિધાન | ૭૯ |
| ૧૭૭૪ | નિત્યભોજીને ગોચરી જવાનું વિધાન | ૭૯ |
| ૧૭૭૫ | નિત્યભોજી માટે સર્વ પેય ગ્રહણ કરવાનું વિધાન | ૭૯ |
| ૧૭૭૬ | શ્રદ્ધાવાન ઘરોમાં અદૃષ્ટ પદાર્થ માંગવાનો નિષેધ | ૭૯ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| ૧૭૭૭ | આચાર્યની આજ્ઞાનુસાર ભક્ત-પાન ગ્રહણ કરવું અને આપવું. | ૮૦ |
| ૧૭૭૮ | ગ્લાનને પૂછીને જે આહાર પાણી લાવવાનું વિધાન | ૮૦ |
| ૧૭૭૯ | વિકૃતિ ગ્રહણ નિષેધ | ૮૦ |
| ૧૭૮૦ | આચાર્યને પૂછીને જ વિકૃતિ ગ્રહણ કરવાનું વિધાન | ૮૧ |
| ૧૭૮૧ | ગ્લાન માટે વિકૃતિ ગ્રહણ કરવાનું વિધાન | ૮૧-૮૨ |
| ૧૭૮૨ | વરસાદ પડવાથી પૂર્વ-ગૃહીત ભક્ત-પાનનાં ઉપયોગની વિધિ | ૮૨ |
| ૧૭૮૩ | વરસાદ પડવાથી એક સ્થાનમાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિઓને રહેવાની વિધિ | ૮૨-૮૩ |
| ૧૭૮૪ | ભીનું શરીર હોય ત્યાં સુધી આહાર કરવાનો નિષેધ | ૮૩ |
| | **વર્ષાવાસ-તપ-સંલેખના સમાચારી - ૪** | |
| ૧૭૮૫ | આચાર્યાદિને પૂછીને તપ કરવાનું વિધાન | ૮૪ |
| ૧૭૮૬ | ઉપવાસ કરનારને પાણી ગ્રહણ કરવાનું વિધાન | ૮૪ |
| ૧૭૮૭ | બે ઉપવાસ કરનારને પાણી ગ્રહણ કરવાનું વિધાન | ૮૪ |
| ૧૭૮૮ | ત્રણ ઉપવાસ કરનારને પાણી ગ્રહણ કરનારનું વિધાન | ૮૫ |
| ૧૭૮૯ | ચાર આદિ ઉપવાસ કરનારને ગરમ પાણી ગ્રહણ કરવાનું વિધાન | ૮૫ |
| ૧૭૯૦ | ભક્ત પ્રત્યાખ્યાન કરનારને ગરમ પાણી ગ્રહણ કરવાનું વિધાન | ૮૫ |
| ૧૭૯૧ | દત્તિની સંખ્યાઓનું વિધાન | ૮૫ |
| ૧૭૯૨ | પર્યુષણમાં આહાર કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૮૬ |
| ૧૭૯૩ | આચાર્યાદિને પૂછીને પાદપોપગમન કરવાનું વિધાન | ૮૬ |
| | **વર્ષાવાસ સંબંધી પ્રકીર્ણક સમાચારી - ૫** | |
| ૧૭૯૪ | ત્રણ ઉપાશ્રય ગ્રહણનું વિધાન | ૮૭ |
| ૧૭૯૫ | શય્યા તેમજ આસન ગ્રહણ કરવાનું વિધાન | ૮૭-૮૮ |
| ૧૭૯૬ | ત્રણ માત્રક ગ્રહણ કરવાનું વિધાન | ૮૮ |
| ૧૭૯૭ | વર્ષાવાસમાં પાત્ર અને વસ્ત્ર ગ્રહણ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૮૮ |
| ૧૭૯૮ | વર્ષાવાસમાં વસ્ત્ર સુકવવાનો વિધિ-નિષેધ | ૮૮-૮૯ |
| ૧૭૯૯ | ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ પ્રતિલેખન | ૮૯ |
| ૧૮૦૦ | આચાર્યાદિને પૂછીને ચિકિત્સા કરાવવાનું વિધાન | ૮૯ |
| ૧૮૦૧ | પર્યુષણ પછી વાળ રાખવાનો નિષેધ | ૮૯ |
| ૧૮૦૨ | પર્યુષણા પછી વાળ રાખવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૯૦ |
| ૧૮૦૩ | પર્યુષણામાં કલહની ક્ષમાયાચના કરવાનું વિધાન | ૯૦ |
| ૧૮૦૪ | સૂક્ષ્માષ્ટકની પ્રતિલેખનાનું વિધાન | ૯૦-૯૧ |
| ૧૮૦૫ | અકાળમાં પર્યુષણ કરવાનું તથા કાળમાં પર્યુષણ ન કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૯૧ |
| ૧૮૦૬ | સાંવત્સરિક સ્થવિર કલ્પની આરાધનાનું ફળ | ૯૧ |

## (૪) પ્રતિક્રમણ

| | | |
| --- | --- | --- |
| | **આવશ્યક સ્વરૂપ-૧** | |
| ૧૮૦૭ | ચાર પ્રકારનાં આવશ્યક | ૯૨-૯૬ |
| ૧૮૦૮ | છ પ્રકારનાં આવશ્યક | ૯૭ |
| | **પ્રતિક્રમણના પ્રકાર-૨** | |
| ૧૮૦૯ | પાંચ પ્રકારના પ્રતિક્રમણ | ૯૭ |
| ૧૮૧૦ | છ પ્રકારના પ્રતિક્રમણ | ૯૭-૯૮ |
| ૧૮૧૧ | અતિક્રમાદિના પ્રકાર | ૯૮ |
| ૧૮૧૨ | અતિક્રમાદિની વિશુદ્ધિ | ૯૮-૯૯ |
| | **શ્રમણ પ્રતિક્રમણ-૩** | |
| ૧૮૧૩ | પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા | ૯૯ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| ૧૮૧૪ | સામાયિક સૂત્ર | ૯૯ |
| ૧૮૧૫ | ગુરુવંદન સૂત્ર | ૧૦૦ |
| ૧૮૧૬ | ગુરુ વંદનના દ્વાદશાવર્તન | ૧૦૦ |
| ૧૮૧૭ | સમુચ્ચય અતિચારોનું પ્રતિક્રમણ સૂત્ર | ૧૦૧ |
| ૧૮૧૮ | ઈર્યાપથિક પ્રતિક્રમણ સૂત્ર | ૧૦૧ |
| ૧૮૧૯ | શય્યા દોષ નિવૃત્તિ સૂત્ર | ૧૦૨ |
| ૧૮૨૦ | ગોચર-ચર્યા દોષ નિવૃત્તિ સૂત્ર | ૧૦૨ |
| ૧૮૨૧ | સ્વાધ્યાય તથા પ્રતિલેખન શુદ્ધિ સૂત્ર | ૧૦૩ |
| ૧૮૨૨ | તેત્રીસ પ્રકારના સ્થાનોનું પ્રતિક્રમણ સૂત્ર | ૧૦૩-૧૦૭ |
| ૧૮૨૩ | નિર્ગ્રન્થ ધર્માતિચાર વિશુદ્ધિ સૂત્ર | ૧૦૭-૧૦૮ |
| ૧૮૨૪ | મરણાંતિક- સંલેખનાના અતિચાર | ૧૦૮-૧૦૯ |
| ૧૮૨૫ | ક્ષમાપના સૂત્ર | ૧૦૯ |
| ૧૮૨૬ | ઉપસંહાર સૂત્ર | ૧૦૯ |
| ૧૮૨૭ | કાયોત્સર્ગ વિધિ સૂત્ર | ૧૦૯ |
| | **દસ પચ્ચક્ખાણ - ૪** | |
| ૧૮૨૮ | નવકારસી પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૦ |
| ૧૮૨૯ | પૌરુષી પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૦ |
| ૧૮૩૦ | બે પોરસી પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૦ |
| ૧૮૩૧ | એકાશન પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૦-૧૧૧ |
| ૧૮૩૨ | એક સ્થાન પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૧ |
| ૧૮૩૩ | આયંબિલ પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૧ |
| ૧૮૩૪ | ઉપવાસ પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૧-૧૧૨ |
| ૧૮૩૫ | દિવસ ચરિમ પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૨ |
| ૧૮૩૬ | ભવ ચરિમ પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૨ |
| ૧૮૩૭ | અભિગ્રહ પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૨ |
| ૧૮૩૮ | નિર્વિકૃતિક (નીવી) પ્રત્યાખ્યાન સૂત્ર | ૧૧૨-૧૧૩ |
| ૧૮૩૯ | સર્વ પ્રત્યાખ્યાન પારણ સૂત્ર | ૧૧૪ |
| | **પ્રત્યાખ્યાનનાં પ્રકાર-૫** | |
| ૧૮૪૦ | પ્રત્યાખ્યાનનાં પ્રકાર | ૧૧૪-૧૧૫ |
| ૧૮૪૧ | પ્રત્યાખ્યાનનાં ભેદ-પ્રભેદ | ૧૧૫-૧૧૬ |
| ૧૮૪૨ | સુપ્રત્યાખ્યાનની તથા દુષ્પ્રત્યાખ્યાનીનું સ્વરૂપ | ૧૧૬-૧૧૭ |
| ૧૮૪૩ | જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન કરનારા | ૧૧૭-૧૧૮ |
| | **પ્રતિક્રમણ ફળ- ૬** | |
| ૧૮૪૪ | પ્રતિક્રમણનું ફળ | ૧૧૮ |
| | **પચ્ચક્ખાણ ફળ - ૭** | |
| ૧૮૪૫ | પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૮ |
| ૧૮૪૬ | સંભોગ પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૮ |
| ૧૮૪૭ | ઉપધિ પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૯ |
| ૧૮૪૮ | આહાર પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૯ |
| ૧૮૪૯ | કષાય પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૯ |
| ૧૮૫૦ | યોગ પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૯ |
| ૧૮૫૧ | શરીર પ્રત્યાખ્યાનનું ફળ | ૧૧૯ |
| ૧૮૫૨ | સહાય પ્રત્યાખ્યાનનું ફળ | ૧૨૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૮૫૩ | ભક્ત પ્રત્યાખ્યાનનું ફળ | ૧૨૦ |
| ૧૮૫૪ | સદ્‌ભાવ પ્રત્યાખ્યાનનું ફળ | ૧૨૦ |
| ૧૮૫૫ | પ્રત્યાખ્યાન ભંગનું પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૧૨૦ |
| | **ગૃહસ્થ-ધર્મ** | |
| | **ગૃહસ્થ ધર્મ- ૧** | |
| ૧૮૫૬ | શ્રમણોપાસકના પ્રકાર | ૧૨૧ |
| ૧૮૫૭ | શ્રમણોપાસકના ચાર વિશ્રાંતિ સ્થાન | ૧૨૧ |
| ૧૮૫૮ | સામાન્યરૂપે અતિચારોનું વિશુદ્ધિકરણ | ૧૨૨ |
| ૧૮૫૯ | અલ્પાયુ બંધનું કારણ | ૧૨૨ |
| ૧૮૬૦ | દીર્ઘાયુ બંધનું કારણ | ૧૨૨ |
तं जहा– (१) सत्त–राइंदिया, (२) चाउम्मासिया,
(३) छम्मासिया ।
छम्मासिया उक्कोसिया ।
चाउम्मासिया मज्झमिया ।
सत्त–राइंदिया जहन्निया ।[२]

*–वव. उ. १०, सु. १९*

**વડી દીક્ષા આપવાનો કાળ પ્રમાણ :**

૧૬૪૮. નવદીક્ષિત શિષ્યની ત્રણ શૈક્ષ ભૂમિઓ કહી છે,
જેમ કે - (૧) સાત રાત્રિ દિવસ, (૨) ચાર માસ,
(૩) છ માસ.
છ માસમાં જેને આરોપિત કરાય છે તે ઉત્કૃષ્ટ
ચાર માસમાં જ જેને આરોપિત કરાય છે તે મધ્યમ
સાત દિન રાતમાં જ જેને આરોપિત કરાય છે તે જઘન્ય.

**उवट्ठावण विहाणाइं–**

१६४९. आयरिय–उवज्झाए सरमाणे परं चउराय पंचरायाओ कप्पागं भिक्खु नो उवट्ठावेइ, कप्पाए, अत्थियाइं से केइ माणणिज्जे कप्पाए, नत्थि से केइ छेए वा, परिहारे वा ।

णत्थियाइं से केइ माणणिज्जे कप्पाए, से सन्तरा छेए वा परिहारे वा ।

आयरिय–उवज्झाए असरमाणे परं चउरायाओ पंचरायाओ वा कप्पागं भिक्खु नो उवट्ठावेइ, कप्पाए, अत्थियाइं से केइ माणणिज्जे कप्पाए, नत्थि से केइ छेए वा, परिहारे वा ।

**ઉપસ્થાપનનાં વિધાનાદિ :**

૧૬૪૯. આચાર્ય અથવા ઉપાધ્યાયનાં સ્મરણમાં હોવા છતાં પણ વડી દીક્ષાને યોગ્ય ભિક્ષુને ચારપાંચ રાત પછી પણ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે. તે સમયે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડી દીક્ષા થવામાં વાર હોય તો તેને દીક્ષા છેદ અથવા તપ રૂપ કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

જો તે નવદીક્ષિતના વડી દીક્ષા લેવા યોગ્ય કોઈ પૂજ્ય પુરુષ ન હોય તો તેને તે ચાર પાંચ રાત્રિ ઉલ્લંઘન કરવાનું છેદ અથવા તપ રૂપ પ્રાયશ્ચિત્ત આવે છે.

આચાર્ય અથવા ઉપાધ્યાયની સ્મૃતિમાં ન રહેવાથી વડી દીક્ષાને યોગ્ય ભિક્ષુને ચાર-પાંચ રાત પછી પણ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે, તે સમયે જો ત્યાં તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડી દીક્ષા થવામાં વાર હોય તો તેને દીક્ષા છેદ અથવા તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

---

૧. આ ગાથાઓની પહેલાંની ગાથાઓ મહાવ્રતોની સાથે જોડાયેલી છે માટે માનવની આસક્તિ માટે "સંગ" ના પ્રકાર ત્યાંથી જાણી લેવા.

२. ठाणं अ. ३, उ. २, सु. १६७ (१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णत्थियाइं से केइ माणणिज्जे कप्पाए, से संतरा छेए वा, परिहारे वा ।

જો તે નવદીક્ષિતના વડી દીક્ષા લેવા યોગ્ય કોઈ પૂજ્ય પુરુષ ન હોય તો તેને તે ચાર, પાંચ રાત્રિ ઉલ્લંઘન કરવાનું છેદ અથવા તપ રૂપ પ્રાયશ્ચિત્ત આવે છે.

आयरिय-उवज्झाए सरमाणे वा, असरमाणे वा परं दसराय कप्पाओ कप्पागं भिक्खु नो उवट्ठावेइ कप्पाए, अत्थियाइं से केइ माणणिज्जे कप्पाए, नत्थि से केइ छेए वा, परिहारे वा ।

આચાર્ય અથવા ઉપાધ્યાયને સ્મૃતિમાં રહેવા છતાં અથવા સ્મૃતિમાં ન રહેવાથી વડી દીક્ષાને યોગ્ય ભિક્ષુને દસ દિવસ પછી પણ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે. તે સમયે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડી દીક્ષા થવામાં વાર હોય તો તેને દીક્ષા છેદ અથવા તપ રૂપ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

णत्थियाइं से केइ माणणिज्जे कप्पाए, संवच्छरं तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए ।

—*वव. उ. ४, सु. १५-१७*

જો તે નવદીક્ષિતના વડી દીક્ષાને યોગ્ય કોઈ પૂજ્ય પુરુષ ન હોય તો તેને તે દસ રાત્રિનું ઉલ્લંઘન કરવાનાં કારણે એક વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ પર રહેવું કલ્પતું નથી.

**उवट्ठावण जोग्गा-**

१६५०. पुढविक्काइए जीवे, सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अभिगयपुण्ण पावो, सो हु उवट्ठावणे जोग्गो ।।

आउक्काइए जीवे, सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अभिगयपुण्ण-पावो, सो हु उवट्ठावणे जोग्गो ।।

तेउक्काइए जीवे, सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अभिगयपुण्ण-पावो, सो हु उवट्ठावणे जोग्गो ।।

वाउक्काइए जीवे, सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अभिगयपुण्ण-पावो सो हु उवट्ठावणे जोग्गो ।।

वणस्सइकाइए जीवे, सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अभिगयपुण्ण-पावो, सो हु उवट्ठावणे जोग्गो ।।

तसकाइए जीवे, सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अभिगयपुण्ण-पावो, सो हु उवट्ठावणे जोग्गो ।।[1]

—*दस अ. ४, गा. ७-१२*

**વડી દીક્ષા માટે યોગ્ય :**

૧૬૫૦. જે જિન-પ્રજ્ઞપ્ત પૃથ્વીકાયિક જીવોમાં (જીવ છે તે પ્રકારની) શ્રદ્ધા રાખે છે અને પુન્ય અને પાપને જાણે છે, તે વડી દીક્ષાને યોગ્ય છે.

જે જિન-પ્રજ્ઞપ્ત અપ્કાયિક જીવોમાં શ્રદ્ધા રાખે છે અને પુન્ય અને પાપને જાણે છે, તે વડી દીક્ષાને યોગ્ય છે.

જે જિન-પ્રજ્ઞપ્ત તેજસ્કાયિક જીવોમાં શ્રદ્ધા રાખે છે તથા પુન્ય પાપને જાણે છે, તે વડી દીક્ષાને યોગ્ય છે.

જે જિન-પ્રજ્ઞપ્ત વાયુકાયિક જીવોમાં શ્રદ્ધા રાખે છે અને પુન્ય પાપને જાણે છે, તે વડી દીક્ષાને યોગ્ય છે.

જે જિન-પ્રજ્ઞપ્ત વનસ્પતિકાયિક જીવોમાં શ્રદ્ધા રાખે છે અને પુન્ય પાપને જાણે છે, તે વડી દીક્ષાને યોગ્ય છે.

જે જિન-પ્રજ્ઞપ્ત ત્રસકાયિક જીવોમાં શ્રદ્ધા રાખે છે અને પુન્ય પાપને જાણે છે, તે વડી દીક્ષાને યોગ્ય છે.

**उवट्ठावणा अजोग्गा-**

१६५१. पुढविक्काइए जीवे, ण सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अणभिगयपुण्ण-पावो, ण सो उवट्ठावणा जोग्गो ।।

**વડી દીક્ષા માટે અયોગ્ય :**

૧૬૫૧. જે જિન- પ્રજ્ઞપ્ત પૃથ્વીકાયિક જીવોમાં (જીવ છે તે પ્રકારની) શ્રદ્ધા રાખતા નથી અને પુન્ય પાપને જાણતા નથી, તે વડી દીક્ષાને અયોગ્ય છે.

---

૧. ઉપરોક્ત ગાથાઓ મહાવીર વિદ્યાલયની પ્રતિમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आउक्काइए जीवे, ण सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अणभिगयपुण्ण–पावो, ण सो उवट्ठावणा जोग्गो ।।

જે જિન-પ્રજ્ઞપ્ત અપ્કાયિક જીવોમાં શ્રદ્ધા રાખતા નથી અને પુન્ય પાપને જાણતા નથી, તે વડી દીક્ષાને અયોગ્ય છે.

तेउक्काइए जीवे, ण सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अणभिगयपुण्ण–पावो, ण सो उवट्ठावणा जोग्गो ।।

જે જિન-પ્રજ્ઞપ્ત તેજસ્કાયિક જીવોમાં શ્રદ્ધા રાખતા નથી તથા પુન્ય પાપને જાણતા નથી, તે વડી દીક્ષાને અયોગ્ય છે.

वाउक्काइए जीवे, ण सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अणभिगयपुण्ण–पावो, ण सो उवट्ठावणा जोग्गो ।।

જે જિન-પ્રજ્ઞપ્ત વાયુકાયિક જીવોમાં શ્રદ્ધા રાખતા નથી તથા પુન્ય પાપને જાણતા નથી તે વડી દીક્ષાને અયોગ્ય છે.

वणस्सइकाइए जीवे, ण सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अणभिगयपुण्ण–पावो, ण सो उवट्ठावणा जोग्गो ।।

જે જિન- પ્રજ્ઞપ્ત વનસ્પતિકાયિક જીવોમાં શ્રદ્ધા રાખતા નથી તથા પુન્ય પાપને જાણતા નથી, તે વડી દીક્ષાને અયોગ્ય છે.

तसकाइए जीवे, ण सद्दहइ जो जिणेहिं पण्णत्ते ।
अणभिगयपुण्ण–पावो, ण सो उवट्ठावणा जोग्गो ।।

–दस. अ. ४, गा. १–६

જે જિન-પ્રજ્ઞપ્ત ત્રસકાયિક જીવોમાં શ્રદ્ધા રાખતા નથી તથા પુન્ય પાપને જાણતા નથી, તે વડી દીક્ષાને અયોગ્ય છે.

**अजोग्गस्स उवट्ठावण पायच्छित्त सुत्तं–**

१६५२. जे भिक्खू णायगं वा, अणायगं वा, उवासगं वा, अणुवासगं वा अणलं उवट्ठावेइ उवट्ठावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. ११, सु. ८५

**અયોગ્ય ને વડીદીક્ષા આપવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૬૫૨. જે ભિક્ષુ અયોગ્ય સ્વજનને, પરિજનને, ઉપાસકને કે અનુપાસકને વડી દીક્ષા આપે છે, (અપાવે છે) આપનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

# (૨) સંયમી જીવન :

## સંયમનું સ્વરૂપ – ૧

**संजम सरूवं–**

१६५३. एगओ विरइं कुज्जा, एगओ य पवत्तणं ।
असंजमे नियत्तिं च, संजमे य पवत्तणं ।।

–उत्त. अ. ३१, गा. २

**સંયમનું સ્વરૂપ :**

૧૬૫૩. સાધકે એક સ્થાનથી નિવૃત્તિ અને એક સ્થાનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અર્થાત્ અસંયમમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

**संजमस्स महत्तं–**

१६५४. मासे मासे तु जो बालो, कुस्सग्गेणं तु भुंजए ।
न सो सुअक्खायधम्मस्स, कलं अग्घइ सोलसिं ।।

–उत्त. अ. ९, गा. ४४

**સંયમનું મહત્ત્વ :**

૧૬૫૪. બાળ-સાધક (અજ્ઞાની ઉગ્ર તપસ્વી) માસ-માસના ઉપવાસ કરે અને પારણે સોયની અણી પર રહે એટલો જ ખોરાક લે તો પણ સર્વજ્ઞ પ્રજ્ઞપ્ત ચારિત્રધર્મની સોળમી કળા (અંશ) ને પણ તે પામી શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંયમનાં પ્રકાર - ૨

**पंच चरित्ता, चरित्त-परिभासा य-**

१६५५. सामाइयत्थ पढमं, छेओवट्ठावणं भवे बीयं ।
परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ।।
अकसायं अहक्खायं, छउमत्थस्स जिणस्स वा ।
एयं चयरित्तकरं, चारित्तं होइ आहियं ।।

*-उत्त. अ. २८, गा. ३२-३३*

**પાંચ પ્રકારનાં ચારિત્ર અને તેની પરિભાષા :**

૧૬૫૫. (ચારિત્ર પાંચ પ્રકારનાં છે-)

(૧) પહેલું સામાયિક, (૨) બીજું છેદોવસ્થાપનીય, (૩) ત્રીજું પરિહાર વિશુદ્ધિ, (૪) ચોથું સૂક્ષ્મ સંપરાય, (૫) પાંચમું યથાખ્યાત ચારિત્ર, જે સર્વથા કષાય રહિત હોય છે- તે છદ્મસ્થ અને કેવલી બન્નેને હોય છે. આ બધાં ચારિત્ર કર્મનાં સંચયને રિક્ત (ખાલી) કરે છે, તેથી તેમને ચારિત્ર કહે છે.

**छव्विहा कप्पट्ठिती-**

१६५६. छव्विहा कप्पट्ठिती पण्णत्ता, तं जहा-
(१) सामाइयसंजयकप्पट्ठिती,
(२) छेओवट्ठावणियसंजयकप्पट्ठिती,
(३) णिव्विसमाण कप्पट्ठिती,
(४) णिव्विट्ठकाइय कप्पट्ठिती,
(५) जिणकप्पट्ठिती,
(६) थेरकप्पट्ठिती[1] । - कप्प. उ. ६, सु. २०

**છ પ્રકારની કલ્પસ્થિતિ :**

૧૬૫૬. કલ્પની સ્થિતિ છ પ્રકારની કહી છે, જેમ કે -
૧. સામાયિક કલ્પસ્થિતિ (મર્યાદાઓ),
૨. છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ,
૩. નિર્વિશમાન કલ્પસ્થિતિ,
૪. નિર્વિષ્ટ કલ્પસ્થિતિ,
૫. જિન કલ્પસ્થિતિ અને
૬. સ્થવિર કલ્પસ્થિતિ.

**संयमभेयप्पभेया -**

१६५७. दुविहे संजमे पन्नत्ते, तं जहा-
(१) सरागसंजमे चेव (२) वीयरागसंजमे चेव ।
सरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा-
(१) सुहुमसंपरायसरागसंजमे चेव,
(२) बादरसंपरायसरागसंजमे चेव ।
सुहुमसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा-
(१) पढम-समय सुहुम-संपराय-सराग-संजमे चेव,
(२) अपढम-समय-सुहुम-संपराय-सराग-संजमे चेव ।
**अहवा** (१) चरिमसमयसुहुमसंपरायसरागसंजमे चेव,
(२) अचरिमसमयसुहुमसंपरायसराग संजमे चेव ।

**સંયમનાં ભેદ- પ્રભેદ :**

૧૬૫૭. સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. સરાગ સંયમ અને ૨. વીતરાગ સંયમ.
સરાગ સંયમના બે પ્રકાર કહ્યા, જેમ કે-
૧. સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ અને
૨. બાદર સંપરાય સરાગ સંયમ.
સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ અને
૨. અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ.

**અથવા** ૧. ચરમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ અને ૨. અચરમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ.

---

१. ठाणं, अ. ६, सु. ५३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अहवा** – सुहुमसंपरायसरागसंजमे दुविहे पन्नते, तं जहा–
(१) संकिलेसमाणए चेव,
(२) विसुज्झमाणए चेव ।
बादरसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा–
(१) पढमसमयबादरसंपरायसरागसंजमे चेव,
(२) अपढमसमयबादरसंपरायसरागसंजमे चेव ।
**अहवा** – (१) चरिम–समय–बादर–संपराय–सराग–संजमे चेव, (२) अचरिम–समय–बादर–संपराय–सराग–संजमे चेव ।
**अहवा** – बायरसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा–
(१) पडिवाति चेव,
(२) अपडिवाति चेव ।
वीयरागसंजमे दुविहे पण्णत्ते, तं जहा–
(१) उवसंतकसाय वीयरागसंजमे चेव,
(२) खीणकसायवीयरागसंजमे चेव ।
उवसंतकसायवीयरागसंजमे दुविहे पण्णत्ते, तं जहा–
(१) पढमसमयउवसंतकसायवीयरागसंजमे चेव,
(२) अपढमसमयउवसंतकसायवीयरागसंजमे चेव ।
**अहवा** – (१) चरिमसमयउवसंतकसायवीयरागसंजमे चेव, (२) अचरिमसमय उवसंतसायवीयरागसंजमे चेव ।
खीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा–
(१) छउमत्थखीणकसायवीयरागसंजमे चेव,
(२) केवलिखीणकसायवीयरागसंजमे चेव ।
छउमत्थ–खीण–कसाय–वीयराग–संजमे दुविहे पण्णत्ते, तं जहा–
(१) सयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव,

**અથવા** - સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. સંકિલશ્યમાન સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ અને
૨. વિશુધ્યમાન સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ.
બાદર સંપરાય સરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે-
૧. પ્રથમ સમય બાદર સંપરાય સરાગ સંયમ અને
૨. અપ્રથમ સમય બાદર સંપરાય સરાગ સંયમ.
**અથવા** - ૧. ચરમ સમય બાદર સંપરાય સરાગ સંયમ અને ૨. અચરમ સમય બાદર સંપરાય સરાગ સંયમ.
**અથવા** - બાદર સંપરાય સરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. પ્રતિપાતી બાદર સંપરાય સરાગ સંયમ અને
૨. અપ્રતિપાતી બાદર સંપરાય સરાગ સંયમ.
વીતરાગ સંયમ બે પ્રકારના કહ્યા છે, જેમ કે -
૧. ઉપશાન્ત કષાય વીતરાગ સંયમ અને
૨. ક્ષીણ કષાય વીતરાગ સંયમ.
ઉપશાન્ત કષાય વીતરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ અને
૨. અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ.
**અથવા** - ૧ ચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ અને ૨. અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ.
ક્ષીણકષાય વીતરાગ સંયમનાં બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમ અને
૨. કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ.
છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે -
૧. સ્વયંબુદ્ધ- છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(२) बुद्धबोहियछउमत्थखीणकसाय वीयरागसंजमे चेव ।

२. બુદ્ધબોધિત-છદ્મસ્થ-ક્ષીણકષાય વીતરાગ સંયમ.

संयबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे दुविहे पण्णत्ते, तं जहा–

સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમકે -

(१) पढमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव, (२) अपढमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव ।

(૧) પ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગસંયમ અને (૨) અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમ.

**अहवा**–(१) चरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव,

(२) अचरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव ।

**અથવા** - (૧) ચરમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણ-કષાય વીતરાગ-સંયમ અને

(૨) અચરમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ-સંયમ.

बुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे दुविहे पण्णत्ते, तं जहा–

બુદ્ધ બોધિત છદ્મસ્થ-ક્ષીણકષાય વીતરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમકે -

(१) पढमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे चेव,

(२) अपढमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे चेव ।

(૧) પ્રથમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ-ક્ષીણકષાય વીતરાગ-સંયમ અને

(૨) અપ્રથમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ-ક્ષીણકષાય વીતરાગ-સંયમ.

**अहवा**– (१) चरिमसमयबुद्धबोहियछउमत्थखीण कसायवीयराग संजमे चेव,

(२) अचरिमसमयबुद्धबोहियछउमत्थखीणकसाय वीयरागसंजमे चेव ।

**અથવા**- (૧) ચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ-સંયમ અને

(૨) અચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ-સંયમ.

केवलिखीणकसायवीयरागसंजमे दुविहे पण्णत्ते, तं जहा –

(१) सजोगिकेवलिखीणकसायवीयरागसंजमे चेव,

(२) अजोगिकेवलिखीणकसायवीयरागसंजमे चेव ।

કેવલી ક્ષીણકષાય વીતરાગ-સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે-

(૧) સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ-સંયમ અને

(૨) અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ-સંયમ.

सजोगिकेवलिखीणकसायवीयरागसंजमे दुविहे पन्नते, तं जहा–

(१) पढमसमयसजोगिकेवलिखीणकसायवीयरागसंजमे चेव,

(२) अपढमसमयसजोगिकेवलिखीणकसायवीयरागसंजमे चेव ।

સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમના બે પ્રકાર કહ્યા છે, જેમ કે-

(૧) પ્રથમ સમય સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ અને

(૨) અપ્રથમ સમય સયોગી કેવલી-ક્ષીણકષાય વીતરાગ સંયમ.

**अहवा** – (१) चरिमसमयसजोगिकेवलिखीणकसायवीयराग संजमे चेव,

(२) अचरिमसमयसजोगिकेवलिखीणकसायवीयराग संजमे चेव ।

**અથવા** - (૧) ચરમ સમય સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ અને

(૨) અચરમ સમય સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अजोगिकेवलिखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तं जहा–

(१) पढमसमयअजोगिकेवलिखीणकसायवीयराग-संजमे चेव,

(२) अपढमसमयअजोगिकेवलीखीणकसायवीयराग-संजमे चेव ।[1]

**अहवा –** (१) चरिमसमयअजोगिकेवलिखीणकसाय-वीयरागसंजमे चेव,

(२) अचरिमसमयअजोगिकेवलिखीणकसायवीयराग-संजमे चेव ।

*–ठाणं अ. २, उ. १, सु. ६२*

અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમનાં બે પ્રકાર કહ્યા છે, જેમ કે-

(૧) પ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ અને

(૨) અપ્રથમ સમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ.

**અથવા** - (૧) ચરમ સમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ અને

(૨) અચરમ સમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગ સંયમ.

**चउव्विहे संजमे पण्णत्ते, तं जहा–**

(१) मणसंजमे, (२) वइसंजमे,

(३) कायसंजमे, (४) उवगरणसंजमे ।

**સંયમના ચાર પ્રકાર કહ્યા છે, જેમકે-**

૧. મન-સંયમ, ૨. વાક્-સંયમ,

૩. કાય-સંયમ અને ૪. ઉપકરણ-સંયમ.

**चउव्विहे चियाए पण्णत्ते, तं जहा–**

(१) मणचियाए, (२) वइचियाए,

(३) कायचियाए, (४) उवगरणचियाए ।

**ત્યાગના ચાર પ્રકાર કહ્યા છે, જેમકે-**

૧. મન-ત્યાગ, ૨. વાક્-ત્યાગ,

૩. કાય-ત્યાગ અને ૪. ઉપકરણ-ત્યાગ.

**चउव्विहा अकिंचणता पण्णत्ता, तं जहा–**

(१) मणअकिंचणता,

(२) वइअकिंचणता,

(३) कायअकिंचणता,

(४) उवगरणअकिंचणता ।

*–ठाणं. अ. ४, उ. २, सु. ३१० (१–३)*

**અકિંચનતાના ચાર પ્રકાર કહ્યા છે, જેમકે-**

૧. મન-અકિંચનતા,

૨. વાક્-અકિંચનતા,

૩. કાય-અકિંચનતા અને

૪. ઉપકરણ-અકિંચનતા.

**संयमप्पगारा–**

१६५८. सत्तरसविहे संजमे पण्णत्ते, तं जहा–

(१) पुढवीकायसंजमे, (२) आउकायसंजमे,

(३) तेउकायसंजमे, (४) वाउकायसंजमे,

(५) वणस्सइकायसंजमे, (६) बेइंदियसंजमे,

(७) तेइंदियसंजमे, (८) चउरिंदियसंजमे,

(९) पचिंदियसंजमे, (१०) अजीवकायसंजमे,

**સંયમના પ્રકાર :**

૧૬૫૮. સંયમ સત્તર પ્રકારના કહ્યા છે, જેમ કે -

૧. પૃથ્વીકાય સંયમ, ૨. અપ્કાય સંયમ,

૩. તેજસ્કાય સંયમ, ૪. વાયુકાય સંયમ,

૫. વનસ્પતિકાય સંયમ, ૬. બેઈન્દ્રિય સંયમ,

૭. તેઈન્દ્રિય સંયમ, ૮. ચૌઈન્દ્રિય સંયમ,

૯. પંચેન્દ્રિય સંયમ, ૧૦. અજીવકાય સંયમ,

१. ठाणं अ. ८, सु. ६४७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(११) पेहासंजमे,
(१२) उपेहासंजमे,
(१३) अवहट्टुसंजमे,
(१४) पमज्जणासंजमे, (१५) मणसंजमे,
(१६) वइसंजमे, (१७) कायसंजमे ।

–सम. स. १७, सु. १

૧૧. પ્રેક્ષા સંયમ, (દરેક પ્રવૃત્તિ સંભાળીને કરવી)
૧૨. ઉપેક્ષા સંયમ, (અસંયમમાં પ્રવૃત્તિ કરનાર પ્રતિ ઉપેક્ષા ભાવ રાખવો)
૧૩. અપહૃત્ય સંયમ, (ઉચ્ચાર પ્રશ્રવણ આદિ વિધિયુક્ત પરઠવવા)
૧૪. પ્રમાર્જના સંયમ, ૧૫. મન:સંયમ,
૧૬. વચન સંયમ, ૧૭. કાય સંયમ.

**असंयमप्पगारा–**

१६५९. सत्तरसविहे असंजमे पण्णत्ते, तं जहा–
(१) पुढवीकायअसंजमे,
(२) आउकायअसंजमे,
(३) तेउकायअसंजमे,
(४) वाउकायअसंजमे,
(५) वणस्सइकायअसंजमे,
(६) बेइंदियअसंजमे,
(७) तेइंदियअसंजमे, (८) चउरिंदियअसंजमे,
(९) पंचिंदियअसंजमे,
(१०) अजीवकायअसंजमे,
(११) पेहाअसंजमे, (१२) उपेहाअसंजमे,
(१३) अवहट्टुअसंजमे,
(१४) अप्पमज्जणाअसंजमे,
(१५) मणअसंजमे,
(१६) वइअसंजमे, (१७) कायअसंजमे ।

–सम. स. १७, सु. १

**અસંયમના પ્રકાર :**

૧૬૫૯. અસંયમ સત્તર પ્રકારના કહ્યા છે, જેમકે-
૧. પૃથ્વીકાય અસંયમ,
૨. અપ્કાય અસંયમ,
૩. તેજસ્કાય અસંયમ,
૪. વાયુકાય અસંયમ,
૫. વનસ્પતિકાય અસંયમ,
૬. બેઈન્દ્રિય અસંયમ,
૭. તેઈન્દ્રિય અસંયમ, ૮. ચૌઈન્દ્રિય અસંયમ,
૯. પંચેન્દ્રિય અસંયમ,
૧૦. અજીવકાય અસંયમ,
૧૧. પ્રેક્ષા અસંયમ, ૧૨. ઉપેક્ષા અસંયમ,
૧૩. અપહૃત્ય અસંયમ,
૧૪. અપ્રમાર્જના અસંયમ,
૧૫. મન: અસંયમ,
૧૬. વચન અસંયમ, ૧૭. કાય અસંયમ.

**चरित्तस्स–प्पगारा–**

१६६०. पंचविहे असंजमे पण्णत्ते, तं जहा–
(१) सामाइयसंजमे,
(२) छेदोवट्ठावणियसंजमे,
(३) परिहारविसुद्धियसंजमे,
(४) सुहुमसंपरागसंजमे,
(५) अहक्खायचरित्तसंजमे ।

–ठाणं अ. ५, उ. २, सु. ४२८

**ચારિત્રના પ્રકાર :**

૧૬૬૦. ચારિત્ર (સંયમ)ના પાંચ પ્રકાર છે, જેમકે -
૧. સામાયિક સંયમ,
૨. છેદોપસ્થાપનીય સંયમ,
૩. પરિહાર વિશુદ્ધિક સંયમ,
૪. સૂક્ષ્મ સંપરાય સંયમ અને
૫. યથાખ્યાત ચરિત્ર સંયમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**समारंभ–असमारंभेण संयम असंयमप्पगारा–**

१६६१. एगिंदिया णं जीवा असमारंभमाणस्स पंचविहे संजमे कज्जति, तं जहा–

(१) पुढविकाइयसंजमे, (२) आउकाइयसंजमे,

(३) तेउकाइयसंजमे, (४) वाउकाइयसंजमे,

(५) वणस्सइकाइयसंजमे ।

एगिंदिया णं जीवा समारंभमाणस्स पंचविहे असंजमे कज्जति, तं जहा–

(१) पुढविकाइयअसंजमे, (२) आउकाइयअसंजमे,

(३) तेउकाइयअसंजमे, (४) वाउकाइयअसंजमे,

(५) वणस्सइकाइयअसंजमे ।

*–ठाणं. अ. ५, उ. २, सु. ४२९*

बेइंदिया णं जीवा असमारंभमाणस्स चउव्विहे संजमे कज्जति, तं जहा–

(१) जिब्भामयातो सोक्खातो अववरोवित्ता भवइ,

(२) जिब्भामएणं दुक्खेणं असंजोगित्ता भवइ,

(३) फासामयातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(४) फासामएणं दुक्खेणं असंजोगित्ता भवइ ।

बेइंदिया णं जीवा समारंभमाणस्स चउव्विहे असंजमे कज्जति, तं जहा–

(१) जिब्भामयातो सोक्खातो ववरोवित्ता भवइ,

(२) जिब्भामएणं दुक्खेणं संजोगित्ता भवइ,

(३) फासामयातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(४) फासामएणं दुक्खेणं संजोगित्ता भवइ ।

*–ठाणं अ. ४, उ. ४, सु. ३६८*

तेइंदिया णं जीवा असमारंभमाणस्स छव्विहे संजमे कज्जति, तं जहा–

(१) घाणामयातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(२) घाणामएणं दुक्खेणं असंजोएत्ता भवइ,

(३) जिब्भामयातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(४) जिब्भामएणं दुक्खेणं असंजोएत्ता भवइ ।

(५) फासामयातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(६) फासामएणं दुक्खेणं असंजोएत्ता भवइ ।

**સમારંભ-અસમારંભથી સંયમ અસંયમના પ્રકાર :**

૧૬૬૧. એકેન્દ્રિય જીવોનો અસમારંભ કરતો જીવ પાંચ પ્રકારનો સંયમ કરે છે, જેમ કે-

૧. પૃથ્વીકાય સંયમ, ૨. અપ્કાય સંયમ,

૩. તેજસ્કાય સંયમ, ૪. વાયુકાય સંયમ અને

૫. વનસ્પતિકાય સંયમ.

એકેન્દ્રિય જીવોનો સમારંભ કરતો જીવ પાંચ પ્રકારનો અસંયમ કરે છે, જેમ કે-

૧. પૃથ્વીકાય અસંયમ, ૨. અપ્કાય અસંયમ,

૩. તેજસ્કાય અસંયમ, ૪. વાયુકાય અસંયમ અને

૪. વનસ્પતિકાય અસંયમ,

બેઈન્દ્રિય જીવોનો આરંભ નહીં કરનારનો ચાર પ્રકારનો સંયમ હોય છે, જેમ કે -

૧. રસમય સુખનો વિયોગ ન કરવાથી,

૨. રસમય દુઃખનો સંયોગ ન કરવાથી,

૩. સ્પર્શમય સુખનો વિયોગ ન કરવાથી,

૪. સ્પર્શમય દુઃખનો સંયોગ ન કરવાથી.

બેઈન્દ્રિય જીવોનો આરંભ કરનારનો ચાર પ્રકારનો અસંયમ હોય છે, જેમ કે -

૧. રસમય સુખનો વિયોગ કરવાથી,

૨. રસમય દુઃખનો સંયોગ કરવાથી,

૩. સ્પર્શમય સુખનો વિયોગ કરવાથી,

૪. સ્પર્શમય દુઃખનો સંયોગ કરવાથી.

તેઈન્દ્રિય જીવોનો આરંભ નહીં કરનારનો છ પ્રકારનો સંયમ હોય છે, જેમ કે -

૧. ઘ્રાણમય સુખનો વિયોગ ન કરવાથી,

૨. ઘ્રાણમય દુઃખનો સંયોગ ન કરવાથી,

૩. રસમય સુખનો વિયોગ ન કરવાથી,

૪. રસમય દુઃખનો સંયોગ ન કરવાથી,

૫. સ્પર્શમય સુખનો વિયોગ ન કરવાથી,

૬. સ્પર્શમય દુઃખનો સંયોગ ન કરવાથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेइंदिया णं जीवा समारंभमाणस्स छव्विहे असंजमे कज्जति, तं जहा-

(१) घाणामयातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(२) घाणामएणं दुक्खेणं संजोगेत्ता भवइ,

(३) जिब्भामयातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(४) जिब्भामएणं दुक्खेणं संजोगेत्ता भवइ,

(५) फासामयातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(६) फासामएणं दुक्खेणं संजोगेत्ता भवइ ।

-ठाणं अ. ६, सु. ५२१

તેઈન્દ્રિય જીવોનો આરંભ કરનારનો છ પ્રકારનો અસંયમ હોય છે, જેમ કે -

૧. ઘ્રાણમય સુખનો વિયોગ કરવાથી,

૨. ઘ્રાણમય દુઃખનો સંયોગ કરવાથી,

૩. રસમય સુખનો વિયોગ કરવાથી,

૪. રસમય દુઃખનો સંયોગ કરવાથી,

૫. સ્પર્શમય સુખનો વિયોગ કરવાથી,

૬. સ્પર્શમય દુઃખનો સંયોગ કરવાથી.

चउरिंदिया णं जीवा असमारंभमाणस्स अट्ठविधे संजमे कज्जति, तं जहा-

(१) चक्खुमातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(२) चक्खुमएणं दुक्खेणं असंजोएत्ता भवइ,

(३) घाणामातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(४) घाणामएणं दुक्खेणं असंजोएत्ता भवइ,

(५) जिब्भामातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(६) जिब्भामएणं दुक्खेणं असंजोएत्ता भवइ,

(७) फासामातो सोक्खातो अववरोवेत्ता भवइ,

(८) फासामएणं दुक्खेणं असंजोएत्ता भवइ ।

ચૌઈન્દ્રિય જીવોનો આરંભ ન કરનારનો આઠ પ્રકારનો સંયમ હોય છે, જેમ કે-

૧. ચક્ષુમય સુખનો વિયોગ ન કરવાથી,

૨. ચક્ષુમય દુઃખનો સંયોગ ન કરવાથી,

૩. ઘ્રાણમય સુખનો વિયોગ ન કરવાથી,

૪. ઘ્રાણમય દુઃખનો સંયોગ ન કરવાથી,

૫. રસમય સુખનો વિયોગ ન કરવાથી,

૬. રસમય દુઃખનો સંયોગ ન કરવાથી,

૭. સ્પર્શમય સુખનો વિયોગ ન કરવાથી,

૮. સ્પર્શમય દુઃખનો સંયોગ ન કરવાથી.

चउरिंदिया णं जीवा समारंभमाणस्स अट्ठविधे असंजमे कज्जति, तं जहा-

(१) चक्खुमातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(२) चक्खुमएणं दुक्खेणं संजोगेत्ता भवइ,

(३) घाणामातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(४) घाणामएणं दुक्खेणं संजोगेत्ता भवइ,

(५) जिब्भामातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(६) जिब्भामएणं दुक्खेणं संजोगेत्ता भवइ,

(७) फासामातो सोक्खातो ववरोवेत्ता भवइ,

(८) फासामएणं दुक्खेणं संजोगेत्ता भवइ[१] ।

-ठाणं. अ. ८, सु. ६१५

ચૌઈન્દ્રિય જીવોનો આરંભ કરનારનો આઠ પ્રકારનો અસંયમ હોય છે, જેમ કે-

૧. ચક્ષુમય સુખનો વિયોગ કરવાથી,

૨. ચક્ષુમય દુઃખનો સંયોગ કરવાથી,

૩. ઘ્રાણમય સુખનો વિયોગ કરવાથી,

૪. ઘ્રાણમય દુઃખનો સંયોગ કરવાથી,

૫. રસમય સુખનો વિયોગ કરવાથી,

૬. રસમય દુઃખનો સંયોગ કરવાથી,

૭. સ્પર્શમય સુખનો વિયોગ કરવાથી,

૮. સ્પર્શમય દુઃખનો સંયોગ કરવાથી.

पंचिंदिया णं जीवा असमारंभमाणस्स पंचविहे संजमे कज्जति, तं जहा-

(१) सोतिंदियसंजमे, (२) चक्खिदियसंजमे,

પંચેન્દ્રિય જીવોનો અસમારંભ કરતો જીવ પાંચ પ્રકારનો સંયમ કરે છે, જેમ કે-

૧. શ્રોત્રેન્દ્રિય સંયમ, ૨. ચક્ષુરિન્દ્રિય સંયમ,

---

૧ આ પ્રમાણે પંચેન્દ્રિયના સમારંભ-અસમારંભ માટે સુ. ૫૩૧-૫૩૪, અહિંસા મહાવ્રત પૃ. ૨૮૮ પર જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) घाणिंदियसंजमे, (४) जिब्भिंदियसंजमे,
(५) फासिंदियसंजमे ।

पंचिंदिया णं जीवा समारंभमाणस्स पंचविहे असंजमे कज्जति, तं जहा–

(१) सोतिंदियअसंजमे, (२) चक्खिंदियअसंजमे,
(३) घाणिंदियअसंजमे, (४) जिब्भिंदियअसंजमे,
(५) फासिंदियअसंजमे ।

सव्वपाणभूयजीवसत्ता णं असमारंभमाणस्स पंचविहे संजमे कज्जति, तं जहा–

(१) एगिंदियसंजमे, (२) बेइंदियसंजमे,
(३) तेइंदियसंजमे, (४) चउरिंदियसंजमे,
(५) पंचिंदियसंजमे ।

सव्वपाणभूयजीवसत्ता णं समारंभमाणस्स पंचविहे असंजमे कज्जति, तं जहा–

(१) एगिंदियअसंजमे, (२) बेइंदियअसंजमे,
(३) तेइंदियअसंजमे, (४) चउरिंदियअसंजमे,
(५) पंचिंदियअसंजमे ।

– *ठाणं. अ. ५, उ. २, सु. ४३०*

૩. ઘ્રાણેન્દ્રિય સંયમ, ૪. રસેન્દ્રિય સંયમ,
૫. સ્પર્શેન્દ્રિય સંયમ.

પંચેન્દ્રિય જીવોનો સમારંભ કરતો જીવ પાંચ પ્રકારનો અસંયમ કરે છે, જેમ કે-

૧. શ્રોત્રેન્દ્રિય અસંયમ, ૨. ચક્ષુરિન્દ્રિય અસંયમ,
૩. ઘ્રાણેન્દ્રિય અસંયમ, ૪. રસેન્દ્રિય અસંયમ,
૫. સ્પર્શેન્દ્રિય અસંયમ.

સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોનો અસમારંભ કરતો જીવ પાંચ પ્રકારનો સંયમ કરે છે, જેમ કે-

૧. એકેન્દ્રિય સંયમ, ૨. બેઈન્દ્રિય સંયમ,
૩. તેઈન્દ્રિય સંયમ, ૪. ચૌઈન્દ્રિય સંયમ,
૫. પંચેન્દ્રિય સંયમ.

સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોનો સમારંભ કરતો જીવ પાંચ પ્રકારનો અસંયમ કરે છે, જેમ કે-

૧. એકેન્દ્રિય અસંયમ, ૨. બેઈન્દ્રિય અસંયમ,
૩. તેઈન્દ્રિય અસંયમ, ૪. ચૌઈન્દ્રિય અસંયમ,
૫. પંચેન્દ્રિય અસંયમ.

# સંયમ ગ્રહણ વિધિ – ૩

### संजम जोग्गा जणा–

१६६२. दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलेणं संजमेणं संजमेज्जा, तं जहा–

(१) आरंभे चेव, (२) परिग्गहे चेव ।

दो ठाणाइं परियाणेत्ता आया केवलेणं संजमेणं संजमेज्जा, तं जहा–

(१) आरंभे चेव, (२) परिग्गहे चेव ।

–*ठाणं. अ. २, उ. १, सु. ५४-५५*

### સંયમ યોગ્ય જનો -

૧૬૬૨. આ બે સ્થાનોને જાણ્યા અને ત્યાગ કર્યા વિના આત્મા સંપૂર્ણ સંયમ દ્વારા સંયમિત થતો નથી -

(૧) આરંભ અને (૨) પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણી અને ત્યાગ કરી આત્મા સંપૂર્ણ સંયમ દ્વારા સંયમિત થાય છે -

(૧) આરંભ અને (૨) પરિગ્રહ.

### संजम जोग्गा जामा–

१६६३. तओ जामा पण्णत्ता, तं जहा–

(१) पढमे जामे, (२) मज्झिमे जामे,
(३) पच्छिमे जामे ।

तिहिं जामेहिं आया केवलेणं संजमेणं संजमेज्जा, तं जहा–

(१) पढमे जामे, (२) मज्झिमे जामे,
(३) पच्छिमे जामे ।

–*ठाणं अ. ३, उ. २, सु. १६३*

### સંયમ યોગ્ય પ્રહર :

૧૬૬૩. ત્રણ પ્રકારના યામ (પ્રહર) કહ્યા છે, જેમ કે-

(૧) પ્રથમ યામ, (૨) મધ્યમ યામ,
(૩) અંતિમ યામ.

ત્રણેય યામોમાં આત્મા વિશુદ્ધ સંયમથી સંયમિત થઈ શકે છે, જેમ કે -

(૧) પ્રથમ યામમાં, (૨) મધ્યમ યામમાં,
(૩) અંતિમ યામમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संजम जोग्गा वया-**

१६६४. तओ वया पण्णत्ता, तं जहा-

(१) पढमे वए, (२) मज्झिमे वए,

(३) पच्छिमे वए ।

तिहिं वएहिं आया केवलेणं संजमेणं संजमेज्जा,

तं जहा -

(१) पढमे वए, (२) मज्झिमे वए,

(३) पच्छिमे वए ।

*-ठाणं अ. ३, उ. २, सु. १६३*

**સંયમ યોગ્ય વય (અવસ્થા)**

૧૬૬૪. ત્રણ પ્રકારની વય કહી છે, જેમ કે-

(૧) પ્રથમ વય, (૨) મધ્યમ વય,

(૩) અંતિમ વય.

ત્રણેય વયોમાં આત્મા વિશુદ્ધ સંયમથી સંયમિત થઈ શકે છે, જેમ કે-

(૧) પ્રથમ વયમાં, (૨) મધ્યમ વયમાં,

(૩) અંતિમ વયમાં.

**जयणावरणिज्जकम्मखओवसमेण संजमं -**

१६६५. प. असोच्चा णं भंते ! केवलिस्स वा-**जाव**- तप्पक्खिय उवासियाए वा केवलेणं संजमेणं संजमेज्जा ?

उ. गोयमा ! असोच्चा णं केवलिस्स वा-**जाव**- तप्पक्खिय-उवासियाए वा अत्थेगइए केवलेणं संजमेणं संजमेज्जा, अत्थेगइए केवलेणं संजमेणं नो संजमेज्जा ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

असोच्चा णं केवलिस्स वा-**जाव**- तप्पक्खिय-उवासियाए वा अत्थेगइए केवलेणं संजमेणं संजमेज्जा, अत्थेगइए केवलेणं संजमेणं नो संजमेज्जा ?

उ. गोयमा ! जस्स णं जयणावरणिज्जाणं कम्माणं[1] खओवसमे कडे भवइ से णं असोच्चा केवलिस्स वा-**जाव**-तप्पक्खिय-उवासियाए वा केवलेणं संजमेणं संजमेज्जा ।

जस्स णं जयणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ से णं असोच्चा केवलिस्स वा-**जाव**-तप्पक्खियउवासियाए वा केवलेणं संजमेणं नो सजेमेज्जा ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

**યતનાવરણીય કર્મોના ક્ષયોપશમથી સંયમ :**

૧૬૬૫. પ્ર. ભંતે ! કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંયમ પાલન કરી શકે ?

ઉ. ગૌતમ ! કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે અને કોઈ જીવ સંયમ પાલન કરી શકતો નથી.

પ્ર. ભંતે ! કયા પ્રયોજનથી એવું કહેવામાં આવે છે કે- કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે અને કોઈ જીવ સંયમ પાલન કરી શકતો નથી ?

ઉ. ગૌતમ ! જેના યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો છે, તે કેવલી પાસેથી **યાવત્** કેવલીપાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના સંયમ પાલન કરી શકે છે.

જેના યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો નથી તે કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના સંયમ પાલન કરી શકતો નથી.

ગૌતમ ! આ પ્રયોજનથી આવું કહેવામાં આવે છે કે -

---

૧ અયતના પ્રમાદથી થાય છે, પ્રમાદ આશ્રવ છે. યતના અપ્રમાદથી થાય છે, અપ્રમાદ સંવર છે. સંવર એજ સંયમ છે.
વીર્યાન્તરાયના ક્ષયોપશમથી અપ્રમત્તતા અને તેથી યતના અવશ્ય થાય છે.
અહીં વીર્યાન્તરાયના ક્ષયોપશમને યતનાવરણીય કર્મનો ક્ષયોપશમ જાણવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असोच्चा णं केवलिस्स वा–**जाव**– तप्पक्खिय–उवासियाए वा अत्थेगइए केवलेणं संजमेणं संजमेज्जा । अत्थेगइए केवलेणं संजमेणं नो संजमेज्जा ।[1]

*–विया. स. ९, उ. ३१, सु. ६*

प. सोच्चा णं भंते ! केवलिस्स वा–**जाव**–तप्पक्खिय–उवासियाए वा केवलेणं संजमेणं संजमेज्जा ?

उ. गोयमा ! सोच्चा णं केवलिस्स वा–**जाव**–तप्पक्खिय–उवासियाए वा अत्थेगइए केवलेणं संजमेणं संजमेज्जा, अत्थेगइए केवलेणं संजमेणं नो संजमेज्जा ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ –

सोच्चा णं केवलिस्स वा–**जाव**– तप्पक्खिय–उवासियाए वा अत्थेगइए केवलेणं संजमेणं संजमेज्जा, अत्थेगइए केवलेणं संजमेणं नो संजमेज्जागा ?

उ. गोयमा ! जस्स णं जयणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ से णं सोच्चा केवलिस्स वा–**जाव**–तप्पक्खियउवासियाए वा केवलेणं संजमेणं संजमेज्जा ।

जस्स णं जयणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ से णं सोच्चा केवलिस्स वा–**जाव**–तप्पक्खिय–उवासियाए वा केवलेणं संजमेणं नो संजमेज्जा ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–

सोच्चा णं केवलिस्स वा–**जाव**– तप्पक्खिय–उवासियाए वा अत्थेगइए केवलेणं संजमेणं संजमेज्जा । अत्थेगइए केवलेणं संजमेणं नो संजमेज्जा ।

*–विया. स. ९, उ. ३१, सु. ३२*

કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે અને કોઈ જીવ સંયમ પાલન કરી શકતો નથી.

પ્ર. ભંતે ! કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે ?

ઉ. ગૌતમ ! કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે અને કોઈ જીવ સંયમ પાલન કરી શકતો નથી.

પ્ર. ભંતે ! કયા પ્રયોજનથી એવું કહેવામાં આવે છે કે- કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે અને કોઈ જીવ સંયમ પાલન કરી શકતો નથી ?

ઉ. ગૌતમ ! જેના યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો છે તે કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી સંયમ પાલન કરી શકે છે.

જેના યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો નથી, તે કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી સંયમ પાલન કરી શકતો નથી.

ગૌતમ ! આ પ્રયોજનથી આવું કહેવામાં આવે છે કે- કેવલી પાસેથી **યાવત્** કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી કોઈ જીવ સંયમ પાલન કરી શકે છે અને કોઈ જીવ સંયમ પાલન કરી શકતો નથી.

## સંયમીના લક્ષણ – ૪

**निग्गंथ लक्खणाइं–**

१६६६. पंचासवपरिन्नाया, तिगुत्ता छसु संजया ।
पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ।।

*–दस. अ. ३, गा. ११*

**નિર્ગ્રન્થનાં લક્ષણ :**

૧૬૬૬. પાંચ આશ્રવોના રોકનાર, ત્રણ ગુપ્તિઓના ધારક, છકાય જીવોની રક્ષા કરનારા, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનારા, ધીર નિર્ગ્રન્થ મોક્ષમાર્ગદર્શી હોય છે.

१. विया. स. ९, उ. ३१, सु. १३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते अणवकंखमाणा अणतिवातेमाणा, अपरिग्गहेमाणा, णो परिग्गहावंति सव्वावंति च णं लोगंसि णिहाय दंडं पाणेहिं पावं कम्मं अकुव्वमाणे एस महं अगंथे वियाहिये ।

ते (સાધુ) કામભોગની ઈચ્છાથી નિવૃત્ત થઈ કોઈપણ પ્રાણીની હિંસા કરતા નથી, તેમજ પરિગ્રહ પણ રાખતા નથી. માટે તેઓ સમસ્ત લોકમાં અપરિગ્રહી કહેવાય છે આ પ્રમાણે જે પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરવાથી પાપકર્મ કરતા નથી, તે મહાન નિર્ગ્રંથ કહેવાય છે.

ओए जुइमस्स खेत्तण्णे उववायं चयणं च णच्चा ।

*–आ. सु. १, अ. ८, उ. ३, सु. २०१*

એવા સાધુ રાગ દ્વેષથી રહિત, સંયમ અને મોક્ષનાં જ્ઞાતા છે, તેમજ જન્મમરણનાં સ્વરૂપને જાણી પાપનું આચરણ નથી કરતા.

**अणगार लक्खणाइं–**

**અનગારનાં લક્ષણ :**

१६६७. तं णो करिस्सामि समुट्ठाए मत्ता मतिमं,

अभयं विदित्ता तं जे णो करए एसोवरते, एत्थोवरए एस अणगारे त्ति पवुच्चति ।

*–आ. सु. १, अ. १, उ. ५, सु. ४०*

૧૬૬૭. બુદ્ધિમાન્ શિષ્ય જીવોનાં સ્વરૂપને જાણીને સંકલ્પ કરે કે "હું વનસ્પતિકાયની હિંસા નહી કરું"

"પ્રત્યેક જીવ અભય ચાહે છે" એવું જાણીને જે હિંસા કરતા નથી, તે આરંભ નિવૃત્ત કહેવાય છે, તેજ જિન માર્ગમાં સ્થિત છે. તે જ "અણગાર" છે.

जणाणाए पुट्ठा वि एगे णियट्टन्ति मन्दा मोहेणं पाउडा ।

અજ્ઞાની મોહથી ઘેરાયેલ કોઈ-કોઈ જીવ પરિષહ, ઉપસર્ગ આવતાં વીતરાગની આજ્ઞાનું ઉલ્લંઘન કરી સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે.

"अपरिग्गहा भविस्सामो" समुट्ठाए लद्धे कामे अभिगाहति । अणाणाए मुणिणो पडिलेहेंति । एत्थ मोहे पुणो पुणो सण्णा, णो हव्वाए, णो पाराए ।

"અમે પરિગ્રહથી રહિત થઈશું" એમ બોલી કેટલાક દીક્ષિત થવા છતાં પણ પ્રાપ્ત થયેલા કામભોગોનું સેવન કરે છે અને વીતરાગની આજ્ઞાથી વિપરીત આચરણ કરી મુનિવેશને લજાવે છે, અને કામભોગના ઉપાયોમાં તલ્લીન રહી વિષયોમાં અત્યંત આસક્ત થાય છે. તેઓ આ પાર કે પેલેપાર પહોંચી શકતા નથી.

विमुक्का हु ते जणा, जे जणा पारगामिणो लोभं अलोभेणं दुगुंछमाणे लद्धे कामे णाभिगाहति ।

એજ સાધક વિમુક્ત છે, જે જ્ઞાન દર્શન અને ચારિત્રના પારગામી છે, જે નિર્લોભથી લોભને જીતી પ્રાપ્ત થયેલા કામભોગોને ઈચ્છતા નથી.

विणा वि लोभं निक्खम्म, एस अकम्मे जाणति पासति ।

જે પ્રથમથી જ લોભનો ત્યાગ કરીને ત્યાગી બને છે. તે કર્મથી રહિત થઈ સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે.

पडिलेहाए णावकंखति, एस 'अणगारे' त्ति पवुच्चति ।

*–आ. सु. १, अ. २, उ. २, सु. ७०–७१*

જે હિતાહિતનો વિચાર કરી વિષયોની ઈચ્છાઓથી પર રહે છે તે "અણગાર" કહેવાય છે.

से बेमि–से जहा वि अणगारे उज्जुकडे णियाग–पडिवन्ने अमायं कुव्वमाणे वियाहिते ।

હે શિષ્ય ! હું તને કહું છું, કે જે જીવન-પ્રપંચોનો ત્યાગ કરી અણગાર બન્યા છે, જેમનું અંતઃકરણ સરળ છે, જેણે જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ સ્વીકાર્યો છે. તથા છલ-કપટનો સર્વથા ત્યાગ કર્યો છે તે જ સાચા "અણગાર" કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाए सद्धाए णिक्खंतो तमेव अणुपालिज्जा विजहित्ता विसोत्तियं ।

पणया वीरा महावीरेहिं ।

—आ. सु. १, अ. १, उ. ३, सु. १९-२१

જે અણગારે શ્રદ્ધાથી સંયમ અંગીકાર કર્યો છે તેમાં કોઈપણ પ્રકારની શંકા નહીં કરતા યાવત્જીવન તે શ્રદ્ધાનું પાલન કરે.

આવો સંયમપંથ અનેક વીર પુરુષો દ્વારા સેવાયેલો છે.

**संजयाणं लक्खणं–**

१६६८. आयावयंति गिम्हेसु हेमन्तेसु अवाउडा ।
वासासु पडिसंलीणा संजया सुसमाहिया ।।

—दस. अ. ३, गा. १२

**સંયતોનાં લક્ષણ :**

૧૬૬૮. સંયમી સાધુ ગ્રીષ્મકાળમાં સૂર્યની આતાપના લે છે, શીતકાળમાં વસ્ત્ર રહિત થઈને ઠંડી સહન કરે છે અને વર્ષાકાળમાં એક સ્થાન પર રહે છે.

**माहणाईणं लक्खणाइं–**

१६६९. प. कहं से दंते दविए वोसट्ठकाए त्ति वच्चे–माहणे त्ति वा, समणे त्ति वा, भिक्खू त्ति वा, णिग्गंथे त्ति वा ? तं नो बूहि महामुणी ।

उ. एवं से दंते, दविए, वोसट्ठकाए त्ति वच्चे (१) माहणे त्ति वा, (२) समणे त्ति वा, (३) भिक्खू त्ति वा, (४) णिग्गंथे त्ति वा,

इति विरए सव्वपावकम्मे पेज्ज–दोस–कलह–अब्भक्खाण पेसुन्न–परपरिवाय अरतिरति–मायामोस–मिच्छादंसणसल्ल विरए, समिए, सहिए, सयाजए णो कुज्झे णो माणी "माहणे" त्ति वच्चे ।

एत्थं वि समणे–अणिस्सिए अणिदाणे, आदाणं च, अतिवायं च, मुसावायं च, बहिद्धं च, कोहं च, माणं च, मायं च, लोभं च, पेज्जं च, दोसं च इच्चेवं जओ–जओ आयाणाओ अप्पणो पदोस हेऊं तओ–तओ आयाणाओ पुव्वं पडिविरए सिआ दंते दविए वोसट्ठकाए 'समणे' त्ति वच्चे ।

**માહણ આદિનાં લક્ષણ :**

૧૬૬૯. પ્ર. જે પુરૂષ દાન્ત, મુક્તિગમન યોગ્ય તથા શરીરના મમત્વના ત્યાગી છે તે શા માટે માહણ, શ્રમણ, ભિક્ષુ અથવા નિર્ગ્રંથ કહેવા યોગ્ય છે ? હે મહામુનિ ! આપ મને એ બતાવો.

ઉ. આ પ્રમાણે દમિતેન્દ્રિય, મુક્તિ-ગમન યોગ્ય તથા શરીરના મમત્વના ત્યાગી (૧) માહણ, (૨) શ્રમણ, (૩) ભિક્ષુ, (૪) નિર્ગ્રન્થ કહેવાય છે -

જે સંયમી પુરૂષ સર્વ પાપ કર્મોથી વિરત થયેલો છે, રાગ, દ્વેષ, કલહ, કોઈને જૂઠો દોષ દેવો, ચુગલી કરવી, નિંદા કરવી, સંયમમાં ખેદ કરવો અને અસંયમમાં પ્રેમ રાખવો, પરને ઠગવું અને જૂઠું બોલવું તેમજ મિથ્યા દર્શન શલ્ય વગેરે પાપકર્મોથી દૂર થયો છે, પાંચ ગુપ્તિઓથી ગુપ્ત છે, જ્ઞાનાદિ ગુણોથી યુક્ત છે, સદા ઈન્દ્રિયોને જીતનાર છે, કોઈ ઉપર ક્રોધ કરતો નથી, માન કરતો નથી તે 'માહણ' છે.

જે શરીર વગેરેમાં આસકત નથી, જે સાંસારિક ફળની કામના કરતો નથી, કોઈપણ પ્રાણીનો ઘાત કરતો નથી, અસત્ય બોલતો નથી, મૈથુન અને પરિગ્રહથી રહિત છે, ક્રોધ, માન, માયા, લોભ તથા રાગ અને દ્વેષ કરતો નથી, જે જે કાર્યોથી કર્મબંધ થાય છે અથવા જે જે પોતાના આત્માના દ્વેષનું કારણ છે તે પ્રાણાતિપાત વગેરે કર્મોથી નિવૃત્ત બની ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરે છે તથા મુક્તિ પામવાની યોગ્યતા ધરાવે છે અને શરીરનું પરિશોધન કરતો નથી તે 'શ્રમણ' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एत्थ वि भिक्खू अणुन्नए, नावणए दंते, दविए, वोसट्ठकाए, संविधुणीय विरूवरूवे परीसहोवसग्गे, अज्झप्पजोगसुद्धादाणे, उवट्ठिए, ठियप्पा, संखाए परदत्तभोई, "भिक्खु" त्ति वच्चे ।

જે સાધુ અભિમાન રહિત છે, ગુરુજન પ્રત્યે વિનય અને નમ્રતા રાખે છે, ઈન્દ્રિયો અને મનનું દમન કરે છે, મુક્તિ પામવા યોગ્ય ગુણોથી યુક્ત રહે છે, શરીરનો શ્રૃંગાર કરતો નથી, નાના પ્રકારના પરિષહ અને ઉપસર્ગોને સહન કરે છે, જેનું ચારિત્ર અધ્યાત્મયોગના પ્રભાવથી નિર્મળ છે, જે સચ્ચારિત્રમાં ઉદ્યમશીલ છે અને મોક્ષમાર્ગમાં સ્થિત છે તથા સંસારને અસાર જાણે છે તેમજ બીજાએ આપેલી ભિક્ષાથી પોતાનો નિર્વાહ કરે છે, તે 'ભિક્ષુ' કહેવાય છે.

एत्थ वि णिग्गंथे–एगे, एगविऊ, बुद्धे, संछिण्णसोए, सुसंजते, सुसमिए, सुसामाइए, आयवायपत्ते, विऊ, दुहतो वि सोयपलिच्छिण्णे, णो पूया–सक्कार लाभट्ठी, धम्मट्ठी, धम्मविऊ, णियागपडिवण्णे, समियं चरे, दंते, दविए, वोसट्ठकाए "निग्गंथे" त्ति वच्चे ।

જે સાધુ રાગદ્વેષ રહિત રહે છે, આત્મા એકલો જ પરલોકમાં જાય છે તે તત્ત્વને જાણે છે, જે આશ્રવ દ્વારોને રોકે છે, જે ઈન્દ્રિયો અને મનને વશમાં રાખે છે, જે પાંચ પ્રકારની સમિતિઓથી યુક્ત છે, જે શત્રુ અને મિત્ર બન્નેમાં સમભાવ રાખે છે, જે આત્મસ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણે છે, જે સમસ્ત પદાર્થોના સ્વભાવને જાણે છે, જેણે દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે સંસારમાં ઊતરવાના સ્રોત અર્થાત્ માર્ગનું છેદન કર્યું છે, જે પૂજા-સત્કાર અને લાભની ઈચ્છા ન રાખતાં કેવળ ધર્મની ઈચ્છા રાખે છે, ધર્મને જાણે છે, મોક્ષમાર્ગને જેણે સ્વીકાર્યો છે, સમભાવથી વિચરે છે, જે જિતેન્દ્રિય અને મુક્તિ પામવા યોગ્ય છે તથા જેણે શરીરનો વ્યુત્સર્ગ કરેલો છે, તે 'નિર્ગ્રન્થ' કહેવાય છે.

से एवमेव जाणह जमहं भयंतारो त्ति बेमि ।

–*सूय. सु. १, अ. १६, सु. ६३२–६३७*

આને એમ જ જાણો જે મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે - એમ હું કહું છું.

**चाई–अचाई लक्खणं–**

१६७०. वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।
अच्छंदा जे न भुंजंति, न से "चाइ" त्ति वुच्चइ ।।

जे य कंते पिए भोए, लद्धे वि पिट्ठिकुव्वई ।
साहिणे चयइ भोए, से हु "चाइ" त्ति वुच्चइ ।।

–*दस. अ. २, गा. २–३*

**ત્યાગી- અત્યાગીનાં લક્ષણ :**

૧૬૭૦. જે પુરૂષ વસ્ત્રો, ગંધ, આભૂષણો, સ્ત્રીઓ તથા શય્યાઓ આદિને વિવશતાથી- પરાધીનતાના કારણે ભોગવતો નથી તે વાસ્તવમાં ત્યાગી કહેવાતો નથી.

જે પુરુષ પ્રિય, મનને આકર્ષણ કરનાર ભોગોને પ્રાપ્ત થવા છતાં અને સ્વાધીન હોવા છતાં પણ ભોગમાં લાગેલી મનોવૃત્તિને પાછીવાળીને ત્યાગે છે, વાસ્તવમાં તે જ પુરૂષ ત્યાગી છે, એમ કહેવાય છે.

**सुसाहु लक्खणाइं–**

१६७१. एवं से संजते विमुत्ते निस्संगे निप्परिग्गहरुई निम्ममे, निन्नेह–बंधणे, सव्वपावविरए ।

**સુસાધુનાં લક્ષણ :**

૧૬૭૧. અપરિગ્રહવ્રતી સંયમી સાધુ ધન-ધાન્યાદિનો ત્યાગી, આસક્તિરહિત, અપરિગ્રહમાં રુચિવાળો, મમત્વ રહિત, સ્નેહ-બંધનથી મુક્ત, સમસ્ત પાપોથી નિવૃત્ત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वासी–चंदण–समाणकप्पे, सम–तिण–मणि–मुत्ता–लेट्ठुकंचणे, समे य माणावमाणणाए, समियरए, समितरागदोसे, समिए समितीसु, सम्मदिट्ठी । समे य जे सव्वपाण–भूतेसु से हु "समणे" सुयधारए उज्जुए संजए सुसाहू ।

કુહાડીથી કપાયેલા ચંદનની જેમ સમબુદ્ધિ રાખનારો. તૃણ, મણિ, મુક્તા, માટીના ઢેફાં અને સોનાનાં ઢગલામાં સમાનભાવ રાખનાર, સન્માન અને અપમાનમાં સમતાનો ધારક, પાપકર્મરૂપી રજને શાંત કરનાર અથવા રાગદ્વેષને શાંત કરનાર, પાંચ સમિતિઓથી યુક્ત, સમ્યગ્દષ્ટિ અને બધા જીવો પર સમભાવ રાખનાર છે તે જ "શ્રમણ" છે, શ્રુત ધારક છે, સરળ છે, સંયત છે અને સુસાધુ છે.

सरणं सव्वभूयाणं, सव्वजगवच्छले, सच्चभौसगा य संसारंतट्ठिते य, संसार–समुच्छिन्ने, सततं मरणाणुपारए, पारगे य सव्वेसिं संसयाणं ।

તે સાધુ સમસ્ત પ્રાણીઓ માટે શરણભૂત છે, સમસ્ત જગદ્વર્તી જીવોનો હિતૈષી છે, સત્યભાષી છે, સંસારનાં કિનારા પર સ્થિત છે, ભવપરંપરાને નષ્ટ કરનાર છે, નિરંતર થનાર બાળમરણનો પારગામી છે. અને બધા સંશયોથી રહિત થયેલ છે.

पवयणमायाहिं अट्ठहिं अट्ठकम्मगंठीविमोयके, अट्ठमयमहणे, ससमयकुसले य भवति, सुहदुक्खनिव्विसेसे ।

જે આઠ પ્રવચન માતા દ્વારા આઠ કર્મોની ગ્રંથિને નષ્ટ કરનારો છે, આઠ મદોનું મંથન કરનારો છે અને જે સ્વસમયમાં નિષ્ણાત છે, તે સુખ-દુઃખ બંને અવસ્થાઓમાં સમાન રહે છે.

अब्भिंतर–बाहिरंमि सया तवोवहाणंमि य सुट्ठुजुत्ते, खंते, दंते य हियनिरते ।

જે આભ્યંતર અને બાહ્ય તપરૂપ ઉપધાનમાં સમ્યક્ પ્રકારથી સદા ઉદ્યત રહે છે, ક્ષમાવાન, ઈન્દ્રિયવિજેતા, સ્વ-પર-હિતમાં સંલગ્ન રહે છે.

ईरियासमिए, भासासमिए, एसणासमिए, आयाण–भंड–मत्त–निक्खेवणासमिए, उच्चार–पासवण–खेल– सिंघाण–जल्ल–परिट्ठावणियासमिए, मणगुत्ते, वयगुत्ते, कायगुत्ते, गुत्तिंदिए, गुत्तबंभयारी ।

ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા સમિતિ અને મલ-મૂત્ર-કફ-નાકનો મેલ, શરીરનો મેલ આદિ પરિષ્ઠાપના સમિતિથી યુક્ત, મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી યુક્ત, ઈન્દ્રિયોનું દમન કરનાર, બ્રહ્મચર્યની સુરક્ષા કરનાર છે.

चाई, लज्जू, धन्ने, तवस्सी, खंतिखमे, जितिंदिए, सोहिए, अणियाणे, अवहिल्लेसे, अममे, अकिंचणे, छिन्नगंथे, निरुवलेवे ।

—पण्ह. सु. २, अ. ५, सु. ९

સમસ્ત પરિગ્રહનો ત્યાગી, પાપથી લજા નાર, ધન્ય, તપસ્વી, ક્ષમાગુણના કારણે સહનશીલ, જિતેન્દ્રિય, સદ્ગુણોથી સુશોભિત, નિદાન રહિત, પરિણામોને સંયમ-પરિધિથી બહાર ન જવા દેનાર, અભિમાન સૂચક શબ્દોથી રહિત, સંપૂર્ણ રૂપથી દ્રવ્ય રહિત, સ્નેહ-બંધનને કાપનાર અને કર્મના લેપથી રહિત હોય છે.

जंबू ! अपरिग्गह–संवुडे य समणे आरंभ–परिग्गहाओ विरते, विरते कोह–माण–माया–लोभा, एगे अंसजमे–जाव–तेत्तीसा आसायणा एक्कादियं करेत्ता एक्कुत्तरियाए वुड्ढिए तीसाओ–**जाव**–उ भवे तिगाहिया, विरतिपणिहीसु अविरतीसु य, एवमाइएसु बहुसु ठाणेसु जिणपसत्थेसु, अवितहेसु सासयभावेसु अवट्ठिएसु संकं कंखं निराकरेत्ता सद्दहए सासणं भगवओ अणियाणे अगारवे अलुद्धे अमूढ–मण–वयण–कायगुत्ते ।

—पण्ह. सु. २, अ. ५, सु. १

હે જમ્બૂ! અપરિગ્રહથી સંવૃત્ત શ્રમણ આરંભ પરિગ્રહથી વિરત હોય છે, ક્રોધ, માન, માયા, લોભથી વિરત હોય છે. એક પ્રકારના અસંયમ **યાવત્** તેત્રીસ પ્રકારની અશાતના - આ પ્રમાણે એકથી લઈ તેત્રીસ સંખ્યા સુધીનાં સ્થાનોમાં હિંસા આદી આશ્રવ-સ્થાનોથી નિવૃત્તિ તથા અવિરતિઓ અને એવા જ ઘણાં સ્થાન જે જિનેન્દ્ર ભગવાન્ દ્વારા ઉપદિષ્ટ, શાશ્વત, અવસ્થિત ભાવ છે તેમાં શંકા કાંક્ષાને દૂર કરીને ભગવાનનાં શાસનમાં શ્રદ્ધા રાખે છે. નિદાન-રહિત, ગર્વ-રહિત, આસક્તિ-રહિત અને મૂઢતા-રહિત થઈ મન, વચન, કાયાને ગુપ્ત રાખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गामे-गामे एगरायं, नगरे-नगरे य पंचरायं दुइज्जंते य जिइंदिए जितपरीसहे निब्भओ, विऊ सचित्ताचित्त-मीसकेहिं दव्वेहिं विरागंगते, संचयातो विरए, मुत्ते लहुके, निरवकंखे जीविय-मरणास-विप्पमुक्के, निस्संधं निव्वणं चरित्ते, धीरे काएणं फासयंते, अज्झप्पज्झाणजुत्ते निहुए, एगे चरेज्ज धम्मं ।

—पण्ह. सु. २, अ. ५, सु. ११

તે અનગાર ગામડામાં એક રાત્રિ અને શહેરોમાં પાંચ રાત્રિ સુધી નિવાસ કરનાર, જિતેન્દ્રિય, પરીષહોને જીતનાર, નિર્ભય, વિદ્વાન, સચિત્ત અચિત્ત અને મિશ્ર દ્રવ્યોમાં વૈરાગ્યવાન, સંગ્રહથી વિરત, મુકત, પરિગ્રહના ભારથી હળવો, આકાંક્ષા-રહિત, જીવન-મરણની આશાથી મુક્ત, સંધિ અને વ્રણરૂપ દોષથી રહિત ચારિત્રવાળો, ધૈર્યવાન, શરીરથી ચારિત્રનું પાલન કરનાર, સદા અધ્યાત્મ ધ્યાનથી યુક્ત, ઉપશાંત,એકલો અર્થાત્ રાગદ્વેષ રહિત થઈ ધર્મનું આચરણ કરે.

**भिक्खुस्स लक्खणाइं—**

१६७२. निक्खम्ममाणाए बुद्धवयणे,
निच्चं चित्तसमाहिओ भवेज्जा ।
हत्थीण वसं न यावि गच्छे,
वंतं नो पडियायइ जे स भिक्खू ।।

पुढवी न खणे न खणावए,
सीओदगं न पिए न पियावए ।
अगणिसत्थं जहा सुनिसियं,
तं न जले न जलावए जे स भिक्खू ।।

अनिलेण न वीए वीयावए,
हरियाणि न छिंदे न छिंदावए ।
बीयाणि सया विवज्जयंतो,
सच्चित्तं नाहारए जे स भिक्खू ।।

वहणं तस-थावराणं होइ,
पुढवि तण कट्ठ निस्सयाणं ।
तम्हा उद्देसियं न भुंजे,
नो वि पए न पयावए जे स भिक्खू ।।
रोइय नायपुत्तवयणे,
अत्तसमे मन्नेज्ज छप्पि काए ।
पंच य फासे महव्वयाइं,
पंचासवसंवरे जे स भिक्खू ।।
चत्तारि वमे सया कसाए
धुवयोगी य हवेज्ज बुद्धवयणे ।
अहणे निज्जायरूव-रयए,
गिहिजोगं परिवज्जए जे स भिक्खू ।।

**ભિક્ષુનાં લક્ષણ :**

૧૬૭૨. જે ભગવાનની આજ્ઞાથી દીક્ષા લઈને સર્વજ્ઞના વચનોમાં સદા પ્રસન્ન-ચિત્ત હોય છે તથા સ્ત્રીઓના પાશ-બંધનમાં જે જકડાતો નથી અને વમી દીધેલા ભોગને પાછા ભોગવવાની ઈચ્છા રાખતો નથી, તે ભિક્ષુ છે.

જે પૃથ્વીકાયને સ્વયં ખોદે નહિ, બીજા પાસે ખોદાવે નહિ, કાચું પાણી (સચિત્ત પાણી) સ્વયં પીવે નહિ, બીજાને પીવડાવે નહિ,તીક્ષ્ણ શસ્ત્રની સમાન અગ્નિને સ્વયં બાળે નહિ, બીજા પાસે બળાવે નહિ, તે ભિક્ષુ છે.

પંખા આદિ સાધનથી સ્વયં પવન નાખે નહિ, બીજા પાસે પવન નખાવે નહિ, વનસ્પતિ (હરિતકાય) નું સ્વયં છેદન કરે નહિ, બીજા પાસે છેદન કરાવે નહિ. તેમજ માર્ગમાં સચિત્ત બીજો પડ્યાં હોય તો તેને છોડીને ચાલે અને ભિક્ષા પણ સચિત્ત હોય તો ગ્રહણ કરે નહિ, તે ભિક્ષુ છે.

ભોજન બનાવવામાં પૃથ્વી, તૃણ,કાષ્ઠને આશ્રિત રહેલા ત્રસ-સ્થાવર જીવોનો વધ થાય છે માટે જે સાધુ ઔદ્દેશિક આહારને ભોગવે નહિ તથા સ્વયં પકાવે નહિ, બીજાને પકાવવાનું કહે નહિ, તે ભિક્ષુ છે.

જે જ્ઞાતપુત્રના વચનોને પ્રિય જાણીને છ:કાય ના જીવોને પોતાના આત્માની સમાન માને છે તથા પાંચ મહાવ્રતોને પૂર્ણ રૂપથી પાળે છે અને પાંચેય આશ્રવોનો નિરોધ કરે છે, તે ભિક્ષુ છે.

જે સદા ચારે કષાયોને ત્યાગે છે તથા તીર્થંકરનાં વચનોમાં ધ્રુવયોગી હોય છે, સોનું,ચાંદી ઈત્યાદિ ધનને ત્યજી દે છે અને ગૃહસ્થોની સાથે અધિક સંસર્ગને ત્યજે છે, તે ભિક્ષુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्मद्दिट्ठी सया अमूढे,
अत्थि हु नाणे तवे संजमे य ।
तवसा धुणइ पुराणपावणं,
मणवयकाय सुसंवुडे जे स भिक्खू ।।
–दस. अ. १०, गा. १–७

જે સમ્યક્દર્શી છે, સદા અપ્રમત્ત છે, જ્ઞાન,તપ અને સંયમમાં રહી તપથી પૂર્વ કર્મોને ક્ષીણ કરવાનો પ્રયત્ન કરે છે અને જે મન, વચન અને કાયાનો સંયમ રાખે છે, તે ભિક્ષુ છે.

न य वुग्गहियं कहं कहेज्जा,
न य कुप्पे निहूइंदिए पसंते ।
संजमधुवजोगजुत्ते,
उवसंते अविहेडए जे स भिक्खू ।।
–दस. अ. १०, गा. १०

જે ક્લેશ ઉત્પન્ન કરનારી કથા કરે નહિ, કોઈ ઉપર ક્રોધ કરે નહિ, પોતાની ઈન્દ્રિયોને ચંચળ થવા દે નહિ, તેમજ સદા પ્રશાંત રહે, સંયમમાં ત્રણેય યોગ દૃઢતાપૂર્વક જોડે, ઉપશાંત રહે, કોઈનો પણ તિરસ્કાર કરે નહિ, તે ભિક્ષુ છે.

उवहिम्मि अमुच्छिए अगिद्धे,
अन्नाय–उंछं पुलनिप्पुलाए ।
कय–विक्कय–सन्निहिओ विरए,
सव्व–संगावगए य जे स भिक्खू ।।

જે પોતાની ઉપધિમાં અમૂર્ચ્છિત રહે, આસક્તિરહિત હોય,અજ્ઞાત કુળોમાંથી થોડો-થોડો કરીને શુદ્ધ આહારની ગોચરી લેનાર, ચારિત્રને અસાર કરનાર દોષોથી રહિત હોય, ક્રય-વિક્રય અને સંગ્રહથી વિરક્ત રહે, સર્વ પ્રકારનાં સંગથી મુક્ત હોય, તે સાધુ છે.

अलोल भिक्खू न रसेसु गिद्धे,
उंछं चरे जीविय नाभिकंखे ।
इड्ढिं च सक्कारण पूयणं च,
चए ठियप्पा अणिहे जे स भिक्खू ।।

જે સાધુ લોલુપતા રહિત છે, રસમાં ગૃધ્ધ નથી, અજ્ઞાત કુલોમાં આહાર માટે જાય છે, સંયમ-રહિત જીવનને ઈચ્છતો નથી, જ્ઞાનાદિના વિષયમાં પોતાના આત્માને સ્થિત રાખે છે, છળથી રહિત છે, લબ્ધિ-પ્રમુખ ઋધ્ધિને, સત્કારને અને પૂજાને છોડે છે, તે સાધુ છે.

न परं वएज्जासि अयं कुसीले,
जेणऽन्ना कुप्पेज्ज न तं वएज्जा ।
जाणिय पत्तेयं पुण्णपावं,
अत्ताणं न समुक्कसे जे स भिक्खू ।।
–दस. अ. १०, गा. १६–१८

બધા જીવોના પુણ્ય અને પાપ પૃથક્ પૃથક્ છે, એવું જાણી જે બીજાને 'આ દુશ્ચરિત્રી છે' એમ કહે નહિ, અન્યને ક્રોધ થાય તેવાં વચન બોલે નહિ અને પોતાનો સ્વભાવ બીજા કરતાં ઊંચો છે એવું અભિમાન પણ ન કરે, તે સાધુ છે.

पवेयए अज्जपयं महामुणी,
धम्मे ठिओ ठावयई परं पि ।
निक्खम्म वज्जेज्ज कुसीललिंग,
न यावि हासं कुहए जे स भिक्खू ।।

જે મહામુનિ પરોપકારને માટે ઉપદેશ કરે છે, સ્વયં ધર્મમાં સ્થિત થઈને અન્યને પણ ધર્મમાં સ્થાપિત કરે છે, સંસારથી નીકળીને કુશીલ-લિંગને છોડી દે છે, હાસ્યજનક કુચેષ્ટાઓ કરતો નથી, તે ભિક્ષુ છે.

न देहवासं असुइं असासयं,
सया चए निच्च हियट्ठियप्पा ।
छिंदित्तु जाईमरणस्स बंधणं,
उवेइ भिक्खू अपुणागमं गइं ।।
–दस. अ. १०, गा. २०–२१

નિત્યહિતરૂપ સમ્યક્ દર્શનાદિમાં સુસ્થિત રહેનાર સાધુ અશુચિમય, અશાશ્વત-નશ્વર દેહવાસને હંમેશા છોડી દે છે તથા જન્મ-મરણના બંધનને છેદન કરીને અપુનરાગમન નામની ગતિને પ્રાપ્ત કરે છે, તે ભિક્ષુ છે.

मोणं चरिस्सामि समिच्च धम्मं,
सहिए उज्जुकडे नियाणछिन्ने ।

"ધર્મ સ્વીકારીને મુનિભાવનું આચરણ કરીશ"- આ સંકલ્પ સાથે જે જ્ઞાન-દર્શનાદિ ગુણોથી યુક્ત રહે છે, આચરણ સરળ રાખે છે, જે નિદાનથી રહિત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संथवं जहिज्ज अकामकामे,
अन्नायएसी परिव्वए स भिक्खू ।।

જે પરિચયનો ત્યાગ કરે છે, કામનાથી મુક્ત છે, પોતાની જાતિ વગેરેનો પરિચય આપ્યા વિના જે ભિક્ષાની શોધ કરે છે, અને અપ્રતિબદ્ધભાવે વિહાર કરે છે, તે ભિક્ષુ છે.

राओवरयं चरेज्ज लाढे,
विरए वेयवियायरक्खिए ।
पन्ने अभिभूय सव्वदंसी,
जे कम्हिवि न मुच्छिए स भिक्खू ।।

જે રાગથી મુક્ત છે, સંયમમાં લીન છે, આશ્રવથી વિરત છે, શાસ્ત્રજ્ઞ છે, આત્મરક્ષક તેમજ પ્રાજ્ઞ છે, જે રાગદ્વેષને પરાજિત કરીને બધાને પોતાના જેવા ગણે છે, જે કોઈપણ વસ્તુમાં આસક્ત થતો નથી, તે ભિક્ષુ છે.

अक्कोसवहं विइत्तु धीरे,
मुणी चरे लाढे, निच्चमायगुत्ते ।
अव्वग्गमणे असंपहिट्ठे,
जे कसिणं अहियासए स भिक्खू ।।

કઠોર વચન તેમજ હિંસા-મારપીટને પોતાના પૂર્વ કર્મનું ફળ માની જે શાંત રહે છે, જે સંયમમાં શ્રેષ્ઠ છે, જેણે આશ્રવથી પોતાનું રક્ષણ કર્યું છે, વ્યાકુળતા તેમજ હર્ષાતિરેકથી રહિત છે, જે સમભાવથી બધું સહન કરે છે, તે ભિક્ષુ છે.

पन्तं सयणासणं भइत्ता,
सी–उण्ह विविहं च दंसमसगं ।
अव्वग्गमणे असंपहिट्ठे,
जे कसिणं अहियासए स भिक्खू ।।

જે સાધારણ શયન-આસનને સમભાવે સ્વીકારે છે, જે ઠંડી-ગરમી, માખી-મચ્છરાદિ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાં હર્ષિત કે વ્યથિત નથી થતો અને સર્વ સહન કરે છે, તે ભિક્ષુ છે.

नो सक्कियमिच्छई न पूयं,
नो वि य वन्दणगं कुओ पसंसं ।
से संजए सुव्वए तवस्सी,
सहिए आयगवेसए स भिक्खू ।।

જે ભિક્ષુ સત્કાર, પૂજા, વંદનાની પણ અપેક્ષા નથી રાખતો, જે સંયત છે, સુવ્રતી છે, તપસ્વી છે, નિર્મળ આચરણવાળો છે, જે આત્મ-ખોજમાં લીન છે, તે ભિક્ષુ છે.

जेण पुणं जहाइ जीवियं,
मोहं वा कसिणं नियच्छई ।
नरनारिं पजहे सया तवस्सी,
न य कोऊहलं उवेइ स भिक्खू ।।

સ્ત્રી હોય કે પુરૂષ, જેની સંગતિથી સંયમી જીવનમાં વિક્ષેપ આવે અને બધી રીતે મોહ ઉત્પન્ન થાય તેવા સંગથી તપસ્વી દૂર રહે. જે કુતૂહલ ન કરે, તે ભિક્ષુ છે.

छिन्नं, सरं भोमं, अन्तलिक्खं,
सुमिणं, लक्खणदण्डवत्थुविज्जं ।
अंगवियारं सरस्स विजयं,
जो विज्जाहिं न जीवई स भिक्खू ।।

જે છિન્નવિદ્યા, સ્વરવિદ્યા, ભૌમ, આંતરિક્ષ, સ્વપ્ન, લક્ષણ, દંડ, વાસ્તુ વગેરે વિદ્યાઓથી અને અંગવિકાર શબ્દવિજ્ઞાન (પશુ-પક્ષીઓની બોલીનું જ્ઞાન) વગેરેથી જે આજીવિકા મેળવતો નથી, તે ભિક્ષુ છે.

मन्तं मूलं विविहं वेज्जचिन्तं,
वमणविरेयणधूमणेत्तसिणाणं ।
आउरे सरणं तिगिच्छियं च,
तं परिन्नाय परिव्वए स भिक्खू ।।

જે રોગાદિથી પીડાવા છતાં મંત્ર-મૂળ-જડી-બૂટી વગેરે આયુર્વેદ સંબંધી વિચારણા, વમન-વિરેચન, ધૂમ્રપાન પ્રયોગ , સ્નાન પ્રયોગ કે સ્વજનોનો આશ્રય અને ચિકિત્સાનો ત્યાગ કરીને અપ્રતિબદ્ધ ભાવે વિચરે છે, તે ભિક્ષુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खत्तियगणउग्गरायपुत्ता,
माहणभोइय विविहा य सिप्पिणो ।
नो तेसिं वयइ सिलोगपूयं,
तं परिन्नाय परिव्वए स भिक्खू ।।

જે ક્ષત્રિય ગણ, ઉગ્ર રાજકુળ, બ્રાહ્મણ કે ભોગ કુળના જનો, કે બધી જાતના કારીગરોની પૂજા તેમજ પ્રશંસા નથી કરતો પણ એને ત્યાજ્ય સમજી સંયમ માર્ગમાં વિચરે છે, તે ભિક્ષુ છે.

गिहिणो जे पव्वइएण दिट्ठा,
अप्पव्वइएण व संथुया हविज्जा ।
तेसिं इहलोइयफलट्ठा,
जो संथवं न करेइ स भिक्खू ।।

જે વ્યક્તિ પ્રવ્રજિત થયા પછીનો કે પહેલાંનો પરિચિત હોય તેની સાથે આ લોક સંબંધી ફળની પ્રાપ્તિ માટે જે સંબંધ ન રાખે, તે ભિક્ષુ છે.

सयणासणपाणभोयणं,
विविहं खाइमं साइमं परेसिं ।
अदए पडिसेहिए नियण्ठे,
जे तत्थ न पउस्सई स भिक्खू ।।

શયન, આસન, પાન, ભોજન અને વિવિધ પ્રકારના ખાદ્ય અને સ્વાદ્ય પદાર્થો કોઈ ગૃહસ્થ ન આપે અથવા માંગવા છતાં ના પાડે તો જે નિર્ગ્રંથ તેના પ્રત્યે દ્વેષ રાખતો નથી, તે ભિક્ષુ છે.

जं किंचि आहारपाणगं,
विविहं खाइमं साइमं परेसिं लद्धुं ।
जो तं तिविहेण नाणुकम्पे,
मणवयकाय-सुसंवुडे स भिक्खू ।।

ગૃહસ્થો પાસેથી જાત-જાતના અશન, પાન તેમજ ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો મેળવીને જે મન-વચન-કાયાથી ત્રિવિધ અનુકંપા કરતો નથી, આશીર્વાદ વગેરે આપતો નથી, પણ મન, વચન અને કાયાથી પૂર્ણ સંવૃત રહે છે, તે ભિક્ષુ છે.

आयामगं चेव जवोदणं च,
सीयं च सोवीर जवोदगं च ।
नो हीलए पिण्डं नीरसं तु,
पन्तकुलाइं परिव्वए स भिक्खू ।।

ઓસામણ, જવનું બનેલું ભોજન, ઠંડું ભોજન, કાંજીનું પાણી, જવનું પાણી- જેવી નીરસ ભિક્ષાની જે નિંદા કરતો નથી, પણ ભિક્ષા માટે સાધારણ ઘરોમાં જાય છે, તે ભિક્ષુ છે.

सद्दा विविहा भवन्ति लोए,
दिव्वा माणुस्सगा तहा तिरिच्छा ।
भीमा भयभेरवा उराला,
जो सोच्चा न विहिज्जई स भिक्खू ।।

સંસારમાં દેવ, મનુષ્ય અને પશુ-પક્ષીઓનાં જે અનેક પ્રકારનાં રૌદ્ર, અતિ ભયંકર, અદ્‌ભુત અવાજ થાય છે તેમને સાંભળીને ભયભીત થતો નથી, તે ભિક્ષુ છે.

वादं विविहं समिच्च लोए,
सहिए खेयाणुगए य कोवियप्पा ।
पन्ने अभिभूय सव्वदंसी उवसन्ते,
अविहेडए स भिक्खू ।।

લોક પ્રચલિત વિવિધ ધર્મ-વિષયક વાદોને જાણીને પણ જે જ્ઞાન દર્શનાદિ સ્વ-ધર્મમાં સ્થિર રહે છે, જેણે શાસ્ત્રોનો પરમ અર્થ જાણ્યો છે, જે પ્રાજ્ઞ છે જેણે પરીષહને જીત્યા છે, જે બધા જીવો તરફ સમભાવ રાખે છે, જે ઉપશાન્ત છે, જે કોઈને પણ અપમાનિત કરતો નથી, તે ભિક્ષુ છે.

असिप्पजीवी अगिहे अमित्ते,
जिइन्दिए सव्वओ विप्पमुक्के ।
अणुक्कसाई लहुअप्पभक्खी चेच्चा,
गिहं एगचरे स भिक्खू ।।

—उत्त. अ. १५, गा. १-१६

જે શિલ્પજીવી નથી, જેનું ઘર નથી, જેના અંગત મિત્રો નથી, જે જિતેન્દ્રિય છે, જે બધી રીતે પરિગ્રહ-રહિત છે, જે અણુકષાયી છે (અર્થાત્ જેમાં ક્રોધાદિ કષાય મંદ છે,) જે નીરસ અને પરિમિત આહાર લે છે, જે ઘરવાસ છોડીને એકાકી વિચરે છે, તે ભિક્ષુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हिरण्णं जायरूवं च, मणसा वि न पत्थए ।
समलेट्ठुकंचणे भिक्खू, विरए कयविक्कए ।।
–उत्त. अ.३५, गा. १३

ક્રય-વિક્રયથી વિરકત ભિક્ષુ સોનું અને માટીને સમાન સમજીને સોના ચાંદીની મનથી પણ ઈચ્છા ન કરે.

विरया वीरा समुट्ठिया,
कोहा काय रियाइ पीसणा ।
पाणे ण हणंति सव्वसो,
पावाओ विरयाऽ भिणिव्वुडा ।।
–सूय. सु. १, अ. २, उ. १, गा. १२

જે હિંસા વગેરે પાપોથી નિવૃત્ત છે, જેણે કષાયોને દૂર કર્યાં છે, જે નિરારંભી છે, ક્રોધ, માન, માયા અને લોભનું નિકંદન કરનાર છે, ત્રણ કરણ અને ત્રણ યોગથી કોઈ પણ પ્રાણીનો ઘાત કરતા નથી અને સાવદ્યાનુષ્ઠાનથી રહિત છે તે સર્વે મુક્તાત્મા સમાન પરિશાંત છે.

सीओदग पडिदुगुंछिणो,
अपडिण्णस्स लवावसक्किणो ।
सामाइयमाहु तस्स जं,
जो गिहिमत्तेऽसणं न भुंजइ ।।
–सूय. सु. १, अ. २, उ. २, गा. २०

જે સાધુ સચિત્ત પાણી પીતા નથી, જે પરલોક સંબંધી સુખોની અભિલાષા કરતા નથી, જે કર્મબંધન કરાવનાર કાર્યોથી દૂર રહે છે તથા જે ગૃહસ્થના પાત્રમાં ભોજન કરતા નથી તેમને જ તીર્થંકર ભગવાને સામાયિક-ચારિત્રી કહ્યા છે.

**महेसिणं लक्खणाइं–**

१६७३. परीसहरिऊदंता, धुयमोहा जिइंदिया ।
सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ।।
–दस. अ. ३, गा. १३

**મહર્ષિના લક્ષણ :**

૧૬૭૩. પરિષહરૂપી વૈરીઓને જિતનારા, મોહને દૂર કરનાર તથા ઈન્દ્રિયોને જિતનારા મહર્ષિઓ સર્વ પ્રકારના દુ:ખોનો નાશ કરવા માટે પરાક્રમશીલ રહે છે.

**मुणीणं लक्खणाइं–**

१६७४. अकरिस्सं च हं, कारवेसुं च हं,
करओ यावि समणुण्णे भविस्सामि[१] ।
एयावंति सव्वावंति लोगंसि,
कम्मसमारंभा परिजाणियव्वा भवंति ।।

अपरिण्णायकम्मे खलु अयं पुरिसे, जो इमाओ दिसाओ वा अणुदिसाओ वा, अणुसंचरति, सव्वाओ दिसाओ सव्वाओ अणुदिसाओ सहेइ, अणेगरूवाओ जोणीओ संधेति, विरूवरूवे फासे य, पडिसंवेदयति ।

**મુનિઓનાં લક્ષણ :**

૧૬૭૪. મેં કર્યું છે, હું કરાવું છું અને હું કરનારને અનુમોદન આપીશ-લોકમાં કર્મ બાંધવાના કારણભૂત ક્રિયાના ભેદો એટલાં જ જાણવાં જોઈએ.

કર્મ અને કર્મબંધના સ્વરૂપને નહિં જાણનાર પુરૂષ-આત્મા જ આ દિશાઓ અને વિદિશાઓમાં વારંવાર આવાગમન કરે છે અને સર્વ દિશાઓમાં તથા વિદિશાઓમાં કર્મોની સાથે ગમનાગમન કરે છે, અનેક પ્રકારની જીવ યોનિઓની સાથે પોતાનો સંબંધ સ્થાપિત કરે છે, વિવિધ પ્રકારના સ્પર્શો અને દુ:ખોને વેદે છે.

---

૧. આદિ મધ્ય તથા અન્તની ક્રિયાથી અહીં નવ ક્રિયાઓ સમજવો જોઈએ -

| | | |
|---|---|---|
| ૧. મેં ક્રિયા કરી હતી. | ૨. કરાવી હતી. | ૩. અનુમોદન કર્યું હતું. |
| ૪. હું ક્રિયા કરું છું. | ૫. કરાવું છું. | ૬. અનુમોદન કરું છું. |
| ૭. હું ક્રિયા કરીશ. | ૮. કરાવીશ. | ૯. કરનારનું અનુમોદન કરીશ. |

પાંચમી અને નવમી ક્રિયાનો નિર્દેશ સૂત્રમાં થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ खलु भगवया परिण्णा पवेदिता ।

इमस्स चेव जीवियस्स,

परिवंदण-मायण-पूयणाए,

जाइ-मरण-मोयणाए,

दुक्खपडिग्घायहेउं ।

एतावंति सव्वावंति लोगंसि कम्मसमारंभा परिजाणियव्वा भवंति ।

जस्सेते लोगंसि कम्मसमारंभा परिण्णाया भवंति से हु मुणी परिण्णाय-कम्मे त्ति बेमि ।

*-आ. सु. १, अ. १, उ. १, सु. ४-९*

एवं से उट्ठिते ठितप्पा अणिहे अचले चले अबहिलेस्से परिव्वए ।

संखाय पेसलं दिट्ठिमं परिणिव्वुडे ।

तम्हा संगं ति पासहा ।

गंथेहिं गढिता णरा विसण्णा कामक्कंता ।

तम्हा लूहातो णो परिवित्तसेज्जा ।

जस्सिमे आरंभा सव्वतो सव्वताए सुपरिण्णाता भवंति जस्सिमे लूसिणो णो परिवित्तसंति, से वंता कोधं च माणं च मायं च लोभं च । एस तिउट्टे वियाहिते त्ति बेमि ।

कायस्स वियावाए एस संगामसीसे वियाहिए । से हु पारंगमे मुणी ।

अवि हम्ममाणे फलगावतट्ठी कालोवणीते कंखेज्ज कालं-**जाव**-सरीरभेदी त्ति बेमि ।

*- आ. सु. १, अ. ६, उ. ५, सु. १९७-१९८(ख)*

सुत्ता अमुणी मुणिणो सया जागरंति ।

लोगंसि जाण अहियाय दुक्खं ।

समयं लोगस्स जाणित्ता एत्थ सत्थोवरते ।

*-आ. सु. १, अ. ३, उ. १, सु. १०६*

તે (કર્મબંધનના કારણભૂત ક્રિયાઓના) વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક કહેલ છે-

૧. આ જીવનના નિર્વાહ માટે,

૨. યશ, માન, પૂજા સત્કારને માટે,

૩. જન્મ-મરણથી મુક્ત થવા માટે,

૪. દુઃખોને દૂર કરવા માટે પ્રાણી પૂર્વોક્ત પાપમય ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે.

લોકમાં આ સર્વ કર્મ-સમારંભો જાણવા અને ત્યાગવા જોઈએ.

જેણે આ સમારંભોને જાણ્યા અને ત્યાગ્યા છે તે નિશ્ચયથી પરિજ્ઞાતકર્મા-વિવેકી અને આરાધક મુનિ છે.

તે સાવધાન રહેતો, આત્માને સ્થિત કરતો, રાગ-રહિત, પરિષહોથી ચંચળ ન થનાર સાધક, એક સ્થાનમાં ન વિચરતો, સંયમથી બહાર પોતાના વિચારો ન લાવતો મુનિ સંયમાનુષ્ઠાનમાં વિચરણ કરે.

જે મુનિ આ પવિત્ર ધર્મને જાણી સદનુષ્ઠાનનું આચરણ કરે છે તે મુક્તિને પ્રાપ્ત કરે છે.

તે માટે આસક્તિના સ્વરૂપ અને વિપાકનો વિચાર કરો.

લોકો પરિગ્રહમાં ફસાયા છે અને કામભોગોથી આક્રાન્ત છે.

માટે સંયમથી ગભરાવું ન જોઈએ.

વિવેકહીન તથા હિંસક વૃત્તિવાળા જે પાપકર્મોને કરતાં ભયભીત થતાં નથી, જ્ઞાનીજનો તે આરંભોનો સર્વથા ત્યાગ કરે છે, ક્રોધ, માન, માયા અને લોભનો પરિત્યાગ કરે છે અને કર્મબંધનથી મુક્ત થઈ જાય છે.

દેહનાશના ભય પર વિજય પ્રાપ્ત કરી લેવો એ સંગ્રામનો અગ્રભાગ છે. મુનિ તેવા સંગ્રામનો પારગામી છે.

મુનિ કષ્ટોથી પીડિત થવા છતાં પણ લાકડાના પાટિયાની જેમ અચળ રહે છે અને મૃત્યુકાળ આવવા છતાં જ્યાં સુધી જીવ અને શરીર ભિન્ન-ભિન્ન ન થાય ત્યાં સુધી મૃત્યુનું સ્વાગત કરવા માટે તૈયાર રહે છે.

અજ્ઞાની સદા સુપ્ત છે અને મુનિ નિરંતર જાગૃત છે. માટે લોકમાં અજ્ઞાન અહિતકર છે એવું જાણવું.

મુનિ સર્વ આત્માઓને સમાન જાણી તેમની હિંસાથી દૂર રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जस्सिमे सद्दा य, रूवा य, गंधा य, रसा य, फासा य अभिसमण्णागता भवंति से आतवं णाणवं वेयवं धम्मवं बंभवं ।

જે પુરૂષે શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શોને યથાર્થરૂપે જાણી છોડી દીધા છે, તેજ આત્મસ્વરૂપનો જ્ઞાતા, જ્ઞાની, શાસ્ત્રવેત્તા, ધર્મવેત્તા અને બ્રહ્મચારી છે.

पण्णाणेहिं परिजाणंति लोगं, मुणी ति वच्चे धम्मविदु त्ति अंजू आवट्टसोए संगमभिजाणंति ।

–*आ. सु. १, अ. ३, उ. १, सु. १०७*

જે પુરૂષ પોતાના જ્ઞાનબળથી સમગ્રલોકને જાણી લે છે, તેજ સાચો સાધુ કહેવાય છે. તે ધર્મને જાણનાર સરળ હૃદય મુનિ જન્મ-મરણના ચક્રનો અને વિષયાભિલાષાનો સંબંધ જાણે છે.

संधिं लोगस्स जाणित्ता आयओ बहिया पास ।

સાધક સુઅવસર જાણીને પ્રાણીઓને દુઃખ ઉત્પન્ન કરનારાં કાર્ય ન કરે, પોતાના સમાન જ અન્ય જીવોને જુએ.

तम्हा ण हंता ण विघातए ।

માટે કોઈ પણ જીવની હિંસા સ્વયં ન કરે, અન્ય પાસે કરાવે નહિ.

जमिणं अण्णमण्णवितिगिंछाए पडिलेहाए ण करेति पावं कम्मं किं तत्थ मुणी कारणं सिया ?

–*आ. सु. १, अ. ३, उ. ३, सु. १२२*

જે એક-બીજાની શરમ, તેમજ લજ્જા ભયનો વિચાર કરી પાપકર્મ કરતો નથી. તે શું મુનિ કહેવાય ? અર્થાત્ તે મુનિ નથી.

अलोलुए अक्कुहए अमाई,
अपिसुणे यावि अदीणवित्ती ।
नो भावए नो वि य भावियप्पा,
अकोउहल्ले य सया स पुज्जो ।।

જે અલોલુપી, અકૌતુકી - મંત્ર યંત્રાદિ ઈન્દ્રજાળથી રહિત માયા અને ચાડી ચુગલીથી રહિત અદીન વૃત્તિવાન છે તથા સ્વયં પોતાની પ્રશંસા કરતો નથી તેમજ બીજા પાસે પ્રશંસા કરાવવાની ઈચ્છા પણ કરતો નથી અને કુતૂહલ પણ કરતો નથી તે જ ખરેખર પૂજ્ય છે.

गुणेहिं साहू अगुणेहऽसाहू,
गिण्हाहि साहू गुणमुंचऽसाहू ।
वियाणिया अप्पगमप्पएणं,
जो रागदोसेहिं समो स पुज्जो ।।

ગુણોથી સાધુ અને અગુણોથી અસાધુ હોય છે. સાધુ યોગ્ય ગુણોને ગ્રહણ કરી લે અને અસાધુ-યોગ્ય અવગુણોને છોડી દે. પોતાના આત્મા દ્વારા આત્માને નાના પ્રકારથી બોધિત કરે તથા રાગ અને દ્વેષના વિષયોમાં સમભાવ રાખે તે જ પૂજવા યોગ્ય છે.

तहेव डहरं व महल्लगं वा,
इत्थी पुमं पव्वइयं गिहिं वा ।
नो हीलए नो वि य खिंसएज्जा,
थंभं च कोहं च चए स पुज्जो ।।

–*दस. अ. ९, उ. ३, गा. १०–१२*

જે પોતાનો વડીલ હોય કે નાની વયનો હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, દીક્ષિત હોય કે ગૃહસ્થ હોય, કોઈની પણ નિંદા કે તિરસ્કાર કરે નહિ, તેમજ અહંકાર અને ક્રોધ આદિ કષાયોને તિલાંજલિ આપી દે, તે જ ખરેખર પૂજ્ય છે.

**अमुणी–मुणी सरूवं–**

१६७५. दुव्वसु मुणी अणाणाए, तुच्छए गिलाति वत्तए ।

एस वीरे पसंसिए अच्चेति लोगसंजोगं । एस णाए पवुच्चति ।

**અમુનિ તથા મુનિનું સ્વરૂપ :**

૧૬૭૫. તીર્થંકરની આજ્ઞાને નહિં માનનાર મુનિ મોક્ષ પ્રાપ્ત કરવા માટે અયોગ્ય છે. તે સાધક ચારિત્રથી શૂન્ય હોવાને કારણે ધર્મનું કથન કરવામાં લજ્જાનો અનુભવ કરે છે.

વીતરાગની આજ્ઞાનો આરાધક બની, સંસારની જંજાળથી પાર થઈ જાય છે, તે જ વીર મુનિ પ્રશંસનીય છે, તે જ નાયક કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जं दुक्खं पवेदितं इह माणवाणं तस्स दुक्खस्स कुसला परिण्णमुदाहरंति इति कम्मं परिण्णाय सव्वसो ।

મનુષ્યોનાં દુઃખ ઉત્પન્ન થવાનાં જે કારણો કહ્યાં છે, તે દુઃખના કારણોથી છૂટવા માટે કુશળ સાધક પ્રત્યાખ્યાન- પરિજ્ઞા દ્વારા કર્મોને જાણી આશ્રવ દ્વારોમાં પ્રવૃત્તિ ન કરે.

जे अणण्णदंसी से अणण्णारामे, जे अणण्णारामे से, जे अणण्णदंसी ।

—आ. सु. १, अ. २, उ. ६, सु. १००-१०१

જે પરમાર્થ દૃષ્ટા છે, તે મોક્ષમાર્ગ સિવાય અન્યત્ર રમણ કરે નહિ. જે મોક્ષમાર્ગ સિવાય અન્યત્ર રમણ કરતો નથી તે પરમાર્થ દષ્ટા છે.

संजयमणुस्साणं सुत्ताणं पंच जागरा पण्णत्ता, तं जहा–

(१) सद्दा, (२) रूवा, (३) गंधा, (४) रसा,

(५) फासा ।

જે સંયત મનુષ્યો નિદ્રામાં હોય છે, ત્યારે તેમનાં પાંચ જાગૃત કહ્યા છે, જેમકે-

૧. શબ્દ, ૨. રૂપ, ૩. ગંધ, ૪. રસ,

૫. સ્પર્શ.

संजयमणुस्साणं सुत्ताणं पंच सुत्ता पण्णत्ता, तं जहा–

(१) सद्दा, (२) रूवा, (३) गंधा, (४) रसा,

(५) फासा ।

જે સંયત મનુષ્યો જાગૃત હોય છે, ત્યારે તેમના પાંચ સુપ્ત કહ્યા છે, જેમકે-

૧. શબ્દ, ૨. રૂપ, ૩. ગંધ, ૪. રસ,

૫. સ્પર્શ.

असंजयमणुस्साणं सुत्ताणं वा, जागराणं वा जागरा पण्णत्ता, तं जहा–

(१) सद्दा, (२) रूवा, (३) गंधा, (४) रसा,

(५) फासा ।

—ठाणं. अ. ५, उ. २, सु. ४२२

અસંયત મનુષ્ય ભલે સુપ્ત હોય કે જાગૃત હોય તેના પાંચ જાગૃત કહ્યા છે, જેમકે-

૧. શબ્દ, ૨. રૂપ, ૩. ગંધ, ૪. રસ,

૫. સ્પર્શ.

### अणत्तवओ अत्तवओयणा–

१६७६. छट्ठाणा अणत्तवओ अहिताए असुभाए अखमाए अणीसेसाए अणाणुगामियत्ताए भवंति, तं जहा–

(१) परियाए, (२) परियाले, (३) सुते,

(४) तवे, (५) लाभे, (६) पूयासक्कारे ।

छट्ठाणा अत्तववो हिताए सुभाए खमाए णीसेसाए आणुगामियत्ताए भवंति, तं जहा–

(१) परियाए, (२) परियाले, (३) सुते,

(४) तवे, (५) लाभे, (६) पूयासक्कारे ।

—ठाणं अ. ६, सु. ४९६

### અનાત્મવાન અને આત્મવાન :

૧૬૭૬. અનાત્મવાન જીવોને માટે છ સ્થાન - અહિતકારી, અશુભકારી, અક્ષાન્તિકારી, અકલ્યાણકારી અને અનાનુગામિકતાના નિમિત્ત રૂપ બને છે, જેમકે-

૧. પર્યાય (અવસ્થા અથવા દીક્ષામાં) ૨. પરિવાર, ૩. શ્રુત, ૪. તપ, ૫. લાભ અને ૬. પૂજા સત્કાર.

આત્મવાન જીવોને માટે છ સ્થાન હિત, શુભ, ક્ષમ, નિઃશ્રેયસ તથા આનુગામિકતાના નિમિત્ત રૂપ બને છે, જેમકે -

૧. પર્યાય, ૨. પરિવાર, ૩. શ્રુત,

૪. તપ, ૫. લાભ, ૬. પૂજા-સત્કાર

### अणगार गुणा–

१६७७. सत्तावीसं अणगारगुणा पण्णत्ता, तं जहा–

(१) पाणातिवात वेरमणे, (२) मुसावाए वेरमणे,

### અણગારનાં ગુણ :

૧૬૭૭. અણગારના સત્તાવીસ ગુણો કહ્યા છે, જેમ કે-

(૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) अदिण्णादाण वेरमणे, (४) मेहुण वेरमणे,
(५) परिग्गह वेरमणे, (६) सोइंदिय निग्गहे,
(७) चक्खिदियनिग्गहे, (८) घाणिंदिय निग्गहे,
(९) जिब्भिदियनिग्गहे, (१०) फासिंदिय निग्गहे,
(११) कोहविवेगे, (१२) माणविवेगे,
(१३) मायाविवेगे, (१४) लोभ विवेगे,
(१५) भावसच्चे, (१६) करण सच्चे,
(१७) जोगसच्चे,
(१८) खमा, (१९) विरागता,
(२०) मणसमाहरणता, (२१) वइसमाहरणता,
(२२) कायसमाहरणता, (२३) णाणसंपण्णया,
(२४) दंसण संपण्णया, (२५) चरित्तसंपण्णया,
(२६) वेयणअहियासयणया,
(२७) मारणंतियअहियासयणया ।

*—सम. सम. २७, सु. १*

૩. અદત્તાદાન વિરમણ, ૪. મૈથુન વિરમણ,
૫. પરિગ્રહ વિરમણ, ૬. શ્રોત્રેન્દ્રિય નિગ્રહ,
૭. ચક્ષુ ઈન્દ્રિય નિગ્રહ, ૮. ઘ્રાણેન્દ્રિય નિગ્રહ,
૯. રસેન્દ્રિય નિગ્રહ, ૧૦. સ્પર્શેન્દ્રિય નિગ્રહ,
૧૧.ક્રોધ વિવેક, ૧૨. માન વિવેક,
૧૩.માયા વિવેક, ૧૪. લોભ વિવેક,
૧૫.ભાવ સત્ય, ૧૬. કરણ સત્ય,
૧૭.યોગ સત્ય, (મન-વચન-કાયાની સમ્યક્ પ્રવૃત્તિ)
૧૮.ક્ષમા, ૧૯. વિરાગતા,
૨૦.મનનો નિરોધ, ૨૧. વચનનો નિરોધ,
૨૨.કાયાનો નિરોધ, ૨૩. જ્ઞાન સંપન્નતા,
૨૪.દર્શન સંપન્નતા, ૨૫. ચારિત્ર સંપન્નતા,
૨૬.વેદના સહન કરવી,
૨૭.મારણાંતિક કષ્ટ સહન કરવું.

**मडाई णियंठ सरूवं –**

१६७८. प. मडाई णं भंते ! नियंठे णो निरुद्धभवे, णो निरूद्धभवपवंचे, णो पहीणसंसारे, णो पहीणसंसारवेअणिज्जे, णो वोच्छिन्नसंसारे, णो वोच्छिन्नसंसारवेअणिज्जे, नो निट्ठियट्ठे, नो निट्ठियट्ठकरणिज्जे पुणरवि इत्तत्थं हव्वं आगच्छइ ?

उ. हंता, गोयमा ! मडाई णं नियंठे-**जाव**-पुणरवि इत्तत्थं हव्वं आगच्छइ ।

प. से णं भंते ! किं त्ति वत्तव्वं सिया,

उ. गोयमा ! "पाणे" त्ति वत्तव्वं सिया,
"भूए" त्ति वत्तव्वं सिया,
"जीवे" त्ति वत्तव्वं सिया,
"सत्ते" त्ति वत्तव्वं सिया,
"विण्णू" त्ति वत्तव्वं सिया,
"वेदे" त्ति वत्तव्वं सिया,

**મૃતાદિ નિર્ગ્રન્થનું સ્વરૂપ :**

૧૬૭૮. પ્ર. ભંતે ! જેણે સંસારનો નિરોધ કર્યો નથી, સંસારનાં પ્રપંચોનો નિરોધ કર્યો નથી, સંસારને ક્ષીણ કર્યો નથી, સંસાર-વેદનીય કર્મને ક્ષીણ કર્યાં નથી, જેનો સંસાર ક્ષીણ થયો નથી, સંસાર વેદનીય કર્મ ક્ષીણ થયાં નથી, જેનું પ્રયોજન સિદ્ધ થયું નથી, જેનું કાર્ય પૂર્ણ થયું નથી, એવો પ્રાસુક આહાર કરનાર અણગાર શું ફરીથી મનુષ્યભવ આદિ ભાવોને પ્રાપ્ત કરે છે ?

ઉ. હા ગૌતમ ! એવો પ્રાસુક ભોજન કરનાર અણગાર **યાવત્** ફરીથી મનુષ્ય ભવ આદિ ભાવોને પ્રાપ્ત કરે છે.

પ્ર. ભંતે ! તેને ક્યા શબ્દથી વર્ણવી શકાય ?

ઉ. ગૌતમ ! તેને 'પ્રાણ' સંજ્ઞાથી વર્ણવી શકાય છે.
'ભૂત' શબ્દથી ઓળખી શકાય છે.
'જીવ' શબ્દથી ઓળખી શકાય છે.
'સત્ત્વ' શબ્દથી ઓળખી શકાય છે.
'વિજ્ઞ' શબ્દથી ઓળખી શકાય છે.
'વેદ' શબ્દથી ઓળખી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाणे, भूए, जीवे, सत्ते, विण्णू वेदे त्ति वत्तव्वं सिया !

तथा પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ, વિજ્ઞ અને વેદ એ બધા શબ્દોથી પણ ઓળખી શકાય છે.

प. से केणट्ठेणं भंते ! 'पाणे त्ति' वत्तव्वं सिया–**जाव**–'वेदे त्ति' वत्तव्वं सिया ?

પ્ર. ભંતે ! ક્યા પ્રયોજનથી તેને પ્રાણ **યાવત્** વેદ શબ્દથી ઓળખી શકાય છે. ?

उ. गोयमा ! जम्हा आणमइ वा, पाणमइ वा, उस्ससइ वा, णीससइ वा, तम्हा "पाणे" त्ति वत्तव्वं सिया,

ઉ. ગૌતમ ! કારણ કે તે બાહ્ય અને આભ્યંતર શ્વાસોચ્છ્વાસ લે છે અને છોડે છે તે કારણે તેને 'પ્રાણ' શબ્દથી ઓળખી શકાય છે.

जम्हा भूते, भवति, भविस्सति य तम्हा "भूए" त्ति वत्तव्वं सिया,

તે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે, એ કારણે 'ભૂત' કહી શકાય છે.

जम्हा जीवे जीवति, जीवत्तं आउयं च कम्मं उवजीवति, तम्हा "जीवे" त्ति वत्तव्वं सिया,

તે જીવે છે તથા જીવત્વ અને આયુકર્મનો અનુભવ કરે છે, માટે 'જીવ' કહી શકાય છે.

जम्हा सत्ते सुभासुभेहिं कम्मेहिं तम्हा "सत्ते" त्ति वत्तव्वं सिया,

તે શુભ અશુભ કર્મોથી સંબદ્ધ છે, માટે "સત્ત્વ" કહી શકાય છે.

जम्हा तित्त–कडुय–कसायंबिल–महुरे रसे जाणइ तम्हा 'विन्नू' त्ति वत्तव्वं सिया ।

તે તીખા, કડવા, કસાયેલા, ખાટા અને મીઠા રસોને જાણે છે માટે તેને "વિજ્ઞ" કહી શકાય છે.

जम्हा वेदेइ य सुह–दुक्खं तम्हा 'वेदे' त्ति वत्तव्वं सिया,

તે સુખ- દુઃખનું વેદન કરે છે, માટે તેને "વેદ" કહી શકાય છે.

से तेणट्ठेणं गोयमा ! "पाणे" त्ति वत्तव्वं सिया–**जाव**–'वेदे त्ति' वत्तव्वं सिया ।

આ કારણથી ગૌતમ ! તેને "પ્રાણ" **યાવત્** "વેદ" શબ્દોથી ઓળખી શકાય છે.

प. मडाई णं भंते ! नियंठे निरुद्धभवे, निरुद्ध–भवपवंचे–**जाव**–निट्ठिअट्ठकरणिज्जे णो पुणरवि इत्तत्थं हव्वं आगच्छइ ?

પ્ર. ભંતે ! જે પ્રાસુક ભોજન કરનાર અણગાર સંસારનો નિરોધ કરી ચૂક્યા છે, ભવપ્રપંચનો નિરોધ કરી ચૂકયા છે **યાવત્** જેનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, તે ફરી મનુષ્યત્વ આદિ ભાવોને પ્રાપ્ત કરી શકતા નથી ?

उ. हंता, गोयमा ! मडाई णं नियंठे–**जाव**–नो पुणरवि इत्तत्थं हव्वं आगच्छइ ।

ઉ. હા ગૌતમ ! એવા પ્રાસુક ભોજન કરનાર અણગાર **યાવત્** ફરી મનુષ્યત્વ આદિ ભાવોને પ્રાપ્ત કરી શકતા નથી.

प. से णं भंते ! किं वत्तव्वं सिया ?

પ્ર. ભંતે ! તે શ્રમણનિર્ગ્રન્થને કયાં કયાં નામથી ઓળખી શકાય છે ?

उ. गोयमा ! "सिद्धे" त्ति वत्तव्वं सिया,
"बुद्धे" त्ति वत्तव्वं सिया,
"मुत्ते" त्ति वत्तव्वं सिया,
"पारगए" त्ति वत्तव्वं सिया,
"परम्परगए" त्ति वत्तव्वं सिया, सिद्धे, बुद्धे, मुत्ते, परिनिव्वुडे, अंतकडे, सव्वदुक्खप्पहीणे त्ति वत्तव्वं सिया,

–वि. स. २, उ. १, सु. ८–९

ઉ. ગૌતમ ! તેને "સિદ્ધ" કહી શકાય છે,
"બુદ્ધ" પણ કહી શકાય છે,
"મુક્ત" પણ કહી શકાય છે,
સંસારથી પાર થઈ ગયા છે તેમ કહી શકાય.
અનુક્રમથી સંસારથી પાર થઈ ગયા છે, તેમ કહી શકાય છે, તથા સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત, અંતકૃત્ અને બધા દુઃખોનો નાશ કરનાર કહી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**निग्गंथाणं पसत्थ लक्खणा –**

१६७९. प. से नूणं भंते ! लाघवियं, अप्पिच्छा, अमुच्छा, अगेही, अपडिबद्धया समणाणं णिग्गंथाणं पसत्थं ?

उ. हंता, गोयमा ! लाघवियं–**जाव**–अपडिबद्धया समणाणं निग्गंथाणं पसत्थं ।

प. से नूणं भंते ! अकोहत्तं अमाणत्तं अमायत्तं अलोभत्तं समणाणं निग्गंथाणं पसत्थं ?

उ. हंता, गोयमा ! अकोहत्तं–**जाव**–अलोभत्तं समणाणं निग्गंथाणं पसत्थं ।

प. से नूणं भंते ! कंखा–पदोसे खीणे समणे निग्गंथे अंतकरे भवति, अंतिमसरीरिए वा, बहुमोहे वि य णं पुव्विं विहरित्ता अह पच्छा संवुडे कालं करेति तओ पच्छा सिज्झति–**जाव**–अंतं करेइ ?

उ. हंता, गोयमा ! कंखा–पदोसे खीणे–**जाव**–सव्व दुक्खाणमन्तं करेति ।

–*विया. स. १, उ. ९, सु. १९–२१*

**નિર્ગ્રન્થોનાં પ્રશસ્ત લક્ષણ :**

૧૬૭૯. પ્ર. ભંતે ! શું લાઘવ, અલ્પ ઈચ્છા, અમૂર્ચ્છા, અનાસક્તિ અને અપ્રતિબધ્ધતા તે શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ?

ઉ. હા, ગૌતમ ! લાઘવ **યાવત્** અપ્રતિબધ્ધતા તે શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે.

પ્ર. ભંતે ! ક્રોધરહિતતા, માનરહિતતા, માયા રહિતતા અને અલોભત્વ, શું શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ?

ઉ. હા, ગૌતમ ! ક્રોધ રહિતતા **યાવત્** અલોભત્વ તે બધા શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે.

પ્ર. ભંતે ! શું કાંક્ષાપ્રદોષ નાશ થવાથી શ્રમણ નિર્ગ્રન્થ અંતકર્તા અથવા અંતિમ શરીરી હોય છે ? અથવા પૂર્વાવસ્થામાં વધારે મોહ વાળો થઈને વિચરણ કરે અને પછી સંવરયુક્ત થઈ મૃત્યુ પ્રાપ્ત કરે તો શું તે સિદ્ધ થાય છે **યાવત્** બધા દુઃખોનો અંત કરે છે ?

ઉ. હા, ગૌતમ ! કાંક્ષાપ્રદોષ નાશ થઈ જવાથી **યાવત્** બધા દુઃખોનો અંત કરનાર બને છે.

## સંયમીની વિભિન્ન ઉપમાઓ : ૫

**समणोवमाओ–**

१६८० एवं से संजए विमुत्ते निस्संगे–**जाव**–निरूवलेवे,

१. सुविमलवर–कंसभायणं व मुक्कतोए,
२. संखे विव निरंजणे विगय–राग–दोस–मोहे ।
३. कुम्मे इव इंदिएसु गुत्ते ।
४. जच्चकंचणं व जायरूवे ।
५. पोक्खरपत्तं व निरूवलेवे ।
६. चन्दे इव सोमभावयाए ।
७. सूरोव्व दित्ततेए ।
८. अचले जह मन्दरे गिरिवरे ।
९. अक्खोभे सागरोव्व थिमिए ।

**શ્રમણની ઉપમાઓ :**

૧૬૮૦. આ પ્રમાણે તે સાધુ ધન આદિનાં લોભથી મુક્ત આસક્તિ રહિત **યાવત્** કર્મનાં લેપથી રહિત,

૧. નિર્મળ કાંસાના પાત્રની જેમ સ્નેહ-બંધનથી રહિત,
૨. શંખની જેમ શુદ્ધ અર્થાત્ રાગ- દ્વેષ અને મોહથી રહિત,
૩. કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય,
૪. ઉત્તમ સોનાની જેમ શુદ્ધ અર્થાત્ દોષ-રહિત,
૫. કમળ-પત્રની સમાન નિર્લેપ,
૬. ચંદ્રમાની જેમ સૌમ્ય સ્વભાવવાળો,
૭. સૂર્યની જેમ તેજસ્વી,
૮. પરિષહ સમયે મંદર પર્વત સમાન અચલ,
૯. સમુદ્રની જેમ ગંભીર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०. पुढवी व सव्वफास–विसहे ।

११. तवसा वि व भासरासिछन्निव्वजाततेए ।

१२. जलियहुयासणे वि व तेयसा जलंते ।

१३. गोसीसचंदणं पि व सीयले सुगंधे य ।

१४. हरय इव समियभावे ।

१५. उग्घसियसुनिम्मलं आयंसमंडलतलं व पागड–भावेणं सुद्धभावे ।

१६. कुंजरोव्व सोडीरे ।

१७. वसभेव्व जायथामे ।

१८. सीहे व जहा मिगाहिवे होति दुप्पधरिसे ।

१९. सारयसलिलं व सुद्धहियए ।

२०. भारंडे चेव अप्पमत्ते ।

२१. खग्गिविसाणं व एगजाते ।

२२. खाणु चेव उड्ढकाए ।

२३. सुन्नागारेव्व अपडिकम्मे ।

२४. सुन्नागारावणस्संतो निवाय–सरण–प्पदीप–ज्झाणमिव निप्पकंपे ।

२५. जहा खुरो चेव एगधारे ।

२६. जहा अही चेव एगदिट्ठी ।

२७. आगासं चेव निरालम्बे ।

२८. विहग विव सव्वओ विप्पमुक्के ।

२९. कयपरनिलए जह चेव उरए ।

३०. अपडिबद्धे अनिलोव्व ।

३१. जीवोव्व अप्पडिहयगतो ।[१]

–प. सु. २, अ. ५, सु. १०

૧૦. પૃથ્વી સમાન સંપૂર્ણ અનુકૂલ તેમજ પ્રતિકૂળ સ્પર્શીને સહેનારો,

૧૧. ભસ્મ રાશિથી આચ્છાદિત અગ્નિની જેમ તપ તેજ વાળો,

૧૨. હોમ કરાયેલ અગ્નિ સમાન તેજસ્વી,

૧૩. ગોશીર્ષ ચંદનની જેમ શીતલ અને શીલની સૌરભથી યુક્ત,

૧૪. સરોવરની સમાન પ્રશાંત સ્વભાવવાળો,

૧૫. ઘસી ઘસીને ચમકાવેલ સફેદ દર્પણની સમાન સ્વચ્છ અને પ્રકટ ભાવ વાળો,

૧૬. હાથીની જેમ શક્તિ- સંપન્ન,

૧૭. વૃષભની જેમ લીધેલ વ્રતનો ભારે વહન કરનાર,

૧૮. મૃગાધિપતિ સિંહની સમાન પરીષહાદિથી અજેય (પરાક્રમી),

૧૯. શરદઋતુના પાણી જેવો શુદ્ધ હૃદયવાળો,

૨૦. ભારંડ પક્ષીની જેમ અપ્રમાદી,

૨૧. ગેંડાનાં શિંગડાની જેમ એકાકી,

૨૨. સ્થાણુ (ઠૂંઠા) ની જેમ કાયોત્સર્ગમાં સ્થિર,

૨૩. શૂન્યગૃહની જેમ શારીરિક સાજ સજ્જાથી રહિત,

૨૪. વાયુ રહિત શૂન્ય ઘરમાં સ્થિત પ્રદીપની જેમ ધ્યાનમાં નિશ્ચલ,

૨૫. છુરીની જેવી ધારવાળો અર્થાત્ એક ઉત્સર્ગ-માર્ગમાં જ પ્રવૃત્તિ કરનાર,

૨૬. સાપની સમાન એકાગ્ર (મોક્ષ) દૃષ્ટિવાળો,

૨૭. આકાશની જેમ નિરાવલંબી,

૨૮. પક્ષીની જેમ મુક્તવિહારી,

૨૯. સાપની સમાન બીજા માટે નિર્મિત સ્થાનમાં રહેનાર,

૩૦. વાયુની જેમ અપ્રતિબધ્ધ,

૩૧. જીવની જેમ અપ્રતિહત ગતિવાળો હોય છે.

---

१. (क) से जहानामए अणगारा भगवंतो इरियासमिया–**जाव**–निरुवलेवा,

१. कंसपाईव मुक्कतोया,　　२. संखो इव णिरंगणा,

३. जीवो इव अप्पडिहयगती　　४. गगणतलं पिव निरालंबणा,

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

**सूरियसरिसो महेसी–**

१६८१. सन्नाणनाणोवगए महेसी,
अणुत्तरं चरिउं धम्मसंचयं ।
अणुत्तरनाणधरे जसंसी,
आभासई सूरिए वऽन्तलिक्खे ।।

–उत्त. अ. २१, गा. २३

**સૂર્ય જેવા મહર્ષિ :**

૧૬૮૧. અનુત્તર ધર્મ સંચયનું આચરણ કરી, સદ્જ્ઞાનથી જ્ઞાન મેળવી, અનુત્તર જ્ઞાનધારી,યશસ્વી, મહર્ષિ અંતરિક્ષમાં સૂર્યની જેમ પ્રકાશિત થાય છે.

**पक्खी विव लहुभूयविहारी–**

१६८२. भोगे भोच्चा वमित्ता य, लहुभूयविहारिणो ।
आमोयमाणा गच्छन्ति, दिया कामकमा इव ।।

–उत्त. अ. १४, गा. ४४

**પક્ષી જેવા લઘુ-ભૂતવિહારી :**

૧૬૮૨. આત્મવાન સાધકો ભોગ ભોગવીને અને યથાવસર તેનો ત્યાગ કરી લઘુભૂત થઈ વિચરે છે. પોતાની ઈચ્છા પ્રમાણે વિચરનાર પક્ષીની જેમ તેઓ પ્રસન્નતાપૂર્વક સ્વતંત્ર વિહાર કરે છે.

**विहग इव अपडिबद्ध विहारी–**

१६८३. इयरो वि गुणसमिद्धो, तिगुत्तिगुत्तो तिदंडविरओ य ।
विहग इव विप्पमुक्को, विहरइ वसुहं विगयमोहो ।।

–उत्त. अ. २०, गा. ६०

**પક્ષી જેવા અપ્રતિબંધવિહારી :**

૧૬૮૩. ગુણો વડે સમૃધ્ધ, ત્રણે ગુપ્તિઓથી ગુપ્ત, ત્રણે દંડોથી વિરત, વિમુક્ત, મોહમુક્ત મુનિ, અપ્રતિબધ્ધ પક્ષીની જેમ ભૂતલ પર વિહાર કરે છે.

**कुंजर इव धीरो–**

१६८४. परीसहा दुव्विसहा अणेगे,
सीयन्ति जत्था बहुकायरा नरा ।
से तत्थ पत्ते न वहेज्ज भिक्खू,
संगामसीसे इव नागराया ।।

–उत्त. अ. २१, गा. १७

**હાથીની જેમ ધૈર્યવાન :**

૧૬૮૪. અનેક અસહ્ય પરિષહ આવી પડતાં ઘણા કાયર માણસો દુઃખી થાય છે, પણ ભિક્ષુ આવા પરિષહ આવતાં સંગ્રામમાં હાથીની જેમ વીરતાપૂર્વક દુઃખી થયા વિના સહન કરે છે.

---

पाना नं. ૩७ ની ટિપ્પણ ચાલુ

५. वायुरिव अपडिबद्धा, ६. सारदसलिलं व सुद्धहियया,
७. पुक्खरपत्तं व निरुवलेवा, ८. कुम्मो इव गुत्तिंदिया,
९. विहग इव विप्पमुक्का, १०. खग्गविसाणं व एगजाया,
११. भारंडपक्खी व अप्पमत्ता, १२. कुंजरो इव सोंडीरा,
१३. वसभो इव जातत्थामा, १४. सीहो इव दुद्धरिसा,
१५. मंदरो इव अप्पकंपा, १६. सागरो इव गंभीरा,
१७. चंदो इव सोमलेसा, १८. सूरो इव दित्ततेया,
१९. जच्चकणगं व जातरूवा, २०. वसुन्धरा इव सव्वफासविसहा,
२१. सुहुतहुयासणो विव तेयसा जलंता ।

–सूय. सू. २, अ. २, सु. ७१४

(ख) से जहाणामए अणगारा भवंति इरियासमिया–**जाव**–निरुवलेवा,
१. कंसपाईव मुक्कतोया, २. संख इव निरंगणा,
३. जीवो इव अप्पडिहयगई, ४. जच्चकणगं पिव जायरूवा,
५. आदरिसफलगा इव पागडभावा, ६. कुम्भो इव गुत्तिंदिया
७. पुक्खरपत्तं व निरुवलेवा, ८. गगणमिव निरालंबणा,
९. अणिलो इव निरालया, १०. चंदो इव सोमलेसा,
११. सूरो इव दित्ततेया, १२. सागरो इव गम्भीरा,
१३. विहग इव सव्वओ विप्पमुक्का, १४. मन्दरो इव अप्पकंपो,
१५. सारयसलिलं इव सुद्धहियया, १६. खग्गिविसाणं इव एगजाया,
१७. भारंडपक्खी व अप्पमत्तो, १८. कुंजरो इव सोंडीरा,
१९. वसभो इव जायत्थामा, २०. सीहो इव दुद्धरिसा,
२१. वसुन्धरा इव सव्वफासविसहा, २२. सुहुयहुयासणो इव तेयसा जलंता ।

– उव. सु. १२६

(ग) उव. सु. २७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**( ટિપ્પણ પૃષ્ઠ ૩૭ થી ચાલુ)**

**ત્રણે આગમોમાં વર્ણવેલી ઉપમાઓના સંખ્યાભેદ અને ક્રમની તાલિકા**

| પ્રશ્નવ્યાકરણ સૂત્ર-(૩૧) | | સૂત્રકૃતાંગ સૂત્ર (૨૧) | | ઔપપાતિક સૂત્ર (૨૨) | |
|---|---|---|---|---|---|
| ૧. | કાંસ્યપાત્ર | ૧ | કાંસ્યપાત્ર | ૧ | કાંસ્યપાત્ર |
| ૨. | શંખ | ૨ | શંખ | ૨ | શંખ |
| ૩ | કૂર્મ | ૮ | કૂર્મ | ૬ | કૂર્મ |
| ૪. | કનક | ૧૯ | કનક | ૪ | કનક |
| ૫. | પદ્મપત્ર | ૭ | પદ્મપત્ર | ૭ | પદ્મપત્ર |
| ૬. | ચન્દ્ર | ૧૭ | ચન્દ્ર | ૧૪ | ચન્દ્ર |
| ૭. | સૂર્ય | ૧૮ | સૂર્ય | ૧૧ | સૂર્ય |
| ૮. | મંદરપર્વત | ૧૫ | મંદરપર્વત | ૧૪ | મંદરપર્વત |
| ૯. | સાગર | ૧૬ | સાગર | ૧૨ | સાગર |
| ૧૦. | પૃથ્વી | ૨૦ | પૃથ્વી | ૨૧ | પૃથ્વી |
| ૧૧. | ભસ્માચ્છાદિત અગ્નિ | | - | | - |
| ૧૨. | પ્રજ્વલિત અગ્નિ | ૨૧ | પ્રજ્વલિત અગ્નિ | ૨૨ | પ્રજ્વલિત અગ્નિ |
| ૧૩. | ચંદન | | - | | - |
| ૧૪. | હૃદ (સરોવર) | | - | | - |
| ૧૫. | દર્પણ | | - | ૫ | દર્પણ |
| ૧૬. | કુંજર | ૧૨ | કુંજર | ૧૮ | કુંજર |
| ૧૭. | વૃષભ | ૧૩ | વૃષભ | ૧૯ | વૃષભ |
| ૧૮. | સિંહ | ૧૪ | સિંહ | ૨૦ | સિંહ |
| ૧૯. | શારદ સલિલ | ૬ | શારદ સલિલ | ૧૫ | શારદ સલિલ |
| ૨૦. | ભારંડ પક્ષી | ૧૧ | ભારંડ પક્ષી | ૧૭ | ભારંડ પક્ષી |
| ૨૧. | ગેંડો | ૧૦ | ગેંડો | ૧૬ | ગેંડો |
| ૨૨. | સ્થાણુ (ઠૂંઠું) | | - | | - |
| ૨૩. | શૂન્યાગાર | | - | | - |
| ૨૪. | દીપક | | - | | - |
| ૨૫. | ક્ષુર (અસ્તરો) | | - | | - |
| ૨૬. | સર્પ | | - | | - |
| ૨૭. | ગગન | ૪ | ગગન | ૮ | ગગન |
| ૨૮. | વિહગ | ૯ | વિહગ | ૧૩ | વિહગ |
| ૨૯. | ઉરગ (સર્પ) | | - | | - |
| ૩૦. | વાયુ | ૫ | વાયુ | ૯ | વાયુ |
| ૩૧. | જીવ | ૩ | જીવ | ૩ | જીવ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मेरु इव अकम्पो –**

१६८५. पहाय रागं च तहेव दोसं,
मोहं च भिक्खू सययं वियक्खणो ।
मेरुव्व वाएण अकंपमाणो,
परीसहे आयगुत्ते सहेज्जा ।।

–उत्त. अ. २१, गा. १९

**મેરુની જેમ ધૈર્યવાન :**

૧૬૮૫. વિચક્ષણ ભિક્ષુ હંમેશા રાગ - દ્વેષ અને મોહનો ત્યાગ કરીને વાયુથી અકંપિત મેરુની જેમ આત્મગુપ્ત બનીને પરિષહોને સહન કરે.

**वसह इव संसार कंतार पारगामी–**

१६८६. वहणे वहमाणस्स, कन्तारं अइवत्तई ।
जोए वहमाणस्स, संसारो अइवत्तई[1] ।।

–उत्त. अ. २७, गा. २

**બળદની જેમ ભવાટવીનો પારગામી :**

૧૬૮૬. ગાડુ ખેંચનાર સારો બળદ જેમ સારી રીતે જંગલને પાર કરે છે, તેવી જ રીતે યોગ-સંયમમાં સંલગ્ન મુનિ સંસાર પાર કરે છે.

## સંયમનો ઉપદેશ તથા વિશિષ્ટ ચર્ચાઓ : ૬

**निग्गंथस्स दुहसेज्जाओ–**

१६८७. चत्तारि दुहसेज्जाओ पण्णत्ताओ, तं जहा–

१. तत्थ खलु इमा पढमा दुहसेज्जा–

से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए णिग्गंथे पावयणे संकिते कंखिते वितिगिच्छिते भेयसमावण्णे कलुससमावण्णे णिग्गंथं पावयणं णो सद्दहति णो पत्तियति णो रोएइ, णिग्गंथं पावयणं असद्दहमाणे अपत्तियमाणे अरोएमाणे मणं उच्चावयं णियच्छति, विणिघातमावज्जति–पढमा दुहसेज्जा ।

२. अहावरा दोच्चा दुहसेज्जा–

से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए सएणं लाभेणं णो तुस्सति, परस्स लाभमासाएति पीहेति पत्थेति अभिलसति, परस्स लाभमासाएमाणे पीहेमाणे पत्थेमाणे अभिलसमाणे मणं उच्चावयं णियच्छइ, विणिघातमावज्जति–दोच्चा दुहसेज्जा ।

**નિર્ગ્રન્થની દુઃખશય્યાઓ :**

૧૬૮૭. ચાર દુઃખશય્યાઓ કહેવામાં આવી છે, જેમકે -

(૧) પહેલી દુઃખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક મનુષ્ય પ્રવ્રજિત થઈને ગૃહસ્થાવાસનો ત્યાગ કરી અણગારાવસ્થા અંગીકાર કરી, પછી નિર્ગ્રન્થ પ્રવચન પ્રત્યે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, ભેદ-સમાપન્નતા અને કલુષભાવ-સંપન્નતાથી નિર્ગ્રન્થ પ્રવચન પ્રત્યે શ્રદ્ધા ન રાખે, વિશ્વાસ ન રાખે, રુચિ ન રાખે તો આ રીતે નિર્ગ્રન્થ પ્રવચન પર શ્રદ્ધા ન રાખતો, વિશ્વાસ ન રાખતો, રુચિ ન રાખતો તે નિર્ગ્રન્થ માનસિક ઉતાર ચઢાવ અને વિનિઘાતને પામે છે.

(૨) બીજી દુઃખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક મનુષ્ય મુંડિત થઈને અગારાવસ્થાનો ત્યાગ કરી અણગારાવસ્થા ધારણ કરે છે, પરંતુ તે સ્વકીય લાભથી સંતુષ્ટ થતો નથી, પણ પરકીય લાભની આશા કરે છે, તેની સ્પૃહા કરે છે, પ્રાર્થના કરે છે. તેમજ અભિલાષા સેવે છે. આ પ્રમાણે પરના લાભનો આસ્વાદ લેતો, સ્પૃહા કરતો, તે નિર્ગ્રન્થ માનસિક અભિલાષા કરતો, ઉતાર ચઢાવ અને વિનિઘાતને પામે છે.

---

૧. બહુશ્રુત ભિક્ષુની ઉપમાઓ જ્ઞાનાચાર (ચરણાનુયોગ ભાગ-૧) પૃ. ૧૦૮, સુ. ૨૨૨ માં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. अहावरा तच्चा दुहसेज्जा–

से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए दिव्वे माणुस्सए कामभोगे आसाएइ पीहेति पत्थेति अभिलसति, दिव्वे माणुस्सए कामभोगे आसाएमाणे पीहेमाणे पत्थेमाणे अभिलसमाणे मणं उच्चावयं णियच्छति, विणिघातमावज्जति–तच्चा दुहसेज्जा ।

(૩) ત્રીજી દુઃખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક મનુષ્ય મુંડિત થઈને અગારાવસ્થાનો ત્યાગ કરી અણગારાવસ્થા ધારણ કરે છે, છતાં પણ જો તે દેવતા અને મનુષ્ય સંબંધી કામભોગોની આશા કરે, સ્પૃહા કરે, પ્રાર્થના કરે અને અભિલાષા સેવે તો એ પ્રકારે દેવતા અને મનુષ્ય સંબંધી કામભોગોની આશા, સ્પૃહા, પ્રાર્થના અને અભિલાષા કરતો તે નિર્ગ્રન્થ મનના ઉતાર-ચઢાવ અને વિનિઘાતને પ્રાપ્ત કરે છે.

४. अहावरा चउत्था दुहसेज्जा–

से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, तस्स णं एवं भवति–

जया णं अहमगारवासमावसामि तदाणमहं संवाहण–परिमद्दण–गातब्भंग–गातुच्छोलणाइं लभामि जप्पभिइं च णं अहं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए तप्पभिइं च णं अहं संवाहण–परिमद्दण–गातब्भंग गातुच्छोलणाइं णो लभामि ।

से णं संवाहणं–परिमद्दण–गातब्भंग गातुच्छोलणाइं आसाएति पीहेति पत्थेति अभिलसति,

से णं संवाहण–परिमद्दण–गातब्भंग–गातुच्छोलणाइं आसाएमाणे पीहेमाणे पत्थेमाणे अभिलसमाणे मणं उच्चावयं णियच्छति, विणिघातमावज्जति–चउत्था दुहसेज्जा ।

*–ठाणं. अ. ४, उ. ३, सु. ३२५*

(૪) ચોથી દુઃખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક મનુષ્ય મુંડિત થઈને અગારાવસ્થાનો ત્યાગ કરી અણગારાવસ્થા અંગીકાર કરી એવો વિચાર કરે છે કે -

જ્યારે હું ગૃહસ્થાવસ્થામાં હતો ત્યારે સેવકાદિ પાસે મારા શરીરને દબાવરાવતો, ચોળાવતો, તેના પર તેલ આદિનું માલિશ કરાવતો, સ્નાન કરાવતો હતો, પણ જ્યારથી હું પ્રવ્રજિત થઈ ગયો છું ત્યારથી મને શરીર દબાવવાનો મોકો મળતો નથી, શરીરને ચોળાવવાનો, માલિશ કરાવવાનો, સ્નાન કરવાનો મોકો મળતો નથી.

આ રીતે તે શરીર દબાવવાની, ચોળાવવાની, તેલ આદિનું માલિશ કરવાની, સ્નાન કરવાની આશા કરે, સ્પૃહા કરે, પ્રાર્થના કરે, અભિલાષા કરે છે.

ત્યારે તે શરીર દબાવવાની, ચોળાવવાની, તેલ આદિનું માલિશ કરાવવાની, સ્નાન કરાવવાની, આશા કરતો, સ્પૃહા કરતો, પ્રાર્થના કરતો, અભિલાષા કરતો, તે નિર્ગ્રન્થ મનના ઉતાર - ચઢાવ અને વિનિઘાતને પ્રાપ્ત કરે છે.

**निग्गंथस्स सुहसेज्जाओ–**

१६८८. चत्तारि सुहसेज्जाओ पण्णत्ताओ, तं जहा–

१. तत्थ खलु इमा पढमा सुहसेज्जा–

से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए णिग्गंथे पावयणे णिस्संकिते णिक्कंखिते णिव्वितिगिच्छए णो भेदसमावण्णे णो कलुससमावण्णे णिग्गंथं पावयणं सद्दहइ पत्तियइ रोएइ, णिग्गंथं पावयणं सद्दहमाणे पत्तियमाणे रोएमाणे णो मणं उच्चावयं णियच्छति, णो विणिघातमावज्जति–पढमा सुहसेज्जा ।

**નિર્ગ્રન્થની સુખશય્યાઓ :**

૧૬૮૮. સુખશય્યા ચાર કહેવામાં આવી છે, જેમ કે -

(૧) પ્રથમ સુખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક મનુષ્ય મુંડિત થઈને અગારાવસ્થાનો ત્યાગ કરી અણગારાવસ્થાને સ્વીકાર કરે છે, તે નિર્ગ્રન્થ પ્રવચન પ્રત્યે નિઃશંક્તિ, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સિત, ભેદ સમાપન્નતા - રહિત અને કલુષ સમાપન્નતાથી રહિત હોવાને કારણે તે નિર્ગ્રન્થ પ્રવચન પર શ્રદ્ધા રાખે છે, રુચિ રાખે છે, પ્રતીતિ રાખે છે, નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખતો, પ્રતીતિ રાખતો, રુચિ રાખતો એવો તે પોતાના મનમાં સમતા ધારણ કરી ધર્મમાં સ્થિર થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. अहावरा दोच्चा सुहसेज्जा–

से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए सएणं लाभेणं तुस्सति परस्स लाभं णो आसाएति णो पीहेति, णो पत्थेइ, णो अभिलसति, परस्स लाभमणासाएमाणे अपीहेमाणे अपत्थेमाणे अणभिलसमाणे णो मणं उच्चावयं णियच्छति, णो विणिघातमावज्जति–दोच्चा सुहसेज्जा ।

(२) બીજી સુખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક મનુષ્ય મુંડિત થઈને પ્રવ્રજ્યા અંગીકાર કરે છે. ત્યારબાદ તે સ્વકીય લાભથી જ સંતુષ્ટ રહે છે, પરકીય લાભની આશા કરતો નથી, સ્પૃહા રાખતો નથી, પ્રાર્થના કરતો નથી, અભિલાષા રાખતો નથી. પરકીય લાભની આશા, સ્પૃહા, પ્રાર્થના, અભિલાષા આદિથી રહિત બનેલો તે નિર્ગ્રન્થ પોતાના મનમાં સમતા ધારણ કરી ધર્મમાં સ્થિર થઈ જાય છે.

३. अहावरा तच्चा सुहसेज्जा–

से णं मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइए दिव्वमाणुस्सए कामभोगे णो आसाएति, णो पीहेति, णो पत्थेति, णो अभिलसति, दिव्वमाणुस्सए कामभोगे अणासाएमाणे अपीहेमाणे अपत्थेमाणे अणभिलसमाणे णो मणं उच्चावयं णियच्छति, णो विणिघात–मावज्जति–तच्चा सुहसेज्जा ।

(૩) ત્રીજી સુખશય્યા આ પ્રમાણે છે-

કોઈ એક પુરુષ મુંડિત થઈને પ્રવ્રજ્યા અંગીકાર કરે છે. ત્યારબાદ તે દેવતા અને મનુષ્ય સંબંધી કામભોગોની આશા કરતો નથી, સ્પૃહા કરતો નથી, પ્રાર્થના કરતો નથી, અભિલાષા કરતો નથી, આ રીતે દેવતા અને મનુષ્ય સંબંધી કામભોગોની આશાથી રહિત બનેલો, સ્પૃહાથી રહિત બનેલો, પ્રાર્થનાથી રહિત બનેલો, અભિલાષાથી રહિત બનેલો તે મનમાં સમતાને ધારણ કરે છે અને ધર્મમાં સ્થિર થઈ જાય છે.

४. अहावरा चउत्था सुहसेज्जा–

से णं मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, तस्स णं एवं भवति–जइ ताव अरहंता भगवन्तो हट्ठा अरोगा बलिया कल्लसरीरा अण्णयराइं ओरालाइं कल्लाणाइं विउल्लाइं पयताइं पग्गहिताइं महाणुभागाइं कम्मक्खयकरणाइं तवोकम्माइं पडिवज्जंति, किमंग पुण अहं अब्भोवगमिओवक्कमियं वेयणं णो सम्मं सहामि खमामि तितिक्खेमि अहियासेमि ?

(૪) ચોથી સુખશય્યા આ પ્રમાણે છે -

કોઈ એક પુરુષ મુંડિત થઈને પ્રવજ્યા ગ્રહણ કરે છે. તેના મનમાં એવો વિચાર આવે છે કે જો હૃષ્ટ, નિરોગી, બલિષ્ટ અને સ્વસ્થ શરીરવાળા અર્હંત ભગવાન અન્યતર, ઉદાર, કલ્યાણકારક, વિપુલ, સુસંયત, પ્રગૃહીત, મહાનુભાગ અને કર્મક્ષયકર એવી તપસ્યાઓ કરે છે, તો મારાથી આભ્યુપગામિકી અને ઔપક્રમિકી વેદનાનું સારી રીતે વેદન શા માટે ન થઈ શકે ?

ममं च णं अब्भोवगमिओवक्कमियं सम्ममसहमाणस्स अक्खममाणस्स अतितिक्खेमाणस्स अणहियासेमाणस्स किं मण्णे कज्जति ?

જો હું આ આભ્યુપગામિકી અને ઔપક્રમિકી વેદનાને સારી રીતે સહન નહી કરું તો મારું શું થશે ?

एगंतसो मे पावे कम्मे कज्जति । ममं च णं अब्भोवगमिओ वक्कमियं सम्मं सहमाणस्स खममाणस्स तितिक्खेमाणस्स अहियासेमाणस्स किं मण्णे कज्जति ?

હું એકાન્તે પાપી બની જઈશ. જો હું આભ્યુપગામિકી અને ઔપક્રમિકી વેદનાને સમતાભાવપૂર્વક સહન કરી લઈશ તો મારા માટે શું થશે ?

एगंतसो मे णिज्जरा कज्जति–चउत्था सुहसेज्जा ।

*–ठाणं अ. ४, उ. ३, सु. ३२५*

મારી એકાન્તે નિર્જરા થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संजम गहण उवएसो-**

१६८९. माहणा खत्तिया वेस्सा, चंडाला अदु बोक्कसा ।
एसिया वेसिया सुद्दा, जे आरम्भणिस्सिया ।।

परिग्गहे निविट्ठाणं, वेरं तेसिं पवड्ढई ।
आरम्भसंभिया कामा, न ते दुक्खविमोयगा ।।

आघातकिच्चमाधातुं, नायओ विसएसिणो ।
अन्ने हरंति तं वित्तं, कम्मी कम्मेहिं किच्चइ ।।

माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
णालं ते तव ताणाए, लुप्पंतस्स सकम्मुणा ।।

एयमट्ठं सपेहाए, परमट्ठाणुगामियं ।
निम्ममो निरहंकारो, चरे भिक्खू जिणाहितं ।।

चिच्चा वित्तं च पुत्ते य, णायओ य परिग्गहं ।
चेच्चाणं अंतगं सोयं, निरवेक्खो परिव्वए ।।

-सूय. सु. १, अ. ९, गा. २-७

पुरिसोरम पावकम्मुणा, पलियन्तं मणुयाण जीवियं ।
सन्ना इह काममुच्छिया, मोहं जंति नरा असंवुडा ।।

-सूय. सु. १, अ. २, उ. १, गा. १०

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पेच्च दुल्लहा ।
णो हूवणमंति रातिओ, णो सुलभं पुणरावि जीवियं ।।

-सूय. सु. १, अ. २, उ. १, गा. १

मायाहि पियाहि लुप्पई, णो सुलहा सुगइ य पेच्चओ ।
एयाइ भयाइ देहिया, आरंभा विरमेज्ज सुव्वइ ।।

-सूय. सु. १, अ. २, उ. १, गा. ३

**સંયમગ્રહણનો ઉપદેશ :**

૧૬૮૯. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચંડાળ, વર્ણસંકર, મૃગલુબ્ધક (શિકારી) કપટપૂર્વક વ્યાપાર કરનાર અથવા કલાજીવી, વૈશિક, શૂદ્ર જે પણ આરંભમાં આસક્ત રહે છે,

જે પરિગ્રહમાં મૂર્છિત રહે છે, તેના વૈરની વૃધ્ધિ થાય છે. માટે આરંભ અને પરિગ્રહરૂપ કામભોગોમાં આસક્ત જીવો દુ:ખોથી મુક્ત થઈ શકતા નથી.

મૃત વ્યક્તિનો અગ્નિ સંસ્કાર આદિ મરણક્રિયા કર્યા પછી સાંસારિક સુખની ઈચ્છા રાખનાર જ્ઞાતિવર્ગ અથવા અન્ય લોકો તેનું ધન લઈ લે છે, પરંતુ પાપ કર્મ કરીને ધન સંચય કરનાર તે મૃત વ્યક્તિ એકલો તે પાપનું ફળ ભોગવે છે.

પોતાના કર્માનુસાર દુ:ખ ભોગવતા પ્રાણી માટે માતા, પિતા, પુત્રવધૂ, બંધુ, સ્ત્રી કે સગા પુત્રો કોઈ પણ રક્ષા કરી શકતાં નથી.

આ પ્રમાણે ઉપર્યુક્ત અર્થને સારી રીતે વિચારીને, સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર મોક્ષનો માર્ગ છે એવું જાણીને સાધુ મમતા અને અહંકારનો ત્યાગ કરીને જિનભાષિત ધર્મનું આચરણ કરે.

ધન, પુત્ર, જ્ઞાતિવર્ગ, પરિગ્રહ અને આંતરિક શોકને છોડીને કોઈપણ સાંસારિક પદાર્થની અપેક્ષા નહીં રાખનાર સાધુ સંયમનું પાલન કરે.

હે પુરુષ ! તું જે પાપકર્મથી યુક્ત છે, તેનાથી નિવૃત્ત થઈ જા. કારણ કે મનુષ્યોનું જીવન નાશશીલ છે. જે મનુષ્યો કામભોગ આદિમાં આસક્ત છે, તેમજ વિષયભોગમાં મુર્છિત છે તે પુરુષો મોહને પ્રાપ્ત કરે છે.

હે ભવ્યો ! તમે સમ્યગ્ બોધ પ્રાપ્ત કરો. બોધ કેમ પ્રાપ્ત કરતા નથી ? મૃત્યુ પછી જ્ઞાન પ્રાપ્ત થવું દુર્લભ છે. વીતી ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી અને જીવન ફરીથી મળવું સુલભ નથી.

કોઈ મનુષ્ય માતા અને પિતા આદિના મોહમાં પડીને સંસારમાં ભ્રમણ કરે છે, તેવા જીવોને પરલોકમાં સુગતિ સુલભ નથી. માટે સુવ્રતી પુરુષ આ ભયોને જોઈને આરંભથી નિવૃત્ત થઈ જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संजमेण दुग्गइ निरोहो-**

१६९०. प. अधुवे असासयंमि,
संसारम्मि दुक्खपउराए ।
किं नाम होज्ज तं कम्मयं,
जेणाइं दोग्गइ न गच्छेज्जा ।।

उ. विजहित्तु पुव्वसंजोगं,
न सिणेहिं कहिंचि कुव्वेज्जा ।
असिणेह सिणेहकरेहिं,
दोसपओसेहिं मुच्चए भिक्खू ।।

तो नाण दसंणसमग्गो, हियनिस्सेसाए सव्वजीवाणं ।
तेसिं विमोक्खणट्ठाए, भासई मुणिवरो विगयमोहो ।।

सव्वं गंथं कलहं च, विप्पजहे तहाविहं भिक्खू ।
सव्वेसु कामजाएसु, पासमाणो न लिप्पई ताई ।।

*-उत्त. अ. ८, गा. १-४*

**સંયમથી દુર્ગતિનો નિરોધ :**

૧૬૯૦. પ્ર. અધ્રુવ, અશાશ્વત અને દુઃખગર્ભિત સંસારમાં એવાં ક્યાં કાર્યો છે કે જેને આચરીને હું દુર્ગતિમાં ન જાઉં ?

ઉ. પૂર્વનાં સંબંધો છોડયા પછી કોઈ સાથે સ્નેહ ન કરે, સ્નેહ કરનારની સાથે પણ સ્નેહથી ન જોડાય એવો સાધક બધા દોષોથી મુક્ત થઈ જાય છે.

કેવળજ્ઞાન અથવા કેવળદર્શનવાળા તથા મોહથી છૂટી ગયા છે એવા (કપિલ મુનિએ) સર્વ જીવોના હિત તથા કલ્યાણ અર્થે પ્રતિબોધ દેવા માટે એમ કહ્યું છે -

કર્મ બંધનના હેતુરૂપ બધા પ્રકારના પરિગ્રહનો તથા કલેશનો મુનિ ત્યાગ કરે. કામ ભોગોના બધા પ્રકારોમાં દોષ દેખીને આત્મરક્ષક મુનિ તેમાં લિપ્ત ન બને.

**जम्म-मरणेण विमुत्ति-**

१६९१. तिउट्टति तु मेधावी, जाणं लोगंसी पावगं ।
तुट्टंति पावकम्माणि, नवं कम्ममकुव्वओ ।।

अकुव्वतो णवं नत्थि, कम्मं नाम विजाणइ ।
विन्नाय से महावीरे, जेण जाति ण मिज्जती ।।

*-सूय. सु. १, अ. १५, गा. ६-७*

एत्थोवरए तं झोसमाणे ।
आयाणिज्जं परिण्णाय, परियाएण विगिंचइ ।।

*-आ. सु. १, अ. ६, उ. ३, सु. १८५ (ग)*

**જન્મ-મરણથી વિમુક્તિ :**

૧૬૯૧. લોકમાં પાપકર્મોને જાણનારા પંડિત પુરુષ બધા બંધનથી મુક્ત થઈ જાય છે. તથા નવીન કર્મ ન કરનારા મેધાવી પુરુષના (પૂર્વ સંચિત બધા) પાપ કર્મ નષ્ટ થઈ જાય છે.

જે પુરુષ સમસ્ત ક્રિયાઓથી રહિત છે તેને નવીન કર્મબંધ થતો નથી. તે કર્મને જાણે છે એવો વીર પુરુષ સંસારમાં જન્મ લેતો નથી અને મરતો પણ નથી.

સાધક, સંયમમાં લીન રહી કર્મોને ખપાવે છે. કર્મના સ્વરૂપને જાણી સાધુ પર્યાય દ્વારા કર્મોને દૂર કરવા પુરુષાર્થ કરે છે.

**संजयस्स विणयोवएसो-**

१६९२. राइणिएसु विणयं पउंजे,
डहराविं य जे परियाय जेट्ठा ।
नियत्तणे वट्टइ सच्चवाई,
ओवायवं वक्ककरे स पुज्जो ।।

*-दस. अ. ९, उ. ३, गा. ३*

**સંયતી ને વિનયનો ઉપદેશ :**

૧૬૯૨. પોતાના જ્ઞાનમાં કે સંયમમાં જ્યેષ્ઠ હોય અને વયમાં નાના હોય છતાં પણ તેમનો વિનય કરનાર, તેમજ ગુણી જન સાથે નમ્ર વ્યવહાર કરનાર, સત્યવાદી, વિનયી અને ગુરુજનોની નજીક રહેનાર અને ગુરુની આજ્ઞાનુસાર વર્તનાર હોય તે સાધક પૂજનીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निद्दं च बहुमन्नेज्जा, संपहासं विवज्जए ।
मिहो कहाहिं न रमे, सज्झायम्मि रओ सया ।।

સાધુ નિદ્રાને બહુમાન ન આપે, અત્યંત હાસ્યને છોડી દે, પરસ્પર વિકથામાં તથા છુપી વાતોમાં રમે નહિ પણ સદા સ્વાધ્યાયમાં રત રહે.

जोगं च समणधम्मम्मि, जुंजे अणलसो धुवं ।
जुत्तो य समणधम्मम्मि, अट्ठं लहइ अणुत्तरं ।।
–दस. अ. ८, गा. ४१–४२

સદાકાલ આળસથી રહિત થઈને શ્રમણ ધર્મમાં ત્રણેય યોગોને જોડે, કારણ કે શ્રમણ ધર્મમાં યુક્ત સાધુ અનુત્તર મોક્ષને પ્રાપ્ત કરે છે.

हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए ।
अल्लीण गुत्तो निसीए, सगासे गुरुणो मुणी ।।

જિતેન્દ્રિય મુનિ હાથને, પગને તથા શરીરને સંકોચીને મન અને વાણીથી સંયત થઈને ઉપયોગપૂર્વક ગુરૂની સમીપમાં બેસે.

न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ ।
न य ऊरुं समासेज्जा, चिट्ठेज्जा गुरुणंतिए ।।
–दस. अ. ८, गा. ४४–४५

આચાર્ય આદિની પડખે ન બેસે, આગળ કે પાછળ પણ ન બેસે. તે જ રીતે ગુરુદેવની સમીપે જાંઘ સાથે જાંઘ અડાડીને પણ બેસે નહી.

**संजमस्स आराहणाए उवएसो–**

**સંયમની આરાધનાનો ઉપદેશ :**

१६९३. जीवितं पिट्ठतो किच्चा, अंतं पावंति कम्मुणा ।
कम्मुणा संमुहीभूया, जे मग्गमणुसासति ।।

૧૬૯૩. સાધુ પુરુષ અસંયમી જીવનથી નિરપેક્ષ બનીને સમસ્ત કર્મોનો અંત કરી દે છે, જેઓ પોતાના ઉત્તમ કર્તવ્ય દ્વારા મોક્ષની સન્મુખ છે, તેઓ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરે છે.

अणुसासणं पुढो पाणे, वसुमं पूयणासए ।
अणासए जए दंते, दढे आरयमेहुणे ।।

ચારિત્રના ધારક, સંયમી જીવોની યોગ્યતાનુસાર અનુશાસન કરે છે, પરંતુ તે પૂજાની અભિલાષા નહિ રાખનારા, યતનાવાન્, ઈન્દ્રિયોનું દમન કરનારાં, સંયમમાં દૃઢ અને મૈથુન આદિ વિષય ભોગોથી નિવૃત્ત પુરુષ મુક્તિની સન્મુખ હોય છે.

णीवारे य न लीएज्जा, छिन्नसोते अणाविले ।
अणाइले सया दंते, संधिपत्ते अणेलिसं ।।

જે પુરુષ આશ્રવ દ્વારોથી નિવૃત્ત છે, નિર્મળ અને પ્રસન્ન ચિત્તવાળો છે, તે પ્રલોભનનાં સ્થાનમાં લિપ્ત નથી. ઈન્દ્રિયો અને મનને વશ કરનારો તે પુરુષ અનુપમ ભાવ સમાધિને પ્રાપ્ત કરે છે.

अणेलिसस्स खेतण्णे, ण विरुज्झेज्ज केणइ ।
मणसा वयसा चेव, कायसा चेव चक्खुमं ।।

અનુપમ તીર્થંકરોક્ત ધર્મ પાળવામાં નિપુણ છે તે કોઈ પણ પ્રાણી સાથે મન, વચન અને કાયાથી વિરોધ ન કરે. એવો સાધુ પરમાર્થદર્શી કહેવાય છે.

से हु चक्खू मणुस्साणं, जे कंखाए तु अंतए ।
अंतेणं खुरो वहती, चक्कं अंतेण लोट्टति ।।

જેવી રીતે તીક્ષ્ણ ક્ષુરનો અંતિમ ભાગ-ધાર જ ચાલે છે અને રથનું પૈડું પણ અંતિમ ભાગથી અર્થાત્ છેડેથી ચાલે છે તેવી રીતે જે પુરુષ ભોગની ઈચ્છાનો અંત કરી નાખે છે, તે જ મનુષ્યો માટે ચક્ષુ સમાન- સન્માર્ગદર્શક બની જાય છે.

अंताणि धीरा सेवंति, तेणं अंतकरा इहं ।
इह माणुस्सए ठाणे, धम्ममाराहिउं णरा ।।
–सूय. सु. १, अ. १५, गा. १०–१५

ધીર પુરુષ અંતપ્રાંત આહારનું સેવન કરે છે, તેથી સંસારનો અંત કરે છે. આ મનુષ્યલોકમાં આવીને આવા જીવો ધર્મની આરાધના કરીને મુક્તિગામી થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आहत्तहियं समुपेहमाणे,
सव्वेहिं पाणेहिं निहाय दंडं ।
नो जीवियं नो मरणाभिकंखी,
परिव्वएज्जा वलयाविमुक्के ।।

*–सूय. सु. १, अ. १३, सु. २३*

સાધુ ધર્મના યથાર્થ સ્વરૂપને જાણી અને જોઈને, સર્વ ત્રસ અને સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરે, જીવન અને મરણની અભિલાષા ન કરે, બંનેમાં સમભાવ ધારણ કરે તથા માયાથી વિમુક્ત થઈને વિચરે.

बहिया उड्ढमादाय, नावकंखे कयाइ वि ।
पुव्वकम्म खयट्ठाए, इमं देहं समुद्धरे ।।

*–उत्त. अ. ६, गा. १३*

ઉર્ધ્વલક્ષ રાખનાર સાધકે બાહ્ય વિષયોમાં આસક્તિ રાખવી ન જોઈએ. આ દેહને માત્ર પૂર્વ કર્મોને ખપાવવાના કામમાં લગાડી દેવો જોઈએ.

आघं मइमं अणुवीति धम्मं,
अंजू समाहिं तमिणं सुणेह ।
अपडिण्ण भिक्खू तु समाहिपत्ते,
अणियाणभूते सुपरिव्वएज्जा ।।

*–सूय. सु. १, अ. १०, गा. १*

કેવળજ્ઞાની ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન દ્વારા જાણીને સરળ અને મોક્ષદાયક ધર્મનું કથન કર્યું છે, 'હે શિષ્યો'! તમે એ ધર્મને સાંભળો. સાધુ સંયમનું પાલન કરતાં લૌકિક સુખોની અભિલાષા ન કરે, જીવોનો આરંભ ન કરે, પરંતુ સમાધિયુક્ત થઈ શુદ્ધ સંયમનું પાલન કરે.

इत्थीसु या अरओ मेहुणा उ,
परिग्गहं चेव अकुव्वमाणे ।
अच्चावएसु विसएसु ताई,
णिस्संसयं भिक्खू समाहिपत्ते ।।

*–सूय. सु. १, अ. १०, गा. १३*

જે સાધુ સ્ત્રીઓ સાથે મૈથુન સેવન કરતો નથી તથા પરિગ્રહ રાખતો નથી, મનોજ્ઞ-અમનોજ્ઞ વિષયોમાં રાગદ્વેષ કરતો નથી, તેમજ પ્રાણીમાત્રની રક્ષા કરે છે તે નિઃસંદેહ સમાધિને પ્રાપ્ત કરે છે.

आहारमिच्छे मियमेसणीयं,
सहायमिच्छे णिउणत्थ बुद्धिं ।
निकेयमिच्छेज्ज विवेग जोगं,
समाहि कामे समणे तवस्सी ।।

*–उत्त. अ. ३२, गा. ४*

શ્રમણ તપસ્વી સમાધિની આકાંક્ષા રાખતો હોય તો તેણે પરિમિત અને એષણીય આહારની ઈચ્છા રાખવી, તત્ત્વાર્થ જાણનાર નિપુણ સાથીને શોધે અને સ્ત્રી આદિથી રહિત વિવેક યુક્ત એકાન્ત સ્થાનમાં નિવાસ કરે.

सव्विंदियाभिनिव्वुडे पयासु,
चरे मुणी सव्वतो विप्पमुक्के ।
पासाहिं पाणे य पुढो वि सत्ते,
दुक्खेण अट्टे परिच्चमाणे ।।

*–सूय सु. १, अ. १०, गा. ४*

સાધુ સ્ત્રીના વિષયમાં પોતાની સમસ્ત ઈન્દ્રિયોને રોકીને જિતેન્દ્રિય બને, તથા સર્વ પ્રકારના બંધનથી મુક્ત થઈને શુદ્ધ સંયમનું પાલન કરે. લોકમાં પૃથક્ પૃથક્ પ્રાણી વર્ગ આર્ત અને દુઃખથી પીડિત છે તેને જુએ.

अभविंसु पुरा वि भिक्खवो, आएसा वि भवंति सुव्वया ।
एयाइं गुणाइं आहु ते, कासवस्स अणुधम्मचारिणो ।।

હે સાધુઓ ! જે તીર્થંકરો પહેલાં થઈ ગયા છે અને જે ભવિષ્યકાળમાં થશે, તે બધા સુવ્રતી પુરુષોએ તથા ભગવાન ઋષભદેવ સ્વામીએ પણ આ ગુણોને મોક્ષનું સાધન બતાવેલ છે અને અનુસરણ પણ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिविहेण वि पाण मा हणे, आयहिते अणियाण संवुडे ।
एवं सिद्धा अणंतगा, संपति जे य अणागयाऽवरे ।।

મન, વચન અને કાયા એમ ત્રણેય યોગથી પ્રાણીની હિંસા કરવી નહિ. આત્માના હિતમાં પ્રવૃત્ત રહીને સ્વર્ગાદિની ઈચ્છાથી રહિત બનીને ગુપ્તેન્દ્રિય રહેવું. આ પ્રમાણે અનંત જીવ સિદ્ધ થયા છે, વર્તમાન કાળ માં સિદ્ધ થાય છે અને ભવિષ્યકાળમાં પણ અનંત જીવ સિદ્ધ થશે.

एवं से उदाहु अणुत्तरनाणी,
अणुत्तरदंसी अणुत्तर– नाणदंसणधरे ।
अरहा णायपुत्ते भगवं,
वेसालीए वियाहिए ।।

–सूय. सु. १, अ. २, उ. ३, गा. २०–२२

અનુત્તર જ્ઞાની, અનુત્તર દર્શી તથા અનુત્તર જ્ઞાન-દર્શનના ધારક ઈન્દ્રાદિ દેવો દ્વારા પૂજનીય જ્ઞાતપુત્ર વૈશાલિક ભગવાન શ્રી વર્ધમાન સ્વામીએ આ પ્રમાણે એમને કહ્યું હતું.

जाए सद्धाए निक्खंतो, परियायट्ठाणमुत्तमं ।
तमेव अणुपालेज्जा, गुणे आयरियसम्मए ।।

–दस. अ. ८, गा. ६०

ભિક્ષુ જે શ્રદ્ધા અને વૈરાગ્યભાવથી પોતાના ઘરને છોડીને ઉત્તમ એવા ત્યાગની ભૂમિકાને પામ્યા છે તે જ શ્રદ્ધા અને દઢ વૈરાગ્યથી મહાપુરુષોએ બતાવેલા ઉત્તમ ગુણોમાં રહી સંયમ ધર્મનું પાલન કરે.

सोच्चा भगवाणुसासणं, सच्चे तत्थ करेज्जुवक्कमं ।
सव्वत्थ विणीयमच्छरे, उंछं भिक्खु विसुद्ध माहरे ।।

સાધુને ભગવાનની આગમવાણીને સાંભળીને તેમાં કહેલાં સત્ય-સંયમમાં ઉદ્યમી થવું, કોઈની ઉપર મત્સર ઈર્ષા ન કરવાં જોઈએ. તેમજ નિર્દોષ અને અલ્પ ભિક્ષા લાવવી જોઈએ.

सव्वं णच्चा अहिट्ठए, धम्मट्ठी उवहाणवीरिए ।
गुत्ते जुत्ते सदा जए, आय–परे परमाययट्ठिए ।।

–सूय. सु. १, अ. २, उ. ३, गा. १४–१५

સાધુ બધી વસ્તુને જાણી સંવરનું આચરણ કરતાં ધર્માનુષ્ઠાન રૂપ તપ સાધનામાં સંલગ્ન રહે. મન, વચન અને કાયાનું ગોપન કરે, સદા પોતાના તથા બીજાના વિષયમાં યત્ન કરે તથા મોક્ષના અભિલાષી થઈને વિચરે.

सुअक्खायधम्मे वितिगिच्छतिण्णे,
लाढे चरे आयतुले पयासु ।
आयं न कुज्जा इह जीवियट्ठी,
चयं न कुज्जा सुतवस्सि भिक्खू ।।

–सूय. सु. १, अ. १०, गा. ३

શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મને સુંદર રીતે કહેનારા, તીર્થંકરોએ પ્રતિપાદન કરેલા ધર્મમાં શંકા નહિ કરનારા ઉત્તમ તપસ્વી સાધુ બધા પ્રાણીઓને આત્મતુલ્ય માનીને સંયમનો નિર્વાહ કરે, આ લોકમાં જીવવાની ઈચ્છાથી આશ્રવોનું સેવન ન કરે, તેમજ ભવિષ્યકાળ માટે કર્માદિનો સંચય ન કરે.

गुत्ते तईए य समाहिपत्ते,
लेसं समाहट्टु परिव्वएज्जा ।
गिहं ण छाए ण वि छावएज्जा,
सम्मिस्सिभावं पजहे पयासु ।।

–सूय. सु. १, अ. १०, गा. १५

વચનગુપ્તિનો ધારક સાધુ ભાવ સમાધિમાન કહેવાય છે. તે શુદ્ધ લેશ્યાને ગ્રહણ કરીને સંયમનું અનુષ્ઠાન કરે. પોતે ઘર સંબંધી સમારકામ કરે નહીં, બીજા પાસે કરાવે નહી તેમજ ગૃહસ્થોની સાથે સંપર્ક રાખે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहित्तु संगं च महाकिलेसं,
महंतमोहं कसिणं भयावहं ।
परियायधम्मं चऽभिरोयएज्जा,
वयाणि सीलाणि परीसहे य ।।

દીક્ષિત થઈને મુનિ અત્યન્ત કષ્ટકારી મહામોહ અને પૂર્ણ ભયકારી સંગ (આસક્તિ) નો ત્યાગ કરીને પર્યાય-ધર્મ (સાધુતા)માં, મહાવ્રતમાં, પિંડવિશુદ્ધિ-પાલનમાં અને પરિષહોને સમભાવથી સહન કરવામાં અભિરુચિ રાખે.

अहिंस सच्चं च अतेणयं च,
तत्तो य बंभं अपरिग्गहं च ।
पडिवज्जिया पंच महव्वयाइं,
चरेज्ज धम्मं जिणदेसियं विदू ।।

વિદ્વાન મુનિ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ- આ પાંચ મહાવ્રતોને સ્વીકારી જિનોપદિષ્ટ ધર્મનું આચરણ કરે.

सव्वेहिं भूएहिं दयाणुकंपी,
खंतिक्खमे संजयबंभयारी ।
सावज्जजोगं परिवज्जयंतो,
चरेज्ज भिक्खू सुसमाहिइंदिए ।।

ઈન્દ્રિયોનું સમ્યક્ સંવરણ કરનાર ભિક્ષુ બધા પ્રાણીઓ તરફ કરુણાશીલ રહે. ક્ષમાશીલ બની દુર્વચન સહન કરે, સયત રહે, બ્રહ્મચારી રહે અને સદા સાવદ્યયોગનો ત્યાગ કરીને વિહાર કરે.

कालेण कालं विहरेज्ज रट्ठे,
बलाबलं जाणिय अप्पणो उ ।
सीहो व सद्देण न संतसेज्जा,
वइजोग सोच्चा न असब्भमाहु ।।

–उत्त. अ. २१, गा. ११–१४

સાધુ સમયાનુસાર પોતાની શકિતને જાણીને રાષ્ટ્રોમાં વિચરણ કરે, સ્વયંનું આત્મબલ જોઈને તપમાં પ્રવૃત્તિ કરે. સિંહની જેમ ભયોત્પાદક શબ્દ સાંભળીને પણ ભયભીત ન બને, અસભ્ય વચન સાંભળીને પણ સામો અપશબ્દ ન બોલે.

वुसिए य विगयगेही आयाणं सम्म रक्खए ।
चरिआसणसेज्जासु, भत्तपाणे य अंतसो ।।

દસ પ્રકારની સાધુ સમાચારીમાં સ્થિત, આહાર વગેરેમાં ગૃદ્ધિરહિત મુનિ જ્ઞાન,દર્શન અને ચારિત્રની સમ્યક્ પ્રકારે રક્ષા કરે અને ચાલવા બેસવા, સુવાના તથા આહાર-પાણીના વિષયમાં સદા વિવેક રાખે.

एतेहिं तिहिं ठाणेहिं, संजए सततं मुणी ।
उक्कसं जलणं णूमं, मज्झत्थं च विगिंचए ।।

આ ત્રણે સ્થાનોમાં હંમેશા સંયમ રાખીને મુનિ ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરે.

समिए य सया साहू, पंचसंवरसंवुडे ।
सिएहिं असिए भिक्खू, अमोक्खाय परिव्वएज्जासि ।।

–सूय. सु. १, अ. १, उ. ४, गा. ११–१३

પાંચ સમિતિઓથી યુક્ત, પાંચ સંવરોથી સંવૃત તેમજ ગૃહસ્થોમાં આસક્તિ ન રાખનાર સાધુ મોક્ષની પ્રાપ્તિ સુધી સંયમનું પાલન કરે.

अणिएयवासो समुयाणचरिया,
अण्णायउंछं पइरिक्कया य ।
अप्पोवही कलहविवज्जणा य,
विहारचरिया इसिणं पसत्था ।।

–दश. चू. २, गा. ५

અનિયતવાસ, અનેક ઘરોથી ભિક્ષા ગ્રહણ કરવી તથા અજ્ઞાત કુલોમાંથી અલ્પ આહાર આદિ લેવાં, એકાંત સ્થાનમાં રહેવું, અલ્પ ઉપધિ રાખવી તેમજ કલહનો ત્યાગ કરવો- આ ઋષિઓની વિહારચર્યા છે, જે અત્યંત પ્રશસ્ત છે.

सुक्कज्झाणं झियाएज्जा, अनियाणे अकिंचणे ।
वोसट्ठकाए विहरेज्जा जाव कालस्स पज्जओ ।।

–उत्त. अ. ३५, गा. १९

મુનિ શુકલ અર્થાત્ વિશુદ્ધ આત્મ ધ્યાનમાં લીન રહે, નિદાન રહિત અને અકિંચન રહે, જીવનપર્યંત શરીરની આસકિત છોડીને વિચરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम अन्नयरम्मि संजमे, संसुद्धे समणे परिव्वए ।
जे आवकहा समाहिए, दविए कालमकासि पंडिए ।।

સમ્યક્ પ્રકારથી શુદ્ધ, જીવન પર્યંત સંયમમાં સ્થિત રહે, તે સમાધિસ્થ પંડિત કાળ કરીને મુક્ત થાય છે.

दूरं अणुपस्सिया मुणी, तीतं धम्ममणागयं तहा ।
पुट्ठे फरुसेहिं माहणे, अवि हण्णू समयंसि रीयइ ।।

ત્રણ કાળને જાણનાર મુનિ, જીવના ભૂતકાળ તથા ભવિષ્યકાળને જાણી અભિમાન ન કરે. તેને કોઈ કટુ વચન કહે, માર મારે તો પણ સમતા ભાવમાં જ વિચરે.

पण्णसमत्ते सदा जए, समया धम्ममुदाहरे मुणी ।
सुहुमे उ सदा अलूसए, णो कुज्झे णो माणि माहणे ।।

સંપૂર્ણ પ્રજ્ઞાવાન મુનિ સદા કષાયોને જીતે, સમતા સાથે ધર્મનો ઉપદેશ આપે, કદી પણ સંયમની વિરાધના ન કરે, ક્રોધિત ન થાય અને સન્માનિત થવા પર માન ન કરે.

बहुजण-णमणम्मि संवुडे,
सव्वट्ठेहिं णरे अणिस्सिते ।
हरए व सया अणाविले,
धम्मं पादुरकासि कासवं ।।

ઘણા માણસો દ્વારા નમનીય-પ્રશંસિત ધર્મમાં સદા સાવધાન રહેનાર સાધુ, ધન, ધાન્યાદિ બાહ્ય પદાર્થોમાંથી મમત્વને હટાવી, સરોવરની સમાન સદા નિર્મળ બની કાશ્યપ ગોત્રી ભગવાન મહાવીરના ધર્મને પ્રકાશિત કરે.

बहवे पाणा पुढो सिया, पत्तेयं समयं समीहिया ।
जे मोणपदं उवट्ठिते, विरतिं तत्थमकासि पंडिते ।।
—सूय. सु. १, अ. २, उ. २, गा. ४-८

સંસારના અનંત પ્રાણીઓ છે. તે દરેક પ્રાણીને સમભાવથી જોનાર, સંયમમાં સ્થિત વિવેકી મુનિ તે પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થાય.

अमज्जमंसासि अमच्छरीया,
अभिक्खणं निव्विगइं गओ य ।
अभिक्खणं काउस्सग्गकारी,
सज्झायजोगे पयओ हवेज्जा ।।

મદ્ય અને માંસનો ત્યાગી, દ્વેષથી રહિત, વારંવાર વિગય રહિત આહાર પ્રાપ્ત કરનાર તથા વારંવાર કાયોત્સર્ગ કરનાર સાધુ સ્વાધ્યાય યોગમાં પ્રયત્નવાન થાય.

न पडिन्नवेज्जा सयणाऽऽसणाइं,
सेज्जं निसेज्जं तह भत्तपाणं ।
गामे कुले वा नगरे व देसे,
ममत्तभावं न कहिं चि कुज्जा ।।
—दस. अ. १०, चू. २, गा. ७-८

સાધુ સંસ્તારક, આસન,વસતિ, સ્વાધ્યાય ભૂમિ તથા અન્ન પાણી આદિમાં આસક્તિ પૂર્વક કોઈ પ્રતિજ્ઞા ન કરે અને ગામમાં, નગરમાં, દેશમાં કે કુળમાં કોઈપણ સ્થાન પર મમત્વભાવ ન કરે.

**गिहत्थाण वेयावडियं तह वंदण पूयण कमणाणिसेहो-**

**ગૃહસ્થોના વૈયાવૃત્યની તથા વંદન પૂજાની ઈચ્છાનો નિષેધ :**

१६९४. सव्वं जगं तु समयाणुपेही,
पियमप्पियं कस्सइ नो करेज्जा ।
उट्ठाय दीणे तु पुणो विसण्णे,
संपूयणं चेव सिलोयकामी ।।
—सूय. सु. १, अ. १०, गा. ७

૧૬૯૪. સર્વ જીવોને સમભાવથી જોનાર સાધુ કોઈ સાથે પ્રિય કે અપ્રિય સંબંધ ન રાખે. કારણ કે કોઈ સાધક પ્રવ્રજ્યા ધારણ કરીને પરિષહ અને ઉપસર્ગ આવતાં દીન અને ખિન્ન બની જાય છે,કોઈ પોતાની પૂજા પ્રશંસાના અભિલાષી બની જાય છે (જે બન્ને સાધક માટે ત્યાજ્ય છે.)

गिहिणो वेयावडियं न कुज्जा,
अभिवायण वंदण पूयणं च ।

સાધુ ગૃહસ્થની વૈયાવૃત્ય,અભિવાદન, વંદન અને પૂજનાદિ સત્કાર ન કરે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असंकिलिट्ठेहिं समं वसेज्जा,
मुणी चरित्तस्स जओ न हाणी ।।
–दस. चू. २, गा. ९

સંકલેશ રહિત સાધુઓની સાથે નિવાસ કરે જેનાથી ચારિત્રની હાનિ ન થાય.

इत्थियं पुरिसं वा वि, डहरं वा महल्लगं ।
वंदमाणं न जाएज्जा, नो य णं फरुसं वए ।।

મુનિ-વંદના કરનારા સ્ત્રીજન પાસેથી, પુરુષ પાસેથી, બાળક પાસેથી કે વૃદ્ધ પાસેથી કોઈપણ પ્રકારની યાચના કરે નહિ, તેમજ (આહાર ન આપનારાઓને) કઠોર વચન પણ કહે નહિ.

जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।
एवमन्नेसमाणस्स सामण्णमणुचिट्ठई ।।
–दस. अ. ५, उ. २, गा. २९–३०

જે ગૃહસ્થ વંદના કરે નહિ તેના પર કોપ કરે નહિ, વંદના કરે તો અહંકાર કરે નહિ. એ પ્રમાણે જિનાજ્ઞા પ્રમાણે ચાલનારા સાધુનું સાધુપણું અખંડ રહે છે.

अच्चणं रयणं चेव, वन्दणं पूयणं तहा ।
इड्ढीसक्कारसम्माणं, मणसा वि न पत्थए ।।
–उत्त. अ. ३५, गा. १८

મુનિ અર્ચના (પુષ્પાદિથી પૂજા), રચના (સ્વસ્તિક આદિનો ન્યાસ), વન્દના, પૂજા, ઋધ્ધિ,સત્કાર અને સન્માનની મનથી પણ ઈચ્છા ન કરે.

**अहिगरण णिसेहो–**

१६९५. अहिगरण कडस्स भिक्खुणो,
वयमाणस्स पासज्ज दारुणं ।
अट्ठे परिहायती बहू,
अहिगरणं न करेज्ज पंडिए ।।
–सूय सु. १, अ. २, उ. २, गा. १९

**અધિકરણ વિવર્જન :**

૧૬૯૫. જે સાધુ કલહ કરનાર છે અને પ્રગટરૂપે ભયાનક વાક્ય બોલે છે તેના સંયમ તથા મોક્ષ નષ્ટ થઈ જાય છે માટે વિવેકી સાધુ કલહ ન કરે.

**कलहकारगो पावसमणो–**

१६९६. विवादं च उदीरेइ, अहम्मे अत्तपन्नहा ।
वुग्गहे कलहे रत्ते, पावसमणे त्ति वुच्चइ ।।
–उत्त. अ. १७, गा. १२

**કલહપ્રિય પાપશ્રમણ :**

૧૬૯૬. જે શાંત પડેલા વિવાદને ફરી શરૂ કરે છે, જે સદાચાર રહિત છે, જે અધર્મમાં પોતાની બુદ્ધિને હણે છે, જે ખોટા આગ્રહ અને કજિયામાં વ્યસ્ત રહે છે તે પાપશ્રમણ કહેવાય છે.

**परीसहजय उवएसो–**

१६९७. अरतिं रतिं च अभिभूय भिक्खू,
तणाइफासं तह सीतफासं ।
उण्हं च दंसं च हियासएज्जा,
सुब्भिं च दुब्भिं च तितिक्खएज्जा ।।
– सूय. सु. १, अ. १०, गा. १४

**પરિષહ-જયનો ઉપદેશ :**

૧૬૯૭. સાધુ સંયમ સંબંધી અરતિ અને અસંયમ સંબંધી રતિનો ત્યાગ કરીને તૃણસ્પર્શ, શીત સ્પર્શ,ઉષ્ણસ્પર્શ, ડાંસ, મચ્છર વગેરે તેમજ સુગંધ અને દુર્ગંધને સમભાવથી સહન કરે.

उवेहमाणो उ परिव्वएज्जा,
पियमप्पियं सव्व तितिक्खएज्जा ।
न सव्व सव्वत्थऽभिरोयएज्जा,
न यावि पूयं गरहं च संजए ।।

સંયમી પ્રતિકૂળતાની ઉપેક્ષા કરતો આગળ વધે, પ્રિયાપ્રિય અને અનુકૂળ-પ્રતિકૂળ બધા પરિષહોને સહન કરે, જ્યાં જે જુએ તે બધાંની ઈચ્છા ન કરે, પૂજા કે ગર્હા પણ ન ઈચ્છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणेगछन्दा इह माणवेहिं,
जे भावओ संपकरेइ भिक्खू ।
भयभेरवा तत्थ उइन्ति भीमा,
दिव्वा मणुस्सा अदुवा तिरिच्छा ।।

–उत्त. अ. २१, गा. १५–१६

સંસારમાં માણસોના અનેક પ્રકારના છંદ (અભિપ્રાય) હોય છે. ભિક્ષુ તે બધા પોતે જાણે છે. તેથી તે દેવકૃત, મનુષ્યકૃત, તેમજ તિર્યન્ચકૃત ભયોત્પાદક ભીષણ ઉપસર્ગોને સહન કરે.

सीओसिणा दंसमसा य फासा,
आयंकाविविहा फुसन्ति देहं ।
अकुक्कुओ तत्थऽहियासएज्जा,
रयाइं खेवेज्ज पुरेकडाइं ।।

–उत्त. अ. २१, गा. १८

ઠંડી-ગરમી, મચ્છર-માંકડ, તૃણ સ્પર્શ વગેરે તેમજ બીજા અનેક પ્રકારના આંતક ભિક્ષુને સ્પર્શે ત્યારે તે કુત્સિત શબ્દ ન કહે, સમભાવે સહન કરે તથા પૂર્વકૃત કર્મોને ક્ષીણ કરે.

अणुन्नए नावणए महेसी,
न यावि पूयं गरहं च संजए ।
स उज्जुभावं पडिवज्ज संजए,
निव्वाणमग्गं विरए उवेइ ।।

પૂજા-પ્રતિષ્ઠામાં ઉન્નત અને નિન્દામાં અવનત નહિ થનાર ભિક્ષુ મહર્ષિ, પૂજામાં લિપ્ત ન થાય. તે સમભાવી વિરત સંયમી સરળ બની નિર્વાણ માર્ગને પામે છે.

अरइरइसहे पहीणसंथवे,
विरए आयहिए पहाणवं ।
परमट्ठपएहिं चिट्ठई,
छिन्नसोए अममे अकिंचणे ।।

જે અરતિ-રતિને સહન કરે છે, સંસારી માણસોથી દૂર રહે છે, વિરકત છે, આત્મ-હિત-સાધક છે, સંયમશીલ છે, શોક રહિત છે, મમત્વહીન છે, અકિંચન છે- તે પરમાર્થ પદમાં (સમ્યગ્ દર્શનાદિ મોક્ષ-સાધનોમાં) સ્થિત હોય છે.

विवित्तलयणाइं भएज्ज ताई,
निरोवलेवाइं असंथडाइं ।
इसीहिं चिण्णाइं महायसेहिं,
काएण फासेज्ज परीसहाइं ।।

–उत्त. अ. २१, गा. २०–२२

પ્રાણી-રક્ષા કરનાર મુનિ મહાન યશસ્વી ઋષિઓએ સ્વીકારેલા, લેપાદિ કર્મ રહિત, અસંસૃત-બી વગરના વિવિકત લયન (એકાન્ત સ્થાન) નું સેવન કરે અને શરીર વડે પરિષહો સહન કરે.

**अज्झत्थ जागरणाए मुत्ति–**

१६९८. जो पुव्वरत्तावररत्तकाले,
संपेहए अप्पगमप्पएणं ।
किं मे कडं किं च मे किच्च सेसं,
किं सक्कणिज्जं न समायरामि ।।

किं मे परो पासइ किं च अप्पा,
किं वाहं खलियं न विवज्जयामि ।
इच्चेव सम्मं अणुपासमाणो,
अणागयं नो पडिबंध कुज्जा ।।

जत्थेव पासे कई दुप्पउत्तं,
काएण वाया अदु माणसेणं ।

**અધ્યાત્મ જાગરણથી મુક્તિ :**

૧૬૯૮. સાધુ, રાત્રિના પ્રથમ પ્રહર અને અંતિમ પ્રહરમાં પોતાના આત્માની પોતાના આત્મા દ્વારા આલોચના કરે કે- 'મેં આજે શું કર્યું ? મારે શું કરવાનું બાકી છે ? મારાથી આચરવાનું શક્ય હોવા છતાં મે શું નથી આચર્યું ?'

'મારી સ્ખલનાને અન્ય લોકો કઈ દષ્ટિથી જુએ છે? મારી સ્ખલનાને હું કેવી રીતે જોઉં છું ? હું મારી સ્ખલનાને શા માટે છોડતો નથી ?' આ પ્રમાણે વિચાર કરતો સાધુ ભવિષ્યમાં કોઈ દોષ ન કરે.

ધૈર્યવાન સાધુ કદી મન, વચન કાયાથી સ્ખલના થાય તો તે જ સમયે,

तत्थेव धीरो पडिसाहरेज्जा,
आइन्नओ खिप्पमिवक्खलीणं ।।
जस्सेरिसा जोग जिइंदियस्स,
धिईमओ सुप्पुरिसस्स निच्चं ।
तमाहु लोए पडिबुद्धजीवी,
सो जीवई संजमजीविएणं ।।

ઉત્તમ અશ્વ જેમ લગામથી તુરંત વશ થાય છે, તેમ પોતાના આત્માને વશ કરી સન્માર્ગે સ્થાપે.
ઈન્દ્રિયજથી ધૈર્યવાન્ જે સત્પુરુષના મન, વચન, કાયયોગ સદા આ પ્રકારના રહે છે તેને લોકમાં પ્રતિબુદ્ધજીવી કહે છે, 'તે સંયમી જીવન જીવે છે'.

अप्पा खलु सययं रक्खियव्वो,
सव्विंदिएहिं सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेई,
सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ।।

–दस. चू. २, गा. १२–१६

સમગ્ર ઈન્દ્રિયો દ્વારા સુસમાહિત મુનિ દ્વારા આત્મા નિશ્ચયથી હમેશા રક્ષણીય છે, કારણ કે અરક્ષિત આત્મા તો જન્મ-મરણના પથને પ્રાપ્ત થાય છે અને સુરક્ષિત આત્મા સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

**समणाणं तिविहा भावणा–**

१६९९. तिहिं ठाणेहिं समणे णिग्गंथे महाणिज्जरे–महापज्जवसाणे भवति, तं जहा–

(१) कया णं अहं अप्पं वा बहुयं वा सुयं अहिज्जिस्सामि ?

(२) कया णं अहं एकल्लविहारपडिमं उवसंपज्जित्ता णं विहरिस्सामि ?

(३) कया णं अहं अपच्छिम–मारणांतिय–संलेहणा–झूसणा–झूसिते भत्तपाणपडियाइक्खिते पाओवगते कालं अणवकंखमाणे विहरिस्सामि ?

एवं समणसा सवयसा सकायसा पागडेमाणे समणे निग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवति ।

–ठाणं अ. ३, उ. ४, सु. २१०

**શ્રમણોની ત્રણ ભાવનાઓ :**

૧૬૯૯. ત્રણ કારણોથી શ્રમણ નિર્ગ્રન્થ કર્મક્ષય કરનારો અને ભવનો ક્ષય કરનારો હોય છે, જેમ કે -

૧. ક્યારે હું થોડા અથવા વધારે શ્રુતનું અધ્યયન કરનારો બનીશ ?

૨. ક્યારે હું એકાકી વિહાર પ્રતિમાને પ્રાપ્ત કરીને વિચરીશ ?

૩. ક્યારે હું સર્વાન્તિમ મારણાન્તિક સંલેખનાનું સેવન કરીને, ભક્તપાનના પ્રત્યાખ્યાનપૂર્વક મૃત્યુની આકાંક્ષા કર્યા વિના પાદપોપગમન સંથારો ધારણ કરીશ ?

આ પ્રકારની મન,વચન અને કાયાથી ભાવના ભાવતો શ્રમણ નિર્ગ્રન્થ મહાનિર્જરાવાળો થઈ મહાપર્યવસાનવાળો થાય છે.

**समणाणं बत्तीसं जोग–संगहा–**

१७००. बत्तीसं जोगसंगहा पण्णत्ता, तं जहा

(१) आलोयणा,
(२) निरवलावे,
(३) आवईसु दढधम्मया,
(४) अणिस्सिओवहाणे,
(५) सिक्खा,
(६) निप्पडिकम्मया,
(७) अण्णायता,
(८) अलोभे य,
(९) तितिक्खा,

**શ્રમણોનાં બત્રીસ યોગ સંગ્રહ :**

૧૭૦૦. બત્રીસ યોગ સંગ્રહ આ પ્રમાણે છે, જેમ કે-

૧. દોષોની યથાર્થ આલોચના કરવી.
૨. આલોચના સાંભળીને બીજાને ન કહેવાય.
૩. આપત્તિ આવવા છતાં પણ ધર્મમાં દૃઢ રહેવું.
૪. નિઃસ્પૃહ થઈને તપ કરવું.
૫. શિક્ષા ગ્રહણ કરવી.
૬. શૃંગાર ન કરવો.
૭. ગુપ્ત તપ કરવું.
૮. લોભ ન કરવો.
૯. પરિષહો સહન કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| (१०) अज्जवे, | ૧૦. સરળતા રાખવી. |
| (११) सुई, | ૧૧. પવિત્ર વિચાર રાખવો. |
| (१२) सम्मदिट्ठी, | ૧૨. સમ્યગ્ દૃષ્ટિ રાખવી. |
| (१३) समाही, | ૧૩. પ્રસન્ન રહેવું. |
| (१४) आयारे, | ૧૪. પંચાચારનું પાલન કરવું. |
| (१५) विणओवए, | ૧૫. રત્નાધિકનો વિનય કરવો. |
| (१६) धिईमई, | ૧૬. ધૈર્ય રાખવું. |
| (१७) संवेगे, | ૧૭. વૈરાગ્ય ભાવ રાખવો. |
| (१८) पणिही, | ૧૮. અધ્યવસાયોની એકાગ્રતા રાખવી. |
| (१९) सुविहि, | ૧૯. ધાર્મિક ક્રિયા વિધિપૂર્વક કરવી. |
| (२०) संवरे, | ૨૦. સંવરની વૃદ્ધિ કરવી. |
| (२१) अत्तदोसोवसंहारे | ૨૧. પોતાના દોષોની શુદ્ધિ કરવી. |
| (२२) सव्वकामविरत्तया, | ૨૨. સર્વ કામનાઓથી વિરક્ત થવું. |
| (२३) मूलगुण–पच्चक्खाणे, | ૨૩. મૂળ ગુણોનું શુદ્ધ પાલન કરવું. |
| (२४) उत्तरगुण–पच्चक्खाणे, | ૨૪. ઉત્તર ગુણોનું શુદ્ધ પાલન કરવું. |
| (२५) विउस्सग्गे, | ૨૫. કાયોત્સર્ગ કરવો. |
| (२६) अप्पमादे, | ૨૬. પ્રમાદનો ત્યાગ કરવો. |
| (२७) लवालवे | ૨૭. સમાચારીનું પાલન કરવું |
| (२८) झाणसंवरजोगे य, | ૨૮. શુભ ધ્યાન કરવું. |
| (२९) उदए मारणंतिए | ૨૯. મરણાંત કષ્ટ આવે છતાં પણ ધર્મમાં દઢ રહેવું. |
| (३०) संगाणं च परिण्णा, | ૩૦. સર્વ વિષય વાસનાનો ત્યાગ કરવો. |
| (३१) पायच्छित्तकरणेत्ति य, | ૩૧. દોષોનું પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું. |
| (३२) आराहणा य मरणंते, | ૩૨. અંતિમ સમયમાં સંલેખના કરીને પંડિત-મરણથી મરવું. |
| बत्तीसं जोगसंगहा । | આ બત્રીસ યોગસંગ્રહ છે. |

–*सम. सम. ३२, सु. १*

**संजम जोगे अप्पाणं ठवणा–**

१७०१. इच्चेएहिं ठाणेहिं, जिणे दिट्ठेहिं संजए ।
धारयन्ते उ अप्पाणं, आमोक्खाए परिवएज्जासि ।।

–*सूय. सु. २, अ. ५, गा. ३३*

**સંયમ યોગમાં આત્માની સ્થાપના :**

૧૭૦૧. જિનેન્દ્રોક્ત આ સ્થાનો વડે સંયત મુનિ આત્મદષ્ટિને ધારણ કરે અને જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી તેમાં સંયમશીલ બની રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંયમી જીવનનાં અઢાર સ્થાન : ૭

**संजमस्स अट्ठारस ठाणाइं–**

१७०२. समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं सखुड्डयविअत्ताणं अट्ठारस ठाणा पण्णत्ता, तं जहा–

वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं ।
पलियंक निसिज्जा य, सिणाणं सोभवज्जणं ।।[१]

–सम. स. १८, सु. १

दस अट्ठ य ठाणाइं, जाइं बालोऽवरज्झई ।
तत्थ अन्नियरे ठाणे, निग्गंथत्ताओ भस्सई ।।

–दस. अ. ६, गा. ७

**સંયમનાં અઢાર સ્થાન :**

૧૭૦૨. શ્રમણ ભગવાન મહાવીરે આબાલ-વૃદ્ધ સમસ્ત શ્રમણોના આચારસ્થાનો અઢાર કહ્યાં છે, જેમ કે -

છ વ્રતનું પાલન, છકાય જીવોની રક્ષા, અકલ્પનીય વસ્ત્ર-પાત્ર આદિનો નિષેધ, ગૃહસ્થના ભાજન(પાત્ર) પલ્યંક, નિષદ્યા, સ્નાન અને શરીર શુશ્રૂષાનો ત્યાગ.

જે અજ્ઞાની સાધુ આ અઢાર સ્થાનોનો અપરાધ કરે છે અથવા અઢાર સ્થાનોમાંથી કોઈપણ એક સ્થાનની વિરાધના કરે તે નિર્ગ્રન્થપણાથી ભ્રષ્ટ થઈ જાય છે.

**पढमं 'अहिंसा' ठाणं–**

१७०३. तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
अहिंसा निउणं दिट्ठा, सव्वभूएसु संजमो ।।

जावंति लोए पाणा, तसा अदुव थावरा ।
ते जाणमजाणं वा, न हणे णो वि घायए ।।

सव्वे जीवा वि इच्छन्ति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ।।

–दस. अ. ६, गा. ८–१०

जगनिस्सिएहिं भूएहिं तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दंडं, मणसा वयसा कायसा चेव ।।

–उत्त. अ. ८, गा. १०

उड्ढं अहे य तिरियं दिसासु,
तसा य जे थावर जे य पाणा ।
हत्थेहिं पाएहिं य संजमेत्ता,
अदिण्णमन्नेसु य नो गहेज्जा ।।

–सूय. सु. १, अ. १०, गा. २

**પ્રથમ "અહિંસા" સ્થાન :**

૧૭૦૩. બધા જીવો સાથે સંયમપૂર્વક વર્તવું. તે જ ઉત્તમ પ્રકારની અહિંસા છે. અને ભગવાન મહાવીરે તેને જ અઢાર સ્થાનકોમાં પ્રથમ સ્થાને દર્શાવેલી છે.

સંયમી સાધક આ લોકમાં જેટલાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેઓને જાણતાં કે અજાણતાં હણે નહિ., હણાવે નહિ. સર્વ જીવો જીવવું ચાહે છે, કોઈપણ પ્રાણી મૃત્યુને ચાહતું નથી. માટે જે ભયંકર પાપરૂપ પ્રાણી હિંસા છે તેને નિર્ગ્રન્થ પુરુષો સર્વથા ત્યાગી દે.

આ વિશ્વમાં જેટલા ત્રસ અને સ્થાવર જીવો છે તેમને દુઃખ થાય તેવો મન, વચન તથા કાયાથી પ્રયોગ ન કરવો.

ઊંચી-નીચી અને તિરછી દિશાઓમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેમને, પોતાના હાથ અને પગને સંયમમાં રાખીને, કોઈપણ પ્રકારની પીડા ન આપવી જોઈએ અને બીજાએ ન આપેલ પદાર્થો લેવા ન જોઈએ.

**बितीयं 'सच्चं' ठाणं–**

१७०४. अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ।।

**બીજુ "સત્ય" સ્થાન :**

૧૭૦૪. સાધુ પોતાના માટે અથવા બીજાના માટે ક્રોધ વગેરેથી કે ભયથી પરને પીડાકારી મૃષાવાદ (અસત્ય) સ્વયં બોલે નહિ, બીજાને પણ બોલાવે નહિ.

---

१. दस. अ. ६, गा. ७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुसावाओ य लोगम्मि, सव्वसाहूहिं गरहिओ ।
अविस्साओ य भूयाणं, तम्हा मोसं विवज्जए ।।

–दस. अ. ६, गा. ११-१२

આ લોકમાં મૃષાવાદને સર્વ સાધુ પુરુષોએ નિંદેલ છે. અસત્યવાદી પુરુષ પ્રત્યેક જીવનો અવિશ્વાસપાત્ર બની રહે છે. માટે સાધુઓએ અસત્યનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

**ततियं 'अतेणगं' ठाणं–**

१७०५. चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।
दंतसोहणमेत्तं पि, ओग्गहंसि अजाइया ।।
तं अप्पणा न गेण्हंति, नो वि गेण्हावए परं ।
अन्नं वा गेण्हमाणं पि, नाणुजाणंति संजया ।।

–दस. अ. ६, गा. १३-१४

**ત્રીજું "અદત્ત" સ્થાન :**

૧૭૦૫. સજીવ વસ્તુ કે નિર્જીવ વસ્તુ અલ્પ મૂલ્ય કે બહુ મૂલ્યવાન વસ્તુ, અધિક તો શું ? દાંત ખોતરવાની સળીમાત્ર પણ જે ગૃહસ્થના અધિકારમાં હોય તો તેની યાચના કર્યા વિના સાધુ સ્વયં ગ્રહણ કરે નહિ, બીજા પાસે ગ્રહણ કરાવે નહિ, અન્ય ગ્રહણ કરતા હોય તેની અનુમોદના પણ કરે નહિ.

**चउत्थं 'बंभचरियं' ठाणं–**

१७०६. अबंभचरियं घोरं, पमायं दुरहिट्ठियं ।
नायरंति मुणी लोए, भेयाययणवज्जिणो ।।

मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं ।
तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ।।

–दस. अ. ६, गा. १५-१६

**ચોથું "બ્રહ્મચર્ય" સ્થાન :**

૧૭૦૬. અબ્રહ્મચર્ય લોકમાં દુ:સાધ્ય, પ્રમાદના સ્થાનભૂત તથા મહાભયંકર હોવાથી દુર્જન વ્યક્તિ દ્વારા તેનું સેવન કરાય છે. માટે સંયમનો ભેદ કરાવે તેવા સ્થાનોથી દૂર રહેનારા મુનિ તેનું આચરણ કદી પણ કરતા નથી.

આ અબ્રહ્મચર્ય અધર્મનું મૂળ છે તથા મહાદોષોનો સમૂહ છે. માટે નિર્ગ્રન્થ મૈથુનના સંસર્ગનો સર્વથા ત્યાગ કરે.

**पंचमं 'अपरिग्गहं' ठाणं–**

१७०७. बिडमुब्भेइमं लोणं, तिल्लं सप्पिं च फाणियं ।
न ते सन्निहिमिच्छन्ति, नायपुत्तवओरया ।।

लोहस्सेस अणुफासे, मन्ने अन्नयरामवि ।
जे सिया सन्निहीकामे, गिही पव्वइए न से ।।

जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।
तं पि संजमलज्जट्ठा, धारेंति परिहरंति य ।।

न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ।।

सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे ।
अवि अप्पणो वि देहम्मि, नायरंति ममाइयं ।।

–दस. अ. ६, गा. १७-२१

**પાંચમું "અપરિગ્રહ" સ્થાન :**

૧૭૦૭. ભગવાન જ્ઞાતપુત્રના પ્રવચનોમાં રકત રહેનાર સાધુ બિડ-લવણ તથા સમુદ્રનાં પાણીથી પાકતું મીઠું, તેલ તથા ઘી, ગોળ આદિ પદાર્થોને સંચય કરીને રાત્રિમાં રાખવાની ઈચ્છા કરતા નથી.

આ સંચય લોભનો જ અનુસ્પર્શ (પ્રભાવ) છે. એથી તીર્થંકરાદિ માને છે કે જે કોઈ સાધુ થોડું માત્ર પણ સંચય કરવાની કદાચિત્ ઈચ્છા કરે તો તે સાધુ ગૃહસ્થ છે, સાધુ નથી.

સાધુ જે પણ વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ રાખે છે, તે પણ સંયમ અને લજ્જાને માટે જ ધારણ કરે છે અને પહેરે છે.

જીવોની રક્ષા કરનાર જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે આ વસ્ત્ર-પાત્રાદિને પરિગ્રહ કહ્યો નથી. પરંતુ મૂર્છા અર્થાત્ વસ્તુઓના મોહને પરિગ્રહ કહ્યો છે. આ પ્રમાણે મહર્ષિઓએ ફરમાવ્યું છે.

તત્ત્વને જાણનાર સર્વ પ્રકારની ઉપધિ દ્વારા ષટ્કાયના જીવોની રક્ષા માટે તથા પોતાના દેહના વિષયમાં પણ મમતા ભાવનું આચરણ કરતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**छट्ठे 'राइभोयण-विरमणं' ठाणं-**

१७०८. अहो निच्चं तवोकम्मं, सव्वबुद्धेहिं वण्णियं ।
जा य लज्जासमा वित्ती, एगभत्तं य भोयणं ।।

संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
जाइं राओ अपासंतो, कहमेसणियं चरे ? ।।

उदउल्लं बीयसंसत्तं, पाणा निवडिया महिं ।
दिया ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे ? ।।

एयं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासियं ।
सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोयणं ।।

-दस. अ. ६, गा. २२-२५

**છઠ્ઠું "રાત્રિ ભોજન વિવર્જન" સ્થાન :**

૧૭૦૮. અહો! સર્વ તત્ત્વવેત્તા તીર્થંકર દેવોએ સાધુઓને માટે નિત્ય તપકર્મ વર્ણવ્યું છે અને સંયમના નિર્વાહ માટે એક ભક્ત ભોજન કહ્યું છે.

ત્રસ અને સ્થાવર અનેક સૂક્ષ્મ પ્રાણીઓ હોય છે કે જે રાત્રિના સમયે જોઈ શકાતાં નથી, તેથી રાત્રિના સમયે આહારની શુદ્ધ ગવેષણા કેવી રીતે થઈ શકે ?

પાણીથી ભીંજાયેલા અને બીજયુક્ત ભોજન તેમજ ઘણા જંતુઓ માર્ગમાં ચાલ્યા જતા હોય છે તેઓને દિવસે તો જોઈ શકાય અને હિંસાથી બચી શકાય, પરંતુ રાત્રે ન દેખાવાથી કેમ ચાલી શકાય ?

હિંસાત્મક દોષ થવાનું જાણીને જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહ્યું છે કે - નિર્ગ્રન્થ રાત્રિના સમયે કોઈપણ પ્રકારના આહાર કે પાણી ઈત્યાદિને ભોગવતા નથી.

**सत्तमं 'पुढविकाय-अणारंभं' ठाणं-**

१७०९. पुढविक्कायं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिया ।।

पुढविकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।
तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ।।

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
पुढविकायसमारंभं जावज्जीवाए वज्जए ।।

-दस. अ. ६, गा. २६-२८

**સાતમું "પૃથ્વીકાય અનારંભ" સ્થાન :**

૧૭૦૯. શ્રેષ્ઠ સમાધિવાળા સાધુ પૃથ્વીકાયની મનથી, વચનથી અને કાયાથી ત્રણ પ્રકારના યોગ તથા ત્રણે કરણથી હિંસા કરતા નથી.

પૃથ્વીકાયની હિંસા કરનાર સાધક પૃથ્વીને આશ્રયે રહેલાં દૃષ્ટિએ દેખાય તેવા અને ન દેખાય તેવા ભિન્ન-ભિન્ન પ્રકારના અનેક ત્રસ અને સ્થાવર જીવોની પણ હિંસા કરે છે.

માટે તે દોષ દુર્ગતિને વધારનાર છે તેવું જાણીને પૃથ્વીકાયના સમારંભને સાધુ પુરુષ જીવન પર્યન્ત ત્યજી દે.

**अट्ठमं 'आउकाय-अणारंभं' ठाणं-**

१७१०. आउकायं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिया ।।

आउकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।
तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ।।

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
आउकायसमारंभं, जावज्जीवाए वज्जए ।।

-दस. अ. ६, गा. २९-३१

**આઠમું "અપ્કાય અનારંભ" સ્થાન :**

૧૭૧૦. સુસમાધિવંત સાધુ અપ્કાયની મનથી, વચનથી તથા કાયાથી ત્રણ યોગ અને ત્રણ કરણથી હિંસા કરતા નથી.

અપ્કાયની હિંસા કરનાર પુરુષ તેની હિંસા કરતો જળને આશ્રયે રહેલા નજરે દેખાતા અને ન દેખાતા તેવા ભિન્ન ભિન્ન પ્રકારના અનેક ત્રસ અને સ્થાવર જીવોની પણ હિંસા કરી નાખે છે.

માટે તે પાપ દુર્ગતિને વધારનારું છે, તેમ જાણીને સાધુ પુરુષે જીવન પર્યન્ત અપ્કાયના સમારંભને ત્યજી દેવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नवमं 'तेउकाय-अणारंभं' ठाणं-

१७११. जायतेयं न इच्छंति, पावगं जलइत्तए ।
तिक्खमन्नयरं सत्थं, सव्वओ वि दुरासयं ।।

पाईणं पडिणं वा वि, उड्ढं अणुदिसामवि ।
अहे दाहिणओ वा वि, दहे उत्तरओ वि य ।।

भूयाणमेसमाघाओ, हव्ववाहो न संसओ ।
तं पईवपयावट्ठा, संजया किंचि नारभे ।।

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
तेउकायसमारंभं, जावज्जीवाए वज्जए ।।

—दस. अ. ६, गा. ३२-३५

## નવમું "તેજસ્કાય અનારંભ" સ્થાન :

૧૭૧૧. સાધુ પુરુષો અગ્નિને પ્રજ્વલિત કરવા માટે ઈચ્છે નહિ, કારણ કે તે બીજા શસ્ત્રો કરતાં અતિ તીક્ષ્ણ શસ્ત્ર છે. અને તેને સહન કરવું તે સર્વથા દુષ્કર છે.

અગ્નિ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચાર દિશાઓ, ચાર વિદિશાઓ ઉપર અને નીચે એમ દસે દિશામાં દરેક વસ્તુને બાળીને ભસ્મ કરી નાંખે છે.

અગ્નિ પ્રાણીઓનો નાશ કરનાર છે માટે સંયમી પુરુષો પ્રકાશ માટે અથવા તાપ લેવા માટે પણ કદી જરામાત્ર પણ અગ્નિકાયનો આરંભ કરે નહિ.

તે પાપ દુર્ગતિને વધારનારું છે. તેમ જાણીને સાધુ પુરુષ જીવન પર્યન્ત અગ્નિકાય સમારંભને ત્યજી દે.

## दसमं 'वाउकाय-अणारंभं' ठाणं-

१७१२. अनिलस्स समारंभं, बुद्धा मन्नंति तारिसं ।
सावज्जबहुलं चेयं, नेयं ताईहिं सेवियं ।।

तालियंटेण पत्तेण, साहाविहुयणेण वा ।
न ते वीइउमिच्छन्ति, वीयावेउण वा परं ।।

जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।
न ते वायमुईरंति, जयं परिहरंति य ।।

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वाउकायसमारंभं, जावज्जीवाए वज्जए ।।

—दस. अ. ६, गा. ३६-३९

## દસમું "વાયુકાય અનારંભ" સ્થાન :

૧૭૧૨. બહુ પાપકારી વાયુકાયના આરંભને પણ જ્ઞાની પુરુષો અગ્નિકાયના આરંભ જેવો દૂષિત માને છે. તેથી જ છ કાયના રક્ષક સંયમીઓએ વાયુકાયનું સેવન કરવું ન જોઈએ.

માટે તાડપત્રના પંખાથી, સામાન્ય વીજણાથી, વૃક્ષની શાખા હલાવીને સંયમી પુરુષો પોતે પવન નાખતા નથી, બીજાની પાસે પવન નંખાવતા નથી.

તેમજ સંયમીઓ પોતાની પાસે રહેલાં વસ્ત્ર, પાત્ર,કંબલ, રજોહરણાદિ વડે પણ વાયુની ઉદીરણા કરતા નથી. પરંતુ તેને ઉપયોગપૂર્વક સંયમ રક્ષણાર્થે ધારણ કરે છે.

આવી રીતે આ દોષ દુર્ગતિને વધારનારો છે એમ જાણીને સંયમીઓ જીવન પર્યન્ત વાયુકાયનો સમારંભ ન કરે.

## एगादसमं 'वणस्सइकाय-अणारंभं' ठाणं-

१७१३. वणस्सइं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिया ।।

वणस्सइं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।
तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ।।

## અગિયારમું "વનસ્પતિકાય અનારંભ" સ્થાન :

૧૭૧૩. સુસમાધિવંત સંયમી પુરુષો મન,વચન અને કાયા એ ત્રણ યોગથી અને ત્રણ કરણથી વનસ્પતિકાયની હિંસા કરતા નથી.

કારણ કે વનસ્પતિની હિંસા કરનારા તે જીવ વનસ્પતિના આશ્રયે રહેલાં નજરે દેખી શકાય અથવા ન દેખી શકાય તેવા પણ અનેક પ્રકારના પ્રાણીઓની હિંસા કરી નાખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वणस्सइसमारंभं, जावज्जीवाए वज्जए ।।

–दस. अ. ६, गा. ४०-४२

માટે આ દોષ દુર્ગતિને વધારનારો છે તેવું જાણીને સાધુ પુરુષ જીવનપર્યન્ત વનસ્પતિકાયના આરંભનો પણ ત્યાગ કરે.

**बारसमं 'तसकाय-अणारंभं' ठाणं-**

१७१४. तसकायं न हिंसंति, मणसा वयसा कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिया ।।

तसकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।
तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ।।

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
तसकायसमारंभं, जावज्जीवाए वज्जए ।।

–दस. अ. ६, गा. ४३-४५

**બારમું "ત્રસકાય અનારંભ" સ્થાન :**

૧૭૧૪. સુસમાધિવંત સંયમી મન,વચન અને કાયાથી ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્રસકાયની હિંસા કરતા નથી.

કારણ કે ત્રસકાયની હિંસા કરતો કરતો તે જીવ ત્રસકાયના આશ્રયે રહેલાં નજરે દેખી શકાય અથવા ન દેખી શકાય તેવાં પણ વિવિધ પ્રાણીઓની હિંસા કરી નાખે છે.

માટે આ દોષ પણ દુર્ગતિને વધારનારો છે તેવું જાણીને સાધુ પુરુષ જીવન પર્યન્ત ત્રસકાયની હિંસા ન કરે.

**तेरसमं 'अकप्पिय-आहाराइ-विवज्जणं' ठाणं-**

१७१५. जाइं चत्तारिऽभोज्जाइं, इसिणाऽहारमाईणि ।
ताइं तु विवज्जंतो, संजमं अणुपालए ।।

पिंडं सेज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।
अकप्पियं न इच्छेज्जा, पडिगाहेज्ज कप्पियं ।।

जे नियागं ममायंति, कीयमुद्देसियाहडं ।
वहं ते समणुजाणंति, इइ वुत्तं महेसिणा ।।

तम्हा असणपाणाइं कीयमुद्देसियाहडं ।
वज्जयंति ठियप्पाणो, निग्गंथा धम्मजीविणा ।।

–दस. अ. ६, गा. ४६-४९

**તેરમું "અકલ્પ્ય આહારાદિ વર્જન" સ્થાન :**

૧૭૧૫. જે ચાર આહારાદિ પદાર્થ સાધુઓને અભોજ્ય છે તે ચારેયને નિશ્ચય કરીને છોડતો તે સંયમનું પાલન કરે.

આહાર,શય્યા,વસ્ત્ર અને પાત્ર એ ચારે વસ્તુઓ અકલ્પ્ય હોય તેને સંયમી સાધુ ન ઈચ્છે, પણ જે કલ્પનીય હોય તેને જ ગ્રહણ કરે.

જે કોઈ સાધુ નિત્ય આમંત્રિત આહાર, ખરીદેલ આહાર, ઔદ્દેશિક આહાર તથા સાધુને માટે સન્મુખ લાવેલો આહાર ગ્રહણ કરે છે. તે સાધુ પ્રાણીવધની અનુમોદના કરે છે. આ પ્રમાણે મહર્ષિએ કહ્યું છે.

તેથી સંયમમાં સ્થિર ચિત્તવાળા ધર્મજીવી નિર્ગ્રન્થ પુરુષો ક્રીત, ઔદ્દેશિક કે આહૃત ઈત્યાદિ દોષવાળા આહાર પાણીને ગ્રહણ કરતા નથી.

**चोद्दसमं 'गिहि-भायण-अभुंजणं' ठाणं-**

१७१६. कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो ।
भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ ।।

सीओदगसमारंभे, मत्तधोयणछड्डणे ।
जाइं छन्नंति भूयाइं, दिट्ठो तत्थ असंजमो ।।

**ચૌદમું "ગૃહસ્થપાત્રમાં ભોજન નિષેધ"સ્થાન :**

૧૭૧૬. જે સાધુ ગૃહસ્થના કાંસાની કટોરીમાં, કાંસાની થાળીમાં, કે માટીના વાસણમાં અન્ન પાણી આદિ ભોગવે છે તે સાધુ પોતાના આચારથી ભ્રષ્ટ થાય છે.

તે ગૃહસ્થના વાસણો ધોવા પડે તો સચિત્ત પાણીની હિંસા થાય અને તે પાણીને ફેંકવાથી બીજા પણ ઘણા પ્રાણીઓનો નાશ થાય, માટે જ તીર્થંકરાદિ દેવોએ તેમાં અસંયમ કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पच्छाकम्मं पुरेकम्मं, सिया तत्थ न कप्पइ ।
एयमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ।।[१]

–दस. अ. ६, गा. ५०–५२

ગૃહસ્થના પાત્રોમાં જમવાથી પશ્ચાત્ કર્મ અને પુરાકર્મ બંને પ્રકારના દોષો થવાનો સંભવ છે. તેથી સંયમીઓને તે પાત્રોમાં ભોજન કરવું કલ્પે નહિ. માટે નિર્ગ્રન્થો ગૃહસ્થના વાસણમાં ભોજન કરતા નથી.

**गिहिमत्ते भोयण करणस्स पायच्छित्त–सुत्तं–**

१७१७. जे भिक्खू गिहिमत्ते भुंजइ, भुंजतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।।

–नि. उ. १२, सु. १०

**ગૃહસ્થના પાત્રમાં ભોજન કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૭૧૭. જે ભિક્ષુ ગૃહસ્થના પાત્રમાં આહાર કરે છે, (આહાર કરાવે છે) આહાર કરનારનું અનુમોદન કરે છે. તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**पण्णरसमं 'पलियंक–अनिसेज्ज' ठाणं–**

१७१८. आसंदीपलियंकेसु, मंचमासालएसु वा ।
अणायरियमज्जाणं, आसइत्तु सइत्तु वा ।।

नासंदीपलियंकेसु, न निसेज्जा न पीढए ।
निग्गंथाऽपडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ।।

गंभीरविजया एए, पाणा दुप्पडिलेहगा ।
आसंदीपलियंका य, एयमट्ठं विवज्जिया ।।

–दस. अ. ६, गा. ५३–५५

**પંદરમુ "પલ્યંક નિષધા વર્જન" સ્થાન :**

૧૭૧૮. ખાટલો, પલંગ, શણની દોરીથી બનાવેલો માચો તથા નેતરની આરામ ખુરશી વગેરે આસન પર બેસવાં કે સુવાથી આર્ય ભિક્ષુઓને અનાચીર્ણ નામનો દોષ લાગે છે.

તીર્થંકરની આજ્ઞાના આરાધક નિર્ગ્રન્થો પલંગ, ખાટલો, માચો કે તેવી નેતરની ખુરશી કે ગાદી પર બેસતા નથી. છતાં પણ વિશેષ સ્થિતિમાં બેસવું પડે તો તેનું પ્રતિલેખન સારી રીતે કરીને બેસે તથા સુવે.

એ સર્વે આસન અપ્રકાશમય હોય છે, તેમાં રહેલ સૂક્ષ્મ જંતુઓનું પ્રતિલેખન કરવું મુશ્કેલ હોય છે. તેથી તેવા પલંગ મંચાદિ સાધુઓને માટે વિવર્જિત છે.

**गिही णिसेज्जाए णिसीयण पायच्छित्त–सुत्तं–**

१७१९. जे भिक्खू गिहिणिसेज्जं वाहेइ, वाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १२, सु. १२

**ગૃહસ્થની શય્યા પર બેસવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૭૧૯. જે ભિક્ષુ ગૃહસ્થનાં પલંગ આદિ પર બેસે છે, (બેસાડે છે), બેસાડનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**सोलसमं 'गिही–णिसेज्जा–वज्जणं' ठाणं–**

१७२०. गोयरग्गपविट्ठस्स, निसेज्जा जस्स कप्पई ।
इमेरिसमणायारं, आवज्जइ अबोहियं ।।

विवत्ती बंभचेरस्स, पाणाणं अवहे वहो ।
वणीमगपडिग्घाओ, पडिकोहो अगारिणं ।।

**સોળમું "ગૃહનિષધા વર્જન" સ્થાન :**

૧૭૨૦. ગોચરી માટે પ્રવિષ્ટ સાધુ ગૃહસ્થનાં ઘરમાં બેસે છે તે અનાચારને અને અબોધિ રૂપ ફળને પામે છે.

ગૃહસ્થોના ઘેર બેસવાથી બ્રહ્મચર્યનો નાશ, પ્રાણીઓનો વધ, સંયમનો ઘાત, ભિક્ષાચરોને અંતરાય અને ગૃહસ્થીઓને પણ ક્રોધનું કારણ થાય છે.

१. सूय. सु. १, अ. २, उ. २, गा. २०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अगुत्ती बंभचेरस्स, इत्थीओ यावि संकणं ।
कुसीलवड्ढणं ठाणं, दूरओ परिवज्जए ।।
–दस. अ. ६, गा. ५६–५८

ગૃહસ્થોના ઘેર બેસવાથી બ્રહ્મચર્યની અગુપ્તિ અને સ્ત્રીજનો પ્રતિ શંકા ઉત્પન્ન થાય છે. માટે કુશીલ વધારનાર સ્થાનને મુનિ દૂરથી જ ત્યજી દે.

गोयरग्गपविट्ठो उ, न निसीएज्ज कत्थइ ।
कहं च न पबंधेज्जा, चिट्ठित्ताण व संजए ।।
–दस. अ. ५, उ. २, गा. ८

ગોચરીએ ગયેલો સાધુ કોઈ પણ સ્થળે બેસે નહિ તથા ત્યાં ઊભા રહીને કે બેસીને કથા કરવાનો પ્રયત્ન પણ કરે નહિ.

**अंतरगिहे णिसेज्जाए अववाओ–**

१७२१. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा – अंतरगिहंसि–

(१) चिट्ठित्तए वा, (२) निसीइत्तए वा,
(३) तुयट्टित्तए वा, (४) निद्दाइत्तए वा,
(५) पयलाइत्तए वा, (६) असणं वा,
(७) पाणं वा, (८) खाइमं वा,
(९) साइमं वा आहारमाहरित्तए, (१०) उच्चारं वा,
(११) पासवणं वा, (१२) खेलं वा,
(१३) सिंघाणं वा परिट्ठवेत्तए,
(१४) सज्झायं वा करित्तए,
(१५) झाणं वा झाइत्तए,
(१६) काउसग्गं वा ठाणं ठाइत्तए ।

अह पुण एवं जाणेज्जा बाहिए[१] जराजुण्णे, तवस्सी, दुब्बले, किलंते, मुच्छेज्ज वा, पवडेज्ज वा, एवं से कप्पइ अंतरगिहंसि चिट्ठित्तए वा–**जाव**–काउसग्गं वा ठाणं ठाइत्तए ।

णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अंतरगिहंसि–**जाव**–चउगाहं वा पंचगाहं वा आइक्खित्तए वा, विभवित्तए वा, किट्टित्तए वा, पवेइत्तए वा ।

नन्नत्थ एगनाएणं वा, एगवागरणेणं वा, एगगाहाए वा, एगसिलोएण वा, से वि य ठिच्चा, नो चेव णं अठिच्चा ।

**ગૃહનિષદ્યાનો અપવાદ :**

૧૭૨૧. નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિઓને ગૃહસ્થના ઘરમાં -

૧. ઊભા રહેવું, ૨. બેસવું,
૩. સૂવું, ૪. નિદ્રા લેવી,
૫. ઊંઘ લેવી, ૬. અશન,
૭. પાન, ૮. ખાદિમ,
૯. સ્વાદિમ આહાર કરવો, ૧૦. મળ,
૧૧. મૂત્ર, ૧૨. ખોંખારો,
૧૩. શ્લેષ્મ પરઠવું,
૧૪. સ્વાધ્યાય કરવો,
૧૫. ધ્યાન કરવું,
૧૬. કાર્યોત્સર્ગ કરી ઊભુ રહેવું કલ્પતું નથી.

પણ એવું જાણે કે-જો સાધુ વ્યાધિગ્રસ્ત હોય, વૃદ્ધ હોય, તપસ્વી હોય, દુર્બલ હોય, થાક કે ગભરાટથી યુક્ત હોય, અને તે મૂર્ચ્છિત થઈ જાય, પડી જાય તો તેને ગૃહસ્થના ઘરમાં ઊભાં રહેવું **યાવત્** કાર્યોત્સર્ગ કરી ઊભા રહેવું કલ્પે છે.

નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિઓને ગૃહસ્થનાં ઘરમાં **યાવત્** ચાર, પાંચ ગાથાઓ કરવી, તેનો અર્થ કરવો, ધર્મ કથા કરવી અને વિસ્તૃત વિવેચન કરવું કલ્પતું નથી.

પરંતુ કોઈ કારણસર આવશ્યક હોય તો માત્ર એક ઉદાહરણ, એક પ્રશ્નોત્તર, એક ગાથા અથવા એક શ્લોક દ્વારા વિવેચન આદિ કહેવું કલ્પે છે. તે પણ ઊભા રહીને કહી શકે પરંતુ બેસીને નહિ.

---

१. तिण्हमन्नयरागस्स, निसेज्जा जस्स कप्पई । जराए अभिभूयस्स वाहियस्स तवस्सिणो । – दस. अ. ६, गा. ५९
આ ગાથામાં વૃદ્ધ, વ્યાધિગ્રસ્ત અને તપસ્વી એ ત્રણેને અપવાદરૂપમાં ગૃહસ્થોના ઘેર બેસવાનું વિધાન છે પરંતુ બૃહત્ કલ્પ સૂત્રમાં દુર્બલ અને થાકેલાનો પણ ઉલ્લેખ મળે છે. જેમનો સમાવેશ વ્યાધિગ્રસ્તમાં જાણી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अंतरगिहंसि, इमाइं पंच महव्वयाइं सभावणाइं, आइक्खित्तए वा, विभावित्तए वा, किट्टित्तए वा, पवेइत्तए वा ।

निर्ग्रन्थ અને નિર્ગ્રન્થિઓને ગૃહસ્થનાં ઘરમાં ભાવના સહિત પાંચ મહાવ્રતોનું કહેવું, અર્થ-વિસ્તાર અથવા મહાવ્રતાચરણના ફળનું કથન કરવું તેમજ વિસ્તૃત વિવેચન કરવું કલ્પતું નથી.

नन्नत्थ एगनाएण वा-**जाव**-एगसिलोएण वा ।
से वि य ठिच्चा, नो चेव णं अठिच्चा ।।

—कप्प. उ. ३, सु. २१-२३

પરંતુ કોઈ કારણસર જરૂરત પડે તો માત્ર એક ઉદાહરણ **યાવત્** એક શ્લોકથી કથન આદિ કરવું કલ્પે છે. તે પણ ઊભા રહીને કહી શકે, પરંતુ બેસીને નહિ.

**सत्तरसमं 'असिणाणं' ठाणं-**

१७२२. वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्थए ।
दुक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ।।

संतिमे सुहुमा पाणा, घसासु भिलुगासु य ।
जे उ भिक्खू सिणायंतो, वियडेणुप्पिलावए ।।

तम्हा ते न सिणायंति, सीएण उसिणेण वा ।
जावज्जीवं वयं घोरं, असिणाणं महिट्ठगा ।।

सिणाणं अदुवा कक्कं, लोद्धं पउमगाणि य ।
गायस्सुव्वट्टणट्ठाए, नायरंति कयाइ वि ।।

--दस. अ. ६, गा. ६०-६३

**સત્તરમું "અસ્નાન" સ્થાન :**

૧૭૨૨. રોગી અથવા અરોગી જે કોઈ સાધુ સ્નાનની ઈચ્છા કરે તો તેનો આચાર ભ્રષ્ટ થાય છે અને સંયમને હાનિ પહોંચે છે.

ક્ષારવાળી ભૂમિ અથવા તિરાડવાળી ભૂમિમાં સૂક્ષ્મ પ્રાણીઓ રહેલા હોય છે. માટે જો ભિક્ષુ પ્રાસુક પાણીથી પણ સ્નાન કરે તો તે જીવોને પીડા પહોંચાડે છે.

માટે શીતલ કે ઉષ્ણ, સચિત્ત કે અચિત્ત કોઈપણ પાણીથી સંયમી પુરુષો સ્નાન કરતા નથી અને જીવન પર્યન્ત તેવા કઠિન 'અસ્નાન વ્રત'ને ધારણ કરે છે.

સંયમી પુરુષ સ્નાન, સુગંધી ચંદન, લોધ્ર, કુંકુમ પદ્મ,કેસર વગેરે દ્રવ્યોથી કદી પણ પોતાના શરીરનું ઉબટન કરતા નથી.

**अट्ठारसमं 'अविभूसा' ठाणं-**

१७२३. नगिणस्स वा वि मुंडस्स, दीहरोम-नहंसिणो ।
मेहूणा उवसंतस्स, किं विभूसाए कारियं ? ।।

विभूसावत्तियं भिक्खू, कम्मं बंधइ चिक्कणं ।
संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे ।।

विभूसावत्तियं चेयं, बुद्धा मन्नंति तारिसं ।
सावज्जबहुलं चेयं, नेयं ताईहिं सेवियं ।।

—दस. अ. ६, गा. ६४-६६

**અઢારમું "અવિભૂષા" સ્થાન :**

૧૭૨૩. નગ્ન,કેશ લુંચન કરનારા, દીર્ઘ રોમ તથા નખવાળા, મૈથુનથી સર્વથા વિરકત થયેલ સંયમીને વિભૂષા (શૃંગાર)નું શું પ્રયોજન હોય ?

વિભૂષાને નિમિત્તે ભિક્ષુ એવાં ચિકણાં કર્મો બાંધે છે, જેનાથી ભયંકર સંસારરૂપી સાગરમાં પડે છે.

તીર્થંકર દેવ વિભૂષા નિમિત્તે સંકલ્પ વિકલ્પ કરનારા મનને પણ ઘણા પાપનું કારણ માને છે. તેથી છ કાયના રક્ષક સંયમીને વિભૂષા આચરવા યોગ્ય નથી.

## સંયમી જીવનનું ફળ - ૮

**सव्वगुण सम्पन्नयाए फलं-**

१७२४. प. सव्वगुणसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ?
उ. सव्वगुणसंपन्नयाए णं अपुणरावत्तिं जणयइ । अपुणरावत्तिं पत्तए णं जीवे सारीरमाणसाणं दुक्खाणं नो भागी भवइ ।

—उत्त. अ. २९, सु. ४६

**સર્વ ગુણ સંપન્નતાનું ફળ :**

૧૭૨૪. પ્ર. ભંતે! સર્વ ગુણ સંપન્નતાથી જીવને શું મળે છે ?
ઉ. સર્વ ગુણ સંપન્નતાથી જીવ અપુનરાવૃત્તિ (મુક્તિ) પામે છે. મુક્તિ પામેલ જીવ શારીરિક અને માનસિક દુઃખોનો ભાગી બનતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सामाइय फलं–**

१७२५. प. सामाइएणं भंते ! जीवे किं जणयइ ?

उ. सामाइएणं सावज्जजोगविरइं जणयइ ।

–उत्त. अ. २९, सु. १०

**સામાયિકનું ફળ :**

૧૭૨૫. પ્ર. ભંતે! સામયિકની આરાધનાથી જીવને શું મળે છે ?

ઉ. સામાયિકથી જીવ સાવદ્ય યોગની પ્રવૃત્તિથી વિરક્ત થાય છે.

**संजमाराहणाए फलं–**

१७२६. दुक्कराइं करेत्ताणं, दुस्सहाइं सहेत्तु य ।
के इत्थ देवलोएसु, केई सिज्झंति नीरया ।।

खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।
सिद्धिमग्गमणुप्पत्ता, ताइणो परिनिव्वुडे ।।

–दस. अ. ३, गा. १४–१५

खवेंति अप्पाणममोहंदसिणो,
तवे रया संजम अज्जवे गुणे ।
धुणंति पावाइं पुरेकडाइं,
नवाइं पावाइं न ते करेंति ।।

सओवसंता अममा अकिंचणा,
तविज्जविज्जाणुगया जसंसिणो ।
उउप्पसन्ने विमले व चंदिमा,
सिद्धिं विमाणाइं उवेंति ताइणो ।।

–दस. अ. ६, गा. ६७–६८

एते ओघं तरिस्संति, समुद्दं य ववहारिणो ।
जत्थ पाणा विसण्णासी, किच्चंती सयकम्मुणा ।।

तं च भिक्खू परिण्णाय, सुव्वते समिते चरे ।
मुसावायं च वज्जेज्जा, अदिण्णादाणं च वोसिरे ।।

उड्ढमहे तिरियं वा, जे केई तस–थावरा ।
सव्वत्थ विरतिं कुज्जा, संति निव्वाणमाहितं ।।

–सूय. सू. १, अ. ३, उ. ४, गा. १८–२०

प. जे इमे भंते ! अज्जत्ताए समणा निग्गंथा विहरंति, एते णं कस्स तेयलेस्सं वीयीवंयति ?

**સંયમની આરાધનાનું ફળ :**

૧૭૨૬. દુષ્કર ક્રિયાઓ કરીને અને દુઃસહ કષ્ટો સહન કરીને કેટલાક નિર્ગ્રન્થો અહીંથી મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તો કેટલાક કર્મરજથી સર્વથા રહિત થઈને સિદ્ધ થાય છે.

સંયમ અને તપ દ્વારા પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરીને અને મોક્ષ માર્ગ પ્રાપ્ત કરીને છ કાયના રક્ષક સાધુઓ નિર્વાણને પામે છે.

મોહ રહિત, તત્ત્વને જોનારા અને સંયમ, સરલતા તથા તપમાં રક્ત નિર્ગ્રંથો પૂર્વે કરેલા પાપોનો નાશ કરે છે અને નવા પાપોનું ઉપાર્જન કરતા નથી. એવા મુનિઓ શુદ્ધ આત્મસ્વરૂપને પામી જાય છે.

હંમેશા ઉપશાંત, મમતા રહિત, અપરિગ્રહી આધ્યાત્મિક વિદ્યાને પ્રાપ્ત થયેલા, યશસ્વી તથા છકાયના જીવોનું પોતાની સમાન રક્ષણ કરનારા સંયમીઓ શરદ ઋતુના નિર્મળ ચંદ્રમાની સમાન કર્મફળ-થી વિશુદ્ધ થઈને મુક્તિને પ્રાપ્ત કરે છે અને (કર્મશેષ રહી જાય તો) વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય છે.

સંસારરૂપ પ્રવાહમાં પડેલા પ્રાણીઓ પોતાનાં કર્મોથી દુઃખી થાય છે. જેમ વ્યાપારી હોડી દ્વારા સમુદ્રને પાર કરે છે, તેમ સાધુ સંસારરૂપ સાગરને પાર કરે છે.

સુવ્રતવાન્ સાધુ અનુકૂળ અને પ્રતિકૂળ પરિષહોને જાણીને સમિતિપૂર્વક વિચરે. તે મૃષાવાદનો ત્યાગ કરે અને અદત્તાદાન આદિનો ત્યાગ કરે.

ઉર્ધ્વદિશા, અધોદિશા અને તિરછી દિશામાં જે કોઈ પણ ત્રસ સ્થાવર જીવો છે તેઓની હિંસાનો ત્યાગ કરવો જોઈએ. એમ કરવાથી શાંતિ તથા નિર્વાણ પદની પ્રાપ્તિ થાય છે.

પ્ર. ભંતે ! જે આ શ્રમણ નિર્ગ્રંથો પાપકર્મથી નિવૃત્ત થઈ ગયેલાં છે. તેઓ કોની તેજોલેશ્યાનું અતિ-ક્રમણ કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! मास परियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

ઉ. ગૌતમ ! એક માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

दुमासपरियाए समणे निग्गंथे असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

બે માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણનિર્ગ્રંથો ચમરેન્દ્ર અને બલીન્દ્ર સિવાયના ભવનવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

तिमासपरियाए समणे निग्गंथे असुरकुमाराणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

ત્રણ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરકુમાર દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

चउम्मासपरियाए समणे निग्गंथे गहगण नक्खत्त-तारारूवाणं जोतिसियाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

ચાર માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રહગણ, નક્ષત્રો અને તારાઓ રૂપ જ્યોતિષ્ક દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

पंचमासपरियाए समणे निग्गंथे चंदिमसूरियाणं जोतिसियाणं जोतिसराईणं तेयलेस्सं वीयीवयति ।

પાંચ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો જ્યોતિષ્કોના ઈન્દ્ર અને જ્યોતિષ્કરાજ ચંદ્ર અને સૂર્યની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

छम्मासपरियाए समणे निग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

છ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સૌધર્મ અને ઈશાન કલ્પવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

सत्तमासपरियाए समणे निग्गंथे सणंकुमार-माहिंदाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

સાત માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સનત્કુમાર અને મહેન્દ્ર કલ્પવાળા દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

अट्ठमासपरियाए बंभलोग-लंतगाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

આઠ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો બ્રહ્મલોક અને લાંતક કલ્પવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

नवमासपरियाए समणे निग्गंथे महासुक्क-सहस्साराणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

નવ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો મહાશુક્ર અને સહસ્રાર કલ્પવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

दसमासपरियाए समणे निग्गंथे आणय-पाणय-आरण-अच्चुयाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

દસ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો આણત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

एक्कारसमासपरियाए समणे निग्गंथे गेवेज्जगाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

અગિયાર માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો નવ ગ્રૈવેયક વિમાનોના દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

बारसमासपरियाए समणे निग्गंथे अणुत्तरोववाइयाणं देवाणं तेयलेस्सं वीयीवयति ।

બાર માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો પાંચે અનુત્તરૌપપાતિક વિમાનવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે.

तेणं परं सुक्के सुक्काभिजातिए भवित्ता ततो पच्छा सिज्झति-**जाव**-अंतं करेति ।

ત્યારબાદ શુકલ લેશ્યાવાળો અને પરમ શુકલ લેશ્યાવાળો સિદ્ધ થઈ જાય છે **યાવત્** સમસ્ત દુ:ખોનો અંત કરે છે.

*-विया. स. १४, उ. ९, सु. १७*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धम्मराहणाए परिणामो-**

१७२७. अणागयमपस्संता, पच्चुप्पन्नगवेसगा ।
ते पच्छा परितप्पंति, खीणे आउम्मि जोव्वणे ।।

जेहिं कालं परक्कंतं, न पच्छा परितप्पए ।
ते धीरा बंधणुमुक्का, नावकंखंति जीवियं ।।

*-सूय. सु. १, अ. ३, उ. ४, गा. १४-१५*

तिहिं ठाणेहिं संपण्णे अणगारे अणादीयं, अणवदग्गं, दीहमद्धं, चाउरंतं संसारकंतारं वीईवएज्जा, तं जहा-

(१) अणिदाणयाए,
(२) दिट्ठिसंपण्णयाए,
(३) जोगवाहियाए ।

*-ठाणं. अ. ३, उ. १, सु. १४४*

**धर्म આરાધનાનું પરિણામ :**

૧૭૨૭. જે મનુષ્ય ભવિષ્યના દુઃખની તરફ જોતા નથી, વર્તમાનના સુખની ખોજમાં જ આસક્ત રહે છે, તે યૌવન અને આયુ ક્ષીણ થતાં પશ્ચાતાપ કરે છે.

ધર્મોપાર્જનના સમયે જેમણે ધર્મોપાર્જન કર્યું છે, તેઓ પાછળથી પશ્ચાતાપ કરતા નથી. બંધનમુક્ત તે ધીર પુરુષો અસંયમી જીવનની ઈચ્છા પણ કરતા નથી.

અનાદિ, અનન્ત અને જેનો માર્ગ અતિશય લાંબો છે, જે ચાર ગતિવાળો છે એવા આ સંસાર રૂપ કાન્તારને ત્રણેય કારણોથી અણગાર પાર કરી શકે છે. જેમકે -

(૧) અનિદાનતા - ભોગ પ્રાપ્તિ માટે સંકલ્પ કરતા નથી. (૨) દૃષ્ટિ સંપન્નતા - સમ્યગ્ દૃષ્ટિથી.

(૩) યોગવાહિતા - સમાધિસ્થ રહેવાથી.

**संवुड भिक्खुस्स फलं-**

१७२८. संवुडकम्मस्स भिक्खुणो, जं दुक्खं पुट्ठं अबोहिए ।
तं संजमओवचिज्जइ, मरणं हेच्च वयंति पंडिता ।।

*-सूय. सु. १, अ. २, उ. ३, गा. १*

**સંવૃત ભિક્ષુનું ફળ :**

૧૭૨૮. અષ્ટવિધ કર્માશ્રવના કારણોને રોકી દેનાર ભિક્ષુને અજ્ઞાનવશ જે કર્મ બંધાઈ ગયેલા હોય તે સંયમથી નષ્ટ થઈ જાય છે. પંડિતપુરુષ મરણને લાંઘીને મોક્ષ પ્રાપ્ત કરે છે.

**णिग्गंथ मुत्ति-**

१७२९. सीतोसिणच्चाई से णिग्गंथे, अरति-रतिसहे, फारुसियं णो वेदेति, जागर-वेरोवरते वीरे, एवं दुक्खा पमोक्खसि ।

*-आ. सु. १, अ. ३, उ. १, सु. १०७ (ख)*

**નિર્ગ્રંથની મુક્તિ :**

૧૭૨૯. નિર્ગ્રંથ ઠંડી અને ગરમીને સહન કરે છે. અરતિ અને રતિને સહન કરતો તે સંયમમાં કઠિનતાનો અનુભવ કરતો નથી. તેવો મુનિ સદા જાગૃત રહે છે, વેર-વિરોધથી દૂર રહે છે. તે વીર દુઃખથી મુક્ત બની જાય છે.

**सुसमणस्स समाहि तह कुसमणस्स असमाहि-**

१७३०. अहो य रातो य समुट्ठितेहिं,
तहागतेहिं पडिलब्भ धम्मं ।
समाहिमाघातमझोसयंता,
सत्थारमेव फरुसं वयंति ।।

विसोहियं ते अणुकाहयंते,
जे आतभावेण वियागरेज्जा ।
अट्ठाणिए होति बहुगुणाणं,
जे णाणसंकाए मुसं वदेज्जा ।।
जे यावि पुट्ठा पलिउंचयंति,
आदाणमट्ठं खलु वंचयंति ।

**સુશ્રમણની સમાધિ અને કુશ્રમણની અસમાધિ :**

૧૭૩૦. રાત-દિવસ ઉત્તમ અનુષ્ઠાન કરનારા તીર્થંકરોથી ધર્મને પામીને પણ તીર્થંકરોક્ત સમાધિ માર્ગનું સેવન ન કરનાર કોઈ અવિનીત શિષ્ય પોતાના ધર્મોપદેશકને કટુવચન કહે છે.

જે શુદ્ધ વીતરાગ માર્ગથી વિપરીત પોતાની રુચિ અનુસાર પ્રરૂપણા કરે છે તથા તીર્થંકરના જ્ઞાનમાં શંકા કરીને મિથ્યા ભાષણ કરે છે, તે ઉત્તમ ગુણોનાં પાત્ર બની શકતા નથી.

જે કોઈના પૂછવા પર પોતાના ગુરુનું નામ આદિ છુપાવે છે, તે પોતાને મોક્ષથી વંચિત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असाहुणो ते इइ साधुमाणी,
मायण्णि एहिंति अणंतघं ।।

તે વસ્તુતઃ અસાધુ હોવા છતાં પોતાને સાધુ માને છે, તે માયાવી પુરુષ અનંતવાર જન્મ મરણને પ્રાપ્ત કરે છે.

जे कोहणे होइ जगट्ठभासी,
विओसियं जे उ उदीरएज्जा ।
अंधे व से दंडपहं गहाय,
अविओसिए घासइ पावकम्मी ।।

જે પુરુષ ક્રોધશીલ છે, બીજાનાં દોષો કહ્યા કરે છે તથા શાંત થયેલા કલહને પ્રદીપ્ત કરે છે તે પુરુષ પાપકર્મ કરનાર છે અને તે હંમેશા ઝગડામાં પડ્યો રહે છે. તે સાંકડા માર્ગથી જતા આંધળાની જેમ અનંત દુઃખનો ભાગી બને છે.

जे विग्गहीए अन्नायभासी,
न से समे होति अझंझपत्ते ।
ओवायकारी य हिरीमणे य,
एगंतदिट्ठी य अमाइरूवे ।।

જે પુરુષ કલહ કરે છે અને ન્યાયરહિત બોલે છે, તે સમતા મેળવી શકતો નથી. અને તે કલહરહિત પણ બની શકતો નથી. પરંતુ જે ગુરુની આજ્ઞાનું પાલન કરે છે અને પાપ કરવામાં ગુરુ વગેરેની લજ્જા રાખે છે, જે વીતરાગના વચનમાં એકાન્ત શ્રદ્ધાળુ હોય છે, તે પુરુષ અમાયી છે.

से पेसले सुहुमे पुरिसजाते,
जच्चण्णिए चेव सुउज्जुयारे ।
बहुं पि अणुसासिते जे तहच्चा,
समे हु से होति अझंझपत्ते ।।

ભૂલ થઈ જતાં ગુરુ આદિ શિખામણ આપે ત્યારે જે ચિત્તવૃત્તિ શુદ્ધ રાખે તેજ પુરુષ વિનયાદિગુણ યુક્ત છે, સૂક્ષ્માર્થદર્શી છે, સંયમમાં પુરુષાર્થી છે, જાતિ સંપન્ન અને સંયમ પાળનાર છે. તે જ પુરુષ સમભાવી અને અમાયી છે.

जे आवि अप्पं वसुमं ति मत्ता,
संखाय वादं अपरिच्छ कुज्जा ।
तवेण वाहं सहिउ त्ति मत्ता,
अण्णं जणं पस्सति बिंबभूतं ।।

જે પોતાને સંયમી અને જ્ઞાની માની પોતાની પરીક્ષા કર્યા વિના જ અભિમાન કરે છે. અને સ્વની પ્રશંસા કરે છે કે "હું મોટો તપસ્વી છું." એવું માની બીજાઓને પાણીમાં પડેલા ચંદ્રના પડછાયાની જેમ નિરર્થક માને છે.

एगंतकूडेण उ से पलेइ,
ण विज्जती मोणपदंसि गोत्ते ।
जे माणणट्ठेण विउक्कसेज्जा,
वसुमण्णतरेण अबुज्झमाणे ।।

અહંકાર કરનાર સાધુ એકાંત રૂપથી મોહમાં પડીને સંસારમાં ભ્રમણ કરે છે. જે માન-સન્માનની પ્રાપ્તિ માટે સંયમ તપસ્યા જ્ઞાન આદિનું અભિમાન કરે છે અને સંયમ ગ્રહણ કરીને પણ જ્ઞાન આદિનો મદ કરે છે, તે વાસ્તવમાં પરમાર્થને જાણતો નથી.

जे माहणे जातिए खत्तिए वा,
तह उग्गपुत्ते तह लेच्छती वा ।
जे पव्वइते परदत्तभोई,
गोत्ते ण जे थब्भति माणबद्धे ।।

કોઈ બ્રાહ્મણ હોય, ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલ હોય, ઉગ્રકુલનું સંતાન હોય અથવા લિચ્છવી વંશમાં દીક્ષા ગ્રહણ કરીને બીજાનો આપેલો આહાર ખાય છે અને પોતાના ઊંચા ગોત્ર કુળનું અભિમાન કરતો નથી તે જ વીતરાગ માર્ગનો અનુયાયી છે.

ण तस्स जाई व कुलं व ताणं,
णण्णत्थ विज्जा-चरणं सुचिण्णं ।
णिक्खम्म जे सेवइऽगारिकम्मं,
ण से पारए होइ विमोयणाए ।।

જાતિ અને કુળ પણ શરણભૂત થતા નથી. સમ્યક્ પ્રકારથી સેવન કરેલ જ્ઞાન અને સદાચાર સિવાય અન્ય કોઈપણ રક્ષા કરવામાં સમર્થ નથી. જે મુનિ દીક્ષિત થઈને પણ ગૃહસ્થના કર્મનું સેવન કરે છે તે સંસારથી પાર થઈ શકતો નથી.

*-सूय. सु. १, अ. १३, गा. २-११*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अण्णाणी समणस्स गई–**

१७३१. समणा मु एगे वयमाणा, पाणवहं मिया अयाणन्ता ।
मन्दा निरयं गच्छन्ति, बाला पावियाहिं दिट्ठीहिं ।।

*–उत्त. अ. ८, गा. ७*

**અજ્ઞાની શ્રમણની ગતિ :**

૧૭૩૧. પશુની જેમ અજ્ઞાની જીવો, પોતાને "અમે શ્રમણો છીએ" એમ કહેવા છતાં પણ પ્રાણવધને સમજતા નથી તેથી તેમની પાપ દૃષ્ટિને કારણે તે અજ્ઞાનીઓ નરકમાં જાય છે.

**भिक्खुस्स अहिंसा फलं–**

१७३२. पाणे य नाइवाएज्जा, से "समिए" ति वुच्चई ताई ।
तओ से पावयं कम्मं, निज्जाइ उदगं व थलाओ ।।

*–उत्त. अ. ८, गा. ९*

**ભિક્ષુની અહિંસાનું પરિણામ :**

૧૭૩૨. જીવોની હિંસા નહીં કરનારા સાધકને "સમ્યક્ પ્રવૃત્તિવાળા" કહેવામાં આવે છે. જેમ ઊંચે સ્થળેથી જળ આપો આપ સરી જાય છે, તેમ તેમના જીવનમાંથી પાપકર્મ સહેજે સરી જાય છે.

**भिक्खुस्स हिंसाणुमोयण फलं–**

१७३३. "न हु पाणवहं अणुजाणे,
मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं" ।
एवायरिएहिं अक्खायं,
जेहिं इमो साहुधम्मो पण्णत्तो ।।

*–उत्त. अ. ८, गा. ८*

**ભિક્ષુની હિંસાનુમોદનનું ફળ :**

૧૭૩૩. જેમણે આ સાધુ ધર્મનો ઉપદેશ કર્યો છે એવા આર્ય પુરુષોએ કહ્યું છે કે - "પ્રાણી-વધનું અનુમોદન કરનાર કદી પણ મુક્તિને પામતો નથી."

**भोगासत्ति परिणामो–**

१७३४. भोगामिसदोसविसण्णे हियनिस्सेयस बुद्धिवोच्चत्थे ।
बाले य मन्दिए मूढे, बज्झई मच्छिया व खेलंमि ।।

*–उत्त. अ. ८, गा. ५*

**ભોગાસક્તિનું પરિણામ :**

૧૭૩૪. આસક્તિ-જનક ભોગોમાં નિમગ્ન, હિત અને નિશ્રેયસમાં વિપરીત બુદ્ધિવાળો અજ્ઞાની, મંદ અને મૂઢ જીવ કફના બળખામાંની માખીની જેમ કર્મોમાં ફસાઈ પડે છે.

**सुव्वयाणं संसारुत्तारो–**

१७३५. दुपरिच्चया इमे कामा, नो सुजहा अधीरपुरिसेहिं ।
अह सन्ति सुव्वया साहू, जे तरन्ति अतरं वणिया व ।।

*–उत्त. अ. ८, गा. ६*

**સુવ્રતી સાધુનો સંસાર પાર :**

૧૭૩૫. કામભોગનો ત્યાગ કઠિન છે, અધીર જીવો સહેલાઈથી તેને છોડી શકતા નથી. પરંતુ જેમ વણિક સમુદ્રને તરી જાય છે તેમ વ્રતધારી સાધકો તે કામભોગોનો સહેલાઈથી ત્યાગ કરી શકે છે.

**कुसमणस्स दुग्गई सुसमणस्स सुग्गई–**

१७३६. एयारिसे पंच कुसीलऽसंवुडे,
रूवंधरे मुणिपवराण हेट्ठिमे ।
अयंसिलोए विसमेव गरहिए,
न से इहं नेव परत्थलोए ।।

*–उत्त. अ. १७, गा. २०*

सुहसायगस्स समणस्स, सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणा पहोइस्स, दुल्लहा सुग्गइ तारिसगस्स ।।

*–दस. अ. ४, गा. २६*

**કુશ્રમણની દુર્ગતિ અને સુશ્રમણની સદ્ગતિ :**

૧૭૩૬. જે પૂર્વ વર્ણિત આચરણ કરે છે, તે પાર્શ્વસ્થ આદિ પાંચ કુશીલ ભિક્ષુઓ જેવા અસંવૃત છે, કેવળ મુનિવેશ ધારણ કરેલ નિકૃષ્ટ મુનિ છે. તે આ લોકમાં વિષની જેમ નિન્દનીય છે. તેમનો આ લોક અને પરલોક બન્ને બગડે છે.

જે સાધુ સુખના આસ્વાદનો ઈચ્છુક, શાતાને માટે આકુળ, અત્યંત શયન કરનાર, કારણ વિના હાથ-પગ વારંવાર ધોનાર છે તેને ઉત્તમગતિ દુર્લભ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चीराजिणं नगिणिणं, जडी संघाडी मुंडिणं ।
एयाणि वि न तायंति, दुस्सीलं परियागयं ।।

જીર્ણ વસ્ત્ર, મૃગચર્મ, નગ્ન અવસ્થા, જટાધારીપણું, ગોદડી કે શિરમુંડન જેવા બાહ્યાચારોથી દૂરાચારી સાધુ નરકગતિમાં જતાં બચી શકતો નથી.

पिंडोलए व्व दुस्सीलो, नरगाओ न मुच्चई ।
भिक्खाए वा गिहत्थे वा, सुव्वए कमई दिवं ।।
–उत्त. अ. ५, गा. २१–२२

ભિક્ષા વૃત્તિવાળો સાધુ પણ કુશીલાચારી હોય તો નરકગતિથી નથી બચતો, સાધુ હો કે ગૃહસ્થ પણ જો તે સુવ્રતી હોય તો દિવ્ય ગતિને પ્રાપ્ત કરે છે.

जे वज्जए एए सया उ दोसे,
से सुव्वए होइ मुणीणमज्झे ।
अयंसि लोए अमयं व पूइए,
आराहए लोगमिणं तहापरं ।।
–उत्त. अ. १७, गा. २१

જે સાધુ આ દોષોથી સદા દૂર રહે છે, તે મુનિઓમાં સુવ્રતી છે. તે આ લોકમાં અમૃતની જેમ પૂજાય છે. તેથી તે આ લોક તથા પરલોક બંને લોકની આરાધના કરે છે.

**मज्ज सेवणस्स विवज्जणस्स य परिणामो–**

**મદ્ય સેવનનું અને વિવર્જનનું પરિણામ :**

१७३७. सुरं वा मेरगं वा वि, अन्नं वा मज्जगं रसं ।
ससक्खं न पिवे भिक्खू, जसं सारक्खमप्पणो ।।

૧૭૩૭. પોતાના સંયમરૂપી નિર્મળ યશનું રક્ષણ કરતો ભિક્ષુ સુરા (દ્રાક્ષનો આસવ), મેરક (મહુડાનો રસ) કે બીજા કોઈપણ માદક રસનું આત્મસાક્ષીએ સેવન ન કરે.

पिया एगइओ तेणो, न मे कोइ वियाणइ ।
तस्स पस्सह दोसाइं, नियडिं च सुणेह मे ।।

મને કોઈ દેખતું નથી તેમ માની જે કોઈ ભિક્ષુ એકાંતમાં ચોરીથી માદક રસ પીએ છે, તેના દોષોને જુઓ અને તેની માયારૂપ વિકૃતિને મારી પાસેથી સાંભળો.

वड्ढई सोंडिया तस्स, मायामोसं च भिक्खुणो ।
अयसो य अनिव्वाणं, सययं च असाहुया ।।

તેવા ભિક્ષુની આસક્તિ માયા-મૃષાવાદ, અપયશ, અતૃપ્તિ અને નિરંતર અસાધુતા જ વધતી રહે છે.

निचुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।
तारिसो मरणंते वि, नाऽऽराहेइ संवरं ।।

જેમ ચોર પોતાના દુષ્કર્મોથી નિત્ય ઉદ્વિગ્ન ચિત્તવાળો રહે છે, તેમ દુર્બુદ્ધિ ભિક્ષુ પોતાના દુષ્કર્મોથી અસ્થિર ચિત્તવાળો રહે છે. તે મુનિ મૃત્યુના અંત સુધી પણ સંવર ધર્મની આરાધના કરી શકતો નથી.

आयरिए नाऽऽराहेइ, समणे यावि तारिसो ।
गिहत्था वि णं गरहंति, जेण जाणंति तारिसं ।।

તેવો (મદિરા પીનાર) સાધુ આચાર્યની આરાધના કરતો નથી અને સાધુઓની પણ આરાધના કરતો નથી. ગૃહસ્થો પણ તેની નિંદા કરે છે. કારણ કે તેઓ તેને દુષ્ટ ચારિત્રવાળો જાણે છે.

एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जओ ।
तारिसो मरणंते वि, नाऽऽराहेइ संवरं ।।

આ પ્રમાણે દુર્ગુણોને સેવનારો અને ગુણોને છોડી દેનાર સાધુ મરણના અંતે પણ સાચા સંવર ધર્મને આરાધી શકતો નથી.

तवं कुव्वइ मेहावी, पणीयं वज्जए रसं ।
मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ।।

જે બુદ્ધિમાન સાધક સ્નિગ્ધ અને સ્વાદિષ્ટ ભોજનોને છોડી દઈને તપશ્ચર્યા કરે છે, જે મદ, અભિમાન તથા પ્રમાદથી નિવૃત્ત થઈ જાય છે, તે તપસ્વી બની વિકાસને માર્ગે અગ્રેસર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइयं ।
विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ।।

ભિક્ષુના કલ્યાણ રૂપ સંયમ તરફ નજર કરો કે- જે અનેક ભિક્ષુઓથી પૂજાય છે તથા વિસ્તીર્ણ મોક્ષના અર્થથી યુક્ત બને છે. તેના ગુણોનું કીર્તન કરીશ, જેને મારી પાસેથી સાંભળો -

एवं तु गुणप्पेही, अगुणाणं च विवज्जओ ।
तारिसो मरणं ते वि, आराहेइ संवरं ।।

ઉપરોક્ત સદ્ગુણોનો ઈચ્છુક અને દુર્ગુણોનો ત્યાગી ભિક્ષુ મરણના છેડા સુધી સતત સંવર ધર્મનું આરાધન કરે છે.

आयरिए आराहेइ, समणे यावि तारिसो ।
गिहत्था वि णं पूयंति, जेण जाणंति तारिसं ।।

–दस. अ. ५, उ. २, गा. ३६–४५

આવો શ્રમણ આચાર્યોને તથા બીજા સાધુઓને પણ આરાધે છે અને તેને આ પ્રમાણે ઉત્તમ ભિક્ષુ જાણીને ગૃહસ્થો પણ તેની પૂજા કરે છે.

**मज्जाइ सेवण–णिसेहो–**

१७३८. अमज्ज–मंसासि अमच्छरिया,
अभिक्खणं निव्विगईगया य ।
अभिक्खणं काउसग्गकारी,
सज्झायजोगे पयओ हवेज्जा ।।

–दस. अ. १०, चू. २, गा. ७

**મદ્યાદિ-સેવનનું નિષેધ :**

૧૭૩૮. સાધુએ મદ્ય અને માંસનો ભોગ ન કરવો જોઈએ, અમત્સરી (ઈર્ષારહિત) બનવું જોઈએ, સતત વિકૃતિઓનું સેવન છોડી દેવું જોઈએ, વારંવાર કાયોત્સર્ગ કરવો જોઈએ અને સ્વાધ્યાય-યોગમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ.

# (૩) સમાચારી :

## દિવસ રાત્રિક સમાચારી–૧

**समायारी महत्तं–**

१७३९. सामायारिं पवक्खामि, सव्वदुक्खविमोक्खणिं ।
जं चरित्ता ण निग्गंथा, तिण्णा संसार सागरं ।।

–उत्त. अ. २६, गा. १

**સમાચારીનું મહત્વ :**

૧૭૩૯. બધા દુઃખોથી મુક્ત કરનારી, જેનું આચારણ કરીને નિર્ગ્રંથો સંસાર સાગરને તરી જાય છે, તે સમાચારીનું હું વર્ણન કરું છું -

**दसविहा समायारी–**

१७४०. पढमा आवस्सिया नामं, बिइया य निसीहिया ।
आपुच्छणा य तइया, चउत्थी पडिपुच्छणा ।।
पंचमो छन्दणा नाम, इच्छाकारो य छट्ठओ ।
सत्तमो मिच्छकारो य, तहक्कारो य अट्ठमो ।।
अब्भुट्ठाणं च नवमं, दसमी उवसंपदा ।
एसा दसंगा साहूणं सामायारी पवेइया ।।[१]

–उत्त. अ. २६, गा. २–४

**દસ પ્રકારની સમાચારી :**

૧૭૪૦. પહેલી આવશ્યકી, બીજી નૈષેધિકી,
ત્રીજી આપૃચ્છના, ચોથી પ્રતિપૃચ્છના,
પાંચમી છન્દના, છઠ્ઠી ઈચ્છાકાર,
સાતમી મિથ્યાકાર, આઠમી તથાકાર,
નવમી અભ્યુત્થાન, દસમી ઉપસંપદા,
જ્ઞાનીઓએ આ દસ અંગોવાળી સાધુઓની સમાચારી વર્ણવી છે.

---

૧. દસ પ્રકારની સમાચારી -
ઉત્તરાધ્યયન અ. ૨૬, ગાથા ૨, ૩, ૪ સ્થાનાંગ અ. ૧૦, સૂત્ર ૭૪૯ ભગવતી શ. ૨૫, ઉ. ૭, સૂત્ર ૧૯૪
સ્થાનાંગ અને ભગવતીમાં નામ અને ક્રમ સરખા છે. માટે ભગવતી અને ઉત્તરાધ્યયનની તાલિકા નીચે મુજબ જાણવી.
(અધુરી ટિપ્પણ પાના નં. ૬૯ ઉપર છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**समायारीए पव्वत्तणं –**

१७४१. (१) गमणे आवस्सियं कुज्जा,

(२) ठाणे कुज्जा निसीहियं,

(३) आपुच्छणा सयंकरणे,

(४) परकरणे पडिपुच्छणा,

(५) छन्दणा दव्वमाएणं

(६) इच्छाकारो य सारणे,

(७) मिच्छाकारो य निन्दाए,

(८) तहक्कारो य पडिस्सुए,

(९) अब्भुट्ठाणं गुरुपूया,

(१०) अच्छणे उवसंपदा ।

एवं दु-पंचसंजुत्ता, सामायारी पवेइया ।

–उत्त. अ. २६, गा. ५-७

**સમાચારીનું પ્રવર્તન :**

૧૭૪૧.(૧) પોતાના રહેઠાણથી બહાર જતાં "આવસ્સિય" નું ઉચ્ચારણ કરવું આવશ્યકી સમાચારી છે.

(૨) પોતાના સ્થળે પ્રવેશ કરતાં "નિસ્સિહિયં" નું ઉચ્ચારણ કરવું નૈષેધિકી સમાચારી છે.

(૩) પોતાના કામ માટે ગુરુની રજા લેવી "આપૃચ્છના" સમાચારી છે.

(૪) બીજાના કામ માટે ગુરુ પાસે રજા લેવી "પ્રતિપૃચ્છના" સમાચારી છે.

(૫) પૂર્વગૃહીત દ્રવ્યો માટે ગુરુ વગેરેને આમંત્રિત કરવા "છન્દના" સમાચારી છે.

(૬) બીજાનું કામ પોતાની સહજ અભિરુચિથી કરવું અને પોતાનું કામ કરાવવા બીજાને તેમની ઈચ્છા પ્રમાણે નમ્ર નિવેદન કરવું "ઈચ્છાકાર" સમાચારી છે.

(૭) દોષની નિવૃત્તિ માટે આત્મનિન્દા કરવી "મિથ્યાકાર" સમાચારી છે.

(૮) ગુરુજનોનો ઉપદેશ સ્વીકારવો "તથાકાર" સમાચારી છે.

(૯) ગુરુજનોના પૂજા-સત્કાર માટે આસનથી ઊઠી ઊભા થવું "અભ્યુત્થાન" સમાચારી છે.

(૧૦) કોઈ વિશિષ્ટ પ્રયોજનથી બીજા આચાર્ય પાસે રહેવુ "ઉપસંપદા" સમાચારી છે.

આ રીતે દસ પ્રકારની સમાચારીનું વર્ણન છે.

**देवसिय समायारी –**

१७४२. पुव्विल्लम्मि चउब्भाए, आइच्चम्मि समुट्ठिए ।
भण्डयं पडिलेहित्ता, वन्दित्ता य तओ गुरुं ।।

**દિવસ સમાચારી :**

૧૭૪૨. સૂર્યોદય થતાં દિવસના પહેલા પહોરના ચતુર્થ ભાગમાં ભાણ્ડ-ઉપકરણોનું પ્રતિલેખન કરી, ગુરુને વંદના કરીને-

---

(પાના નં. ૬૮ની અધુરી ટિપ્પણ આગળ ચાલુ....)

**ઉત્તરાધ્યયન સૂત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧. | આવશ્યિકી | ૬. | ઈચ્છાકાર |
| ૨. | નૈષેધિકી | ૭. | મિચ્છાકાર |
| ૩. | આપુચ્છણા | ૮. | તહકાર |
| ૪. | પડિપુચ્છણા | ૯. | અભ્યુત્થાન |
| ૫. | છંદણા | ૧૦. | ઉવસંપયા |

**ભગવતી સૂત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧. | ઈચ્છાકાર | ૬. | આપુચ્છણા |
| ૨. | મિચ્છાકાર | ૭. | પડિપુચ્છણા |
| ૩. | તહકાર | ૮. | છંદણા |
| ૪. | આવશ્યિકી | ૯. | નિમંત્રણ |
| ૫. | નૈષેધિકી | ૧૦. | ઉવસંપયા |

નવમી દશમી સમાચારીનો ક્રમ ત્રણે સૂત્રોમાં સરખો છે. બાકીના ક્રમમાં ફેરફાર જણાય છે. નવમી સમાચારીના નામનો ફેરફાર છે, પણ અર્થ એક જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुच्छेज्ज पंजलिउडो, किं कायव्वं मए इहं ? ।
इच्छं निओइउं भंते ! वेयावच्चे व सज्झाए ।।

હાથ જોડીને પૂછવું કે- હવે મારે શું કરવું ? ભંતે ! હું ઈચ્છુ છું કે - આપ મને સ્વાધ્યાયની રજા આપો અથવા વૈયાવૃત્ય-સેવામાં નિયુક્ત કરો.

वेयावच्चे निउत्तेणं, कायव्वं अगिलायओ ।
सज्झाए वा निउत्तेणं, सव्वदुक्खविमोक्खणे ।।

વૈયાવૃત્યમાં નિયુક્ત કરે તો ગ્લાનિ વિના સેવા કરવી અથવા બધા દુઃખોથી મુક્ત કરનાર સ્વાધ્યાયમાં નિયુક્ત કરે તો ગ્લાનિ રહિત થઈ સ્વાધ્યાય કરે.

दिवसस्स चउरो भागे, कुज्जा भिक्खू वियक्खणो ।
तओ उत्तरगुणे कुज्जा, दिणभागेसु चउसु वि ।।

વિચક્ષણ ભિક્ષુએ દિવસના ચાર ભાગ કરવા. તે ચારે ભાગમાં સ્વાધ્યાય વગેરે ઉત્તર ગુણોની આરાધના કરવી.

पढमं पोरिसिं सज्झायं, बीयं झाणं झियायई ।
तइयाए भिक्खायरियं, पुणो चउत्थीए सज्झायं ।।

—उत्त. अ. २६, गा. ८-१२

પ્રથમ પહોરમાં સ્વાધ્યાય કરવો, બીજામાં ધ્યાન કરવું, ત્રીજામાં ભિક્ષાચરી અને ચોથામાં ફરી સ્વાધ્યાય કરવો.

### पोरिसी विण्णाणं-

१७४३. आसाढे मासे दुपया, पोस मासे चउप्पया ।
चित्तासोएसु मासेसु, तिपया हवइ पोरिसी ।।

अंगुलं सत्तरत्तेणं, पक्खेणं य दुयंगुलं ।
वड्ढए हायए वावी, मासेणं चउरंगुलं ।।

—उत्त. अ. २६, गा. १३-१४

### પૌરુષી વિજ્ઞાન :

૧૭૪૩. આષાઢ મહિનામાં દ્વિપદા પૌરુષી હોય છે, પોષ મહિનામાં ચતુષ્પદા અને ચૈત્ર તેમજ આસો માસમાં ત્રિપદા પૌરુષી હોય છે.

સાત રાતમાં એક આંગળ, પક્ષમાં બે આંગળ અને એક મહિનામાં ચાર આંગળની વૃદ્ધિ અને હાનિ થાય છે. શ્રાવણથી પોષ સુધી વૃદ્ધિ થાય છે અને મહાથી અષાઢ સુધી હાનિ થાય છે.

### छ ओमरत्ताओ-

१७४४. छ ओमरत्ता पण्णत्ता, तं जहा-

(१) ततिए पव्वे,
(२) सत्तमे पव्वे,
(३) एक्कारसमे पव्वे,
(४) पण्णरसमे पव्वे,
(५) एगूणवीसइमे पव्वे,
(६) तेवीसइमे पव्वे ।[१]

—ठाणं. अ. ६, सु. ५२४ (क)

### છ ક્ષય તિથિઓ :

૧૭૪૪. છ અવમરાત્ર (ક્ષયતિથિઓ) હોય છે, જેમ કે-

(૧) તૃતીય પર્વ - અષાઢ કૃષ્ણપક્ષમાં,
(૨) સપ્તમ પર્વ - ભાદરવા કૃષ્ણપક્ષમાં,
(૩) અગિયારમું પર્વ - કારતક કૃષ્ણ પક્ષમાં,
(૪) પંદરમું પર્વ - પોષ કૃષ્ણ પક્ષમાં,
(૫) ઓગણીસમું પર્વ - ફાગણ કૃષ્ણ પક્ષમાં,
(૬) તેવીસમું પર્વ - વૈશાખ કૃષ્ણ પક્ષમાં.

### छ अतिरत्ताओ -

१७४५. छ अतिरत्ता पण्णत्ता, तं जहा-

(१) चउत्थे पव्वे,
(२) अट्ठमे पव्वे,
(३) दुवालसमे पव्वे,

### છ વૃદ્ધિ તિથિઓ :

૧૭૪૫. છ અતિરાત્રિ હોય છે, જેમકે -

(૧) ચતુર્થ પર્વ - અષાઢ શુકલ પક્ષમાં,
(૨) આઠમું પર્વ - ભાદરવા શુકલ પક્ષમાં,
(૩) બારમું પર્વ - કારતક શુકલ પક્ષમાં,

---

१. उत्त. अ. २६, गा. १५ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४) सोलसमे पव्वे,

(५) वीसइमे पव्वे,

(६) चउवीसइमे पव्वे ।

–ठाणं अ. ६, सु. ५२४ (ख)

(૪) સોળમું પર્વ - પોષ શુકલ પક્ષમાં,

(૫) વીસમું પર્વ - ફાગણ શુકલ પક્ષમાં,

(૬) ચોવીસમું પર્વ - વૈશાખ શુકલ પક્ષમાં.

**पत्त–पडिलेहणा कालो–**

१७४६. जेट्ठामूले आसाढ सावणे, छहिं अंगुलेहिं पडिलेहा ।
अट्ठहिं बीय तियंमी, तइए दस अट्ठहिं चउत्थे ।।

–उत्त. अ. २६, गा. १६

**પાત્ર - પ્રતિલેખનાનો કાળ :**

૧૭૪૬. જેઠ, અષાઢ અને શ્રાવણ આ પહેલા ત્રણમાં છ આંગળ, ભાદરવો, આસો અને કારતક આ બીજા ત્રણમાં આઠ આંગળ; માગસર, પોષ અને મહા આ ત્રીજા ત્રણમાં દસ આંગળ; અને ફાગણ, ચૈત્ર, વૈશાખ આ ચોથા ત્રણમાં આઠ આંગળની વૃદ્ધિ કરવાથી પ્રતિલેખનની પૌરુષી થાય છે.

**पढम पोरिसी समायारी–**

१७४७. पुव्वल्लंमि चउब्भाए, पडिलेहित्ताण भण्डयं ।
गुरुं वन्दित्तु सज्झायं, कुज्जा दुक्खविमोक्खणं ।।

पोरिसीए चउब्भाए, वन्दित्ताण तओ गुरुं ।
अपडिक्कमित्ता कालस्स, भायणं पडिलेहए ।।

–उत्त. अ. २६, गा. २१–२२

**પ્રથમ પૌરુષીની સમાચારી :**

૧૭૪૭. દિવસના પહેલા ચોથા ભાગમાં પાત્રાદિ ઉપકરણોનું પ્રતિલેખન કરી ગુરુને વંદના કરી, દુઃખ મુક્ત જેનાથી થાય એવો સ્વાધ્યાય કરે.

પૌરુષીના ચતુર્થ ભાગમાં અર્થાત્ પોણી પૌરુષી વીતી જાય ત્યારે ગુરુને વંદના કરી, કાલનું પ્રતિક્રમણ કાયોત્સર્ગ કર્યા વિના જ ભાજન (પાત્ર)નું પ્રતિલેખન કરે.

**पडिलेहणा विही–**

१७४८. मुहपोत्तियं पडिलेहित्ता, पडिलेहिज्ज गोच्छगं ।
गोच्छगलइयंगुलिओ, वत्थाइं पडिलेहए ।।

उड्ढं थिरं अतुरियं, पुव्वं ता वत्थमेव पडिलेहे ।
तो बिइयं पप्फोडे, तइयं च पुणो पमज्जेज्जा ।।

अणच्चावियं अबलियं, अणाणुबन्धि अमोसलिं चेव ।
छप्पुरिमा नव खोडा, पाणीपाणविसोहणं ।।

–उत्त. अ. २६, गा. २३–२५

**પ્રતિલેખનાની વિધિ :**

૧૭૪૮. મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરીને ગોચ્છગનું પ્રતિલેખન કરે. આંગળીઓ વડે ગોચ્છગને પકડીને વસ્ત્રનું પ્રતિલેખન કરે.

ઊકડૂ આસને બેસે. પછી વસ્ત્ર ઊંચું કરે. સ્થિર રાખે અને ઉતાવળ કર્યા વિના તેનું પ્રતિલેખન કરે. આંખથી જુએ, બીજે વસ્ત્રને ધીરેથી ઝાટકે અને ત્રીજે વસ્ત્રનું પ્રમાર્જન કરે.

પ્રતિલેખન કરતી વખતે શરીરને કે વસ્ત્રને નચાવે નહીં, વાળે નહિ. વસ્ત્રને નજરની બહાર ન જવા દે, વસ્ત્રનો ભીંત વગેરેને સ્પર્શ ન થવા દે. વસ્ત્રના છ પૂર્વ અને નવ ખોટક કરે, જો કોઈ જીવ હોય તો તેને દૂર કરી વિશોધન કરે.

**पडिलेहणा दोसाई–**

१७४९. (१) आरभडा, (२) सम्मद्दा,
वज्जेयव्वा य मोसली (३) नइया ।

**પ્રતિલેખનાના દોષ :**

૧૭૪૯. (૧) **આરભટા :** ઉતાવળથી પ્રતિલેખન કરવું.

(૨) **સમ્મર્દા :** કપડાં પર બેસીને પ્રતિલેખન કરવું.

(૩) **મોસલી :** પ્રતિલેખન કરતાં વસ્ત્ર ઉપર-નીચે, આમ તેમ કોઈ બીજા કપડા કે વસ્તુ સાથે સાંકળતાં રહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पप्फोडाणा (४) चउत्थी,

विक्खित्ता (५) वेइया (६) छट्ठा ।।

(७) पसिढिल (८) पलम्ब (९) लोला,

(१०) एगामोसा (११) अणेगरूवधुणा ।

कुणइ (१२) पमाणि–पमायं,

संकिए गणणोवगं (१३) कुज्जा ।।

*–उत्त. अ. २६, गा. २६–२७*

(૪) **પ્રસ્ફોટના :** ધૂળ ભરેલા વસ્ત્રને જોરથી ઝાટકવું.

(૫) **વિક્ષિપ્તા :** પ્રતિલેખિત વસ્ત્રને અપ્રતિ-લેખિત વસ્ત્રોમાં મૂકવું.

(૬) **વેદિકા :** વિપરીત આસનમાં બેસીને પ્રતિલેખન કરવું.

(૭) **પ્રશિથિલ :** વસ્ત્ર ઢીલું પકડવું.

(૮) **પ્રલંબ :** વસ્ત્રનું પ્રતિલેખન દુરથી કરવું.

(૯) **લોલ :** પ્રતિલેખ્યમાન વસ્ત્રને હાથ કે જમીન સાથે ઘસવું.

(૧૦) **એકામશા :** વસ્ત્રને વચ્ચેથી પકડીને એક નજરે જ આખુ જોઈ જવું.

(૧૧) **અનેકરૂપ ધૂનના :** વસ્ત્રને અનેક વાર ઝાટકવું.

(૧૨) **પ્રમાણ-પ્રમાદ :** પ્રમાર્જનનું પ્રમાણ નવવાર કહ્યું છે- તેમાં પ્રમાદ કરવો.

(૧૩) **ગણનોપગણના :** પ્રસ્ફોટન અને પ્રમાર્જનના નિર્દિષ્ટ પ્રમાણમાં શંકાને કારણે હાથને આંગળીના વેઢા ગણવા.

**अणूणाइरित्त–पडिलेहणा–**

१७५०. अणूणाइरित्तपडिलेहा अविवच्चासा तहेव य ।

पढमं पयं पसत्थं सेसाणि उ अप्पसत्थाइं ।।

*–उत्त. अ. २६, गा. २८*

**અન્યૂનાધિક પ્રતિલેખના :**

૧૭૫૦. પ્રતિલેખનાનાં વિષયમાં શાસ્ત્રોક્ત વિધિથી ઓછુ ન કરવું, વધારે ન કરવું, અને વિપરીત ન કરવું. તેમાં પહેલો વિકલ્પ - ભેદ જ શુદ્ધ છે. બાકીના બીજા અશુદ્ધ છે.

**पडिलेहणा पमत्तो विराहओ–**

१७५१. पडिलेहणं कुणन्तो, मिहोकहं कुणइ जणवयकहं वा ।

देइ व पच्चक्खाणं, वाएइ सयं पडिच्छइ वा ।।

पुढवी–आउक्काए, तेऊ–वाऊ–वणस्सइ–तसाणं ।

पडिलेहणापमत्तो, छण्हं पि विराहओ होइ ।।

*–उत्त. अ. २६, गा. २९–३०*

**પ્રતિલેખના-પ્રમત્ત વિરાધક :**

૧૭૫૧. પ્રતિલેખન કરતી વખતે જે પરસ્પર વાતો કરે છે, જનપદની કથા કરે છે, પ્રત્યાખ્યાન કરાવે છે, બીજાને ભણાવે છે કે પોતે ભણે છે,

તે આ પ્રકારે પ્રતિલેખનામાં પ્રમત્ત મુનિ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય આ છ કાયોનો વિરાધક બને છે.

**पडिलेहणा आउत्तो आराहओ–**

१७५२. पुढवी–आउक्काए, तेऊ–वाऊ–वणस्सइ–तसाणं ।

पडिलेहणाऽउत्तो, छण्हं आराहओ होइ ।।

*–उत्त. अ. २६, गा. ३०*

**પ્રતિલેખનામાં ઉપયુક્ત આરાધક :**

૧૭૫૨. પ્રતિલેખનમાં અપ્રમત્ત મુનિ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય એ છ કાયોનો આરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तइयाए पोरिसीए समायारी –**

१७५३. तइयाए पोरिसीए भत्तं पाणं गवेसए ।
छण्हं अन्नयरागम्मि कारणंमि समुट्ठिए ।।

–उत्त. अ. २६, गा. ३१

**તૃતીય પૌરુષી સમાચારી :**

૧૭૫૩. આહારના છ કારણોમાંથી એક પણ કારણ ઊભું થતાં ત્રીજા પહોરમાં ભક્તપાનની ગવેષણા કરે.

**चउत्थीए पोरिसीए समायारी –**

१७५४. चउत्थीए पोरिसीए, निक्खिवित्ताण भायणं ।
सज्झायं तओ कुज्जा, सव्वभावविभावणं ।।

पोरिसीए चउब्भाए, वन्दित्ताण तओ गुरुं ।
पडिक्कमित्ता कालस्स, सेज्जं तु पडिलेहए ।।

पासवणुच्चारभूमिं च, पडिलेहिज्ज जयं जई ।
काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ।।

–उत्त. अ. २६, गा. ३६–३८

**ચતુર્થ પૌરુષી સમાચારી :**

૧૭૫૪. ચોથા પહોરે પ્રતિલેખના કરી બધાં પાત્રો બાંધીને મૂકી દે. ત્યાર પછી જીવાદિ બધા ભાવોનો પ્રકાશિત કરતો સ્વાધ્યાય કરે.

પૌરુષીના ચોથા ભાગમાં ગુરુને વંદના કરી સ્વાધ્યાય કાળનું પ્રતિક્રમણ કરી શય્યાનું પ્રતિલેખન કરે.

યતનામાં પ્રયત્નશીલ મુનિ ફરી પ્રશ્રવણ અને ઉચ્ચાર-ભૂમિનું પ્રતિલેખન કરે. ત્યાર પછી સર્વ દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

**देवसिय–पडिक्कमण समायारी–**

१७५५. देवसियं च अईयारं, चिन्तिज्ज अणुपुव्वसो ।
नाणे य दंसणे चेव, चरित्तम्मि तहेव य ।।

पारिय–काउस्सग्गो, वन्दित्ताण तओ गुरुं ।
देवसियं तु अईयारं, आलोएज्ज जहक्कमं ।।

पडिक्कमित्तु निस्सल्लो, वन्दित्ताण तओ गुरुं ।
काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ।।

पारियकाउस्सग्गो, वन्दित्ताण तओ गुरुं ।
"थुइमंगलं च काऊणं" कालं संपडिलेहए ।।

–उत्त. अ. २६, गा. ३९–४२

**દૈવસિક પ્રતિક્રમણ સમાચારી :**

૧૭૫૫. જ્ઞાન, દર્શન અને ચારિત્ર સાથે સંબંધ રાખનાર દિવસને લગતા અતિચારોનું અનુક્રમે ચિંતન કરે.

કાયોત્સર્ગ પૂર્ણ કરીને ગુરુને વંદના કરી અનુક્રમે દિવસના અતિચારોની આલોચના કરે.

પ્રતિક્રમણ કરીને, નિઃશલ્ય થઈને ગુરુને વંદના કરે ત્યાર પછી બધા દુઃખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

કાયોત્સર્ગ પૂરો કરી ગુરુને વંદના કરે પછી સ્તુતિ મંગળ (ણમોત્થુણંનો પાઠ) કરીને સ્વાધ્યાય કાળનું પ્રતિલેખન કરે.

**णिद्दासीलो पावसमणो–**

१७५६. जे के इमे पव्वइए, निद्दासीले पगामसो ।
भोच्चा पेच्चा सुहं सुवइ, पावसमणि त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. ३

**નિદ્રાશીલ પાપશ્રમણ :**

૧૭૫૬. જે કોઈ પ્રવ્રજિત થઈને નિદ્રાશીલ રહે છે, ખાઈપીને આરામ કરે છે, તે પાપશ્રમણ કહેવાય છે.

**राईय समायारी –**

१७५७. रत्तिं पि चउरो भागे, भिक्खू कुज्जा वियक्खणो ।
तओ उत्तरगुणे कुज्जा, राइभाएसु चउसु वि ।।

पढमं पोरिसिं सज्झायं, बीयं झाणं झियायइ ।
तइयाए निद्दमोक्खं तु, चउत्थी भुज्जो वि सज्झायं[१] ।।

–उत्त. अ. २६, गा. १७–१८

**રાત્રિ - સમાચારી :**

૧૭૫૭. વિદ્વાન ભિક્ષુએ રાત્રિના ચાર ભાગ કરવા. તે ચારે ભાગમાં સ્વાધ્યાયાદિ ઉત્તર ગુણોની આરાધના કરવી.

પ્રથમ પહોરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામાં ઊંઘ અને ચોથામાં ફરી સ્વાધ્યાય કરે.

१. उत्त. अ. २६, गा. ४३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**राईय पोरिसी विण्णाणं–**

१७५८. जं नेइ जया रत्तिं, नक्खत्तं तंमि नह–चउब्भाए ।
संपत्ते विरमेज्जा, सज्झायं पओस–कालम्मि ।।

तम्मेव य नक्खत्ते, गयण–चउब्भाग–सावसेसंमि ।
वेरत्तियं पि कालं, पडिलेहित्ता मुणी कुज्जा ।।

–उत्त. अ. २६, गा. १९–२०

**રાત્રિ પૌરુષી વિજ્ઞાન :**

૧૭૫૮. જે નક્ષત્ર જે રાતની પૂર્તિ કરતા હોય તે જ્યારે આકાશના ચતુર્થ ભાગમાં આવે ત્યારે તે પ્રદોષકાળ કહેવાય છે. તે વખતે સ્વાધ્યાયમાંથી નિવૃત્ત થવું જોઈએ.

તે જ નક્ષત્ર જ્યારે આકાશના અંતિમ ચતુર્થ ભાગમાં આવે ત્યારે રાત્રિનો અંતિમ ચોથો પહોર હોય છે. તેને વૈરાત્રિક કાળ જાણીને મુનિએ સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થવું.

**राईय–चउत्थीए पोरिसीए समायारी**

१७५९. "पोरिसीए चउत्थीए, कालं तु पडिलेहिया ।
सज्झायं तओ कुज्जा, अबोहन्तो असंजए ।।
पोरिसीए चउब्भाए, "वन्दिऊण तओ गुरु" ।
पडिक्कमित्तु कालस्स, कालं तु पडिलेहए ।।
आगए काय–वोस्सग्गे, सव्व–दुक्ख–विमोक्खणे ।
काउस्सग्गं तओ कुज्जा, सव्व–दुक्ख–विमोक्खणं ।।

–उत्त. अ. २६, गा. ४४–४६

**રાત્રિના ચતુર્થ પ્રહરની સમાચારી :**

૧૭૫૯. ચોથા પહોરમાં કાળનું પ્રતિલેખન કરીને અસંયત વ્યક્તિઓને ન જગાડતા સ્વાધ્યાય કરે.

ચોથા પહોરના ચોથા ભાગમાં ગુરુને વંદના કરી કાળનું પ્રતિક્રમણ કરીને કાળનું પ્રતિલેખન કરે.

બધા દુ:ખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગનો સમય થતાં સર્વ દુ:ખોથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

**राईय पडिक्कमण समायारी –**

१७६०. राइयं च अईयारं, चिन्तिज्ज अणुपुव्वसो ।
नाणंमि दंसणंमि, चरित्तंमि तवंमि य ।।

पारिय काउस्सग्गो, वन्दित्ताण तओ गुरुं ।
राइयं तु अईयारं, आलोएज्जा जहक्कमं ।।

पडिक्कमित्तु निस्सल्लो, वन्दित्ताण तओ गुरुं ।
काउस्सग्गं तओ कुज्जा, सव्व–दुक्खविमोक्खणं ।।

किं तवं पडिवज्जामि, एवं तत्थ विचिन्तए ।
काउस्सग्गं तु पारित्ता, करिज्जा जिणसंथवं ।।

पारिय–काउस्सग्गो, वन्दित्ताण तओ गुरुं ।
तवं संपडिवज्जेत्ता, कुज्जा सिद्धाण संथवं ।।

–उत्त. अ. २६, गा. ४७–५१

**રાત્રિ પ્રતિક્રમણ સમાચારી :**

૧૭૬૦. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં લાગેલ, રાત્રિ સંબંધી અતિચારોનું અનુક્રમે ચિંતન કરે.

કાયોત્સર્ગ પૂરો કરી ગુરુને વંદના કરી, ફરી અનુક્રમે રાત્રિ સંબંધી અતિચારોની આલોચના કરે.

પ્રતિક્રમણ કરી, નિ:શલ્ય થઈને ગુરુને વંદના કરે. ત્યાર પછી બધા દુ:ખથી મુક્ત કરનાર કાયોત્સર્ગ કરે.

કાયોત્સર્ગમાં ચિંતન કરે કે "હું આજે કયું તપ સ્વીકારું ?" કાયોત્સર્ગ પૂરો કરી લોગસ્સનો પાઠ કરે.

કાયોત્સર્ગ પૂરો થતાં ગુરુને વંદના કરે. ત્યાર પછી યથોચિત તપનો સ્વીકાર કરી સિદ્ધોની (નમોત્થુણં) સ્તુતિ કરે.

**उवसंहारो–**

१७६१. एसा सामायारी, समासेण वियाहिया ।
जं चरित्ता बहु जीवा, तिण्णा संसार सागरं ।।
–त्ति बेमि ।

– उत्त. अ. २६, गा. ५२

**ઉપસંહાર :**

૧૭૬૧. સંક્ષેપમાં આ સમાચારી કહી છે. એનું આચરણ કરીને ઘણા જીવો સંસાર-સાગર તરી ગયા છે.

– એમ હું કહું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વર્ષાવાસ - સમાચારી - ૨

**वासावासे संपत्ते विहार-णिसेहो-**

१७६२. अब्भुवगते खलु वासावासे अभिपविट्ठे, बहवे पाणा अभिसंभूया, बहवे बीया अहुणुब्भिण्णा, अंतरा से मग्गा बहुपाणा-**जाव**-मक्कडा-संताणगा, अणभिक्कंता, पंथा, णो विण्णाया मग्गा, सेवं णच्चा णो गामाणुगामं दूइज्जेज्जा[1], ततो संजयामेव वासावासं उवल्लिएज्जा ।

*- आ. सु. २, अ. ३. उ. १, सु. ४६४*

**વર્ષાકાળ આવવા પર વિહારનો નિષેધ :**

૧૭૬૨. વર્ષાઋતુ આવી ગઈ હોય અને વર્ષા થવાથી ઘણા જીવ-જંતુઓ ઉત્પન્ન થઈ ગયા હોય, ઘણાં બીજ ઉગી અંકુરિત થઈ ગયા હોય, માર્ગમાં ઘણા પ્રાણી ચાલતા હોય **યાવત્** કરોળિયાનાં જાળાં થઈ ગયા હોય, વર્ષા આવવાથી માર્ગમાં ચાલવું મુશ્કેલ હોય, માર્ગ ઠીક રીતે દેખાતો પણ ન હોય, એવી સ્થિતિ જાણીને સાધુએ એક ગામથી બીજે ગામ વિહાર કરવો ન જોઈએ. પરંતુ યતનાપૂર્વક વર્ષાવાસ (ચાતુર્માસ) વ્યતીત કરે.

**वासावास-अजोग्गं खेत्तं-**

१७६३. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण जाणेज्जा-गामं वा-**जाव**-रायहाणिं वा,

इमंसि खलु गामंसि वा-**जाव**-रायहाणिंसि वा णो महती विहारभूमि, णो महती वियारभूमि ।

णो सुलभे पीढ-फलग-सेज्जा संथारए, णो सुलभे फासुए-ऊंछे अहेसणिज्जे,

बहवे जत्थ समण-माहण-अतिहि-किवण-वणीमगा-उवागता, उवागमिस्संति य, अच्चाइण्णा-वित्ती, णो पण्णस्स णिक्खमण पवेसाए-**जाव**-धम्माणुओग-चिंताए ।

सेवं णच्चा तहप्पगारं गामं वा-**जाव**-रायहाणिं वा णो वासावासं उवल्लिएज्जा ।

*- आ. सु. २, अ. ३, उ. १, सु. ४६५*

**વર્ષાવાસને અયોગ્ય ક્ષેત્ર :**

૧૭૬૩. વર્ષાવાસ કરવા માટે સાધુ અથવા સાધ્વી જે ગામ **યાવત્** રાજધાનીના વિષયમાં એમ જાણે કે -

આ ગામ **યાવત્** રાજધાનીમાં વિશાલ સ્વાધ્યાય ભૂમિ નથી, વિશાલ સ્થંડિલ ભૂમિ પણ નથી.

બાજોઠ, પાટ-પાટલા, શય્યા, સંસ્તારક આદિ સરળતાથી મળી શકતા નથી અથવા પ્રાસુક ઐષણીય આહાર-પાણી સુલભ નથી.

શાકયાદિ અન્યતીર્થી સાધુ, બ્રાહ્મણ, અતિથિ, ભિખારી અને દરિદ્રી આદિ પહેલાંથી જ આવેલ છે. બીજા પણ આવવાના છે. વસ્તી સઘન છે ત્યાં પ્રજ્ઞાવાન્ સાધુ-સાધ્વીની અવરજવર બરોબર નથી **યાવત્** ધર્મચિંતન કરવું શક્ય નથી.

તો આવું જાણી તે ગ્રામ **યાવત્** રાજધાનીમાં વર્ષાવાસ ન કરે.

**वासावासं-जोग्गं खेत्तं-**

१७६४. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण जाणेज्जा-गामं वा-**जाव**-रायहाणिं वा,

इमंसि खलु गामंसि वा-**जाव**-रायहाणिंसि वा महती विहारभूमि, महती वियारभूमि ।

सुलभे जत्थ-पीढ-फलग-सेज्जा-संथारए, सुलभे फासुए ऊंछे अहेसणिज्जे,

णो जत्थ बहवे समण-**जाव**-वणीमगा उवागया उवागमिस्संति य, अप्पाइण्णा-वित्ती, पण्णस्स

**વર્ષાવાસ યોગ્ય ક્ષેત્ર :**

૧૭૬૪. વર્ષાવાસ કરનાર સાધુ કે સાધ્વી ગ્રામ **યાવત્** રાજધાનીનાં સંબંધમાં એમ જાણે કે-

આ ગ્રામ **યાવત્** રાજધાનીમાં વિશાલ સ્વાધ્યાય ભૂમિ છે, વિશાલ સ્થંડિલ ભૂમિ છે.

પાટ, પાટલા, શય્યા અને સંસ્તારક સુલભ છે, પ્રાસુક ઐષણીક આહાર-પાણી પણ સુલભ છે.

જ્યાં અન્યતીર્થી શ્રમણ **યાવત્** ભિખારી ઘણા આવ્યા નથી અને આવવાના પણ નથી. જ્યાં વસ્તી સઘન નથી.

---

१. नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा वासावासासु चारए । - कप्प. उ. १, सु. ३७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णिक्खमण पवेसाए-**जाव**-धम्माणुओग-चिंताए ।

सेवं णच्चा तहप्पगारं गामं वा-**जाव**-रायहाणिं वा ततो संजयामेव वासावासं उवल्लिएज्जा ।

-*आ. सु. २, अ. ३, उ. १, सु. ४६६*

ત્યાં પ્રજ્ઞાવાન સાધુ કે સાધ્વીને અવરજવર કરવાનું સુલભ છે **યાવત્** ધર્મચિન્તન કરવાનું શક્ય છે.

એવું જાણી એવા ગ્રામ **યાવત્** રાજધાનીમાં યતનાપૂર્વક વર્ષાવાસ કરવો જોઈએ.

**वासावासाणंतर-विहार-अज्जोग्गं कालं-**

१७६५. अह पुणेवं जाणेज्जा-चत्तारि मासा वासा-वासाणं वीतिक्कंता, हेमंताण य पंच-दस-रायकप्पे परिवुसिते, अंतरा से मग्गा बहुपाणा-**जाव**-संताणगा, णो जत्थ बहवे समण-**जाव**-वणीमगा उवागया उवागमिस्संति य । सेवं णच्चा णो गामाणुगामं दूइज्जेज्जा ।

-*आ. सु. २, अ. ३, उ. १, सु. ४६७*

**વર્ષાવાસ પછી વિહારનો અયોગ્ય કાળ :**

૧૭૬૫. જો સાધુ કે સાધ્વી એમ જાણે કે - વર્ષાવાસના ચાર માસ વ્યતીત થઈ ચૂક્યા છે, અને હેમંતના પણ પાંચ કે દસ દિવસ વ્યતીત થઈ ગયા છે પરંતુ માર્ગ ઈંડા **યાવત્** કરોળિયાનાં જાળાથી યુક્ત થઈ ગયો હશે. ઘણા શ્રમણ **યાવત્** વણીમક આદિ તે માર્ગથી આવ્યા ન હોય અને આવવાનાં પણ ન હોય તો એવું જાણી ગ્રામાનુગ્રામ વિહાર ન કરે.

**वासावासाणंतर विहार जोग्गं कालं-**

१७६६. अह पुणेवं जाणेज्जा-चत्तारि मासा वासावासाणं वीतिक्कंता, हेमंताण य पंच-दस-रायकप्पे परिवुसिते, अंतरा से मग्गा अप्पंडा-**जाव**-संताणगा, बहवे, जत्थ समण-**जाव**-वणीमगा उवागया उवागमिस्संति य । सेवं णच्चा ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-*आ. सु. २, अ. ३, उ. १, सु. ४६८*

**વર્ષાવાસ પછી વિહારનો યોગ્ય કાળ :**

૧૭૬૬. જો સાધુ કે સાધ્વી એમ જાણે કે- વર્ષાવાસના ચારે માસ વ્યતીત થઈ ગયા છે અને હેમંતના પાંચ કે દસ દિવસ વ્યતીત થઈ ગયા છે, માર્ગમાં ઈંડા **યાવત્** કરોળિયાનાં જાળાં નથી. ઘણા શ્રમણ **યાવત્** ભિખારીઓની પણ તે માર્ગોમાં અવર જવર થઈ ગઈ છે અને આવનાર-જનાર પણ છે. તો એવું જાણી સાધુ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરી શકે છે.

**वासावासावग्गह खेत्तप्पमाणं-**

१७६७. वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा सव्वओ समंता सक्कोसं जोयणं[1] उग्गहं ओगिण्हित्ताणं चिट्ठिउं, अहालंदमवि उग्गहे ।

-*दसा. द. ८, सु. ८*

**વર્ષાવાસનાં અવગ્રહ ક્ષેત્રનું પ્રમાણ :**

૧૭૬૭. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથિઓને ચારે દિશાઓમાં તથા વિદિશાઓમાં એક કોશ સહિત એક યોજન ક્ષેત્રનું સ્થાન (અવગ્રહ) ગ્રહણ કરીને રહેવું કલ્પે છે. તે અવગ્રહની બહાર 'યથાલંદ કાળ' પણ રહેવું કલ્પતું નથી.

**वासावासे विहार करण विहि णिसेहो-**

१७६८. णो कप्पइ निग्गंथाण वा, णिग्गंथीण वा पढमपाउसंसि गामाणुगामं दूइज्जित्तए ।

पंचहिं ठाणेहिं कप्पइ, तं जहा-

(१) भयंसि वा,

(२) दुब्भिक्खंसि वा,

**વર્ષાવાસમાં વિહાર કરવાનો વિધિ-નિષેધ :**

૧૭૬૮. નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓને પ્રથમ પ્રાવૃટ્ (ચોમાસા) માં ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પતો નથી.

પરંતુ પાંચ કારણોથી વિહાર કરવો કલ્પે છે. જેમ કે -

(૧) શરીર કે ઉપકરણ આદિના અપહરણનો ભય હોવાથી,

(૨) દુર્ભિક્ષ થવાથી,

---

૧. ચાતુર્માસમાં ૧૫ કિલોમીટર સુધી જવું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) पव्वहेज्ज वा णं कोई,

(४) दओघंसि वा एज्जमाणंसि,

(५) महता वा अणारिएहिं (उवद्दवमाणेहिं) ।

वासावासं पज्जोसवियाणं णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा गामाणुगामं दूइज्जित्तए ।

पंचहिं ठाणेहिं कप्पइ, तं जहा–

(१) णाणट्ठयाए,

(२) दंसणट्ठयाए,

(३) चरित्तट्ठयाए,

(४) आयरिए उवज्झाया वा से वीसुंभेज्जा,

(५) आयरिय–उवज्झायाण वा बहिया वेयावच्चं-करणयाए ।

–ठाणं. अ. ५, उ. २, सु. ४१३

(૩) કોઈના દ્વારા વ્યથા પહોંચાડવાથી - (અથવા ગ્રામમાંથી કાઢી મૂકવાથી)

(૪) પૂર આવવાથી,

(૫) અનાર્યો દ્વારા વિશેષ ઉપદ્રવ કરવાથી.

વર્ષાવાસમાં પર્યુષણ થયા પછી નિર્ગ્રંથ અને નિર્ગ્રન્થિઓને ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પતો નથી.

પરંતુ પાંચ કારણોથી વિહાર કરવો કલ્પે છે, જેમકે -

(૧) વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ માટે,

(૨) દર્શન-પ્રભાવક શાસ્ત્રનો અર્થ મેળવવા માટે,

(૩) ચારિત્રની રક્ષા નિમિત્તે,

(૪) આચાર્ય કે ઉપાધ્યાય કાળધર્મ પામી જાય તો,

(૫) બહારના કોઈ ક્ષેત્રમાં રહેલા આચાર્ય અથવા ઉપાધ્યાયની વૈયાવૃત્ય (સેવા) કરવા માટે. (વિહાર કરવો કલ્પે છે)

**वासावासे गिलाणट्ठ गमण खेत्तप्पमाणं–**

१७६९. वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा गिलाणहेउं–**जाव**–चत्तारि पंच जोयणाइं गंतुं पडिनियत्तए ।

अंतरा वि से कप्पइ वत्थए,

नो से कप्पइ तं रयणिं तत्थेव उवायणावित्तए ।

–दसा. द. ८, सु. ७५

**વર્ષાવાસમાં ગ્લાન હેતુ જવા માટે ક્ષેત્ર પ્રમાણ :**

૧૭૬૯. વર્ષાવાસમાં રહેલા નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓને ગ્લાન (રોગી) ના માટે ચાર પાંચ યોજન સુધી જઈને પાછું આવવું કલ્પે છે.

માર્ગમાં રાત્રે પણ રહેવું કલ્પે છે.

પરંતુ જ્યાં જાય ત્યાં રાત રહેવું કલ્પતું નથી.

**पढम–बितीयपाउसंमि विहार करण पायच्छित्त सुत्ताइं–**

१७७०. जे भिक्खू पढम[1]–पाउसम्मि गामाणुगामं दूइज्जइ, दूइज्जंतं वा साइज्जइ ।

जे भिक्खू वासावासंसि पज्जोसवियंसि दूइज्जइ, दूइज्जंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. १०, सु. ४०–४१

**પહેલા-બીજ પ્રાવૃટ્માં વિહાર કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૭૭૦. જે ભિક્ષુ પ્રથમ વર્ષાવાસ (સંવત્સરી પૂર્વે) માં ગ્રામનુગ્રામ વિહાર કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વર્ષાવાસ હોવા છતાં (સંવત્સરી પછી) વિહાર કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

૧. બૃહત્કલ્પ ઉદ્દે. ૧, સુ. ૩૫ની નિર્યુક્તિ ગા. ૨૭૩૪માં વર્ષાવાસ બે પ્રકારનાં કહેલ છે. (૧) પ્રાવૃટ્ અને (૨) વર્ષારાત્ર.
શ્રાવણ અને ભાદ્રપદ માસ "પ્રાવૃટ્" આશ્વિન અને કાર્તક માસ "વર્ષારાત્ર" કહેવામાં આવે છે. નિશીથ ચૂર્ણિ ભાગ ૩, પૃ. ૭૭૪માં પણ એવું કહેલ છે.
ઠાણાં અ. ૫, ઉ, ૨, સુ. ૪૧૩ની ટીકા પૃ. ૩૦૮માં વર્ષાકાલનાં ચાર માસ પ્રાવૃટ્ કહેલ છે. અથવા પ્રાવૃટ્નાં બે ભાગ કરેલ છે. પ્રથમ પ્રાવૃટ્ પચાસ દિવસનાં બીજા પ્રાવૃટ્ સિત્તેર દિવસનાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વર્ષાવાસ આહાર સમાચારી – ૩

**सव्वत्थ आयरियाईणं आणाए गमणं अणाणाए अमगणं–**

१७७१. वासावासं पज्जोसविए भिक्खू इच्छिज्जा गाहावइकुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा । नो से कप्पइ अणापुच्छित्ता,

(१) आयरियं वा, (२) उवज्झायं वा, (३) थेरं वा, (४) पवत्तयं वा, (५) गणिं वा, (६) गणहरं वा, (७) गणावच्छेअयं वा, जं च वा पुरओ काउं विहरइ ।

कप्पइ से आपुच्छिउं–आयरियं वा–**जाव**–गणावच्छेअयं वा, जं च वा पुरओ काउं विहरइ–

"इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे गाहावइकुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा ?"

ते य से वियरेज्जा, एवं से कप्पइ गाहावइकुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा ।

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ गाहावइ–कुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा ।

**प.** से किमाहु भंते !

**उ.** आयरिया पच्चवायं जाणंति ।

एवं विहारभूमिं वा, वियारभूमिं वा, अन्नं वा किंचि पओअणं,

एवं गामाणुगामं दूइज्जित्तए ।

–*दसा.* द. ८, सु. ५१–६१

**સર્વત્ર આચાર્યાદિની આજ્ઞાથી જવું, વગર આજ્ઞાએ જવું નહિ.**

૧૭૭૧. વર્ષાવાસમાં રહેતા ભિક્ષુ ગૃહસ્થોના ઘરોમાં આહાર પાણી માટે નિષ્ક્રમણ અને પ્રવેશ કરવા ઈચ્છે તો -

(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) સ્થવિર, (૪) પ્રવર્તક, (૫) ગણિ, (૬) ગણધર અથવા (૭) ગણાવચ્છેદક અથવા જેને અગ્રણી માનીને વિચરતા હોય તો તેને પૂછયા વગર આવવું - જવું કલ્પતું નથી.

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક અથવા જેને અગ્રણી માનીને વિચરતા હોય તો તેને જ પૂછીને આવવું-જવું કલ્પે છે.

(આજ્ઞા લેવા માટે ભિક્ષુ આ પ્રમાણે કહે -)

"હે ભંતે ! આપની આજ્ઞા મળવાથી ગૃહસ્થોના ઘરોમાં આહાર-પાણી લેવા માટે નિષ્ક્રમણ પ્રવેશ કરવા ચાહુ છું."

જો આચાર્યાદિ આજ્ઞા આપે તો ગૃહસ્થોના ઘરોમાં આહાર-પાણી માટે નિષ્ક્રમણ-પ્રવેશ કરવો કલ્પે છે.

જો આચાર્યાદિ આજ્ઞા ન આપે તો ગૃહસ્થોનાં ઘરોમાં આહાર-પાણી માટે નિષ્ક્રમણ પ્રવેશ કરવો કલ્પતો નથી.

**પ્ર.** હે ભંતે ! એવું શા માટે કહ્યું ?

**ઉ.** આચાર્યાદિ આવનાર વિઘ્નને જાણે છે.

આ પ્રમાણે સ્વાધ્યાય ભૂમિ અને શૌચભૂમિ કે અન્ય પણ કોઈ પ્રયોજન માટે આચાર્યાદિની આજ્ઞા લઈને જ આવવું-જવું કલ્પે છે.

આ પ્રમાણે ગ્રામાનુગ્રામ જવા માટે આચાર્યાદિની આજ્ઞા લઈને આવવું-જવું કલ્પે છે.

**भिक्खायरियाए गमण जोगग खेत्तं–**

१७७२. वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा सव्वओ समंता सकोसं जोयणं भिक्खायरियाए गंतुं पडिनियत्तए ।

–*दसा.* द. ८, सु. ९

**ભિક્ષાચર્યા માટે જવા યોગ્ય ક્ષેત્ર :**

૧૭૭૨. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓને એક કોશ સહિત એક યોજન ક્ષેત્રમાં ચારે બાજુ ભિક્ષાચર્યા માટે જવું અને આવવું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भिक्खारिया दिसंकहित्ता भिक्खट्ठागमण विहाणं–**

१७७३. वासावासं पज्जोसवियाणं निग्गंथाण वा, निग्गंथीण वा कप्पइ अण्णयरिं दिसं वा अणुदिसं वा अवगिज्झिय भत्तपाणं गवेसित्तए ।

**प.** से किमाहु भंते !

**उ.** उस्सण्णं समणा भगवंतो वासासु तवसंपउत्ता भवंति ।

तवस्सी दुब्बले किलंते मुच्छिज्ज वा, पवडिज्ज वा, तमेव दिसं वा अणुदिसं वा समणा भगवंतो पडिजागरंति ।

–दसा. द. ८, सु. ७४

**ભિક્ષાચર્યાની દિશા કહીને ભિક્ષાર્થ જવાનું વિધાન :**

૧૭૭૩. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ - નિર્ગ્રંથિઓને કોઈ એક દિશા કે વિદિશાનો નિશ્ચય કરીને આહાર પાણીની ગવેષણા કરવી કલ્પે છે.

**પ્ર.** ભંતે ! તમે આવું શા માટે કહ્યું ?

**ઉ.** વર્ષાકાળમાં શ્રમણ ભગવંતો પ્રાયઃ તપશ્ચર્યા કરતા રહે છે.

માટે તે તપસ્વી દુર્બલ, કલાન્ત, મૂર્ચ્છિત થઈ જાય અથવા પડી જાય તો સાથે રહેલ શ્રમણ ભગવંત તે દિશામાં તેની શોધ કરી શકે છે.

**णिच्चभत्तियस्स गोअरकाल विहाणं–**

१७७४. वासावासं पज्जोसवियस्स निच्चभत्तियस्स भिक्खुस्स कप्पइ एगं गोअरकालं गाहावइकुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा ।

नऽन्नत्थ आयरिय–वेयावच्चेण वा, उवज्झाय–वेयावच्चेण वा, तवस्सि–वेयावच्चेण वा, गिलाण–वेयावच्चेण वा, खुड्डएण वा अवंजण–जाणएणं ।

–दसा. द. ८, सु. १९–२४

**નિત્યભોજીને ગોચરી જવાનું વિધાન :**

૧૭૭૪. વર્ષાવાસમાં રહેલ હંમેશા આહાર કરનાર ભિક્ષુ માટે એક ગોચર કાળનું વિધાન છે અને તેને ગૃહસ્થોના ઘરોમાં ભક્તપાન માટે એક વાર નિષ્ક્રમણ-પ્રવેશ કરવો કલ્પે છે.

પરંતુ આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, ગ્લાનની વૈયાવૃત્ય કરનાર તથા અપ્રાપ્ત યૌવનવાળા નાના શિષ્યોને છોડીને (અર્થાત્ તેને અનેકવાર જવું કલ્પે છે.)

**णिच्चभत्तियस्स सव्वपाणग–गहण–विहाणं–**

१७७५. वासावासं पज्जोसवियस्स निच्चभत्तियस्स भिक्खुस्स कप्पंति सव्वाइं पाणगाइं पडिगाहित्तए ।

–दसा. द. ८, सु. २९

**નિત્યભોજી માટે સર્વ પેય ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૭૫. વર્ષાવાસમાં રહેલ નિત્યભોજી ભિક્ષુ માટે બધા પ્રકારનું અચિત્ત પાણી ગ્રહણ કરવું કલ્પે છે.

**सड्ढीकुलेसु अदिट्ठ जायणा णिसेहो–**

१७७६. वासावासं पज्जोसवियाणं अत्थि णं थेराणं तहप्पगाराइं कुलाइं कडाइं पत्तिआइं थिज्जाइं वेसासियाइं संमयाइं बहुमयाइं अणुमयाइं भवंति ।

तत्थ से नो कप्पइ अदक्खु वइत्तए "अत्थि ते आउसो ! इमं वा, इमं वा"

**प.** से किमाहु भंते !

**उ.** सड्ढी गिही गिण्हइ, तेणियं पि कुज्जा ।

–दसा. द. ८, सु. १८

**શ્રદ્ધાવાન્ ઘરોમાં અદષ્ટ પદાર્થ માંગવાનો નિષેધ :**

૧૭૭૬. વર્ષાવાસમાં રહેનાર સાધુ-સાધ્વી આ પ્રકારનાં કુળોને જાણે-જેને સ્થવિરોએ પ્રતિબોધિત કર્યાં છે, જે પ્રીતિવાળા છે, દાન આપવામાં ઉદાર છે, વિશ્વસ્ત છે. જેમાં સાધુઓને દાન આપવા માટે નોકરોને પણ સ્વામી દ્વારા અનુમતિ આપવામાં આવી હોય છે.

આવા કુળોમાં અદષ્ટ વસ્તુ માટે "હે આયુષ્મન્ ! તમારે ત્યાં આ વસ્તુ છે, તે વસ્તુ છે ?" એવું પૂછવું કલ્પતું નથી.

**પ્ર.** ભંતે ! એવું શા માટે કહ્યું ?

**ઉ.** શ્રદ્ધાળુ ગૃહસ્વામી માંગેલી વસ્તુને ખરીદીને લાવશે કે ચોરીને લાવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आयरिय आणाणुसारेण भत्त-पाणगहणं दाणं च-**

१७७७. वासावासं पज्जोसवियाणं अत्थेगइयाणं एवं वुत्तपुव्वं भवइ- "दावे भंते !" एवं से कप्पइ दावित्तए, नो से कप्पइ पडिगाहित्तए ।

वासावासं पज्जोसवियाणं अत्थेगइयाणं एवं वुत्तपुव्वं भवइ - "पडिगाहेहि भंते !" एवं से कप्पइ पडिगाहित्तए, नो से कप्पइ दावित्तए ।

वासावासं पज्जोसवियाणं अत्थेगइयाणं एवं वुत्तपुव्वं भवइ-"दावे भंते ! पडिगाहेहि भंते !" एवं से कप्पइ दावित्तए वि, पडिगाहित्तए वि ।

वासावासं पज्जोसवियाणं अत्थेगइयाणं एवं वुत्तपुव्वं भवइ- "नो दावे भंते ! नो पडिगाहेहि भंते !" एवं से कप्पइ नो दावित्तए, नो पडिगाहित्तए ।

*दसा.* द. ८, सु. १२-१५

**આચાર્યની આજ્ઞાનુસાર ભક્ત-પાન ગ્રહણ કરવું અને આપવું.**

૧૭૭૭. વર્ષાવાસમાં રહેલ સાધુઓમાંથી કોઈ સાધુને આચાર્ય આ પ્રમાણે કહે કે - 'હે ભંતે ! આજ તમે ગ્લાન સાધુ માટે આહાર લાવીને આપો !' તો લાવીને આપવું તેને કલ્પે છે. પરંતુ પોતે બીજા પાસેથી ગ્રહણ કરવું કલ્પતું નથી.

વર્ષાવાસમાં રહેલ સાધુઓમાંથી કોઈ સાધુને આચાર્ય આ પ્રમાણે કહે કે "હે ભંતે ! આજે તમે બીજા પાસેથી આહાર ગ્રહણ કરો" તો પોતે ગ્રહણ કરવું કલ્પે છે, પરંતુ બીજાને આપવું કલ્પતું નથી.

વર્ષાવાસમાં રહેલ સાધુઓમાંથી કોઈ સાધુને આચાર્ય આ પ્રમાણે કહે કે- "હે ભંતે ! તમે આજે ગ્લાન સાધુને આહાર લાવીને આપો અને ભંતે ! તમે બીજા પાસેથી ગ્રહણ પણ કરી લો." તો લાવીને આપવું અને પોતે ગ્રહણ કરવું પણ કલ્પે છે.

વર્ષાવાસમાં રહેલ સાધુઓમાંથી કોઈ સાધુને આચાર્ય આ પ્રમાણે કહે કે- "હે ભંતે ! આજે તમે ગ્લાન સાધુને આહાર લાવીને ન આપો. અને તમે પણ સ્વયં આહાર ગ્રહણ ન કરો." તો આપવું પણ કલ્પતું નથી અને પોતે પણ ગ્રહણ કરવું કલ્પતું નથી.

**गिलाणं पुच्छित्ता एवं भत्तपाण गहण विहाणं-**

१७७८. वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अपरिण्णएणं अपरिण्णयस्स अट्ठाए असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा, पडिगाहित्तए ।

**प.** से किमाहु भंते ?

**उ.** इच्छा परो अपरिण्णए भुंजिज्जा, इच्छा परो न भुंजिज्जा ।

-*दसा.* द. ८, सु. ४८

**ગ્લાનને પૂછીને જ આહાર પાણી લાવવાનું વિધાન :**

૧૭૭૮. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓને ગ્લાન ભિક્ષુની સૂચના વગર કે તેને પૂછ્યા વિના અશન, પાન, ખાદ્ય કે સ્વાદ્ય ગ્રહણ કરવું કલ્પતુ નથી.

**પ્ર.** ભંતે ! એવું શા માટે કહ્યું ?

**ઉ.** ગ્લાનની ઈચ્છા હોય તો તે અપરિજ્ઞપ્ત (વગર મંગાવેલ) આહાર લે, ઈચ્છા ન હોય તો ન લે.

**विगइ गहण णिसेहो-**

१७७९. वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा हट्ठाणं आरोग्गाणं बलिय - सरीराणं अण्णयरीओ विगईओ आहारित्तए ।

-*दसा.* द. ८, सु. १६

**વિકૃતિ ગ્રહણ નિષેધ :**

૧૭૭૯. વર્ષાવાસમાં રહેલ હૃષ્ટ-પૃષ્ટ, નિરોગી તેમજ સશક્ત શરીરવાળા નિર્ગ્રંથ - નિર્ગ્રંથિઓને કોઈપણ વિકૃતિઓનો આહાર કરવો કલ્પતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आयरिहेहिं पुच्छित्ता एवं विगइं गहण विहाणं–**

१७८०. वासावासं पज्जोसविए भिक्खू इच्छिज्जा अण्णयरिं विगइं आहारित्तए[१] ।

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा–**जाव**–गणावच्छेययं वा जं च वा पुरओ काउं विहरइ ।

कप्पइ से आपुच्छित्ता आयरियं वा–**जाव**–गणावच्छेययं वा, जं वा पुरओ काउं विहरइ,

"इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे अन्नयरिं विगइं आहारित्तए, तं एवइयं वा, एवइखुत्तो वा ।"

ते य से वियरेज्जा, एवं से कप्पइ अण्णयरिं विगइं आहारित्तए ।

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अण्णयरिं विगइं आहारित्तए ।

प. से किमाहु भंते !

उ. आयरिआ पच्चवायं जाणंति ।

–दसा. द. ८, सु. ६२

**आचार्यने पूछीने ज विकृति ग्रहण करवानुं विधान :**

१७८०. वर्षावासमां रहेल भिक्षु कोई विगयनो आहार करवा चाहे तो -

आचार्य **यावत्** गणावच्छेदक अथवा जेने वडिल मानीने विचरण करी रह्या होय तेने पूछ्या वगर लेवुं कल्पतुं नथी.

परंतु आचार्य **यावत्** गणावच्छेदक अथवा जेने ते वडिल मानी रह्या छे तेने पूछीने लेवुं कल्पे छे.

(आज्ञा लेवा माटे भिक्षु आ प्रमाणे कहे-)

"हे भंते ! आपनी आज्ञा होय तो कोई विगयनो आहार करवा चाहु छुं. ते पण आटली मात्रामां अने आटली वार."

जो ते आज्ञा आपे तो कोई पण विगयनो आहार करवो कल्पे छे.

जो ते आज्ञा न आपे तो कोईपण विगयनो आहार करवो कल्पतो नथी.

प्र. भंते ! आवुं कहेवानुं शुं कारण छे ?

उ. आचार्यादि आवनार विघ्नने जाणे छे.

**गिलाणट्ठा विगइ गहण विहाणं–**

१७८१. वासावासं पज्जोसवियाणं एवं वुत्तपुव्वं भवइ–

'अट्ठो भंते ! गिलाणस्स'

से य वइज्जा – "अट्ठो"

से य पुच्छियव्वे – "केवइएणं अट्ठो ?"

से य वएज्जा – "एवइएणं अट्ठो गिलाणस्स"

जं से पमाणं वयइ, से य पमाणओ घित्तव्वे ।

से य विन्नवेज्जा, से य विन्नवेमाणे लभेज्जा,

से य पमाणपत्ते होउ "अलाहिं" इय वत्तव्वं सिया ।

से किमाहु भंते !

**ग्लान माटे विकृति ग्रहण करवानुं विधान :**

१७८१. वर्षावासमां रहेल निर्ग्रंथोमांथी वैयावृत्य करनार निर्ग्रंथ आचार्यने पूछे के -

"हे भंते ! आज कोई ग्लान माटे पथ्यनी आवश्यकता छे ?"

आचार्य कहे - "हा, आवश्यकता छे."

निर्ग्रंथ पूछे "केटली मात्रामां आवश्यक छे?"

आचार्य कहे - "आटली मात्रामां ग्लान माटे आवश्यक छे." आ प्रमाणे ते जेटलुं प्रमाण कहे ते प्रमाणे लाववुं जोईए.

वैयावृत्य करनार निर्ग्रंथ गृहस्थना घरे जईने पथ्यनी याचना करे तथा आवश्यकतानुसार प्राप्त थवाथी "बसपर्याप्त छे." आ प्रमाणे कहे -

गृहस्थ जो कहे "हे भंते ! आप आवुं शा माटे कहो छो ?"

---

१. (क) तरुण अवस्थामां विकृति ग्रहणनो निषेध छे परंतु ग्लान (रुग्ण) अवस्थामां गुरु आदिनी आज्ञा लईने विगय ग्रहण करवानुं कल्पे छे.
(ख) उत्त. अ. १७, गा. १५मां विगय सेवन करवावाळाने 'पापी श्रमण' कह्यो छे.
(ग) विकृतिनां नव प्रकार - ठाणं अ. ९, सु. ६७४मां बताव्या छे.
(घ) ठाणं अ. ४, उ.१, सु. २७४ मां चार महाविगयनुं कथन छे.
(ङ) विकृति भक्षणनुं प्रायश्चित्त नि.उ.४, सु. २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवइएणं अट्ठो गिलाणस्स,

ત્યારે નિર્ગ્રંથ આ પ્રમાણે કહે "ગ્લાન સાધુને માટે આટલું જ પર્યાપ્ત છે."

सिया णं एवं वयंतं परो वइज्जा –

"पडिगाहेइ अज्जो !

पच्छा तुमं भोक्खसि वा, पाहिसि वा ।"

આ પ્રમાણે કહેવા છતાં પણ જો ગૃહસ્થ કહે કે -

"હે આર્ય ! હજી પણ ગ્રહણ કરો. ગ્લાનનાં ઉપયોગમાં આવ્યા પછી તમે પણ ખાઈ લે જો કે પી લેજો."

एवं से कप्पइ पडिगाहित्तए,

ગૃહસ્થ દ્વારા આ પ્રમાણે કહેવાથી વધારે પથ્ય લેવું કલ્પે છે.

नो से कप्पइ गिलाणनीसाए पडिगाहित्तए ।

–दसा. द. ८, सु. १७

પરંતુ ગ્લાન નિમિત્તે વધારે ગ્રહણ કરવું કલ્પતું નથી.

**वुट्ठिकाए णिवडिए पुव्वगहिय भत्त–पाणभक्खण–विहि–**

१७८२. वासावासं पज्जोसवियस्स निग्गंथस्स वा, निग्गंथीए वा, गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय–निगिज्झिय वुट्ठिकाए निवइज्जा, कप्पइ से अहे आरामंसि वा, अहे उवस्सयंसि वा, अहे वियडगिहंसि वा, अहे रुक्खमूलंसि वा, उवागच्छित्तए[1] नो से कप्पइ पुव्वगहिएणं भत्त–पाणेणं वेलं उवायणावित्तए ।

कप्पइ से पुव्वामेव वियडगं भुच्चा, पिच्चा पडिग्गहगं संलिहिय–संलिहिय संपमज्जिय–संपमज्जिय एगाययं भंडगं कट्टु सावसेसे सूरे जेणेव उवस्सए तेणेव उवागच्छित्तए । नो से कप्पइ तं रयणिं तत्थेव उवायणावित्तए ।

–दसा. द. ८, सु. ४४

**વરસાદ પડવાથી પૂર્વ-ગૃહીત ભક્ત-પાનનાં ઉપયોગની વિધિ :**

૧૭૮૨. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ - નિર્ગ્રંથિઓ ગૃહસ્થોનાં ઘરોમાં આહાર માટે ગયેલ હોય અને તે સમયે થોડો-થોડો વરસાદ આવવા લાગે તો તેને આરામ ગૃહ, ઉપાશ્રય, વિકટ (ચારે બાજુથી ખુલ્લા ગૃહ) અને વૃક્ષની નીચે આવીને ઊભા રહેવું કલ્પે છે. પરંતુ પૂર્વ- ગૃહીત ભક્તપાનથી ભોજનવેળાનું અતિક્રમણ કરવું કલ્પતું નથી.

(અર્થાત્ સૂર્યાસ્ત પૂર્વ) નિર્દોષ આહાર ખાઈપીને પાત્રોને લુછીને સાફ કરીને એકત્રિત કરે તથા સૂર્યાસ્ત પહેલાં જ્યાં ઉપાશ્રય હોય ત્યાં આવી જાય. પરંતુ ત્યાં (અન્યત્ર) રાત રહેવું કલ્પતું નથી.

**वुट्ठिकाए णिवडिए निग्गंथ–णिग्गंथीणं एगयओ चिट्ठण विही–**

१७८३. वासावासं पज्जोसवियस्स निग्गंथस्स वा, निग्गंथीए वा गाहावइकुलं पिंडवाय–पडियाए अणुपविट्ठस्स निगिज्झय–निगिज्झय वुट्ठिकाए निवइज्जइ, कप्पइ से अहे आरामंसि वा, अहे उवस्सयंसि वा, अहे वियड–गिहंसि वा, अहे रुक्खमूलंसि वा उवागच्छित्तए ।

१. तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स, एगाए य निग्गंथीए एगयओ चिट्ठित्तए ।

२. तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स दुण्हं निग्गंथीणं एगयओ चिट्ठित्तए ।

**વરસાદ પડવાથી એક સ્થાનમાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિઓને રહેવાની વિધિ :**

૧૭૮૩. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓ ગૃહસ્થોના ઘરોમાં આહાર માટે ગયેલ હોય અને તે સમય થોડી-થોડી વર્ષા આવવા લાગે તો તેમને આરામ-ગૃહ, ઉપાશ્રય, વિકટગૃહ કે વૃક્ષની નીચે આવીને રહેવું કલ્પે છે.

(૧) પરંતુ ત્યાં એકલા નિર્ગ્રંથને એકલી નિર્ગ્રન્થીની સાથે રહેવું કલ્પતું નથી.

(૨) એકલા નિર્ગ્રંથને બે નિર્ગન્થિઓની સાથે રહેવું કલ્પતું નથી.

१. दसा. द. ८, सु. ४०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तत्थ नो कप्पइ दुण्हं निग्गंथाणं एगाए य निग्गंथीए एगयओ चिट्ठित्तए ।

४. तत्थ नो कप्पइ दुण्हं निग्गंथाणं, दुण्हं निग्गथीण य एगयओ चिट्ठित्तए ।

अत्थि य इत्थ केइ पंचमे खुड्डए खुड्डीया वा अन्नेसिं वा संलोए सपडिदुवारे, एवं णं कप्पइ एगयओ चिट्ठित्तए ।

वासावासं पज्जोसवियस्स निग्गंथस्स गाहावइकुलं पिंडवाय पडियाए अणुपविट्ठस्स निगिज्झय–निगिज्झय वुट्ठिकाए निवइज्जा, कप्पइ से अहे आरामंसि वा, अहे उवस्सयंसि वा, अहे वियडगिहंसि वा, अहे रुक्खमूलंसि वा उवागच्छित्तए ।

तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स एगाए य आगारीए एगयओ चिट्ठित्तए ।

**एवं चत्तारि भंगा भाणियव्वा ।**

अत्थि या इत्थ केइ पंचमए थेरे वा, थेरियाइ वा, अन्नेसिं वा संलोए सपडिदुवारे, एवं णं कप्पइ एगयओ चिट्ठित्तए ।

**एवं चेव निग्गंथीए अगारस्स य चत्तारि भंगा भाणियव्वा ।**

–दसा. द. ८, सु. ४५–४७

(૩) બે નિર્ગ્રંથોને એકલી નિર્ગ્રંથિની સાથે રહેવું કલ્પતું નથી.

(૪) બે નિર્ગ્રંથોને બે નિર્ગ્રંથિઓની સાથે રહેવું કલ્પતું નથી.

જો ત્યાં પાંચમી વ્યક્તિ બાળક કે બાલિકા કોઈ પણ હોય અથવા તે સ્થાન આવનાર જનારને સ્પષ્ટ દેખાતું હોય તો તે સ્થાન પર એક સાથે રહેવું કલ્પે છે.

વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ ગૃહસ્થોના ઘરોમાં આહાર માટે ગયા હોય અને તે સમય થોડી-થોડી વર્ષા આવવા લાગે તો તેને આરામગૃહ, ઉપાશ્રય, વિકટગૃહમાં કે વૃક્ષની નીચે આવીને રહેવું કલ્પે છે.

પરંતુ ત્યાં એકલા નિર્ગ્રંથને એકલી સ્ત્રીની સાથે રહેવું કલ્પતું નથી.

**આ પ્રમાણે અર્થાત્ ઉપર પ્રમાણે ચાર ભંગ કહેવા જોઈએ.**

જો ત્યાં પાંચમો વ્યક્તિ સ્થવિર પુરુષ કે સ્થવિર સ્ત્રી હોય અથવા તે સ્થાન આવનાર જનારને સ્પષ્ટ દેખાતું હોય તો તે સ્થાન પર એક સાથે રહેવું કલ્પે છે.

**આ પ્રમાણે નિર્ગ્રંથી અને ગૃહસ્થ પુરુષના ચાર ભંગ કહેવા જોઈએ.**

## उदउल्लकाएण आहार–णिसेहो–

१७८४. वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा उदउल्लेण वा, ससिणिद्धेण वा काएणं असणं वा–**जाव**–साइमं वा आहारित्तए ।

प. से किमाहु भंते ?

उ. सत्त सिणेहाययणा पण्णत्ता, तं जहा–

१. पाणी, २. पाणिलेहा,
३. नहा, ४. नहसिहा,
५. भमुहा, ६. अहरोट्ठा,
७. उत्तरोट्ठा ।

अह पुण एवं जाणिज्जा–विगओदगे मे काए छिन्नसिणेहे, एवं से कप्पइ असणं वा–**जाव**–साइमं वा आहारित्तए । –दसा. द. ८, सु. ४१

## ભીનું શરીર હોય ત્યાં સુધી આહાર કરવાનો નિષેધ :

૧૭૮૪. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ અને નિર્ગ્રન્થિઓને વર્ષાના પાણીથી પોતાનું શરીર ભીનું હોય કે વર્ષાનું પાણી પોતાના શરીરથી ટપકતું હોય તો અશન **યાવત્** સ્વાદ્ય આહાર કરવો કલ્પતો નથી.

પ્ર. ભંતે ! એવું શા માટે કહેવામાં આવ્યું છે ?

ઉ. શરીર પર પાણી રહેવાના સાત સ્થાન કહ્યાં છે, જેમ કે -

૧. હાથ અને, ૨. હાથની રેખાઓ,
૩. નખ અને, ૪. નખનો અગ્રભાગ,
૫. ભ્રમર, ૬. દાઢી અને
૭. મૂછ.

કદાચ જો તે એવું જાણે કે મારા શરીર પરથી વર્ષાનું પાણી ઊતરી ગયું છે અથવા વર્ષાનું પાણી સૂકાઈ ગયું છે તો તેને અશન **યાવત્** સ્વાદ્ય આહાર કરવો કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વર્ષાવાસ-તપ-સંલેખના સમાચારી - ૪

**आयरियाइएहिं आपुच्छित्ता तवोकम्म करण विहाणं-**

१७८५. वासावासं पज्जोसविए भिक्खू इच्छेज्जा अण्णयरं ओरालं कल्लाणं सिवं धण्णं मंगलं सस्सिरीयं महाणुभावं तवोकम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेययं वा जं च वा पुरओ काउं विहरइ ।

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेययं वा जं च वा पुरओ काउं विहरइ ।

"इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे अण्णयरं ओरालं-**जाव**-महाणुभावं तवोकम्मं उवसंपज्जित्ताणं विहरित्तए तं एवइयं वा, एवइखुत्तो वा ।"

ते य से वियरेज्जा, एवं से कप्पइ अण्णयरं ओरालं-**जाव**-महाणुभावं तवोकम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अण्णयरं ओरालं-**जाव**-महाणुभावं तवोकम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।

**प.** से किमाहु भंते !

**उ.** आयरिया पच्चवायं जाणंति ।

*-दसा. द. ८, सु. ६४*

**આચાર્યાદિને પૂછીને તપ કરવાનું વિધાન :**

૧૭૮૫. વર્ષાવાસમાં રહેલ ભિક્ષુ કદાચ કોઈ પ્રકારનું પ્રશસ્ત, કલ્યાણકર, શિવપ્રદ, ધન્યકર, મંગલરૂપ, શ્રીયુક્ત, મહાપ્રભાવક તપ-કર્મ સ્વીકાર કરવા ચાહે તો -

આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક અથવા જેને વડિલ માનીને તે વિચરણ કરી રહ્યો હોય તેને પૂછયા વગર તપ-કર્મ સ્વીકાર કરવું કલ્પતું નથી.

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક અથવા જેને વડિલ માનીને વિચરણ કરી રહ્યો હોય તેને પૂછીને જ તપ-કર્મ સ્વીકાર કરવું કલ્પે છે.

(આજ્ઞા લેવા માટે ભિક્ષુ આ પ્રમાણે પૂછે -)

હે ભંતે ! આપની આજ્ઞા હોય તો અમુક પ્રકારનું પ્રશસ્ત **યાવત્** મહાપ્રભાવક તપ-કર્મ સ્વીકાર કરવા ચાહુ છું, તે પણ આવા પ્રકારનું અને આટલી વાર.

કદાચ જો તે આજ્ઞા આપે તો અન્યતર પ્રશસ્ત **યાવત્** મહાપ્રભાવક તપ-કર્મ સ્વીકાર કરવું કલ્પે છે.

કદાચ જો તે આજ્ઞા ન આપે તો અન્યતર પ્રશસ્ત **યાવત્** મહાપ્રભાવક તપ-કર્મ સ્વીકાર કરવું કલ્પતું નથી.

**પ્ર.** હે ભંતે ! આવું કહેવાનું શું કારણ છે ?

**ઉ.** આચાર્યાદિ આવનાર વિઘ્નને જાણે છે.

**चउत्थभत्तियस्स पाणग गहण विहाणं-**

१७८६. वासावासं पज्जोसवियस्स-चउत्थभत्तियस्स भिक्खुस्स कप्पति तओ पाणगाइं पडिगाहित्तए, तं जहा-

(१) उस्सेइमं, (२) संसेइमं,

(३) चाउलोदगं ।

*- दसा. द. ८, सु. ३०*

**ઉપવાસ કરનારને પાણી ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૮૬. વર્ષાવાસમાં રહેલ ચતુર્થ ભક્ત (ઉપવાસ) કરનાર ભિક્ષુને ત્રણ પ્રકારનાં પાણી લેવાં કલ્પે છે, જેમ કે -

(૧) ઉત્સ્વેદિમ, (૨) સંસ્વેદિમ,

(૩) અને ચોખાનું ધોવણ.

**छट्ठभत्तियस्स पाणग गहण विहाणं-**

१७८७. वासावासं पज्जोसवियस्स छट्ठभत्तियस्स भिक्खुस्स कप्पति तओ पाणागाइं पडिगाहित्तए, तं जहा-

(१) तिलोदगं वा, (२) तुसोदगं वा,

(३) जवोदगं वा, *- दसा. द. ८, सु. ३१*

**બે ઉપવાસ કરનારને પાણી ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૮૭. વર્ષાવાસમાં રહેલ ષષ્ઠ ભક્ત (બે ઉપવાસ) કરનાર ભિક્ષુને ત્રણ પ્રકારનું પાણી લેવું કલ્પે છે, જેમ કે -

(૧) તિલોદક, (૨) તુષોદક અને

(૩) યવોદક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अट्ठमभत्तियस्स पाणग गहण विहाणं–**

१७८८. वासावासं पज्जोसवियस्स अट्ठमभत्तियस्स भिक्खुस्स कप्पइ तओ पाणगाइं पडिगाहित्तए,
तं जहा–
(१) आयामे वा, (२) सोवीरे वा,
(३) सुद्धवियडे वा[१]।
– दसा. द. ८, सु. ३२

**ત્રણ ઉપવાસ કરનારને પાણી ગ્રહણ કરનારનું વિધાન :**

૧૭૮૮. વર્ષાવાસમાં રહેલ અષ્ટમ ભક્ત (ત્રણ ઉપવાસ) કરનાર ભિક્ષુને ત્રણ પ્રકારનું પાણી લેવું કલ્પે છે, જેમ કે -
(૧) આયામ, (૨) સૌવીર અને
(૩) શુદ્ધ વિકટ પાણી.

**विगिट्ठभत्तियस्स उसिणोदग गहण विहाणं–**

१७८९. वासावासं पज्जोसवियस्स विगिट्ठभत्तियस्स भिक्खुस्स कप्पइ एगे उसिणवियडे पडिगाहित्तए ।
से वि य णं असित्थे, नो वि य णं ससित्थे ।
–दसा. द. ८, सु. ३३

**ચાર આદિ ઉપવાસ કરનારને ગરમ પાણી ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૮૯. વર્ષાવાસમાં રહેલ ત્રણથી અધિક ઉપવાસ કરનાર ભિક્ષુએ એકમાત્ર ઉષ્ણ અચિત્ત જળ ગ્રહણ કરવું કલ્પે છે. તે પણ અન્નકણથી રહિત હોવું જોઈએ. અન્નકણથી યુક્ત નહીં.

**भत्त-पडियाइक्खियस्स उसिणोदग गहण-विहाणं–**

१७९०. वासावासं पज्जोसवियस्स भत्तपडियाइक्खियस्स भिक्खुस्स कप्पइ एगे उसिणवियडे पडिगाहित्तए ।
से वि-य-णं असित्थे, नो चेव णं ससित्थे ।
से वि य णं परिपुए, नो चेव णं अपरिपुए ।
से वि य णं परिमिए, नो चेव णं अपरिमिए ।
से वि य णं बहुसंपन्ने, नो चेव णं अबहुसंपन्ने ।
दसा. द. ८, सु. ३४

**ભક્તપ્રત્યાખ્યાન કરનારને ગરમ પાણી ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૯૦. વર્ષાવાસમાં રહેલ ભક્તપ્રત્યાખ્યાની ભિક્ષુને એક માત્ર ઉષ્ણ અચિત્ત પાણી ગ્રહણ કરવું કલ્પે છે.
તે પણ અન્નકણરહિત હોય, અન્નકણયુક્ત નહીં.
તે પણ ગાળેલું હોય, ગાળ્યા વગરનું ન હોય.
તે પણ પરિમિત હોય, અપરિમિત ન હોય,
તે પણ સારી રીતે ઉકાળેલું હોય, થોડું ઉકાળેલું ન હોય.

**दत्तिसंखा-विहाणं–**

१७९१. वासावासं पज्जोसवियस्स संखादत्तियस्स भिक्खुस्स कप्पंति पंच दत्तीओ[२] भोअणस्स पडिगाहित्तए, पंच पाणगस्स ।
**अहवा**–चत्तारि भोअणस्स, पंच पाणगस्स ।
**अहवा**–पंच भोअणस्स, चत्तारि पाणगस्स ।
तत्थ णं एगा लोणासायणमवि पडिगाहिआ सिया कप्पइ से तद्दिवसं तेणेव भत्तट्ठेणं पज्जोसवित्तए ।
नो से कप्पइ दुच्चंपि गाहावइकुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा ।
–दसा. द. ८, सु. ३५

**દત્તિની સંખ્યાઓનું વિધાન :**

૧૭૯૧. વર્ષાવાસમાં રહેલ તથા દત્તિઓની સંખ્યાનો નિયમ ધારણ કરનાર ભિક્ષુને આહારની પાંચ દત્તિઓ અને પાણીની પાંચ દત્તિઓ ગ્રહણ કરવી કલ્પે છે.
**અથવા** - આહારની ચાર અને પાણીની પાંચ.
**અથવા** - આહારની પાંચ અને પાણીની ચાર.
તેમાં એક દત્તિ મીઠાની પડી જેટલી હોય તો પણ તે દિવસે તે જ આહારથી નિર્વાહ કરવો જોઈએ.
પરંતુ તેણે ગૃહસ્થોના ઘરમાં આહાર પાણી માટે બીજીવાર નિષ્ક્રમણ પ્રવેશ કરવો કલ્પતો નથી.

---

૧. વર્ષાવાસ સમાચારીમાં આ વિશેષ કથન છે. સામાન્ય કથન ઠાણાંગ સૂત્રમાં છે. માટે ચાતુર્માસમાં અથવા શેષકાળમાં ઉક્ત તપશ્ચર્યાઓમાં ઉક્ત પ્રાસુક જલ ગ્રહણ કરી શકે છે એવું જાણવું જોઈએ.
૨. દત્તિનું સ્વરૂપ વ્યવહાર સૂત્ર ઉ. ૯ માં પણ છે તે તપાચારમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पज्जोसवणाए आहारकरणस्स पायच्छित्त सुत्तं-**

१७९२. जे भिक्खू पज्जोसवणाए इत्तरियं आहारं आहारेइ आहारंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. १०, सु. ४५

**પર્યુષણમાં આહાર કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૭૯૨. જે ભિક્ષુ પર્યુષણ અર્થાત્ સંવત્સરીના દિવસે અલ્પ આહાર પણ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**आयरियाइएहिं आपुच्छित्ता पाओवगमणकरण विहाणं-**

१७९३. वासावासं पज्जोसविए भिक्खू इच्छिज्जा अपच्छिम-मारणंतिय-संलेहणा-झूसणा झूसिए, भत्त-पाण-पडियाइक्खिए, पाओवगए अणवकंखमाणे विहरित्तए वा,

निक्खमित्तए वा, पविसित्तए वा ।

असणं वा-**जाव**-साइमं वा आहारित्तए,

उच्चारं वा, पासवणं वा परिट्ठावित्तए,

सज्झायं वा करित्तए,

धम्मजागरियं वा जागरित्तए ।

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेययं वा, जं च वा पुरओ काउं विहरइ ।

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेययं वा, जं च वा पुरओ काउं विहरइ ।

"इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे अपच्छिम-मारणंतिय-संलेहणा-झूसणा झूसिए-**जाव**- धम्मजागरियं वा जागरित्तए ।"

ते य से वियरेज्जा, एवं से कप्पइ अपच्छिम-मारणंतिय-संलेहणा-झूसणा झूसिए-**जाव**-धम्मजागरियं वा जागरित्तए ।

ते य से नो वियरेज्जा एवं से नो कप्पइ अपच्छिम-मारणंतिय-संलेहणा-झूसणा झूसिए-**जाव**- धम्मजागरियं वा जागरित्तए ।

**प.** से किमाहु भंते ?

**उ.** आयरिया पच्चवायं जाणंति ।

–दसा. द. ८, सु. ६५

**આચાર્યાદિને પૂછીને પાદપોપગમન કરવાનું વિધાન :**

૧૭૯૩. વર્ષાવાસમાં રહેલ ભિક્ષુએ મરણ-સમય પાસે આવવાથી સંલેખના દ્વારા કર્મ ક્ષય કરવું હોય, આહાર-પાણીનો ત્યાગ કરીને કાપેલ વૃક્ષની સમાન રહીને મૃત્યુની કામના ન કરતાં રહેવું હોય,

ઉપાશ્રયથી નિષ્ક્રમણ - પ્રવેશ કરવો હોય,

અશન **યાવત્** સ્વાદ્યનો આહાર કરવો હોય,

મળમૂત્રનો ત્યાગ કરવો હોય,

સ્વાધ્યાય કરવો હોય,

અને ધર્મ જાગરણા ક રવી હોય તો,

આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક અથવા જેને વડિલ માનીને વિચરણ કરી રહ્યા હોય તો તેને પૂછયા વગર ઉપર કહેલ કાર્ય કરવું કલ્પતું નથી.

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને અથવા જેને વડિલ માનીને વિચરણ કરી રહ્યા હોય તો તેને પૂછીને કરવું કલ્પે છે.

(આજ્ઞા લેવા માટે ભિક્ષુ આ પ્રમાણે કહે -)

"હે ભંતે ! આપની આજ્ઞા હોય તો મરણ સમય નજીક આવવાથી સંલેખના દ્વારા કર્મક્ષય **યાવત્** ધર્મજાગરણા કરવાની ઈચ્છા રાખું છું."

કદાચ તે આજ્ઞા આપે તો મરણ સમય નજીક આવવાથી સંલેખના દ્વારા કર્મક્ષય **યાવત્** ધર્મ જાગરણા કરવી કલ્પે છે.

કદાચ તે આજ્ઞા ન આપે તો મરણ સમય નજીક આવવાથી સંલેખના દ્વારા કર્મક્ષય **યાવત્** ધર્મ જાગરણા કરવી કલ્પતી નથી.

**પ્ર.** હે ભંતે ! આવું કહેવાનું શું કારણ છે ?

**ઉ.** આચાર્યાદિ આવનારા વિઘ્નોને જાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વર્ષાવાસ સંબંધી પ્રકીર્ણક સમાચારી – ૫

**तिण्हं उवस्सयाणं गहण-विहाणं-**

१७९४. वासावासं पज्जोसवियाणं निग्गंथाण वा निग्गंथीण वा तओ उवस्सया गिण्हित्तए,

बे कुव्विया पडिलेहा, साइज्जिया पमज्जणा ।

–दसा. द. ८, सु. ७३

**ત્રણ ઉપાશ્રય ગ્રહણનું વિધાન :**

૧૭૯૪. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓએ ત્રણ ઉપાશ્રય ગ્રહણ કરવાં જોઈએ.

બે ઉપાશ્રયોની ફક્ત પ્રતિલેખના કરવી તથા પ્રતિદિન ઉપયોગમાં આવનાર ઉપાશ્રયની પ્રમાર્જના કરવી.

**सेज्जासण गहण विहाणं-**

१७९५. वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा अणभिग्गहिय सिज्जासणियाणं हुत्तए, आयाणमेयं-

१. अणभिग्गहिय सिज्जासणियस्स,
२. अणुच्चाकुइयस्स,
३. अणुट्ठाबंधियस्स,
४. अमियासणियस्स,
५. अणातावियस्स,
६. असमियस्स,
७. अभिक्खणं-अभिक्खणं अपडिलेहणासीलस्स,
८. अपमज्जणासीलस्स, तहा तहा संजमे दुराराहए भवइ ।

अणायाणमेयं-

१. अभिग्गहिय सिज्जासणियस्स,
२. उच्चाकुइयस्स,
३. अट्ठाबंधियस्स,
४. मियासणियस्स,
५. आयावियस्स,
६. समियस्स,
७. अभिक्खणं-अभिक्खणं पडिलेहणासीलस्स,

**શય્યા તેમજ આસન ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૯૫. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓને શય્યા અને આસન ગ્રહણ કર્યા વગર રહેવું કલ્પતું નથી. શય્યા અને આસન નહિ રાખવા તે કર્મબંધનું કારણ છે, કારણ કે -

(૧) શય્યા અને આસન નહિ ગ્રહણ કરનાર,
(૨) એક હાથથી નીચા અને ચૂં ચૂં અવાજ કરનાર શય્યા અને આસન રાખનાર,
(૩) હલતા શય્યા અને આસન રાખનાર,
(૪) પરિમાણથી અધિક શય્યા અને આસન રાખનાર,
(૫) યથાસમય શય્યા અને આસનને તડકામાં નહિ સુકવનાર,
(૬) એષણા સમિતિ અનુસાર શય્યા અને આસન નહિ લેનાર,
(૭) શય્યા અને આસનની વારંવાર પ્રતિલેખના ન કરનાર તથા
(૮) શય્યા અને આસનની પ્રમાર્જના ન કરનાર ભિક્ષુનો સંયમ દુરારાધ્ય હોય છે.

પરંતુ શય્યા અને આસન રાખવામાં કર્મબંધનું કારણ નથી, કારણ કે -

(૧) શય્યા અને આસન ગ્રહણ કરનાર,
(૨) એક હાથ ઊંચા અને ચૂં ચૂં અવાજ ન કરનાર શય્યા અને આસન રાખનાર,
(૩) ન હલતા (સ્થિર) શય્યા અને આસન રાખનાર,
(૪) પરિમાણથી યુક્ત શય્યા અને આસન રાખનાર,
(૫) યથાસમય શય્યા અને આસનને તડકો આપનાર,
(૬) એષણા સમિતિ અનુસાર શય્યા અને આસન લેનાર,
(૭) શય્યા અને આસનની વારંવાર પ્રતિલેખના કરનાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. पमज्जणासीलस्स तहा तहा संजमे सुआराहए भवइ ।

–दसा. द. ८, सु. ६७

(८) શય્યા અને આસનની પ્રમાર્જના કરનાર ભિક્ષુનો સંયમ સુ-આરાધ્ય હોય છે.

**तिण्णि मत्तग गहण–विहाणं–**

१७९६. वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा तओ मत्तगाइं गिण्हित्तए, तं जहा–

१. उच्चार–मत्तए,

२. पासवण–मत्तए,

३. खेल–मत्तए,

– दसा. द. ८, सु. ६९

**ત્રણ માત્રક ગ્રહણ કરવાનું વિધાન :**

૧૭૯૬. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ નિર્ગ્રંથિઓએ ત્રણ માત્રક ગ્રહણ કરવાં કલ્પે છે, જેમ -

(૧) મળ ત્યાગવાનું પાત્ર,

(૨) મૂત્ર ત્યાગવાનું પાત્ર,

(૩) કફ ત્યાગવાનું પાત્ર.

**पढमसमोसरणे पत्त–चीवर–गहण–पायच्छित्त सुत्तं –**

१७९७. जे भिक्खू पढम–समोसरणुद्देसे पत्त–चीवराइं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. १०, सु. ४७

**વર્ષાવાસમાં પાત્ર અને વસ્ત્ર ગ્રહણ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૭૯૭. જે ભિક્ષુ ચાતુર્માસમાં પાત્ર અને વસ્ત્ર ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**वासावासे वत्थ आतावण विहि–णिसेहो–**

१७९८. वासावासं पज्जोसविए भिक्खू इच्छिज्जा वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा अण्णयरिं वा उवहिं आयावित्तए वा, पयावित्तए वा नो से कप्पइ एगं वा, अणेगं वा अपडिण्णवित्ता –

१. गाहावइकुलं भत्ताए वा, पाणाए वा, निक्खमित्तए वा, पविसित्तए वा ।

२. असणं वा–**जाव**–साइमं वा आहारित्तए ।

३. बहिया विहारभूमिं वा,

४. वियारभूमिं वा निहरित्तए,

५. सज्झायं वा करित्तए,

६. काउस्सग्गं वा,

७. ठाणं वा ठाइत्तए ।

अत्थि य इत्थ केइ अभिसमण्णागए अहासण्णिहिए एगे वा, अणेगे वा कप्पइ से एवं वइत्तए–

"इमं ता अज्जो ! तुमं मुहुत्तगं जाणेहिं जाव ताव अहं, गाहावइकुलं भत्ताए वा, पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा–**जाव**–काउस्सगं वा ठाणं वा ठाइत्तए ।"

**વર્ષાવાસમાં વસ્ત્ર સુકવવાનો વિધિ-નિષેધ :**

૧૭૯૮. વર્ષાવાસમાં રહેલ ભિક્ષુ કદાચ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછનક કે કોઈ પ્રકારની ઉપધિને તડકામાં થોડીવાર કે વધારે વાર સુધી સુકવવા ઈચ્છે તો એક કે અનેક ભિક્ષુઓને કહ્યા વગર,

(૧) ગૃહસ્થોના ઘરોમાં આહાર-પાણીના માટે નિષ્ક્રમણ પ્રવેશ કરવો,

(૨) અશન **યાવત્** સ્વાદ્યનો આહાર કરવો,

(૩) ઉપાશ્રયની બહાર સ્વાધ્યાય સ્થળમાં જવું,

(૪) મળ-મૂત્ર ત્યાગવાના સ્થાનમાં જવું,

(૫) સ્વાધ્યાય કરવો,

(૬) કાયોત્સર્ગ કરવો અને

(૭) ધ્યાન કરવું કલ્પતું નથી.

કદાચ ત્યાં આવેલ કે પાસે બેઠેલ એક કે અનેક મુનિ હોય તો તેને આ પ્રમાણે કહેવું કલ્પે છે -

"હે આર્ય ! જ્યાં સુધી હું ગૃહસ્થોના ઘરોમાં આહાર પાણી માટે નિષ્ક્રમણ-પ્રવેશ કરું **યાવત્** કાયોત્સર્ગ કે ધ્યાન કરું, ત્યાં સુધી તડકામાં સુકવેલ આ ઉપકરણોનું મુહૂર્ત સુધી ધ્યાન રાખજો.

ते य पडिसुणेज्जा, एवं से कप्पइ-**जाव**-ठाणं वा ठाइत्तए ।

ते य णो पडिसुणेज्जा, एवं से नो कप्पइ-**जाव**-ठाणं वा ठाइत्तए ।

–दसा. द. ८, सु. ६६

કદાચ તે સ્વીકાર કરી લે તો તેને (નિષ્ક્રમણ પ્રવેશ) **યાવત્** ધ્યાન કરવું કલ્પે છે.

કદાચ તે સ્વીકાર ન કરે તો તેને (નિષ્ક્રમણ પ્રવેશ) **યાવત્** ધ્યાન કરવું કલ્પતું નથી.

**उच्चार-पासवण भूमि पडिलेहणा –**

१७९९. वासावासं पज्जोसवियाणं कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा तओ उच्चार-पासवण भूमिओ पडिलेहित्तए, हेमंत-गिम्हासु, जहा णं वासासु ।

प. से किमाहु भंते !

उ. वासासु णं उस्सण्णं पाणा य, तणा य, बीया य, पणगा य, हरियाणि य भवंति ।

–दसा. द. ८, सु. ६८

**ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ પ્રતિલેખન :**

૧૭૯૯. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓને ત્રણ ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિઓની પ્રતિલેખના કરવાનું કલ્પે છે. હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં ત્રણ ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિની વર્ષાકાળની સમાન પ્રતિલેખના કરવી આવશ્યક નથી.

પ્ર. ભંતે ! તમે આવું શા માટે કહ્યું ?

ઉ. વર્ષાઋતુમાં પ્રાયઃ સર્વત્ર ત્રસ પ્રાણી, લીલું ઘાસ, બીજ શેવાળ અને લીલા અંકુર ઉત્પન્ન થઈ જાય છે.

**आयरियाइएहिं पुच्छित्ता तिगिच्छा विहाणं–**

१८००. वासावासं पज्जोसविए भिक्खू इच्छिज्जा अण्णयरिं तेइच्छियं आउट्टित्तए नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेययं वा जं वा पुरओ काउं विहरइ ।

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेययं वा जं वा पुरओ काउं विहरइ ।

"इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे अण्णयरिं तेइच्छियं आउट्टित्तए"

ते य से वियरेज्जा, एवं से कप्पइ अण्णयरिं तेइच्छियं आउट्टित्तए ।

ते य से नो वियरेज्जा, एवं से कप्पइ अण्णयरिं तेइच्छियं आउट्टित्तए ।

प. से किमाहु भंते !

उ. आयरिया पच्चवायं जाणंति ।

–दसा. द. ८, सु. ६३

**આચાર્યાદિને પૂછીને ચિકિત્સા કરાવવાનું વિધાન :**

૧૮૦૦. વર્ષાવાસમાં રહેલ ભિક્ષુ કોઈ રોગની ચિકિત્સા કરાવવા ઈચ્છે તો આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક અથવા જેને વડિલ માનીને તે વિચરણ કરી રહ્યા હોય તેને પૂછયા વગર ચિકિત્સા કરાવવાનું કલ્પતું નથી.

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક અથવા જેને વડિલ માનીને વિચરણ કરી રહ્યા હોય તેને પૂછીને જ ચિકિત્સા કરાવવી કલ્પે છે.

(આજ્ઞા લેવા માટે ભિક્ષુ આ પ્રમાણે કહે - )

"હે ભંતે ! આપની આજ્ઞા મળવાથી હું અમુક રોગની ચિકિત્સા કરાવવા ચાહું છું."

કદાચ જો આચાર્યાદિ આજ્ઞા આપે તો ચિકિત્સા કરાવવી કલ્પે છે.

કદાચ જો આચાર્યાદિ આજ્ઞા ન આપે તો ચિકિત્સા કરાવવી કલ્પતી નથી.

પ્ર. ભંતે ! તમે આવું કેમ કહ્યું ?

ઉ. આચાર્યાદિ આવનાર વિઘ્ન બાધાઓને જાણે છે.

**पज्जोसवणाओ परं केस-रक्खण णिसेहो–**

१८०१. वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा परं पज्जोसवणाओ गोलोमप्पमाणमित्ते वि केसे तं रयणिं उवाइणावित्तए ।

–दसा. द. ८, सु. ७०

**પર્યુષણ પછી વાળ રાખવાનો નિષેધ :**

૧૮૦૧. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ-નિર્ગ્રંથિઓનું પર્યુષણા (સંવત્સરી)ની રાત્રિના પછી ગાયના રોમ જેટલા વાળ પણ રાખવા કલ્પતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पज्जोसवणाओ परं केस–रक्खण पायच्छित्त सुत्तं–**

१८०२. जे भिक्खू पज्जोसवणाए गोलोममायं पि बालाइं उवाइणावेइ उवाइणावेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. १०, सु. ४४

**પર્યુષણા પછી વાળ રાખવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૮૦૨. જે ભિક્ષુ પર્યુષણા પછી ગાયના રોમ જેટલા પણ વાળ રાખે છે, (રખાવે છે) રાખનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**पज्जोसवाए अहिगरण खमावण विहाणं–**

१८०३. वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा परं पज्जोसवणाओ अहिगरणं वइत्तए ।
जो णं निग्गंथो वा, निग्गंथी वा परं पज्जोसवणाओ अहिगरणं वयइ – से णं "अकप्पे णं अज्जो ! वयसी त्ति" वत्तव्वे सिया ।

जो णं निग्गंथो वा, निग्गंथी वा परं पज्जोसवणाए अहिगरणं वयइ – से णं निज्जूहियव्वे सिया ।

वासावासं पज्जोसवियाणं इह खलु निग्गंथाण वा, निग्गंथीण वा अज्जेव कक्खडे–कडुए वुग्गहे समुप्पज्जिज्जा खमियव्वं खमावियव्वं, उवसमियव्वं उवसमावियव्वं,

सुमइ संपुच्छणा बहुलेणं होयव्वं ।

जो उवसमइ तस्स अत्थि आराहणा,
जो नो उवसमइ तस्स नत्थि आराहणा ।
तम्हा अप्पणा चेव उवसमियव्वं ।
**प.** से किमाहु भंते !
**उ.** "उवसमसारं खु सामण्णं ।"

–दसा. द. ८, सु. ७१–७२

**પર્યુષણામાં કલહની ક્ષમાયાચના કરવાનું વિધાન :**

૧૮૦૩. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓને પર્યુષણા (સંવત્સરી) પછી પૂર્વ વર્ષમાં થયેલ કલહને વિશે ફરી કહેવું કલ્પતું નથી.
જે નિર્ગ્રંથ કે નિર્ગ્રંથી પર્યુષણા પછી પૂર્વ વર્ષમાં થયેલ અધિકરણને કહે છે તો તેને કહેવાય કે "હે આર્ય ! પૂર્વ વર્ષમાં થયેલ અધિકરણને કહેવું તમને કલ્પતું નથી."
એટલું કહેવા પર પણ જે નિર્ગ્રંથ - નિર્ગ્રંથી પૂર્વ વર્ષમાં થયેલ અધિકરણને કહે છે, તેને સંઘમાંથી કાઢી મૂકવા જોઈએ.
વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓમાં જે દિવસે કર્કશ, કટુ વચનથી કલેશ થયેલ હોય, તો તેણે તે જ દિવસે ક્ષમાયાચના કરવી જોઈએ.
સ્વયં ઉપશાંત થવું જોઈએ અને પ્રતિપક્ષીને પણ ઉપશાંત કરવો જોઈએ.
સરલ અને શુદ્ધ મનથી વારંવાર કુશલ ક્ષેમ પુછવા જોઈએ.
જે ઉપશાંત થાય છે તેની જ ધર્મારાધના થાય છે.
જે ઉપશાંત થતા નથી તેની ધર્મારાધના થતી નથી.
માટે સ્વયંને તો ઉપશાંત બનાવી જ લેવા જોઈએ.
પ્ર. ભંતે ! આવું કહેવાનું શું કારણ છે ?
ઉ. ઉપશાંત થવું જ સંયમનો સાર છે.

**अट्ठसुहुम पडिलेहण विहाणं–**

१८०४. वासावासं पज्जोसवियाणं इह खलु निग्गंथाण वा, निग्गंथीण वा, इमाइं अट्ठ सुहुमाइं अभिक्खणं–अभिक्खणं जाणियव्वाइं पासियव्वाइं पडिलेहियव्वाइं भवंति, तं जहा–
(१) पाणसुहुमं, (२) पणगसुहुमं,
(३) बीअसुहुमं, (४) हरियसुहुमं,

**સૂક્ષ્માષ્ટકની પ્રતિલેખનાનું વિધાન :**

૧૮૦૪. વર્ષાવાસમાં રહેલ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથિઓને આ આઠ સૂક્ષ્મ વારંવાર જાણવા યોગ્ય, જોવા યોગ્ય અને પ્રતિલેખન કરવા યોગ્ય છે, જેમ કે -
(૧) પ્રાણી સૂક્ષ્મ, (૨) પનક સૂક્ષ્મ,
(૩) બીજ સૂક્ષ્મ, (૪) હરિત સૂક્ષ્મ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) पुप्फसुहुमं, (६) अंडसुहुमं,
(७) लेणसुहुमं, (८) सिणेहसुहुमं ।[१]

–दसा. द. ८, सु. ५०

(૫) પુષ્પ સૂક્ષ્મ, (૬) અંડ સૂક્ષ્મ,
(૭) લયન સૂક્ષ્મ અને (૮) સ્નેહ સૂક્ષ્મ.

**अकाले पज्जोसवणा करणस्स काले पज्जोसवणा–अकरणस्स पायच्छित्त सुत्ताइं–**

१८०५. जे भिक्खू अपज्जोसवणाए पज्जोसवेइ पज्जोसवेंतं वा साइज्जइ ।

जे भिक्खू पज्जोसवणाए ण पज्जोसवेइ, ण पज्जोसवेंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियं वा, गारत्थियं वा पज्जोसवेइ, पज्जोसवेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. १०, सु. ४२, ४३, ४६

**અકાળમાં પર્યુષણ કરવાનું તથા કાળમાં પર્યુષણ ન કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૮૦૫. જે ભિક્ષુ પર્યુષણનાં દિવસથી અન્ય દિવસમાં પર્યુષણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ પર્યુષણ (સંવત્સરી) નાં દિવસે પર્યુષણ કરતા નથી (કરાવતા નથી) ન કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થની સાથે પર્યુષણા કલ્પવાંચન કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**सांवच्छरिय थविरकप्पस्स आराहणा फलं–**

१८०६. इच्चेइयं संवच्छरियं थेरकप्पं अहासुत्तं अहाकप्पं अहामग्गं सम्मं काएण फासित्ता पालित्ता सोहित्ता तीरित्ता किट्टित्ता आराहित्ता आणाए–अणुपालित्ता–

अत्थेगइया समणा निग्गंथा तेणेव भवग्गहणेणं सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वाइंति सव्व–दुक्खाणमंतं करिंति ।

अत्थेगइया दुच्चेणं भवग्गहणेणं–**जाव**–सव्व–दुक्खाणमंतं करिंति ।

अत्थेगइया तच्चेणं भवग्गहणेणं–**जाव**–सव्व–दुक्खाणमंतं करिंति । सत्तट्ठ भवग्गहणाइं पुण नाइक्कमंति ।

–दसा. द. ८, सु. ७६

**સાંવત્સરિક સ્થવિર કલ્પની આરાધનાનું ફળ :**

૧૮૦૬. આ સાંવત્સરિક સ્થવિર કલ્પનું સૂત્ર, કલ્પ અને માર્ગ અનુસાર સમ્યક્તયા કાયાથી સ્પર્શ કરી, પાલન કરી, અતિચારોનું શોધન કરી, જીવન પર્યંત આચરણ કરી, અન્યને કરવાનો ઉપદેશ આપીને ભગવાનની આજ્ઞા અનુસાર આરાધના કરી અને અનુપાલન કરી .

કેટલાક શ્રમણ નિર્ગ્રંથો તો તે જ ભવમાં સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, નિર્વાણને પ્રાપ્ત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

કેટલાક બે ભવ ગ્રહણ કરીને **યાવત્** સર્વદુઃખોનો અંત કરે છે.

કેટલાક ત્રણ ભવ ગ્રહણ કરીને **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે. પરંતુ ઉત્કૃષ્ટ સાત, આઠ ભવ ગ્રહણનું તો કોઈ અતિક્રમણ કરતા નથી.

* * * * *

---

૧. સૂક્ષ્માષ્ટકનું સ્વરૂપ તથા પ્રકાર પહેલા મહાવ્રતમાં લેવામાં આવ્યા છે પરંતુ જાણવા, જોવા અને પ્રતિલેખન રૂપ વિશેષ સમાચારી યુક્ત હોવાથી આ એક સૂત્ર અહીં લેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (४) પ્રતિક્રમણ :

## આવશ્યક સ્વરૂપ-૧

**चउव्विहे आवस्सए–**

१८०७. **प.** से किं तं आवस्सयं ?

**उ.** आवस्सयं चउव्विहं पण्णत्तं, तं जहा–

(१) नामावस्सयं, (२) ठवणावस्सयं,

(३) दव्वावस्सयं, (४) भावावस्सयं ।

**प.** से किं तं नामावस्सयं ?

**उ.** **नामावस्सयं**-जस्स णं जीवस्स वा, अजीवस्स वा, जीवाण वा, अजीवाण वा, तदुभयस्स वा, तदुभयाण वा "आवस्सए" त्ति नामं कीरए । **से तं नामावस्सयं ।**

**प.** से किं तं ठवणावस्सयं ?

**उ.** **ठवणावस्सयं** - जण्णं कट्ठकम्मे वा, चित्तकम्मे वा, पोत्थकम्मे वा, लेप्पकम्मे वा, गंथिमे वा, वेढिमे वा, पूरिमे वा, संघाइमे वा, अक्खे वा, वराडए वा, एगो वा, अणेगा वा सब्भावठवणाए वा, असब्भावठवणाए वा 'आवस्सए' त्ति ठवणा ठविज्जति । **से तं ठवणावस्सयं ।**

**प.** नाम–ठवणाणं को पइविसेसो ?

**उ.** नामं आवकहियं, ठवणा इत्तरिया वा होज्जा, आवकहिया वा ।

**प.** से किं तं दव्वावस्सयं ?

**उ.** दव्वावस्सयं दुविहं पण्णत्तं, तं जहा –

(१) आगमओ य,

(२) नोआगमओ य ।

**प.** से किं तं आगमओ दव्वावस्सयं ?

**उ.** **आगमओ दव्वावस्सयं** - जस्स णं "आवस्स" त्ति पदं सिक्खित्तं, ठितं, जितं, मितं, परिजितं, णामसमं, घोससमं, अहीणक्खरं, अणच्चक्खरं, अव्वाइद्धक्खरं, अक्खलियं, अमिलियं, अवच्चामेलियं, पडिपुण्णं, पडिपुण्णघोसं, कंठोट्ठविप्पमुक्कं गुरुवायणोवगयं ।

**ચાર પ્રકારનાં આવશ્યક :**

૧૮૦૭. **પ્ર.** આવશ્યક કેટલાં પ્રકારનાં કહ્યાં છે ?

**ઉ.** આવશ્યક ચાર પ્રકારના કહ્યાં છે, જેમ કે -

(૧) નામ આવશ્યક, (૨) સ્થાપના આવશ્યક,

(૩) દ્રવ્ય આવશ્યક, (૪) ભાવ આવશ્યક.

**પ્ર.** નામ આવશ્યક કોને કહેવાય ?

**ઉ.** **નામ આવશ્યક**-જે જીવનું કે અજીવનું, જીવોનું કે અજીવોનું, જીવાજીવનું કે જીવાજીવોનું 'આવશ્યક' નામ આપવામાં આવે તે **નામ-આવશ્યક કહેવાય છે.**

**પ્ર.** સ્થાપના આવશ્યક કોને કહેવાય ?

**ઉ.** **સ્થાપના આવશ્યક** - કાષ્ઠની પુતળીમાં, ચિત્રમાં, પુસ્તકમાં, માટી આદિના લેપથી બનેલી, ગુંથેલી, વસ્ત્ર આદિમાં વીંટાયેલી, પુરિત કરેલી, સંગ્રહિત કરેલી, આકૃતિમાં, અક્ષમાં, કોડીમાં, એક કે અનેક પદાર્થના સદ્‌ભાવ કે અસદ્‌ભાવની સ્થાપનાથી 'આવશ્યક' એ નામની સ્થાપના કરવામાં આવે છે **તેને સ્થાપના આવશ્યક કહેવાય છે.**

**પ્ર.** નામ અને સ્થાપનામાં અંતર શું છે ?

**ઉ.** નામ જીવનપર્યન્તનું હોય છે, જ્યારે સ્થાપના અલ્પકાળ તથા દીર્ઘકાળની પણ હોય છે.

**પ્ર.** દ્રવ્ય આવશ્યક કેટલાં પ્રકારનાં કહ્યાં છે ?

**ઉ.** દ્રવ્ય આવશ્યક બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે-

૧. આગમથી દ્રવ્ય આવશ્યક અને

૨. નોઆગમથી દ્રવ્ય આવશ્યક.

**પ્ર.** આગમથી દ્રવ્ય આવશ્યક કોને કહેવાય ?

**ઉ.** **આગમથી દ્રવ્યાવશ્યક** - "આવશ્યક" એવું પદ જેણે શીખેલું છે, ધારણ કરેલું છે, જાણેલું છે, પૂર્ણાક્ષર છે, સમ્યક્ પ્રકારે જાણેલું છે, સ્વનામ જેવું યાદ છે, શુદ્ધ ઉચ્ચારણ કરેલું છે, ન ઓછું ન વધુ એમ બધા જ અક્ષર જેનાં ક્રમબદ્ધ છે, અસ્ખલિત છે, અક્ષર મળેલાં નથી, અપુનરુક્ત છે, પ્રતિપૂર્ણ છે, પ્રતિપૂર્ણ સ્વરથી ઘોષિત છે, કંઠ અને હોઠથી સુપ્રયુક્ત છે, ગુરુ દ્વારા દીધેલી વાચનાથી યુક્ત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से णं तत्थ वायणाए, पुच्छणाए, परियट्टणाए, धम्मकहाए, णो अणुप्पेहाए ।

**प.** कम्हा ?

**उ.** अणुवओगो दव्वमिति कट्टु ।

(१) **णेगमस्स** - एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, दोण्णि अणुवउत्ता आगमओ दोण्णि दव्वावस्सयाइं, तिण्णि अणुवउत्ता आगमओ तिण्णि दव्वावस्सयाइं, एवं जावइया अणुवउत्ता तावयाइं ताइं णेगमस्स आगमओ दव्वावस्सयाइं ।

(२) **एवमेव ववहारस्स वि ।**

(३) **संगहस्स**– एगो वा, अणेगा वा, अणुवउत्तो वा, अणुवउत्ता वा, आगमओ दव्वावस्सयं वा, दव्वावस्सयाणि वा से एगे दव्वावस्सए ।

(४) **उज्जुसुयस्स**– एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहत्तं नेच्छइ ।

(५-६-७) **तिण्हं सद्दनयाणं**– जाणए अणुवउत्ते अवत्थू ।

**प.** कम्हा ?

**उ.** जइ जाणए अणुवउत्ते न भवइ, जइ अणुवउत्ते जाणए न भवइ, तम्हा णत्थि आगमओ दव्वावस्सयं ।

**से तं आगमओ दव्वावस्सयं ।**

**प.** से किं तं नोआगमओ दव्वावस्सयं ?

**उ.** **नोआगमओ दव्वावस्सयं**– तिविहं पण्णत्तं, तं जहा–

(१) जाणगसरीर दव्वावस्सयं,

(२) भवियसरीर दव्वावस्सयं,

(३) जाणगसरीर भवियसरीर वइरित्तं दव्वावस्सयं ।

જે વાચના, પૃચ્છના, પુનરાવૃત્તિ તથા ધર્મકથાથી યુક્ત છે પણ અનુપ્રેક્ષાથી યુક્ત નથી.

**પ્ર.** તેનું કારણ શું ?

**ઉ.** ઉપયોગ રહિત હોવું એ જ દ્રવ્ય-આવશ્યકનું કારણ છે, માટે અનુપ્રેક્ષાનો નિષેધ કરવામાં આવ્યો છે.

૧. **નૈગમનય અનુસાર –** ઉપયોગ રહિત એક વ્યક્તિ આગમથી એક દ્રવ્ય આવશ્યક છે, ઉપયોગ રહિત બે વ્યક્તિ આગમથી બે દ્રવ્ય આવશ્યક છે. ત્રણ ઉપયોગ રહિત વ્યક્તિ આગમથી ત્રણ દ્રવ્ય આવશ્યક છે. આ પ્રમાણે જેટલા ઉપયોગ રહિત વ્યક્તિ હોય તેટલા નૈગમનય અનુસાર આગમથી દ્રવ્ય આવશ્યક છે.

૨. **વ્યવહારનય નૈગમનયની જેમ વ્યવહાર નયના પણ દ્રવ્ય આવશ્યક જાણવા.**

૩. **સંગ્રહનય અનુસાર-** એક હોય કે અનેક હોય, એક વ્યક્તિ ઉપયોગ રહિત હોય કે અનેક વ્યક્તિ ઉપયોગ રહિત હોય, આગમથી એક દ્રવ્ય આવશ્યક હોય કે અનેક દ્રવ્ય આવશ્યક હોય તે સંગ્રહનય અનુસાર એક દ્રવ્ય આવશ્યક છે.

૪. **ૠજુસૂત્રનય અનુસાર -** એક વ્યક્તિ જે ઉપયોગ રહિત છે, તે જ એક દ્રવ્ય આવશ્યક છે. ૠજુસૂત્રનય જુદી-જુદી વ્યક્તિઓની વિવક્ષા કરતો નથી.

૫-૬-૭. **શબ્દ આદિ ત્રણનય અનુસાર -** જે જ્ઞાતા હોય અને ઉપયોગ રહિત પણ હોય એવું બની શકે નહિ.

**પ્ર.** તેનું કારણ શું ?

**ઉ.** જે જ્ઞાતા છે તે (આ નયોની અપેક્ષાએ) ઉપયોગ રહિત હોતો નથી, જે ઉપયોગ રહિત છે તે જ્ઞાતા કહેવાતો નથી, માટે તે આગમથી દ્રવ્ય આવશ્યક નથી.

**આ આગમથી દ્રવ્ય આવશ્યક કહેવાય છે.**

**પ્ર.** નોઆગમથી દ્રવ્ય આવશ્યક કોને કહેવાય ?

**ઉ.** નોઆગમથી દ્રવ્ય આવશ્યક ત્રણ પ્રકારના કહ્યાં છે, જેમ કે-

૧. જ્ઞાયક શરીર દ્રવ્ય આવશ્યક,

૨. ભવ્ય શરીર દ્રવ્ય આવશ્યક,

૩. જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય આવશ્યક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं जाणगसरीर दव्वावस्सयं ?

उ. **जाणगसरीर दव्वावस्सयं** - "आवस्सए" त्ति पदत्थाधिकार जाणगस्स जं सरीरयं ववगय चुत चावित चत्त देहं, जीव विप्पजढ, सेज्जागयं वा, संथारगयं वा, सिद्धसिलातलगयं वा पासित्ता णं कोइ भणेज्जा ।

"अहो णं इमेणं सरीरसमुस्सएणं जिणदिट्ठेणं भावेण "आवस्सए" त्ति पयं आघवियं, पण्णवियं, परूवियं दंसियं, निदंसियं, उवदंसियं ।

प. जहा को दिट्ठन्तो ?

उ. अयं महुकुंभे आसी, अयं घयकुंभे आसी ।

**से तं जाणगसरीर दव्वावस्सयं ।**

प. से किं तं भवियसरीर दव्वावस्सयं ?

उ. **भवियसरीर दव्वावस्सयं** - जे जीवे जोणि–जम्म–णणिक्खंते इमेणं चेव सरीरसमुस्सएणं आदत्तएणं जिणोवदिट्ठेणं भावेणं "आवस्सए" त्ति पयं सेयकाले सिक्खिस्सइ, न ताव सिक्खइ ।

प. जहा को दिट्ठन्तो ?

उ. अयं महुकुंभे भविस्सइ, अयं घयकुंभे भविस्सइ ।

**से तं भवियसरीर दव्वावस्सयं ।**

प. से किं तं जाणगसरीर–भवियसरीर वइरित्ते दव्वावस्सए ?

उ. जाणगसरीर–भवियसरीर वइरित्ते दव्वावस्सए तिविहे पण्णत्ते, तं जहा–

(१) लोइए,

(२) कुप्पावयणिए,

(३) लोगुत्तरिए ।

प. से किं तं लोइयं दव्वावस्सयं ?

उ. **लोइयं दव्वावस्सयं** – जे इमे राईसर–तलवर–माडंबिय–कोडुंबिय–इब्भ–सेट्ठि–सेणावइ–सत्थवाहप्पभितिओ–कल्लं पाउप्पभायाए रयणीए सुविमलाए फुल्लुप्पल–कमल कोमलुम्मि–ल्लियम्मि अहापंडुरे पभाए रत्तासोगप्प–

પ્ર. જ્ઞાયક શરીર દ્રવ્ય આવશ્યક - આવશ્યક કોને કહેવાય ?

ઉ. જ્ઞાયક શરીર-દ્રવ્ય આવશ્યક — આવશ્યક એવા પદના અર્થ અને અધિકારને જાણનારના મૃતદેહને શય્યા પર, સંસ્તારક પર પડેલું જોઈ અથવા સિદ્ધ - શિલા પર જોઈ કોઈ એક કહે કે -

'અહો ! આ શરીરે સર્વજ્ઞ પ્રરૂપિત ભાવાનુસાર 'આવશ્યક' એવું પદ કહ્યું. પ્રરૂપિત કર્યું, તેનું અધ્યયન કરાવ્યું, દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યું અને ઉપદેશ દીધો છે'.

પ્ર. આ વિષયમાં કોઈ દ્રષ્ટાંત છે ?

ઉ. આ મધનો કળશ હતો, આ ઘીનો કળશ હતો, એ દ્રષ્ટાંત સમજવા.

**એ જ્ઞાયક શરીર દ્રવ્ય આવશ્યક કહેવાય છે.**

પ્ર. ભવ્ય શરીર દ્રવ્ય આવશ્યક કોને કહેવાય ?

ઉ. **ભવ્ય શરીર દ્રવ્ય આવશ્યક**-જે જીવ યોનિથી જન્મ લઈ ક્રમશઃ વધતા શરીરને પ્રાપ્ત કરી જિન-કથિત ભાવાનુસાર આવશ્યક એવા પદને ભવિષ્યમાં શીખશે, પરંતુ વર્તમાનમાં શીખતો નથી.

પ્ર. આ વિષયમાં કોઈ દ્રષ્ટાંત છે ?

ઉ. આ મધનો કુંભ હશે, આ ઘીનો કુંભ હશે. એ દ્રષ્ટાંત સમજવા.

**એ ભવ્ય શરીર દ્રવ્ય આવશ્યક કહેવાય છે.**

પ્ર. જ્ઞાયક શરીર - ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય આવશ્યકના કેટલા પ્રકાર છે ?

ઉ. જ્ઞાયક શરીર - ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય આવશ્યકના ત્રણ પ્રકાર છે, જેમ કે -

૧. લૌકિક,

૨. કુપ્રાવચનિક,

૩. લોકોત્તરિક.

પ્ર. લૌકિક દ્રવ્ય આવશ્યક કોને કહેવાય ?

ઉ. **લૌકિક દ્રવ્ય આવશ્યક**-જે રાજેશ્વર, નગરરક્ષક, સીમારક્ષક, ગ્રામરક્ષક, ધનવાન શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ રાત્રિ વીતી પ્રભાત થતાં, કોમળ ઉત્પલ કમળ ખીલતાં, તે શ્વેતવર્ણા પ્રભાતમાં, રક્તવર્ણા અશોક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गासकिंसुय–सुयमुह–गुंजद्धरागसरिसे कमलागर–नलिणिसंडबोहए, उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते मुहधोयण–दंतपक्खालण तेल्ल–फणिह सिद्धत्थय–हरियालिय–उद्दाग–धूव–पुप्फ मल्ल–गंध–तंबोल वत्थमाइयाइं दव्वावस्सयाइं करेत्ता ततो पच्छा रायकुलं वा, देवकुलं वा, आरामं वा, उज्जाणं वा, समं वा, पवं वा गच्छंति ।

**से तं लोइयं दव्वावस्सयं ।**

प. से किं तं कुप्पावयणियं दव्वावस्सयं ?

उ. **कुप्पावयणियं दव्वावस्सयं**-जे इमे चरग–चीरिग चम्मखंडिय–भिच्छुंडग–पंडरंग–गोतम–गोव्वतिय–गिहिधम्म धम्मचिंतग–अविरुद्धऽ विरुद्ध–वुड्ढ–सावगप्पभितयो पासंडत्था कल्लं पाउप्पभायाए रयणीए–**जाव**–तेयसा जलंते इंदस्स वा, खंदस्स वा, रुद्दस्स वा, सिवस्स वा, वेसमणस्स वा, देवस्स वा, नागस्स वा, जक्खस्स वा, भूयस्स वा, मुगुंदस्स वा, अज्जाए वा, कोट्ट किरियाए वा उवलेवण–सम्मज्जणाऽऽवरिसण–धूव–पुप्फ–गंधमल्लाइयाइं दव्वावस्सयाइं करेंति ।

**से तं कुप्पावयणियं दव्वावस्सयं ।**

प. से किं तं लोगुत्तरियं दव्वावस्सयं ?

उ. **लोगुत्तरियं दव्वावस्सयं** - जे इमे समणगुण–मुक्क जोगी छक्कायनिरणुकंपा हया इव उद्दामा, गया इव निरंकुसा, घट्ठा, मट्ठा, तुप्पोट्ठा, पंडरपड–पाउरणा, जियाण अणाणाए सच्छंदं विहरिऊणं उभओकालं आवस्सगस्स उवट्ठंति ।

**से तं लोगुत्तरियं दव्वावस्सयं ।**
**से तं जाणगसरीर–भवियसरीर वइरित्तं दव्वावस्सयं ।**
**से तं नोआगमओ दव्वावस्सयं ।**
**से तं दव्वावस्सयं ।**

प. से किं तं भावावस्सयं ?

उ. भावावस्सयं दुविहं पण्णत्तं, तं जहा –
(१) आगमतो य, (२) नोआगमतो य ।

કેસુડાં, પોપટની ચાંચ તથા ચણોઠી જેવા રાતા રક્તકમળ સમૂહ તથા નલિની ખંડને વિકસિત કરનાર અને તેજથી જાજ્વલ્યમાન, સહસ્ત્ર કિરણવાળા સૂર્યનો ઉદય થતાં મોઢું ધોઈ, દંત પ્રક્ષાલન કરી, અરીસામાં જોઈ તેલ નાંખીને, કેશ ઓળીને, ધૂપ, પુષ્પ, માળા, સુગન્ધ, પાન, વસ્ત્ર ઈત્યાદિ દ્રવ્ય આવશ્યક કરીને રાજકુળ, દેવકુળ, આરામ, ઉદ્યાન, સભા કે ક્રીડા સ્થળ પર જાય છે.

**તેને લૌકિક દ્રવ્ય આવશ્યક કહેવાય છે.**

પ્ર. કુપ્રાવચનિક આવશ્યક કોને કહેવાય ?

ઉ. **કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યક** - જે ત્રિદંડિ, દરિદ્ર ભિક્ષુ, ચર્મધારી, ભિખારી, વૈનયિક ભિક્ષુ, ગૌતમ ગોત્રીય, ગોવ્રતિક, અવિરુદ્ધ ધર્મચિંતક, અવિરુદ્ધ વૃદ્ધ શ્રાવક, બ્રાહ્મણ વ્રતધારી આદિ રાત્રિ વીતતાં પ્રભાતમાં **યાવત્** સૂર્યોદય થતાં ઈન્દ્ર, સ્કન્ધ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, દેવ, નાગ, યક્ષ, ભૂત, મુકુન્દ, પાર્વતી કે દુર્ગાદેવીને ચંદનનો લેપ, માર્જન, સિંચન, ધૂપ, પુષ્પ, ગંધ, માળા આદિ દ્રવ્ય આવશ્યક કરે છે.

**તેને કુપ્રાવચનિક આવશ્યક કહેવાય છે.**

પ્ર. લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક કોને કહેવાય ?

ઉ. **લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક** - જે શ્રમણના ગુણોથી રહિત પ્રવૃત્તિવાળા, છકાયની અનુકંપા રહિત, અશ્વ જેવા સ્વચ્છંદી, નિરંકુશ હાથી જેવા, કસરતી માલીશ કરેલા શરીરવાળા, ઘી લગાડેલ કોમળ હોઠવાળા, ધોયેલા સ્વચ્છ વસ્ત્રોવાળા, જિનાજ્ઞાથી વિપરીત સ્વચ્છંદપણે વિચરણ કરી બે વાર આવશ્યક કરે છે.
**તેને લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક કહે છે.**
**આ જ્ઞાયક-શરીર, ભવ્ય-શરીર વ્યતિરિક્ત દ્રવ્ય આવશ્યક થયું.**
**આ નોઆગમથી દ્રવ્ય આવશ્યક થયું.**
**આ દ્રવ્ય આવશ્યક થયું.**

પ્ર. ભાવ આવશ્યક કોને કહેવાય ?

ઉ. ભાવ આવશ્યક બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -
(૧) આગમથી, (૨) નોઆગમથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं आगमतो भावावस्सयं ?

उ. **आगमतो भावावस्सयं** - जाणए उवउत्ते ।

**से तं आगमतो भावावस्सयं ।**

प. से किं तं नोआगमतो भावावस्सयं ?

उ. नोआगमतो भावावस्सयं तिविहं पण्णत्त, तं जहा–
(१) लोइयं, (२) कुप्पावयणियं,
(३) लोगुत्तरियं ।

प. से किं तं लोइयं भावावस्सयं ?

उ. **लोइयं भावावस्सयं** - पुव्वण्हे भारहं, अवरण्हे रामायणं ।
**से तं लोइयं भावावस्सयं ।**

प. से किं तं कुप्पावयणियं भावावस्सयं ?

उ. **कुप्पावयणियं भावावस्सयं**– जे इमे चरग चीरिग–**जाव**–पासण्डतथा इज्जंजलि–होम–**जप**–उंदुरूक्क–नमोक्कार–माइयाइं भावावस्सयाइं करेंति । **से तं कुप्पावयणियं भावावस्सयं ।**

प. से किं तं लोगुत्तरियं भावावस्सयं ?

उ. **लोगुत्तरियं भावावस्सयं** - जं णं इमं समणे वा, समणी वा, सावए वा, साविया वा तच्चित्ते, तम्मणे, तल्लेसे तदज्झवसिए, तत्तिव्वज्झवसाणे, तदट्ठोवउत्ते तदप्पियकरणे तब्भावणाभाविते अण्णत्थ कत्थइ मणं अकरेमाणे उभओ कालं आवस्सयं करेंति ।
**से तं लोगुत्तरियं भावावस्सयं ।**
**से तं नोआगमतो भावावस्सयं ।**
**से तं भावावस्सयं ।**

तस्स णं इमे एगट्ठिया णाणाघोसा णाणावंजणा णामधेज्जा भवंति । तं जहा–**गाहाओ** -

(१) आवस्सयं, (२) अवस्सकरणिज्जं,
(३) धुवणिग्गहो, (४) विसोही य ।
(५) अज्झयण छक्कवग्गो, (६) नाओ,
(७) आराहणा, (८) मग्गो ।।

समणेण सावएण य,
अवस्सकायव्वयं हवति जम्हा ।
अंतो अहो निसिस्स व,
तम्हा आवस्सयं नाम ।।

**से तं आवस्सयं ।।**

–अणु. सु. ९–२९

પ્ર. આગમથી ભાવ આવશ્યક કોને કહેવાય ?

ઉ. જે જાણકાર છે તથા ઉપયોગયુક્ત છે, તે **આગમથી ભાવ આવશ્યક છે.**

**તેને આગમથી ભાવ આવશ્યક કહેવાય છે.**

પ્ર. નોઆગમથી ભાવ આવશ્યક કોને કહેવાય ?

ઉ. નોઆગમથી ભાવ આવશ્યકના ત્રણ પ્રકાર છે, જેમ કે -
(૧) લૌકિક, (૨) કુપ્રાવચનિક,
(૩) લોકોત્તરિક.

પ્ર. લૌકિક ભાવ આવશ્યક કોને કહેવાય ?

ઉ. **લૌકિક ભાવ આવશ્યક** - પૂર્વાહ્નમાં મહાભારતનું પારાયણ, અપરાહ્નમાં રામાયણનું પારાયણ, **આ લૌકિક ભાવ આવશ્યક કહેવાય છે.**

પ્ર. કુપ્રાવચનિક ભાવ આવશ્યક કોને કહેવાય ?

ઉ. **કુપ્રાવચનિક ભાવ આવશ્યક** - જે ત્રિદંડિ, દરિદ્રી **યાવત્** વ્રતી યજ્ઞ, હોમ, જપ, બળદની જેમ અવાજ કરવો, નમસ્કાર કરવો ઈત્યાદિ ભાવ આવશ્યક કરે છે. **તેને કુપ્રાવચનિક ભાવ આવશ્યક કહેવાય છે.**

પ્ર. લોકોત્તરિક ભાવ આવશ્યક કોને કહેવાય ?

ઉ. **લોકોત્તરિક ભાવ આવશ્યક** - જે શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા આવશ્યકમાં ચિત્ત તથા મન લગાવી, તલ્લીન બની ઉત્સાહયુક્ત આવશ્યક અર્થમાં ઉપયોગયુક્ત, પૂર્ણતઃ એકાગ્ર ભાવથી અન્ય કોઈપણ ચિંતનમાં મન ન લગાડતાં ઉભય કાળ આવશ્યક કરે છે.

**તે લોકોત્તરિક ભાવ આવશ્યક કહેવાય છે.**

**આ નોઆગમથી ભાવ આવશ્યક છે.**

**આ ભાવ આવશ્યક છે.**

તે આવશ્યકના સમાન અર્થવાળા, જુદા જુદા ધ્વનિવાળા, વિવિધ વ્યંજનવાળા નામ છે, જેમ કે - **ગાથાર્થ**-

(૧) આવશ્યક, (૨) અવશ્યકરણીય,
(૩) ધ્રુવ-નિગ્રહ, (૪) વિશુદ્ધિ,
(૫) છ અધ્યયનનો વર્ગ, (૬) જ્ઞાત,
(૭) આરાધના અને (૮) માર્ગ.

આ શ્રમણ અને શ્રાવકને દિવસ અને રાત્રિના અંતમાં અવશ્યકરણીય હોય છે. માટે તેનું 'આવશ્યક' નામ છે.

**આ આવશ્યક છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**छव्विहे आवस्सए–**

१८०८. छव्विहे आवस्सए पण्णत्ते, तं जहा–
(१) सामाइयं, (२) चउवीसत्थओ, (३) वंदणं,
(४) पडिक्कमणं, (५) काउस्सग्गो,
(६) पच्चक्खाणं ।

–अणु. सु. ७४

आवस्सगस्स णं इमे अत्थाहिगारा भवंति,
तं जहा–
(१) सावज्जजोगविरती, (२) उक्कित्तण,
(३) गुणवओ य पडिवत्ती ।
(४) खलियस्स निंदणा, (५) वणतिगिच्छ,
(६) गुणधारणा चेव ।।

–अणु. सु. ७३

**છ પ્રકારનાં આવશ્યક :**

૧૮૦૮. છ પ્રકારના આવશ્યક કહ્યાં છે, જેમ કે -
(૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદના,
(૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ,
(૬) પ્રત્યાખ્યાન.

આવશ્યકના અર્થાધિકારોના નામ આ પ્રમાણે છે,
જેમ કે -
(૧) સાવદ્યયોગવિરતિ, (૨) ઉત્કીર્તન,
(૩) ગુણવત્પ્રતિપત્તિ,
(૪) સ્ખલિતનિંદા, (૫) વ્રણચિકિત્સા અને
(૬) ગુણધારણા.

## પ્રતિક્રમણના પ્રકાર – ૨

**पंचविहे पडिक्कमणे–**

१८०९. पंचविहे पडिक्कमणे पण्णत्ते, तं जहा–
(१) आसवदारपडिक्कमणे,
(२) मिच्छत्तपडिक्कमणे,
(३) कसायपडिक्कमणे,
(४) जोगपडिक्कमणे,
(५) भावपडिक्कमणे ।

– ठाणं. अ. ५, उ. ३, सु. ४६६

**પાંચ પ્રકારના પ્રતિક્રમણ :**

૧૮૦૯. પ્રતિક્રમણના પાંચ પ્રકાર કહ્યાં છે, જેમ કે -
૧. પ્રાણાતિપાત આદિ આશ્રવોથી આત્માને નિવૃત્ત કરવો.
૨. મિથ્યાત્વનો પરિત્યાગ કરવો.
૩. કષાયોથી આત્માને નિવૃત્ત કરવો.
૪. મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિથી નિવૃત્ત કરવો.
૫. રાગ-દ્વેષના ભાવનો પરિત્યાગ કરવો.

**छव्विहे पडिक्कमणे–**

१८१०. छव्विहे पडिक्कमणे पण्णत्ते, तं जहा–
(१) उच्चार–पडिक्कमणे,
(२) पासवण–पडिक्कमणे,
(३) इत्तरिए–पडिक्कमणे,
(४) आवक्कहिय–पडिक्कमणे,

**છ પ્રકારના પ્રતિક્રમણ :**

૧૮૧૦. પ્રતિક્રમણના છ પ્રકાર કહ્યાં છે, જેમકે -
૧. **ઉચ્ચાર પ્રતિક્રમણ** - મળ ત્યાગ કર્યા બાદ ફરી પાછા આવીને ઈર્યાપથિકી સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરવું.
૨. **પ્રશ્રવણ પ્રતિક્રમણ** - મૂત્ર ત્યાગ કર્યા બાદ ફરી પાછા આવીને ઈર્યાપથિકી સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરવું.
૩. **ઈત્વરિક પ્રતિક્રમણ** - દૈવસિક, રાત્રિક આદિ પ્રતિક્રમણ કરવું.
૪. **યાવત્કથિત પ્રતિક્રમણ** - હિંસા આદિથી સર્વથા નિવૃત્ત થવું, અથવા આજીવન અનશન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) जंकिंचिमिच्छा–पडिक्कमणे,

(६) सोमणंतिय–पडिक्कमणे,

–ठाणं. अ. ६, सु. ५३८

૫. **યત્કિંચિત્ મિથ્યાદુષ્કૃત પ્રતિક્રમણ** - સાધારણ અયતના થતાં તેની વિશુદ્ધિ માટે 'મિચ્છામિ દુક્કડં' એ શબ્દોમાં ખેદ પ્રકટ કરવો.

૬. **સ્વપ્નાંતિક પ્રતિક્રમણ** - સૂઈને ઉઠ્યા બાદ 'શય્યા દોષ નિવૃત્તિ સૂત્ર' દ્વારા પ્રતિક્રમણ કરવું.

**अइक्कमाईणं पगारा–**

१८११. तिविहे अइक्कमे पण्णत्ते, तं जहा–

(१) णाणअइक्कमे,

(२) दंसणअइक्कमे,

(३) चरित्तअइक्कमे ।

तिविहे वइक्कमे पण्णत्ते, तं जहा–

(१) णाणवइक्कमे,

(२) दंसणवइक्कमे,

(३) चरित्तवइक्कमे ।

तिविहे अइयारे पण्णत्ते,

तं जहा–

(१) णाणअइयारे,

(२) दंसणअइयारे,

(३) चरित्तअइयारे ।

तिविहे अणायारे पण्णत्ते, तं जहा–

(१) णाणअणायारे,

(२) दंसणअणायारे,

(३) चरित्तअणायारे ।

–ठाणं अ. ३, उ. ४, सु. १९८

**અતિક્રમાદિના પ્રકાર :**

૧૮૧૧. અતિક્રમ (પ્રતિકૂળ આચરણનો સંકલ્પ) ના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે -

૧. જ્ઞાન અતિક્રમણ,

૨. દર્શન અતિક્રમણ,

૩. ચારિત્ર અતિક્રમણ.

વ્યતિક્રમ (પ્રતિકૂળ આચરણનો પ્રયત્ન) ના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે -

૧. જ્ઞાન વ્યતિક્રમણ,

૨. દર્શન વ્યતિક્રમણ,

૩. ચારિત્ર વ્યતિક્રમણ.

અતિચાર (આંશિક પ્રતિકૂળ આચરણ) ના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે -

૧. જ્ઞાન અતિચાર,

૨. દર્શન અતિચાર,

૩. ચારિત્ર અતિચાર.

અનાચાર (પૂર્ણ પ્રતિકૂળ આચરણ) ના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે -

૧. જ્ઞાન અનાચાર,

૨. દર્શન અનાચાર,

૩. ચારિત્ર અનાચાર.

**अइक्कमाईणं विसोही–**

१८१२. तिण्हमइक्कमाणं आलोएज्जा, पडिक्कमेज्जा, णिंदेज्जा, गरहेज्जा, विउट्टेज्जा, विसोहेज्जा, अकरणयाए अब्भुट्ठेज्जा, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जेज्जा, तं जहा–

(१) णाणातिक्कमस्स,

(२) दंसणातिक्कमस्स,

(३) चरित्तातिक्कमस्स ।

तिण्हं वइक्कमाणं–आलोएज्जा–**जाव**–अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जेज्जा, तं जहा–

**અતિક્રમાદિની વિશુદ્ધિ :**

૧૮૧૨. ત્રણ પ્રકારના અતિક્રમોની આલોચના કરે, પ્રતિક્રમણ કરે, નિંદા કરે, ગર્હા કરે, પાપથી નિવૃત્ત બને, વિશુદ્ધિ કરે, ફરી ન કરવાનો સંકલ્પ કરે, યથોચિત તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે, જેમ કે -

૧. જ્ઞાનાતિક્રમણની,

૨. દર્શનાતિક્રમણની,

૩. ચારિત્રાતિક્રમણની.

ત્રણ પ્રકારના વ્યતિક્રમોની આલોચના કરે **યાવત્** યથોચિત તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે, જેમ કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) णाणवइक्कमस्स,
(२) दंसणवइक्कमस्स,
(३) चरित्तवइक्कमस्स ।
तिण्हमतिचाराणं-आलोएज्जा-**जाव**-अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जेज्जा, तं जहा-
(१) णाणातिचारस्स,
(२) दंसणातिचारस्स,
(३) चरित्तातिचारस्स ।
तिण्हमणायाराणं-आलोएज्जा-**जाव**-अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जेज्जा, तं जहा-
(१) णाण-अणायारस्स,
(२) दंसण-अणायारस्स,
(३) चरित्त-अणायारस्स ।

-*ठाणं. अ. ३, उ. ४, सु. १९८*

१. જ્ઞાન વ્યતિક્રમણની,
૨. દર્શન વ્યતિક્રમણની,
૩. ચારિત્ર વ્યતિક્રમણની.
ત્રણ પ્રકારના અતિચારોની આલોચના કરે **યાવત્** યથોચિત તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે, જેમ કે -
૧. જ્ઞાનાતિચારની,
૨. દર્શનાતિચારની,
૩. ચારિત્રાતિચારની.
ત્રણ પ્રકારના અનાચારોની આલોચના કરે **યાવત્** યથોચિત તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે, જેમ કે -
૧. જ્ઞાન અનાચારની,
૨. દર્શન અનાચારની,
૩. ચારિત્ર અનાચારની.

## શ્રમણ પ્રતિક્રમણ - ૩

**पडिक्कमण काउस्सग-करण-च पइण्णा-**

१८१३. आवस्सही इच्छाकारेणं संदिसह भगवन् !
देवसी पडिक्कमणं ठाएमि,
देवसी णाण-दंसण-चरित्त-तव-अइयार चिंतणत्थं करेमि काउसग्गं ।

-*सुत्तागमे, आव. अ. १, सु. १*

**પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા :**

૧૮૧૩. હે ભંતે ! મને આજ્ઞા પ્રદાન કરો.
હું દિવસ સંબંધી પ્રતિક્રમણ (આવશ્યક) કરવાની ઈચ્છા રાખું છું અને,
જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વિષયક દિવસ - સંબંધી અતિચારોનું ચિંતન કરવા માટે કાયોત્સર્ગ કરવા ચાહું છું.

**सामाइय सुत्तं-**

१८१४. करेमि भंते ! सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि,
जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं, वायाए, काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि,
तस्स भंते ! पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि ।

-*आव. अ. १, सु. २*

**સામાયિક સૂત્ર :**

૧૮૧૪. ભંતે! હું સામાયિક ગ્રહણ કરું છું. સર્વ સાવદ્ય (પાપકર્મ રૂપ) વ્યાપારનો ત્યાગ કરું છું.
જીવનપર્યન્ત ત્રણ કરણ, ત્રણ યોગથી અર્થાત્ મન, વચન અને કાયાથી (સર્વ સાવદ્ય પાપકર્મ) હું કરીશ નહિ બીજા પાસે કરાવીશ નહિ અને કરનારનું અનુમોદન કરીશ નહિં.
ભંતે! હું પૂર્વકૃત પાપોથી નિવૃત્ત થાઉં છું, આત્મસાક્ષીએ તેની નિંદા કરું છું, આપની સાક્ષીએ તેની ગર્હા કરું છું તથા પાપકર્મ કરનાર આત્માની અતીત અવસ્થાનો પૂર્ણ રૂપથી ત્યાગ કરું છું.

**गुरु वंदण सुत्तं-**

१८१५. इच्छामि खमासमणो ! वंदिउं, जावणिज्जाए निसीहियाए,

अणुजाणह मे मिउग्गहं, निसीहि,

अहोकायं काय-संफासं,

खमणिज्जो भे किलामो,

अप्पकिलंताणं बहुसुभेणं भे दिवसो वइक्कंतो ?

जत्ता भे ?

जवणिज्जं चं भे ?

खामेमि खमासमणो ! देवसियं वइक्कमं,

आवस्सिआए पडिक्कमामि-

खमासमणाणं देवसियाए आसायणाए तित्तीसन्नयराए, जं किंचि मिच्छाए मणदुक्कडाए, वयदुक्कडाए, कायदुक्कडाए, कोहाए, माणाए, मायाए, लोभाए, सव्वकालियाए, सव्वमिच्छोवयाराए, सव्वधम्मा-इक्कमणाए, आसायणाए-जो मे अइयारो कओ तस्स खमासमणो ! पडिक्कमामि, निंदामि, गरिहामि अप्पाणं वोसिरामि ।

—आव. अ. ३, सु. १०

**ગુરુવંદન સૂત્ર :**

૧૮૧૫. હે ક્ષમાશીલ શ્રમણ ! હું પાપ- પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ મારા શરીર દ્વારા આપને યથાશક્તિ વંદન કરવા ચાહું છું.

માટે મને આપની ચારે તરફના અવગ્રહમાં (ત્રણ હાથ જેટલા ક્ષેત્રમાં) પ્રવેશ કરવાની આજ્ઞા આપો.

હું અશુભ ક્રિયાઓનો ત્યાગ કરી, મારા મસ્તિષ્ક તથા હાથથી આપના ચરણોનો સમ્યક્ રૂપે સ્પર્શ કરું છું.

ચરણસ્પર્શ કરતાં આપને જે કંઈ પીડા ઉપજી હોય તો તે ક્ષંતવ્ય છે, માટે ક્ષમા કરો.

શું ગ્લાનિ રહિત આપનો આજનો દિવસ ઘણા જ આનંદથી વ્યતીત થયો ?

આપની તપ તથા સંયમરૂપ યાત્રા નિર્બાધ છે ?

આપનું શરીર મન તથા ઈન્દ્રિયો નિર્બાધ છે ?

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ! મારાથી દિવસ દરમ્યાન કોઈ અપરાધ થયો હોય તો હું ક્ષમા ચાહું છું.

ભંતે! આવશ્યક ક્રિયા કરતી વેળાએ મારાથી કોઈ વિપરીત આચરણ થયું હોય તો હું તેનું પ્રતિક્રમણ કરું છું.

આપ ક્ષમાશ્રમણોની દિવસ સંબંધી તેત્રીસ આશાતનાઓમાંથી કોઈ એક પ્રકારની આશાતના મિથ્યાભાવથી, માનસિક દ્વેષથી, દુર્વચનથી, શારીરિક કુચેષ્ટાઓથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, સર્વકાળ સંબંધી, સર્વ પ્રકારના મિથ્યા ભાવોથી, સર્વ પ્રકારના ધર્મોનું અતિક્રમણ કરનારી આશાતનાથી મેં કોઈ પણ પ્રકારના અતિચાર કર્યા હોય તો, હે ક્ષમાશ્રમણ, તેનું હું પ્રતિક્રમણ કરું છું, મનથી નિંદા કરું છું, આપની સમક્ષ તેની ગર્હા કરું છું તથા પાપકર્મ કરનાર આશાતનાયુક્ત એવા આત્માનો પરિત્યાગ કરું છું.

**गुरुवंदणस्स दुवालसावत्तणाइं-**

१८१६. दुवालसावत्ते कितिकम्मे पण्णत्ते,

तं जहा-

(१) दुओणयं,

(२) जहाजायं,

(३) कितिकम्मं-बारसावयं,

**ગુરુ વંદનના દ્વાદશાવર્તન :**

૧૮૧૬. કૃતિકર્મ (ગુરુવંદન) દ્વાદશાવર્તનયુક્ત બતાવેલ છે, જેમ કે -

૧. બે વાર નમન (ગુરુના અવગ્રહના પ્રવેશ સમયે) કરવું = ૨

૨. ઉત્કટુક આસનથી મસ્તિષ્ક પાસે અંજલિ કરીને બેસવું = ૧

૩. બાર આવર્તન કરવા (ચાર વાર ત્રણ ત્રણ આવર્તન કરવાં) = ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४) चउसिरं,

(५) तिगुत्तं च,

(६) दुपवेसं,

(७) एगनिक्खमाणं[१]

–सम. सम. १२, सु. १

૪. ચાર વાર મસ્તિષ્ક ઝુકાવવું (પ્રત્યેક આવર્તનત્રિક પછી) = ૪

૫. મન, વચન, કાયાની એકાગ્રતા રાખવી = ૩

૬. બે વાર ગુરુ અવગ્રહમાં પ્રવેશ કરવો = ૨

૭. એક વાર ગુરુ અવગ્રહમાંથી બહાર નીકળવું = ૧

૨૫

**ओघाइयारस्स पडिक्कमण सुत्तं–**

१८१७. इच्छामि ठामि पडिक्कमिउं जो मे देवसिओ अइयारो कओ काइओ वाइओ माणसिओ,

उस्सुत्तो उम्मग्गो अकप्पो अकरणिज्जो दुज्झाओ दुव्विचिंतिओ अणायारो अणिच्छियव्वो असमण–पाउग्गो,

नाणे तह दंसणे चरित्ते, सुए सामाइए, तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हं महव्वयाणं, छण्हं जीवनिकायाणं, सत्तण्हं पिंडेसणाणं, अट्ठण्हं पवयणमाऊणं, नवण्हं बंभचेरगुत्तीणं, दसविहे समणधम्मे, समणाणं जोगाणं जं खंडियं जं विराहियं तस्स मिच्छामि दुक्कडं ।

–आव. अ. ४, सु. १५

**સમુચ્ચય અતિચારોનું પ્રતિક્રમણ સૂત્ર :**

૧૮૧૭. હું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું. દિવસ દરમ્યાન મેં જે કંઈ અતિચારો કર્યા છે તે (૧) કાયિક, (૨) વાચિક, (૩) માનસિક હોય,

જે સૂત્ર વિરુદ્ધ હોય, મોક્ષમાર્ગના વિરુદ્ધ હોય, અકલ્પનીય હોય, ન કરવા યોગ્ય હોય. દુર્ધ્યાનરૂપ હોય, દુશ્ચિંતન રૂપ હોય, અનાચરણીય હોય, અનિચ્છનીય હોય, શ્રમણ માટે અનુચિત હોય.

જ્ઞાન, દર્શન ચારિત્રમાં, શ્રુતજ્ઞાન અને સામાયિક ચારિત્રમાં, ત્રણ ગુપ્તિઓ, ચાર કષાયો, પાંચ મહાવ્રતો, છ જીવનિકાયો, સાત પિંડેષણાઓ, આઠ પ્રવચનમાતાઓ, નવ બ્રહ્મચર્ય ગુપ્તિઓ, દસ શ્રમણધર્મો તથા અન્ય બધા શ્રમણ યોગ્ય કર્તવ્યોની અવહેલના કરી હોય, વિરાધના કરી હોય તો એ દુષ્કૃત મારા માટે મિથ્યા થાઓ.

**इरियावहिअ पडिक्कमण सुत्तं–**

१८१८. इच्छामि पडिक्कमिउं इरियावहियाए विराहणाए गमणाऽऽगमणे, पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे ओसा–उत्तिंग–पणग–दग–मट्टि–मक्कडा–संताणा–संकमणे, जे मे जीवा विराहिया,

एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया, अभिहया, वत्तिया लेसिया संघाइया संघट्टिया परियाविया किलामिया उद्दविया ठाणाओ ठाणं संकामिया जीवियाओ ववरोविया तस्स मिच्छामि दुक्कडं ।

–आव. अ. ४, सु. १६

**ઈર્યાપથિક પ્રતિક્રમણ સૂત્ર :**

૧૮૧૮. હું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું, ગમનાગમન માર્ગમાં ચાલતા જે જીવોની વિરાધના થઈ હોય, તે પ્રાણીઓ પર ચાલીને, બીજોને કચડીને, વનસ્પતિને છૂંદીને, ઓસ, કીડીના દર, લીલ, સચિત્ત પાણી, સચિત્ત પૃથ્વી, કરોળિયાની જાળને કચડીને મેં જે જે જીવોની વિરાધના કરી હોય.

જે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય ને પંચેન્દ્રિય જીવ સન્મુખ આવતા રોક્યા હોય, ધૂળ આદિથી ઢાંક્યા હોય, ભૂમિ પર મસળ્યા હોય, એકત્રિત કર્યા હોય, સ્પર્શ કરીને પીડા દીધી હોય, પરિતાપના ઉપજાવી હોય, ઘાયલ કર્યા હોય, ઉપદ્રવિત કર્યા હોય, એક સ્થાનેથી બીજે સ્થાને મૂક્યા હોય, જીવ રહિત કર્યા હોય તો તેનું દુષ્કૃત્ય મારા માટે મિથ્યા થાઓ.

---

(૧) "અ-હો" (૨) "કા-યં" (૩) "કા - ય" (૪) "જત્તા-ભે" (૫) "જવણિ-જ્જં" (૬) "ચં-ભે" એમ છ પહેલીવાર અને છ બીજીવાર એમ કુલ બાર આવર્તન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सेज्जा अइयार विसोही सुत्तं–**

१८१९. इच्छामि पडिक्कमिउं,

पगामसिज्जाए, निगामसिज्जाए, संथारा उव्वट्टणाए, परिवट्टणाए, आउट्टणाए, पसारणाए, छप्पइय–संघट्टणाए,

कुइए, कक्कराइए, छीए, जंभाइए,

आमोसे, ससरक्खामोसे, आउलमाउलाए सोअणवत्तियाए, इत्थी–विप्परियासियाए, दिट्ठि–विप्परियासियाए, मण–विप्परियासियाए, पाणभोयण–विप्परियासियाए–

जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छा मि दुक्कडं ।

–आव. अ. ४, सु. १७

**શય્યા દોષ નિવૃત્તિ સૂત્ર :**

૧૮૧૯. હું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું,

ઘણું સૂવાથી, વારંવાર ઘણું સૂવાથી, પડખા ફેરવવાથી, વારંવાર પડખા ફેરવવાથી, અંગોપાંગને સંકોચવાથી, અંગોપાંગને ફેલાવવાથી, જૂ આદિનો સ્પર્શ કરવાથી.

જોરથી ખાંસી ખાતાં, કઠોર શય્યા પર સૂતાં, જોરથી છીંકતા, બગાસાં ખાતાં,

પ્રમાર્જન કર્યા વગર શરીરનો સ્પર્શ કરવાથી, સચિત્ત રજવાળા પદાર્થના સ્પર્શથી, આકુળવ્યાકુળ થવાથી, સ્વપ્ન નિમિત્તથી, સ્ત્રી સંબંધી વિપરીત પરિણામથી, દૃષ્ટિ સંબંધિત વિપરીત પ્રવૃત્તિથી, મન સંબંધી વિપરીત સંકલ્પથી, આહાર પાણીના વિપર્યાસથી,

દિવસ સંબંધી જે કોઈ અતિચાર મેં કર્યા હોય તો તેનું દુષ્કૃત મારા માટે મિથ્યા થાઓ.

**गोयरचरिया अइयार विसोहि सुत्तं–**

१८२०. पडिक्कमामि गोयरचरियाए भिक्खायरियाए,

उग्घाड–कवाड–उग्घाडणाए, साणा–वच्छा–दारासंघट्टणाए,

मंडि–पाहुडियाए, बलि–पाहुडियाए, ठवणा–पाहुडियाए,

संकिए, सहसागारे, अणेसणाए,

पाणभोयणाए, बीयभोयणाए, हरियभोयणाए, पच्छाकम्मियाए, पुरेकम्मियाए, अदिट्ठहडाए,

दग–संसट्ठहडाए, रय–संसट्ठहडाए, परिसाडणियाए, परिट्ठावणियाए, ओहासण–भिक्खाए,

जं उग्गमेणं, उप्पायणेसणाए अपरिसुद्धं परिग्गहियं, परिभुत्तं वा, जं न परिट्ठवियं तस्स मिच्छा मि दुक्कडं

–आव. अ. ४, सु. १८

**ગોચર-ચર્યા દોષ નિવૃત્તિ સૂત્ર :**

૧૮૨૦. હું પ્રતિક્રમણ કરું છું- ગોચરચર્યામાં, ભિક્ષાચર્યામાં (લાગેલા દોષ માટે),

અધખુલા દરવાજા ખોલવાથી, કુતરા, વાછરડાં અને બાળકોને અથડાવાથી.

અગ્રપિંડની ભિક્ષાથી, બલિકર્મની ભિક્ષાથી, સ્થાપનાની ભિક્ષાથી,

સંદિગ્ધ આહાર લેવાથી, વિચાર્યા વિના આહાર લેવાથી, એષણા કર્યા વગર આહાર લેવાથી,

પ્રાણીયુક્ત આહાર લેવાથી, બીજયુક્ત આહાર લેવાથી, લીલી વનસ્પતિયુક્ત આહાર લેવાથી, આહાર લીધા બાદ દાતા દ્વારા લાગેલા દોષથી, આહાર લેતાં પૂર્વે લાગેલા દોષથી, અદૃષ્ટ આહારાદિ લેવાથી,

પાણી લાગેલો આહાર લેવાથી, સચિત્ત રજ લાગેલો આહાર લેવાથી, આહાર દેનાર માર્ગમાં પડતો આહાર દે તે લેવાથી, બહુ આહાર લાવીને પરઠાવી દેવાથી. વગર કારણે વસ્તુને વારંવાર માંગીને લેવાથી.

ઉદ્ગમ-ઉત્પાદન-એષણાના દોષથી યુક્ત, અશુદ્ધ આહાર ગ્રહણ કરવાથી તથા તેનો ઉપભોગ કરવાથી, ભૂલથી ગ્રહણ કરેલા અશુદ્ધ આહારને ન પરઠવવાથી જે દુષ્કૃત થયું છે, તે મારા માટે મિથ્યા થાઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सज्झाय पडिलेहणा विसोहि सुत्तं-**

१८२१. पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए उभओकालं भंडोवगरणस्स अप्पडिलेहणाए, दुप्पडिलेहणाए, अप्पमज्जणाए, दुप्पमज्जणाए, अइक्कमे, वइक्कमे, अइयारे, अणायारे, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छा मि दुक्कडं ।

-आव. अ. ४, सु. १९

**સ્વાધ્યાય તથા પ્રતિલેખન શુદ્ધિ સૂત્ર :**

૧૮૨૧. હું પ્રતિક્રમણ કરું છું. ચારેય કાળમાં સ્વાધ્યાય ન કરવાથી, ઉભયકાળ પાત્ર તથા ઉપકરણનું પ્રતિલેખન ન કરવાથી, યોગ્ય રીતે પ્રતિલેખન ન કરવાથી, પ્રમાર્જન ન કરવાથી, યોગ્ય રીતે પ્રમાર્જન ન કરવાથી, અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચાર સંબંધી જે કોઈ દિવસ સંબંધી અતિચાર લાગ્યા હોય તેનું દુષ્કૃત મારા માટે મિથ્યા થાઓ.

**तेत्तीसविह ठाणाइं पडिक्कमण सुत्तं-**

१८२२. पडिक्कमामि एगविहे असंजमे ।

पडिक्कमामि दोहिं बंधणेहिं-

(१) रागबंधणेणं, (२) दोसबंधणेणं[1]

**१.** पडिक्कमामि तिहिं दंडेहिं-

(१) मणदंडेणं, (२) वयदंडेणं, (३) कायदंडेणं ।[2]

**२.** पडिक्कमामि तिहिं गुत्तीहिं-

(१) मणगुत्तीए, (२) वयगुत्तीए, (३) कायगुत्तीए ।[3]

**३.** पडिक्कमामि तिहिं सल्लेहिं-

(१) मायासल्लेणं, (२) नियाणसल्लेणं,
(३) मिच्छादंसणसल्लेणं ।[4]

**४.** पडिक्कमामि तिहिं गारवेहिं-

(१) इड्ढीगारवेणं, (२) रसगारवेणं,
(३) सायागारवेणं ।[5]

**५.** पडिक्कमामि तिहिं विराहणाहिं-

(१) णाणविराहणाए, (२) दंसणविराहणाए,
(३) चरित्तविराहणाए ।[6]

**(१)** पडिक्कमामि चउहिं कसाएहिं-

**તેત્રીસ પ્રકારના સ્થાનોનું પ્રતિક્રમણ સૂત્ર :**

૧૮૨૨. એક પ્રકારના અસંયમથી નિવૃત્ત થાઉં છું.

બે પ્રકારના બંધનથી લાગેલા દોષનું પ્રતિક્રમણ કરું છું.-

(૧) રાગના બંધનથી, (૨) દ્વેષના બંધનથી.

**૧.** ત્રણ પ્રકારના દંડથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું -

(૧) મનોદંડથી, (૨) વચનદંડથી, (૩) કાયદંડથી.

**૨.** ત્રણ પ્રકારની ગુપ્તિઓથી લાગેલા દોષનું પ્રતિક્રમણ કરું છું -

(૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ, (૩) કાયગુપ્તિ.

**૩.** ત્રણ પ્રકારના શલ્યોથી થતાં દોષોનું પ્રતિક્રમણ કરું છું -

(૧) માયાશલ્યથી, (૨) નિદાનશલ્યથી,
(૩) મિથ્યાદર્શનશલ્યથી.

**૪.** ત્રણ પ્રકારના ગર્વથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું -

(૧) ઋદ્ધિના ગર્વથી, (૨) રસના ગર્વથી,
(૩) સાતા-સુખના ગર્વથી.

**૫.** ત્રણ પ્રકારની વિરાધનાથી થતાં દોષોનું પ્રતિક્રમણ કરું છું-

(૧) જ્ઞાન વિરાધનાથી, (૨) દર્શન વિરાધનાથી,
(૩) ચારિત્ર વિરાધનાથી.

**(૧)** ચાર પ્રકારના કષાયથી થતા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું -

---

१. सम. सम. २, सु. १
२. (क) ठाणं. अ. ३, उ. १, सु. १३४ (५) (ख) सम. सम. ३, सु. १
३. (क) ठाणं अ. ३, उ. १, सु. १३४ (१) (ख) सम. सम. ३, सु. १
४. (क) ठाणं. अ. ३, उ. ३, सु. १८८ (ख) सम. सम. ३, सु. १
५. (क) ठाणं. अ. ३, उ. ४, सु. २१५ (ख) सम. सम. ३, सु. १
६. सम. सम. ३, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) कोहकसाएणं, (२) माणकसाएणं,
(३) मायाकसाएणं, (४) लोहकसाएणं ।[१]

(૧) ક્રોધ કષાય, (૨) માન કષાય,
(૩) માયા કષાય, (૪) લોભ કષાય.

**(२)** पडिक्कमामि चउहिं सण्णाहिं–

**(૨)** ચાર પ્રકારની સંજ્ઞાઓથી થતા જે પણ અતિચાર લાગેલા હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

(१) आहारसण्णाए, (२) भयसण्णाए,
(३) मेहुणसण्णाए, (४) परिग्गहसण्णाए ।[२]

(૧) આહાર સંજ્ઞા, (૨) ભય સંજ્ઞા,
(૩) મૈથુન સંજ્ઞા, (૪) પરિગ્રહ સંજ્ઞા

**(३)** पडिक्कमामि चउहिं विकहाहिं–

**(૩)** ચાર પ્રકારની વિકથાઓથી થતા જે પણ અતિચાર લાગેલા હોય તેનું પ્રતિક્રમણ કરું છું-

(१) इत्थीकहाए, (२) भत्तकहाए,
(३) देसकहाए, (४) रायकहाए ।[३]

(૧) સ્ત્રી-કથા, (૨) ભક્ત-કથા,
(૩) દેશ-કથા, (૪) રાજ-કથા.

**(४)** पडिक्कमामि चउहिं झाणेहिं–

**(૪)** ચાર પ્રકારના ધ્યાનમાંથી (પ્રથમ) બે પ્રકારના કરવાથી અને (પછીના) બે પ્રકારના ન કરવાથી, જે પણ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું-

(१) अट्टेणं झाणेणं, (२) रुद्देणं झाणेणं,
(३) धम्मेणं झाणेणं, (४) सुक्केणं झाणेणं ।[४]

(૧) આર્તધ્યાન, (૨) રૌદ્ર ધ્યાન,
(૩) ધર્મ ધ્યાન, (૪) શુક્લ ધ્યાન.

**(१)** पडिक्कमामि पंचहिं किरियाहिं–

**(૧)** પાંચ ક્રિયાઓથી જે કોઈ અતિચાર લાગેલા હોય તેનું પ્રતિક્રમણ કરું છું-

(१) काइयाए, (२) अहिगरणियाए,
(३) पाओसियाए, (४) पारितावणियाए,
(५) पाणाइवायकिरियाए ।[५]

(૧) કાયિકી, (૨) અધિકરણિકી,
(૩) પ્રાદ્વેષિકી, (૪) પારિતાપનિકી,
(૫) પ્રાણાતિપાત-ક્રિયા.

**(२)** पडिक्कमामि पंचहिं कामगुणेहिं–

**(૨)** પાંચ કામગુણોથી જે કોઈ અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું-

(१) सद्देणं, (२) रूवेणं, (३) गंधेणं, (४) रसेणं,
(५) फासेणं ।[६]

(૧) શબ્દ, (૨) રૂપ, (૩) ગંધ, (૪) રસ,
(૫) સ્પર્શ.

**(३)** पडिक्कमामि पंचहिं महव्वएहिं–

**(૩)** પાંચ મહાવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન ન કરવાથી જે કોઈ પણ અતિચાર લાગેલા હોય તેનું પ્રતિક્રમણ કરું છું-

(१) पाणाइवायाओ वेरमणं,
(२) मुसावायाओ वेरमणं,
(३) अदिण्णादाणाओ वेरमणं,
(४) मेहुणाओ वेरमणं,

૧. સર્વ પ્રાણાતિપાત- વિરમણ,
૨. સર્વ મૃષાવાદ - વિરમણ,
૩. સર્વ અદત્તાદાન- વિરમણ,
૪. સર્વ મૈથુન- વિરમણ,

---

१. (क) ठाणं. अ. ४, उ. १, सु. २४९ (ख) सम. सम. ४, सु. १
२. सम. सम. ४, सु. १
३. (क) ठाणं. अ. ४, उ. २, सु. २८२ (ख) सम. सम. ४, सु. १
४. (क) ठाणं. अ. ४, उ. १, सु. २४७ (ख) सम. सम. ४, सु. १ (ग) तपाचार
५. सम. सम. ५, सु. १
६. (क) ठाणं. अ. ५, उ. १, सु. ३९० (ख) सम. सम. ५ सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) परिग्गहाओ वेरमणं ।[१]

૫. સર્વ પરિગ્રહ - વિરમણ.

**(४)** पडिक्कमामि पंचहिं समिईहिं–

**(૪)** પાંચ સમિતિઓનું સમ્યક્ પ્રકારે પાલન ન કરવાથી જે કોઈ અતિચાર લાગેલા હોય તેનું પ્રતિક્રમણ કરું છું

(१) इरियासमिईए, (२) भासासमिईए,
(३) एसणासमिईए, (४) आयाणभंडमत्तनिक्खे–वणासमिईए, (५) उच्चार–पासवण–खेल–सिंघाण–जल्ल परिट्ठावणियासमिईए[२]

(૧) ઈર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ,
(૩) એષણા સમિતિ, (૪) આદાન-ભાણ્ડમાત્ર નિક્ષેપણા સમિતિ,(૫) ઉચ્ચાર-પ્રશ્રવણ-શ્લેષ્મ,-સિંધાણ-પરિષ્ઠાપનિકા સમિતિ.

**(१)** पडिक्कमामि छहिं जीवनिकाएहिं–

**(૧)** છ પ્રકારના જીવનિકાયોની હિંસાથી જે કોઈ અતિચાર લાગ્યા હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું. -

(१) पुढविकाएणं, (२) आउकाएणं, (३) तेउकाएणं,
(४) वाउकाएणं, (५) वणस्सइकाएणं, (६) तसकाएणं ।[३]

(૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેજસ્કાય,
(૪) વાયુકાય, (૫) વનસ્પતિકાય, (૬) ત્રસકાય.

**(२)** पडिक्कमामि छहिं लेसाहिं–

**(૨)** ત્રણ અધર્મ લેશ્યાઓને કરવાથી તથા ત્રણ ધર્મ લેશ્યાઓને ન કરવાથી જે કોઈ અતિચાર લાગ્યા હોય તો તેનું પ્રતિક્રમણ કરું છું-

(१) किण्हलेसाए, (२) नीललेसाए, (३) काउलेसाए,
(४) तेउलेसाए, (५) पम्हलेसाए, (६) सुक्कलेसाए ।[४]

(૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩) કાપોતલેશ્યા,
(૪) તેજોલેશ્યા, (૫) પદ્મલેશ્યા, (૬) શુકલલેશ્યા.

पडिक्कमामि सत्तहिं भयट्ठाणेहिं[५]

સાત ભયના કારણોથી પ્રતિક્રમણ કરું છું.

अट्ठहिं मयट्ठाणेहिं[६]

આઠ મદ સ્થાનોના સેવનથી,

नवहिं बंभचेरगुत्तीहिं[७]

નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓનું સમ્યક્ પાલન ન કરવાથી,

दसविहे समणधम्मे[८]

દસવિધ ક્ષમા આદિ શ્રમણ-ધર્મની વિરાધનાથી,

एक्कारसहिं उवासग–पडिमाहिं,[९]

અગિયાર શ્રાવકની પ્રતિમાઓની અશ્રદ્ધા તથા વિપરીત પ્રરૂપણા કરવાથી,

बारसहिं भिक्खु–पडिमाहिं[१०]

બાર ભિક્ષુ પ્રતિમાઓની શ્રદ્ધા, પ્રરૂપણા તથા પ્રતિપાલના યોગ્ય રીતે ન કરવાથી,

तेरसहिं किरियाठाणेहिं,[११]

તેર ક્રિયાસ્થાનોને કરવાથી,

चउद्दसेहिं भूयगामेहिं[१२]

ચૌદ પ્રકારના જીવોની હિંસા કરવાથી,

---

१. (क) ठाणं. अ. ५, उ. १, सु. ३८९ (ख) सम. सम. ५, सु. १
२. (क) ठाणं. अ. ५, उ. ३, सु. ४५७ (ख) सम. सम. ५, सु. १
३. (क) ठाणं. अ. ६, सु. ४८० (ख) सम. सम. ६, सु. १
४. (क) ठाणं. अ. ६, सु. ५०४ (ख) सम. सम. ६, सु. १
५. (क) ठाणं. अ. ७, सु. ५४९ (ख) सम. सम. ७, सु. १
६. (क) ठाणं. अ. ८, सु. ६०६ (ख) सम. सम. ८, सु. १
७. (क) ठाणं. अ. ९, सु. ६६३ (ख) सम. सम. ९, सु. १ (ग) चतुर्थ महाव्रत
८. (क) ठाणं. अ. १०, सु. ७१२ (ख) सम. सम. १०, सु. १
९. (क) ठाणं. अ. १०, सु. ७५५ (ख) सम. सम. ११, सु. १
(ग) दसा. द. ६, सु. १–३० (घ) गृहस्थ धर्म
१०. (क) ठाणं. अ. १०, सु. ७५५ (ख) सम. सम. १२, सु. १
(ग) दसा. द. ७, सु. १–३९ (घ) संयमी जीवन
११. (क) अनाचार (ख) सम. सम. १३, सु. १
१२. सम. सम. १४, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| पन्नरसहिं परमाहम्मिएहिं[१] | પંદર પરમાધાર્મિકો પ્રત્યે અશુભ પરિણામ કરવાથી, |
| सोलसहिं गाहासोलसएहिं ।[२] | સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુત સ્કંધના ગાથા અધ્યયન સહિત સોળ અધ્યયનોમાં પ્રરૂપિત, ધર્માનુસાર આચરણ ન કરવાથી, |
| सत्तरसविहे असंजमे,[३] | સત્તર પ્રકારના અસંયમોના આચરણથી, |
| अट्ठारसविहे अबंभे[४] | અઢાર પ્રકારના અબ્રહ્મચર્યથી, |
| एगूणवीसाए नायज्झयणेहिं[५] | જ્ઞાતાસૂત્રના ઓગણીસમા અધ્યયનમાં પ્રતિપાદિત ભાવાનુસાર સંયમમાં ન રહેવાથી, |
| वीसाए असमाहिट्ठाणेहिं,[६] | વીસ અસમાધિ-સ્થાનોના સેવનથી, |
| इक्कवीसाए सबलेहिं,[७] | એકવીસ સબલ દોષના સેવનથી, |
| बावीसाए परीसहेहिं[८] | બાવીસ પરિષહ સહન ન કરવાથી, |
| तेवीसाए सूयगडऽज्झयणेहिं[९] | સૂત્રકૃતાંગ સૂત્રના ત્રેવીસમા અધ્યયનમાં પ્રરૂપેલ આચરણ ન કરવાથી, |
| चउव्वीसाए देवेहिं,[१०] | ચોવીસ દેવોની અવહેલના કરવાથી, |
| पणवीसाए भावणाहिं,[११] | પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવના અનુસાર આચરણ ન કરવાથી, |
| छव्वीसाए दसाकप्पववहाराणं उद्दे सणकालेहिं,[१२] | દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ તથા વ્યવહાર-ઉક્ત સૂત્રત્રયીના છવ્વીસ ઉદ્દેશા કાળમાં પ્રતિપાદિત વિધિ-નિષેધોનું આચરણ ન કરવાથી, |
| सत्तावीसाए अणगारगुणेहिं[१३] | સત્તાવીસ સાધુના ગુણનું પૂર્ણતઃ પાલન ન કરવાથી, |
| अट्ठावीसाए आयारकप्पेहिं[१४] | આચાર-પ્રકલ્પ (આચારાંગ) ના આઠ અધ્યયન તથા નિશીથ સૂત્રના વીસ અધ્યયનોમાં પ્રતિપાદિત વિધિ-નિષેધોનું આચરણ ન કરવાથી, |
| एगूणतीसाए पावसुयपसंगेहिं[१५] | ઓગણત્રીસ પાપશ્રુતોનો પ્રયોગ કરવાથી, |

---

१. सम. सम. १५, सु. १
२. सम. सम. १६, सु. १
३. (क) सम. सम. १७, सु. १ (ख) संयमी जीवन
४. (क) सम. सम. १८, सु. १ (ख) चतुर्थ महाव्रत
५. सम. सम. १९, सु. १ (ख) धर्मकथानुयोग
६. (क) ठाणं. अ. १०, सु. ७५५ (ख) सम. सम. २०, सु. १ (ग) अनाचार
७. (क) ठाणं अ. १०. सु. ७५५ (ख) सम. सम. २१, सु. १ (ग) अनाचार
८. (क) सम. सम. २२, सु. १ (ख) उत्त. अ. २ (ग) वीर्याचार
९. सम. सम. २३ सु. १
१०. सम. सम. २४, सु. १
११. (क) सम. सम. २५, सु. १ (ख) पांच महाव्रत
१२. सम. सम. २६, सु. १,
१३. (क) सम. सम. २७, सु. १ (ख) संयमी जीवन
१४. सम. सम. २८, सु. १
१५. सम. सम. २९, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तीसाए महामोहणीयट्ठाणेहिं[1]
एगतीसाए सिद्धाइगुणेहिं[2]

મહામોહનીય કર્મના ત્રીસ સ્થાનોનું સેવન કરવાથી,
સિદ્ધોના એકત્રીસ ગુણોની યોગ્ય શ્રદ્ધા, પ્રરૂપણા ન કરવાથી,

बत्तीसाए जोगसंगहेहिं[3]
तेत्तीसाए आसायणाहिं[4]

બત્રીસ યોગ સંગ્રહોનું યથાર્થ આચરણ ન કરવાથી,
તેત્રીસ આશાતનાઓ કરવાથી,

जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

મને જે દિવસ સંબંધી કોઈ પણ અતિચાર દોષ લાગેલા હોય તે મારા પાપ નિષ્ફળ થાઓ.

–आव. अ. ४, सु. २०–२६

**णिग्गंथ धम्माइयार विसोहि सुत्तं–**

**નિર્ગ્રન્થ ધર્માતિચાર વિશુદ્ધિ સૂત્ર :**

१८२३. नमो चउवीसाए तित्थयराणं उसभाए–महावीर–पज्जवसाणाणं ।

૧૮૨૩. ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધીના ચોવીસ તીર્થંકર દેવોને હું નમસ્કાર કરું છું.

इणमेव निग्गंथं पावयणं–

આ નિર્ગ્રન્થ પ્રવચન-

सच्चं, अणुत्तरं, केवलियं, पडिपुण्णं, नेआउयं, संसुद्धं, सल्लकत्तणं, सिद्धिमग्गं, मुत्तिमग्गं निज्जाणमग्गं, निव्वाणमग्गं, अवितहमविसंदिद्धं, सव्वदुक्ख–प्पहीणमग्गं ।

સત્ય છે, સર્વોત્તમ છે, કેવળજ્ઞાનીઓથી પ્રરૂપિત છે, મોક્ષ પ્રાપ્ત કરાવનાર ગુણોથી પરિપૂર્ણ છે, મોક્ષે પહોંચાડનારું છે અથવા ન્યાયથી અબાધિત છે, પૂર્ણ શુદ્ધ છે, માયાદિ શલ્યોને નષ્ટ કરનારું છે, સિદ્ધિની પ્રાપ્તિનો ઉપાય છે, મુક્તિનું સાધન છે, મોક્ષ સ્થાનનો માર્ગ છે, પૂર્ણ શાંતિરૂપ નિર્વાણનો માર્ગ છે, અસત્ય રહિત-યથાર્થ છે, વિચ્છેદ-રહિત છે અથવા પૂર્વાપર વિરોધથી રહિત છે, સર્વ દુઃખોનો સંપૂર્ણ ક્ષય કરવાનો માર્ગ છે.

इत्थं ठिआ जीवा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति ।

આ નિર્ગ્રન્થ પ્રવચનમાં સ્થિર રહેનાર અર્થાત્ તદનુસાર આચરણ કરનાર ભવ્ય જીવ સિદ્ધ થાય છે, સર્વજ્ઞ થાય છે, મુક્ત થાય છે, પૂર્ણ આત્મ-શાંતિને પ્રાપ્ત કરે છે તથા સંપૂર્ણ દુઃખોનો (સદાકાળ માટે) અંત કરે છે.

तं धम्मं सद्दहामि, पत्तिआमि, रोएमि, फासेमि, पालेमि, अणुपालेमि ।

હું આ નિર્ગ્રન્થ પ્રવચન સ્વરૂપ ધર્મની શ્રદ્ધા કરું છું, સભક્તિ સ્વીકારું છું. તેમાં રુચિ રાખું છું, તેની સ્પર્શના કરું છું, તેનું પાલન કરું છું, વિશેષ રૂપે નિરંતર પાલન કરું છું.

तं धम्मं सद्दहंतो, पत्तिअंतो, रोअंतो, फासंतो, पालंतो, अणुपालंतो ।

હું પ્રસ્તુત જિન-ધર્મની શ્રદ્ધા કરતો, પ્રતીતિ કરતો, તેમાં રુચિ રાખતો, તેનું આચરણ કરું, પાલન કરતો, વિશેષ રૂપે નિરંતર પાલન કરતો.

तस्स धम्मस्स केवलिपण्णत्तस्स अब्भुट्ठिओमि आराहणाए विरओमि विराहणाए ।

તે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની આરાધના કરવામાં પૂર્ણ રૂપે તત્પર છું તથા ધર્મની વિરાધનાથી પૂર્ણ રૂપે નિવૃત્ત થઉં છું.

---

१. (क) ठाणं. अ. १०, सु. ७५५ (ख) सम. सम. ३०, सु. १ (ग) अनाचार
२. सम. सम. ३१, सु. १
३ (क) सम. सम. ३२, सु. १ (ख) संयमी जीवन
४. (क) सम. सम. ३३, सु. १ (ख) ज्ञानाचार (ग) दशा. द. ३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) असंजमं परिआणामि, संजमं उवसंपज्जामि ।
(२) अबंभं परिआणामि, बंभं उवसंपज्जामि ।
(३) अकप्पं परिआणामि, कप्पं उवसंपज्जामि ।
(४) अन्नाणं परिआणामि, नाणं उवसंपज्जामि ।
(५) अकिरियं परिआणामि, किरियं उवसंपज्जामि ।
(६) मिच्छत्तं परिआणामि, सम्मत्तं उवसंपज्जामि ।
(७) अबोहिं परिआणामि, बोहिं उवसंपज्जामि ।
(८) अमग्गं परिआणामि, मग्गं उवसंपज्जामि ।

जं संभरामि, जं च न संभरामि,
जं पडिक्कमामि, जं च न पडिक्कमामि,

तस्स सव्वस्स देवसियस्स अइयारस्स पडिक्कमामि ।
समणोऽहं संजय–विरय–पडिहय–पच्चक्खाय–पावकम्मो, अनियाणो, दिट्ठिसंपन्नो, माया–मोसं–विवज्जओ ।

अड्ढाइज्जेसु दीवसमुद्देसु, पन्नरससु कम्मभूमीसु ।
जावंति केइ साहू, रयहरण–गुच्छ–पडिग्गह–धरा ।।

पंचमहव्वय–धरा अट्ठारस सहस्स–सीलंगरहधरा ।
अक्खयायारचरित्ता,
ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि ।।

–आव. अ. ४, सु. २७–३१

१. અસંયમને જાણી ત્યાગું છું, સંયમનો સ્વીકાર કરું છું.
૨. અબ્રહ્મને જાણી ત્યાગું છું, બ્રહ્મચર્યનો સ્વીકાર કરું છું.
૩. અકલ્પ્યને જાણી ત્યાગુ છું, કલ્પ્યનો સ્વીકાર કરું છું.
૪. અજ્ઞાનને જાણી ત્યાગું છું, જ્ઞાનનો સ્વીકાર કરું છું.
૫. અકૃત્યને જાણી ત્યાગું છું, કૃત્યનો સ્વીકાર કરું છું.
૬. મિથ્યાત્વને જાણી ત્યાગું છું, સમ્યક્ત્વનો સ્વીકાર કરું છું.
૭. અબોધિને જાણી ત્યાગું છું, બોધિનો સ્વીકાર કરું છું.
૮. હિંસાદિ અમાર્ગને જાણી ત્યાગું છું, અહિંસાદિ માર્ગ ને સ્વીકારું છું.

જે દોષ સ્મૃતિમાં છે અને જે સ્મૃતિમાં નથી,
જેનું પ્રતિક્રમણ થઈ ગયું છે અને જેનું પ્રતિક્રમણ થઈ શક્યું નથી,
તે સર્વ દિવસ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.
હું શ્રમણ છું, સંયમી છું, વિરત છું, પાપકર્મોને રોકનાર છું તથા પાપકર્મોનો ત્યાગ કરનાર છું, નિદાન-શલ્ય રહિત છું, સમ્યક્ દર્શન સહિત છું, માયા સહિત મૃષાવાદનો પરિહાર કરનાર છું.
અઢી-દ્વીપ અને બે સમુદ્રના પરિમાણવાળા મનુષ્ય ક્ષેત્રમાં અર્થાત્ પંદર કર્મભૂમિમાં જે પણ રજોહરણ, ગુચ્છગ તથા પાત્રના ધારણ કરનારા છે,
પાંચ મહાવ્રત, અઢાર હજાર સંયમ ગુણોના ધારક તથા અક્ષત આચારના પાલક ત્યાગી સાધુ છે- એ સર્વને હું મનથી અને મસ્તક નમાવી વંદન કરું છું.

**मारणन्तिय संलेहणा अइयार–**

१८२४. तयाणंतरं च णं अपच्छिम–मारणंतिय–संलेहणा–झूसणा आराहणाए पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा–
(१) इहलोगासंसप्पओगे
(२) परलोगासंसप्पओगे,
(३) जीवियासंसप्पओगे,

**મરણાંતિક-સંલેખનાના અતિચાર :**

૧૮૨૪. ત્યારબાદ અપશ્ચિમ-મરણાંતિક-સંલેખના- ઝોષણા-આરાધનાના પાંચ અતિચારોને જાણવા જોઈએ તથા તેમનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે-
૧. ઈહલૌકિક સુખની ઈચ્છા કરવી.
૨. પરલૌકિક સુખની ઈચ્છા કરવી.
૩. જીવવાની ઈચ્છા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४) मरणासंसप्पओगे,
(५) कामभोगासंसप्पओगे ।

–आव. अ. १, सु. ५७

૪. મરવાની ઈચ્છા કરવી.
૫. કામ ભોગોની ઈચ્છા કરવી.

**खामणा सुत्तं–**

१८२५. खामेमि सव्वेजीवा, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ।।

आयरिय–उवज्झाए–सीसे साहम्मिए कुल गणे य ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ।।

सव्वस्स समणसंघस्स,
भगवओ अंजलिं करीय सीसे ।
सव्वं खमावइत्ता,
खमामि सव्वस्स अहमवि ।।

सव्वस्स जीवरासिस्स, भावओ धम्म निहियनियचित्तो ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहमवि ।।

–सुत्तागमे आव. अ. ४, सु. ३२

**ક્ષમાપના સૂત્ર :**

૧૮૨૫. હું સર્વ જીવોને ક્ષમા કરું છું, સર્વ જીવો મને પણ ક્ષમા કરે, સર્વ જીવો પ્રત્યે મને મૈત્રી ભાવ છે, કોઈપણ જીવ પ્રત્યે મને વેરભાવ નથી.

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુળ તથા ગણ પ્રત્યે જો મેં કોઈ પણ કષાય કર્યા હોય તો તેની મન, વચન, કાયાથી હું ક્ષમાયાચના કરું છું.

માથા પર અંજલિ ચઢાવી ભગવાન મહાવીરના સંપૂર્ણ શ્રમણ સંઘની ક્ષમાયાચના કરું છું. તે સંઘ મને પણ ક્ષમા પ્રદાન કરે.

હું ધર્મમાં અનુરુક્ત બની સમસ્ત જીવ-રાશિની ક્ષમા યાચના કરું છું. તે જીવ-રાશિ મને પણ ક્ષમાદાન કરે.

**उवसंहार सुत्तं–**

१८२६. एवमहं आलोइअं, निंदियं गरहिअं दुगुंछियं सम्मं ।
तिविहेणं पडिक्कंतो, वंदामि जिण चउव्वीसं ।।

–आव. अ. ४, सु. ३३

**ઉપસંહાર સૂત્ર :**

૧૮૨૬. આ પ્રમાણે હું સમ્યક્ આલોચના, નિંદા, ગર્હા અને જુગુપ્સા દ્વારા ત્રણ પ્રકારથી અર્થાત્ મન, વચન અને કાયાથી પ્રતિક્રમણ કરી, પાપોથી નિવૃત્ત થઈ, ચોવીસ તીર્થંકર દેવોને વંદન કરું છું.

**काउस्सग्ग विहिं सुत्तं–**

१८२७. तस्स उत्तरीकरणेणं, पायच्छित्त–करणेणं, विसोहि–करणेणं, विसल्ली–करणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउस्सग्गं ।

अन्नत्थ ऊससिएणं, नीससिएणं, खासिएणं, छीएणं जंभाइएणं, उड्डुएणं, वायनिसग्गेणं, भमलीए, पित्तमुच्छाए, सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं, सुहुमेहिं दिट्ठि संचालेहिं, एवमाइएहिं आगारेहिं, अभग्गो, अविराहिओ, हुज्ज मे काउस्सग्गो । जाव अरिहंताणं भगवंताणं, नमुक्कारेणं न पारेमि, ताव कायं ठाणेणं, मोणेणं, झाणेणं, अप्पाणं वोसिरामि ।

–आव. अ. ५, सु. ३६-३७

**કાયોત્સર્ગ વિધિ સૂત્ર :**

૧૮૨૭. આત્માની શ્રેષ્ઠતા માટે, પ્રાયશ્ચિત્ત માટે, વિશેષ નિર્મળતા માટે, શલ્ય-રહિત થવા માટે, પાપકર્મનો નાશ કરવા માટે આગળ કહેલા આગારોને છોડીને, હું કાયોત્સર્ગ કરું છું.

ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, ખાંસી, છીંક, બગાસા, ઓડકાર, અપાનવાયુ, ચક્કર, પિત્તવિકારજન્ય મૂર્છા, સૂક્ષ્મ રૂપે અંગોનું હલનચલન, સૂક્ષ્મ રૂપે કફનો સંચાર, સુક્ષ્મરૂપે દૃષ્ટિ-ચલન ઈત્યાદિ આગારોથી મારો કાયોત્સર્ગ અભગ્ન તથા અવિરાધિત થાઓ.

જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર ન કરું અર્થાત્ નમો અરિહંતાણં ન બોલું, ત્યાં સુધી એક સ્થાન પર સ્થિર રહી, મૌન રહી ધર્મધ્યાનમાં ચિત્તની એકાગ્રતા કરી, પોતાના આત્માને પાપ વ્યાપારોથી પર કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દસ પચ્ચક્ખાણ - ૪

**दसविह-पच्चक्खाण-**

**(१) णमोक्कार-सहियं पच्चक्खाण-सुत्तं-**

१८२८. उग्गए सूरे नमोक्कारसहियं[1] पच्चक्खामि, चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
वोसिरामि ।

— *आव. अ. ६, सु. १६*

**દસ પ્રકારનાં પ્રત્યાખ્યાન :**

**(૧) નવકારસી પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૨૮. સૂર્યોદય બાદ (એક મુહૂર્ત સુધી) નમસ્કાર સહિત અશન, પાન ખાદ્ય, સ્વાદ્ય એ ચારેય પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરું છું.

૧. અનાભોગ, ૨. સહસાકાર,
આ બે આગારો સિવાય ચારે પ્રકારના આહારનો ત્યાગ કરું છું.

**(२) पोरिसी पच्चक्खाण-सुत्तं-**

१८२९. उग्गए सूरे पोरिसिं[2] पच्चक्खामि, चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. पच्छन्नकालेणं, ४. दिसामोहेणं,
५. साहुवयणेणं,
६. सव्वसमाहिवत्तियागारेणं,
वोसिरामि ।

— *आव. अ. ६, सु. १७*

**(૨) પૌરુષી પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૨૯. સૂર્યોદયથી લઈને પોરસી સુધી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરું છું.

૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. પ્રચ્છન્નકાળ, ૪. દિશામોહ,
૫. સાધુવચન,
૬. સર્વ-સમાધિપ્રત્યયાગાર.
એ છ આગારો સિવાય પૂર્ણપણે ચારે આહારનો ત્યાગ કરું છું.

**(३) पुरिमड्ढ पच्चक्खाण-सुत्तं-**

१८३०. उग्गए सूरे पुरिमड्ढं[3] पच्चक्खामि, चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. पच्छन्नकालेणं, ४. दिसामोहेणं,
५. साहुवयणेणं, ६. महत्तरागारेणं,
७. सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि ।

—*आव. अ. ६, सु. १८*

**(૩) બે પોરસી પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૦. સૂર્યોદયથી લઈને દિવસના પૂર્વાર્ધ સુધી અર્થાત્ બે પ્રહર સુધી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરું છું.

૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. પ્રચ્છન્નકાળ, ૪. દિશામોહ,
૫. સાધુવચન, ૬. મહત્તરાકાર,
૭. સર્વ-સમાધિપ્રત્યયાગાર. એ સાત આગારો સિવાય પૂર્ણપણે ચારે આહારોનો ત્યાગ કરું છું.

**(४) एगासण पच्चक्खाण-सुत्तं-**

१८३१. एगासणं[4] पच्चक्खामि तिविहं पि आहारं असणं, खाइमं, साइमं,

**(૪) એકાશન પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૧. એકાશન તપ સ્વીકાર કરું છું, અશન, ખાદિમ, સ્વાદિમ એ ત્રણે પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરું છું.

---

૧. આ "નમસ્કાર-સહિત" પ્રત્યાખ્યાનનું સૂત્ર છે. સૂર્યોદયથી લઈને એક મૂહૂર્ત પછી જ્યાં સુધી નમસ્કાર (નમસ્કારમંત્ર) ન બોલે ત્યાં સુધી આહારાદિ ગ્રહણ ન કરવા તેને 'નવકારસી' કહેવાય છે.

૨. સૂર્યોદયથી લઈને એક પ્રહર દિવસ આવે ત્યાં સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો 'પોરસી' (પૌરુષી) પ્રત્યાખ્યાન છે.

૩. આ 'પૂર્વાર્ધ' પ્રત્યાખ્યાન માટેનું સૂત્ર છે, આમાં સૂર્યોદયથી લઈને દિવસના પૂર્વ ભાગ સુધી અર્થાત્ બે પ્રહર દિવસ ચઢે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવામાં આવે છે.

૪. ડોઢ પોરસી યા પૂર્વાર્ધ બાદ દિવસમાં એકવાર જમવું ત્યારબાદ ત્રણ આહારનો ત્યાગ કરવો "એકાશન" તપ થાય છે. એકાશનનો અર્થ છે - એક અશન એટલે દિવસ દરમિયાન એક જ વાર આહાર કરવો અથવા એક જ આસન પર એક જ વાર ભોજન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. सागारियागारेणं, ४. आउंटण-पसारणेणं,
५. गुरु-अब्भुट्ठाणेणं, ६. पारिट्ठावणियागारेणं,
७. महत्तरागारेणं, ८. सव्वसमाहिवत्तियागारेणं,
वोसिरामि ।

*-आव. अ. ६, सु. ९९*

૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. સાગારિકાકાર, ૪. આકુંચન પ્રસારણ,
૫. ગુરુઅભ્યુત્થાન, ૬. પારિષ્ઠાપનિકાકાર.
૭. મહત્તરાકાર, ૮. સર્વ-સમાધિ પ્રત્યયાકાર,
એ આઠ આગારો સિવાય પૂર્ણપણે ત્રણ આહારનો ત્યાગ કરું છું.

**(५) एगट्ठाण पच्चक्खाण-सुत्तं-**

१८३२. एक्कासणं एगट्ठाणं[1] पच्चक्खामि, चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. सागारियागारेणं, ४. गुरुअब्भुट्ठाणेणं,
५. पारिट्ठावणियागारेणं, ६. महत्तरागारेणं,
७. सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि ।

*-आव. अ. ६, सु. १००*

**(૫) એક સ્થાન પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૨. એકાશન રૂપ એક સ્થાન ગ્રહણ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો પ્રત્યાખ્યાન કરું છું.

૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. સાગારિકાકાર, ૪. ગુરુઅભ્યુત્થાન,
૫. પારિષ્ઠાપનિકાકાર, ૬. મહત્તરાકાર,
૭. સર્વ-સમાધિપ્રત્યયાકાર. એ સાત આગાર સિવાય પૂર્ણપણે ચારે આહારનો ત્યાગ કરું છું.

**(६) आयंबिल-पच्चक्खाण-सुत्तं-**

१८३३. आयंबिलं पच्चक्खामि[2] तिविहं पि आहारं-असणं, खाइमं, साइमं ।

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. लेवालेवेणं, ४. उक्खित्तविवेगेणं,
५. गिहत्थ संसट्ठेणं, ६. पारिट्ठावणियागारेणं,
७. महत्तरागारेणं, ८. सव्वसमाहिवत्तियागारेणं,
वोसिरामि ।

*-आव. अ. ६, सु. १०१*

**(૬) આયંબિલ પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૩. આયંબિલ તપ સ્વીકાર કરું છું. અશન, ખાદિમ, સ્વાદિમ એ ત્રણે આહારનો ત્યાગ કરું છું.

૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. લેપાલેપ, ૪. ઉત્ક્ષિપ્ત-વિવેક,
૫. ગૃહસ્થસંસૃષ્ટ, ૬. પારિષ્ઠાપનિકાકાર,
૭. મહત્તરાકાર, ૮. સર્વ-સમાધિપ્રત્યયાકાર.
એ આઠ આગારો સિવાય ત્રણે આહારનો ત્યાગ કરું છું.

**(७) अभत्तट्ठ-पच्चक्खाण-सुत्तं-**

१८३४. उग्गए सूरे अभत्तट्ठं[3] पच्चक्खामि, चउव्विहं आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।

१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. पारिट्ठावणियागारेणं, ४. महत्तरागारेणं,

**(૭) ઉપવાસ પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૪. સૂર્યોદયથી ઉપવાસ તપ ગ્રહણ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરું છું.

૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. પારિષ્ઠાપનિકાકાર, ૪. મહત્તરાકાર,

---

૧. દિવસમાં એક વાર એક જ આસનથી ભોજન તથા પાણી ગ્રહણ કરવું ત્યારબાદ ચારે આહારનો ત્યાગ કરવો. "એક સ્થાન" - એગલઠ્ઠાણ તપ થાય છે.

૨. દિવસમાં એક જ વાર રૂક્ષ નીરસ તથા વિગય રહિત આહાર ગ્રહણ કરવો ત્યારબાદ ત્રણે આહારનો ત્યાગ કરવો "આયંબિલ" તપ કહેવાય છે. દૂધ,દહી, ઘી, તેલ, ગોળ, સાકર તથા પકવાન્ન ઈત્યાદિ કોઈપણ પ્રકારના સ્વાદવાળું ભોજન આયંબિલમાં લેવાનો નિષેધ છે.

૩. અભક્તાર્થ = ઉપવાસ; અ = નહીં, ભક્ત = આહાર, અર્થ = પ્રયોજન, ત્રણેનો મળીને એવો અર્થ થાય છે કે ભક્તની આવશ્યકતા જ નથી જે વ્રતમાં તેને "ઉપવાસ" કહેવાય. એક સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરવો તે ઉપવાસ તપ છે. પાણીનો આગાર રાખીને ઉપવાસ કરવો હોય તો પ્રત્યાખ્યાન સૂત્રમાં "ચઉવ્વિહં પિ આહારં"ના સ્થાન પર "તિવિહં પિ આહારં" એવો પાઠ કહેવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ।

—आव. अ. ६, सु. १०२

**(८-क) दिवसचरिम-पच्चक्खाण-सुत्तं-**

१८३५. दिवसचरिमं पच्चक्खामि[1] चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।
१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. महत्तरागारेणं, ४. सव्वसमाहिवत्तियागारेणं,
वोसिरामि ।

—आव. अ. ६, सु. १०३ (१)

**(८-ख) भवचरिम-पच्चक्खाण-सुत्तं-**

१८३६. भवचरिमं पच्चक्खामि[2] चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।
१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. महत्तरागारेणं, ४. सव्वसमाहिवत्तियागारेणं,
वोसिरामि ।

—आव. अ. ६, सु. १०३ (२)

**(९) अभिग्गह-पच्चक्खाण-सुत्तं-**

१८३७. अभिग्गहं पच्चक्खामि[3] चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं ।
१. अन्नत्थऽणाभोगेणं, २. सहसागारेणं,
३. महत्तरागारेणं, ४. सव्वसमाहिवत्तियागारेणं,
वोसिरामि ।

—आव. अ. ६, सु. १०४

**(१०) निव्विगइया-पच्चक्खाण-सुत्तं-**

१८३८. निव्विगइओ[4] पच्चक्खामि-
(१) अन्नत्थऽणाभोगेणं, (२) सहसागारेणं,
(३) लेवालेवेणं, (४) गिहत्थसंसट्ठेणं,
(५) उक्खित्तविवेगेणं, (६) पडुच्चमक्खिएणं,

૫. સર્વ-સમાધિપ્રત્યયાકાર.
એ પાંચ આગાર સિવાય સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરું છું.

**(૮-ક) દિવસચરિમ પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૫. દિવસચરિમનું વ્રત ગ્રહણ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે આહારનો ત્યાગ કરું છું.
૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. મહત્તરાકાર, ૪. સર્વ-સમાધિપ્રત્યયાકાર.
એ ચાર આગાર સિવાય સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરું છું.

**(૮-ખ) ભવચરિમ પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૬. ભવચરિમ ગ્રહણ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરું છું.
૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. મહત્તરાકાર, ૪. સર્વ-સમાધિપ્રત્યયાકાર.
એ ચાર આગાર સિવાય સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરું છું.

**(૯) અભિગ્રહ પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૭. અભિગ્રહ ગ્રહણ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, એ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરું છું.
૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. મહત્તરાકાર, ૪. સર્વ-સમાધિપ્રત્યયાકાર,
એ ચાર આગાર સિવાય અભિગ્રહ પૂર્તિ સુધી ચારે આહારનો ત્યાગ કરું છું.

**(૧૦) નિર્વિકૃતિક (નીવી) પ્રત્યાખ્યાન સૂત્ર :**

૧૮૩૮. નિર્વિકૃતિક તપ સ્વીકાર કરું છું.
૧. અનાભોગ, ૨. સહસાકાર,
૩. લેપાલેપ, ૪. ગૃહસ્થ-સંસૃષ્ટ,
૫. ઉત્ક્ષિપ્તવિવેક, ૬. પ્રતીત્યમ્રક્ષિત,

---

૧. આ ચરિમ પ્રત્યાખ્યાન સૂત્ર છે. "ચરિમ" નો અર્થ અંતિમભાગ જાણવો. તેના બે પ્રકાર છે- દિવસનો પાછલો ભાગ અને ભવ અર્થાત્ આયુષ્યનો અંતિમ ભાગ. સૂર્યાસ્ત થતાં પહેલાં જ બીજા દિવસના સૂર્યોદય સુધી સાધુએ ચારે આહારનો ત્યાગ કરવો તથા ગૃહસ્થે ચાર અથવા ત્રણે આહારનો ત્યાગ કરવો "દિવસ ચરિમ" પ્રત્યાખ્યાન છે.

૨. "ભવચરિમ" પ્રત્યાખ્યાનનો અર્થ છે જ્યારે સાધુને એમ જાણ થાય કે મારું આયુષ્ય અલ્પ છે તો યાવજ્જીવન માટે ચાર અથવા ત્રણે આહારનો ત્યાગ કરે અને સંથારો ગ્રહણ કરી સંયમની આરાધના કરે. ભવ ચરિમ પ્રત્યાખ્યાન જીવન સુધી સંયમ સાધનાનું ઉજ્વલ પ્રતીક છે. ભવ ચરિમ ચોવિહાર અથવા તિવિહાર બન્ને પ્રકારે થાય છે.

૩. ગવેષણાના સામાન્ય નિયમ સિવાય બીજી વ્યક્તિ, વસ્તુ અને વર્ણ આદિના સંકેતો સહિત ભિક્ષા ગ્રહણ કરવા માટે નિયમ ગ્રહણ કરવો. 'અભિગ્રહ' તપ છે. સંકલ્પનો નિર્ણય કર્યા બાદ ઉપર મુજબના પાઠથી પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. અભિગ્રહ પૂર્ણ થયા બાદ આહાર ગ્રહણ કરવામાં આવે છે. જ્યાં સુધી અભિગ્રહ પૂર્ણ ન થાય ત્યાં સુધી અભિગ્રહ વિષયક સંકલ્પ અપ્રગટ રહે છે.

૪. (ક) દિવસમાં એક જ વાર વિગય રહિત આહાર કરવો નિર્વિકૃતિ (નીવી) તપ કહેવાય છે.
(ખ) મનમાં વિકાર ઉત્પન્ન કરે એવા પદાર્થોને "વિગય" (વિકૃતિ) કહેવાય છે. વિકૃતિમાં દૂધ,દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ ઈત્યાદિ પદાર્થોનો સમાવેશ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(७) पारिट्ठावणियागारेणं, (८) महत्तरागारेणं
(९) सव्वसमाहिवत्तियागारेणं,[१]
वोसिरामि ।

–आव. अ. ६, सु. १०५

૭. પારિષ્ઠાપનિકાકાર, ૮. મહત્તરાકાર,
૯. સર્વ-સમાધિપ્રત્યયાકાર.
એ નવ આગાર સિવાય સર્વ પ્રકારના વિગયોનો પરિત્યાગ કરું છું.

---

૧. દશ પ્રત્યાખ્યાનના ૧૫ આગારોનું વિવેચન....

૧. **અનાભોગ** — "અત્યારે મને પ્રત્યાખ્યાન" છે. - એવું સર્વથા ભુલાઈ જાય અને કંઈ પણ ખવાઈ કે પીવાઈ જાય તો આ 'અનાભોગ' આગાર છે.

૨. **સહસાકાર**— અનિચ્છાએ કોઈ પદાર્થ મોઢામાં ચાલ્યો જાય, એ સહસાકાર આગાર છે. જેમ કે-પાણી, છાશ આદિના છાંટા મોઢામાં ચાલ્યા જાય. અથવા કોઈ પરાણે મોઢામાં ઠાંસી દે અથવા બળજબરીથી ખવરાવી દે એને પણ 'સહસાકાર' આગાર જ જાણવો.

૩. **પ્રચ્છન્નકાળ**— વાદળ વગેરેના કારણે સૂર્ય ન દેખાવાથી પોરસીનો નિશ્ચિત કાળ ન જાણવાથી પોરસીના પહેલાં જ પ્રત્યાખ્યાન પાળી લે તો 'પ્રચ્છન્નકાળ' આહાર જાણવો.

૪. **દિશામોહ**— ભ્રમના કારણે પૂર્વ કે પશ્ચિમ દિશાનું યથાર્થ ભાન ન રહેવાથી પોરસી આવ્યા પહેલાં જ પોરસી આવી ગઈ એવું માની પોરસીનાં પ્રત્યાખ્યાન પાળી લે અને ખાઈ-પીઈ લે તો 'દિશામોહ' આગાર જાણવો.

૫. **સાધુ વચન**— "પોરસી આવી ગઈ છે" એમ સાધુ પુરુષના કહેવાથી પોરસી આવ્યા વગર પ્રત્યાખ્યાન વાળી લેવાં-તે 'સાધુ વચન' આગાર જાણવો.

૬. **સર્વ સમાધિ પ્રત્યય આગાર**— જ્યાં સુધી સમાધિભાવ છે ત્યાં સુધી પ્રત્યાખ્યાન છે, પ્રાણઘાતક શૂલ આદિ રોગ નિમિત્તે અસમાધિવશ પ્રત્યાખ્યાન વાળી લેવા 'સર્વસમાધિ પ્રત્યય આગાર' જાણવો.

૭. **મહત્તરાગાર**— આચાર્યાદિ મહાપુરુષોની આજ્ઞાથી પ્રત્યાખ્યાન પાળી લેવાં તે 'મહત્તરાગાર આગાર' જાણવો.

૮. **સાગારિક આગાર**- એક આસન પર એકવાર ભોજન કરવાના પ્રત્યાખ્યાન હોવા છતાં ભોજન કરતી વેળાએ જો કોઈ ગૃહસ્થ આવે અને ઊઠવું પડે તેમજ બીજા સ્થાને ભોજન કરવું પડે તો 'સાગારિક આગાર' જાણવો.

૯. **આકુંચન-પ્રસારણ આગાર**— એકાસનથી ભોજન કરતાં બેઠાં બેઠાં જ પગને ખાલી ચડી જાય તો પગ લાંબો ટૂંકો કરવો પડે તે 'આકુંચન-પ્રસારણ' આગાર છે.

૧૦. **ગુરુ-અભ્યુત્થાન આગાર** - એકાસનમાં ભોજન કરતાં હોય અને ગુરુદેવ પધારે તો ઊભા થઈ ફરી બેસીને ભોજન કરવું તે 'ગુરુ અભ્યુત્થાન આગાર' જાણવો.

૧૧. **પારિષ્ઠાપનિકા આગાર** - ઘણીવાર આહાર ગવેષક અસાવધાનીથી અથવા દાતાના અતિ આગ્રહથી અધિક આહાર આવી જાય, આહાર કર્યા બાદ શેષ વધી જાય તો બધા સાધર્મિક સાધુઓને આપી દે. કદાચ ત્યારબાદ પણ વધી જાય તો સ્થવિર ગુરુજનોની આજ્ઞાથી પ્રત્યાખ્યાનવાળા તે આહારનો ઉપયોગ કરે તે 'પારિષ્ઠાપનિકા આગાર' જાણવો.

૧૨. **લેપાલેપ આગાર** - આયંબિલમાં સરસ આહારનાં પ્રત્યાખ્યાન હોવા છતાં જો દાતા શાક, ઘી આદિ વિકૃતિથી ખરડાયેલા ચમચાને લૂછી લે અને તેનાથી આહાર ગ્રહણ કરે તો તે 'લેપાલેપ આગાર' જાણવો.

૧૩. **ઉત્ક્ષિપ્ત વિવેક આગાર** - આયંબિલ યોગ્ય નિરસ આહાર પર ગોળ આદિ પડ્યો હોય અને દાતા તેને ઉઠાવીને આપે તો તેને ગ્રહણ કરી શકાય છે- તે 'ઉત્ક્ષિપ્ત વિવેક આગાર' જાણવો.

૧૪. **ગૃહસ્થ સંસૃષ્ટ આગાર** - દાતાના હાથ આંગળા આદિ ઘી, તેલ,ગોળ આદિથી ખરડાયેલા હોય અને એ જ હાથથી આયંબિલના નિરસ આહારને આપે તે ગ્રહણ કરવાને 'ગૃહસ્થ સંસૃષ્ટ આગાર' જાણવો.

૧૫. **પ્રતીત્ય મ્રક્ષિત આગાર** - ઘઉં આદિનાં ભીંજાવેલા કણિક પર ઘી, તેલ આદિ ચોપડેલ હોય અને રોટલી, પાપડ આદિ રુક્ષ ખાદ્ય વસ્તુ ગ્રહણ કરે તો તે 'પ્રતીત્ય મ્રક્ષિત આગાર' જાણવો.

આ પંદર આગારોમાં માત્ર ૬ આગાર સાધુ- સાધ્વીઓ માટે અનિવાર્ય છે.

(૧) સાગારિક આગાર, (૨) પારિષ્ઠાપનિક આગાર, (૩) લેપાલેપ આગાર (૪) ઉત્ક્ષિપ્ત વિવેક આગાર, (૫) ગૃહસ્થ સંસૃષ્ટ આગાર, (૬) પ્રતીત્યમ્રક્ષિત આગાર,

બાકીના ૯ આગાર સાધુ- સાધ્વીઓ શ્રાવક - શ્રાવિકા બધા માટે ઉપયોગી છે.

(૧) અનાભોગ આગાર, (૨) સહસાકાર આગાર, (૩) દિશામોહ આગાર, (૪) સાધુ વચન આગાર,(૫) આકુંચન પ્રસારણ આગાર, (૬) ગુરુ અભ્યુત્થાન આગાર, (૭) મહત્તરાગાર આગાર, (૮) પ્રચ્છન્નકાળ આગાર, (૯) સર્વ સમાધિ પ્રત્યયાગાર.

દશ પ્રત્યાખ્યાનોમાંથી પાંચ પ્રત્યાખ્યાન એવાં છે જેમાં પારિષ્ઠાપનિકા આગાર આવે છે, જેમ કે-

(૧) એકાસન, (૨) એકસ્થાન, (૩) આયંબિલ, (૪) ઉપવાસ, (૫) નિર્વિકૃતિક,

બાકીના પાંચ પ્રત્યાખ્યાનોમાં પારિષ્ઠાપનિકા આગાર હોતો નથી, જેમ કે -

(૧) નમસ્કાર સહિત (નૌકારસી) (૨) પૌરુસી, (૩) પૂર્વાર્ધ, (બે પોરસી) (૪) દિવસ-ચરિમ, (૫) અભિગ્રહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सव्वपच्चक्खाण–पारण–सुत्तं–**

१८३९. उग्गए सूरे 'नमुक्कार–सहियं' पच्चक्खाणं[१] कयं । तं पच्चक्खाणं सम्मं काएण फासियं, पालियं, तीरियं, किट्टियं, सोहियं, आराहियं, जं च न आराहियं, तस्स मिच्छा मि दुक्कडं ।

*–सुत्तागमे आव. अ. ६, सु. १०६*

**સર્વ પ્રત્યાખ્યાન પારણ સૂત્ર :**

૧૮૩૯. સૂર્યોદય થયા પછી જે 'નમસ્કાર-સહિત' પ્રત્યાખ્યાન કર્યા હતા. તે પ્રત્યાખ્યાન મન, વચન, કાયાથી, સમ્યક્ પ્રકારે સ્પૃષ્ટ, પાલિત, તીરિત, કીર્તિત, શોધિત તથા આરાધિત કર્યા છે. જો સમ્યક્ પ્રકારે આરાધના ન કરી હોય તો તેનું દુષ્કૃત મારા માટે મિથ્યા થાઓ.

## પ્રત્યાખ્યાનના પ્રકાર – ૫

**पच्चक्खाणप्पगारा–**

१८४०. तिविहे पच्चक्खाणे पण्णत्ते, तं जहा–

१. मणसा वेगे पच्चक्खाति,

२. वयसा वेगे पच्चक्खाति[२]

३. कायसा वेगे पच्चक्खाति, पावाणं कम्माणं अकरणयाए ।

**अहवा**–पच्चक्खाणे तिविहे पण्णत्ते, तं जहा–

१. दीहंपेगे अद्धं पच्चक्खाति,

२. रहस्संपेगे अद्धं पच्चक्खाति[३]

३. कायंपेगे पडिसाहरति, पावाणं कम्माणं अकरणयाए ।

*–ठाणं. अ. ३, उ. १, सु. १३६*

पंचविहे पच्चक्खाणे पण्णत्ते, तं जहा–

१. सद्दहणसुद्धे,

२. विणयसुद्धे,

३. अणुभासणासुद्धे,

**પ્રત્યાખ્યાનના પ્રકાર :**

૧૮૪૦. પ્રત્યાખ્યાન ત્રણ પ્રકારના કહ્યાં છે, યથા - પાપકર્મ ન કરવા માટે-

૧. કોઈ મનથી પ્રત્યાખ્યાન કરે છે.

૨. કોઈ વચનથી પ્રત્યાખ્યાન કરે છે.

૩. કોઈ કાયાથી પ્રત્યાખ્યાન કરે છે.

**અથવા-** પ્રત્યાખ્યાન ત્રણ પ્રકારના કહ્યાં છે, યથા- પાપકર્મ ન કરવા માટે-

૧. કોઈ લાંબા સમય માટે પાપકર્મોના પ્રત્યાખ્યાન કરે છે.

૨. કોઈ અલ્પ સમય માટે પાપકર્મોના પ્રત્યાખ્યાન કરે છે.

૩. કોઈ કાયાનો નિરોધ કરી કરે છે.

પ્રત્યાખ્યાન પાંચ પ્રકારના કહ્યાં છે, યથા -

૧. શુદ્ધ શ્રદ્ધાપૂર્વક કરેલો ત્યાગ.

૨. વિનય પૂર્વક કરેલો ત્યાગ.

૩. 'વોસિરામિ' કહેતાં પ્રત્યાખ્યાન કરવા.

---

૧. અહીં 'નમુક્કાર સહિયં' નમસ્કારિકાની સૂચના સામાન્ય શબ્દોથી આપવામાં આવી છે. એના સ્થાન પર જે પ્રત્યાખ્યાન લીધું હોય તેનું નામ લેવું જોઈએ. જેમ કે-પૌરુસી રાખી હોય તો પોરિસી પચ્ચખાણમાં એમ કહેવું જોઈએ.

પ્રત્યાખ્યાન પાળવાના છ અંગ બતાવ્યા છે. તે આ પ્રમાણે છે :

**૧. ફાસિયં** -વિધિ યુક્ત પ્રત્યાખ્યાન લેવાં

**૨. પાલિયં** - પ્રત્યાખ્યાનનો વારંવાર ઉપયોગ કરી સાવધાનીથી તેની રક્ષા કરવી.

**૩. સોહિયં-** દોષ લાગે તો ત્યારે જ શુદ્ધિ કરવી.

**૪. તીરિયં-** લીધેલા પ્રત્યાખ્યાન પૂર્ણ થયા છતાં થોડીવાર પછી ભોજન કરવું.

**૫. કિટ્ટિયં-** પ્રત્યાખ્યાનની પ્રશંસા કરવી કે મારાં પ્રત્યાખ્યાન પૂર્ણ થયા.

**૬. આરાહિયં**-સર્વદોષથી દૂર રહી આરાધના કરવી.

**જં ચ ન આરાહિયં -** આ પ્રમાણે જો શુદ્ધ આરાધના ન થઈ હોય તો આલોચના તથા પ્રતિક્રમણ કરવાથી વ્રત શુદ્ધ થઈ જાય છે.

२–३. ठाणं. अ. २, उ. १, सु. ५२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. अणुपालणासुद्धे,

५. भावसुद्धे ।

–ठाणं. अ. ५, उ. ३, सु. ४६६

४. વિકટ સ્થિતિમાં પણ પ્રત્યાખ્યાનનું નિર્દોષ પાલન કરવું.

૫. રાગ- દ્વેષ રહિત થઈ શુદ્ધ ભાવથી પ્રત્યાખ્યાનનું પાલન કરવું.

**पच्चक्खाण–भेयप्पभेया–**

१८४१. प. कतिविहे णं भंते ! पच्चक्खाणे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पच्चक्खाणे पण्णत्ते, तं जहा–

१. मूलगुणपच्चक्खाणे य,

२. उत्तरगुणपच्चक्खाणे य ।

प. मूलगुणपच्चक्खाणे णं भंते ! कतिविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा–

१. सव्वमूलगुणपच्चक्खाणे य,

२. देसमूलगुणपच्चक्खाणे य ।

प. सव्वमूलगुणपच्चक्खाणे णं भंते ! कतिविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा–

१. सव्वाओ पाणाइवायाओ वेरमणं,

२. सव्वाओ मुसावायाओ वेरमणं,

३. सव्वाओ अदिन्नादाणाओ वेरमणं,

४. सव्वाओ मेहुणाओ वेरमणं,

५. सव्वाओ परिग्गहाओ वेरमणं ।

प. देसमूलगुणपच्चक्खाणे णं भंते ! कतिविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा–

१. थूलाओ पाणाइवायाओ वेरमणं–**जाव**–५. थूलाओ परिग्गहाओ वेरमणं ।

प. उत्तरगुणपच्चक्खाणे णं भंते ! कतिविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा–

१. सव्वुत्तरगुणपच्चक्खाणे य,

२. देसुत्तरगुणपच्चक्खाणे य ।

प. सव्वुत्तरगुणपच्चक्खाणे णं भंते ! कतिविहे पण्णत्ते ?

उ. गोयमा ! दसविहे पण्णत्ते, तं जहा–

१-२ अणागतमइक्कंतं,

३. कोडीसहिइं, ४. णियंटियं चेव,

**પ્રત્યાખ્યાનનાં ભેદ-પ્રભેદ :**

૧૮૪૧. પ્ર. ભંતે! પ્રત્યાખ્યાન કેટલા પ્રકારનાં કહ્યાં છે ?

ઉ. ગૌતમ! પ્રત્યાખ્યાન બે પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. મૂળગુણ પ્રત્યાખ્યાન,

૨. ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

પ્ર. ભંતે! મૂળગુણ પ્રત્યાખ્યાન કેટલા પ્રકારનાં કહ્યાં છે ?

ઉ. ગૌતમ! બે પ્રકારનાં કહ્યાં છે, યથા -

૧. સર્વમૂળગુણ પ્રત્યાખ્યાન,

૨. દેશમૂળગુણ પ્રત્યાખ્યાન.

પ્ર. ભંતે! સર્વમૂળગુણ પ્રત્યાખ્યાન કેટલા પ્રકારનાં કહ્યાં છે ?

ઉ. ગૌતમ! પાંચ પ્રકારનાં કહ્યાં છે, યથા -

૧. સર્વ પ્રાણાતિપાત વિરમણ,

૨. સર્વ મૃષાવાદ વિરમણ,

૩. સર્વ અદત્તાદાન વિરમણ,

૪. સર્વ મૈથુન વિરમણ,

૫. સર્વ પરિગ્રહ વિરમણ.

પ્ર. ભંતે! દેશમૂળગુણ પ્રત્યાખ્યાન કેટલા પ્રકારના કહ્યાં છે.

ઉ. ગૌતમ! પાંચ પ્રકારનાં કહ્યાં છે, યથા -

૧. સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ **યાવત્** ૫. સ્થૂળ પરિગ્રહ વિરમણ.

પ્ર. ભંતે! ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કેટલાં પ્રકારનાં કહ્યાં છે ?

ઉ. ગૌતમ! બે પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. સર્વ-ઉત્તરગુણ પ્રત્યાખ્યાન,

૨. દેશ-ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

પ્ર. ભંતે! સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કેટલાં પ્રકારનાં કહ્યાં છે ?

ઉ. ગૌતમ! દસ પ્રકારનાં કહ્યાં છે, યથા-

(૧) અનાગત, (૨) અતિક્રાંત,

(૩) કોટિસહિત, (૪) નિયંત્રિત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५–६. सागारमणागारं,
७. परिमाणकडं, ८. निरवसेसं,
९. साकेयं चेव,
१०. अद्धाए पच्चक्खाणं भवे दसहा[1] ।

प. देसुत्तरगुणपच्चक्खाणे णं भंते ! कतिविहे पण्णत्ते ?

उ. गोयमा ! सत्तविहे पण्णत्ते, तं जहा–
१. दिसिव्वयं,
२. उवभोग–परिभोगपरिमाणं,
३. अणत्थदंड–वेरमणं, ४. सामाइयं,
५. देसावगासियं, ६. पोसहोववासो,
७. अतिहिसंविभागो,
अपच्छिममारणंतिय–संलेहणा झूसणा आराहणा य ।

–वि. स. ७, उ. २, सु. २–८

(૫) સાગાર, (૬) અનાગાર,
(૭) પરિમાણકૃત, (૮) નિરવશેષ,
(૯) સંકેત,
(૧૦) અદ્ધાપ્રત્યાખ્યાન.

પ્ર. ભંતે! દેશ-ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કેટલાં પ્રકારનાં કહ્યાં છે ?

ઉ. ગૌતમ! સાત પ્રકારનાં કહ્યાં છે, યથા -
૧. દિશાપરિમાણ,
૨. ઉપભોગ-પરિભોગપરિમાણ,
૩. અનર્થદંડવિરમણ, ૪. સામાયિક,
૫. દેશાવકાસિક, ૬. પૌષધોપવાસ,
૭. અતિથિ સંવિભાગ,
તથા અપશ્ચિમ મારણાંતિક સંલેખના ઝોષણા-આરાધના.

## सुपच्चक्खाणी–दुपच्चक्खाणी सरूवं–

१८४२. प. से नूणं भंते ! सव्वपाणेहिं सव्वभूतेहिं सव्वजीवेहिं सव्वसत्तेहिं पच्चक्खाय इति वयमाणस्स सुपच्चक्खायं भवति ? दुपच्चक्खायं भवति ?

उ. गोयमा ! "सव्वपाणेहिं–**जाव**–सव्वसत्तेहिं पच्चक्खायं" इति वयमाणस्स सिय सुपच्चक्खायं भवति, सिय दुपच्चक्खायं भवति ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ "सव्वपाणेहिं–**जाव**–सव्वसत्तेहिं पच्चक्खायं" इति वयमाणस्स सिय सुपच्चक्खायं भवति, सिय दुपच्चक्खायं भवति ?

उ. गोयमा ! जस्स णं "सव्वपाणेहिं–**जाव**–सव्वसत्तेहिं पच्चक्खायं" इति वयमाणस्स णो एवं अभिसमन्नागतं भवति–
इमे जीवा, इमे अजीवा,
इमे तसा, इमे थावरा,

## સુપ્રત્યાખ્યાની તથા દુષ્પ્રત્યાખ્યાનીનું સ્વરૂપ :

૧૮૪૨. પ્ર. હે ભંતે! મેં સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે' આ પ્રમાણે કહેનારને સુપ્રત્યાખ્યાન થાય છે કે દુષ્પ્રત્યાખ્યાન થાય છે ?

ઉ. ગૌતમ! "મેં સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વોની હિંસાનાં પ્રત્યાખ્યાન કર્યા છે". આ પ્રમાણે કહેનારને કદાચિત્ સુપ્રત્યાખ્યાન થાય છે તથા કદાચિત્ દુષ્પ્રત્યાખ્યાન થાય છે.

પ્ર. હે ભંતે! એમ કેમ કહેવાય છે કે-'સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વોની હિંસાનાં પ્રત્યાખ્યાન કર્યા છે'. આ પ્રમાણે ઉચ્ચારણ કરનારને કદાચિત્ સુપ્રત્યાખ્યાન થાય છે અને કદાચિત્ દુષ્પ્રત્યાખ્યાન થાય છે ?

ઉ. ગૌતમ! મે સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે'. આ પ્રમાણે કહેનાર જે પુરુષને એવું જ્ઞાન નથી કે-
એ જીવ છે કે અજીવ છે.
એ ત્રસ છે કે સ્થાવર છે.

१. ठाणं अ. १०, सु. ७४८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्स णं "सव्वपाणेहिं-**जाव**-सव्वसत्तेहिं पच्चक्खायं" इति वयमाणस्स नो सुपच्चक्खायं भवति, दुपच्चक्खायं भवति । एवं खलु से दुपच्चक्खाई सव्वपाणेहिं-**जाव**-सव्वसत्तेहिं "पच्चक्खायं" इति वयमाणे नो सच्चं भासं भासति, मोसं भासं भासइ, एवं खलु से मुसावाती सव्वपाणेहिं-**जाव**-सव्वसत्तेहिं तिविहं तिविहेणं असंजय-अविरय-अपडिहय- पच्चक्खायपावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले यावि भवति ।

जस्स णं "सव्वपाणेहिं-**जाव**-सव्वसत्तेहिं पच्चक्खायं" इति वयमाणस्स एवं अभिसमन्नागतं भवति ।
इमे जीवा, इमे अजीवा,
इमे तसा, इमे थावरा,
तस्स णं-**जाव**-सुपच्चक्खायं भवति, नो दुपच्चक्खायं भवति । एवं खलु से सुपच्चक्खाई-**जाव**-एगंतपंडिते यावि भवति ।
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-**जाव**-सिय सुपच्चक्खायं भवति, सिय दुपच्चक्खायं भवति ।

*-वि. स. ७, उ. २, सु. १*

તે પુરુષ કહેનારને "સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વોનાં પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોતા નથી. પરંતુ દુષ્પ્રત્યાખ્યાન હોય છે.માટે તે દુષ્પ્રત્યાખ્યાની પુરુષ 'મેં સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે'. આ પ્રમાણે કહેનારા સત્ય ભાષા બોલતા નથી. પરંતુ મૃષા ભાષા બોલે છે. તથા તે મૃષાવાદી સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વો પ્રત્યે ત્રણ કરણ, ત્રણ યોગથી અસંયત, અવિરત, પાપકર્મથી અપ્રતિહત તથા પાપકર્મના અપ્રત્યાખ્યાની ક્રિયાઓથી યુક્ત સંવર રહિત એકાંત દંડ કારક તથા એકાંત બાળ હોય છે.
'મેં સર્વ પ્રાણ **યાવત્** સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે' એવું કહેનાર જે પુરુષને એવું જ્ઞાન હોય છે કે-
એ જીવ છે કે અજીવ છે,
એ ત્રસ છે કે સ્થાવર છે,
તે પુરુષનાં **યાવત્** પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે પણ દુષ્પ્રત્યાખ્યાન હોતા નથી. માટે તે સુપ્રત્યાખ્યાની **યાવત્** એકાંત પંડિત હોય છે.

માટે હે ગૌતમ! એવું કહેવાય છે કે **યાવત્** કદાચિત્ સુપ્રત્યાખ્યાન હોય છે અને કદાચિત્ દુષ્પ્રત્યાખ્યાન હોય છે.

**णाणपुव्वगपच्चक्खाणकारी-**

१८४३. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा-
१. परिण्णायकम्मे नाममेगे नो परिण्णायसण्णे,
२. परिण्णायसण्णे नाममेगे नो परिण्णायकम्मे,
३. एगे परिण्णायकम्मे वि, परिण्णायसण्णे वि,
४. एगे नो परिण्णायकम्मे, नो परिण्णायसण्णे ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा-
१. परिण्णायकम्मे नाममेगे नो परिण्णायगिहावासे,
२. परिण्णायगिहावासे नाममेगे नो परिण्णायकम्मे,
३. एगे परिण्णायकम्मे वि, परिण्णायगिहावासे वि,
४. एगे णो परिण्णायकम्मे, णो परिण्णायगिहावासे ।

**જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન કરનારા :**

૧૮૪૩. પુરુષ ચાર પ્રકારના કહેવાય છે, યથા -
૧. કેટલાક પુરુષો પાપકર્મનો પરિત્યાગ કરે છે, પણ પાપભાવનાનો ત્યાગ કરતા નથી.
૨. કેટલાક પુરુષો પાપભાવનાનો પરિત્યાગ કરે છે, પણ પાપકર્મનો પરિત્યાગ કરતા નથી.
૩. કેટલાક પુરુષો પાપકર્મ અને પાપભાવના બંનેનો પરિત્યાગ કરે છે.
૪. કેટલાક પુરુષો પાપકર્મનો પણ પરિત્યાગ કરતા નથી અને પાપભાવનાનો પણ પરિત્યાગ કરતા નથી.

પુરુષ ચાર પ્રકારના કહ્યાં છે, યથા -
૧. કેટલાક પુરુષ પાપકર્મનો પરિત્યાગ કરે છે, ગૃહવાસનો પરિત્યાગ કરતા નથી.
૨. કેટલાક પુરુષ ગૃહવાસનો પરિત્યાગ કરે છે, પાપકર્મનો પરિત્યાગ કરતા નથી.
૩. કેટલાક પુરુષો પાપકર્મ અને ગૃહવાસ બંનેનો પરિત્યાગ કરે છે.
૪. કેટલાક પુરુષો પાપકર્મ અને ગૃહવાસ બંનેનો પરિત્યાગ કરતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा–

१. परिण्णायसण्णे नाममेगे नो परिण्णायगिह्यवासे,

२. परिण्णायगिहावासे नाममेगे नो परिण्णायसण्णे,

३. एगे परिण्णायसण्णे वि, परिण्णायगिहावासे वि,

४. एगे नो परिण्णायसण्णे, नो परिण्णायगिहावासे ।

–ठाणं. अ. ४, उ. ३, सु. ३२७

પુરુષ ચાર પ્રકારના કહ્યાં છે, યથા-

૧. કેટલાક પુરુષો પાપભાવનાનો પરિત્યાગ કરે છે, ગૃહવાસનો પરિત્યાગ કરતા નથી.

૨. કેટલા પુરુષો ગૃહવાસનો પરિત્યાગ કરે છે, પાપ ભાવનાનો પરિત્યાગ કરતા નથી.

૩. કેટલાક પુરુષો પાપભાવના અને ગૃહવાસ બંનેનો પરિત્યાગ કરે છે.

૪. કેટલાક પુરુષો પાપભાવના અને ગૃહવાસ બંનેનો પરિત્યાગ કરતા નથી.

## પ્રતિક્રમણ ફળ – ૬

**पडिक्कमण फलं–**

१८४४. प. पडिक्कमणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. पडिक्कमणेणं वयछिद्दाइं पिहेइ । पिहियवयछिद्दे पुण जीवे निरुद्धासवे, असबलचरित्ते, अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ ।

–उत्त. अ. २९, सु. १३

**પ્રતિક્રમણનું ફળ :**

૧૮૪૪. પ્ર. ભંતે! પ્રતિક્રમણથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ઉ. પ્રતિક્રમણથી જીવ સ્વીકૃત વ્રતોના છિદ્રોને રોકે છે. આવા વ્રતોના છિદ્રને બંધ કરનાર જીવ આશ્રવનો નિરોધ કરે છે, શુદ્ધ ચારિત્રનું પાલન કરે છે, સમિતિ ગુપ્તિ રૂપ આઠ પ્રવચન માતાઓની આરાધનામાં સાવધાન બને છે, સંયમયોગમાં એકરસ બની જાય છે અને સન્માર્ગે સમ્યક્ સમાધિસ્થ થઈ વિચરે છે.

## પચ્ચક્ખાણ ફળ – ૭

**पच्चक्खाणं फलं–**

१८४५. प. पच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. पच्चक्खाणेणं आसवदाराइं निरुम्भइ ।

–उत्त. अ. २९, सु. १५

**પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૪૫. પ્ર. ભંતે! પ્રત્યાખ્યાનથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. પ્રત્યાખ્યાનથી જીવ- આશ્રવ દ્વારોનો નિરોધ કરે છે.

**संभोग-पच्चक्खाण-फलं–**

१८४६. प. संभोग-पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?

उ. संभोग-पच्चकखाणेणं आलंबणाइं खवेइ । निरालंबणस्स य आययट्ठिया जोगा भवंति । सएणं लाभेणं संतुस्सइ परलाभं नो आसादेइ, नो तक्केइ, नो पीहेइ, नो पत्थेइ, नो अभिलसइ । परलाभं अणासायमाणे, अतक्केमाणे, अपीहेमाणे, अपत्थेमाणे, अणभिलसमाणे दुच्चं सुहसेज्जं उवसंपज्जित्ता णं विहरइ ।

–उत्त. अ. २९, सु. ३५

**સંભોગ પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૪૬. પ્ર. ભંતે! સંભોગના પ્રત્યાખ્યાનથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. સંભોગના પ્રત્યાખ્યાનથી જીવ પરાવલંબી મટી નિરાવલંબી થાય છે, નિરાવલંબ થવાથી તેના બધા પ્રયત્નો આત્મપ્રયોજન કરનારા બને છે. તે પોતે મેળવેલા લાભથી સંતુષ્ટ થાય છે, બીજાના લાભનો ઉપભોગ કરતો નથી. તેની કલ્પના કરતો નથી, સ્પૃહા કરતો નથી, પ્રાર્થના કરતો નથી, અભિલાષા કરતો નથી. બીજાના લાભનું આસ્વાદન, કલ્પના, સ્પૃહા, પ્રાર્થના અને અભિલાષા ન કરનાર બીજી સુખ શય્યાને (પહેલી સુખશય્યા સંયમ) પ્રાપ્ત કરીને વિહાર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उवहि-पच्चक्खाण-फलं-**

१८४७. प. उवहिपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. उवहिपच्चक्खाणेणं उवहिमंतरेण य न संकिलिस्सइ ।

-उत्त. अ. २९, सु. ३६

**ઉપધિ પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૪૭. પ્ર. ભંતે ! ઉપધિ (વસ્ત્ર આદિ ઉપકરણો) ના પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ઉ. ઉપધિ (ઉપકરણ)ના પ્રત્યાખ્યાનથી જીવ નિર્વિઘ્નપણે સ્વાધ્યાય કરે છે. ઉપધિ રહિત જીવ આકાંક્ષામુક્ત થઈને ઉપધિના અભાવમાં કલેશ પામતો નથી.

**आहार-पच्चक्खाण-फलं-**

१८४८. प. आहारपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. आहारपच्चक्खाणेणं जीवियासंसप्पओगं वोच्छिंदइ, जीवियासंसप्पओगं वोच्छिन्दित्ता जीवे आहारमंतरेणं न संकिलिस्सइ ।

-उत्त. अ. २९, सु. ३७

**આહાર પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૪૮. પ્ર. ભંતે ! આહારના પ્રત્યાખ્યાનથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. આહારના પ્રત્યાખ્યાનથી જીવ જીવનની લાલસા-કામનાના પ્રયત્નને વિછિન્ન કરે છે. જીવનની કામનાના પ્રયત્ન છોડીને તે આહારના અભાવમાં (તપસ્યા આદિમાં) પણ કલેશ પામતો નથી.

**कसाय-पच्चक्खाण-फलं-**

१८४९. प. कसायपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. कसायपच्चक्खाणेणं वीयरागभावं जणयइ । वीयरागभावपडिवन्ने य णं जीवे समसुहदुक्खे भवइ ।

उत्त. अ. २९, सु. ३८

**કષાય પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૪૯. પ્ર. ભંતે ! કષાય (ક્રોધ - માન-માયા અને લોભ) પ્રત્યાખ્યાનથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. કષાયના પ્રત્યાખ્યાનથી જીવને વીતરાગભાવ થાય છે. વીતરાગભાવથી જીવ સુખદુઃખમાં સમાન બને છે.

**जोग-पच्चक्खाण-फलं-**

१८५०. प. जोगपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. जोगपच्चक्खाणेणं अजोगत्तं जणयइ । अजोगी णं जीवे नवं कम्मं न बन्धइ पुव्वबद्धं निज्जरेइ ।

- उत्त. अ. २९, सु. ३९

**યોગ પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૫૦. પ્ર. ભંતે ! યોગ પ્રત્યાખ્યાનથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. યોગ (મન, વચન, કાયાની પ્રવૃત્તિ) પ્રત્યાખ્યાનથી તે અયોગત્વ પામે છે, અયોગી જીવ નવા કર્મોનો બંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

**सरीर-पच्चक्खाण-फलं-**

१८५१. प. सरीर पच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. सरीर पच्चक्खाणेणं सिद्धाइसयगुणत्तं निव्वत्तेइ । सिद्धाइसयगुणसंपन्ने य णं जीवे लोगग्गमुवगए परमसुही भवइ ।

-उत्त. अ. २९, सु. ४०

**શરીર પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૫૧. પ્ર. ભંતે ! શરીર ત્યાગ કરવાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. શરીરના પ્રત્યાખ્યાનથી જીવ સિદ્ધોના વિશિષ્ટ ગુણ પ્રાપ્ત કરે છે. મુક્ત આત્માઓના અતિશય ગુણોયુક્ત જીવ લોકાગ્રમાં પહોંચીને પરમસુખ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सहाय-पच्चक्खाण-फलं-**

१८५२. प. सहायपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. सहायपच्चक्खाणेणं एगीभावं जणयइ । एगीभावभूए वि य णं जीवे एगग्गं भावेमाणे अप्पसद्दे, अप्पझंझे, अप्पकलहे, अप्पकसाए, अप्पतुमंतुमे, संजमबहुले, संवरबहुले, समाहिए यावि भवइ ।

–उत्त. अ. २९, सु. ४१

**સહાય પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૫૨. પ્ર. ભંતે! સહાય પ્રત્યાખ્યાન (બીજાનો સહયોગ ન લેવા) થી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. સહાય પ્રત્યાખ્યાનથી જીવ એકત્વભાવને પામે છે. એકત્વભાવ પામેલ સાધક એકાગ્રતાની ભાવના કરતો, વિગ્રહકારી શબ્દ, વાક્કલહ (ટંટો,) ક્રોધાદિ કષાય, તું-તું, હું-હું થી મુક્ત રહે છે, સંયમ અને સંવરમાં વ્યાપકતા પ્રાપ્ત કરીને સમાધિસંપન્ન બને છે.

**भत्त-पच्चक्खाण-फलं-**

१८५३. प. भत्तपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. भत्तपच्चक्खाणेणं अणेगाइं भवसयाइं निरुम्भइ ।[१]

–उत्त. अ. २९, सु. ४२

**ભક્ત પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૫૩. પ્ર. ભંતે! ભક્ત પ્રત્યાખ્યાન (અનશન) થી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. ભક્ત પ્રત્યાખ્યાનથી જીવ અનેક પ્રકારના સેંકડો ભવોના જન્મ-મરણનો નિરોધ કરે છે.

**सब्भाव-पच्चक्खाण-फलं-**

१८५४. प. सब्भावपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. सब्भावपच्चक्खाणेणं अनियट्टिं जणयइ । अनियट्टिं पडिवन्ने य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ, तं जहा-

(१) वेयणिज्जं, (२) आउयं,
(३) नामं, (४) गोयं ।

तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाएइ सव्वदुक्खाणं अन्तं करेइ ।

–उत्त. अ. २९, सु. ४३

**સદ્ભાવ પ્રત્યાખ્યાનનું ફળ :**

૧૮૫૪. પ્ર. ભંતે! સદ્ભાવ પ્રત્યાખ્યાન (પૂર્ણ સંવરરૂપ શૈલેશી અવસ્થા) થી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. સદ્ભાવ પ્રત્યાખ્યાનથી જીવ અનિવૃત્તિ (શુક્લ ધ્યાન) પામે છે. અનિવૃત્તિ પામેલ અણગાર કેવળીના શેષ રહેલા ચાર કર્મોને ક્ષીણ કરે છે, યથા -

(૧) વેદનીય કર્મ, (૨) આયુષ્ય કર્મ,
(૩) નામ કર્મ, (૪) ગોત્ર કર્મ.

ત્યારપછી તે સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે અને બધા દુઃખોનો અંત કરે છે.

**पच्चक्खाण-भंजण-पायच्छित्त-सुत्तं-**

१८५५. जे भिक्खू अभिक्खणं अभिक्खणं पच्चक्खाणं भंजइ भंजंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १२, सु. २

**પ્રત્યાખ્યાન ભંગનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૮૫૫. જે ભિક્ષુ વારંવાર પ્રત્યાખ્યાન તોડે છે, (તોડાવે છે) તોડનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

★ ★ ★

---

૧. ભક્ત પ્રત્યાખ્યાન અનશનનું વર્ણન અનશન તપ તપાચારમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગૃહસ્થ-ધર્મ

## ગૃહસ્થ-ધર્મ – ૧

**समणोवासगप्पगारा–**

१८५६. चत्तारि समणोवासगा पण्णत्ता, तं जहा–

१. अम्मापिइसमाणे, २. भाइसमाणे,
३. मित्तसमाणे, ४. सवत्तिसमाणे ।

चत्तारि समणोवासगा पण्णत्ता, तं जहा–

१. अद्दागसमाणे, २. पडागसमाणे,
३. खाणुसमाणे, ४. खरकंटयसमाणे ।

*–ठाणं. अ. ४, उ. ३, सु. ३२२*

**શ્રમણોપાસકના પ્રકાર :**

૧૮૫૬. શ્રમણોપાસક ચાર પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. માતાપિતા સમાન, ૨. ભાઈસમાન,
૩. મિત્ર સમાન, ૪. સપત્ની (શોક) સમાન.

વળી, શ્રમણોપાસક ચાર પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. દર્પણ સમાન, ૨. ધ્વજા સમાન,
૩. ઠૂંઠા સમાન, ૪. તીક્ષ્ણ કાંટા સમાન.

**समणोवासगस्स चत्तारि आसासा–**

१८५७. भारण्णं वहमाणस्स चत्तारि आसासा पण्णत्ता, तं जहा–

१. जत्थ णं अंसाओ अंसं साहरइ, तत्थवि य से एगे आसासे पण्णत्ते,
२. जत्थवि य णं उच्चारं वा पासवणं वा परिट्ठवेति, तत्थवि य से एगे आसासे पण्णत्ते,
३. जत्थवि य णं णागकुमारावासंसि वा, सुवण्णकुमारावासंसि वा वासं उवेति, तत्थवि य से एगे आसासे पण्णत्ते,
४. जत्थवि य णं आवकहाए चिट्ठति, तत्थवि य से एगे आसासे पण्णत्ते ।

एवामेव समणोवासगस्स चत्तारि आसासा पण्णत्ता, तं जहा–

१. जत्थवि य णं सीलव्वय-गुणव्वय-वेरमणं-पच्चक्खाण-पोसहोववासाइं पडिवज्जति, तत्थवि य से एगे आसासे पण्णत्ते,
२. जत्थवि य णं सामाइयं देसावगासियं सम्ममणुपालेइ, तत्थवि य से एगे आसासे पण्णत्ते,
३. जत्थवि य णं चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेइ, तत्थवि य से एगे आसासे पण्णत्ते,
४. जत्थवि य णं अपच्छिममारणंतियसंलेहणा-झूसणा-झूसिते भत्तपाणपडियाइक्खिते पाओवगते कालमणवक्खमाणे विहरइ, तत्थवि य से एगे आसासे पण्णत्ते ।

*–ठाणं. अ. ४, उ. ३, सु. ३१४*

**શ્રમણોપાસકના ચાર વિશ્રાંતિ સ્થાન :**

૧૮૫૭. ભારવાહી માટે ચાર આશ્વાસ (વિશ્રામ) સ્થાન હોય છે. જેમ કે-

૧. ભારને એક ખભેથી બીજે ખભે મૂકવો તે પહેલો આશ્વાસ.
૨. ભારને રાખીને લઘુ શંકા કે વડી શંકા કરે છે તે બીજો આશ્વાસ.
૩. જ્યારે તે નાગકુમાર, સુવર્ણકુમાર આદિના સ્થાનોમાં (રાત્રે) નિવાસ કરે છે તે ત્રીજો આશ્વાસ.
૪. જ્યારે તે કાર્યને સંપન્ન કરી ભારમુક્ત બને છે તે ચોથો આશ્વાસ.

એ જ પ્રમાણે શ્રમણોપાસકના ચાર આશ્વાસ જાણવા જોઈએ, યથા-

૧. જ્યારે તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ સ્વીકાર કરે છે ત્યારે પહેલો આશ્વાસ કહેવાય છે.
૨. જ્યારે તે સામાયિક તથા દેશાવકાસિક વ્રતનું સમ્યક્ અનુપાલન કરે છે, તે બીજો આશ્વાસ કહેવાય છે.
૩. જ્યારે તે આઠમ, ચૌદશ, અમાસ અને પૂનમના દિવસે પરિપૂર્ણ- દિવસ-રાત પૌષધ વ્રતનું સમ્યક્ અનુપાલન કરે છે તેને ત્રીજો આશ્વાસ કહેવાય.
૪. જ્યારે તે અંતિમ મારણાંતિક સંલેખનાની આરાધના કરતાં ભક્તપાનનો ત્યાગ કરી, પાદોપગમન સંથારાનો સ્વીકાર કરી, મૃત્યુ માટે પરવા રહિત બની વિહરણ કરે છે તેને ચોથો આશ્વાસ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ओघाइयार विसोहीकरणं-**

१८५८. इच्छामि ठामि काउसग्गं, जो मे देवसिओ अइआरो कओ काइओ, वाइओ, माणसिओ, उस्सुत्तो, उम्मग्गो, अकप्पो, अकरणिज्जो, दुज्झाओ, दुव्विचिंतिओ अणायारो अणिच्छियव्वो असावगपावग्गो । नाणे तह दंसणे चरित्ताचरित्ते सुए सामाइए तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हं अणुव्वयाणं, तिण्हं गुणव्वयाणं, चउण्हं सिक्खावयाणं, बारस विहस्स सावगधम्मस्स जं खंडियं जं विराहियं तस्स मिच्छामि दुक्कडं ।

*-आव. अ. ४*

**સામાન્યરૂપે અતિચારોનું વિશુદ્ધિકરણ :**

૧૮૫૮. હું કાયોત્સર્ગ કરવા ઈચ્છું છું. મેં દિવસ સંબંધી જે અતિચાર કર્યા હોય, તે કાયિક, વાચિક, માનસિક, સૂત્ર વિરુદ્ધ, માર્ગ વિરુદ્ધ, અકલ્પનીય, ન કરવા યોગ્ય, દુર્ધ્યાન, દુશ્ચિંતન, ન આચરવા યોગ્ય, ન ઈચ્છવા યોગ્ય, શ્રાવક માટે અનુચિત, જ્ઞાન, દર્શન, ચારિત્રાચરિત્ર, શ્રુતજ્ઞાન, સામાયિક, ત્રણ ગુપ્તિ, ચાર કષાયની નિવૃત્તિ, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત તથા બાર પ્રકારના શ્રાવક ધર્મની જો અવહેલના કરી હોય, વિરાધના કરી હોય તો તેનું દુષ્કૃત મારા માટે મિથ્યા થાઓ.

**अप्पाउबंध कारणाइं-**

१८५९. तिहिं ठाणेहिं जीवा अप्पाउयत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. पाणे अतिवातित्ता भवति,

२. मुसं वदित्ता भवति,

३. तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेत्ता भवति,

इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा अप्पाउयत्ताए कम्मं पगरेंति ।

*-ठाणं. अ. ३, उ. १, सु. १३३ (१)*

**અલ્પાયુ બંધનું કારણ :**

૧૮૫૯. ત્રણ પ્રકારે જીવ અલ્પ આયુ કર્મ બાંધે છે, યથા -

૧. પ્રાણીઓની હિંસા કરવાથી,

૨. અસત્ય બોલવાથી,

૩. તથારૂપ શ્રમણ- માહણને અપ્રાસુક, અનેષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આહાર દાન કરવાથી.

આ ત્રણ કારણથી જીવ અલ્પ આયુષ્ય કર્મનો બંધ કરે છે.

**दीहाउबंध कारणाइं-**

१८६०. तिहिं ठाणेहिं जीवा दीहाउयत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. णो पाणे अतिवातित्ता भवति,

२. णो मुसं वदित्ता भवति,

३. तहारूवं-समणं वा माहणं वा फासुयएसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेत्ता भवति,

इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा दीहाउयत्ताए कम्मं पगरेंति ।

*-ठाणं. अ. ३, उ. १, सु. १३३ (२)*

**દીર્ઘાયુ બંધનું કારણ :**

૧૮૬૦. ત્રણ પ્રકારે જીવ દીર્ઘાયુ કર્મ બાંધે છે, યથા-

૧. પ્રાણીઓની હિંસા ન કરવાથી,

૨. અસત્ય ન બોલવાથી,

૩. તથારૂપ શ્રમણ માહણને પ્રાસુક, એષણીય અશન,પાન,ખાદ્ય,સ્વાદ્ય આહાર દાન કરવાથી,

એ ત્રણે પ્રકારે જીવ દીર્ઘ આયુષ્ય કર્મ બાંધે છે.

**असुह दीहाउबंध कारणाइं-**

१८६१. तिहिं ठाणेहिं जीवा असुभदीहाउयत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. पाणे अतिवातित्ता भवति,

२. मुसं वदित्ता भवति,

**અશુભ દીર્ઘાયુ બંધનું કારણ :**

૧૮૬૧. ત્રણ પ્રકારે જીવ અશુભ દીર્ઘાયુ કર્મ બાંધે છે, યથા -

૧. પ્રાણોનો ઘાત કરવાથી,

૨. અસત્ય બોલવાથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तहारूवं समणं वा माहणं वा हीलित्ता णिंदित्ता, खिंसित्ता, गरहित्ता, अवमाणित्ता अन्नयरेणं अमणुण्णेणं अपीइ-कारएणं असण-पाण-खाइम-साइमेणं, पडिलाभेत्ता भवति,

इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा असुभदीहाउयत्ताए कम्मं पगरेंति ।

*-ठाणं. अ. ३, उ. १, सु. १३३ (३)*

૩. તથારૂપ શ્રમણ-માહણની અવહેલના, નિંદા, અવજ્ઞા, ગર્હા તથા અપમાન કરવાથી. તેમજ અમનોજ્ઞ, અપ્રીતિકર અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આહારનું દાન કરવાથી,

આ ત્રણ પ્રકારે જીવ અશુભ દીર્ઘ આયુષ્ય કર્મનો બંધ કરે છે.

**सुह दीहाउबंध कारणाइं-**

१८६२. तिहिं ठाणेहिं जीवा सुभदीहाउयत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. णो पाणे अतिवातित्ता भवति,

२. णो मुसं वदित्ता भवइ,

३. तहारूवं समणं वा माहणं वा वंदित्ता नमंसित्ता सक्कारेत्ता सम्माणेत्ता कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेत्ता मणुण्णेणं पीइकारएणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेत्ता भवति ।

इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा सुभदीहाउयत्ताए कम्मं पगरेंति ।[1]

*-ठाणं. अ. ३, उ. १, सु. १३३ (४)*

**શુભ દીર્ઘાયુ બંધનું કારણ :**

૧૮૬૨. ત્રણ પ્રકારે જીવ શુભ દીર્ઘાયુ કર્મ બાંધે છે, યથા -

૧. પ્રાણોનો ઘાત ન કરવાથી,

૨. અસત્ય ન બોલવાથી,

૩. તથારૂપ શ્રમણ માહણને વંદન- નમસ્કાર કરી, તેનું સત્કાર સન્માન કરી, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ તથા જ્ઞાનવંત માની તેની સેવાભક્તિ કરી, મનોજ્ઞ અને પ્રીતિકર અશન,પાન, ખાદ્ય, સ્વાદ્ય આહારદાન કરવાથી.

આ ત્રણ પ્રકારે જીવ શુભ દીર્ઘાયુ કર્મનો બંધ કરે છે.

## સમકિત સહિત બાર વ્રત - ૨

**सम्मत्तसरूवं-अइयारा य-**

१८६३. से य सम्मत्ते पसत्थ-सम्मत्त-मोहणीय-कम्मा-णुवेयणोवसमखयसमत्थे पसम-संवेगाइलिंगे सुहे आयपरिणामे पण्णत्ते ।

सम्मत्तस्स समणोवासएणं पंच अइयारा पेयाला जाणियव्वा न समायरियव्वा, तं जहा-

१. संका, २. कंखा,
३. विइगिच्छा, ४. परपासंडपसंसा,
५. परपासंडसंथवे ।[2]

*-आव अ. ६, सु. ६४-६५*

**સમ્યક્ત્વનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૬૩. તે સમ્યક્ત્વ- પ્રશસ્ત સમ્યક્ત્વ-મોહનીય કર્મોના ઉદય, ઉપશમ અથવા ક્ષયથી નિષ્પન્ન થાય છે, સમ-સંવેગ આદિ હેતુભૂત આત્માના શુભ પરિણામ સ્વરૂપ કહેવાય છે.

શ્રમણોપાસકને સમ્યક્ત્વના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે, પણ આચરવા યોગ્ય નથી. તે અતિચાર આ પ્રમાણે છે.

૧. શંકા, ૨. કાંક્ષા,
૩. વિચિકિત્સા, ૪. પર-પાખંડ પ્રશંસા,
૫. પર-પાખંડ-સંસ્તવ.

---

१. विया. श. ५, उ. ६, सु. १-४

२. उवा. अ. १, सु. ४४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**समत्त पाहण्णं–**

१८६४. एयस्स पुण समणोवासगधम्मस्स मूलवत्थुं सम्मत्तं। तं निसग्गेण वा, अधिगमेण वा ।
पंचातिचार विसुद्धं अणुव्वय–गुणव्वयाइं च अभिग्गहा, अन्ते य पडिमादओ विसेसकरणजोगा, अपच्छिमा मारणंतिया । संलेहणाझोसणाराहणया ।

*– आव. अ. ६, सु. १४*

**સમ્યક્ત્વની પ્રધાનતા :**

૧૮૬૪. આ શ્રમણોપાસક ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે, તે સમ્યક્ત્વ સ્વભાવથી કે ઉપદેશથી થાય છે.
પાંચ અતિચારોથી વિશુદ્ધ, સમ્યક્ત્વ સહિત અણુવ્રત, ગુણવ્રત, અભિગ્રહ તથા અન્ય પ્રતિમા આદિ વિશેષ કરવા યોગ્ય ધાર્મિક આચાર તથા જીવનના અંત સમયમાં કષાય ક્ષય, કર્મ ક્ષય માટે સંલેખના કરવી જોઈએ.

**समणोवासगधम्मप्पगारा–**

१८६५. अगारधम्मं दुवालसविहं आइक्खइ, तं जहा– पंच अणुव्वयाइं, तिण्णि गुणव्वयाइं, चत्तारि सिक्खावयाइं । पंच अणुव्वयाइं, तं जहा–
१. थूलाओ पाणाइवायाओ वेरमणं,
२. थूलाओ मुसावायाओ वेरमणं,
३. थूलाओ अदिण्णादाणाओ वेरमणं,
४. सदारसंतोसे,
५. इच्छापरिमाणे[1] ।
तिण्णि गुणव्वयाइं, तं जहा–
६. दिसिव्वयं,
७. उवभोगपरिभोगपरिमाणं,
८. अणत्थदंडवेरमणं ।
चत्तारि सिक्खावयाइं, तं जहा–
९. सामाइयं,
१०. देसावगासियं,
११. पोसहोववासे,
१२. अतिहिसंविभागे ।
अपच्छिमा मारणंतिया संलेहणाझूसणाराहणा ।
अयमाउसो ! अगारसामाइए धम्मे पण्णत्ते । एयस्स धम्मस्स सिक्खाए उवट्ठिए समणोवासए वा समणोवासिया वा विहरमाणे आणाए आराहए भवइ[2] ।

*–उवा. अ. १, सु. ११*

एत्थ पुण समणोवासगधम्मे पंचाणुव्वयाइं तिन्नि गुणव्वयाइं आवकहियाइं चत्तारि सिक्खावयाइं इत्तरियाइं ।

*–आव. अ. ६, सु. १३*

**શ્રાવક - ધર્મના પ્રકાર :**

૧૮૬૫. ભગવાને શ્રાવક ધર્મના બાર પ્રકાર બતાવ્યા છે, યથા- પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.
પાંચ અણુવ્રત આ પ્રમાણે છે, યથા-
૧. સ્થૂળ પ્રાણાતિપાતથી નિવૃત્ત થવું.
૨. સ્થૂળ મૃષાવાદથી નિવૃત્ત થવું.
૩. સ્થૂળ અદત્તાદાનથી નિવૃત્ત થવું,
૪. સ્વદાર-સંતોષ હોવો,
૫. ઈચ્છા-પરિમાણ કરવું,
ત્રણ ગુણવ્રત આ પ્રમાણે છે, યથા-
૬. દિગ્વ્રત- દિશાનું પરિમાણ કરવું,
૭. ઉપભોગ-પરિભોગ-પરિમાણ વ્રત,
૮. અનર્થદંડથી નિવૃત્ત થવું.
ચાર શિક્ષાવ્રત આ પ્રમાણે છે, યથા-
૯. સામાયિક વ્રત,
૧૦. દેશાવકાશિક વ્રત,
૧૧. પૌષધોપવાસ વ્રત,
૧૨. અતિથિ-સંવિભાગ વ્રત.
મરણ-સમયની અંતિમ સંલેખનાની આરાધના.
હે આયુષ્મન્ ! એ ગૃહસ્થનો આચરણીય ધર્મ છે એ ધર્મનું અનુસરણ કરનાર શ્રમણોપાસક કે શ્રમણોપાસિકા આજ્ઞાના આરાધક હોય છે.

એ બાર પ્રકારના શ્રમણોપાસક ધર્મમાં પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત જીવન પર્યન્ત માટે ગ્રહણ કરવામાં આવે છે તથા ચાર શિક્ષાવ્રત અલ્પકાળ માટે ગ્રહણ કરવામાં આવે છે.

---

१. ठाणं. अ. ५, उ. १, सु. ३८९
२. उव. सु. ५७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**थूल-पाणाइवाय-विरमणस्स सरूवं अइयारा य-**

१८६६. थूलगपाणाइवायं समणोवासओ पच्चक्खाइ । से य पाणाइवाए दुविहे पन्नत्ते, तं जहा-

१. संकप्पओ य, २. आरम्भओ य,

तत्थ समणोवासओ संकप्पओ जावज्जीवाए पच्चक्खाइ, नो आरम्भओ ।

थूलगपाणाइवायवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा । तं जहा-

१. बंधे,
२. वहे,
३. छविच्छेए,
४. अइभारे,
५. भत्त-पाण-वोच्छेए[1] ।

-आव. अ. ६, सु. ६६-६७

**સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૬૬. સ્થૂળ પ્રાણાતિપાતનું શ્રમણોપાસક પ્રત્યાખ્યાન કરે છે, એ પ્રાણાતિપાત બે પ્રકારના કહ્યાં છે, યથા-

૧. સંકલ્પથી, ૨. આરંભથી,

તેમાં શ્રમણોપાસક સંકલ્પથી સ્થૂળ પ્રાણાતિપાતનું જીવન પર્યન્ત પ્રત્યાખ્યાન કરે છે, આરંભથી સ્થૂળ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરતો નથી.

શ્રમણોપાસકે સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ, તેનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે-

૧. બાંધવું,
૨. મારપીટ કરવી,
૩. અંગોપાંગનું છેદન કરવું,
૪. અધિક ભાર ભરવો,
૫. આહાર-પાણી બંધ કરવા.

**थूल-मुसावाय-विरमणस्स सरूवं अइयारा य-**

१८६७. थूलगमुसावायं समणोवासओ पच्चक्खाइ । से य मुसावाए पंचविहे पन्नत्ते, तं जहा-

१. कन्नालीए,
२. गोवालीए,
३. भोमालीए,
४. नासावहारो,
५. कूडसंक्खिज्जे ।

थूलगमुसावायवेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा ।

तं जहा-

१. सहसाऽब्भक्खाणे,
२. रहस्साऽब्भक्खाणे,
३. सदारमंतभेए,
४. मोसोवएसे,
५. कूडलेहकरणे[2] ।

-आव. अ. ६, सु. ६८-६९

**સ્થૂળ મૃષાવાદ વિરમણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૬૭. શ્રમણોપાસક સ્થૂળ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરે છે. તે મૃષાવાદ પાંચ પ્રકારના કહ્યાં છે, યથા-

૧. કન્યા સંબંધી મૃષાવાદ,
૨. ગાય આદિ પશુસંબંધી મૃષાવાદ,
૩. ભૂમિસંબંધી મૃષાવાદ,
૪. થાપણ ઓળવવી,
૫. જુઠી (ખોટી) સાક્ષી.

શ્રમણોપાસકે સ્થૂળ મૃષાવાદ વિરમણના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ. તેનું આચરણ ન કરવું જોઈએ. તે આ પ્રમાણે છે-

૧. સહસા (વગર વિચારે) જુઠું કલંક લગાવવું,
૨. એકાંતમાં મંત્રણા કરનાર પર આરોપ લગાવવો,
૩. સ્ત્રીની ગુપ્ત વાતો પ્રગટ કરવી,
૪. મિથ્યા ઉપદેશ દેવો,
૫. અસત્ય લેખ લખવો.

**थूल-अदत्तादाण-विरमणस्स सरूवं अइयारा य-**

१८६८. थूलगअदत्तादाणं समणोवासओ पच्चक्खाइ । से य अदत्तादाणे दुविहे पन्नत्ते, तं जहा-

**સ્થૂળ અદત્તાદાન વિરમણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૬૮. શ્રમણોપાસક સ્થૂળ અદત્તાદાનના પ્રત્યાખ્યાન કરે છે તે અદત્તાદાન બે પ્રકારનાં કહ્યાં છે, યથા-

---

१. उवा. अ. १, सु. ४५ २. उवा. अ. १, सु. ४६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. सचित्तादत्तादाणे य,

२. अचित्तादत्तादाणे य ।

थूलग अदिण्णादाणवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा । तं जहा–

१. तेणाहडे,

२. तक्करप्पओगे,

३. विरुद्ध-रज्जाइक्कमणे,

४. कूडतुल्ल-कूडमाणे,

५. तप्पडिरूवगववहारे[1] ।

—आव. अ. ६, सू. ७०-७१

૧. સચિત્ત અદત્તાદાન,

૨. અચિત્ત અદત્તાદાન.

શ્રમણોપાસકે સ્થૂળ અદત્તાદાન વિરમણના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ, તેનું આચરણ ન કરવું જોઈએ. તે આ પ્રમાણે છે-

૧. ચોરીની વસ્તુ લેવી,

૨. ચોરને સહાયતા દેવી,

૩. રાજ્ય વિરુદ્ધ કાર્ય કરવું,

૪. ખોટા તોલમાપ રાખવા,

૫. સારી વસ્તુ બતાવી ખરાબ વસ્તુ દેવી.

**थूल-मेहुण-विरमणस्स सरूवं अइयारा य–**

१८६९. परदारगमणं समणोवासओ पच्चक्खाइ, सदारसंतोसं वा पडिवज्जइ ।

से य परदारगमणे दुविहे पन्नत्ते, तं जहा–

१. ओरालिय-परदारगमणे य,

२. वेउव्विय-परदारगमणे य ।

सदार-संतोसस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा–

१. इत्तरियपरिग्गहियागमणे,

२. अपरिग्गहियागमणे,

३. अणंगकीडा,

४. परविवाहकरणे,

५. कामभोगतिव्वाभिलासे ।[2]

—आव. अ. ६, सु. ७२-७३

**સ્થૂળ મૈથુન-વિરમણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૬૯. શ્રમણોપાસક પરસ્ત્રી ગમનના પ્રત્યાખ્યાન કરે છે અને સ્વદારાથી સંતોષ કરે છે.

પરસ્ત્રીગમન બે પ્રકારના કહ્યાં છે, યથા-

૧. ઔદારિક પરસ્ત્રીગમન,

૨. વૈક્રિય પરસ્ત્રીગમન.

શ્રમણોપાસકે સ્વદાર- સંતોષ વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ, પણ તેનું આચરણ ન કરવું જોઈએ. તે આ પ્રમાણે છે-

૧. નાની ઉંમરની સ્ત્રી સાથે ગમન કરવું.

૨. લગ્ન પહેલાં સ્ત્રીની સાથે ગમન કરવું.

૩. અન્ય અંગથી કામક્રીડા કરવી,

૪. બીજાના લગ્ન કરાવવાં.

૫. કામભોગની તીવ્ર અભિલાષા કરવી.

**परिग्गह-परिमाणस्स सरूवं अइयारा य –**

१८७०. अपरिमियपरिग्गहं समणोवासओ पच्चक्खाति, इच्छापरिमाणं उवसंपज्जइ ।

से य परिग्गहे दुविहे पन्नत्ते, तं जहा–

१. सचित्तपरिग्गहे य,

२. अचित्तपरिग्गहे य ।

इच्छा परिमाणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा, तं जहा–

१. खेत्त-वत्थु-पमाणाइक्कमे ।

**પરિગ્રહ પરિમાણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૭૦. શ્રમણોપાસક અપરિમિત પરિગ્રહના પ્રત્યાખ્યાન કરે છે અને ઈચ્છાઓનું પરિમાણ કરે છે.

પરિગ્રહ બે પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. સચિત્ત પરિગ્રહ,

૨. અચિત્ત પરિગ્રહ.

શ્રમણોપાસકે ઈચ્છા પરિમાણ વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ, તેનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે-

૧. ઘર તથા ખુલ્લી જમીનના પરિમાણનું અતિક્રમણ કરવું.

---

१. उवा. अ. १, सु. ४७

२. उवा. अ. १, सु. ४८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. हिरण्ण-सुवण्ण-पमाणाइक्कमे ।
३. धण-धन्न-पमाणाइक्कमे ।
४. दुपय-चउप्पय-पमाणाइक्कमे ।
५. कुविय-पमाणाइक्कमे[1] ।

–आव. अ. ६, सु. ७४-७५

૨. સોના ચાંદીના પરિમાણનું અતિક્રમણ કરવું.
૩. ધન-ધાન્યના પરિમાણનું અતિક્રમણ કરવું,
૪. દ્વિપદ-ચતુષ્પદના પરિમાણનું અતિક્રમણ કરવું,
૫. અન્ય સામગ્રીના પરિમાણનું અતિક્રમણ કરવું.

**दिसिवय सरूवं अइयारा य –**

१८७१. दिसिवए तिविहे पन्नत्ते, तं जहा–
१. उड्ढदिसिवए,
२. अहोदिसिवए,
३. तिरियदिसिवए ।

दिसिव्वयस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा–

१. उड्ढदिसिपमाणाइक्कमे ।
२. अहोदिसिपमाणाइक्कमे ।
३. तिरियदिसिपमाणाइक्कमे ।
४. खेत्तवुड्ढी,
५. सइअंतरद्धा ।[2]

–आव. अ. ६, सु. ७६-७७

**દિશાવ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૭૧. દિગ્વ્રત ત્રણ પ્રકારનાં કહ્યાં છે. યથા -
૧. ઉર્ધ્વ દિશા પ્રમાણ વ્રત,
૨. અધોદિશા પ્રમાણ વ્રત,
૩. તિર્યક્ દિશા પ્રમાણ વ્રત.

શ્રમણોપાસકે દિશા વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ. પણ તેનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે-

૧. ઉર્ધ્વ દિશાના પરિમાણનું અતિક્રમણ કરવું.
૨. અધો દિશાના પરિમાણનું અતિક્રમણ કરવું.
૩. તિર્યક્ દિશાના પરિમાણનું અતિક્રમણ કરવું.
૪. એક દિશામાં ઘટાડીને બીજી દિશાનું ક્ષેત્ર વધારવું.
૫. ક્ષેત્ર પરિમાણ ભૂલી જવાથી આગળ ચાલ્યા જવું.

**उवभोग-परिभोग-परिमाणस्स सरूवं अइयारा य–**

१८७२. उवभोगपरिभोगवए दुविहे पण्णत्ते, तं जहा–
१. भोयणओ य,
२. कम्मओ य ।

भोयणओ समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा–

१. सचित्ताहारे,
२. सचित्तपडिबद्धाहारे,
३. अप्पउलिओसहिभक्खणया,
४. दुप्पउलिओसहिभक्खणया,
५. तुच्छोसहिभक्खणया ।

–आव. अ. ६, सु. ७८-७९(१)

**ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૭૨. ઉપભોગ- પરિભોગ બે પ્રકારના કહ્યાં છે, યથા-
૧. ભોજનની અપેક્ષાએ,
૨. કર્મની અપેક્ષાએ.

ભોજનની અપેક્ષાએ શ્રમણોપાસકે પાંચ અતિચાર જાણવા જોઈએ, તેનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે-

૧. પ્રત્યાખ્યાન ઉપરાંત સચિત્ત આહાર કરવો,
૨. સચિત્ત- સંયુકત આહાર કરવો,
૩. અપક્વને પક્વ સમજીને ખાવું,
૪. અર્ધ પક્વને પૂર્ણ પક્વ સમજીને ખાવું,
૫. તુચ્છ વસ્તુઓનો આહાર કરવો.

**पण्णरस कम्मादाणाइं–**

१८७३. कम्मओ णं समणोवासएणं पण्णरस कम्मादाणाइं जाणियव्वाइं न समायरियव्वाइं, तं जहा–

**પંદર કર્માદાન :**

૧૮૭૩. કર્મની અપેક્ષાએ શ્રમણોપાસકે પંદર કર્માદાન જાણવા જોઈએ. તેનું આચરણ ન કરવું જોઈએ, યથા -

---

१. उवा. अ. १, सु. ४९
२. उवा. अ. १, सु. ५०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. इंगालकम्मे,
२. वणकम्मे,
३. साडीकम्मे,
४. भाडीकम्मे,
५. फोडीकम्मे,
६. दंतवाणिज्जे,
७. लक्खवाणिज्जे,
८. रसवाणिज्जे,
९. विसवाणिज्जे,
१०. केसवाणिज्जे,
११. जंतपीलणकम्मे,
१२. निल्लंछणकम्मे,
१३. दवग्गिदावणया,
१४. सर-दह-तलायपरिसोसणया,
१५. असईजणपोसणया[1] ।

–आव. अ. ६, सु. ७१ (२)

૧. અગ્નિ આરંભજન્ય કર્મ,
૨. વનસ્પતિ આરંભજન્ય કર્મ,
૩. વાહન નિર્માણ કર્મ,
૪. વાહન- ભાડું કમાવાના કર્મ,
૫. પૃથ્વી આરંભજન્ય કર્મ,
૬. ત્રસ જીવોના અવયવોનો વ્યાપાર,
૭. લાખ આદિ પદાર્થોનો વ્યાપાર,
૮. રસવાળા પદાર્થોનો વ્યાપાર,
૯. ઝેરીલા પદાર્થ અને શસ્ત્રોનો વ્યાપાર,
૧૦. પશુપક્ષી આદિના કેશનો વ્યાપાર,
૧૧. તલ, શેરડી પીલવાનાં કર્મ,
૧૨. વીંધવા અને ખસી કરવાનું કર્મ,
૧૩. જંગલ આદિમાં આગ લગાવવી,
૧૪. તળાવ, નદી, સરોવર આદિને સૂકવવાં,
૧૫. હિંસક જાનવરોનું અને દુરાચારી સ્ત્રીઓનું પોષણ કરવું.

**अणत्थदंड विरमणस्स सरूवं अइयारा य –**

१८७४. अणत्थदंडे चउव्विहे पन्नते, तं जहा–

१. अवज्झाणाचरिए,
२. पमायाचरिए,
३. हिंसप्पयाणे,
४. पावकम्मोवएसे ।

अणट्ठदंडवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा–

१. कंदप्पे,
२. कुक्कुइए,
३. मोहरिए,
४. संजुत्ताहिगरणे,
५. उवभोग-परिभोगाइरित्ते[2] ।

–आव. अ. ६, सु. ८०-८१

**અનર્થદંડ વિરમણ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૭૪. અનર્થદંડ ચાર પ્રકારના કહ્યાં છે, યથા-

૧. આર્ત,રૌદ્ર ધ્યાન કરવું,
૨. પ્રમાદથી અવિવેકપૂર્ણ પ્રવૃત્તિ કરવી,
૩. હિંસાના શસ્ત્રો દેવાં,
૪. પાપકર્મની પ્રેરણા કરવી.

શ્રમણોપાસકે અનર્થદંડ વિરમણના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ, પણ તેમનું આચરણ નહીં કરવું જોઈએ. તે આ પ્રમાણે છે-

૧. વિકારયુક્ત કથા કરવી,
૨. શરીરથી હાસ્યકારક કુચેષ્ટાઓ કરવી,
૩. વાચાળતા બતાવવી,
૪. હિંસાકારી શસ્ત્રોને જેમતેમ રાખવા,
૫. ખાદ્ય સામગ્રી આદિનો વધુ સંગ્રહ કરવો.

**सामाइय-सरूवं अइयारा य–**

१८७५. सामाइयं नाम सावज्ज जोगपरिवज्जणं निरवज्ज-जोगपडिसेवणं च ।

सामाइयस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा–

**સામાયિક વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૭૫. સાવદ્ય યોગનો પરિત્યાગ કરવો અને નિરવદ્ય યોગનું આચરણ કરવું તેને સામાયિક કહેવાય છે.

શ્રમણોપાસકે સામાયિક વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ અને તેનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે.

१. उवा. अ. १, सु. ५१ २. उवा. अ. १, सु. ५२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. मणदुप्पणिहाणे,
२. वयदुप्पणिहाणे,
३. कायदुप्पणिहाणे,
४. सामाइयस्स सइ अकरणया,
५. सामाइयस्स अणवट्ठियस्स करणया[1] ।

—आव. अ. ६, सु. ८२-८६

**सामाइयकडस्स किरिया–**

१८७६. प. समणोवासगस्स णं भंते ! सामाइयकडस्स समणोवस्सए अच्छमाणस्स तस्स णं भंते ! किं ईरियावहिया किरिया कज्जइ ? संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! नो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–**जाव**–संपराइया किरिया कज्जइ ।

उ. गोयमा ! समणोवासयस्स णं सामाइयकडस्स समणोवस्सए अच्छमाणस्स आया अहिगरणी भवति । आयाऽऽहिगरणवत्तियं च णं तस्स नो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ।

ते तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–**जाव**–संपराइया किरिया कज्जइ ।

—वि. स. ७, उ. १, सु. ६

**सामाइयकडस्स ममत्तभावं–**

१८७७. आजीविया णं भंते ! थेरे भगवंते एवं वयासि–

प. समणोवासगस्स णं भंते ! सामाइयकडस्स समणोवस्सए अच्छमाणस्स केइ भंडे अवहरेज्जा, से णं भंते ! तं भंडं अणुगवेसमाणे किं सभंडं अणुगवेसइ ? परायगं भंडं अणुगवेसइ ?

उ. गोयमा ! सभंडं अणुगवेसइ, नो परायगं भंडं अणुगवेसेइ ।

प. तस्स णं भंते ! तेहिं सीलव्वय–गुण–वेरमण पच्चक्खाण–पोसहोववासेहिं से भंडे अभंडे भवति ?

उ. हंता, भवति ।

૧. મનથી અશુભ ચિંતન કરવું.
૨. વચનથી અશુભ શબ્દો બોલવા,
૩. કાયાથી અશુભ પ્રવૃત્તિ કરવી,
૪. સામાયિકનું સ્મરણ ન કરવું,
૫. દોષરહિત અને વિધિયુક્ત સામાયિક ન કરવું.

**લીધેલ સામાયિકમાં લાગતી ક્રિયા :**

૧૮૭૬. પ્ર. હે ભંતે! સાધુના ઉપાશ્રયમાં બેસીને સામાયિક કરતા શ્રમણોપાસકને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે કે સામ્પરાયિકી ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ! તેને ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી, પણ સામ્પરાયિકી ક્રિયા લાગે છે.

પ્ર. હે ભંતે! શા કારણથી એવું કહેવામાં આવે છે કે **યાવત્** સામ્પરાયિકી ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ! સાધુના ઉપાશ્રયમાં બેસીને સામાયિક કરતા શ્રમણોપાસકનો આત્મા કષાયયુક્ત હોય છે, જેનો આત્મા કષાયથી યુક્ત હોય છે, તેને ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી, પણ સામ્પરાયિકી ક્રિયા લાગે છે.

હે ગૌતમ! એ કારણથી એવું કહેવામાં આવે છે કે **યાવત્** સામ્પરાયિકી ક્રિયા લાગે છે.

**સામાયિક પ્રવૃત્તનું મમત્વભાવ :**

૧૮૭૭. હે ભંતે! આજીવિક ગોશાલકના શિષ્ય સ્થવિર ભગવંતોને આ પ્રમાણે પૂછે છે કે-

પ્ર. સાધુના ઉપાશ્રયમાં બેસીને સામાયિક કરતા શ્રમણોપાસકના વસ્ત્રો આદિ સામાનનું કોઈ અપહરણ કરી લઈ જાય તો, સામાયિક પૂર્ણ થાય બાદ તે પોતાના સામાનની શોધ કરશે કે બીજાના સામાનની શોધ કરશે ?

ઉ. ગૌતમ ! તે પોતાનો જ સામાન શોધશે, બીજાનો નહિ.

પ્ર. ભંતે ! એ શીલવ્રત, ગુણવ્રત, વિરમણ વ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસને સ્વીકાર કરવા શ્રાવકના ભાંડ (સામાન) તેના માટે અભાંડ થઈ જાય છે ?

ઉ. હા, (ગૌતમ ! ભાંડ તેના માટે અભાંડ) થઈ જાય છે.

---

१. उवा. अ. १, सु. ५३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणं खाइणं अट्ठेणं भंते ! एवं वुच्चति "सभंडं अणुगवेसइ नो परायगं भंडं अणुगवेसइ ?

પ્ર. ભંતે ! જો તે ભાંડ તેના માટે અભાંડ થતા હોય તો આપ એમ શા માટે કહો છો કે, તે શ્રાવક પોતાના ભાંડનું અન્વેષણ કરે છે, બીજાના ભાંડનું અન્વેષણ કરતો નથી ?

उ. गोयमा ! तस्स णं एवं भवति–

ઉ. ગૌતમ ! સામાયિક આદિ કરનાર તે શ્રાવકના મનમાં એવાં પરિણામ આવે છે કે-

"नो मे हिरण्णे, नो मे सुवण्णे, नो मे कंसे, नो मे दूसे, नो मे विउल धण–कणग–रयण–मणि–मोत्तिय–संख–सिल–प्पवाल–रत्तरयण–मादीए, संतसारसावदेज्जे" ममत्तभावे पुण से अपरिण्णाए भवति ।

'હીરા મારા નથી, સોનું મારું નથી, કાંસુ મારું નથી, વસ્ત્ર મારાં નથી, તથા વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાલ, પદ્મરાગાદિ મણિ ઈત્યાદિ વિદ્યમાન સારભૂત દ્રવ્ય મારાં નથી.' પરંતુ તેના મમત્વભાવનું પ્રત્યાખ્યાન હોતું નથી.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–सभंडं अणुगवेसइ, नो परायगं भंडं अणुगवेसइ ।

–वि. स. ८, उ. ५, सु. २–३

હે ગૌતમ ! માટે એમ કહેવામાં આવે છે કે- તે શ્રાવક પોતાના જ ભાંડનું અન્વેષણ કરે છે, બીજાના ભાંડનું અન્વેષણ કરતો નથી.

## सामाइयकडस्स पेज्जबंधणं–

## સામાયિક પ્રવૃત્તનું પ્રેમબંધન :

१८७८. प. समणोवासगस्स णं भंते ! सामाइयकडस्स समणोवस्सए अच्छमाणस्स केइ जायं चरेज्जा, से णं भंते ! किं जायं चरइ, अजायं चरइ ?

१८७८. પ્ર. હે ભંતે ! સાધુના ઉપાશ્રયમાં બેસીને સામાયિક કરતા શ્રમણોપાસકની પત્નીની સાથે કોઈ ભોગ ભોગવે છે તો શું તે શ્રાવકની સ્ત્રી પત્ની સાથે ભોગ ભોગવે છે કે બીજાની સાથે ?

उ. गोयमा ! जायं चरइ, नो अजायं चरइ ।

ઉ. ગૌતમ ! તે શ્રાવકની પત્નીને ભોગવે છે, બીજાની સ્ત્રીને ભોગવતા નથી.

प. तस्स णं भंते ! तेहिं सीलव्वय–गुण–वेरमण–पच्चक्खाण पोसहोववासेहिं सा जाया अजाया भवइ ?

પ્ર. હે ભંતે ! શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ કરવાથી શું તે શ્રાવકની પત્ની "અપત્ની" થઈ જાય છે ?

उ. हंता, भवइ ।

ઉ. હા, ગૌતમ ! શ્રાવકની તે પત્ની "અપત્ની" થઈ જાય છે.

प. से केणं खाइणं अट्ठेणं भंते ! एवं वुच्चइ "जायं चरइ, नो अजायं चरइ ?"

પ્ર. હે ભંતે ! જયારે શ્રાવકની પત્ની અપત્ની થઈ જાય છે,તો આપ એમ શા માટે કહો છો કે- તે વ્યભિચારી તેની પત્નીને ભોગવે છે, અપત્નીને નહિ ?

उ. गोयमा ! तस्स णं एवं भवइ "णो मे माया, णो मे पिया, णो मे भाया, णो मे भगिणी, णो मे भज्जा, णो मे पुत्ता, णो मे धूया, णो मे सुण्हा," पेज्जबंधणे पुण से अव्वोच्छिन्ने भवइ,

ઉ. ગૌતમ ! તે શ્રાવકના મનમાં એવા પરિણામ આવે છે કે- 'માતા મારી નથી, પિતા મારા નથી, ભાઈ મારા નથી, બેન મારી નથી, સ્ત્રી મારી નથી, પુત્ર મારો નથી. પુત્રી મારી નથી, પુત્રવધુ મારી નથી. 'પરંતુ તેના પ્રત્યેનો પ્રેમ તૂટયો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जायं चरइ, नो अजायं चरइ ।

*-वि. स. ८, उ. ५, सु. ४-५*

હે ગૌતમ ! એટલા માટે એમ કહું છું કે- તે પુરૂષ તે શ્રાવકની પત્નીને ભોગવે છે, અપત્નીને નહિ.

**देसावगासिय-सरूवं अइयारा य-**

१८७९. दिसिव्वय-गहियस्स दिसा परिमाणकरणं देसावगासियं ।

देसावगासियस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा, तं जहा-

(१) आणवणप्पओगे,

(२) पेसवणप्पओगे,

(३) सद्दाणुवाए,

(४) रुवाणुवाए,

(५) बहियापोग्गलपक्खेवे ।[1]

*-आव. अ. ६, सु. ८७-८८*

**દેશાવકાશિક વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૭૯. ગ્રહણ કરેલા દિશાવ્રતનું પ્રતિદિન સંક્ષિપ્ત પરિમાણ કરવું દેશાવકાશિક વ્રત છે.

શ્રમણોપાસકે દેશાવકાશિક વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ. પણ તેનું આચરણ ન કરવું જોઈએ, તે આ પ્રમાણે છે-

૧. મર્યાદા બહારની વસ્તુ મંગાવવી,

૨. મર્યાદા વગરની વસ્તુ મોકલવી,

૩. મર્યાદા બહાર શબ્દ-સંકેત કરવા,

૪. મર્યાદા બહાર રૂપ-સંકેત કરવા,

૫. મર્યાદા બહાર પુદ્‌ગલ ફેંકી સંકેત કરવા.

**पोसह-सरूवं अइयारा य -**

१८८०. पोसहोववासे चउव्विहे पन्नत्ते, तं जहा-

(१) आहारपोसहे,

(२) सरीरसक्कारपोसहे,

(३) बंभचेरपोसहे,

(४) अव्वावारपोसहे ।

पोसहोववासस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा, तं जहा-

(१) अप्पडिलेहिय-दुप्पडिलेहिय-सिज्जासंथारे ।

(२) अप्पमज्जिय-दुप्पमज्जिय-सिज्जासंथारे ।

(३) अप्पडिलेहिय-दुप्पडिलेहिय-उच्चारपासवणभूमी ।

(४) अप्पमज्जिय-दुप्पमज्जिय-उच्चारपासवणभूमी ।

(५) पोसहोववासस्स सम्मं अणणुपालणया ।

*-आव. अ. ६, सु. ८९-९०*

**પૌષધ વ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૮૦. પૌષધોપવાસ વ્રતના ચાર પ્રકાર કહ્યાં છે, યથા -

૧. આહાર ત્યાગનું પૌષધ,

૨. શરીર સત્કાર ત્યાગરૂપ પૌષધ,

૩. બ્રહ્મચર્ય પૌષધ,

૪. સાવદ્ય પ્રવૃત્તિ પરિત્યાગ પૌષધ.

શ્રમણોપાસકે પૌષધોપવાસ વ્રતના પાંચ મુખ્ય અતિચાર જાણવા જોઈએ. પણ તેનું આચરણ ન કરવું જોઈએ. તે આ પ્રમાણે છે-

૧ શય્યા સંસ્તારકની પ્રતિલેખના ન કરવી અથવા અવિધિથી કરવી.

૨. શય્યા સંસ્તારકનું પ્રમાર્જન ન કરવું અથવા અવિધિથી કરવું.

૩. પરઠવાની ભૂમિનું પ્રતિલેખન ન કરવું અથવા અવિધિથી કરવું.

૪. પરઠવાની ભૂમિનું પ્રમાર્જન ન કરવું અથવા અવિધિથી કરવું.

૫. પૌષધના નિયમોનું સમ્યક્ પ્રકારે પાલન ન કરવું.

---

१. उवा. अ. १, सु. ५४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अतिहि संविभागस्स सरूवं अइयारा य–**

१८८१. अतिहिसंविभागो नाम नायागयाणं कप्पणिज्जाणं अन्नपाणाईणं दव्वाणं देस–काल–सद्धा–सक्कारकमजुयं पराए भत्तीए आयाणुग्गहबुद्धीए संजयाणं दाणं ।

अतिहि[1]–संविभागस्स–समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा, तं जहा–

(१) सचित्तनिक्खेवणया,

(२) सचित्तपिहणया,

(३) कालाइक्कमे,

(४) परववएसे,

(५) मच्छरिया ।[2]

–*आव. अ. ६, सु. ९१–९२*

**અતિથિ સંવિભાગવ્રતનું સ્વરૂપ અને અતિચાર :**

૧૮૮૧. દેશકાળ અનુસાર શ્રદ્ધા, સત્કાર સહિત પરમ ભક્તિ તથા આત્મ કલ્યાણની ભાવનાથી જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીરના સંતોને ભોજનપાણી આદિ દાન દેવું તે અતિથિ-સંવિભાગ વ્રત છે.

શ્રમણોપાસકે અતિથિ-સંવિભાગ વ્રતના પાંચ મુખ્ય અતિચારો જાણવા જોઈએ, પણ તેનું આચરણ ન કરવું જોઈએ. તે આ પ્રમાણે છે-

૧. વિવેક રહિત અચિત્ત વસ્તુ સચિત્ત પર રાખવી.

૨. વિવેક રહિત અચિત્ત વસ્તુ સચિત્તથી ઢાંકવી.

૩. વિવેક રહિત અસમયે ભિક્ષાદાનની ભાવના કરવી.

૪. વિવેક રહિત બીજા દ્વારા દાન દેવડાવવું.

૫. કષાયયુક્ત ભાવોથી દાન દેવું.

**समणस्स सुद्ध आहार दाणफलं–**

१८८२. प. समणोवासए णं भंते ! तहारूवं समणं वा माहणं वा फासुएणं एसणिज्जेणं असणं–पाणं–खाइमं–साइमेणं, पडिलाभेमाणे किं लभति ?

उ. गोयमा ! समणोवासएणं तहारूवं समणं वा माहणं वा–**जाव**–पडिलाभेमाणे तहारूवस्स समणस्स वा माहणस्स वा समाहि उप्पाएति, समाहिकारएणं से तामेव समाहिं पडिलभति ।

प. समणोवासए णं भंते ! तहारूवं समणं वा माहणं वा–**जाव**–पडिलाभेमाणे किं चयति ?

उ. गोयमा ! जीवियं–चयति, दुच्चयं चयति, दुक्करं करेइ, दुल्लभं लभति, बोहिं बुज्झति तओ पच्छा सिज्झइ–**जाव**–अंतं करेइ ।

–*वि. स. ७, उ. १, सु. ९–१०*

प. समणोवासए णं भंते ! तहारूवं समणं वा माहणं वा फासुयएसणिज्जेणं असण–पाण–खाइम–साइमेणं, पडिलाभेमाणे किं कज्जति ?

**શ્રમણને શુદ્ધ આહાર દેવાનું ફળ :**

૧૮૮૨. પ્ર. હે ભંતે ! ઉત્તમ શ્રમણ અને માહણને પ્રાસુક એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દ્વારા પ્રતિલાભિત કરતા શ્રમણોપાસકને શું લાભ થાય છે ?

ઉ. ગૌતમ ! તથારૂપ શ્રમણ કે માહણને **યાવત્** પ્રતિલાભિત કરતાં શ્રમણોપાસક તથારૂપ શ્રમણ કે માહણને સમાધિ પહોંચાડે છે. તેને સમાધિ પ્રાપ્ત કરાવનાર શ્રમણોપાસક પોતે પણ તે જ સમાધિને પામે છે.

પ્ર. હે ભંતે ! તથારૂપ શ્રમણ કે માહણને **યાવત્** પ્રતિલાભિત કરતા શ્રમણોપાસક શું ત્યાગ કરે છે ?

ઉ. ગૌતમ ! તે શ્રમણોપાસક જીવનનાં આધારભૂત અન્નપાનાદિનો ત્યાગ કરે છે, દુષ્ત્યજ્ય વસ્તુનો ત્યાગ કરે છે, દુષ્કર કાર્ય કરે છે, દુર્લભ વસ્તુનો લાભ લે છે, બોધિ પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તે સિદ્ધ થાય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

પ્ર. હે ભંતે ! તથારૂપ શ્રમણ કે માહણને પ્રાસુક તથા એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર દ્વારા પ્રતિલાભિત કરનાર શ્રમણોપાસકને શું ફળ થાય છે ?

---

१. उवा. अ. १, सु. ५६ અહિંયા "अतिहिसंविभागस्स" શબ્દના સ્થાન પર "अहासंविभागस्स" શબ્દનો પ્રયોગ છે.

२. उवा. अ. १, सु. ५६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! एगंतसो से निज्जरा कज्जइ, नत्थि य से पावे कम्मे कज्जइ ।

प. समणोवासए णं भंते ! तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं, पडिलाभेमाणे किं कज्जइ ?

उ. गोयमा ! बहुतरिया से निज्जरा कज्जइ, अप्पतराए से पावे कम्मे कज्जइ ।

*-वि. स. ८, उ. ६, सु. १-२*

ઉ. ગૌતમ ! તે એકાંત રૂપથી નિર્જરા કરે છે, તેમજ પાપકર્મનો બંધ કરતો નથી.

પ્ર. હે ભંતે ! તથારૂપ શ્રમણ કે માહણને અપ્રાસુક તથા અનેષણીય (આહાર દ્વારા પ્રતિલાભિત શ્રમણોપાસકને કયા ફળની પ્રાપ્તિ થાય છે ?

ઉ. ગૌતમ ! તેને વધુ નિર્જરા થાય છે અને થોડાં પાપકર્મનો બંધ થાય છે.

**असंजयस्स आहार-दाणं-फलं-**

१८८३. प. समणोवासए णं भंते ! तहारूवं अस्संजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मं फासुएणं वा अफासुएणं वा एसणिज्जे वा अणेसणिज्जेण वा, असण-पाण-खाइम-साइमेणं पडिलाभेमाणे किं कज्जइ ?

उ. गोयमा ! एगंतसो से पावे कम्मे कज्जइ, णत्थि से काइ निज्जरा कज्जइ ।[1]

*-वि. स. ८, उ. ६, सु. ३*

**અસંયતને આહાર દેવાનું ફળ :**

૧૮૮૩. પ્ર. હે ભંતે ! તથારૂપ અસંયત, અવિરત જેણે પાપકર્મોને રોકયા નથી તથા પાપનાં પ્રત્યાખ્યાન પણ કર્યા નથી તેને પ્રાસુક કે અપ્રાસુક, એષણીય કે અનેષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર દ્વારા પ્રતિલાભિત કરતાં શ્રમણોપાસકને શું ફળની પ્રાપ્તિ થાય છે ?

ઉ. ગૌતમ ! તેને એકાન્ત પાપકર્મ થાય છે. નિર્જરા જરા પણ થતી નથી.

## શ્રાવક પ્રતિમા - ૩

**एगादस-उवासगपडिमाओ-**

१८८४. एक्कारस उवासग-पडिमाओ पण्णत्ताओ,[2] तं जहा-

(१) दंसणसावए,

(२) कयव्वयकम्मे,

(३) सामाइयकडे,

**ઉપાસકની અગિયાર પ્રતિમાઓ :**

૧૮૮૪. ઉપાસકની અગિયાર પ્રતિમાઓ કહેવામાં આવી છે. યથા -

૧. દર્શન શ્રાવક પ્રતિમા,

૨. કૃતવ્રત કર્મ પ્રતિમા,

૩. સામાયિક કૃત પ્રતિમા,

---

૧. અહીં સંયતને સુગુરુભાવથી સન્માન કરી સર્વથા નિર્દોષ આહાર દેવાનું ફળ શ્રમણોપાસક માટે એકાન્ત નિર્જરા કહી છે. સામાન્ય સદોષ આહાર દેવાનું ફળ અલ્પ પાપ અધિક નિર્જરા કહી છે અને અસંયત (સન્યાસી)ને પૂજ્યભાવથી સદોષ-નિર્દોષ આહાર દેવાનું ફળ એકાન્તે પાપ કહ્યું છે. પરંતુ અન્ય અસંયત ભિખારી, પશુ-પક્ષી આદિને અનુકંપા બુદ્ધિથી આહાર દેવાનું ફળ શ્રમણોપાસક માટે અહીં એકાન્તે પાપ નથી કહ્યું.

આગમોમાં નવ પ્રકારના પુણ્યનું કથન આવે છે. "રાયપ્પસેણિયં' સૂત્રમાં પરદેશી રાજાએ શ્રમણોપાસક થયા બાદ દાનશાળાનો પ્રારંભ કર્યો હતો એવું વર્ણન મળે છે.

દાનના સમ્બન્ધમાં મુનિયોને મૌન રહેવાનું જે વિધાન સૂત્રકૃતાંગમાં આવ્યું છે તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે દાનના કાર્યોમાં પુણ્ય નથી એવું પણ સાધુ ન કહે. એવું કહેનારા મુનિ પ્રાણિયોની આજીવિકાનો નાશ કરે છે.

સારાંશમાં અસંયત ભિખારી, પશુ પક્ષી આદિને અનુકંપા બુદ્ધિથી આહાર દેવાનું ફળ એકાન્તે પાપ નથી પણ તથારૂપ સન્યાસી આદિને પૂજ્યભાવથી (ગુરુબુદ્ધિથી) આપવામાં એકાન્તે (મિથ્યાત્વરૂપ) પાપ લાગે છે એવું સમજવું જોઈએ.

२. दसा. द. ६, सु. १-२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४) पोसहोववासणिरते,

૪. પૌષધોપવાસનિરત પ્રતિમા,

(५) दिया बंभयारी, रत्तिं परिमाणकडे,[1]

૫. દિવા બ્રહ્મચારી અને રાત્રિ-પરિમાણ કૃત પ્રતિમા,

(६) असिणाती, विअडभोइ, मोलिकडे, दिआ वि राओ वि बंभयारी ।

૬. અસ્નાન, દિવસ ભોજન, મુકુલિકૃત દિવારાત્રિ બ્રહ્મચર્ય પ્રતિમા,

(७) सचित्तपरिण्णाए,

૭. સચિત્ત-પરિત્યાગ પ્રતિમા,

(८) आरंभपरिण्णाए,

૮. આરંભ-પરિત્યાગ પ્રતિમા,

(९) पेसपरिण्णाए,

૯. પ્રેષ્ય-પરિત્યાગ પ્રતિમા,

(१०)उद्दिट्ठभत्तपरिण्णाए,

૧૦.ઉદ્દિષ્ટ ભક્ત પરિત્યાગ પ્રતિમા,

(११)समणभूए यावि समणाउसो !

– *सम. ११, सु. १*

૧૧.શ્રમણભૂત પ્રતિમા. હે આયુષ્માન્ શ્રમણ ! ઉપાસક અગિયાર પ્રતિમાઓથી સંપન્ન હોય છે.

**पढमा उवासग पडिमा–**

**પ્રથમ ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व–धम्म–रुई–यावि भवति ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે. અર્થાત્ શ્રુતધર્મ અને ચારિત્રધર્મમાં શ્રદ્ધા રાખનારો હોય છે.

तस्स णं बहूइं सीलवय–गुणवय–वेरमण–पच्चक्खाण–पोसहोववासाइं नो सम्मं पट्ठवियाइं[2] भवंति ।

પણ તે અનેક શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ આદિનો સમ્યક્ પ્રકારે ધારક હોતો નથી.

से तं पढमा उवासग–पडिमा ।

એ પ્રથમ ઉપાસક પ્રતિમા છે.

**अहावरा दोच्चा उवासग पडिमा–**

**બીજી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व धम्म–रुई यावि भवति ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે.

तस्स णं बहूइं सीलवय–गुणवय–वेरमण–पच्चक्खाण–पोसहोववासाइं सम्मं पट्ठवियाइं भवंति ।

તેણે ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ આદિ સમ્યક્ પ્રકારે ધારણ કરેલાં હોય છે.

से णं सामाइयं देसावगासियं नो सम्मं अणुपालित्ता भवइ ।

પરંતુ તે સામાયિક અને દેશાવકાશિક વ્રતનું સમ્યક્ પ્રતિપાલન નથી કરતો.

से तं दोच्चा उवासग–पडिमा ।

આ બીજી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा तच्चा उवासग पडिमा–**

**ત્રીજી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व–धम्म–रुई यावि भवइ ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે.

---

૧. પાંચમી પ્રતિમાનું નામ દશાશ્રુત સ્કંધમાં અને સમવાયાંગમાં જુદું જુદું છે. પરંતુ વર્ણવેલા વિષયાનુસાર દશાશ્રુત સ્કંધમાં કહેલ નામ વિશેષરૂપમાં સંગત પ્રતીત થાય છે. "એક રાતની કાયોત્સર્ગ-પ્રતિમા" આ નામ દશાશ્રુતસ્કંધ સૂત્રના મૂળ પાઠમાં છે. આ પ્રતિમામાં શ્રાવક પૌષધના દિવસે સંપૂર્ણ રાત કાયોત્સર્ગ કરે છે.

સમવાયાંગ સૂત્રમાં સૂચવેલું નામ યોગ્ય નથી. કારણ કે "દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું અને રાત્રે પરિમાણ કરવું." તે પ્રતિમા ધારણના પ્રારંભમાં જ આવશ્યક હોય છે માટે પાંચમી પ્રતિમામાં આ નિયમનું કોઈ મહત્વ રહેતું નથી.

૨. પ્રતિમા ધારણ કરતાં પહેલાં શ્રાવક વિશેષ વ્રત પ્રત્યાખ્યાન કરનાર તથા બાર વ્રતધારી શ્રાવક પણ હોય છે, પણ વિશેષ પ્રતિમા ધારી હોતો નથી. એ અપેક્ષાએ અહીં પૂર્વ પ્રતિમાઓમાં આગળની પ્રતિમાના વિષયભૂત વ્રત-નિયમનો નિષેધ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्स णं बहूइं सीलवय–गुणवय–वेरमण–पच्चक्खाण–पोसहोववासाइं सम्मं पट्ठवियाइं भवति ।

તેણે ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ આદિ સમ્યક્ પ્રકારે ધારણ કરેલા હોય છે.

से णं सामाइयं देसावगासियं सम्मं अणुपालित्ता भवइ ।

તે સામાયિક અને દેશાવકાશિક શિક્ષાવ્રતનો પણ સમ્યક્ પરિપાલક હોય છે.

से णं चउद्दसि–अट्ठमि–उद्दिट्ठ–पुण्णमासिणीसु पडिपुण्णं पोसहोववासं नो सम्मं अणुपालित्ता भवइ ।

પરંતુ ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમ એ તિથિઓમાં પરિપૂર્ણ પૌષધોપવાસનો સમ્યક્ પરિપાલક હોતો નથી.

से तं तच्चा उवासग–पडिमा ।

આ ત્રીજી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा चउत्था उवासग पडिमा–**

**ચોથી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે –**

सव्व धम्म–रुई यावि भवइ ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે.

तस्स णं बहूइं सीलवय–गुणवय–वेरमण–पच्चक्खाण–पोसहोववासाइं सम्मं पट्ठवियाइं भवति ।

તેણે ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ આદિ સમ્યક્ પ્રકારે ધારણ કરેલા હોય છે.

से णं सामाइयं देसावगासियं सम्मं अणुपालित्ता भवइ ।

તે સામાયિક અને દેશાવકાશિક શિક્ષાવ્રતનો પણ સમ્યક્ પરિપાલક હોય છે.

से णं चउद्दसि–अट्ठमि–उद्दिट्ठ–पुण्णमासिणीसु पडिपुण्णं पोसहोववासं सम्मं अणुपालित्ता भवइ ।

તે ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમ એ તિથિઓમાં પરિપૂર્ણ પૌષધોપવાસનો સમ્યક્ પરિપાલક હોય છે.

से णं एगराइयं काउस्सग–पडिमं नो सम्मं अणुपालित्ता भवइ ।

પણ એક રાત્રિક કાયોત્સર્ગ પ્રતિમાનું સમ્યક્ પરિપાલન કરતો નથી.

से तं चउत्था उवासग–पडिमा ।

આ ચોથી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा पंचमा उवासग–पडिमा–**

**પાંચમી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે –**

सव्व–धम्म–रुई यावि भवइ ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે.

तस्स णं बहूइं सीलवय–गुणवय–वेरमण–पच्चक्खाणं–पोसहोववासाइं सम्मं पट्ठवियाइं भवति ।

તેણે ઘણા શીલવ્રત, ગુણવ્રત, પ્રાણાતિપાત આદિ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ આદિ સમ્યક્ પ્રકારે ધારણ કરેલા હોય છે.

से णं सामाइयं देसावगासियं सम्मं अणुपालित्ता भवइ ।

તે સામાયિક અને દેશાવકાશિક શિક્ષાવ્રતનો પણ સમ્યક્ પરિપાલક હોય છે.

से णं चउद्दसि–अट्ठमि–उद्दिट्ठ–पुण्णमासिणीसु पडिपुण्णं पोसहोववासं सम्मं अणुपालित्ता भवइ ।

તે ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમ એ તિથિઓમાં પરિપૂર્ણ પૌષધોપવાસનો પણ સમ્યક્ પરિપાલક હોય છે.

से णं एगराइयं काउस्सग–पडिमं सम्मं अणुपालित्ता भवइ ।

તે એક રાત્રિક કાયોત્સર્ગ પ્રતિમાનું પણ સમ્યક્ પાલન કરનારો હોય છે.

से णं असिणाणए, वियडभोई, मउलिकडे दिया य राओ य बंभचेरं, णो सम्मं अणुपालित्ता भवइ ।

પરંતુ અસ્નાન, દિવસ ભોજન. મુકુલિકરણ, દિવસ અને રાત્રિનાં બ્રહ્મચર્ય પાલનનું સમ્યક્ પરિપાલન કરનારો હોતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा, दुआहं वा, तिआहं वा–**जाव**–उक्कोसेणं पंच मासं विहरइ ।[१]

તે આ પ્રકારનું આચરણ કરીને વિચરતો જઘન્ય એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ પાંચ માસ સુધી આ પ્રતિમાનું પાલન કરે છે.

से तं पंचमा उवासग–पडिमा ।

આ પાંચમી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा छट्ठा उवासग–पडिमा–**

**છઠ્ઠી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व–धम्म रुई यावि भवइ–**जाव**–से णं एगराइयं काउसग्ग पडिमं सम्मं अणुपालित्ता भवइ ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે **યાવત્** એક રાત્રિક કાયોત્સર્ગ પ્રતિમાનું સમ્યક્ પરિપાલન કરે છે.

से णं असिणाणए, वियडभोई, मउलिकडे, दिया य राओ य बंभयारी,

તે સ્નાન કરતો નથી, દિવસે ભોજન કરે છે, ધોતિયાની ગાંઠ લગાવતો નથી, દિવસ અને રાત્રે બ્રહ્મચર્યનું પાલન કરે છે.

सचित्ताहारे से अपरिण्णाए भवइ ।

પરંતુ તે સચિત્ત આહારનો પરિત્યાગ કરતો નથી.

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा दुआहं वा, तिआहं वा–**जाव**–उक्कोसेणं छम्मासे विहरेज्जा ।

તે આ પ્રકારનાં આચરણ કરીને વિચરતો જઘન્ય એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ છ માસ સુધી આ પ્રતિમાનું પાલન કરે છે.

से तं छट्ठा उवासग–पडिमा ।

આ છઠ્ઠી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा सत्तमा उवासग–पडिमा–**

**સાતમી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व–धम्म–रुई यावि भवइ–**जाव**–दिया य राओ य बंभयारी ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે **યાવત્** તે દિવસે અને રાત્રે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે.

सचित्ताहारे से परिण्णाए भवति ।

તે સચિત્ત આહારનો પરિત્યાગી હોય છે.

आरम्भे से अपरिण्णाए भवति ।

પરંતુ તે આરંભ કરવાનો પરિત્યાગી હોતો નથી.

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा, दुआहं वा, तिआहं वा–**जाव**–उक्कोसेणं सत्तमासे विहरेज्जा ।

આ પ્રમાણે વિચરણ કરતા તે જઘન્ય એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ સાત માસ સુધી આ પ્રતિમાનું પાલન કરે છે.

से तं सत्तमा उवासग–पडिमा ।

આ સાતમી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा अट्ठमा उवासग–पडिमा–**

**આઠમી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व–धम्म–रुई यावि भवइ–**जाव**–दिया य राओ य बंभयारी ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે **યાવત્** તે દિવસે અને રાત્રે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે.

सचित्ताहारे से परिण्णाए भवइ ।

તે સચિત્ત આહારનો પરિત્યાગી હોય છે.

आरम्भे से परिण्णाए भवइ ।

તે સર્વ આરંભોનો પરિત્યાગી હોય છે.

पेसारम्भे से अपरिण्णाए भवइ ।

પણ બીજા પાસે આરંભ કરાવવાનો પરિત્યાગી હોતો નથી.

---

૧. પ્રારંભની ચાર પ્રતિમાઓનો કાળમાન અહીં કહ્યો નથી, પરંતુ ઉપાસકદશાની ટીકામાં એનો કાળ બતાવ્યો છે- તે આ પ્રમાણે છે-પ્રથમ પ્રતિમા ઉત્કૃષ્ટ એક માસની, બીજી ઉત્કૃષ્ટ બે માસની, ત્રીજી ઉત્કૃષ્ટ ત્રણ માસની અને ચોથી ઉત્કૃષ્ટ ચાર માસની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा, दुआहं वा, तिआहं वा-**जाव**-उक्कोसेणं अट्ठ मासे विहरेज्जा ।

આ પ્રમાણે વિચરણ કરતાં તે જઘન્ય એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ આઠ માસ સુધી આ પ્રતિમાનું પાલન કરે છે.

से तं अट्ठमां उवासग-पडिमा ।

આ આઠમી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा नवमा उवासग-पडिमा -**

**નવમી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व-धम्म-रुई यावि भवइ-**जाव**-दिया य राओ य बंभयारी ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે **યાવત્** તે દિવસે અને રાત્રે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે.

सचित्ताहारे से परिण्णाए भवइ ।

તે સચિત્ત આહારનો પરિત્યાગી હોય છે.

आरम्भे से परिण्णाए भवइ ।

તે આરંભનો પરિત્યાગી હોય છે.

पेसारम्भे से परिण्णाए भवइ ।

તે બીજાના દ્વારા આરંભ કરાવવાનો પરિત્યાગી હોય છે,

उद्दिट्ठ-भत्ते से अपरिण्णाए भवइ ।

પણ ઉદ્દિષ્ટ ભક્તનો તે પરિત્યાગી હોતો નથી.

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा, दुआहं वा, तिआहं वा-**जाव**-उक्कोसेणं नव मासे विहरेज्जा ।

આ પ્રમાણે વિચરણ કરતાં તે જઘન્ય એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ નવ માસ સુધી આ પ્રતિમાનું પાલન કરે છે.

से तं नवमा उवासग-पडिमा ।

આ નવમી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा दसमा उवासग-पडिमा-**

**દસમી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व-धम्म-रुई यावि भवइ-**जाव**-उद्दिट्ठ-भत्ते से परिण्णाए भवइ ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે **યાવત્** ઉદ્દિષ્ટ ભક્તનો પરિત્યાગી હોય છે.

से णं खुरमुंडए वा, सिहा-धारए वा,

તે માથાના વાળનું શસ્ત્રથી મુંડન કરાવે છે અથવા શિખા (ચોટલી) ધારણ કરે છે.

तस्स णं आभट्ठस्स वा समाभट्ठस्स वा कप्पंति दुवे भासाओ भासित्तए । तं जहा-

(१) जाणं वा जाणं,

(२) अजाणं वा णो जाणं ।

કોઈના એક વાર કે અનેક વાર પૂછવાથી તેને બે ભાષા બોલવી કલ્પે છે. યથા -

૧. જો જાણતો હોય તો કહે, 'હું જાણું છું.'

૨. જો જાણતો નથી તો કહે, 'હું જાણતો નથી.'

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा, दुआहं वा, तिआहं वा-**जाव**-उक्कोसेणं दस मासे विहरेज्जा ।

આ પ્રમાણે વિચરણ કરતો તે જઘન્ય એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ દસ માસ સુધી આ પ્રતિમાનું પાલન કરે છે.

से तं दसमा उवासग-पडिमा ।

આ દસમી ઉપાસક પ્રતિમા છે.

**अहावरा एकादसमा उवासग-पडिमा-**

**અગિયારમી ઉપાસક પ્રતિમાનું વર્ણન આ પ્રમાણે છે -**

सव्व-धम्म-रुई यावि भवइ-**जाव**-उद्दिट्ठ-भत्ते से परिण्णाए भवइ ।

તે પ્રતિમાધારી શ્રાવક ધર્મમાં સંપૂર્ણ રુચિવાળો હોય છે **યાવત્** તે ઉદ્દિષ્ટ ભક્તનો પરિત્યાગી હોય છે.

से णं खुरमुंडए वा, लुंचसिरए वा, गहियायार-भंडग-नेवत्थे जारिसे,

તે શસ્ત્રથી માથાનું મુંડન કરાવે છે અથવા કેશોનું લુંચન કરે છે. તે સાધુનો આચાર, ભંડોપકરણ અને વેશભૂષા ગ્રહણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समणाणं निग्गंथाणं धम्मे पण्णत्ते तं सम्मं काएणं फासेमाणे, पालेमाणे, पुरओ जुगमायाए पेहमाणे, दट्ठूणं तसे पाणे उद्धट्टु पाए रीएज्जा, साहट्टु पाए रीएज्जा, तिरिच्छं वा पायं कट्टु रीएज्जा, सति परक्कमे संजयामेव परिक्कमेज्जा, नो उज्जुयं गच्छेज्जा ।

જે શ્રમણ નિર્ગ્રન્થોનો ધર્મ છે તેનો સમ્યક્ રૂપે કાયાથી સ્પર્શ કરતો, પાલન કરતો, ચાલતી વખતે ચાર હાથ ભૂમિને જોતો, ત્રસ પ્રાણીઓની રક્ષા કરતો પગ ઉપાડે, પગ સંકુચિત અથવા તીર્છા રાખી સાવધાનીથી ચાલે. જો બીજો જીવરહિત માર્ગ હોય તો તે માર્ગ પર યતનાપૂર્વક ચાલે, પણ જીવ સહિત સીધા માર્ગથી ન ચાલે.

केवलं से नायए पेज्जबंधणे अवोच्छिन्ने भवइ, एवं से कप्पति नाय–विहिं एत्तए ।[१]

માત્ર સંબંધીજનોના પ્રેમબંધનો વિચ્છેદ ન થાય માટે તેને સંબંધી જનોના ઘરેથી ભિક્ષા લેવા જવું કલ્પે છે.

तस्स णं गाहावइ–कुलं पिंडवाय–पडियाए अणुप्पविट्ठस्स कप्पति एवं वदित्तए–

જ્યારે તે ગૃહસ્થના ઘરમાં આહારપાણીની પ્રતિજ્ઞાથી પ્રવેશ કરે છે ત્યારે તેણે આ પ્રમાણે બોલવું કલ્પે છે-

"समणोवासगस्स पडिमापडिवन्नस्स भिक्खं दलयह"

'પ્રતિમાધારી શ્રમણોપાસકને ભિક્ષા દો.'

तं च एयारूवेणं विहारेणं विहरमाणं केइ पासित्ता वदिज्जा–

આ પ્રકારની ચર્યાથી એને વિચરણ કરતો જોઈ કોઈ પૂછે -

प. केइ आउसो ! तुमं वत्तव्वं सिया ?

પ્ર. હે આયુષ્મન્ ! તમે કોણ છો ? તમને શું કહેવાય ?

उ. "समणोवासए पडिमा–पडिवण्णए अहमंसी" ति वत्तव्वं सिया ।

ઉ. 'હું પ્રતિમાધારી શ્રાવક છું.' આ પ્રકારે તેણે કહેવું જોઈએ.

से णं एयारूवेणं विहारेणं विहरमाणे जहण्णेणं एगाहं वा, दुआहं वा, तिआहं वा–**जाव**–उक्कोसेणं एक्कारसमासे विहरेज्जा ।

આ પ્રમાણે વિચરણ કરતાં તે જઘન્ય એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ **યાવત્** ઉત્કૃષ્ટ અગિયાર માસ સુધી વિચરણ કરે.

से तं एकादसमा उवासग पडिमा ।

આ અગિયારમી ઉપાસક પ્રતિમા છે.

एयाओ खलु ताओ थेरेहिं भगवंतेहिं एक्कारस उवासगपडिमाओ पण्णत्ताओ ।

સ્થવિર ભગવંતોએ આ અગિયાર ઉપાસક પ્રતિમાઓ કહી છે.

–*दसा.* द. ६, सु. १७–३०

**समणोवासगाळं तिविहा भावणा–**

**શ્રમણોપાસકોની ત્રણ ભાવનાઓ :**

१८८५. तिहिं ठाणेहिं समणोवासए महाणिज्जरे महापज्जवसाणे भवति, तं जहा–

(१) कया णं अहं अप्पं वा बहुयं वा परिग्गहं परिचइस्सामि ?

(२) कया णं अहं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सामि ?

૧૮૮૫. ત્રણ કારણોથી શ્રમણોપાસક કર્મોનો ક્ષય અને સંસારનો અંત કરનારા હોય છે, યથા -

૧. ક્યારે હું થોડા કે ઘણા પરિગ્રહનો પરિત્યાગ કરીશ ?

૨. ક્યારે હું મુંડિત થઈ ગૃહસ્થપણામાંથી સાધુપણામાં પ્રવ્રજિત થઈશ ?

૧. સૂત્ર ૨૯ એષણા સમિતિમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३) कया णं अहं अपच्छिम-मारणंतिय- संलेहणा झूसणा-झूसिते भत्त-पाण-पडियाइक्खिते पाओवगते कालं अणवकंखमाणे विहरिस्सामि ?

एवं समणसा सवयसा सकायसा पागडेमाणे समणोवासए महाणिज्जरे महापज्जवसाणे भवंति ।

–ठाणं. अ. ३, उ. ४, सु. २१०

૩. ક્યારે હું અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની આરાધનાથી મુક્ત થઈ આહારપાણીનો પરિત્યાગ કરી પાદોપગમન, સંથારો સ્વીકાર કરી, મૃત્યુની આકાંક્ષા ન કરતો વિચરીશ ?

આ પ્રમાણે મન, વચન અને કાયાના યોગથી પ્રગટરૂપે ભાવના કરતો શ્રમણોપાસક મહા નિર્જરા અને મહા પર્યવસાન વાળો હોય છે.

## શ્રાવકના પ્રત્યાખ્યાન – ૪

**पच्चक्खाण–पालण–रहस्सं–**

१८८६. प. समणोवासगस्स णं भंते ! पुव्वामेव तसपाणसमारंभे पच्चक्खाते भवति, पुढवि समारम्भे अपच्चक्खाते भवति, से य पुढविं खणमाणे अन्नयरं तस-पाणं-विहिंसेज्जा, से णं भंते ! तं वयं अतिचरति ?

उ. णो इणट्ठे समट्ठे, नो खलु से तस्स अतिवायाए आउट्टति ।

प. समणोवासगस्स णं भंते ! पुव्वामेव वणस्सइसमारंभे पच्चक्खाते भवति, पुढवि-समारंभे अपच्चक्खाते भवति, से य पुढविं खणमाणे अन्नयरस्स रुक्खस्स मूलं छिंदेज्जा, से णं भंते ! तं वयं अतिचरति ?

उ. णो इणट्ठे समट्ठे, नो खलु से तस्स अतिवायाए आउट्टति ।

–वि. स. ७, उ. १, सु. ७–८

**પ્રત્યાખ્યાન પાલનનું રહસ્ય :**

૧૮૮૬. પ્ર. હે ભંતે ! જે શ્રમણોપાસકે પહેલેથી જ ત્રસ પ્રાણીઓના સમારંભના પ્રત્યાખ્યાન કરી લીધાં છે, પણ પૃથ્વીકાયના સમારંભના પ્રત્યાખ્યાન કર્યા નથી, એ શ્રમણોપાસકને પૃથ્વી ખોદતાં કોઈ ત્રસ જીવની હિંસા થઈ જાય તો હે ભગવન્ ! શું તેના વ્રતનું ઉલ્લંઘન થાય ખરું ?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, કારણ કે-તે ત્રસ જીવોના વધ માટે પ્રવૃત્ત નથી થતો.

પ્ર. હે ભંતે ! જે શ્રમણોપાસકે પહેલેથી જ વનસ્પતિના સમારંભના પ્રત્યાખ્યાન કરી લીધાં છે, પણ પૃથ્વીકાયના સમારંભના પ્રત્યાખ્યાન કર્યા નથી. તે શ્રમણોપાસકને પૃથ્વી ખોદતાં કોઈ વૃક્ષનું મૂળ છેદાઈ જાય તો હે ભગવન્ ! શું તેના વ્રતનો ભંગ ગણાય ખરો ?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, કારણ કે-તે શ્રમણોપાસક તેના વધ માટે પ્રવૃત્ત નથી થતો.

**पच्चक्खाणं सरूवं तस्स करणजोगाण य भंगा–**

१८८७. प. समणोवासगस्स णं भंते ! पुव्वामेव थूलए पाणाइवाए अपच्चक्खाए भवइ, से णं भंते ! पच्छा पच्चाइक्खमाणे किं करेति ?

उ. गोयमा ! तीतं पडिक्कमति, पडुप्पन्नं संवरेति, अणागतं पच्चक्खाति ।

**પ્રત્યાખ્યાનનું સ્વરૂપ અને તેના કરણયોગના ભંગ :**

૧૮૮૭. પ્ર. હે ભંતે ! જે શ્રમણોપાસકે પહેલાં સ્થૂલ પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કર્યા નથી તો હે ભગવન્ ! તે પછીથી પ્રત્યાખ્યાન કરીને શું કરે છે ?

ઉ. ગૌતમ ! ગયા કાળમાં કરેલા પ્રાણાતિપાતનું પ્રતિક્રમણ કરે છે, વર્તમાન કાલીન પ્રાણાતિ-પાતનું સંવર કરે છે અને ભવિષ્યકાલીન પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. तीतं पडिक्कममाणे किं–

१. तिविहं तिविहेणं पडिक्कमति,
२. तिविहं दुविहेणं पडिक्कमति,
३. तिविहं एगविहेणं पडिक्कमति,
४. दुविहं तिविहेणं पडिक्कमति,
५. दुविहं दुविहेणं पडिक्कमति,
६. दुविहं एगविहेणं पडिक्कमति,
७. एक्कविहं तिविहेणं पडिक्कमति,
८. एक्कविहं दुविहेणं पडिक्कमति,
९. एक्कविहं एगविहेणं पडिक्कमति ?

उ. गोयमा ! तिविहं वा तिविहेणं पडिक्कमति– **जाव**–एक्कविहं वा, एक्कविहेणं पडिक्कमति ।

(१) तिविहं वा तिविहेणं पडिक्कममाणे । (३–३)

न करेति, न कारवेति, करेंतं णाणुजाणति, मणसा वयसा कायसा,

(२) तिविहं दुविहेणं पडिक्कममाणे, (३–२)

१. न करेति, न कारवेति, करेंतं णाणुजाणति, मणसा वयसा,
२. **अहवा**– न करेति, न कारवेति, करेंतं णाणुजाणति, मणसा, कायसा
३. **अहवा**– न करेइ, न कारवेइ, करेंतं णाणुजाणति, वयसा, कायसा ।

(३) तिविहं एगविहेणं पडिक्कममाणे, (३–१)

१. न करेति, न कारवेति, करेंतं णाणुजाणति मणसा,
२. **अहवा**– न करेइ, न कारवेइ, करेंतं णाणुजाणति, वयसा,

પ્ર. અતીતકાળ સંબંધી પ્રાણાતિપાતનું પ્રતિક્રમણ કરતાં શું -

૧. ત્રણ કરણ, ત્રણ યોગથી,
૨. ત્રણ કરણ, બે યોગથી,
૩. ત્રણ કરણ, એક યોગથી,
૪. બે કરણ, ત્રણ યોગથી,
૫. બે કરણ, બે યોગથી
૬. બે કરણ, એક યોગથી,
૭. એક કરણ, ત્રણ યોગથી,
૮. એક કરણ, બે યોગથી,
૯. એક કરણ, એક યોગથી પ્રતિક્રમણ કરે છે ?

ઉ. ગૌતમ ! તે ત્રણ કરણ અને ત્રણ યોગથી પ્રતિક્રમણ કરે છે **યાવત્** એક કરણ એક યોગથી પ્રતિક્રમણ કરે છે.

(૧) જ્યારે તે ત્રણ કરણ, ત્રણ યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

પોતે કરતો નથી, કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી. મનથી, વચનથી અને કાયાથી. (૧)

(૨) જ્યારે તે ત્રણ કરણ, બે યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

૧. પોતે કરતો નથી, કરાવતો નથી અને કરનારનું અનુમોદન કરતો નથી, મનથી અને વચનથી.
૨. **અથવા** - તે પોતે કરતો નથી, કરાવતો નથી અને કરનારનું અનુમોદન કરતો નથી. મનથી અને કાયાથી.
૩. **અથવા** - પોતે કરતો નથી, કરાવતો નથી અને કરનારનું અનુમોદન કરતો નથી. વચનથી અને કાયાથી. (૨-૪)

(૩) જ્યારે તે ત્રણ કરણ એક યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

૧. પોતે કરતો નથી, કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી, મનથી.
૨. **અથવા-** પોતે કરતો નથી, કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી, વચનથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. **अहवा** - न करेति, न कारवेति, करेंतं णाणुजाणति कायसा ।

३. **અથવા** - પોતે કરતો નથી, કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી, કાયાથી. (૫-૭)

(४) दुविहं तिविहेणं पडिक्कममाणे, (२-३)

(૪) જ્યારે તે બે કરણ ત્રણ યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

१. न करेइ, न कारवेति, मणसा, वयसा, कायसा,

૧. પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી મનથી, વચનથી, કાયાથી.

२. **अहवा** - न करेति, करेंतं नाणुजाणइ, मणसा, वयसा, कायसा,

૨. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી. મનથી, વચનથી, કાયાથી.

३. **अहवा** - न कारवेइ, करेंतं नाणुजाणइ, मणसा, वयसा, कायसा ।

૩. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી. મનથી, વચનથી, કાયાથી. (૮-૧૦)

(५) दुविहं दुविहेणं पडिक्कममाणे, (२-२)

(૫) જ્યારે બે કરણ બે યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

१. न करेति, न कारवेति, मणसा वयसा,

૧. પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી. મનથી અને વચનથી.

२. **अहवा** - न करेति, न कारवेति, मणसा कायसा,

૨. **અથવા** - પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી. મનથી અને કાયાથી.

३. **अहवा** - न करेति, न कारवेति, वयसा कायसा,

૩. **અથવા** - પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી. વચનથી અને કાયાથી.

४. **अहवा** - न करेंति, करेंतं नाणुजाणइ, मणसा वयसा,

૪. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - મનથી અને વચનથી.

५. **अहवा** - न करेंति, करेंतं नाणुजाणइ, मणसा कायसा,

૫. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - મનથી અને કાયાથી.

६. **अहवा** - न करेति, करेंतं नाणुजाणइ, वयसा कायसा,

૬. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - વચનથી અને કાયાથી.

७. **अहवा** - न कारवेति, करेंतं नाणुजाणइ, मणसा वयसा,

૭. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - મનથી અને વચનથી.

८. **अहवा** - न करावेति, करेंतं नाणुजाणइ, मणसा कायसा,

૮. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - મનથી અને કાયાથી.

९. **अहवा** - न कारवेति, करेंतं नाणुजाणइ, वयसा कायसा ।

૯. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - વચનથી અને કાયાથી. (૧૧-૧૯)

(६) दुविहं एक्कविहेणं पडिक्कममाणे, (२-१)

(૬) જ્યારે તે બે કરણ એક યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

१. न करेति, न कारवेति, मणसा,

૧. પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી - મનથી.

२. **अहवा** - न करेति, न कारवेति, वयसा,

૨. **અથવા** - પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી - વચનથી.

३. **अहवा** - न करेति, न कारवेति, कायसा,

૩. **અથવા** - પોતે કરતો નથી, બીજા પાસે કરાવતો નથી - કાયાથી.

४. **अहवा** - न करेति, करेंतं णाणुजाणइ, मणसा,

૪. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - મનથી.

५. **अहवा** - न करेति, करेंतं णाणुजाणइ, वयसा,

૫. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - વચનથી.

६. **अहवा** - न करेति, करेंतं णाणुजाणइ, कायसा,

૬. **અથવા** - પોતે કરતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - કાયાથી.

७. **अहवा** - न कारवेति, करेंतं णाणुजाणइ, मणसा,

૭. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - મનથી.

८. **अहवा** - न कारवेति, करेंतं णाणुजाणइ, वयसा,

૮. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - વચનથી.

९. **अहवा** - न कारवेति, करेंतं णाणुजाणइ, कायसा ।

૯. **અથવા** - બીજા પાસે કરાવતો નથી, કરનારનું અનુમોદન કરતો નથી - કાયાથી. (૨૦-૨૮)

(७) एगविहं तिविहेणं पडिक्कममाणे, (१-२)

(૭) જ્યારે તે એક કરણ ત્રણ, યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

१. न करेति, मणसा वयसा कायसा,

૧. પોતે કરતો નથી - મનથી, વચનથી, કાયાથી.

२. **अहवा** - न कारवेति मणसा वयसा कायसा,

૨. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - મનથી, વચનથી, કાયાથી.

३. **अहवा** - करेंतं णाणुजाणइ मणसा वयसा कायसा ।

૩. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - મનથી, વચનથી, કાયાથી. (૨૯-૩૧)

(८) एक्कविहं दुविहेणं पडिक्कममाणे-

(૮) જ્યારે તે એક કરણ, બે યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

१. न करेति, मणसा वयसा,

૧. પોતે કરતો નથી - મનથી, વચનથી.

२. **अहवा** - न करेति, मणसा कायसा,

૨. **અથવા** - પોતે કરતો નથી - મનથી, કાયાથી.

३. **अहवा** - न करेति, वयसा कायसा,

૩. **અથવા** - પોતે કરતો નથી - વચનથી, કાયાથી.

४. **अहवा** - न कारवेति, मणसा वयसा,

૪. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - મનથી, વચનથી.

५. **अहवा** - न कारवेति, मणसा कायसा,

૫. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - મનથી, કાયાથી.

६. **अहवा** - न कारवेति, वयसा कायसा,

૬. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - વચનથી, કાયાથી.

७. **अहवा** - करेंतं णाणुजाणइ मणसा वयसा,

૭. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - મનથી, વચનથી.

८. **अहवा** - करेंतं णाणुजाणइ, मणसा कायसा,

૮. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - મનથી, કાયાથી.

९. **अहवा** - करेंतं णाणुजाणइ, वयसा कायसा ।

૯. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - વચનથી, કાયાથી. (૩૨-૪૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(९) एक्कविहं एगविहेणं पडिक्कममाणे- (१-१)

१. न करेति मणसा,

२. **अहवा** - न करेति वयसा,

३. **अहवा** - न करेति कायसा,

४. **अहवा** - न कारवेति मणसा,

५. **अहवा** - न कारवेति वयसा,

६. **अहवा** - न कारवेति कायसा,

७. **अहवा** - करेंतं नाणुजाणइ मणसा,

८. **अहवा** - करेंतं नाणुजाणइ वयसा,

९. **अहवा** - करेंतं नाणुजाणइ कायसा ।

प. पडुप्पन्नं संवरमाणे किं तिविहं संवरेइ-**जाव**-एगविहं एगविहेणं संवेरइ ?

**उ. एवं जहा पडिक्कममाणेणं एगूणपण्णं भंगा भणिया एवं संवरमाणेण वि एगूणपण्णं भंगा भाणियव्वा ।**

प. अणागयं पच्चक्खमाणे किं तिविहं तिविहेणं पच्चक्खाइ-**जाव**-एगविहं एगविहेणं पच्चक्खाइ ?

**उ. एवं ते चेव एगूणपण्णं भंगा भाणियव्वा ।**[1]

प. समणोवासगस्स णं भंते ! पुव्वामेव थूलमुसावादे अपच्चक्खाए भवइ, से णं भंते ! पच्छा पच्चाइक्खमाणे किं करेति ?

**उ. एवं जहा पाणाइवायस्स सीयालं भंगसतं भणितं, तहा मुसावायस्स वि भाणियव्वं ।**

**एवं अदिण्णादाणस्स वि । एवं थूलगस्स मेहुणस्स वि, एवं थूलगस्स परिग्गहस्स वि सीयालं भंगसतं भाणियव्वं ।**

*-वि. स. ८, उ. ५, सु. ६-८*

(૯) જ્યારે તે એક કરણ એક યોગથી પ્રતિક્રમણ કરે છે, ત્યારે

૧. પોતે કરતો નથી - મનથી.

૨. **અથવા** - પોતે કરતો નથી - વચનથી.

૩. **અથવા** - પોતે કરતો નથી - કાયાથી.

૪. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - મનથી.

૫. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - વચનથી.

૬. **અથવા** - બીજા પાસે કરાવતો નથી - કાયાથી

૭. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - મનથી

૮. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - વચનથી.

૯. **અથવા** - કરનારનું અનુમોદન કરતો નથી - કાયાથી. (૪૧-૪૯)

પ્ર. હે ભગવન્ ! વર્તમાનકાલીન સંવર કરતો શ્રાવક શું ત્રણ કરણ, ત્રણ યોગથી સંવર કરે છે ? **યાવત્** એક કરણ, એક યોગથી સંવર કરે છે ?

**ઉ. જે પ્રમાણે પ્રતિક્રમણ સંબંધી ૪૯ ભાંગા કહ્યા, એ જ પ્રમાણે સંવર સંબંધી ૪૯ ભાંગા કહેવા જોઈએ.**

પ્ર. હે ભંતે ! ભવિષ્યકાલીન પ્રત્યાખ્યાન કરતો શ્રાવક શું ત્રણ કરણ, ત્રણ યોગથી પ્રત્યાખ્યાન કરે છે ? **યાવત્** એક કરણ, એક યોગથી પ્રત્યાખ્યાન કરે છે ?

**ઉ. અહીં પણ એ જ પ્રમાણે ૪૯ ભાંગા કહેવા જોઈએ.**

પ્ર. હે ભંતે ! જે શ્રમણોપસકે પહેલા સ્થૂળ મૃષાવાદના પ્રત્યાખ્યાન કર્યા નથી પણ પછીથી પ્રત્યાખ્યાન કરીને શું કરશે ?

**ઉ. જે પ્રમાણે પ્રાણાતિપાતના વિષયમાં ૧૪૭ ભાંગા કહ્યા, એ જ પ્રમાણે મૃષાવાદના સંબંધમાં પણ ૧૪૭ ભાંગા કહેવા જોઈએ.**

**એ જ પ્રમાણે સ્થૂલ અદત્તાદાનના વિષયમાં, એ જ પ્રમાણે સ્થૂલ મૈથુનના સંબંધમાં, એ જ પ્રમાણે સ્થૂલ પરિગ્રહના વિષયમાં પણ ૧૪૭ ત્રૈકાલિક ભાંગા જાણવા જોઈએ.**

---

૧. ભૂતકાળના ૪૯ ભાંગા, વર્તમાન કાલના ૪૯ ભાંગા અને ભવિષ્યકાળના ૪૯ ભાંગા એમ ૧૪૭ ત્રૈકાલિક ભાંગા થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગૃહસ્થ ધર્મનું ફળ - ૫

**निस्सील सस्सील समणोवासगस्स पसत्था-अपसत्था-**

१८८८. तओ ठाणा णिसीलस्स णिव्वयस्स णिग्गुणस्स णिम्मेरस्स णिप्पच्चक्खाण-पोसहोवावासस्स गरहिता भवंति, तं जहा-

१. अस्सिं लोगे गरहिते भवइ,

२. उववाए गरहिते भवइ,

३. आयाती गरहिता भवइ ।

तओ ठाणा सुसीलस्स सुव्वयस्स सगुणस्स समेरस्स सपच्चक्खाण पोसहोववासस्स पसत्था भवंति, तं जहा-

१. अस्सिं लोगे पसत्थे भवइ,

२. उववाए पसत्थे भवइ,

३. आयाती पसत्था भवइ ।

-ठाणं अ. ३, उ. २, सु. १६१

**શીલ રહિત અને શીલ સહિત શ્રમણોપાસકનાં પ્રશસ્ત અપ્રશસ્ત :**

૧૮૮૮. શીલ, વ્રત, ગુણ, મર્યાદા, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી રહિત પુરુષનાં ત્રણ સ્થાન અપ્રશસ્ત હોય છે, યથા-

૧. આલોક (વર્તમાન) અપ્રશસ્ત હોય છે.

૨. ઉપપાત (દેવલોક તથા નર્કનો જન્મ) અપ્રશસ્ત હોય છે.

૩. આગામી જન્મ (મનુષ્ય તથા તિર્યંચ) અપ્રશસ્ત હોય છે.

શીલ, વ્રત, ગુણ, મર્યાદા, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી યુક્ત પુરુષનાં ત્રણ સ્થાન પ્રશસ્ત હોય છે, યથા -

૧. આલોક પ્રશસ્ત છે.

૨. ઉપપાત પ્રશસ્ત છે.

૩. આગામી જન્મ પ્રશસ્ત છે.

**सुव्वई गिहत्थ तस्स देवगई य-**

१८८९. अगारि-सामाइयंगाइं, सड्ढी काएण फासए ।
पोसह दुहओ पक्खं, एगरायं न हावए ।।

एवं सिक्खा-समावन्ने, गिह-वासे वि सुव्वए ।
मुच्चइ छवि-पव्वाओ, गच्छे जक्ख-सलोगयं ।।

-उत्त. अ. ५, गा. २३-२४

गारं पि य आवसे नरे, अणुपुव्वं पाणेहिं संजए ।
समया सव्वत्थ सुव्वए, देवाणं गच्छे सलोगयं ।।

-सूय. सु. १, अ. २, उ. ३, गा. १३

**સુવ્રતી ગૃહસ્થ અને તેની દેવગતિ :**

૧૮૮૯. શ્રદ્ધાળુ શ્રાવક ગૃહસ્થ ધર્મની સામાયિકના અંગોનું મન, વચન, કાયાથી પાલન કરે, બંને પક્ષોમાં યથાસમય (આઠમ, ચૌદશ, પૂનમ, અમાસ) પૌષધ કરે, જો પૂર્ણ પૌષધ ન કરી શકે તો રાત્રિ પૌષધ અવશ્ય કરે.

આ પ્રમાણે વ્રત પાલન રૂપ શિક્ષાથી સંપન્ન સુવ્રતી શ્રાવક વ્યવહારમાં રહેવા છતાં પણ ઔદારિક શરીરથી મુક્ત થઈ દેવલોકમાં જાય છે.

ગૃહવાસમાં રહેતો જે મનુષ્ય ક્રમશઃ પ્રાણીઓ પર સંયમ રાખે છે તથા સર્વત્ર સમતા રાખે છે તે સુવ્રતી દેવલોકમાં જાય છે.

**असंजयस्स गई-**

१८९०. प. जीवे णं भंते ! असंजते अविरते अप्पडिहय-पच्चक्खाय-पावकम्मे इतो चुए पेच्चा देवे सिया ?

उ. गोयमा ! अत्थेगइए देवे सिया, अत्थेगइए नो देवे सिया ।

**અસંયતની ગતિ :**

૧૮૯૦. પ્ર. હે ભંતે ! અસંયત, અવિરત તથા જેણે પાપકર્મનો નિરોધ અને ત્યાગ કર્યો નથી, તે જીવ આ લોકથી મરીને શું પરલોકમાં દેવ થાય છે ?

ઉ. ગૌતમ ! કોઈ જીવ દેવ થાય છે અને કોઈ જીવ દેવ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–अत्थेगइए देवे सिया, अत्थेगइए नो देवे सिया ?

उ. गोयमा ! जे इमे जीवा गामाऽऽगर–नगर–निगम रायहाणि–खेड–कब्बड–मडंब–दोणमुह–पट्टणाऽऽसम–सन्निवेसेसु ।

अकामतण्हाए अकामछुहाए अकाम–बंभचेरवासेणं अकामसीतातव–दंसमसग अण्हाणगसेय– जल्ल–मल–पंकपरिदाहेणं अप्पतरो वा भुज्जतरो वा कालं अप्पाणं परिकिलेसंति, अप्पाणं परिकिलेसित्ता कालमासे कालं किच्चा अन्नतरेसु वाणमंतरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवंति ।

–वि. स. १, उ. १, सु. १२

प्र. હે ભંતે ! એમ શા કારણથી કહો છો કે-કોઈ જીવ દેવ થાય છે અને કોઈ જીવ દેવ થતો નથી ?

ઉ. ગૌતમ ! જે જીવ -
(૧) ગ્રામ, (૨) આકર, (૩) નગર,
(૪) નિગમ, (૫) રાજધાની, (૬) ખેડો,
(૭) કર્બટ, (૮) મડંબ, (૯) દ્રોણમુખ,
(૧૦) પટ્ટણ, (૧૧) આશ્રમ (૧૨) સન્નિવેશ.

ઈત્યાદિ સ્થાનોમાં અકામ તૃષાથી, અકામ ક્ષુધાથી, અકામ બ્રહ્મચર્ય પાલનથી, અકામ શીત, ઉષ્ણ, તથા ડાંસ મચ્છરો કરડવાના દુઃખોને સહન કરવાથી, અકામ અસ્નાન, પરસેવો, જલ્લ, મેલ તથા પંક દ્વારા થતા પરિદાહથી, થોડા કે ઘણા સમય સુધી પોતાની આત્માને કલેશિત કરે છે, તે પોતાના આત્માને કલેશિત કરી મૃત્યુ સમયે મૃત્યુ પામી વાણવ્યંતર દેવોમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

**आजीविय समणोवासगाणं णामाइं, कम्मादाणाइं, गई य–**

१८९१. एए खलु एरिसगा समणोवासगा भवंति, नो खलु एरिसगा आजीविओवासगा भवंति ।

आजीवियसमयस्स णं अयमट्ठे पण्णत्ते–अक्खीण–पडिभोइणो सव्वे सत्ता, से हंता छेत्ता भेत्ता लुंपित्ता विलुंपित्ता उद्दवइत्ता आहारमाहारेंति ।

तत्थ खलु इमे दुवालस आजीवियोवासगा भवंति, तं जहा–

| | | | |
|---|---|---|---|
| १. | ताले, | २. | तालपलंबे, |
| ३. | उव्विहे, | ४. | संविहे, |
| ५. | अवविहे, | ६. | उदए, |
| ७. | नामुदए, | ८. | णम्मुदए, |
| ९. | अणुवालए, | १०. | संखवालए, |
| ११. | अयंपुले, | १२. | कायरए । |

इच्चेते दुवालस आजीविओवासग अरहंतदेवतागा अम्मापिउसुस्सूसगा पंचफल–पडिक्कंता, तं जहा–

**આજીવિક શ્રમણોપાસકોના નામ, કર્માદાન અને ગતિ :**

૧૮૯૧. જે આ પ્રમાણે ૪૯ ભાંગા વડે પ્રત્યાખ્યાન કરનારા શ્રમણોપાસકો હોય છે, પણ આજીવિકોપાસક એવા હોતા નથી.

આજીવિકા (ગોશાલક) ના સિદ્ધાંતનો અર્થ એ છે કે-સમસ્ત જીવો સચિત્તાહારી હોય છે. માટે તેઓ પ્રાણીઓને હણી, છેદન-ભેદન કરી, પાંખ આદિ કાપી, ચામડી આદિ ઉતારી જીવનથી રહિત કરી ખાય છે.

આજીવિક મતમાં મુખ્ય બાર આજીવિકોપાસક છે. તેમનાં નામ આ પ્રમાણે છે -

| | | | |
|---|---|---|---|
| ૧. | તાલ, | ૨. | તાલપ્રલંભ |
| ૩. | ઉદ્‌વિધ, | ૪. | સંવિધ, |
| ૫. | અવવિધ, | ૬. | ઉદય, |
| ૭. | નામોદય, | ૮. | નમોદય, |
| ૯. | અનુપાલક, | ૧૦. | શંખપાલક, |
| ૧૧. | અયંપુલ, | ૧૨. | કાતર. |

આ પ્રમાણે બાર આજીવિકોપાસક છે. તેમના દેવ ગોશાલક છે. તે માતાપિતાની સેવા કરનાર છે, તે પાંચ પ્રકારના ફળ ખાતા નથી. યથા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) उंबरेहि, (२) वडेहिं, (३) बोरेहिं, (४) सतरेहिं, (५) पिलंखूहिं, पलंडु–ल्हसणं–कंद–मूलविवज्जगा, अणिल्लंछिएहिं, अणक्कभिन्नेहिं, गोणेहिं, तस पाणविवज्जिएहिं खित्तेहिं वित्तिं कप्पेमाणे विहरेंति ।

एए वि ताव एवं इच्छंति, किमंग पुण जे इमे समणोवासगा भवंति,

जेसिं नो कप्पंति इमाइं पण्णरस कम्मादाणाइं सयं करेत्तए वा, कारवेत्तए वा, करेंतं वा अन्नं समणुजाणेत्तए वा, तं जहा–

१. इंगालकम्मे, २. वणकम्मे, ३. साडीकम्मे,
४. भाडीकम्मे, ५. फोडीकम्मे, ६. दंतवाणिज्जे,
७. लक्खवाणिज्जे, ८. केसवाणिज्जे,
९. रसवाणिज्जे, १०. विसवाणिज्जे,
११. जंतपीलणकम्मे, १२. निल्लंछणकम्मे,
१३. दवग्गिदावणया,
१४. सर–दह–तलायपरिसोसणया,
१५. असतीपोसणया ।

इच्चेते समणोवासगा सुक्का सुक्काभिजातीया भवित्ता कालमासे कालं किच्चा अन्नयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति ।

*–वि. स. ८, उ. ५, सु. ९–१४*

(૧) ઉબરના ફળ, (૨) વડના ફળ, (૩) બોર, (૪) શેતુરના ફળ, (૫) પીપળાના ફળ, (૬) તથા કાંદા-લસણ આદિ કંદમૂલના ત્યાગી હોય છે. ખસ્સી તથા નાક ન નાથેલા હોય એવા બળદોથી ત્રસ પ્રાણી રહિત ખેતી દ્વારા આજીવિકા ચલાવે છે.

જ્યારે એ આજીવિકોપાસકોને પણ આવું અભિષ્ટ છે તો પછી આ શ્રમણોપાસક માટે તો કહેવું જ શું ? તેમને તો પંદર કર્માદાન પોતે કરવા, બીજા પાસે કરાવવા અને કરાવનારનું અનુમોદન કરવું કલ્પતું નથી. તે કર્માદાન આ પ્રમાણે છે -

૧. અંગારકર્મ, ૨. વનકર્મ, ૩. શાકટિકકર્મ,
૪. ભાટીકર્મ, ૫. સ્ફોટકકર્મ, ૬. દંતવાણિજ્ય,
૭. લાક્ષાવાણિજ્ય, ૮. કેશવાણીજ્ય,
૯. રસવાણિજ્ય, ૧૦. વિષવાણિજ્ય,
૧૧. યંત્રપીડનકર્મ, ૧૨. નિર્લાંછનકર્મ,
૧૩. દાવાગ્નિદાપનતા,
૧૪. સર-દ્રહ-તડાગ-શોષણતા,
૧૫. અસતીપોષણતા.

એવા વ્રત પાલક શ્રમણોપાસક મત્સરભાવ-રહિત, પવિત્ર ધાર્મિક જીવનથી યુક્ત, મરણ સમયે મૃત્યુ પ્રાપ્ત કરી કોઈ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

# આરાધક–વિરાધક

## આરાધક–વિરાધકનું સ્વરૂપ – ૧

**आराहग सरूवं–**[१]

१८९२. प. से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ?

उ. हंता, गोयमा ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेदितं ।[२]

**આરાધકનું સ્વરૂપ :**

૧૮૯૨. પ્ર. ભંતે ! શું એ જ સત્ય અને શંકા રહિત છે, જે જિનેન્દ્ર ભગવાને કહ્યું છે ?

ઉ. હા, ગૌતમ ! એ જ સત્ય અને શંકા રહિત છે, જે જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

---

१. (ક) પ્રતિમા ધારણ કરનાર આરાધક કહેવાય છે. – दसा. द. ७, सु. १–२५
(ખ) પાંચ પ્રકારનો વ્યવહાર કરનાર આરાધક કહેવાય છે. – दसा. द. १०, सु. ५
(ગ) વિવેક પૂર્વક સત્યાદિ ચારે ભાષાઓના વક્તા આરાધક અને અવિવેકપૂર્વક ચારે ભાષાઓના વક્તા વિરાધક હોય છે. प्रज्ञापना पद ११, सु. ८९९
(ઘ) પાપ શ્રમણ (દોષ સેવી) વિરાધક હોય છે અને જે શ્રમણ સમાચારી સહિત નિર્દોષ આચરણ કરે છે તે આરાધક હોય છે. (क) सूय. सु. १, अ. २, गा. १२९ (ख) उत्त. अ. १७, गा. १२
(ઙ) આલોચના ન કરનાર સાધક વિરાધક અને આલોચના કરનાર સાધક આરાધક હોય છે. – ठाणं–अ. ८, सु. ५९७
(ચ) ઉપશાન્ત ન થનાર સાધક સંયમની આરાધના કરી શકતો નથી. જે ઉપશાન્ત હોય તેમની જ આરાધના થાય છે. – कप्प. उ. १, सु. ३६

२. आ. सु. १, अ. ५, उ. ५, सु. १६८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से नूणं भंते ! एवं मणं धारेमाणे, एवं पकरेमाणे, एवं चिट्ठेमाणे, एवं संवरेमाणे आणाए आराहए भवति ?

उ. हंता, गोयमा ! एवं मणं धारेमाणे-**जाव**-आराहए भवइ ।

–वि. स. १, उ. ३, सु. ६

**विराहग सरूवं-**

१८९३. अहम्मट्ठी तुमं सि णाम बाले आरंभट्ठी अणुवयमाणे- "हयपाणे", घातमाणे, हणओ यावि समणुजाणमाणेः घोरे धम्मे उदीरिते । उवेहति णं अणाणाए ।

एस विसण्णे वितद्दे वियाहिते ।

–आ. सु. १, अ. ६, उ. ४, सु. १९२

**आराहगा णिग्गंथा-णिग्गंथीओ-**

१८९४. (१) प. निग्गंथेण य गाहावइकुलं पिंडवायपडियाए पविट्ठेणं अन्नयरे अकिच्चट्ठाणे पडिसेविए, तस्स णं एवं भवति इहेव ताव अहं एयस्स ठाणस्स आलोएमि, पडिक्कमामि, निंदामि, गरिहामि, विउट्टामि, विसोहेमि अकरणयाए, अब्भुट्ठेमि, अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जामि ।

तओ पच्छा थेराणं अंतियं आलोएस्सामि-**जाव**-तवोकम्मं पडिवज्जिस्सामि ।

से य संपट्ठिए असंपत्ते थेरा य अमुहा सिया, से णं भंते ! किं आराहए विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

(२) प. से य संपट्ठिए असंपत्ते अप्पणा य पुव्वामेव अमुहे सिया, से णं भंते ! किं आराहए, विराहए ?

પ્ર. હે ભંતે ! શું આ પ્રમાણે મનમાં ધારણ કરી, આચરણ કરી, પોતાનામાં સ્થિર રહી તથા સંવર કરતો પ્રાણી વીતરાગની આજ્ઞાનો આરાધક હોય છે ?

ઉ. હા, ગૌતમ ! આ પ્રમાણે મનમાં ધારણ કરતો **યાવત્** વીતરાગની આજ્ઞાનો આરાધક હોય છે.

**વિરાધકનું સ્વરૂપ :**

૧૮૯૩. ધર્મરહિત સાધકને આચાર્ય આદિ એવી રીતે સાવધાન કરે છે - હે સાધક ! તું અધર્મનો અર્થી છે. બાલ-અજ્ઞ છે. આરંભનો અર્થી છે. 'પ્રાણીઓને મારો' એવો ઉપદેશ આપી રહ્યો છે અથવા તું સ્વયં પ્રાણીઓનો વધ કરે છે. તેમજ હિંસાની અનુમોદના કરી રહ્યો છે. ભગવાને એવા દુષ્કર્મ ધર્મની પ્રરૂપણા કરી છે, જે દુર્લભ છે. છતાં તું તેની ઉપેક્ષા કરે છે અને તેમની આજ્ઞાનું અતિક્રમણ કરી સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરે છે.

આવો સાધુ કામભોગોમાં મૂર્છિત અને હિંસામાં તત્પર થયેલો કહેવાય છે.

**આરાધક નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી :**

૧૮૯૪.(૧) પ્ર. ગૃહસ્થના ઘરે આહાર માટે પ્રવેશેલા નિર્ગ્રન્થ દ્વારા કોઈ અકૃત્ય સ્થાનનું પ્રતિસેવન થઈ જાય અને તેના મનમાં એવો વિચાર આવે કે 'હું અહીં જ આ અકૃત્ય સ્થાનની આલોચના, પ્રતિક્રમણ,નિંદા અને ગર્હા કરું, તેના અનુબંધનું છેદન કરું. જેથી વિશુદ્ધ બની ફરી એવું અકૃત્ય ન કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ બનું. તથા યથાયોગ્ય પ્રાયશ્ચિત્તરૂપ તપ કર્મ સ્વીકાર કરું.

ત્યારબાદ સ્થવિરો પાસે આલોચના કરીશ **યાવત્** તપ કર્મ સ્વીકાર કરીશ.'

એમ વિચાર કરી તે નિર્ગ્રન્થ સ્થવિર મુનિની પાસે જવા માટે રવાના થયો. પરંતુ સ્થવિર મુનિની પાસે પહોંચતા પહેલાં જ તે સ્થવિર મૂક થઈ જાય (બોલી ન શકે) અર્થાત્ પ્રાયશ્ચિત્ત ન આપી શકે, તો હે ભંતે ! તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક છે ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૨) પ્ર. સ્થવિર મુનિઓની પાસે જવા માટે રવાના થયો, પરંતુ તેની પાસે પહોંચતા પૂર્વે જ પોતે મૂક થઈ જાય, તો હે ભંતે ! તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! आराहए, नो विराहए ?

(३) प. से य संपट्ठिए असंपत्ते थेरा य कालं करेज्जा, से णं भंते ! किं आराहए, विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

(४) प. से य संपट्ठिए असंपत्ते अप्पणा य पुव्वामेव कालं करेज्जा,
से णं भंते ! किं आराहए, विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

(५) प. से य संपट्ठिए संपत्ते, थेरा य अमुहा सिया, से णं भंते ! किं आराहए, विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

(६) प. से य संपट्ठिए संपत्ते अप्पणा य पुव्वामेव अमुहे सिया, से णं भंते ! किं आराहए, विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

(७) प. से य संपट्ठिए संपत्ते थेरा य कालं करेज्जा, से णं भंते ! किं आराहए, विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

(८) प. से य संपट्ठिए संपत्ते अप्पणा य पुव्वामेव कालं करेज्जा, से णं भंते ! किं आराहए, विराहए ?

उ. गोयमा ! आराहए, नो विराहए ।

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૩) પ્ર. સ્થવિર મુનિની પાસે જવા માટે રવાના થયો પરંતુ તેના પહોંચતા પૂર્વે જ સ્થવિર મુનિ કાળ કરી જાય, તો હે ભંતે ! તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૪) પ્ર. સ્થવિરમુનિ પાસે જવા માટે રવાના થયો પરંતુ ત્યાં પહોચ્યાં પૂર્વે જ પોતે કાળ કરી જાય, તો હે ભંતે ! તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૫) પ્ર. સ્થવિર મુનિ પાસે જવા માટે રવાના થયો પરંતુ બીજા સ્થવિર પાસે પહોંચી ગયો ત્યારબાદ તે સ્થવિર મુનિ મૂક થઈ જાય, તો હે ભંતે ! તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૬) પ્ર. સ્થવિર મુનિ પાસે જવા માટે રવાના થયો, પરંતુ સ્થવિરની સેવામાં પહોંચ્યા પછી તે પોતે મૂક થઈ જાય, તો હે ભંતે ! તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૭) પ્ર. સ્થવિર મુનિની પાસે જવા માટે રવાના થયો અને સ્થવિરની સેવામાં પહોંચ્યા પછી સ્થવિર મુનિ કાળ કરી જાય, તો તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક છે ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

(૮) પ્ર. સ્થવિર મુનિની પાસે જવા માટે રવાના થયો અને સ્થવિરની સેવામાં પહોંચ્યા બાદ તે પોતે કાળ કરી જાય, તો તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક ?

ઉ. ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે, વિરાધક નહિં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवं बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खंतेण वि एए चेव अट्ठ आलावगा भाणियव्वा वि ।**

**એ પ્રમાણે ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિ માટે બહાર નીકળેલા નિર્ગ્રન્થના પણ આ આઠ આલાપક જાણવા જોઈએ. (૯-૧૬)**

**एवं गामाणुगामं दूइज्जमाणेण वि एए चेव अट्ठ आलावगा भाणियव्वा ।**

**આ પ્રમાણે ગ્રામાનુગ્રામ વિહાર કરતા નિર્ગ્રન્થના પણ આ આઠ આલાપક જાણવા જોઈએ. (૧૭-૨૪)**

**एवं जहा णिग्गंथस्स तिण्णि गम्मा भणिया, तहेव णिग्गंथीए वि एए चेव तिण्णि गमा भाणियव्वा ।**

**જે પ્રમાણે નિર્ગ્રન્થના ત્રણ ગમક (ચોવીસ આલાપક) કહ્યા તેજ પ્રમાણે નિર્ગ્રન્થિનાં પણ ત્રણ ગમક કહેવા જોઈએ.**

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-आराहए, नो विराहए ?

પ્ર. ભંતે ! શા કારણથી એમ કહેવાય છે કે-તે આરાધક છે, વિરાધક નથી. ?

उ. गोयमा ! से जहानामए केइ पुरिसे एगं महं उण्णालोमं वा, गयलोमं वा, सणलोमं वा, कप्पासलोमं वा, तणसूयं वा, दुहा वा, तिहा वा संखेज्जहा वा, छिंदित्ता अगणिकायंसि पक्खिवेज्जा, से नूणं गोयमा ! छिज्जमाणे छिन्ने, पक्खिप्पमाणे पक्खित्ते, डज्झमाणे दड्ढे त्ति वत्तव्वं सिया ?

ઉ. ગૌતમ ! જેમ કોઈ પુરુષ વિશાળ માત્રામાં ઘેટાના વાળ, હાથીના રોમ, શણના રેષા, કપાસના તાર અથવા ઘાસના સમૂહને બે, ત્રણ કે સંખ્યાત ટુકડા કરીને અગ્નિમાં નાંખે તો હે ગૌતમ ! કાપતી વખતે તે કપાઈ ગયા, અગ્નિમાં નાંખતી વખતે તે નંખાઈ ગયાં કે બળતી વખતે બળી ગયાં આ પ્રમાણે કહી શકાય ખરું ?

हंता, भगवं ! छिज्जमाणे छिन्ने-**जाव**-दड्ढे त्ति वत्तव्वं सिया ।

(ગૌતમ સ્વામી)-હા, ભંતે ! કાપતી વખતે કપાઈ ગયા **યાવત્** બળતી વખતે બળી ગયાં એમ કહી શકાય છે.

से जहा वा केइ पुरिसे वत्थं अहयं वा, धोयं वा, तंतुग्गयं वा, मंजिट्ठादोणीए पक्खिवेज्जा, से नूणं गोयमा ! उक्खिप्पमाणे उक्खित्ते, पक्खिप्पमाणे पक्खित्ते, रज्जमाणे रत्ते त्ति वत्तव्वं सिया ?

જેમ કોઈ પુરૂષ બિલકુલ નવા, ધોયેલા કે શાળ ઉપરથી તરત ઊતરેલા વસ્ત્રને મજીઠિયા રંગના પાત્રમાં નાંખે તો હે ગૌતમ ! વસ્ત્રને ઉપાડતા ઉપાડાઈ ગયું, વસ્ત્રને નાખતા નંખાઈ ગયું અથવા વસ્ત્રને રંગતા રંગાઈ ગયું- એમ કહી શકાય છે ?

हंता, भगवं ! उक्खिप्पमाणे-**जाव**-रत्ते त्ति वत्तव्वं सिया ।

(ગૌતમ સ્વામી)-હા, ભંતે ! વસ્ત્રને ઉપાડતા ઉપાડાઈ ગયું **યાવત્** વસ્ત્રને રંગતા રંગાઈ ગયું. આ પ્રમાણે કહી શકાય છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-आराहए, नो विराहए ।

-वि. स. ८, उ. ६, सु. ७-११

(ભગવાન !) આ કારણે હે ગૌતમ ! કહેવામાં આવે છે કે (આરાધના માટે તત્પર બનેલા સાધુ કે સાધ્વી) આરાધક છે, વિરાધક નહિં.

### भिक्खुस्स आराहणा-विराहणा-

१८९५. भिक्खू य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता, से णं ठाणस्स तस्स अणालोइयऽपडिक्कंते कालं करेति, नत्थि तस्स आराहणा ।

### ભિક્ષુની આરાધના વિરાધના :

૧૮૯૫. કોઈ ભિક્ષુ કદાચ અકૃત્ય સ્થાનનું સેવન કરી જો તે અકૃત્ય સ્થાનની આલોચના તથા પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરી જાય તો તેની આરાધના થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेति अत्थि तस्स आराहणा ।

જો તે ભિક્ષુ તે અકૃત્ય સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે છે તો તેની આરાધના થાય છે.

भिक्खू य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता, तस्स णं एवं भवति पच्छा वि णं अहं चरिमकालसमयंसि एयस्स ठाणस्स आलोएस्सामि-**जाव**-पडिवज्जिस्सामि,

કદાચ તે ભિક્ષુએ કોઈ અકૃત્ય સ્થાનનું સેવન કરી લીધું હોય અને ત્યારબાદ તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો હોય કે હું મારા અંતિમ સમયમાં આ અકૃત્ય સ્થાનની આલોચના કરીશ **યાવત્** તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરીશ.

से णं तस्स ठाणस्स अणालोइयऽपडिक्कंते कालं करेति नत्थि तस्स आराहणा ।

પરંતુ તે અકૃત્ય સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરી જાય તો તેની આરાધના થતી નથી.

से णं तस्स ठाणस्स आलोइयऽपडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा ।

જો તે (અકૃત્ય સ્થાન સેવી ભિક્ષુ) આલોચના અને પ્રતિક્રમણ કરી કાળ કરે તો એની આરાધના થાય છે.

भिक्खू य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता, तस्स णं एवं भवति - "जइ ताव समणोवासगा वि कालमासे कालं किच्चा अन्नयरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवंति किमंग पुण अहं अणपन्नियदेवत्तणं पि नो लभिस्सामि ?" त्ति कट्टु से णं तस्स ठाणस्स अणालोइयऽपडिक्कंते कालं करेति, नत्थि तस्स आराहणा ।

કદાચ કોઈ ભિક્ષુએ કોઈ અકૃત્ય સ્થાનનું સેવન કરી લીધું હોય અને ત્યારબાદ એના મનમાં એવો વિચાર થાય કે 'શ્રમણોપાસક પણ કાળના અવસરે કાળ કરી કોઈ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે. તો શું હું અણપન્નિક દેવત્વ પણ ન પ્રાપ્ત કરી શકું ?' એમ વિચાર કરી જો તે અકૃત્ય સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરી જાય છે, તો તેની આરાધના થતી નથી.

से णं तस्स ठाणस्स आलोइयऽपडिक्कंते कालं करेति, अत्थि तस्स आराहणा ।

*-विया. स. १०, उ. २, सु. ७-९*

જો તે (અકૃત્યસેવી સાધુ) તે અકૃત્ય સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરી કાળ કરે છે તો તેની આરાધના થાય છે.

मायी णं तस्स ठाणस्स अणालोइयऽपडिक्कंते कालं करेइ, नत्थि तस्स आराहणा ।

માયાવી મનુષ્ય તે સ્થાન (વૈક્રિયકરણરૂપ પ્રવૃત્તિપ્રયોગ) ની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરે છે તો તેની આરાધના થતી નથી.

अमायी णं तस्स ठाणस्स आलोइयऽपडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा ।

*-विया. स. ३, उ. २, सु. १९(३)*

અમાયાવી મનુષ્ય તે વિરાધના સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરી કાળ કરે છે તો તેની આરાધના થાય છે.

**दिट्ठन्तेण आराहग विराहग सरूवं-**

१८९६. तए णं गोयमे समणं भगवं महावीरं एवं वयासी-

प. कहं णं भंते ! जीवा आराहगा वा, विराहगा वा भवंति ?

**દૃષ્ટાંત દ્વારા આરાધક વિરાધકનું સ્વરૂપ :**

૧૮૯૬. એક વાર ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે પૂછયું -

પ્ર. ભંતે ! જીવ કેવી રીતે આરાધક અને કેવી રીતે વિરાધક બને છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! से जहाणामए एगंसि समुद्दकूलंसि दावद्दवा नामं रुक्खा पण्णत्ता, किण्हा-**जाव**-निउरंबभूया, पत्तिया, पुप्फिया, फलिया, हरियग-रेरिज्जमाणा सिरीए अईव उवसोभेमाणा-उवसोभेमाणा चिट्ठन्ति ।

ઉ. ગૌતમ ! જેમ સમુદ્રના કિનારા પર દાવદ્રવ નામના વૃક્ષો હોવાનું કહેવાય છે તે કૃષ્ણવર્ણ-વાળા **યાવત્** ગુચ્છાદાર ફૂલો, ફળોવાળા હોય છે, તેમજ પાંદડાઓ, ફૂલો, ફળો અને લીલી ઘટાથી મનોહર તેમજ સૌંદર્યથી અત્યન્ત સુશોભિત હોય છે.

समणाउसो ! जया णं दीविच्चगा ईसिं पुरवाया पच्छावाया, मंदावाया, महावाया वायंति तया णं बहवे दावद्दवा रुक्खा पत्तिया-**जाव**-सिरीए अईव उवसोभेमाणा चिट्ठन्ति ।

હે આયુષ્યમન્ શ્રમણ ! જ્યારે દ્વીપ સંબંધી કેટલોક સ્નિગ્ધ વાયુ, વનસ્પતિ માટે હિતકારી વાયુ, મંદ અને પ્રચંડ વાયુ ચાલતો હોય ત્યારે ઘણા દાવદ્રવ વૃક્ષ પાંદડાઓ **યાવત્** સૌંદર્યથી અત્યંત સુશોભિત હોય છે.

अप्पेगइया दावद्दवा रुक्खा जुन्ना झोडा परिसडियपंडुपत्त-पुप्फ-फला-सुक्करुक्खओविव मिलायमाणा-मिलायमाणा चिट्ठन्ति ।

એમાંથી કેટલાક દાવદ્રવ વૃક્ષ જીર્ણ જેવા થઈ જાય છે, સડેલા પાંદડાવાળા, ખરેલા પાંદડાવાળા, પીળા પડેલા પાંદડાવાળા અને ફૂલ, ફળથી રહિત થઈ સૂકા વૃક્ષની જેમ મુરઝાયેલા હોય છે.

एवामेव समणाउसो ! जे अम्हं निग्गंथो वा निग्गंथी वा आयरियउवज्झायाणं अंतिए मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइए समाणे-बहूणं समणाणं, बहूणं समणीणं, बहूणं सावयाणं, बहूणं सावियाणं सम्मं सहइ-**जाव**-अहियासेइ,

તે જ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણ ! જે મારા આજ્ઞાનુવર્તી સાધુ કે સાધ્વી આચાર્ય - ઉપાધ્યાયની પાસે દીક્ષિત થઈ, ગૃહવાસનો ત્યાગ કરી, અણગાર ધર્મનો સ્વીકાર કરી ઘણા સાધુઓ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓના પ્રતિકૂળ વચનોને સમ્યક્ પ્રકારે સહન કરે છે **યાવત્** વિશેષ રૂપથી સહન કરે છે.

बहूणं अण्णउत्थियाणं, बहूणं गिहत्थाणं नो सम्मं सहइ-**जाव**-अहियासेइ, एस णं मए पुरिसे **देसविराहए** पण्णत्ते ।

પરંતુ ઘણા અન્યતીર્થિક તથા ગૃહસ્થોના દુર્વચનોને સમ્યક્ પ્રકારે સહન કરતા નથી **યાવત્** વિશેષરૂપથી સહન કરતા નથી. આવા પુરુષ અથવા સાધુ સાધ્વીને મેં **દેશવિરાધક** કહ્યા છે.

समणाउसो ! जया णं सामुद्दगा ईसिं पुरेवाया, पच्छावाया, मंदावाया, महावाया वायंति, तया णं बहवे दावद्दवा रुक्खा जुण्णा झोडा-**जाव**-मिलायमाणा-मिलायमाणा चिट्ठन्ति ।

હે આયુષ્મન્ શ્રમણ ! જ્યારે સમુદ્ર સંબંધી પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, મંદ વાયુ કે વાવાઝોડુ થાય છે ત્યારે ઘણા દાવદ્રવ વૃક્ષ અસ્તવ્યસ્ત થાય છે, ઝરી જાય છે **યાવત્** મુરઝાઈ જાય છે.

अप्पेगइया दावद्दवा रुक्खा पत्तिया पुप्फिया-**जाव**-उवसोभेमाणा-उवसोभेमाणा चिट्ठन्ति ।

એવી પરિસ્થિતિમાં પણ ઘણા દાવદ્રવ વૃક્ષ પત્ર, પુષ્પ **યાવત્** અત્યંત શોભાયમાન રહે છે.

एवामेव समणाउसो ! णो अम्हं णिग्गंथो वा णिग्गंथी वा-**जाव**-पव्वइए समाणे बहूणं अण्णउत्थियाणं, बहूणं गिहत्थाणं सम्मं सहइ-**जाव**-अहियासेइ । बहूणं समणाणं, बहूणं समणीणं, बहूणं सावयाणं, बहूणं सावियाणं नो सम्मं सहइ-**जाव**-अहियासेइ । एस णं मए पुरिसे **देसाराहए** पण्णत्ते ।

તે જ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણ ! જે મારા આજ્ઞાનુવર્તી સાધુ કે સાધ્વી **યાવત્** દીક્ષિત થઈ ઘણા અન્યતીર્થિકોના અને ઘણા ગૃહસ્થોના દુર્વચન સમ્યક્ પ્રકારે સહન કરે છે **યાવત્** વિશેષ રૂપે સહન કરે છે. પણ ઘણા સાધુઓ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો તેમજ ઘણી શ્રાવિકાઓના દુર્વચન સમ્યક્ પ્રકારે સહન કરતા નથી **યાવત્** વિશેષરૂપે સહન કરતા નથી. તેવા પુરુષોને મેં **દેશારાધક** કહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समणाउसो ! जया णं नो दीविच्चगा नो सामुद्दगा ईसिं पुरेवाया, पच्छावाया, मंदावाया, महावाया वायंति तया णं सव्वे दावद्दवा रुक्खा जुण्णा झोडा-**जाव**-मिलायमाणा-मिलायमाणा चिट्ठन्ति ।

एवामेव समणाउसो ! जो अम्हं निग्गंथो वा निग्गंथी वा-**जाव**-पव्वइए समाणे बहूणं समणाणं, बहूणं समणीणं, बहूणं सावयाणं, बहूणं सावियाणं, बहूणं अन्नउत्थियाणं, बहूणं गिहत्थाणं नो सम्मं सहइ-**जाव**-अहियासेइ । एस णं मए पुरिसे **सव्वविराहए** पण्णत्ते ।

समणाउसो ! जया णं दीविच्चगा वि, सामुद्दगा वि ईसिं पुरेवाया, पच्छावाया, मंदावाया, महावाया वायंति तया णं सव्वे दावद्दवा रुक्खा पत्तिया-**जाव**-सिरीए अईव उवसोभेमाणा चिट्ठन्ति ।

एयामेव समणाउसो ! जो अम्हं निग्गंथो वा निग्गंथी वा-**जाव**-पव्वइए समाणे बहूणं समणाणं, बहूणं समणीणं, बहूणं सावयाणं, बहूणं सावियाणं, बहूणं अन्नउत्थियाणं, बहूणं गिहत्थाणं सम्मं सहइ-**जाव**-अहियासेइ । एस णं मए पुरिसे **सव्वाराहए** पण्णत्ते समणाउसो ।

एवं खलु गोयमा ! जीवा आराहगा वा, विराहगा वा भवंति ।

-णाया. अ. ११, सु. ३-१३

હે આયુષ્મન્ શ્રમણ ! જ્યારે દ્વીપ તથા સમુદ્ર સંબંધી પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, મંદ વાયુ કે વાવાઝોડું થતું નથી ત્યારે બધા દાવદ્રવ વૃક્ષ જીર્ણ જેવા થાય છે **યાવત્** મુરઝાઈ જાય છે.

તે જ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણ ! મારા (આજ્ઞાનુવર્તી) સાધુ કે સાધ્વી **યાવત્** દીક્ષિત થઈ ઘણા સાધુ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો, ઘણી શ્રાવિકાઓ, ઘણા અન્યતીર્થિકો અને ઘણા ગૃહસ્થોના દુર્વચનને સમ્યક્ પ્રકારે સહન કરતા નથી **યાવત્** વિશેષરૂપે સહન કરતા નથી એવા પુરુષને મેં **સર્વવિરાધક** કહ્યાં છે.

હે આયુષ્મન્ શ્રમણ ! જ્યારે દ્વીપ અને સમુદ્ર સંબંધી પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, મંદ વાયુ કે વાવાઝોડું થાય છે ત્યારે બધા દાવદ્રવ વૃક્ષ ઘનઘોર ઘેરાયેલા **યાવત્** સૌંદર્યથી સુશોભિત રહે છે.

એ જ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણ ! જે મારા (આજ્ઞાનુવર્તી) સાધુ કે સાધ્વી **યાવત્** દીક્ષિત થઈ ઘણા સાધુ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો, ઘણી શ્રાવિકાઓ, ઘણા અન્યતીર્થિકો, ઘણા ગૃહસ્થોના દુર્વચન સમ્યક્ પ્રકારે સહન કરે છે **યાવત્** વિશેષરૂપે સહન કરે છે એવા પુરુષને મેં **સર્વારાધક** કહ્યા છે.

આ પ્રમાણે હે ગૌતમ ! જીવ આરાધક અથવા વિરાધક થાય છે.

## सुय-सीलावेक्खया आराहग-विराहग सरूवं-

१८९७. रायगिहे नयरे-**जाव**-एवं वयासी-

प. अन्नउत्थि याणं भंते ! एवमाइक्खंति-**जाव**-एवं परूवेंति एवं खलु

१. सीलं सेयं,

२. सुयं सेयं,

३. सुयं सेयं सीलं सेयं, से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जं णं ते अन्नउत्थिया एवमाइक्खंति-**जाव**-एवं पण्णवेंति, "जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु ।" अहं पुण गोयमा ! एवमाइक्खामि-**जाव**-एवं परुवेमि, एवं खलु मए चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा-

## શ્રુત અને શીલની અપેક્ષાએ આરાધક વિરાધકનું સ્વરૂપ :

૧૮૯૭. રાજગૃહી નગરમાં **યાવત્** ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યું -

પ્ર. ભંતે ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે **યાવત્** પ્રરૂપણા કરે છે કે -

૧. શીલ જ શ્રેયસ્કર છે.

૨. શ્રુત જ શ્રેયસ્કર છે.

૩. શીલ નિરપેક્ષ શ્રુત અને શ્રુત નિરપેક્ષ શીલ શ્રેયસ્કર છે. ભંતે ! શું આ એમનું કથન સત્ય છે ?

ઉ. ગૌતમ ! અન્યતીર્થિક જે આ પ્રમાણે કહે છે, **યાવત્** જે આ પ્રમાણે પ્રરૂપણા કરે છે, એમનું આ કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું. **યાવત્** પ્રરૂપણા કરું છું કે - ચાર પ્રકારના પુરુષ હોય છે, જેમ કે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. सीलसंपन्ने नामं एगे णो सुयसंपन्ने ।
२. सुयसंपन्ने नामं एगे णो सीलसंपन्ने ।
३. एगे सीलसंपन्ने वि, सुयसंपन्ने वि ।
४. एगे णो सीलसंपन्ने, णो सुयसंपन्ने ।

१. तत्थ णं जे से पढमे पुरिसजाए से णं पुरिसे सीलवं, असुयवं, उवरए, अविन्नायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे **देसाराहए** पण्णत्ते ।

२. तत्थ णं जे से दोच्चे पुरिसजाए से णं पुरिसे असीलवं, सुयवं, अणुवरए, विन्नायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे **देसविराहए** पण्णत्ते ।

३. तत्थ णं जे से तच्चे पुरिसजाए से णं पुरिसे सीलवं, सुयवं, उवरए, विन्नायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे **सव्वाराहए** पण्णत्ते ।

४. तत्थ णं जे से चउत्थे पुरिसजाए से णं पुरिसे असीलवं, असुयवं, अणुवरए, अविण्णायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे **सव्वविराहए** पण्णत्ते ।

*-विया. स. ८, उ. १०, सु. १-२*

૧. એક વ્યક્તિ શીલસંપન્ન છે, શ્રુતસંપન્ન નથી.
૨. એક વ્યક્તિ શ્રુતસંપન્ન છે, શીલસંપન્ન નથી.
૩. એક વ્યક્તિ શ્રુતસંપન્ન પણ છે અને શીલસંપન્ન પણ છે.
૪. એક વ્યકિત શીલસંપન્ન પણ નથી અને શ્રુતસંપન્ન પણ નથી.

૧. આમાંથી જે પ્રથમ પ્રકારનો પુરુષ છે તે શીલવાન્ છે, પણ શ્રુતવાન્ નથી. તે પાપઆદિથી નિવૃત્ત છે પરંતુ ધર્મને વિશેષરૂપથી જાણતો નથી. હે ગૌતમ ! આવા પુરુષને હું **'દેશઆરાધક'** કહું છું.

૨. આમાંથી જે બીજો પુરુષ છે તે પુરુષ શીલવાન નથી, પરંતુ શ્રુતવાન્ છે. તે પાપાદિથી અનિવૃત્ત છે. પરંતુ ધર્મને વિશેષરૂપથી જાણે છે. હે ગૌતમ ! એવા પુરુષને મેં **'દેશવિરાધક'** કહ્યો છે.

૩. આમાંથી જે ત્રીજો પુરુષ છે, તે પુરુષ શીલવાન પણ છે અને શ્રુતવાન્ પણ છે. તે પાપાદિથી નિવૃત્ત છે અને ધર્મનો પણ જ્ઞાતા છે. હે ગૌતમ ! એવા પુરુષને મેં **'સર્વઆરાધક'** કહ્યો છે.

૪. આમાંથી જે ચોથો પુરુષ છે, તે પુરુષ શીલવાન્ પણ નથી અને શ્રુતવાન્ પણ નથી. તે પાપાદિથી અનિવૃત્ત છે તથા ધર્મનો પણ જ્ઞાતા નથી. હે ગૌતમ ! એવા પુરુષને મેં **'સર્વવિરાધક'** કહ્યો છે.

## आराहग-अणाराहग णिग्गंथाईणं भंगा-

१८९८. चत्तारि णिग्गंथा पण्णत्ता, तं जहा-

१. रातिणिए समणे णिग्गंथे महाकम्मे महाकिरिए अणातावी असमिते धम्मस्स अणाराहए भवति ।

२. रातिणिए समणे णिग्गंथे अप्पकम्मे अप्पकिरिए आतावी समिए धम्मस्स आराहए भवति ।

३. ओमरातिणिए समणे णिग्गंथे महाकम्मे महाकिरिए अणातावी असमिते धम्मस्स अणाराहए भवति ।

## આરાધક-અનારાધક નિર્ગ્રન્થ આદિના ભાંગા :

૧૮૯૮. નિર્ગ્રન્થ ચાર પ્રકારના કહ્યાં છે, જેમ કે -

૧. કોઈ શ્રમણ નિર્ગ્રન્થ દીક્ષા પર્યાયમાં જ્યેષ્ઠ હોવા છતાં પણ મહાકર્મોવાળો, મહાક્રિયાવાળો, અતપસ્વી અને સમિતિ રહિત હોવાના કારણે ધર્મનો વિરાધક હોય છે.

૨. કોઈ રાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ અલ્પ કર્મોવાળો, અલ્પ ક્રિયાવાળો, તપસ્વી અને પાંચ સમિતિથી યુક્ત હોવાના કારણે ધર્મનો આરાધક હોય છે.

૩. કોઈ નિર્ગ્રન્થ શ્રમણ દીક્ષા પર્યાયમાં નાનો હોવા છતાં પણ મહાકર્મવાળો, મહાક્રિયાવાળો, અતપસ્વી અને સમિતિ રહિત હોવાના કારણે ધર્મનો વિરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. ओमरातिणिए समणे णिग्गंथे अप्पकम्मे अप्पकिरिए आतावी समिते धम्मस्स आराहए भवति ।

૪. કોઈ અલ્પ દીક્ષા પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ અલ્પ કર્મવાળો, અલ્પ ક્રિયાવાળો, તપસ્વી અને સમિતિઓથી યુક્ત હોવાના કારણે ધર્મનો આરાધક હોય છે.

**एवं चेव चत्तारि-समणोवासगा पण्णत्ता-** जाव- **आराहए भवइ ।**

**આ પ્રમાણે ચાર પ્રકારના શ્રમણોપાસક કહ્યાં છે** યાવત્ **આરાધક હોય છે.**

चत्तारि णिग्गंथीओ पण्णत्ताओ, तं जहा-

સાધ્વીઓના ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે -

१. रातिणिया समणी णिग्गंथी महाकम्मा महाकिरिया अणायावी असमिता धम्मस्स अणाराहिया भवति ।

૧. કોઈ રાત્નિક શ્રમણી નિર્ગ્રન્થી મહાકર્મોવાળી, મહાક્રિયાવાળી, અતપસ્વિની અને સમિતિ રહિત હોવાના કારણે ધર્મની વિરાધિકા હોય છે.

२. रातिणिया समणी णिग्गंथी अप्पकम्मा अप्पकिरिया आतावी समिता धम्मस्स आराहिया भवति ।

૨. કોઈ રાત્નિક શ્રમણી નિર્ગ્રન્થી અલ્પકર્મવાળી, અલ્પ ક્રિયાવાળી, તપસ્વિની અને સમિતિ સહિત હોવાના કારણે ધર્મની આરાધિકા હોય છે.

३. ओमरातिणिया समणी णिग्गंथी महाकम्मा महाकिरिया अणायावी असमिता धम्मस्स अणाराहिया भवति ।

૩. કોઈ અવમરાત્નિક શ્રમણી નિર્ગ્રન્થી મહા કર્મવાળી, મહા ક્રિયાવાળી, અતપસ્વિની અને સમિતિ રહિત હોવાના કારણે ધર્મની વિરાધિકા હોય છે.

४. ओमरातिणिया समणी णिग्गंथी अप्पकम्मा अप्पकिरिया आतावी समिता धम्मस्स आराहिया भवति ।

૪. કોઈ અવમરાત્નિક શ્રમણી નિર્ગ્રન્થી અલ્પ કર્મવાળી, અલ્પ ક્રિયાવાળી, તપસ્વિની અને સમિતિ સહિત હોવાના કારણે ધર્મની આરાધિકા હોય છે.

**एवं चेव चत्तारि समणोवासियाओ पण्णत्ताओ-** जाव- **आराहिया भवइ ।**

**આ પ્રમાણે ચાર પ્રકારની શ્રમણોપાસિકાઓ કહી છે** યાવત્ **આરાધિકા હોય છે.**

*-ठाणं. अ. ४, उ. ३, सु. ३२१*

**आहाकम्म आईणं विवरीय परूवणा-**

**આધાકર્મ આદિની વિપરીત પ્રરૂપણા :**

१८९९. "आहाकम्मं णं अणवज्जे" त्ति मणं पहारेत्ता भवति, से णं तस्स ठाणस्स अणालोइय-अपडिक्कंते कालं करेति, नत्थि तस्स आराहणा ।

से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेति, अत्थि तस्स आराहणा ।

**एतेणं गमेणं नेयव्वं-कीयकडं, ठवियगं, रइयगं, कंतारभत्तं, दुब्भिक्खभत्तं, वद्दलियाभत्तं, गिलाणभत्तं, सिज्जातरपिंडं, रायपिंडं ।**

૧૮૯૯. "આધાકર્મી આહાર આદિ નિર્દોષ છે.' એવા પ્રકારની ધારણા જો સાધુ મનમાં કરે અને આધાકર્મ આહારના સંબંધમાં આલોચના તેમજ પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરી જાય તો તેની આરાધના થતી નથી.

જો તે એ સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરી કાળ કરે તો તેની આરાધના થાય છે.

**આધાકર્મના આલાપક દ્વય અનુસાર ક્રીતકૃત સ્થાપિત, રચિતક, કાન્તારભક્ત, દુર્ભિક્ષભક્ત, બર્દલિકાભક્ત, ગ્લાનભક્ત, શય્યાતરપિંડ, રાજપિંડ એ સર્વ દોષથી યુક્ત આહારાદિના વિષયમાં જાણી લેવું જોઈએ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"आहाकम्मं णं अणवज्जे" त्ति बहुजणमज्झे भासित्ता सयमेव परिभुंजित्ता भवति-**जाव**-अत्थि तस्स आराहणा ।

'આધાકર્મી આહાર આદિ નિર્દોષ છે.' એમ જે સાધુ ઘણા લોકોની વચ્ચે કહે અને પોતે જ તે આધાકર્મી આહારનો ઉપયોગ કરે છે **યાવત્** તેની આરાધના થાય છે,

**एतेणं गमेणं नेयव्वं-कीयकडं**- जाव-**रायपिंडं** ।

**એ જ પ્રકારે ક્રીતદોષ** યાવત્ **રાજપિંડના આલાપક સમજવા જોઈએ.**

"आहाकम्मं णं अणवज्जे" त्ति सयं अन्नमन्नस्स अणुप्पदावेत्ता भवति-**जाव**-अत्थि तस्स आराहणा ।

'આધાકર્મી આહાર આદિ નિર્દોષ છે એવા પ્રકારનું કહી જે સાધુ બીજા સાધુને આપે છે તો **યાવત્** તેની આરાધના થાય છે.

**एतेणं गमेणं नेयव्वं-कीयकडं**-जाव-**रायपिंडं** ।

**એ જ પ્રમાણે ક્રીતદોષ** યાવત્ **રાજપિંડના આલાપક જાણી લેવા જોઈએ.**

"आहाकम्मं णं अणवज्जे" त्ति बहुजणमज्झे पन्नवइत्ता भवति-**जाव**-अत्थि तस्स आराहणा ।

'આધાકર્મી આહાર આદિ નિર્દોષ હોય છે.' એવા પ્રકારની સાધુ ઘણા લોકોની વચ્ચે પ્રરૂપણા કરે **યાવત્** તેની આરાધના થાય છે.

**एतेणं गमेणं नेयव्वं-कीयकडं**-जाव-**रायपिंडं** ।

*-वि. स. ५, उ. ६, सु. १५-१८*

**એ જ પ્રમાણે ક્રીતદોષ** યાવત્ **રાજપિંડના આલાપક સમજી લેવા જોઈએ.**

## આરાધના વિરાધનાના પ્રકાર - ૨

**आराहणा-पगारा-**

१९००. दुविहा आराहणा पण्णत्ता, तं जहा-

१. धम्मियाराहणा चेव,

२. केवलिआराहणा चेव ।[१]

धम्मियाराहणा दुविहा पण्णत्ता, तं जहा-

१. सुयधम्माराहणा चेव,

२. चरित्तधम्माराहणा चेव ।

केवलिआराहणा दुविहा पण्णत्ता, तं जहा-

१. अन्तकिरिया चेव,

२. कप्पविमाणोववत्तिया चेव ।

*-ठाणं. अ. २, उ. ४ सु. ११८*

प. कइविहा णं भंते ! आराहणा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा आराहणा पण्णत्ता, तं जहा-

१. णाणाराहणा,

२. दंसणाराहणा,

३. चारित्ताराहणा ।

**આરાધનાના પ્રકાર :**

૧૯૦૦. આરાધનાના બે પ્રકાર કહ્યાં છે, જેમ કે -

૧. ધાર્મિક આરાધના,

૨. કેવલી આરાધના.

ધાર્મિક આરાધનાના બે પ્રકાર કહ્યાં છે, યથા -

૧. શ્રુતધર્મ આરાધના.

૨. ચારિત્રધર્મ આરાધના

કેવલી આરાધનાના બે પ્રકાર કહ્યાં છે, યથા -

૧. અન્તક્રિયા રૂપ,

૨. કલ્પવિમાન ઉત્પત્તિ રૂપ.

પ્ર. ભંતે ! આરાધનાના કેટલા પ્રકાર કહ્યાં છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

૧. જ્ઞાન આરાધના,

૨. દર્શન આરાધના,

૩. ચારિત્ર આરાધના.

---

૧. અહીં કેવલીથી શ્રુતકેવલી, અવધિજ્ઞાની, મનઃ પર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની એ ચારે લેવામાં આવે છે. સ્થાનાંગ વૃત્તિકારે કહ્યું છે કે - "श्रुतावधि मनः पर्याय केवलज्ञानीनाम् इयं केवलिकी (संज्ञा) सा चासावाराधना चेति केवलिक्याराधनेति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. णाणाराहणा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा–

१. उक्कोसिया, २. मज्झिमा,

३. जहण्णा ।

प. दंसणाराहणा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा–

१. उक्कोसिया, २. मज्झिमा,

३. जहण्णा ।

प. चरित्ताराहणा णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा–

१. उक्कोसिया, २. मज्झिमा,

३. जहण्णा ।

–वि. स. ८, उ. १०, सु. ३–६

પ્ર. ભંતે ! જ્ઞાન આરાધનાના કેટલા પ્રકાર કહ્યાં છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

૧. ઉત્કૃષ્ટ, ૨. મધ્યમ,

૩. જઘન્ય.

પ્ર. ભંતે ! દર્શન આરાધનાના કેટલા પ્રકાર કહ્યાં છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

૧. ઉત્કૃષ્ટ, ૨. મધ્યમ,

૩. જઘન્ય.

પ્ર. ભંતે ! ચારિત્ર આરાધનાના કેટલા પ્રકાર કહ્યાં છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

૧. ઉત્કૃષ્ટ, ૨. મધ્યમ,

૩. જઘન્ય.

**जहण्णुक्कोसिया आराहणा–**

१९०१. प. जस्स णं भंते ! उक्कोसिया णाणाराहणा तस्स उक्कोसिया दंसणाराहणा ? जस्स उक्कोसिया दंसणाराहणा तस्स उक्कोसिया णाणाराहणा ?

उ. गोयमा ! जस्स उक्कोसिया णाणाराहणा तस्स दंसणाराहणा उक्कोसिया वा अजहण्ण–उक्कोसिया वा,

जस्स पुण उक्कोसिया दंसणाराहणा तस्स णाणाराहणा उक्कोसा वा जहण्णा वा, अजहण्णमणुक्कोसा वा ।

प. जस्स णं भंते ! उक्कोसिया णाणाराहणा तस्स उक्कोसिया चरित्ताराहणा ? जस्सुक्कोसिया चरित्ताराहणा तस्सुक्कोसिया णाणाराहणा ?

उ. **जहा उक्कोसिया णाणाराहणा य दंसणाराहणा य भणिया तहा उक्कोसिया णाणाराहणा य चरित्ताराहणा य भाणियव्वा ।**

**જઘન્ય-ઉત્કૃષ્ટ આરાધના :**

૧૯૦૧. પ્ર. ભંતે ! જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના થાય છે તેને દર્શન ઉત્કૃષ્ટ આરાધના પણ થાય છે ? જે જીવને ઉત્કૃષ્ટ દર્શન આરાધના થાય છે તેને ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના પણ થાય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના થાય છે તેને દર્શન આરાધના ઉત્કૃષ્ટ અથવા મધ્યમ હોય છે.

જે જીવને ઉત્કૃષ્ટ દર્શન આરાધના હોય છે તેને ઉત્કૃષ્ટ, જઘન્ય કે મધ્યમ જ્ઞાન આરાધના હોય છે.

પ્ર. ભંતે ! જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના હોય છે, તેને ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધના હોય છે ? જે જીવને ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધના હોય છે, તેને ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના હોય છે ?

ઉ. **જે પ્રમાણે ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના અને દર્શન આરાધનાના વિષયમાં કહ્યું, એ જ પ્રમાણે ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધના અને ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધનાના વિષયમાં પણ જાણવું જોઈએ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जस्स णं भंते ! उक्कोसिया दंसणाराहणा तस्सुक्कोसिया चरित्ताराहणा ? जस्सुक्कोसिया चरित्ताराहणा तस्सुक्कोसिया दंसणाराहणा ?

उ. गोयमा ! जस्स उक्कोसिया दंसणाराहणा तस्स चरित्ताराहणा उक्कोसा वा जहण्णा वा अजहण्णमणुक्कोसा वा,

जस्स पुण उक्कोसिया चरित्ताराहणा तस्स दंसणाराहणा णियमा उक्कोसा ।

–वि. स. ८, उ. १०, सु. ७-९

પ્ર. ભંતે ! જેને ઉત્કૃષ્ટ દર્શન આરાધના હોય છે. તેને ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધના હોય છે ? જેને ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધના હોય છે તેને ઉત્કૃષ્ટ દર્શન આરાધના હોય છે ?

ઉ. ગૌતમ ! જેને ઉત્કૃષ્ટ દર્શન આરાધના હોય છે, તેને ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ચારિત્ર આરાધના હોય છે.

જેને ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધના હોય છે, તેને નિયમથી ઉત્કૃષ્ટ દર્શન આરાધના હોય છે.

**विराहणा पगारा–**

१९०२. तओ विराहणाओ पण्णत्ताओ, तं जहा–

१. णाण विराहणाए

२. दंसण विराहणाए

३. चरित्त विराहणाए ।[१]

–सम. सम. ३, सु. १

**વિરાધનાના પ્રકાર :**

૧૯૦૨. વિરાધનાના ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

૧. જ્ઞાન વિરાધના,

૨. દર્શન વિરાધના,

૩. ચારિત્ર વિરાધના.

## આરાધક-વિરાધકની ગતિ - ૩

**आराहगा अणारंभा अणगारा–**

१९०३. से जे इमे गामागर-**जाव**-सण्णिवेसेसु मणुया भवंति, तं जहा–

अणारंभा, अपरिग्गहा, धम्मिया, धम्माणुया, धम्मिट्ठा, धम्मक्खाई, धम्मप्पलोई, धम्मपलज्जणा, धम्मसमुदायारा, धम्मेणं चेव वित्तिं कप्पेमाणा, सुसीला सुव्वया, सुपडियाणंदा साहू ।

१. सव्वाओ पाणाइवायाओ पडिविरया ।

२. सव्वाओ मुसावायाओ पडिविरया ।

३. सव्वाओ अदिण्णादाणाओ पडिविरया ।

४. सव्वाओ मेहुणाओ पडिविरया ।

५. सव्वाओ परिग्गहाओ पडिविरया ।

६. सव्वाओ कोहाओ, ७. माणाओ, ८. मायाओ, ९. लोभाओ, १०. पेज्जाओ, ११. दोसाओ, १२. कलहाओ, १३. अब्भक्खाणाओ, १४. पेसुण्णाओ, १५. परपरिवायाओ, १६. अरइरईओ, १७. मायामोसाओ, १८. मिच्छादंसणसल्लाओ पडिविरया ।

**આરાધક-અનારંભી અણગાર :**

૧૯૦૩. ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં જે મનુષ્યો હોય છે, યથા -

આરંભ રહિત, પરિગ્રહ રહિત, ધાર્મિક, ધર્માનુગામી, ધર્મિષ્ઠ, ધર્મની વાતો કરનારા, ધર્મનું અવલોકન કરનારા, ધર્મપ્રરંજન, ધર્મસમુદાચારી, ધર્મથી આજીવિકા ચલાવનાર, સુશીલ, સુવ્રતી, આત્માનંદી હોય છે.

૧. સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી વિરક્ત હોય છે.

૨. સર્વ પ્રકારના મૃષાવાદથી વિરક્ત હોય છે.

૩. સર્વ પ્રકારના અદત્તાદાનથી વિરક્ત હોય છે.

૪. સર્વ પ્રકારના મૈથુનથી વિરક્ત હોય છે.

૫. તથા સર્વ પ્રકારના પરિગ્રહથી વિરક્ત હોય છે. સમસ્ત ૬. ક્રોધ, ૭. માન, ૮. માયા, ૯. લોભ, ૧૦. રાગ, ૧૧. દ્વેષ, ૧૨. કલહ, ૧૩. અભ્યાખ્યાન, ૧૪. પૈશુન્ય, ૧૫. પર-પરિવાદ, ૧૬. અરતિ-રતિ, ૧૭. માયામૃષા, ૧૮. મિથ્યાદર્શન-શલ્યથી આજીવન વિરક્ત હોય છે.

१. पडिक्कमामि तिहिं विराहणाइं, तं जहा–१. णाणविराहणाए, २. दंसणविराहणाए, ३. चरित्तविराहणाए । – आव. अ. ४, सु. २२ (५)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वाओ आरम्भ-समारम्भाओ पडिविरया ।

સર્વ પ્રકારના આરંભ - સમારંભથી સમ્પૂર્ણ રીતે વિરક્ત હોય છે.

सव्वाओ करण-कारावणाओ पडिविरया ।

કરવા તથા કરાવવાથી સમ્પૂર્ણ રીતે વિરક્ત હોય છે.

सव्वाओ पयण-पयावणाओ पडिविरया ।

પકવવા તથા પકાવરાવવાથી સમ્પૂર્ણ વિરક્ત હોય છે.

सव्वाओ कोट्टण-पिट्टण-तज्जण-तालण-वह-बंध-परिकिलेसाओ पडिविरया ।

સમસ્ત પ્રકારના કૂટવું, પીટવું, તર્જન, તાડન, વધ, બંધ તથા કોઈને કષ્ટ દેવાથી સર્વથા વિરક્ત હોય છે.

सव्वाओ ण्हाण-मद्दण-वण्णग-विलेवण-सद्द-फरिस-रस-रूव-गंध-मल्लालंकाराओ पडिविरया ।

સ્નાન, મર્દન, અંગરાગ, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, ગંધ, માળા અને અલંકારથી સર્વથા વિરક્ત હોય છે.

जे यावण्णे तहप्पगारा सावज्जजोगोवहिया कम्मंता परपाण-परियावणकरा कज्जंति, तओ वि पडिविरया जावज्जीवाए ।

આ પ્રકારના બીજા પણ પાપ પ્રવૃત્તિવાળા, છલ પ્રપંચવાળા, બીજાના પ્રાણને પરિતાપ દેવા જેવાં જ કાર્ય છે તે સર્વ કાર્યથી વિરક્ત હોય છે.

से जहाणामए अणगारा भवंति – (१) इरियासमिया, (२) भासासमिया, (३) एसणासमिया, (४) आयाण-भंड-मत्तणिक्खेवणासमिया, (५) उच्चार-पासवण-खेल-सिंघाण-जल्ल परिट्ठावणिआ ममिया,

તે અણગાર ભગવંત - (૧) ઈર્યાસમિતિ સહિત, (૨) ભાષા સમિતિ સહિત, (૩) એષણા સમિતિ સહિત, (૪) ભંડોપકરણની યતના, (૫) મળ, મૂત્ર ખંખાર આદિના મેલ ત્યાગની સમિતિ સહિત હોય છે.

मणसमिया, वइसमिया, कायसमिया, मणगुत्ता, वइगुत्ता, कायगुत्ता, गुत्ता, गुत्तिंदिया गुत्तबंभयारी, चाई, लज्जू, धन्ना, खंतिखमा, जिइंदिया, सोहिया, अणियाणा, अप्पस्सुया, अबहिल्लेसा सुसामण्णरया, दंता, इणमेव निग्गंथं पावयणं पुरओकाऊं विहरंति ।[1]

મન સમિતિ, વચન સમિતિ, કાય સમિતિ, મન ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ- સર્વ ક્રિયાઓને સંયમ કરનારા, ગુપ્ત-શબ્દ આદિ વિષયોમાં રાગ રહિત અંતર્મુખી, ગુપ્તેન્દ્રિય-ઈન્દ્રિય વિજેતા, ગુપ્ત બ્રહ્મચારી-બ્રહ્મચર્યનું સમર્થન કરનારા, ત્યાગી, લજ્જાવાળા, ધન્ય, ક્ષમાધારી, જિતેન્દ્રિય, શોધન કરનારા, ઉદાસીન, સંયત વિચારવાળા, સુશ્રામણ્યરત, દાન્ત, માત્ર નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખી વિચરે છે.

तेसि णं भगवंताणं एएणं विहारेणं विहरमाणाणं अत्थेगइयाणं अणंते अणुत्तरे णिव्वाघाए निरावरणे कसिणे पडिपुण्णे केवलवरणाणदंसणे समुप्पज्जइ ।

(તે અણગાર ભગવંતો) આ પ્રકારના આચારથી સંયમી જીવનનો નિર્વાહ કરતાં તેમાંથી કેટલાક ભગવંતોને અંત રહિત સર્વ શ્રેષ્ઠ, બાધા રહિત, આવરણ રહિત, સર્વાર્થ-ગ્રાહક, પરિપૂર્ણ, કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થાય છે.

ते बहूइं वासाइं केवलपरियागं पाउणंति, पाउणित्ता भत्तं पच्चक्खंति पच्चक्खित्ता, बहूइं भत्ताइं अणसणाए छेदेंति, छेदित्ता,

તેઓ તે કેવળ પર્યાયનું ઘણા વર્ષ સુધી પાલન કરે છે. પાલન કરીને અંતમાં ભક્તપ્રત્યાખ્યાન કરે છે. ભક્ત પ્રત્યાખ્યાન કરીને ઘણા વર્ષ સુધી અનશન કરે છે, અનશન કરીને -

जस्सट्ठाए कीरइ नग्गभावे, मुंडभावे, अण्हाणए, अदंतवणए, केसलोए, बंभचेरवासे, अच्छत्तगं, अणोवाहणगं, भूमिसेज्जा, फलहसेज्जा, कट्ठसेज्जा, परघरपवेसो, लद्धावलद्धं, परेहिं हीलणाओ, निंदणाओ,

જે લક્ષથી તેઓ નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંત-ધાવન, કેશલુંચન, બ્રહ્મચર્યવાસ, છત્રી તથા જોડાનું અગ્રહણ, ભૂમિ, ફલક તથા કાષ્ઠપટ્ટ પર શયન, પ્રાપ્ત અપ્રાપ્તની ચિંતા કર્યા વગર ભિક્ષા માટે પરગૃહ પ્રવેશ, બીજા દ્વારા થતી અવજ્ઞા, અપમાન, નિંદા,

૧. ઉપમાનો અંશ સંયમી પ્રકરણમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खिंसणाओ, गरहणाओ, तज्जणाओ, तालणाओ परिभवणाओ, पव्वहणाओ, उच्चावया, गामकंटगा, बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति ।

ખિંસના, ગર્હા, તર્જન, તાડન, પરિભવ, પ્રવ્યથા, ઘણાં ઓછાવત્તા ઈન્દ્રિયોના કષ્ટો, બાવીસ પ્રકારના પરિષહ અને ઉત્સર્ગ આદિને સ્વીકાર કરે છે -

तमट्ठमाराहित्ता चरिमेहिं उस्सासणिस्सासेहिं सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वाणयंति सव्वदुक्खाणमंतं करेंति ।

એ લક્ષને પૂર્ણ કરી તેઓ પોતાના અંતિમ ઉચ્છ્વાસ નિશ્વાસમાં સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે અને સર્વ દુ:ખોનો અંત કરે છે.

जेसिं पि य णं एगइयाणं णो केवलवरनाणदंसणे समुपज्जइ, ते बहूइं वासाइं छउमत्थपरियागं पाउणंति, पाउणित्ता आबाहे उप्पण्णे वा अणुप्पण्णे वा भत्तं पच्चक्खंति । ते बहूइं भत्ताइं अणसणाए छेदेंति, जस्सट्ठाए, कीरइ नग्गभावे-जाव-तमट्ठमाराहित्ता चरिमेहिं ऊसासणीसासेहिं अणंतं, अणुत्तरं निव्वाघायं, निरावरणं, कसिणं, पडिपुण्णं केवलवरनाणदंसणं उप्पादेंति, तओ पच्छा सिज्झिहिंति-**जाव**-सव्व-दुक्खाणमंतं करेहिंति ।

આ અણગારોમાંથી કેટલાકને કેવળજ્ઞાન, કેવળદર્શનની ઉત્પત્તિ થતી નથી. તેઓ ઘણા વર્ષ સુધી છદ્મસ્થ પર્યાયનું પાલન કરે છે. ત્યારબાદ કોઈ પ્રકારના રોગાદિ પીડા ઉત્પન્ન થાય કે ન થાય તો પણ ભક્ત પ્રત્યાખ્યાન કરે છે. ઘણા દિવસોનું અનશન કરે છે. અનશન સંપન્ન કરી જે હેતુથી કષ્ટપૂર્ણ સંયમ પથ સ્વીકાર કરેલો **યાવત્** તેની આરાધના કરી પ્રયોજન સિદ્ધ કરી છેલ્લા ઉચ્છ્વાસ નિશ્વાસોમાં અંતરહિત, અનુપમ, વ્યાઘાત રહિત નિરાવરણ સકલ સંપૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરે છે. ત્યારપછી સિદ્ધ થાય છે **યાવત્** સમસ્ત દુ:ખોનો અંત કરે છે.

एगच्चा पुण एगे भयंतारो पुव्वकम्मावसेसेणं कालमासे कालं किच्चा उक्कोसेणं सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववत्तारो भवंति ।

(તેમાં કેટલાકને તે ભવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી) તેવા એક ભવાવતારી સંયમી પૂર્વ કર્મ બાકી રહેવાના કારણે કાલમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ, સર્વાર્થ સિદ્ધ મહા વિમાનમાં દેવ પર્યાયે ઉત્પન્ન થાય છે.

तेहिं तेसिं गई, तहिं तेसिं ठिई, तहिं तेसिं उववाए पण्णत्ते ।

ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ એમની ગતિ, સ્થિતિ અને ઉપપાત હોય છે.

प. तेसि णं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ?

પ્ર. હે ભંતે ! એ દેવોની સ્થિતિ કેટલા કાળ સુધીની હોય છે ?

उ. गोयमा ! तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ?

ઉ. ગૌતમ ! એમની સ્થિતિ તેત્રીસ (૩૩) સાગરોપમ પ્રમાણ હોય છે.

प. अत्थि णं भंते ! तेसि णं देवाणं इड्ढी इ वा, जुई इ वा, जसे इ वा, बले इ वा, वीरिए इ वा, पुरिसक्कारपरक्कमे इ वा ?

પ્ર. ભંતે ! એ દેવોને રિદ્ધિ, ધૃતિ, યશ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ હોય છે ?

उ. हंता, अत्थि ।

ઉ. હા, હોય છે.

प. ते णं भंते ! देवा परलोगस्स आराहगा ,

પ્ર. ભંતે ! તે દેવ પરલોકના આરાધક હોય છે ?

उ. हंता, अत्थि ।

ઉ. હા, હોય છે.

-उव. सु. १२५ -१२९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आराहगा अप्पारंभा समणोवासगा-**

१९०४. से जे इमे गामागर-**जाव**-सण्णिवेसेसु मणुया भवंति, तं जहा-अप्पारंभा, अप्पपरिग्गहा, धम्मिया, धम्माणुया, धम्मिट्ठा, धम्मक्खाई, धम्मप्पलोई, धम्मपलज्जणा, धम्मसमुदायारा, धम्मेणं चेव वित्तिं कप्पेमाणा, सुसीला, सुव्वया, सुप्पडियाणंदा ।

साहूहिं एगच्चाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया-**जाव**-एगच्चाओ परिग्गहाओ पडिविरिया जावज्जीवाए, एगच्चाओ अपडिविरिया ।

एगच्चाओ कोहाओ, माणाओ, मायाओ, लोहाओ, पेज्जाओ, दोसाओ, कलहाओ, अब्भक्खाओ, पेसुण्णाओ, परपरिवायाओ, अरइरईओ, मायामोसाओ, मिच्छादंसणसल्लाओ, एगच्चाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया ।

एगच्चाओ आरंभसमारंभाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया,

एगच्चाओ करणकारावणाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया,

एगच्चाओ पयणपयावणाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया,

एगच्चाओ कोट्टण-पिट्टण-तज्जण-तालण-वह-बंध-परिकिलेसाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया,

एगच्चाओ ण्हाण-मद्दण- वण्णक-विलेवण-सद्द-फरिस-रस-रूव-गंध- मल्लालंकाराओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया,

जे यावण्णे तहप्पगारा सावज्जजोगोवहिया कम्मंता परपाणपरियावणकरा कज्जंति तओ वि एगच्चाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अपडिविरया ।

तं जहा-समणोवासगा भवंति, अभिगयजीवाजीवा उवलद्ध पुण्णपावा आसव-संवर-निज्जर-किरिया-अहिगरण-बंध-मोक्खकुसला ।[1]

**આરાધક અલ્પારંભી શ્રમણોપાસક :**

૧૯૦૪. તેઓ ગામ, આકર **યાવત્** સન્નિવેશ આદિમાં જે મનુષ્યો રહે છે જેવા કે - અલ્પારંભી, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્માનુયાયી, ધર્મિષ્ઠ, ધર્માવલંબી, ધર્મને ઉપાદેય માનનારા, ધર્માનુરાગી, ધર્મરૂપ ઉત્તમ આચારવાળા, ધર્મથી જ જીવન નિર્વાહ કરનારા, સુશીલ, સુવ્રતી તથા હંમેશા પ્રસન્ન ચિત્તે રહેનારા હોય છે.

તેઓ સાધુ પાસેથી પ્રત્યાખ્યાન લઈને કેવળ એક સ્થૂળ પ્રાણાતિપાતથી જીવન પર્યંત નિવૃત્ત રહે છે પરંતુ સૂક્ષ્મ પ્રાણાતિપાતથી વિરક્ત થતા નથી **યાવત્** પરિગ્રહથી જીવન પર્યંત અંશતઃ વિરક્ત અને અંશતઃ અવિરક્ત હોય છે.

એ જ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલેશ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિ-રતિ, માયામૃષા, તેમજ મિથ્યાદર્શન શલ્યથી જીવન પર્યંત અંશતઃ વિરત અને અંશતઃ અવિરત હોય છે.

આરંભ સમારંભથી જીવન પર્યંત અંશતઃ વિરત અને અંશતઃ અવિરત હોય છે.

કરવા કરાવવાથી જીવન પર્યંત અંશતઃ વિરત અને અંશતઃ અવિરત હોય છે.

પચન પાચન ક્રિયાથી જીવન પર્યંત અંશતઃ વિરત અને અંશતઃ અવિરત હોય છે.

કોઈ કૂટવું, પીટવું, તર્જન, તાડન, વધ, બંધ, પરિકૂલેશથી જીવન પર્યંત અંશતઃ વિરત અને અંશતઃ અવિરત હોય છે.

કોઈ સ્નાન, મર્દન, અંગરાગ, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, માળા અને અલંકારથી જીવનપર્યંત અંશતઃ વિરત અને અંશતઃ અવિરત હોય છે.

એ જ પ્રમાણે બીજા પણ જેટલા પાપપ્રવૃત્તિ સહિત તથા બીજાના પ્રાણોને કષ્ટ દેનારા કાર્ય છે તેનાથી પણ જીવન પર્યંત અંશે વિરત અને અંશે અવિરત હોય છે.

જે આ પ્રમાણે શ્રમણોપાસક છે-જીવઅજીવના યથાર્થ જ્ઞાતા હોય, પુણ્ય-પાપને યોગ્ય રીતે સમજતા હોય, આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ તથા મોક્ષ તત્ત્વોમાં કુશળ હોય.

૧. ધર્મ શિલામાં ઉપસ્થિત શ્રાવક - શ્રાવિકા આજ્ઞાનાં આરાધક બને છે. - ઉવા. અ. ૧, સુ. ૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असहेज्जाओ देवासुर-णाग-जक्ख-रक्खस-किन्नर-किंपुरिसगरुल-गंधव्व-महोरगाइएहिं देवगणेहिं निग्गंथाओ पावयणाओ अणइक्कमणिज्जा,

કોઈની પણ સહાયતાની અપેક્ષા વગર દેવ, અસુર, નાગ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગાદિ દેવગણો દ્વારા પણ નિર્ગ્રન્થ પ્રવચનથી જરા પણ ચલાયમાન થઈ શકે નહિ.

निग्गंथे पावयणे णिस्संकिया, णिक्कंखिया, निव्वितिगिच्छा लद्धट्ठा, गहियट्ठा, पुच्छियट्ठा, अभिगयट्ठां, विणिच्छियट्ठा, अट्ठिमिंजपेमाणुरागरत्ता,

આ નિર્ગ્રન્થ પ્રવચનમાં જે નિઃશંકિત, નિઃકાંક્ષી, નિર્વિચિકિત્સક, લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃષ્ટાર્થ, અભિગતાર્થ, વિનિશ્ચિતાર્થ હોય છે તે નિર્ગ્રન્થ પ્રવચન પ્રત્યે રગરગમાં અનુરાગથી રંગાયેલા હોય છે.

'अयमाउसो ! निग्गंथे पावयणे, अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे,' ऊसियफलिहा अवंगुयदुवारा, चियत्तंते-उरपरघरदारप्पवेसा, चउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेत्ता,

"હે આયુષ્મન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ સારરૂપ છે, એ જ પરમાર્થરૂપ છે, શેષ અનર્થનાં કારણ છે." એવી શ્રદ્ધા અને કથન કરનારા તેઓના ઘરના આગળિયા ખુલ્લા હોય છે. અતિથિઓ માટે તેમના દ્વાર ખુલ્લા છે. રાજાના અંતઃપુરમાં અને પારકા ઘરોમાં જવા આવવામાં કોઈ તેમને અટકાવતું નથી. એવા શ્રમણોપાસકો ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમના દિવસે પ્રતિપૂર્ણ પૌષધ વ્રતનું યોગ્ય રીતે પાલન કરે છે.

समणे निग्गंथे फासुय-एसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं, वत्थपडिग्गह-कंबल-पायपुंछणेणं, ओसहभेसज्जेणं, पडिहारएण य पीढ-फलग-सेज्जा संथारएणं, पडिलाभेमाणा विहरंति, विहरित्ता भत्तं पच्चक्खंति, भत्तं पच्चक्खित्ता ते बहूइं भत्ताइं अणसणाए छेदेंति, छेदित्ता आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा उक्कोसेणं अच्चुए कप्पे देवत्ताए उववत्तारो भवंति ।

તેમજ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાસુક અને એષણીય અસન, પાન, ખાદિમ અને સ્વાદિમ- આ ચાર પ્રકારના આહારથી તેમજ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધ, ભેષજ તથા પડિહારી (પાછી આપવા યોગ્ય) વસ્તુ જેવી કે બાજોઠ, પાટ, શય્યા, સંસ્તારક આદિ પ્રતિલાભિત કરતા વિચરે છે. વિચરતા અંતે ભક્તપ્રત્યાખ્યાન કરે છે. ભક્તપ્રત્યાખ્યાન કરતાં અનેક ભક્તોનું અનશન દ્વારા છેદન કરે છે. છેદન કરીને આલોચના પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ કાલમાસે કાલ કરીને ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

तहिं तेसिं गई-**जाव**-बावीसं सागरोवमाइं ठिई-**जाव**-परलोगस्स आराहगा ।

–उव. सु. १२३-१२४

ત્યાં તેમના સ્થાનને અનુરૂપ ગતિ **યાવત્** બાવીસ (૨૨) સાગરોપમની સ્થિતિ કહી છે **યાવત્** પરલોકના આરાધક હોય છે.

**आराहगा सण्णिपंचिंदिय तिरिक्खजोणिया –**

१९०५. से जे इमे सण्णिपंचिंदिय तिरिक्खजोणिया पज्जत्तया भवंति, तं जहा-१. जलयरा, २. थलयरा, ३. खहयरा । तेसि णं अत्थेगइयाणं सुभेणं परिणामेणं, पसत्थेहिं अज्झवसाणेहिं, लेस्साहिं विसुज्झमाणीहिं, तयावरणिज्जाणं कम्माणं खओवसमेणं, ईहावूह-मग्गण-गवेसणं करेमाणाणं सण्णीपुव्वजाइसरणे समुप्पज्जइ ।

**આરાધક સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચયોનિક :**

૧૯૦૫. જે સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચયોનિને પ્રાપ્ત થાય છે, જેમ કે- (૧) જળચર, (૨) સ્થળચર, (૩) ખેચર. તેમાં કેટલાકને પ્રશસ્ત અધ્યવસાય, શુભ પરિણામ, વિશુદ્ધ થતી લેશ્યાઓથી, જ્ઞાનાવરણીય તથા વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઈહા, વ્યૂહ, માર્ગણા, ગવેષણા કરતા-કરતા પૂર્વના સંજ્ઞીભવોનું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तए णं समुप्पण्ण-जाइसरणा समाणा सयमेव पंचाणुव्वयाइं पडिवज्जंति-पडिवज्जित्ता,
बहूहिं सीलव्वय-गुण-वेरमण-पच्चक्खाण पोसहोववासेहिं अप्पाणं भावेमाणा, बहूइं वासाइं आउयं पालेंति, पालित्ता आलोइय- पडिक्कंता, समाहिपत्ता कालमासे कालं किच्चा उक्कोसेणं सहस्सारे कप्पे देवत्ताए उववत्तारो भवंति ।

જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તે પોતે જ પાંચ અણુવ્રત સ્વીકારે છે, સ્વીકારીને.
ઘણા પ્રકારના શીલવ્રત, ગુણવ્રત, વિરતિ, પ્રત્યાખ્યાન પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતા-કરતા અનેક વર્ષો સુધી પોતાના આયુષ્યનું પાલન કરે છે. ત્યારબાદ તે પોતાના પાપસ્થાનની આલોચના કરી સમાધિ અવસ્થાને પ્રાપ્ત થાય છે. તથા કાલસમયે કાળ કરીને ઉત્કૃષ્ટ સહસ્ત્રાર કલ્પ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

तहिं तेसिं गई-**जाव**-अट्ठारस सागरोवमाइं ठिई-**जाव**-परलोगस्स आराहगा ।

—उव. सु. ११८-११९

પોતાના સ્થાનને અનુરૂપ તેમની ગતિ હોય છે **યાવત્** ત્યાં અઢાર સાગરોપમની સ્થિતિને પ્રાપ્ત કરે છે **યાવત્** તે પરલોકના આરાધક હોય છે.

### विराहगा एगंत बाला-

१९०६. प. जीवे णं भंते ! असंजए, अविरए, अपडिहय-पच्चक्खायपावकम्मे, सकिरिए, असंवुडे, एगंतदंडे, एगंतबाले, एगंतसुत्ते, ओसण्णतसपाणघाई कालमासे कालं किच्चा णेरइएसु उववज्जति ?

उ. हंता, उववज्जति ।

—उव. सु. ६७

### વિરાધક એકાંત બાલ :

૧૯૦૬. પ્ર. ભંતે ! જે જીવ અસંયમી છે, અવિરત છે, જેમણે પાપકર્મોના દ્વારને પ્રત્યાખ્યાનથી અટકાવેલ નથી. જે સક્રિય છે, અસંવૃત્ત છે. પાપકર્મોની પ્રવૃત્તિઓથી પોતાને તથા બીજાને દંડિત કરનાર, એકાંત મિથ્યાદ્રષ્ટિ, મિથ્યાત્વની ઘોર નિદ્રામાં સૂતેલ, ત્રસ જીવોની હિંસામાં રત રહેનાર છે એવા જીવ કાળસમયે કાળ કરીને નારકીઓમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. હા, ગૌતમ ! તે નરકમાં ઉત્પન્ન થાય છે.

### विराहगा अकाम निज्जरा कारगा-

१९०७. प. जीवे णं भंते ! असंजए अविरए अप्पडिहयपच्चक्खायपावकम्मे इओ चुए पेच्चा देवे सिया ?

उ. गोयमा ! अत्थेगइया देवे सिया, अत्थेगइया णो देवे सिया ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अत्थेगइया देवे सिया, अत्थेगइया णो देवे सिया ?"

उ. गोयमा ! जे इमे जीवा गामागर-णगर-णिगम-रायहाणि-खेड-कब्बड-मडंब-दोणमुह-पट्टणासम-संबाह-सण्णिवेसेसु अकामतण्हाए, अकामछुहाए, अकामबंभचेरवासेणं, अकाम-अण्हाणग-सीयायवदंसमसग-सेयजल्ल-

### વિરાધક અકામ નિર્જરા કરનારા :

૧૯૦૭. પ્ર. ભંતે ! અસંયમી, અવિરતિ, પાપકર્મોને જેણે પ્રત્યાખ્યાનથી અટકાવ્યા નથી એવો જીવ અહીંથી મૃત્યુ પામી બીજા જન્મમાં દેવ બને છે ?

ઉ. ગૌતમ ! કેટલાક દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને કેટલાક દેવલોકમાં ઉત્પન્ન થતા નથી.

પ્ર. ભંતે ! આપ ક્યા કારણથી એમ કહો છો કે -

કેટલાક દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને કેટલાક થતા નથી.

ઉ. ગૌતમ ! જે જીવ મોક્ષની અભિલાષા વગર અથવા કર્મ ક્ષયના લક્ષ વગર ગામ, ખાણ, નગર, નિગમ, રાજધાની, ગામડા, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાધ અને સંન્નિવેશમાં, તૃષા, ક્ષુધા, બ્રહ્મચર્ય, અસ્નાન, ઠંડી, તાપ, દંશ, મસગ, પરસેવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मल्ल-पंकपरितावेणं अप्पतरो वा भुज्जतरो वा कालं अप्पाणं परिकिलेसंति, परिकिलेसित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु वाणमंतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति । तहिं तेसिं गई, तेहिं तेसिं ठिई, तहिं तेसिं उववाए पण्णत्ते ।

प. तेसिं णं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! दसवाससहस्साइं ठिई पण्णत्ता ।

प. अत्थि णं भंते ! तेसिं देवाणं इड्ढी इ वा, जुई इ वा, जसे इ वा, बले इ वा, वीरिए इ वा, पुरिसक्कारपरक्कमे इ वा ?

उ. हंता, अत्थि ।

प. ते णं भंते ! देवा परलोगस्स आराहगा ?

उ. णो इणट्ठे समट्ठे ।

–उव. सु. ६८-६९

રજ, મેલ, કાદવને દૂર નહિ કરવાથી તે પરિતાપને થોડા કે ઘણા વખત માટે સહન કરે છે અને પોતાના આત્માને ક્લેશિત કરે છે. તે ક્લેશને પામીને કાળમાસે કાળ કરીને કોઈ એક વાણવ્યંતર દેવના દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની પોતાની વિશેષ ગતિ સ્થિતિ તથા ઉપપાત હોય છે.

પ્ર. ભંતે ! તે દેવોની કેટલા કાળની સ્થિતિ હોય છે ?

ઉ. ગૌતમ ! ત્યાં તેની દસ હજાર વર્ષની સ્થિતિ હોય છે.

પ્ર. ભંતે ! એ દેવોની રિદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય તથા પુરૂષાકાર પરાક્રમ હોય છે ?

ઉ. હા, ગૌતમ ! એવું હોય છે.

પ્ર. ભંતે ! તે દેવો પરલોકના આરાધક હોય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, અર્થાત્ તે આરાધક નથી.

**विराहगा अकाम परिकिलेसगा-**

१९०८. से जे इमे गामागर-**जाव**-सण्णिवेसेसु मणुया भवंति, तं जहा-

१. अंडुबद्धगा,
२. णिअलबद्धगा,
३. हडिबद्धगा,
४. चारगबद्धगा,
५. हत्थछिण्णगा,
६. पायछिण्णगा,
७. कण्णछिण्णगा,
८. नक्कछिण्णगा,
९. ओट्ठछिण्णगा,
१०. जिब्भछिण्णगा,
११. सीसछिण्णगा,
१२. मुखछिण्णगा,
१३. मज्झछिण्णगा,
१४. वेकच्छछिण्णगा,

**વિરાધક અકામ કષ્ટ ભોગવવાવાળા :**

૧૯૦૮. જે આ જીવ ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં મનુષ્ય પર્યાયમાં ઉત્પન્ન થાય છે, યથા -

૧. જેના હાથ-પગ બાંધવામાં આવે.
૨. જેને બેડીઓથી જકડવામાં આવે,
૩. જેના પગ હેડ-બેડીના ચોકઠામાં નાંખવામાં આવે,
૪. જેને જેલમાં પૂરી દેવામાં આવે,
૫. જેના હાથ કાપી નાંખવામાં આવે,
૬. જેના પગ કાપી નાંખવામાં આવે,
૭. જેના કાન છેદવામાં આવે,
૮. જેનું નાક છેદવામાં આવે,
૯. જેના હોઠ છેદવામાં આવે,
૧૦. જેની જીભ છેદવામાં આવે,
૧૧. જેનું માથુ છેદવામાં આવે,
૧૨. જેનું મુખ છેદવામાં આવે,
૧૩. જેનું પેટ ચીરવામાં આવે,
૧૪. જેનું ડાબા ખભાથી લઈને જમણી બગલના નીચેના ભાગ સહિત મસ્તક છેદી નાંખવામાં આવે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| १५. हिययउप्पाडियगा, | ૧૫. જેનું હૃદય ચીરવામાં આવે, |
| १६. णयणुप्पाडियगा, | ૧૬. જેની આંખો કાઢી લેવામાં આવે, |
| १७. दसणुप्पाडियगा, | ૧૭. જેના દાંત તોડી નાંખવામાં આવે, |
| १८. वसणुप्पाडियगा, | ૧૮. જેના અંડકોષ કાઢી નાંખવામાં આવે, |
| १९. गेवच्छिण्णगा, | ૧૯. જેની ગરદન મરડી નાંખવામાં આવે, |
| २०. तंडुलच्छिण्णगा, | ૨૦. જેના ચોખાની જેમ કણ કણ કરવામાં આવે, |
| २१. कागणिमंसक्खावियगा, | ૨૧. જેના શરીરમાંથી કોમળ માંસ કાપી કાપીને ખવરાવવામાં આવે, |
| २२. ओलंबियगा, | ૨૨. જેને દોરડાથી બાંધી કૂવામાં લટકાવવામાં આવે, |
| २३. लंबियगा, | ૨૩. જેને ઝાડની ડાળીએ બાંધી લટકાવવામાં આવે, |
| २४. घंसियगा, | ૨૪. ચંદનની જેમ ઘસી નાંખવામાં આવે, |
| २५. घोलियगा, | ૨૫. દહીંની જેમ મંથન કરવામાં આવે, |
| २६. फालियगा, | ૨૬. કાષ્ઠની જેમ કુહાડીથી ફાડા કરવામાં આવે, |
| २७. पीलियगा, | ૨૭. યંત્રમાં પીલવામાં આવે, |
| २८. सुलाइयगा, | ૨૮. શૂળી પર ચઢાવવામાં આવે, |
| २९. सूलभिण्णगा, | ૨૯. શૂળથી ફાડવામાં આવે, |
| ३०. खारवत्तिया, | ૩૦. ક્ષારમાં નાંખી દેવામાં આવે, |
| ३१. वज्झवत्तिया, | ૩૧. ભીના ચામડાથી બાંધી દેવામાં આવે, |
| ३२. सीहपुच्छियगा, | ૩૨. સિંહની પૂંછડી સાથે બાંધી દેવામાં આવે અથવા લિંગ કાપી નાંખવામાં આવે, |
| ३३. दवग्गिदड्ढगा, | ૩૩. દાવાગ્નિમાં બાળી નાંખવામાં આવે, |
| ३४. पंकोसण्णगा, | ૩૪. જે કાદવમાં ડૂબીને મરે, |
| ३५. पंकेखुत्तगा, | ૩૫. જેને કાદવમાં ખૂંચાડી દેવામાં આવે, |
| ३६. वलयमयगा, | ૩૬. જે ગળું ઘોંટીને મરે છે, |
| ३७. वसट्टमयगा, | ૩૭. જે આર્તધ્યાનથી દુઃખી થઈને મરે છે, |
| ३८. णियाणमयगा, | ૩૮. જે નિયાણું (નિદાન) કરીને મરે છે, |
| ३९. अंतोसल्लमयगा, | ૩૯. જે શલ્યથી પોતાના શરીરને વીંધીને મરે છે, |
| ४०. गिरिपडियगा, | ૪૦. જે પહાડ પરથી પડીને મરે છે, |
| ४१. तरुपडियगा, | ૪૧. જે ઝાડ પરથી પડીને મરે છે, |
| ४२. मरुपडियगा, | ૪૨. જે પર્વત પરથી ભૃગુપાત કરીને મરે છે, |
| ४३. गिरिपक्खंदोलगा, | ૪૩. જે પર્વતથી છલાંગ મારીને પડે છે, |
| ४४. तरुपक्खंदोलगा, | ૪૪. જે ઝાડ પરથી છલાંગ મારીને પડે છે, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४५. मरुपक्खंदोलगा,

४६. जलपवेसिगा,

४७. जलणपवेसिगा,

४८. विसभक्खिय

४९. सत्थोवाडियगा,

५०. वेहाणसिया,

५१. गिद्धपिट्ठगा,

५२. कंतारमयगा,

५३. दुब्भिक्खमयगा,

असंकिलिट्ठपरिणामा ते कालमासे कालं किच्चा अण्णयरेसु वाणमंतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तहिं तेसिं गई–**जाव**–बारसवासहस्साइं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।

–उव. सु. ७०

૪૫. જે પર્વત પરથી અદ્રશ્ય સ્થાન પર છલાંગ મારીને પડે છે,

૪૬. જે પાણીમાં ડૂબીને મરે છે,

૪૭. જે અગ્નિમાં પ્રવેશીને મરે છે,

૪૮. જે વિષ ખાઈને મરે છે,

૪૯. જે શસ્ત્રોના ઘાથી મરે છે,

૫૦. જે વૃક્ષોની ડાળી પર લટકીને મરે છે,

૫૧. જે ગીધાદિ દ્વારા ખવાયેલ મનુષ્ય, હાથી, ઉંટ, ગધેડા આદિના હાડપિંજરમાં પ્રવેશી મૃત્યુ પામે,

૫૨. જંગલમાં ખોવાઈને મરે,

૫૩. દુર્ભિક્ષમાં ભૂખ તરસથી મરે,

આ મૃત્યુ સમયે જેના પરિણામ સંકિલષ્ટ ન હોય એવો જીવ મરણ પામી વાણવ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં તે લોકને અનુરૂપ તેની ગતિ થાય છે **યાવત્** તેની સ્થિતિ બાર હજાર વર્ષની હોય છે **યાવત્** તે પરલોકના વિરાધક હોય છે.

**विराहगा भद्दपगइ जणा–**

१९०९. से जे इमे गामागर–**जाव**–सण्णिवेसेसु मणुया भवंति, तं जहा–

१. पगइभद्दगा, २. पगइउवसंता,

३. पगइपतणुकोहमाणमायालोहा,

४. मिउमद्दवसंपण्णा,

५. अल्लीणा, ६. विणीया,

७. अम्मापिउसुस्सुसगा,

८. अम्मापिउणं अणइक्कमणिज्जवयणा.

९. अप्पिच्छा, १०. अप्पारम्भा,

११. अप्पपरिग्गहा, १२. अप्पेणं आरम्भेणं,

१३. अप्पेणं समारम्भेणं,

१४. अप्पेणं आरम्भसमारम्भेणं वित्तिं कप्पेमाणा ।

बहूइं वासाइं आउयं पालेंति, पालित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु वाणमंतरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवंति । तहिं तेसिं गई–**जाव**–चउद्दसवासहस्साइं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।

–उव. सु. ७१

**વિરાધક ભદ્રપ્રકૃતિના મનુષ્ય :**

૧૯૦૯. જે જીવ ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં મનુષ્ય થાય છે, યથા -

૧. પ્રકૃતિથી ભદ્ર, ૨. સ્વભાવથી ઉપશાંત,

૩. સ્વભાવથી જેના ક્રોધ, માન, માયા, લોભ પાતળા છે,

૪. મૃદુ, માર્દવ સંપન્ન,

૫. ગુરુજનોનો આજ્ઞાપાલક, ૬. વિનયશીલ,

૭. માતાપિતાની સેવા કરનાર,

૮. માતાપિતાના વચનોનું ઉલ્લંઘન ન કરનાર,

૯. અલ્પ ઈચ્છાવાળો, ૧૦. અલ્પ હિંસા કરનાર,

૧૧. અલ્પ પરિગ્રહી, ૧૨. અલ્પારંભી,

૧૩. અલ્પસમારંભ,

૧૪. અલ્પ આરંભ, સમારંભથી આજીવિકા ચલાવવા વાળા,

એવા જીવો ઘણા વર્ષો સુધી આયુષ્યનું પાલન કરે છે. પાલન કરી કાલમાસે કાળ કરીને કોઈ એક વાણવ્યંતર દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેની ગતિ થાય છે **યાવત્** તેની સ્થિતિ ચૌદ હજાર વર્ષની હોય છે **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विराहगाओ इत्थियाओ- | વિરાધક સ્ત્રીઓ : |
|---|---|
| १९१०. से जाओ इमाओ गामागर-**जाव**-सण्णिवेसेसु इत्थियाओ भवंति, तं जहा- | ૧૯૧૦. જે જીવ, ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે, યથા - |
| १. अंतो अंतेउरियाओ, | ૧. અંતઃપુરની રાણીઓ હોય, |
| २. गयपइयाओ, | ૨. જેમના પતિ પરદેશ ગયા હોય, |
| ३. मयपइयाओ, | ૩. જેમના પતિ મરી ગયા હોય, |
| ४. बालविहवाओ, | ૪. જે બાળવિધવા હોય, |
| ५. छड्डियल्लियाओ, | ૫. જે પતિ દ્વારા પરિત્યક્તા હોય, |
| ६. माइरक्खियाओ, | ૬. જેમનું પાલન પોષણ, રક્ષણ માતા દ્વારા થતું હોય, |
| ७. पियरक्खियाओ, | ૭. જે પિતાથી રક્ષિત હોય, |
| ८. भायरक्खियाओ, | ૮. જે ભાઈથી રક્ષિત હોય, |
| ९. पइरक्खियाओ, | ૯. જે પતિથી રક્ષિત હોય, |
| १०. कुलघररक्खियाओ, | ૧૦.જે પિતાના વંશજો દ્વારા રક્ષિત હોય, |
| ११. ससुरकुलरक्खियाओ, | ૧૧.જે સાસરાપક્ષ દ્વારા રક્ષિત હોય, |
| १२. मित्तनाइनियगसंबंधिरक्खायाओ, | ૧૨.જે પતિ કે પિતા આદિના મિત્રો, સંબંધીઓ, પરિવારજનોથી રક્ષિત હોય, |
| १३. परूढ-णह-केसकक्ख-रोमाओ, | ૧૩.પરિસ્કારના અભાવમાં જેના નખ, કેશ, તેમજ બગલનાં વાળ વધી ગયા હોય, |
| १४. ववगय-धूव-पुप्फ-गंध-मल्लालंकाराओ, | ૧૪.જે ધૂપ, પુષ્પ, ગંધ, માળા, અલંકારો ધારણ ન કરતી હોય, |
| १५. अण्हाग-सेय-जल्ल-मल्ल-पंक-परितावियाओ, | ૧૫.જે અસ્નાન, પરસેવો, મેલ, કાદવથી ક્લેશ પામતી હોય, |
| १६. ववगय-खीर-दहि-णवणीय-सप्पि-तेल्ल-गुल-लोण-महु-मज्ज-मंस-परिचत्तकयाहाराओ, | ૧૬.જે દૂધ, દહી, માખણ, ઘી, તેલ, ગોળ, મીઠું, મધ, મદ્ય, માંસ વર્જિત આહાર કરતી હોય. |
| १७. अप्पिच्छाओ, | ૧૭.જે અલ્પ ઈચ્છાવાન હોય, |
| १८. अप्पारंभाओ, | ૧૮.જે અલ્પ હિંસાવાળી હોય, |
| १९. अप्पपरिग्गहाओ, | ૧૯.જે અલ્પ પરિગ્રહી હોય, |
| २०. अप्पेणं आरम्भेणं, | ૨૦.જે અલ્પારંભી હોય, |
| २१. अप्पेणं समारम्भेणं, | ૨૧.જે અલ્પ સમારંભી હોય, |
| २२. अप्पेणं आरंम्भ-समारंम्भेणं वित्तिं कप्पेमाणीओ, | ૨૨.જે અલ્પ આરંભ-સમારંભથી પોતાની આજીવિકા ચલાવતી હોય, |
| २३. अकामबंभचेरवासेणं, | ૨૩.જે અનિચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરતી હોય, |
| २४. तामेव पइसेज्जं णाइक्कमंति, | ૨૪.જે પતિની શય્યાનું ઉલ્લંઘન ન કરતી હોય. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताओ णं इत्थियाओ एयारूवेणं विहारेणं विहरमाणीओ बहूइं वासाइं आउयं पालेंति, पालित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु वाणमंतरेसु देवलोएसु देवत्ताए– उववत्तारीओ भवंति, तहिं तेसिं गई–**जाव**–चउसट्ठिं– वाससहस्साइं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।

–उव. सु. ७२

એવા પ્રકારના આચરણથી પોતાની આજીવિકા ચલાવતી સ્ત્રી ઘણા વર્ષોનું આયુષ્યપૂર્ણ કરી કાલમાસે કાળ કરી કોઈ એક વાણવ્યંતર દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેની ગતિ હોય છે. **યાવત્** તેની સ્થિતિ ચોસઠ હજાર વર્ષની હોય છે **યાવત્** તે પરલોકની વિરાધક હોય છે.

**विराहगा बाल तवस्सी–**

१९११. से जे इमे गामागर–**जाव**–सण्णिवेसेसु मणुया भवंति, तं जहा–

१. दगबिइया,

२. दगतइया,

३. दगसत्तमा,

४. दगएक्कारसमा,

५. गोयम,

६. गोव्वइय,

७. गिहिधम्म,

८. धम्मचिंतग,

९. अविरुद्ध,

१०. विरुद्ध,

११. वुड्ढ,

१२. सावगप्पभितयो, तेसिं णं मणुयाणं णो कप्पंति इमाओ नवरसविगइओ आहारेत्तए, तं जहा–

१. खीरं, २. दहिं, ३. णवणीयं, ४. सप्पिं, ५. तेल्लं, ६. फाणियं, ७. महुं, ८. मज्जं, ९. मंसं, णो अण्णत्थ एक्काए सरिसवविगइए । ते णं मणुया अप्पिच्छा– **जाव**–चउरासीइं वाससहस्साइं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।

–उव. सु. ७३

**વિરાધક બાળ તપસ્વી :**

૧૯૧૧. જે જીવ ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં મનુષ્ય થાય છે, યથા -

૧. ઉદક દ્વિતીય - પાણી અને કોઈ એક અન્ન એમ બે દ્રવ્યો પર ટકનાર,

૨. ઉદકતૃતીય - પાણી અને કોઈ બે અન્ન એમ ત્રણ દ્રવ્ય પર ટકનાર,

૩. ઉદકસપ્તમ - પાણી અને કોઈ છ ખાદ્ય પદાર્થ એમ સાત દ્રવ્યો પર ટકનાર,

૪. ઉદકૈકાદશ - પાણી તથા દશ ખાદ્ય પદાર્થ એમ અગિયાર દ્રવ્યો પર ટકનાર,

૫. ગૌતમ - પ્રશિક્ષિત બળદને આગળ કરી ક્રીડા બતાવી જીવન નિર્વાહ કરનાર,

૬. ગોવ્રતિક - ગાયની સેવાનું વ્રત ધારણ કરનાર,

૭. ગૃહસ્થધર્મી - અતિથિ સેવાકાર્યને જ કલ્યાણકારી માનનારા,

૮. ધર્મચિંતક - ધર્મશાસ્ત્રના સ્વાધ્યાયી,

૯. અવિરુદ્ધ - વૈનયિક ભક્તિમાર્ગી,

૧૦. વિરુદ્ધ - અક્રિયાવાદી - ક્રિયા વિરોધી,

૧૧. વૃદ્ધ - તાપસ.

૧૨. શ્રાવક ધર્મશાસ્ત્રનો શ્રોતા બ્રાહ્મણ વગેરે હોય તેઓને નવ વિગય ખાવા યોગ્ય નથી હોતાં, તે આ પ્રમાણે -

૧. દૂધ, ૨. દહીં, ૩. માખણ, ૪. ઘી, ૫. તેલ, ૬. ગોળ, ૭. મધ, ૮. મદ્ય, ૯. માંસ - માત્ર એક સરસવના તેલનો તેને ત્યાગ હોતો નથી. આ અલ્પ ઈચ્છાવાળા મનુષ્યોની **યાવત્** ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ હોય છે **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विराहगा वाणपत्था–**

१९१२. से जे इमे गंगाकूलगा वाणपत्था तावसा भवंति, तं जहा–

१. होत्तिया,
२. पोत्तिया,
३. कोत्तिया,
४. जण्णई,
५. सड्ढई,
६. थालई,
७. हुंबउट्ठा,
८. दंतुक्खलिया,
९. उम्मज्जगा,
१०. सम्मज्जगा,
११. निमज्जगा,
१२. संपक्खाला,
१३. दक्खिणकूलगा,
१४. उत्तरकूलगा,
१५. संखधमगा,
१६. कूलधमगा,
१७. मिगलुद्धगा,
१८. हत्थितावसा,
१९. उद्दंडगा,
२०. दिसापोक्खिणो,
२१. वाकवासिणो,
२२. बिलवासिणो,
२३. वेलवासिणो,
२४. जलवासिणो,
२५. रुक्खमूलिया,
२६. अंबुभक्खिणो,
२७. वाउभक्खिणो,
२८. सेवालभक्खिणो,
२९. मूलाहारा,
३०. कंदाहारा,
३१. तयाहारा,

**વિરાધક વાનપ્રસ્થ :**

૧૯૧૨. જે આ જીવો કે જે ગંગાના તટ પર વસનાર વાનપ્રસ્થ તાપસો હોય છે, યથા -

૧. અગ્નિહોત્રિક,
૨. વસ્ત્રધારક,
૩. ભૂમિ પર શય્યા કરનાર,
૪. યજ્ઞકારક,
૫. શ્રાદ્ધ કરનાર,
૬. પાત્ર ધારણ કરનાર,
૭. કુંડિકાધારી,
૮. ફળ-ફૂલભોજી,
૯. પાણીમાં એકવાર ડૂબકી લગાવી સ્નાન કરનાર,
૧૦.વારંવાર ડૂબકી લગાવી સ્નાન કરનાર,
૧૧.પાણીમાં થોડીવાર ડૂબકી મારી સ્નાન કરનાર,
૧૨.માટી આદિથી અંગને ઘસી સ્નાન કરનાર,
૧૩.ગંગાના દક્ષિણ તટ પર વસનાર,
૧૪.ગંગાના ઉત્તર તટ પર વસનાર,
૧૫.તટ પર શંખ વગાડી ભોજન કરનાર,
૧૬. તટ પર ઉભા રહી અવાજ કરી ભોજન કરનાર.
૧૭. મૃગનું માંસ ખાનારા,
૧૮. હાથીને મારીને તેનું માંસ ભોજન કરનારા,
૧૯. દંડાને ઉંચો કરી ફરનારા,
૨૦. દિશાઓમાં પાણી છાંટનારા,
૨૧. વૃક્ષની છાલના વસ્ત્રો પહેરનારા,
૨૨. ભોંયરામાં રહેનારા,
૨૩. સમુદ્ર તટના સમીપે ઉભા રહેનારા,
૨૪. પાણીમાં નિવાસ કરનારા,
૨૫. વૃક્ષની નીચે વસનારા,
૨૬. માત્ર પાણીનો આહાર કરનારા,
૨૭. વાયુભક્ષી,
૨૮. શેવાળભક્ષી,
૨૯. મૂળભક્ષી,
૩૦. કંદભક્ષી,
૩૧. ત્વક્-છાલનો આહાર કરનાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३२. पत्ताहारा,

३३. पुप्फाहारा,

३४. फलाहारा,

३५. बीयाहारा,

३६. परिसडिय–कंद–मूल–तय–पत्त–पुप्फ–फलाहारा,

३७. जलाभिसेयकढिणगायभूया,

३८. आयावणाहिं,

३९. पंचग्गितावेहिं,

४०. इंगालसोल्लियं,

४१. कण्डुसोल्लियं,

४२. कट्ठसोल्लियं पिव अप्पाणं करेमाणा बहूइं वासाइं परियागं पाउणंति, बहूइं वासाइं परियागं पाउणित्ता कालमासे कालं किच्चा उक्कोसेणं जोइसिएसु देवेसु देवत्ताए उववत्तारो भवंति । तहिं तेसिं गई–**जाव**–पलिओवमं वाससयसहस्समब्भहियं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।

–उव. सु. ७४

३२. પાનનો આહાર કરનાર,

૩૩. પુષ્પનો આહાર કરનાર,

૩૪. ફળનો આહાર કરનાર,

૩૫. બીજનો આહાર કરનાર,

૩૬. પોતાની મેળે નીચે પડેલા કંદ, મૂળ, છાલ, પાન, પુષ્પ, ફળનો આહાર કરનારા,

૩૭. જલનો અભિષેક કરવાથી જેમનાં શરીર કઠણ થઈ ગયાં છે તેવા,

૩૮. આતાપનાથી,

૩૯. પંચાગ્નિતપથી,

૪૦. તપાવીને કોલસા જેવું શરીર બનાવનાર,

૪૧. ભૂંજેલ ચણાદિની સમાન,

૪૨. લાકડા જેવું શરીર બનાવનાર, એવા તાપસો ઘણા વર્ષો સુધી વાનપ્રસ્થ પર્યાયનું પાલન કરે છે. પાલન કરતાં-કરતાં કાલમાસે કાળ કરી ઉત્કૃષ્ટ જ્યોતિષી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં સ્થાનરૂપ તેમની ગતિ હોય છે **યાવત્** એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ પ્રમાણની સ્થિતિ હોય છે **યાવત્** તે પરલોકના વિરાધક હોય છે.

**विराहगा कंदप्पिया समणा–**

१९१३. से जे इमे गामागर–**जाव**–सण्णिवेसेसु पव्वइया समणा भवंति, तं जहा–

१. कंदप्पिया,

२. कुक्कुइया,

३. मोहरिया,

४. गीयरइप्पिया,

५. नच्चणसीला ।

ते णं एएणं विहारेणं विहरमाणा बहूइं वासाइं सामण्णपरियायं पाउणंति, पाउणित्ता तस्स ठाणस्स अणालोइय अप्पडिक्कंता कालमासे कालं किच्चा उक्कोसेणं सोहम्मे कंदप्पिएसु देवेसु देवत्ताए उववत्तारो भवंति । तहिं तेसिं गई–**जाव**–पलिओवमं वाससयसहस्समब्भहियं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।

–उव. सु. ७५

**વિરાધક કન્દર્પિક શ્રમણ :**

૧૯૧૩. જે ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં પ્રવ્રજિત શ્રમણ થાય છે, જેમ કે -

૧. કંદર્પિક - હાસ્યકારક,

૨. કોત્કુચિક - કુચેષ્ટા કરનાર,

૩. મૌખરિક - વાચાળ,

૪. ગીતરતિપ્રિય - ગીતયુક્ત ક્રીડાને પસંદ કરનાર,

૫. નર્તનશીલ - નૃત્યની પ્રવૃત્તિવાળા,

આ સર્વ પ્રકારે પોતપોતાના જીવનક્રમના અનુસાર આચરણ કરતા ઘણા વર્ષો સુધી શ્રમણ પર્યાયને પાળે છે. પાલન કરીને અંત સમયે પોતાના પાપસ્થાનોની આલોચના, પ્રતિક્રમણ કર્યા વગર કાળ માસે કાળ કરીને ઉત્કૃષ્ટ પ્રથમ સૌધર્મ કલ્પમાં દેવલોકમાં હાસ્યક્રીડાકારક દેવોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેમની ગતિ હોય છે **યાવત્** એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની સ્થિતિ હોય છે **યાવત્** પરલોકના વિરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विराहगा परिव्वायगा–**

१९१४. से जे इमे गामागर–**जाव**–सण्णिवेसेसु परिव्वायगा भवंति, तं जहा–

१. संखा,
२. जोगी,
३. काविला,
४. भिउव्वा,
५. हंसा,
६. परमहंसा,
७. बहुउदगा,
८. कुलिव्वया,
९. कण्हपरिव्वाया ।

तत्थ खलु इमे अट्ठ माहणं–परिव्वायगा भवंति, तं जहा– **गाहा** –

१. कण्णे य २. करकंडे य, ३. अंबडे य ४. परासरे ।
५. कण्हे ६. दीवायणे चेव, ७. देवगुत्ते य ८. नारए ॥

तत्थ खलु इमे अट्ठ खत्तियपरिव्वायगा भवंति, तं जहा– **गाहा** –

१. सीलई २. ससिहारे य, ३. नग्गई ४. भग्गई ति य ।
५. विदेहे, ६. रायाराया, ७. राया रामे, ८. बलेति य ॥

ते णं परिव्वायगा रिउव्वेद–यजुव्वेद–सामवेद–अहव्वणवेद इतिहास–पंचमाणं, निघण्टुछट्ठाणं, संगोवंगाणं सरहस्साणं चउण्हं वेदाणं सारगा पारगा धारगा, सडंगवी, सट्ठितंतविसारया, संखाणे, सिक्खा, कप्पे, वागरणे, छंदे, निरुत्ते, जोइसामयणे, अण्णेसु य बहूसु बंभण्णएसु य सत्थेसु परिव्वायएसु य नएसु सुपरिणिट्ठिया यावि होत्था ।

ते णं परिव्वायगा दाणधम्मं च सोयधम्मं च तित्थाभिसेयं च आघवेमाणा, पण्णवेमाणा, परूवेमाणा विहरंति । "जं णं अम्हं किं चि असुइ भवइ, तं णं उदएण य मट्टियाए य पक्खालियं समाणं सुई भवति । एवं

**વિરાધક પરિવ્રાજક :**

૧૯૧૪. જે ગામ આકર **યાવત્** સન્નિવેશમાં અનેક પ્રકારના પરિવ્રાજક હોય છે, જેમ કે-

૧. સાંખ્ય-પુરુષ,
૨. યોગી-યૌગિક અનુષ્ઠાન કરનારા,
૩. કાપિલ - નિરીશ્વર સાંખ્યવાદી,
૪. ભાર્ગવ - ભૃગુ ઋષિની પ
૫. હંસ,
૬. પરમહંસ,
૭. બહૂદક,
૮. કુટીચર,
૯. કૃષ્ણપરિવ્રાજક,

એમાં આઠ બ્રાહ્મણ જાતિના પરિવ્રાજક હોય છે, તે આ પ્રમાણે - **ગાથાર્થ-**

૧. કર્ણ, ૨. કર્કન્ડ, ૩. અંબડ, ૪. પારાશર,
૫. કૃષ્ણ, ૬. દ્વૈપાયન, ૭. દેવગુપ્ત, ૮. નારદ.

એમાંથી આઠ ક્ષત્રિય પરિવ્રાજક છે, જે આ પ્રમાણે છે-

**ગાથાર્થ-**

૧. શીલધી, ૨. શશિધર, ૩. નગ્નક, ૪. ભગ્નક,
૫. વિદેહ, ૬. રાજરાજ, ૭. રાજારામ, ૮. બલ.

તે પરિવ્રાજકો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદ, આ ચાર વેદ, પાંચમાં ઈતિહાસ, છટ્ઠું નિઘંટુ આ છ શાસ્ત્રોનાં તથા બીજા જેટલા અંગ અને ઉપાંગ છે તેના રહસ્યના જ્ઞાતા, વેદોના પ્રવર્તક, વેદોના પારગામી અને તેને સ્મરણ કરવામાં સક્ષમ તથા વેદોના છ એ અંગોના જ્ઞાતા, ષષ્ઠીતંત્રમાં વિશારદ, ગણિત, વિદ્યા, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષ શાસ્ત્ર તથા બીજા અનેક બ્રાહ્મણ શાસ્ત્રોમાં અથવા વૈદિક વિદ્વાનોના વિચારોના સંકલનાત્મક ગ્રંથોમાં તેઓ પારંગત હોય છે.

આ પરિવ્રાજકો દાનધર્મ, શૌચધર્મ, તીર્થ અભિષેકની પ્રરૂપણા કરતા-કરતા વિશેષ રૂપથી સમજાવતા-સમજાવતા, યુક્તિપૂર્વક પ્રરૂપણા કરતા-કરતા વિચરતા રહે છે. તેઓ કહે છે કે "અમારા મત અનુસાર જે કંઈ અપવિત્ર છે તે માટી લગાવી પાણીથી ધોવામાં આવે તો પવિત્ર થઈ જાય છે. આ પ્રમાણે અમે નિર્મળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खलु अम्हे चोक्खा, चोक्खायारा, सुई, सुइसमायारा भवित्ता अभिसेयजलपूयप्पाणो अविग्घेणं सग्गं गमिस्सामो ।"

દેહ અને નિર્મળ આચારવાળા છીએ. તેમજ પવિત્ર છીએ. પવિત્ર આચારવાળા છીએ. તેથી અભિમંત્રિત જળથી અમે અમને પવિત્ર કરીને નિર્વિઘ્નપણે સ્વર્ગમાં જઈશું."

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. अगडं वा, २. तलायं वा, ३. नइं वा, ४. वाविं वा, ५. पोक्खरिणिं वा, ६. दीहियं वा, ७. गुंजालियं वा, ८. सरं वा, ९. सागरं वा ओगाहित्तए, णण्णत्थ अद्धाणगमणेणं ।

એ પરિવ્રાજકો માટે ૧. કૂવામાં, ૨. તળાવમાં, ૩. નદીમાં, ૪. વાવડીમાં, ૫. પુષ્કરિણીમાં, ૬. દીર્ઘિકામાં, ૭. ગુંજાલિકામાં ૮. સરોવરમાં, ૯. સમુદ્રમાં પ્રવેશ કરવો કલ્પતો નથી. ચાલતા માર્ગમાં આવે તો તેનો નિષેધ નથી.

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. सगडं वा, २. रहं वा, ३. जाणं वा, ४. जुग्गं वा, ५. गिल्लिं वा, ६. थिल्लिं वा, ७. पवहणं वा, ८. सीयं वा, ९. संदमाणियं वा दुरूहित्ता णं गच्छित्तए ।

આ પરિવ્રાજકોને ૧. ગાડી, ૨. રથ, ૩. યાન, ૪. યુગ્મ, (બે હાથ લાંબી પહોળી ડોળી જેવું યાન) ૫. ગીલ્લી-શિવિકા, ૬. થિલ્લિ-ઘોડાની બગી, ૭. પાલખી, ૮. પરદાવાળી પાલખી, ૯. સ્યન્દમાનિકા- પુરુષ પ્રમાણ પાલખી પર ચઢીને જવું કલ્પતું નથી.

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. आसं वा, २. हत्थिं वा, ३. उट्टं वा, ४. गोणं वा, ५. महिसं वा, ६. खरं वा, दुरूहित्ता णं गमित्तए, णण्णत्थ बलाभिओगेणं ।

એ પરિવ્રાજકોને ૧. ઘોડા, ૨. હાથી, ૩. ઊંટ, ૪. બળદ, ૫. ભેંસ, ૬. ગર્દભ ઉપર સવાર થઈને જવું કલ્પતું નથી. પરંતુ જબરદસ્તીથી કોઈ બેસાડી દે તો તેનો નિષેધ નથી.

तेसि णं परिव्वायगाणं णो कप्पइ–

તે પરિવ્રાજકોને -

| | |
|---|---|
| १. नडपेच्छा इ वा, | ૧. નાટક બતાવનારાઓના નાટક, |
| २. नट्टगप्पेच्छा इ वा, | ૨. નાચનારાઓના નાચ, |
| ३. जल्लपेच्छा इ वा, | ૩. દોરડા પર ચઢીને નચાતા નટના ખેલ, |
| ४. मल्लपेच्छा इ वा, | ૪. પહેલવાનોની કુસ્તી, |
| ५. मुट्ठियपेच्छा इ वा, | ૫. મુક્કાબાજોના પ્રદર્શન, |
| ६. वेलंबगपेच्छा इ वा, | ૬. મશ્કરાઓની મશ્કરીઓ, |
| ७. पवगपेच्छा इ वा, | ૭. કથાકરોના કથાલાપ, |
| ८. कहगपेच्छा इ वा, | ૮. કૂદીને કે નદી આદિમાં તરીને પ્રદર્શન કરવાના ખેલ, |
| ९. लासगपेच्छा इ वा, | ૯. રાસ ગાવાવાળાનાં શૌર્યગીત, |
| १०. आइक्खगपेच्छा इ वा, | ૧૦. શુભાશુભ કહેનારનાં ચમત્કારો, |
| ११. लंखपेच्छा इ वा, | ૧૧. વાંસડા ઉપર ચઢીને ખેલ બતાવનારના ખેલ, |
| १२. मंखपेच्छा इ वा, | ૧૨. ચિત્રપટ દેખાડીને આજીવિકા ચલાવનારના કરતૂતો. |
| १३. तूणइल्लपेच्छा इ वा, | ૧૩. તૂણ નામક તંતુ વાદ્ય વગાડી આજીવિકા ચલાવનારના કરતૂતો, |
| १४. तुंबवीणियपेच्छा इ वा, | ૧૪. તંબુરો વગાડનારના ગીતો, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५. भुयगपेच्छा इ वा,

१६. मागहपेच्छा इ वा, पेच्छित्तए ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ हरियाणं १. लेसणया वा, २. घट्टणया वा, ३. थंभणया वा, ४. लूसणया वा, ५. उप्पाडणया वा करित्तए ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. इत्थिकहा इ वा, २. भत्तकहा इ वा, ३. देसकहा इ वा, ४. रायकहा इ वा, ५. चोरकहा इ वा, ६. जणवयकहा इ वा, अणत्थदंडं करित्तए ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. अयपायाणि वा, २. तउअपायाणि वा, ३. तंबपायाणि वा, ४. जसदपायाणि वा, ५. सीसगपायाणि वा, ६. रूप्पपायाणि वा, ७. सुवण्णपायाणि वा अण्णयराणि वा बहुमुल्लाणि धारित्तए, णण्णत्थ १. अलाउपाएण वा, २. दारुपाएण वा, ३. मट्टिया पाएण वा ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. अयबंधणाणि वा, २. तउअबंधणाणि वा, ३. तंबबंधणाणि वा, ४. जसदबंधणाणि वा, ५. सीसगबंधणाणि वा, ६. रूप्पबंधणाणि वा, ७. सुवण्णबंधणाणि वा अण्णयराणि वा बहुमुल्लाणि धारित्तए ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ णाणाविहवण्णरागरत्ताइं वत्थाइं धारित्तए, णण्णत्थ एगाए धाउरत्ताए ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. हारं वा, २. अद्धहारं वा, ३. एगावलिं वा, ४. मुत्तावलिं वा, ५. कणगावलिं वा, ६. रयणावलिं वा, ७. मुरविं वा, ८. कंठमुरविं वा, ९. पालंबं वा, १०. तिसरयं वा, ११. कडिसुत्तं वा, १२. दसमुद्दिआणंतगं वा, १४. तुडियाणि वा, १५. अंगयाणि वा, १६. केऊराणि वा, १७. कुंडलाणि वा, १८. मउडं वा, १९. चूलामणिं वा पिणद्धित्तए, णण्णत्थ एगेणं तंबिएणं पवित्तएणं ।

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. गंथिम, २. वेढिम, ३. पुरिम, ४. संघाइमे चउव्विहे, मल्ले धारित्तए, णण्णत्थ एगेणं कण्णपूरेणं ।

૧૫. તાળીઓ મનોવિનોદ કરનારનાં વિનોદપૂર્ણ ઉપક્રમ,

૧૬. સ્તુતિ-ગાયકોના પ્રશસ્તિમૂલક કાર્યકલાપ જોવા કે સાંભળવા કલ્પતા નથી.

તે પરિવ્રાજકોને લીલી વનસ્પતિનો ૧. સ્પર્શ કરવો, ૨. સંઘર્ષણ કરવું. ૩. હાથ આદિ દ્વારા અવરોધ કરવો, ૪. શાખાઓ, પત્તા આદિ ઊંચા કરવા કે મરડવા, ૫. ઉખાડવા કલ્પતા નથી.

એ પરિવ્રાજકોને ૧. સ્ત્રીકથા ૨. ભોજનકથા, ૩. દેશકથા, ૪. રાજકથા, ૫. ચોરકથા, ૬. જનપદકથા, જે નિરર્થક છે તે કથાઓ કરવી કલ્પતી નથી. અર્થાત્ તે અનર્થદંડ કરનારી છે.

આ પરિવ્રાજકો માટે ૧. લોખંડનું પાત્ર, ૨. કાંસાનું પાત્ર, ૩. તાંબાનું પાત્ર, ૪. જસતનું પાત્ર, ૫. સીસાનું પાત્ર, ૬. ચાંદીનું પાત્ર, ૭. સુવર્ણનું પાત્ર તથા બીજા અન્ય બહુમૂલ્ય પાત્ર રાખવાં કલ્પતા નથી. પરંતુ ૧. તુંબડાના, ૨. કાષ્ઠના, ૩. માટીના પાત્ર રાખવાં કલ્પે છે.

આ પરિવ્રાજકોને (૧) લોખંડના પાત્રનું બંધન, (૨) કાંસાના પાત્રનું બન્ધન, (૩) તાંબાના પાત્રનું બંધન, (૪) જસતના પાત્રનું બન્ધન, (૫) સીસાના પાત્રનું બંધન, (૬) ચાંદીના પાત્રનું બંધન, (૭) સુવર્ણનાં પાત્રનું બંધન તથા બીજા અન્ય બહુમૂલ્ય પાત્રને બાંધીને રાખવું કલ્પતું નથી.

તે પરિવ્રાજકોને અનેક પ્રકારના રંગોથી રંગાયેલા વસ્ત્રો ધારણ કરવાં કલ્પતાં નથી. માત્ર ગેરુઆ રંગથી રંગેલા વસ્ત્રો જ કલ્પે છે.

તે પરિવ્રાજકોને તાંબાની વીંટી સિવાય ૧. હાર, ૨. અર્ધહાર, ૩. એકાવલી, ૪. મુકતાવલી, ૫. કંનકાવલી, ૬. રત્નાવલી, ૭. મુરવી, (હારવિશેષ) ૮. કંઠમુરવી, (કંઠ આભૂષણ વિશેષ) ૯. પ્રાલંબ, ૧૦. ત્રણસરો હાર, ૧૧. કંદોરો, ૧૨. દસ મુદ્રિકાઓ, ૧૩. કટક, ૧૪. બાજુબંધ, ૧૫. અંગદ, ૧૬. કેયૂર, ૧૭. કુંડલ, ૧૮. મુકુટ તથા ૧૯. ચૂડામણિ પહેરવાં કલ્પે નહિ.

આ પરિવ્રાજકોને ફૂલમાંથી એક કર્ણફૂલ કલ્પે છે, પણ ૧. ગુંથીને બનાવેલ, ૨. વેષ્ટિત કરીને બનાવેલી, ૩. ફૂલોને પરસ્પર જોડીને બનાવેલી, ૪. પરસ્પર એકબીજાને ગુંથવીને બનાવેલી, આ ચાર પ્રકારની માળાઓ ધારણ કરવી કલ્પતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेसि णं परिव्वायगाणं णो कप्पइ १. अगलुएण वा, २. चंदणेणं वा, ३. कुंकुमेण वा, गायं अणुलिंपित्तए, णण्णत्थ एक्काए गंगामट्टियाए ।

આ પરિવ્રાજકોને ગંગાની માટીના લેપ સિવાય ૧. અગર, ૨. ચંદન, ૩. કંકુ કે કેસરથી શરીરનો લેપ કરવો કલ્પતો નથી.

तेसि णं परिव्वायगाणं कप्पइ मागहए पत्थए जलस्स पडिग्गाहित्तए, १. से वि य वहमाणे, णो चेव णं अवहमाणे २. से वि य थिमिओदए, णो चेव णं कद्दमोदए, ३. से वि य बहुप्पसण्णे, णो चेव णं अबहुप्पसण्णे, ४. से वि य परिपूए, णो चेव णं अपरिपूए, ५. से वि य णं दिण्णे, णो चेव णं अदिण्णे, ६. से वि य पिवित्तए, णो चेव णं हत्थ-पाय-चरु-चमस-पक्खालणट्ठयाए सिणाइत्तए वा ।

એ પરિવ્રાજકોને મગધ દેશમાં પ્રચલિત પ્રસ્થ પ્રમાણ માત્ર જલગ્રહણ કરવું કલ્પે છે. ૧. તે જળ વહેતું હોય પણ તળાવ આદિનું રોકાયેલું જળ ન હોય. ૨. તે જળ સ્વચ્છ હોય, પણ ધૂળ કાદવવાળુ ન હોય, ૩. વળી સાફ અને નિર્મળ હોય પણ ડહોળું ન હોય, ૪. તે વસ્ત્રથી ગાળેલું હોય પણ અણગળ ન હોય, ૫. તે પણ દાતા દ્વારા અપાયેલું હોય પણ અદત્ત ન હોય, ૬. વળી તે જળ માત્ર પીવાના જ ઉપયોગમાં જ લે, હાથ, પગ, ભોજનપાત્ર તેમજ ચમચાં ધોવા માટે તેનો ઉપયોગ ન કરે. તેમજ સ્નાન માટે પણ ઉપયોગ ન કરે.

तेसि णं परिव्वायगाणं कप्पइ मागहए आढए जलस्स पडिग्गाहित्तए, से वि य वहमाणे, णो चेव णं अवहमाणे-**जाव**-से वि य णं दिण्णे, णो चेव णं अदिण्णे, से वि य हत्थ-पाय-चरु-चमस-पक्खालणट्ठयाए, णो चेव णं पिबित्तए, सिणाइत्तए वा ।

આ પરિવ્રાજકોને મગધદેશીય આઢક પ્રમાણ જળ લેવું કલ્પે છે. તે પણ વહેતું હોય, તળાવ આદિમાં બંધાયેલું ન હોય **યાવત્** દાતા દ્વારા અપાયેલું હોય પણ અદત્ત ન હોય, તો તેનાથી માત્ર હાથ, પગ, ભોજનપાત્ર, ચમચા ધોવા માટે કલ્પે છે. પરંતુ પાણી પીવા માટે તથા સ્નાન માટે લેવાનું કલ્પતું નથી.

ते णं परिव्वायगा एयारूवेणं विहारेणं विहरमाणा बहूइं वासाइं परियायं पाउणंति, बहूइं, वासाइं परियायं पाउणित्ता कालमासे कालं किच्चा उक्कोसेणं बंभलोए कप्पे देवत्ताए उववत्तारो भवंति । तहिं तेसिं गई-**जाव**-दससागरोवमाइं ठिई-**जाव**-परलोगस्स विराहगा ।

-उव. सु. ७६-८१

તે પરિવ્રાજકો આ પ્રકારના આચારનું એ જ પર્યાયમાં ઘણા વર્ષો સુધી પાલન કરે છે, પાલન કરીને કાલમાસે કાલ કરી વધારેમાં વધારે બ્રહ્મલોક નામના દેવલોકમાં દેવ પર્યાયે ઉત્પન્ન થાય છે. ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેમની ગતિ હોય છે. **યાવત્** દસ સાગરોપમની સ્થિતિ હોય છે **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

**विराहगा पडिणीया समणा–**

१९१५. से जे इमे गामागर-**जाव**-सण्णिवेसेसु पव्वइया समणा भवंति, तं जहा-१. आयरिय-पडिणीया, २. उवज्झाय-पडिणीया, ३. कुल-पडिणीया, ४. गण-पडिणीया, ५. आयरिय-उवज्झायाणं अयसकारगा, ६. अवण्णकारगा, ७. अकित्तिकारगा, बहूहिं असब्भावुब्भावणाहिं, मिच्छत्ताभिणिवेसेहि य अप्पाणं च परं च तदुभयं च वुग्गाहेमाणा, वुप्पाएमाणा विहरित्ता, बहूइं वासाइं सामण्णपरियागं पाउणंति–

**વિરાધક પ્રત્યનીક શ્રમણ :**

૧૯૧૫. તેઓ કે જે ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં પ્રવ્રજિત સાધુ હોય, યથા - ૧. આચાર્યના વિરોધી, ૨. ઉપાધ્યાયના વિરોધી, ૩. કુલના વિરોધી, ૪. ગણના વિરોધી, ૫. આચાર્ય અને ઉપાધ્યાયના અપયશકારક, ૬. અવર્ણવાદ કરનારા, ૭. અપકીર્તિ કરનારા કે નિંદા કરનારા, અનેક અસત્ દોષોને પ્રગટ કરનાર તથા મિથ્યાત્વના આગ્રહથી પોતાને, બીજાને તથા સ્વપર બંનેને દુરાગ્રહમાં જોડનાર તથા અત્યંત મજબૂત કરનાર બની વિચરે છે. તેમજ ઘણા વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाउणित्ता तस्स ठाणस्स अणालोइय-अप्पडिक्कंता कालमासे कालं किच्चा उक्कोसेणं लंतए कप्पे देवकिब्बिसिएसु देवकिब्बिसियत्ताए उववत्तारो भवंति ।

तहिं तेसिं गई-**जाव**-तेरससागरोवमाइं ठिई-**जाव**-परलोगस्स विराहगा ।

-उव. सु. ११७

પાલન કરતા પોતાના પાપસ્થાનોની આલોચના, પ્રતિક્રમણ ન કરતા કાલમાસે કાલ કરીને ઉત્કૃષ્ટ લાંતક દેવલોકમાં કિલ્વિષિક દેવોમાં કિલ્વિષિક દેવરૂપે ઉત્પન્ન થાય છે.

ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેમની ગતિ હોય છે. **યાવત્** તેર સાગરોપમ પ્રમાણ તેમની સ્થિતિ હોય છે. **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

**विराहगा आजीविया -**

१९१६. से जे इमे गामागर-**जाव**-सण्णिवेसेसु आजीविया भवंति, तं जहा-

१. दुघरंतरिया, २. तिघरंतरिया, ३. सत्तघरंतरिया, ४. उप्पलबेंटिया, ५. घरसमुदाणिया, ६. विज्जुयंतरिया, ७. उट्टिया समणा,

ते णं एयारूवेणं विहारेणं विहरमाणा बहूइं वासाइं सामण्णपरियायं पाउणंति, पाउणित्ता कालमासे कालं किच्चा उक्कोसेणं अच्चुए कप्पे देवत्ताए उववत्तारो भवंति ।

तहिं तेसिं गई-**जाव**-बावीसं सागरोवमाइं ठिई-**जाव**-परलोगस्स विराहगा ।

-उव. सु. १२०

**વિરાધક આજીવિક :**

૧૯૧૬. તેઓ જે કે ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં આજીવિક (ગોશાલકના મતાનુયાયી) હોય છે, યથા -

૧. બે ઘરોનું અંતર રાખીને, ૨. ત્રણ ઘરોનું અંતર રાખીને, ૩. સાત ઘરોનું અંતર રાખીને ભિક્ષા લે છે, ૪. કમળના નાળની ભિક્ષા કરે છે, ૫. દરેક ઘરથી ભિક્ષા લે છે, ૬. વીજળી ચમકે ત્યારે ભિક્ષા માટે નથી ફરતા, ૭. માટીની કોઠી આદિમાં પ્રવિષ્ટ થઈ તપશ્ચર્યા કરે છે.

આ પ્રકારનું આચરણ કરતા ઘણા વર્ષો સુધી તે પર્યાયનું પાલન કરે છે. પાલન કરીને કાલમાસે કાલ કરી ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં દેવપર્યાયે ઉત્પન્ન થાય છે.

ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેમની ગતિ હોય છે. **યાવત્** બાવીસ સાગરોપમની એમની સ્થિતિ હોય છે **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

**विराहगा अत्तुक्कोसिया समणा-**

१९१७. से जे इमे गामागर-**जाव**-सण्णिवेसेसु पव्वइया समणा भवंति, तं जहा-

१. अत्तुक्कोसिया, २. परपरिवाइया, ३. भूइकम्मिया, ४. भुज्जो-भुज्जो कोउयकारगा,

ते णं एयारूवेणं विहारेणं विहरमाणा बहूइं वासाइं सामण्णपरियागं पाउणंति पाउणित्ता तस्स ठाणस्स अणालोइय अपडिक्कंता कालमासे कालं किच्चा उक्कोसेणं अच्चुए कप्पे आभिओगिएसु देवेसु देवत्ताए उववत्तारो भवंति ।

तहिं तेसिं गई-**जाव**-बावीसं सागरोवमाइं ठिई-**जाव**-परलोगस्स विराहगा ।

-उव. सु. १२१

**વિરાધક આત્મોત્કર્ષક શ્રમણ :**

૧૯૧૭. તે કે જેઓ ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં પ્રવ્રજિત શ્રમણ હોય છે, યથા -

૧. સ્વયંના પ્રશંસક, ૨. બીજાના નિંદક, ૩. ભસ્મ આપનારા, ૪. વારંવાર કૌતુક કર્મ કરનારા.

તે આ પ્રમાણે આચરણ કરતા વિચરે છે. તેઓ ઘણા વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરે છે. પાલન કરીને પોતાના પાપસ્થાનોની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાલમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં આભિયોગિક દેવપણે ઉત્પન્ન થાય છે.

ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ તેમની ગતિ થાય છે **યાવત્** બાવીસ સાગરોપમની સ્થિતિ હોય છે **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विराहगा णिण्हगा–**

१९१८. से जे इमे गामागर–**जाव**–सण्णिवेसेसु णिण्हगा भवंति, तं जहा–

१. बहुरया,

२. जीवपएसिया,

३. अव्वत्तिया,

४. सामुच्छेइया,

५. दोकिरिया,

६. तेरासिया,

७. अबद्धिया,

इच्चेए सत्त पवयणणिण्हगा केवलचरियालिंगसामण्णा, मिच्छादिट्ठी, बहूहिं असब्भावुब्भावणाहिं मिच्छत्ताभिणिवेसेहिं य अप्पाणं च परं च तदुभयं च वुग्गाहेमाणा वुप्पाएमाणा विहरित्ता, बहूइं वासाइं सामण्णपरियागं पाउणंति, पाउणित्ता कालमासे कालं किच्चा उक्कोसेणं उवरिमेसु गेवेज्जेसु देवत्ताए उववत्तारो भवंति,

तहिं तेसिं गई–**जाव**–एक्कतीसं सागरोवमाइं ठिई–**जाव**–परलोगस्स विराहगा ।[1]

–उव. सु. १२२

**વિરાધક નિહ્નવ :**

૧૯૧૮. તે કે જેઓ ગામ, આકર **યાવત્** સન્નિવેશમાં નિહ્નવ હોય છે, યથા -

૧. બહુરત - ઘણા સમયોથી કાર્યની નિષ્પત્તિ માનનારા,

૨. જીવપ્રદેશિક - જીવ એક ચરમ સ્વરૂપ પ્રદેશ જ છે એમ માનનારા,

૩. અવ્યક્તિક-સંપૂર્ણ બાહ્ય વ્યવહારને શંકાશીલ માનનારા,

૪. સામુચ્છેદિક-પ્રતિક્ષણ નરકાદિ અવસ્થાનો વિનાશ માનનારા,

૫. દ્વૈક્રિય-એક સમયમાં બે ક્રિયાનો અનુભવ કરનારા,

૬. ત્રૈરાશિક - જીવ, અજીવ અને મિશ્ર એમ ત્રણ રાશિ માનનારા,

૭. અબદ્ધિક - જીવ અને કર્મનો બંધ થતો નથી. માત્ર સ્પર્શ માનનારા.

આ સાત પ્રવચન નિહ્નવ છે. તેઓ માત્ર ચર્યાદિ ક્રિયા તથા વેષની અપેક્ષાએ સંયમી હોય છે, પરંતુ મિથ્યાદર્શી છે. અસત્ પ્રરૂપણા અને મિથ્યા આગ્રહથી પોતાને, બીજાને, સ્વ-પર બંનેને ઉન્માર્ગમાં જોડે છે, પથભ્રષ્ટ કરીને વિચરે છે. તેમજ ઘણા વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરે છે. પાલન કરીને કાલમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ ઉપરના ગ્રૈવેયકમાં દેવપર્યાયે દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ એમની ગતિ હોય છે. **યાવત્** એકત્રીસ સાગરોપમની સ્થિતિ હોય છે **યાવત્** તેઓ પરલોકના વિરાધક હોય છે.

---

પ્રસ્તુત : આરાધક-વિરાધક સંબંધી વર્ણનમાં ત્રણ આરાધક છે તથા તેર વિરાધક છે-

| | | | |
|---|---|---|---|
| **આરાધક :** | ૧. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, | ૨. અલ્પારંભી - અલ્પ પરિગ્રહી, | ૩. અનારંભી-અપરિગ્રહી |
| **વિરાધક :** | ૧. એકાન્ત બાલ નરકગામી, | ૨. અકામ નિર્જરા કરનાર, | ૩. કેદી આદિ, |
| | ૪. પ્રકૃતિ ભદ્ર, | ૫. સ્ત્રીઓ, | ૬. બાળ તપસ્વી, |
| | ૭. વાનપ્રસ્થ, | ૮. કાન્દર્પિક શ્રમણાદિ, | ૯. પરિવ્રાજક, |
| | ૧૦. પ્રત્યનીક શ્રમણ, | ૧૧. આત્મ પ્રશંસક શ્રમણાદિ, | ૧૨. આજીવિક, |
| | ૧૩. નિહ્નવ. | | |

આ ત્રણ આરાધક અને તેર વિરાધક આ પ્રમાણે કુલ સોળ શ્રેણિયોમાં વિભક્ત આત્માઓની મૃત્યુબાદ કઈ ગતિ થાય છે ? તેનો ઉલ્લેખ આ પ્રકરણમાં ઉવવાઈ સૂત્રમાંથી લેવામાં આવ્યો છે. વિયા. શ. ૧, ઉ. ૨ માં પણ એજ વર્ણન છે. પરંતુ આ વિભાગમાં બતાવેલા વર્ણનમાં અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના વર્ણનમાં થોડો ફેર છે-તેની જાણ ખાતર તાલિકા આપવામાં આવી છે.

| **ઉવવાઈ સૂત્રમાં** | **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં** |
|---|---|
| ૧. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, | ૧૧. તિર્યંચ, |
| ૨. અલ્પારંભી અલ્પપરિગ્રહી શ્રમણોપાસક, | ૪. અવિરાધિત સંયમાસંયમી, |
| ૩. અનારંભી અપરિગ્રહી શ્રમણ, | ૨. અવિરાધિત સંયમી, |
| ૪. એકાન્ત બાલ નરકગામી, | × × |
| ૫. અકામ નિર્જરા કરનારા, | × × |
| ૬. કેદી આદિ, | × × |

(બાકીની ટિપ્પણ પાના નં. ૧૭૬ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कंदप्पियाइ विराहगा समणा–**

१९१९. कन्दप्पकोक्कुइयाइंतह सील सहाव हास विकहाहिं ।
विम्हावेन्तो य परं, कन्दप्पं भावणं कुणइ ।।

मन्ताजोगं काउं भूईकम्मं, च जे पउंजन्ति ।
सायरसइड्ढिहेउं अभिओगं भावणं कुणइ ।।

नाणस्स केवलीणं धम्मायरियस्स संघसाहूणं ।
माई अवण्णवाई किब्बिसियं भावणं कुणइ ।।

अणुबद्धरोसपसरो तह व निमित्तंमि होइ पडिसेवी ।
एएहिं कारणेहिं आसुरियं भावणं कुणइ ।।

सत्थग्गहणं विसभक्खणं च, जलणं च जलप्पवेसो य ।
अणायारभण्डसेवी जम्मणमरणाणि बंधंति ।।

–उत्त. अ. ३६, गा. २६३–२६७

**કંદર્પિક આદિ વિરાધક શ્રમણ :**

૧૯૧૯. જે કંદર્પ-કામકથા કરે છે, કૌકુત્ય-હાસ્યોત્પાદક કુચેષ્ટાઓ કરે છે તથા શીલ, સ્વભાવ, હાસ્ય અને વિકથાથી બીજાને વિસ્મિત કરે છે, તે કાંદર્પી ભાવનાનું આચરણ કરે છે.

જે સુખ, રસ અને સમૃદ્ધિ માટે, યોગ અને ભૂતિકર્મનો પ્રયોગ કરે છે, તે આભિયોગી ભાવનાનું આચરણ કરે છે.

જે જ્ઞાનની, કેવળજ્ઞાનીની, ધર્માચાર્યની, સંઘ તથા સાધુઓની નિંદા કરે છે, તે માયાવી કિલ્વિષિકી ભાવનાનું આચરણ કરે છે.

જે નિરંતર ક્રોધ વધારે છે અને નિમિત્ત વિદ્યાનો પ્રયોગ કરે છે તે એવી પ્રવૃત્તિઓથી આસુરી ભાવનાનું આચરણ કરે છે.

જે શસ્ત્રથી, વિષ ખાવાથી, અગ્નિમાં બળીને તથા પાણીમાં ડૂબીને આત્મહત્યા કરે છે અને જે અમર્યાદિત ઉપકરણ રાખે છે, તે અનેક જન્મમરણનું બંધન કરાવનાર મોહીભાવનાનું આચરણ કરે છે.

**विराहगाणं संजमस्स अवद्धंसो–**

१९२०. चउव्विहे अवद्धंसे पण्णत्ते, तं जहा–

१. आसुरे, २. आभिओगे,

३. संमोहे, ४. देवकिब्बिसे,

चउहिं ठाणेहिं जीवा आसुरत्ताए कम्मं पगरेंति, तं जहा–

१. कोवसीलताए,

२. पाहुडसीलताए,

**વિરાધકોના સંયમનો વિનાશ :**

૧૯૨૦. ચાર પ્રકારથી સાધનાનો વિનાશ થાય છે, યથા -

૧. આસુર- અપધ્વંસ, ૨. આભિયોગ - અપધ્વંસ,

૩. સંમોહ - અપધ્વંસ, ૪. દેવકિલ્વિષ - અપધ્વંસ.

ચાર સ્થાનોથી જીવ આસુરત્વ-કર્મનું ઉપાર્જન કરે છે, યથા -

૧. કોપશીલતાથી,

૨. પ્રાભૃતશીલતા અર્થાત્ કલહકારી સ્વભાવથી,

---

(ટિપ્પણ પાના નં. ૧૭૫ ચાલુ)

| | |
|---|---|
| ૭. પ્રકૃતિ ભદ્ર | × × |
| ૮. કેટલીક સ્ત્રીઓ | × × |
| ૯. બાળ તપસ્વી | × × |
| ૧૦. વાનપ્રસ્થ, | ૭. તાપસ |
| ૧૧. કાન્દર્પિક શ્રમણ આદિ, | ૮. કાન્દર્પિક શ્રમણ, |
| ૧૨. સાંખ્ય આદિ પરિવ્રાજક, | ૯. ચરક પરિવ્રાજક, |
| ૧૩. પ્રત્યનીક શ્રમણ | ૧૦. કિલ્વિષિક |
| ૧૪. આત્મપ્રશંસકાદિ | ૧૨. આભિયોગિક, |
| ૧૫. આજીવિક | ૧૩. આજીવિક, |
| ૧૬. નિન્હવ | ૧૪. દર્શન ભ્રષ્ટ વેષ ધારક, |
| ૧૭. × × | ૧. અસંયત ભવ્ય દ્રવ્ય દેવ, |
| ૧૮. × × | ૩. વિરાધિત સંયમી, |
| ૧૯. × × | ૫. વિરાધિત સંયમા સંયમી, |
| ૨૦. × × | ૬. અસંજ્ઞી, |

બન્ને આગમની મળી ૨૦ (વીસ) પૃચ્છા થાય છે. ભગવતી સૂત્રમાં વીસમાંથી ચૌદની સંખ્યા મળે છે અને "ઉવવાઈ સૂત્ર"માં ૧૬ની સંખ્યા મળે છે. દશ પૃચ્છા બન્ને આગમોમાં સરખી છે. પ્રજ્ઞાપના સૂત્ર પદ ૨૦ સૂત્ર ૧૪૭૦માં ભગવતી સૂત્રની જેમ જ ચૌદ પૃચ્છા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. संसत्ततवोकम्मेणं,

४. णिमित्ताजीवियाए ।

चउहिं ठाणेहिं जीवा आभिओगहत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. अत्तुक्कोसेणं,

२. परपरिवाएणं,

३. भूतिकम्मेणं,

४. कोउयकरणेणं ।

चउहिं ठाणेहिं जीवा सम्मोहत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. उम्मग्गदेसणाए,

२. मग्गंतराएणं,

३. कामासंसप्पओगेणं,

४. भिज्जाणियाण करणेणं ।

चउहिं ठाणेहिं जीवा देवकिव्विसियत्ताए कम्मं पगरेंति, तं जहा-

१. अरहंताणं अवण्णं वदमाणे,

२. अरहंतपण्णत्तस्स धम्मस्स अवण्णं वदमाणे,

३. आयरियउवज्झायाणअवण्णं वदमाणे,

४. चाउवण्णस्स संघस्स अवण्णं वदमाणे ।

*-ठाणं. अ. ४, उ. ४, सु. ३५४*

૩. સંસક્તતપ-કર્મ-આહાર ઉપધિની પ્રાપ્તિ માટે તપ કરવાથી,

૪. નિમિત્ત-જીવિતા = નિમિત્ત આદિ બતાવીને આહારાદિ પ્રાપ્ત કરવાથી,

ચાર સ્થાનોથી જીવ આભિયોગીત્વ-કર્મનું ઉપાર્જન કરે છે, યથા -

૧. આત્મોત્કર્ષ = આત્મગુણોનું અભિમાન કરવાથી,

૨. પર-પરિવાદ = બીજાનો અવર્ણવાદ બોલવાથી,

૩. ભૂતિકર્મ-ભસ્મ લેપ આદિ દ્વારા ચિકિત્સા કરવાથી,

૪. કૌતુકકરણ = મંત્રિત જળથી સ્નાન કરવાથી,

ચાર સ્થાનોથી જીવ સમોહત્વ-કર્મનું ઉપાર્જન કરે છે, યથા-

૧. ઉન્માર્ગ-દેશના = મિથ્યાધર્મની પ્રરુપણા કરવાથી,

૨. માર્ગાન્તરાય = મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત સાધકોને વિઘ્ન ઉત્પન્ન કરવાથી.

૩. કામાશંસાપ્રયોગ = શબ્દાદિ વિષયોમાં અભિલાષા કરવાથી,

૪. મિથ્યાનિદાનકરણ = આસક્તિપૂર્વક નિદાન કરવાથી,

ચાર સ્થાનોથી જીવ દેવ કિલ્વિષિકત્વ-કર્મનું ઉપાર્જન કરે છે, યથા -

૧. અરિહંતોનો અવર્ણવાદ બોલવાથી,

૨. અરિહંત પ્રરૂપિત ધર્મનો અવર્ણવાદ બોલવાથી,

૩. આચાર્ય તથા ઉપાધ્યાયનો અવર્ણવાદ બોલવાથી,

૪. ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલવાથી.

## નિદાન-અનિદાનથી આરાધના-વિરાધના - ૪

### (१) णिग्गंथस्स माणुस्सग-भोगट्ठा णिदाणं करणं-

१९२१. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते, इणमेव निग्गंथे पावयणे सच्चे, अणुत्तरे, पडिपुण्णे, केवले, संसुद्धे, णेआउए, सल्लकत्तणे, सिद्धिमग्गे, मुत्तिमग्गे, निज्जाणमग्गे, निव्वाणमग्गे, अवितहमविसंदिद्धे, सव्वदुक्खप्पहीणमग्गे ।

### નિર્ગ્રન્થે મનુષ્ય-સંબંધી ભોગો માટે નિદાન કરવું :

૧૯૨૧. હે આયુષ્મન્ શ્રમણ ! મેં ધર્મનું નિરૂપણ કર્યું છે. આ નિર્ગ્રન્થ પ્રવચન જ સત્ય છે, શ્રેષ્ઠ છે, પ્રતિપૂર્ણ છે, અદ્વિતીય છે, શુદ્ધ છે, ન્યાયયુક્ત છે, શલ્યનો સંહાર કરનાર છે. સિદ્ધિ, મુક્તિ, નિર્યાણ તથા નિર્વાણનો એ જ માર્ગ છે, તે જ યથાર્થ છે. એ જ શાશ્વત છે. તથા સર્વ દુઃખોનો અંત કરનાર આ જ માર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्थं ठिया जीवा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति ।

આ સર્વ પ્રજ્ઞપ્ત ધર્મના આરાધક જીવ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈને નિર્વાણને પ્રાપ્ત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

जस्स णं धम्मस्स निग्गंथे सिक्खाए उवट्ठिए विहरमाणे, पुरा दिगिंच्छाए, पुरा पिवासाए, पुरा सीताऽऽतवेहिं पुरा पुट्ठेहिं विरूवरूवेहिं परीसहोवसग्गेहिं उदिण्णकामजाए यावि विहरेज्जा से य परक्कमेज्जा, से य परक्कमाणे पासेज्जा जे इमे उग्गपुत्ता महा-माउया भोगपुत्ता महा-माउया ।

આ ધર્મની આરાધના માટે તત્પર બનેલા આરાધક સંયમ સાધનામાં પ્રવૃત્ત વિશુદ્ધ નિર્ગ્રન્થને ભૂખ, તરસ, ઠંડી, ગરમી ઈત્યાદિ પરિષહ ઉપસર્ગ આદિની પીડાથી કામવાસનાનો પ્રબળ ઉદય થઈ જાય છે. ત્યારે તેઓ વિશુદ્ધ માતૃ-પિતૃ પક્ષવાળા, ઉગ્રવંશીય કે ભોગવંશીય રાજકુમારોને જુએ છે.

तेसिं णं अण्णयरस्स अतिजायमाणस्स वा निज्जायमाणस्स वा, पुरओ महं दास-दासी- किंकर-कम्मकर-पुरिसा, छत्तं भिंगारं गहाय निग्गच्छंति ।

એ (ભિક્ષુ) કેટલાક ઘરોમાં પ્રવેશ કરતાં નીકળતાં છત્ર, ઝારી આદિ ગ્રહણ કરેલા અનેક દાસ-દાસી, કિંકર અને કર્મકર પુરુષને આગળ ચાલતા જુએ છે.

तयाणंतरं च णं पुरओ महाआसा आसवरा, उभओ तेसिं नागा नागवरा पिट्ठओ रहा रहवरा रहसंगेल्लि पुरिस पदातिं परिक्खित्तं ।

તે રાજકુમાર આગળ ઉત્તમ પ્રકારના અશ્વ, બંને તરફ હાથી અને પાછળ-પાછળ સુસજ્જિત બનેલો રથ ચાલે છે તથા તે પગે ચાલતા પુરુષોથી ઘેરાયેલો રહે છે.

से यं उद्धरिय-सेय-छत्ते, अब्भुगये भिंगारे, पग्गहिय तालियंटे, पवीयमाण-सेय-चामर-बालवीयणीए । अभिक्खणं-अभिक्खणं अतिजाइ य निज्जाइ य सप्पभा ।

તેમજ ઉંચું ઉપાડેલ શ્વેત છત્ર, ઝારી, તાડપત્રનો પંખો તથા શ્વેત ચામર વીંઝતા ચાલે છે. આ પ્રકારના વૈભવથી તે વારંવાર ગમનાગમન કરે છે.

स पुव्वावरं च णं ण्हाए-**जाव**-[1] सव्वालंकारविभूसिए, महति महालियाए कूडागारसालाए, महति महालयंसि सयणिज्जंसि दुहओ उण्णतेमज्झे णतगंभीरे वण्णओ सव्व रातिणिएणं जोइणा झियायमाणेणं, इत्थि-गुम्म-परिवुडे महयाहत-नट्ट-गीय-वाइय- तंती-तल-ताल-तुडिय घण मुइंग-मुद्दगल-पडुप्प-याइय-रवेणं उरालाइं माणुसगाइं कामभोगाइं भुंजमाणे विहरइ । तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेंति-

તે રાજકુમાર યોગ્ય સમયે સ્નાન કરી **યાવત્** સર્વ અલંકારોથી વિભૂષિત બની વિશાળ રાજપ્રાસાદમાં બંને કિનારાઓથી ઉન્નત અને મધ્યમાં અવનત તથા ગંભીર (ઈત્યાદિ વર્ણન જાણવું)- આ પ્રમાણે જેમાં દીપક ઝગમગી રહ્યાં છે તેવા શયનકક્ષમાં, વનિતાવૃંદથી ઘેરાયેલો (રાજકુમાર) આખી રાત કુશળ નર્તકોના નૃત્ય જુએ છે, ગાયકોના ગીત સાંભળે છે, તેમજ વાજિંત્ર, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ધન, મૃદંગ, માદલ ઈત્યાદિ મહાન્ શબ્દ કરનારા વાદ્યોની મધુર ધ્વનિ સાંભળે છે. આ પ્રમાણે તે ઉત્તમ મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવતો રહે છે. તે કોઈ એકને બોલાવે તો ચાર પાંચ બોલાવ્યા વગર જ ઉપસ્થિત થઈ જાય, અને તેઓ પૂછવા લાગે કે -

"भण देवाणुप्पिया ! किं करेमो ? किं उवणेमो ? किं आहरेमो ? किं आचिट्ठामो ? किं भे हिय-इच्छियं ? किं ते आसगस्स सदति ?

'હે દેવાનુપ્રિય ! બોલો અમે શું કરીએ ? શું લાવીએ ? શું અર્પણ કરીએ ? અને કેવું આચરણ કરીએ ? આપની હાર્દિક અભિલાષા શું છે ? આપને ક્યા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?'

जं पासित्ता णिग्गंथे णिदाणं करेइ-

તેને જોઈ નિર્ગ્રન્થ નિયાણું કરે છે. યથા -

---

१. ज्ञाता. अ. १, सु. ४७, पृ १० (अंगसुत्ताणि)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"जइ इमस्स सुचरिय-तव-नियम-बंभचेरवासस्स कल्लाणे फलवित्ति-विसेसे अत्थि, तं अहमवि आगमिस्साए इमाइं एयारूवाइं उरालाइं माणुस्सगाइं काम-भोगाइं भुंजमाणे विहरामि-से तं साहू ।"

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી તેમજ વિશેષ ફળરૂપ હોય તો, હું પણ આગામી કાળમાં આ પ્રમાણે જ ઉત્તમ મનુષ્યસંબંધી કામભોગોને ભોગવતો વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.'

एवं खलु समणाउसो ! निग्गंथे णिदाणं किच्चा तस्स ठाणस्स अणालोइय-अप्पडिक्कंते कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवति-महड्ढिएसु महज्जुएसु महब्बलेसु महायसेसु महासुक्खेसु महाणुभागेसु दूरगईसु चिरट्ठितिएसु ।

હે આયુષ્મન્ શ્રમણો ! તે નિર્ગ્રન્થ એવું નિયાણું કરી તે નિયાણા સંબંધી સંકલ્પોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર જીવનની અંતિમ શ્રેણીમાં દેહ પરિત્યાગ કરી મહાન ઋદ્ધિવાળા, મહાન દ્યુતિવાળા, મહાન બળ વાળા, મહાન યશવાળા, મહાન સુખવાળા, મહાન પ્રભાવાળા, લાંબી ગતિ અને સ્થિતિવાળા કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

से णं तत्थ देवे भवइ महड्ढिए-**जाव**-[१] दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरइ-**जाव**-[२]से णं तओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं, अणंतरं चयं चइत्ता से जे इमे भवंति उग्गपुत्ता महामाउया भोगपुत्ता महा-माउया, तेसिं णं अन्नयरंसि कुलंसि पुत्तत्ताए पच्चायाति ।

તે ત્યાં મહર્ધિક દેવ થાય છે **યાવત્** દેવ સંબંધી ભોગોને ભોગવતો વિચરે છે **યાવત્** તે આયુ, ભવ અને સ્થિતિનો ક્ષય થવાથી તે દેવલોકથી ચ્યવી શુદ્ધ માતૃપિતૃ પક્ષવાળા ઉગ્રકુળ કે ભોગકુળમાંથી કોઈ એક કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે.

से णं तत्थ दारए भवइ, सुकुमाल-पाणि-पाए, अहीण पडिपुण्णं पंचिंदिय सरीरे, लक्खण-वंजण-गुणोववेए, ससिसोमागारे, कंते, पियदंसणे, सुरूवे ।

ત્યાં તે બાળક કોમળ હાથ પગવાળો, શરીર તથા પાંચેય આંગળીઓથી સંપૂર્ણ, શુભ લક્ષણ વ્યંજન-ગુણોથી યુક્ત, ચંદ્રમા જેવો સૌમ્ય, કાન્ત, પ્રિયદર્શન અને સુંદર રૂપવાળો હોય છે.

तए णं से दारए उम्मुक्क-बाल-भावे, विण्णाण-परिणयमित्ते, जोवणगमणुप्पत्ते सयमेव पेइयं दायं पडिवज्जति ।

બાલ્યાવસ્થા વ્યતીત થતાં તેનાં જ્ઞાન વિજ્ઞાનની વૃદ્ધિ થતાં તે બાળક યૌવન અવસ્થાને પ્રાપ્ત કરે છે. ત્યારે તે પોતે પૈતૃક સંપત્તિનો માલિક બને છે.

तस्स णं अतिजायमाणस्स वा णिज्जायमाणस्स वा, पुरओ महं दासी-दास किंकर-कम्मकर पुरिसा छत्तं भिंगारं गहाय निग्गच्छति-**जाव**-[३] तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेति "भण देवाणुप्पिया ! किं करेमो-**जाव**[४]-किं ते आसगस्स सदति ?"

તે ક્યાંય જાય છે કે આવે છે ત્યારે આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસ, દાસી, નોકર, ચાકર ચાલે છે **યાવત્** એકને બોલાવવાથી તેની સામે ચાર પાંચ વગર બોલાવ્યે જ આવીને ઊભા રહે છે, અને પૂછે છે કે 'હે દેવાનુ-પ્રિય ! કહો અમે શું કરીએ ? **યાવત્** તમને ક્યા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?'

प. तस्स णं तहप्पगारस्स पुरिसजायस्स तहारूवे समणे वा माहणे वा उभओ कालं केवलिपण्णत्तं धम्ममाइक्खेज्जा ?

પ્ર. આ પ્રકારની ઋદ્ધિવાળા તે પુરુષને તપ સંયમના સાક્ષાત્ સ્વરૂપ કોઈ શ્રમણ-માહણ કેવલી પ્રરૂપિત ધર્મ સંભળાવે ખરા ?

उ. हंता, आइक्खेज्जा ।

ઉ. હા, સંભળાવે.

प. से णं पडिसुणेज्जा ?

પ્ર. તો તે સાંભળે ખરો ?

---

१. ठाणं. अ. ८, सु. १०

२. ठाणं. अ. ८, सु. १०

३. એ જ નિયાણામાં જુઓ.

४. એ જ નિયાણામાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. णो इणट्ठे समट्ठे । अभविए णं से तस्स धम्मस्स सवणयाए ।

से य भवइ महिच्छे[1]–**जाव**–दाहिणगामी नेरइए कण्हपक्खिए, आगमिस्साए दुल्लहबोहिए यावि भवइ ।

तं एवं खलु समणाउसो ! तस्स णियाणस्स इमेयारूवे पावए फल–विवागे–'जं णो संचाएइ केवलिपण्णत्तं धम्मं पडिसुणित्तए ।'

–दसा. द. १०, सु. २२–२५

ઉ. એ સંભવ નથી. કારણ કે તે એ ધર્મ-શ્રવણને યોગ્ય નથી.

તે મહા ઈચ્છાવાળો **યાવત્** દક્ષિણદિશાવર્તી નરકમાં કૃષ્ણપાક્ષિક નૈરયિકરૂપે ઉત્પન્ન થાય છે. તથા ભવિષ્યમાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ દુર્લભ હોય છે.

હે આયુષ્માન્ શ્રમણો ! તે નિદાનશલ્યનું આ પાપકારી પરિણામ છે, કે 'તે કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ પણ કરી શકતો નથી.'

## (२) णिग्गंथीए माणुस्सग भोगट्ठा णिदाणं करणं–

१९२२. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते, इणमेव निग्गंथे पावयणे सच्चे–**जाव**[2]–सव्वदुक्खाणं अंतं करेंति ।

जस्स णं धम्मस्स निग्गंथी सिक्खाए उवट्ठिया विहरमाणी–**जाव**[3]–पासेज्जा से जा इमा इत्थिया भवइ–एगा, एगजाया, एगाभरण–पिहाणा, तेल्ल–पेला इव सुसंगोपिता, चेल–पेला इव सुसंपरिगहिया, रयणकरंडकसमाणी ।

तीसे णं अतिजायमाणीए वा, निज्जायमाणीए वा पुरओ महं दासी–दास–किंकर–कम्मकर–पुरिसा छत्तं भिंगारं गहाय निग्गच्छंति–**जाव**[4]–तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेंति, "भण देवाणुप्पिया ! किं करेमो–**जाव**[5]–किं ते आसगस्स सदति ?"

जं पासित्ता निग्गंथी णिदाणं करेति, तं जहा –

"जइ इमस्स सुचरिय–तव–नियम–बंभचेरवासस्स कल्याणे फलवित्तिविसेसे अत्थि, तं अहमवि आगमिस्साए इमाइं एयारूवाइं उरालाइं माणुस्सगाइं कामभोगाइं भुंजमाणी विहरामि से तं साहु ।"

एवं खलु समणाउसो ! निग्गंथी णिदाणं किच्चा तस्स ठाणस्स अणालोइय अप्पडिक्कंता कालमासे कालं किच्चा अण्णतरेसु देवलोएसु देवत्ताए उववत्तारा भवइ–**जाव**[6]–दिव्वाइं भोग भोगाइं भुंजमाणी विहरइ–**जाव**[7]–सा णं ताओ देवलोगाओ

## (૨) નિર્ગ્રન્થીનું મનુષ્ય સંબંધી ભોગો માટે નિયાણું કરવું :

૧૯૨૨. હે આયુષ્માન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે. એ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

આ ધર્મની આરાધના માટે તત્પર બનેલી આરાધના કરતી નિર્ગ્રન્થી **યાવત્** એક એવી સ્ત્રીને જુએ છે જે પોતાના પતિને એક માત્ર પ્રાણપ્રિયા છે. તે એક સરખા વસ્ત્ર, આભૂષણથી સજેલી છે તથા તેલની કૂપી, વસ્ત્રની પેટી અને રત્નના કરંડિયા સમાન સંરક્ષણીય છે અને સંગ્રહણીય છે.

મહેલમાં જતાં આવતાં તેની આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસી-દાસ, નોકર-ચાકર ચાલે છે, **યાવત્** એકને બોલાવવાથી તેની સામે ચાર પાંચ બોલાવ્યા વગર જ આવીને ઊભા રહે છે અને પૂછે છે કે- 'હે દેવાનુપ્રિયે, બોલો અમે શું કરીએ ? **યાવત્** આપને કયા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?'

તેને જોઈ નિર્ગ્રન્થી નિયાણું કરે છે, યથા -

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય તો, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી તેમજ વિશેષ ફળ રૂપ હોય તો, હું પણ આગામી કાળમાં આ પ્રમાણે ઉત્તમ મનુષ્ય સંબંધી કામભોગોને ભોગતી વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.'

હે આયુષ્માન્ શ્રમણો ! એવું નિયાણું કરીને તે નિયાણા સંબંધી સંકલ્પોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર જીવનની અંતિમ ક્ષણોમાં દેહ પરિત્યાગ કરી કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે **યાવત્** દિવ્ય ભોગ ભોગવે છે. **યાવત્** આયુષ્ય, ભવ અને

१. सूय. श्रु. २, अ. २, सु. ५८–६१ (अंगसुत्ताणि)
२-७. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं अणंतरं चयं चइत्ता जे इमे भवंति उग्गपुत्ता महामाउया-भोगपुत्ता महामाउया एतेसिं णं अण्णयरंसि कुलंसि दारियत्ताए पच्चायाति ।

सा णं तत्थ दारिया भवइ सुकुमाला-**जाव**[1]-सुरूवा ।

तए णं तं दारियं अम्मा-पियरो-उम्मुक्क-बालभावं, विण्णाणपरिणयमित्तं, जोव्वणगमणुप्पत्तं, पडिरूवेणं सुक्केण पडिरूवस्स भत्तारस भारियत्ताए दलयंति ।

सा णं तस्स भारिया भवइ एगा, एगजाया, इट्ठा, कंता, पिया, मणुण्णा, मणामा, धेज्जा, वेसासिया सम्मया बहुमया, अणुमया, रयण-करंडग-समाणा ।

तीसे णं अतिजायमाणीए वा निज्जायमाणीए वा पुरओ महं दासी-दास-किंकर-कम्मकर पुरिसा छत्तं, भिंगारं गहाय निग्गच्छंति-**जाव**[2]-तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेंति- "भण देवाणुप्पिया ! किं करेमो-**जाव**[3]-किं ते आसगस्स सदति ।"

प. तीसे णं तहप्पगाराए इत्थियाए तहारूवे समणे वा माहणे वा उभयकालं केवलिपण्णत्तं धम्मं आइक्खेज्जा ?

उ. हंता, आइक्खेज्जा.

प. सा णं पडिसुणेज्जा ?

उ. णो इणट्ठे समट्ठे । अभविया णं सा तस्स धम्मस्स सवणयाए ।

सा य भवति महिच्छा-**जाव**[4]-दाहिणगामिए णेरइए कण्हपक्खिए आगमिस्साए दुल्लभबोहिया यावि भवइ ।

एवं खलु समणाउसो ! तस्स नियाणस्स इमेयारूवे पावए फल-विवागे-'जं णो संचाएति केवलिपण्णत्तं धम्मं पडिसुणित्तए ।'

-*दसा. द. १०, सु. २६-२९*

સ્થિતિનો ક્ષય થવાથી તે દેવલોકથી ચ્યવી વિશુદ્ધ માતા-પિતા પક્ષવાળા ઉગ્રકુળ કે ભોગકુળમાંથી કોઈ એક કુળમાં પુત્રીરૂપે ઉત્પન્ન થાય છે.

ત્યાં તે બાલિકા સુકુમાર **યાવત્** સુંદર રૂપવાળી હોય છે.

બાલ્યાવસ્થા વ્યતીત થતાં તથા વિજ્ઞાનની વૃદ્ધિ થવાથી તે બાલિકા યૌવન અવસ્થાને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેના માતાપિતા તેના જેવા સુંદર અને યોગ્ય પતિને કરિયાવર સહિત પત્નીરૂપે સોંપી દે છે.

તે તેના પતિની ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, અત્યંત મનોહર, ધૈર્યવાળી, વિશ્વાસપાત્ર, સંમત, બહુમત, અનુમત તથા રત્ન કરંડિયા સમાન માત્ર એક ભાર્યા હોય છે.

જતાં આવતાં તેની આગળ છત્ર, ઝારી લઈને અનેક દાસી-દાસ, નોકર-ચાકર ચાલે છે **યાવત્** એકના બોલાવવાથી તેની સામે ચાર પાંચ બોલાવ્યા વગર ઊભા રહે છે અને પૂછે છે કે, 'હે દેવાનુપ્રિયે ! બોલો અમે શું કરીએ ? **યાવત્** આપને ક્યા પ્રકારના પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?'

પ્ર. તે ઋદ્ધિ સંપન્ન સ્ત્રીને કોઈ તપ સંયમનાં સાક્ષાત્ સ્વરૂપ શ્રમણ, માહણ બન્ને કાળ કેવલી-પ્રરૂપિત ધર્મ કહી શકે ખરા ?

ઉ. હા, કહી શકે.

પ્ર. શું તે શ્રદ્ધાપૂર્વક સાંભળે ખરી ?

ઉ. એ સંભવ નથી. કારણ કે - તે ધર્મશ્રવણ માટે અયોગ્ય છે.

તે ઉત્કૃષ્ટ અભિલાષાઓવાળી **યાવત્** દક્ષિણ દિશાવર્તી નરકમાં કૃષ્ણપાક્ષિક નૈરયિકરૂપે ઉત્પન થાય છે તથા ભવિષ્યમાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ દુર્લભ હોય છે.

હે આયુષ્માન્ શ્રમણો ! તે નિદાનશલ્યનું આ પાપકારી પરિણામ છે કે 'તે કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ પણ કરી શકતી નથી.'

---

૧-૪. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(३) णिग्गंथस्स इत्थित्तट्ठा णिदाणं करणं-**

१९२३. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते, इणमेव निग्गंथे पावयणे सच्चे-**जाव**[१]-सव्वदुक्खाणं अंतं करेंति ।

जस्स णं धम्मस्स सिक्खाए निग्गंथे उवट्ठिए विहरमाणे-**जाव**[२]-पासेज्जा-से जा इमा इत्थिया भवति-एगा, एगजाया **जाव**[३]-जं पासित्ता निग्गंथे निदाणं करेति-

"दुक्खं खलु पुमत्तणाए,

जे इमे उग्गपुत्ता महा-माउया, भोगपुत्ता महा-माउया, एतेसिं णं अण्णतरेसु उच्चावएसु महासमर-संगामेसु उच्चावयाइं सत्थाइं उरंसि चेव पडिसंवेदेंति । तं दुक्खं खलु पुमत्तणए, इत्थित्तणयं साहू ।"

"जइ इमस्स सुचरिय तव-नियम-बंभचेरवासस्स फलवित्तिविसेसे अत्थि तं अहमवि आगमेस्साए इमाइं एयारूवाइं उरालाइं इत्थिभोगाइं भुंजमाणे विहरामि-से तं साहू ।"

एवं खलु समणाउसो ! णिग्गंथे णियाणं किच्चा तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते-**जाव**[४]-आगमेस्साए दुल्लहबोहिए यावि भवइ ।

एवं खलु समणाउसो ! तस्स णियाणस्स इमेयारूवे पावए फल विवागे जं नो संचाएइ केवलिपण्णत्तं धम्मं पडिसुणित्तए ।

*- दसा द. १०, सु. ३०-३२*

**(૩) નિર્ગ્રન્થનું સ્ત્રી-સંબંધી નિદાનકરણ :**

૧૯૨૩. હે આયુષ્માન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે, એ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

કોઈ નિર્ગ્રન્થ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મની આરાધના માટે આરાધના કરતો **યાવત્** એક સ્ત્રીને જુએ છે - જે પોતાના પતિની એકમાત્ર પ્રાણપ્રિયા છે યાવત્ નિર્ગ્રન્થ તે સ્ત્રીને જોઈ નિયાણું કરે છે.

"પુરુષનું જીવન દુઃખદાયી છે."

કારણ કે જે વિશુદ્ધ માતાપિતા પક્ષવાળા ઉગ્રવંશી કે ભોગવંશી પુરુષ છે તે કોઈ નાના મોટા યુદ્ધમાં જતા હોય છે. તથા નાના મોટા શસ્ત્રોનો પ્રહાર વક્ષઃસ્થળ પર લાગવાના કારણે વેદનાથી વ્યથિત હોય છે. માટે પુરુષનું જીવન દુઃખમય છે. અને સ્ત્રીનું જીવન સુખમય છે.''

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય તો, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી તેમજ વિશેષ ફળરૂપે હોય તો હું પણ આગામી કાળમાં સ્ત્રી-સંબંધી ઉત્તમ કામભોગોને ભોગવતો વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.'

હે આયુષ્માન્ શ્રમણો ! એવું નિયાણું કરીને તે નિર્ગ્રન્થ નિયાણા સંબંધી સંકલ્પોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર **યાવત્** તેને આગામી કાળમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ દુર્લભ થાય છે.

હે આયુષ્માન્ શ્રમણો ! તે નિદાનનું આ પાપકારી પરિણામ છે કે- તે કેવલિ પ્રરૂપિત ધર્મ ને સાંભળી પણ શકતો નથી.

**(४) णिग्गंथीए पुमत्तट्ठा णियाण करणं -**

१९२४. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते इणमेव णिग्गंथे पावयणे सच्चे-**जाव**-[५] सव्वदुक्खाणं अंतं करेंति ।

जस्स णं धम्मस्स निग्गंथी सिक्खाए उवट्ठिया विहरमाणी **जाव**[६]-पासेज्जा-जे इमे उग्गपुत्ता महामाउया भोगपुत्ता महामाउया-**जाव**[७]-जं पासित्ता निग्गंथी णिदाणं करेति ।

**(૪) નિર્ગ્રન્થીનું પુરુષ-સંબંધી નિદાનકરણ :**

૧૯૨૪. હે આયુષ્માન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે. એ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મની આરાધના માટે કોઈ નિર્ગ્રન્થી તત્પર બની વિચરે છે **યાવત્** કોઈ પુરુષને જુએ છે, જે વિશુદ્ધ માતાપિતા-પક્ષવાળા ઉગ્રવંશી કે ભોગવંશી છે **યાવત્** તેને જોઈ નિર્ગ્રન્થી નિયાણું કરે છે કે -

---

૧-૩. પહેલું નિયાણું જુઓ

૫-૬. પહેલું નિયાણું જુઓ

૪. બીજું નિયાણું જુઓ

७. आ. सु. २, अ. १, उ. २, सु. ३३८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"दुक्खं खलु इत्थित्तणए,
दुस्संचराइं गामंतराइं -**जाव**-[1] सन्निवेसंतराइं ।

से जहानामए अंब-पेसियाइ वा, मातुलिग-पेसियाइ वा, अंबाडग-पेसियाइ वा, उच्छुखंडियाइ वा, संबलि-फलियाइ वा, बहुजणस्स आसायणिज्जा, पत्थणिज्जा, पीहणिज्जा, अभिलसणिज्जा ।

एवामेव इत्थिया वि बहुजणस्स आसायणिज्जा-**जाव**[2]-अभिलसणिज्जा तं दुक्खं खलु इत्थित्तणए, पुमत्तणए णं साहू ।"

"जइ इमस्स सुचरित-तव-नियम-बंभचेरवासस्स फलवित्तिविसेसे अत्थि, तं अहमवि आगमेस्साइ इमाइं एयारूवाइं उरालाइं पुरिस-भोगाइं भुंजमाणी विहरामि-से तं साहू ।"

एवं खलु समणाउसो ! णिग्गंथी णिदाणं किच्चा तस्स ठाणस्स अणालोइय अप्पडिक्कंता-**जाव**[3]-आगमेस्साए दुल्लहबोहिया यावि भवइ ।

एवं खलु समणाउसो ! तस्स णियाणस्स इमेयारूवे पावए फल-विवागे-जं नो संचाएइ केवलिपण्णत्तं धम्मं पडिसुणित्तए ।

*- दसा. द. १०, सु. ३३-३४*

'સ્ત્રીનું જીવન દુઃખદાયી છે.

કારણ કે કોઈ બીજા ગામમાં **યાવત્** અન્ય સન્નિવેશમાં એકલી સ્ત્રી જઈ શકતી નથી.

જેમ આંબા, બીજોરા, આંબાની ચીર, શેરડીની ગંડેરી, અને શાલ્મલીનાં ચીરીયા, અનેક લોકો માટે સ્વાદિષ્ટ ગણાય છે, ઈચ્છનીય અને અભિલષિત હોય છે.

તેમ સ્ત્રીનું શરીર પણ અનેક પુરુષો માટે લોભાયમાન હોય છે **યાવત્** અભિલષનીય હોય છે. માટે સ્ત્રીનું જીવન દુઃખમય છે અને પુરુષનું જીવન સુખમય છે.'

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી તેમ જ વિશેષ ફળ રૂપે હોય તો હું પણ આગામી કાળમાં પુરુષ સંબંધી ઉત્તમ કામભોગોને ભોગવતી વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.'

હે આયુષ્માન્ શ્રમણો ! એવું નિયાણું કરીને તે નિર્ગ્રન્થી નિયાણા સંબંધી સંકલ્પોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર **યાવત્** તેને આગામી કાળમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ દુર્લભ થાય છે.

હે આયુષ્માન્ શ્રમણો ! તે નિદાનશલ્યનું આ પાપકારી પરિણામ છે, કે તે કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ પણ કરી શકતી નથી.

## (५) णिग्गंथ णिग्गंथीए परदेवी परिचारणा निदान करणं -

१९२५. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते इणमेव णिग्गंथे पावयणे सच्चे-**जाव**[4]-सव्वदुक्खाणमंतं करेंति ।

जस्स णं धम्मस्स निग्गंथो वा निग्गंथी वा सिक्खाए उवट्ठिए विहरमाणे-**जाव**[5]-से य परक्कममाणे माणुस्सेहिं कामभोगेहिं निव्वेयं गच्छेज्जा -

"माणुस्सगा खलु कामभोगा अधुवा, अणितिया, असासया, सडण-पडण-विद्धंसणधम्मा ।

"उच्चार-पासवण-खेल-जल्ल-सिंघाणग-वात-पित्त-सुक्कसोणियसमुब्भवा ।

दुरूव-उस्सास-निस्सासा, दुरंत-मुत्त-पुरिस-पुण्णा, वंतासवा, पित्तासवा, खेलासवा, पच्छा-पुरं च णं अवस्सं विप्पजहणिज्जा ।"

## (૫) નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી વડે પરદેવીપરિચારણાનું નિદાનકરણ :

૧૯૨૫. હે આયુષ્માન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે. એ જ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

કોઈ નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કેવલી પ્રજ્ઞપ્ત ધર્મની આરાધના માટે તત્પર બનેલા વિચરણ કરે છે **યાવત્** સંયમમાં પરાક્રમ કરતા મનુષ્ય સંબંધી કામભોગોથી વિરક્ત થઈ જાય અને એમ વિચારે કે -

"માનવ સંબંધી કામભોગ અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે અને સડવા ગળવાના સ્વભાવવાળા છે."

"મળ-મૂત્ર, શ્લેષ્મ મેલ, વાત-પિત્ત-કફ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થાય છે.

દુર્ગન્ધયુક્ત શ્વાસોચ્છ્વાસ તથા મળ-મૂત્રથી પરિપૂર્ણ છે. વાત-પિત્ત અને કફનું દ્વાર છે. પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે."

---

१. એ જ નિયાણું જુઓ.

२-५. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संति उड्ढं देवा देवलोयंसि,

તે णं तत्थ अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय अभिजुंजिय परियारेंति, अप्पणो चेव अप्पाणं विउव्विय–विउव्विय परियारेंति, अप्पणिज्जियाओ देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेंति ।

જે ઉપરના દેવલોકમાં દેવ રહે છે -

તે ત્યાં બીજા દેવોની દેવીઓને પોતાના આધીન કરી તેની સાથે વિષય સેવન કરે છે, પોતે જ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવન કરે છે, તેમજ પોતાની દેવીઓ સાથે પણ વિષય સેવન કરે છે.'

"जइ इमस्स सुचरिय–तव–नियम–बंभचेरवासस्स कल्लाणे फल–वित्ति विसेसे अत्थि तं अहमवि आगमेस्साए एमाइं एयारूवाइं दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरामि–से तं साहू ।"

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી અને વિશેષ ફળરૂપ હોય તો હું પણ આગામી કાળમાં ઉપરોક્ત દિવ્યભોગોને ભોગવતો વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે."

एवं खलु समणाउसो ! णिग्गंथो वा णिग्गंथी वा णियाणं किच्चा–जाव[1]–देवे भवइ, महिड्ढिए–**जाव**–[2] दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरइ ।

હે આયુષ્માન્ શ્રમણો ! આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈપણ પ્રકારનું નિયાણું કરી **યાવત્** દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહા ઋદ્ધિવાળો દેવ થાય છે **યાવત્** દિવ્યભોગોને ભોગવતો વિચરે છે.

से णं तत्थ अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ, अप्पणो चेव अप्पाणं विउव्विय–विउव्विय परियारेइ, अप्पणिज्जियाओ देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ ।

તે દેવ ત્યાં અન્ય દેવોની દેવીઓ સાથે વિષય સેવન કરે છે. પોતે જ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવન કરે છે. તેમજ પોતાની દેવીઓ સાથે પણ વિષય સેવન કરે છે.

से णं ताओ देवलोगाओ आउक्खएणं–**जाव**–[3] पुमत्ताए पच्चायाति–**जाव**–[4] तस्स णं एगयमवि आणवेमाणस्स जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेंति–"भण देवाणुप्पिया ! किं करेमो–**जाव**–[5] किं ते आसगस्स सदति ।"

આ દેવ તે દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી **યાવત્** પુરુષરૂપે ઉત્પન્ન થાય છે **યાવત્** તે એકને બોલાવે તો ચાર પાંચ બોલાવ્યા વગર જ તેની પાસે આવે છે અને પૂછે છે કે 'હે દેવાનુપ્રિય ! બોલો અમે શું કરીએ ? **યાવત્** આપને કયા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?'

प. तस्स णं तहप्पगारस्स पुरिसजायस्स तहारूवे समणे वा माहणे वा उभओ कालं केवलिपण्णत्तं धम्ममाइक्खेज्जा ?

પ્ર. આ પ્રમાણે ઋદ્ધિ સંપન્ન પુરુષને કોઈ તપ સંયમના સાક્ષાત્ સ્વરૂપ શ્રમણ-માહણ કેવલી પ્રરૂપિત ધર્મ કહી શકે ખરા ?

उ. हंता, आइक्खेज्जा ।

ઉ. હા, કહી શકે.

प. से णं पडिसुणिज्जा ?

પ્ર. શું તે શ્રદ્ધાપૂર્વક સાંભળે ખરા ?

उ. हंता, पडिसुणिज्जा ।

ઉ. હા, સાંભળે.

प. से णं सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ?

પ્ર. શું તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ કરે ખરા ?

उ. णो तिणट्ठे समट्ठे । अभविए णं से तस्स धम्मस्स सद्दहणयाए ।

ઉ. એ સંભવ નથી. કારણ કે તે સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ શ્રવણ માટે અયોગ્ય છે.

से य भवति महिच्छे –**जाव**–[6] दाहिणगामिए णेरइए कण्हपक्खिए आगमेस्साए दुल्लभबोहिए यावि भवति ।

તે ઉત્કૃષ્ટ અભિલાષાઓવાળા **યાવત્** દક્ષિણ દિશાવર્તી કૃષ્ણપાક્ષિક નૈરયિકરૂપે ઉત્પન્ન થાય છે. તથા ભવિષ્યમાં તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ દુર્લભ હોય છે.

---

૧-૬. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं खलु समणाउसो ! तस्स णियाणस्स इमेयारूवे पावए फलविवागे – जं णो संचाएति केवलि–पण्णत्तं धम्मं सद्दहित्तए वा, पत्तियत्तिए वा रोइत्तए वा ।

– *दसा द. १०, सु. ३५–३७*

હે આયુષ્માન્ શ્રમણો ! તે નિદાનશલ્યનું આ પાપકારી પરિણામ છે કે-તે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ રાખી શકતા નથી.

**(६) णिग्गंथ–णिग्गंथीए सगदेवी परिचारणानिदान करणं –**

**(૬) નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી દ્વારા સ્વદેવી પરિચારણાનું નિદાનકરણ :**

१९२६. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते–**जाव**–[१] से य परक्कममाणे माणुस्सएसु कामभोगेसु निव्वेयं गच्छेज्जा–

૧૯૨૬. હે આયુષ્માન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે. **યાવત્** સંયમની સાધનામાં પરાક્રમ કરતો નિર્ગ્રન્થ માનવ સંબંધી કામભોગોથી વિરક્ત થઈ જાય અને પછી એમ વિચારે કે-

"माणुस्सगा खलु कामभोगा अधुवा–**जाव**–[२] विप्पजहणिज्जा ।

"માનવ સંબંધી કામભોગ અધ્રુવ છે **યાવત્** ત્યાજ્ય છે.

संति उड्ढं देवा देवलोयंसि ते णं तत्थ णो अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय – अभिजुंजिय परियारेंति, अप्पणो चेव अप्पाणं विउव्वित्ता परियारेंति, अप्पणिज्जियाओ देवीओ अभिजुंजिय – अभिजुंजिय परियारेंति ।"

'જે ઉપરના દેવલોકના દેવ છે, તે ત્યાં અન્ય દેવોની દેવીઓ સાથે વિષય સેવન કરતા નથી. પરંતુ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવન કરે છે. તથા પોતાની દેવીઓ સાથે પણ વિષય સેવન કરે છે.'

"जइ इमस्स सुचरिय–तव–नियम–बंभचेरवासस्स कल्लाणे फलवित्ति विसेसे अत्थि, अहमवि आगमेस्साए इमाइं एयारूवाइं दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरामि, से तं साहू ।"

જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય તો, નિયમો ને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી અને વિશેષ ફળરૂપ હોય તો, હું પણ આગામી કાળમાં ઉપરોક્ત દિવ્યભોગોને ભોગવતો વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.

एवं खलु समणाउसो ! णिग्गंथो वा णिग्गंथी वा णियाणं किच्चा–**जाव**[३]–देवे भवइ महिड्ढिए–**जाव**[४]– दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरइ ।

હે આયુષ્માન્ શ્રમણો ! આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈ પણ પ્રકારનું નિયાણું કરી **યાવત્** દેવરૂપે ઉત્પન્ન થાય છે અને ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. **યાવત્** દિવ્યભોગોને ભોગવતો વિચરે છે.

से णं तत्थ णो अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ, अप्पणो चेव अप्पाणं विउव्विय विउव्विय परियारेइ, अप्पणिज्जियाओ देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ ।

તે દેવ ત્યાં અન્ય દેવીઓ સાથે વિષય સેવન કરતા નથી. પોતે જ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે વિષય સેવન કરે છે. તેમજ પોતાની દેવીઓ સાથે પણ વિષય સેવન કરે છે.

से णं ताओ देवलोगाओ आउक्खएणं–**जाव**–[५] पुमत्ताए पच्चायाति–**जाव**–[६] तस्स णं एगमवि आणवेमाणस्स–जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेंति "भण देवाणुप्पिया ! किं करेमो–**जाव**–[७] किं ते आसगस्स सयइ ।"

આ દેવ તે દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી **યાવત્** પુરુષ રૂપે ઉત્પન્ન થાય છે **યાવત્** તે એકને બોલાવે તો ચાર પાંચ બોલાવ્યા વગર જ તેની પાસે આવે છે. અને પૂછે છે કે- હે દેવાનુપ્રિય બોલો, અમે શું કરીએ ? **યાવત્** આપને ક્યા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?

प. तस्स णं तहप्पगारस्स पुरिसजायस्स तहारूवे समणे वा माहणे वा उभओ कालं केवली पण्णत्तं धम्मं आइक्खेज्जा ?

પ્ર. આ પ્રમાણે ઋદ્ધિ સંપન્ન તે પુરુષને કોઈ તપ સંયમના સાક્ષાત્ સ્વરૂપ શ્રમણ, માહણ બંને કાળ કેવલી-પ્રરૂપિત ધર્મ કહી શકે ખરા ?

---

૧-૭ પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. हंता, आइक्खेज्जा ।

प. से णं ! पडिसुणेज्जा ?

उ. हंता ! पडिसुणेज्जा ।

प. से णं सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ?

उ. णो तिणट्ठे समट्ठे । अण्णत्थ रुई यावि भवति ।

अण्णरुइमायाए से भवति–

जे इमे आरणिया, आवसहिया गामंतिया, कण्हूइ रहस्सिया । णो बहु–संजया, णो बहु–पडिविरया सव्व–पाण–भूय–जीव–सत्तेसु, अप्पणो सच्चामोसाइं एवं विपडिवदंति–

"अहं णं हंतव्वो, अण्णे हंतव्वा ।

अहं णं अज्जावेयव्वो, अण्णे अज्जावेयव्वा,

अहं णं परियावेयव्वो, अण्णे परियावेयव्वा,

अहं णं परिघेतव्वो, अण्णे परिघेतव्वा,

अहं णं उवद्दवेयव्वो, अण्णे उवद्दवेयव्वा,"

एवामेव इत्थिकामेहिं मुच्छिया गढिया गिद्धा अज्झोववण्णा–**जाव**–[1] कालमासे कालं किच्चा अण्णयरेसु आसुरिएसु किव्विसिएसु ठाणेसु उववत्तारो भवंति ।

ततो विमुच्चमाणो भुज्जो एल–मूयत्ताए पच्चायंति[2] ।

एवं खलु समणाउसो ! तस्स णिदाणस्स इमेयारूवे पावए फल–विवागे–जं णो संचाएति केवलि–पण्णत्तं धम्मं सद्दहित्तए वा, पत्तिइत्तए वा, रोइत्तए वा ।

–*दसा.* द. १०, सु. ३८

ઉ. હા, કહી શકે.

પ્ર. શું તે સાંભળે ખરા ?

ઉ. હા, તે સાંભળે.

પ્ર. શું તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ કરે ખરા ?

ઉ. એ સંભવ નથી. કારણ કે તે અન્ય દર્શનમાં રુચિ રાખનાર છે.

અન્ય દર્શનનો સ્વીકાર કરવાથી આવા આચરણવાળો હોય છે -

જેમ કે-કોઈ પર્ણકુટિમાં રહેનારો અરણ્યવાસી તાપસ અને ગામની નજીકના ઉદ્યાનમાં રહેનારો તાપસ તથા અદૃશ્ય થઈને રહેનારા તાંત્રિક તથા અસંયત છે. જે સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વની હિંસાથી વિરક્ત હોતા નથી, તે સત્યમૃષાનો આ પ્રમાણે પ્રયોગ કરે છે, જેમ કે -

"મને મારો નહિ, બીજાને મારો,

મને આદેશ આપો નહિ, બીજાને આપો,

મને દુઃખ આપો નહિ, બીજાને દુઃખી કરો,

મને પકડો નહિ, બીજાને પકડો,

મને ભયભીત કરો નહિ, બીજાને કરો,"

આ પ્રમાણે તે સ્ત્રી સંબંધી કામભોગમાં પણ મૂર્ચ્છિત - ગ્રથિત, મુગ્ધ તથા આસક્ત થઈ **યાવત્** જીવનની અંતિમ ક્ષણોમાં દેહ ત્યાગી કોઈ અસુર લોકમાં કિલ્વિષિક દેવપણે ઉત્પન્ન થાય છે.

ત્યાંથી તે દેહ ત્યાગી ફરી ઘેટા બકરાં જેવા મનુષ્યપણે મૂંગા તરીકે ઉત્પન્ન થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! એ જ નિયાણાનું આ પાપકારી પરિણામ છે કે-તે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ રાખતા નથી.

**(७) णिग्गंथ णिग्गंथीए सहज दिव्वभोग–णिदाण करणं–**

१९२७. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते–**जाव**–[3] से य परक्कममाणे माणुस्सएसु काम–भोगेसु–निव्वेदं गच्छेज्जा ।

**(૭) નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી દ્વારા સહજ દિવ્યભોગનું નિદાનકરણ :**

૧૯૨૭. હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં ધર્મનું પ્રરૂપણ કર્યું છે. **યાવત્** સંયમી આરાધનામાં પરાક્રમ કરતો નિર્ગ્રન્થ માનવ સંબંધી કામભોગોથી વિરક્ત થઈ જાય ત્યારે એમ વિચારે કે-

---

१. सूय. श्रु २, अ. २, सु. ५९ (अंगसुत्ताणि)

૨. અહીં નિદાનકૃત એક પુરુષ સંબંધી પૃચ્છામાં વચ્ચે બહુવચનનો પાઠ શરૂ થઈ અંત સુધી બહુવચનમાં પૂર્ણ થાય છે. ત્યાં એમ જણાય છે કે લિપિ પ્રમાદથી કોઈ સંબંધ જોડનાર પાઠ છૂટી ગયો છે.

૩. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"माणुस्सग्गा खलु कामभोगा अधुवा–**जाव**–[१] विप्पजहियव्वा ।

માનવ સંબંધી કામભોગ અધ્રુવ છે **યાવત્** ત્યાજ્ય છે.

संति उड्ढं देवा देवलोगंसि, ते णं तत्थ णो अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ, णो अप्पणो चेव अप्पाणं वेउव्विय–वेउव्विय परियारेइ, अप्पणिज्जियाओ देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ ।"

જે ઉપરના દેવલોકના દેવ છે - ત્યાં તે અન્ય દેવોની દેવીઓ સાથે વિષય સેવન કરતા નથી તથા પોતાની વિકુર્વિત દેવીઓની સાથે પણ વિષય સેવન કરતા નથી. પરંતુ પોતાની દેવીઓ સાથે કામક્રીડા કરે છે.'

"जइ इमस्स सुचरिय–तव–नियम–बंभचेरवासस्स कल्लाणे फलवित्ति विसेसे अत्थि, अहमवि आगमेस्साए इमाइं एयारूवाइं दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरामि, से तं साहू ।"

જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયુ હોય, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી અને વિશેષ ફળરૂપ હોય તો હું પણ આગામી કાળમાં ઉપરોક્ત દિવ્યભોગોને ભોગવતો વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.'

एवं खलु समणाउसो ! णिग्गंथो वा णिग्गंथी वा णियाणं किच्चा–**जाव**–[२] देवे भवइ, महिड्ढि **जाव**–[३] दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरइ ।

હે આયુષ્યમાન્ શ્રમણો ! આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈ પણ પ્રકારનું નિયાણું કરી **યાવત્** દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં મહા ઋદ્ધિવાળો દેવ થાય છે **યાવત્** દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે.

**से णं तत्थ णो** अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय–अभिजुंजिय परियारेइ, णो अप्पणो चेव अप्पाणं विउव्विय–विउव्विय परियारेइ, अप्पणिज्जियाओ देवीओ अभिजुंजिय अभिजुंजिय परियारेइ ।

તે દેવ અન્ય દેવોની દેવીઓ સાથે વિષય સેવન કરતો નથી, પોતે જ પોતાની વિકુર્વિત દેવીઓ સાથે પણ વિષય સેવન કરતો નથી, પરંતુ પોતાની દેવીઓ સાથે વિષય સેવન કરે છે.

से णं ताओ देवलोगाओ आउक्खएणं–**जाव**–[४] पमुत्ताए पच्चायाति–**जाव**–[५] तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच अवुत्ता चेव अब्भुट्ठेंति "भण देवाणुप्पिया ! किं करेमो –**जाव**–[६] किं ते आसगस्स सयइ ।"

આ દેવ તે દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી **યાવત્** પુરુષરૂપે ઉત્પન્ન થાય છે. **યાવત્** તે એકને બોલાવે તો ચાર પાંચ બોલાવ્યા વગર જ તેની પાસે આવે છે. અને પૂછે છે કે-હે દેવાનુપ્રિય બોલો, અમે શું કરીએ ? **યાવત્** આપને ક્યા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?

प. तस्स णं तहप्पगारस्स पुरिसजायस्स तहारूवे समणे वा माहणे वा उभओ कालं केवलीपण्णत्तं धम्ममाइक्खेज्जा ?

પ્ર. આ પ્રમાણે ઋદ્ધિ સંપન્ન પુરુષને કોઈ તપ સંયમનાં સાક્ષાત્ સ્વરૂપ શ્રમણ, માહણ બન્ને કાળ કેવલી પ્રરૂપિત ધર્મ કહી શકે ખરા ?

उ. हंता, आइक्खेज्जा ।

ઉ. હા, કહી શકે.

प. से णं ! पडिसुणेज्जा ?

પ્ર. શું તે સાંભળે ખરા ?

उ. हंता ! पडिसुणेज्जा ।

ઉ. હા, સાંભળે.

૧-૬. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से णं सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ?

ઉ. હંતા ! સદ્દહેજ્જા, પત્તિએજ્જા, રોએજ્જા ।

प्र. શું તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ કરે ખરા ?

ઉ. હા, તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ રાખે.

प. से णं सीलव्वय-गुणवय-वेरमण-पच्चक्खाण-पोसहोववासाइं पडिवज्जेज्जा ?

उ. णो तिणट्ठे समट्ठे । से णं दंसणसावए भवति । अभिगय जीवाजीवे-**जाव**-[1] अट्ठिमिज्जापेमाणु-रागरत्ते -

"अयमाउसो ! निग्गंथे पावयणे अट्ठे, एस परमट्ठे, सेसे अणट्ठे ।"

से णं एयारूवेणं विहारेणं विहरमाणे बहूइं वासाइं समणोवासग - परियायं पाउणइ, पाउणित्ता कालमासे कालं किच्चा अण्णतरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवति ।

एवं खलु समणाउसो ! तस्स णियाणस्स इमेयारूवे पावए फलविवागे ! - जं णो संचाएति सीलव्वय-गुणव्वय-वेरमण-पच्चक्खाण पोसहोववसाइं पडिवज्जित्तए ।

— दसा. द. १०, सु. ३९-४१

પ્ર. શું તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ સ્વીકાર કરે ?

ઉ. એ સંભવ નથી. એ માત્ર દર્શન શ્રાવક હોય છે.

તે જીવ અજીવનાં યથાર્થ સ્વરૂપના જ્ઞાતા હોય છે. **યાવત્** તેના હાડ અને હાડની મજ્જામાં ધર્મ પ્રત્યે અનુરાગ હોય છે.

'હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ જીવનમાં ઈષ્ટ છે. એ જ પરમાર્થ છે. બાકી બધું નિરર્થક છે.'

તે પ્રમાણે અનેક વર્ષો સુધી આગાર ધર્મની આરાધના કરે છે અને આરાધના કરીને જીવનની અંતિમ ક્ષણોમાં આયુષ્ય પૂર્ણ કરી કોઈ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નિયાણાનું આ પાપકારી પરિણામ છે કે તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ કરી શકતો નથી.

## (८) समणोवासगभवण णिदाण करणं -

१९२८. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते-**जाव**-[2] से य परक्कममाणे दिव्वमाणुस्सएहिं कामभोगेहिं णिव्वेदं गच्छेज्जा-

"माणुस्सगा कामभोगा अधुवा-**जाव**-[3] विप्पजहणिज्जा, दिव्वा वि खलु कामभोगा अधुवा, अणितिया, असासया, चलाचलण-धम्मा, पुणरागमणिज्जा पच्छा पुव्वं च णं अवस्सं विप्पजहणिज्जा ।"

## (૮) શ્રમણોપાસક સંબંધી નિદાનકરણ :

૧૯૨૮. હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે **યાવત્** સંયમની સાધનામાં પરાક્રમ કરતો નિર્ગ્રન્થ દિવ્ય અને માનુષિક કામભોગોથી વિરક્ત થઈ જાય અને પછી એમ વિચારે કે -

'માનવ સંબંધી કામભોગ અધ્રુવ છે **યાવત્** ત્યાજ્ય છે. દેવ સંબંધી કામભોગ પણ અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે, ચંચળ સ્વભાવવાળા છે, જન્મ મરણને વધારનાર છે, પહેલાં કે પછી અવશ્ય ત્યાગવા યોગ્ય છે.'

---

१. वि. श. २, उ. ५, सु. ११

२-૩. સાતવું નિયાણું જુવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जइ इमस्स सुचरिय–तव–नियम–बंभचेरवासस्स कल्लाणे फल–वित्तिविसेसे अत्थि, अहमवि आगमेस्साए, जे इमे भवंति उग्गपुत्ता महामाउया भोगपुत्ता महामाउया तेसिं णं अन्नयरंसि कुलंसि पुमत्ताए पच्चायामि, तत्थ णं समणोवासए भविस्सामि –

अभिगय – "जीवाजीवे –**जाव**–[१] अहापरिग्गहिएणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे विहरिस्सामि, से तं साहू ।"

एवं खलु समणाउसो ! निग्गंथो वा निग्गंथी वा णिदाणं किच्चा–**जाव**–[२] देवे भवइ महिड्ढिए–**जाव**–[३] दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरइ–**जाव**–[४] से णं ताओ देवलोगाओ अउक्खएणं –**जाव**–[५] पुमत्ताए पच्चायाति–**जाव**–[६] तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि–पंच–अवुत्ता चेव अब्भुट्ठेंति "भण देवाणुप्पिया ! किं करेमो–**जाव**–[७] किं ते आसगस्स सयइ ।'

प. तस्स णं तहप्पगारस्स पुरिसजायस्स तहारूवे समणे वा माहणे वा उभओ कालं केवलि–पण्णत्तं धम्ममाइक्खेज्जा ?

उ. हंता ! आइक्खेज्जा ।

प. से णं पडिसुणेज्जा ?

उ. हंता ! पडिसुणेज्जा ।

प. से णं सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ?

उ. हंता ! सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ।

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી અને વિશેષ ફળરૂપ હોય તો હું પણ આગામી કાળમાં જે વિશુદ્ધ માતૃપિતૃ પક્ષવાળા ઉગ્રવશી કે ભોગવંશી કુળો છે ત્યાં પુરુષપણે ઉત્પન્ન થાઉં અને શ્રમણોપાસક બનું.'

જીવાજીવના સ્વરૂપને જાણું **યાવત્** ગ્રહણ કરેલા તપમાં આત્માને ભાવિત કરતો વિચરણ કરું. એ જ મારા માટે શ્રેયસ્કર છે.'

હે આયુષ્માન્ શ્રમણો ! આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈ પણ પ્રકારનું નિયાણું કરી **યાવત્** દેવરૂપે ઉત્પન્ન થાય છે અને ત્યાં મહાઋદ્ધિવાળો દેવ થાય છે. **યાવત્** ત્યાં દિવ્યભોગોને ભોગવતો વિચરે છે. **યાવત્** તે દેવ દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી **યાવત્** પુરુષરૂપે ઉત્પન્ન થાય છે **યાવત્** તે એકને બોલાવે તો ચાર પાંચ બોલાવ્યા વગર જ તેની પાસે આવે છે. અને પૂછે છે કે-હે દેવાનુપ્રિય ! બોલો, અમે શું કરીએ ? **યાવત્** આપને ક્યા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?'

પ્ર. આ પ્રમાણે ઋદ્ધિ સંપન્ન તે પુરુષને કોઈ તપ સંયમના સાક્ષાત્ સ્વરૂપ શ્રમણ માહણ બન્ને કાળ કેવલી-પ્રરૂપિત ધર્મ કહી શકે ખરા ?

ઉ. હા, કહી શકે.

પ્ર. શું તે સાંભળે ખરા ?

ઉ. હા, સાંભળે.

પ્ર. શું તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ કરે ખરા ?

ઉ. હા, તે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે.

---

१. विया. श. २, उ. ५, सु. ११

૨-૭. સાતમું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से णं सीलव्वय–**जाव**–[1] पोसहोववासाइं पडिवज्जेज्जा ?

उ. हंता, पडिवज्जेज्जा ।

प. से णं मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वएज्जा ?

उ. णो तिणट्ठे समट्ठे । से णं समणोवासए भवति अभिगय–जीवाजीवे –**जाव**–[2] पडिलाभेमाणे विहरइ ।

से णं एयारूवेणं विहारेणं विहरमाणे बहूणि वासाणि समणोवासग–परियागं पाउणइ, पाउणित्ता आबाहंसि उप्पन्नंसि वा अणुप्पन्नंसि वा भत्तं पच्चक्खाएइ, भत्तं पच्चक्खाइत्ता बहूइं भत्ताइं अणसणाइं छेदेइ, बहूइं भत्ताइं अणसणाइं छेदित्ता आलोइय पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवति ।

एवं खलु समणाउसो ! तस्स नियाणस्स इमेयारूवे पावफलविवागे–जं नो संचाएति सव्वाओ सव्वत्ताए मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइत्तए ।

–दसा. द. १०, सु. ४२–४६

प्र. શું તે શીલવ્રત **યાવત્** પૌષધોપવાસ સ્વીકાર કરે છે ?

ઉ. હા, તે સ્વીકાર કરે છે.

પ્ર. શું તે ગૃહવાસ છોડીને મુંડિત થાય છે ? તથા અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરે છે ?

ઉ. એ સંભવ નથી. તે શ્રમણોપાસક હોય છે, જીવાજીવનો જ્ઞાતા **યાવત્** પ્રતિલાભિત થઈને વિચરે છે.

આવા પ્રકારના આચરણથી તે અનેક વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયનું પલાન કરે છે. પાલન કરીને રોગ ઉત્પન્ન થાય કે ન થાય છતાં પણ ભક્ત-પ્રત્યાખ્યાન કરે છે. ભક્ત પ્રત્યાખ્યાન કરી અનેક ભક્તોનું અનશનથી છેદન કરે છે. ઘણા ભક્તોનું અનશનથી છેદન કરીને આલોચના તથા પ્રતિક્રમણ દ્વારા સમાધિને પામે છે તથા જીવનની અંતિમ ક્ષણોમાં દેહનો ત્યાગ કરી કોઈ દેવલોકમાં દેવ થાય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! એ જ નિયાણાનું આ પાપકારી પરિણામ છે કે તે ગૃહવાસનો ત્યાગ કરી સર્વથા મુંડિત થઈ અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરી શકતો નથી.

## (९) समणभवण णिदाण करणं–

१९२९. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते–**जाव**–[3] से य परक्कममाणे दिव्वमाणुस्सेहिं कामभोगेहिं निव्वेयं गच्छेज्जा–

"माणुस्सगा खलु काम–भोगा अधुवा–**जाव**–[4] विप्पजहणिज्जा । दिव्वा वि खलु कामभोगा अधुवा–**जाव**–[5] पुणरागमणिज्जा, पच्छा–पुव्वं च णं अवस्सं विप्पजहणिज्जा ।

"जइ इमस्स सुचरिय–तव–नियम–बंभचेरवासस्स कल्लाणे फलवित्ति विसेसे अत्थि अहमवि आगमेस्साए जाइं इमाइं भवंति अंतकुलाणि वा, पंतकुलाणि वा, तुच्छकुलाणि वा, दरिद्द–कुलाणि वा, किवण–कुलाणि वा, भिक्खाग–कुलाणि वा एएसणं अण्णतरंसि कुलंसि पुमत्ताए पच्चायामि एस मे आया परियाए सुणीहडे भविस्सति, से तं साहू ।"

## (૯) શ્રમણ હોવા માટે નિદાનકરણ :

૧૯૨૯. હે આયુષ્યમન્ શ્રમણો ! મેં ધર્મનું પ્રરૂપણ કર્યું છે. **યાવત્** સંયમની સાધનામાં પરાક્રમ કરતો નિર્ગ્રન્થ દિવ્ય માનવ સંબંધી કામભોગથી વિરક્ત થઈ જ્યારે તે એમ વિચારે કે-

'માનવ સંબંધી કામભોગ અધ્રુવ છે **યાવત્** ત્યાજ્ય છે. દિવ્ય કામભોગ પણ અધ્રુવ **યાવત્** ભવ પરંપરા વધારનાર છે. તેમજ પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે.'

'જો મારું તપ સમ્યક્ પ્રકારે આચરાયું હોય, નિયમ અને બ્રહ્મચર્યનું પાલન કલ્યાણકારી અને વિશેષ ફળરૂપ હોય તો હું પણ આગામી કાળમાં જે આ અંતકુળ, પ્રાન્તકુળ, તુચ્છકુળ, દરિદ્રકુળ, કૃપણકુળ, ભિક્ષુકુળ છે એમાંથી કોઈ એક કુળમાં પુરુષ બનું જેથી હું પ્રવ્રજિત થવા માટે સુવિધાપૂર્વક ગૃહસ્થાવાસ છોડી શકું. તે આ શ્રેયસ્કર છે.

१. સાતમું નિયાણું જુઓ. २. विया. सं. २, उ. ५, सु. ११ ३–५. પહેલું અથવા સાતમું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं खलु समणाउसो ! णिग्गंथा वा णिग्गंथी वा णियाणं किच्चा-**जाव**-[१] देवे भवइ, महिड्ढिए-**जाव**-[२] दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरइ-**जाव**-[३] से णं ताओ देवलोगाओ आउक्खएणं-**जाव**-[४] पुमत्ताए पच्चायाति-**जाव**-[५] तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि-पंच अवुत्ता चेव अब्भुट्ठेंति "भण देवाणुप्पिया ! किं करेमो-**जाव**-[६] किं ते आसगस्स सयइ ?"

प. तस्स णं तहप्पगारस्स पुरिसजायस्स तहारूवे समणे वा माहणे वा उभओ कालं केवलि-पण्णत्तं धम्मंआइक्खेज्जा ?

उ. हंता, आइक्खेज्जा ।

प. से णं पडिसुणेज्जा ?

उ. हंता ! पडिसुणेज्जा ।

प. से णं सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ?

उ. हंता, सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ।

प. से णं सीलव्वय-गुणव्वय-वेरमण-पच्चक्खाण-पोसहोववासाइं पडिवज्जेज्जा ?

उ. हंता, पडिवज्जेज्जा ?

प. से णं मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वइज्जा ?

उ. हंता, पव्वइज्जा ।

प. से णं तेणेव भवग्गहणेणं सिज्झेज्जा-**जाव**-[७] सव्वदुक्खाणं अंतं करेज्जा ?

उ. णो इणट्ठे समट्ठे ।

से णं भवइ-से जे अणगारा भगवंतो इरियासमिया -**जाव**-[८] बंभयारी ।

से णं एयारूवेणं विहारेणं विहरमाणे बहूइं वासाइं सामण्ण परियागं पाउणइ, बहूइं वासाइं सामण्ण परियागं पाउणित्ता आबाहंसि उप्पन्नंसि वा अणुप्पन्नंसि वा भत्तं पच्चक्खाएइ, भत्तं पच्चक्खाइत्ता, बहूइं भत्ताइं

હે આયુષ્મન્ શ્રમણો ! આ પ્રમાણે નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી કોઈ પણ પ્રકારનું નિયાણું કરી **યાવત્** દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે ત્યાં મહાન્ ઋદ્ધિવાળો દેવ થાય છે. **યાવત્** દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે. **યાવત્** આ દેવ તે દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી **યાવત્** પુરુષ રૂપે ઉત્પન્ન થાય છે. **યાવત્** તે એકને બોલાવે તો ચાર પાંચ બોલાવ્યા વગર જ તેની પાસે આવે છે અને પૂછે છે કે- હે દેવાનુપ્રિય ! બોલો અમે શું કરીએ ? **યાવત્** આપને કયા પદાર્થ સ્વાદિષ્ટ લાગે છે ?

પ્ર. આ પ્રમાણે ઋદ્ધિ સંપન્ન પુરુષને કોઈ તપ સંયમના સાક્ષાત્ સ્વરૂપ શ્રમણ, માહણ બન્ને કાળ કેવલી પ્રરૂપિત ધર્મ કહી શકે ખરા ?

ઉ. હા, કહી શકે.

પ્ર. શું તે સાંભળે ખરા ?

ઉ. હા, તે સાંભળે.

પ્ર. શું તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતિતી અને રુચિ કરે ખરા ?

ઉ. હા, તે કેવલી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા, પ્રતિતી અને રુચિ રાખે.

પ્ર. શું તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ સ્વીકાર કરે ?

ઉ. હા, તે સ્વીકાર કરે.

પ્ર. શું તે ગૃહવાસનો ત્યાગ કરી મુંડિત થઈ અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરે ?

ઉ. હા, તે અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરે.

પ્ર. શું તે એ જ ભવમાં સિદ્ધ થઈ **યાવત્** સર્વદુઃખોનો અંત કરી શકે ?

ઉ. એવું સંભવ નથી.

આ અણગાર ભગવંત ઈર્યા-સમિતિનું પાલન કરનારા **યાવત્** બ્રહ્મચર્યનું પાલન કરનારા હોય છે.

આવા પ્રકારના આચરણથી તે અનેક વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કરે છે. અનેક વર્ષો સુધી રોગ ઉત્પન્ન થાય કે ન થાય છતાં ભક્તપ્રત્યાખ્યાન કરે છે. ભક્તપ્રત્યાખ્યાન કરીને અનેક ભક્તોનું અનશનથી

૧-૮. પહેલું અથવા સાતમું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणसणाइं छेदेइ, बहूइं भत्ताइं अणसणाइं छेदेत्ता आलोइय पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवति ।

छेदन करे छे, અનેક ભક્તોનું અનશનથી છેદન કરી આલોચના અને પ્રતિક્રમણ દ્વારા સમાધિને પામે છે. તથા જીવનનાં અંતિમ સમયમાં દેહ ત્યાગ કરી કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

एवं खलु समणाउसो ! तस्स णिदाणस्स इमेयारूवे पावए फल–विवागे जं नो संचाएइ तेणेव भवग्गहणेणं सिज्झित्तए–**जाव**–[१] सव्वदुक्खाणं अंतं करेत्तए ।

–दसा. द. १०, सु. ४७–४९

હે આયુષ્માન્ શ્રમણો ! તે નિયાણાનું આ પાપકારી પરિણામ છે. તે આ જ ભવમાં સિદ્ધ થતા નથી **યાવત્** સર્વ દુ:ખોનો અંત કરી શકતા નથી.

## णियाण रहियस्स विमुत्ति–

१९३०. एवं खलु समणाउसो ! मए धम्मे पण्णत्ते– इणमेव निग्गंथे पांवयणे सच्चे–**जाव**–[२] सव्व–दुक्खाणंमंतं करेंति ।

जस्स णं धम्मस्स सिक्खाए निग्गंथे उवट्ठिए विहरमाणे से य परक्कमेज्जा से य परक्कममाणे सव्वकाम–विरत्ते, सव्वरागविरत्ते, सव्वसंगातीते, सव्वहा सव्व–सिणेहातिक्कंते सव्वचरित्त परिवुडे ।

तस्स णं भगवंतस्स अणुत्तरेणं णाणेणं, अणुत्तरेणं दंसणेणं–**जाव**–[३] अणुत्तरेणं परिनिव्वाणमग्गेणं अप्पाणं भावेमाणस्स अणंते, अणुत्तरे निव्वाघाए, निरावरणे, कसिणे, पडिपुण्णे केवल–वर–नाण–दंसणे समुपज्जेज्जा ।

तए णं से भगवं अरहा भवति, जिणे, केवली, सव्वण्णू, सव्वभाव–दरिसी, सदेवमणुयासुरस्स लोगस्स पज्जाए जाणइ, तं जहा–

आगई, गई, ठिई, चवणं, उववायं, भुत्तं, पीयं, कडं, पडिसेवियं, आवीकम्मं, रहोकम्मं, लवियं, कहियं मणोमाणसियं ।

सव्वलोए सव्वजीवाणं सव्वभावाइं जाणमाणे पासमाणे विहरइ ।

से णं एयारूवेणं विहारेणं विहरमाणे बहूइं वासाइं केवलिपरियागं पाउणइ, पाउणित्ता अप्पणो आउसेसं आभोएइ, आभोएत्ता भत्तं पच्चक्खाएइ,

## નિયાણા રહિતનો મોક્ષ :

૧૯૩૦. હે આયુષ્માન્ શ્રમણો ! મેં ધર્મની પ્રરૂપણા કરી છે. આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે. **યાવત્** સર્વ દુ:ખોનો અંત કરે છે.

આ ધર્મની આરાધના માટે તત્પર બની વિચરતો નિર્ગ્રન્થ તપ સંયમમાં પરાક્રમ કરતો, તપ સંયમની ઉગ્ર સાધના કરતાં સમયે કામરાગથી સર્વથા વિરક્ત થઈ જાય છે. સંયોગ, સ્નેહથી સર્વથા રહિત થઈ જાય છે તથા સંપૂર્ણ ચારિત્રની આરાધના કરે છે.

ઉત્કૃષ્ટ જ્ઞાન, દર્શન અને ચારિત્ર **યાવત્** મોક્ષ માર્ગથી પોતાના આત્માને ભાવિત કરતાં એ અણગાર ભગવંતને અનંત, સર્વપ્રધાન, બાધા અને આવરણ રહિત સંપૂર્ણ પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થાય છે.

એ સમયે તે અરિહંત ભગવંત જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી થઈ જાય છે. તથા દેવ, મનુષ્ય, અસુર આદિ લોકના પર્યાયોને જાણે છે. યથા -

જીવોની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉત્પત્તિ તેમના ખાવાપીવાના પદાર્થો તેમજ તેમના દ્વારા સેવિત પ્રગટ કે ગુપ્ત, બધા પ્રકારની ક્રિયાઓ તથા વાર્તાલાપ, ગુપ્ત વાર્તાલાપ તેમજ માનસિક ચિંતનને પ્રત્યક્ષરૂપે જાણે છે અને જુએ છે.

તે સંપૂર્ણ લોકમાં સ્થિત સર્વ જીવોના સર્વ ભાવોને (જ્ઞાતા દૃષ્ટાપણે) જાણીને, દેખીને વિચરણ કરે છે.

આ પ્રમાણે કેવલીરૂપે વિચરણ કરતા કેવલી ભગવંત અનેક વર્ષોના કેવલી પર્યાયને પામે છે. પામીને પોતાના આયુષ્યનો અંતિમ ભાગ જાણી તે ભક્તપ્રત્યાખ્યાન

१. दसा. द. ५, सु. ६
२. પહેલું નિયાણું જુઓ.
३. दसा. द. १०, सु. ३३ (नव सुत्ताणि)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पच्चक्खाइत्ता बहूइं भत्ताइं अणसणाइं छेदेइ, तओ पच्छा चरमेहिं ऊसास-नीसासेहिं सिज्झइ-**जाव**-[1] सव्वदुक्खाणमंतं करेइ ।

एवं खलु समणाउसो ! तस्स अणिदाणस्स इमेयारूवे कल्लाणे फल-विवागे जं तेणेव भवग्गहणेणं सिज्झति-**जाव**-सव्वदुक्खाणं अंतं करेइ ।

तेए णं ते बहवे निग्गंथा य निग्गंथीओ य समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म समणं भगवं महावीरं वंदंति नमंसंति, वंदित्ता नमंसित्ता तस्स ठाणस्स आलोयंति पडिक्कमंति-**जाव**-अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जंति ।

-दसा. द. १०, सु. ५०-५४

કરે છે. ભક્તપ્રત્યાખ્યાન કરી અનેક ભક્તોનું અનશનથી છેદન કરે છે. ત્યારબાદ તે અંતિમ શ્વાસોચ્છ્વાસ દ્વારા સિદ્ધ થાય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

હે આયુષ્યમન્ શ્રમણો ! એ નિયાણા-રહિત સાધનામય જીવનનું કલ્યાણકારક પરિણામ છે કે તે આ જ ભવમાં સિદ્ધ થાય છે **યાવત્** સર્વ દુઃખોનો અંત કરે છે.

ત્યારબાદ અનેક સાધુ-સાધ્વીઓએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી આ નિયાણાનું વર્ણન શ્રવણ કરી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને પૂર્વકૃત નિદાનશલ્યોની આલોચના પ્રતિક્રમણ કરી **યાવત્** યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વરૂપ તપનો સ્વીકાર કર્યો.

**तवस्स फलकंखा णिसेहो-**

१९३१. से भिक्खू अकिरिए, अलूसए, अकोहे, अमाणे, अमाए, अलोभे, उवसंते, परिनिव्वुडे, णो आसंसं पुरओ करेज्जा-"इमेण मे दिट्ठेण वा, सुएण वा, मएण वा, विण्णाएण वा, इमेण वा सुचरिय-तवनियम-बंभचेर-वासेणं, इमेण वा जायामायावुत्तिएणं धम्मेणं इतो चुते पेच्चा देवे सिया, कामभोगा वसवत्ती, सिद्धे वा अदुक्खमसुहे, एत्थ वि सिया, एत्थ वि णो सिया ।

-सूय. सु. २, अ. १, सु. ६८२

**તપની ફળાકાંક્ષાનો નિષેધ :**

૧૯૩૧. જે ભિક્ષુ સાવદ્ય ક્રિયાઓથી રહિત હોય છે, અહિંસક, ક્રોધ, માન, માયા અને લોભ રહિત હોય છે, ઉપશાંત તથા સમાધિયુક્ત થઈને રહે છે તથા ભવિષ્ય માટે કોઈ પણ પ્રકારની આકાંક્ષા ન કરે કે - "મારા આ દર્શન, શ્રુત, મનન, વિજ્ઞાન, ઉત્તમ આચરણ, તપ, નિયમ, બ્રહ્મચર્ય, સંયમયાત્રા તથા આહારની માત્રાના પાલનરૂપ ધર્મના ફળસ્વરૂપ અહીંથી શરીર છોડ્યા બાદ હું દેવ બનું, બધા જ કામભોગ મારે આધીન થઈ જાય અથવા હું બધા જ સુખદુઃખથી રહિત થઈ જાઉં." કારણ કે (આ પ્રમાણે આશંસા કરવા છતાં પણ) ફળની પ્રાપ્તિ ક્યારેક થાય છે અને ક્યારેક થતી નથી. માટે એવી આકાંક્ષા કરવી ન જોઈએ.

## બાળ પંડિત મરણથી આરાધના વિરાધના - ૫

**अणेगविहा मरणा-**

१९३२. सत्तरसविहे मरणे पण्णत्ते, तं जहा-

१. आवीइमरणे, २. ओहिमरणे,
३. आयंतियमरणे, ४. वलयमरणे,
५. वसट्टमरणे, ६. अंतोसल्लमरणे,
७. तब्भवमरणे, ८. बालमरणे,
९. पंडितमरणे, १०. बालपंडितमरणे,

**અનેક પ્રકારના મરણ :**

૧૯૩૨. સત્તર પ્રકારના મરણ કહ્યાં છે, યથા -

૧. આવીચિ-મરણ, ૨. અવધિ-મરણ,
૩. આત્યંતિક-મરણ, ૪. વલય-મરણ,
૫. વશાર્ત-મરણ, ૬. અંતઃશલ્ય-મરણ,
૭. તદ્ભવ-મરણ, ૮. બાળ-મરણ,
૯. પંડિત-મરણ, ૧૦. બાળ પંડિત-મરણ,

---

૧. પહેલું નિયાણું જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. छउमत्थमरणे, १२. केवलिमरणे,
१३. वेहाणसमरणे, १४. गिद्धपुट्ठमरणे,
१५. भत्तपच्चक्खाणमरणे,
१६. इंगिणिमरणे, १७. पाओवगमणमरणे ।

*सम. सम. १७, सु. १*

૧૧. છદ્મસ્થ-મરણ, ૧૨. કેવલી-મરણ,
૧૩. વેહાણસ-મરણ, ૧૪. ગૃદ્ધ સ્પૃષ્ટ-મરણ,
૧૫. ભક્તપ્રત્યાખ્યાન-મરણ,
૧૬. ઈંગિની-મરણ, ૧૭. પાદોપગમન-મરણ.

**बालमरणप्पगारा–**

१९३३. प. से किं तं बालमरणे ?

उ. बालमरणे दुवालसविहे पण्णत्ते, तं जहा–

१. वलयमरणे,
२. वसट्टमरणे,
३. अंतोसल्लमरणे,
४. तब्भवमरणे,
५. गिरिपडणे,
६. तरुपडणे,
७. जलप्पवेसे,
८. जलणप्पवेसे,
९. विसभक्खणे,
१०. सत्थोपाडणे,
११. वेहाणसे,
१२. गिद्धपुट्ठे ।[१]

*–वि. स. १३, उ. ७, सु. ४१*

**બાળ મરણના પ્રકાર :**

૧૯૩૩. પ્ર. બાળ મરણના કેટલા પ્રકાર છે ?

ઉ. બાળ મરણના બાર પ્રકાર કહ્યાં છે, યથા -

૧. ગળું દબાવીને મરવું.
૨. વિરહ વ્યથાથી પીડિત થઈને મરવું.
૩. શરીરમાં તીર ભાલા આદિ શસ્ત્ર ઘુસાડીને મરવું.
૪. એ જ ભવમાં ફરી ઉત્પન્ન થવાના સંકલ્પથી મરવું.
૫. પર્વત પરથી પડીને મરવું.
૬. ઝાડ પરથી પડીને મરવું.
૭. પાણીમાં ડૂબીને મરવું.
૮. અગ્નિમાં બળીને મરવું.
૯. ઝેર ખાઈને મરવું.
૧૦. તલવાર આદિ શસ્ત્રોથી કપાઈને મરવું.
૧૧. ગળામાં ફાંસી ખાઈને મરવું.
૧૨. ગીધ આદિ પક્ષીઓ દ્વારા શરીરનું ભક્ષણ કરાવીને મરવું.

दो मरणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णो णिच्चं वन्नियाइं, णो णिच्चं कित्तियाइं, णो णिच्चं पूरयाइं, णो णिच्चं पसत्थाइं, णो णिच्चं अब्भणुण्णायाइं भवंति, तं जहा–

१. वलयमरणे चेव,
२. वसट्टमरणे चेव,
एवं –
१. णियाणमरणे चेव,
२. तब्भवमरणे चेव,

શ્રમણ ભગવાન્ મહાવીર દ્વારા શ્રમણ નિર્ગ્રન્થો માટે હંમેશા એ બે મરણ વર્ણિત, કીર્તિત, કથિત, પ્રશંસિત તથા અનુમત નથી. યથા -

૧. વલય મરણ : ગળું દબાવીને મરવું.
૨. વશાર્ત મરણ : વિરહ વ્યથાથી દુ:ખી થઈને મરવું.
એ જ રીતે-
૧. **નિદાન મરણ :** તપ-સંયમના ફલની કામના કરીને મરવું.
૨. **તદ્ભવ મરણ :** વર્તમાન ભવને ફરી પ્રાપ્ત કરવાના સંકલ્પથી મરવું.

---

१. विया. सं. २, उ. १, सु. २६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. गिरिपडणे चेव,

२. तरुपडणे चेव,

१. जलप्पवेसे चेव,

२. जलणप्पवेसे चेव,

१. विसभक्खणे चेव,

२. सत्थोपाडणे चेव,

दो मरणाइं-**जाव**-णो णिच्चं अब्भणुन्नायाइं भवंति, कारणेण पुणं अप्पडिकुट्ठाइं, तं जहा-

१. वेहाणसे चेव,

२. गिद्धपुट्ठे चेव ।

*-ठाणं. अ. २, उ. ४, सु. ११३*

૧. **ગીરિ પતન મરણ :** પહાડથી પડીને મરવું.

૨. **તરુપતન મરણ :** ઝાડથી પડીને મરવું.

૧. **જલ પ્રવેશ મરણ :** પાણીમાં પ્રવેશીને મરવું.

૨. **જલન પ્રવેશ મરણ :** અગ્નિમાં પ્રવેશીને મરવું.

૧. **વિષભક્ષણ મરણ :** ઝેર ખાઈને મરવું.

૨. **શસ્ત્રોત્પાટન મરણ :** શસ્ત્રથી કપાઈને મરવું.

બે મરણ **યાવત્** સદા અનુમત નથી પરંતુ કારણવશાત્ નિષેધ પણ નથી, યથા-

૧. **વેહાનસ મરણ :** બ્રહ્મચર્યની રક્ષા માટે ફાંસી દઈને મરવું.

૨. **ગૃદ્ધ પૃષ્ઠ મરણ :** હાથી આદિના મોટા કલેવરમાં પ્રવેશી ગીધથી પોતાનું માંસ ટોચાવડાવીને મરવું.

**मरणस्सप्पगारा-**

१९३४. तिविहे मरणे पण्णत्ते, तं जहा-

(१) बालमरणे, (२) पंडियमरणे,

(३) बालपंडियमरणे ।

बालमरणे तिविहे पण्णत्ते, तं जहा-

१. ठितलेस्से,

२. संकिलिट्ठलेस्से,

३. पज्जवजातलेस्से ।

पंडियमरणे तिविहे पण्णत्ते, तं जहा-

१. ठितलेस्से,

२. असंकिलिट्ठलेस्से,

३. पज्जवजातलेस्से ।

बालपंडियमरणे तिविहे पण्णत्ते, तं जहा-

१. ठितलेस्से,

२. असंकिलिट्ठलेस्से,

३. अपज्जवजातलेस्से ।

*-ठाणं अ. ३, उ. ४, सु. २२२*

अण्णवंसि महोहंसि, एगे तिण्णे दुरुत्तरे ।

तत्थ एगे महापन्ने, इमं पण्हमुदाहरे ।।

सन्तिमे य दुवे ठाणा, अक्खाया मारणन्तिया ।

अकाम-मरणं चेव, सकाम-मरणं तहा ।।

**મરણના પ્રકાર :**

૧૯૩૪. મરણના ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

(૧) બાળમરણ, (૨) પંડિત મરણ અને

(૩) બાળ પંડિત મરણ.

બાળ મરણ ત્રણ પ્રકારનાં કહ્યાં છે, યથા -

૧. સ્થિર સંકિલષ્ટ લેશ્યાવાળું,

૨. સંકલેશ વૃદ્ધિથી રહિત લેશ્યાવાળું,

૩. પ્રવર્ધમાન લેશ્યાવાળું.

પંડિત મરણ ત્રણ પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. વિશુદ્ધ સ્થિર લેશ્યાવાળું,

૨. સંકલેશ રહિત લેશ્યાવાળું,

૩. પ્રવર્ધમાન વિશુદ્ધ લેશ્યાવાળું.

બાળ પંડિત મરણના ત્રણ પ્રકાર કહ્યાં છે, યથા -

૧. સ્થિત લેશ્ય - સ્થિર વિશુદ્ધ લેશ્યાવાળું,

૨. અસંકિલષ્ટ લેશ્ય - સંકલેશથી રહિત લેશ્યાવાળું,

૩. અપર્યવજા ત લેશ્ય-અપ્રવર્ધમાન વિશુદ્ધ લેશ્યાવાળું.

આ મહા પ્રવાહવાળા દુસ્તર સંસાર સમુદ્રને ઘણા મહાપુરુષો તરી ગયા છે. તેમાંના એક મહાપ્રજ્ઞ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ ઉપદેશ આપ્યો છે-

મૃત્યુના સમયે થતા બે સ્થાનો કહ્યાં છે, યથા -

૧. અકામ મરણ, ૨. સકામ મરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बालाणं अकामं तु, मरणं असइं भवे ।
पण्डियाणं सकामं तु, उक्कोसेणं सइं भवे ।।

–उत्त. अ. ५, गा. १–३

બાળજીવોના અકામ મરણ વારંવાર થાય છે. પરંતુ પંડિતોના સકામ મરણ ઉત્કૃષ્ટ એકવાર જ થાય છે.

**अण्णाणीणं बालमरणाइं–**

१९३५. बालमरणाणि बहुसो अकाममरणाणि चेव य बहूणि ।
मरिहिंति ते वराया, जिणवयणं जे न जाणन्ति ।।

–उत्त. अ. ३६, गा. २६१

**અજ્ઞાનીઓનું બાળ મરણ :**

૧૯૩૫. જે પ્રાણી 'જિન વચનોથી' પરિચિત નથી તે બિચારા અનેકવાર બાળમરણ તથા ઘણીવાર અકામ મરણથી મૃત્યુ પામતા હશે.

**बालमरण सरूवं–**

१९३६. तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
काम–गिद्धे जहा बाले, भिसं कूराइं कुव्वइ ।।

जे गिद्धे काम–भोगेसु, एगे कूडाय गच्छई ।
न मे दिट्ठे परे लोए, चक्खु–दिट्ठा इमा रई ।।

हत्थागया इमे कामा, कालिया जे अणागया ।
को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो ।।

"जणेणं सद्धिं होक्खामि," इइ बाले पगब्भई ।
काम–भोगाणुराएणं, केसं संपडिवज्जई ।।

तओ से दण्डं समारंभई, तसेसु थावरेसु य ।
अट्ठाए य अणट्ठाए, भूयगामं विहिंसई ।।

हिंसे बाले मुसावाई, माइल्ले पिसुणे सढे ।
भुंजमाणे सुरं मंसं, सेयमेयं ति मन्नई ।।

कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु ।
दुहओ मलं संचिणई, सिसुणागोव्व मट्टियं ।।

तओ पुट्ठो आयंकेणं, गिलाणो परितप्पई ।
पभीओ परलोगस्स, कम्माणुप्पेहि अप्पणो ।।

सूया मे नरए ठाणा, असीलाणं च जा गई ।
बालाणं कूर–कम्माणं, पगाढा जत्थ वेयणा ।।

**બાળ મરણનું સ્વરૂપ :**

૧૯૩૬. ભગવાન મહાવીર સ્વામીએ એ બે સ્થાનોમાં પહેલું સ્થાન એ બતાવ્યું છે કે કામાસક્ત બાળજીવ અનેક પ્રકારના ક્રૂર કર્મ કરતા હોય છે.

જે કામભોગમાં આસક્ત બને છે તે હિંસક અને અસત્ય બોલનારો બને છે. તે કહે છે 'મેં પરલોક ને જોયો નથી. પરંતુ ઈહલૌકિક આનંદ તો આંખોની સામે જ છે.

વર્તમાનનું સુખ હું પ્રત્યક્ષ ભોગવી રહ્યો છું અને હસ્તગત છે. કોણ જાણે છે કે 'પરલોક છે કે નથી ?'

ઘણા બાળજીવો ધૃષ્ટતાપૂર્વક એમ કહે છે કે "જે ગતિ બીજાની થશે એ જ મારી થશે" એમ વિચારી તે કામભોગમાં આસક્ત બની સંક્લેશ પામે છે.

પછી તે ત્રસ અને સ્થાવર જીવો પર હિંસાનો પ્રયોગ કરતો પ્રયોજનથી કે વગર પ્રયોજન અનેક પ્રાણીઓની હિંસા કરે છે.

આવો હિંસા કરનારો અજ્ઞાની જીવ અસત્ય, માયા-કપટ, નિંદા-કુથલી અને દગાબાજી કરતો-કરતો છેવટે માંસ મદિરાનું સેવન કરતો થાય છે અને 'પોતે યોગ્ય કરે છે' એમ માનતો થઈ જાય છે.

પછી તે શરીરે મસ્ત થાય છે, બોલવામાં પણ વગર વિચાર્યું બોલે છે, ધન અને સ્ત્રીઓમાં લંપટ બને છે તથા રાગ અને દ્વેષ બંનેથી એ પ્રમાણે કર્મમળનો સંચય કરે છે જેમ કાચબો મુખ અને શરીર બંનેથી માટીનો સંચય કરે છે.

પછી તે ભોગોમાં આસક્ત થઈને આતંક-રોગથી પીડાતો પોતાના કર્મોને તથા પરલોકને યાદ કરતો દુઃખથી ભયભીત બને છે.

પછી તે વિચારે છે કે શીલ રહિત ક્રૂર કર્મો કરનાર અજ્ઞાની જીવોને તીવ્ર વેદના ભોગવવા માટે નરક ગતિમાં જવું પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थोववाइयं ठाणं, जहा मेयमणुस्सुयं ।
आहाकम्मेहिं गच्छन्तो, सो पच्छा परितप्पई ।।

'એ નરકમાં ઉત્પન્ન થવાનું જે સ્થાન છે તે પણ મેં સાંભળ્યું છે.' આયુષ્ય ક્ષીણ થવાથી તે બાળજીવ કરેલા કર્મોનો બદલો મેળવવા અનેક પ્રકારના મહા પરિતાપ વેઠે છે.

जहा सागडिओ जाणं, समं हिच्चा महापहं ।
विसमं मग्गमोइण्णो, अक्खे भग्गंमि सोयई ।।

જેમ કોઈ ગાડી હાંકનાર રાજમાર્ગ છોડીને વિકટ માર્ગે ગાડી હાંકે છે અને પછી ગાડીની ધૂંસરી તૂટી પડતાં શોક કરે છે.

एवं धम्मं विउक्कम्म, अहम्मं पडिवज्जिया ।
बाले मच्चु–मुहं पत्ते, अक्खे भग्गे व सोयई ।।

તેમ ધર્મનું ઉલ્લંઘન કરીને અધર્મના પંથે જનાર બાળ જીવ જ્યારે મૃત્યુના મુખમાં ઝડપાઈ જાય છે ત્યારે જેમ ધૂંસરી તૂટ પડતા ગાડીવાન દુઃખી થાય છે તેમ તે દુઃખી થાય છે.

तओ से मरणन्तंमि, बाले सन्तस्सई भया ।
अकाम–मरणं मरई, धुत्ते व कलिणा जिए ।।
–उत्त. अ. ५, गा. ४–१६

જેમ જુગારી રમત રમતાં એક દાવમાં બધું હારી જાય છે તેમ અજ્ઞાની જીવ પોતાના દુષ્કર્મના ફળને સાંભળીને પરલોકના ભયથી ત્રાસી જાય છે અને અકામ મરણે મરે છે.

जे इह आरम्भणिस्सिया, आयदंड एगंतलूसगा ।
गंता ते पावलोगयं, चिररायं असुरियं दिसं ।।

આ લોકમાં જે સાધક આરંભમાં આસક્ત છે, આત્માને દંડનારા છે, જીવોની હિંસા કરનારા છે તેઓ ચિરકાળ માટે નરક વગેરે પાપલોકમાં જાય છે. અથવા તેઓ અસુર યોનિઓમાં ચાલ્યા જાય છે.

ण य संखयमाहु जीवियं, तह वि य बालजणो पगब्भई ।
पच्चुप्पण्णेण कारियं, के दट्ठुं परलोगगामए ।।
–सूय. सु. १, अ. २, उ. ३, गा. ९–१०

આ જીવન તૂટ્યા પછી સંધાતુ નથી. છતાં પણ અજ્ઞાની મનુષ્યો પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે, હિંસા આદિની પ્રવૃત્તિ કરે છે. 'અમને તો વર્તમાન સુખનું જ પ્રયોજન છે. પરલોકને કોણ જોઈને આવ્યું છે.?'

**पंडिय–मरण सरूवं–**

**પંડિત મરણનું સ્વરૂપ :**

१९३७. एयं अकाम–मरणं, बालाणं तु पवेइयं ।
एत्तो सकाम–मरणं, पण्डियाणं सुणेह मे ।।

૧૯૩૭. આ રીતે અજ્ઞાનીઓના અકામ મરણનું વિવેચન કર્યું છે. હવે પછી જ્ઞાનીઓ માટે સકામ મરણનું વર્ણન કરું છું તે સાંભળો-

मरणं पि समुण्णाणं, जहा मे तमणुस्सुयं ।
विप्पसण्णमणाघायं, संजयाण वुसीमओ ।।

ભગવાન પાસેથી મેં સાંભળ્યું છે કે સંયમી અને જિતેન્દ્રિય પુણ્યાત્માઓના પંડિત મરણ આઘાત રહિત અને પ્રસન્નતા સહિત થાય છે.

न इमं सव्वेसु भिक्खूसु, न इमं सव्वेसु गारिसु ।
नाणा–सीला य गारत्था, विसम–सीला य भिक्खुणो ।।

આવું સકામ મરણ બધા ગૃહસ્થોને કે બધા સાધુઓને પ્રાપ્ત થતું નથી. કારણ કે ઘણા ગૃહસ્થ અનેક પ્રકારના આચારવાળા હોય છે. ત્યારે ઘણા ભિક્ષુઓ વિષમ આચારવાળા પણ હોય છે.

सन्ति एगेहिं भिक्खूहिं, गारत्था संजमुत्तरा ।
गारत्थेहिं य सव्वेहिं, साहवो संजमुत्तरा ।।
–उत्त. अ. ५, गा. १७–२०

કેટલાક સાધુઓની અપેક્ષાએ ગૃહસ્થો સંયમમાં ચડિયાતા હોય છે. પણ શુદ્ધાચારી સાધુઓ બધા ગૃહસ્થોથી સંયમમાં શ્રેષ્ઠ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेसिं सोच्चा सपुज्जाणं, संजयाणं वुसीमओ ।
न संतसन्ति मरणन्ते, सीलवन्ता बहुस्सुया ।।

સત્પુરુષો જેની પૂજા કરે છે એવા જિતેન્દ્રિય સંયમી આત્માઓનું આ પ્રકારનું વર્ણન સાંભળીને શીલવાન અને બહુશ્રુત જીવ મરણ સમયે દુઃખનો અનુભવ કરતો નથી.

तुलिया विसेसमादाय, दया–धम्मस्स खन्तिए ।
विप्पसीएज्ज मेहावी, तहा–भूएणं अप्पणा ।।

–उत्त. अ. ५, गा. २९–३०

મેધાવી સાધક બાળ મરણ અને પંડિત મરણની તુલના કરીને ઉત્તમ પ્રકારના સકામ મરણને ઈચ્છે તથા મરણ સમયે દયા તથા ક્ષમા ધર્મને અંગીકાર કરી પ્રસન્ન રહે.

## बालमरण–पंडियमरण फलं–

## બાળમરણ અને પંડિતમરણનું ફળ :

१९३८. कन्दप्पमाभिओगं किव्विसियं मोहमासुरुत्तं च ।
एयाओ दुग्गईओ, मरणम्मि विराहिया होन्ति ।।

૧૯૩૮. ૧. કાંદર્પી, ૨. આભિયોગી, ૩. કિલ્વિષિકી, ૪. મોહી અને ૫. આસુરી. આ પાંચ ભાવનાઓ દુર્ગતિ કરનાર છે. મૃત્યુ સમયે તે સંયમની વિરાધના કરે છે.

मिच्छादंसणरत्ता, सन्नियाणा हु हिंसगा ।
इय जे मरन्ति जीवा, तेसिं पुण दुल्लहा बोही ।।

જે મરતી વખતે મિથ્યાદર્શનમાં અનુરક્ત છે, નિદાનયુક્ત અને હિંસક દશામાં જે મરે છે તેમને બોધિ બહુ દુર્લભ છે.

सम्मदंसणरत्ता अनियाणा सुक्कलेसमोगाढा ।
इय जे मरन्ति जीवा, सुलहा तेसिं भवे बोही ।।

જે સમ્યક્ દર્શનમાં અનુરક્ત છે, નિદાનરહિત છે અને શુક્લ લેશ્યામાં અવગાઢ-પ્રવિષ્ટ છે એવા જીવને મરતાં સમયે બોધિ સુલભ હોય છે.

मिच्छादंसणरत्ता सनियाणा कण्हलेसमोगाढा ।
इय जे मरन्ति जीवा, तेसिं पुण दुल्लहा बोही ।।

જે મરતાં સમયે મિથ્યાદર્શનમાં અનુરક્ત છે, નિદાન સહિત છે અને કૃષ્ણ લેશ્યામાં અવગાઢ છે એવા જીવને બોધિ બહુ દુર્લભ છે.

जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेन्ति भावेणं ।
अमला असंकिलिट्ठा, ते होन्ति परित्तसंसारी ।।

–उत्त. अ. ३६, गा. २५६–२६०

જે જિન વચનમાં અનુરક્ત છે, જે જિન વચનોનું ભાવપૂર્વક આચરણ કરે છે, તે નિર્મળ અને અસંક્લિષ્ટ થઈને પરિતસંસારી અર્થાત્ અલ્પ જન્મ-મરણવાળો બને છે.

## जिणाणुमयं वेहाणस बालमरणं–

## વીતરાગ સંમત વેહાનસ બાળ મરણ :

१९३९. जस्स णं भिक्खुस्स एवं भवइ पुट्ठो खलु अहमंसि, नालहमंसि सीतफासं अहियासेत्तए से वसुमं सव्वसमण्णागतपण्णाणेणं अप्पाणेणं केइ अकरणयाए आउट्टे तवस्सिणो हु तं सेयं जमेगे विहमादिए ।

૧૯૩૯. જે ભિક્ષુને એવું લાગે કે હું અનુકૂળ પરિષહોથી આક્રાન્ત થઈ ગયો છું અને હું એને સહન કરવામાં અસમર્થ છું. (આમ) પ્રજ્ઞાવાન્ ત્યાગી જો અબ્રહ્મચર્યરૂપ, અકૃત્ય માટે તત્પર બને તો તે તપસ્વી ભિક્ષુ માટે એ જ યોગ્ય છે કે ફાંસીના માંચડે ચડી જવું સ્વીકાર કરે પણ દુરાચારનું સેવન ન કરે.

तत्थावि तस्स कालपरियाए, से वि तत्थ वियंतिकारए ।

એવું કરવાથી તેનું મરણ થઈ શકે છે અને તેનું મૃત્યુ પણ મોહકર્મનો અંત કરનારું બને છે.

इच्चेतं विमोहायतणं हियं सुहं खमं णिस्सेसयं आणुगामियं ।

–आ. सु. १, अ. ८, उ. ४, सु. २१५

આ પ્રમાણે મોહથી મુક્ત કરાવનારું મરણ ભિક્ષુ માટે હિતકારી, સુખકારી કર્મક્ષયના સામર્થ્યવાળું કલ્યાણકારી તથા પરલોકમાં સાથે આવનારું બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बालमरण–पसंसा–पायच्छित्त सुत्तं–**

१९४०. जे भिक्खू–

१. गिरि–पडणाणि वा,
२. मरु–पडणाणि वा,
३. भिगु–पडणाणि वा,
४. तरु–पडणाणि वा,
५. गिरि–पक्खंदणाणि वा,
६. मरु–पक्खंदणाणि वा,
७. भिगु–पक्खंदणाणि वा,
८. तरु–पक्खंदणाणि वा,
९. जल–पवेसाणि वा,
१०. जलण–पवेसाणि वा,
११. जल–पक्खंदणाणि वा,
१२. जलण–पक्खंदणाणि वा,
१३. विस–भक्खणाणि वा,
१४. सत्थोपाडणाणि वा,
१५. वलयमरणाणि वा,
१६. वसट्ट–मरणाणि वा,
१७. तब्भव–मरणाणि वा,
१८. अंतोसल्ल–मरणाणि वा,
१९. वेहाणस मरणाणि वा,
२०. गिद्ध पुट्ठमरणाणि वा ।

अण्णयराणि वा तहप्पगाराणि बाल–मरणाणि पसंसइ पसंसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. ११, सु. १२

**બાળ મરણની પ્રશંસાના પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૪૦. જે ભિક્ષુ -

૧. પર્વતના દ્રશ્ય સ્થાન પરથી પડીને મરવું,
૨. પર્વતના અદ્રશ્ય સ્થાન પરથી પડીને મરવું,
૩. ખાઈ, કૂવા આદિમાં પડીને મરવું,
૪. ઝાડ પરથી પડીને મરવું,
૫. પર્વતના દ્રશ્ય સ્થાન પરથી કૂદીને મરવું,
૬. પર્વતના અદ્રશ્ય સ્થાન પરથી કૂદીને મરવું,
૭. ખીણ, કૂવા આદિમાં કૂદીને મરવું,
૮. ઝાડ પરથી કૂદીને મરવું,
૯. પાણીમાં પ્રવેશ કરીને મરવું,
૧૦. અગ્નિમાં પ્રવેશ કરીને મરવું,
૧૧. પાણીમાં કૂદીને મરવું,
૧૨. અગ્નિમાં કૂદીને મરવું,
૧૩. ઝેર ખાઈને મરવું,
૧૪. તલવાર આદિ શસ્ત્રથી કપાઈને મરવું,
૧૫. ગરદન મરડીને મરવું,
૧૬. વિરહવ્યથાથી દુઃખી થઈને મરવું,
૧૭. વર્તમાન ભવ મળે એવા સંકલ્પથી મરવું,
૧૮. તીર, ભાલા આદિથી વિંધાઈને મરવું,
૧૯. ફાંસો લઈને મરવું,
૨૦. ગીધ આદિ પક્ષી દ્વારા શરીરનું ભક્ષણ કરાવી મરવું.

આવા આત્મઘાતક બાળ મરણની તથા બીજા પણ આવા બાળ મરણની જે પ્રશંસા કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કર છે.

તેને અનુદ્ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનાચાર

## અનાચાર નિષેધ – ૧

**अणायार णिसेहो–**

१९४१. आदाय बंभचेरं च, आसुपण्णे इमं वइं ।
अस्सिं धम्मे अणायारं, नायरेज्ज कयाइ वि ।।

–सूय. सु. २, अ. ५, गा. १

से जाणमजाणं वा, कट्टु आहम्मियं पयं ।
संवरे खिप्पमप्पाणं, बीयं तं न समायरे ।।

अणायारं परक्कम, नेव गूहे न णिण्हवे ।
सूई सया वियडभावे, असंसत्ते जिंइदिए ।।

–दस. अ. ८, गा. ३१-३२

**અનાચાર નિષેધ :**

૧૯૪૧. કુશળ બુદ્ધિવાળા આશુપ્રજ્ઞ પુરુષ આ અધ્યયનના વાક્યોને તથા બ્રહ્મચર્યને ધારણ કરીને કદી પણ ધર્મમાં અનાચારનું સેવન ન કરે.

જાણ્યે અજાણ્યે અધાર્મિક ક્રિયા અર્થાત્ સાધકને યોગ્ય ન હોય તેવું વર્તન થઈ જાય તો તે પાપને ન છુપાવતાં પ્રાયશ્ચિત્ત દ્વારા પાપની વિશુદ્ધિ કરે તથા બીજીવાર તે પાપકાર્યનું આચરણ નહિ કરે.

અનાચારનું સેવન કર્યા બાદ તેને છુપાવે નહિ. તથા અસ્વીકાર પણ કરે નહિ. પરંતુ સદા પવિત્ર, સ્પષ્ટ, અલિપ્ત અને જિતેન્દ્રિય રહે.

**मुच्छा-अविरति य णिसेहो–**

१९४२. से भिक्खू सद्देहिं अमुच्छिए, रुवेहिं अमुच्छिए, गंधेहिं अमुच्छिए, रसेहिं अमुच्छिए, फासेहिं अमुच्छिए, विरए कोहाओ, माणाओ, मायाओ, लोभाओ, पेज्जाओ, दोसाओ, कलहाओ, अब्भक्खाणाओ, पेसुण्णाओ, परपरिवायाओ, अरतिरतीओ, मायामोसाओ, मिच्छादंसणसल्लाओ इति से महता अदाणातो उवसंत उवट्ठिते पडिविरते ।

–सूय. सु. २, अ. १, सु. ६८३

**મૂર્છા અને અવિરતિનો નિષેધ :**

૧૯૪૨. જે ભિક્ષુ મનોહર શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શમાં આસક્ત રહેતો નથી. તથા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, ચુગલી, પરનિંદા, સંયમમાં અપ્રીતિ, અસંયમમાં પ્રીતિ, કપટ, અસત્ય અને મિથ્યા દર્શનરૂપી શલ્યથી નિવૃત્ત થઈ જાય છે. તેથી તે સાધુ મહાન કર્મોના બંધનથી મુક્ત થાય છે. તે ઉત્તમ સુસંયમમાં ઉપસ્થિત થાય છે તથા સંયમમાં લાગતા પાપોથી નિવૃત્ત થાય છે.

## અનાચાર પરિહાર ઉપદેશ – ૨

**भिक्खुस्स विविह अणायरणीय ठाणाइं–**

१९४३. १. धोयणं २. रयणं चेव, ३. वत्थीकम्म, ४. विरेयणं ।
५. वमणं ६. जणं पलिमंथं, तं विज्जं परिजाणिया ।।

७. गंध ८. च्मल्ल ९. एसिणाणं च,
१०. दंतपक्खालणं तहा ।
११-१२ परिग्गहित्थिकम्मं च,
तं विज्जं परिजाणिया ।।
१३. उद्देसियं १४. कीयगडं,
१५. पामिच्चं चेव १६. आहडं ।
१७. पूतिं, १८. अणेसणिज्जं च,
तं विज्जं परिजाणिया ।।

**ભિક્ષુના વિવિધ અનાચરણીય સ્થાન :**

૧૯૪૩. ૧. હાથ, પગ અને વસ્ત્ર આદિ ધોવા તથા ૨. તેને રંગવા, ૩. બસ્તિકર્મ લેવા, ૪. જુલાબ લેવો, ૫. વમન કરવું, ૬. આંખો આંજવી ઈત્યાદિ સંયમને નષ્ટ કરનારા કાર્યોને જાણી વિદ્વાન સાધક તેનો ત્યાગ કરે ૭. શરીરમાં સુગંધિત પદાર્થ લગાવવા, ૮. પુષ્પમાળા ધારણ કરવી, ૯. સ્નાન કરવું, ૧૦. દંત પ્રક્ષાલન કરવું, ૧૧. પરિગ્રહ રાખવો., ૧૨. સ્ત્રી સેવન કરવું- ઈત્યાદિ પાપનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

૧૩. ઔદ્દેશિક, ૧૪. ખરીદેલો, ૧૫. ઉધાર લાવેલ, ૧૬. આંચકીને લાવેલ, ૧૭. આધાકર્મી અથવા ૧૮. અનૈષણીય આહારને સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९–२०. आसूणिमक्खिरागं च,
२१. गिद्धवं २२. घायकम्मगं ।
२३. उच्छोलणं च २४. कक्कं च,
तं विज्जं परिजाणिया ।।

૧૯. શક્તિવર્ધક રસાયણોનું સેવન કરવું, ૨૦. શોભા માટે આંખોમાં રંગ લગાવવો, ૨૧. વિષયોમાં આસક્ત થવું, ૨૨. જીવહિંસા કરવી, ૨૩. હાથપગ વગેરે ધોવા, ૨૪. શરીરે માલીશ કરવું, તે સર્વને કર્મબંધનનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો પરિત્યાગ કરે,

२५. संपसारी, २६. कयकिरिए,
२७. पसिणायतणाणि य ।
२८. सागारियपिंडं च,
तं विज्जं परिजाणिया ।।

૨૫. ગૃહસ્થની સાથે સાંસારિક વાર્તાલાપ કરવો, ૨૬. અસંયમાનુષ્ઠાનની પ્રશંસા કરવી, ૨૭. જ્યોતિષના પ્રશ્નનો ઉત્તર આપવો, ૨૮. શય્યાતરનો આહાર લેવો, તે બધાને સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

२९. अट्ठापदं ण सिक्खवेज्जा,
३०. वेहाईयं च णो वये ।
३१. हत्थकम्मं ३२. विवादं च,
तं विज्जं परिजाणिया ।।

૨૯. સાધુ જુગાર ન શીખે, ૩૦. ધર્મ વિરુદ્ધ ભાષાનો પ્રયોગ ન કરે, ૩૧. હસ્તકર્મ ન કરે, ૩૨. વ્યર્થ વાદવિવાદ ન કરે, તે સર્વને સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

३३. पाणहाओ य ३४. छत्तं च,
३५. णालियं, ३६. वालवीयणं ।
३७. परकिरियं, ३८. अन्नमन्नं च,
तं विज्जं परिजाणिया ।।

૩૩. પગમાં પગરખાં પહેરવાં, ૩૪. છત્રી ઓઢવી, ૩૫. જુગાર રમવો, ૩૬. પંખાથી પવન નાંખવો, ૩૭. ગૃહસ્થ આદિ પાસે પગ દબાવવા, ૩૮. સાધુઓના પરસ્પર શરીર પરિકર્મ કરવાં-તે સર્વને સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો પરિત્યાગ કરે.

३९. उच्चारं पासवणं हरितेसु ण करे मुणी ।

૩૯. જ્ઞાની મુનિ વનસ્પતિ પર મળ-મૂત્રનો ત્યાગ ન કરે.

४०. वियडेण वा वि साहट्टु, णायमेज्ज कयाइ वि ।।

૪૦. બીજ વગેરે દૂર કરી અચિત્ત પાણીથી પણ આચમન ન કરે.

४१. परमत्ते अन्नपाणं च, ण भुज्जेज्जा कयाइ वि ।

૪૧. ગૃહસ્થના વાસણમાં આહારપાણી ન કરે,

४२. परवत्थमचेलो वि, तं विज्जं परिजाणिया ।।

૪૨. વસ્ત્ર ન હોય તો પણ ગૃહસ્થના વસ્ત્ર કામમાં ન લે. આ બધું સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

४३. आसंदी ४४. पलियंके य,

૪૩. માંચી કે ખુરશી પર ન બેસે. ૪૪. પલંગ પર ન સૂવે.

४५. णिसिज्जं च गिहंतरे ।

૪૫. ગૃહસ્થના ઘરમાં ન બેસે.

४६. संपुच्छणं च, ४७. सरणं च,
तं विज्जं परिजाणिया ।।

૪૬. ગૃહસ્થના કુશળ સમાચાર ન પૂછે. ૪૭. કામક્રીડાનું સ્મરણ ન કરે. તે સર્વ સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

४८. जसं ४९. कित्तिं ५०. सिलोगं च जा य,
५१. वंदण ५२. पूयणा ।
सव्वलोयंसि जे कामा,
तं विज्जं परिजाणिया ।।

૪૮. સમગ્ર લોકમાં યશ, ૪૯. કીર્તિ, ૫૦. પ્રશંસા, ૫૧. વંદના, અને ૫૨- પૂજા પ્રતિષ્ઠા ઈત્યાદિ જે કામનાઓ છે એ બધાને સંસારનું કારણ જાણી જ્ઞાની મુનિ તેનો ત્યાગ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५३. जेणेहं णिव्वहे भिक्खू, अन्न–पाणं तहाविहं ।

૫૩. આ જગતમાં જે આહારપાણીથી સાધુની સંયમયાત્રાનો નિર્વાહ થાય એવાં જ શુદ્ધ આહારપાણીને સાધુ ગ્રહણ કરે અને બીજાને આપે.

५४. अणुप्पदाणमन्नेसिं, तं विज्जं परिजाणिया ।।

–सूय. सु. १, अ. ९, गा. २२–२३

૫૪. જે આહારપાણીથી સંયમનો વિનાશ થાય તેવું ન પોતે ગ્રહણ કરે ન બીજાને આપે.

५५. णण्णत्थ अंतराएणं, परगेहे ण णिसीयए ।

૫૫. સાધુ રોગ આદિ કોઈ કારણ વગર ગૃહસ્થના ઘરમાં ન બેસે.

५६. गामकुमारियं किड्डं, ५७. नातिवेलं हसे मुणी ।।

–सूय. सु. १, अ. ९, गा. २९

૫૬. ગામના બાળકોની સાથે રમત ન રમે. ૫૭. તેમજ મર્યાદાનું ઉલ્લંઘન કરીને ન હસે.

## छउम्मायट्ठाणाइं–

१९४४. छहिं ठाणेहिं आया उम्मायं पाउणेज्जा, तं जहा–

१. अरहंताणं अवण्णं वदमाणे ।

२. अरहंतपण्णत्तस्स धम्मस्स अवण्णं वदमाणे ।

३. आयरिय–उवज्झायाणं अवण्णं वदमाणे ।

४. चाउव्वण्णस्स संघस्स अवण्णं वदमाणे ।

५. जक्खावेसेण चेव ।

६. मोहणिज्जस्स चेव कम्मस्स उदएणं ।

–ठाणं. अ. ६, सु. ५०१

## છ ઉન્માદ સ્થાન :

૧૯૪૪. છ કારણોથી આત્મા ઉન્માદને પામે છે, યથા -

૧. અરિહંતોનો અવર્ણવાદ કરવાથી.

૨. અર્હત્-પ્રજ્ઞપ્ત ધર્મનો અવર્ણવાદ કરવાથી.

૩. આચાર્ય તથા ઉપાધ્યાયનો અવર્ણવાદ કરવાથી.

૪. ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ કરવાથી.

૫. યક્ષાવેશથી.

૬. મોહનીય કર્મના ઉદયથી.

## सामुदाणिय–गवेसणा अकारओ पावसमणो–

१९४५. सन्नाइपिण्डं जेमेइ, नेच्छई सामुदाणियं ।
गिहिनिसेज्जं च वाहेइ, पावसमणे त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. १९

## સામુદાનિક ગવેષણા ન કરનાર પાપશ્રમણ :

૧૯૪૫. જે સંબંધીજનોના ઘરોમાં જ આહાર ગ્રહણ કરે છે, બધા કુળોમાંથી ગોચરી લેતા નથી તથા ગૃહસ્થની શય્યા પર બેસે છે તે પાપશ્રમણ કહેવાય છે.

## सछंद विहारी पावसमणो–

१९४६. जे केइ उ पव्वइए णियंठे,
धम्मं सुणित्ता विणओववन्ने ।
सुदुल्लहं लहिउं बोहिलाभं,
विहरेज्ज पच्छा य जहासुहं तु ।।

–उत्त. अ. १७, गा. १

गुरुपरिभावए निच्चं पावसमणे त्ति वुच्चई ।

–उत्त. अ. १७, गा. १०

## સ્વચ્છંદવિહારી પાપશ્રમણ :

૧૯૪૬. પહેલાં જે કોઈ ધર્મ સાંભળી અત્યંત દુર્લભ બોધિલાભ મેળવી વિનય અર્થાત્ આચાર સંપન્ન થઇ નિર્ગ્રન્થ રૂપે પ્રવજિત થાય છે, પણ પાછળથી સુખ-સ્પૃહાને લીધે સ્વચ્છંદવિહારી બની જાય છે, તે પાપશ્રમણ કહેવાય છે.

જે ગુરુની અવહેલના કરે છે, તે પાપશ્રમણ છે.

## सुयणाणोवेक्खा–

१९४७. सेज्जा दढा पाउरणम्मि अत्थि,
उप्पज्जई भोत्तुं तहेव पाउं ।
जाणामि जं वट्टइ आउसु ! त्ति,
किं नाम काहामि सुएण भन्ते ।।

–उत्त. अ. १७, गा. २

## શ્રુત જ્ઞાનની ઉપેક્ષા :

૧૯૪૭. (આચાર્ય) ગુરુ તેને સ્વાધ્યાયની પ્રેરણા આપે ત્યારે તે (પાપશ્રમણ) દુર્મુખ બની કહે છે - 'મને રહેવા માટે સારો ઉપાશ્રય મળે છે, વસ્ત્રો પણ મારી પાસે છે, ખાવાપીવાનું પણ મળી રહે છે અને હે આયુષ્મન્ ! જે બને છે તે હું જાણું છું. ત્યારે ભંતે ! શાસ્ત્રોનું અધ્યયન કરીને હું શું કરીશ ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**असंविभागी पावसमणो–**

१९४८. बहुमाई पमुहरे, थद्धे लुद्धे अणिग्गहे ।
असंविभागी अचियत्ते, पावसमणि त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. ११

**અસંવિભાગી પાપશ્રમણ :**

૧૯૪૮. બહુ જ માયાવી, વાચાળ, અભિમાની, લાલચી, અસંયમી, મળેલી વસ્તુઓનો પરસ્પર સંવિભાગ ન કરનાર અને ગુરુ પ્રત્યે પ્રેમ ન રાખનાર પાપશ્રમણ કહેવાય છે.

**आरंभजीविस्स पावासत्ति–**

१९४९. आवंती केयावंती लोयंसि आरंभजीवी, एतेसु चेव आरंभ जीवी ।

एत्थ वि बाले परिपच्चमाणे रमति पावेहिं कम्मेहिं असरणे सरणं ति मण्णमाणे ।

–आ. सु. १, अ. ५, उ. १, सु. १५०

अट्टा पया माणव ! कम्मकोविया,
जे अणुवरता अविज्जाए पलिमोक्खमाहु आवट्टमेव अणुपरियट्टन्ति ।

–आ. सु. १, अ. ५, उ. १, सु. १५१ (ख)

**આરંભજીવીની પાપાસક્તિ :**

૧૯૪૯. આ લોકમાં કેટલાક મનુષ્યો સાવદ્ય અનુષ્ઠાન કરનારા છે. તે વિષયોની અભિલાષાથી હિંસાનું આચરણ કરે છે.

અજ્ઞાની સાધક અસંયમી જીવનમાં પાપાનુષ્ઠાનથી નિવૃત્ત થતો નથી. વિષય પિપાસામાં સંલગ્ન બની અશરણને શરણ માને છે.

હે મનુષ્ય ! જે પાપાનુષ્ઠાનથી નિવૃત્ત નથી, અજ્ઞાની હોવા છતાં પણ મોક્ષની વાત કરે છે, એ દુઃખી જીવો કર્મ કરવામાં જ કુશળ છે. આવા જીવો સંસારમાં જ પરિભ્રમણ કરે છે.

**अभिक्खणं आहारकारगो पावसमणो–**

१९५०. अत्थं तम्मि य सूरम्मि, आहारेइ अभिक्खणं ।
चोइओ पडिचोएइ, पावसमणे त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. १६

**વારંવાર આહાર કરનારો પાપશ્રમણ :**

૧૯૫૦. જે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આખો દિવસ ખાધા કરે છે. અને 'એવું ન કરવું જોઈએ.' એ પ્રમાણે કહેનાર ગુરુનો અનાદર કરી ઉપદેશ આપવા માંડે તો તે પાપ શ્રમણ કહેવાય છે.

## પ્રમાદ નિષેધ – ૩

**पमाय–णिसेहो–**

१९५१. दुमपत्तए पण्डुयए जहा, निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ।।

कुसग्गे जह ओसबिन्दुए, थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाण जीवियं समयं गोयम ! मा पमायए ।।

इइ इत्तरियम्मि आउए, जीवियए बहुपच्चवायए ।
विहुणाहि रयं पुरेकडं, समयं गोयम ! मा पमायए ।।

–उत्त. अ. १०, गा. १-३

परिजूइ ते सरीरयं, केसा पण्डुरया हवन्ति ते ।
से सोयबले य हायई, समयं गोयम ! मा पमायए ।।

**પ્રમાદ નિષેધ :**

૧૯૫૧. કાળ વ્યતીત થતાં ઝાડનાં સૂકાં પાંદડાં સફેદ થઈને ખરી પડે છે, એવું જ મનુષ્યનું જીવન છે, તેથી હે ગૌતમ ! સમય (ક્ષણ) માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

ડાળની અણી પર રહેલા પાણીના બિંદુની જેમ મનુષ્ય જીવન ક્ષણિક છે, તેથી હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

આયુષ્ય અલ્પ છે, વિઘ્નો ઘણા છે, તેમાં પૂર્વે બાંધેલા અસંખ્ય કર્મોને ખપાવવા છે, તેથી હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ ધોળા થતાં જાય છે, શ્રવણશક્તિ ઘટતી જાય છે, માટે હે ગૌતમ ! એક ક્ષણભરનો પ્રમાદ કરીશ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिजूरइ ते सरीरयं, केसा पण्डुरया हवन्ति ते ।
से चक्खुबले य हायई, समयं गोयम ! मा पमायए ।।

તારું શરીર નિર્બળ થતું જાય છે, વાળ ધોળા થતા જાય છે, આંખોની દૃષ્ટિ ક્ષીણ થતી જાય છે, તેથી હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

परिजूरइ ते सरीरयं, केसा पण्डुरया हवन्ति ते ।
से घाणबले य हायई, समयं गोयम ! मा पमायए ।।

તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થવા માંડયાં છે, ઘ્રાણશક્તિ જતી રહી છે, માટે હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

परिजूरइ ते सरीरयं, केसा पण्डुरया हवन्ति ते ।
से जिब्भबले य हायई, समयं गोयम ! मा पमायए ।।

તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યાં છે, જીભથી રસ શક્તિનો નાશ થઈ રહ્યો છે, માટે હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

परिजूरइ ते सरीरयं, केसा पण्डुरया हवन्ति ते ।
से फासबले य हायई, समयं गोयम ! मा पमायए ।।

તારું શરીર દુર્બળ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યાં છે. તારી સ્પર્શેન્દ્રિય ક્ષીણ થઈ રહી છે, માટે હે ગૌતમ ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

परिजूरइ ते सरीरयं, केसा पण्डुरया हवन्ति ते ।
से सव्वबले य हायई, समयं गोयम ! मा पमायए ।।

—उत्त. अ. १०, गा. २१-२६

તારું શરીર ઘસાઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યાં છે, અને તમામ શક્તિઓ ક્ષીણ થઈ રહી છે, માટે હે ગૌતમ ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

अकलेवरसेणिमुस्सिया, सिद्धिं गोयम ! लोयं गच्छसि ।
खेमं च सिवं अणुत्तरं, समयं गोयम ! मा पमायए ।।

હે ગૌતમ ! તું દેહ મુક્ત થઈ સિદ્ધત્વને પ્રાપ્ત કરાવનારી ક્ષપકશ્રેણીને મેળવીને ક્ષેમ-કુશળ અનુત્તર એવા સિદ્ધલોકને પ્રાપ્ત કરીશ. માટે હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

बुद्धे परिनिव्वुडे चरे, गामगए नगरे व संजए ।
सन्तिमग्गं च दूहए, समयं गोयम ! मा पमायए ।।

સંયત, બુદ્ધ અને ઉપશાંત બનીને પૂર્ણ સંયમી થઈને ગામ અથવા નગરમાં વિચરણ કર અને શાંતિમાર્ગની વૃદ્ધિ કર, માટે હે ગૌતમ ! એક ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

बुद्धस्स निसम्म भासियं, सुकहियमट्ठपओवसोहियं ।
रागं दोसं च छिन्दिया, सिद्धिगइं गए गोयमे ।।

—उत्त. अ. १०, गा. ३५-३७

અર્થ તથા પદથી સુશોભિત તથા સુકથિત એવી પ્રભુની વાણીને સાંભળીને અને રાગ-દ્વેષનું છેદન કરીને શ્રી ગૌતમ સ્વામી સિદ્ધગતિને પ્રાપ્ત થયા.

सव्वओ पमत्तस्स भयं, सव्वओ अप्पमत्तस्स णत्थि भयं ।

—आ. सु. १, अ. ३, उ. ४ सु. १२९ (ख)

પ્રમાદીને સર્વ સ્થાનેથી ભય રહે છે, ત્યારે અપ્રમાદીને કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી.

इच्चेवं समुट्ठिते अहोविहाराए, अंतरं च खलु इमं संपेहाए, धीरो मुहुत्तमवि णो पमायए , वओ अच्चेति जोव्वणं च,

આ પ્રમાણે બુદ્ધિમાન્ પુરુષ ઉત્તમ અવસર પામી સંયમના પાલનમાં ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કરે. કારણ કે યૌવન તથા વય વ્યતીત થઈ રહ્યાં છે.

जीविते इह जे पमत्ता से हंता भेत्ता लुंपित्ता विलुंपित्ता उद्दवेत्ता उत्तासयित्ता, अकडं करिस्सामि त्ति मण्णमाणे ।

—आ. सु. १, अ. २, उ. १, सु. ६५-६६

જેને જીવનની ક્ષણભંગરતાનું જ્ઞાન નથી તે અસંયમમય જીવનમાં પ્રમત્ત બની છેદન, ભેદન કરે છે, ચોરી, લૂંટફાટ તથા પ્રાણ હનન કરે છે, ઉપદ્રવ મચાવી ત્રાસ આપે છે. 'આજ સુધી કોઈએ નથી કર્યું એવું કાર્ય હું કરીશ.' તેવા મનોરથ સેવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असंखयं जीवियं मा पमायए,
जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते,
किण्णूविहिंसा अजया गहिन्ति ।।

–उत्त. अ. ४, गा. १

જીવનદોરી તૂટ્યા પછી સંધાશે નહિ. માટે પ્રમાદ કરશો નહિ. વૃદ્ધાવસ્થા આવતાં કોઈ હાથ નહિ ઝાલે. માટે વિચાર કરો કે પ્રમાદી, હિંસક અને સંયમ વગરના જીવનને કોનું શરણ મળશે ?

डहरा वुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।
तेणे जह वट्टयं हरे, एवं आउखयम्मि तुट्टती ।।

–सूय. सु. १, अ. २, उ. १, गा. २

જેમ બાજ પક્ષી તેતર પક્ષીને ઉપાડી જાય છે, તેમ કાળ જીવને કોઈ પણ અવસ્થામાં ઉંચકી લે છે. કેટલાક બાલ્યાવસ્થામાં તો કેટલાક વૃદ્ધાવસ્થામાં મરી જાય છે. કોઈ કોઈ તો ગર્ભાવસ્થામાં જ મરણને શરણ થઈ જાય છે.

देवा गंधव्व–रक्खसा, असुरा भूमिचरा सिरीसिवा ।
राया नर–सेट्ठि–माहणा, ठाणा ते वि चयंति दुक्खिया ।।

દેવતા, ગંધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર, ઉરગ, તિર્યંચ, રાજા, મનુષ્ય, શેઠ, બ્રાહ્મણ વગેરે સર્વ પ્રાણીઓ દુઃખી થઈને પ્રાણોનો ત્યાગ કરે છે.

कामेहि य संथवेहि य, गिद्धा कम्मसहा कालेण जंतवो ।
ताले जह बंधणच्चुते, एवं आउखयम्मि तुट्टती ।।

–सूय. सु. १, अ. २, उ १, गा–५–६

જેમ તાલ વૃક્ષનું ફળ બંધન તૂટતા નીચે પડી જાય છે, તેમ કામભોગમાં આસક્ત તથા પરિવારના પરિચયમાં રત પ્રાણી આયુષ્યનો અંત થતાં મૃત્યુને પ્રાપ્ત કરે છે.

अरई गण्डं विसूइया, आयंका विविहा फुसन्ति ते ।
विहडइ विद्धंसइ ते सरीरयं, समयं गोयम ! मा पमायए ।।

–उत्त. अ. १०, गा. २७

વાયુ વિકાર આદિથી ચિત્તમાં ઉદ્વેગ, ગંડ-ગુમડાં, વિશૂચિકા, હેડકી,વમન તથા અન્ય ઘાતક રોગો શરીરમાં પેદા થઈ રહ્યાં છે, જેથી આ શરીર શક્તિ ગ્રસ્ત થઈને નાશવાન થઈ રહ્યું છે. માટે હે ગૌતમ ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

**अपमत्तचरण उवएसो–**

१९५२. सुत्तेसु यावि पडिबुद्ध–जीवी,
न वीससे पण्डिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं,
भारण्ड–पक्खी व चरेऽपमत्तो ।।

चरे पयाइं परिसंकमाणो,
जं किंचि पासं इह मण्णमाणो ।
लाभन्तरे जीविय बूहइत्ता,
पच्छा परिन्नाय मलावधंसी ।।

छन्दं निरोहेण उवेइ मोक्खं,
आसे जहा सिक्खिय–वम्मधारी ।
पुव्वाइं वासाइं चरेऽपमत्तो,
तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ।।

**અપ્રમત્ત બની આચરણ કરવાનો ઉપદેશ :**

૧૯૫૨. આશુપ્રજ્ઞ જ્ઞાની સાધક પ્રમાદરૂપી ઘોર નિદ્રામાં સૂતેલા લોકોની વચ્ચે પણ જાગૃત રહે, પ્રમાદનો એક ક્ષણ પણ વિશ્વાસ કરતા નથી કારણ કે કાળ ભયંકર છે, શરીર સંપત્તિ ઘણી દુર્બળ છે. તેથી ભારંડ પક્ષીની જેમ અપ્રમત્તપણે વિચરણ કરે.

સાધક ડગલે અને પગલે દોષિત થવાની ભીતિ રાખીને નાનામાં નાના દોષના જાળમાંથી બચીને નિશદિન નવા ગુણો પ્રગટાવે. જ્યાં સુધી જ્ઞાનાદિનો લાભ લેવાય ત્યાં સુધી આહારાદિ દ્વારા શરીરનું રક્ષણ કરે, જ્યારે લાભનો અંતરાય દેખાય ત્યારે ધર્મ સાધના કરતાં દેહ છોડી દે.

પૂરી રીતે કેળવાયેલ અને કવચધારી ઘોડાની જેમ સ્વચ્છંદતાનો નિરોધ કરનાર જે સાધકે પૂર્વ જીવનમાં વર્ષો સુધી અપ્રમાદપણે સંયમને સેવ્યો છે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स पुव्वमेवं न लभेज्ज पच्छा,
एसोवमा सासय-वाइयाणं ।
विसीयई सिढिले आउयंमि,
कालोवणीए सरीरस्स भेए ।।

खिप्पं न सक्केइ विवेगमेऊं,
तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोयं समया महेसी,
अप्पाण-रक्खी चरेऽपमत्तो ।।

—उत्त. अ. ४, गा. ६-१०

જે પૂર્વ જીવનમાં અપ્રમત્ત બની જાગૃત રહેતા નથી તે પાછલા જીવનમાં પણ અપ્રમત્ત બની જાગૃત રહી શકતા નથી. 'પાછલા જીવનમાં અપ્રમત્ત દશામાં રહીશું' એવી મિથ્યા ભ્રમણામાં રહે છે તે મૃત્યુ સમયે અતિ દુઃખી થઈને દેહ છોડે છે.

અલ્પ કાળમાં વિવેક પ્રાપ્ત થતો નથી. તેથી ક્રમે-ક્રમે વાસનાઓનો ત્યાગ કરતાં કરતાં સન્માર્ગમાં સ્થિર થાય. માટે આત્મ રક્ષક મહર્ષિ લોકને જાણી સમત્વ દ્રષ્ટિથી અપ્રમાદપણે વિચરે.

## પ્રમાદના પ્રકાર - ૪

**छ कप्पस्स विग्घकरा ठाणा—**

१९५३. कप्पस्स छ पलिमंथू पण्णत्ता, तं जहा—

१. कोक्कुइए संजमस्स पलिमंथू ।

२. मोहरिए सच्चवयणस्स पलिमंथू ।

३. चक्खुलोलुए ईरियावहियाए पलिमंथू ।

४. तिंतिणिए एसणागोयरस्स पलिमंथू ।

५. इच्छालोलुए मुत्तिमग्गस्स पलिमंथू ।

६. भिज्जानियाणकरणे मोक्खमग्गस्स पलिमंथू । सव्वत्थ भगवया अनियाणया पसत्था ।[१]

—कप्प. उ. ६, सु. १९

**છ કલ્પના વિઘ્ન કરનારા સ્થાનો :**

૧૯૫૩. કલ્પ = સાધ્વાચારના ઘાતક છ સ્થાન કહેવામાં આવ્યા છે, યથા -

૧. જોયા વગર કે પ્રમાર્જન કર્યા વગર કાયિક પ્રવૃત્તિ કરવી એ સંયમ ઘાતક છે.

૨. વાચાળતા- એ સત્ય વચન માટે ઘાતક છે.

૩. અહીં તહીં દેખતા ગમન કરવું ઈર્યાસમિતિ માટે ઘાતક છે.

૪. આહાર આદિના અલાભથી ખિન્ન બની ચિડાવું, એષણા સમિતિ માટે ઘાતક છે.

૫. ઉપકરણ આદિ માટે અતિ લોભ તે અપરિગ્રહનો ઘાતક છે.

૬. લોભ વશ નિદાન (તપના ફળની કામના) કરવું, મોક્ષ માર્ગ માટે ઘાતક છે. કારણ કે ભગવાને સર્વત્ર અનિદાનતા, નિસ્પૃહતા પ્રશસ્ત કહી છે.

**छव्विहे पमाए—**

१९५४. छव्विए पमाए पण्णत्ते, तं जहा—

१. मज्जपमाए, २. णिद्दपमाए,
३. विसयपमाए, ४. कसायपमाए,
५. जूतपमाए, ६. पडिलेहणापमाए ।

—ठाणं. अ. ६, सु. ५०२

**છ પ્રકારના પ્રમાદ :**

૧૯૫૪. પ્રમાદના છ પ્રકાર છે, યથા -

૧. મદ્ય-પ્રમાદ, ૨. નિદ્રા-પ્રમાદ,
૩. વિષય-પ્રમાદ, ૪. કષાય-પ્રમાદ,
૫. દ્યુત-પ્રમાદ, ૬. પ્રતિલેખના-પ્રમાદ.

**दस धम्मघायगा—**

१९५५. दसविधे उवघाते पण्णत्ते, तं जहा—

१. उग्गमोवघाते,

**દસ ધર્મના ઘાતક :**

૧૯૫૫. ઉપઘાત દસ પ્રકારનાં કહ્યાં છે, યથા-

૧. ભિક્ષાસંબંધી ઉદ્દગમ દોષોથી થનારા ચારિત્રનો ઉપઘાત.

---

१. ठाणं अ. ६, सु. ५२९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. उप्पायणोवघाते,

३. एसणोवघाते,[1]

४. परिकम्मोवघाते,

५. परिहारणोवघाते,[2]

६. णाणोवघाते,

७. दंसणोवघाते,

८. चरित्तोवघाते,

९. अचियत्तोवघाते,

१०. सारक्खणोवघाते ।

*—ठाणं. अ. १०, सु. ७३८ (१)*

૨. ભિક્ષાસંબંધી ઉત્પાદન દોષોથી થતો ચારિત્રનો ઉપઘાત.

૩. ભિક્ષાસંબંધી એષણાના દોષોથી થતો ચારિત્રનો ઉપઘાત.

૪. વસ્ત્ર-પાત્રાદિના પરિકર્મથી થતો ચારિત્રનો ઉપઘાત.

૫. અકલ્પ્ય ઉપકરણોના ઉપભોગથી થતો ચારિત્રનો ઉપઘાત.

૬. પ્રમાદ આદિથી થતો જ્ઞાનનો ઉપઘાત.

૭. શંકા આદિથી થતો દર્શનનો ઉપઘાત.

૮. સમિતિઓનું યથાવિધ પાલન ન કરવાથી થતો પરિગ્રહ મહાવ્રતનો ઉપઘાત.

૯. અપ્રીતિ કે અવિનયથી થતો વિનયગુણનો ઉપઘાત.

૧૦. શરીર, ઉપધિ આદિમાં મૂર્છા રાખવાથી થતો પરિગ્રહ મહાવ્રતનો ઉપઘાત.

**दस धम्मविसोहि–**

१९५६. दसविधा विसोही पण्णत्ता, तं जहा–

१. उग्गमविसोही,

२. उप्पायणविसोही,

३. एसणाविसोही,[3]

४. परिकम्मविसोही,

५. परिहरणविसोही[4]

६. णाणविसोही,

७. दंसणविसोही,

८. चरित्तविसोही,

९. अचियत्तविसोही,

१०. सारक्खणविसोही,

*—ठाणं. अ. १०, सु. ७३८ (२)*

**દસ ધર્મવિશોધિ :**

૧૯૫૬. વિશોધિના દસ પ્રકાર કહ્યા છે, યથા -

૧. ઉદ્‌ગમની વિશોધિ,

૨. ઉત્પાદનની વિશોધિ,

૩. એષણાની વિશોધિ,

૪. પરિકર્મની વિશોધિ,

૫. પરિહરણની વિશોધિ,

૬. જ્ઞાનની વિશોધિ,

૭. દર્શનની વિશોધિ,

૮. ચારિત્રની વિશોધિ,

૯. અપ્રીતિની વિશોધિ,

૧૦. સંરક્ષણ વિશોધિ-સંયમના સાધનભૂત ઉપકરણ રાખવાથી થતી વિશોધિ.

**अट्ठारस पावट्ठाणा–**

१९५७. अट्ठारस पावठाणा पण्णत्ता, तं जहा–

१. पाणाइवाए, २. मुसावाए,

३. अदिण्णादाणे, ४. मेहुणे,

**અઢાર પ્રકારના પાપસ્થાન :**

૧૯૫૭. અઢાર પ્રકારના પાપસ્થાન કહ્યાં છે, યથા -

૧. પ્રાણાતિપાત, ૨. મૃષાવાદ,

૩. અદત્તાદાન, ૪. મૈથુન,

---

१. ठाणं अ. ३, उ. ४, सु. १७८ २. ठाणं अ. ५, उ. २, सु. ४२५

३. ठाणं अ. ३, उ. ४, सु. १७८ ४. ठाणं अ. ५, उ. २, सु. ४२५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ५. परिग्गहे, | ६. कोहे, | ૫. પરિગ્રહ, | ૬. ક્રોધ, |
| ७. माणे, | ८. माया, | ૭. માન, | ૮. માયા, |
| ९. लोभे, | १०. पेज्जे, | ૯. લોભ, | ૧૦. રાગ, |
| ११. दोसे, | १२. कलहे, | ૧૧. દ્વેષ, | ૧૨. કલહ, |
| १३. अब्भक्खाणे, | १४. पेसुण्णे, | ૧૩. અભ્યાખ્યાન, (કલંક) | ૧૪. પૈશુન્ય (ચાડી), |
| १५. परपरिवाए, | | ૧૫. પર-પરિવાદ, (નિંદા) | |
| १६. अरतिरति, | | ૧૬. અરતિ-રતિ, (હર્ષશોક) | |
| १७. मायामोसे, | | ૧૭. માયામૃષા, | |
| १८. मिच्छादंसणसल्ले ।[१] | | ૧૮. મિથ્યાદર્શનશલ્ય. | |

*-वि. स. १, उ. ६, सु. ११*

## ઔદ્દેશિક આદિ અનાચાર - ૫

**ओद्देसियाइं बावण्ण अणायाराइं-**

**ઔદ્દેશિકાદિ બાવન અનાચારો :**

१९५८. संजमे सुट्ठिअप्पाणं, विप्पमुक्काण ताइणं ।
तेसिमेयमणाइण्णं, निग्गंथाण महेसिणं ।।

૧૯૫૮. સંયમમાં સ્થિત બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત, સ્વ-પરના રક્ષક, નિર્ગ્રન્થ મહર્ષિઓ માટે આ અયોગ્ય આચારોના સ્થાન છે, (યથા-)

| | |
|---|---|
| १. उद्देसियं, | ૧. ઔદ્દેશિક-સાધુના નિમિત્તે બનાવેલો આહાર લેવો, |
| २. कीयगडं, | ૨. સાધુના નિમિત્તે ખરીદેલો આહાર લેવો, |
| ३. नियाग, | ૩. આમંત્રણ આપેલા ઘેરથી લીધેલો આહાર લેવો, |
| ४. म भिहडाणि य । | ૪. સાધુના નિમિત્તે સામે લાવેલો આહાર લેવો, |
| ५. राइभत्ते | ૫. રાત્રિ ભોજન કરવું, |
| ६. सिणाणे य, | ૬. સ્નાન કરવું, |
| ७. गंध | ૭. સુગંધિત પદાર્થ સૂંઘવો, |
| ८. मल्ले य | ૮. ફુલની માળા પહેરવી, |
| ९. वीयणे ।। | ૯. પંખાદિ વીંઝવા, |
| १०. सन्निही | ૧૦. ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરવો, |
| ११. गिहिमत्ते य, | ૧૧. ગૃહસ્થના પાત્રમાં ભોજન કરવું, |
| १२. रायपिंडे, | ૧૨. રાજપિંડ ગ્રહણ કરવું, |
| १३. किमिच्छए । | ૧૩. 'તમને શું જોઈએ છે ?' પૂછીને બનાવેલો આહાર લેવો, |
| १४. संबाहणा, | ૧૪. હાથપગ દબાવરાવવા, |
| १५. दंतपहोयणा य, | ૧૫. દાંતોનું પ્રક્ષાલન કરવું, |

१. (क) वि. स. २, उ. १, सु. ५० (ख) वि. स. ७, उ. १०, सु. १६
(ग) वि. स. १७, उ. २, सु. १७ (घ) वि. स. १८, उ. ४, सु. २

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१६. संपुच्छणा,
१७. देहपलोयणा य ।।
१८. अट्ठावए य,
१९. नालीए,
२०. छत्तस्स य धारणट्ठाए ।
२१. तेगिच्छं
२२. पाहणा पाए,
२३. समारंभं च जोइणो ।।
२४. सेज्जायरपिंडं च,
२५. आसंदीपलियंकए ।
२६. गिहंतरनिसेज्जा य,
२७. गायस्सुव्वट्टणाणि य ।।
२८. गिहिणो वेयावडियं जा य,
२९. आजीववत्तिया ।
३०. तत्तानिव्वुडभोइत्तं,
३१. आउरस्सरणाणि य ।।

३२. मूलए,
३३. सिंगबेरे य,
३४. उच्छुखंडे अनिव्वुडे ।
३५. कंदे ३६. मूले य,
३७. सचित्ते फले,
३८. बीए य आमए ।।
३९. सोवच्चले,
४०. सिंधवे लोणे
४१. रोमालोणे य आमए ।
४२. सामुद्दे,
४३. पंसुखारे य,
४४. कालालोणे य आमए ।।
४५. धूवणे त्ति,
४६. वमणे य,
४७. वत्थीकम्म,
४८. विरेयणे ।
४९. अंजणे,
५०. दंतवणे[१] य,
५१. गायब्भंग,

૧૬. ગૃહસ્થને કુશળક્ષેમ પૂછવા,
૧૭. દર્પણમાં મુખ નિરખવું.
૧૮. શતરંજ વગેરે રમતો રમવી,
૧૯. પાસા વડે જુગાર રમવો,
૨૦. છત્ર ધારણ કરવું,
૨૧. વ્યાધિ આદિની ચિકિત્સા કરાવવી,
૨૨. પગમાં પગરખાં પહેરવાં,
૨૩. અગ્નિનો સમારંભ કરવો,
૨૪. શય્યાતરનો આહાર લેવો,
૨૫. સાંગા, માંચા, પલંગ પર બેસવું,
૨૬. ગૃહસ્થના ઘરમાં બેસવું,
૨૭. શરીર પર પીઠી વગેરે ચોળવું,
૨૮. ગૃહસ્થની વૈયાવૃત્ય કરવી,
૨૯. જાતિ કુળ બતાવીને આહાર આદિ લેવો,
૩૦. સચિત્ત-અચિત્ત મિશ્રિત આહારાદિ લેવા,
૩૧. ભૂખ આદિથી પીડિત થઈને પૂર્વ ભુક્ત પદાર્થોનું સ્મરણ કરવું,
૩૨. સચિત્ત મૂળા,
૩૩. આદુ,
૩૪. ઈક્ષુખંડ,
૩૫. કંદ, ૩૬. મૂળ,
૩૭. સચિત્ત ફળ,
૩૮. કાચા બીજ,
૩૯. સચિત્ત સંચળ,
૪૦. સિંધાલવણ,
૪૧. રોમકક્ષાર,
૪૨. સામુદ્રિક લવણ,
૪૩. ખારો,
૪૪. કાળુ મીઠું આ બધાનો ઉપયોગ કરવો,
૪૫. વસ્ત્રાદિને ધૂપ આપવો,
૪૬. વમન કરવું,
૪૭. બસ્તિકર્મ કરાવવું,
૪૮. જુલાબ લેવો,
૪૯. આંખોમાં અંજન આંજવું,
૫૦. દાંત રંગવા,
૫૧. શરીરને તેલ આદિનું માલીશ કરવું,

१. सुय. सु. २, अ. १, सु. ६८१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५२. विभूसणे[1] ।।
सव्वमेयमणाइण्णं, निग्गंथाण महेसिणं ।
संजमम्मि य जुत्ताणं, लहुभूयविहारिणं ।।

—दस. अ. ३, गा. १-१०

૫૨. શરીરને વિભૂષિત કરવું,
જે સંયમમાં લીન અને વાયુની જેમ મુક્તવિહારી મહર્ષિ નિર્ગ્રન્થ છે એના માટે આ સર્વે અનાચીર્ણ છે.

# શબલ – દોષ – ૬

## एगवीसं सबला –

१९५९. एगवीसं सबला पण्णत्ता, तं जहा–

१. हत्थकम्मं करेमाणे सबले ।
२. मेहुणं पडिसेवमाणे सबले ।
३. राई-भोयणं भुंजमाणे सबले ।
४. आहाकम्मं भुंजमाणे सबले ।
५. रायपिंडं भुंजमाणे सबले ।
६. उद्देसियं वा, कीयं वा, पामिच्चं वा, आच्छिज्जं वा, अणिसिट्ठं वा, अभिहडं आहट्टु दिज्जमाणं वा भुंजमाणे सबले ।
७. अभिक्खणं-अभिक्खणं पडियाइक्खियाणं भुंजमाणे सबले ।
८. अंतो छण्हं मासाणं गणाओ गणं संकममाणे सबले ।
९. अंतो मासस्स तओ दगलेवे करेमाणे सबले ।
१०. अंतो मासस्स तओ माइट्ठाणे करेमाणे सबले ।

## એકવીસ શબલ દોષ :

૧૯૫૯. એકવીસ શબલ દોષ આ પ્રમાણે છે, યથા -

૧. હસ્તકર્મ કરનાર શબલ દોષયુક્ત છે,
૨. મૈથુન સેવન કરનાર શબલ દોષયુક્ત છે,
૩. રાત્રિ ભોજન કરનાર શબલ દોષયુક્ત છે,
૪. આધાકર્મી આહાર ખાનાર શબલ દોષયુક્ત છે,
૫. રાજપિંડ ખાનાર શબલ દોષયુક્ત છે,
૬. સાધુના નિમિત્તે નિર્મિત કરેલો, સાધુ માટે મૂલ્યથી ખરીદેલો, ઉધાર લાવેલો, દુર્બળ પાસેથી છીનવેલો, આજ્ઞા વગર લાવેલો અથવા સાધુના સ્થાન પર લાવીને આપેલો આહાર ખાનાર શબલ દોષયુક્ત છે.
૭. વારંવાર પ્રત્યાખ્યાન કરી આહારાદિ ભોગવનાર શબલ દોષયુક્ત છે.
૮. છ મહિનાની અંદર-અંદર એક ગણથી બીજા ગણમાં જનારો શબલ દોષયુક્ત છે.
૯. એક મહિનામાં ત્રણવાર ઉદક લેપ (જલ સંસ્પર્શ) કરનારો શબલ દોષયુક્ત છે.
૧૦. એક માસની અંદર ત્રણ વાર માયા કરનાર શબલ દોષયુક્ત છે.

---

૧. આગમોમાં શ્રમણ સંબંધી આચાર અને અનાચારો માટે અનેક સ્થાનો પર પ્રરૂપણા છે. ઘણા સ્થાનો પર સંખ્યાનો નિર્દેશ છે અને ઘણા સ્થાનો પર નથી. સ્થાનાંગમાં દશ યતિ ધર્મ, આચારાંગ શ્રુતસ્કંધ-૨ ,અ. ૧૫માં અને પ્રશ્નવ્યાકરણના પાંચમા સંવર દ્વારમાં પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ, દશવૈકાલિક અ.૬માં અને સમવાયાંગમાં અઢાર સ્થાન-આ પ્રમાણે નિર્દેશ પૂર્વક આચારોની આગમોમાં અનેક સ્થાનોમાં પ્રરૂપણા છે.

વીસ અસમાધિસ્થાનોનો, ત્રીસ મહામોહનીય કર્મબન્ધનો, એકવીસ શબલ દોષનો દશાશ્રુતસ્કંધ અને સમવાયાંગમાં ઉલ્લેખ છે આ પ્રમાણે સંખ્યા નિર્દેશ પૂર્વક અનાચારોની આગમોમાં અનેક સ્થાન પર પ્રરૂપણા મળે છે. પરંતુ દશવૈકાલિક અ.૩માં ઉપર પ્રમાણે અનાચારોની સાથે સંખ્યાનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. છતાં પણ તેની સાથે બાવન સંખ્યા જોડવામાં આવી છે, એ યોગ્ય નથી. કારણ કે જ્યાં પાઠમાં સંખ્યાનો નિર્દેશ ન હોય ત્યાં અલ્પ કે અધિક સંખ્યાની પ્રરૂપણા ભ્રામક હોય છે. જો અનાચારની સંખ્યાનો નિર્ણય હોય તો દશવૈકાલિકના ટીકાકાર કે ચૂર્ણિકાર આદિ વ્યાખ્યાકાર સંખ્યાનો ઉલ્લેખ અવશ્ય કરે છે. સમવાયાંગ આદિ આગમોમાં પણ બાવન સંખ્યાનો ઉલ્લેખ મળી આવે છે. પરંતુ અનાચારોની સાચી સંખ્યાનો ઉલ્લેખ કોઈ પણ આગમ કે વ્યાખ્યા - ગ્રંથોમાં મળતો નથી. માટે સાધુના અનાચાર બાવન જ છે એમ માનવું ન જોઈએ. પરંતુ આગમમાં જ્યાં પણ જેટલા નિષેધ - કાર્યો છે તે સર્વે સાધુઓ માટે અનાચરણીય છે જેની સંખ્યા નિર્ધારિત થઈ શકે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. सागारियपिंडं भुंजमाणे सबले ।

૧૧. શય્યાતરના આહારાદિ ખાનાર શબલ દોષયુક્ત છે.

१२. आउट्टियाए पाणाइवायं करेमाणे सबले ।

૧૨. જાણીજોઈને જીવોની હિંસા કરનાર શબલ દોષયુક્ત છે.

१३. आउट्टियाए मुसावायं वदमाणे सबले ।

૧૩. જાણીજોઈને અસત્ય બોલનાર શબલ દોષયુક્ત છે.

१४. आउट्टियाए अदिण्णादाणं गिण्हमाणे सबले ।

૧૪. જાણીજોઈને અદત્ત વસ્તુ ગ્રહણ કરનાર શબલ દોષયુક્ત છે.

१५. आउट्टियाए अणंतरहियाए पुढवीए ठाणं वा, सेज्जं वा, निसीहियं वा चेएमाणे सबले ।

૧૫. જાણીજોઈને સચિત્ત પૃથ્વીની નજીકની ભૂમિ પર કાયોત્સર્ગ, શયન અને સ્વાધ્યાય આદિ કરનાર શબલ દોષયુક્ત છે.

१६. आउट्टियाएससिणिद्धाए पुढवीए, ससरक्खाए पुढवीए ठाणं वा, सेज्जं वा, निसीहियं वा, चेएमाणे सबले ।

૧૬. જાણીજોઈને સ્નિગ્ધ પૃથ્વી પર અને સચિત્ત રજથી યુક્ત પૃથ્વી પર કાયોત્સર્ગ, શયન અને સ્વાધ્યાય આદિ કરનાર શબલ દોષયુક્ત છે.

१७. आउट्टियाए चित्तमंताए सिलाए, चित्तमंताए लेलुए, कोलावासंसि वा दारुए जीवपइट्ठिए, सअंडे-**जाव**-मक्कडासंताणए, ठाणं वा, सेज्जं वा, निसीहियं वा चेएमाणे सबले ।

૧૭. જાણીજોઈને સચિત્ત શીલા પર, સચિત્ત પથ્થરના ઢેફા પર, સડેલા કે ઉધઈ લાગેલા જીવયુક્ત કાષ્ઠ પર તથા ઈંડાયુક્ત **યાવત્** કરોળીયાના જાળયુક્ત સ્થાન પર કાયોત્સર્ગ, શયન અને સ્વાધ્યાય કરનાર શબલ દોષયુક્ત છે.

१८. आउट्टियाए मूलभोयणं वा, कंद-भोयणं वा, खंध भोयणं वा, तया भोयणं वा, पवाल-भोयणं वा, पत्त-भोयणं वा, पुप्फ-भोयणं वा, फल-भोयणं वा, बीय-भोयणं वा, हरिय-भोयणं वा भुंजमाणे सबले ।

૧૮. જાણીજોઈને કંદ, મૂળ, સ્કંધ, છાલ, કૂંપળ, પાંદડા, પુષ્પ, ફળ, બીજ અને લીલી વનસ્પતિનું ભોજન કરનાર શબલ દોષયુક્ત છે.

१९. अंतो संवच्छरस्स दस दगलेवे करेमाणे सबले ।

૧૯. એક વર્ષની અંદર દસ વાર ઉદક લેપ લગાવનાર શબલ દોષયુક્ત છે.

२०. अंतो संवच्छरस्स दस माइट्ठाणाइं करेमाणे सबले ।

૨૦. એક વર્ષની અંદર દસ વાર માયા-સ્થાન સેવન કરનાર શબલ દોષયુક્ત છે.

२१. आउट्टियाए सीतोदय-वग्घारिय-हत्थेण वा, मत्तेण वा, दव्वीए वा, भायणेण वा, असणं वा पाणं वा, खाइमं वा, साइमं वा पडिगाहित्ता भुंजमाणे सबले ।[१]

૨૧. જાણીજોઈને સચિત્ત ઠંડા પાણીથી ભીના હાથ, પાત્ર, ચમચા કે ભોજનથી અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને લઈ ખાનાર શબલ દોષયુક્ત છે.

–दसा. द. २, सु. २

१. (क) सम. सम. २१, सु. १

(ખ) સમવાયાંગમાં રાજપિંડ પાંચમું છે અને સાગારિયપિંડ અગિયારમું છે. દશાશ્રુતસ્કધ માં સાગરિયપિંડ પાંચવું છે અને રાજપિંડ ગ્યારવું છે. સમવાયાંગ ૧૭માં સબલ દોષમાં ચિત્તમંત્તાએ પુઢવીએ પાઠ વધારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અસમાધિસ્થાન – ૭

**वीसं असमाहिट्ठाणा–**

१९६०. वीसं असमाहिट्ठाणा पण्णत्ता, तं जहा–

१. दवदवचारी यावि भवइ,
२. अप्पमज्जियचारी यावि भवइ ।
३. दुप्पमज्जियचारी यावि भवइ ।
४. अतिरित्त–सेज्जासणिए यावि भवइ ।
५. रातिणिअ–परिभासी यावि भवइ ।
६. थेरोवघाइए यावि भवइ ।
७. भूओवघाइए यावि भवइ ।
८. संजलणे यावि भवइ ।
९. कोहणे यावि भवइ ।
१०. पिट्ठिमंसिए यावि भवइ ।
११. अभिक्खणं–अभिक्खणं ओहारइत्ता भवइ ।
१२. णवाणं अहिगरणाणं अणुप्पण्णाणं उप्पाइत्ता भवइ ।
१३. पोराणाणं अहिगरणाणं खामिअ–विउसवियाणं पुणो उदीरेत्ता भवइ ।
१४. अकाले सज्झायकारए यावि भवइ ।
१५. ससरक्ख–पाणि–पाए यावि भवइ ।
१६. सद्दकरे यावि भवइ ।
१७. झंझकरे (भेदकरे) यावि भवइ ।
१८. कलहकरे यावि भवइ ।
१९. सूरप्पमाण–भोई यावि भवइ ।
२०. एसणाए असमाहिए यावि भवइ[1] ।।

–दसा. द. १, सु. ३–४

**વીશ અસમાધિસ્થાન :**

૧૯૬૦. વીશ અસમાધિસ્થાન આ પ્રમાણે છે, યથા -

૧. જલ્દી જલ્દી ચાલવું,
૨. પ્રમાર્જન કર્યા વગર (અંધારામાં) ચાલવું,
૩. ઉપેક્ષા ભાવથી પ્રમાર્જન કરવું,
૪. વધુ પડતા ઓઢવા-પાથરવાના રાખવાં,
૫. રત્નાધિકની સામે પરિભાષણ કરવું,
૬. સ્થવિરોને ઉપઘાત પહોંચાડવો,
૭. પૃથ્વી આદિની હિંસા કરવી,
૮. ક્રોધભાવમાં બળવું,
૯. ક્રોધ કરવો,
૧૦. પીઠ પાછળ નિંદા કરવી,
૧૧. વારંવાર નિશ્ચયાત્મક ભાષા બોલવી,
૧૨. નવા અનુત્પન્ન ક્લેશોને ઉત્પન્ન કરવા,
૧૩. ક્ષમાપના દ્વારા ઉપસ્થિત થયેલા જૂના ક્લેશો ફરી ઉખેળવા,
૧૪. અકાળે સ્વાધ્યાય કરવો,
૧૫. સચિત્ત રજવાળા હાથ, પગ આદિનું પ્રમાર્જન ન કરવું,
૧૬. અનાવશ્યક બોલવું, અથવા જોર-જોરથી બલોવું
૧૭. સંઘમાં ભેદભાવ થાય તેવું બોલવું,
૧૮. ઝગડા કરવા,
૧૯. સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધી કંઈને કંઈ ખાતા રહેવું,
૨૦. એષણા સમિતિથી અસમિત થવું. (અનેષણીય ભક્તપાન આદિ ગ્રહણ કરવાં.)

## મોહનીય – સ્થાન – ૮

**तीसं महा–मोहणिज्ज–ठाणाइं–**

१९६१. "अज्जो !" त्ति समणे भगवं महावीरे बहवे निग्गंथा य निग्गंथीओ य आमंतेत्ता एवं वयासी–

"एवं खलु अज्जो ! तीसं मोहणिज्ज–ठाणाइं जाइं इमाइं इत्थी वा पुरिसो वा अभिक्खणं–अभिक्खणं–आयारेमाणे वा, समायारेमाणे वा मोहणिज्जत्ताए कम्मं पकरेइ" तं जहा–

**ત્રીસ મહા મોહનીય સ્થાન :**

૧૯૬૧. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સાધુ તથા સાધ્વીઓને આમંત્રિત કરી આ પ્રમાણે કહ્યું-

'હે આર્યો ! જે સ્ત્રી કે પુરૂષ આ ત્રીસ મોહનીય સ્થાનોનું સામાન્ય કે વિશેષરૂપે વારંવાર આચરણ કરે છે, તે મોહનીય કર્મનો બંધ કરે છે. 'જે આ પ્રમાણે છે-

१. सम. सम. २०, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. जे केइ तसे पाणे, वारिमज्झे विगाहिआ ।
उदएणाऽक्कम्म मारेइ, महामोहं पकुव्वइ ।।

૧. જે ત્રસ પ્રાણીઓને પાણીમાં ડૂબાડે કે પ્રચંડ વેગવાળા તીવ્ર પાણીના પ્રવાહમાં નાંખી તેમને મારે છે, તે મહામોહનીયકર્મનો બંધ કરે છે.

२. पाणिणा संपिहित्ताणं, सोयमावारिय पाणिणं ।
अंतो नदंतं मारेइ, महामोहं पकुव्वइ ।।

૨. જે પ્રાણીઓના મુખ, નાસિકા આદિ શ્વાસ લેવાના દ્વારોને હાથ આદિ વડે અવરૂદ્ધ કરી અવ્યક્ત શબ્દ કરતા પ્રાણીઓને મારે છે, તેને મહામોહનીય કર્મ બંધાય છે.

३. जायतेयं समारब्भ, बहुं ओरूम्भिया जणं ।
अंतो घूमेणं मारेइ, महामोहं पकुव्वइ ।।

૩. જે અનેક પ્રાણીઓને એક ઘરમાં પૂરી અગ્નિના ધૂમાડાથી મારે છે, તેને મહામોહનીય કર્મ બંધાય છે.

४. सीसम्मि जो पहणइ, उत्तमंगम्मि चेयसा ।
विभज्ज मत्थयं फाले, महामोहं पकुव्वइ ।।

૪. જે કોઈ પ્રાણીના ઉત્તમાંગ-માથાં પર શસ્ત્રનાં પ્રહારથી ભેદન કરે છે, તેને મહામોહનીય કર્મનો બંધ થાય છે.

५. सीसं वेढेण जे केइ, आवेढेइ अभिक्खणं ।
तिब्बासुभ – समायारे, महामोहं पकुव्वइ ।।

૫. જે તીવ્ર અશુભ પરિણામોથી કોઈ પ્રાણીના મસ્તિષ્કને ભીનાં ચામડાનાં અનેક લપેટાથી લપેટે છે, તેને મહામોહનીય કર્મનો બંધ થાય છે.

६. पुणो–पुणो पणिहिए, हणित्ता उवहसे जणं ।
फलेण अदुव दंडेण, महामोहं पकुव्वइ ।।

૬. જે કોઈ પ્રાણીને ફસાવીને ભાલા કે દંડથી મારી હસે છે, તેને મહામોહનીય કર્મનો બંધ થાય છે.

७. गूढायारी निगूहिज्जा, मायं मायाए छायए ।
असच्चवाई णिण्हाइ, महामोहं पकुव्वइ ।।

૭. જે કોઈ રહસ્યમય વર્તનથી પોતાના માયાચારને છુપાવે છે, જુઠ્ઠું બોલે છે તેમજ આગમના યથાર્થ અર્થને છુપાવે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

८. धंसेइ जो अभूएणं, अकम्मं अत्तकम्मुणा ।
अदुवा तुमकासित्ति, महामोहं पकुव्वइ ।।

૮. જે નિર્દોષ વ્યક્તિ પર ખોટા આક્ષેપ કરે છે, પોતાના દુષ્કર્મોને તેના પર આરોપિત કરે છે અથવા 'તેં જ એવું કાર્ય કર્યું છે' એવું દોષારોપણ કરે છે, તેને મહામોહનીય કર્મનો બંધ થાય છે.

९. जाणमाणो परिसाए, सच्चामोसाणि भासए ।
अक्खीण झंझे–पुरिसे, महामोहं पकुव्वइ ।।

૯. જે કલહપ્રિય છે અને ભરી સભામાં જાણીજોઈને મિશ્ર ભાષા બોલે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१०. अणायगस्स नयवं, दारे तस्सेव धंसिया ।
विउलं विक्खोभइत्ताणं, किच्चा णं पडिबाहिरं ।।
उवगसंतंपि, झंपित्ता, पडिलोमाहिं वग्गुहिं ।
भोग–भोगे वियारेइ, महामोहं पकुव्वइ ।।

૧૦. જે કૂટનીતિજ્ઞ મંત્રી રાજાના હિતચિંતકોને ભરમાવી અથવા બીજા કોઈ બહાને, રાજાને રાજ્ય બહાર મોકલી રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરે છે, રાણીઓના શીલભંગ કરે છે. વિરોધ કરનાર સામંતોનો તિરસ્કાર કરે છે તથા તેઓના ભોગ્ય પદાર્થોનો વિનાશ કરે છે, તેને મહામોહનીય કર્મનો બંધ થાય છે.

११. अकुमारभूए जे केई, "कुमार–भूए त्ति हं" वए ।
इत्थी–विसय–सेवी य, महामोहं पकुव्वइ ।।

૧૧. જે બાળબ્રહ્મચારી ન હોવા છતાં પણ પોતાને બાળ બ્રહ્મચારી કહે છે, અને સ્ત્રી વિષયક ભોગોમાં ગૃદ્ધ થાય છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२. अबंभयारी जे केई, "बंभयारी त्ति हं" वए ।
गद्दहेव्व गवां मज्झे, विस्सरं नयइ नदं ।।
अप्पणो अहिए बाले, मायामोसं बहुं भसे ।
हत्थी-विसय-गेही य, महामोहं पकुव्वइ ।।

૧૨. જે બ્રહ્મચારી ન હોવા છતાં પણ 'હું બ્રહ્મચારી છું' એમ કહે છે, તે ગાયોના ટોળામાં જેમ ગધેડો બેસુરા અવાજમાં ભૂંકતો હોય છે તેવો છે અને પોતાના આત્માનું અહિત કરનાર તે મૂર્ખ માયા સહિત જુઠ્ઠું બોલી સ્ત્રીઓમાં આસક્ત રહે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१३. जं निस्सिए उव्वहइ, जस्साहिगमेण वा ।
तस्स लुब्भइ वित्तम्मि, महामोहं पकुव्वइ ।।

૧૩. જે જેના આશ્રયથી આજીવિકા ચલાવે છે તથા જેની સેવાથી સમૃદ્ધ થયો છે, તેના જ ધનનું અપહરણ કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१४. ईसरेण अदुवा गामेणं, अणीसरं ईसरीकए ।
तस्स संपय-हीणस्स, सिरी अतुलमागया ।।
ईसा-दोसेण आविट्ठे, कलुसाविल-चेयसे ।
जे अंतरायं चेएइ, महामोहं पकुव्वइ ।।

૧૪. જે કોઈ સ્વામીનો કે ગ્રામવાસીઓનો આશ્રય પામી ઊંચુ સ્થાન મેળવે છે અને જેની સહાયતાથી સર્વ સાધન-સંપન્ન બને છે (એવો મનુષ્ય) જો ઈર્ષ્યાવશ કલુષિતભાવે તે આશ્રયદાતાઓના લાભમાં અંતરાય ઉત્પન્ન કરે છે તો તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१५. सप्पी जहा अंडउडं, भत्तारं जो विहिंसइ ।
सेनावइं पसत्थारं, महामोहं पकुव्वइ ।।

૧૫. જેમ સર્પિણી પોતાના ઈંડાને ખાય છે, એ જ પ્રમાણે જે પાલનકર્તા, સેનાપતિ તથા કલાચાર્ય કે ધર્માચાર્યને મારી નાંખે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१६. जे नायगं च रट्ठस्स, नेयारं निगमस्स वा ।
सेट्ठिं बहुरवं हंता, महामोहं पकुव्वइ ।।

૧૬. જે રાષ્ટ્રનાયકને, નિગમના નેતા તથા લોકપ્રિય શ્રેષ્ઠીને મારી નાંખે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१७. बहुजणस्स णेयारं, दीवत्ताणं च पाणिणं ।
एयारिसं नरं हंता, महामोहं पकुव्वइ ।।

૧૭. જે અનેક જનોના નેતાને તથા સમુદ્રમાં દ્વીપ સમાન અનાથજનોના રક્ષકને મારી નાંખે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१८. उवट्ठियं पडिविरयं, संजयं सुत्तवस्सियं ।
विउक्कम्म धम्माओ भंसेइ, महामोहं पकुव्वइ ।।

૧૮. જે પાપથી વિરત દીક્ષાર્થી અને તપસ્વી સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

१९. तहेवाणंत-णाणीणं, जिणाणं वरदंसिणं ।
तेसिं अवण्णवं बाले, महामोहं पकुव्वइ ।।

૧૯. જે અજ્ઞાની અનંત જ્ઞાન-દર્શન સંપન્ન જિનેન્દ્ર દેવનો અવર્ણવાદ-નિંદા કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२०. नेयाइअस्स मग्गस्स, दुट्ठे अवयरइ बहुं ।
तं तिप्पयन्तो भावेइ, महामोहं पकुव्वइ ।।

૨૦. જે દુષ્ટ આત્મા અનેક ભવ્ય જીવોને ન્યાય માર્ગથી ભ્રષ્ટ કરે છે તથા ન્યાય માર્ગની દ્વેષ સહિત નિંદા કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२१. आयरिय-उवज्झाएहिं, सुयं विणयं च गाहिए ।
ते चेव खिंसइ बाले, महामोहं पकुव्वइ ।।

૨૧. જે આચાર્ય કે ઉપાધ્યાય પાસેથી શ્રુત અને આચાર ગ્રહણ કરેલ છે, તેમની જ જે અવહેલના કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२२. आयरिय-उवज्झायाणं, सम्मं नो पडितप्पइ ।
अप्पडिपूयए थद्धे, महामोहं पकुव्वइ ।।

૨૨. જે વ્યક્તિ આચાર્ય ઉપાધ્યાયની સમ્યક્ પ્રકારે સેવા કરતો નથી તથા આદર સત્કાર કરતો નથી અને અભિમાન કરે છે, તેને મહામોહનીય કર્મનો બંધ થાય છે.

२३. अबहुस्सुए य जे केई, सुएणं पविकत्थइ ।
सज्झाय-वायं वयइ, महामोहं पकुव्वइ ।।

૨૩. જે બહુશ્રુત ન હોવા છતાં પણ પોતાને બહુશ્રુત, સ્વાધ્યાયી અને શાસ્ત્રના રહસ્યોનો જ્ઞાતા કહે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२४. अतवस्सीए जे केइ, तवेण पविकत्थइ ।
सव्वलोय – परे तेणे, महामोहं पकुव्वइ ।।

૨૪. જે તપસ્વી ન હોવા છતાં પણ પોતાને તપસ્વી કહે છે તે આ વિશ્વમાં સૌથી મોટો ચોર છે. તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२५. साहारणट्ठा जे केइ, गिलाणम्मि उवट्ठिए ।
पभू न कुणइ किच्चं, मज्झंपि से न कुव्वइ ।।
सढे नियडी – पण्णाणे, कलुसाउल-चेयसे ।
अप्पणो य अ बोहीए, महामोहं पकुव्वइ ।।

૨૫. જે સમર્થ હોવા છતાં પણ રોગીની સેવાનું મહાન કાર્ય કરતો નથી, પરંતુ 'એણે મારી સેવા કરી નથી માટે હું તેની સેવા શા માટે કરું ?' આવું કહેનાર મહામૂર્ખ, માયાવી, મિથ્યાત્વી તેમજ કલુષિત ચિત્તવાળો પોતાના આત્માનું જ અહિત કરે છે, એવો વ્યક્તિ મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२६. जे कहाहिगरणाइं, संपउंजे पुणो-पुणो ।
सव्व तित्थाण-भेयाए, महामोहं पकुव्वइ ।।

૨૬. ચતુર્વિધ સંઘમાં મતભેદ પેદા કરવા માટે જે સંકલેષના અનેક પ્રસંગો ઉપસ્થિત કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२७. जे य आहम्मिए जोए, संपउंजे पुणो-पुणो ।
सहा-हेउं सही-हेउं, महामोहं पकुव्वइ ।।

૨૭. જે સ્નેહી કે મિત્રગણ માટે અધાર્મિક યોગ દ્વારા વશીકરણાદિનો વારંવાર પ્રયોગ કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२८. जे य माणुस्सए भोए, अदुवा पारलोइए ।
तेऽतिप्पयंतो आसयइ, महामोहं पकुव्वइ ।।

૨૮. જે મનુષ્ય સંબંધી અને દેવ સંબંધી ભોગોની અતૃપ્તિથી તેની વારંવાર અભિલાષા કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

२९. इड्ढी जुई जसो वण्णो, देवाणं बलवीरियं ।
तेसिं अवण्णव बाले, महामोहं पकुव्वइ ।।

૨૯. જે વ્યક્તિ દેવોની ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ અને બળ-વીર્યનો અવર્ણવાદ બોલે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

३०. अपस्समाणो पस्सामि, देवे जक्खे य गुज्झगे ।
अण्णाणी जिण-पूयट्ठी, महामोहं पकुव्वइ ।।

૩૦. જે અજ્ઞાની જિનદેવની પૂજાની જેમ પોતાની પૂજાનો ઈચ્છુક બની દેવ, યક્ષ અને અસુરોને દેખતો ન હોવા છતાં પણ એમ કહે કે 'હું એ બધાને જોઉં છું.' એ મહામોહનીય કર્મનો બંધ કરે છે.

एते मोहगुणा वुत्ता, कम्मंता चित्त-वद्धणा ।
जे उ भिक्खू विवज्जेज्जा, चरिज्जत्तगवेसए ।।

એ મોહથી ઉત્પન્ન થનારા, અશુભ કર્મનું ફળ દેનારા, ચિત્તની મલિનતા વધારનારા દોષો બતાવેલ છે. માટે ભિક્ષુ તેનું આચરણ ન કરે, પણ આત્મ-ગવેષી બની વિચરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जं पि जाणे इतो पुव्वं, किच्चाकिच्चं बहु जढं ।
तं वंता ताणि सेविज्जा, जेहिं आयारवं सिया ।।

ભિક્ષુ પૂર્વે કરેલા પોતાના કૃત્યાકૃત્યોને જાણી તેનો સંપૂર્ણ પરિત્યાગ કરે અને સંયમસ્થાનોનું સેવન કરે જેથી તે આચારવાન્ બને.

आयार-गुत्ती सुद्धप्पा, धम्मे ठिच्चा अणुत्तरे ।
ततो वमे सए दोसे, विसमासीविसो जहा ।।

જે ભિક્ષુ પંચાચારના પાલનથી સુરક્ષિત છે, શુદ્ધાત્મા છે અને અનુત્તર ધર્મમાં સ્થિત છે, તે તેવી રીતે પોતાના દોષોનો ત્યાગ કરી દે જેવી રીતે આશિવિષ સર્પ વિષનું વમન કરી દે છે.

सुचत्त-दोसे सुद्धप्पा, धम्मट्ठी विदितायरे ।
इहेव लभते कित्तिं, पेच्चा य सुगतिं वरे ।।

આ પ્રમાણે દોષોનો પરિત્યાગ કરી શુદ્ધાત્મા ધર્માર્થી ભિક્ષુ મોક્ષના સ્વરૂપને જાણી આ લોકમાં કીર્તિ પ્રાપ્ત કરે છે અને પરલોકમાં સુગતિ પ્રાપ્ત કરે છે.

एवं अभिसमागम्म, सूरा दढ परक्कमा ।
सव्व-मोह-विणिमुक्का, जाइ-मरणमतिच्छिया ।।[1]

-दसा. द. ९, गा. १-३९

જે દૃઢ પરાક્રમી શૂરવીર ભિક્ષુ સર્વ સ્થાનોને જાણી એ મોહ બંધનના કારણોનો ત્યાગ કરી દે છે તે જન્મ મરણનું અતિક્રમણ કરી દે છે અર્થાત્ સંસારથી મુક્ત થાય છે.

## ક્રિયા સ્થાન – ૯

**तेरस किरिया ठाणा-**

१९६२. तेरस किरिया ठाणा पण्णत्ता, तं जहा-

१. अट्ठादंडे,
२. अणट्ठादंडे,
३. हिंसादंडे,
४. अकम्हादंडे,
५. दिट्ठिविप्परिआसिआदंडे
६. मुसावायवत्तिए,
७. अदिण्णादाणवत्तिए,
८. अज्झत्थिए,
९. माणवत्तिए,
१०. मित्तदोसवत्तिए,
११. मायावत्तिए,
१२. लोभवत्तिए,
१३. ईरियावहिए, नामं तेरसमे ।[2]

-सम. सम. १३, सु. १

**તેર ક્રિયા સ્થાન :**

૧૯૬૨. તેર ક્રિયા સ્થાન કહ્યાં છે, યથા -

૧. સપ્રયોજન હિંસા,
૨. નિષ્પ્રયોજન હિંસા,
૩. સંકલ્પયુક્ત હિંસા,
૪. અચાનક થનારી હિંસા,
૫. મતિભ્રમથી થનારી હિંસા,
૬. મૃષાવાદના નિમિત્તે થતી ક્રિયા,
૭. અદત્તાદાનના નિમિત્તે થતી ક્રિયા,
૮. બાહ્ય નિમિત્ત વગર પોતાના મનથી ઉત્પન્ન થતી ક્રિયા,
૯. અભિમાન નિમિત્તે થતી ક્રિયા,
૧૦. મિત્ર પ્રત્યે અપ્રિય ભાવ નિમિત્તે થતી ક્રિયા,
૧૧. માયાના નિમિત્તે થતી ક્રિયા,
૧૨. લોભના નિમિત્તે થતી ક્રિયા,
૧૩. કષાય રહિત યોગના નિમિત્તે થતી ક્રિયા,

---

१. (क) सम. सम. ३०, सु. १
(ख) દશા શ્રુતસ્કંધ અને સમવાયાંગ સૂત્રમાં સરખું વર્ણન છે. પરંતુ બીજા સ્થાનથી પાંચમાં સ્થાન સુધી ચાર સ્થાનોના ક્રમમાં અન્તર છે. જે લિપિદોષજન્ય જણાય છે.

| તેમાં અંતર આ પ્રમાણે છે. | સમવાયાંગમાં | દશાશ્રુતસ્કંધમાં |
|---|---|---|
| (૧) શ્વાસ રોકીને મારવું- | ત્રણ છે | બે છે. |
| (૨) ધુમાડા આદિથી મારવું- | ચાર છે | ત્રણ છે. |
| (૩) માથું ચીરીને મારવું- | પાંચ છે | ચાર છે. |
| (૪) માથે ભીનું ચામડું બાંધીને મારવું- | બીજું છે | પાંચ છે. |

બાકી બધાનો ક્રમ સરખો છે.

२. सूय. सु. २, अ. २, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નિમિત્ત કથન – ૧૦

**अट्ठविहा महाणिमित्ता–**

१९६३. अट्ठविहे महाणिमित्ते पण्णत्ते, तं जहा–
(१) भोमे, (२) उप्पाते, (३) सुविणे,
(४) अंतलिक्खे, (५) अंगे, (६) सरे,
(७) लक्खणे, (८) वंजणे ।[१]

–ठाणं. अ. ८, सु. ६०८

**આઠ પ્રકારના મહાનિમિત્ત :**

૧૯૬૩. મહાનિમિત્ત આઠ પ્રકારના કહ્યાં છે. યથા -
(૧) ભૌમ, (૨) ઉત્પાત, (ઉપદ્રવ) (૩) સ્વપ્ન,
(૪) અંતરિક્ષ, (૫) અંગ, (૬) સ્વર,
(૭) લક્ષણ, (૮) વ્યંજન (તલ-મસા આદિ).

**णिमित्त वागरण णिसेहो–**

१९६४. जे लक्खणं सुविणं पउंजमाणे,
निमित्ते कोऊहल संपगाढे ।
कुहेड विज्जा–सवदारजीवी,
न गच्छई सरणं तम्मि काले ।।

–उत्त. अ. २१, गा. ४५

जे लक्खणं च सुविणं च, अंगविज्जं च जे पउंजंति ।
न हु ते समणा वुच्चंति, एवं आयरिएहिं अक्खायं ।।

–उत्त. अ. ८, गा. १३

छिन्नं सरं भोमं अंतलिक्खं,
सुविणं लक्खण- दंड–वत्थुविज्जं ।
अंगवियारं सरस्स विजयं,
जे विज्जाहिं न जीवई स भिक्खू ।।

–उत्त. अ. १५, गा. ७

नक्खत्तं सुमिणं जोगं, निमित्त मंत भेसजं ।
गिहिणो तं न आइक्खे, भूयाहिगरणं पयं ।।

–दस. अ. ८, गा. ५१

**નિમિત્ત કથન નિષેધ :**

૧૯૬૪. જે લક્ષણ શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્રનો પ્રયોગ કરે છે, જે નિમિત્ત શાસ્ત્ર અને કૌતુક- કાર્યમાં લાગેલો રહે છે, જે મિથ્યા આશ્ચર્ય ઉત્પન્ન કરનાર આશ્રવવાળી વિદ્યાઓથી આજીવિકા ચલાવે છે, તે મરણ સમયે કોઈનું પણ શરણ પામી શકતો નથી.

જે સાધક લક્ષણ શાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર તથા અંગવિદ્યાનો પ્રયોગ કરે છે, તેને સાચા અર્થમાં શ્રમણ કહેવાનો નથી એવું આચાર્યોનું કહેવું છે.

જે છેદન, સ્વર (ઉચ્ચારણ), ભૌમ, અંતરિક્ષ, સ્વપ્ન, લક્ષણ, દંડ, વાસ્તુવિદ્યા, અંગસ્ફુરણ અને સ્વર વિજ્ઞાન આદિ વિદ્યાઓ દ્વારા આજીવિકા ચલાવતો નથી, તે ભિક્ષુ છે.

નક્ષત્ર, સ્વપ્ન, વશીકરણ યોગ, નિમિત્ત, મંત્ર અને ભેષજ - એ જીવોની હિંસાના નિમિત્ત સ્થાન છે. માટે મુનિ ગૃહસ્થોને તેનાં ફલાફલ ન બતાવે.

**निमित्तप्पओगी पावसमणो–**

१९६५. सयं गेहं परिचज्ज, परगेहंसि वावडे ।
निमित्तेण य ववहरई, पावसमणे त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. १८

**નિમિત્તના પ્રયોક્તા પાપશ્રમણ :**

૧૯૬૫. જે પોતાનું ઘર છોડી બીજાના ઘરમાં જઈ તેનું કાર્ય કરે છે તથા નિમિત્ત શાસ્ત્રથી શુભાશુભ બતાવી જીવન વ્યવહાર ચલાવે છે તે પાપશ્રમણ કહેવાય છે.

## કષાય નિષેધ – ૧૧

**कसाय–णिसेहो–**

१९६६. पलिऊंचणं च भयणं च, थंडिललुस्सयणाणि य ।
धुणाऽऽदाणाइं लोगंसि, तं विज्जं परिजाणिया ।।

–सूय. सु. १, अ. ९, गा. ११

**કષાય નિષેધ :**

૧૯૬૬. માયા, લોભ, ક્રોધ અને માન સંસારમાં કર્મબંધનું કારણ છે. તેથી વિદ્વાન્ સાધક જ્ઞપરિજ્ઞાથી જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે.

---

१. सम. सम. २९, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसे उ, इच्छंतो हियमप्पण्णो ।।

પોતાના આત્માનું હિત ઈચ્છતો હોય તો સાધક પાપને વધારનાર ક્રોધ, માન, માયા, લોભ એ ચાર દોષોને નિશ્ચયથી છોડી દે.

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ।।

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વે સદ્‌ગુણોનો વિધ્વંસ કરે છે.

उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं चऽज्जवभावेण, लोभं संतोसओ जिणे ।।

ક્રોધને ક્ષમા વડે નાશ કરે, અભિમાનને માર્દવથી જીતે, સરળતાથી માયાને અને સંતોષથી લોભને જીતે.

कोहो य माणो य अणिग्गहीया,
माया य लोभा य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया,
सिंचंति मूलाइं पुणब्भवस्स ।।

—दस. अ. ८, गा. ३६-३९

ક્રોધ અને માનને વશ નહિ કરવાથી તથા માયા અને લોભને વધારવાથી આ ચારેય કષાયો પુનર્ભવરૂપ વૃક્ષોના મૂળને સિંચન કરે છે.

जे यावि बहुस्सुए सिया,
धम्मिए माहणे भिक्खुए सिया ।
अभिणूमकडेहिं मुच्छिए,
तिव्वं से कम्मेहिं किच्चती ।।

જે મનુષ્યો બહુશ્રુત હોય અર્થાત્ શાસ્ત્રજ્ઞ હોય તથા ધાર્મિક બ્રાહ્મણ અને ભિક્ષુક હોય પરંતુ જો તે માયા કૃત અનુષ્ઠાનોમાં આસક્ત હોય તો તેઓ પોતાના કર્મોથી દુ:ખી થાય છે.

अह पास विवेगमुट्ठिए,
अवितिण्णे इह भासई धुतं ।
णाहिसि आरं कओ परं ?
वेहासे कम्मेहिं किच्चई ।।

હે શિષ્ય ! જુઓ- કેટલાક સાધકો સંયમ સ્વીકાર કરવા છતાં પણ કષાય વિજયમાં સફળ થતા નથી છતાં મોક્ષની વાતો કરે છે. એમનો આ ભવ તો સુધરતો જ નથી તો પરભવ કેવી રીતે સુધરશે ? અર્થાત્ તેઓ વચ્ચે જ કર્મોથી પીડાય છે.

जइ वि य णिगिणे किसे चरे,
जइ वि य भुंजिय मासमंतसो ।
जे इहमायाइ मिज्जती,
आगंता गब्भायडणंतसो ।।

—सूय सु. १, अ. २, उ. १, गा. ७-९

ભલે, કોઈ પુરુષ નગ્ન (પરિગ્રહ રહિત) થઈને વિચરે અથવા માસખમણની દીર્ઘ તપસ્યા કરી શરીર કૃશ કરે. પરંતુ જો તે માયા આદિથી પરિપૂર્ણ છે તો અનંતકાળ સુધી જન્મ મરણનું દુ:ખ ભોગવશે.

**कसायाणं अग्गी उवमा–**

**કષાયોને અગ્નિની ઉપમા :**

१९६७. प. संपज्जलिया घोरा, अग्गी चिट्ठइ गोयमा ।
जे डहन्ति सरीरत्था, कहं विज्झाविया तुमं ? ।।

૧૯૬૭. પ્ર. (કેશીકુમાર પૂછે છે) હે ગૌતમ ! પ્રાણી માત્રના શરીરમાં ઘોર (પ્રચંડ) અગ્નિ બળે છે અને આત્માના ગુણોને ભસ્મ કરી રહ્યો છે. તે અગ્નિને તમે કેવી રીતે શાંત કર્યો ?

उ. महामेहप्पसूयाओ, गिज्झ वारि जलुत्तमं ।
सिंचामि सययं तेउ, सित्ता नोवडहन्ति मे ।।

ઉ. 'મહામેઘમાંથી ઉત્પન્ન થયેલ પાણીને લઈને મેં તે અગ્નિને નિરંતર સિંચન કર્યો અને આવા પાણીથી ભીંજાયેલ અગ્નિ મને બાળતો નથી.'

प. अग्गी य इइ के वुत्ता ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ।।

પ્ર. 'તે અગ્નિ કયો?' 'કેશીએ ગૌતમને કહ્યું.

કેશીના પૂછવાથી ગૌતમે આમ જવાબ આપ્યો -

उ. कसाया अग्गिणो वुत्ता, सुय-सील-तवो जलं ।
सुयधाराभिहया सन्ता, भिन्ना हु न डहन्ति मे ।।

—उत्त. अ. २३, गा. ५०-५३

ઉ. કષાય અગ્નિ છે. શ્રુત, શીલ અને તપ એ પાણી છે. શ્રુત-શીલ-તપરૂપી જળધારાથી બુઝાયેલ અગ્નિ મને બાળતો નથી.

**अट्ठमयप्पगारा—**

१९६८. अट्ठ मयट्ठाणा पण्णत्ता, तं जहा—
(१) जातिमए, (२) कुलमए, (३) बलमए,
(४) रूवमए, (५) तवमए, (६) सुत्तमए,
(७) लाभमए, (८) इस्सरियमए ।

—ठाणं. अ. ८, सु. ६०६

**આઠ પ્રકારના મદ :**

૧૯૬૮. મદના આઠ પ્રકાર કહ્યાં છે, યથા -
(૧) જાતિમદ, (૨) કુળમદ, (૩) બળમદ,
(૪) રૂપમદ, (૫) તપમદ, (૬) શ્રુતમદ,
(૭) લાભમદ, (૮) ઐશ્વર્યમદ.

**मदणिसेहो—**

१९६९. पण्णामयं चेव तवोमयं च,
णिण्णाभए गोयमयं च भिक्खू ।
आजीवगं चेव चउत्थमाहु,
से पंडिते उत्तमपोग्गले से ।।
एताइं मदाइं विगिंच धीरा,
ण ताणि सेवंति सुधीरधम्मा ।
ते सव्वगोत्तावगता महेसी,
उच्चं अगोत्तं च गतिं वयंति ।।

—सूय. सु. १, अ. १३, गा. १५-१६

**મદ નિષેધ :**

૧૯૬૯. સાધુ પ્રજ્ઞામદ, તપોમદ, ગોત્રમદ અને ચોથો આજીવિકાનોમદ મનથી પણ ન કરે. જે આવો મદ કરતો નથી તે જ પંડિત અને સર્વશ્રેષ્ઠ આત્મા છે.

ધીર પુરૂષ ઉપરોક્ત મદ સ્થાનોને છોડી દે. કારણ કે- ધૈર્યવાન્ સાધક એ જાતિ આદિ મદોનું ક્યારેય સેવન કરતા નથી. તેથી ઊંચ-નીચ બધા ગોત્રથી મુક્ત થયેલા તે મહર્ષિઓ સર્વોત્તમ એવી મોક્ષ ગતિને પામે છે.

न जाइमत्ते न य रूवमत्ते,
न लाभमत्ते न सुएणमत्ते ।
मयाणि सव्वाणि विवज्जइत्ता,
धम्मज्झाणरए जे स भिक्खू ।।

—दस. अ. १०, गा. १९

જે જાતિનો મદ કરતો નથી, જે રૂપનો મદ કરતો નથી, જે લાભનો મદ કરતો નથી, જે શ્રુતનો મદ કરતો નથી તેમજ જે સર્વ પ્રકારના મદોને છોડી દઈને ધર્મધ્યાનમાં રત રહે છે, તે જ ભિક્ષુ છે.

न बाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे ।
सुयलाभे न मज्जेज्जा, जच्चा तवसिबुद्धिए ।।

—दस. अ. ८, गा. ३०

સાધુ બીજા કોઈનો પણ તિરસ્કાર ન કરે અને પોતાની પ્રશંસા પણ ન કરે. શ્રુત, લાભ, જાતિ, તપ તથા બુદ્ધિનો અહંકાર ન કરે.

तयसं व जहाइ से रयं, इति संखाय मुणी य मज्जई ।
गोयण्णतरेण माहणे, अह सेयकरी अन्नेसि इंखिणी ।।

જેમ સર્પ પોતાની કાંચળીને છોડવા યોગ્ય જાણી છોડી દે છે તેમ સાધુ કર્મરૂપી રજ જે છોડવા યોગ્ય છે તેને છોડીદે છે એમ જાણી અહિંસકમુનિ ગોત્ર વગેરેનો મદ ન કરે તથા કલ્યાણનો નાશ કરનાર બીજાની નિંદા પણ ન કરે.

जो परिभवई परं जणं,
संसारे परिवत्तई महं ।
अदु इंखिणिया उ पाविया,
इति संखाय मुणी ण मज्जई ।।

—सूय सु. १, अ. २, उ. २, गा. १-२

જે સાધક બીજાનો તિરસ્કાર કરે છે તે સંસારમાં બહુ કાળ સુધી પરિભ્રમણ કરે છે. પરનિંદા પાપનું કારણ છે. એવું જાણી મુનિ કોઈ પણ પ્રકારનો અહંકાર ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**रूवमद-णिसेहो-**

१९७०. जे केई सरीरे सत्ता, वण्णे रूवे य सव्वसो ।
"मणसा कायवक्केणं" सव्वे ते दुक्खसंभवा ।।

आवन्ना दीहमद्धाणं, संसारम्मि अणंतए ।
तम्हा सव्वदिसं पस्स, अप्पमत्तो परिव्वए ।।

—उत्त अ. ६, गा. ११-१२

**રૂપમદ નિષેધ :**

૧૯૭૦. મન, વચન અને કાયાથી જે શરીરના વર્ણ અને રૂપમાં આસક્તિ રાખે છે, તે પોતાના માટે દુઃખ ઉત્પન્ન કરે છે.

સાધકે પોતે જ આ અનંત સંસારનો લાંબો માર્ગ સ્વીકાર્યો છે. તેથી તેણે બધી જ દિશાઓને સારી રીતે જોઈને અપ્રમાદપણે વિચરવું જોઈએ.

**लज्जा-णिसेहो-**

१९७१. जे यावि अणायगे सिया,
जे वि य पेसगपेसए सिया ।
जे मोणपदं उवट्ठिए,
णो लज्जे समयं सया चरे ।।

—सूय. सु. १, अ. २, उ. २, गा. ३

**લજ્જા નિષેધ :**

૧૯૭૧. ભલે કોઈ ચક્રવર્તી સમ્રાટ હોય કે પછી દાસનો પણ દાસ હોય, પરંતુ જો તેણે સંયમ માર્ગ ધારણ કર્યો હોય તો તેણે લજ્જા અને માન ત્યાગ કરી સમભાવથી સંયમનું આચરણ કરવું જોઈએ.

**कसाय-गारव-णिसेहो-**

१९७२. अतिमाणं च मायं च, तं परिण्णाय पंडिते ।
गारवाणि य सव्वाणि, निव्वाणं संधए मुणि ।।

—सूय. सु. १, अ. ९, गा. ३६

णिक्किंचणे भिक्खू सुलूहजीवी,
आजी जे गारवं होइ सिलोयगामी ।
वमेयं तु अबुज्झमाणे,
पुणो - पुणो विप्परियासुवेइ ।।

जे भासवं भिक्खू सुसाधुवाई,
पडिहाणवं होइ विसारए य ।
आगाढपण्णे सुविभावियप्पा,
अण्णं जणं पण्णया परिभवेज्जा ।।

एवं ण से होइ समाहिपत्ते,
जे पण्णवं भिक्खू विउक्कसेज्जा ।
अहवा वि जे लाभमयावलित्ते,
अण्णं जणं खिंसति बालपण्णे ।।

—सूय. सु. १, अ. १३, गा. १२-१४

**કષાય અને ગર્વનો નિષેધ :**

૧૯૭૨. પંડિત મુનિ ક્રોધ, માન, માયા, લોભ તથા બધા પ્રકારના ગર્વોને જાણી તેનો પરિત્યાગ કરે તથા પોતે માત્ર નિર્વાણ માર્ગની સાધનામાં લાગી જાય.

જે સાધુ અકિંચન છે, લુખ્ખો-સૂકો આહાર કરે છે, તે જો ગર્વ અને પ્રશંસાની ઈચ્છા રાખતો હોય તો તેના બીજા બધા જ ગુણો તેનું પેટ ભરવાનું સાધન માત્ર છે. તે પરમાર્થને નહિ સમજનાર અજ્ઞાની વારંવાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

જે સાધુ ભાષાવિદ્ છે, જે હિતકારી, મિતકારી તથા પ્રિયકારી ભાષણ કરે છે, જે બુદ્ધિસંપન્ન છે, જે શાસ્ત્રમાં નિપુણ છે, જે સૂક્ષ્મ તત્ત્વોનો જાણકાર છે, જે સંયમભાવમાં ભાવિત છે છતાં અજ્ઞાનવશ બીજાનો તિરસ્કાર કરે છે તે સમાધિને પામી શકતો નથી.

જે સાધુ પ્રજ્ઞાવાન્ થઈને પણ પોતાની જાતિ, બુદ્ધિ આદિનું અભિમાન કરે છે અથવા જે લાભના અભિમાનથી મસ્ત થઈને બીજાની નિંદા કરે છે, તે બાલબુદ્ધિ સાધુ સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી.

**संपराइय-कम्माणं-तिकरण-णिसेहो-**

१९७३. से भिक्खू जं पि य इमं संपराइयं कम्मं कज्जइ, णो तं सयं करेति, नेवऽन्नेणं कारवेति, अन्नं पि करेंतं णाणुजाणति, इति से महता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते । —सूय. सु. २, अ. १, सु. ६८६

**સામ્પરાયિક કર્મોનો ત્રિકરણ નિષેધ :**

૧૯૭૩. જે સાધુ સંસાર ભ્રમણના કારણરૂપ સામ્પરાયિક (કષાય યુક્ત) કર્મને સ્વયં કરતો નથી, કરાવતો નથી, અને કરનારનું અનુમોદન કરતો નથી તે ભિક્ષુ મહાન કર્મબંધથી નિવૃત્ત થાય છે તથા શુદ્ધ સંયમમાં રત અને પાપોમાં વિરત બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कोहविजय-फलं-**

**ક્રોધ-વિજયનું ફળ :**

१९७४. प. कोहविजएणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. कोहवियएणं खन्ति जणयइ, कोहवेयणिज्जं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ ।

–उत्त. अ. २९, सु. ६९

૧૯૭૪. પ્ર. ભંતે ! ક્રોધ-વિજયથી જીવને શું મળે છે ?

ઉ. ક્રોધ-વિજયથી જીવને શાંતિ પ્રાપ્ત થાય છે. જેથી ક્રોધ-વેદનીય કર્મનો બંધ થતો નથી તથા પૂર્વબદ્ધ કર્મનીતે નિર્જરા કરે છે.

**माणविजय-फलं-**

**માન-વિજયનું ફળ :**

१९७५. प. माणविजएणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. माणविजएणं मद्दवं जणयइ, माणवेयणिज्जं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ ।

–उत्त. अ. २९, सु. ७१

૧૯૭૫. પ્ર. ભંતે ! માન-વિજયથી જીવને શું મળે છે ?

ઉ. માન-વિજયથી જીવ મૃદુતાને પામે છે જેથી માન-વેદનીય કર્મનો બંધ થતો નથી. તથા પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થાય છે.

**मायाविजय-फलं-**

**માયા-વિજયનું ફળ :**

१९७६. प. मायाविजएणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. मायाविजएणं उज्जुभावं जणयइ, मायावेयणिज्जं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ ।

–उत्त. अ. २९, सु. ७०

૧૯૭૬. પ્ર. ભંતે ! માયા-વિજયથી જીવને શું મળે છે ?

ઉ. માયા-વિજયથી જીવ ઋજુતાને પામે છે, જેથી માયા-વેદનીય કર્મનો બંધ થતો નથી તથા પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરે છે.

**लोभविजय-फलं-**

**લોભ-વિજયનું ફળ :**

१९७७. प. लोभविजएणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. लोभविजएणं संतोसीभावं जणयइ, लोभवेयणिज्जं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ ।

– उत्त. अ. २९, सु. ७२

૧૯૭૭. પ્ર. ભંતે ! લોભ-વિજયથી જીવને શું મળે છે ?

ઉ. લોભ-વિજયથી જીવ સંતોષ અનુભવે છે, જેથી લોભ-વેદનીય કર્મનો બંધ થતો નથી તથા પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરે છે.

## અનાચાર પ્રાયશ્ચિત્ત – ૧૨

**अइहास पायच्छित्त सुत्तं-**

**વધુ હસવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

१९७८. जे भिक्खू मुहं विप्फालिय-विप्फालिय हसइ, हसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. ४, सु. २७

૧૯૭૮. જે ભિક્ષુ મોઢું ફાડીને જોરજોરથી હસે છે, (હસાવે છે) હસનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**सिप्पाई सिक्खावणं पायच्छित्त सुत्तं-**

**શિલ્પકલાદિ શીખવવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

१९७९. जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा –

(१) सिप्पं वा, (२) सिलोगं वा, (३) अट्ठावयं वा,

(४) कक्कडगं वा, (५) वुग्गहं वा,

(६) सलाहं वा सिक्खावेइ, सिक्खावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । –नि. उ. १३, सु. १२

૧૯૭૯. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને -

(૧) શિલ્પ, (૨) ગુણ કીર્તન, (૩) જુગાર રમવો,

(૪) કૂકરી રમવી, (૫) યુદ્ધ કરવું,

(૬) પદ્ય રચના કરવાનું શીખવાડે છે, (શીખવા પ્રબંધ કરે છે) કે શીખવનારનું અનુમોદન કરે છે,

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आगाढ-फरुसवयण पायच्छित्त सुत्ताइं-**

१९८०. जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा आगाढं वयइ, वयंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा फरुसं वयइ, वयंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा आगाढं फरुसं वयइ, वयंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

*-नि. उ. १३, सु. १३-१५*

**અપશબ્દ અને કઠોર વચનનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૦. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને આવેશમાં આવી વચન કહે છે, (કહેવરાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને કઠોર વચન કહે છે, (કહેવરાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને આવેશવાળા કઠોર વચન કહે છે, (કહેવરાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**अच्चासायणा पायच्छित्त सुत्तं-**

१९८१. जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा अण्णयरीए अच्चासायणाए अच्चाएइ अच्चासाएंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

*-नि. उ. १३, सु. १६.*

**અશાતનાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૧. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થની કોઈ પણ પ્રકારે અશાતના કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**सचित्त गंध जिंघण पायच्छित्त सुत्तं-**

१९८२. जे भिक्खू सचित्त पइट्ठियं गंधं जिंघइ जिंघंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । *-नि. उ. १, सु. १०*

**સચિત્ત ગંધ સૂંઘવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૨. જે ભિક્ષુ સચિત્ત પદાર્થમાં રહેલી ગંધને સૂંઘે છે. (સૂંઘવાનું કહે છે,) સૂંઘનારનું અનુમોદન કરે છે.

તેને માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**कोउगकम्मस्स पायच्छित्त सुत्तं-**

१९८३. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा कोउगकम्मं[1] करेइ करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *-नि. उ. १३, सु. १७*

**કૌતુક કર્મનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૩. જે ભિક્ષુ અન્યતીર્થિક ગૃહસ્થનું કૌતુક કર્મ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**भूइकम्मकरणस्स पायच्छित्त सुत्तं-**

१९८४. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा भूइकम्मं[2] करेइ, करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *-नि. उ. १३, सु. १८*

**ભૂતિકર્મ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૪. જે ભિક્ષુ અન્યતીર્થિક ગૃહસ્થનું ભૂતિકર્મ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

૧. કૌતુકકર્મ = મૃતવત્સાની ચિકિત્સા માટે કરવામાં આવે એવો તાંત્રિક પ્રયોગ.

૨. ભૂતિકર્મ = દૃષ્ટિદોષ આદિની નિવૃત્તિ માટે તાંત્રિક પદાર્થોના સંમિશ્રણથી એક રક્ષાપોટલી તૈયાર કરવી ભૂતિકર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पसिणाइ-कहणस्स पायच्छित्त सुत्ताइं-**

१९८५. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा पसिणं[1] कहेइ, कहेंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा पसिणापसिणं[2] कहेइ, कहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *-नि. उ. १३, सु. १९-२०*

**પ્રશ્નાદિ કહેવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૫. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને કુતુહલપૂર્વક પ્રશ્ન પૂછે છે, (પુછાવે છે) પૂછનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને કુતુહલપૂર્વક પ્રશ્નોના ઉત્તર દે છે, (દેવરાવે છે,) દેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**लक्खण-वंजण-सुमिणफल-कहणमाणस्स पायच्छित्त सुत्ताइं-**

१९८६. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा लक्खणं कहेइ, कहेंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा वंजणं कहेइ, कहेंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा सुमिणं कहेइ, कहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *-नि. उ. १३, सु. २२-२४*

**લક્ષણ, વ્યંજન-સ્વપ્ન ફળ કહેવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૬. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થના (તેના શરીરની રેખા આદિ) લક્ષણોનું ફળ કહે છે, (કહેવડાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થના તલ, મસા આદિ વ્યંજનોનું ફળ કહે છે, (કહેવડાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થના સ્વપ્નનું ફળ કહે છે (કહેવડાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**विज्जाइ पउंजणस्स पायच्छित्त सुत्ताइं-**

१९८७. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा विज्जं[3] पउंजइ, पउंजंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा मंतं[4] पउंजइ, पउंजंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा जोगं[5] पउंजइ पउंजंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *- नि. उ. १३, सु. २५-२७*

**વિદ્યા આદિના પ્રયોગનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૭. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થ માટે વિદ્યાનો પ્રયોગ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થ માટે મંત્રનો પ્રયોગ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થ માટે યોગનો પ્રયોગ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**मग्गाइ पवेयणस्स पायच्छित्त सुत्तं-**

१९८८. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा नट्ठाणं, मूढाणं विप्परियासियाणं मग्गं वा पवेदेइ, संधिं वा पवेदेइ, मग्गाओ वा संधिं पवेदेइ, संधीओ वा मग्गं पवेदेइ पवेदंतं वा साइज्जइ ।

**માર્ગાદિ બતાવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૮. જે ભિક્ષુ માર્ગ ભૂલેલાને, દિશામૂઢ થયેલા કે વિપરીત દિશામાં ગયેલા અન્યતીર્થિક કે ગૃહસ્થને માર્ગ બતાવે છે, માર્ગની સીમા બતાવે છે, અથવા સીમાથી માર્ગ બતાવે છે કે બતાવનારનું અનુમોદન કરે છે.

---

૧. પ્રશ્ન = પ્રશ્નવ્યાકરણમાં ત્રણસો ચોવીશ પ્રશ્નોમાંથી પુછેલા પ્રશ્નોનો ઉત્તર આપવો.

૨. પ્રશ્ના પ્રશ્ન= સ્વપ્ન શાસ્ત્રોથી સ્વપ્ત ફળ કહેવું.

૩. વિજ્જં = વિશેષ પ્રકારની સાધનાથી જે સિદ્ધ કરવામાં આવે તેને "વિદ્યા" કહેવામાં આવે છે.

૪. મંતં = જાપ કરવાથી જે સિદ્ધ થાય તેને "મંત્ર" કહેવાય છે.

૫. જોગં = વશીકરણ આદિના પ્રયોગ "યોગ" કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १३, सु. २८

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**धाउ-णिहि पवेयणस्स पायच्छित्त सुत्ताइं-**

१९८९. जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा धाउं पवेदेइ पवेदंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियाण वा गारत्थियाण वा णिहिं पवेदेइ पवेदंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १३, सु. २९-३०

**ધાતુ અને નિધિ બતાવવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૮૯. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને ધાતુ બતાવે છે, બતાવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને નિધિ (ખજાનો) બતાવે છે, બતાવનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**अप्पणो आयरिय-लक्खण-वागरणस्स पायच्छित्त सुत्तं-**

१९९०. जे भिक्खू अप्पणो आयरियत्ताए लक्खणाइं वागरेइ वागरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १७, सु. १३३

**પોતે પોતાને આચાર્યના લક્ષણવાળો કહે તેનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૦. જે ભિક્ષુ પોતાને આચાર્યના લક્ષણવાળો કહે છે, (કહેવડાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**निमित्त वागरणस्स पायच्छित्त सुत्ताइं-**

१९९१. जे भिक्खू तीयं णिमित्तं वागरेइ वागरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । –नि. उ. १३, सु. २१

जे भिक्खू पडुप्पण्णं निमित्तं वागरेइ वागरेंतं वा साइज्जइ ।

जे भिक्खू अणागयं निमित्तं वागरेइ वागरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. १०, सु. ७-८

**નિમિત્ત કથનનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૧. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થને ભૂતકાળ સંબંધી નિમિત્ત બતાવે છે, (બતાવડાવે છે), બતાવનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે ભિક્ષુ વર્તમાનકાળ સંબંધી નિમિત્ત કહે છે, (કહેવડાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ભવિષ્યકાળ સંબંધી નિમિત્ત કહે છે, (કહેવડાવે છે,) કહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**बीभावणस्स पायच्छित्त-सुत्ताइं-**

१९९२. जे भिक्खू अप्पाणं बीभावेइ बीभावेंतं वा साइज्जइ ।

जे भिक्खू परं बीभावेइ बीभावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । –नि. उ. ११, सु. ६४-६५

**ભયભીત કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૨. જે ભિક્ષુ પોતે ડરે છે, (ડરાવે છે,) ડરાવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ બીજાને ડરાવે છે, (ડરાવડાવે છે,) ડરાવડાવ નારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विम्हावणस्स पायच्छित्त-सुत्ताइं-**

१९९३. जे भिक्खू अप्पाणं विम्हावेइ विम्हावेंतं वा साइज्जइ ।

जे भिक्खू परं विम्हावेइ विम्हावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ६६-६७

**વિસ્મય કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૩. જે ભિક્ષુ પોતાને વિસ્મિત કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ બીજાને વિસ્મિત કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**विप्परियासणस्स पायच्छित्त-सुत्ताइं-**

१९९४. जे भिक्खू अप्पाणं विप्परियासेइ विप्परियासंतं वा साइज्जइ ।

जे भिक्खू परं विप्परियासेइ विप्परियासंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ६८-६९

**વિપર્યાસકરણનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૪. જે ભિક્ષુ પોતાને વિપરીત બનાવે છે, (બનાવડાવે છે,) બનાવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ બીજાને વિપરીત બનાવે છે, (બનાવડાવે છે,) બનાવનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**अण्णतित्थिय पसंसाकरणस्स पायच्छित्त सुत्तं-**

१९९५. जे भिक्खू मुहवण्णं करेइ करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ७०

**અન્યતીર્થિકોની પ્રશંસા કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૫. જે ભિક્ષુ અન્ય ધર્મ પ્રવર્તકોની પ્રશંસા કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**अहाछंदं पसंसण पायच्छित्त सुत्ताइं-**

१९९६. जे भिक्खू अहाछंदं पसंसइ पसंसंतं वा साइज्जइ ।

जे भिक्खू अहाछंदं वंदइ वंदंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सू. ८२-८३

**સ્વચ્છંદાચારીની પ્રશંસા અને વંદના કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૧૯૯૬. જે ભિક્ષુ "યથાછંદ" (સ્વચ્છંદાચારી)ની પ્રશંસા કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

ને ભિક્ષુ 'યથાછંદ'ને વંદના કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

★ ★ ★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંઘ વ્યવસ્થા

## સંઘ વ્યવસ્થા – ૧

• तित्थ सरुवं–

१९९७. प० – तित्थं भंते ! तित्थं, तित्थगरे तित्थं ?

उ० – गोयमा ! अरहा ताव णियमं तित्थगरे,
तित्थ पुण चाउवण्णाइण्णे समणं संघे, तं जहा–
१. समणा, २. समणीओ,
३. सावया, ४. सावियाओ ।[१]

– वि. स. २०, उ. ८, सु. १४

**तीर्थनुं स्वरूप :**

૧૯૯૭. પ્ર. હે ભગવન્ ! 'તીર્થ'ને તીર્થ કહેવાય કે તીર્થંકરને ?

ઉ. ગૌતમ! અરહંત તો અવશ્ય તીર્થંકર છે અને ચાર વર્ણોથી યુક્ત શ્રમણસંઘ તીર્થ છે, જેમ કે-
૧. શ્રમણ, ૨. શ્રમણી,
૩. શ્રાવક, ૪. શ્રાવિકા.

**तित्थपवत्तण कालं -**

१९९८. प० – जम्बुद्दीवे णं भंते ! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं केवतियं कालं तित्थे अणुसज्जिस्सति ?

उ० – गोयमा ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए ममं एक्कवीसं वाससहस्साइं तित्थे अणुसज्जिस्सति ।

प० – जहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं एक्कवीसं वाससहस्साइं तित्थे अणुसज्जिस्सति, तहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे आगमेस्साणं चरिमतित्थगरस्स केवतियं कालं तित्थे अणुसज्जिस्सति ?

उ० – गोयमा ! जावतिए णं उसभस्स अरहओ कोसलियस्स जिणपरियाए तावतियाइं संखेज्जाइं वासाइं आगमेस्साणं चरिमतित्थगरस्स तित्थे अणुसज्जिस्सति ।

– वि. स. २०, उ. ८, सु. १२-१३

**तीर्थ-प्रवर्तननो काળ :**

૧૯૯૮. પ્ર. ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ કેટલા સમય સુધી રહેશે ?

ઉ. ગૌતમ! જંબૂદ્વીપ નામે દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં મારું તીર્થ એકવીશ હજાર વર્ષ સુધી રહેશે.

પ્ર. ભગવન્ ! જે રીતે જંબૂદ્વીપ નામે દ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ એકવીશ હજાર વર્ષ સુધી રહેશે, તે રીતે જંબૂદ્વીપ નામે દ્વીપના ભરત ક્ષેત્રમાં ભાવી તીર્થંકરોમાંના અંતિમ તીર્થંકરનું તીર્થ કેટલા કાળ સુધી અવિચ્છિન્ન રહેશે ?

ઉ. ગૌતમ ! કૌશલદેશોત્પન્ન ઋષભદેવ અરહંતનો જેટલો જિનપર્યાય છે તેટલા (એક લાખ પૂર્વ વર્ષમાં એકહજાર વર્ષ ઓછા) વર્ષ સુધી ભાવી તીર્થંકરોમાંના અંતિમ તીર્થંકરનું તીર્થ રહેશે.

**जिणप्पगारा -**

१९९९. तओ जिणा पण्णत्ता, तं जहा –
१. ओहिणाणजिणे, २. मणपज्जवणाणजिणे,
३. केवलणाणजिणे ।

– ठाणं. अ. ३, उ. ४, सु. २२०

**જિનના પ્રકાર :**

૧૯૯૯. જિન ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમ કે -
૧. અવધિજ્ઞાની જિન, ૨. મનઃ પર્યાવજ્ઞાની જિન,
૩. કેવળજ્ઞાની જિન.

**केवली - पगारा -**

२०००. तओ केवली पण्णत्ता, तं जहा–
१. ओहिणाण केवली, २. मणपज्जवणाण केवली,
३. केवलणाण केवली ।

– ठाणं. अ. ३, उ. ४, सु. २२०

**કેવળીના પ્રકાર :**

૨૦૦૦. કેવળી ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમ કે -
૧. અવધિજ્ઞાની કેવળી, ૨. મનઃપર્યાય જ્ઞાની કેવળી,
૩. કેવળજ્ઞાની કેવળી,

---

१. (क) वि. स. १६, उ. ६, सु. २१
(ख) चउव्विहे संघे पण्णत्ते, तं जहा –
(१) समणा, (२) समणीओ, (३) सावगा, (४) सावियाओ । – ठा. अ. ४, उ. ४, सु. ३६३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अरिहन्तपगारा -**

२००१. तओ अरहा पण्णत्ता, तं जहा–

१. ओहिणाण अरहा,

२. मणपज्जवणाण अरहा,

३. केवलणाण अरहा ।

– *ठाणं. अ. ३, उ. ४, सु. २२०*

**रायणिय पुरिसप्पगारा -**

२००२. तओ पुरिसज्जाया पण्णत्ता, तं जहा–

१. णाणपुरिसे, २. दंसणपुरिसे,

३. चरित्तपुरिसे । – *ठाणं. अ. ३, उ. १, सु. १३७*

**रायणियिंदप्पगारा -**

२००३. तओ इंदा पण्णत्ता, तं जहा–

१. णाणिंदे,

२. दंसणिंदे,

३. चरित्तिंदे । – *ठाणं. अ. ३, उ. १, सु. १२७*

**थविरप्पगारा -**

२००४. तओ थेरभूमिओ पण्णत्ताओ, तं जहा –

१. जाइ-थेरे, २. सुय-थेरे,

३. परियाय-थेरे ।

१. सट्ठिवासजाए समणे निग्गंथे जाइ-थेरे ।

२. ठाण समवायांगधरे समणे निग्गंथे सुय-थेरे ।

३. वीसवासपरियाए समणे निग्गंथे परियाय-थेरे ।

– वव. उ. १०, सु. १८

दस थेरा पण्णत्ता, तं जहा -

१. गामथेरा, २. णगरथेरा,

३. रट्ठथेरा, ४. पसत्थथेरा,

५. कुलथेरा, ६. गणथेरा,

७. संघथेरा, ८. जातिथेरा,

९. सुअथेरा, १०. परियायथेरा ।

– *ठाणं. अ. १०, सु. ७६१*

**महव्वय- धम्म - परूवगा -**

२००५. प० – एएसु णं भंते ! पंचसु महाविदेहेसु अरहंता भगवंतो पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं पण्णवयंति ?

**અર્હન્તના પ્રકાર :**

૨૦૦૧. અર્હન્ત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમ કે -

૧. અવધિજ્ઞાની અર્હન્ત,

૨. મન:પર્યાયજ્ઞાની અર્હન્ત,

૩. કેવળજ્ઞાની અર્હન્ત.

**રાત્નિક પુરુષોના પ્રકાર :**

૨૦૦૨. પુરુષ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમ કે -

૧. જ્ઞાન પુરુષ, ૨. દર્શન પુરુષ,

૩. ચારિત્ર પુરુષ.

**રાત્નિક ઈન્દ્રોના પ્રકાર :**

૨૦૦૩. ઈન્દ્ર ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમ કે -

૧. જ્ઞાનેન્દ્ર (વિશિષ્ટ શ્રુતજ્ઞાની કે કેવળી),

૨. દર્શનેન્દ્ર (ક્ષાયિક સમ્યક્દષ્ટિ),

૩. ચારિત્રેન્દ્ર (યથાખ્યાત ચારિત્રવાન્).

**સ્થવિરના પ્રકાર :**

૨૦૦૪. સ્થવિર ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમ કે -

૧. વય-સ્થવિર, ૨. શ્રુત-સ્થવિર,

૩. પર્યાય-સ્થવિર.

૧. સાઠ વર્ષની વયના શ્રમણ-નિર્ગ્રન્થ વય-સ્થવિર છે.

૨. સ્થાનાંગ-સમવાયાંગના ધારક શ્રમણ-નિર્ગ્રન્થ શ્રુત-સ્થવિર છે.

૩. વીશ વર્ષની દીક્ષા-પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થ પર્યાય-સ્થવિર છે.

સ્થવિર દશ પ્રકારના હોય છે, જેમ કે-

૧. ગ્રામ સ્થવિર, ૨. નગર સ્થવિર,

૩. રાષ્ટ્ર સ્થવિર, ૪. પ્રશાસક સ્થવિર,

૫. કુલ સ્થવિર, ૬. ગણ સ્થવિર,

૭. સંઘ સ્થવિર, ૮. જાતિ સ્થવિર,

૯. શ્રુત સ્થવિર, ૧૦. પર્યાય-સ્થવિર.

**મહાવ્રત ધર્મના પ્રવર્તકો :**

૨૦૦૫. પ્ર. હે ભગવન્ ! પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં અર્હન્ત ભગવંત પાંચ મહાવ્રત અને સપ્રતિક્રમણ ધર્મનો ઉપદેશ કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ० – णो इणट्ठे समट्ठे ।
एएसु णं पंचसु भरहेसु, पंचसु एरवएसु, पुरिमपच्छिमगा दुवे अरहंता भगवंतो पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं पण्णवयंति ।
अवसेसा णं अरहंता भगवंतो चाउज्जामं धम्मं पण्णवयंति । एएसु णं पंचसु महाविदेहेसु अरहंता भगवंतो चाउज्जामं धम्मं पण्णवयंति ।

– *वि. स. २०, उ. ८, सु. ६*

ઉ. (હે ગૌતમ !) એ અર્થ યોગ્ય નથી.
પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં પ્રથમ અને અંતિમ એ બે તીર્થંકરો પાંચ મહાવ્રત અને સપ્રતિક્રમણ ધર્મનો ઉપદેશ કરે છે.

બાકીના અરહંત ભગવંતો ચાર યામ રૂપ ધર્મનો ઉપદેશ કરે છે અને પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં પણ અરહંત ભગવંતો ચાર યામ રૂપ ધર્મનો ઉપદેશ કરે છે.

**दुग्गम- सुगमठाणाइं -**

२००६. पंच ठाणाइं पुरिम–पच्छिमगाणं जिणाणं दुग्गमं भवति, तं जहा –
१. दुआइक्खं,
२. दुव्विभज्जं,
३. दुपस्सं,
४. दुतितिक्खं,
५. दुरणुचरं ।
पंच ठाणाइं मज्झिमगाणं जिणाणं सुगमं भवंति, तं जहा –
१. सुआइक्खं,
२.. सुविभज्जं,
३. सुपस्सं,
४. सुतितिक्खं,
५. सुरणुचरं । – *ठाणं. अ. ५, उ. १, सु. ३९६*

**દુર્ગમ- સુગમ સ્થાન :**

૨૦૦૬. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં પાંચ સ્થાનો દુર્ગમ હોય છે, જેમ કે -
(૧) ધર્મતત્ત્વનું કથન કરવું દુર્ગમ હોય છે.
(૨) તત્ત્વને નય-વિભાગ દ્વારા સમજાવવાનું દુર્ગમ હોય છે.
(૩) તત્ત્વનો યુક્તિપૂર્વક નિર્દેશ કરવો દુર્ગમ હોય છે.
(૪) ઉપસર્ગ-પરીષહ આદિ સહન કરવાં દુર્ગમ હોય છે.
(૫) ધર્મનું આચરણ કરવું દુર્ગમ હોય છે.
મધ્યવર્તી (બાવીસ) તીર્થંકરોના શાસનમાં પાંચ સ્થાનો સુગમ હોય છે, જેમકે -
(૧) ધર્મતત્ત્વનું વ્યાખ્યાન કરવું સુગમ હોય છે.
(૨) તત્ત્વને નય-વિભાગ દ્વારા સમજાવવાનું સુગમ હોય છે.
(૩) તત્ત્વનો યુક્તિપૂર્વક નિર્દેશ કરવો સુગમ હોય છે.
(૪) ઉપર્સગ-પરીષહ સહન કરવાં સુગમ હોય છે.
(૫) ધર્મનું આચરણ કરવું સુગમ હોય છે.

**पंचविहा ववहारा -**

२००७. प० – कइविहे णं भंते ! ववहारे पण्णत्ते ?

उ० – गोयमा ! पंचविहे ववहारे पण्णत्ते, तं जहा –

१. आगम, २. सुत, ३. आणा,
४. धारणा, ५. जीए ।

**પાંચ પ્રકારનો વ્યવહાર :**

૨૦૦૭. પ્ર. ભંતે ! વ્યવહાર (દોષાનુસાર પ્રાયશ્ચિત્તનો નિર્ણય) કેટલા પ્રકારનો કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! વ્યવહાર પાંચ પ્રકારનો કહેવામાં આવ્યો છે, જેમ કે -

(૧) આગમ, (૨) શ્રુત, (૩) આજ્ઞા,
(૪) ધારણા, (૫) જીત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. जहा से तत्थ आगमे सिया, आगमेण ववहारं पट्ठवेज्जा ।

२. णो से तत्थ आगमे सिया, जहा से तत्थ सुते सिया, सुएणं ववहारं पट्ठवेज्जा ।

३. णो से तत्थ सुए सिया, जहा से तत्थ आणा सिया, आणाए ववहारं पट्ठवेज्जा ।

४. णो से तत्थ आणा सिया, जहा से तत्थ धारणा सिया, धारणाए ववहारं पट्ठवेज्जा ।

५. णो से तत्थ धारणा सिया, जहा से तत्थ जीए सिया, जीएणं ववहारं पट्ठवेज्जा ।

इच्चेएहिं पंचहिं ववहारेहिं ववहारं पट्ठवेज्जा, तं जहा–

१. आगमेणं, २. सुएणं, ३. आणाए,
४. धारणाए, ५. जीएणं ।

जहा जहा से आगमे, सुए, आणा, धारणा, जीए, तहा तहा ववहारं पट्ठवेज्जा ।[1]

प० – से किमाहु भंते ?

उ० – आगमबलिया समणा निग्गंथा ।

इच्चेयं पंचविहं ववहारं जया-जया, जहिं-जहिं, तया-तया, तहिं-तहिं अणिस्सि–ओवस्सियं सम्मं ववहरमाणे समणे निग्गंथे आणाए आराहए भवइ ।

– *वि. स. ८, उ. ८, सु. ८-९*

(૧) જ્યાં આગમ (કેવલ જ્ઞાન ધારક **યાવત્** નવ પૂર્વ ધારક) જ્ઞાની હોય ત્યાં તેમના નિર્દેશાનુસાર વ્યવહાર કરવો.

(૨) જ્યાં આગમજ્ઞાની ન હોય તો ત્યાં શ્રુત (જઘન્ય આચાર પ્રકલ્પ ઉત્કૃષ્ટ નવપૂર્વથી ઓછા જ્ઞાતા) જ્ઞાનીનાં નિર્દેશાનુસાર વ્યવહાર કરવો.

(૩) જ્યાં શ્રુતજ્ઞાની ન હોય તો ત્યાં ગીતાર્થોની આજ્ઞાનુસાર વ્યવહાર કરવો.

(૪) જ્યાં ગીતાર્થોની આજ્ઞા ન હોય તો ત્યાં સ્થવિરોની ધારણાનુસાર વ્યવહાર કરવો.

(૫) જ્યાં સ્થવિરોની ધારણા જ્ઞાત ન હોય તો ત્યાં સર્વાનુમત પરંપરાનુસાર વ્યવહાર કરવો.

આ પાંચ વ્યવહારો અનુસાર વ્યવહાર કરવો, જેમ કે -

(૧) આગમ, (૨) શ્રુત, (૩) આજ્ઞા,
(૪) ધારણા, (૫) જીત.

આગમજ્ઞાની, શ્રુતજ્ઞાની, ગીતાર્થઆજ્ઞા, સ્થવિરોની ધારણા અને પરંપરા-આમાંથી જે સમયે, જે ઉપલબ્ધ હોય તે સમયે તેનાથી ક્રમશઃ વ્યવહાર કરવો.

પ્ર. ભંતે ! આવું શા માટે કહ્યું ?

ઉ. શ્રમણ નિર્ગ્રંથો આગમાનુસાર વ્યવહાર કરનારા હોય છે.

આ પાંચ પ્રકારના વ્યવહારોમાંથી જ્યારે-જ્યારે, જે-જે વિષયમાં જે પ્રમુખ વ્યવહાર ઉપલબ્ધ હોય ત્યારે - ત્યારે, તે - તે વિષયમાં મધ્યસ્થ ભાવથી વ્યવહાર કરનાર શ્રમણ નિર્ગ્રન્થ જિનાજ્ઞાનો આરાધક થાય છે.

**अणुण्णा पगारा -**

२००८. तिविधा अणुण्णा पण्णत्ता, तं जहा–

१. आयरियत्ताए, २. उवज्झायत्ताए,
३. गणित्ताए । – *ठाणं. अ. ३, उ. ३, सु. १८०*

**અનુજ્ઞાના પ્રકારો :**

૨૦૦૮. અનુજ્ઞા (આજ્ઞા) ત્રણ પ્રકારની કહી છે, જેમ કે-

(૧) આચાર્યની, (૨) ઉપાધ્યાયની,
(૩) ગણીની.

**समणुण्णा पगारा -**

२००९. तिविधा समणुण्णा पण्णत्ता, तं जहा –

१. आयरियत्ताए, २. उवज्झायत्ताए,
३. गणित्ताए । – *ठाणं. अ. ३, उ. ३, सु. १८०*

**સમનુજ્ઞાના પ્રકારો :**

૨૦૦૯. સમનુજ્ઞા (વિશેષ આજ્ઞા) ત્રણ પ્રકારની કહી છે, જેમ કે-

(૧) આચાર્યની, (૨) ઉપાધ્યાયની,
(૩) ગણીની.

१. (क) ठाणं. अ. ५, उ. २, सु. ४२१ (ख) वव. उ. १०, सु. ५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उवसंपया पगारा -**

२०१०. तिविधा उवसंपया पण्णत्ता, तं जहा –

१. आयरियत्ताए, २. उवज्झायत्ताए,

३. गणित्ताए । – *ठाणं. अ. ३, उ. ३, सु. १८०*

**विजहणा पगारा -**

२०११. तिविधा विजहणा पण्णत्ता, तं जहा –

१. आयरियत्ताए, २. उवज्झायत्ताए,

३. गणित्ताए । – *ठाणं. अ. ३, उ. ३, सु. १८०*

**तिविहा आयरक्खा -**

२०१२. तओ आयरक्खा पण्णत्ता, तं जहा –

१. धम्मियाए पडिचोयणाए पडिचोएत्ता भवति,

२. तुसिणीए वा सिया ।

३. उट्ठित्ता वा आताए एगंतमवक्कमेज्जा ।

– *ठाणं. अ. ३, उ. ३, सु. १८०*

**हरदसमो आयरियो -**

२०१३. से बेमि, तं जहा –

अवि हरए पडिपुण्णे चिट्ठति, समंसि भोमे, उवसंतरए सारक्खमाणे । से चिट्ठति सोतमज्झए ।

से पास सव्वतो गुत्ते । पास लोए महेसिणो । जे य पण्णाणमंता । पबुद्धा आरंभोवरता सम्ममेतं ति पासहा । कालस्सकंखाए परिव्वयंति ।

– *आ. सु. १, अ. ५, उ. ५, सु. १६६*

**आयरियप्पगारा -**

२०१४. चत्तारि आयरिया पण्णत्ता, तं जहा –

१. पव्वावणायरिए नामेगे, नो उवट्ठावणायरिए,

२. उवट्ठावणायरिए नामेगे, नो पव्वावणायरिए,

३. एगे पव्वावणायरिए वि, उवट्ठावणायरिए वि,

**ઉપસંપદાના પ્રકારો :**

૨૦૧૦. ઉપસંપદા (પાસે રહેવું) ત્રણ પ્રકારની કહી છે, જેમ કે -

(૧) આચાર્યની, (૨) ઉપાધ્યાયની,

(૩) ગણીની.

**પદત્યાગના પ્રકારો :**

૨૦૧૧. પદના પરિત્યાગ ત્રણ પ્રકારના કહ્યા છે, જેમ કે -

(૧) આચાર્યના, (૨) ઉપાધ્યાયના,

(૩) ગણીના.

**ત્રણ પ્રકારની આત્મ-રક્ષા :**

૨૦૧૨. ત્રણ પ્રકારની આત્મ-રક્ષા હોય છે, જેમ કે -

(૧) અકરણીય કાર્યમાં પ્રવૃત્ત વ્યક્તિને ધાર્મિક બુદ્ધિથી પ્રેરિત કરવાથી થતી,

(૨) પ્રેરણા ન આપવાની સ્થિતિમાં મૌન ધારણ કરવાથી.

(૩) મૌન અને ઉપેક્ષા ન કરવાની સ્થિતિમાં ત્યાંથી ઉઠીને સ્વયં એકાંત સ્થાનમાં ચાલ્યા જવાથી.

**જલાશય જેવા આચાર્ય :**

૨૦૧૩. હું કહું છું, જેમ કે - એક સરોવર જે જળથી પૂર્ણ ભરેલ છે, સમતલ ભૂમિમાં સ્થિત છે, કાદવ રહિત છે અને જલચર પ્રાણીઓની રક્ષા કરતું સ્રોતની મધ્યમાં સ્થિત છે.

હે શિષ્ય ! તેવી રીતે આચાર્ય જ્ઞાનરૂપી જળથી ભરેલ, સ્વભાવમાં સ્થિત, જીવોની રક્ષા કરતા નિર્દોષ ક્ષેત્રોમાં વિચરે છે. લોકમાં અનેક મહર્ષિઓ એવા છે કે - જે વિવેક યુક્ત, શ્રધ્ધાળુ, આરંભથી નિવૃત્ત થઈ સમાધિ મરણની અભિલાષા રાખતા સતત સંયમમાં પુરુષાર્થ કરે છે. એમને તું જો !

**આચાર્યના પ્રકાર :**

૨૦૧૪. ચાર પ્રકારના આચાર્ય કહ્યા છે, જેમ કે -

(૧) કોઈ આચાર્ય (કોઈ એક શિષ્યની અપેક્ષાએ) પ્રવ્રજ્યા આપનાર હોય છે, પરંતુ મહાવ્રતોનું આરોપણ કરનાર હોતા નથી.

(૨) કોઈ આચાર્ય મહાવ્રતોનું આરોપણ કરનાર હોય છે, પરંતુ પ્રવ્રજ્યા આપનાર હોતા નથી.

(૩) કોઈ આચાર્ય પ્રવ્રજ્યા આપનાર પણ હોય છે અને મહાવ્રતોનું આરોપણ કરનાર પણ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. एगे नो पव्वावणायरिए, नो उवट्ठावणायरिए-धम्मायरिए ।

(૪) કોઈ આચાર્ય પ્રવ્રજ્યા આપનાર પણ હોતા નથી અને મહાવ્રતોનું આરોપણ કરનાર પણ હોતા નથી. પરંતુ ફક્ત ધર્મોપદેશ આપનાર હોય છે.

चत्तारि आयरिया पण्णत्ता, तं जहा–

१. उद्देसणायरिए नामेगे, नो वायणायरिए,

२. वायणायरिए नामेगे, नो उद्देसणायरिए,

३. एगे उद्देसणायरिए वि, वायणायरिए वि,

४. एगे नो उद्देसणायरिए, नो वायणायरिए-धम्मायरिए ।[1] - *वव. उ. १०, सु. १४-१५*

ફરીથી ચાર પ્રકારનાં આચાર્ય કહ્યા છે, જેમ કે -

૧. કોઈ આચાર્ય (કોઈ એક શિષ્યની અપેક્ષાએ) વાચના આપવાની આજ્ઞા દેનાર હોય છે, પરંતુ વાચના આપનાર હોતા નથી.

૨. કોઈ આચાર્ય વાચના આપનાર હોય છે, પરંતુ વાચના આપવાની આજ્ઞા દેનાર હોતા નથી.

૩. કોઈ આચાર્ય વાચના આપનાર પણ હોય છે, અને વાચના આપવાની આજ્ઞા દેનાર પણ હોય છે.

૪. કોઈ આચાર્ય વાચના આપનાર પણ હોતા નથી અને વાચના આપવાની આજ્ઞા આપનાર પણ હોતા નથી. તે ફક્ત ધર્માચાર્ય હોય છે.

**अंतेवासिस्सप्पगारा -**

२०१५. चत्तारि अंतेवासी पण्णत्ता, तं जहा –

१. पव्वावणंतेवासी नामेगे, नो उवट्ठावणंतेवासी,

२. उवट्ठावणंतेवासी नामेगे, नो पव्वावणंतेवासी,

३. एगे पव्वावणंतेवासी वि, उवट्ठावणंतेवासी वि,

४. एगे नो पव्वावणंतेवासी, नो उवट्ठावणंतेवासी, धम्मंतेवासी ।

चत्तारि अंतेवासी पण्णत्ता, तं जहा–

१. उद्देसणंतेवासी नामेगे, नो वायणंतेवासी,

२. वायणंतेवासी नामेगे, नो उद्देसणंतेवासी,

३. एगे उद्देसणंतेवासी वि, वायणंतेवासी वि,

४. एगे नो उद्देसणंतेवासी, नो वायणंतेवासी, धम्मंतेवासी ।[2]

– *वव. उ. १०, सु. १६-१७*

**શિષ્યના પ્રકાર :**

૨૦૧૫. અંતેવાસી (શિષ્ય) ચાર પ્રકારનાં કહ્યા છે, જેમ કે -

(૧) કોઈ પ્રવ્રજ્યા શિષ્ય હોય છે, પરંતુ ઉપસ્થાપના શિષ્ય હોતો નથી.

(૨) કોઈ ઉપસ્થાપના શિષ્ય હોય છે, પરંતુ પ્રવ્રજ્યા શિષ્ય હોતો નથી.

(૩) કોઈ પ્રવ્રજ્યા શિષ્ય પણ હોય છે અને ઉપસ્થાપના શિષ્ય પણ હોય છે.

(૪) કોઈ પ્રવ્રજ્યા શિષ્ય હોતો નથી અને ઉપસ્થાપના શિષ્ય પણ હોતો નથી, પરંતુ ધર્મોપદેશથી પ્રતિબોધિત શિષ્ય છે.

ફરીથી અંતેવાસી ચાર પ્રકારનાં કહ્યા છે, જેમ કે -

(૧) કોઈ ઉદ્દેશનાન્તેવાસી હોય છે, પરંતુ વાચનાન્તેવાસી હોતો નથી.

(૨) કોઈ વાચનાન્તેવાસી હોય છે, પરંતુ ઉદ્દેશ-નાન્તેવાસી હોતો નથી.

(૩) કોઈ ઉદ્દેશનાન્તેવાસી પણ હોય છે અને વાચનાન્તેવાસી પણ હોય છે.

(૪) કોઈ ઉદ્દેશનાન્તેવાસી હોતો નથી અને વાચનાન્તેવાસી પણ હોતો નથી, પરંતુ ધર્મોપદેશથી પ્રતિબોધિત શિષ્ય હોય છે.

---

१. **ठाणं.** अ. ४, उ. ३, सु. ३२०

२. **ठाणं.** अ. ४, उ. ३, सु. ३२०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विविहा गणवेयावच्च करा -**

२०१६. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा–

१. अट्ठकरे नामं एगे, नो माणकरे,

२. माणकरे नामं एगे, नो अट्ठकरे,

३. एगे अट्ठकरे वि, माणकरे वि,

४. एगे नो अट्ठकरे, नो माणकरे ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा–

१. गणट्ठकरे नामं एगे, नो माणकरे,

२. माणकरे नामं एगे, नो गणट्ठकरे,

३. एगे गणट्ठकरे वि, माणकरे वि,

४. एगे नो गणट्ठकरे, नो माणकरे ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा –

१. गणसंगहकरे नामं एगे, नो माणकरे,

२. माणकरे नामं एगे, नो गणसंगहकरे,

३. एगे गणसंगहकरे वि, माणकरे वि,

४. एगे नो गणसंगहकरे, नो माणकरे ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा–

१. गणसोहकरे नामं एगे, नो माणकरे,

२. माणकरे नामं एगे, नो गणसोहकरे,

३. एगे गणसोहकरे वि, माणकरे वि,

४. एगे नो गणसोहकरे, नो माणकरे ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा–

१. गणसोहिकरे नामं एगे, नो माणकरे,

**વિવિધ પ્રકારના ગણની વૈયાવૃત્ય કરનાર :**

૨૦૧૬. ચાર પ્રકારનાં સાધુ પુરુષ કહ્યા છે, જેમ કે -

૧. કોઈ સાધુ કાર્ય કરે છે, પરંતુ માન કરતો નથી.

૨. કોઈ માન કરે છે, પરંતુ કાર્ય કરતો નથી.

૩. કોઈ કાર્ય પણ કરે છે અને માન પણ કરે છે.

૪. કોઈ કાર્ય પણ કરતો નથી અને માન પણ કરતો નથી.

(ફરી) ચાર પ્રકારનાં (સાધુ) પુરુષ કહ્યા છે, જેમ કે-

૧. કોઈ ગણનું કામ કરે છે,પરંતુ માન કરતો નથી.

૨. કોઈ માન કરે છે, પરંતુ ગણનું કામ કરતો નથી.

૩. કોઈ ગણનું કામ પણ કરે છે અને માન પણ કરે છે.

૪. કોઈ ગણનું કામ કરતો નથી અને માન પણ કરતો નથી.

(ફરી) ચાર પ્રકારના (સાધુ) પુરુષ કહ્યા છે, જેમ કે -

૧. કોઈ ગણ માટે સંગ્રહ કરે છે, પરંતુ માન કરતો નથી.

૨. કોઈ માન કરે છે, પરંતુ ગણ માટે સંગ્રહ કરતો નથી.

૩. કોઈ ગણ માટે સંગ્રહ કરે છે અને માન પણ કરે છે.

૪. કોઈ ગણ માટે સંગ્રહ કરતો નથી અને માન પણ કરતો નથી.

(ફરી) ચાર પ્રકારનાં (સાધુ) પુરુષ કહ્યા છે, જેમ કે -

૧. કોઈ ગણની શોભા કરે છે, પરંતુ માન કરતો નથી.

૨. કોઈ માન કરે છે, પરંતુ ગણની શોભા કરતો નથી.

૩. કોઈ ગણની શોભા પણ કરે છે અને માન પણ કરે છે.

૪. કોઈ ગણની શોભા કરતો નથી અને માન પણ કરતો નથી.

(ફરી) ચાર પ્રકારનાં (સાધુ) પુરુષ કહ્યા છે, જેમ કે-

૧. કોઈ ગણની શુધ્ધિ કરે છે, પરંતુ માન કરતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. माणकरे नामं एगे, नो गणसोहिकरे,

३. एगे गणसोहिकरे वि, माणकरे वि,

४. एगे नो गणसोहिकरे, नो माणकरे ।

– *वव. उ. १०, सु. ६-१०*

૨. કોઈ માન કરે છે, પરંતુ ગણની શુધ્ધિ કરતો નથી.

૩. કોઈ ગણની શુધ્ધિ પણ કરે છે અને માન પણ કરે છે.

૪. કોઈ ગણની શુધ્ધિ કરતો નથી અને માન પણ કરતો નથી.

## આચાર્યના અતિશય – ૨

**आयरियाइ अइसया-**

२०१७. आयरिय-उवज्झायस्स गणंसि सत्त अइसेसा पण्णत्ता, तं जहा–

१. आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स पाए निगिज्झिय-निगिज्झिय पप्फोडेमाणे वा पमज्जेमाणे वा नाइक्कमइ ।

२. आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स उच्चार-पासवणं विगिंचमाणे वा विसोहेमाणे वा नाइक्कमइ ।

३. आयरिय-उवज्झाए पभू इच्छा वेयावडियं करेज्जा, इच्छा णो करेज्जा ।

४. आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे नाइक्कमइ ।

५. आयरिय-उवज्झाए बाहिं उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे नाइक्कमइ ।[1]

६. उवकरणातिसेसे ।

७. भत्तपाणातिसेसे ।

– *ठाणं. अ. ७, सु. ५७०*

गणावच्छेइयस्स णं गणंसि दो अइसेसा पण्णत्ता, तं जहा–

१. गणावच्छेइए अंतो उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे नाइक्कमइ ।

**આચાર્યાદિના અતિશય :**

૨૦૧૭. ગણમાં આચાર્ય અને ઉપાધ્યાયનાં સાત અતિશય કહ્યા છે, જેમ કે -

૧. આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયની અંદર પોતાના પગની રજને કપડાથી ઝાપટે કે પ્રમાર્જન કરે તો જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

૨. આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયની અંદર ઉચ્ચાર અને પ્રશ્રવણની (મળમૂત્રની) પરિષ્ઠાપના અથવા વિશોધના કરે તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

૩. સશક્ત આચાર્ય અને ઉપાધ્યાયની ઈચ્છા થાય તો સેવા કરે અને ઈચ્છા ન થાય તો ન કરે તો પણ તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

૪. આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયની અંદર (કોઈ વિશેષ કારણથી) એકથી બે રાત સુધી એકલા રહે તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

૫. આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયની બહાર (કોઈ વિશેષ કારણથી) એક કે બે રાત સુધી રહે તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

૬. આચાર્ય અને ઉપાધ્યાય અન્ય સાધુઓ કરતાં વધારે સારાં ઉજ્જવલ વસ્ત્ર,પાત્રાદિનો ઉપયોગ કરતા હોય તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

૭. આચાર્ય અને ઉપાધ્યાય સંવિભાગ કર્યા વગર વિશિષ્ટ આહાર કરે તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

ગણમાં ગણાવચ્છેદકના બે અતિશય કહ્યા છે, જેમ કે -

૧. ગણાવચ્છેદક ઉપાશ્રયની અંદર (કોઈ વિશેષ કારણથી) એક કે બે રાત એકલા રહે તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

---

१. (क) ठाणं. अ. ५, उ. २, सु. ४३८ (ख) वव. उ. ६, सु. १०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. गणावच्छेइए बाहिं उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे नाइक्कमइ ।

— *वव. उ. ६, सु. ११*

२. ગણાવચ્છેદક ઉપાશ્રયની બહાર (કોઈ વિશેષ કારણથી) એક કે બે રાત એકલા રહે તો તેઓ જિનાજ્ઞાના વિરાધક ગણાતા નથી.

**इड्ढी पगारा -**

२०१८. गणिड्ढी तिविहा पण्णत्ता, तं जहा–

१. **णाणिड्ढी,**

२. **दंसणिड्ढी,**

३. **चरित्तिड्ढी।**

**अहवा** – गणिड्ढी तिविहा पण्णत्ता, तं जहा–

१. **सचित्ता,**

२. **अचित्ता,**

३. **मीसिता।** — *ठाणं. अ. ३, उ. ४, सु. २१४*

**ઋધ્ધિના પ્રકાર :**

૨૦૧૮. ગણિ-ઋધ્ધિ ત્રણ પ્રકારની કહી છે, જેમ કે -

૧. **જ્ઞાન ઋધ્ધિ** - વિશિષ્ટ શ્રુત-સંપદા

૨. **દર્શન ઋધ્ધિ**-પ્રભાવશાળી પ્રવચનશક્તિ આદિ.

૩. **ચારિત્ર ઋધ્ધિ**-નિરતિચાર ચારિત્ર પ્રતિપાલના.

**અથવા**-ગણિ ઋધ્ધિ ત્રણ પ્રકારની કહી છે, જેમ કે-

૧. **સચિત્ત ઋધ્ધિ**- શિષ્ય- પરિવાર આદિ.

૨. **અચિત્ત ઋધ્ધિ**- વસ્ત્ર, પાત્ર, શાસ્ત્ર-સંગ્રહાદિ.

૩. **મિશ્ર ઋધ્ધિ**- વસ્ત્રાદિ સહિત શિષ્ય-પરિવારાદિ.

**गणि संपया -**

२०१९. अट्ठविहा गणि-संपया पण्णत्ता, तं जहा–

१. आयार-संपया, २. सुय-संपया,

३. सरीर-संपया, ४. वयण-संपया,

५. वायणा-संपया, ६. मइ-संपया,

७. पओग-संपया, ८. संगह-परिण्णा णामं- अट्ठमा संपया[1] । — *ठाणं. अ. ८, सु. ६०१*

**ગણિ સંપદા :**

૨૦૧૯. આઠ પ્રકારની ગણિ-સંપદા કહી છે, જેમ કે -

૧. આચાર સંપદા, ૨. શ્રુત સંપદા,

૩. શરીર સંપદા, ૪. વચન સંપદા,

૫. વાચના સંપદા, ૬. મતિ સંપદા,

૭. પ્રયોગ સંપદા, ૮. સંગ્રહ-પરિજ્ઞા સંપદા.

**आयार संपया -**

२०२०. प० – से किं तं आयार-संपया ?

उ० – आयार-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. संजम-धुव-जोग-जुत्ते यावि भवइ,

२. असंपग्गहिय-अप्पा,

३. अणियत-वित्ती,

४. वुड्ढ-सीले यावि भवइ ।

से तं आयार संपया ।

— *दसा. द. ४, सु. ३*

**આચાર સંપદા :**

૨૦૨૦. પ્ર. ભંતે ! આચાર સંપદા કેટલા પ્રકારની છે ?

ઉ. આચાર સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. સંયમક્રિયાઓમાં ધ્રુવયોગથી યુક્ત થવું.

૨. અહંકાર રહિત થવું.

૩. અપ્રતિબધ્ધ વિહાર કરવો.

૪. વૃધ્ધોની સમાન ગંભીર સ્વભાવવાળા થવું.

તે આચાર સંપદા છે.

**सुय संपया-**

२०२१. प० – से किं तं सुय-संपया ?

उ० – सुय-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. बहुस्सुए यावि भवइ,

२. परिचिय-सुए यावि भवइ,

३. विचित्त-सुए यावि भवइ,

**શ્રુત સંપદા :**

૨૦૨૧. પ્ર. ભંતે ! શ્રુત સંપદા કેટલા પ્રકારની છે ?

ઉ. શ્રુતસંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. અનેક શાસ્ત્રોનાં જાણકાર થવું.

૨. સૂત્રાર્થથી સારી રીતે પરિચિત થવું.

૩. સ્વ-સમય અને પર-સમયનાં જાણકાર થવું.

---

१. दसा. द. ४, सु. १–२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. घोस-विसुद्धिकारए यावि भवइ ।

से तं सुय-संपया । – *दसा.* द. ४, सु. ४

**सरीर संपया -**

२०२२. प० – से किं तं सरीर संपया ?

उ० – सरीर-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. आरोह-परिणाह-संपन्ने यावि भवइ,

२. अणोतप्प-सरीरे यावि भवइ,

३. थिरसंघयणे यावि भवइ,

४. बहुपडिपुण्णिदिए यावि भवइ ।

से तं सरीर-संपया ।

– *दसा.* द. ४, सु. ५

**वयण संपया -**

२०२३. प० – से किं तं वयण-संपया ?

उ० – वयण-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. आदेय-वयणे यावि भवइ,

२. महुर-वयणे यावि भवइ,

३. अणिस्सिय-वयणे यावि भवइ,

४. असंदिद्ध यावि भवइ ।

से तं वयण-संपया ।

– *दसा.* द. ४, सु. ६

**वायणा संपया -**

२०२४. प० – से किं तं वायणा-संपया ?

उ० – वायणा-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. विजयं उद्दिसइ,

२. विजयं वाएइ,

३. परिनिव्वावियं वाएइ,

४. अत्थनिज्जावए यावि भवइ,

से तं वायणा संपया । – दसा. द. ४, सु.७

**मइ संपया -**

२०२५. प० – से किं तं मइ-संपया ?

उ० – मइ-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. उग्गह-मइ-संपया,

२. ईहा-मइ-संपया,

३. अवाय-मइ-संपया,

४. धारणा-मइ-संपया ।

४. શુધ્ધ ઉચ્ચારણ કરનાર થવું.

તે શ્રુત સંપદા છે.

**શરીર સંપદા :**

૨૦૨૨. પ્ર. ભંતે ! શરીર સંપદા કેટલા પ્રકારની છે ?

ઉ. શરીર સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. શરીરની લંબાઈ-પહોળાઈનું યોગ્ય પ્રમાણ હોવું.

૨. લજ્જાસ્પદ શરીરવાળા ન હોવું.

૩. શરીર સંહનન સુદૃઢ હોવું.

૪. સર્વ ઈન્દ્રિયો પરિપૂર્ણ હોવી.

તે શરીર સંપદા છે.

**વચન સંપદા :**

૨૦૨૩. પ્ર. ભંતે ! વચન સંપદા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. વચન સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. સર્વજન- આદરણીય વચનવાળા હોવું.

૨. મધુર વચનવાળા હોવું.

૩. રાગદ્વેષ-રહિત વચનવાળા હોવું.

૪. સંદેહ- રહિત વચનવાળા હોવું.

આ વચન સંપદા છે.

**વાચના સંપદા :**

૨૦૨૪. પ્ર. ભંતે ! વાચના સંપદા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. વાચના સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. શિષ્યની યોગ્યતાનો નિશ્ચય કરનાર હોવું,

૨. વિચારપૂર્વક અભ્યાસ કરાવનાર હોવું,

૩. યોગ્યતાનુસાર ઉપયુક્ત ભણાવનાર હોવું,

૪. અર્થ સંગતિ પૂર્વક નય-પ્રમાણથી ભણાવનાર હોવું. તે વાચના સંપદા છે.

**મતિ સંપદા :**

૨૦૨૫. પ્ર. ભંતે! મતિ- સંપદા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. મતિ સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. અવગ્રહ - સામાન્ય રૂપે અર્થને જાણવા.

૨. ઈહા મતિ સંપદા - સામાન્ય રૂપથી જાણેલ અર્થને વિશેષરૂપથી જાણવાની ઈચ્છા હોવી.

૩. અવાય-ઈહિત વસ્તુનો વિશેષ રૂપથી નિશ્ચય કરવો.

૪. ધારણા - જ્ઞાતવસ્તુને કાલાન્તર સુધી સ્મરણમાં રાખવી.

प० – से किं तं उग्गह-मइ-संपया ?

उ० – उग्गह-मइ-संपया छव्विहा पण्णत्ता, तं जहा–

१. खिप्पं उगिण्हेइ,
२. बहुं उगिण्हेइ,
३. बहुविहं उगिण्हेइ,
४. धुवं उगिण्हेइ,
५. अणिस्सियं उगिण्हेइ,
६. असंदिद्धं उगिण्हेइ ।

एवं ईहा-मई वि ।

एवं अवाय-मई वि ।

प० – से किं तं धारणा-मइसंपया ?

उ. – धारणा-मइ–संपया छव्विहा पण्णत्ता, तं जहा–

१. गहुं धरेइ,
२. बहुविहं धरेइ,
३. पोराणं धरेइ,
४. दुद्धरं धरेइ,
५. अणिस्सियं धरेइ,
६. असंदिद्धं धरेइ ।

से तं मइ-संपया ।

– *दसा.* द. ४ सु. ८-१२

પ્ર. ભંતે ! અવગ્રહ- મતિસંપદા કેટલા પ્રકારની છે ?

ઉ. અવગ્રહ- મતિસંપદા છ પ્રકારની કહી છે, જેમ કે -

૧. પ્રશ્ન આદિને શીઘ્ર ગ્રહણ કરવા.
૨. વધારે પ્રશ્નોને ગ્રહણ કરવા.
૩. અનેક પ્રકારના પ્રશ્નોને ગ્રહણ કરવા.
૪. નિશ્ચિત રૂપથી ગ્રહણ કરવું.
૫. કોઈના આધીન રહ્યા વગર પોતાની પ્રતિભાથી ગ્રહણ કરવું.
૬. સંદેહ રહિત થઈને ગ્રહણ કરવું.

**આ પ્રમાણે ઈહા-મતિસંપદા પણ છ પ્રકારની હોય છે. આ પ્રમાણે અવાય-મતિ સંપદા પણ છ પ્રકારની હોય છે.**

પ્ર. ભંતે! ધારણા - મતિસંપદા કેટલા પ્રકારની છે ?

ઉ. ધારણા મતિસંપદા છ પ્રકારની કહી છે, જેમ કે -

૧. ઘણા અર્થોને ધારણ કરવા.
૨. અનેક પ્રકારના અર્થોને ધારણ કરવા.
૩. જૂની વાતોને ધારણ કરવી.
૪. મુશ્કેલમાં મુશ્કેલ વાતોને ધારણ કરવી.
૫. અનુક્ત અર્થને પોતાની પ્રતિભાથી ધારણ કરવો.
૬. જાણેલ અર્થને સંદેહ-રહિત ધારણ કરવો. તે મતિસંપદા છે.

**पओग संपया-**

२०२६. प. – से किं तं पओग-संपया ?

उ. – पओग-संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. आयं विदाय वायं पउंज्जित्ता भवइ,
२. परिसं विदाय वायं पउंज्जित्ता भवइ,
३. खेत्तं विदाय वायं पउंज्जित्ता भवइ,
४. वत्थुं विदायं वायं पउंज्जित्ता भवइ,

से तं पयोग-संपया ।

– *दसा.* द. ४, सु १३

**પ્રયોગ સંપદા :**

૨૦૨૬. પ્ર. ભંતે ! પ્રયોગ-સંપદા કેટલા પ્રકારની છે ?

ઉ. પ્રયોગ સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. પોતાની શક્તિ જાણીને વાદ-વિવાદ કરવો.
૨. પરિષદનાં ભાવો જાણીને વાદ-વિવાદ કરવો.
૩. ક્ષેત્ર જાણીને વાદ- વિવાદ કરવો.
૪. વસ્તુનાં (પ્રતિપાદ્ય) વિષય જાણીને વાદ-વિવાદ કરવો. તે પ્રયોગ સંપદા છે.

**संगह परिण्णा संपया -**

२०२७. प. – से किं तं संगह-परिण्णा णामं संपया ?

उ. – संगह-परिण्णा णामं संपया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. बहुजण- पाउग्गयाए वासावासेसु खेत्तं पडिलेहित्ता भवइ,

**સંગ્રહ-પરિજ્ઞા-સંપદા :**

૨૦૨૭. પ્ર. ભંતે ! સંગ્રહ-પરિજ્ઞા નામની સંપદા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. સંગ્રહ પરિજ્ઞા નામની સંપદા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. વર્ષાવાસમાં અનેક મુનિજનોને રહેવા યોગ્ય ક્ષેત્રનું પ્રતિલેખન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. बहुजण- पाउग्गयाए पाडिहारिय-पीढ-
फलग-सेज्जा संथारयं उग्गिण्हित्ता भवइ,
३. कालेणं कालं समायरित्ता भवइ,
४. अहागुरु संपूएत्ता भवइ,
से तं संगह-परिण्णा णामं संपया ।

— दसा. द. ४, सु. १४

२. અનેક મુનિજનો માટે પ્રાતિહારિક-પીઠ-શય્યા- અને સંસ્તારક ગ્રહણ કરવાં.
૩. સમયાનુસાર કાર્ય કરવું.
૪. ગુરુજનોનો યથાયોગ્ય પૂજા-સત્કાર કરવો.
તે સંગ્રહ પરિજ્ઞા નામની સંપદા છે.

**सत्त संगह-असंगहट्ठाणा -**

२०२८. आयरिय-उवज्झायस्स णं गणंसि सत्त संगहठाणा पण्णत्ता, तं जहा—

१. आयरिय-उवज्झाए णं गणंसि आणं वा धारणं वा सम्मं पउंजित्ता भवति,

२. आयरिय-उवज्झाए णं गणंसि आधारातिणियाए कितिकम्मं सम्मं पउंजित्ता भवति,

३. आयरिय-उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाते धारेति ते काले काले सम्ममणुप्पवाइत्ता भवति ।

४. आयरिय-उवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं सम्ममब्भुट्ठित्ता भवति ।

५. आयरिय-उवज्झाए णं गणंसि आपुच्छियचारी यावि भवति, णो अणाणुपुच्छियचारी ।

६. आयरिय-उवज्झाए णं गणंसि अणुप्पण्णाइं उवगरणाइं सम्मं उप्पाइत्ता भवति ।

७. आयरिय-उवज्झाए णं गणंसि पुव्वुप्पण्णाइं उवकरणाइं सम्मं सारक्खेत्ता संगोवित्ता भवति, णो असम्मं सारक्खेता संगोवित्ता भवति ।

आयरिय-उवज्झायस्स णं गणंसि सत्त असंगहठाणा पण्णत्ता, तं जहा—

१. आयरिय-उवज्झाए णं गणंसि आणं वा धारणं वा णो सम्मं पउंज्जित्ता भवति ।

२. आयरिय-उवज्झाए णं गणंसि आधारातिणियाए कितिकम्मं णो सम्मं पउंज्जित्ता भवति ।

३. आयरिय- उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाते धारति ते काले काले णो सम्ममणुप्पवाइत्ता भवति।

४. आयरिय-उवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं णो सम्ममब्भुट्ठित्ता भवति ।

**સાત સંગ્રહ-અસંગ્રહ સ્થાન :**

૨૦૨૮. આચાર્ય અને ઉપાધ્યાય માટે ગણમાં સાત સંગ્રહસ્થાન કહ્યાં છે, જેમ કે -

૧. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા અને ધારણાનો સમ્યક્ પ્રયોગ કરે છે.

૨. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં મોટા નાનાના ક્રમથી વંદનાના સમ્યક્ પ્રકારે પ્રયોગ કરે છે.

૩. આચાર્ય અને ઉપાધ્યાય જે-જે સૂત્ર-પર્યવજાતોને ધારણ કરે છે, તેમની સમય-સમય પર ગણને સમ્યક્ વાચના આપે છે.

૪. આચાર્ય અને ઉપાધ્યાય ગણના ગ્લાન (બિમાર) તથા નવદીક્ષિત સાધુઓની યથોચિત સેવા માટે સતત જાગરૂક રહે છે.

૫. આચાર્ય અને ઉપાધ્યાય ગણને પૂછીને અન્ય પ્રદેશમાં વિહાર કરે છે, તેને પૂછ્યા વગર વિહાર કરતા નથી.

૬. આચાર્ય અને ઉપાધ્યાય ગણ માટે અનુપલબ્ધ ઉપકરણો યથાવિધિ ઉપલબ્ધ કરે છે.

૭. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં પ્રાપ્ત ઉપકરણોનું સમ્યક્ પ્રકારથી સંરક્ષણ તથા સંગોપન કરે છે, અસમ્યક્ પ્રકારથી સંરક્ષણ અને સંગોપન કરતા નથી.

આચાર્ય તથા ઉપાધ્યાય માટે ગણમાં સાત અસંગ્રહ સ્થાન છે, જેમ કે -

૧. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા અને ધારણાનો સમ્યક્ પ્રયોગ કરતા નથી.

૨. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં યથારાત્નિક કૃતિકર્મનો સમ્યક્ પ્રયોગ કરતા નથી.

૩. આચાર્ય અને ઉપાધ્યાય જે-જે સૂત્ર-પર્યવજાતોને ધારણ કરે છે, તેમની યોગ્ય સમય પર ગણને સમ્યક્ વાચના આપતા નથી.

૪. આચાર્ય અને ઉપાધ્યાય ગ્લાન તથા નવદીક્ષિત સાધુઓની યથોચિત સેવા માટે સતત જાગરૂક રહેતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. आयरिय-उवज्झाए णं गणंसि अणापुच्छियचारी यावि भवइ, णो अणाणुपुच्छियचारी ।

६. आयरिय-उवज्झाए णं गणंसि अणुप्पण्णाइं उवगरणाइं णो सम्मं उप्पाइत्ता भवति ।

७. आयरिय-उवज्झाए णं गणंसि पच्चुप्पण्णाण उवगरणाणं णो सम्मं सारक्खेत्ता संगोवेत्ता भवति ।

*ठाणं. अ. ७, सु. ५४४*

૫. આચાર્ય અને ઉપાધ્યાય ગણને પૂછ્યા વગર અન્ય પ્રદેશોમાં વિહાર કરે છે, તેને પૂછીને વિહાર કરતા નથી.

૬. આચાર્ય અને ઉપાધ્યાય ગણ માટે અનુપલબ્ધ ઉપકરણો યથાવિધિ ઉપલબ્ધ કરતા નથી.

૭. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં પ્રાપ્ત ઉપકરણોનું સમ્યક્ પ્રકારથી સંરક્ષણ અને સંગોપન કરતા નથી.

# નિર્ગ્રન્થ પદ – વ્યવસ્થા – ૩

**आयरिय उवज्झाय पदारिहा णिग्गंथा-**

२०२९. पंचवास परियाए समणे णिग्गंथे- आयार-कुसले, संजम-कुसले, पवयण-कुसले, पण्णत्ति-कुसले, संगह-कुसले, उवग्गह-कुसले, अक्खयायारे, अभिन्नायारे, असबलायारे, असंकिलिट्ठायारे, बहुस्सुए, बब्भागमे ।

जहण्णेणं दसा-कप्प-ववहारधरे, कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए ।

अट्ठवास-परियाए समणे निग्गंथे- आयारकुसले, संजमकुसले, पवयणकुसले, पण्णत्तिकुसले, संगहकुसले, उवग्गहकुसले, अक्खयायारे, अभिन्नायारे, असबलायारे, असंकिलिट्ठायारे, बहुस्सुए, बब्भागमे,

जहण्णेणं ठाणं-समवाय-धरे, कप्पइ आयरियत्ताए उवज्झायत्ताए गणावच्छेइयत्ताए उद्दिसित्तए ।

निरुद्धपरियाए समणे निग्गंथे कप्पइ तद्दिवसं आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए ।

प. से किमाहु भंते ! ?

उ. अत्थि णं थेराणं तहारूवाणि कुलाणि कडाणि, पत्तियाणि, थेज्जाणि, वेसासियाणि, सम्मयाणि, सम्मुइकराणि, अणुमयाणि, बहुमयाणि भवंति ।

तेहिं कडेहिं, तेहिं पत्तिएहिं, तेहिं थेज्जेहिं, तेहिं वेसासिएहिं, तेहिं सम्मएहिं, तेहिं सम्मुइकरेहिं, तेहिं अणुमएहिं, तेहिं बहुमएहिं ।

**આચાર્ય-ઉપાધ્યાય-પદ માટે યોગ્ય નિર્ગ્રન્થ :**

૨૦૨૯. પાંચ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ- જો આચારકુશળ, સંયમકુશળ, પ્રવચનકુશળ, પ્રજ્ઞપ્તિકુશળ, સંગ્રહકુશળ અને ઉપગ્રહકુશળ હોય.

અક્ષત ચારિત્રવાળા, અભિન્ન ચારિત્રવાળા અશબલ ચારિત્રવાળા અને અસંક્લિષ્ટ આચારવાળા હોય, બહુશ્રુત તેમજ બહુ આગમજ્ઞ હોય.

અને જઘન્ય દશા, કલ્પ અને વ્યવહારના ધારક હોય તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

આઠ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ- જો આચારકુશળ, સંયમકુશળ, પ્રવચનકુશળ, પ્રજ્ઞપ્તિકુશળ, સંગ્રહકુશળ અને ઉપગ્રહકુશળ હોય, અક્ષત ચારિત્રવાળા, અભિન્ન ચારિત્રવાળા, અશબળ ચારિત્રવાળા અને અસંક્લિષ્ટ આચારવાળા હોય, બહુશ્રુત તેમજ બહુ આગમજ્ઞ હોય,

તેમજ જઘન્ય સ્થાનાંગ- સમવાયાંગનાં ધારક હોય તો તેને આચાર્ય, ઉપાધ્યાય અને ગણાવચ્છેદક પદ આપવું કલ્પે છે.

નિરુધ્ધ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ જે દિવસે દીક્ષિત થાય તે જ દિવસે તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

પ્ર. હે ભંતે ! આવું કહેવાનું શું કારણ છે ?

ઉ. સ્થવિરો દ્વારા તથારૂપથી ભાવિત, પ્રીતિ યુક્ત, સ્થિર, વિશ્વસ્ત, સમ્મત, પ્રમુદિત, અનુમત અને બહુમત અનેક કુળ હોય છે.

તે ભાવિત, પ્રીતિયુક્ત, સ્થિર, વિશ્વસ્ત, સમ્મત, પ્રમુદિત, અનુમત અને બહુમત કુળમાંથી દીક્ષિત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जं से निरुद्धपरियाए समणे निग्गंथे,
कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए तद्दिवसं ।

– वव. उ. ३, सु. ५, ७, ९

જે નિરુધ્ધ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ છે- તેને તે જ દિવસે આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

**आयरिय-उवज्झायपदाऽणरिहा णिग्गंथा-**

**આચાર્ય-ઉપાધ્યાય પદ માટે અયોગ્ય નિર્ગ્રન્થ :**

२०३०. सच्चेव णं से पंचवासपरियाए समणे निग्गंथे–

नो आयार-कुसले, नो संजम-कुसले, नो पवयण-कुसले, नो पण्णत्ति-कुसले, नो संगह-कुसले, नो उवग्गह-कुसले, खयायारे, भिन्नायारे, सबलायारे, संकिलिट्ठायारे, अप्पसुए, अप्पागमे, नो कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए ।

सच्चेव णं से अट्ठवासपरियाए समणे णिग्गंथे–

नो आयारकुसले, नो संजमकुसले, नो पवयणकुसले, नो पन्नत्तिकुसले, नो संगहकुसले, नो उवग्गहकुसले, खयायारे, भिन्नायारे, सबलायारे, संकिलिट्ठायारचित्ते, अप्पसुए, अप्पागमे, नो कप्पइ आयरियत्ताए, उवज्झायत्ताए, गणावच्छेइयत्ताए उद्दिसित्तए ।

निरुद्धवास परियाए समणे णिग्गंथे–
कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए, समुच्छेयकप्पंसि ।

तस्स णं आयार-पकप्पस्स देसे अवट्ठिए,
से य "अहिज्जिस्सामि" त्ति अहिज्जेज्जा,
एवं से कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए ।

से य "अहिज्जिस्सामि" त्ति नो अहिज्जेज्जा,
एवं से नो कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए ।

– वव. उ. ३, सु. ६, ८, १०

२०30. પાંચ વર્ષની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ -

જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ અને ઉપગ્રહમાં કુશળ ન હોય તથા ક્ષત, ભિન્ન, શબલ અને સંકિલષ્ટ આચારવાળા હોય, અલ્પશ્રુત અને અલ્પ આગમજ્ઞ હોય તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પતું નથી.

આઠ વર્ષની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ -

જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ અને ઉપગ્રહમાં કુશળ ન હોય તથા ક્ષત, ભિન્ન, શબલ અને સંકિલષ્ટ આચારવાળા હોય, અલ્પશ્રુત અને અલ્પ આગમજ્ઞ હોય તો તેને આચાર્ય, ઉપાધ્યાય અને ગણાવચ્છેદક પદ આપવું કલ્પતું નથી.

આચાર્યનાં દેવલોક થવાથી નિરૂધ્ધ વર્ષ પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

તેને આચાર પ્રકલ્પનો થોડો અંશ અધ્યયન કરવો બાકી હોય અને તે અધ્યયન પૂર્ણ કરવાનો સંકલ્પ રાખીને પૂર્ણ કરે તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

પરંતુ કદાચ તે શેષ અધ્યયન પૂર્ણ કરવાનો સંકલ્પ રાખીને પણ તે પૂર્ણ ન કરે તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પતું નથી.

**एगपक्खियस्स भिक्खुस्स पद-दाण विहाणं-**

**એકપક્ષીય ભિક્ષુને પદ દેવાનું વિધાન -**

२०३१. एगपक्खियस्स भिक्खुस्स कप्पइ आयरिय-उवज्झायाणं इत्तरियं दिसं वा, अणुदिसं वा, उद्दिसित्तए वा, धारेत्तए वा, जहा वा तस्स गणस्स पत्तियं सिया ।

– वव. उ. २, सु. २६

२०31. આચાર્ય કે ઉપાધ્યાયના સ્થાન પર એક પક્ષીય અર્થાત્ એક જ આચાર્યની પાસે દીક્ષા અને શ્રુત ગ્રહણ કરનાર ભિક્ષુને જ અલ્પકાળ માટે અથવા જીવનપર્યન્ત આચાર્ય કે ઉપાધ્યાયનાં પદ પર સ્થાપિત કરવા કે તેને તે પદ ધારણ કરવું કલ્પે છે. અથવા પરિસ્થિતિવશ ગણનું હિત હોય તો પણ કરી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गिलाण आयरियाइणा पद-दाण निद्देसो-**

२०३२. आयरिय-उवज्झाए गिलायमाणे अन्नयरं वएज्जा- "अज्जो ! ममंसि णं कालगयंसि समाणंसी अयं समुक्कसियव्वे ।"

से य समुक्कसणारिहे समुक्कसियव्वे,

से य नो समुक्कसणारिहे नो समुक्कसियव्वे,

अत्थि य इत्थ अन्ने केइ समुक्कसणारिहे से समुक्कसियव्वे,

नत्थि य इत्थ अन्ने केइ समुक्कसणारिहे से चेव समुक्कसियव्वे,

तंसि च णं समुक्किट्ठंसि परो वएज्जा-

"दुस्समुक्किट्ठं ते अज्जो ! निक्खिवाहि ।" तस्स णं निक्खिवमाणस्स नत्थि केइ छेए वा परिहारे वा ।

जे साहम्मिया अहाकप्पेणं नो उट्ठाए विहरंति सव्वेसिं तेसिं तप्पत्तियं छेए वा परिहारे वा,

— *वव. उ. ४, सु. १३*

**ગ્લાન આચાર્યાદિ દ્વારા પદ દેવાનો નિર્દેશ :**

૨૦૩૨. રોગગ્રસ્ત આચાર્ય કે ઉપાધ્યાય કોઈ પ્રમુખ સાધુને કહે કે "હે આર્ય ! મારા મૃત્યુ પછી અમુક સાધુને મારા પદ પર સ્થાપિત કરજો".

જો આચાર્યે બતાવેલ તે સાધુ તે પદ પર સ્થાપિત કરવા યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવા જોઈએ.

જો તે પદ પર સ્થાપિત કરવા યોગ્ય ન હોય તો તેને સ્થાપિત કરવા ન જોઈએ.

જો સંઘમાં અન્ય કોઈ સાધુ પદને યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવા જોઈએ.

જો સંઘમાં અન્ય કોઈ પણ સાધુ તે પદને યોગ્ય ન હોય તો આચાર્યે બતાવેલ સાધુને જ તે પદ પર સ્થાપિત કરવા જોઈએ.

તેને તે પદ પર સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થ સાધુ કહે કે -

"હે આર્ય ! તમે આ પદને અયોગ્ય છો! માટે આ પદને છોડી દો". (આવું કહેવાથી) જો તે સાધુ તે પદને છોડી દે તો તે દીક્ષા છેદ કે પરિહાર-પ્રાયશ્ચિત્ત પાત્ર બનતો નથી.

જો સાધર્મિક સાધુ કલ્પ અનુસાર તેને આચાર્યાદિ પદ છોડવા માટે ન કહે તો તે બધા સાધર્મિક સાધુઓ ઉપર કહેલ કારણથી દીક્ષા-છેદ કે પરિહાર- પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

**ओहायमाण-आयरियाइणा पद-दाण निद्देसो-**

२०३३. आयरिय-उवज्झाए ओहायमाणे अन्नयरं वएज्जा-

"अज्जो ! ममंसि णं ओहावियंसि समाणंसि अयं समुक्कसियव्वे ।"

से य समुक्कसणारिहे समुक्कसियव्वे,

से य नो समुक्कसणारिहे नो समुक्कसियव्वे ।

अत्थि य इत्थ अन्ने केइ समुक्कसिणारिहे से समुक्कसियव्वे ।

नत्थि य इत्थ अन्ने केइ समुक्कसणारिहे से चेव समुक्कसियव्वे ।

**સંયમ ત્યાગી જનાર આચાર્યાદિ દ્વારા પદ આપવાનો નિર્દેશ :**

૨૦૩૩. સંયમનો પરિત્યાગ કરીને જનાર આચાર્ય કે ઉપાધ્યાય કોઈ પ્રમુખ સાધુને કહે કે -

"હે આર્ય ! મારા ચાલ્યા ગયા બાદ અમુક સાધુને મારા પદ પર સ્થાપિત કરજો".

જો આચાર્યે બતાવેલ સાધુ તે પદ પર સ્થાપન કરવા યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવા જોઈએ.

જો તે પદ પર સ્થાપિત કરવા યોગ્ય ન હોય તો તેને સ્થાપિત ન કરવા જોઈએ.

કદાચ સંઘમાં અન્ય કોઈ સાધુ તે પદને યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવા જોઈએ.

કદાચ સંઘમાં અન્ય કોઈ પણ સાધુ તે પદને યોગ્ય ન હોય તો આચાર્યે બતાવેલ સાધુને જ તે પદ પર સ્થાપિત કરવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सि च णं समुक्किट्ठंसि परो वएज्जा–

"दुस्समुक्किट्ठं ते अज्जो निक्खिवाहि।"

तस्स णं निक्खिवमाणस्स नत्थि केइ छेए वा परिहारे वा ।

जे साहम्मिया अहाकप्पेणं नो उट्ठाए विहरंति, सव्वेसिं तेसिं तप्पत्तियं छेए वा परिहारे वा ।

– *वव. उ. ४, सु. १४*

તેને તે પદ પર સ્થાપિત કર્યા બાદ ગીતાર્થ સાધુ કહે કે -

"હે આર્ય ! તમે આ પદને અયોગ્ય છો. માટે તમે આ પદને છોડી દો". (આવું કહ્યા બાદ) જો સાધુ તે પદને છોડી દે તો તે દીક્ષા-છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બનતો નથી.

જો સાધર્મિક સાધુ કલ્પ અનુસાર તેને આચાર્યાદિ પદ છોડવા માટે ન કહે તો તે બધા સાધર્મિક સાધુઓ ઉપર કહેલ કારણથી દીક્ષા-છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

**पावजीवी बहुस्सुयाणं पद-दाण निसेहो -**

२०३४. भिक्खू य बहुस्सुए बब्भागमे बहुसो बहु-आगाढा-गाढेसु कारणेसु माई, मुसावाई, असुई, पावजीवी, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

गणावच्छेइए बहुस्सुए बब्भागमे बहुसो बहु-आगाढा-गाढेसु कारणेसु माई, मुसावाई, असुई, पावजीवी, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-जाव-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

आयरिय-उवज्झाए बहुस्सुए बब्भागमे बहुसो-बहु-आगाढा-गाढेसु कारणेसु माई, मुसावाई, असुई, पावजीवी, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

बहवे भिक्खुणो बहुस्सुया बब्भागमा बहुसो बहु-आगाढा-गाढेसु कारणेसु माई, मुसावाई, असुई, पावजीवी, जावज्जीवाए तेसिं तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

बहवे गणावच्छेइया बहुस्सुया, बब्भागमा, बहुसो बहु-आगाढा गाढेसु कारणेसु माई, मुसावाई, असुई, पापजीवी, जावज्जीवाए तेसिं तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

**પાપજીવી બહુશ્રુતોને પદ દેવાનો નિષેધ :**

૨૦૩૪. બહુશ્રુત, બહુ આગમજ્ઞ ભિક્ષુ અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેકવાર માયાપૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે અપવિત્ર આજીવિકા કરે તો તેને ઉપર કહેલ કારણોથી જીવનપર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

બહુશ્રુત, બહુઆગમજ્ઞ ગણાવચ્છેદક અનેક પ્રગાઢો કારણો હોવાથી જો અનેક વાર માયાપૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે અપવિત્ર આજીવિકા કરે તો તેને ઉપર કહેલ કારણોથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

બહુશ્રુત, બહુઆગમજ્ઞ આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેક વાર માયા પૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે આજીવિકા કરે તો તેને ઉપર કહેલ કારણોથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

બહુશ્રુત, બહુઆગમજ્ઞ, અનેક ભિક્ષુ અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેક વાર માયાપૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે આજીવિકા કરે તો તેને ઉપર કહેલ કારણોથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

બહુશ્રુત, બહુઆગમજ્ઞ અનેક ગણાવચ્છેદક અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેક વાર માયાપૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે આજીવિકા કરે તો તેમને ઉપર કહેલ કારણોથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बहवे आयरिय-उवज्झाया बहुस्सुया बब्भागमा बहुसो बहु-आगाढा गाढेसु कारणेसु माई, मुसावाई, असुई, पापजीवी, जावज्जीवाए तेसिं तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

बहवे भिक्खुणो, बहवे गणावच्छेइया बहवे आयरिय-उवज्झाया बहुस्सुया बब्भागमा बहुसो बहु-आगाढा गाढेसु कारणेसु, माई, मुसावाई, असुई, पापजीवी, जावज्जीवाए तेसिं-तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-जाव-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा । – *वव. उ. ३, सु. २३-२९*

बहुશ્રુત, બહુઆગમજ્ઞ અનેક આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેક વાર માયાપૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે આજીવિકા કરે તો તેમને ઉપર કહેલ કારણોથી જીવનપર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

બહુશ્રુત, બહુઆગમજ્ઞ અનેક ભિક્ષુ અનેક ગણાવચ્છેદક કે અનેક આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેકવાર માયાપૂર્વક જુઠું બોલે અથવા પાપશ્રુતો વડે આજીવિકા કરે તો તેમને ઉપર કહેલ કારણોથી જીવનપર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

### आयारकप्पपरिभट्ठस्स पद दाण विहि-णिसेहो-

२०३५. निग्गंथस्स णं नव-डहर-तरुणस्स आयारपकप्पे नामं अज्झयणे परिब्भट्ठे सिया, से य पुच्छियव्वे-

"केणं ते कारणेण अज्जो ! आयारपकप्पे नामं-अज्झयणे परिब्भट्ठे ? किं आबाहेण उदाहु पमाएणं ?"

से य वएज्जा- "नो आबाहेणं, पमाएणं," जावज्जीवं तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

से य वएज्जा- "आबाहेणं, नो पमाएणं, से य "संठवेस्सामित्ति" संठवेज्जा एवं से कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

से य 'संठवेस्सामि' त्ति नो संठवेज्जा, एवं से नो कप्पइ आयरियत्तं वा-जाव-गणावच्छेइयत्तं वा उद्दि सित्तए वा धारेत्तए वा । – वव. उ. ५, सु. १५

थेराणं थेरभूमिपत्ताणं आयार-पकप्पे नामं अज्झयणे परिब्भट्ठे सिया, कप्पइ तेसिं संठवेत्ताणं वा, असंठवेत्ताणं वा आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

थेराणं थेरभूमिपत्ताणं आयार-पकप्पे नामं अज्झयणे परिब्भट्ठे सिया कप्पइ तेसिं सन्निसण्णाणं वा, संतुयट्टाणं वा, उत्ताणयाण वा, पासिल्लयाण वा

### આચાર પ્રકલ્પ વિસ્મૃતને પદ દેવાનો વિધિ-નિષેધ :

૨૦૩૫. નવદીક્ષિત બાળ તેમજ તરુણ નિર્ગ્રન્થને જો આચાર પ્રકલ્પ (નિશીથ આદિ) નું અધ્યયન વિસ્મૃત થઈ જાય તો તેને પૂછવું જોઈએ કે -

"હે આર્ય ! તમે ક્યા કારણથી આચાર પ્રકલ્પ અધ્યયનને ભૂલી ગયા ? શું વ્યાધિથી ભૂલી ગયા કે પ્રમાદથી ?"

જો તે કહે કે - "વ્યાધિથી નહિ પરંતુ પ્રમાદથી વિસ્મૃત થયું" તો તેને ઉપર કહેલ કારણથી જીવનપર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

જો તે કહે કે - "વ્યાધિથી વિસ્મૃત થયેલ છું, પ્રમાદથી નહી. હવે હું આચાર પ્રકલ્પ ફરીથી કંઠસ્થ કરી લઈશ". એવું કહીને કંઠસ્થ કરી લે તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

જો તે આચાર પ્રકલ્પને ફરીથી કંઠસ્થ કરી લેવા માટે કહે પણ કંઠસ્થ ન કરે તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

સ્થવિરત્વ પ્રાપ્ત સ્થવિરને જો આચાર પ્રકલ્પ અધ્યયન વિસ્મૃત થઈ જાય અને તે ફરીથી કંઠસ્થ કરે કે ન કરે તો પણ તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

સ્થવિરત્વ પ્રાપ્ત સ્થવિરને જો આચાર પ્રકલ્પ અધ્યયન વિસ્મૃત થઈ જાય તો તે બેઠેલ, શયન કરેલ, અર્ધશયન કરેલ અથવા પાર્શ્વભાગથી શયન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयारपकप्पं नाम अज्झयणं दोच्चंपि तच्चंपि पडिपुच्छित्तए वा, पडिसारेत्तए वा ।[१]

– *वव. उ. ५, सु. १७–१८*

કરેલ હોય તેણે પણ ફરી આચાર પ્રકલ્પ અધ્યયન માટે બે-ત્રણવાર પૂછીને શ્રવણ કરવું અને યાદ કરવું કલ્પે છે.

**अबंभसेवीणं पय-दाण विहि-णिसेहो-**

२०३६. भिक्खू य गणाओ अवक्कम्म मेहुण धम्मं पडिसेवेज्जा, तिण्णि संवच्छराणि तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा- **जाव**- गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

तिहिं संवच्छरेहिं वीइक्कंतेहिं चउत्थगंसि संवच्छरंसि पट्ठियंसि ठियस्स उवसंतस्स, उवरयस्स, पडिविरयस्स, निव्विकारस्स एवं से कप्पइ आयरियत्तं वा- **जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

गणावच्छेइए गणावच्छेइयत्तं अनिक्खिवित्ता मेहुणधम्मं पडिसेवेज्जा, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा, उद्दिसित्तए वा धारेत्तए वा ।

गणावच्छेइए गणावच्छेइयत्तं निक्खिवित्ता मेहुणधम्मं पडिसेवेज्जा, तिण्णि संवच्छराणि तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-जाव-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

तिहिं संवच्छरेहिं वीइक्कंतेहि चउत्थगंसि संवच्छरंसि पट्ठियंसि ठियस्स उवसंतस्स, उवरयस्स पडिविरयस्स, निव्विगारस्स एवं से कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

आयरिय-उवज्झाए, आयरिय-उवज्झायत्तं अनिक्खिवित्ता मेहुणधम्मं पडिसेवेज्जा, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

आयरिय-उवज्झाए, आयरिय- उवज्झायत्तं निक्खिवित्ता-मेहुणधम्मं पडिसेवेज्जा, तिण्णि संवच्छराणि तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

**અબ્રહ્મસેવીને પદ દેવાનો વિધિ-નિષેધ :**

૨૦૩૬. જો કોઈ ભિક્ષુ ગણને છોડીને મૈથુન- ધર્મનું પ્રતિસેવન કરે તો તેને ઉપર કહેલ કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

ત્રણ વર્ષ વ્યતીત થયા પછી અને ચોથા વર્ષમાં પ્રવેશ કરવાથી કદાચ તે વેદોદયથી ઉપશાંત, મૈથુનથી નિવૃત્ત, મૈથુન સેવનથી ગ્લાનિ-પ્રાપ્ત અને વિષય-વાસના રહિત થઈ જાય તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને મૈથુન ધર્મનું પ્રતિસેવન કરે તો તેને ઉપર કહેલ કારણથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને મૈથુન-ધર્મનું પ્રતિસેવન કરે તો તેને ઉપર કહેલ કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

ત્રણ વર્ષ વ્યતીત થયા પછી અને ચોથા વર્ષમાં પ્રવેશ કરવાથી જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાના પદને છોડ્યા વગર મૈથુન ધર્મનું પ્રતિસેવન કરે તો તેને ઉપર કહેલ કારણથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાના પદને છોડીને મૈથુન ધર્મનું પ્રતિસેવન કરે તો તેને ઉપર કહેલ કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

૧. અલ્પકાળના દીક્ષિત સાધુ સ્થવિરસાધુને આચાર પ્રકલ્પ અધ્યયનનાં સ્મરણ કરાવે - તેની "પરિસારણ" સંજ્ઞા છે અને સ્થવિરસાધુ તેને સ્મરણ કરવે તે "પ્રતિચ્છન્ન" સંજ્ઞા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिहिं संवच्छरेहिं वीइक्कंतेहिं चउत्थगंसि संवच्छरंसि पट्ठियंसि ठियस्स, उवसंतस्स, उवरयस्स, पडिविरयस्स, निव्विगारस्स, एवं से कप्पइ आयरियत्तं वा-जाव-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा। – *वव. उ. ३, सु. १३–१७*

ત્રણ વર્ષ વ્યતીત થયાં પછી અને ચોથા વર્ષમાં પ્રવેશ કરીને જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

**ओहावियाणं पद-दाण विहि-णिसेहो-**

२०३७. भिक्खू य गणाओ अवक्कम्म ओहाएज्जा, तिण्णि संवच्छराणि तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

तिहिं संवच्छरेहिं वीइक्कंतेहिं चउत्थगंसि संवच्छरंसि पट्ठियंसि ठियस्स उवसंतस्स, उवरयस्स, पडिविरयस्स, निव्विगारस्स एवं से कप्पइ आयरियत्तं वा-**जाव**- गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा।

गणावच्छेइए गणावच्छेइयत्तं अनिक्खिवित्ता ओहाएज्जा, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-जाव-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

गणावच्छेइए गणावच्छेइयत्तं निक्खिवित्ता ओहाएज्जा, तिण्णि संवच्छराणि तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

तिहिं संवच्छरेहिं वीइक्कंतेहिं, चउत्थगंसि संवच्छरंसि पट्ठियंसि ठियस्स, उवसंतस्स, उवरयस्स, पडिविरयस्स, निव्विगारस्स एवं से कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

आयरिय-उवज्झाए आयरिय-उवज्झायत्तं अनिक्खिवित्ता ओहाएज्जा, जावज्जीवाए तस्स तप्पत्तियं नो कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

आयरिय-उवज्झाए आयरिय-उवज्झायत्तं निक्खिवित्ता ओहाएज्जा, तिण्णि संवच्छराणि तस्स तप्पत्तियं नो

**સંયમનો ત્યાગ કરી જનારને પદ દેવાનો વિધિ-નિષેધ :**

૨૦૩૭. જો કોઈ ભિક્ષુ ગણ અને સંયમનો પરિત્યાગ કરી, વેષને છોડીને ચાલ્યો જાય અને ત્યારબાદ ફરીથી દીક્ષિત થઈ જાય તો તેને ઉપર કહેલ કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

ત્રણ વર્ષ વ્યતીત થયા પછી અને ચોથા વર્ષમાં પ્રવેશ કરતાં જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડ્યા વગર સંયમનો પરિત્યાગ કરી ચાલ્યા જાય અને ત્યારબાદ ફરીથી દીક્ષિત થઈ જાય તો તેને ઉપર કહેલ કારણથી જીવનપર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને તથા સંયમનો પરિત્યાગ કરીને ચાલ્યા જાય અને ત્યારબાદ ફરીથી દીક્ષિત થઈ જાય તો તેને ઉપર કહેલ કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતુ નથી.

ત્રણ વર્ષ વ્યતીત થયા પછી અને ચોથા વર્ષમાં પ્રવેશ કરતાં જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડ્યા વગર સંયમનો પરિત્યાગ કરી ચાલ્યા જાય અને ત્યારબાદ ફરીથી દીક્ષિત થઈ જાય તો તેને ઉપર કહેલ કારણોથી જીવન પર્યન્ત આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતું નથી.

જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડીને તથા સંયમનો પરિત્યાગ કરી ચાલ્યા જાય અને ત્યારબાદ ફરીથી દીક્ષિત થઈ જાય તો તેને ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ आयरियत्तं वा- **जाव**- गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

तिहिं संवच्छरेहिं वीइक्कंतेहिं, चउत्थगंसि संवच्छरंसि पट्ठियंसि ठियस्स, उवसंतस्स, उवरयस्स, पडिविरयस्स, निव्विगारस्स एवं से कप्पइ आयरियत्तं वा-**जाव**-गणावच्छेइयत्तं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

– *वव. उ. ३, सु. १८-२२*

કહેલ કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પતુ નથી.

ત્રણ વર્ષ વ્યતીત થયા બાદ ચોથા વર્ષમાં પ્રવેશ કરીને જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય **યાવત્** ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

**उवज्झाय पद-दाण विहि-णिसेहो-**

२०३८. तिवासपरियाए समणे निग्गंथे–

आयारकुसले, संजमकुसले, पवयणकुसले, पण्णत्तिकुसले, संगहकुसले, उवग्गहकुसले, अक्खयायारे, अभिन्नायारे, असबलायारे, असंकिलिट्ठायारे, बहुस्सुए बब्भागमे, जहण्णेणं आयारपकप्प-धरे, कप्पइ उवज्झायत्ताए उद्दिसित्तए ।

सच्चेव णं से तिवास परियाए समणे निग्गंथे– नो आयार-कुसले, नो संजमकुसले, नो पवयणकुसले, नो पण्णत्तिकुसले, नो संगहकुसले, नो उवग्गहकुसले, खयायारे, भिन्नायारे, सबलायारे, संकिलिट्ठायारे, अप्पसुए, अप्पागमे नो कप्पइ उवज्झायत्ताए उद्दिसित्तए । – *वव. उ. ३, सु. ३-४*

**ઉપાધ્યાય પદ દેવાનો વિધિ-નિષેધ :**

૨૦૩૮. ત્રણ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ -

જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ અને ઉપગ્રહ કરવામાં કુશળ હોય તથા અક્ષત, અભિન્ન, અશબલ અને અસંકિલષ્ટ આચારવાળા હોય, બહુશ્રુત તેમજ બહુ આગમજ્ઞ હોય અને જઘન્ય આચાર પ્રકલ્પધર હોય તો તેને ઉપાધ્યાય પદ આપવું કલ્પે છે.

તે (ત્રણ વર્ષની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ) જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ અને ઉપગ્રહમાં કુશળ ન હોય તથા ક્ષત, ભિન્ન, શબલ અને સંકિલષ્ટ આચારવાળા હોય, અલ્પશ્રુત તેમજ અલ્પ આગમજ્ઞ હોય તો તેને ઉપાધ્યાય પદ આપવું કલ્પતું નથી.

**अणवट्ठप्प-पारंचिय-भिक्खुस्स उवट्ठावणा-**

२०३९. अणवट्ठप्पं भिक्खुं अगिहिभूयं नो कप्पइ तस्स गणावच्छेइयस्स उवट्ठावित्तए।

अणवट्ठप्पं भिक्खुं गिहिभूयं कप्पइ तस्स गणावच्छेइयस्स उवट्ठावित्तए ।

पारंचियं भिक्खुं अगिहिभूयं नो कप्पइ तस्स गणावच्छेइयस्स उवट्ठावित्तए।

पारंचियं भिक्खुं गिहिभूयं कप्पइ तस्स गणावच्छेइयस्स उवट्ठावित्तए।

अणवट्ठप्पं भिक्खुं पारंचियं वा भिक्खुं अगिहिभूयं वा गिहिभूयं वा, कप्पइ तस्स गणावच्छेइयस्स उवट्ठावित्तए, जहा तस्स गणस्स पत्तियं सिया ।

–*वव. उ. २, सु. १८-२२*

**અનવસ્થાપ્ય અને પારાંચિક ભિક્ષુની ઉપસ્થાપના :**

૨૦૩૯. અનવસ્થાપ્ય નામક નવમા પ્રાયશ્ચિત્તને પાત્ર ભિક્ષુને ગૃહસ્થ વેષ ધારણ કરાવ્યા વગર ફરીથી સંયમમાં ઉપસ્થાપના કરવી ગણાવચ્છેદકને કલ્પે નહી.

અનવસ્થાપ્ય ભિક્ષુનું ગૃહસ્થ વેષ ધારણ કરાવી ફરીથી સંયમમાં ઉપસ્થાપન કરવું ગણાવચ્છેદકને કલ્પે છે.

પારંચિત નામક દશમાં પ્રાયશ્ચિત્તને પાત્ર ભિક્ષુનું ગૃહસ્થ વેષ ધારણ કરાવ્યા વગર ફરીથી સંયમમાં ઉપસ્થાપન કરવું ગણાવચ્છેદકને કલ્પતું નથી.

પારંચિત ભિક્ષુને ગૃહસ્થ વેષ ધારણ કરાવીને ફરીથી સંયમમાં ઉપસ્થાપન કરવું ગણાવચ્છેદકને કલ્પે છે.

અનવસ્થાપ્ય ભિક્ષુને અને પારંચિત ભિક્ષુને (પરિસ્થિતિવશ ગણના હિત માટે) ગૃહસ્થનો વેષ ધારણ કરાવીને અથવા ગૃહસ્થનો વેષ ધારણ કરાવ્યા વગર જ ફરીથી સંયમમાં ઉપસ્થાપિત કરવાનું ગણાવચ્છેદક ને કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आयरिय अणिस्साए विहरण णिसेहो-**

२०४०. निग्गंथस्स णं नव-डहर-तरुणस्स आयरिय-उवज्झाए वीसंभेज्जा । नो से कप्पइ अणायरिय-उवज्झाइए होत्तए ।

कप्पइ से पुव्वं आयरियं उद्दिसावेत्ता तओ पच्छा उवज्झायं ।

प. से किमाहु भंते ?

उ. दु-संगहिए समणे निग्गंथे, तं जहा–

१. आयरिएण, २. उवज्झाएण य ।

*– वव. उ. ३, सु. ११*

**આચાર્યના નેતૃત્વ વિના વિહારનો નિષેધ :**

૨૦૪૦. નવદીક્ષિત, બાળક કે તરુણ નિર્ગ્રન્થનાં આચાર્ય અને ઉપાધ્યાયનું મૃત્યુ થઈ જાય તો તેને આચાર્ય અને ઉપાધ્યાય વગર રહેવું કલ્પતું નથી.

તેણે પહેલાં આચાર્યની અને પછી ઉપાધ્યાયની નિશ્રામાં અધીનતા સ્વીકાર કરીને જ રહેવું જોઈએ.

પ્ર. હે ભંતે ! આવું કહેવાનું શું કારણ છે ?

ઉ. શ્રમણ નિર્ગ્રન્થ બેનાં નેતૃત્વમાં જ રહે છે, જેમ કે-

(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય.

**गणधारण अरिहा अणगारा-**

२०४१. छहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहति गणं धारित्तए, तं जहा–

१. सड्ढी पुरिसजाते, २. सच्चे पुरिसजाते,
३. मेहावी पुरिसजाते, ४. बहुस्सुए पुरिसजाते,
५. सत्तिमं, ६. अप्पाधिकरणे ।

*– ठाणं. अ. ६, सु. ४७५*

**ગણધારણ કરનાર યોગ્ય અણગાર :**

૨૦૪૧. છ સ્થાનોથી સંપન્ન અણગાર ગણને ધારણ કરવા સમર્થ હોય છે, જેમ કે -

૧. શ્રધ્ધાશીલ પુરુષ, ૨. સત્યવાદી પુરુષ,
૩. મેધાવી પુરુષ, ૪. બહુશ્રુત પુરુષ,
૫. શક્તિશાળી પુરુષ, ૬. કલહરહિત પુરુષ.

**गणधारण विहि-णिसेहो-**

२०४२. भिक्खू य इच्छेज्जा गणं धारेत्तए, भगवं च से अपलिछन्ने एवं से नो कप्पइ गणं धारित्तए ।

भगवं च से पलिछन्ने,

एवं से कप्पइ गणं धारेत्तए,

भिक्खू य इच्छेज्जा गणं धारेत्तए, नो से कप्पइ थेरे अणापुच्छित्ता गणं धारेत्तए।

कप्पइ से थेरे आपुच्छित्ता गणं धारेत्तए ।

थेरा य से वियरेज्जा, एवं से कप्पइ गणं धारेत्तए ।

थेरा य नो वियरेज्जा, एवं से नो कप्पइ गणं धारेत्तए ।

जं णं थेरेहिं अविइण्णं गणं धारेज्जा से सन्तरा छेए वा परिहारे वा ।

जे साहम्मिया उट्ठाए विहरंति, नत्थि णं तेसिं केइ छेए वा परिहारे वा । *– वव. उ. ३, सु. १-२*

**ગણધારણ કરવાનો વિધિ-નિષેધ :**

૨૦૪૨. જો કોઈ ભિક્ષુ ગણને ધારણ કરવા (અગ્રણી બનવા) ચાહે અને તે સૂત્ર જ્ઞાન આદિ યોગ્યતાથી રહિત હોય તો તેને ગણધારણ કરવું કલ્પતું નથી.

જો તે ભિક્ષુ સૂત્રજ્ઞાન આદિ યોગ્યતાથી યુક્ત હોય તો તેને ગણધારણ કરવું કલ્પે છે.

જો યોગ્ય ભિક્ષુ ગણધારણ કરવા ચાહે તો તેને સ્થવિરોને પૂછ્યા વગર ગણધારણ કરવું કલ્પતું નથી.

સ્થવિરોને પૂછીને જ ગણધારણ કરવું કલ્પે છે.

જો સ્થવિર અનુજ્ઞા પ્રદાન કરે તો ગણધારણ કરવું કલ્પે છે.

જે સ્થવિર અનુજ્ઞા પ્રદાન ન કરે તો ગણધારણ કરવું કલ્પે નહીં.

જો સ્થવિરોની અનુજ્ઞા પ્રાપ્ત કર્યા વગર જ ગણધારણ કરે છે, તો તે ઉપર કહેલ કારણથી દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

પરંતુ તેની સાથે જે સાધર્મિક સાધુ વિચરે છે તે દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બનતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गणं पमुहस्स कालगए समाणे भिक्खुस्स किच्चाइं-**

२०४३. गामाणुगामं दूइज्जमाणे भिक्खू जं पुरओ कट्टु विहरइ, से य आहच्च वीसंभेज्जा, अत्थि य इत्थ अन्ने केइ उवसंपज्जणारिहे से उवसंपज्जियव्वे ।

नत्थि य इत्थ अन्ने केइ उवसंपज्जणारिहे तस्स अप्पणो कप्पाए असमत्ते कप्पइ से एगराइयाए पडिमाए जण्णं जण्णं दिसं अन्ने साहम्मिया विहरंति तं णं तं णं दिसं उवलित्तए ।

नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।

कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए ।

तंसि च णं कारणंसि निट्ठियंसि परो वएज्जा–

"वसाहि अज्जो ! एगरायं वा दुरायं वा" एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए, नो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए, जे तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ से संतरा छेए वा परिहारे वा ।

वासावासं पज्जोसविओ भिक्खू य जं पुरओ कट्टु विहरइ से य आहच्च वीसंभेज्जा अत्थि य इत्थ अन्ने केइ उवसंपज्जणारिहे से उवसंपज्जियव्वे ।

नत्थि य इत्थ अन्ने केइ उवसंपज्जणारिहे तस्स अप्पणो कप्पाए असमत्ते कप्पइ से एगराइयाए पडिमाए जण्णं जण्णं दिसं अन्ने साहम्मिया विहरंति तं णं तं णं दिसं उवलित्तए ।

नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।

कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए ।

तंसि च णं कारणंसि निट्ठियंसि परो वएज्जा–

"वसाहि अज्जो ! एगरायं वा दुरायं वा" एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । नो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए ।

जे तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ, से संतरा छेए वा परिहारे वा ।

–वव. उ. ४, सु. ११-१२

**અગ્રણીના કાળ પામ્યા પછી ભિક્ષુનું કર્તવ્ય :**

૨૦૪૩. ગ્રામાનુગ્રામ વિહાર કરતા ભિક્ષુ જેને અગ્રણી માનીને વિહાર કરતો હોય તેના કાળધર્મ થયા પછી શેષ ભિક્ષુઓમાં જે ભિક્ષુ યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ.

જો અન્ય કોઈ ભિક્ષુ અગ્રણી થવાને યોગ્ય ન હોય અને પોતે પણ આચાર પ્રકલ્પનું અધ્યયન પૂર્ણ ન કર્યું હોય તો તેણે માર્ગમાં વિશ્રામ માટે એક રાત્રિ રહીને જે દિશામાં અન્ય સ્વધર્મીઓ વિચરતા હોય તે દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિચરણ કરવાનાં લક્ષ્યથી રહેવું કલ્પે નહીં.

કદાચ રોગાદિનું કારણ હોય તો વધારે રહેવું કલ્પે છે.

રોગાદિ સમાપ્ત થયા પછી કોઈ કહે કે -

"હે આર્ય ! એક કે બે રાત વધારે રહો" તો તેણે એક કે બે રાત રહેવું કલ્પે છે. પરંતુ એક કે બે રાતથી વધારે રહેવું કલ્પતું નથી. જે ભિક્ષુ ત્યાં (કારણ સમાપ્ત થયા પછી પણ) એક કે બે રાતથી વધારે રહે છે તે મર્યાદાના ઉલ્લંઘનનાં કારણે દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

વર્ષાવાસમાં રહેલ ભિક્ષુ જેને અગ્રણી માનીને રહે છે તેનો કાળધર્મ થયા પછી શેષ ભિક્ષુઓમાં જે ભિક્ષુ યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ.

જો અન્ય કોઈ ભિક્ષુ અગ્રણી થવા માટે યોગ્ય ન હોય અને પોતે પણ નિશીથ આદિનું અધ્યયન પૂર્ણ ન કર્યું હોય તો તેને માર્ગમાં વિશ્રામ માટે એક રાત્રિ રહેતા જે દિશામાં અન્ય સ્વધર્મીઓ વિચરતા હોય તે દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિહારના લક્ષ્યથી રહેવું કલ્પે નહીં.

જો કે રોગાદિના કારણે વધારે રહેવું કલ્પે છે.

રોગાદિના સમાપ્ત થયા પછી કોઈ કહે કે -

'હે આર્ય ! એક કે બે રાત વધારે રહો' તો તેને એક કે બે રાત વધારે રહેવું કલ્પે છે. પરંતુ એક કે બે રાતથી વધારે રહેવું કલ્પતું નથી.

જે ભિક્ષુ એક કે બે રાતથી વધારે રહે છે તે મર્યાદાનાં ઉલ્લંઘનના કારણે દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નિર્ગ્રન્થી પદ વ્યવસ્થા – ૪

**गिलाण पवत्तिणिणा पद-दाण णिद्देसो-**

२०४४. पवत्तिणी य गिलायमाणी अन्नयरं वएज्जा- "मए णं अज्जे ! कालगयाए समाणीए इयं समुक्कसियव्वा ।"

सा य समुक्कसिणारिहा समुक्कसियव्वा ।

सा य नो समुक्कसिणारिहा नो समुक्कसियव्वा ।

अत्थि य इत्थ अन्ना काइ समुक्कसिणारिहा वा समुक्कसियव्वा ।

नत्थि या इत्थ अन्ना काइ समुक्कसिणारिहा सा चेव समुक्कसियव्वा ।

ताए च णं समुक्किट्ठाए परा वएज्जा- "दुस्समुक्किट्ठं ते अज्जे ! निक्खिवाहि" ताए णं निक्खिवमाणाए नत्थि केइ छेए वा परिहारे वा ।

जाओ साहम्मिणीओ अहाकप्पं नो उट्ठाए विहरंति सव्वासिं तासिं तप्पत्तियं छेए वा परिहारे वा ।

– *वव. उ. ५, सु. १३*

**ગ્લાન પ્રવર્તિની દ્વારા પદ દેવાનો નિર્દેશ :**

૨૦૪૪. રુગ્ણ પ્રવર્તિની કોઈ મુખ્ય સાધ્વીને કહે કે - 'હે આર્યે ! મારા દેવલોક થયા પછી અમુક સાધ્વીને મારા પદ પર સ્થાપિત કરજો."

જો પ્રવર્તિનીએ બતાવેલ સાધ્વી એ પદ પર સ્થાપન કરવા યોગ્ય હોય તો તેને તે પદ પર સ્થાપિત કરવી જોઈએ.

જો તે (સાધ્વી) તે પદ પર સ્થાપન કરવા યોગ્ય ન હોય તો તેને સ્થાપિત ન કરવા જોઈએ.

જો સમુદાયમાં અન્ય કોઈ સાધ્વી તે પદ માટે યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવી જોઈએ.

જો સમુદાયમાં અન્ય કોઈ પણ સાધ્વી તે પદને યોગ્ય ન હોય તો પ્રવર્તિનીએ બતાવેલ સાધ્વીને જ તે પદ પર સ્થાપિત કરવી જોઈએ.

તેને તે પદ પર સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થ સાધ્વી કહે કે- "હે આર્યે ! તમે આ પદને માટે અયોગ્ય છો માટે આ પદને છોડી દો" (આવું કહ્યા બાદ) જો તે તે પદને છોડી દે તો તે દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બનતી નથી.

જો સ્વધર્મી સાધ્વીઓ કલ્પ અનુસાર તેને પ્રવર્તિની આદિ પદ છોડવા માટે ન કહે તો તે બધી સ્વધર્મી સાધ્વીઓ ઉપર કહેલ કારણથી દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

**ओहायमाणी पवत्तिणिणा पद-दाण-निद्देसो-**

२०४५. पवत्तिणीय ओहायमाणी अन्नयरं वएज्जा– "मए णं अज्जे ! ओहावियाए समाणीए इयं समुक्कसियव्वा ।"

सा य समुक्कसिणारिहा समुक्कसियव्वा,

सा य नो समुक्कसिणारिहा सो समुक्कसियव्वा ।

अत्थि य इत्थ अन्ना काइ समुक्कसिणारिहा सा समुक्कसियव्वा ।

नत्थि य इत्थ अन्ना काइ समुक्कसिणारिहा सा चेव समुक्कसियव्वा ।

**સંયમ પરિત્યાગ કરનારી પ્રવર્તિની દ્વારા પદ આપવાનો નિર્દેશ :**

૨૦૪૫. સંયમ પરિત્યાગ કરીને જનાર પ્રવર્તિની કોઈ મુખ્ય સાધ્વીને કહે કે "હે આર્યે ! મારા ચાલ્યા જવાથી અમુક સાધ્વીને મારા પદ પર સ્થાપિત કરજો."

જો તે સાધ્વી તે પદ પર સ્થાપન કરવા યોગ્ય હોય તો તેને તે પદ પર સ્થાપિત કરવી જોઈએ.

જો તે (સાધ્વી) તે પદ પર સ્થાપિત કરવા યોગ્ય ન હોય તો તેને સ્થાપિત ન કરવી જોઈએ.

જો સમુદાયમાં અન્ય કોઈ સાધ્વી તે પદ માટે યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવી જોઈએ.

જો સમુદાયમાં અન્ય કોઈ પણ સાધ્વી તે પદ માટે યોગ્ય ન હોય તો પ્રવર્તિનીએ બતાવેલ સાધ્વીને જ તે પદ પર સ્થાપિત કરવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताए य णं समुक्किट्ठाए परा वएज्जा– "दुस्समुक्किट्ठं ते अज्जे ! निक्खिवाहि ।" ताए णं निक्खिवमाणाए नत्थि केइ छेए वा परिहारे वा ।

તેને તે પદ પર સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થ સાધ્વી કહે કે - "હે આર્યે ! તમે આ પદને માટે અયોગ્ય છો, માટે આ પદને છોડી દો. (આ પ્રમાણે કહ્યા બાદ) જો તે તે પદને છોડી દે તો તે દીક્ષા-છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બનતી નથી.

जाओ साहम्मिणीओ अहाकप्पं नो उट्ठाए विहरंति सव्वासिं तासिं तप्पत्तियं छेए वा परिहारे वा ।

– वव. उ. ५, सु. १४

જો સ્વધર્મિણી સાધ્વીઓ કલ્પ અનુસાર તેને પ્રવર્તિની આદિ પદ છોડવા માટે ન કહે તો તે બધી સ્વધર્મીણી સાધ્વીઓ ઉપર કહેલ કારણથી દીક્ષા-છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

### णिग्गंथीए आयरिय-उवज्झाय पदारिह निग्गंथ-

२०४६. तिवासपरियाए समणे निग्गंथे तीसं वासपरियाए समणीए निग्गंथीए कप्पइ उवज्झायत्ताए उद्दिसित्तए ।

पंचवासपरियाए समणे निग्गंथे सट्ठिवासपरियाए समणीए निग्गंथीए कप्पइ आयरिय-उवज्झायत्ताए उद्दिसित्तए ।

– वव. उ. ७, सु. १९-२०

### નિર્ગ્રંથી માટે આચાર્ય-ઉપાધ્યાય પદ યોગ્ય નિર્ગ્રંથ :

૨૦૪૬. ત્રીસ વર્ષના શ્રમણ પર્યાયવાળી નિર્ગ્રંથીઓને ઉપાધ્યાય રૂપે ત્રણ વર્ષનાં શ્રમણ પર્યાયવાળા નિર્ગ્રંથને સ્વીકાર કરવા કલ્પે છે.

સાઠ વર્ષના શ્રમણ પર્યાયવાળી નિર્ગ્રંથિનીને આચાર્ય કે ઉપાધ્યાય રૂપે પાંચ વર્ષનાં શ્રમણ પર્યાયવાળા નિર્ગ્રંથને સ્વીકાર કરવા કલ્પે છે.

### आयार-पकप्प-पब्भट्ठाए णिग्गंथीए पद-दाणं विहि-णिसेहो-

२०४७. निग्गंथीए-नव-डहर-तरुणाए आयार-पकप्पे नामं अज्झयणे परिब्भट्ठे सिया, सा य पुच्छियव्वा–

"केण भे कारणेणं अज्जे ! आयार-पकप्पे नामं अज्झयणे परिब्भट्ठे ? किं आबाहेणं उदाहु पमाएणं ?"

सा य वएज्जा "नो आबाहेणं, पमाएणं" जावज्जीवं तीसे तप्पत्तियं नो कप्पइ पवत्तिणित्तं वा गणावच्छेइणित्तं वा उद्दिसित्तए वा, धारेत्तए वा ।

सा य वएज्जा– "आबाहेणं, नो पमाएणं"– सा य "संठवेस्सामि" त्ति संठवेज्जा एवं से कप्पइ पवत्तिणित्तं वा गणावच्छेइणित्तं वा उद्दिसित्तए वा, धारेत्तए वा ।

सा य "संठवेस्सामि" त्ति नो संठवेज्जा, एवं से नो कप्पइ पवत्तिणित्तं वा गणावच्छेइणित्तं वा– उद्दिसित्तए वा धारेत्तए वा । – वव. उ. ५, सु. १६

### આચાર પ્રકલ્પ વિસ્મૃત નિર્ગ્રંથીને પદ આપવાનો વિધિ-નિષેધ :

૨૦૪૭. નવદીક્ષિત, બાળ તેમજ તરુણ નિર્ગ્રંથી જો આચાર પ્રકલ્પ અધ્યયન વિસ્મૃત થઈ જાય તો તેને પૂછવું જોઈએ કે -

"હે આર્યે ! તમે ક્યા કારણથી આચાર પ્રકલ્પ અધ્યયન ભૂલી ગયા છો ? શું વ્યાધિથી ભૂલી ગયા છો કે પ્રમાદથી ?"

જો તે કહે કે 'હું વ્યાધિથી નહીં, પરંતુ પ્રમાદથી ભૂલી ગઈ છું' તો તેને ઉપર કહેલ કારણથી જીવન પર્યંત પ્રવર્તિની કે ગણાવચ્છેદિની પદ આપવા કે ધારણ કરવું કલ્પે નહિં.

જો તે કહે કે "વ્યાધિથી વિસ્મૃત થઈ ગયું છે, પ્રમાદથી નહીં. હવે હું ફરીથી આચાર પ્રકલ્પને કંઠસ્થ કરી લઈશ." એવું કહીને કંઠસ્થ કરી લે તો તેને પ્રવર્તિની કે ગણાવચ્છેદિની પદ આપવું કે ધારણ કરવું કલ્પે છે.

કદાચ તે આચાર પ્રકલ્પને ફરીથી કંઠસ્થ કરી લેવાનું કહીને પણ કંઠસ્થ ન કરે તો તેને પ્રવર્તિની કે ગણાવચ્છેદિની પદ આપવું કે ધારણ કરવું કલ્પે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आयरियाइ अणिस्साए णिग्गंथीए विहार णिसेहो-**

२०४८. निग्गंथीए णं नव-डहर-तरुणीए आयरिय-उवज्झाए, पवत्तिणी य वीसंभेज्जा नो से कप्पइ अणायरिय-उवज्झाइयाए अपवत्तिणियाए होत्तए ।

कप्पइ से पुव्वं आयरियं उद्दिसावेत्ता तओ उवज्झायं तओ पच्छा पवत्तिणिं ।

प. से किमाहु भंते ?

उ. ति– संगहिया समणी निग्गंथी, तं जहा–

१. आयरिएणं, २. उवज्झाएणं,
३. पवत्तिणीए य ।

– वव. उ. ३, सु. १२

**गण पमुहाए कालगयाए समाणीए णिग्गंथीए किच्चाइं-**

२०४९. गामाणुगामं दूइज्जमाणी णिग्गंथी य जं पुरओ काउं विहरइ, सा य आहच्च वीसंभेज्जा अत्थि य इत्थ काइ अन्ना उवसंपज्जणारिहा सा उवसंपज्जियव्वा ।

नत्थि य इत्थ काइ अन्ना उवसंपज्जणारिहा तीसे य अप्पाणो कप्पाए असमत्ते एवं से कप्पइ एगराइयाए पडिमाए जण्णं जण्णं दिसं अन्नाओ साहम्मिणीओ विहरंति तण्णं तण्णं दिसं उवलित्तए ।

नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।
कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए ।
तंसि च णं कारणंसि निट्ठियंसि परो वएज्जा–
"वसाहि अज्जे ! एगरायं वा दुरायं वा" एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । नो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए । जा तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ सा सन्तरा छेए वा परिहारे वा ।

वासावासं पज्जोसविया निग्गंथी य जं पुरओ काउं विहरइ, सा आहच्च वीसंभेज्जा, अत्थि य इत्थ काइ अन्ना उपसंपज्जणारिहा सा उपसंपज्जियव्वा ।

नत्थि य इत्थ काइ अन्ना उवसंपज्जणारिहा तीसे य अप्पणो कप्पाए असमत्ते एवं से कप्पइ एगराइयाए

**આચાર્યાદિનાં નેતૃત્વ વગર નિર્ગ્રંથીને રહેવાનો નિષેધ :**

૨૦૪૮. નવદીક્ષિતા, બાલિકા કે તરુણી નિર્ગ્રંથીનાં આચાર્ય, ઉપાધ્યાય કે પ્રવર્તિનીનું કદાચ મૃત્યુ થઈ જાય તો તેને આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની વગર રહેવું કલ્પે નહીં.

તેણે પહેલાં આચાર્યની પછી ઉપાધ્યાયની અને પછી પ્રવર્તિનીની નિશ્રામાં અધીનતા સ્વીકાર કરીને જ રહેવું જોઈએ.

પ્ર. હે ભંતે ! આવું કહેવાનું શું કારણ છે ?

ઉ. શ્રમણી નિર્ગ્રંથી ત્રણનાં નેતૃત્વમાં જ રહે છે, જેમકે -

(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય,
(૩) પ્રવર્તિની.

**અગ્રણી સાધ્વીનાં કાળ પામવા પર સાધ્વીનું કર્તવ્ય :**

૨૦૪૯. ગ્રામાનુગ્રામ વિહાર કરતી સાધ્વીઓ જેને અગ્રણી માનીને વિહાર કરી રહી હોય તેના દેવલોક થવાથી શેષ સાધ્વીઓમાં જે સાધ્વી યોગ્ય હોય તેને અગ્રણી બનાવવી જોઈએ.

જો અન્ય કોઈ સાધ્વી અગ્રણી થવા યોગ્ય ન હોય અને પોતે પણ નિશીથ આદિનું અધ્યયન પૂર્ણ ન કર્યું હોય તો તેને માર્ગમાં એક રાત્રિ રહીને જે દિશામાં અન્ય સાધર્મિક સાધ્વીઓ વિચરતી હોય તે દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિચરણનાં લક્ષથી રહેવું કલ્પે નહીં.
જો કે રોગાદિનાં કારણથી રહેવું કલ્પે છે.
રોગાદિનાં સમાપ્ત થયા પછી જો કોઈ કહે કે -
"હે આર્યે ! એક કે બે રાત વધારે રહો" તો તેને એક કે બે રાત રહેવું કલ્પે છે. પરંતુ એક કે બે રાતથી વધારે રહેવું કલ્પતું નથી. જો સાધ્વી એક કે બે રાતથી વધારે રહે તો તે મર્યાદા ઉલ્લંઘનને કારણે દીક્ષા છેદ કે પરિહાર-પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

વર્ષાવાસમાં રહેલી સાધ્વીઓ જેને અગ્રણી માનીને રહેતી હોય તેના કાળધર્મ થવાથી શેષ સાધ્વીઓમાં જે સાધ્વી યોગ્ય હોય તેને અગ્રણી બનાવવી જોઈએ.

જો અન્ય કોઈ સાધ્વી અગ્રણી થવા યોગ્ય ન હોય અને પોતે પણ આચાર પ્રકલ્પનું અધ્યયન પૂર્ણ ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पडिमाए जण्णं जण्णं दिसं अन्नाओ साहम्मिणीओ विहरंति तण्णं तण्णं दिसं उवलित्तए ।

नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।

कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए।

तंसि च णं कारणंसि निट्ठियंसि परो वएज्जा– "वसाहि अज्जे ! एगरायं वा दुरायं वा", एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । नो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए। जा तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ सा संतरा छेए वा परिहारे वा ।

– *वव. उ. ५, सु. ११-१२*

કર્યું હોય તો તેણે માર્ગમાં એક રાત્રિ રહીને જે દિશામાં અન્ય સાધર્મિક સાધ્વીઓ વિચરતી હોય તે દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિચરણનાં લક્ષથી રહેવું કલ્પતું નથી.

જો કે રોગાદિનાં કારણે રહેવું કલ્પે છે.

રોગાદિનાં સમાપ્ત થઈ જવા પછી કોઈ કહે કે- "હે આર્યે ! એક કે બે રાત વધારે રહો" તો તેને એક કે બે રાત વધારે રહેવું કલ્પે છે. પરંતુ એક કે બે રાતથી વધારે રહેવું કલ્પે નહિ. જો સાધ્વી એક કે બે રાતથી વધારે રહે તો તે મર્યાદાનાં ઉલ્લંઘન ને કારણે દીક્ષા-છેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

## વિનય વ્યવહાર – ૫

**पव्वज्जा परियायाणुक्कमेण वंदणा विहाणो-**

२०५०. कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा– अहारायणियाए किइकम्मं करेत्तए । – *कप्प. उ. ३, सु. २०*

**પ્રવ્રજ્યા-પર્યાયના અનુક્રમથી વંદનાનું વિધાન :**

૨૦૫૦. નિર્ગ્રંથો અને નિર્ગ્રંથિઓએ ચારિત્ર-પર્યાયનાં ક્રમથી વંદન કરવાં કલ્પે છે.

**सेहस्स राइणियस्स य ववहारा-**

२०५१. दो साहम्मिया एगयओ विहरंति, तं जहा– सेहे य, राइणिए य ।

तत्थ सेहतराए पलिच्छन्ने, राइणिए अपलिच्छन्ने ।

सेहतराएणं राइणिए उवसंपज्जियव्वे, भिक्खोववायं च दलयइ कप्पागं ।

दो साहम्मिया एगयओ विहरंति, तं जहा– सेहे य, राइणिए य ।

तत्थ राइणिए पलिच्छन्ने, सेहतराए अपलिच्छन्ने ।

इच्छा राइणिए सेहतरागं उवसंपज्जेज्जा, इच्छा नो उवसंपज्जेज्जा, इच्छा भिक्खोववायं दलेज्जा कप्पागं, इच्छा नो दलेज्जा कप्पागं ।

– *वव. उ. ४, सु. २४-२५*

**શૈક્ષ અને રત્નાધિકનો વ્યવહાર :**

૨૦૫૧. બે સાધર્મિક ભિક્ષુ એક સાથ વિચરતા હોય, જેમકે અલ્પ દીક્ષા પર્યાયવાળા અને વધારે દીક્ષા પર્યાયવાળા.

તેમાં જો અલ્પ દીક્ષા પર્યાયવાળા શ્રુત સંપન્ન તથા શિષ્ય સંપન્ન હોય અને વધારે દીક્ષા પર્યાયવાળા શ્રુત સંપન્ન તથા શિષ્ય સંપન્ન ન હોય.

છતાં પણ અલ્પદીક્ષા પર્યાયવાળાએ વધારે દીક્ષા પર્યાયવાળાના વિનય- વૈયાવૃત્ય કરવા, આહાર લાવીને આપવો, સાથે રહેવું અને અલગ વિચરણ માટે શિષ્ય આપવો આદિ કર્તવ્યનું પાલન કરવું જોઈએ.

બે સાધર્મિક ભિક્ષુ એક સાથે વિચરતા હોય, જેમકે- અલ્પ દીક્ષા પર્યાયવાળા અને વધારે દીક્ષા પર્યાયવાળા.

તેમાં જો વધારે દીક્ષા પર્યાયવાળા શ્રુતસંપન્ન તથા શિષ્ય સંપન્ન હોય અને અલ્પદીક્ષા પર્યાયવાળા શ્રુત સંપન્ન તથા શિષ્ય સંપન્ન ન હોય.

તો વધારે દીક્ષા પર્યાયવાળાની ઈચ્છા હોય તો અલ્પદીક્ષા પર્યાયવાળાની વૈયાવૃત્ય કરે, ઈચ્છા ન હોય તો ન કરે, ઈચ્છા હોય તો આહાર લાવીને આપે, ઈચ્છા ન હોય તો ન આપે. ઈચ્છા હોય તો સાથે રાખે, ઈચ્છા ન હોય તો ન રાખે. ઈચ્છા હોય તે અલગ વિચરણ માટે શિષ્ય આપે, ઈચ્છા ન હોય તો ન આપે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**राइणियं उवसंपज्जित्ता विहार विहाणं-**

२०५२. दो भिक्खुणो एगयओ विहरंति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

दो गणावच्छेइया एगयओ विहरंति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए,

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए।

दो आयरिय-उवज्झाया एगयओ विहरंति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए।

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

बहवे भिक्खूणो एगयओ विहरंति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए।

बहवे गणावच्छेइया एगयओ विहरंति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

बहवे आयरिय-उवज्झाया एगयओ विहरंति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

बहवे भिक्खूणो, बहवे गणावच्छेइया, बहवे आयरिय-उवज्झाया एगयओ विहरन्ति, नो णं कप्पइ अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए ।

कप्पइ णं अहाराइणियाए अन्नमन्नं उवसंपज्जित्ताणं विहरित्तए । *–वव. उ. ४, सु. २६-३२*

**રત્નાધિકને અગ્રણી માનીને વિચરણનું વિધાન :**

૨૦૫૨. બે ભિક્ષુ એક સાથે વિચરતા હોય તો તેમણે પરસ્પર એકબીજાને સમાન માનીને સાથે વિચરવું કલ્પે નહીં,

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને સાથે વિચરણ કરવું કલ્પે છે.

બે ગણાવચ્છેદક એક સાથે વિચરતા હોય તો તેમણે પરસ્પર એકબીજાને સમાન માનીને સાથે વિચરવું કલ્પે નહીં,

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને સાથે વિચરવું કલ્પે છે.

બે આચાર્ય કે બે ઉપાધ્યાય એક સાથે વિચરતા હોય તો તેમણે પરસ્પર એકબીજાને સરખા માનીને સાથે વિચરવું કલ્પે નહીં,

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને સાથે વિચરવું કલ્પે છે.

ઘણા બધા ભિક્ષુ એક સાથે વિચરતા હોય તો તેમણે પરસ્પર એકબીજાને સરખા માનીને સાથે વિચરવું કલ્પે નહીં,

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને સાથે વિચરવું કલ્પે છે.

ઘણા બધા ગણાવચ્છેદકો એક સાથ વિચરતા હોય તો તેમણે પરસ્પર એકબીજાને સરખા માનીને સાથે વિચરવું કલ્પે નહીં,

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને સાથે વિચરવું કલ્પે છે.

ઘણા બધા આચાર્ય કે ઉપાધ્યાય એકસાથે વિચરતા હોય તો તેમણે પરસ્પર એક બીજાને સરખા માનીને વિચરણ કરવું કલ્પે નહીં.

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને વિચરણ કરવું કલ્પે છે.

ઘણા બધા ભિક્ષુ, ઘણા બધા ગણાવચ્છેદક અને ઘણા બધા આચાર્ય કે ઉપાધ્યાય એક સાથે વિચરતા હોય તો તેમણે પરસ્પર એક બીજાને સરખા માનીને સાથે વિચરણ કરવું કલ્પે નહીં,

પરંતુ રત્નાધિકને અગ્રણી માનીને વિચરવું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાપન વ્યવસ્થા – ૬

**समणस्स अज्झयणकमो-**

२०५३. तिवास-परियायस्स[1] समणस्स निग्गंथस्स कप्पइ आयारपकप्पे नामं अज्झयणे उद्दिसित्तए ।

चउवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ सूयगडे नामं अंगे उद्दिसित्तए ।

पंचवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ-दसाकप्प-ववहारे उद्दिसित्तए।

अट्ठवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ ठाणसमवाए उद्दिसित्तए।

दसवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ वियाहे नामं अंगे उद्दिसित्तए ।

एक्कारसवास परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ खुड्डिया विमाण-पविभत्ती, महल्लिया-विमाण-पविभत्ती, अंगचूलिया, वग्गचूलिया, वियाहचूलिया नामं अज्झयणे उद्दिसित्तए ।

बारसवास परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ अरुणोववाए, गरुलोववाए, धरणोववाए, वरुणोववाए, वेसमणोववाए, वेलंधरोववाए नामं अज्झयणे उद्दिसित्तए ।

तेरसवास- परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ उट्ठाणसुए, समुट्ठाणसुए, देविंदपरियावणिए, नागपरियावणिए नामं अज्झयणे उद्दिसित्तए ।

चोद्दसवास- परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ सुमिणभावणा नामं अज्झयणे उद्दिसित्तए।

पन्नरसवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ चारणभावणा नामं अज्झयणे उद्दिसित्तए।

सोलसवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ तेयणिसग्गे नामं अज्झयणे उद्दिसित्तए।

**શ્રમણ માટે અધ્યયન ક્રમ :**

૨૦૫૩. ત્રણ વર્ષના દીક્ષા પર્યાયવાળા (યોગ્ય) શ્રમણ નિર્ગ્રન્થને આચાર-પ્રકલ્પ નામનું અધ્યયન ભણાવવું કલ્પે છે.

ચાર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થને સૂત્રકૃતાંગ નામનું બીજું અંગ ભણાવવું કલ્પે છે.

પાંચ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થને (૧) દશા, (૨) કલ્પ, (૩) વ્યવહાર સૂત્ર ભણાવવા કલ્પે છે.

આઠ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્ર ભણાવવા કલ્પે છે.

દસ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) નામનું અંગ ભણાવવું કલ્પે છે.

અગિયાર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ, મહલ્લિકા વિમાન પ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગ ચૂલિકા અને વ્યાખ્યા ચૂલિકા નામનાં અધ્યયનો ભણાવવાં કલ્પે છે.

બાર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને અરૂણોપપાત, ગરુડોપપાત, ધરણોપપાત, વરુણોપપાત, વૈશ્રમણોપપાત, વેલંધરોપપાત નામના અધ્યયનો ભણાવવાં કલ્પે છે.

તેર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ- નિર્ગ્રન્થને ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, દેવેન્દ્રપરિયાપનિકા અને નાગપરિયાપનિકા નામનાં અધ્યયનો ભણાવવાં કલ્પે છે.

ચૌદ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ- નિર્ગ્રન્થને સ્વપ્નભાવના નામનું અધ્યયન ભણાવવું કલ્પે છે.

પંદર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ- નિર્ગ્રન્થને ચારણભાવના નામનું અધ્યયન ભણાવવું કલ્પે છે.

સોળ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને તેજોનિસર્ગ નામનું અધ્યયન ભણાવવું કલ્પે છે.

---

૧. વ્યવ. ઉ. ૩,માં ત્રણ વર્ષની સંયમ પર્યાયવાળા ઉપાધ્યાય યોગ્ય સાધુને બહુશ્રુત બહુઆગમજ્ઞ કહ્યા છે તથા ઓછામાં ઓછા આચાર પ્રકલ્પ ધારણ કરનાર રહ્યા છે. માટે આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો યોગ્ય છે કે-ત્રણ વર્ષની દીક્ષા પર્યાયવાળા યોગ્ય શિષ્યને ઓછામાં ઓછું તેનું વાંચન કરાવી દેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सत्तरसवास-परियायस्स समणस्स णिग्गंथस्स कप्पइ आसीविसभावणा णामं अज्झयणे उद्दिसित्तए ।

સત્તર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ- નિર્ગ્રન્થને આશીવિષ ભાવના નામનું અધ્યયન ભણાવવું કલ્પે છે.

अट्ठारसवास-परियायस्स समणस्स निग्गंथस्स कप्पइ दिट्ठिविसभावणा णामं अज्झयणे उद्दिसित्तए ।

અઢાર વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને દષ્ટિવિષ ભાવના નામનું અધ્યયન ભણાવવું કલ્પે છે.

एगूणवीसवास-परियायस्स समणस्स निग्गंथस्स कप्पइ दिट्ठिवाए नामं अंगे उद्दिसित्तए ।

ઓગણીસ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થને દષ્ટિવાદ નામનું બારમું અંગ ભણાવવું કલ્પે છે.

वीसवास परियाए समणे णिग्गंथे सव्वसुयाणुवाई भवइ । – वव. उ. १०, सु. २४-३८

વીસ વર્ષના દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રન્થ સર્વશ્રુતાનુવાદી થઈ જાય છે- અર્થાત્ સઘળાં શ્રુતશાસ્ત્રો તેને ભણાવવાં કલ્પે છે.

**आयारपकप्पस्स अज्झयण जोग्गो वओ विहि-णिसेहो**

**આચાર પ્રકલ્પના અધ્યયન-યોગ્ય વયનો વિધિ નિષેધ :**

२०५४. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा खुड्डगस्स वा खुड्डियाए वा अव्वंजणजायस्स आयारपकप्पे णामं अज्झयणे उद्दिसित्तए।

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा खुड्डगस्स वा खुड्डियाए वा वंजणजायस्स आयारपकप्पे णामं अज्झयणे उद्दिसित्तए ।

– वव. उ. १०, सु. २२-२३

૨૦૫૪. અવ્યંજનજાત (અપ્રાપ્ત યૌવન) બાળ ભિક્ષુ કે ભિક્ષુણીને આચાર પ્રકલ્પ નામનું અધ્યયન ભણાવવું નિર્ગ્રન્થ અને નિર્ગ્રંથિઓને કલ્પે નહિ.

પરંતુ યૌવન-પ્રાપ્ત ભિક્ષુ-ભિક્ષુણીને આચાર-પ્રકલ્પ નામનું અધ્યયન ભણાવવું નિર્ગ્રન્થ અને નિર્ગ્રંથિઓને કલ્પે છે.

## વિચરણ–વ્યવસ્થા – ૭

**आयरियाइ सह णिग्गंथाणं संखा-**

**આચાર્યાદિની સાથે રહેનાર નિર્ગ્રન્થોની સંખ્યા :**

२०५५. नो कप्पइ आयरिय-उवज्झायस्स एगाणियस्स हेमन्त-गिम्हासु चारए ।

कप्पइ आयरिय-उवज्झायस्स अप्पबिइयस्स हेमन्त-गिम्हासु चारए ।

नो कप्पइ गणावच्छेइयस्स अप्पबिइयस्स हेमन्त-गिम्हासु चारए ।

कप्पइ गणावच्छेइयस्स अप्पतइयस्स हेमन्त-गिम्हासु चारए ।

नो कप्पइ आयरिय–उवज्झायस्स अप्पबिइयस्स वासावासं वत्थए ।

कप्पइ आयरिय-उवज्झायस्स अप्पतइयस्स वासावासं वत्थए ।

नो कप्पइ गणावच्छेइयस्स अप्पतइयस्स वासावासं वत्थए ।

૨૦૫૫. હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં આચાર્ય અને ઉપાધ્યાયને એકલા વિહાર કરવો કલ્પતો નથી.

પરંતુ હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં આચાર્ય અને ઉપાધ્યાયને એક સાધુને સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં ગણાવચ્છેદકને એક સાધુની સાથે વિહાર કરવો કલ્પતો નથી.

પરંતુ હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં ગણાવચ્છેદકને બે અન્ય સાધુની સાથે વિહાર કરવો કલ્પે છે.

વર્ષાકાળમાં આચાર્ય અને ઉપાધ્યાયને એક સાધુની સાથે રહેવું કલ્પતું નથી.

પરંતુ વર્ષાકાળમાં આચાર્ય અને ઉપાધ્યાયને અન્ય બે સાધુઓની સાથે રહેવું કલ્પે છે.

વર્ષાકાળમાં ગણાવચ્છેદકને બે સાધુઓની સાથે રહેવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ गणावच्छेइयस्स अप्पचउत्थस्स वासावासं वत्थए ।

से गामंसि वा-जाव-रायहाणिंसि वा-बहूणं आयरिय-उवज्झायाणं अप्पबिइयाणं, बहूणं गणावच्छेइयाणं अप्पतइयाणं कप्पइ हेमंत-गिम्हासु चारए अन्नमन्नं निस्साए ।

से गामंसि वा-जाव-रायहाणिंसि वा, बहूणं आयरिय-उवज्झायाणं अप्पतइयाणं बहूणं गणावच्छेइयाणं अप्पचउत्थाणं कप्पइ वासावासं वत्थए अन्नमन्नं निस्साए ।

– *वव. उ. ४, सु. १-१०*

પરંતુ વર્ષાકાળમાં ગણાવચ્છેદકને અન્ય ત્રણ સાધુઓની સાથે રહેવું કલ્પે છે.

હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં અનેક આચાર્ય અને ઉપાધ્યાયોને ગ્રામ **યાવત્** રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં એક - એક સાધુની સાથે અને અનેક ગણાવચ્છેદકોને બે-બે સાધુઓની સાથે રહેવું કલ્પે છે.

વર્ષાઋતુમાં અનેક આચાર્ય અને ઉપાધ્યાયોને ગ્રામ **યાવત્** રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં ત્રણ-ત્રણ સાધુની સાથે અને અનેક ગણાવચ્છેદકોને ચાર- ચાર સાધુઓની સાથે રહેવું કલ્પે છે.

**पवत्तिणि आईणं सह विहरमाणी णिग्गंथी संखा-**

२०५६. नो कप्पइ पवत्तिणीए अप्प-बिइयाए हेमंत-गिम्हासु चारए ।

कप्पइ पवत्तिणीए अप्प-तइयाए हेमंत-गिम्हासु चारए ।

नो कप्पइ गणावच्छेइणीए अप्प-तइयाए हेमंत-गिम्हासु चारए ।

कप्पइ गणावच्छेइणीए अप्प-चउत्थाए हेमंत-गिम्हासु चारए ।

नो कप्पइ पवत्तिणीए अप्प-तइयाए वासावासं वत्थए ।

कप्पइ पवत्तिणीए अप्प-चउत्थाए वासावासं वत्थए ।

नो कप्पइ गणावच्छेइणीए अप्प-चउत्थाए वासावासं वत्थए ।

कप्पइ गणावच्छेइणीए अप्प-पंचमाए वासावासं वत्थए ।

से गामंसि वा-जाव-रायहाणिंसि वा, बहूणं पवत्तिणीणं अप्प–तइयाणं, बहूणं गणावच्छेइणीणं अप्प–चउत्थाणं कप्पइ हेमंत-गिम्हासु चारए अन्नमन्नं नीसाए ।

से गामंसि वा-जाव-रायहाणिंसि वा, बहूणं पवत्तिणीणं अप्प–चउत्थाणं, बहूणं गणावच्छेइणीणं

**પ્રવર્તિની આદિની સાથે વિચરણ કરનારી સાધ્વીઓની સંખ્યા :**

२०५६. હેમન્ત અને ગ્રીષ્મ ઋતુઓમાં પ્રવર્તિની સાધ્વીને એક અન્ય સાધ્વીને સાથે લઈ વિહાર કરવો કલ્પતો નથી.

પરંતુ હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં પ્રવર્તિનીને અન્ય બે સાધ્વીને સાથે લઈ વિહાર કરવો કલ્પે છે.

હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં ગણાવચ્છેદિનીને અન્ય બે સાધ્વીને સાથે લઈને વિહાર કરવો કલ્પતો નથી.

પરંતુ હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં ગણાવચ્છેદિનીને અન્ય ત્રણ સાધ્વી સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

વર્ષાવાસમાં પ્રવર્તિનીને અન્ય બે સાધ્વીઓની સાથે રહેવું કલ્પતું નથી.

પરંતુ વર્ષાવાસમાં પ્રવર્તિનીને અન્ય ત્રણ સાધ્વીઓની સાથે રહેવું કલ્પે છે.

વર્ષાવાસમાં ગણાવચ્છેદિનીને અન્ય ત્રણ સાધ્વીઓની સાથે રહેવું કલ્પતું નથી.

પરંતુ વર્ષાવાસમાં ગણાવચ્છેદિનીને અન્ય ચાર સાધ્વીઓની સાથે રહેવું કલ્પે છે.

હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં અનેક પ્રવર્તિનીને ગ્રામ **યાવત્** રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં બે- બે અન્ય સાધ્વીઓની સાથે અને અનેક ગણાવચ્છેદિનીને ત્રણ-ત્રણ અન્ય સાધ્વીઓની સાથે રહીને વિહાર કરવો કલ્પે છે.

વર્ષાવાસમાં અનેક પ્રવર્તિની સાધ્વીઓને ગ્રામ **યાવત્** રાજધાનીમાં પોત-પોતાની નિશ્રામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्प-पंचमाणं कप्पइ वासावासं वत्थए अन्नमन्नं नीसाए ।

— वव. उ. ५, सु. १-१०

त्रण-त्रण अन्य साध्वीओनी साथे अने अनेक गणावच्छेदिनी साध्वीओने चार-चार अन्य साध्वीओनी साथे रहेवुं कल्पे छे.

**एगाणियाए णिग्गंथीए गमण णिसेहो-**

२०५७. नो कप्पइ निग्गंथीए एगाणियाए गाहावइकुलं पिण्डवाय पडियाए निक्खमित्तए वा पविसित्तए वा ।

नो कप्पइ निग्गंथीए एगाणियाए बहिया वियारभूमिं वा, विहारभूमिं वा, निक्खमित्तए वा पविसित्तए वा ।

नो कप्पइ निग्गंथीए एगाणियाए-गामाणुगामं दूइज्जित्तए वा, वासावासं वा वत्थए!

— कप्प. उ. ५, सु. १६-१८

**એકલી નિર્ગ્રન્થીને જવાનો નિષેધ :**

૨૦૫૭. એકલી સાધ્વીને આહાર માટે ગૃહસ્થના ઘરમાં આવવું-જવું કલ્પતું નથી.

એકલી સાધ્વીને સ્થંડિલ ભૂમિ માટે તથા સ્વાધ્યાય માટે ઉપાશ્રયની બહાર જવું-આવવું કલ્પતું નથી.

એકલી સાધ્વીને એક ગામથી બીજે ગામ જવું તથા વર્ષાવાસ કરવો કલ્પતો નથી.

**णिग्गंथ णिग्गंथीण विहार खेत्त मेरा-**

२०५८. कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा-

पुरत्थिमेणं-जाव-अंगमगहाओ एत्तए,

दक्खिणेणं-जाव-कोसम्बीओ एत्तए,

पच्चत्थिमेणं-जाव-थूणाविसयाओ एत्तए,

उत्तरेणं-जाव-कुणालाविसयाओ एत्तए,

एतावताव कप्पइ,

एतावताव आरिए खेत्ते,

नो से कप्पइ एत्तो बाहिं,

तेणं परं जत्थ नाण- दंसण- चरित्ताइं उस्सप्पन्ति ।

— कप्प. उ. १, सु. ३१

**નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિઓના વિચરણ ક્ષેત્રની મર્યાદા :**

૨૦૫૮. નિર્ગ્રન્થોને અને નિર્ગ્રન્થિઓને,

પૂર્વ દિશામાં અંગ-મગધ સુધી.

દક્ષિણ દિશામાં કોશામ્બી સુધી

પશ્ચિમ દિશામાં સ્થૂણ દેશ સુધી

ઉત્તર દિશામાં કુણાલ દેશ સુધી વિચરણ કરવું કલ્પે છે.

એટલું જ વિચરવું કલ્પે છે.

આટલું જ આર્યક્ષેત્ર છે,

આનાથી બહાર વિચરવું કલ્પતું નથી.

આ ઉપરાંત પણ જ્યાં જ્ઞાન, દર્શન તેમજ ચારિત્ર અર્થાત્ સંયમની ઉન્નતિ થાય ત્યાં વિચરવું કલ્પે છે.

**णिग्गंथ-णिग्गंथीणं विहार करण विहि-णिसेहो-**

२०५९. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, वासावासासु चारए ।

कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा हेमन्त-गिम्हासु चारए ।

— कप्प. उ. १, सु. ३७-३८

**સાધુ-સાધ્વીઓને વિહાર કરવાનો વિધિ-નિષેધ :**

૨૦૫૯. સાધુ અને સાધ્વીઓને વર્ષાવાસમાં વિહાર કરવો કલ્પતો નથી.

સાધુ અને સાધ્વીઓને હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં વિહાર કરવો કલ્પે છે.

**विइकिट्ठिय खेत्ते गमण विहि-णिसेहो-**

२०६०. नो कप्पइ निग्गंथीणं विइकिट्ठियं दिसं वा अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

कप्पइ निग्गंथाणं विइकिट्ठियं दिसं वा अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

— वव. उ. ७, सु. १०-११

**વિકટ ક્ષેત્રમાં જવાનો વિધિ-નિષેધ :**

૨૦૬૦. સાધ્વીઓને લાંબા કે અતિ લાંબા વિકટ ક્ષેત્રની તરફ પોતે જવું કે અન્યને જવા માટે અનુજ્ઞા આપવી કલ્પતી નથી.

પરંતુ સાધુને લાંબા અથવા અતિ લાંબા વિકટ ક્ષેત્રની તરફ પોતે જવું કે અન્યને જવા માટે અનુજ્ઞા આપવી કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**राइए बाहिं गमणस्स विहि-णिसेहो-**

२०६१. नो कप्पइ निग्गंथस्स एगाणियस्स राओ वा वियाले वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमित्तए वा पविसित्तए वा ।

कप्पइ से अप्पबिइयस्स वा, अप्पतइयस्स वा, राओ वा वियाले वा, बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमित्तए वा पविसित्तए वा ।

नो कप्पइ निग्गंथीए एगाणियाए राओ वा वियाले वा, बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमित्तए वा पविसित्तए वा ।

कप्पइ से अप्पबिइयाए वा, अप्पतइयाए वा, अप्पचउत्थीए वा राओ वा वियाले वा, बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमित्तए वा पविसित्तए वा ।

*– कप्प. उ. १, सु. ४८-५१*

**रात्रे ઉપાશ્રયની બહાર જવાનો વિધિ-નિષેધ :**

૨૦૬૧. એકલા સાધુએ રાત્રે કે વિકાળમાં સ્થંડિલ ભૂમિ માટે અથવા સ્વાધ્યાય માટે ઉપાશ્રયની બહાર જવું આવવું કલ્પતું નથી.

પરંતુ એક અથવા બે સાધુઓની સાથે રાત્રે કે વિકાળમાં સ્થંડિલ ભૂમિ માટે કે સ્વાધ્યાય માટે ઉપાશ્રયની બહાર જવું આવવું કલ્પે છે.

એકલી સાધ્વીએ રાત્રે કે વિકાળમાં સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય માટે ઉપાશ્રયની બહાર જવું આવવું કલ્પતું નથી.

એક, બે કે ત્રણ સાધ્વીઓને સાથે લઈ રાત્રે કે વિકાળમાં સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય માટે ઉપાશ્રયની બહાર જવું આવવું કલ્પે છે.

**णिग्गंथ-णिग्गंथीणं सहविहार पायच्छित्त सुत्तं-**

२०६२. जे भिक्खू सगणिच्चियाए वा, परगणिच्चियाए वा, णिग्गंथीए सद्धिं गामाणुगामं दूइज्जमाणे पुरओ गच्छमाणे, पिट्ठओरीयमाणे, ओहयमणसंकप्पे चिंता-सोयसागरसंपविट्ठे, करयलपल्हत्थमुहे, अट्टज्झाणोवगए, विहारं वा करेइ-जाव-असमणपाउग्गं कहं कहेइ, कहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

*– नि. उ. ८, सु. ११*

**સાધુ-સાધ્વીઓએ સાથે વિહાર કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૦૬૨. જે સાધુ પોતાના ગણની કે બીજાનાં ગણની સાધ્વી સાથે આગળ અથવા પાછળ એક ગામથી બીજે ગામ વિહાર કરતાં સંકલ્પ-વિકલ્પ કરે છે, ચિંતાતુર રહે છે, શોકાકુલ બને છે, હથેળીમાં મોઢું રાખી આર્તધ્યાન કરે છે **યાવત્** સાધુને ન કહેવા યોગ્ય કામકથા કહે છે, અથવા કહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**अंतेउर पवेसे कारणाइं-**

२०६३. पंचहिं ठाणेहिं समणे णिग्गंथे रायंतेउरमणुपविसमाणे णाइक्कमति, तं जहा–

१. णगरे सिया सव्वतो समता गुत्ते, गुत्तदुवारे, बहवे समण माहणा णो संचाएंति भत्ताए वा पाणाए वा णिक्खमित्तए वा पविसित्तए वा तेसिं विण्णवणट्ठयाए रायंतेउरमणुपविसेज्जा ।

२. पाडिहारियं वा पीढ-फलग-सेज्जा-संथारग पच्चप्पिणमाण रायंतेउरमणुपविसेज्जा ।

**અંતઃપુરમાં પ્રવેશનાં કારણો :**

૨૦૬૩. પાંચ કારણોથી શ્રમણ નિર્ગ્રન્થ રાજાનાં અંતઃપુરમાં પ્રવેશ કરવા છતાં જિનઆજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, જેમ કે -

(૧) જો નગર ચારે તરફથી ઘેરાયેલું હોય, તેના દરવાજા બંધ હોય, ઘણા શ્રમણ-માહણ આહાર પાણી માટે નગરની બહાર નીકળી શકતા ન હોય કે પ્રવેશી શકતા ન હોય ત્યારે તેમના પ્રયોજન માટે રાજાનાં અંતઃપુરમાં પ્રવેશ કરી શકાય છે.

(૨) પ્રાતિહારિક, પીઠ, બાજોઠ, શય્યા, સંસ્તારક પાછાં દેવા માટે રાજાનાં અંતઃપુરમાં પ્રવેશી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. हयस्स वा गयस्स वा दुट्ठस्स आगच्छमाणस्स भीते रायंतेउरमणुपविसेज्जा ।

४. परो वा णं सहसा वा, बलसा वा, बाहाए गहाय-रायंतेउरमणुपविसेज्जा ।

५. बहिया वा णं आरामगयं वा, उज्जाणगयं वा रायंतेउरजणो सव्वतो समंता संपरिक्खित्ता णं संणिवेसिज्जा ।

इच्चेतेहिं पंचहिं ठाणेहिं समणे णिग्गंथे रायंतेउरमणुपविसेमाणे नाइक्कमति ।

— *ठाणं. अ. ५, उ. २, सु. ४१५*

(૩) દુષ્ટ ઘોડા કે હાથી સામે આવવાથી ભયભીત બનેલો સાધુ રક્ષા માટે રાજાનાં અંતઃપુરમાં પ્રવેશી શકે છે.

(૪) કોઈ બીજી વ્યક્તિ એકાએક અથવા બળજબરીથી પકડીને લઈ જાય તો રાજાનાં અંતઃપુરમાં પ્રવેશી શકાય છે.

(૫) કોઈ સાધુ બહાર બગીચામાં કે ઉદ્યાનમાં રહેલ હોય અને ત્યાં રાજાનું અંતઃપુર (રાજાની રાણીઓ) આવી જાય તથા સર્વ તરફથી ઘેરીને બેસી જાય તો ત્યાં બેસી શકાય છે.

આ પાંચ કારણોથી શ્રમણ-નિર્ગ્રન્થ રાજાનાં અંતઃપુરમાં પ્રવેશ કરવા છતાં જિન આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

# નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓનાં સામૂહિક વ્યવહાર - ૮

**णिग्गंथ-णिग्गंथीणं आलाव-संलाव कारणाइं-**

२०६४. चउहिं ठाणेहिं णिग्गंथे णिग्गंथिं आलवमाणे वा संलवमाणे वा णाइक्कमइ, तं जहा—

१. पंथं पुच्छमाणे वा, २. पंथं देसमाणे वा,

३. असणं वा-जाव-साइमं वा दलयमाणे वा,

४. असणं वा-जाव-साइमं वा दलावेमाणे वा ।

— *ठाणं. अ. ४, उ. २, सु. २९०*

**સાધુ-સાધ્વીના વાર્તાલાપનાં કારણો :**

૨૦૬૪. સાધુ ચાર કારણોથી સાધ્વી સાથે વાર્તાલાપ કરવા છતાં જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, જેમ કે —

૧. માર્ગ પૂછતાં, ૨. માર્ગ બતાવતાં,

૩. અશન **યાવત્** સ્વાદ્ય આપતાં,

૪. ગૃહસ્થોનાં ઘરથી અશન **યાવત્** સ્વાદ્ય અપાવતાં.

**णिग्गंथ-णिग्गंथीणं एगत्थ आवास कारणाइं-**

२०६५. पंचहिं ठाणेहिं णिग्गंथा णिग्गंथीओ य एगयओ ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेमाणा णातिक्कमंति, तं जहा—

१. अत्थेगइया णिग्गंथा य णिग्गंथीओ य एगं महं अगामियं छिण्णावायं दीहमद्धमडविमणुपविट्ठा तत्थ एगयओ ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेमाणा णातिक्कमंति ।

२. अत्थेगइया णिग्गंथा य णिग्गंथीओ य गामंसि वा-जाव-रायहाणिंसि वा वासं उवागता एगइया तत्थ उवस्सयं लभंति, एगइया णो लभंति, तत्थ एगयओ ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेमाणा णातिक्कमंति ।

३. अत्थेगइया णिग्गंथा य णिग्गंथीओ य णागकुमारावासंसि वा, सुवण्णकुमारावासंसि वा वासं

**સાધુ-સાધ્વીએ એક સ્થાન પર સાથે રહેવાનાં કારણો :**

૨૦૬૫. પાંચ કારણોથી સાધુઓ અને સાધ્વીઓ એક સ્થાન પર અવસ્થાન કરતાં (રહેતાં), શયન અને સ્વાધ્યાય કરતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી, જેમ કે -

૧. જો કોઈ સાધુઓ અને સાધ્વીઓ કોઈ મોટી, ગ્રામશૂન્ય, આવાગમન-રહિત લાંબા માર્ગવાળી અટવીમાં દાખલ થઈ જાય તો ત્યાં એક સ્થાન પર નિવાસ, શયન અને સ્વાધ્યાય કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

૨. જો કોઈ સાધુઓ કે સાધ્વીઓ કોઈ ગ્રામ **યાવત્** રાજધાનીમાં પહોંચે ત્યાં બંનેમાંથી કોઈ એક વર્ગને ઉપાશ્રય મળે અને બીજાને ન મળે તો ત્યાં તે એક જ સ્થાન પર નિવાસ, શયન અને સ્વાધ્યાય કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

૩. જો કોઈ સાધુ-સાધ્વીઓ નાગકુમાર કે સુવર્ણકુમાર ઈત્યાદિના દેવાલયમાં નિવાસ માટે એકી સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवागता तत्थ एगयओ ठाणं वा सेज्जं वा, णिसीहियं वा, चेतेमाणा णातिक्कमंति ।

૫હોંચે તો ત્યાં એક સ્થાન ૫ર નિવાસ, શયન અને સ્વાધ્યાય કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

४. आमोसगा दीसंति, ते इच्छंति णिग्गंथीओ चीवरपडियाए पडिगाहित्तए तत्थ एगयओ ठाणं वा सेज्जं वा, णिसीहियं वा चेतेमाणा णातिक्कमंति ।

૪. જ્યાં ચોરોનો ઉપદ્રવ દેખાતો હોય અને તેઓ સાધ્વીઓના વસ્ત્રો ચોરવાની ઈચ્છા કરતા હોય તો ત્યાં સાધુ-સાધ્વીઓ એક સ્થાન ૫ર નિવાસ, શય્યા અને સ્વાધ્યાય કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

५. जुवाणा दीसंति, ते इच्छंति णिग्गंथीओ मेहुणपडियाए पडिगाहित्तए, तत्थ एगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेतेमाणा णातिक्कमंति।

૫. જ્યાં ગુંડા યુવકો હોવાની જાણ થાય અને તેઓ સાધ્વીઓ સાથે બળાત્કારની ઈચ્છાથી તેઓને ૫કડવા ઈચ્છતા હોય તો ત્યાં સાધુ-સાધ્વીઓને એક સ્થાન ૫ર નિવાસ, શય્યા અને સ્વાધ્યાય કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ થતું નથી.

इच्चेतेहिं पंचहिं ठाणेहिं णिग्गंथा णिग्गंथीओ य एगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेतेमाणा णातिक्कमंति ।

આ પાંચ કારણોથી સાધુ-સાધ્વીઓ એક સ્થાન ૫ર નિવાસ, શયન અને સ્વાધ્યાય કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

*– ठाणं. अ. ५, उ. २, सु. ४१७*

**सचेलिया सह अचेलस्स संवसणं कारणाइं-**

२०६६. पंचहिं ठाणेहिं समणे-णिग्गंथे अचेलए, सचेलियाहिं निग्गंथीहिं सद्धिं संवसमाणे णातिक्कमति, तं जहा–

१. खित्तचित्ते समणे-णिग्गंथे णिग्गंथेहिं अविज्जमाणेहिं "अचेलए सचेलियाहिं" णिग्गंथीहिं सद्धिं संवसमाणे णातिक्कमति ।

२. दित्तचित्ते समणे-णिग्गंथे णिग्गंथेहिं अविज्जमाणेहिं "अचेलए सचेलियाहिं" णिग्गंथीहिं सद्धिं संवसमाणे णातिक्कमति ।

३. जक्खाइट्ठे समणे-णिग्गंथे, णिग्गंथेहिं अविज्जमाणे "अचेलए सचेलियाहिं" णिग्गंथीहिं सद्धिं संवसमाणे णातिक्कमति ।

४. उम्मायपत्ते समणे-णिग्गंथे, णिग्गंथेहिं अविज्जमाणेहिं "अचेलए सचेलियाहिं" णिग्गंथीहिं सद्धिं संवसमाणे णातिक्कमति ।

५. णिग्गंथीपव्वाइए समणे, णिग्गंथेहिं अविज्जमाणेहिं "अचेलए सचेलियाहिं" णिग्गंथीहिं सद्धिं संवसमाणे णातिक्कमति ।

*– ठाणं. अ. ५, उ. २, सु. ४१७*

**અચેલકને સચેલિકા સાથે રહેવાનાં કારણો :**

૨૦૬૬. પાંચ કારણોથી વસ્ત્રરહિત શ્રમણ - નિર્ગ્રન્થ સચેલક નિર્ગ્રન્થીઓની સાથે રહેવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી, જેમ કે -

૧. શોક આદિથી વિક્ષિપ્ત અચેલક શ્રમણ-નિર્ગ્રન્થ બીજા નિર્ગ્રન્થોનાં અભાવમાં સચેલક સાધ્વીઓની સાથે રહેવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૨. હર્ષાતિરેકથી ઉન્મત્ત ચિત્તવાળો અચેલક શ્રમણ - નિર્ગ્રન્થ બીજા નિર્ગ્રન્થોનાં અભાવમાં સચેલક સાધ્વીઓની સાથે રહેવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૩. યક્ષાવિષ્ટ કોઈ અચેલક શ્રમણ - નિર્ગ્રન્થ બીજા નિર્ગ્રન્થોનાં અભાવમાં સચેલક સાધ્વીઓની સાથે રહેવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૪. વાયુના પ્રકોપાદિથી ઉન્માદને પ્રાપ્ત કોઈ અચેલક શ્રમણ-નિર્ગ્રન્થ બીજા નિર્ગ્રંથોનાં અભાવમાં સચેલક સાધ્વીઓની સાથે રહેવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૫. નિર્ગ્રન્થી દ્વારા દીક્ષિત (પુત્ર આદિ) અચેલક શ્રમણ બીજા નિર્ગ્રન્થોનાં અભાવમાં સચેલક સાધ્વીઓની સાથે રહેવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णिग्गंथिं अवलंबणे कारणा-**

२०६७. पंचहिं ठाणेहिं समणे-णिग्गंथे णिग्गंथिं गिग्हमाणे वा अवलंबमाणे वा णातिक्कमति, तं जहा–

१. णिग्गंथिं च णं अण्णयरे पसुजातिए वा, पक्खिजातिए वा, ओहावेज्जा, तत्थ णिग्गंथे णिग्गंथिं गिण्हमाणे वा अवलंबमाणे वा णातिक्कमति ।

२. णिग्गंथे णिग्गंथिं दुग्गंसि वा, विसमंसि वा, पक्खलमाणिं वा, पवडमाणिं वा, गिण्हमाणे वा, अवलंबमाणे वा णातिक्कमति ।

३. णिग्गंथे णिग्गंथिं सेयंसि वा, पणगंसि वा, पंकंसि वा, उदगंसि वा, उक्कसमाणिं वा, उबुज्झमाणिं वा, गिण्हमाणे वा, अवलंबमाणे वा णातिक्कमति ।

४. णिग्गंथे णिग्गंथिं णावं आरुहमाणिं वा, ओरोहमाणिं वा गिण्हमाणे वा अवलंबमाणे वा णातिक्कमति।

५. खित्तचित्तं, दित्तचित्तं, जक्खाइट्ठं, उम्मायत्तं, उवसग्गपत्तं, साहिगरणं, सपायच्छित्तं, भत्तपाणपडियाइक्खियं, अट्ठजायं वा णिग्गंथिं णिग्गंथे गेण्हमाणे वा अवलंबमाणे वा णातिक्कमति ।[1]

*– ठा. अ. ५, उ. २, सु. ४३७*

**સાધ્વીને આલંબન આપવાનું કારણ :**

૨૦૬૭. સાધ્વીને પાંચ કારણોથી શ્રમણ - નિર્ગ્રન્થ આલંબન આપે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. જેમ કે -

૧. કોઈ પશુ કે પક્ષી સાધ્વી પર આક્રમણ કરે તો તે વેળા નિર્ગ્રંથ તેને બચાવવામાં અથવા સહારો દેવામાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૨. દુર્ગમ કે વિષમ માર્ગમાં લપસતી કે પડી જતી સાધ્વીને પકડવા કે આલંબન આપવામાં નિર્ગ્રન્થ જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૩. કાદવ, કીચડ કે કાંસમાં ફંસાયેલ કે પાણીમાં પડતી કે ડૂબતી સાધ્વીને પકડવા કે આલંબન દેવામાં નિર્ગ્રન્થ જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૪. હોડી પર ચઢતી કે હોડીથી ઉતરતી સાધ્વીને પકડવા કે આલંબન આપવામાં નિર્ગ્રન્થ જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

૫. વિક્ષિપ્ત ચિત્તવાળી, ઉન્મત્ત ચિત્તવાળી, ભૂતપ્રેતાદિથી પીડિત, ઉન્માદ પ્રાપ્ત, ઉપસર્ગથી ભયભીત, કલહમાં સંલગ્ન, કઠોર પ્રાયશ્ચિત્તથી વિક્ષિપ્ત, અશન આદિ કે પાઢિયારી આદિનાં લાભ કે અલાભથી અશાંત ચિત્ત થયેલી સાધ્વીને નિર્ગ્રન્થ પકડવામાં કે સહારો દેવામાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

**णिग्गंथ-णिग्गंथीणं साहम्मिय अंत किच्चाइं-**

२०६८. छहिं ठाणेहिं णिग्गंथा णिग्गंथिओ य साहम्मियं कालगतं समायरमाणा णाइक्कमंति, तं जहा–

१. अंतोहिंतो वा बाहिं णीणेमाणा ।

२. बाहीहिंतो वा णिव्वाहिं णीणेमाणा ।

३. उवेहेमाणा वा ।

४. उवासमाणा वा ।

५. अणुण्णवेमाणा वा ।

६. तुसिणीए वा संपव्वयमाणा ।

*– ठाणं. अ. ६, सु. ४७७*

**નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીનાં સામૂહિક સાધર્મિક અન્ત્યકર્મ :**

૨૦૬૮. છ પ્રકારે સાધુ અને સાધ્વી સાથે-સાથે પોતાના કાળ ધર્મ પામેલા સાધર્મિકનાં અંતિમ સંસ્કાર કરવામાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી, જેમ કે -

૧. તેને અંદરથી બહાર લાવે ત્યારે,

૨. ઉપાશ્રયની બહાર લાવે ત્યારે,

૩. સંભાળ લે ત્યારે,

૪. મૃતદેહની સાથે રહીને રાત્રિ જાગરણ કરે ત્યારે,

૫. તેના સ્વજન કે ગૃહસ્થોને સંભાળે ત્યારે,

૬. મૌન ભાવથી પરઠવવા લઈ જાય ત્યારે.

---

१. (क) ठाणं. अ. ६, सु. ४७६ (ख) कप्प. उ. ६, सु. ७–१८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### णिग्गंथ-णिग्गंथीणं अण्णमण्ण-वेयावच्च करण विहाणा-

२०६९. निग्गंथस्स य अहे पायंसि-खाणू वा, कंटए वा, हीरए वा, सक्करे वा परियावज्जेज्जा तं च निग्गंथे नो संचाएइ नीहरित्तए वा विसोहेत्तए वा, तं च निग्गंथी नीहरमाणी वा विसोहेमाणी वा नाइक्कमइ ।

निग्गंथस्स य अच्छिंसि पाणे वा, बीये वा, रए वा परियावज्जेज्जा, तं च निग्गंथे नो संचाएइ नीहरित्तए वा, विसोहेत्तए वा, तं च निग्गंथी नीहरमाणी वा विसोहेमाणी वा नाइक्कमइ ।

निग्गंथीए य अहे पायंसि खाणू वा, कंटए वा, हीरए वा, सक्करे वा, परियावज्जेज्जा, तं च निग्गंथी नो संचाएइ, नीहरित्तए वा, विसोहेत्तए वा, तं च निग्गंथे नीहरमाणे वा विसोहेमाणे वा नाइक्कमइ ।

निग्गंथीए य अच्छिंसि पाणे वा, बीये वा, रए वा परियावज्जेज्जा, तं च निग्गंथी नो संचाएइ नीहरित्तए वा, विसोहेत्तए वा, तं च निग्गंथे नीहरमाणे वा विसोहेमाणे वा नाइक्कमइ।

–*कप्प. उ. ६, सु. ३-६*

### નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી દ્વારા પરસ્પર સેવાનું વિધાન :

૨૦૬૯. નિર્ગ્રન્થનાં પગમાં તીક્ષ્ણ શુષ્ક ઠૂંઠું, કાંટા, તીક્ષ્ણ કાષ્ઠ કે તીક્ષ્ણ પાષાણ-ખંડ લાગી જાય તો તેને કાઢવામાં કે શોધન કરવામાં સાધુ સમર્થ ન હોય તે સમયે જો સાધ્વી તે કાઢે કે શોધન કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતી નથી.

નિર્ગ્રન્થની આંખમાં મચ્છર આદિ જંતુ, બીજ કે રજ પડી જાય અને તેને કાઢવામાં કે શોધન કરવામાં સાધુ સમર્થ ન હોય ત્યારે જો સાધ્વી કાઢે કે શોધન કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતી નથી.

સાધ્વીનાં પગમાં તીક્ષ્ણ-કંટક, ઠૂંઠું,શુષ્કકાંટા, તીક્ષ્ણ કાષ્ઠ કે પત્થર લાગી જાય તો તેને કાઢવામાં કે શોધન કરવામાં સાધ્વી સમર્થ ન હોય ત્યારે જો સાધુ તે કાઢે કે શોધન કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

સાધ્વીની આંખમાં મચ્છર આદિ જંતુ, બીજ કે રજ પડી જાય અને તેને કાઢવામાં કે શોધન કરવામાં સાધ્વી સમર્થ ન હોય ત્યારે સાધુ તે કાઢે કે શોધન કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી.

### अण्णमण्ण वेयावच्च करण विहि-णिसेहो-

२०७०. जे निग्गंथा य निग्गंथीओ य संभोइया सिया, नो णं कप्पइ अन्नमन्नेणं वेयावच्चं कारवेत्तए।

अत्थि य इत्थ णं केइ वेयावच्चकरे कप्पइ णं तेणं वेयावच्चं कारवेत्तए,

नत्थि य इत्थ णं केइ वेयावच्चकरे, एवं णं कप्पइ अन्नमन्नेणं वेयावच्चं कारवेत्तए ।

–*वव. उ. ५, सु. २०*

### પરસ્પર સેવા માટે વિધિ-નિષેધ :

૨૦૭૦. જે સાધુ અને સાધ્વીઓ સાંભોગિક છે, તેઓને પરસ્પર એકબીજાની વૈયાવૃત્ય કરવી કલ્પતી નથી.

જો પોતાના પક્ષમાં કોઈ વૈયાવૃત્ય કરનાર હોય તો તેના દ્વારા વૈયાવૃત્ય કરાવવી કલ્પે છે.

જો પોતાના પક્ષમાં કોઈ વૈયાવૃત્ય કરનાર ન હોય તો સાધુ-સાધ્વીને પરસ્પર વૈયાવૃત્ય કરવી કલ્પે છે.

### अण्णमण्ण आलोयणा करण विहि-णिसेहो-

२०७१. जे निग्गंथा य निग्गंथीओ य संभोइया सिया, नो णं कप्पइ अन्नमन्नस्स अंतिए आलोएत्तए ।

अत्थि य इत्थ णं केइ आलोयणारिहे कप्पइ णं तस्स अंतिए आलोइत्तए,

नत्थि य इत्थ णं केइ आलोयणारिहे, एवं णं कप्पइ अन्नमन्नस्स अंतिए आलोएत्तए।

– *वव. उ. ५, सु. १९*

### પરસ્પર આલોચના માટે વિધિ-નિષેધ :

૨૦૭૧. જે સાધુ-સાધ્વીઓ સાંભોગિક છે, તેઓને પરસ્પર એકબીજા માટે આલોચના કરવી કલ્પતી નથી.

જો પોતાના પક્ષમાં કોઈ આલોચના સાંભળવા યોગ્ય હોય તો તેની પાસે આલોચના કરવી કલ્પે છે.

જો પોતાના પક્ષમાં આલોચના સાંભળવા યોગ્ય કોઈ ન હોય તો સાધુ-સાધ્વીને પરસ્પર આલોચના કરવી કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अण्णमण्णस्स मोय गहण विहि-णिसेहो-**

२०७२. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अन्नमन्नस्स मोयं आपिवित्तए वा आयमित्तए वा, नन्नत्थ गाढाऽगाढेसु रोगायंकेसु ।

– *कप्प. उ. ५, सु. ४६*

**પરસ્પર પ્રશ્રવણ ગ્રહણ કરવાનો વિધિ-નિષેધ :**

૨૦૭૨. સાધુઓ અને સાધ્વીઓને એકબીજાનાં મૂત્ર પીવા કે શરીરે લગાવવાં કલ્પતા નથી. માત્ર ઉગ્ર રોગ અને આતંકોમાં કલ્પે છે.

## સાંભોગિક સંબંધ વ્યવસ્થા – ૯

**समणाणं अण्णमण्ण ववहारा-**

२०७३. दुवालसविहे संभोगे पण्णत्ते, तं जहा–

उवहि सुय भत्तपाणे, अंजलीपग्गहे ति य ।
दायणे य निकाए य, अब्भुट्ठाणे ति आवरे ।।

कितिकम्मस्स य करणे, वेयावच्चकरणे ति य ।
समोसरण सन्निसेज्जा य, कहाए य पबंधणे ।।

–*सम. सम. १२, सु. १*

**સાધુઓનો પારસ્પરિક સંબંધ :**

૨૦૭૩. સાધુના બાર વ્યવહાર (સંબંધ) છે, જેવા કે -

૧. ઉપધિ-વસ્ત્ર પાત્ર આદિ આદાન-પ્રદાન વ્યવહાર,
૨. શ્રુત અધ્યયન- અધ્યાપન વ્યવહાર,
૩. ભક્ત-પાન-આદાન-પ્રદાન વ્યવહાર,
૪. અંજલિ પ્રગ્રહ અર્થાત્ એકબી જાને હાથ જોડવાનો વ્યવહાર,
૫. દાન-શિષ્ય આદિનાં આદાન-પ્રદાન વ્યવહાર,
૬. નિમંત્રણ- પરસ્પર નિમંત્રણ આપવાનો વ્યવહાર,
૭. અભ્યુત્થાન- ઊભા થઈને માન આપવાનો વ્યવહાર,
૮. કૃતિ કર્મ - પરસ્પર વંદન વ્યવહાર,
૯. વૈયાવૃત્ય - પરસ્પર સેવા વ્યવહાર,
૧૦. સમવસરણ - સંમિલન - અન્યોન્ય મળવાનો વ્યવહાર,
૧૧. સંનિષદ્યા - આસન આપવાનો વ્યવહાર,
૧૨. કથા પ્રબંધ-એક સાથે બેસી ધર્મકથા કરવાનો વ્યવહાર,

**विसंभोगकरणे कारणा-**

२०७४. तिहिं ठाणेहिं समणे-णिग्गंथे साहम्मियं संभोगियं विसंभोगियं करेमाणे णातिक्कमति,

तं जहा–

१. सयं वा दट्ठुं,

२. सड्ढिस्स वा निसम्म,

३. तच्चं मोसं आउट्टति, चउत्थं नो आउट्टति ।

– *ठाणं अ. ३, उ. ३, सु. १८०*

**સંબંધ વિચ્છેદ કરવાનાં કારણો :**

૨૦૭૪. ત્રણ કારણોથી શ્રમણ-નિર્ગ્રન્થ પોતાના સાધર્મિક, સાંભોગિક સાધુને વિસાંભોગિક કરવા છતાં ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. જેમ કે -

૧. પોતે કોઈને પ્રતિકૂળ આચરણ કરતાં જુએ,

૨. વિશ્વાસુ શ્રાવક કે સાધુને સાંભળે ત્યારે,

૩. ત્રણવાર અસત્ય ભાષણ ક્ષમ્ય હોય છે, ચોથીવાર અસત્ય ભાષણ ક્ષમ્ય હોતું નથી. માટે ત્યારે વિસંભોગ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंचहिं ठाणेहिं समणे णिग्गंथे साहम्मियं संभोइयं विसंभोइयं करेमाणे णातिक्कमति, तं जहा–

१. सकिरियट्ठाणं पडिसेवित्ता भवति ।

२. पडिसेवित्ता णो आलोएइ ।

३. आलोइत्ता णो पट्ठवेति ।

४. पट्ठवेत्ता णो णिव्विसंति ।

५. जाइं इमाइं थेराणं ठितिपकप्पाइं भवंति ताइं अतियंचिय अतियंचिय पडिसेवेति, 'से हंदहं पडिसेवामि, किं मे थेरा करिस्संति ?'

– *ठाणं. अ. ५, उ. १, सु. ३९८*

પાંચ સ્થાનોથી શ્રમણ-નિર્ગ્રન્થ પોતાના સાંભોગિક સાધર્મિકને વિસાંભોગિક કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, જેમ કે -

૧. જે અકૃત્ય કાર્યનું પ્રતિસેવન કરે છે,

૨. જે અકૃત્ય કાર્યનું પ્રતિસેવન કરી આલોચના કરતો નથી.

૩. જે આલોચના કરવા છતાં પ્રાયશ્ચિત્ત સ્વીકારતો નથી.

૪. જે પ્રાયશ્ચિત્તનું સંપૂર્ણ પાલન કરતો નથી.

૫. જે સ્થવિરોના આવશ્યક આચારથી વિપરીત દુષ્ટતાપૂર્વક આચરણ કરી કહે છે કે "હું આ દોષોનું સેવન કરું છું, સ્થવિર મારું શું કરી શકશે ?"

णवहिं ठाणेहिं समणे णिग्गंथे साहम्मियं संभोइयं विसंभोइयं करेमाणे णातिक्कमति, तं जहा–

१. आयरियपडिणीयं ।

२. उवज्झायपडिणीयं,

३. थेरपडिणीयं,

४. कुलपडिणीयं,

५. गणपडिणीयं,

६. संघपडिणीयं,

७. णाणपडिणीयं,

८. दंसणपडिणीयं,

९. चरित्तपडिणीयं ।

– *ठाणं. अ. ९, सु. ६६१*

નવ કારણોથી શ્રમણ-નિર્ગ્રન્થ પોતાના સાધર્મિક સાંભોગિકને વિસાંભોગિક કરવા છતાં જિનાજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, જેમ કે -

૧. આચાર્યને પ્રતિકૂળ આચરણ કરનારને,

૨. ઉપાધ્યાયને પ્રતિકૂળ આચરણ કરનારને,

૩. સ્થવીરને પ્રતિકૂળ આચરણ કરનારને,

૪. કુળને પ્રતિકૂળ આચરણ કરનારને,

૫. ગણને પ્રતિકૂળ આચરણ કરનારને,

૬. સંઘને પ્રતિકૂળ આચરણ કરનારને,

૭. સમ્યક્ જ્ઞાનને પ્રતિકૂળ આચરણ કરનારને,

૮. સમ્યક્ દર્શનને પ્રતિકૂળ આચરણ કરનારને,

૯. સમ્યક્ ચારિત્રને પ્રતિકૂળ આચરણ કરનારને.

### विसंभोग करण विहि-णिसेहो-

२०७५. जे निग्गंथा य निग्गंथीओ य संभोइया सिया, नो णं कप्पइ निग्गंथं पारोक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

### સંબંધ-વિચ્છેદ કરવાનો વિધિ-નિષેધ :

૨૦૭૫. જે સાધુ- સાધ્વી સાંભોગિક છે, તેમાંથી કોઈ એક સાધુને પરોક્ષમાં સાંભોગિક વ્યવહાર બંધ કરીને વિસંભોગી કરવાનું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ णं पच्चक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

પરંતુ પ્રત્યક્ષમાં સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેને વિસંભોગી કરવાનું કલ્પે છે.

जत्थेव अन्नमन्नं पासेज्जा तत्थेव एवं वएज्जा–

જ્યારે એક બીજાને મળે ત્યારે જ આ પ્રમાણે કહે કે -

"अहं णं अज्जो ! तुमए सद्धिं इमंमि कारणम्मि पच्चक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेमि।"

"હે આર્ય ! હું અમુક કારણથી તમારી સાથે સાંભોગિક વ્યવહાર બંધ કરીને તમને વિસંભોગી કરું છું".

से य पडितप्पेज्जा, एवं से नो कप्पइ पच्चक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

આ પ્રમાણે કહ્યાં બાદ તે જો પશ્ચાત્તાપ કરે તો પ્રત્યક્ષમાં પણ તેની સાથે સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેને વિસંભોગી કરવાનું કલ્પતું નથી.

से य नो पडितप्पेज्जा, एवं से कप्पइ पच्चक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

જો તે પશ્ચાત્તાપ ન કરે તો પ્રત્યક્ષમાં તેની સાથે સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેને વિસંભોગી કરવાનું કલ્પે છે.

जे णिग्गंथा य णिग्गंथीओ य संभोइया सिया, नो णं कप्पइ णिग्गंथीणं पच्चक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

જે સાધુ-સાધ્વીઓ સાંભોગિક છે, તેમાં સાધ્વીને પ્રત્યક્ષમાં સાંભોગિક વ્યવહાર બંધ કરીને વિસંભોગી કરવાનું કલ્પતું નથી.

कप्पइ णं पारोक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

પરંતુ પરોક્ષમાં સાંભોગિક વ્યવહાર બંધ કરી તેને વિસંભોગિક કરવાનું કલ્પે છે.

जत्थेव ताओ अप्पणो आयरिय-उवज्झाए पासेज्जा तत्थेव एवं वएज्जा–

જ્યારે તેઓ પોતાના આચાર્ય કે ઉપાધ્યાયની સેવામાં પહોંચે ત્યારે તેમને આ પ્રમાણે કહે -

"अहं णं भंते ! अमुगीए अज्जाए सद्धिं इमम्मि कारणम्मि पारोक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेमि।"

"ભંતે ! હું અમુક સાધ્વીની સાથે અમુક કારણે પરોક્ષ રૂપમાં સાંભોગિક વ્યવહાર બંધ કરી તેને વિસંભોગિક કરવા ચાહું છું".

सा य पडितप्पेज्जा, एवं से नो कप्पइ पारोक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

ત્યારે તે સાધ્વી જો (આચાર્ય, ઉપાધ્યાયની પાસે પોતાના દોષનું પ્રાયશ્ચિત્ત કરે તો) તેની સાથે પરોક્ષ રૂપમાં પણ સાંભોગિક વ્યવહાર બંધ કરવાનું કે તેની સાથે વિસાંભોગિક કરવાનું કલ્પતું નથી.

सा य नो पडितप्पेज्जा, एवं से कप्पइ पारोक्खं पाडिएक्कं संभोइयं विसंभोगं करेत्तए ।

–वव. उ. ७, सु. ४-५

જો તે પ્રશ્ચાત્તાપ ન કરે તો પરોક્ષ રૂપમાં તેની સાથે સાંભોગિક વ્યવહાર બંધ કરી તેને વિસાંભોગિક કરવાનું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**समणुण्णं- असमणुण्णाणं ववहारा-**

२०७६. से समणुण्णस्स वा असमणुण्णस्स वा असणं वा-**जाव**-साइमं वा, वत्थं वा-**जाव**-पायपुंछणं वा णो पाएज्जा, णो णिमंतेज्जा, णो कुज्जा वेयावडियं-परं आढायमाणे ।

धुवं चेतं जाणेज्जा- असणं वा-**जाव**-साइमं वा, वत्थं वा-**जाव**-पायपुंछणं वा लभिय, भुंजिय, पंथं वियत्ता विओकम्म ।

विभत्तं धम्मं झोसेमाणे समेमाणे चलेमाणे पाएज्जा वा, णिमंतेज्जा वा, कुज्जा वेयावडियं परं अणाढायमाणे ।

*– आ. सु. १, अ. ८, उ. १, सु. १९९*

से समणुण्णे असमणुण्णस्स असणं वा-**जाव**-साइमं वा, वत्थं वा-**जाव**-पायपुंछणं वा णो पाएज्जा, णो णिमंतेज्जा, णो कुज्जा वेयावडियं परं आढायमाणे ।

धम्ममायाणह पवेदितं माहणेणं मइमया समणुण्णे समणुण्णस्स असणं वा-**जाव**-साइमं वा, वत्थं वा-**जाव**-पायपुंछणं वा पाएज्जा, णिमंतेज्जा, कुज्जा वेयावडियं परं आढायमाणे ।

*– आ. सु. १, अ. ८, उ. २, सु. २०७-२०८*

**सरिसगस्स संवास अदाण पायच्छित्त सुत्ताइं-**

२०७७. जे णिग्गंथे णिग्गंथस्स सरिसगस्स "अंते ओवासे संते" ओवासं न देइ, न देंतं वा साइज्जइ ।

जा णिग्गंथी णिग्गंथीए सरिसियाए "अंते ओवासे संते" ओवासं न देइ, न देंतं वा साइज्जइ।

*– नि. उ. १७, सु. १२१-१२२*

**संभोगे पच्चक्खाण फलं -**

२०७८. प. संभोगपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?

**સમનોજ્ઞ-અસમનોજ્ઞોનાં વ્યવહાર :**

૨૦૭૬. સાધુ સમનોજ્ઞ (અસાંભોગિક) તથા અમનોજ્ઞ (શાક્યાદિ) ને અસન **યાવત્** સ્વાદ્ય, વસ્ત્ર **યાવત્** પાદપ્રોંછન આદરપૂર્વક આપે નહી, આમંત્રણ આપે નહીં તથા બીજી કોઈ પ્રકારની વૈયાવૃત્ય પણ કરે નહીં.

શાક્યાદિ ભિક્ષુ મુનિને એમ કહે કે - "હે મુનિ ! આપને અશન **યાવત્** સ્વાદ્ય, વસ્ત્ર **યાવત્** પાદપ્રોંછન, મળ્યાં હોય કે ન મળ્યાં હોય, ઉપયોગ કર્યો હોય કે ન કર્યો હોય, માર્ગ સીધો હોય કે વક્ર હોય તો પણ અમારે ત્યાં અવશ્ય પધારજો".

જુદા ધર્મનું આચરણ કરનાર તેઓ ક્યારેક ઉપાશ્રયમાં આવીને કહે, ક્યારેક માર્ગમાં ચાલતાં કહે અથવા અશનાદિક આપે, અથવા આમંત્રણ આપે કે વૈયાવૃત્ય કરે તો મુનિ તેના આમંત્રણનો આદર ન કરે.

તે સમનોજ્ઞ (સુશીલ) શ્રમણ અમનોજ્ઞ (કુશીલ) ભિક્ષુને અશન **યાવત્** સ્વાદ્ય, વસ્ત્ર **યાવત્** પાદપ્રોંછન આદરપૂર્વક ન આપે, આમંત્રણ ન આપે તથા તેમની વૈયાવૃત્ય પણ ન કરે.

દાન ધર્મનાં સ્વરૂપને જાણી કેવળી ભગવાને પ્રતિપાદિત કર્યું છે કે સમનોજ્ઞ સાધુ સમનોજ્ઞ (સમાન આચારવાળા સાંભોગિક) સાધુને આદરપૂર્વક અશન **યાવત્** સ્વાદ્ય, વસ્ત્ર **યાવત્** પાદપ્રોંછન આદિ આપે, એમને દેવા માટે આમંત્રિત કરે તથા તેની વૈયાવૃત્ય પણ કરે.

**સમાન આચરણવાળાને સ્થાન ન દેવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

૨૦૭૭. જે નિર્ગ્રન્થ સમાન આચારવાળા નિર્ગ્રન્થને પોતાના ઉપાશ્રયમાં અવકાશ હોવા છતાં પણ રહેવા માટે સ્થાન દેતો નથી અથવા ન દેનારનું અનુમોદન કરે છે.

જે સાધ્વી સમાન આચારવાળી સાધ્વીને પોતાના ઉપાશ્રયમાં અવકાશ હોવા છતાં પણ ઉતરવા માટે સ્થાન દેતી નથી. અથવા ન દેનારનું અનુમોદન કરે છે.

(તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.)

**સંભોગ પ્રત્યાખ્યાનનું ફળ :**

૨૦૭૮. પ્ર. ભંતે ! સંભોગ- પ્રત્યાખ્યાન (એક માંડલિક આહારનો ત્યાગ) કરનાર જીવને શું પ્રાપ્ત થાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. संभोगपच्चक्खाणेणं आलम्बणाइं खवेइ। निरालंबणस्स य आययट्ठिया जोगा भवन्ति ।

ઉ. સંભોગ- પ્રત્યાખ્યાનથી જીવની પરાધીનતા છૂટી જાય છે. એ પરાધીનતા છૂટવાના કારણે મુનિ પ્રત્યેક કાર્યમાં સ્વાવલંબી બની જાય છે.

सएणं लाभेणं संतुस्सइ, परलाभं नो आसाएइ, नो तक्केइ, नो पीहेइ, नो पत्थेइ, नो अभिलसइ । परलाभं अणास्साए माणे, अतक्केमाणे, अपीहेमाणे अपत्थेमाणे,अणभिलसमाणे दुच्चं सुहसेज्जं उवसंपज्जित्ताणं विहरइ ।

*–उत्त. अ. २९, सु. ३५*

તે પોતે જે કંઈ મળી જાય છે તેમાં જ સંતુષ્ટ થઈ જાય છે, બીજા મુનિઓના લાભનું આસ્વાદન કે ઉપભોગ કરતો નથી, કલ્પના, ચાહના, પ્રાર્થના, અને અભિલાષા કરતો નથી. આ પ્રમાણે બીજાના લાભનો આસ્વાદન, કલ્પના, સ્પૃહા, પ્રાર્થના અને અભિલાષા ન કરતાં બીજી સુખશય્યા સંયમ અને સ્વાવલંબન ને પ્રાપ્ત કરી વિચરણ કરે છે.

## ગૃહસ્થની સાથેના વ્યવહાર – ૧૦

**सप्पदंस तिगिच्छाए विहि-णिसेहो-**

२०७९. निग्गंथं च णं राओ वा वियाले वा दीहपट्ठो लूसेज्जा, इत्थी वा पुरिसस्स ओमावेज्जा, पुरिसो वा इत्थीए ओमावेज्जा, एवं से कप्पइ, एवं से चिट्ठइ, परिहारं च से नो पाउणइ, एस कप्पे थेरकप्पियाणं ।

एवं से नो कप्पइ, एवं से नो चिट्ठइ, परिहारं च से पाउणइ एस कप्पे जिण-कप्पियाणं ।

*–वव. उ. ५, सु. २१*

**સર્પદંશ ચિકિત્સા માટે વિધિ-નિષેધ :**

૨૦૭૯. જો કોઈ સાધુ કે સાધ્વીને રાત્રે કે વિકાળમાં સર્પ ડંખ મારે ત્યારે જો સ્ત્રી નિર્ગ્રન્થની અને પુરૂષ સાધ્વીની સર્પદંશ ચિકિત્સા કરે તો આ પ્રમાણે એમને ઉપચાર કરાવવો કલ્પે છે. આ પ્રમાણે ઉપચાર કરાવવા છતાં પણ દોષ લાગતો નથી. તથા પ્રાયશ્ચિત્ત આવતું નથી. એવો સ્થવિરકલ્પી સાધુઓનો આચાર છે.

જિનકલ્પવાળાને આ પ્રમાણે ઉપચાર કરવો કલ્પતો નથી. આ પ્રમાણે ઉપચાર કરવાથી જિનકલ્પ રહેતો નથી તથા તેઓ પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે, કારણ કે- જિનકલ્પી સાધુઓનો એ જ આચાર છે.

**गारत्थियाईहिं सद्धिं भिक्खट्ठा गमण णिसेहो-**

२०८०. से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए पविसित्तु कामे णो अण्णउत्थिएण वा गारत्थिएण वा, परिहारिओ अपरिहारिएणं सद्धिं गाहावतिकुलं पिंडवाय पविसेज्ज वा णिक्खमेज्ज वा । *– आ. सु. २, अ. १, उ. १, सु. ३२७*

**ગૃહસ્થ આદિની સાથે ભિક્ષા માટે જવાનો નિષેધ :**

૨૦૮૦. ગૃહસ્થના ઘરમાં ભિક્ષા નિમિત્તે પ્રવેશ કરવાની ઈચ્છાવાળા સાધુ કે સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે ભિક્ષાર્થે જાય નહીં તથા પારિહારિક (ઉત્તમ) સાધુ, અપારિહારિક (પ્રાર્શ્વસ્થ) સાધુની સાથે ભિક્ષા માટે આવે નહીં.

**गारत्थियाईहिं सद्धिं भिक्खट्ठा गमण पायच्छित्त सुत्तं-**

२०८१. जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा अपरिहारिएण सद्धिं गाहावइकुलं पिंडवाय पडियाए णिक्खमइ वा पविसइ वा णिक्खमंतं वा, पविसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

*– नि. उ. २, सु. ४०*

**ગૃહસ્થ આદિની સાથે ભિક્ષા માટે જવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૦૮૧. જો સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે તથા પારિહારિક સાધુ, અપારિહારિક સાધુની સાથે ગૃહસ્થનાં ઘરોમાં ભિક્ષા માટે જાય આવે અથવા જનારનું-આવનારનું અનુમોદન કરે,

તો તેને ઉદ્ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गारत्थियाईणं असणाइ दाण णिसेहो-**

२०८२. से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए अणुपविट्ठे समाणे णो अण्णउत्थियस्स वा गारत्थियस्स वा परिहारिओ अपरिहारियस्स वा असणं वा-जाव-साइमं वा देज्जा वा अणुपदेज्जा वा । – आ. सु. २, अ. १, उ. १, सु. ३३०

**ગૃહસ્થ આદિને અશનાદિ આપવાનો નિષેધ :**

૨૦૮૨. ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશેલા સાધુ કે સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને તથા પારિહારિક સાધુ અપારિહારિક સાધુને અશન **યાવત્** સ્વાદ્ય ન તો પોતે આપે અને ન બીજા દ્વારા અપાવે.

**ओभासिय जयणाए पायच्छित्त सुत्ताइं-**

२०८३. से भिक्खू आगंतारेसु वा, आरामागारेसु वा, गाहावइ-कुलेसु वा, परियावसहेसु वा अण्णउत्थियं वा गारत्थियं वा असणं वा-जाव-साइमं वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा अण्णउत्थिया वा गारत्थिया वा असणं वा-जाव-साइमं वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा अण्णउत्थिणीं वा गारत्थिणीं वा असणं वा-जाव-साइमं वा ओभासिय–ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा अण्णउत्थिणीओ वा गारत्थिणीओ वा असणं वा-जाव-साइमं वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा "कोउहल्ल वडियाए पडियागयं समाणं" अण्णउत्थियं वा गारत्थियं वा असणं वा-जाव-साइमं वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा "कोउहल्ल वडियाए पडियागयं समाणं" अण्णउत्थिया वा गारत्थिया वा असणं वा-जाव-साइमं वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा "कोउहल्ल वडियाए पडियागयं समाणं" अण्णउत्थिणीं वा गारत्थिणीं वा असणं वा-जाव-साइमं वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

**માંગી-માંગીને યાચના કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

૨૦૮૩. જે સાધુ ધર્મશાળાઓમાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થનાં ઘરોમાં અથવા આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં, અન્યતીર્થિકો પાસે કે ગૃહસ્થો પાસે અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં, અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી પાસે અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રીઓ પાસે અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિકો પાસે કે ગૃહસ્થો પાસે અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી પાસેથી અશન **યાવત્** સ્વાદ્યની માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू आगंतारेसु वा-**जाव**-परियावसहेसु वा "कोउहल्ल वडियाए पडियागयं समाणं" अण्णउत्थिणीओ वा गारत्थिणीओ वा असणं वा-**जाव**-**साइमं** वा ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં કુતૂહલવશ અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રીઓ પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू आगंतारेसु वा-**जाव**-परियावसहेसु वा अण्णउत्थिएण वा गारत्थिएण वा असणं वा-**जाव**-साइमं वा अभिहडं आहट्टु दिज्जमाणं पडिसेहेत्ता तमेव अणुवत्तिय-अणुवत्तिय, परिवेढिय-परिवेढिय, परिजविय-परिजविय, ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ અશન **યાવત્** સ્વાદ્ય સામેથી લાવીને આપે તો તેનો નિષેધ કરી પછી તેની પાછળ-પાછળ જઈને કે તેની આસપાસ કે સામે જઈને કે મીઠાં વચન બોલી માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा अण्णउत्थिएहिं वा गारत्थिएहिं वा असणं वा-**जाव**-साइमं वा अभिहडं आहट्टु दिज्जमाणं पडिसेहेत्ता तमेव अणुवत्तिय अणुवत्तिय-जाव-ओभासिय-ओभासिय जायइ, जायंतं वा साइज्जइ ।

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થો અશન **યાવત્** સ્વાદ્ય સામેથી લાવીને આપે ત્યારે તેનો નિષેધ કરીને પછી તેની પાછળ-પાછળ જઈને **યાવત્** માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा अण्णउत्थिणीए वा गारत्थिणीए वा असणं वा-**जाव**-साइमं वा अभिहडं आहट्टु दिज्जमाणं पडिसेहेत्ता तमेव अणुवत्तिय अणुवत्तिय-जाव-ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી અશન **યાવત્** સ્વાદ્ય સામે લાવીને આપે ત્યારે તેનો નિષેધ કરી પછી પાછળ-પાછળ જઈને **યાવત્** માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू आगंतारेसु वा-जाव-परियावसहेसु वा अण्णउत्थिणीहिं वा गारत्थिणीहिं वा असणं वा-**जाव**-साइमं वा अभिहडं आहट्टु दिज्जमाणं पडिसेहेत्ता तमेव अणुवत्तिय-अणुवत्तिय-**जाव**-ओभासिय-ओभासिय जायइ जायंतं वा साइज्जइ ।

જે સાધુ ધર્મશાળાઓમાં **યાવત્** આશ્રમોમાં અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી અશન **યાવત્** સ્વાદ્ય સામે લાવીને આપે ત્યારે તેનો નિષેધ કરી પછી તેની પાછળ- પાછળ જઈને **યાવત્** માંગી-માંગીને યાચના કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

— *नि. उ. ३, सु. १-१२*

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**गारत्थिएहिं उवहि वहावण पायच्छित्त सुत्ताइं-**

**ગૃહસ્થ પાસે ઉપધિ ઉંચકાવવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

२०८४. जे भिक्खू अन्नउत्थिएण वा गारत्थिएण वा उवहिं वहावेइ, वहावेंतं वा साइज्जइ ।

जे भिक्खू तण्णीसाए असणं वा-जाव-साइमं वा देइ देंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

— *नि. उ. १२, सु. ४०-४१*

२०८४. જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે ઉપધિ ઉંચકાવે છે કે ઉંચકાવવાનું અનુમોદન કરે છે.

જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે ઉપધિ ઉંચકાવવાનાં બદલે અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે કે આપનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गारत्थिया आहार दाण पायच्छित्त सुत्तं-**

२०८५. जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा असणं वा-जाव-साइमं वा देइ देंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *– नि. उ. १५, सु. ७५*

**ગૃહસ્થને આહાર આપવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૦૮૫. જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**गारत्थिय सद्धिं आहार करण पायच्छित्त सुत्ताइं -**

२०८६. जे भिक्खू अण्णउत्थिएहिं वा गारत्थिएहिं वा सद्धिं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थिएहिं वा गारत्थिएहिं वा आवेढिय-परिवेढिय भुंजइ भुंजंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *–नि. उ. १६, सु. ३७-३८.*

**ગૃહસ્થોની સાથે આહાર કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

૨૦૮૬. જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થોની સાથે આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થોથી ઘેરાયેલાં હોય છતાં આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

## ગણાપક્રમણ – ૧૧

**भिक्खुणा गणपरिच्चाओ-**

२०८७. सत्तविहे गणावक्कमणे पण्णत्ते, तं जहा–

१. सव्वधम्मा रोएमि ।

२. एगइया रोएमि, एगइया णो रोएमि ।

३. सव्वधम्मा वितिगिच्छामि ।

४. एगइया वितिगिच्छामि, एगइया नो वितिगिच्छामि ।

५. सव्वधम्मा जुहुणामि ।

६. एगइया जुहुणामि, एगइया णो जुहुणामि ।

**સાધુ દ્વારા ગણ-પરિત્યાગ :**

૨૦૮૭. સાત પ્રકારે ગણ પરિત્યાગ કહ્યો છે, જેમ કે -

૧. સર્વશ્રુત-ચારિત્ર ધર્મના પાલનની રુચિ રાખું છું. (એ આ ગણમાં સંભવિત નથી, માટે તેનો પરિત્યાગ કરું છું.)

૨. આ ગણના કેટલાકમાં શ્રુત-ચારિત્ર ધર્મના પાલનમાં રુચિ છે અને કેટલાકમાં રુચિ નથી. (માટે ગણનો પરિત્યાગ કરું છું.)

૩. આ ગણના સર્વશ્રુત ચારિત્ર ધર્મના પાલનમાં સંશય છે (માટે ગણનો પરિત્યાગ કરું છું.)

૪. આ ગણનાં કેટલાકના શ્રુત-ચારિત્ર ધર્મના પાલનમાં સંશય છે અને કેટલાકમાં સંશય નથી. (માટે ગણનો પરિત્યાગ કરું છું.)

૫. સર્વ શ્રુત-ચારિત્ર ધર્મ, યોગ્ય પાત્રને દેવા ચાહું છું. (આ ગણમાં પાત્રતાનો અભાવ હોવાથી ગણનો પરિત્યાગ કરું છું.)

૬. કેટલાક શ્રુત-ચારિત્ર ધર્મ યોગ્ય પાત્રને દેવા ચાહું છું અને કેટલાક દેવા ચાહતો નથી. (આ ગણમાં યોગ્ય પાત્રનો અભાવ હોવાથી ગણનો પરિત્યાગ કરું છું.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. इच्छामि णं भंते ! एगल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरित्तए।

– *ठाणं. अ. ७, सु. ५४१*

૭. ભંતે ! હું એકલ વિહાર પ્રતિમા સ્વીકાર કરવા ઈચ્છું છું. (માટે આ ગણનો પરિત્યાગ કરું છું.)

**आयरिय उवज्झाएहिं गणपरिच्चाओ-**

२०८८. पंचहिं ठाणेहिं आयरिय-उवज्झायस्स गणावक्कमणे पण्णत्ते, तं जहा–

१. आयरिय- उवज्झाए गणंसि आणं वा धारणं वा णो सम्मं पउंजित्ता भवति ।

२. आयरिय-उवज्झाए गणंसि अधारायणियाए कितिकम्मं वेणइयं णो सम्मं पउंजित्ता भवति ।

३. आयरिय-उवज्झाए गणंसि जे सुयपज्जवजाते धारेति, ते काले णो सम्ममणुप्पवादेत्ता भवति ।

४. आयरिय-उवज्झाए गणंसि सगणियाए वा परगणियाए वा णिग्गंथीए बहिल्लेसे भवति ।

५. मित्ते णातिगणे वा से गणाओ अवक्कमेज्जा, तेसिं संगहोवग्गहट्ठयाए गणावक्कमणे पण्णत्ते ।

– *ठाणं. अ. ५, उ. २, सु. ४३९*

**આચાર્ય- ઉપાધ્યાય દ્વારા ગણ-પરિત્યાગ :**

૨૦૮૮. પાંચ કારણોથી આચાર્ય-ઉપાધ્યાયનો ગણ પરિત્યાગ કહ્યો છે, જેમ કે -

૧. ગણમાં આચાર્ય કે ઉપાધ્યાયની આજ્ઞા કે ધારણાનું પૂર્ણ પાલન ન થતું હોય તો તેઓ ગણનો પરિત્યાગ કરે છે.

૨. ગણમાં દીક્ષાપર્યાયના ક્રમથી વિનય તથા વંદન વ્યવહાર ન હોય તો આચાર્ય કે ઉપાધ્યાય ગણનો પરિત્યાગ કરે છે.

૩. ગણમાં જેટલા શ્રુતધરો છે તેઓ સમય-સમય પર (શિષ્ય સમુદાયને) આગમ વાચના ન દેતા હોય તો આચાર્ય કે ઉપાધ્યાય ગણનો પરિત્યાગ કરે છે.

૪. ગણમાં સ્વગણ કે પરગણની સાધ્વીમાં આસક્તિ રાખનાર કોઈ હોય તો આચાર્ય કે ઉપાધ્યાય ગણનો પરિત્યાગ કરે છે.

૫. આચાર્ય કે ઉપાધ્યાયનાં મિત્ર કે સ્વજન ગણનો પરિત્યાગ કરી દે તો તેઓ એમને ગણમાં લાવવા માટે અથવા એમના ઉપર ઉપકાર કરવા માટે ગણનો પરિત્યાગ કરે છે.

**सुय गहणट्ठा अण्ण-गण गमण विहि-णिसेहो-**

२०८९. भिक्खू य गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, नो से कप्पइ अणापुच्छित्ता–

१. आयरियं वा, २. उवज्झायं वा, ३. पवत्तयं वा,

४. थेरं वा, ५. गणिं वा, ६. गणहरं वा,

७. गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

**શ્રુતગ્રહણ માટે બીજા ગણમાં જવાનો વિધિ-નિષેધ :**

૨૦૮૯. જો કોઈ સાધુ પોતાના ગણનો પરિત્યાગ કરીને બીજા ગણનાં શ્રુત ગ્રહણ કરવા ચાહે તો, તેને-

૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. પ્રવર્તક,

૪. સ્થવિર, ૫. ગણી, ૬. ગણધર કે

૭. ગણાવચ્છેદકને પૂછ્યા વગર બીજા ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછી બીજાનાં ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

જો તેઓ આજ્ઞા આપે તો બીજાનાં ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા ન દે તો બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

गणावच्छेयए य गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए–

જો ગણાવચ્છેદક પોતાના ગણને છોડી શ્રુતગ્રહણ માટે બીજા ગણનો સ્વીકાર કરવા ઈચ્છે તો-

नो से कप्पइ गणावच्छेइयत्तं अनिक्खिवित्ता अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

તેને પોતાના પદનો ત્યાગ કર્યા વિના બીજા ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से गणावच्छेइयत्तं निक्खिवित्ता अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

તેને પોતાના પદનો ત્યાગ કરી બીજા ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર તેને બીજા ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછીને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા આપે તો તેને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से नो वियरेज्जा एवं से नो कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા ન આપે તો તેને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

आयरिय-उवज्झाए य गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए–

આચાર્ય કે ઉપાધ્યાય જો પોતાના ગણનો પરિત્યાગ કરી બીજાના ગણનો શ્રુત ગ્રહણ માટે સ્વીકાર કરવા ઈચ્છે તો -

नो से कप्पइ आयरिय-उवज्झायत्तं अनिक्खिवित्ता अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

તેઓને પોતાના પદનો ત્યાગ કર્યા વગર બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से आयरिय-उवज्झायत्तं निक्खिवित्ता अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

પોતાના પદનો ત્યાગ કરી બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર તેમને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછીને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા આપે તો તેમને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए[१] ।

જો તેઓ આજ્ઞા ન આપે તો તેઓને બીજાના ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

– *कप्प उ. ४, सु. २०-२२*

१. એક ગણમાં અનેક આચાર્ય હોય તો ગણ છોડતાં પહેલાં તે બીજા મોટા આચાર્યને પૂછે છે અથવા બીજા પ્રમુખ ગણાવચ્છેદક આદિ કોઈ પદવીધર હોય તો તેઓને પૂછે છે.
અથવા બીજા કોઈ પદવીધર ગણમાં ન હોય તો બીજાને આચાર્ય બનાવી ત્યારબાદ તેને પૂછીને આજ્ઞા લઈને બીજા ગણમાં જઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भिक्खू य गणाओ अवक्कम्म अन्नं गणं उवसंपज्जित्ताणं विहरेज्जा,

विशेष ज्ञान प्राप्ति माटे जो कोई साधु पोताना गणनो परित्याग करी बीजाना गणनो स्वीकार करी विचरी रह्यो होय त्यारे -

तं च केइ साहम्मिए पासित्ता वएज्जा–

तेने ते गणमां जोई कोई स्वधर्मी साधु पूछे के -

प. "कं अज्जो ! उवसंपज्जित्ता विहरसि ?"

प्र. "हे आर्य ! तमे कोनी निश्रामां विचरी रह्या छो ?"

उ. जे तत्थ सव्वराइणिए तं वएज्जा ।

उ. त्यारे ते ए गणमां दीक्षामां सौथी मोटा होय एमनुं नाम कहे.

प. "अह भन्ते ! कस्स कप्पाए ?"

प्र. फरी पूछे के "हे भंते ! तमे क्या बहुश्रुतनी प्रमुखतामां छो ?"

उ. जे तत्थ सव्व-बहुस्सुए तं वएज्जा, जं वा से भगवं वक्खइ तस्स आणा-उववाय-वयण निद्देसे चिट्ठिस्सामि । *– वव. उ. ४, सु. १८*

उ. त्यारे ए गणमां जे सौथी वधु बहुश्रुत होय एमनुं नाम कहे तथा तेओ जेमनी आज्ञामां रहेवा माटे कहे एमनी ज आज्ञा अने तेमनी नजीकमां रही तेमना वचनोना निर्देशानुसार हुं रहीश. एम कहे.

**संभोग पडियाए अण्ण-गण-गमण-विहि-णिसेहो-**

**सांभोगिक व्यवहार माटे बीजा गणमां जवानो विधि-निषेध :**

२०९०. भिक्खू य गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए–

२०९०. साधु पोताना गणमांथी नीकळी बीजा गणनो सांभोगिक व्यवहार माटे स्वीकार करवा ईच्छे तो-

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा, अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

तेने आचार्य **यावत्** गणावच्छेदकने पूछ्या वगर बीजा गणनो सांभोगिक व्यवहार माटे स्वीकार करवो कल्पतो नथी.

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

परंतु आचार्य **यावत्** गणावच्छेदकने पूछीने बीजा गणनो सांभोगिक व्यवहार माटे स्वीकार करवो कल्पे छे.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

जो तेओ आज्ञा आपे तो बीजा गणनो सांभोगिक व्यवहार माटे स्वीकार करवो कल्पे छे.

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

जो तेओ आज्ञा न आपे तो बीजा गणनो सांभोगिक व्यवहार करवो कल्पतो नथी.

जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा एवं से कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

जो संयम धर्मनी उन्नति थती होय तो बीजा गणनो सांभोगिक व्यवहार माटे स्वीकार करवो कल्पे छे.

जत्थुत्तरियं धम्मविणयं नो लभेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

परंतु जो संयम धर्मनी उन्नति न थती होय तो बीजा गणनो सांभोगिक व्यवहार माटे स्वीकार करवो कल्पतो नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गणावच्छेइए य गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए–

ગણાવચ્છેદક જો પોતાના ગણમાંથી નીકળીને બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવા ચાહે તો -

नो से कप्पइ गणावच्छेइयत्तं अनिक्खिवित्ता अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

તેણે ગણાવચ્છેદક પદને છોડ્યા વગર બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से गणावच्छेइयत्तं निक्खिवित्ता अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ ગણાવચ્છેદક પદને છોડીને બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછી બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા આપે તો બીજા ગણને સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા ન આપે તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा, एवं से कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો સંયમ ધર્મની ઉન્નતિ થતી હોય તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

जत्थुत्तरियं धम्मविणयं नो लभेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ જો સંયમ ધર્મની ઉન્નતિ ન થતી હોય તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

आयरिय-उवज्झाए य गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

આચાર્ય કે ઉપાધ્યાય જો પોતાના ગણમાંથી નીકળીને બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવા ચાહે તો -

नो से कप्पइ आयरिय-उवज्झायत्तं अनिक्खिवित्ता अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

તેમણે પોતાના પદનો ત્યાગ કર્યા વગર બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

कप्पइ से आयरिय-उवज्झायत्तं निक्खिवित्ताणं अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ પોતાના પદનો ત્યાગ કરીને બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર તેમને બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

પરંતુ આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછીને બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા આપે તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો તેઓ આજ્ઞા ન આપે તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा, एवं से कप्पइ अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

જો ઉત્કૃષ્ટ શ્રુત તેમજ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થતી હોય તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પે છે.

जत्थुत्तरियं धम्मविणयं नो लभेज्जा, एवं से नो कप्पइ, अन्नं गणं संभोगपडियाए उवसंपज्जित्ता णं विहरित्तए ।

– *कप्प. उ. ४, सु. २३-२५*

પરંતુ જો સંયમ ધર્મની ઉન્નતિ ન થતી હોય તો બીજા ગણનો સાંભોગિક વ્યવહાર માટે સ્વીકાર કરવો કલ્પતો નથી.

**संभोग पडियाए गण संकमण पायच्छित्त सुत्तं-**

**સાંભોગિક વ્યવહાર માટે ગણસંક્રમણનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

२०९१. जे भिक्खू वुसिराइयाओ गणाओ अवुसिराइयं गणं संकमइ, संकमंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । – *नि. उ. १६, सु. १६*

૨૦૯૧. જે સાધુ વિશેષ ચારિત્ર ગુણસંપન્ન ગણમાંથી અલ્પ ચારિત્ર ગુણવાળા ગણમાં સંક્રમણ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્દ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**आयरियाईणं वायणट्ठाए अण्ण-गण-गमण विहि-णिसेहो-**

**આચાર્યાદિને વાચના આપવા માટે બીજા ગણમાં જવાનો વિધિ નિષેધ :**

२०९२. भिक्खू य इच्छेज्जा, अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए,

૨૦૯૨. સાધુ જો બીજા ગણના આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે (કે તેમનું નેતૃત્વ કરવા માટે) જવા ચાહે તો -

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं आयरियं-उवज्झायं उद्दिसावेत्तए ।

તેને પોતાના આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર બીજા ગણના આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-जाव-गणावच्छेइयं वा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પરંતુ પોતાના આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછીને બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પે છે.

ते य से वियरेज्जा एवं से कप्पइ अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેઓ જો આજ્ઞા આપે તો બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પે છે.

ते य से नो वियरेज्जा एवं से नो कप्पइ अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए।

તેઓ જો આજ્ઞા ન આપે તો બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो से कप्पइ तेसिं कारणं अदीवित्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેમને કારણ બતાવ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

कप्पइ से तेसिं कारणं दीवित्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પરંતુ તેમને કારણ બતાવીને જ બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પે છે.

गणावच्छेइए य इच्छेज्जा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए,

ગણાવચ્છેદક જો બીજા ગણના આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે (કે તેમનું નેતૃત્વ કરવા માટે) જવા ચાહે તો -

नो से कप्पइ गणावच्छेइयत्तं अनिक्खिवित्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેમણે પોતાનું પદ છોડ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

कप्पइ से गणावच्छेइयत्तं निक्खिवित्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પરંતુ પોતાનું પદ છોડીને બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પે છે.

नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પોતાના આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए।

પરંતુ પોતાના આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછીને બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પે છે.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેઓ જો આજ્ઞા 'આપે તો બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પે છે.

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેઓ જો આજ્ઞા ન આપે તો બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

नो से कप्पइ तेसिं कारणं अदीवेत्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए।

તેમને કારણ બતાવ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પતું નથી.

कप्पइ से तेसिं कारणं दीवेत्ता अन्नं आयरियं वा-उवज्झायं वा उद्दिसावेत्तए ।

પરંતુ તેમને કારણ બતાવીને જ બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પે છે.

आयरिय-उवज्झाए य इच्छेज्जा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए,

આચાર્ય કે ઉપાધ્યાય બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે (કે તેમનું નેતૃત્વ કરવા માટે) જવા ચાહે તો -

नो से कप्पइ आयरिय-उवज्झायत्तं अनिक्खिवित्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેમણે પોતાનું પદ છોડ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પતું નથી.

कप्पइ से आयरिय-उवज्झायत्तं निक्खिवित्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए।

પરંતુ પોતાનું પદ છોડીને બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા માટે જવું કલ્પે છે.

नो से कप्पइ अणापुच्छित्ता आयरिय वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેમણે પોતાના આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ से आपुच्छित्ता आयरियं वा-**जाव**-गणावच्छेइयं वा अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પરંતુ પોતાના આચાર્ય **યાવત્** ગણાવચ્છેદકને પૂછીને બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પે છે.

ते य से वियरेज्जा, एवं से कप्पइ अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેઓ જો આજ્ઞા આપે તો બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પે છે.

ते य से नो वियरेज्जा, एवं से नो कप्पइ अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

તેઓ જો આજ્ઞા ન આપે તો બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પતું નથી.

नो से कप्पइ तेसिं कारणं अदीवेत्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પોતાના આચાર્ય કે ઉપાધ્યાયને કારણ બતાવ્યા વગર બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પતું નથી.

कप्पइ से तेसिं कारणं दीवेत्ता अन्नं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।

પરંતુ તેમને કારણ બતાવીને બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાચના આપવા જવું કલ્પે છે.

— *कप्प. उ. ४, सु. २६-२८*

**अण्णगणाओ आगयाणं गणपवेसस्स विहि-णिसेहो-**

**બીજા ગણમાંથી આવેલાને ગણમાં સમાવેશ કરવાનો વિધિ-નિષેધ :**

२०९३. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा निग्गंथिं अण्णगणाओ आगयं खुयायारं, सबलायारं, भिन्नायारं, संकिलिट्ठायारं तस्स ठाणस्स अणालोयावेत्ता अपडिक्कमावेत्ता, अनिंदावेत्ता, अगरहावेत्ता, अविउट्टावेत्ता, अविसोहावेत्ता, अकरणाए, अणब्भुट्ठावेत्ता, अहारिहं पायच्छित्तं अपडिवज्जावेत्ता उवट्ठावेत्तए वा, संभुजित्तए वा, संवसित्तए वा, तीसे इत्तरियं दिसं वा, अणुदिसं वा, उद्दिसित्तए वा धारेत्तए वा ।

૨૦૯૩. ખંડિત, શબલ, ભ્રષ્ટ અને સંકિલષ્ટ આચારવાળી બીજા ગણમાંથી આવેલી સાધ્વીને જ્યાં સુધી સેવાયેલા દોષોની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ તથા આત્મશુદ્ધિ ન કરાવે અને ભવિષ્યમાં ફરી પાપસ્થાનનું સેવન ન કરવાની પ્રતિજ્ઞા કરી દોષોનું પ્રાયશ્ચિત્ત ન સ્વીકારી લે ત્યાં સુધી સાધુ-સાધ્વીઓએ તેને ફરી ચારિત્રમાં ઉપસ્થાપિત કરવી, તેની સાથે સાંભોગિક વ્યવહાર કરવો તથા સાથે રાખવી કલ્પતી નથી તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું કલ્પતું નથી.

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा निग्गंथिं अन्नगणाओ आगयं खुयायारं, सबलायारं भिन्नायारं, संकिलिट्ठायारं तस्स ठाणस्स आलोयावेत्ता, पडिक्कमावेत्ता, निंदावेत्ता, गरहावेत्ता, विउट्टावेत्ता, विसोहावेत्ता, अकरणाए अब्भुट्ठावेत्ता, अहारिहं पायच्छित्तं पडिवज्जावेत्ता उवट्ठावेत्तए वा, संभुजित्तए वा, संवसित्तए वा, **तीसे इत्तरियं वा**, दिसं वा अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

ખંડિત, શબલ, ભ્રષ્ટ અને સંકિલષ્ટ આચારવાળી, બીજા ગણમાંથી આવેલી સાધ્વીને જ્યારે સેવાયેલા દોષોની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ તથા આત્મશુદ્ધિ કરાવે અને ભવિષ્યમાં ફરી પાપસ્થાન સેવન ન કરવાની પ્રતિજ્ઞા સાથે દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરી લે તો સાધુ-સાધ્વીઓએ તેને ફરી ચારિત્રમાં ઉપસ્થાપિત કરવી, તેની સાથે સાંભોગિક વ્યવહાર કરવો અને સાથે રાખવી કલ્પે છે તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा निग्गंथं अन्नगणाओ आगयं खुयायारं-जाव-संकिलिट्ठायारं तस्स ठाणस्स अणालोयावेत्ता-**जाव**-अहारिहं पायच्छित्तं अपडिवज्जावेत्ता उवट्ठावेत्तए वा, संभुजित्तए वा, संवसित्तए वा, तस्स इत्तरियं दिसं वा अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

ખંડિત **યાવત્** સંકિલષ્ટ આચારવાળા બીજા ગણમાંથી આવેલ સાધુને જ્યાં સુધી તે સેવાયેલા દોષોની આલોચના **યાવત્** દોષાનુરૂપ **પ્રાયશ્ચિત્ત** ન સ્વીકારી લે ત્યાં સુધી સાધુ- સાધ્વીઓએ તેને ફરી ચારિત્રમાં ઉપસ્થાપિત કરવો, તેની સાથે સાંભોગિક વ્યવહાર કરવો અને સાથે રાખવાનું કલ્પતું નથી તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું કલ્પતું નથી.

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा निग्गंथं अन्नगणाओ आगयं खुयायारं वा-**जाव**-संकिलिट्ठायारं तस्स ठाणस्स आलोयावेत्ता-**जाव**-अहारिहं पायच्छित्तं पडिवज्जावेत्ता उवट्ठावेत्तए वा, संभुजित्ताए वा, संवसित्तए वा, तस्स इत्तरियं दिसं वा, अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

– *वव.* उ. ६, सु. १८-२१

ખંડિત **યાવત્** સંકિલષ્ટ આચારવાળા બીજા ગણમાંથી આવેલા સાધુને **યાવત્** દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારી લે તો સાધુ-સાધ્વીઓએ તેને ફરી ચારિત્રમાં ઉપસ્થાપિત કરવાનું, તેની સાથે સાંભોગિક વ્યવહાર કરવો અને સાથે રહેવું કલ્પે છે તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું કલ્પે છે.

जे निग्गंथा य निग्गंथीओ य संभोइया सिया, नो कप्पइ निग्गंथीणं निग्गंथे अणापुच्छित्ता निग्गंथिं अन्नगणाओ आगयं खुयायारं-**जाव**-संकिलिट्ठायारं तस्स ठाणस्स अणालोयावेत्ता-**जाव**-अहारिहं पायच्छित्तं अपडिवज्जावेत्ता पुच्छित्तए वा, वाएत्तए वा, उवट्ठावेत्तए वा, संभुजित्तए वा, संवसित्तए वा, तीसे इत्तरियं दिसं वां अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

જે સાધુ-સાધ્વીઓ સાંભોગિક છે અને સાધ્વી પાસે જો કોઈ બીજા ગણમાંથી ખંડિત **યાવત્** સંકિલષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધુને પુછ્યા વિના તથા એના પૂર્વસેવિત દોષોની આલોચના **યાવત્** દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરાવ્યા વગર તેને સુખશાતા પૂછવી વાચના દેવી, ચારિત્રમાં ફરી ઉપસ્થાપિત કરવી, તેની સાથે બેસી આહાર કરવો તથા સાથે રાખવાનું કલ્પતું નથી તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું કલ્પતું નથી.

जे निग्गंथा य निग्गंथीओ य संभोइया सिया कप्पइ निग्गंथीणं निग्गंथे आपुच्छित्ता निग्गंथिं अन्नगणाओ आगयं खुयायारं-जाव-संकिलिट्ठायारं तस्स ठाणस्स आलोयावेत्ता - **जाव** - पायच्छित्तं पडिवज्जावेत्ता पुच्छित्तए वा, वाएत्तए वा, उवट्ठावेत्तए वा, संभुजित्तए वा, संवसित्तए वा, तीसे इत्तरियं दिसं वा अणुदिसं वा उद्दिसित्तए वा धारेत्तए वा ।

જે સાધુ-સાધ્વીઓ સાંભોગિક છે અને સાધ્વી પાસે જો કોઈ બીજા ગણની ખંડિત **યાવત્** સંકિલષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધુને પૂછી તથા સેવાયેલા દોષની આલોચના **યાવત્** દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરાવી તેને સુખસાતા પૂછવી વાચના દેવી, ચારિત્રમાં ફરી ઉપસ્થાપિત કરવી, તેની સાથે બેસી આહાર કરવો તથા સાથે રહેવું કલ્પે છે. તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું કલ્પે છે.

जे निग्गंथा य निग्गंथीओ य संभोइया सिया, कप्पइ निग्गंथाणं निग्गंथीओ आपुच्छित्ता वा, अणापुच्छित्ता वा, निग्गंथिं अन्नगणाओ आगयं खुयायारं-जाव-संकिलिट्ठायारं तस्स ठाणस्स आलोयावेत्ता-

જે સાધુ- સાધ્વીઓ સાંભોગિક છે અને સાધુ પાસે જો કોઈ બીજા ગણની ખંડિત **યાવત્** સંકિલષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધ્વીઓને પૂછીને કે પૂછ્યા વગર પણ સેવાયેલા દોષની આલોચના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाव-पायच्छित्तं पडिवज्जावेत्ता पुच्छित्तए वा, वाएत्तए वा, उवट्ठावेत्तए वा, संभुजित्तए वा, संवसित्तए वा, तीसे इत्तरियं दिसं वा, अणुदिसं वा, उद्दिसित्तए वा, धारेत्तए वा, तं च निग्गंथीओ नो इच्छेज्जा, सयमेव नियं ठाणं । –*वव. उ. ७, सु. १-३*

**યાવત્** દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરાવી તેની સુખશાતા પૂછવી, વાચના દેવી, ચારિત્રમાં ફરી ઉપસ્થાપિત કરવી, તેની સાથે બેસી આહાર કરવો તથા સાથે રહેવાની આજ્ઞા આપવી કલ્પે છે. તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવો કલ્પે છે. પરંતુ જો સાધ્વીઓ તેને રાખવા ન ચાહે તો તેણે ફરીથી પોતાના ગણમાં ચાલી જવું જોઈએ.

# એકલ વિહાર ચર્યા – ૧૨

**एगल्ल विहारिस्स अट्ठ गुणा -**

२०९४. अट्ठहिं ठाणेहिं संपण्णे अणगारे एगल्ल विहारपडिमं उवसंपज्जित्ताणं विहरित्तए, तं जहा–

१. सड्ढी पुरिसजाते, २. सच्चे पुरिसजाते,
३. मेहावी पुरिसजाते, ४. बहुस्सुत्ते पुरिसजाते,
५. सत्तिमं,
६. अप्पाधिगरणे,
७. धितिमं,
८. वीरिय संपण्णे ।

– *ठाणं. अ. ८, सु. ५९४*

**એકલ વિહારીના આઠ ગુણ :**

૨૦૯૪. આઠ ગુણોથી સંપન્ન અનગાર એકલવિહાર પ્રતિજ્ઞાનો સ્વીકાર કરી વિહાર કરવા માટે યોગ્ય થાય છે, જેમ કે -

૧. શ્રદ્ધાવાન પુરુષ, ૨. સત્યશીલ પુરુષ,
૩. મેધાવી પુરુષ, ૪. બહુશ્રુત પુરુષ,
૫. શક્તિમાન પુરુષ,
૬. અલ્પ કષાય કે અલ્પ ઉપધિવાળો પુરુષ,
૭. ધૃતિમાન પુરુષ,
૮. વીર્ય (ઉત્સાહ) સંપન્ન પુરુષ.

**एगागी समणस्स आवास विहि-णिसेहो-**

२०९५. से गामंसि वा-जाव-सन्निवेसंसि वा अभिनिव्वगडाए, अभिनिद्दुवाराए अभिनिक्खमण-पवेसणाए,

नो कप्पइ बहुस्सुयस्स बब्भागमस्स एगणियस्स भिक्खुस्स वत्थए किमंगपुण अप्पसुयस्स अप्पागमस्स ?

से गामंसि वा-जाव- सन्निवेसंसि वा एगवगडाए, एगदुवाराए, एगनिक्खमण पवेसाए,
कप्पइ बहुस्सुयस्स बब्भागमस्स एगाणियस्स भिक्खुस्स वत्थए दुहओ कालं भिक्खुभावं पडिजागरमाणस्स। –*वव. अ. ६, सु. १४-१५*

**એકલા સાધુને રહેવાનો વિધિ-નિષેધ :**

૨૦૯૫. જુદી-જુદી વાડ કે જુદા-જુદા કિલ્લાવાળા, જુદા-જુદા દરવાજા અને જુદા-જુદા નિષ્ક્રમણ-પ્રવેશવાળા ગ્રામ **યાવત્** સન્નિવેશમાં,

બહુશ્રુત અને વિશેષ આગમજ્ઞ સાધુને પણ એકલા રહેવું કલ્પતું નથી તો અલ્પશ્રુત કે અલ્પ આગમજ્ઞ સાધુને એકલા રહેવું કેવી રીતે કલ્પી શકે ? અર્થાત્ ન કલ્પી શકે.

એક વાડ કે એક કિલ્લાવાળા, એક દરવાજો કે એક નિષ્ક્રમણ- પ્રવેશવાળા ગ્રામ **યાવત્** સન્નિવેશમાં, એકલા બહુશ્રુત કે વિશેષ આગમજ્ઞ સાધુને બન્ને સમય સંયમભાવના જાગૃતિ રાખીને રહેવું કલ્પે છે.

**अवियत्त एगागी भिक्खुस्स दोसाइं-**

२०९६. गामाणुगामं दूइज्जमाणस्स दुज्जातं दुप्परक्कंतं भवति अवियत्तस्स भिक्खुणो ।

**અપરિપકવ એકલા સાધુના દોષ :**

૨૦૯૬. જે સાધુ અપરિપકવ અવસ્થામાં હોય તેના માટે એકલા ગ્રામાનુગ્રામ વિહાર કરવો દુઃખપ્રદ તથા પતનનું કારણ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वयसा वि एगे बुइया कुप्पंति माणवा ।
उण्णतमाणे य णरे महता मोहेण मुज्झति।

કારણ કે કેટલાક સાધક પ્રતિકૂળ વચન સાંભળીને ક્રોધિત થઈ જાય છે. પોતાને મહાન માનવાના કારણે કોઈ અભિમાની સાધક પ્રબળ મોહમાં મૂઢ બની જાય છે.

संबाहा बहवे भुज्जो भुज्जो दुरतिक्कमा अजाणतो अपासतो ।

એવા અજ્ઞાની અતત્ત્વદર્શી માટે વારંવાર અનેક પરિષહ રૂપ વિઘ્નને પાર કરવા અત્યંત દુર્લભ હોય છે.

एवं ते मा होउ ।
एयं कुसलस्स दंसणं ।

– आ. सु. १, अ. ५, उ. ४, सु. १६२

તીર્થંકર ભગવાનનો એવો ઉપદેશ છે કે આવી અવસ્થા તમારી ન બને માટે અવ્યક્ત સાધકે ગુરુનાં સાન્નિધ્યમાં જ રહેવું જોઈએ.

**अववाए एगागी विहार विहाणं-**

२०९७. न वा लभेज्जा निउणं सहायं,
गुणाहियं वा गुणओ समं वा ।
एक्को वि पावाइं विवज्जयन्तो,
विहरेज्ज कामेसु असज्जमाणो ।।[१]

– उत्त. अ. ३२, गा. ५

**અપવાદરૂપે એકલા વિહારનું વિધાન :**

૨૦૯૭. જો પોતાનાથી વિશેષ ગુણવાળો અથવા સમાન ગુણવાળો નિપુણ સાથી ન મળે તો પાપોને છોડતો તથા કામભોગોમાં અનાસક્ત રહેતો સાધુ એકલો જ વિચરે.

**एगागी भिक्खुस्स पसत्था विहार चरिया-**

२०९८. इहमेगेसिं एगचरिया होति ।

**એકાકી સાધુની પ્રશસ્ત વિહાર ચર્યા :**

૨૦૯૮. આ જિન શાસનનું અનુસરણ કરનારા કેટલાક (પ્રતિમાધારી) સાધક એકલા વિચરે છે.

तत्थितराइत्तरेहिं कुलेहिं सुद्धेसणाए सव्वेसणाए से मेधावी परिव्वए, सुब्भिं अदुवा दुब्भिं अदुवा तत्थ भेरवा पाणा पाणे किलेसंति । ते फासे पुट्ठो धीरो अहियासेज्जासि ।

– आ.सु. १, अ. ६, उ. २, सु. १८६

એમાં મેધાવી સાધુ અંતપ્રાંત કુળોમાંથી શુધ્ધ એષણા તથા સર્વેષણા દ્વારા સંયમનું પાલન કરે. આહાર સુગંધી હોય અથવા દુર્ગંધી હોય તેને સમાન રૂપે ગ્રહણ કરે. એકાકી અવસ્થામાં જંગલી પશુઓ દ્વારા કોઈ ઉપદ્રવ થાય તો તેને ધૈર્યથી સહન કરે.

एगे चरे ठाणमासणे, सयणे एगे समाहिए सिया ।
भिक्खू उवहाणवीरिए, वइगुत्ते अज्झप्पसंवुडे ।।

સાધુ વચનગુપ્તિ, મનગુપ્તિ તથા તપોબળ સહિત વિચરણ કરે તથા કાયોત્સર્ગ, આસન અને શયન એકલાં જ કરે અને સમાધિમાં સંલગ્ન રહે.

णो पीहे णावऽवंगुणे, दारं सुन्नघरस्स संजते ।
पुट्ठो ण उदाहरे वयं, न समुच्छे नो य संथरे तणं ।।

સાધુને શૂન્ય ઘરમાં રહેવાનો અવસર આવે તો તે શૂન્ય ઘરનું દ્વાર ખોલે નહિં તેમજ બંધ કરે નહીં. કોઈ પ્રશ્ન કરે તો મૌન રહે. તે ઘરનો કચરો સાફ કરે નહીં તેમજ ઘાસ વગેરે બીછાવે નહિ. (પરંતુ આવશ્યક સ્થાનને પૂંજીને બેસે અથવા સૂવે)

१. दस. चू. २, गा. १० ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जत्थऽत्थमिए अणाउले,
समविसमाणि मुणीऽहियासए ।
चरगा अदुवा वि भेरवा,
अदुवा तत्थ सिरीसिवा सिया ।।

જ્યાં સૂર્ય અસ્ત થઈ જાય ત્યાં જ ક્ષોભ રહિત રોકાઈ જાય. અનુકૂળ કે પ્રતિકૂળ સ્થાન હોય તો પણ સહન કરે. જો ત્યાં ડાંસ મચ્છર ઈત્યાદિ હોય અથવા (સિંહ આદિ) ભયાવહ પ્રાણીઓ હોય કે સર્પ આદિનાં દર હોય તો પણ ત્યાં જ રહી પરિષહોને સમ્યક્ પ્રકારે સહન કરે.

तिरिया मणुया य दिव्वगा,
उवसग्गा तिविहाऽहियासिया ।
लोमादीयं पि ण हरिसे,
सुन्नागारगते महामुणी ।।

શૂન્યગૃહમાં રહેલા મહામુનિ તિર્યંચ, મનુષ્ય કે દેવતા સંબંધી ત્રિવિધ ઉપસર્ગો સહન કરે, પણ ભયથી રુંવાડુંય ફરકવા દે નહીં. અર્થાત્ સમભાવથી સર્વ ઉપસર્ગોને સહન કરે.

णो अभिकंखेज्जा जीवियं,
णो वि य पूयणपत्थए सिया ।
अब्भत्थमुवेंति भेरवा,
सुन्नागारगयस्स भिक्खुणो ।।

ઉપસર્ગો સહન કરતાં મુનિ જીવનની પરવા કર્યા વગર માન, સન્માનની અભિલાષા રાખ્યા વગર, શૂન્યગૃહમાં રહેતાં રહેતાં ભયંકર ઉપસર્ગ સહન કરવાના અભ્યાસી થઈ જાય છે.

उवणीततरस्स ताइणो, भयमाणस्स विवित्तमासणं ।
सामाइयमाहु तस्स जं, जो अप्पाणं भए ण दंसए ।।

સંયમ સંપન્ન છ કાયના રક્ષક સાધુ વિવિક્ત-એકાંત સ્થાનનું સેવન કરે છે. તેમ કરતા ઉપસર્ગ આવવા છતાં પણ એવા મુનિના ચારિત્રને તીર્થંકરોએ સામાયિક ચારિત્ર કહ્યું છે.

उसिणोदगतत्तभोइणो, धम्मट्ठियस्स मुणिस्स हीमतो ।
संसग्गि असाहु रायिहिं, असमाही उ तहागयस्स वि ।।

*– सूय. सु. १, अ. २, उ. २, गा. १२–१८*

જે ઉષ્ણ જળ પીએ છે અથવા ઉષ્ણ જળને ઠંડુ કર્યા વિના પીએ છે, જે શ્રુત અને ચારિત્ર ધર્મમાં સ્થિત છે, અસંયમથી લજ્જિત થનાર છે, એવા મુનિને રાજા વગેરેનો સંસર્ગ હિતકર નથી કારણ કે તે સંસર્ગ શાસ્ત્રોક્ત આચાર પાળનાર મુનિનો પણ સમાધિભંગ કરે છે.

### एगागी भिक्खुस्स अपसत्था विहार चरिया-

२०९९. इहमेगेसिं एगचरिया भवति। से बहुकोहे, बहुमाणे, बहुमाए, बहुलोभे, बहुरते, बहुणडे, बहुसढे, बहुसंकप्पे, आसवसक्की, पलिओछण्णे, उट्ठितवादं पवदमाणे, मा मे केइ अदक्खु, अण्णाण-पमायदोसेणं । सततं मूढे धम्मं णाभिजाणति।

*– आ. सु. १, अ. ५, उ. १, सु. १५१*

### એકાકી સાધુની અપ્રશસ્ત વિહાર ચર્યા :

૨૦૯૯. આ સંસારમાં કેટલાય સાધુ એકલવિહારી થઈ જાય છે. તે બહુ ક્રોધી, બહુ માની, બહુ માયાવી, બહુ લોભી, બહુ પાપી, અનેક પાપોમાં રત, જગતને ઠગવા- નટની જેમ વેશ બદલનાર, ધૂર્ત, દુષ્ટ અધ્યવસાયવાળા, હિંસાદિ આશ્રવોમાં ગૃદ્ધ, દુષ્કર્મોથી યુક્ત હોવા છતાં પણ પોતાની પ્રશંસા કરે છે. અજ્ઞાન અને પ્રમાદના દોષથી કરેલા પાપોને છુપાવે છે. "મને કોઈ દુષ્કર્મ કરતાં ન જોઈ જાય" એવા વિચારથી તે એકલો વિચરે છે. સદા મૂઢ રહે છે તે ધર્મને જાણતો નથી.

### एकल विहारिस्स गणे पुणरागमण-

२१००. भिक्खू य गणाओ अवक्कम्म एगल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए ।

### એકાકી વિહારીનું ગણમાં ફરી આગમન :

૨૧૦૦. જો કોઈ ભિક્ષુ ગણમાંથી નીકળીને એકલ વિહાર ચર્યા ધારણ કરી વિચરણ કરે અને પછી તે ફરી તે ગણમાં ભળીને રહેવા ઈચ્છે તો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा।

પુણો છેયપરિહારસ્સ ઉવટ્ઠાએજ્જા।

ते विचरण काळ संबंधी पूर्ण आलोचना प्रतिक्रमण करे.

पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा।

તથા આચાર્ય તેની આલોચના સાંભળી જે છેદ કે તપ રૂપ પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

गणावच्छेइए य गणाओ अवक्कम्म एगल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए,

જો કોઈ ગણાવચ્છેદક, ગણમાંથી બહાર નીકળીને એકલવિહારની પ્રતિજ્ઞાને ધારણ કરીને વિચરણ કરે અને ત્યારબાદ પુનઃ તે જ ગણમાં ભળવા ઈચ્છે તો,

पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा,

તે વિચરણકાળ સંબંધી પૂર્ણ આલોચના પ્રતિક્રમણ કરે.

पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

તથા આચાર્ય તેની આલોચના સાંભળી જે છેદ કે તપરૂપી પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

आयरिय-उवज्झाए य गणाओ अवक्कम्म एगल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरित्तए।

જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય ગણમાંથી બહાર એકલ વિહાર પ્રતિજ્ઞાને ધારણ કરી અને ફરી તે જ ગણમાં ભળવા ઈચ્છે તો -

पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा,
पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा।

*– वव. उ. १, सु. २३-२५*

તે વિચરણકાળ સંબંધિ પૂર્ણ આલોચના પ્રતિક્રમણ કરે. તથા આચાર્ય તેની આલોચના સાંભળીને જે છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

### एगागिस्स समाहिं-

२१०१. एगत्तमेव अभिपत्थएज्जा,
एवं पमोक्खो ण मुसं ति पास ।
एसप्पमोक्खो अमुसे वरे वी,
अकोहणे सच्चरए तवस्सी ।।

*–सूय. सु. १, अ. १०, गा. १२*

### એકલ વિહારીને સમાધિ :

૨૧૦૧. સાધુ એકત્વ ભાવનાની ઈચ્છા કરે. આવી એકત્વ ભાવનાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. એકત્વ ભાવના મોક્ષ રૂપ છે, તે સત્ય છે અને શ્રેષ્ઠ છે. માટે જે એકત્વ ભાવના ભાવે છે તે ક્ષમાવાન, સત્યાગ્રહી અને તપસ્વી બને છે. તે જ સમાધી ભાવને પ્રાપ્ત કરે છે.

## પાર્શ્વસ્થ આદિની સાથે વ્યવહાર વ્યવસ્થા – ૧૩

### पारिहारिएण सह भिक्खट्ठा गमण पायच्छित्त सुत्तं-

२१०२. जे भिक्खू अपरिहारिएण[1] परिहारियं बूया-

एहि अज्जो ! तुमं च अहं च एगओ असणं वा-जाव-साइमं वा पडिग्गाहेत्ता तओ पच्छा पत्तेयं-पत्तेयं भोक्खामो वा पाहामो वा जे तं एवं वंदइ वंदंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

*– नि. उ. ४, सु. ११२*

### પારિહારિકની સાથે ગોચરી જવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૨૧૦૨. જે અપારિહારિક સાધુ પારિહારિક સાધુને કહે કે -

"હે આર્ય ! ચાલો તમે અને હું એક સાથે અશન **યાવત્** સ્વાદ્ય લાવીએ ત્યારબાદ અલગ-અલગ ખાશું પીશું" જે એવું કહે છે, કહેવડાવે છે, કહેનારની અનુમોદન કરે છે.

તેને ઉદ્ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

૧. **પારિહારિક** - મહાવ્રતોના કે સમિતિ-ગુપ્તિ આદિના અતિચારોનો સંપૂર્ણ પરિહાર કરનાર પારિહારિક કહેવાય છે અથવા પરિહાર તપ રૂપ પ્રાયશ્ચિત્ત વહન કરનાર પણ પારિહારિક કહેવાય છે.

**અપારિહારિક** - મહાવ્રતોના કે સમિતિ-ગુપ્તિ આદિના અતિચારોનો સંપૂર્ણ પરિહાર ન કરનાર અપારિહારિક કહેવાય છે અથવા પરિહાર તપ રૂપ પ્રાયશ્ચિત્તને વહન ન કરનાર અપારિહારિક કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पासत्थस्स आयाण-पयाण करण पायच्छित्त सुत्ताइं-**

२१०३. जे भिक्खू पासत्थस्स संघाडयं देइ देंतं वा साइज्जइ ।

जे भिक्खू पासत्थस्स संघाडयं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

*– नि. उ. ४, सु. २८-२९*

जे भिक्खू पासत्थस्स असणं वा-जाव-साइमं वा देइ देंतं वा साइज्जइ।

जे भिक्खू पासत्थस्स असणं वा-जाव-साइमं वा पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *–नि. उ. १५, सु. ७७-७८*

जे भिक्खू पासत्थस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा देइ देंतं वा साइज्जइ ।

जे भिक्खू पासत्थस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *–नि. उ. १५, सु. ८९-९०*

**ओसण्णस्स आयाण-पयाण करण पायच्छित्त सुत्ताइं-**

२१०४. जे भिक्खू ओसण्णस्स संघाडयं देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू ओसण्णस्स संघाडयं पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

*– नि. उ. ४, सु. ३०-३१*

जे भिक्खू ओसण्णस्स असणं वा-जाव-साइमं वा देइ, देंतं वा साइज्जइ।

जे भिक्खू ओसण्णस्स असणं वा-जाव-साइमं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *–नि. उ. १५, सु. ७९-८०*

जे भिक्खू ओसण्णस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा, देइ, देंतं वा साइज्जइ।

जे भिक्खू ओसण्णस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । *–नि. उ. १५, सु. ९१-९२*

**પાર્શ્વસ્થની સાથે આદાન-પ્રદાન કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

૨૧૦૩. જે સાધુ પાર્શ્વસ્થને સંઘાડા (સાધુ) આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ પાર્શ્વસ્થ પાસેથી સંઘાડા લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ પાર્શ્વસ્થને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ પાર્શ્વસ્થ પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ પાર્શ્વસ્થને વસ્ત્ર, પાત્ર કામળી કે પાદપ્રોંછન આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ પાર્શ્વસ્થ પાસેથી વસ્ત્ર, પાત્ર, કામળી કે પાદપ્રોંછન લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**અવસન્નની સાથે આદાન-પ્રદાન કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

૨૧૦૪. જે સાધુ અવસન્નને સંઘાડા આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ અવસન્ન પાસેથી સંઘાડા લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ અવસન્નને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ અવસન્ન પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ અવસન્ન સાધુને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ અવસન્ન (કુશીલ) સાધુ પાસેથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कुसीलस्स आयाण-पयाण करण पायच्छित्त सुत्ताइं-**

२१०५. जे भिक्खू कुसीलस्स संघाडयं देइ देंतं वा साइज्जइ ।

जे भिक्खू कुसीलस्स संघाडयं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–*नि. उ. ४, सु. ३२-३३*

जे भिक्खू कुसीलस्स असणं वा-जाव-साइमं वा देइ, देंतं वा साइज्जइ।

जे भिक्खू कुसीलस्स असणं वा-जाव-साइमं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । –*नि. उ. १५, सु. ८१-८२*

जे भिक्खू कुसीलस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं देइ, देंतं वा साइज्जइ।

जे भिक्खू कुसीलस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । –*नि. उ. १५, सु. ९३-९४*

**संसत्तस्स आयाण-पयाण करण पायच्छित्त सुत्ताइं-**

२१०६. जे भिक्खू संसत्तस्स संघाडयं देइ, देंतं वा साइज्जइ।

जे भिक्खू संसत्तस्स संघाडयं पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–*नि. उ. ४, सु. ३६-३७*

जे भिक्खू संसत्तस्स असणं वा-जाव-साइमं वा देइ, देंतं वा साइज्जइ।

जे भिक्खू संसत्तस्स असणं वा-जाव-साइमं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । –*नि. उ. १५, सु. ८३-८४*

जे भिक्खू संसत्तस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा देइ, देंतं वा साइज्जइ।

**કુશીલની સાથે આદાન-પ્રદાન કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો -**

૨૧૦૫. જે સાધુ કુશીલને સંઘાડો આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ કુશીલ પાસેથી સંઘાડો લે છે, લેવરાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ કુશીલને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ કુશીલ પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, લેવરાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ કુશીલને વસ્ત્ર, પાત્ર, કામળી કે પાદપ્રોંછન આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ કુશીલ પાસેથી વસ્ત્ર, પાત્ર, કામળી કે પાદપ્રોંછન લે છે, લેવરાવે છે કે લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**સંસક્તની સાથે આદાન-પ્રદાન કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

૨૧૦૬. જે સાધુ સંસક્તને સંઘાડો આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ સંસક્ત પાસેથી સંઘાડો લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ સંસક્તને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે સાધુ સંસક્ત પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

જે સાધુ સંસક્તને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू संसत्तस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

જે સાધુ સંસક્તનાં વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं। *–नि. उ. १५, सु. ९७-९८*

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**णितियस्स आयाण-पयाण करण पायच्छित्त सुत्ताइं-**

**નિત્યકને આદાન-પ્રદાનનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

२१०७. जे भिक्खू नितियस्स संघाडयं देइ, देंतं वा साइज्जइ।

૨૧૦૭. જે સાધુ નિત્યકને સંઘાડો આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू नितियस्स संघाडयं पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

જે સાધુ નિત્યક પાસેથી સંઘાડો લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं। *– नि. उ. ४, सु. ३४-३५*

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

जे भिक्खू णितियस्स असणं वा-**जाव**-साइमं वा देइ, देंतं वा साइज्जइ।

જે સાધુ નિત્યકને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णितियस्स असणं वा-**जाव**-साइमं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।

જે સાધુ નિત્યકથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं। *– नि. उ. १५, सु. ८५-८६*

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત) આવે છે.

जे भिक्खू णितियस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा देइ, देंतं वा साइज्जइ।

જે સાધુ નિત્યકને વસ્ત્ર, પાત્ર,કંબલ, પાદપ્રોંછન આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णितियस्स वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ।[1]

જે સાધુ નિત્યકનાં વસ્ત્ર, પાત્ર, કંબલ,પાદપ્રોંછન લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं। *– नि. उ. १५, सु. ९५-९६*

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

૧. નિશીથ ઉદ્દેશક-૧૩માં પાર્શ્વસ્થ આદિ ૯ પ્રકારના શિથિલાચારીઓને વંદનાદિ કરવાનાં ૧૮ પ્રાયશ્ચિત્ત સૂત્રો દર્શનાચારમાં લીધા છે. આ 'સંઘ વ્યવસ્થા' પ્રકરણમાં પણ તે સૂત્ર પ્રસંગ યોગ્ય છે. માટે તે સૂત્રોને અહીં જ સમજી લેવા જોઈએ.

**પાર્શ્વસ્થાદિને વંદના કરવાથી, સંઘાડા દેવાથી, આહાર, વસ્ત્ર, પાત્રાદિ દેવાથી આવતા પ્રાયશ્ચિત્ત સૂત્રોનું કોષ્ઠક :**

**વંદન પ્રશંસાનો વ્યવહાર**

| નિ. ઉ. | | |
|---|---|---|
| (૧૦) | અહાછંદા | ગુરુ ચૌ. |
| (૧૩) | પાર્શ્વસ્થ | લઘુ. ચૌ. |
| (૧૩) | અવસન્ન | " " |
| (૧૩) | કુશીલ | " " |
| (૧૩) | સંસક્ત | " " |
| (૧૩) | નિત્યક | " " |
| (૧૩) | કાથિક | " " |
| (૧૩) | પ્રાશ્નિક | " " |
| (૧૩) | મામક | " " |
| (૧૩) | સાંપ્રસારિક | " " |

**સંઘાડા દેવાનો વ્યવહાર**

| નિ. ઉ. | | |
|---|---|---|
| (૪) | પાર્શ્વસ્થ | લઘુ માસિક |
| (૪) | અવસન્ન | " " |
| (૪) | કુશીલ | " " |
| (૪) | સંસક્ત | " " |
| (૪) | નિત્યક | " " |

(બાકીની ટીપ્પણ પા. નં. ૨૮૫ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पासत्थ विहारिस्स गणे पुणरागमण-**

२१०८. भिक्खू य गणाओ अवक्कम्म पासत्थविहार-पडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए अत्थि य इत्थ सेसे पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

— *वव. उ. १, सु. २६*

**પાર્શ્વસ્થ વિહારીનું ગણમાં ફરી આગમન :**

૨૧૦૮. જો કોઈ સાધુ ગણમાંથી નીકળીને પાર્શ્વસ્થ ચર્યાને અંગીકાર કરીને વિચરે, ત્યારબાદ તે પાર્શ્વસ્થ વિહાર છોડી પોતાના ગણમાં પાછો આવવો ઈચ્છે તો જો તેનું ચારિત્ર શેષ હોય તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના તથા પ્રતિક્રમણ કરે. તથા આચાર્ય તેની આલોચના સાંભળી દીક્ષા છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તો તેનો સ્વીકાર કરે.

**अहाछंद विहारिस्स गणे पुणरागमण-**

२१०९. भिक्खू य गणाओ अवक्कम्म अहाछंद विहार-पडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, अत्थि य इत्थ सेसे पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

— *वव. उ. १, सु. २७*

**યથાછંદ વિહારીનું ગણમાં ફરી આગમન :**

૨૧૦૯. જો કોઈ સાધુ ગણમાંથી નીકળી યથાચ્છંદ ચર્યાને અંગીકાર કરીને વિચરે ત્યારબાદ તે યથાચ્છંદ વિહાર છોડી પોતાના ગણમાં પાછો ભળવા ઈચ્છે તો જો તેનું ચારિત્ર શેષ હોય તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના તથા પ્રતિક્રમણ કરે. તથા આચાર્ય તેની આલોચના સાંભળી દીક્ષા છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તો તેનો સ્વીકાર કરે.

---

(ટિપ્પણ પાનાં નં. ૨૮૪થી ચાલુ)

**આહાર વસ્ત્રાદિ દેવાનો વ્યવહાર**

(૧૫) પાર્શ્વસ્થ લઘુ ચૌમાસી
(૧૫) અવસન્ન " "
(૧૫) કુશીલ " "
(૧૫) સંસક્ત " "
(૧૫) નિત્યક " "

**ગચ્છથી જુદા વિચરીને ફરી ગચ્છમાં આવનારને**

(૧) એકલવિહાર ચર્યા વ્યવ. ઉ. ૧
(૨) પાર્શ્વસ્થ વિહાર ચર્યા
(૩) યથાછંદ વિહાર ચર્યા
(૪) કુશીલ વિહાર ચર્યા
(૫) અવસન્ન વિહાર ચર્યા
(૬) સંસક્ત વિહાર ચર્યા
(૭) પરપાખંડ લિંગ ધારણ.

યથાછંદને વંદન વ્યવહારનું પ્રાયશ્ચિત્ત સૂત્ર નિ. ઉ. ૧૦માં છે. પરંતુ આહારાદિ લેવા-દેવા સંબંધી પ્રાયશ્ચિત્ત સૂત્રો ઉપલબ્ધ નથી. સંભવ છે કે કોઈ કાળે આ સૂત્રો લુપ્ત થઈ ગયા હશે. તેમને ઉ. ૧૦માં સમજી લેવા જોઈએ.

માટે વંદન વ્યવહાર અનુસાર તેની સાથે આહારાદિ લેણદેણનું પણ ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત લેવું જેઈએ.

પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ એ બધાને પોતાની આગમ વિરુદ્ધ પ્રવૃત્તિઓના કારણે ગચ્છથી જુદા કરવામાં આવે છે. અથવા તેઓ ઇચ્છે અને યત્કિંચિત સંયમી જીવન વ્યતિત કરતા હોય તો તેઓને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયા બાદ ગણમાં ફરીથી લઈ શકાય છે.

**પ્રાર્શ્વસ્થાદિની પરિભાષા :**

(૧) **પાર્શ્વસ્થ** : જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં જે પુરુષાર્થ કરતા નથી પણ અતિચાર અને અનાચારોમાં પ્રવૃત્તિ કરે છે તે "પાર્શ્વસ્થ" કહેવાય છે.

(૨) **અવસન્ન** : જે (સાધક) સંયમ સમાચારીથી વિરુદ્ધ કે અલ્પાધિક આચરણ કરે છે તે "અવસન્ન" કહેવાય છે.

(૩) **કુશીલ** : સંયમી જીવનમાં જે મંત્ર, વિદ્યા, નિમિત્ત જ્ઞાન કે ચિકિત્સા આદિ નિષેધ કાર્ય કરે છે તેને કુશીલ કહેવાય છે.

(૪) **સંસક્ત** : જેની સાથે રહે એવા બની જાય - અર્થાત્ આચારવાળા સાથે રહે તે ઉન્નત આચારનું તે પાલન કરે છે અને જે શિથિલાચારવાળાની સાથે રહે ત્યારે શિથિલાચારી બને છે તેને "સંસક્ત" કહેવાય છે.

(૫) **નિત્યક** : જે કારણ વગર કલ્પ મર્યાદાનો ભંગ કરી હંમેશા એક સ્થાને રહે છે તે "નિત્યક" કહેવાય છે.

(૬) **કાથિક** : જે સ્વાધ્યાયાદિ આવશ્યક કાર્યોની ઉપેક્ષા કરી વિકથાઓમાં સમય વ્યતિત કરે છે તે "કાથિક" કહેવાય છે.

(૭) **પ્રાશ્નિક-પ્રેક્ષણિક** : જે નાટક, નૃત્ય આદિ દૃશ્ય જોવાની ઇચ્છા ધરાવતા હોય કે પ્રવૃત્તિ કરતા હોય તે "પ્રેક્ષણિક" કહેવાય છે. અથવા જે લૌકિક પ્રશ્નોની સમસ્યાઓનું સમાધાન કરતા રહે છે તે "પ્રાશ્નિક" કહેવાય છે.

(૮) **મામક** : જે શિષ્ય, ક્ષેત્ર, ઉપધિ આદિમાં મમત્વ રાખે છે તેને મામક કહેવાય છે.

(૯) **સાંપ્રસારિક** : જે લેવા - દેવાનું, ગમનાગમન આદિ લૌકિક કાર્યના મૂહુર્તો બતાવતા હોય છે અથવા એમાં વિશેષ રુચિ રાખતા હોય તેને "સાંપ્રસારિક" કહેવાય છે.

(૧૦) **યથાછંદ** : જે આગમ વિરુદ્ધ સ્વચ્છંદતાથી પ્રરૂપણ કે આચરણ કરે છે તે "યથાછંદ" કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कुसील विहारिस्स गणे पुणरागमण-**

२११०. भिक्खू य गणाओ अवक्कम्म कुसीलविहारपडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, अत्थि य इत्थ सेसे, पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

*– वव. उ. १, सु. २८*

**કુશીલ વિહારીનું ગણમાં ફરી આગમન :**

૨૧૧૦. જો કોઈ સાધુ ગણમાંથી નીકળી કુશીલ ચર્યા અંગીકાર કરી વિચરે ત્યારબાદ તે કુશીલ વિહાર છોડી પોતાના ગણમાં ભળવા ઈચ્છે તો- જો તેનું ચારિત્ર શેષ હોય તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના તેમજ પ્રતિક્રમણ કરે તથા આચાર્ય તેની આલોચના સાંભળી દીક્ષા છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તો તેનો સ્વીકાર કરે.

**ओसन्न विहारिस्स गणे पुणरागमण-**

२१११. भिक्खू य गणाओ अवक्कम्म ओसन्नविहारपडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, अत्थि य इत्थ सेसे, पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेय परिहारस्स उवट्ठाएज्जा ।

*–वव. उ. १, सु. २९*

**અવસન્ન વિહારીનું ગણમાં ફરી આગમન :**

૨૧૧૧. જો કોઈ સાધુ ગણમાંથી નીકળી અવસન્ન ચર્યા અંગીકાર કરી વિચરે ત્યારબાદ તે અવસન્ન વિહાર છોડી પોતાના ગણમાં ભળવા ઈચ્છે તો - જો તેનું ચારિત્ર શેષ હોય તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના તેમજ પ્રતિક્રમણ કરે તથા આચાર્ય તેની આલોચના સાંભળી દીક્ષા છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તો તેનો સ્વીકાર કરે.

**संसत्त विहारिस्स गणे पुणरागमण-**

२११२. भिक्खू य गणाओ अवक्कम्म संसत्तविहारपडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, अत्थि य इत्थ सेसे, पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

*–वव. उ. १, सु. ३०*

**સંસક્ત વિહારીનું ગણમાં ફરી આગમન :**

૨૧૧૨. જો કોઈ સાધુ ગણમાંથી નીકળી સંસક્ત ચર્યાને અંગીકાર કરી વિચરે ત્યારબાદ તે સંસક્ત વિહાર છોડી પોતાના ગણમાં ભળવા ઈચ્છે તો- જો તેનું ચારિત્ર શેષ હોય તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના તેમજ પ્રતિક્રમણ કરે તથા આચાર્ય તેની આલોચના સાંભળી દીક્ષા છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તો તેનો સ્વીકાર કરે.

**अण्णलिंग गहणाणंतरे गणे पुणरागमण-**

२११३. भिक्खू य गणाओ अवक्कम्म परपासंडपडिमं उवसंपज्जित्ताणं विहरेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, नत्थि णं तस्स तप्पत्तियं केइ छेए वा परिहारे वा, नन्नत्थ एगाए आलोयणाए ।

*– वव. उ. १, सु. ३१*

**અન્યલિંગ ગ્રહણ બાદ ગણમાં ફરી આગમન :**

૨૧૧૩. જો કોઈ સાધુ ગણમાંથી નીકળી કોઈ પરિસ્થિતિમાં અન્યલિંગને ધારણ કરી વિહાર કરે અને કારણ સમાપ્ત થવા પર ફરી સ્વલિંગને ધારણ કરી ગણમાં ભળવા ઈચ્છે તો તેને આલોચના સિવાય લિંગ પરિવર્તન માટે દીક્ષા છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત હોતું નથી.

## કલેશ અને તેની ઉપશાંતિ – ૧૪

**संकिलेसप्पगारा-**

२११४. दसविधे संकिलेसे पण्णत्ते, तं जहा–

१. उवहि-संकिलेसे,

**કલેશના પ્રકારો :**

૨૧૧૪. દસ પ્રકારનાં કલેશ કહ્યા છે, જેમ કે -

૧. ઉપધિનાં નિમિત્તથી થનાર કલેશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. उवस्सय-संकिलेसे,

३. कसाय-संकिलेसे,

४. भत्तपाण-संकिलेसे,

५. मण-संकिलेसे,

६. वइ-संकिलेसे,

७. काय-संकिलेसे,

८. णाण-संकिलेसे,

९. दंसण-संकिलेसे,

१०. चरित्त-संकिलेसे ।[1] – *ठाणं. अ. १०, सु. ७३९*

२. ઉપાશ્રયના નિમિત્તથી થનાર કલેશ,

૩. ક્રોધાદિના નિમિત્તથી થનાર કલેશ,

૪. આહારાદિના નિમિત્તથી થનાર કલેશ,

૫. મનનાં નિમિત્તથી થનાર કલેશ,

૬. વચનનાં નિમિત્તથી થનાર કલેશ,

૭. શરીરનાં નિમિત્તથી થનાર કલેશ,

૮. જ્ઞાનનાં નિમિત્તથી થનાર કલેશ,

૯. દર્શનનાં નિમિત્તથી થનાર કલેશ,

૧૦. ચારિત્રનાં નિમિત્તથી થનાર કલેશ.

**असंकिलेसप्पगारा-**

२११५. दसविहे असंकिलेसे पण्णत्ते, तं जहा–

१. उवहि–असंकिलेसे,

२. उवस्सय–असंकिलेसे,

३. कसाय–असंकिलेसे,

४. भत्तपाण–असंकिलेसे,

५. मण–असंकिलेसे,

६. वइ–असंकिलेसे,

७. काय–असंकिलेसे,

८. णाण–असंकिलेसे,

९. दंसण–असंकिलेसे,

१०. चरित्त–असंकिलेसे।[2] –*ठाणं. अ. १०, सु. ७३९*

**અસંકલેશનાં પ્રકારો :**

૨૧૧૫. અસંકલેશ (કલેશનો અભાવ) દશ પ્રકારના કહ્યા છે, જેમ કે -

૧. ઉપધિનાં નિમિત્તથી કલેશ ન થવો,

૨. ઉપાશ્રયનાં નિમિત્તથી કલેશ ન થવો,

૩. કષાયનાં નિમિત્તથી કલેશ ન થવો,

૪. આહારાદિનાં નિમિત્તથી કલેશ ન થવો,

૫. મનનાં નિમિત્તથી કલેશ ન થવો,

૬. વચનનાં નિમિત્તથી કલેશ ન થવો,

૭. શરીરનાં નિમિત્તથી કલેશ ન થવો,

૮. જ્ઞાનનાં નિમિત્તથી કલેશ ન થવો,

૯. દર્શનનાં નિમિત્તથી કલેશ ન થવો,

૧૦. ચારિત્રનાં નિમિત્તથી કલેશ ન થવો.

**अहित्कारगा ठाणा-**

२११६. तओ ठाणा णिग्गंथाण वा णिग्गंथीण वा अहियाए, असुभाए, अक्खमाए, अणिस्सेयसाए, अणाणुगामियत्ताए, भवंति, तं जहा–

१. कूअणता,

२. कक्करणता,

३. अवज्झाणता ।

– *ठाणं. अ. ३, उ. ३, सु. १८८*

**અહિતકારક સ્થાનો :**

૨૧૧૬. ત્રણ સ્થાન સાધુ અને સાધ્વી માટે અહિતકર, અશુભ, અક્ષમ (અયુક્ત), અકલ્યાણકર, અમુક્તિકર હોય છે, જેમ કે -

૧. આર્તસ્વરથી કરુણ રુદન કરવું.

૨. શય્યા ઉપધિ આદિનાં દોષ પ્રગટ કરવા માટે કકળાટ કરવો.

૩. આર્ત્ત અને રૌદ્રધ્યાન કરવું.

१. ठाणं. अ. ३, उ. ४, सु. १९८ ।

२. ठाणं अ. ३, उ. ४, सु. १९८ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**हितकारगा ठाणा-**

२११७. तओ ठाणा णिग्गंथाण वा णिग्गंथीण वा हियाए, सुहाए, खमाए, णिस्सेयसाए, आणुगामियत्ताए भवंति, तं जहा –

१. अकूअणता,

२. अकक्करणता,

३. अणवज्झाणता ।

– *ठाणं. अ. ३. उ. ३, सु. १८८*

**હિતકારક સ્થાનો :**

૨૧૧૭. ત્રણ સ્થાન સાધુ અને સાધ્વી માટે હિતકર, શુભ, ક્ષમ, કલ્યાણ તેમજ મુક્તિ-પ્રાપ્તિ માટે હોય છે, જેમ કે -

૧. આર્તસ્વરમાં કરુણ રુદન ન કરવું.

૨. શય્યા આદિનાં દોષોને પ્રગટ કરવા માટે કકળાટ ન કરવો.

૩. આર્ત્ત-રૌદ્ર રૂપ દુર્ધ્યાન ન કરવું.

**गण वुग्गह कारणा -**

२११८. आयरिय–उवज्झायस्स णं गणंसि पंच वुग्गहट्ठाणा पण्णत्ता, तं जहा –

१. आयरिय–उवज्झाए णं गणंसि आणं वा धारणं वा णो सम्मं पउंजित्ता भवति ।

२. आयरिय–उवज्झाए णं गणंसि अहाराइ णियाए कितिकम्मं वेणतितं णो सम्मं पउंजित्ता भवति ।

३. आयरिय–उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाते धारेति ते काले–काले णो सम्ममणुप्पवाइत्ता भवति ।

४. आयरिय–उवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं णो सम्ममब्भुट्ठित्ता भवति ।

५. आयरिय–उवज्झाए णं गणंसि अणापुच्छियचारी यावि हवइ, णो आपुच्छियचारी ।

– *ठाणं. अ. ५, उ. १, सु. ३९९*

**ગણ-વિગ્રહનાં કારણો :**

૨૧૧૮. આચાર્ય કે ઉપાધ્યાયના ગણમાં પાંચ વિગ્રહ (કલેશ) સ્થાન કહ્યાં છે, જેમ કે -

૧. આચાર્ય કે ઉપાધ્યાય ગણમાં આજ્ઞા તથા ધારણાનો સમ્યક્ પ્રયોગ ન કરે.

૨. આચાર્ય કે ઉપાધ્યાય ગણમાં દીક્ષા પર્યાયનાં ક્રમથી વંદન તથા વિનયનો સમ્યક્ પ્રયોગ ન કરે.

૩. આચાર્ય કે ઉપાધ્યાય જેટલા સૂત્રાર્થનાં ધારક છે, તેટલાનું ગણમાં સમય-સમય પર સમ્યક્ પ્રકારથી અધ્યાપન ન કરાવે.

૪. આચાર્ય કે ઉપાધ્યાય ગણમાં ગ્લાન અને શૈક્ષની યોગ્ય સેવા ન કરે (ન કરાવે).

૫. આચાર્ય કે ઉપાધ્યાય ગણને પૂછ્યા વગર પ્રવૃત્તિ કરે, પૂછીને ન કરે.

**गण अवुग्गह कारणा -**

२११९. आयरिय–उवज्झायस्स णं गणंसि पंच अवुग्गहट्ठाणा पण्णत्ता, तं जहा –

१. आयरिय–उवज्झाए णं गणंसि आणं वा धारणं वा सम्मं पउंजित्ता भवति ।

२. आयरिय–उवज्झाए णं गणंसि अहाराइ णियाए सम्मं किइकम्मं वेणइयं पउंजित्ता भवति ।

३. आयरिय–उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाते धारेति ते काले–काले सम्मं अणुप्पवाइत्ता भवति ।

**ગણમાં વિગ્રહ ન થવાનાં કારણો :**

૨૧૧૯. આચાર્ય અને ઉપાધ્યાય માટે ગણમાં કલેશ ન થવાનાં પાંચ કારણ કહ્યાં છે, જેમ કે -

૧. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા તથા ધારણાનો સમ્યક્ પ્રયોગ કરતા હોય.

૨. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં યથારાત્નિક વંદન અને વિનય વ્યવહારનો સમ્યક્ પ્રયોગ કરતા હોય.

૩. આચાર્ય અને ઉપાધ્યાય જે સૂત્રનાં અર્થ પ્રકારોને ધારણ કરે છે, તેની યથાસમય ગણને સમ્યક્ વાચના આપતા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. आयरिय–उवज्झाए णं गणंसि गिलाण सेह वेयावच्चं सम्मं अब्भुट्ठित्ता भवति ।

૪. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં રોગી તથા નવદીક્ષિત સાધુઓની વૈયાવૃત્ય કરાવવા માટે યોગ્ય વ્યવસ્થા કરતા હોય.

५. आयरिय–उवज्झाए णं गणंसि आपुच्छियचारी यावि भवति, णो अणापुच्छियचारी ।

૫. આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં બીજાને પૂછીને કાર્ય કરતા હોય, પૂછ્યા વગર કરતા ન હોય.

– *ठाणं. अ. ५, उ. १, सु. ३९९*

**कलह उवसमणस्स विहि-णिसेहो -**

**કલેશ ઉપશમનનો વિધિ-નિષેધ :**

२१२०. नो कप्पइ निग्गंथाणं विइकिट्ठाइं पाहुडाइं विओसवेत्तए ।

૨૧૨૦. સાધુઓમાં જો કલેશ થઈ જાય તો તેને દૂરનાં ક્ષેત્રમાં રહીને ઉપશમન કરવું અને ખમાવવું કલ્પતું નથી.

कप्पइ निग्गंथीणं विइकिट्ठाइं पाहुडाइं विओसवेत्तए ।

– *वव. उ. ७, सु. १२–१३*

પરંતુ સાધ્વીઓમાં જો કલેશ થઈ જાય તો તેને દૂરનાં ક્ષેત્રમાં રહીને ઉપશમન કરવું અને ખમાવવું કલ્પે છે.

**अण्णस्स अणुवसंते वि अप्पणो उवसमण णिद्देसो -**

**બીજાનાં અનુપશાંત રહેવા છતાં પણ પોતે ઉપશાંત થવાનો નિર્દેશ :**

२१२१. भिक्खू य अहिगरणं कट्टु, तं अहिगरणं विओसवित्ता विओसवियपाहुडे ।

૨૧૨૧. ભિક્ષુ કોઈ સાથે કલેશ થવા છતાં તે કલેશને ઉપશાંત કરી પોતે સર્વથા કલેશ રહિત થઈ જાય ત્યારબાદ જેની સાથે કલેશ થયેલ હોય

१. इच्छाए परो आढाएज्जा, इच्छाए परो णो आढाएज्जा ।

૧. તેની ઈચ્છા હોય તો આદર કરે, ઈચ્છા ન હોય તો આદર ન કરે.

२. इच्छाए परो अब्भुट्ठेज्जा, इच्छाए परो णो अब्भुट्ठेज्जा ।

૨. તેની ઈચ્છા હોય તો તેના સન્માનમાં ઊઠે, ઈચ્છા ન હોય તો ન ઊઠે.

३. इच्छाए परो वन्देज्जा, इच्छाए परो नो वन्देज्जा ।

૩. તેની ઈચ્છા હોય તો વંદના કરે, ઈચ્છા ન હોય તો વંદના ન કરે.

४. इच्छाए परो संभुजेज्जा, इच्छाए परो नो संभुजेज्जा ।

૪. તેની ઈચ્છા હોય તો તેની સાથે ભોજન કરે, ઈચ્છા ન હોય તો ભોજન ન કરે.

५. इच्छाए परो संवसेज्जा, इच्छाए परो नो संवसेज्जा ।

૫. તેની ઈચ્છા હોય તો તેની સાથે રહે, ઈચ્છા ન હોય તો ન રહે.

६. इच्छाए परो उवसमेज्जा, इच्छाए परो नो उवसमेज्जा ।

૬. તેની ઈચ્છા હોય તો ઉપશાંત થાય, ઈચ્છા ન હોય તો ઉપશાંત ન થાય.

जो उवसमइ तस्स अत्थि आराहणा ।

જે ઉપશાંત થાય છે, તેની સંયમની આરાધના થાય છે.

जो न उवसमइ तस्स नत्थि आराहणा ।

પરંતુ જે ઉપશાંત થતા નથી, તેની સંયમની આરાધના થતી નથી.

तम्हा अप्पणा चेव उवसमियव्वं ।

માટે પોતે પોતાને જ ઉપશાંત કરી લેવો જોઈએ.

प. से किमाहु भन्ते !

પ્ર. ભંતે ! આવું કહેવાનું શું તાત્પર્ય છે ?

उ. "उवसमसारं खु सामण्णं" ।

– *कप्प. उ. १, सु. ३६*

ઉ. ઉપશાંત રહેવું જ શ્રમણ જીવનનો સાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अणुवसमस्स भिक्खुस्स पुणरवि सगणे पट्ठवण -**

२१२२. भिक्खू य अहिगरणं कट्टु तं अहिगरणं अविओसवेत्ता अन्नं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ तस्स पंचराइंदियं छेयं कट्टु परिणिव्वाविय परिणिव्वाविय दोच्चं पि तमेव गणं पडिनिज्जाएयव्वे सिया, जहा वा तस्स गणस्स पत्तियं सिया ।

— *कप्प. उ. ५, सु. ५*

**अनुपशांत साधुने फरीथी पोताना गणमां मोकलवो :**

२१२२. साधु कलेश करीने तेने उपशांत कर्या वगर बीजा गणमां भळवा चाहे तो ते गणना स्थविरे तेने पांच दिवस-रातनो दीक्षा-छेद आपी अने तेने सर्वथा शांत प्रशांत करी फरीथी तेना गणमां मोकली आपे. अथवा जे गणथी ते आव्यो छे ते गणने जे प्रकारनी प्रतीति होय, तेणे ते प्रमाणे करवुं जोईए.

**खमावणाफलं -**

२१२३. प. खमावणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. खमावणयाए णं पल्हायणभावं जणयइ । पल्हायणभावमुवगए य सव्व–पाण–भूय–जीव सत्तेसु, मित्तीभावमुप्पाएइ । मित्तीभावमुवगए यावि जीवे भावविसोहिं काउण निब्भए भवइ ।

— *उत्त. अ. २९ सु, १९*

**क्षमापनानुं फळ :**

२१२३. प्र. भन्ते ! क्षमापना करवाथी जीवने शुं मळे छे ?

उ. क्षमापना करवाथी जीव चित्तनी प्रसन्नता पामे छे. चित्तनी प्रसन्नतायुक्त साधक बधा प्राण, भूत, जीव अने सत्त्वो साथे मैत्रीभाव पामे छे. मैत्रीभाव पामेल जीव,भाव विशुद्धि करीने निर्भय बने छे.

**अहिगरण करण पायच्छित्त सुत्ताइं -**

२१२४. जे भिक्खू णवाइं अणुप्पण्णाइं अहिगरणाइं उप्पाएइ, उप्पाएंतं वा साइज्जइ ।

जे भिक्खू पोराणाइं अहिगरणाइं खामिय–विओसवियाइं पुणो उदीरेइ, उदीरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

— *नि. उ. ४, सु. २५–२६*

**कलेश करवानां प्रायश्चित्त सूत्रो :**

२१२४. जे साधु नवीन अनुत्पन्न कलेशने उत्पन्न करे छे, उत्पन्न करावे छे, उत्पन्न करनारनुं अनुमोदन करे छे.

जे साधु क्षमापना द्वारा उपशांत जूना झघडाने फरीथी उत्तेजित करे छे, उत्तेजित करावे छे, उत्तेजित करनारनुं अनुमोदन करे छे.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

**एगागी आगय समणस्स संवसावणं पायच्छित्त सुत्तं -**

२१२५. जे भिक्खू बहियावासियं आएसं परं तिरायाओ अविफालेत्ता संवसावेइ, संवसावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । — *नि. उ. १०, सु. १३*

**एकला आगंतुक साधुने निर्णय वगर राखवानुं प्रायश्चित्त सूत्र :**

२१२५. जे साधु बहारथी आवेल आगंतुक एकला साधुने पूछपरछ करी निर्णय कर्या वगर त्रण दिवसथी वधारे राखे छे, रखावे छे, राखनारनुं अनुमोदन करे छे.

तेने अनुद्घातिक चातुर्मासिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

**कलह कारगेहिं सद्धिं आहार करण पायच्छित्त सुत्तं-**

२१२६. जे भिक्खू साहिगरणं अविओसविय पाहुडं अकडपायच्छित्तं परं तिरायाओ विप्फालिय अविप्फालिय संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

**कलेश करनारनी साथे आहार करवानुं प्रायश्चित्त सूत्र :**

२१२६. कोई साधु कलेश करी तेनुं पोते उपशमन न करे अने प्रायश्चित्त न ले तो तेना संबंधमां पूछपरछ करीने के पूछपरछ कर्या वगर त्रण दिवसथी वधारे तेनी साथे एक मांडलामां बेसी जे साधु आहार करे छे, करावे छे, करनारनुं अनुमोदन करे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

– *नि. उ. १०, सु. १४*

તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**वुग्गह वक्कंताणं आयाण-पयाण करण पायच्छित्त सुत्ताइं-**

**કદાગ્રહીની સાથે આદાન-પ્રદાન કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :**

२१२७. जे भिक्खू वुग्गह वक्कंताणं असणं वा–जाव–साइमं वा देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं असणं वा–जाव–साइमं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं वत्थं वा–जाव–पायपुंछणं वा देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं वत्थं वा – जाव – पायपुंछणं वा पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं वसहिं देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं वसहिं पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं वसहिं अणुपविसइ, अणुपविसंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं सज्झायं देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू वुग्गह वक्कंताणं सज्झायं पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । – *नि. उ. १६, सु. १७–२५*

૨૧૨૭. જે ભિક્ષુ કદાગ્રહી ભિક્ષુઓને અશન **યાવત્** સ્વાદ્ય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહી ભિક્ષુઓની પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહથી અલગ વિચરનાર (નિન્હવ આદિ) ને વસ્ત્ર **યાવત્** પાદપ્રોંછન આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહી પાસેથી વસ્ત્ર **યાવત્** પાદપ્રોંછન લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહથી અલગ વિચરનાર (નિન્હવ આદિ) ને ઉપાશ્રય આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહી પાસેથી ઉપાશ્રય લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહીના ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહીને વાચના આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કદાગ્રહી પાસેથી વાચના લે છે, લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**आगमाणुसारी पायच्छित्त दाण गहण विहाणो -**

**આગમ અનુસાર પ્રાયશ્ચિત્ત આપવા અને ગ્રહણ કરવાનું વિધાન :**

२१२८. भिक्खू य अहिगरणं कट्टु, तं अहिगरणं अविओसवेत्ता,

नो से कप्पइ गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा,

नो से कप्पइ बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमित्तए वा पविसित्तए वा,

૨૧૨૮. જો કોઈ ભિક્ષુ કલેશ કરી તેને ઉપશાંત ન કરે તો -

તેને ગૃહસ્થોનાં ઘરોમાં આહાર-પાણી માટે નિષ્ક્રમણ-પ્રવેશ કરવો કલ્પતો નથી.

તેને ઉપાશ્રયની બહાર સ્વાધ્યાય ભૂમિમાં કે ઉચ્ચાર-પ્રશ્રવણભૂમિમાં જવું-આવવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो से कप्पइ गामाणुगामं वा दुइज्जित्तए,
गणाओ वा गणं संकमित्तए, वासावासं वा वत्थए ।

તેને ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પતો નથી. તેને એક ગણમાંથી ગણાન્તરમાં સંક્રમણ કરવું અને વર્ષાવાસ રહેવું કલ્પતું નથી.

जत्थेव अप्पणो आयरिय-उवज्झायं पासेज्जा बहुस्सुयं, बब्भागमं, कप्पइ से तस्संतिए आलोएत्तए, पडिक्कमित्तए, निन्दित्तए, गरिहित्तए, विउट्टित्तए, विसोहित्तए, अकरणाए, अब्भुट्टित्तए, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जित्तए ।

પરંતુ જ્યાં પોતાના બહુશ્રુત અને બહુઆગમજ્ઞ આચાર્ય અને ઉપાધ્યાય હોય તેમની પાસે આલોચના કરે, પ્રતિક્રમણ કરે, નિંદા કરે, ગર્હા કરે, પાપથી નિવૃત્ત થાય, પાપ ફળથી શુદ્ધ થાય, ફરી પાપ કર્મ ન કરવા માટે પ્રતિજ્ઞાબધ્ધ થાય અને યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે.

से य सुएणं पट्ठविए आइयव्वे सिया, से य सुएणं नो पट्ठविए नो आइयव्वे सिया ।

તે પ્રાયશ્ચિત્ત જો શ્રુતાનુસાર આપે તો ગ્રહણ કરવું જોઈએ, શ્રુતાનુસાર ન આપે તો ગ્રહણ ન કરવું જોઈએ.

से य सुएणं पट्ठविज्जमाणे नो आइयइ से निज्जूहियव्वे सिया ।

जो શ્રુતાનુસાર પ્રાયશ્ચિત્ત આપે તો પણ જો સ્વીકાર ન કરે તો તેને ગણથી બહાર કાઢવો જોઈએ.

*– कप्प. उ. ४, सु. ३०*

# १. તપાચાર (બાહ્ય)

## તપનું સ્વરૂપ અને પ્રકાર – ૧

**तवसरूवं -**

२१२९. जहा उ पावगं कम्मं, रागदोस समज्जियं ।
खवेइ तवसा भिक्खू, तमेगग्गमणो सुण ।।

पाणवह मुसावाया, अदत्त-मेहुण-परिग्गहा विरओ ।
राईभोयण – विरओ, जीवो भवइ अणासवो ।।

पंचसमिओ तिगुत्तो, अकसाओ जिइन्दिओ ।
अगारवो य निस्सल्लो, जीवो होइ अणासवो ।।

एएसिं तु विवच्चासे, रागदोस-समज्जियं ।
जहा खवयइ भिक्खू, तं मे एगमणो सुण ।।

जहा महातलावस्स, सन्निरुद्धे जलागमे ।
उस्सिचणाए तवणाए, कमेण सोसणा भवे ।।

**તપનું સ્વરૂપ :**

૨૧૨૯. જે તપાનુષ્ઠાન દ્વારા ભિક્ષુ રાગ-દ્વેષથી ભેગા થયેલાં પાપ-કર્મનો ક્ષય કરે છે એવા તપનાં સ્વરૂપને એકાગ્ર મનથી સાંભળો.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનથી વિરત જીવ આશ્રવરહિત હોય છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત, કષાય રહિત, જિતેન્દ્રિય, નિરભિમાની, નિઃશલ્ય જીવ અનાશ્રવ હોય છે.

ઉપર કહેલી ધર્મસાધનાથી વિરુધ્ધ કર્મ આચરીને રાગદ્વેષથી અર્જિત કર્મોને મુનિ કેવી રીતે ક્ષીણ કરે છે, તે એકાગ્ર મનથી સાંભળો.

કોઈ મોટા તળાવમાં પાણીનો પ્રવાહ બંધ કરીને અને તેમાં રહેલ પાણીને બહાર કાઢીને તથા સૂર્યના તાપથી સુકાઈ જવાથી જે પ્રમાણે તેનું પાણી ક્રમશઃ ક્ષીણ થઈ જાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ तवायारो ॥

बारसविहंमि वि तवे,
सब्भिंतर बाहिरेकुसलदिट्ठ ।
अगिलाए अणाजीवी,
णायव्वो सो तवायारो ॥

\- निशीथभाष्य, भाग-१, गा० ४२

૪

# ચરણાનુયોગ

## (તપાચાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं तु संजयस्सावि पावकम्म निरासवे ।
भवकोडी संचियं कम्मं, तवसा णिज्जरिज्जई ।।

– उत्त. अ. ३०, गा १–६

तेवी જ રીતે નવાં પાપકર્મોને રોકવાથી સંયમીના કરોડો ભવોનાં સંચિત કર્મો તપ દ્વારા નષ્ટ થઈ જાય છે.

तेसिं पि तवो सुद्धो, णिक्खंता जे महाकुला ।
अवमाणिते परेणं तु, ण सिलोगं वयंति ते ।।[1]

– सूय. सु. १, अ. ८, गा. २४

જે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થઈ પ્રવ્રજ્યા અંગીકાર કરી સાધુ બને છે અને બીજાનાં દ્વારા અપમાનિત થવા છતાં પણ પોતાની પ્રશંસા ન કરે અર્થાત્ પોતાની મોટાઈનો પરિચય ન આપે તેનું તપ શુધ્ધ હોય છે.

धुणे उरालं अणुवेहमाणे, चेच्चाण सोयं अणपेक्खमाणे ।।

– सूय. सु. १, अ. १०, गा. ११ (ख)

આશ્રવોને છોડી, કોઈ પ્રકારની અપેક્ષા ન રાખતા સાધુ વિવેકપૂર્વક ઔદારિક શરીરને કૃશ કરે.

धुणिया कुलियं व लेववं, किसए देहमणसणादिहिं ।
अविहिंसामेव पव्वए, अणुधम्मो मुणिणा पवेदितो ।।

લેપ કરેલી ભીંતનો લેપ કાઢી નાખી તેને પાતળી કરી દેવામાં આવે તે પ્રમાણે સાધુ અનશન વગેરે તપ વડે શરીરને કૃશ કરે તથા અહિંસા ધર્મનું પાલન કરે. તે મોક્ષાનુકૂળ ધર્મ છે. સર્વજ્ઞ ભગવાને તે ધર્મની પ્રરૂપણા કરેલ છે.

सउणी जह पंसु गुंडिया, विधुणिय धंसयती सियं रयं ।
एवं दविओवहाणवं, कम्मं खवति तवस्सी माहणे ।।

– सूय. सु. १, अ. २, उ. १, गा. १४–१५

જેમ ધૂળથી ભરેલી પક્ષિણી પોતાનું શરીર કંપાવીને ધૂળને ઉડાડી દે છે, તે પ્રમાણે અનશનાદિ તપ કરનારા તપસ્વી સાધુ કર્મનો ક્ષય કરી દે છે.

**तवप्पगारा -**

२१३०. दुविहे तवे पण्णत्ते, तं जहा –

१. बाहिरए य, २. आब्भिंतरे य ।[2]

– वि. स. २५, उ. ७, सु. १९६

प. से किं तं बाहिरए ?

उ. छव्विहे बाहिरए तवे पण्णत्ते, तं जहा –

१. अणसणं, २. ओमोयरिया,
३. भिक्खायरिया, ४. रसपरिच्चाए,
५. कायकिलेसो, ६. पडिसंलीणता ।[3]

– वि. स. २५, उ. ७, सु. १९७

**તપનાં પ્રકારો :**

૨૧૩૦. તપ બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. બાહ્ય, ૨. આભ્યંતર.

પ્ર. બાહ્ય તપ શું છે ? કેટલા પ્રકારના છે ?

ઉ. બાહ્ય તપ છ પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. અનશન, ૨. અવમોદરિકા,
૩. ભિક્ષા ચર્યા, ૪. રસપરિત્યાગ,
૫. કાય-કલેશ, ૬. પ્રતિસંલીનતા.

---

१. पाठान्तर – तेसिं पि तवो ण सुद्धो, णिक्खंता जे महाकुला । जं नेवन्ने वियाणन्ति, णं सिलोगं पवेयए ।।

२. (क) सो तवो दुविहो वुत्तो, बाहिरऽब्भंतरो तहा । बाहिरो छव्विहो वुत्तो, एवमब्भंतरो तवो ।। – उत्त. अ. ३०, गा. ७
(ख) उत्त. अ. २८, गा. ३४
(ग) तेसिं णं भगवन्ताणं एएणं विहारेणं विहरमाणाणं इमे एयारूवे अब्भंतरबाहिरए तवोवहाणे होत्था । तं जहा – अब्भिंतरए छव्विहे, बाहिरए वि छव्विहे । – उव. सु. ३०

३. (क) ठाणं. अ. ६, सु. ५११
(ख) सम. सम. ६, सु. १७ भिक्खायरिया के स्थान पर 'वित्ति संखेवो'
(ग) उत्त. अ. ३०, गा. ८
(घ) उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आजीवियतवप्पगारा -**

२१३१. आजीवियाणं चउव्विहे तवे पण्णत्ते, तं जहा–

१. उग्गतवे, २. घोरतवे,

३. रसणिज्जूहणता, ४. जिब्भिंदियपडिसंलीणता ।

– *ठाणं. अ. ४, उ. २, सु. ३०९*

**આજીવિક તપનાં પ્રકારો :**

૨૧૩૧. આજીવિકોનાં તપ ચાર પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. ઉગ્રતપ, ૨. ઘોરતપ,

૩. રસ પરિત્યાગ, ૪. જીહ્‌વેન્દ્રિય પ્રતિસંલીનતા.

## અનશન-તપ-૨

**अणसणप्पगारा-**

२१३२. प. से किं तं अणसणे ?

उ. अणसणे दुविहे पण्णत्ते, तं जहा –

१. इत्तरिए,

२. आवकहिए य ।[१]

– *वि. स. २५, उ. ७, सु. १९८*

इत्तरिया मरणकाला य, दुविहा अणसणा भवे ।

इत्तरिया सावकंखा, निरवकंखा य बिइज्जिया ।।

– *उत्त. अ. ३०, गा. ९*

**અનશનનાં પ્રકારો :**

૨૧૩૨. પ્ર. અનશન શું છે અને તે કેટલા પ્રકારનાં છે ?

ઉ. અનશન બે પ્રકારનાં કહ્યાં છે, જેવાં કે -

૧. ઈત્વરિક-(મર્યાદિત સમય માટે આહારનો ત્યાગ)

૨. યાવત્કથિક-(જીવન ભર માટે આહારનો ત્યાગ)

ઈત્વરિક અને મરણપર્યન્ત આ પ્રમાણે અનશન બે પ્રકારનાં હોય છે.

ઈત્વરિક અનશન-આહારની આકાંક્ષા સહિત હોય છે, યાવત્કથિક અનશન - આહારની આકાંક્ષા રહિત હોય છે.

**इत्तरिय तवभेया -**

२१३३. प. से किं तं इत्तरिए ?

उ. इत्तरिए अणेगविहे पण्णत्ते, तं जहा –

१. चउत्थभत्ते,

२. छट्ठभत्ते,

३. अट्ठमभत्ते,

४. दसमभत्ते,

५. दुवालसभत्ते,

६. चउद्दसभत्ते,

७. सोलसभत्ते,

८. अद्धमासिएभत्ते,

९. मासिएभत्ते,

१०. दोमासिएभत्ते,

११. तेमासिएभत्ते,

**ઈત્વરિક તપનાં ભેદો :**

૨૧૩૩. પ્ર. ઈત્વરિક તપ શું છે અને તેનાં કેટલા પ્રકાર છે ?

ઉ. ઈત્વરિક તપ અનેક પ્રકારનાં કહ્યા છે, જેમ કે -

૧. **ચતુર્થ ભક્ત**- ઉપવાસ,

૨. **ષષ્ઠ ભક્ત**- બે ઉપવાસ (છઠ્ઠ),

૩. **અષ્ટમ ભક્ત**- ત્રણ ઉપવાસ (અઠ્ઠમ),

૪. **દશમ ભક્ત** - ચાર દિવસના ઉપવાસ,

૫. **દ્વાદશ ભક્ત**- પાંચ દિવસનાં ઉપવાસ,

૬. **ચતુર્દશ ભક્ત**- છ દિવસનાં ઉપવાસ,

૭. **ષોડશ ભક્ત**- સાત દિવસનાં ઉપવાસ,

૮. **અર્ધ માસિક ભક્ત** - પંદર દિવસનાં ઉપવાસ,

૯. **માસિક ભક્ત**- એક મહિનાનાં ઉપવાસ,

૧૦. **બે માસિક ભક્ત**- બે મહિનાનાં ઉપવાસ,

૧૧. **ત્રૈમાસિક ભક્ત**- ત્રણ મહિનાનાં ઉપવાસ,

१. उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२. चउमासिएभत्ते,

१३. पंचमासिएभत्ते,

१४. छम्ममासिएभत्ते,

से तं इत्तरिए ।[१] – उव. सु. ३०

जो सो इत्तरिय तवो, सो समासेण व्विहो ।
सेढितवो पयरतवो, घणो य तह होइ बग्गो य ।।
तत्तो य वग्गवग्गो उ, पंचमो छट्ठओ पइण्णतवो ।
मणइच्छिय चित्तत्थो, नायव्वो होइ इत्तरिओ ।।[२]
– उत्त. अ. ३०, गा. १०-११

१२. **ચાતુર્માસિક ભક્ત-** ચાર મહિનાનાં ઉપવાસ,

૧૩. **પંચમાસિક ભક્ત-** પાંચ મહિનાનાં ઉપવાસ,

૧૪. **ષડ્માસિક ભક્ત-** છહ મહિનાનાં ઉપવાસ.

આ ઈત્વરિક તપ છે.

જે ઈત્વરિક તપ છે તે સંક્ષેપમાં છ પ્રકારનાં છે -

૧. શ્રેણિ-તપ, ૨. પ્રતર-તપ,
૩. ઘન-તપ, ૪. વર્ગ-તપ,
૫. વર્ગ-વર્ગતપ, ૬. પ્રકીર્ણ-તપ.

આમ મનોવાંછિત અનેક પ્રકારના ફળ આપનાર ઈત્વરિક અનશન તપ છે.

**तवस्सी भिक्खुस्स कप्पणिज्ज पाणगाइं -**

२१३४. चउत्थभत्तियस्स णं भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहित्तए, तं जहा –

१. उस्सेइमे,

२. संसेइमे,

३. चाउलधोवणे ।

छट्ठभत्तियस्स णं भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहित्तए, तं जहा –

१. तिलोदए,

२. तुसोदए,

३. जवोदए ।

अट्ठमभत्तियस्स णं भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहित्तए, तं जहा –

१. आयामए,

२. सोवीरए,

३. सुद्धवियडे । – ठाणं. अ. ३, सु. १८८

**તપસ્વી ભિક્ષુ માટે કલ્પનીય પાણી :**

૨૧૩૪. ચતુર્થ ભક્ત (એક ઉપવાસ) કરનાર ભિક્ષુને ત્રણ પ્રકારનાં પાણી ગ્રહણ કરવા કલ્પે છે, જેમ કે -

૧. **ઉત્સ્વેદિમ** - લોટનું ધોવણ,

૨. **સંસ્વેદિમ-** ચઢેલા કેરડા આદિનું ધોવણ,

૩. **તન્દુલોદક** - ચોખાનું ધોવણ.

ષષ્ઠ ભક્ત (બે ઉપવાસ) કરનાર ભિક્ષુને ત્રણ પ્રકારનાં પાણી ગ્રહણ કરવાં કલ્પે છે, જેમ કે -

૧. **તિલોદક** : તલ ધોયેલ પાણી,

૨. **તુષોદક** : ભૂસાનું ધોયેલ પાણી,

૩. **યવોદક** : જવ ધોયેલ પાણી.

અષ્ટમ ભક્ત (ત્રણ ઉપવાસ) કરનાર ભિક્ષુને ત્રણ પ્રકારનાં પાણી લેવાં કલ્પે છે, જેમ કે -

૧. **આયામક** : બાફેલા ચોખાનું પાણી,

૨. **સૌવીરક** : કાંજી, છાશની ઉપરનું પાણી,

૩. **શુદ્ધવિકટ** : શુદ્ધ અચિત્ત ઠંડુ પાણી.

**आवकहिय अणसण -**

२१३५. जा सा अणसणा मरणे, दुविहा सा वियाहिया ।
सवियारा अवियारा, कायचेट्ठं पई भवे ।।

**આજીવન અનશન :**

૨૧૩૫. જે મરણ પર્યંતિક અનશન છે તે કાયચેષ્ટાને આધારે બે પ્રકારનાં છે, જેમ કે - (૧) સવિચાર - શરીરની હલનચલન આદિ ક્રિયાયુક્ત, (૨) અવિચાર - શરીરની હલનચલન આદિક્રિયા રહિત.

१. वि. स. २५, उ. ७, सु. १९९

૨. ભગવતી સૂત્ર તથા ઉવવાઈ સૂત્રમાં "ઈત્તરિય" તપના અનેક ભેદ છે પણ ત્યાં વિશેષ સંખ્યાનો ઉલ્લેખ મળતો નથી. અહીં ઉત્તરાધ્યયન સૂત્રમાં "ઈત્તરિય" તપના ભેદોની સંખ્યા ૬ બતાવી આગળ આ જ સંકલનમાં વિવિધ પ્રકારોમાં મળે છે એમ પણ કહ્યું છે માટે રત્નાવલી આદિ તપનો ઉલ્લેખ ઈત્વરિક તપમાં જ જાણવો જોઈએ. આ રત્નાવલી, કનકાવલી આદિ મહાતપ માટે ધર્મકથાનુયોગ સ્કંધ ૩, સૂત્ર ૨૬૮ થી ૨૭૯ સુધી પૃ. ૧૧૭ - ૧૨૦ જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहवा सपरिकम्मा, अपरिकम्मा य आहिया ।
निहारीमनीहारी, आहारच्छेओ य दोसु वि ।।
— उत्त. अ. ३०, गा. १२-१३

અથવા અન્ય પ્રકારથી પણ બે-બે ભેદ કહ્યા છે, જેમ કે-
૧. સપરિકર્મ - શરીરની પરિચર્યા યુક્ત,
૨. અપરિકર્મ - શરીરની પરિચર્યા રહિત.
અથવા- (૧) નિર્હારિમ, (૨) અનિર્હારિમ આ બધા બે-બે ભેદોમાં આહારનો ત્યાગ નિશ્ચિત છે.

**संलेहणा करणकालं -**

२१३६. तओ बहूणि वासाणि, सामण्णमणुपालिया ।
इमेण कमजोगेण, अप्पाणं संलिहे मुणी ।।

बारसेव उ वासाइं, संलेहुक्कोसिया भवे ।
संवच्छरं मज्झिमिया, छम्मासा य जहन्निया ।

पढमे वासचउक्कम्मि, विगईनिज्जूहणं करे ।
बिइए वासचउक्कम्मि, विचित्तं तु तवं चरे ।।

एगन्तरमायामं, कट्टु संवच्छरे दुवे ।
तओ संवच्छरऽद्धं तु, नाऽइविगिट्ठं तवं चरे ।।

तओ संवच्छरऽद्धं तु, विगिट्ठं तु तवं चरे ।
परिमियं चेव आयामं, तंमि संवच्छरे करे ।।

कोडी सहियमायामं, कट्टु संवच्छरे मुणी ।
मासद्धमासिएणं तु, आहारेण तवं चरे ।।
— उत्त. अ. ३६, गा. २५०-२५५

**સંલેખનાનો કાળક્રમ :**

૨૧૩૬. ત્યારપછી અનેક વર્ષો સુધી શ્રામણ્યનું પાલન કરીને મુનિ અનુક્રમે આત્માની સંલેખના કરે અર્થાત્ વિકારોને ક્ષીણ કરે.

ઉત્કૃષ્ટ સંલેખના બાર વર્ષની છે, મધ્યમ એક વર્ષની અને જઘન્ય છ માસની છે.

(બાર વર્ષની સંલેખનામાં) પહેલા ચાર વર્ષમાં વિગય વગેરેનો ત્યાગ કરે. બીજા ચાર વર્ષમાં વિવિધ પ્રકારનું તપ કરે.

પછી બે વર્ષ સુધી એકાન્તર તપ કરે, અને પારણાનાં દિવસે આચામ્લ (આયંબિલ) કરે. ત્યાર પછી અગિયારમે વર્ષ પહેલાં છ મહિના સુધી કોઈ પણ અતિવિકૃષ્ટ (કઠિન) તપ ન કરે.

ત્યાર પછીના છ મહિના સુધી વિકૃષ્ટ તપ કરે. આ આખા વર્ષ પરિમિત (પારણાંના દિવસે) આચામ્લ કરે.

બારમા વર્ષમાં એક વર્ષ સુધી કોટી સાથે અર્થાત્ નિરંતર આચામ્લ કરીને પછી મુનિ પક્ષ અથવા એક માસનું આહારતપ અર્થાત્ અનશન કરે.

**पंडिय मरण सरूवं -**

२१३७. अणुपुव्वेण विमोहाइं, जाइं धीरा समासज्ज ।
वसुमंतो मतिमंतो, सव्वं णच्चा अणेलिसं ।।
— *आ. सु. १, अ. ८, उ. ८, गा. १ (१६)*

तओ काले अभिपेए, सड्ढी तालिसमन्तिए ।
विणएज्ज-लोभ-हरिसं, भेयं देहस्स कंखए ।।

अह कालंमि संपत्ते, आघायाय समुस्सयं ।
सकाम-मरणं मरइ, तिण्हमन्नयरं मुणी ।।
— *उत्त. अ. ५, गा. ३१-३२*

**પંડિત મરણનું સ્વરૂપ :**

૨૧૩૭. હું અનુક્રમથી પંડિત મરણનું સ્વરૂપ કહીશ. ધૈર્યવાન, બુદ્ધિમાન સંયમી ભિક્ષુ તેને પૂર્ણરૂપથી જાણી તથા સ્વીકાર કરી અનુપમ સમાધિને પ્રાપ્ત કરે.
જ્યારે મરણ સમય પ્રાપ્ત થાય તે સમયે જે શ્રદ્ધાથી મુનિ ધર્મનો સ્વીકાર કર્યો છે તેવી જ શ્રદ્ધાથી ભિક્ષુ રોમાંચકારી મૃત્યુ-ભયને દૂર કરી ગુરુ સમીપ અનશન દ્વારા શરીરના ત્યાગની ઈચ્છા કરે.

મુનિ મરણ-કાળ આવી લાગતાં સંલેખના દ્વારા શરીરનો ત્યાગ કરે છે. ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિત મરણ કે પાદોપગમન આ ત્રણમાંથી કોઈ એકને સ્વીકાર કરી સકામ-મરણથી મરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पंडिय मरणप्पगारा-**

२१३८. प. से किं तं पंडियमरणे ?

उ. पंडियमरणे दुविहे पण्णत्ते, तं जहा–

१. पाओवगमणे य,

२. भत्तपच्चक्खाणे य ।[1]

प. से किं तं पाओवगमणे ?

उ. पाओवगमणे दुविहे पण्णत्ते, तं जहा–

१. नीहारिमे य,

२. अनीहारिमे य,

नियमा अप्पडिकम्मे । से त्तं पाओवगमणे ।

प. से किं तं भत्तपच्चक्खाणे ?

उ. भत्तपच्चक्खाणे दुविहे पण्णत्ते, तं जहा–

१. नीहारिमे य, २. अनीहारिमे य,

नियमा सपडिकम्मे । से त्तं भत्तपच्चक्खाणे ।[2]

– *विया. सं. २, उ. १, सु. २७-२९*

प. से किं तं पाओवगमणे ?

उ. पाओवगमणे दुविहे पण्णत्ते, तं जहा–

१. वाघाइमे य,

२. निव्वाघाइमे य ।

नियमा अप्पडिकम्मे । से त्तं पाओवगमणे ।

प. से किं तं भत्तपच्चक्खाणे ?

उ. भत्तपच्चक्खाणे दुविहे पण्णत्ते, तं जहा–

१. वाघाइमे य, २. निव्वाघाइमे य ।

नियमा सपडिकम्मे । से त्तं भत्तपच्चक्खाणे ।

– *उव. सु. ३०*

**પંડિત મરણનાં પ્રકાર :**

૨૧૩૮. પ્ર. પંડિત મરણ શું છે ?

ઉ. પંડિત મરણ બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. **પાદોપગમન** : વૃક્ષની કપાયેલી ડાળીની જેમ નિશ્ચલ રહેવું.

૨. **ભક્ત-પ્રત્યાખ્યાન** : યાવત્ જીવન ત્રણ કે ચાર આહારનો ત્યાગ કરવો.

પ્ર. પાદોપગમન (મરણ) શું છે ?

ઉ. પાદોપગમન બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. **નિર્હારિમ** : ગ્રામાદિમાં કરવામાં આવેલ,

૨. **અનિર્હારિમ** : જંગલ, ગુફા આદિમાં કરવામાં આવેલ. એ બંને નિયમથી અપ્રતિકર્મ હોય છે, આ પાદોપગમનનું સ્વરૂપ છે.

પ્ર. ભક્ત પ્રત્યાખ્યાન (મરણ) શું છે ?

ઉ. ભક્ત પ્રત્યાખ્યાન મરણ બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. નિર્હારિમ, ૨. અનિર્હારિમ.

બંને નિયમથી સપ્રતિકર્મ હોય છે. આ ભક્ત પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.

પ્ર. પાદોપગમન શું છે - તેના કેટલા ભેદ છે ?

ઉ. પાદોપગમન બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. **વ્યાઘાતિમ** : ઉપદ્રવનાં કારણે કરવામાં આવેલ,

૨. **નિર્વ્યાઘાતિમ** : વગર ઉપદ્રવે કરવામાં આવેલ,

આ બંને નિયમથી અપ્રતિકર્મ હોય છે. આ પાદોપગમનનું સ્વરૂપ છે.

પ્ર. ભક્ત પ્રત્યાખ્યાન શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ભક્ત પ્રત્યાખ્યાન બે પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧. વ્યાઘાતિમ, ૨. નિર્વ્યાઘાતિમ.

એ બંને નિયમથી સપ્રતિકર્મ હોય છે. આ ભક્ત પ્રત્યાખ્યાન છે.

---

૧. પંડિત મરણના આ બે પ્રકાર યાવત્કથિક તપના જ બે ભેદ છે. જેનું વર્ણન ભગવતી સૂત્ર શ. ૨૫, ઉ. ૭ તથા ઉવવાઈ સૂત્રમાં આ પ્રમાણે છે.

प्र. से किं तं आवकहिए ?

उ. आवकहिए दुविहे पण्णत्ते, तं जहा-

१. पाओवगमणे य, २. भत्तपच्चक्खणे य । - विया. सं. २५, उ. ७, सु. २००

(ख) उव. सु. ३०

२. (क) विया. सं. १३, उ. ७, सु. ४२-४४ (ख) विया. सं. २५, उ. ७, सु. २०१-२०२

(ग) ठाणं. अ. २, उ. ४, सु. ११३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भत्त-पच्चक्खाण-अणसणे-**

२१३९. दुविहं पि विदित्ता णं, बुद्धा धम्मस्स पारगा ।
अणुपुव्वीए संखाए, कम्मुणा य तिउट्टति ।।

कसाए पयणुए किच्चा, अप्पाहारो तितिक्खए ।
अह भिक्खू गिलाएज्जा, अहारस्सेव अंतियं ।।

जीवियं णाभिकंखेज्जा, मरणं णो वि पत्थए ।
दुहतो वि ण सज्जेज्जा, जीविते मरणे तहा ।।

मज्झत्थो णिज्जरापेही, समाहिमणुपालए ।
अंतो बहिं वियासेज्ज, अज्झत्थं सुद्धमेसए ।।

जं किञ्चुवक्कमं जाणे, आउखेमस्स अप्पणो ।
तस्सेव अंतरद्धाए खिप्पं, सिक्खेज्ज पंडिते ।।

गामे अदुवा रण्णे, थंडिलं पडिलेहिया ।
अप्पपाणं तु विण्णाय, तणाइं संथरे मुणी ।।

अणाहारो तुवट्टेज्जा, पुट्ठो तत्थऽहियासए ।
णातिवेलं उवचरे, माणुस्सेहिं वि पुट्ठवं ।।

संसप्पगा य जे पाणा, जे य उड्ढमहेचरा ।
भुंजंते मंससोणियं, ण छणे ण पमज्जए ।।

पाणा देहं विहिंसंति, ठाणातो ण वि उब्भमे ।
आसवेहिं विवित्तेहिं, तिप्पमाणोऽहियासए ।।

**ભક્ત-પ્રત્યાખ્યાન અનશન :**

૨૧૩૯. ધર્મનાં પારગામી તત્ત્વજ્ઞ મુનિ આભ્યંતર અને બાહ્ય બંને પ્રકારની સંલેખના જાણી અનુક્રમથી વિચાર કરી આરાધના કરી કર્મોથી મુક્ત થઈ જાય છે.

સંલેખનાના ઈચ્છુક ભિક્ષુ કષાયોને કૃશ કરી, અલ્પાહારી બની ક્ષમાશીલ રહે. એમ કરતાં જો ગ્લાનિ પ્રાપ્ત થઈ જાય તો આહારનો ત્યાગ કરી તપ સ્વીકાર કરે.

ભિક્ષુ ન તો જીવવાની આકાંક્ષા કરે અને ન મરવાની અભિલાષા કરે, જીવન અને મરણ બંને અસ્વસ્થામાં સમભાવ રાખનાર મુનિ તેમાંથી કોઈની પણ ઈચ્છા ન કરે.

નિર્જરાના ઈચ્છુક મુનિ જીવન અને મરણમાં માધ્યસ્થ ભાવ રાખી સમાધિ ભાવમાં રહે. કષાયાદિ આંતરિકબાહ્ય ઉપધિનો ત્યાગ કરી શુદ્ધ આત્મચિંતનમાં લીન રહે.

જો પોતાના આયુનાં ક્ષેમમાં જરા પણ ઉપક્રમ જણાય તો પંડિત મુનિ તે સંલેખના કાળની મધ્યમાં જ શીઘ્ર પંડિત મરણનો સ્વીકાર કરી લે.

ગામમાં અથવા વનમાં અનશન યોગ્ય ભૂમિનું પ્રતિલેખન કરે, જીવજંતુ રહિત સ્થાન જાણી મુનિ ત્યાં ઘાસ પાથરી લે.

પછી આહારનો ત્યાગ કરી સંસ્તારક પર શયન કરે. પરીષહો અને ઉપસર્ગોને સમભાવથી સહન કરે. મનુષ્ય આદિનાં ઉપસર્ગોથી પણ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે.

કીડી આદિ ફરતાં જંતુઓ, તેમજ ઉપર આકાશમાં ઉડનાર (પક્ષીઓ) હોય કે નીચે બીલોમાં રહેનાર (સર્પાદિ) હોય તે કદાચિત અનશનધારી મુનિના શરીરનાં માંસને કાપી ખાય અને લોહી પીવે તો મુનિ ન તો તેને મારે કે ન રજોહરણાદિથી પ્રમાર્જન કરે.

"આ પ્રાણી મારા શરીરનો જ નાશ કરી રહ્યું છે, જ્ઞાનાદિ આત્મગુણોનો નહી". એવો વિચાર કરી તેને ન હટાવે અને તે સ્થાનથી ઉઠીને બીજે સ્થાને ન જાય. આશ્રવોથી રહિત અધ્યવસાયો દ્વારા વેદનાને અમૃત સમાન સમજી સહન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गंथेहिं विवित्तेहिं, आयुकालस्स पारए ।
पग्गहियतरगं चेतं, दवियस्स वियाणतो ।।
— आ. सु. १, अ. ८, उ. ८, गा. २-११

મુનિ બાહ્ય, આભ્યંતર ગ્રંથિઓને છોડી અન્તિમ સમય સુધી શુધ્ધ ધ્યાનમાં રહે તથા પંડિત મરણને મોક્ષનું ઉત્તમ સાધન જાણી તેની આરાધના કરે.

**भत्त पच्चक्खायगस्स अणगारस्स परभवे आहारो-**

२१४०. प. भत्तपच्चक्खायए णं भंते ! अणगारे मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे आहारमाहारेइ अहे णं वीससाए कालं करेइ, तओ पच्छा अपुच्छिए-जाव- अणज्झोववण्णे आहारमाहारेइ ?

उ. हंता, गोयमा ! भत्तपच्चक्खायए णं अणगारे-जाव-अणज्झोववण्णे आहारमाहारेइ ।

प. से केणट्ठेणं भंते ! एव वुच्चइ “भत्तपच्च-क्खायए णं अणगारे-जाव-अणज्झोववण्णे आहारमाहारेइ ?”

उ. गोयमा ! भत्तपच्चक्खायए णं अणगारस्स मुच्छिए-जाव-अज्झोववण्णे आहारे भवइ, अहे णं वीससाए कालं करेइ, तओ पच्छा अमुच्छिए-जाव-अणज्झोववण्णे आहारे भवइ ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-भत्तपच्चक्खायए णं अणगारे-जाव- अणज्झोववण्णे आहारमाहारेइ।
— वि. स. १४, उ. ७, सु. ११

**ભક્ત પ્રત્યાખ્યાન અણગારનો પરભવમાં આહાર :**

૨૧૪૦. પ્ર. ભંતે ! ભક્ત પ્રત્યાખ્યાન આહાર કરનાર અણગાર જો એ અવસ્થામાં કાળ કરે તો જે પહેલાં મુર્ચ્છિત, ગૃધ્ધ, ગ્રથિત તથા અત્યંત આસક્ત થઈ આહાર કરે તે ત્યારબાદ અમૂર્ચ્છિત **યાવત્** અનાસક્ત બની આહાર કરે ખરા ?

ઉ. હા, ગૌતમ ! ભક્ત પ્રત્યાખ્યાન આહાર કરનાર અણગાર **યાવત્** અનાસક્ત બની આહાર કરે છે.

પ્ર. ભંતે ! એમ શા માટે કહ્યું છે કે ભક્ત પ્રત્યાખ્યાન આહાર કરનાર અણગાર **યાવત્** અનાસક્ત બની આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! "ભક્ત પ્રત્યાખ્યાન અનશન કરનાર અણગાર જો એ અવસ્થામાં કાળ કરે તો સ્વાભાવિક છે કે પહેલાં મૂર્ચ્છિત **યાવત્** અત્યંત આસક્ત ભાવથી આહાર હોય છે. ત્યારબાદ અમૂર્ચ્છિત **યાવત્** અનાસક્ત ભાવથી આહાર હોય છે.

માટે હે ગૌતમ ! એમ કહેવામાં આવ્યું છે કે ભક્ત પ્રત્યાખ્યાન અનશન કરનાર અણગાર **યાવત્** અનાસક્ત બની આહાર કરે છે.

**इंगिणीमरण अणसणस्स गहण विहि-**

२१४१. अयं से अवरे धम्मे, णायपुत्तेण साहिते ।
आयवज्जं पडियारं, विजहेज्जा तिधा तिधा ।।

हरिएसु ण णिवज्जेज्जा, थंडिलं मुणिआ सए ।
विउसेज्ज अणाहारो, पुट्ठो तत्थ अहियासए ।।

इन्दिएहिं गिलायंतो, समियं साहरे मुणी ।
तहावि से अगरिहे, अचले जे समाहिए ।।

**ઈંગિતમરણ અનશન ગ્રહણ વિધિ :**

૨૧૪૧. જ્ઞાતપુત્ર મહાવીરે ઈંગિત મરણમાં વિશિષ્ટતા બતાવી છે- આત્મ વ્યાપાર સિવાય બીજા પાસે ત્રણ કરણ, ત્રણ યોગથી વૈયાવૃત્ય ન કરાવે.

દર્ભ, અંકુરાદિ લીલોતરી ઉપર ન સૂવે. શુધ્ધ ભૂમિને જાણી સૂવે. સર્વ ઉપધિને છોડી આહારનો સર્વથા ત્યાગ કરી, સંસ્તારક પર રહી પરીષહો અને ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે.

(નિરાહાર રહેવાથી) ઈન્દ્રિયોને શિથિલ જોઈ મુનિ સમભાવમાં રહી જે હલન ચલનાદિ ક્રિયાઓ કરે તે નિન્દનીય નથી. હલનચલનાદિ કરતાં-કરતાં જે ભાવથી વિચલિત થતા નથી અને સમાધિવંત છે તે અભિનન્દનીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अभिक्कमे पडिक्कमे, संकुचए पसारए ।
कायासाहारणट्ठाए, एत्थं वा वि अचेयणे ।।

ઈંગિત મરણની આરાધના કરનાર મુનિ શરીરની સમાધિ અને ધારણ માટે નિયત ભૂમિમાં જઈ અને પાછો ફરી શકે છે. હાથ-પગ પસારી શકે છે. જો વિશેષ શક્તિ અને સહિષ્ણુતા હોય તો અચેતન પદાર્થની જેમ નિશ્ચેષ્ટ થઈ સ્થિત રહે.

परिक्कमे परिकिलंते, अदुवा चिट्ठे अहायते ।
ठाणेण परिकिलंते, णिसीएज्ज य अंतसो ।।

જો બેઠા-બેઠા અથવા સૂતાં-સૂતાં થાકી જાય તો થોડા આંટા મારે અથવા ઊભો રહે યા ઈચ્છાનુસાર આસન બદલે. ઊભા-ઊભા થાકી જાય તો અંતે બેસી જાય યા સૂઈ જાય.

आसीणेऽणेलिसं मरणं इन्दियाणि समीरते ।
कोलावासं समासज्ज, वितहं पादुरेसए ।।

આવા અનુપમ મરણને સ્વીકારી મુનિ પોતાની ઈન્દ્રિયોને વિષયોથી નિવૃત્ત કરી સંયમમાં રાખે, ટેકો લેવા માટે પાછળ પાટિયું રાખ્યું હોય અને તેમાં જીવ-જંતુ હોય તો તેને બદલી બીજા નિર્દોષ પાટિયાની ગવેષણા કરે.

जतो वज्जं समुप्पज्जे, ण तत्थ अवलंबए ।
ततो उक्कसे अप्पाणं, सव्वे फासे अहियासए ।।

— *आ. सु. १, अ. ८, उ. ८, गा. २७-३३*

જે વસ્તુના અવલંબનથી પાપની ઉત્પત્તિ થાય તેનું અવલંબન ન લેવું જોઈએ. પોતાના આત્માને પાપમય વ્યાપારથી દૂર કરે અને આવતા પરીષહોને સમભાવપૂર્વક સહન કરે.

जस्स णं भिक्खुस्स एवं भवति–

જે મુનિને એવી પ્રતીતિ થાય કે -

"से गिलामि च खलु अहं इमंमि समए इमं सरीरगं अणुपुव्वेण परिवहित्तए" से अणुपुव्वेणं आहारं संवट्टेज्जा,

"હવે આ શરીરને ટકાવવા હું અસમર્થ છું" તો તે ધીરે ધીરે આહારને ઓછો કરે.

अणुपुव्वेणं आहारं संवट्टित्ता कसाए पयणुए किच्चा, समाहियच्चे, फलगावयट्ठी, उट्ठाय भिक्खू अभिनिव्वुडच्चे ।

આહાર ઓછો કરી કષાયોને પાતળા કરે અને શારીરિક વ્યાપારોને નિયમિત કરી લાકડાના પાટિયાની જેમ નિશ્ચેષ્ટ થઈ શારીરિક સંતાપથી રહિત થઈ પંડિત મરણને માટે તૈયાર થઈ જાય.

अणुपविसित्ता गामं **वा-जाव**-रायहाणिं वा तणाइं जाएज्जा, तणाइं जाइत्ता सेत्तमायाए एगंतमवक्कमिज्जा, एगंतमवक्कमित्ता अप्पंडे-**जाव**-मक्कडा-संताणए पडिलेहिय-पडिलेहिय, पमज्जिय-पमज्जिय तणाइं संथरेज्जा, तणाइं संथरेत्ता एत्थ वि समए 'इत्तरियं' कुज्जा ।

આવા મુનિએ ગામ **યાવત્** રાજધાનીમાં પ્રવેશ કરી ઘાસની યાચના કરવી જોઈએ. ઘાસ લઈ એકાંત સ્થાનમાં જવું જોઈએ. ત્યાં ઈંડા, **યાવત્** કરોળિયાનાં જાળાદિથી રહિત જમીનનું વારંવાર પ્રતિલેખન કરે અને વારંવાર પ્રમાર્જન કરે, તેમ કરી ઘાસની શૈયા પાથરે અને તેના પર 'ઈત્વરિક અનશન અંગીકાર કરે.'

तं सच्चं, सच्चवादी ओए तिण्णे छिण्णकहंकहे आतीतट्ठे अणातीते,

તે અનશન સત્ય છે તે સ્વીકારનાર સત્યવાદી, પરાક્રમી, રાગ-દ્વેષ રહિત, સંસારથી તરેલાની સમાન, ભય અને શંકાથી મુક્ત જીવાદિના સ્વરૂપનો જ્ઞાતા સાંસારિક બંધનોથી રહિત હોય છે.

चेच्चाण भिउरं कायं संविहूणिय विरूवरूवे परीसहोवसग्गे अस्सिविसंभणयाए भेरवमणुचिन्ने,

તે મુનિ નશ્વર શરીરનો ત્યાગ કરી, વિવિધ પ્રકારનાં પરીષહો અને ઉપસર્ગોની અવગણના કરી ભગવાનના વચન ઉપર શ્રદ્ધા રાખી કઠિનતાથી આચરવા યોગ્ય આ ઈંગિતમરણનું આચરણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थावि तस्स कालपरियाए से वि तत्थ वियंतिकारए,
इच्चेतं विमोहायतणं-हियं, सुहं, खमं, णिस्सेयसं, आणुगामियं ।

– *आ. सु. १, अ. ८, उ. ६, सु. २२४*

આ અનશનથી સમાધિમરણ પ્રાપ્ત કરે છે તે કાળ પર્યાયની સમાન છે.
તે મોહથી મુક્ત કરનાર અનશન ભિક્ષુને હિતકર, સુખકર, યોગ્ય કલ્યાણકર, પુણ્યમય છે. આવા મરણને પ્રાપ્ત કરનાર સાધુ કર્મોને ખપાવે છે તે ભવાન્તરમાં પણ સાથે ચાલનાર (ફળદાયી) છે.

**पाओवगमण अणसण गहण विहि-**

२१४२. जस्स णं भिक्खुस्स एवं भवति,
"से गिलामि च खलु अहं इमम्मि समए इमं सरीरगं अणुपुव्वेण परिवहित्तए" से अणुपुव्वेणं आहारं संवट्टेज्जा,
अणुपुव्वेणं आहारं संवट्टेत्ता कसाए पयणुए किच्चा समाहियच्चे, फलगावयट्ठी, उट्ठाय भिक्खू अभिणिव्वुडच्चे,
अणुपविसित्ता गामं वा-जाव-रायहाणिं वा तणाइं जाएज्जा-जाव-तणाइं संथरेत्ता एत्थ वि समए कायं च जोगं च इरियं च पच्चक्खाएज्जा ।

तं सच्चं-जाव-इच्चेतं विमोहायतणं हियं, सुहं, खमं, णिस्सेयसं, आणुगामियं ।

– *आ. सु. १, अ. ८, उ. ७, सु. २२८*

**પાદોપગમન અનશન ગ્રહણ વિધિ :**

૨૧૪૨. મુનિને એવી પ્રતીતિ થાય કે -
"હું આ શરીરને અનુક્રમથી ધારણ કરવામાં અસમર્થ છું" ત્યારે તે ક્રમશઃ આહારને ઓછો કરે.
આહારને ઓછો કરી કષાયોને કૃશ કરે. શરીરનાં વ્યાપારને નિયમિત કરી લાકડાના પાટિયાની જેમ સહનશીલ બની મૃત્યુ માટે તૈયાર થઈ જાય.
શરીરની શુશ્રૂષાનો ત્યાગ કરી ગામ **યાવત્** રાજધાનીમાં જઈ ઘાસની યાચના કરે. **યાવત્** ઘાસની શૈયા બિછાવે. યોગ્ય સમયે તે પર બેસી શરીરનો, શરીરના વ્યાપારનો અને સૂક્ષ્મ હલનચલનનો ત્યાગ કરી દે.
આ અનશન સત્ય છે. **યાવત્** તે મોહથી મુક્ત કરાવનાર છે, તે ભિક્ષુને હિતકર, સુખકર, કલ્યાણકર, કર્મોને ખપાવવામાં સમર્થ અને ભવાંતરમાં ફળદાયી છે.

**पाओवगमण अणसणे-**

२१४३. अयं चाततरे सिया, जे एवं अणुपालए ।
सव्व-गाय-णिरोधे वि, ठाणातो ण वि उब्भमे ।।

अयं से उत्तमे धम्मे, पुव्वट्ठाणस्स पग्गहे ।
अचिरं पडिलेहित्ता, विहरे चिट्ठ माहणे ।।

अचित्तं तु समासज्ज, ठावए तत्थ अप्पगं ।
वोसिरे सव्वसो कायं, ण मे देहे परीसहा ।।

जावज्जीवं परीसहा, उवसग्गा य संखाय ।
संवुडे देह भेदाए, इति पण्णेऽहियासए ।।

**પાદોપગમન અનશન :**

૨૧૪૩. આ પાદોપગમન અનશન ભક્ત પ્રત્યાખ્યાન અને ઈંગિત મરણની અપેક્ષાએ વિશિષ્ટ છે જે પૂર્વોક્ત વિધિથી તેનું પાલન કરે છે તે શરીરમાં તીવ્ર વેદના થવા છતાં પણ પોતાના સ્થાનથી દૂર જતો નથી.
પાદોપગમન સંથારો ઉત્કૃષ્ટ ધર્મ છે. કારણ કે પૂર્વોક્ત બંને મરણ કરતાં અધિક પ્રયત્નથી ગ્રાહ્ય છે. મુનિ નિર્દોષ ભૂમિને જોઈને પાદોપગમનની વિધિનું પાલન કરે અને કોઈ પણ અવસ્થામાં સ્થાનાન્તર ન કરે.
નિર્જીવ સ્થાન અને પાટિયાદિને પ્રાપ્ત કરી તેના પર મુનિ સ્થિત થાય. શરીરની મમતાનો સર્વથા ત્યાગ કરી દે અને વિચાર કરે કે 'આ શરીર મારું નથી તેથી મારા શરીરમાં કોઈ પરિષહ નથી".
જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી પરિષહ અને ઉપસર્ગ તો આવવાના છે. તે જાણી કાયાનો નિરોધ કરનાર દેહભેદન માટે ઉદ્યત થયેલ બુદ્ધિમાન સાધુ સમભાવથી પરિષહોને સહન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भेउरेसु णं रज्जेज्जा, कामेसु बहुतरेसु वि ।
इच्छालोभं ण सेवेज्जा, धुववण्णं सपेहिया ।।

मुनि विपुल કામભોગોને નશ્વર જાણી તેમાં રાગ ન કરે. અચલ (કીર્તિરૂપ) મોક્ષનો વિચાર કરી કોઈ પણ પ્રકારની ઈચ્છા ન કરે.

सासएहिं णिमंतेज्जा, दिव्वमायं ण सद्दहे ।
तं पडिबुज्झ माहणे, सव्वं नूमं विधूणिया ।।

આવા મુનિને કોઈ દેવ અક્ષય વૈભવ અથવા અનેક પ્રકારની ઋધ્ધિ ગ્રહણ કરવા માટે નિમંત્રણ આપે તો મુનિ તેમાં શ્રદ્ધા ન કરે. મુનિ સર્વ માયાને જાણી સત્ય સ્વરૂપને સમજી માયાથી દૂર રહે.

सव्वट्ठेहिं अमुच्छिए, आयुकालस्स पारए ।
तितिक्खं परमं णच्चा, विमोहण्णतरं हितं ।।

— *आ. सु. १, अ. ८, उ. ८, गा. ३४-४०*

સર્વ પદાર્થોમાં આસક્તિ નહિં રાખતાં તે મુનિ જીવનની પાર પહોંચી જાય છે. સહિષ્ણુતાને સર્વોત્તમ સમજી આ હિતકારી ત્રણે પંડિત મરણોમાંથી પોતાની યોગ્યતાનુસાર કોઈ પણ એક મરણને સ્વીકારે.

**अणसण गहणस्स दिसाओ-**

२१४४. दो दिसाओ अभिगिज्झ कप्पति णिग्गंथाण वा णिग्गंथीण वा अपच्छिममारणंतियसंलेहणा झूसणा झूसियाणं, भत्तपाणपडियाइक्खित्ताणं पाओवगताणं कालं अणवकंखमाणाणं विहरित्तए, तं जहा–

१. पाईणं चेव, २. उदीणं चेव ।

— *ठाणं. अ. २, उ. १, सु. ६६ (ख)*

**અનશન ગ્રહણ કરવાની દિશાઓ :**

૨૧૪૪. જે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાની આરાધનાથી યુક્ત છે, જે ભક્ત-પાનનું પ્રત્યાખ્યાન કરી ચૂકેલ છે, જે પાદોપગમન અનશનથી યુક્ત છે, જે મરણકાળની આકાંક્ષા ન કરતાં વિચરે છે, તેણે બે દિશાઓની તરફ મુખ રાખવું જોઈએ. જેમ કે - ૧. પૂર્વ અને ૨. ઉત્તર.

**अणसण फलं-**

२१४५. निज्जूहिऊण आहारं, कालधम्मे उवट्ठिए ।
जहिऊण माणुसं बोंदिं, पहू दुक्खे विमुच्चई ।।

— *उत्त. अ. ३५, गा. २०*

**અનશનનું ફળ :**

૨૧૪૫. અંતિમ કાળધર્મ ઉપસ્થિત થતાં મુનિ આહારનો ત્યાગ કરીને મનુષ્ય શરીર છોડીને દુઃખોથી વિમુક્ત બને છે.

## અવમોદરિકા-૩

**ओमोयरियाए भेया-**

२१४६. प. से किं तं ओमोयरिया ?

उ. ओमोयरिया दुविहा पण्णत्ता, तं जहा–

१. दव्वोमोयरिया य,

२. भावोमोयरिया य ।[1] वि. स. २५, उ. ७, सु. २०३

ओमोयरियं पंचहा, समासेण वियाहियं ।
दव्वओ खेत्त-कालेणं, भावेणं पज्जवेहिं य ।।

— उत्त. अ. ३०, गा. १४

**અવમોદરિકાનાં ભેદ :**

૨૧૪૬. પ્ર. અવમોદરિકા-ઊણોદરી શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ઊણોદરીના બે ભેદ કહ્યા છે, જેમ કે -

૧. દ્રવ્ય- અવમોદરિકા : ભૂખથી ઓછું ખાવું.

૨. ભાવ-અવમોદરિકા : કષાય, સંકલેશ ઓછાં કરવાં.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પર્યાયનાં ભેદથી ઉણોદરી તપ સંક્ષેપમાં પાંચ પ્રકારનાં કહ્યાં છે.

**दव्वोमोयरिया सरूवं-**

२१४७. जो जस्स उ आहारो, तत्तो ओमं तु जो करे ।
जहन्नेणेग–सित्थाई, एवं दव्वेण उ भवे ।।

— उत्त. अ. ३०, गा. १५

**દ્રવ્ય અવમોદરિકાનું સ્વરૂપ :**

૨૧૪૭. જે જેટલું ખાઈ શકે તેથી ઓછામાં ઓછું એક સિકથ અર્થાત્ (ગ્રાસ) પણ ઓછું ખાવું તે દ્રવ્ય-ઊણોદરી તપ છે.

**दव्वोमोयरियाए भेयप्पभेया -**

२१४८. प. से किं तं दव्वोमोयरिया ?

उ. दव्वोमोयरिया दुविहा पण्णत्ता, तं जहा–

**દ્રવ્ય અવમોદરિકાનાં ભેદ-પ્રભેદ :**

૨૧૪૮. પ્ર. દ્રવ્ય અવમોદરિકા શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. દ્રવ્ય અવમોદરિકાનાં બે ભેદ કહ્યા છે, જેમ કે -

१. उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. उवगरण-दव्वोमोयरिया य,

२. भत्तपाण-दव्वोमोयरिया य,[1]

प. से किं तं उवगरण-दव्वोमोयरिया ?

उ. उवगरण-दव्वोमोयरिया तिविहा पण्णत्ता, तं जहा–

१. एगे वत्थे, २. एगे पाए,

३. चियत्तोवकरण-साइज्जणया,[2]

से त्तं उवगरण-दव्वोमोयरिया ।

प. से किं तं भत्तपाण-दव्वोमोयरिया ?

उ. भत्तपाण-दव्वोमोयरिया अणेगविहा पण्णत्ता, तं जहा–

१. अट्ठ कुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे अप्पाहारे ।

२. दुवालस कुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे अवड्ढ मोयरिया ।

३. सोलस कुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे दुभागपत्तोमोयरिया ।

४. चउवीसं कुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे तिभागपत्ते, अंसिया ओमोयरिया ।

५. एक्कतीसं कुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे किंचूणोमोयरिया ।

६. बत्तीसं कुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे पमाणपत्ते ।

७. एत्तो एगेण वि घासेणं ऊणयं आहारमाहारेमाणे समणे णिग्गंथे णो पकामभोइत्ति वत्तव्वं सिया ।

से त्तं भत्तपाण-दव्वोमोयरिया, से त्तं दव्वोमोयरिया ।[3]

– *वि. स. २५, उ. ७, सु. २०४-२०६*

૧. ઉપકરણ-દ્રવ્ય અવમોદરિકા- વસ્ત્ર આદિ ઉપયોગી સામગ્રીનો અલ્પ ઉપયોગ કરવો.

૨. ભક્ત- પાન અવમોદરિકા - ખાદ્ય, પેય પદાર્થોનો અલ્પ ઉપયોગ કરવો.

પ્ર. ઉપકરણ દ્રવ્ય-અવમોદરિકા શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ઉપકરણ દ્રવ્ય અવમોદરિકાનાં ત્રણ ભેદ કહ્યા છે, જેમ કે -

૧. એક વસ્ત્ર રાખવું, ૨. એક પાત્ર રાખવું.

૩. ત્યક્ત (પરિભુક્ત) ઉપકરણ ગ્રહણ કરવું. આ ઉપકરણ-દ્રવ્ય અવમોદરિકા છે.

પ્ર. ભક્તપાન- દ્રવ્ય અવમોદરિકા શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ભક્તપાન- દ્રવ્ય અવમોદરિકાનાં અનેક ભેદ બતાવ્યા છે, જેવાં કે -

૧. પોતાના મુખ પ્રમાણ આઠ કવલ (કોળિયા) આહાર કરવાથી અલ્પાહાર કહેવાય છે.

૨. પોતાના મુખ પ્રમાણ બાર કવલ આહાર કરવાથી અલ્પ અર્ધ ઊણોદરિકા કહેવાય છે.

૩. પોતાના મુખ પ્રમાણ સોલ (૧૬) કવલ આહાર કરવાથી અર્ધ ઊણોદરી કહેવાય છે.

૪. પોતાના મુખ પ્રમાણ ચોવીસ (૨૪) કવલ આહાર કરવાથી ત્રણ ભાગ આહાર અને એકભાગ ઊણોદરી કહેવાય છે.

૫. પોતાના મુખ પ્રમાણ એકત્રીસ (૩૧) કવલ આહાર કરવાથી કિંચિત માત્ર ઊણોદરી કહેવાય છે.

૬. પોતાના મુખ પ્રમાણ બત્રીસ (૩૨) કવલ આહાર કરવાથી પ્રમાણ મુજબ આહાર કહેવાય છે.

૭. એક કવલ પણ અલ્પ આહાર કરવાવાળો શ્રમણ નિર્ગ્રન્થ પ્રકામ ભોજી કહી શકાતો નથી.

આ ભક્તપાન-દ્રવ્ય અવમોદરિકા છે. આ દ્રવ્ય અવમોદરિકા છે.

---

१. ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં આ ભેદ સરખા છે પરન્તુ ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણામાં ઊણોદરી તપના ત્રણ ભેદ આ પ્રમાણે કર્યા છે.

तिविहा ओमोयरिया पण्णत्ता, तं जहा –

(१) उवगरणोमोयरिया, (२) भत्तपाणोमोयरिया, (३) भावोमोयरिया । – ठाणं. अ. ३, उ. ३, सु. १८८ (क)

२. ठाणं. अ. ३, उ. ३, सु. १८८ (ख)

३. (क) वि. स. ७, उ. १, सु. १९ (ख) उव. सु. ३० (ग) वव. उ. ८, सु. १७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**खेत्त ओमोयरिया-**

२१४९. गामे नगरे तह रायहाणि, निगमे य आगरे पल्ली ।
खेडे कब्बड-दोणमुह, पट्टण-मडम्ब संबाहे ।।
आसमपए विहारे, सन्निवेसे समाय-घोसे य ।
थलि सेणा खंधारे, सत्थे संवट्ट-कोट्टे य ।।
वाडेसु व रच्छासु व, घरेसु वा एवमित्तियं खेत्तं ।
कप्पइ उ एवमाई, एवं खेत्तेण ऊ भवे ।।

पेडा य अद्धपेडा, गोमुत्ति-पयंगवीहिया चेव ।
सम्बुक्कावट्टाययगंतुं, पच्चागया छट्ठा ।।[1]
– उत्त. अ. ३०, गा. १६-१९

**ક્ષેત્ર-અવમોદરિકા :**

૨૧૪૯. ગામ, નગર, રાજધાની, નિગમ, આકર, પલ્લી, ખેડ, કર્વટ, દ્રોણમુખ, પત્તન, મડંબ, સંબાધ-

આશ્રમપદ, વિહાર, સન્નિવેશ, સમાજ, ઘોષ, સ્થલી, સેના-શિબિર, સાર્થ, સંવર્ત, કોટ-

પાડા, ગલી કે ઘર આદિ ક્ષેત્રોમાં "મારે નિર્ધારિત ક્ષેત્રોમાં ભિક્ષા માટે જવું કલ્પે છે" આવી પ્રતિજ્ઞા કરનારને ક્ષેત્રથી ઊણોદરી તપ છે.

અથવા પ્રકારાન્તરે (૧) પેટા, (૨) અર્ધપેટા, (૩) ગોમૂત્રિકા, (૪) પતંગ-વીથિકા, (૫) શમ્બૂકાવર્તા અને (૬) જતાં-આવતાં.

આ છ પ્રકારની પ્રતિજ્ઞાથી આહાર ગ્રહણ કરવો એ પણ ક્ષેત્રથી ઊણોદરી તપ છે.

**काल ओमोयरिया-**

२१५०. दिवसस्स पोरिसीणं चउण्हं पि उ जतिओ भवे कालो ।
एवं चरमाणो खलु, कालोमाणं मुणेयव्वो ।।

अहवा तइयाए पोरिसीए, ऊणाइ घासमेसतो ।
चउभागूणाए वा, एवं कालेण ऊ भवे ।।
– उत्त. अ. ३०, गा. २०-२१

**કાળ-અવમોદરિકા :**

૨૧૫૦. દિવસના ચાર પહોર હોય છે, તે ચાર પહોરમાં ભિક્ષાના નિયત સમયે ભિક્ષા માટે જવું એ કાળથી ઊણોદરી તપ છે.

અથવા કંઈક ન્યૂન (ચોથો ભાગ વગેરે) ઓછો ભાગ કરીને, તૃતીય પહોરમાં ભિક્ષાની ઈચ્છા કરવી તે કાળથી ઊણોદરી તપ છે.

**भाव ओमोयरिया-**

२१५१. इत्थी वा पुरिसो वा, अलंकिओवाऽणलंकिओ वा वि ।
अन्नयरवयत्थो वा, अन्नयरेणं व वत्थेणं ।।
अन्नेण विसेसेणं, वण्णेणं भावमणुमुयन्ते उ ।
एवं चरमाणो खलु, भावोमाणं मुणेयव्वो ।।[2]
– उत्त. अ. ३०, गा. २२-२३

प. से किं तं भावोमोयरिया ?

उ. भावोमोयरिया अणेगविहा पण्णत्ता, तं जहा–

**ભાવ-અવમોદરિકા :**

૨૧૫૧. સ્ત્રી અથવા પુરુષ, અલંકૃત અથવા અનલંકૃત, વિશિષ્ટ આયુ અને અમુક રંગના વસ્ત્ર, અમુક રંગ તેમજ ભાવયુક્ત દાતા પાસે જ ભિક્ષા લેવી, બીજી રીતે નહીં. આ પ્રકારની ચર્યાવાળા મુનિને ભાવ ઊણોદરી તપ છે.

પ્ર. ભાવ-અવમોદરિકા શું છે ?

ઉ. ભાવ-અવમોદરિકા અનેક પ્રકારની કહી છે, જેમ કે -

---

१. (क) ठाणं. अ. ६, सु. ५१४, (ख) दसा. द. ७, सु. ६

२. (क) उव. सु. ३०

(ખ) વિવાહપણ્ણત્તિ તથા ઉવવાઈ સૂત્રમાં ઊણોદરી તપના બે ભેદ છે અને ઉત્તરાધ્યયનમાં ઊણોદરી તપના સંક્ષેપમાં પાંચ ભેદ છે. જો કે પાંચની અપેક્ષાએ બેની સંખ્યા ઓછી છે છતાં પણ વિવાહપણ્ણત્તિ અને ઉવવાઈ સૂત્રના બે ભેદમાં આહાર, ઉપકરણ અને કષાય આદિથી સર્વ પ્રકારે ઊણોદરીનું વર્ણન છે અને ઉત્તરાધ્યયનમાં માત્ર આહારની અપેક્ષાએ પાંચ ભેદનું વિવેચન કર્યું છે. ઉપકરણ અને કષાય ઊણોદરીનું કથન કરવામાં આવ્યું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पकोहे, अप्पमाणे, अप्पमाए, अप्पलोहे, अप्पसद्दे, अप्पझंझे, अप्पतुमंतुमे । से त्तं भावोमोयरिया ।
से त्तं ओमोयरिया ।

– वि. स. २५, उ. ७, सु. २०७

ક્રોધ, માન, માયા અને લોભની પ્રવૃત્તિ ઓછી કરવી, ક્રોધ આદિનાં આવેશથી શબ્દ પ્રવૃત્તિને, કલહોત્પાદક વચનને તથા હુંકાર-તુંકારાની પ્રવૃત્તિને ઓછી કરવી. આ ભાવ અવમોદરિકાનું સ્વરૂપ છે. આ અવમોદરિકા છે.

**पज्जव ओमोयरिया-**

२१५२. दव्वे खेत्ते काले भावम्मि य, आहिया उ जे भावा ।
एएहिं ओमचरओ, पज्जवचरओ भवे भिक्खू ।।

– उत्त. अ. ३०, गा. २४

**પર્યવ-અવમોદરિકા :**

૨૧૫૨. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં જે જે પર્યાય કહ્યા છે તે બધાથી ઊણોદરી તપ કરનાર "પર્યવચરક" હોય છે.

## ભિક્ષાચર્યા – ૪

**भिक्खायरिया सरूवं-**

२१५३. अट्ठविहगोयरग्गं तु,[1] तहा सत्तेव एसणा ।
अभिग्गहा य जे अन्ने, भिक्खायरियमाहिया ।।

– उत्त. अ. ३०, गा. २५

**ભિક્ષાચર્યાનું સ્વરૂપ :**

૨૧૫૩. આઠ પ્રકારનાં ગોચરાગ્ર, સપ્તવિધ એષણાઓ અને બીજા અનેક પ્રકારનાં અભિગ્રહ તે ભિક્ષાચર્યા તપ કહેવાય છે.

**भिक्खायरिया पगारा-**

२१५४. प. से किं तं भिक्खायरिया ?[2]

उ. भिक्खायरिया अणेगविहा पण्णत्ता, तं जहा–

१. दव्वाभिग्गहचरए ।

२. खेत्ताभिग्गहचरए ।

३. कालाभिग्गहचरए ।

४. भावाभिग्गहचरए ।

५. उक्खित्तचरए ।

६. निक्खित्तचरए।

**ભિક્ષાચર્યાના પ્રકારો :**

૨૧૫૪. પ્ર. ભિક્ષા ચર્યા કેટલા પ્રકારની છે ?

ઉ. ભિક્ષા ચર્યા અનેક પ્રકારની કહી છે, જેમ કે-

૧. દ્રવ્યની મર્યાદા માટે અભિગ્રહ કરી આહાર લેવો.

૨. ગ્રામાદિ ક્ષેત્રોમાંથી કોઈ એક ક્ષેત્રનો અભિગ્રહ કરી આહાર લેવો.

૩. દિવસના અમુક ભાગમાં આહાર લેવાનો અભિગ્રહ કરવો.

૪. અમુક ઉંમર કે વર્ણવાળા પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

૫. કોઈ અમુક વાસણમાં ભોજન કાઢનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

૬. કોઈ અમુક વાસણમાં ભોજન નાખનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

---

૧. ઉત્ત. અ. ૩૦, ગા. ૧૯માં ક્ષેત્ર અવમોદરિકામાં ગોચરીના ૬ પ્રકાર કહ્યા છે. તેમજ દશા. દ. ૭, સુ. ૬માં પ્રતિમાધારી ભિક્ષુની ૬ પ્રકારની ગોચરી કહી છે. તેને જ અહીં એક અપેક્ષાએ આઠ પ્રકારની ભિક્ષાચરી કહી છે. સંખાવર્તના આભ્યંતર અને બાહ્ય બે ભેદ કરવાથી તથા ગંતુંપ્રત્યાગતા ના 'જતાં સમયે' અને 'આવતાં સમયે' એમ બે ભેદ કરવાથી ગોચરીના આઠ પ્રકાર થાય છે.

૨. "ભિક્ષાચર્યા" એ છ પ્રકારના બાહ્યતપોમાંથી એક પ્રકારનું તપ છે. અને એ નિર્જરાનો હેતુ છે છતાં પણ અભિગ્રહ યુક્ત ભિક્ષાચર્યા જ તપ છે માટે તેનું વર્ણન તપાચારમાં લેવામાં આવ્યું છે તથા સામાન્ય ભિક્ષાચર્યા એષણા સમિતિનો વિષય છે માટે તેનું સંપૂર્ણ વર્ણન "એષણા સમિતિ"માં આપ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ७. उक्खित्त-निक्खित्तचरए । | ७.કોઈ એક વાસણમાંથી ભોજન લઈ બીજા વાસણમાં નાખનારની પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| ८. निक्खित्त-उक्खित्तचरए । | ૮. કોઈ એક વાસણમાં કાઢેલા ભોજનને બીજા વાસણમાં લેનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| ९. वट्टिज्जमाणचरए । | ૯. કોઈના માટે થાળીમાં પીરસેલો આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १०. साहरिज्जमाणचरए । | ૧૦. થાળીમાં ઠારેલા ભોજનને બીજા વાસણમાં લેનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| ११. उवणीयचरए । | ૧૧. આહારની પ્રશંસા કરી આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १२. अवणीयचरए । | ૧૨. આહારની નિંદા કરી આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १३. उवणीय-अवणीयचरए । | ૧૩. જે આહારની પહેલાં પ્રશંસા કરે અને પછી નિંદા કરે તેની પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १४. अवणीय-उवणीयचरए । | ૧૪. જે આહારની પહેલાં નિંદા કરે અને પછી પ્રશંસા કરે તેની પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १५. संसट्ठचरए । | ૧૫. ખરડાયેલા હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १६. असंसट्ठचरए ।[1] | ૧૬. સ્વચ્છ હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |
| १७. तज्जायसंसट्ठचरए । | ૧૭. દીધેલા પદાર્થથી ખરડાયેલા હાથ, પાત્ર કે ચમચા દ્વારા દીધેલો આહાર લેવા માટે અભિગ્રહ કરવો. |
| १८. अण्णायचरए । | ૧૮. અજ્ઞાત સ્થાન (જ્યાં સાધુની પ્રતિક્ષા ન થતી હોય) માંથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. |

---

૧. **અસંસૃષ્ટ ચરક** - અલિપ્ત હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો નિષેધ આ. શ્રુ. ૨, અ. ૧, ઉ. ૬, સુ. ૩૬૦માં તથા દશવૈકાલિક અ. ૫, ઉ. ૧, ગા. ૩૨માં છે. કારણ કે લિપ્ત હાથ આદિ ધોવાથી પશ્ચાત્ કર્મ દોષ લાગે છે.

જો એમ જાણ થાય કે પશ્ચાત્ કર્મ દોષ નથી લાગ્યો તો જ એ અભિગ્રહવાળો આહાર લઈ શકાય છે. સર્વ વ્યાખ્યાકારોએ એમ સ્પષ્ટીકરણ કરેલું છે.

આચા. શ્રુ. ૨, અ. ૧, ઉ. ૧૧માં પિંડેષણામાં પણ પહેલી પડિમા છે. "અસંસૃષ્ટ હાથ, પાત્ર કે ચમચાથી જ આહાર લેવો." ભુંજેલા ચણા, ચોખા, જવ, જુવાર, મકાઈ આદિ ખાદ્ય પદાર્થ અલિપ્ત આહાર છે. એવો અલિપ્ત આહાર લેવાથી પશ્ચાત્ કર્મદોષની સંભાવના રહેતી નથી. ભિક્ષાદાતા જો વિવેકથી લિપ્ત પદાર્થ આપે તો એવા પદાર્થ લેવામાં પણ પશ્ચાત્ કર્મદોષ લાગતો નથી. આ "અસંસૃષ્ટ ચરક," અભિગ્રહમાં એ જ પ્રમાણે વિવેકપૂર્વક આહાર લેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९. मोणचरए । — १૯. મૌન રાખી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२०. दिट्ठलाभिए ।[१] — ૨૦. દેખાતો આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२१. अदिट्ठलाभिए ।[२] — ૨૧. ન દેખાતો આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२२. पुट्ठलाभिए । — ૨૨. "તમને શું જોઈએ ?" એમ પૂછી આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२३. अपुट्ठलाभिए । — ૨૩. પૂછ્યા વગર આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२४. भिक्खलाभिए ।[३] — ૨૪. "મને ભિક્ષા આપો" એમ કહેવાથી આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२५. अभिक्खलाभिए ।[४] — ૨૫. "ભિક્ષા આપો". એવું કંઈ કહ્યા વગર પોતાની મેળે આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२६. अण्णगिलायए ।[५] — ૨૬. આજનું બનેલું ન લેવાનો અભિગ્રહ કરવો.

२७. ओवणिहिए । — ૨૭. દાતા પાસે પડેલો આહાર લેવાનો અભિગ્રહ કરવો.

२८. परिमिय-पिंडवाइए, । — ૨૮. પરિમિત દ્રવ્યો લેવાનો અભિગ્રહ કરવો.

२९. सुद्धेसणिए ।[६] — ૨૯. એષણામાં કોઈ પણ અપવાદ સેવવો નહિ એવો અભિગ્રહ કરવો.

३०. संखादत्तिए, ।[७] — ૩૦. દાતીનું પરિમાણ નક્કી કરીને આહાર લેવાનો અભિગ્રહ કરવો.

से त्तं भिक्खायरिया । — આ ભિક્ષાચર્યા તપ કહેવાય.

*– वि. स. २५, उ. ७, सु. २०८*

---

(૧) દિટ્ઠલાભિએ - ગૃહસ્થના ઘરમાં જેટલાં ખાદ્ય પદાર્થ સામે દેખાય છે તેમાંથી જ પોતાની આવશ્યકતા અનુસાર આહાર લેવો "દિટ્ઠલાભિએ" અભિગ્રહ છે.

(૨) અદિટ્ઠલાભિએ - ગૃહસ્થના ઘરમાં જે ખાદ્ય પદાર્થ સામે ન દેખાય એવા પડ્યા હોય તેમાંથી જ આહાર લેવો 'અદિટ્ઠલાભિએ" અભિગ્રહ છે.

(૩) ભિક્ખલાભિએ - દાતા પોતાના તરફથી ભિક્ષા ન આપે એવી સ્થિતિમાં શ્રમણ પોતે ગૃહસ્થને કહે - "જો પ્રાસુક એષણીય શુદ્ધ આહાર હોય તો મને આપો" - એમ કહેવાથી જે આહાર દાતા દ્વારા મળે તે જ લેવો, તે "ભિક્ખલાભિએ" અભિગ્રહ છે.

(૪) અભિક્ખલાભિએ - ભિક્ષુના કંઈ પણ કહ્યા વિના દાતા પોતે જ જો પ્રાસુક અને એષણીય આહાર આપે તે લેવો "અભિક્ખલાભિએ" અભિગ્રહ છે.
જો કે બધા જ શ્રમણ ભિક્ષાવૃત્તિથી જ આહાર ગ્રહણ કરે છે. છતાં પણ 'ભિક્ખલાભિએ' અને 'અભિકખલાભિએ' એ બન્ને અભિગ્રહ છે માટે અહીં તેની વિશેષ વ્યાખ્યા કરવામાં આવી છે.

(૫) અન્નગિલાયએ - જે ખાદ્ય પદાર્થ રુચિકર ન હોય એવો ખાદ્ય પદાર્થ અથવા ઘણા દિવસો પહેલાં બનેલો ખાદ્યપદાર્થ લેવો - એ "અન્નગિલાયએ" અભિગ્રહ છે.

(૬) સુદ્ધેસણિએ - આહાર, ઉપાશ્રય, વસ્ત્ર, પાત્ર પીઠ, ફલગ આદિ આવશ્યક સામગ્રીની હંમેશા અપવાદ રહિત શુદ્ધ એષણા જ કરવી. એ "સુદ્ધેસણિએ" અભિગ્રહ છે.

(૭) (क) सूय. सु. २, अ. २, सु. ७१४ (ख) उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-जाव-अब्भणुन्नायाइं भवंति, तं जहा–

१. उक्खित्तचरए,

२. णिक्खित्तचरए,

३. अंतचरए,

४. पंतचरए,

५. लूहचरए ।

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનની **યાવત્** આજ્ઞા આપી છે, જેમ કે -

૧. **ઉત્ક્ષિપ્તચરક** : રાંધવાનાં વાસણથી કાઢેલો આહાર ગ્રહણ કરવો.

૨. **નિક્ષિપ્તચરક** : રાંધવાનાં વાસણમાંથી આહાર ગ્રહણ કરવો.

૩. **અન્તચરક** : પરિવારવાળાનું ભોજન પૂરું થયા બાદ વધેલા આહારને ગ્રહણ કરવો.

૪. **પ્રાન્તચરક** : તુચ્છ આહાર લેવાનો અભિગ્રહ કરવો.

૫. **રુક્ષચરક** : રસ રહિત લુખો આહાર ગ્રહણ કરવો.

पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-जाव-अब्भणुन्नायाइं भवंति, तं जहा–

१. अण्णायचरए,

२. अण्णगिलायचरए,

३. मोणचरएप,

४. संसट्ठकप्पिए,

५. तज्जातसंसट्ठकप्पिए ।

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થો માટે પાંચ અભિગ્રહ સ્થાનની **યાવત્** આજ્ઞા આપી છે, જેમ કે -

૧. **અજ્ઞાતચરક** : પોતાની જાતિ-કુળ ઈત્યાદિ બતાવ્યા વગર અથવા અજ્ઞાત ગૃહસ્થ પાસેથી આહાર લેવો.

૨. **અન્નગ્લાયચરક** : આજનો બનેલો ન હોય એવો આહાર લેવો.

૩. **મૌનચરક** : મૌન રહીને ભિક્ષા લેવી.

૪. **સંસૃષ્ટકલ્પિક** : ખરડાયેલા હાથ કે ચમચા આદિથી ભિક્ષા લેવી.

૫. **તજ્જાત-સંસૃષ્ટ કલ્પિક** : દીધેલા દ્રવ્યથી ખરડાયેલા હાથ આદિથી ભિક્ષા લેવી.

पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-जाव-अब्भणुन्नायाइं भवंति, तं जहा–

१. उवणिहिए,

२. सुद्धेसणिए,

३. संखादत्तिए,

४. दिट्ठलाभिए,

५. पुट्ठलाभिए ।

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થ માટે પાંચ અભિગ્રહ સ્થાનની **યાવત્** આજ્ઞા આપી છે, જેમ કે -

૧. **ઔપનિધિક** : પાસે રાખેલા આહારને જ લેવો.

૨. **શુદ્ધૈષણિક** : નિર્દોષ આહારની જ ગવેષણા કરવી.

૩. **સંખ્યાદત્તિક** : અલ્પ માત્રામાં દાતીનો નિયમ કરી આહાર લેવો.

૪. **દૃષ્ટલાભિક** : સામે રાખેલા આહાર-પાણી જ લેવાં.

૫. **પૃષ્ટલાભિક** : 'શું લેશો ?' એવું પૂછવામાં આવે પછી જ ભિક્ષા લેવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-**जाव**-अब्भणुन्नायाइं भवंति, तं जहा–

१. आयंबिलिए,

२. णिव्विइए,

३. पुरिमड्ढिए,

४. परिमियपिंडवाइए,

५. भिण्णपिंडवाइए ।

– *ठाणं. अ. ५, उ. १, सु. ३९६*

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થો માટે પાંચ અભિગ્રહ સ્થાનની **યાવત્** આજ્ઞા આપી છે, જેમ કે -

૧. **આચામ્લિક** : આયંબિલ કરનાર.

૨. **નિર્વિકૃતિક** : ઘી આદિ વિકૃતિઓનો ત્યાગ કરનાર.

૩. **પૂર્વાર્ધિક** : દિવસનાં પૂર્વાર્ધમાં આહાર ન કરવાના નિયમવાળો.

૪. **પરિમિતપિન્ડપાતિક** : અલ્પ દ્રવ્યોની ભિક્ષા લેનાર.

૫. **ભિન્નપિન્ડપાતિક** : ટુકડે- ટુકડા કરેલા પદાર્થોની ભિક્ષા લેનાર.

## રસ-પરિત્યાગ - ૫

**रस-परिच्चाय सरूवं-**

२१५५. खीर-दहि-सप्पिमाई, पणीयं पाणभोयणं ।
परिवज्जणं रसाणं तु, भणियं रसविवज्जणं ।।

– *उत्त. अ. ३०, गा. २६*

**રસ પરિત્યાગનું સ્વરૂપ :**

૨૧૫૫. દૂધ,દહીં,ઘી આદિ સ્નિગ્ધ ભોજન તથા રસોના ત્યાગને રસવિવર્જન તપ કહેવાય છે.

**रस-परिच्चाय-पगारा-**

२१५६. प. से किं तं रसपरिच्चाए ?

उ. रसपरिच्चाए अणेगविहे पण्णत्ते, तं जहा–

१. निव्वीइए,

२. पणीय-रस-परिच्चाए,

३. आयंबिलिए

४. आयामसित्थभोई,

५. अरसाहारे

६. विरसाहारे,

७. अंताहारे

८. पंताहारे

**રસ પરિત્યાગનાં પ્રકારો :**

૨૧૫૬. પ્ર. રસ-પરિત્યાગ શું છે ? તે કેટલા પ્રકારનો છે ?

ઉ. રસ-પરિત્યાગ અનેક પ્રકારનો છે, જેમ કે -

૧. **નિર્વિકૃતિક** : વિગય રહિત આહાર કરવો.

૨. **પ્રણીત રસ પરિત્યાગ** : અતિ સ્નિગ્ધ અને સરસ આહારનો ત્યાગ કરવો.

૩. **આયંબિલ** : લવણ આદિ ષટ્રસ તથા વિગય રહિત એક દ્રવ્યને અચિત્ત પાણીમાં પલાળી દિવસમાં એક જ વાર ખાવું.

૪. **આયામ સિકથભોજી** : ઓસામણ આદિનાં પાણીમાં રહેલા અન્ન કણોને ખાવા અથવા અત્યંત અલ્પમાત્રાના પદાર્થો લઈ આયંબિલ કરવું.

૫. **અરસાહાર** : નિરસ આહાર કરવો.

૬. **વિરસાહાર** : જૂના અનાજનો બનેલો આહાર લેવો.

૭. **અન્તાહાર** : ભોજન બાદ બચેલો આહાર કરવો.

૮. **પ્રાન્તાહાર** : તુચ્છ આહાર કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९. लूहाहारे,[1]

से तं रसपरिच्चाए ।[2]

– वि. स. २५, उ. ७, सु. २०९

૯. **રુક્ષાહાર** : લુખો આહાર કરવો.

તેને રસ પરિત્યાગ કહેવાય છે.

पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-जाव-अब्भणुन्नायाइं भवंति, तं जहा–

१. अरसजीवी,

२. विरसजीवी,

३. अंतजीवी,

४. पंतजीवी,

५. लूहजीवी,

– ठाणं. अ. ५, उ. १, सु. ३९६

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનની **યાવત્** આજ્ઞા આપી છે, જેમ કે-

૧. **અરસજીવી** : યાવત્ જીવન કે લાંબા કાળ માટે નિરસ આહાર કરવો.

૨. **વિરસજીવી** : યાવત્ જીવન કે લાંબા સમય માટે વિરસ આહાર લેવો.

૩. **અંત્યજીવી** : યાવત્ જીવન કે લાંબા સમય માટે વધેલો આહાર લેવો.

૪. **પ્રાન્તજીવી** : યાવત્ જીવન કે લાંબા સમય માટે તુચ્છ આહાર લેવો.

૫. **રુક્ષજીવી** : યાવત્ જીવન કે લાંબા સમય માટે રુક્ષ આહાર લેવો.

## કાય-ક્લેશ – ૬

**कायकिलेस सरूवं-**

२१५७. ठाणा वीरासणाईया, जीवस्स उ सुहावहा ।
उग्गा जहा धरिज्जन्ति, कायकिलेसं तमाहियं ।।

– उत्त. अ. ३०, गा. २७

**કાય-ક્લેશનું સ્વરૂપ :**

૨૧૫૭. આત્મા માટે (સુખકારક) વીરાસન આદિ આસનોનું સેવન કરવામાં આવે છે તે કઠિન હોવાથી કાય-ક્લેશ તપ કહેવાય છે.

**अणेगविहे कायकिलेसे-**

२१५८. प. से किं तं कायकिलेसे ?

उ. कायकिलेसे अणेगविहे पण्णत्ते, तं जहा–

१. ठाणट्ठिइए,

२. उक्कुडुयासणिए,

३. पडिमट्ठाई,

४. वीरासणिए,

५. नेसज्जिए,

६. आयावए,

**કાય-ક્લેશના પ્રકારો :**

૨૧૫૮. પ્ર. કાય-ક્લેશ શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. કાય-ક્લેશ અનેક પ્રકારનો કહ્યો છે, જેમ કે -

૧. **સ્થાનસ્થિતિક** : એક આસન પર સ્થિર રહેવું.

૨. **ઉત્કુટુકાસનિક** : ગાય દોહવા બેસે એવી રીતે ઉકડુ બેસીને માથા પર અંજલી કરવી.

૩. **પ્રતિમા સ્થાયી** : એક રાત આદિનો સમય નક્કી કરી કાયોત્સર્ગ કરવો.

૪. **વીરાસનિક** : ખુરશી પર બેઠેલ વ્યક્તિ તેની નીચેથી ખુરશી ખસેડી લેતાં જે સ્થિતિ થાય છે એવા આસન પર સ્થિર રહેવું.

૫. **નૈષધિક** : પલોઠી વાળીને બેસવું.

૬. **આતાપક** : સૂર્યતાપ આદિની આતાપના લેવી.

---

१. ठाणं अ. ५, उ. १, सु. ३९६માં અરસાહાર આદિ પાંચ પ્રકાર કહ્યા છે.

२. उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. अवाउडए, — ૭. **અપ્રાવૃતક** : શરીરને વસ્ત્રાદિથી ઢાંકવું નહિ.

८. अकंडुयए, — ૮. **અકન્ડૂયક** : ખંજવાળ આવવા છતાં શરીરને ખંજવાળવું નહિ.

९. अणिट्ठूहए, — ૯. **અનિષ્ઠીવક** : થૂંક, કફ આદિ આવવા છતાં પણ થૂંકવું નહિ.

१०. सव्वगाय-परिकम्म-विभूसा य विप्पमुक्के, — ૧૦. **સર્વ-ગાત્ર પરિકર્મ તથા વિભૂષા-વિપ્રમુક્ત** : શરીરનાં બધા જ સંસ્કાર, શૃંગાર આદિથી વિરકત રહેવું.

से तं कायकिलेसे,[१] — આને કાય કલેશ કહેવાય છે.

*– वि.स. २५, उ. ७, सु. २१०*

पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-जाव-अब्भणुन्नायाइं भवंति, तं जहा–

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ સ્થાન આચરવા યોગ્ય કહ્યા છે. **યાવત્** સ્વીકાર્યા છે, જેમ કે-

१. दंडायतिए, — ૧. **દંડાયતિક** : દંડવત્ સીધા, લાંબા પગ કરીને સૂવું.

२. लगंडसाई, — ૨. **લગન્ડશાયી** : માથું અને એડીને જમીન પર ટેકવી બાકી શરીરને ઉપર ઉઠાવીને સૂવું.

३. आतावए, — ૩. **આતાપક** : ઠંડી અને ગરમી સહન કરવી.

४. अवाउडए, — ૪. **અપ્રાવૃતક** : વસ્ત્ર રાખવા નહિ.

५. अकंडुयए, — ૫. **અકન્ડૂયક** : શરીર ખંજવાળવું નહી.

*– ठाणं. अ. ५ उ. १, सु. ३९६*

पंच णिसिज्जाओ पण्णत्ताओ, तं जहा-

પાંચ બેસવાનાં પ્રકાર કહ્યા છે, જેમ કે-

१. उक्कुडया — ૧. **ઉત્કટુકા** : નિતંબ ટેકવ્યા વગર પગ ટેકવીને બેસવું.

२. गोदोहिया, — ૨. **ગોદોહિકા** : ગાય દોહવા બેસનારની જેમ બેસવું.

३. समपायपुत्ता, — ૩. **સમપાદપુતા** : બંને પગ અને નિતંબને જમીન પર ટેકવીને બેસવું.

४. पलियंका, — ૪. **પર્યન્કા** : પલાંઠી વાળીને બેસવું.

५. अद्धपलियंका । — ૫. **અર્ધ પર્યન્કા** : અડધી પલાઠી વાળીને બેસવું.

*– ठाणं. अ. ५, उ. १, सु. ४००*

---

१. (क) उव. सु. ३०

(ख) पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं-जाव-अब्भणुन्नायाइं भवंति, तं जहा -

(१) ठाणातिए, (२) उक्कुडु आसणाए, (३) पडिमट्ठाई, (४) वीरासणिए, (५) णेसज्जिए, ।

- ठाणं. अ. ५, उ. १, सु. ३९६

(ग) सत्तविधे कायकिलेसे पण्णत्ते, तं जहा -

(१) ठाणातिए, (२) उक्कुडुयासणिए, (३) पडिमट्ठाई, (४) वीरासणिए, (५) णेसज्जिए, (६) दंडायतिए, (७) लगंडसाई ।

-ठाणं. अ. ७, सु. ५५४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णिग्गंथीणं णिसिद्धा विहियाय आयावणा-**

२१५९. नो कप्पइ निग्गंथीए बहियागामस्स वा-जाव-रायहाणिस्स वा उड्ढं बाहाओ पगिज्झिय-पगिज्झिय सूराभिमुहीए एगपाइयाए ठिच्चा आयावणाए आयावेत्तए।

कप्पइ से उवस्सयस्स अंतोवगडाए संघाडिया पडिबद्धाए पलंबियबाहुयाए समतलपाइयाए ठिच्चा आयावणाए आयावेत्तए । – कप्प. उ. ५, सु. २२

**સાધ્વીઓ માટે આતાપનાનો વિધિ-નિષેધ :**

૨૧૫૯. સાધ્વીએ ગામની બહાર **યાવત્** રાજધાનીની બહાર ભુજાઓને ઊંચી કરી, સૂર્યની સામે મુખ કરી તથા એક પગે ઊભા રહી આતાપના લેવી કલ્પતી નથી.

પરંતુ ઉપાશ્રયમાં અંદર પડદો લગાવી, હાથ નીચા રાખી, બંને પગોને સમતલ રાખી તથા ઊભા રહીને આતાપના લેવી કલ્પે છે.

**णिग्गंथीणं णिसिद्ध कायकिलेसे-**

२१६०. नो कप्पइ निग्गंथीए ठाणाइयाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए पडिमट्ठाइयाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए उक्कुडुयासणियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए निसज्जियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए वीरासणियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए दण्डासणियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए लगण्डसाइयाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए ओमंथियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए उत्तासणियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए अम्बखुज्जियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए एगपासियाए होत्तए ।

– कप्प. उ. ५, सु. २३-३३

नो कप्पइ निग्गंथीए अचेलियाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए अपाइयाए होत्तए ।

नो कप्पइ निग्गंथीए वोसट्ठकाइयाए होत्तए ।

– कप्प. उ. ५, सु. १९-२१

**સાધ્વીઓ માટે કાય-કલેશનો નિષેધ :**

૨૧૬૦. સાધ્વીએ ઊભા રહી કાયોત્સર્ગ કરવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ એક રાત્રિ આદિ સમય નક્કી કરી કાયોત્સર્ગ કરવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ ઉત્કુટુ આસનમાં સ્થિર રહી અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ નિષદ્યાઓથી સ્થિર થઈ અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ વીરાસનમાં રહી અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ દંડાસનમાં સ્થિર રહી અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ લકુટાસનમાં સ્થિર રહી અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ ઊંધા સૂઈ સ્થિર રહેવાનો અભિગ્રહ કલ્પતો નથી.

સાધ્વીએ ઉત્તાનાસનમાંથી સ્થિર રહી અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ આમ્ર-કુબ્જિકાસનમાં સ્થિર રહી અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ એક પડખે સૂવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

સાધ્વીએ વસ્ત્ર રહિત રહેવું કલ્પતું નથી.

સાધ્વીએ પાત્ર રહિત રહેવું કલ્પતું નથી.

સાધ્વીએ નિશ્ચિત સમય માટે શરીરને વોસરાવીને રહેવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રતિસંલીનતા – ૭

**पडिसंलीणयाए भेया-**

२१६१. प. से किं तं पडिसंलीणया ?

उ. पडिसंलीणया चउव्विहा पण्णत्ता, तं जहा-

१. इंदियपडिसंलीणया,

२. कसायपडिसंलीणया,

३. जोगपडिसंलीणया,

४. विवित्तसयणासणसेवणया ।

– *वि. स. २५, उ. ७, सु. २११*

**प्रतिसंलीनतानां भेदो :**

२१६१. પ્ર. પ્રતિસંલીનતા શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. પ્રતિસંલીનતા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. ઈન્દ્રિય પ્રતિસંલીનતા,

૨. કષાય પ્રતિસંલીનતા ,

૩. યોગ પ્રતિસંલીનતા,

૪. વિવિક્ત શયનાસન- સેવન પ્રતિસંલીનતા.

**इंदिय पडिसंलीणयाए भेया-**

२१६२. प. से किं तं इंदियपडिसंलीणया ?

उ. इंदियपडिसंलीणया पंचविहा पण्णत्ता, तं जहा-

१. सोइन्दियविसयप्पयारनिरोहो वा, सोइन्दिय-वि सयपत्तेसु अत्थेसु रागदोसनिग्गहो वा ।

२. चक्खिदियविसयप्पयारनिरोहो वा, चक्खिदिय-विसयपत्तेसु अत्थेसु रागदोसनिग्गहो वा ।

३. घाणिंदियविसयप्पयारनिरोहो वा, घाणिंदिय विसयपत्तेसु अत्थेसु रागदोसनिग्गहो वा ।

४. जिब्भिंदियविसयप्पयारनिरोहो वा, जिब्भिंदिय-विसयपत्तेसु अत्थेसु रागदोसनिग्गहो वा ।

५. फासिंदियविसयप्पयारनिरोहो वा, फासिंदिय-विसयपत्तेसु अत्थेसु रागदोसनिग्गहो वा ।

से तं इन्दियपडिसंलीणया ।[1]

– *वि. स. २५, उ. ७, सु. २१२*

**ઈન્દ્રિય પ્રતિસંલીનતાનાં ભેદો :**

૨૧૬૨. પ્ર. ઈન્દ્રિય પ્રતિસંલીનતા શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ઈન્દ્રિય પ્રતિસંલીનતાના પાંચ પ્રકાર કહ્યા છે. જેમ કે -

૧. શ્રોતેન્દ્રિયનાં વિષયમાં પ્રવૃત્તિનો નિરોધ અથવા શ્રોત્રેન્દ્રિયનાં વિષયમાં રાગ-દ્વેષનો નિગ્રહ કરવો.

૨. ચક્ષુરિન્દ્રિયનાં વિષયમાં પ્રવૃત્તિનો નિરોધ અથવા ચક્ષુરિન્દ્રિયનાં વિષયમાં રાગદ્વેષનો નિગ્રહ કરવો.

૩. ઘ્રાણેન્દ્રિયનાં વિષયમાં પ્રવૃત્તિની નિરોધ કરવો અથવા ઘ્રાણેન્દ્રિયનાં વિષયમાં રાગદ્વેષનો નિગ્રહ કરવો.

૪. રસેન્દ્રિયનાં વિષયમાં પ્રવૃત્તિનો નિરોધ અથવા રસેન્દ્રિયનાં વિષયમાં રાગદ્વેષનો નિગ્રહ કરવો.

૫. સ્પર્શેન્દ્રિયનાં વિષયમાં પ્રવૃત્તિનો નિરોધ અથવા સ્પર્શેન્દ્રિયનાં વિષયમાં રાગદ્વેષનો નિગ્રહ કરવો.

આને ઈન્દ્રિય પ્રતિસંલીનતા તપ કહેવાય છે.

---

१. (क) पंच पडिसंलीणा पन्नत्ता, तं जहा-

(१) सोतिंदियपडिसंलीणे, (२) चक्खिदियपडिसंलीणे, (३) घाणिंदियपडिसंलीणे, (४) जिब्भिदियपडिसंलीणे,

(५) फासिंदियपडिसंलीणे । – ठाणं. अ. ५, उ. २, सु. ४२७

(ख) उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कसाय पडिसंलीणयाए भेया-**

२१६३. प. से किं तं कसायपडिसंलीणया ?

उ. कसायपडिसंलीणया चउव्विहा पण्णत्ता, तं जहा–

१. कोहस्सुदयनिरोहो वा उदयपत्तस्स वा कोहस्स विफलीकरणं ।

२. माणस्सुदयनिरोहो वा उदयपत्तस्स वा माणस्स विफलीकरणं ।

३. मायास्सुदयणिरोहो वा, उदयपत्तस्स वा मायाए विफलीकरणं ।

४. लोहस्सुदयणिरोहो वा, उदयपत्तस्स वा लोहस्स विफलीकरणं ।

से तं कसायपडिसंलीणया ।[1]

– *वि. स. २५, उ. ७, सु. २१३*

**કષાય પ્રતિસંલીનતાનાં ભેદો :**

૨૧૬૩. પ્ર. કષાય પ્રતિસંલીનતા શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. કષાય પ્રતિસંલીનતાના ચાર પ્રકાર છે, જેમ કે-

૧. ક્રોધના ઉદયનો નિરોધ કરવો. અથવા ઉદયમાન ક્રોધને નિષ્ફળ બનાવવો.

૨. માનના ઉદયનો નિરોધ કરવો. અથવા ઉદયમાન માનને નિષ્ફળ બનાવવું.

૩. માયાના ઉદયનો નિરોધ કરવો. અથવા ઉદયમાન માયાને નિષ્ફળ બનાવવી.

૪. લોભના ઉદયનો નિરોધ કરવો. અથવા ઉદયમાન લોભને નિષ્ફળ બનાવવો.

તેને કષાય પ્રતિસંલીનતા કહેવાય છે.

**जोगपडिसंलीणयाए भेया-**

२१६४. प. से किं तं जोगपडिसंलीणया ?

उ. जोगपडिसंलीणया तिविहा पण्णत्ता, तं जहा–

१. मणजोगपडिसंलीणया,

२. वयजोगपडिसंलीणया,

३. कायजोगपडिसंलीणया ।[2]

प. से किं तं मणजोगपडिसंलीणया ?

उ. मणजोगपडिसंलीणया तिविहा पण्णत्ता, तं जहा–

१. अकुसलमणणिरोहो वा,

२. कुसलमणउदीरणं वा,

३. मणस्स वा एगत्तीभाव करणं ।

से तं मणजोगपडिसंलीणया ।

प. से किं तं वयजोगपडिसंलीणया ?

**યોગ પ્રતિસંલીનતાનાં ભેદો :**

૨૧૬૪. પ્ર. યોગપ્રતિસંલીનતા શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. યોગ પ્રતિસંલીનતાનાં ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે -

૧. મનોયોગ-પ્રતિસંલીનતા,

૨. વચનયોગ-પ્રતિસંલીનતા,

૩. કાયયોગ-પ્રતિસંલીનતા.

પ્ર. મનોયોગ-પ્રતિસંલીનતા શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. મનોયોગ-પ્રતિસંલીનતા ત્રણ પ્રકારની કહી છે, જેમ કે -

૧. અશુભ મનનો નિરોધ કરવો.

૨. શુભ મનની ઉદીરણા કરવી.

૩. મનને એકાગ્ર કરવું.

તેને મનોયોગ-પ્રતિસંલીનતા કહેવાય છે.

પ્ર. વચનયોગ-પ્રતિસંલીનતા શું છે ? તેના કેટલા પ્રકાર છે ?

---

१. (क) उव. सु. ३०
(ख) चत्तारि पडिसंलीणा पन्नत्ता, तं जहा –
(१) कोहपडिसंलीणे, (२) माणपडिसंलीणे, (३) मायापडिसंलीणे, (४) लोहपडिसंलीणे । – ठाणं. अ. ४, उ. २, सु. २७८

२. चत्तारि पडिसंलीणा पण्णत्ता, तं जहा–
(१) मणपडिसंलीणे, (२) वइपडिसंलीणे, (३) कायपडिसंलीणे, (४) इंदियपडिसंलीणे । – ठा. अ. ४, उ. २, सु. २७८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. वयजोगपडिसंलीणया तिविहा पण्णत्ता, तं जहा–

१. अकुसलवयणिरोहो वा,

२. कुसलवयउदीरणं वा,

३. वइए वा एगत्तीभावकरणं ।

से तं वयजोगपडिसंलीणया ।

प. से किं तं कायजोगपडिसंलीणया ?

उ. कायजोगपडिसंलीणया जं णं सुसमाहिय पसंत साहरिय माणियाए कुम्मो इव गुत्तिंदिए अल्लीणे पल्लीणे चिट्ठइ।

से तं कायजोगपडिसंलीणया ।

से तं जोगपडिसंलीणया ।

– *वि. स. २५, उ. ७, सु. २१४-२१५*

ઉ. વચનયોગ-પ્રતિસંલીનતા ત્રણ પ્રકારની કહી છે, જેમ કે -

૧. અશુભ વચનનો નિરોધ કરવો.

૨. સદ્-વચનનો અભ્યાસ કરવો.

૩. મૌન રહેવું.

તેને વચનયોગ-પ્રતિસંલીનતા કહેવાય છે.

પ્ર. કાયયોગ પ્રતિસંલીનતા શું છે ?

ઉ. હાથ, પગ આદિ સુયોગ્ય રીતે શાંત કરીને તથા સંકોચીને કાચબાની જેમ ઈન્દ્રિયોનું ગોપન કરી સારાયે શરીરને સંવૃત્ત કરી સુસ્થિર થવું તે કાયયોગ-પ્રતિસંલીનતા છે.

આ કાયયોગ-પ્રતિસંલીનતા કહેવાય છે.

આ યોગ-પ્રતિસંલીનતા છે.

**विवित्त-सयणासण-सेवणया सरूवं-**

२१६५. एगन्तमणावाए, इत्थी - पसुविवज्जिए ।
सयणासणसेवणया, विवित्तसयणासणं ।।

– *उत्त. अ. ३०, गा. २८*

प. से किं तं विवित्तसयणासण सेवणया ?

उ. विवित्त-सयणासण-सेवणया जं णं आरामेसु वा, उज्जाणेसु वा, देवकुलेसु वा, सहासु वा, पवासु वा, पणियगिहेसु वा, पणियसालासु वा, इत्थी-पसु-पंडगसंसत्त-विरहियासु वसहीसु फासुएसणिज्जं पीढ-फलग-सेज्जा-संथारगं उवसंपज्जित्ताणं विहरइ ।

से तं पडिसंलीणया ।[1]

से तं बाहिरए तवे । – *वि. स. २५, उ. ७, सु. २१६*

**એકાંત શયનાસનનાં સેવનનું સ્વરૂપ :**

૨૧૬૫. જ્યાં કોઈની અવર-જવર ન હોય એવા એકાંત સ્થાનમાં તથા સ્ત્રી,પશુ આદિથી રહિત શયન તથા આસનનું સેવન કરવું તે વિવિક્ત શયનાસન તપ છે.

પ્ર. વિવિક્ત શયનાસન સેવન શું છે ?

ઉ. ઉદ્યાન,બગીચો, પુષ્પ ફળ સહિત બગીચો, દેવસ્થાન, સભાસ્થાન, પરબ, ક્રય-વિક્રય યોગ્ય વસ્તુઓ રાખવાનાં સ્થાનો, ક્રય-વિક્રય યોગ્ય વસ્તુઓ રાખવાની શાળાઓ, એવા સ્થાનો જે સ્ત્રી, પશુ તથા નપુંસક રહિત હોય તેમાં પ્રાસુક એષણીય પીઠ, ફલક, શય્યા- સંસ્તારક પ્રાપ્ત કરી વિચરવું વિવિક્ત શયનાસન સેવન કહેવાય છે.

આ પ્રતિસંલીનતા કહેવાય છે.

આ બાહ્યતપનું વર્ણન પૂરું થયું.

**विवित्तसयणासण सेवणया फलं-**

२१६६. प. विवित्त सयणासणयाए णं भंते ! जीवे किं जणयइ ?

उ. विवित्त सयणासणयाए णं चरित्तगुत्तिं जणयइ, चरित्त गुत्ते य णं जीवे विवित्ताहारे, दढचरित्ते एगंतरए मोक्खभाव पडिवन्ने अट्ठविह कम्मगंठिं निज्जरेइ ।

– *उत्त. अ. २९, सु. ३३*

**વિવિક્ત શયનાસન સેવનનું ફળ :**

૨૧૬૬. પ્ર. ભંતે! વિવિક્ત શયનાસનનાં સેવનથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. વિવિક્ત શયનાસનનાં સેવનથી તે ચારિત્રની રક્ષા કરે છે. ચારિત્રની સુરક્ષા કરનાર જીવ પૌષ્ટિક આહારનો પરિત્યાગ કરે છે અને દૃઢ ચારિત્રવાન એકાંતમાં રત, અંતઃકરણ દ્વારા મોક્ષ સાધનમાં લાગેલો હોવાથી તે આઠ પ્રકારનાં કર્મોની ગ્રંથિને તોડે છે.

---

१. उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अणेगविहा अपडिसंलीणा-**

२१६७. चत्तारि अपडिसंलीणा पण्णत्ता, तं जहा–

१. कोहअपडिसंलीणे, २. माणअपडिसंलीणे,

३. मायाअपडिसंलीणे ४. लोभअपडिसंलीणे ।

चत्तारि अपडिसंलीणा पण्णत्ता, तं जहा–

१. मणअपडिसंलीणे, २. वइअपडिसंलीणे,

३. कायअपडिसंलीणे, ४. इन्दियअपडिसंलीणे ।

*– ठाणं. अ. ४, उ. २, सु. २७८*

पंच अपडिसंलीणा पण्णत्ता, तं जहा-

१. सोतिंदिय अपडिसंलीणे,

२. चक्खिदिय अपडिसंलीणे,

३. घाणिंदिय अपडिसंलीणे,

४. जिब्भिंदिय अपडिसंलीणे,

५. फासिंदिय अपडिसंलीणे ।

*– ठाणं. अ. ५, उ. २, सु. ४२७*

**અનેક પ્રકારનાં અપ્રતિસંલીન :**

૨૧૬૭. અપ્રતિસંલીન ચાર પ્રકારનાં કહ્યા છે, જેમ કે -

૧. ક્રોધ-અપ્રતિસંલીન, ૨. માન-અપ્રતિસંલીન,

૩. માયા-અપ્રતિસંલીન, ૪. લોભ-અપ્રતિસંલીન.

બીજી રીતે અપ્રતિસંલીનનાં ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે -

૧. મન-અપ્રતિસંલીન, ૨. વચન- અપ્રતિસંલીન,
૩. કાય-અપ્રતિસંલીન, ૪. ઈન્દ્રિય-અપ્રતિસંલીન.

અપ્રતિસંલીન પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમ કે -

૧. **શ્રોત્રેન્દ્રિય-અપ્રતિસંલીન :** શુભ-અશુભ શબ્દોમાં રાગદ્વેષ કરનાર.

૨. **ચક્ષુરિન્દ્રિય-અપ્રતિસંલીન :** શુભ-અશુભ રૂપોમાં રાગદ્વેષ કરનાર.

૩. **ઘ્રાણેન્દ્રિય-અપ્રતિસંલીન :** શુભ-અશુભ ગંધમાં રાગદ્વેષ કરનાર.

૪. **રસેન્દ્રિય-અપ્રતિસંલીન :** શુભ-અશુભ રસોમાં રાગદ્વેષ કરનાર.

૫. **સ્પર્શેન્દ્રિય-અપ્રતિસંલીન :** શુભ-અશુભ સ્પર્શોમાં રાગદ્વેષ કરનાર.

# પ્રતિમાઓ – ૮ (૧)

**अणेगविहाओ पडिमाओ -**

२१६८. पंच पडिमाओ पण्णत्ताओ, तं जहा–

१. भद्दा, २. सुभद्दा,

३. महाभद्दा ४. सव्वतोभद्दा,[1]

५. भद्दुत्तरपडिमा ।

*– ठाणं. अ. ५, उ. १, सु. ३९२*

**चत्तारि पडिमाओ पण्णत्ताओ, तं जहा-**

१. **समाहिपडिमा**, २. उवहाणपडिमा,

३. विवेगपडिमा, ४. विउस्सग्गपडिमा ।[2]

**चत्तारि पडिमाओ पण्णत्ताओ**, तं जहा-

१. खुड्डिया मोयपडिमा,

**અનેક પ્રકારની પ્રતિમાઓ :**

૨૧૬૮. પ્રતિમાઓ પાંચ પ્રકારની કહી છે, જેમ કે -

૧. ભદ્રા પ્રતિમા, ૨. સુભદ્રા પ્રતિમા,

૩. મહાભદ્રા પ્રતિમા, ૪. સર્વતોભદ્રા પ્રતિમા,

૫. ભદ્રોત્તર પ્રતિમા.

પ્રતિમા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. સમાધિ પ્રતિમા, ૨. ઉપધાન પ્રતિમા,

૩. વિવેક પ્રતિમા, ૪. વ્યુત્સર્ગ પ્રતિમા.

વળી પ્રતિમા ચાર પ્રકારની કહી છે, જેમ કે -

૧. નાની મોક પ્રતિમા,

---

१. (क) ठाणं. अ. ४, उ. १, सु. २५१ (ख) ठाणं अ. २, उ. ३, सु. ७७ (क)

२. ठाणं. अ. २, उ. ३, सु. ७७ (ख)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. महल्लिया मोयपडिमा,

३. जवमज्झा,

४. वइरमज्झा ।[१]

– ठाणं. अ. ४, उ. १, सु. २५१

૨. મોટી મોક પ્રતિમા,

૩. યવમધ્યા,

૪. વજ્રમધ્યા.

## ભિક્ષુ પ્રતિમાઓ – ૮ (૨)

**भिक्खू पडिमाओ-**[२]

२१६९. बारस भिक्खु-पडिमाओ पण्णत्ताओ, तं जहा-

१. मासिया भिक्खु पडिमा,

२. दो-मासिया भिक्खु-पडिमा,

३. ति-मासिया भिक्खु-पडिमा,

४. चउ-मासिया भिक्खु-पडिमा,

५. पंच-मासिया भिक्खु पडिमा,

६. छ-मासिया भिक्खु-पडिमा,

७. सत्त-मासिया भिक्खु-पडिमा,

८. पढमा-मासिया राइंदिया भिक्खु-पडिमा,

९. दोच्चा सत्त-राइंदिया भिक्खु-पडिमा

१०. तच्चा सत्त-राइंदिया भिक्खु-पडिमा,

११. अहो राइया भिक्खु-पडिमा,

१२. एग-राइया भिक्खु-पडिमा ।[३]

– सम. सम. १२, सु. १

**ભિક્ષુ પ્રતિમાઓ :**

૨૧૬૯. બાર ભિક્ષુ પ્રતિમાઓ કહી છે, જેમ કે -

૧. માસિકી ભિક્ષુ-પ્રતિમા,

૨. દ્વિમાસિકી ભિક્ષુ-પ્રતિમા,

૩. ત્રૈમાસિકી ભિક્ષુ-પ્રતિમા,

૪. ચતુર્માસિકી ભિક્ષુ-પ્રતિમા,

૫. પંચ માસિકી ભિક્ષુ-પ્રતિમા,

૬. ષટ્‌માસિકી ભિક્ષુ-પ્રતિમા,

૭. સપ્તમાસિકી ભિક્ષુ-પ્રતિમા,

૮. પ્રથમા સપ્ત રાતદિવસ ભિક્ષુ-પ્રતિમા,

૯. દ્વિતીયા સપ્ત રાતદિવસ ભિક્ષુ-પ્રતિમા,

૧૦. તૃતીયા સપ્ત રાતદિવસ ભિક્ષુ-પ્રતિમા,

૧૧. અહો રાત્રિની ભિક્ષુ-પ્રતિમા,

૧૨. એક રાતની ભિક્ષુ-પ્રતિમા.

---

१. ठाणं. अ. २, उ. ३, सु. ७७ (ग)

૨. ઉપાસક પ્રતિમાઓના વર્ણન માટે ચારિત્રાચાર ગૃહસ્થ ધર્મ પ્રકરણ જુઓ.

३. (क) दसा. द. ७, सु. १-२

(ખ) દશાશ્રુતસ્કંધની છઠ્ઠી દશામાં શ્રમણોપાસકની ૧૧ પ્રતિમાઓનું વર્ણન છે. તેમાંથી ૧, ૨, ૩ અને ૪ પ્રતિમાના આરાધના કાળનું સ્પષ્ટ વર્ણન મળતું નથી. પરંતુ પાંચમી પ્રતિમાથી અગિયારમી પ્રતિમા સુધીનો જઘન્ય અને ઉત્કૃષ્ટ આરાધના કાળ સ્પષ્ટ કહ્યો છે. એ ઉત્કૃષ્ટ કાળ આ પ્રકારે છે.

પાંચમી પ્રતિમાનો ઉત્કૃષ્ટ આરાધના કાળ પાંચ મહિના અને છઠ્ઠી પ્રતિમાથી અગિયારમી પ્રતિમાનો ઉત્કૃષ્ટ આરાધના કાળ અગિયાર મહિના હોય છે.

ઉપાસકદશાના ટીકાકારે આનંદ શ્રમણોપાસકનો સંપૂર્ણ પ્રતિમા આરાધના કાળ સાડા પાંચ વર્ષનો કહ્યો છે, ત્યાં પહેલી પ્રતિમાનો આરાધના કાળ ૧ માસ અને એ જ ક્રમે અગિયારમી પ્રતિમાનો આરાધના કાળ અગિયાર માસ કહ્યો છે.

દશાશ્રુતસ્કંધની સાતમી દશામાં ભિક્ષુની બાર પ્રતિમાઓનું વર્ણન છે, ત્યાં તેનો જઘન્ય ઉત્કૃષ્ટ આરાધના કાળ સ્પષ્ટ મળતો નથી. પરંતુ પહેલી ભિક્ષુ પ્રતિમાનું નામ માસિક ભિક્ષુ પ્રતિમા, બીજીનું દ્વિ-માસિક ભિક્ષુ પ્રતિમા અને એ જ ક્રમે સાતમી ભિક્ષુ પ્રતિમાનું નામ સપ્તમાસિકી ભિક્ષુ પ્રતિમા કહેવામાં આવ્યું છે.

અને આઠમી-નવમી અને દસમીનું નામ પ્રથમ સપ્તઅહોરાત્રિની, દ્વિતીય સપ્તઅહોરાત્રિની, તૃતીય સપ્તઅહોરાત્રિની પ્રતિમા, અગિયારમીની એક અહોરાત્રિની અને બારમીની એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા કહી છે. પરંતુ પહેલી પ્રતિમાની આરાધનાના વિધાનોમાં પ્રતિમા આરાધકને જાણીતા ક્ષેત્રોમાં એક રાતથી વધુ અને અજાણ્યા ક્ષેત્રોમાં એક કે બે રાતથી વધુ રહેવાથી દીક્ષા છેદ કે પરિહારતપનું પ્રાયશ્ચિત્ત વિધાન છે. માટે ચાર્તુમાસમાં આ પ્રતિમાઓની આરાધના થઈ શકતી નથી.

ટીકાકાર આદિએ આ પ્રતિમાઓનો સંપૂર્ણ આરાધન કાળ બતાવ્યો નથી. માટે તેનું ત્રણ પ્રકારે અનુમાન કરી શકાય છે.

(બાકી ટીપ્પણ પાના નં. ૩૧૮ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पडिमा आराहणकाले उवसग्गा-**

२१७०. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स निच्चं वोसट्ठकाए चियत्त-देहे[१] जे केइ उवसग्गा उववज्जेज्जा, तं जहा–

दिव्वा वा, माणुसा वा, तिरिक्खजोणिया वा, ते उप्पण्णे सम्मं सहेज्जा, खमेज्जा, तितिक्खेज्जा, अहियासेज्जा । – *दसा.* द. ७, सु. ३

**પ્રતિમા-આરાધના કાળમાં ઉપસર્ગ :**

૨૧૭૦. શરીરની નિત્ય પરિચર્યા તથા મમત્વ ભાવથી રહિત એક મહિનાનાં ભિક્ષુ પ્રતિમાધારી અણગારને જો કોઈ ઉપસર્ગ આવે તો જેમ કે -

દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી તો તે યોગ્ય પ્રકારે સહન કરે, ક્ષમા કરે, દીનભાવ ન રાખે, પણ વીરતાપૂર્વક સહન કરે.

**मासिया भिक्खु पडिमा-**

२१७१. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स कप्पति एगा दत्ती भोयणस्स पडिगाहित्तए, एगा पाणगस्स । अण्णाय उच्छं, सुद्धोवहडं,

निज्जूहित्ता बहवे दुप्पय-चउप्पय-समण-माहण-अतिहि-किविण-वणीमगे,

कप्पइ से एगस्स भुंजमाणस्स पडिगाहित्तए ।

णो दुण्हं, णो तिण्हं, णो चउण्हं, णो पंचण्हं, णो गुव्विणीए, णो बालवच्छाए, णो दारगं पेज्जमाणीए ।

णो से कप्पइ अंतो एलुयस्स दो वि पाए साहट्टु दलमाणीए, णो बाहिं एलुयस्स दो वि पाए साहट्टु दलमाणीए।

अह पुण एवं जाणेज्जा– एगं पायं अंतो किच्चा, एगं पायं बाहिं किच्चा, एलुयं विक्खंभइत्ता, एवं से दलयति, कप्पति से पडिगाहित्तए,

एवं से नो दलयति, नो से कप्पति पडिगाहित्तए ।

– *दसा.* द. ७, सु. ४

**મહિનાની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૭૧. મહિનાની ભિક્ષુ પ્રતિમાધારી અણગારને એક દાંતી ભોજન અને એક દાંતી પાણી લેવાં કલ્પે છે.

એ પણ અજ્ઞાત સ્થાનથી અલ્પમાત્રામાં તથા બીજાના માટે બનાવેલ હોય તો -

તથા અનેક દ્વિપદ (મનુષ્ય) ચતુષ્પદ (પશુ) શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ તથા ભિખારી ઈત્યાદિ ભોજન-ગ્રહણ કરી ચાલ્યા ગયા હોય ત્યારબાદ ગ્રહણ કરવું કલ્પે છે.

જ્યાં એક વ્યક્તિ ભોજન કરી રહ્યો હોય ત્યાંથી આહાર-પાણીની દાંતી લેવી કલ્પે છે.

પરંતુ બે,ત્રણ,ચાર કે પાંચ એક સાથે બેસી ભોજન કરતાં હોય ત્યાંથી લેવું કલ્પતું નથી. ગર્ભવતી, બાળવત્સા તથા ધવરાવતી સ્ત્રી પાસેથી લેવું કલ્પતું નથી.

જેના બંને પગ ઉંમરાની અંદર કે બંને પગ ઉંમરાની બહાર હોય એવી સ્ત્રી પાસેથી લેવું કલ્પતું નથી.

પરંતુ એમ જણાય કે એક પગ ઉંમરાની અંદર અને એક પગ ઉંમરાની બહાર છે આ પ્રમાણે ઉંમરો બે પગ વચ્ચે હોય અને તે દેવા ઈચ્છતી હોય તો લેવું કલ્પે છે.

આ પ્રમાણે ન આપે તો લેવું કલ્પતું નથી.

**पडिमापडिवण्णस्स गोयरकाला-**

२१७२. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स तओ गोयर-काला पण्णत्ता, तं जहा–

**પ્રતિમાધારીનો ભિક્ષાકાળ :**

૨૧૭૨. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગાર માટે ભિક્ષાચર્યાનાં ત્રણ કાળ કહ્યા છે, જેમ કે -

---

(પાના નં. ૩૧૭ પરની બાકી ટિપ્પણ)

(૧) પહેલી પ્રતિમાથી સાતમી પ્રતિમા સુધી પ્રત્યેક પ્રતિમાના નામ પ્રથમ માસની ભિક્ષુ પ્રતિમા **યાવત્** સપ્તમ માસની ભિક્ષુ પ્રતિમા તેનો એક-એક માસ આરાધનકાળ માને તો આઠ મહિનામાં જ બાર પ્રતિમાઓની આરાધના થઈ શકે છે.

(૨) પ્રાપ્તનામના અનુરૂપ કાળ તથા ચાર્તુમાસમાં આરાધના ન કરવાથી સંપૂર્ણ આરાધનાકાળ પાંચ માસે પૂર્ણ થાય છે.

(૩) ચાર્તુમાસમાં પણ પ્રતિમાઆરાધના કરવી એમ માનવામાં આવે તો સંપૂર્ણ આરાધના કાળ બે વર્ષે અને પાંચ માસે પૂર્ણ થાય છે. આમાં પહેલું અનુમાન - સૂત્ર વિધાનથી છે, તે વિરોધ રહિત છે. બીજું અનુમાન અલ્પદીક્ષા પર્યાયવાળાના આરાધન વર્ણનથી તે વિરોધમાં છે. ત્રીજું અનુમાન પણ ચાતુર્માસમાં વિહાર કરવા માટે હોવાથી વિરોધી છે.

१. विया. स. १०, उ. २, सु. ६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. आइमे, २. मज्झे,

३. चरिमे ।

१. आइमे चरेज्जा, नो मज्झे चरेज्जा, णो चरिमे चरेज्जा ।

२. मज्झे चरिज्जा, नो आइमे चरिज्जा, नो चरिमे चरेज्जा ।

३. चरिमे चरेज्जा, नो आइमे चरेज्जा, नो मज्झिमे चरेज्जा । – *दसा.* द. ७, सु. ५

૧. દિવસનો પ્રથમ ભાગ, ૨. દિવસનો મધ્યભાગ, ૩. દિવસનો અંતિમ ભાગ.

૧. જો દિવસનાં પ્રથમ ભાગમાં ભિક્ષાચર્યા માટે જાય તો મધ્યમ અને અંતિમ ભાગમાં ન જાય.

૨. જો દિવસનાં મધ્ય ભાગમાં ભિક્ષાચર્યા માટે જાય તો પ્રથમ અને અંતિમ ભાગમાં ન જાય.

૩. જો દિવસના અંતિમ ભાગમાં ભિક્ષાચર્યા માટે જાય તો પ્રથમ અને મધ્ય ભાગમાં ન જાય.

**पडिमापडिवण्णस्स गोयर चरिया-**

२१७३. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स छव्विहा गोयरचरिया पण्णत्ता, तं जहा–

१. पेडा,

२. अद्धपेडा,

३. गोमुत्तिया

४. पतंगवीहिया,

५. संवुक्कावट्टा

६. गंतुपच्चागया ।[1]

– *दसा.* द. ७, सु. ६

**પ્રતિમાધારીની ગોચર ચર્યા :**

૨૧૭૩. એક મહિનાની ભિક્ષુ પ્રતિમાધારી અણગારની છ પ્રકારે ગોચરી કહી છે, જેમ કે -

૧. ચારે તરફ પેટીના આકારે ભિક્ષા ચર્યા કરવી.

૨. અર્ધપેટીના આકારે ભિક્ષા ચર્યા કરવી.

૩. ગોમૂત્રિકાના આકારે ભિક્ષા ચર્યા કરવી.

૪. પતંગિયાના ગમનના આકારે ભિક્ષાચર્યા કરવી.

૫. શંખાવર્ત આકારે ભિક્ષાચર્યા કરવી.

૬. જતાં-આવતાં ભિક્ષા ચર્યા કરવી.

**पडिमापडिवण्णस्स वसइ वसण कालो-**

२१७४. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स जत्थ णं केइ जाणइ कप्पइ से तत्थ एगराइयं वसित्तए ।

जत्थ णं केइ न जाणइ, कप्पइ से तत्थ एग-रायं वा, दु-रायं वा वसित्तए।

नो से कप्पइ एग-रायाओ वा, दु-रायाओ वा परं वत्थए ।

जे तत्थ एग-रायाओ वा, दु-रायाओ वा परं वसति, से संतरा छेए वा परिहारे वा ।

– *दसा.* द. ७, सु. ७

**પ્રતિમાધારીનો વસતિવાસ કાળ :**

૨૧૭૪. એક મહિનાની ભિક્ષુ પ્રતિમાધારી અણગારને જો કોઈ જાણતો હોય તો ત્યાં એક રાત રહેવું કલ્પે છે.

જ્યાં કોઈ જાણતું ન હોય તો ત્યાં એક કે બે રાત રહેવું કલ્પે છે.

પરંતુ એક કે બે રાતથી વધુ રહેવું કલ્પતું નથી.

જો એક કે બે રાતથી વધુ રહે તો તે દીક્ષા છેદ કે પરિહાર તપનો પાત્ર બને છે.

**पडिमापडिवण्णस्स कप्पणिज्जाओ भासाओ-**

२१७५. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स कप्पति चत्तारि भासाओ भासित्तए, तं जहा–

१. जायणी,

२. पुच्छणी,

**પ્રતિમાધારીની કલ્પનીય ભાષાઓ :**

૨૧૭૫. એક મહિનાની ભિક્ષુ પ્રતિમાધારી અણગારને ચાર ભાષાઓ બોલવી કલ્પે છે, જેમ કે -

(૧) **યાચની** : આહાર આદિની યાચના માટે,

(૨) **પૃચ્છની** : આહાર આદિની પૃચ્છા માટે,

१. ठाणं. अ. ६, सु. ५१४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. अणुण्णवणी,

४. पुट्ठस्स वागरणी ।[1]

— दसा. द. ७, सु. ८

(૩) **અનુજ્ઞાપની** : આજ્ઞા લેવા માટે,

(૪) **પૃષ્ઠ વ્યાકરણી** : પ્રશ્નનો ઉત્તર દેવા માટે.

**पडिमापडिवण्णस्स कप्पणीया उवस्सया-**

२१७६. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स कप्पइ तओ उवस्सया पडिलेहित्तए, तं जहा–

१. अहे आराम-गिहंसि वा,

२. अहे वियड-गिहंसि वा,

३. अहे रुक्खमूल-गिहंसि वा,

**एवं तओ उवस्सया अणुण्णवेत्तए, उवाइणित्तए य ।**[2]

— दसा. द. ७, सु. ९-११

**પ્રતિમાધારીનાં કલ્પનીય ઉપાશ્રયો :**

૨૧૭૬. એક મહિનાની ભિક્ષુ પ્રતિમા ધારણ કરનાર અણગારને ત્રણ પ્રકારનાં ઉપાશ્રયોનું પ્રતિલેખન કરવું કલ્પે છે. જેમ કે -

(૧) ઉદ્યાનમાં બનેલા ઘરમાં,

(૨) ચારે તરફથી ખુલ્લા ઘરમાં,

(૩) ઝાડ નીચે અથવા ત્યાં બનેલા ઘરમાં

**આ પ્રમાણે ત્રણ ઉપાશ્રયની આજ્ઞા લેવી અને રહેવું કલ્પે છે.**

**पडिमापडिवण्णस्स कप्पणीया संथारगा-**

२१७७. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स कप्पति तओ संथारगा पडिलेहित्तए, तं जहा–

१. पुढवि सिलं वा,

२. कट्ठ-सिलं वा,

३. अहा-संथडमेव वा संथारगं ।[3]

**एवं तओ संथारगा अणुण्णवेत्तए, उवाइणित्तए य ।**

— दसा. द. ७, सु. १२-१४

**પ્રતિમાધારી માટે કલ્પનીય સંસ્તારક :**

૨૧૭૭. એક મહિનાની ભિક્ષુ પ્રતિમા ધારણ કરનાર અણગારને ત્રણ પ્રકારના સંસ્તારકોનું પ્રતિલેખન કરવું કલ્પે છે, જેમ કે -

(૧) પત્થરની શિલા,

(૨) લાકડાની પાટ,

(૩) પહેલેથી પાથરેલ સંસ્તારક.

**એ જ પ્રમાણે ત્રણ સંસ્તારકની આજ્ઞા લેવી અને ગ્રહણ કરવી કલ્પે છે.**

**पडिमापडिवण्णस्स इत्थी पुरिस उवसग्गो-**

२१७८. मासियं णं भिक्खु–पडिमं पडिवन्नस्स अणगारस्स इत्थी वा, पुरिसे वा उवस्सयं उवागच्छेज्जा, णो से कप्पति तं पडुच्च निक्खमित्तए वा, पविसित्तए वा ।

— दसा. द. ७, सु. १५

**પ્રતિમાધારીને સ્ત્રી-પુરુષનો ઉપસર્ગ :**

૨૧૭૮. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારને ઉપાશ્રયમાં જો કોઈ સ્ત્રી કે પુરુષ આવી જાય તો તેને જોઈ ઉપાશ્રયની બહાર જવું કે બહારથી અંદર આવવું કલ્પતું નથી.

**पडिमापडिवण्णस्स अगणी उवसग्गो-**

२१७९. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स केइ उवस्सयं अगणिकाएणं झामेज्जा, णो से कप्पति तं पडुच्च निक्खमित्तए वा, पविसित्तए वा ।

तत्थ णं केइ बाहाए गहाय आगसेज्जा, नो से कप्पति तं अवलंबित्तए वा पलंबित्तए वा, कप्पति अहारियं रिइत्तए । — दसा. द. ७, सु. १६

**પ્રતિમાધારીને અગ્નિનો ઉપસર્ગ :**

૨૧૭૯. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારને ઉપાશ્રયમાં કોઈ અગ્નિ સળગાવે તો તેને ઉપાશ્રયની બહાર જવું કે બહારથી અંદર આવવું કલ્પતું નથી.

જો કોઈ તેને બાવડું પકડી બળપૂર્વક બહાર કાઢવા ચાહે તો તેનો સ્વીકાર કે પ્રતિકાર કરવો કલ્પે નહિ પરંતુ ઈર્યા સમિતિ પૂર્વક બહાર નીકળી જવું કલ્પે છે.

---

१. ठाणं. अ. ४, उ. १, सु. २३७

२. ठाणं. अ. ३, उ. ४, सु. १९६

३. ठाणं. अ. ३, उ. ४, सु. १९६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पडिमापडिवण्णस्स खाणूआइ-णिहरण-णिसेहो-**

२१८०. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स पायंसि खाणू वा, कंटए वा, हीरए वा, सक्करए वा अणुपवेसेज्जा, नो से कप्पइ नीहरित्तए वा, विसोहित्तए वा, कप्पति से अहारियं रियत्तए ।

–दसा. द. ७, सु. १७

**प्रतिमाधारीने ठूंठां आदि काढवानो निषेध :**

૨૧૮૦. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારના પગમાં જો તીક્ષ્ણ ઠુંઠું, લાકડું, તણખલું કે કાંટા, કાચ કે કાંકરા વાગી જાય તો તેને કાઢવું કે વિશુદ્ધ કરવું કલ્પતુ નથી, પરંતુ યતનાથી ઈર્યાસમિતિ પૂર્વક ચાલવું કલ્પે છે.

**पडिमापडिवण्णस्स पाणीआइ-णिहरण णिसेहो-**

२१८१. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स अच्छिंसि पाणाणि वा, बीयाणि वा, रए वा परियावज्जेज्जा, नो से कप्पति नीहरित्तए वा विसोहित्तए वा, कप्पति से अहारियं रियत्तए ।

– दसा. द. ७, सु. १८

**પ્રતિમાધારીને જંતુ આદિ કાઢવાનો નિષેધ :**

૨૧૮૧. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારને આંખમાં સૂક્ષ્મ જંતુ, બીજ, રજ આદિ પડી જાય તો તે કાઢવું કે વિશુદ્ધ કરવું કલ્પતું નથી.

પરંતુ તેને યતનાથી ઈર્યાસમિતિ પૂર્વક ચાલવું કલ્પે છે.

**सूरिए अत्थमिए विहार णिसेहो-**

२१८२. मासियं णं भिक्खु-पडिवन्नस्स अणगारस्स जत्थेव सूरिए अत्थमेज्जा,

जलंसि वा, थलंसि वा,

दुग्गंसि वा, निण्णंसि वा,

पव्वयंसि वा, विसमंसि वा,

गड्डाए वा, दरिए वा,

कप्पति से तं रयणी तत्थेव उवाइणावित्तए नो से कप्पति पयमवि गमित्तए ।

कप्पति से कल्लं पाउप्पभाए रयणीए-**जाव**-जलंते पाइणाभिमुहस्स वा, दाहिणाभिमुहस्स वा, पडीणाभिमुहस्स वा, उत्तराभिमुहस्स वा अहारियं रियत्तए ।

– दसा. द. ७, सु. १९

**સૂર્યાસ્ત પછી વિહારનો નિષેધ :**

૨૧૮૨. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારને વિહાર કરતાં સૂર્યાસ્ત થઈ જાય તો-

ત્યાં જળ હોય કે સ્થળ હોય,

દુર્ગમ સ્થાન હોય કે નીચું સ્થાન હોય,

પર્વત હોય કે વિષમ સ્થાન હોય,

ખાડો હોય કે ગુફા હોય,

છતાં પણ આખી રાત ત્યાં જ રહેવું કલ્પે છે પણ એક પગલું પણ આગળ વધવું કલ્પતું નથી.

રાત્રિ પૂરી થયા બાદ પ્રાતઃકાળમાં **યાવત્** જાજ્વલ્યમાન સૂર્યોદય થયા બાદ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ કે ઉત્તર દિશા તરફ મુખ રાખી ઈર્યા સમિતિ પૂર્વક ગમન કરવું કલ્પે છે.

**सचित्त पुढवी समीवे णिद्दाइ णिसेहो-**

२१८३. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स णो से कप्पइ अणंतरहियाए पुढवीए निद्दाइत्तए वा पयलाइत्तए वा ।

केवली बूया- "आयाणमेयं ।"

से तत्थ निद्दायमाणे वा, पयलायमाणे वा हत्थेहिं भूमिं परामुसेज्जा ।

**સચિત્ત ધરતી પાસે નિદ્રા લેવાનો નિષેધ :**

૨૧૮૩. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારને સૂર્યાસ્ત હોવાને કારણે જો સચિત્ત ધરતીની પાસે રોકાવું પડયું હોય તો તેને ત્યાં નિદ્રા લેવી કે ઉંઘવું કલ્પતું નથી.

કેવળી ભગવાને કહ્યું છે "કે આ કર્મબંધનું કારણ છે."

કારણ કે ત્યાં નિદ્રા લેતા કે ઉંઘ લેતાં પોતાના હાથ આદિથી સચિત્ત પૃથ્વીને તે સ્પર્શ કરશે, જેનાથી પૃથ્વીકાયનાં જીવોની હિંસા થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहाविहिमेव ठाणं ठाइत्तए ।

– दसा. द. ७, सु. २०

आथी तेणे सावधानी पूर्वक त्यां स्थिर रहेवुं के कायोत्सर्ग करवो कल्पे छे.

**मलावरोहण णिसेहो-**

२१८४. उच्चार-पासवणेणं उब्बाहिज्जा, नो से कप्पति उगिण्हित्तए वा णिगिण्हित्तए वा।

कप्पति से पुव्वपडिलेहिए थंडिले उच्चार पासवणं वरिट्ठावित्तए तमेव उवस्सयं आगम्म अहाविहिमेव ठाणं ठवित्तए ।

–दसा. द. ७, सु. २०

**मलावरोधनो निषेध :**

२१८४. कदाच त्यां तेने मळमूत्रनी शंका थई जाय तो अटकाववानुं के रोकवुं कल्पतुं नथी.

परंतु पूर्व प्रतिलेखित भूमि पर मळमूत्रनो त्याग करवो कल्पे छे. अने फरी तेने स्थान पर आवी सावधानी पूर्वक स्थिर रहेवुं के कायोत्सर्ग करवो कल्पे छे.

**ससरक्खेण कायेण भिक्खायरियागमण णिसेहो-**

२१८५. मासियं णं भिक्खु–पडिमं पडिवन्नस्स अणगारस्स नो कप्पति ससरक्खेणं काएणं गाहावइ-कुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ।

अह पुण एवं जाणेज्जा– ससरक्खे सेयत्ताए वा, जल्लत्ताए वा, मल्लत्ताए वा, पंकत्ताए वा परिणते, एवं से कप्पति गाहावइ-कुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा ।

–दसा. द. ७, सु. २१

**सचित्त रजवाळा शरीरे गोचरी जवानो निषेध :**

२१८५. एक महीनानी भिक्षु-प्रतिमाधारी अणगारने सचित्त रजवाळी काया साथे गृहस्थनां घरे आहार पाणी माटे जवुं - आववुं कल्पतुं नथी.

जो एम जाण थाय के शरीर पर लागेल सचित्त रज, सूको परसेवो, मेल के कादव रूपे परिणत थई गया छे, तो गृहस्थनां घरे आहार-पाणी माटे जवुं आववुं कल्पे छे.

**हत्थाइ पधोवण णिसेहो-**

२१८६. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स नो कप्पति सीओदग-वियडेण वा, उसिणोदग-वियडेण वा, हत्थाणि वा, पायाणि वा, दंताणि वा, अच्छीणि वा, मुहं वा, उच्छोलित्तए वा, पधोइत्तए वा ।

नऽन्नथ लेवालेवेण वा भत्तामासेण वा ।

– दसा. द. ७, सु. २२

**हाथ आदि धोवानो निषेध :**

२१८६. एक महिनानी भिक्षु-प्रतिमाधारी अणगारने अचित्त ठंडा के गरम पाणीथी हाथ, पग, दांत, नेत्र के मुख एकवार धोवां के वारंवार धोवां कल्पतां नथी.

परंतु कोई प्रकारनां लेपथी लिप्त बनेलो अवयव होय के आहारथी खरडायेलो हाथ वगेरे होय तो धोई शुद्ध करी शकाय छे.

**दुट्ठ आसाइ ओवयमाणे भय णिसेहो-**

२१८७. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स नो कप्पति आसस्स वा, हत्थिस्स वा, गोणस्स वा, महिसस्स वा, सीहस्स वा, वग्घस्स वा, विगस्स वा, दीवियस्स वा, अच्छस्स वा, तरच्छस्स वा, परासरस्स वा, सीयालस्स वा, विरालस्स वा, कोकंतियस्स वा, ससगस्स वा, चित्ताचिल्लडयस्स वा, सुणगस्स वा, कोलसुणगस्स वा, दुट्ठस्स आवयमाणस्स पयमवि पच्चोसकित्तए।

**दुष्ट अश्व आदिनां उपद्रवथी भयभीत थवानो निषेध :**

२१८७. एक महिनानी भिक्षु-प्रतिमाधारी अणगारनी सामे अश्व, हाथी, बळद, भेंस, सिंह, वाघ, वरु, दिपडो, रींछ, तरस, अष्टापद, शियाळ, बिलाडो, ससलुं, चित्तो, कूतरो, जंगली भूंड आदि दुष्ट प्राणी आवी जाय तो तेनाथी भयभीत थईने एक पगलुं पण पाछळ हटवुं कल्पतुं नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अदुट्ठस्स आवयमाणस्स कप्पइ जुगमित्तं पच्चोसक्कित्तए ।

– दसा. द. ७, सु. २३

જો કોઈ દુષ્ટતા રહિત પશુ સ્વાભાવિક માર્ગમાં સામે આવી જાય તો તેને માર્ગ દેવા માટે યુગમાત્ર અર્થાત્ ચાર હાથ પાછા હટવાનું કલ્પે છે.

**सीतातप सहण विहाणो-**

२१८८. मासियं णं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स कप्पति छायाओ "सीयं ति" नो उण्हं एत्तए, उण्हाओ "उण्हं ति" नो छायं एत्तए ।

जं जत्थ जया सिया तं तत्थ अहियासए ।

– दसा. द. ७, सु. २४

**ઠંડી અને ગરમી સહન કરવાનું વિધાન :**

૨૧૮૮. એક મહિનાની ભિક્ષુ-પ્રતિમાધારી અણગારને "અહીં ઠંડી વધારે છે." એમ વિચારી છાંયામાંથી તડકે કે "અહીં ગરમી વધારે છે." એમ વિચારી તડકામાંથી છાંયામાં જવું કલ્પતું નથી.

પરંતુ ત્યાં જેવું હોય તેવું સહન કરવું જોઈએ.

**पडिमाणं सम्मं आराहणं-**

२१८९. एवं खलु एसा मासिया भिक्खु-पडिमा अहासुत्तं, अहाकप्पं, अहामग्गं, अहातच्चं, सम्मं काएणं, फासित्ता, पालित्ता, सोहित्ता, तीरित्ता, किट्टइत्ता, आराहित्ता, आणाए अणुपालित्ता भवइ ।

– दसा. द. ७, सु. २५

**ભિક્ષુ પ્રતિમાઓની યોગ્ય આરાધના :**

૨૧૮૯. આ પ્રમાણે એક મહિનાની ભિક્ષુ-પ્રતિમા સૂત્ર, કલ્પ અને માર્ગ અનુસાર યોગ્ય પ્રકારે કાયાથી સ્પર્શીને, પાલન કરીને, શોધન કરીને, પૂર્ણ કરીને, કીર્તન કરીને, આરાધન કરીને, જિનાજ્ઞા અનુસાર પાલન કરવામાં આવે છે.

**दो मासिया भिक्खु पडिमा-**

२१९०. दो-मासियं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-आणाए अणुपालित्ता भवइ।

नवरं-दो दत्तिओ भोयणस्स पडिगाहित्तए दो पाणगस्स । – दसा. द. ७, सु. २६

**બે માસની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૦. બે મહિનાની ભિક્ષુ-પ્રતિમા પ્રતિપન્ન અણગારને **યાવત્** તે પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

વિશેષમાં પ્રતિદિન બે દાંતી આહાર અને બે દાંતી પાણી ગ્રહણ કરવાં કલ્પે છે.

**तिमासिया भिक्खु पडिमा-**

२१९१. ति-मासियं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-आणाए अणुपालित्ता भवइ ।

नवरं–तओ दत्तिओ भोयणस्स पडिगाहेत्तए तओ पाणगस्स ।[1] –दसा. द. ७, सु. २७

**ત્રણ માસની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૧. ત્રણ મહિનાની ભિક્ષુ પ્રતિમા પ્રતિપન્ન અણગારને **યાવત્** તે પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

વિશેષમાં પ્રતિદિન ત્રણ દાંતી આહાર અને ત્રણ દાંતી પાણી ગ્રહણ કરવાં કલ્પે છે.

**चउमासिया भिक्खु पडिमा-**

२१९२. चउ–मासियं भिक्खु–पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-आणाए अणुपालित्ता भवइ।

णवरं–चत्तारि दत्तिओ भोयणस्स पडिगाहेत्तए चत्तारि पाणगस्स । – दसा. द. ७, सु. २८

**ચાર માસની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૨. ચાર મહિનાની ભિક્ષુ-પ્રતિમા પ્રતિપન્ન અણગારને **યાવત્** તે પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

વિશેષમાં પ્રતિદિન ચાર દાંતી આહાર અને ચાર દાંતી પાણી ગ્રહણ કરવાં કલ્પે છે.

---

१. ठाणं. अ. ३, उ. ३, सू. १८८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पंचमासिया भिक्खु पडिमा-**

२१९३. पंच मासियं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-आणाए अणुपालित्ता भवइ।

**णवरं**-पंच दत्तिओ भोयणस्स पडिगाहेत्तए पंच पाणगस्स ।[१]

– *दसा.* द. ७, सु. २९

**પાંચ માસની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૩. પાંચમાસની ભિક્ષુ-પ્રતિમા પ્રતિપન્ન અણગારને **યાવત્** તે પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

વિશેષમાં પ્રતિદિન પાંચ દાંતી આહાર અને પાંચ દાંતી પાણી ગ્રહણ કરવાં કલ્પે છે.

**छः मासिया भिक्खु पडिमा-**

२१९४. छः मासियं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-आणाए अणुपालित्ता भवइ।

**णवरं**–छ दत्तिओ भोयणस्स पडिगाहेत्तए छ पाणगस्स ।

–*दसा.* द. ७, सु. ३०

**છ માસની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૪. છ માસની ભિક્ષુ-પ્રતિમા પ્રતિપન્ન અણગારને **યાવત્** તે પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

વિશેષમાં પ્રતિદિન છ દાંતી આહાર અને છ દાંતી પાણી ગ્રહણ કરવા કલ્પે છે.

**सत्तमासिया भिक्खु पडिमा-**

२१९५. सत्त मासियं भिक्खु–पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-आणाए अणुपालित्ता भवइ।

**णवरं**–सत्त दत्तिओ भोयणस्स पडिगाहेत्तए सत्त पाणगस्स ।

–*दसा.* द. ७, सु. ३१.

**સાત માસની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૫. સાત માસની ભિક્ષુ પ્રતિમા પ્રતિપન્ન અણગારને **યાવત્** તે પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

વિશેષમાં પ્રતિદિન સાત દાંતી આહાર અને સાત દાંતી પાણી ગ્રહણ કરવા કલ્પે છે.

**पढमा सत्तराइंदिया भिक्खु पडिमा-**

२१९६. पढमं सत्त-राइंदियं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-अहियासेज्जा।

कप्पइ से चउत्थेणं भत्तेणं अपाणएणं बहिया गामस्स वा-जाव-रायहाणिए वा उत्ताणस्स वा, पासिल्लगस्स वा, नेसिज्जयस्स वा ठाणं ठाइत्तए ।

तत्थ से दिव्व-माणुस्स-तिरिक्खजोणिया उवसग्गा समुप्पज्जेज्जा, ते णं उवसग्गा पयलेज्ज वा, पवडेज्ज वा, णो से कप्पइ पयलित्तए वा पवडित्तए वा ।

तत्थ णं उच्चार-पासवणेणं उव्वाहिज्जा, णो से कप्पइ उच्चार-पासवणं उगिण्हित्तए वा, णिगिण्हित्तए वा, कप्पइ से पुव्व-पडिलेहियंसि थंडिलंसि उच्चार-पासवणं परिट्ठवित्तए, अहाविहिमेव ठाणं ठाइत्तए ।

**પ્રથમ સાત અહોરાત્રિની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૬. પ્રથમ સાત દિવસ-રાતની ભિક્ષુ-પ્રતિમાધારી અણગાર **યાવત્** શારીરિક સામર્થ્યથી સહન કરે.

તેણે ચૌવિહાર ઉપવાસ કરી ગ્રામ **યાવત્** રાજધાનીની બહાર ઉત્તાનાસન, પાર્શ્વાસન નિષદ્યાસનથી કાયોત્સર્ગ કરી સ્થિર રહેવું જોઈએ.

ત્યાં કદાચ દેવતા, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગ આવે અને અણગારને ધ્યાનથી વિચલિત કરે કે પતિત કરે તો તેને વિચલિત કે પતિત થવું કલ્પતું નથી.

જો મળ-મૂત્રની શંકા હોય તો તેને રોકવાં કલ્પતાં નથી પણ પૂર્વ પ્રતિલેખનવાળા સ્થાન પર મળ-મૂત્ર ત્યાગવાં કલ્પે છે. ફરી યથાયોગ્ય પોતાના સ્થાન પર આવી કાયોત્સર્ગ કરવો કલ્પે છે.

---

१. ठाणं. अ. ५, उ. २, सु. ४२४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं खलु एसा पढमा सत्त-राइंदिया भिक्खु-पडिमा अहासुयं-जाव-अणुपालित्ता भवइ ।

–दसा. द. ७, सु. ३२

આ પ્રમાણે પહેલી સાત રાત-દિવસની ભિક્ષુ પ્રતિમા યોગ્ય સૂત્ર **યાવત્** જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

**दोच्चा सत्तराइंदिया भिक्खु पडिमा-**

२१९७. **एवं दोच्चा सत्त-राइंदिया वि ।**

**नवरं**-दंडाइयस्स वा, लगडसाइस्स वा, उक्कुडुयस्स वा, ठाणं ठाइत्तए, सेसं तं चेव-जाव-अणुपालित्ता भवइ । – दसा. द. ७, सु. ३३

**દ્વિતીય સપ્ત અહોરાત્રિની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૭. **આ જ પ્રમાણે બીજી સાત દિવસ-રાતની ભિક્ષુ પ્રતિમાનું વર્ણન છે.**

વિશેષમાં આ પ્રતિમાના આરાધના કાળમાં દંડાસન, લકુટાસન અને ઉત્કુટુકાસનમાં સ્થિર રહેવું જોઈએ. **શેષ વર્ણન પૂર્વવત્ યાવત્** આ પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

**तच्चा सत्तराइंदिया भिक्खु पडिमा-**

२१९८. **एवं तच्चा सत्त-राइंदिया वि ।**

नवरं-गोदोहियाए वा, वीरासणीयस्स वा, अंबखुज्जस्स वा, ठाणं ठाइत्तए । सेसं तं चेव-जाव-अणुपालित्ता भवइ ।

– दसा. द. ७, सु. ३४

**તૃતીય સપ્ત અહોરાત્રિની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૮. **આ પ્રમાણે ત્રીજી સાત દિવસ-રાતની ભિક્ષુ પ્રતિમા માટે પણ એ જ વર્ણન છે.**

વિશેષમાં આ પ્રતિમાનાં આરાધના કાળમાં ગોદોહાસન, વીરાસન અને આમ્રકુબ્જાસનમાં સ્થિર રહેવું જોઈએ. **શેષ વર્ણન પૂર્વવત્ યાવત્** આ પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

**अहोराइया भिक्खु पडिमा-**

२१९९. **एवं अहोराइयावि ।**

**नवरं-** छट्ठेणंभत्तेणं अपाणएणं बहिया गामस्स वा-जाव-रायहाणिस्स वा ईसिं पब्भार गएणं काएणं दो वि पाए साहट्टु वग्घारिय-पाणिस्स ठाणं ठाइत्तए । सेसं तं चेव-जाव-अणुपालित्ता भवइ ।

–दसा. द. ७, सु. ३५

**અહોરાત્રિની ભિક્ષુ પ્રતિમા :**

૨૧૯૯. **આ પ્રમાણે અહોરાત્રિની પ્રતિમાનું પણ વર્ણન છે.**

વિશેષમાં ચૌવિહાર છઠ્ઠ કરીને ગ્રામ **યાવત્** રાજધાનીની બહાર શરીરને થોડું ઝુકાવી, બંને પગને સંકોચી, બંને ભુજાઓને ગોઠણ સુધી લંબાવી કાયોત્સર્ગ કરવો જોઈએ. **શેષ વર્ણન પૂર્વવત્ યાવત્** આ પ્રતિમા જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

**एगराइया भिक्खु पडिमा-**

२२००. एग-राइयं भिक्खु-पडिमं पडिवन्नस्स अणगारस्स-जाव-अहियासेज्जा ।

कप्पइ से अट्ठमेणं भत्तेणं अपाणएणं बहिया गामस्स वा-जाव-रायहाणिस्स वा ईसिं पब्भार गएणं काएणं एग पोग्गलट्ठित्ताए दिट्ठीए अणिमिसनयणेहिं अहापणिहिऐहिं गुत्तेहिं सव्विंदिएहिं गुत्तेहिं दो वि पाए साहट्टु वग्घारियपाणिस्स ठाणं ठाइत्तए ।

तत्थ से दिव्व-माणुस्स-तिरिक्खजोणिया उवसग्गा समुप्पज्जेज्जा ते णं उवसग्गा पयलेज्ज वा, पवडेज्ज वा नो से कप्पइ पयलित्तए वा पवडित्तए वा ।

**એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા :**

૨૨૦૦. એક રાત્રિ ભિક્ષુ-પ્રતિમા અણગાર **યાવત્** શારીરિક સમતાથી સહન કરે.

ચૌવિહાર અઠ્ઠમ કરી ગ્રામ **યાવત્** રાજધાનીની બહાર શરીરને જરા આગળ તરફ ઝુકાવી એક પદાર્થ પર દષ્ટી સ્થિર કરી અનિમેષ નેત્રે તથા અચલ અંગથી સર્વ ઈન્દ્રિયોને ગુપ્ત કરી, બંને પગને સંકોચી, બંને ભુજાઓને ગોઠણ સુધી લંબાવી કાયોત્સર્ગમાં સ્થિર રહેવું જોઈએ.

કદાચ દેવતા, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગ આવે અને અણગારને જો ઉપસર્ગથી ધ્યાનમાં ચલિત કે પતિત કરે તો ચલિત કે પતિત થવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ णं उच्चार-पासवणेणं उव्वाहिज्जा, नो से कप्पइ उच्चार-पासवणं उगिण्हित्तए वा णिगिण्हित्तए वा । कप्पइ से पुव्वपडिलेहियंसि थंडिलंसि-उच्चार–पासवणं परिट्ठवित्तए । अहाविहिमेव ठाणं ठाइत्तए ।

જો મળ-મૂત્રની શંકા હોય તો તેને રોકવા કલ્પતાં નથી, પણ પૂર્વ પ્રતિલેખનવાળા સ્થાન પર મળ-મૂત્ર ત્યાગવાં કલ્પે છે. ફરી યથાયોગ્ય સ્થાન પર આવી કાયોત્સર્ગ કરવો કલ્પે છે.

एगराइयं भिक्खु-पडिमं सम्मं अणणुपालेमाणस्स अणगारस्स इमे तओ ठाणा अहियाए, असुभाए, अक्खमाए, अणिसेस्साए, अणणुगामियत्ताए भवंति, तं जहा–

१. उम्मायं वा लभेज्जा,

२. दीहकालियं वा रोगायंकं पाउणिज्जा,

३. केवलि-पण्णत्ताओ वा धम्माओ भंसिज्जा ।

એક રાત્રિની ભિક્ષુ-પ્રતિમા યોગ્ય પ્રકારે પાલન ન થવાથી અણગાર માટે ત્રણ સ્થાન અહિતકર, અશુભ, અસામર્થ્યવાન, અકલ્યાણકારી તથા દુઃખદ ભવિષ્યવાળાં બને છે, જેમ કે -

(૧) ઉન્માદની પ્રાપ્તિ,

(૨) લાંબો રોગ તેમજ આતંકની પ્રાપ્તિ,

(૩) કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થવું.

एग-राइयं भिक्खु-पडिमं सम्मं अणुपालेमाणस्स अणगारस्स इमे तओ ठाणा हियाए, सुहाए, खमाए, निस्सेसाए, अणुगामियत्ताए भवंति, तं जहा–

१. ओहिनाणे वा से समुपज्जेज्जा,

२. मण-पज्जवनाणे वा से समुपज्जेज्जा,

३. केवल-नाणे वा से असमुप्पन्नपुव्वे समुपज्जेज्जा ।

એક રાત્રિની ભિક્ષુ-પ્રતિમા યોગ્ય પ્રમાણસર પાલન કરનાર અણગાર માટે ત્રણ સ્થાન, હિતકર, શુભ, સામર્થ્યવાન્, કલ્યાણકારી તથા સુખદ ભવિષ્યવાળાં બને છે, જેમ કે -

(૧) અવધિજ્ઞાનની પ્રાપ્તિ,

(૨) મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ,

(૩) અનુત્પન્ન કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

एवं खलु एगराइयं भिक्खु-पडिमं, अहासुत्तं, अहाकप्पं, अहामग्गं, अहातच्चं, सम्मं काएणं फासित्ता, पालित्ता, सोहित्ता, तीरित्ता, किट्टित्ता, आराहित्ता, आणाए अणुपालित्ता या वि भवति ।[१]

– *दसा. द. ७, सु. ३६-३९*

આ પ્રમાણે એક રાત્રિની ભિક્ષુ-પ્રતિમા સૂત્ર સહિત, કલ્પ સહિત, યોગ્ય માર્ગ તથા યથાતથ રૂપે, કાયાને સ્પર્શ કરી, પાલન કરી, શોધન કરી, પૂર્ણ કરી, કીર્તન કરી તથા આરાધના કરી જિનાજ્ઞાનુસાર પાલન કરવામાં આવે છે.

### पडिमागहणेणं विमुत्ति-

२२०१. पिण्डोग्गहपडिमासु, भयट्ठाणेसु सत्तसु ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।

– *उत्त. अ. ३१, गा. ९*

उवासगाणं पडिमासु, भिक्खूणं पडिमासु य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।

– *उत्त. अ. ३१, गा. ११*

### પ્રતિમા ગ્રહણ કરવાથી મુક્તિ :

૨૨૦૧. જે ભિક્ષુ આહાર ગ્રહણની સાત પ્રતિમાઓમાં તેમજ સાત ભય સ્થાનોમાં, સદા યતનાવાન્ છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

જે ભિક્ષુ ઉપાસકોની અગિયાર પ્રતિમાઓ તથા ભિક્ષુની બાર પ્રતિમાઓમાં સદા યતનાવાન્ છે, તે પણ સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

१. ठाणं. अ. ३, उ. ३, सु. १८८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## એષણા પ્રતિમાઓ – ૮ (૩)

**सत्त आहारेसण पडिमाओ-**

२२०२. इच्चेयाइं आयतणाइं उवातिकम्म अह भिक्खु जाणेज्जा-सत्त पिंडेसणाओ–[1]

१. तत्थ खलु इमा पढमा पिंडेसणा- असंसट्ठे हत्थे असंसट्ठेमत्ते ।

तहप्पगारेण असंसट्ठेण हत्थेण वा, मत्तएण वा, असणं वा, खाइमं वा, साइमं वा, सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । पढमा पिंडेसणा ।

२. अहावरा दोच्चा पिंडेसणा- संसट्ठे हत्थे, संसट्ठे मत्ते ।

तहप्पगारेण संसट्ठेण हत्थेण वा, मत्तएण वा, असणं वा, खाइमं वा, साइमं वा, सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । दोच्चा पिंडेसणा ।

३. अहावरा तच्चा पिंडेसणा-इह खलु पाईणं वा-**जाव**-उदीणं वा, संतेगतिया सड्ढा भवंति, तं जहा–गाहावती वा-**जाव**-कम्मकरी वा ।

तेसिं च णं अण्णतरेसु विरूवरूवेसु भायणजायेसु उवणिक्खित्तपुव्वे सिया, तं जहा–

थालंसि वा, पिढरगंसि वा, सरगंसि वा, परगंसि वा, वरगंसि वा ।

अह पुणेवं जाणेज्जा-असंसट्ठे हत्थे, संसट्ठे मत्ते, संसट्ठे वा हत्थे, असंसट्ठे मत्ते । से य पडिग्गहधारी सिया, पाणि-पडिग्गहए वा, से पुव्वामेव आलोएज्जा–

"आउसो ! ति वा भगिणि ! ति वा, एतेण तुमं असंसट्ठेण हत्थेण, संसट्ठेण मत्तेण, संसट्ठेण वा हत्थेण, असंसट्ठेण मत्तेण अस्सिं खलु पडिग्गहंसि वा, पाणिंसि वा णिहट्टु ओवित्तु दलयाहि ।"

तहप्पगारं भोयणजातं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा फासुयं-**जाव**-पडिगाहेज्जा । तच्चा पिंडेसणा ।

**આહાર લેવાની સાત પ્રતિમાઓ :**

૨૨૦૨. પૂર્વોકત પિંડેષણા સંબંધી દોષોને છોડવા ભિક્ષુ આ સાત પિંડેષણાઓ-આહારની પ્રતિમાઓ જાણે -

(૧) પહેલી પિંડેષણા - અચિત્ત વસ્તુથી હાથ લિપ્ત ન હોય અને પાત્ર પણ લિપ્ત ન હોય,

એવા પ્રકારના (અર્થાત્ દાતાના) અલિપ્ત હાથ અને અલિપ્ત પાત્રથી અશન, ખાદ્ય, સ્વાદ્ય આહારની યાચના પોતે કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ કરે. આ પહેલી પિંડેષણા છે.

(૨) બીજી પિંડેષણા - અચિત્ત વસ્તુથી હાથ અને અચિત્ત પાત્ર દાતાના હાથ લિપ્ત હોય તો,

એવા પ્રકારના દાતાના લિપ્ત હાથ અને લિપ્ત પાત્રથી અશન, ખાદ્ય, સ્વાદ્ય આહારની યાચના પોતે કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ કરે. આ બીજી પિંડેષણા છે.

(૩) ત્રીજી પિંડેષણા - આ ક્ષેત્રમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશામાં ઘણા શ્રદ્ધાળુ પુરુષો છે, જેમકે- ગૃહપતિ **યાવત્** દાસદાસીઓ.

તેમને ત્યાં વિવિધ પાત્રોમાં ભોજન રાખેલાં હોય છે, જેમકે-

થાળીમાં, તપેલીમાં, કથરોટમાં, છાબડીમાં કે ઉત્તમ મૂલ્યવાન પાત્રમાં.

સાધુ તે જોઈ એમ જાણે કે-ગૃહસ્થના હાથ લિપ્ત નથી, પાત્ર લિપ્ત છે. અથવા હાથ લિપ્ત છે, પાત્ર લિપ્ત નથી. ત્યારે તે પાત્ર રાખનાર અથવા પાણિપાત્ર સાધુ પહેલેથી જ તેને દેખીને કહે -

"હે આયુષ્માન્ ગૃહસ્થ ! અથવા ભગિની ! તમે મને આ ભોજન અલિપ્ત હાથથી અને લિપ્ત પાત્રથી અથવા લિપ્ત હાથથી અને અલિપ્ત પાત્ર દ્વારા અમારા પાત્રમાં કે હાથમાં લાવીને આપો."

તેવા પ્રકારનું ભોજન સ્વયં યાચી લે અથવા યાચ્યા વિના ગૃહસ્થ લાવીને આપે તો તે પ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ કરે. આ ત્રીજી પિંડેષણા છે.

---

१. ठाणं. अ. ७, सु. ५४५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. अहावरा चउत्था पिंडेसणा–से भिक्खू वा-**जाव**- समाणे सेज्जं पुण जाणेज्जा–पिहुयं वा, बहुरयं वा, भुज्जियं वा, मंथुं वा, चाउलं वा, चाउलपलंबं वा,

अस्सिं खलु पडिग्गहियंसि अप्पे पच्छकम्मे अप्पे पज्जवजाते ।

तहप्पगारं पिहुयं वा-जाव-चाउलपलंबं वा सयं वा णं जाएज्जा परो वा से देज्जा फासुयं-जाव-पडिगाहेज्जा । चउत्था पिंडेसणा ।

(૪) ચોથી પિંડેષણા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરતાં એવું જાણે કે - ગૃહસ્થને ત્યાં સેકેલા કે ચૂરો કરેલા અચિત્ત ઘઉં આદિની ધાણી, જુવાર-જવ આદિની સેકેલી ધાણી તથા ચોખા કે તેના પૌવા છે.

જેને ગ્રહણ કરતાં પાત્ર ખરડાતાં નથી, તેમજ ફોતરા આદિ ઉડાડવા પડતાં નથી.

આ પ્રકારનાં ધાન્ય **યાવત્** સેકાયેલા અચિત્ત પદાર્થને જાણી સાધુ આ પ્રકારનું ભોજન સ્વયં યાચી લે અગર યાચ્યા વિના ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ કરી લે. આ ચોથી પિંડેષણા છે.

५. अहावरा पंचमा पिंडेसणा– से भिक्खू वा-**जाव**- समाणे उग्गहियमेव भोयणजातं जाणेज्जा, तं जहा–

सरावंसि वा, डिंडिमंसि वा, कोसगंसि वा ।

अह पुणेवं जाणेज्जा–बहुपरियावण्णे पाणीसु दगलेवे ।

तहप्पगारं असणं वा, खाइमं वा, साइमं वा, सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । पंचमा पिंडेसणा ।

(૫) પાંચમી પિંડેષણા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરતાં એવું જાણે કે - ગૃહસ્થે પોતાના માટે કોઈ પાત્રમાં ભોજન કાઢેલ હોય, જેમ કે -

શકોરામાં, કાંસાની થાળીમાં કે માટીના વાસણમાં.

પછી એવું પણ જાણે કે - સચિત્ત જળથી ધોયેલ તેના હાથ અચિત્ત થઈ ચૂક્યા હોય તો,

તેવા અશન, ખાદ્ય, સ્વાદ્ય આહારની સાધુ પોતે યાચના કરે કે ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ પાંચમી પિંડેષણા છે.

६. अहावरा छट्ठा पिंडेसणा– से भिक्खू वा-**जाव**-समाणे पग्गहियमेव भोयणजातं जाणेज्जा जं च सयट्ठाए पग्गहितं, च परट्ठाए पग्गहितं,

तं पायपरियावण्णं तं पाणिपरियावण्णं असणं वा, खाइमं वा, साइमं वा सयं वा णं जाएज्जा परो वा से देज्जा फासुयं-जाव-पडिगाहेज्जा। छट्ठा पिंडेसणा ।

(૬) છઠ્ઠી પિંડેષણા-તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરીને એવું જાણે કે ગૃહસ્થે પોતા માટે અથવા કોઈ બીજા માટે વાસણમાંથી ભોજન કાઢી ગ્રહણ કરેલ હોય.

તેવા પ્રકારનું ભોજન ગૃહસ્થના પાત્રમાં હોય અથવા હાથમાં હોય તે અશન, ખાદ્ય, સ્વાદ્ય, સાધુ પોતે યાચના કરે કે ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ છઠ્ઠી પિંડેષણા છે.

७. अहावरा सत्तमा पिंडेसणा– से भिक्खू वा-जाव-समाणे उज्झित-धम्मिय भोयणजायं जाणेज्जा,

जं चऽण्णे बहवे दुपय-चउप्पय-समण-माहण-अतिहि-किवण-वणीमगा णावकंखंति ।

तहप्पगारं उज्झित-धम्मियं भोयणजायं सयं वा णं जाएज्जा, परो वा से सेज्जा फासुयं-**जाव**-पडिगाहेज्जा ।

सत्तमा पिंडेसणा ।

– *आ. सु. २, अ. १, उ. ११, सु. ४०९*

(૭) સાતમી પિંડેષણા-તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરીને એવું જાણે કે ગૃહસ્થ માટે ફેંકવા યોગ્ય આહાર છે.

કે જેને ઘણા દ્વિપદ, ચતુષ્પદ શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ અને ભિખારી લોકો ઈચ્છે નહીં.

એવા ફેંકવા યોગ્ય આહારની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ કરી લે.

આ સાતમી પિંડેષણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सत्त-पाणेसण पडिमाओ-**

२२०३. इच्चेयाइं आयतणाइं उवातिकम्म अह भिक्खू जाणेज्जा-सत्त पाणेसणाओ–[1]

१. तत्थ खलु इमा पढमा पाणेसणा– असंसट्ठे हत्थे, असंसट्ठे मत्ते ।

तहप्पगारेणं असंसट्ठेण हत्थेण वा, असंसट्ठेण मत्तएण वा पाणगजायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । पढमा पाणेसणा ।

२. अहावरा दोच्चा पाणेसणा–संसट्ठे हत्थे, संसट्ठे मत्ते ।

तहप्पगारेण असंसट्ठेण हत्थेण वा, असंसट्ठेण मत्तएण वा, पाणगजायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा। दोच्चा पाणेसणा ।

३. अहावरा तच्चा पाणेसणा–इह खलु पाईणं वा-**जाव**-उदीणं वा संतेगतिया सड्ढा भवंति, तं जहा–गाहावती वा-जाव-कम्मकरी वा ।

तेसिं च णं अण्णतरेसु विरूवरूवेसु भायणजायेसु उवणिक्खित्त-पुव्वे सिया, तं जहा--

थालंसि वा, पिढरगंसि वा, सरगंसि वा, परगंसि वा, वरगंसि वा ।

अह पुणेवं जाणेज्जा–असंसट्ठे हत्थे, संसट्ठे मत्ते, संसट्ठे वा हत्थे, असंसट्ठे मत्ते । से य पडिग्गहधारी सिया पाणिपडिग्गहए वा, से पुव्वामेव आलोएज्जा ।

"आउसो ! ति वा, भगिणी ! ति वा एतेण तुमं असंसट्ठेण हत्थेण, संसट्ठेण मत्तेण, संसट्ठेण वा हत्थेण, असंसट्ठेण मत्तेण, अस्सिं खलु पडिग्गहंसि वा पाणिंसि वा णिहट्टु ओवित्तु दलयाहि । तहप्पगारं पाणगजायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । तच्चा पाणेसणा ।

४. अहावरा चउत्था पाणेसणा–से भिक्खू वा-**जाव**-समाणे से ज्जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा–

**પાણી લેવાની સાત પ્રતિમાઓ :**

૨૨૦૩. પૂર્વોક્ત પાણેષણા સંબંધી બંને દોષોને છોડતાં ભિક્ષુ આ સાત પાણેષણા જાણે-

(૧) પહેલી પાણેષણા - અલિપ્ત હાથ અને અલિપ્ત પાત્ર.

એવા પ્રકારના અર્થાત્ દાતાના અલિપ્ત હાથ અને અલિપ્ત પાત્રથી પાણીની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ પ્રથમ પાણેષણા છે.

(૨) બીજી પાણેષણા - અચિત્ત વસ્તુથી હાથ અને અચિત્ત પાત્ર લિપ્ત હોય તો.

એવા પ્રકારનાં અર્થાત્ દાતાના અલિપ્ત હાથ અને અલિપ્ત પાત્રથી પાણી પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ બીજી પાણેષણા છે.

(૩) ત્રીજી પાણેષણા - ક્ષેત્રમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશામાં કોઈ શ્રદ્ધાળુ વ્યક્તિ રહે છે, જેમ કે-ગૃહપતિ **યાવત્** દાસ-દાસી.

તેને ત્યાં વિવિધ પાત્રોમાં પાણી રાખેલ હોય, જેમ કે -

થાળીમાં, તપેલીમાં, કથરોટમાં, તાસમાં કે ઉત્તમ મૂલ્યવાન પાત્રમાં.

તે સમયે સાધુ એમ જાણે કે-ગૃહસ્થનાં હાથ અલિપ્ત છે, પરંતુ પાત્ર લિપ્ત છે. અથવા હાથ લિપ્ત છે અને પાત્ર અલિપ્ત છે- ત્યારે તે પાત્ર રાખનાર અગર પાણિપાત્ર સાધુ પ્રથમ જ દેખીને તેને કહે-

'હે આયુષ્યમાન ગૃહસ્થ ! અથવા ભગિની ! તમે આ અલિપ્ત હાથ અને અચિત્ત પાત્રથી અથવા અચિત્ત હાથ અને અલિપ્ત પાત્રથી લાવીને આ પાત્રમાં અથવા હાથમાં પાણી આપો.' આ પ્રમાણેનાં પાણીની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે.

આ ત્રીજી પાણેષણા છે.

(૪) ચોથી પાણેષણા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરીને એવું જાણે કે -

---

१. ठाणं. अ. ७, सु. ५४५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिलोदगं वा, तुसोदगं वा, जवोदगं वा, आयामं वा, सोवीरं वा, सुद्धवियडं वा ।

ત્યાં તલનું ધોવણ, તુષનું ધોવણ, જવનું પાણી, ચોખા આદિનું ઓસામણ, કાંજીનું પાણી કે શુદ્ધ અચિત્ત ઠંડું પાણી છે.

अस्सिं खलु पडिग्गहियंसि अप्पे पच्छाकम्मे, अप्पे पज्जवजाए ।

આમાંથી કોઈપણ પ્રકારનું પાણી ગ્રહણ કરવા છતાં પાત્ર અન્ન આદિથી ખરડાયેલ રહેતું નથી તથા કંઈ ફેંકવું પણ પડતું નથી.

तहप्पगारं तिलोदगं वा-जाव-सुद्धवियडं वा सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । चउत्था पाणेसणा ।

એવા તલનું ધોવણ **યાવત્** શુદ્ધ અચિત્ત ઠંડા પાણીની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ ચોથી પાણેષણા છે.

५. अहावरा पंचमा पाणेसणा– से भिक्खू वा-जाव-समाणे उग्गहियमेव पाणगजायं जाणेज्जा, तं जहा–

(૫) પાંચમી પાણેષણા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરીને એવું જાણે કે અહીં કોઈ પાત્રમાં પાણી રાખેલ છે, જેમ કે -

सरावंसि वा, डिंडिमंसि वा, कोसगंसि वा ।

શકોરામાં, કાંસાની થાળીમાં, માટીના વાસણમાં,

अह पुणेवं जाणेज्जा-बहुपरियावण्णे पाणीसु दगलेवे ।

પછી એવું જાણે કે - સચિત્ત જળથી આપનારના હાથ સચિત્ત પાણીથી અલિપ્ત થઈ ગયા હોય, પૂર્ણ સુકાઈ ગયા હોય,

तहप्पगारं पाणगजायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । पंचमा पाणेसणा ।

તેવા પ્રકારનાં પાણીની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ પાંચમી પાણેષણા છે.

६. अहावरा छट्ठा पाणेसणा– से भिक्खू वा-जाव-समाणे पग्गहियमेव पाणगजायं जाणेज्जा-जं च सयट्ठाए पग्गहितं जं च परट्ठाए पग्गहितं ।

(૬) છઠ્ઠી પાણેષણા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરીને એવું જાણે કે - ગૃહસ્થે પોતાના માટે અથવા બીજાના માટે પાણી કાઢેલું છે.

तं पायपरियावण्णं तं पाणिपरियावण्णं पाणगजायं सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । छट्ठा पाणेसणा ।

તે ગૃહસ્થનાં પાત્રમાં કે હાથમાં રહેલ પાણી સાધુ પોતે યાચના કરે અથવા તે ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ છઠ્ઠી પાણેષણા છે.

७. अहावरा सत्तमा पाणेसणा– से भिक्खू वा-जाव-समाणे उज्झित धम्मियं पाणगजायं जाणेज्जा । जं चऽण्णे बहवे दुपय-चउप्पय-समण-माहण-अतिहि-किवण-वणीमगा णावकंखंति ।

(૭) સાતમી પાણેષણા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરીને એવું જાણે કે ગૃહસ્થ માટે ફેંકવા યોગ્ય પાણી છે, જેને ઘણા પશુ-પક્ષી, મનુષ્ય, શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ અને ભિખારી લોકો ઈચ્છે નહીં.

तहप्पगारं उज्झितधम्मियं पाणगजायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा। सत्तमा पाणेसणा ।

એવા ફેંકવા યોગ્ય પાણીની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ સાતમી પાણેષણા છે.

– *आ. सु. २, अ. १, उ. ११, सु. ४०९*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पडिमा धारगस्स वयणं विवेगो-**

२२०४. इच्चेयासिं सत्तण्हं पिंडेसणाणं, सत्तण्हं पाणेसणाणं अण्णतरं पडिमं पडिवज्जमाणे णो एवं वदेज्जा– "मिच्छा पडिवण्णा खलु एते भयंतारो, अहमेगे सम्मं पडिवण्णे"

"जे एते भयंतारो एताओ पडिमाओ पडिवज्जित्ताणं विहरंति, जे य अहमंसि एयं पडिमं पडिवज्जित्ताणं विहरामि, सव्वेवि ते उ जिणाणाए उवट्ठित्ता अण्णोण्णसमाहीए, एवं च णं विहरंति ।

– *आ. सु. २, अ. १, उ. ११, सु. ४१०*

**પ્રતિમા ધારણ કરનારનો વચન-વિવેક :**

૨૨૦૪. આ સાત પિંડૈષણાઓ અને સાત પાણૈષણાઓમાંથી કોઈ પણ એક પ્રતિમાને ધારણ કરનાર મુનિ એવું ન કહે કે - "બીજા સાધુઓ સમ્યક્ પ્રકારથી પ્રતિમા વહન કરતા નથી. હું એકલો જ શુદ્ધ પ્રતિમાને વહન કરું છું."

તેણે એમ બોલવું જોઈએ- "આ સર્વ સાધુઓ ! જિનાજ્ઞા પ્રમાણે વિચરે છે. તે સર્વ જિનાજ્ઞામાં ઉદ્યત થતાં પરસ્પર સમાધિ ઉત્પન્ન કરીને વિચરી રહ્યા છે." પ્રતિમાધારી સાધુ અભિમાની થઈને પ્રતિમા વહન ન કરનાર મુનિઓની નિંદા ન કરે. તેમજ પોતાની ઉત્કૃષ્ટતા પ્રગટ કરી અહંકાર ન કરે.

**चत्तारि संथारेसण पडिमाओ-**

२२०५. इच्चेयाइं आयतणाइं उवातिकम्म अह भिक्खू जाणेज्जा–इमाहिं चउहिं पडिमाहिं संथारगं एसित्तए ।[१]

१. तत्थ खलु इमा पढमा पडिमा–से भिक्खू वा भिक्खुणी वा उद्दिसिय उद्दिसिय संथारगं जाएज्जा, तं जहा–

१. इक्कडं वा,
२. कढिणं वा,
३. जंतुयं वा,
४. परगं वा,
५. मोरगं वा,
६. तणं वा,
७. कुसं वा,
८. कुच्चगं वा,
९. पिप्पलगं वा,
१०. पलालगं वा ।

से पुव्वामेव आलोएज्जा–

"आउसो ! ति वा, भगिणी ! ति वा, दाहिसि मे एत्तो अण्णतरं संथारगं ?"

तहप्पगारं संथारगं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । पढमा पडिमा ।

२. अहावरा दोच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा पेहाए संथारगं जाएज्जा, तं जहा–

**સંસ્તારક લેવાની ચાર પ્રતિમાઓ :**

૨૨૦૫. પૂર્વોક્ત શય્યેષણા સંબંધી દોષોને છોડતા સાધુ આ ચાર પ્રતિમાઓથી સંસ્તારકની એષણા કરે -

(૧) પહેલી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી નામનો ઉલ્લેખ કરી-કરી સંસ્તારકની યાચના કરે, જેમ કે -

૧. ઈક્કડ નામના ઘાસનો સંથારો,
૨. વાંસની છાલથી બનેલ સંથારો,
૩. જંતુક નામના ઘાસનો સંથારો,
૪. વરડા નામના ઘાસનો સંથારો,
૫. મોર પીંછનો સંથારો,
૬. સાધારણ ઘાસનો સંથારો,
૭. કુશનો સંથારો,
૮. કર્ચક નામના ઘાસનો સંથારો જેનો કૂચડો બને છે,
૯. પીપળાના પાનનો સંથારો,
૧૦. પરાળનો સંથારો.

સાધુ પહેલાં જ વિચાર કરી લે અને કહે, -

"હે આયુષ્મન્ ગૃહસ્થ અથવા બહેન ! શું તમે મને આ સંસ્તારકોમાંથી અમુક સંસ્તારક આપશો ?"

આ પ્રકારના સંસ્તારકની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ પ્રથમ પ્રતિમા છે.

(૨) બીજી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી સંસ્તારકને જોઈને યાચના કરે, જેમ કે-

१. ठाणं. अ. ४, उ. ३, सु. ३३१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गाहावतिं वा-जाव-कम्मकरिं वा ।

से पुव्वामेव आलोएज्जा– "आउसो ! ति वा भगिणि ! ति वा दाहिसि मे एत्तो अण्णतरं संथारगं ।"

तहप्पगारं संथारगं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । दोच्चा पडिमा ।

३. अहावरा तच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा जस्सुवस्सए संवसेज्जा जे तत्थ अहासमण्णागते, तं जहा–

इक्कडे वा-जाव-पलाले वा,

तस्स लाभे संवसेज्जा, तस्स अलाभे उक्कुडुए वा णेसज्जिए वा विहरेज्जा । तच्चा पडिमा ।

४. अहावरा चउत्था पडिमा–से भिक्खू वा भिक्खुणी वा अहासंथडमेव संथारगं जाएज्जा, तं जहा–

पुढविसिलं वा, कट्ठसिलं वा अहासंथडमेव वा संथारगं,

तस्स लाभे संवसेज्जा, तस्स अलाभे उक्कुडुए वा णेसज्जिए वा विहरेज्जा । चउत्था पडिमा ।

इच्चेयाणं चउण्हं पडिमाणं अण्णतरं पडिमं पडिवज्जमाणे-जाव-अण्णोण्णसमाहीए एवं च णं विहरंति ।

— *आ. सु. २, अ. २, उ. ३, सु. ४५६-४५७*

ગૃહસ્થ **યાવત્** કર્મચારિણીઓ.

તેમના પહેલાં જ આ પ્રમાણે કહે કે - "હે આયુષ્માન ગૃહસ્થ ! અથવા બહેન ! તમે મને આમાંથી કોઈ સંથારો આપશો ?"

આ પ્રમાણેનાં સંસ્તારકની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરી લે. આ બીજી પ્રતિમા છે.

(૩) ત્રીજી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રયમાં રહ્યા તે ઉપાશ્રયમાં જો સંસ્તારક વિદ્યમાન હોય,જેમકે -

ઈક્કડ નામના ઘાસનો **યાવત્** પરાળનો.

જો તે ત્યાં પ્રાપ્ત થઈ જાય તો આજ્ઞા લઈને ગ્રહણ કરે. ન મળે તો ઉકડૂ આસને અથવા પલાંઠી આદિ આસનથી સ્થિત રહીને રાત્રી વ્યતીત કરે. આ ત્રીજી પ્રતિમા છે.

(૪) ચોથી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી ઉપાશ્રયમાં પહેલેથી બિછાવેલ સંસ્તારકની યાચના કરે, જેમ કે -

પૃથ્વીશિલા, કાષ્ટશિલા અથવા બિછાવેલા ઘાસનું સંસ્તારક,

તે પ્રાપ્ત થતાં આજ્ઞા લઈને તેના ઉપર શયન કરે, ન મળે તો ઉકડૂ આસન કરી કે પલાંઠીવાળી ને બેસીને રાત્રી વ્યતીત કરે. આ ચોથી પ્રતિમા છે.

આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ એક પ્રકારની પ્રતિમા ધારણ કરનારા સાધુ **યાવત્** પોતપોતાની સમાધી પૂર્વક વિચરે.

## चत्तारि वत्थेसण पडिमाओ-

२२०६ इच्चेयाइं आयतणाइं उवातिकम्म अह भिक्खू जाणेज्जा-इमाहिं चउहिं पडिमाहिं वत्थं एसित्तए ।[1]

१. तत्थ खलु इमा पढमा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा उद्दिसिय उद्दिसिय वत्थं जाएज्जा, तं जहा–

१. जंगियं वा, २. भंगियं वा, ३. साणयं वा,

४. पोत्तगं वा, ५. खोमियं वा, ६. तुलकडं वा ।

तहप्पगारं वत्थं सयं वा णं जाएज्जा, परो वा से

## વસ્ત્ર લેવાની ચાર પ્રતિમાઓ :

૨૨૦૬. પૂર્વોક્ત વસ્ત્રેષણા સંબંધી દોષોને છોડીને સાધુ આ ચાર પ્રતિમાઓથી વસ્ત્રની યાચના કરે-

(૧) પહેલી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી નામ ઉલ્લેખ કરી - કરીને વસ્ત્રની યાચના કરે, જેમ કે-

(૧) જાંગમિક, (૨) ભાંગિક, (૩) સાનજ,

(૪) પોત્રક, (૫) ક્ષોમિક, (૬) તુલનિર્મિત વસ્ત્ર.

આ પ્રકારના વસ્ત્રની પોતે યાચના કરી અથવા

१. ठाणं अ. ४, उ. ३, सु. ३३१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा। पढमा पडिमा ।

२. अहावरा दोच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा पेहाए वत्थं जाएज्जा, तं जहा– गाहावतिं वा-जाव-कम्मकरिं वा, से पुव्वामेव आलोएज्जा– "आउसो ति वा भगिणि ! ति वा दाहिसि मे एत्तो अण्णतरं वत्थं,

तहप्पगारं वत्थं-सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । दोच्चा पडिमा ।

३. अहावरा तच्चा पडिमा– से भिक्खू वा-जाव-समाणे सेज्जं पुण वत्थं जाणेज्जा, तं जहा–

अंतरिज्जगं वा, उत्तरिज्जगं वा,

तहप्पगारं वत्थं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा फासुयं-जाव-पडिगाहेज्जा। तच्चा पडिमा ।

४. अहावरा चउत्था पडिमा– से भिक्खू वा-जाव-समाणे उज्झिय धम्मियं वत्थं जाणेज्जा,

जं चऽण्णे बहवे समण-जाव-वणीमगा णावकंखंति,

तहप्पगारं उज्झिय धम्मियं वत्थं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-जाव-पडिगाहेज्जा । चउत्था पडिमा ।

इच्चेयासिं चउण्हं पडिमाणं अण्णतरं पडिमं पडिवज्जमाणे-जाव-अण्णोण्णसमाहीए एवं च णं विहरंति ।

— *आ. सु. २, अ. ५, उ. १, सु. ५५९-५६०*

ગૃહસ્થ પોતે આપે તો પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ પ્રથમ પ્રતિમા છે.

(૨) બીજી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી વસ્ત્રને પહેલાં જોઈને ગૃહસ્વામી **યાવત્** દાસદાસી વગેરેને આ પ્રમાણે કહે- "હે આયુષ્યમાન ગૃહસ્થ ! અથવા બહેન ! તમે મને આ વસ્ત્રોમાંથી કોઈ વસ્ત્ર આપશો ?"

આ પ્રમાણે પોતે વસ્ત્રની યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ બીજી પ્રતિમા છે.

(૩) ત્રીજી પ્રતિમા- તે સાધુ **યાવત્** પ્રવેશ કરતાં વસ્ત્રના સંબંધમાં એવું જાણે - જેમ કે, અંદરના ભાગમાં પહેરવાનું વસ્ત્ર અથવા ઉપરના ભાગમાં પહેરવાનું વસ્ત્ર.

એવા વસ્ત્રની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ ત્રીજી પ્રતિમા છે.

(૪) ચોથી પ્રતિમા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરતાં એવું જાણે કે- ગૃહસ્થે કાઢી નાખેલું વસ્ત્ર છે.

જેને ઘણા શ્રમણ **યાવત્** ભિખારી પણ લેવાની ઈચ્છા ન કરે.

એવા ફેંકી દેવા યોગ્ય વસ્ત્રની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ ચોથી પ્રતિમા છે.

આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ એક પ્રતિમાને ધારણ કરનારા સાધુ **યાવત્** પોતપોતાની સમાધી પૂર્વક વિચરે.

**चत्तारि पत्तेसण पडिमाओ-**

२२०७. इच्चेयाइं आयतणाइं उवातिकम्म अह भिक्खू जाणेज्जा– इमाहिं चउहिं पडिमाहिं पायं एसित्तए ।[1]

१. तत्थ खलु इमा पढमा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा उद्दिसिय-उद्दिसिय पायं जाएज्जा, तं जहा–

१. लाउयपायं वा, २. दारुपायं वा,

३. मट्टियापायं वा,

**પાત્ર લેવાની ચાર પ્રતિમાઓ :**

૨૨૦૭. પૂર્વોક્ત વસ્ત્રેષણા સંબંધી દોષોને છોડીને સાધુ આ ચાર પ્રતિમાઓથી પાત્રની યાચના કરે.

(૧) પહેલી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી નામ ઉલ્લેખ પૂર્વક પ્રતિજ્ઞા કરીને પાત્રની યાચના કરે, જેમ કે -

(૧) તુંબડાંનું પાત્ર, (૨) કાષ્ટનું પાત્ર,

(૩) માટીનું પાત્ર.

१. ठाणं. अ. ४, उ. ३, सु. ३३१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तहप्पगारं पायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । पढमा पडिमा ।

આવા પાત્રની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ પહેલી પ્રતિમા છે.

२. अहावरा दोच्चा पडिमा– से भिक्खू वा भिक्खुणी वा पेहाए पायं जाएज्जा, तं जहा– गाहावतिं वा-**जाव**-कम्मकरिं वा,

(૨) બીજી પ્રતિમા - સાધુ અથવા સાધ્વી પાત્રોને પહેલાં જ જોઈને ગૃહપતિ **યાવત્** દાસદાસી વગેરેને આ પ્રમાણે કહે -

से पुव्वामेव आलोएज्जा– "आउसो ! ति वा, भगिणी ! ति वा, दाहिसि मे एत्तो अण्णतरं पायं, तं जहा–

"હે આયુષ્યમાન ગૃહસ્થ અથવા બહેન ! શું મને આમાંથી અમુક પાત્ર આપશો ? "જેમ કે -

लाउयपायं वा-**जाव**-मट्टियापायं वा,

'તુંબડાંનું પાત્ર **યાવત્** માટીનું પાત્ર ?'

तहप्पगारं पायं सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । दोच्चा पडिमा ।

આ પ્રકારના પાત્રની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ બીજી પ્રતિમા છે.

३. अहावरा तच्चा पडिमा– से भिक्खू वा-**जाव**-समाणे सेज्जं पुणं पायं जाणेज्जा-संगतियं वा, वेजयंतियं वा,

(૩) ત્રીજી પ્રતિમા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરતાં એવું જાણે કે - ગૃહસ્થનું વાપરેલું પાત્ર છે અથવા ઉપયોગમાં લઈ રહ્યા છે.

तहप्पगारं पायं सयं वा णं जाएज्जा परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । तच्चा पडिमा ।

એવા પાત્રની પોતે યાચના કરે અથવા **તે** ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ ત્રીજી પ્રતિમા છે.

४. अहावरा चउत्था पडिमा– से भिक्खू वा-**जाव**-समाणे उज्झिय धम्मियं पायं जाएज्जा– जं चऽण्णे बहवे समण-**जाव**-वणीमगा णावकंखंति,

(૪) ચોથી પ્રતિમા - તે ભિક્ષુ **યાવત્** પ્રવેશ કરતાં એવું જાણે કે ગૃહસ્થે પાત્રનો ઉપયોગ કરીને કાઢી નાખ્યું છે જેને બીજા ઘણા શ્રમણ **યાવત્** ભિખારી પણ લેવા ચાહતો નથી.

तहप्पगारं पायं सयं वा णं जाएज्जा, परो वा से देज्जा, फासुयं-**जाव**-पडिगाहेज्जा । चउत्था पडिमा ।

આવા પાત્રની પોતે યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે. આ ચોથી પ્રતિમા છે.

इच्चेयासिं चउण्हं पडिमाणं अण्णतरं पडिमं पडिवज्जमाणे-**जाव**-अण्णोण्णसमाहिए एवं च णं विहरंति ।

આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ એક પ્રતિમાને ધારણ કરનારા સાધુ **યાવત્** પોતપોતાની સમાધિપૂર્વક વિચરે.

— *आ. सु. २, अ. ६, उ. १, सु. ५९४-५९५*

**चत्तारि ठाणं-काउस्सग पडिमा-**

**ઊભા રહીને કાયોત્સર્ગ કરવાની ચાર પ્રતિમાઓ :**

२२०८. इच्चेयाइं आयतणाइं उवातिकम्म अह भिक्खू इच्छेज्जा–चउहिं पडिमाहिं ठाणं ठाइत्तए ।[१]

૨૨૦૮. પૂર્વોક્ત સ્થાન સંબંધી દોષોને છોડીને ભિક્ષુ આ ચાર પ્રતિમાઓમાંથી કોઈ એક પ્રતિમા વડે કાયોત્સર્ગ કરવાની ઈચ્છા કરે -

१. तत्थिमा पढमा पडिमा–"अचित्तं खलु उवसज्जिस्सामि, अवलंबिस्सामि, काएण विप्परिकम्मिस्सामि, सवियारं ठाणं ठाइस्सामि त्ति ।" पढमा पडिमा ।

४. पच्छा पडिसेवियं पच्छा आलोइयं ।

(૪) પછીથી પ્રતિસેવિત દોષની પછીથી આલોચના કરી હોય,

१. अपलिउंचिए अपलिउंचियं,

(૧) માયા-રહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-રહિત આલોચના કરી હોય,

२. अपलिउंचिए पलिउंचियं,

(૨) માયા-રહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-સહિત આલોચના કરી હોય,

३. पलिउंचिए अपलिउंचियं,

(૩) માયા-સહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-રહિત આલોચના કરી હોય,

४. पलिउंचिए पलिउंचियं ।

(૪) માયા-સહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-સહિત આલોચના કરી હોય,

आलोएमाणस्स सव्वमेयं सकयं साहणियं आरूहेयव्वे

આમાંથી કોઈપણ પ્રકારના ભંગથી આલોચના કરવાથી તેના બધાં સ્વકૃત અપરાધનાં પ્રાયશ્ચિત્તને સંયુક્ત કરીને પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં સમ્મિલિત કરવાં જોઈએ.

जे एयाए पट्ठवणाए पट्ठविए निव्विसमाणे पडिसेवेइ से वि कसिणे तत्थेव आरूहेयव्वे सिया ।

જો આ પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત થઈને વહન કરીને પણ ફરીથી કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વપ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં આરોપિત કરવું જોઈએ.

जे भिक्खू बहुसो वि चाउम्मासियं वा, बहुसो वि साइरेग–चाउम्मासियं वा, बहुसो वि पंचमासियं वा, बहुसो वि साइरेग-पंचमासियं वा, एएसिं परिहारट्ठाणाणं अन्नयरं परिहारट्ठाणं पडिसेवित्ता आलोएज्जा–

જે ભિક્ષુ ચાતુર્માસિક અથવા ચાતુર્માસિકથી સહેજ વધારે, પંચમાસિક અથવા પંચમાસિકથી સહેજ વધારે-પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની અનેકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपलिउंचिय आलोएमाणे ठवणिज्जं ठवइत्ता करणिज्जं वेयावडियं ।

માયા-રહિત આલોચના કરવાથી આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્તરૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવૃત્ય કરવી જોઈએ.

ठविए वि पडिसेवित्ता से वि कसिणे तत्थेव आरूहेयव्वे सिया ।

જો તે પરિહાર તપમાં સ્થાપિત થવા છતાં પણ કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેને સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં સમ્મિલિત કરવું જોઈએ.

१. पुव्विं पडिसेवियं पुव्विं आलोइयं,

(૧) પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય,

२. पुव्विं पडिसेवियं पच्छा आलोइयं,

(૨) પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય,

३. पच्छा पडिसेवियं पुव्विं आलोइयं,

(૩) પછીથી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય,

४. पच्छा पडिसेवियं पच्छा आलोइयं ।

(૪) પછીથી પ્રતિસેવિત દોષની પછીથી આલોચના કરી હોય,

१. अपलिउंचिए अपलिउंचियं,

(૧) માયા-રહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-રહિત આલોચના કરી હોય,

२. अपलिउंचिए पलिउंचियं,

(૨) માયા-રહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-સહિત આલોચના કરી હોય,

३. पलिउंचिए अपलिउंचियं,

(૩) માયા-સહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-રહિત આલોચના કરી હોય,

४. पलिउंचिए पलिउंचियं ।

(૪) માયા-સહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-સહિત આલોચના કરી હોય,

आलोएमाणस्स सव्वमेयं सकयं साहणियं आरूहेयव्वे ।

આમાંથી કોઈપણ પ્રકારનાં ભંગથી આલોચના કરવાથી તેના બધા સ્વકૃત અપરાધનાં પ્રાયશ્ચિત્ત સંયુક્ત કરીને પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં સમ્મિલિત કરવાં જોઈએ.

जे एयाए पट्ठवणाए पट्ठविए निव्विसमाणे पडिसेवेइ, से कसिणे तत्थेव आरूहेयव्वे सिया ।

જો આ પ્રાયશ્ચિત્તરૂપ પરિહાર તપમાં સ્થાપિત થઈને વહન કરતા છતાં પણ ફરી કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેના સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વપ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં આરોપિત કરવાં જોઈએ.

जे भिक्खू बहुसो वि चाउम्मासियं वा, बहुसो वि साइरेग-चाउम्मासियं वा, बहुसो वि पंचमासियं वा, बहुसो वि साइरेग-पंचमासियं वा, एएसिं परिहारट्ठाणाणं अन्नयरं परिहारट्ठाणं पडिसेवित्ता आलोएज्जा–

જે ભિક્ષુ ચાતુર્માસિક અથવા ચાતુર્માસિકથી સહેજ વધારે, પંચમાસિક અથવા પંચમાસિકથી સહેજ વધારે-આ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની અનેકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पलिउंचिय आलोएमाणे ठवणिज्जं ठवइत्ता करणिज्जं वेयावडियं ।

માયા-સહિત આલોચના કરવાથી આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્તરૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવૃત્ય કરવી જોઈએ.

ठाविए वि पडिसेवित्ता से वि कसिणे तत्थेव आरूहेयव्वे सिया ।

જો તે પરિહાર તપમાં સ્થાપિત થવા છતાં પણ કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં સમ્મિલિત કરવું જોઈએ.

१. पुव्विं पडिसेवियं पुव्विं आलोइयं,

(૧) પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય,

२. पुव्विं पडिसेवियं पच्छा आलोइयं,

(૨) પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય,

३. पच्छा पडिसेवियं पुव्विं आलोइयं,

(૩) પાછળથી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય,

४. पच्छा पडिसेवियं पच्छा आलोइयं ।

(૪) પાછળથી પ્રતિસેવિત દોષની પાછળથી આલોચના કરી હોય,

१. अपलिउंचिए अपलिउंचियं,

(૧) માયા-રહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-રહિત આલોચના કરી હોય,

२. अपलिउंचिए पलिउंचियं,

(૨) માયા-રહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-સહિત આલોચના કરી હોય,

३. पलिउंचिए अपलिउंचियं,

(૩) માયા-સહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-રહિત આલોચના કરી હોય,

४. पलिउंचिए पलिउंचियं ।

(૪) માયા-સહિત આલોચના કરવાનો સંકલ્પ કરીને માયા-સહિત આલોચના કરી હોય,

आलोएमाणस्स सव्वमेयं सकयं साहणियं आरूहेयव्वे ।

આમાંથી કોઈપણ પ્રકારનાં ભંગથી આલોચના કરવાને કારણે તેના બધા સ્વકૃત અપરાધનાં પ્રાયશ્ચિત્ત સંયુક્ત કરીને પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં સમ્મિલિત કરવાં જોઈએ.

जे एयाए पट्ठवणाए पट्ठविए निव्विसमाणे पडिसेवेइ, से वि कसिणे तत्थेव आरूहेयव्वे सिया ।[१]

—वव. उ. १, सु. १५-१८

જો આ પ્રાયશ્ચિત્તરૂપ પરિહાર તપમાં સ્થાપિત થઈને વહન કરતા છતાં પણ ફરી કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વપ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં આરોપિત કરવું જોઈએ.

१. नि. उ. २०, सु. १७-२०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આલોચના અને પ્રાયશ્ચિત્ત – ૧ (ઘ)

**अक्खेव-कराणं पायच्छित्तं-**

२२४८. कप्पस्स छ पत्थारा पण्णत्ता, तं जहा–

१. पाणाइवायस्स वायं वयमाणे,

२. मुसावायस्स वायं वयमाणे,

३. अदिन्नादाणस्स वायं वयमाणे,

४. अविरइयावायं वयमाणे,

५. अपुरिसवायं वयमाणे,

६. दासवायं वयमाणे ।

इच्चेए छ कप्पस्स पत्थारे पत्थरेत्ता सम्मं अप्पडिपूरेमाणे तट्ठाणं पत्ते सिया ।[१]

– कप्प. उ. ६, सु. २

**આક્ષેપ લગાડનારનું પ્રાયશ્ચિત્ત :**

૨૨૪૮. કલ્પ સાધ્વાચારનાં છ વિશેષ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત સ્થાન કહ્યાં છે, જેમ કે-

(૧) પ્રાણાતિપાતનો આરોપ લગાવવાથી,

(૨) મૃષાવાદનો આરોપ લગાવવાથી,

(૩) અદત્તાદાનનો આરોપ લગાવવાથી,

(૪) બ્રહ્મચર્ય ભંગ કરવાનો આરોપ લગાવવાથી,

(૫) નપુંસક થવાનો આરોપ લગાવવાથી,

(૬) દાસ હોવાનો આરોપ લગાવવાથી.

સંયમનાં આ વિશેષ પ્રાયશ્ચિત્ત સ્થાનોના આરોપ લગાવીને તેને સમ્યક્ પ્રમાણિત ન કરનાર સાધુ તે જ પ્રાયશ્ચિત્ત સ્થાનનાં ભાગી થાય છે.

**अणुग्घाइय पायच्छित्तारिहा-**

२२४९. पंच अणुग्घाइया पण्णत्ता, तं जहा–

१. हत्थ कम्मं करेमाणे,

२. मेहुणं पडिसेवेमाणे,

३. राई भोयणं भुंजमाणे,[२]

४. सागारियपिंडं भुंजेमाणे,

५. रायपिंडं भुंजेमाणे ।

–ठाणं. अ. ५, उ. २, सु. ४१४

**અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તને પાત્ર :**

૨૨૪૯. પાંચ અનુદ્ઘાતિક (ગુરુ) પ્રાયશ્ચિત્તને પાત્ર કહ્યા છે, જેમ કે-

(૧) હસ્તકર્મ કરનાર,

(૨) મૈથુન-સેવન કરનાર,

(૩) રાત્રિ ભોજન કરનાર,

(૪) શય્યાતરપિંડ ખાનાર,

(૫) રાજપિંડ ખાનાર.

**अणवठप्प पायच्छित्तारिहा-**

२२५०. तओ अणवट्ठप्पा पण्णत्ता, तं जहा–

१. साहम्मियाणं तेण्णं करेमाणे,

२. अण्णधम्मियाणं तेण्णं करेमाणे,

३. हत्थातालं दलयमाणे ।[३]

–ठाणं. अ. ३, उ. ४, सु. २०३

**અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તને પાત્ર :**

૨૨૫૦. ત્રણ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે, જેમકે -

(૧) સાધર્મિકોની ચોરી કરનાર,

(૨) અન્ય ધર્મીઓની ચોરી કરનાર,

(૩) હસ્તતાલ દેનાર અર્થાત્ મારવાનો પ્રયોગ કરનાર.

---

१. ठाणं. अ. ६, सु. ५२८

२. (क) ठाणं. अ. ३, उ. ४, सु. २०३ (ख) कप्प. उ. ४, सु. १

३. (क) कप्प उ. ४, सु. ३ (ख) ठाणं. अ. ३, उ. ४, सु. २०३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अणवठप्प-गिलाणस्स-लहुपायच्छित्त-दाण-विहाणं-**

२२५१. अणवठ्ठप्पं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को, तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

—वव. उ. २, सु. ७

**અનવસ્થાપ્ય ગ્લાન ભિક્ષુને લઘુ પ્રાયશ્ચિત્ત દેવાનું વિધાન :**

૨૨૫૧. અનવસ્થાપ્ય ભિક્ષુ (નવમ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ) જો રોગાદિથી પીડીત હોય (એવું પ્રાયશ્ચિત્ત વહન ન કરી શકતા હોય) તો તેને ગણથી બહાર કરવો કલ્પતો નથી. પરંતુ જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાન ભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ (ગણાવચ્છેદક) તે અનવસ્થાપ્ય સાધુને અલ્પ પ્રાયશ્ચિત્ત આપે.

**छेओवट्ठावणा पायच्छित्तारिहा-**

२२५२. भिक्खू य गणाओ अवक्कम्म ओहावेज्जा, से य इच्छेज्जा दोच्चं पि तमेव गणं उवसंपज्जित्ताणं विहरित्तए, नत्थि णं तस्स तप्पत्तियं केइ छेए वा परिहारे वा, नन्नत्थ एगाए छेओवट्ठावणियाए ।

—वव. उ. १, सु. ३२

**છેદોપસ્થાપનીય પ્રાયશ્ચિત્તને પાત્ર :**

૨૨૫૨. જો કોઈ સાધુ ગણમાંથી નિકળીને સંયમનો ત્યાગ કરી દે અને બાદ તે ફરી તે જ ગણનો સ્વીકાર કરવા ઈચ્છે તો તેના માટે કેવળ 'છેદોપસ્થાપન' પ્રાયશ્ચિત્ત હોય છે, તે ઉપરાંત તેને દીક્ષા-છેદ કે પરિહાર તપ આદિ કોઈ પ્રાયશ્ચિત્ત હોતું નથી.

**पारंचिय पायच्छित्तारिहा-**

२२५३. पंचहिं ठाणेहिं समणे णिग्गंथे साहम्मियं पारंचितं करेमाणे णातिक्कमति, तं जहा—

१. कुले वसति कुलस्स भेदाए अब्भुट्ठेत्ता भवति ।

२. गणे वसति गणस्स भेदाए अब्भुट्ठेत्ता भवति ।

३. हिंसप्पेहि,

४. छिद्दप्पेही,

५. अभिक्खणं अभिक्खणं पसिणायतणाइं पउंजित्ता भवति । —ठाणं. अ. ५, उ. १, सु. ३९८

तओ पारंचिया पण्णत्ता, तं जहा—

१. दुट्ठे पारंचिए,

२. पमत्ते पारंचिए,

३. अन्नमन्नं करेमाणे पारंचिए ।[1]

—ठाणं. अ. ३, उ. ४, सु. २०३

**પારાંચિત પ્રાયશ્ચિત્તને પાત્ર :**

૨૨૫૩. પાંચ કારણોથી શ્રમણ નિર્ગ્રંથ પોતાના સાધર્મિક પારાંચિત (દશમું) પ્રાયશ્ચિત્ત દે તો તે ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, જેમ કે -

(૧) જે સાધુ જે કુળમાં રહે છે, તેમાં ભેદ પાડવાનો પ્રયત્ન કરે તો,

(૨) જે સાધુ જે ગણમાં રહે છે, તેમાં ભેદ પાડવાનો પ્રયત્ન કરે તો,

(૩) જે સાધુ કુળ કે ગણનાં સભ્યનો ઘાત કરવા ઈચ્છે તો,

(૪) જે સાધુ કુળ કે ગણનાં સભ્યો તેમજ અન્ય જનોનો છીદ્રાન્વેષી હોય,

(૫) જે વારંવાર અંગુષ્ઠ આદિ પ્રશ્નવિદ્યાનો પ્રયોગ કરે.

ત્રણ પારાંચિત પ્રાયશ્ચિત્તને પાત્ર છે, જેમ કે-

(૧) દુષ્ટ પારાંચિક,

(૨) પ્રમત્ત પારાંચિક,

(૩) પરસ્પર મૈથુન સેવી પારાંચિક.

---

१. कप्प. उ. ४, सु. २

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पारंचिय गिलाणस्स लहुपायच्छित्त-दाण-विहाणं-**

२२५४. पारंचियं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को, तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

– वव. उ. २, सु. ८

**પારાંચિત ગ્લાન ભિક્ષુને લઘુ પ્રાયશ્ચિત્ત આપવાનું વિધાન :**

૨૨૫૪. પારાંચિત ભિક્ષુ (દસમું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ) જો રોગાદિથી પીડિત હોય (એવા પ્રાયશ્ચિત્ત ને વહન ન કરી શકતો હોય) તો ગણાવચ્છેદકે તેને ગણમાંથી બહાર કરવો કલ્પતો નથી. પરંતુ જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાન ભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ (ગણાવચ્છેદક) તે પારાંચિત ભિક્ષુને અલ્પ પ્રાયશ્ચિત્ત આપે.

**लहुपायच्छित्त जोग्गा-**

२२५५. खित्तचित्तं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

दित्तचित्तं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

जक्खाइट्ठं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

उम्माय-पत्तं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

उवसग्ग-पत्तं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

**લઘુ પ્રાયશ્ચિત્તને પાત્ર :**

૨૨૫૫. વિક્ષિપ્ત ચિત્તવાળા ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

દિપ્ત ચિત્તવાળા ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

યક્ષાવિષ્ટ ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાન ભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

ઉન્માદ પ્રાપ્ત ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

ઉપસર્ગ પ્રાપ્ત ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साहिगरणं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

કલહ યુક્ત ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

सपायच्छित्तं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

भत्तपाणपडियाइक्खियं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया ।

ભક્ત પ્રત્યાખ્યાની ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાન ભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

अट्ठ-जायं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए। अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया । –वव. उ. २, सु. ९-१७

પ્રયોજનાવિષ્ટ (આકાંક્ષા યુક્ત) ગ્લાન ભિક્ષુને ગણની બહાર કાઢવો તેના ગણાવચ્છેદકને કલ્પતું નથી. જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાનભાવે વૈયાવૃત્ય કરાવવી જોઈએ. ત્યારબાદ તેને (ગણાવચ્છેદક) અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

### पायच्छित्त फलं-

२२५६. प. पायच्छित्त-करणेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. पायच्छित्तकरणेणं पावकम्म विसोहिं जणयइ, निरइयारे यावि भवइ । सम्मं च णं पायच्छित्तं पडिवज्जमाणे मग्गं च मग्गफलं च विसोहेइ, आयार च आयार फलं च आराहेइ ।

– उत्त अ. २९, सु. १८

### પ્રાયશ્ચિત્તનું ફળ :

૨૨૫૬. પ્ર. ભંતે ! પ્રાયશ્ચિત્ત કરવાથી જીવને શું મળે છે ?

ઉ. પ્રાયશ્ચિત્તથી જીવ પાપ કર્મ દૂર કરે છે અને ધર્મ સાધનાને નિરતિચાર બનાવે છે. સારી રીતે પ્રાયશ્ચિત્ત કરનાર સાધક માર્ગ (સમ્યકત્વ) અને માર્ગફળ (જ્ઞાન) ને નિર્મળ કરે છે. આચાર (ચારિત્ર) અને આચાર ફળ (મુક્તિ) ની આરાધના કરે છે.

### अत्त-णिंदा-फलं-

२२५७. प. निन्दणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ निन्दणयाए णं पच्छाणुतावं जणयइ । पच्छाणुतावेणं विरज्जमाणे करणगुणसेढिं पडिवज्जइ । करणगुणसेढी पडिवन्ने य णं अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ ।

– उत्त. अ. २९, सु. ८

### આત્મનિંદાનું ફળ :

૨૨૫૭. પ્ર. ભંતે ! આત્મનિંદાથી જીવને શું મળે છે ?

ઉ. આત્મનિંદાથી પ્રશ્ચાત્તાપ થાય છે, પશ્ચાત્તાપથી થનાર વૈરાગ્યથી કરણ ગુણ-શ્રેણી મળે છે, કરણગુણ શ્રેણીથી અનગાર મોહનીય કર્મ નષ્ટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विविहा गरहा-**

२२५८. तिविहा गरहा पण्णत्ता, तं जहा–

१. मणसा वेगे गरहति,

२. वयसा वेगे गरहति,

३. कायसा वेगे गरहति–पावाणं कम्माणं अकरणयाए ।

अहवा-गरहा तिविहा पण्णत्ता, तं जहा-

१. दीहंपेगे अद्धं गरहति,

२. रहस्संपेगे अद्धं गरहति,

३. कायंपेगे पडिसाहरति–पावाणं कम्माणं अकरणाए ।

–ठाणं. अ. ३, उ. १, सु. १३५

चउव्विहा गरहा पण्णत्ता, तं जहा-

१. उवसंपज्जामित्तेगा गरहा,

२. वितिगिच्छामित्तेगा गरहा,

३. जं किंचिमिच्छामित्तेगा गरहा,

४. एवं पि पण्णत्तेगा गरहा ।

–ठाणं. अ. ४, उ. २, सु. २८८

**अत्त गरहणा फलं-**

२२५९. प. गरहणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. गरहणयाए णं अपुरक्कारं जणयइ । अपुरक्कारगए णं जीवे अप्पसत्थेहिंतो, जोगेहिंतो नियत्तेइ पसत्थे य पवत्तइ । पसत्थजोगपडिवन्ने य णं अणगारे अणन्त घाइपज्जवे खवेइ । – उत्त. अ. २९, सु. ९

**અનેક પ્રકારની ગર્હા :**

૨૨૫૮. ગર્હાના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે-

પાપકર્મો ન કરવા માટે -

(૧) કોઈ મનથી ગર્હા કરે છે,

(૨) કોઈ વચનથી ગર્હા કરે છે,

(૩) કોઈ કાયાથી ગર્હા કરે છે.

**અથવા** - ગર્હાના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે -

પાપ કર્મોને ન કરવા માટે -

(૧) કોઈ દીર્ઘકાળ સુધી પાપ-કર્મોની ગર્હા કરે છે.

(૨) કોઈ અલ્પકાળ સુધી પાપ-કર્મોની ગર્હા કરે છે.

(૩) કોઈ કાયાને પાપ-કર્મથી નિવૃત્ત કરી લે છે.

ગર્હાનાં ચાર પ્રકાર કહ્યા છે, જેમ કે -

(૧) પોતાના દોષ પ્રગટ કરવા માટે ગુરુની સમીપ જાઉં- આ પ્રમાણેનો વિચાર કરવો, તે એક ગર્હા છે.

(૨) પોતાના નિન્દનીય દોષોનું નિરાકરણ કરું- આ પ્રમાણેનો વિચાર કરવો તે બીજી ગર્હા છે.

(૩) જે કંઈપણ મેં અસદ્ આચરણ કર્યું છે, તે મારું મિથ્યા થાઓ, આ પ્રકારના વિચારથી પ્રેરિત થઈ એવું કહેવું તે ત્રીજી ગર્હા છે.

(૪) એવું પણ ભગવાને કહ્યું છે કે-પોતાના દોષની ગર્હા કરવાથી દોષોની શુદ્ધિ થાય છે- એવો વિચાર કરવો તે ચોથી ગર્હા છે.

**આત્મગર્હાનું ફળ :**

૨૨૫૯. પ્ર. ભંતે ! આત્મા-ગર્હાથી જીવને શું મળે છે ?

ઉ. આત્મ ગર્હાથી જીવને અપુરસ્કાર-અવજ્ઞા થાય, અવજ્ઞાથી તે અપ્રશસ્ત કામો ન કરે- સારાં કામ કરે. એવો અણગાર જ્ઞાન દર્શનાદિ અનન્ત ગુણોનો ઘાત કરનાર જ્ઞાનાવરણાદિ કર્મોના અનન્ત પર્યાયોનો ક્ષય કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પારિહારિક તપ-૧ (ક)

## पारिहारिय-अपारिहारियाणं णिसेज्जाइ ववहारो-

२२६०. बहवे पारिहारिया बहवे अपारिहारिया इच्छेज्जा एगयओ अभिनिसेज्जं वा, अभिनिसीहियं वा चेइत्तए, नो से कप्पइ थेरे अणापुच्छित्ता एगयओ अभिनिसेज्जं वा अभिनिसीहियं वा चेइत्तए ।

कप्पइ णं थेरे आपुच्छित्ता एगयओ अभिनिसेज्जं वा अभिनिसीहियं वा चेइत्तए ।

थेरा य णं वियरेज्जा, एवं कप्पइ एगयओ अभिनिसेज्जं वा अभिनिसीहियं वा चेइत्तए ।

थेरा य णं वियरेज्जा, एवं णं णो कप्पइ एगयओ अभिनिसेज्जं वा अभिनिसीहियं वा चेइत्तए ।

जो णं थेरेहिं अविइण्णे, अभिनिसेज्जं वा अभिनिसीहियं वा चेएइ, से संतरा छेए वा परिहारे वा ।

– वव. उ १, सु. १९

## પારિહારિક અને અપારિહારિકોનો નિષદ્યાદિ વ્યવહાર :

૨૨૬૦. અનેક પારિહારિક ભિક્ષુ અને અનેક અપારિહારિક ભિક્ષુ જો એક સાથે રહેવા કે બેસવા ઈચ્છે તો સ્થવિર ભિક્ષુને પૂછયા વગર એક સાથે રહેવું કે એક સાથે બેસવું કલ્પતું નથી.

સ્થવિર ભિક્ષુને પૂછીને જ તેઓ એક સાથે રહી શકે છે કે બેસી શકે છે.

જો સ્થવિર ભિક્ષુ આજ્ઞા આપે તો તેઓને એક સાથે રહેવું કે એક સાથે બેસવું કલ્પે છે.

સ્થવિર ભિક્ષુ આજ્ઞા ન આપે તો તેમને એક સાથે રહેવું કે બેસવું કલ્પતું નથી.

જો સ્થવિરની આજ્ઞા વગર તેઓ એક સાથે રહે કે બેસે તો તેઓને તે મર્યાદા-ઉલ્લંઘન માટે દીક્ષા-છેદ કે પરિહાર તપ પ્રાયશ્ચિત્ત આવે છે.

## पारिहारिय-अपारिहारियाणं अण्णमण्णं आहारं ववहारं-

२२६१. बहवे पारिहारिया बहवे अपारिहारिया इच्छेज्जा एगयओ एगमासं वा, दुमासं वा, तिमासं वा, चाउमासं वा, पंचमासं वा वत्थए । ते अन्नमन्नं संभुजंति, अन्नमन्नं नो संभुंजति । मासंते, तओ-पच्छा सव्वे वि एगयओ संभुंजंति ।

परिहार-कप्पट्ठियस्स भिक्खुस्स नो कप्पइ असणं वा-जाव-साइमं वा दाउं वा अणुप्पदाउं वा ।

थेरा य णं वएज्जा–"इमं ता अज्जो ! तुमं एएसिं देहि वा अणुप्पदेहि वा",

## પારિહારિક અને અપારિહારિકોના પરસ્પર આહાર સંબંધી વ્યવહાર :

૨૨૬૧. અનેક પારિહારિક અને અનેક અપારિહારિક ભિક્ષુ જો એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ માસ પર્યંત એક સાથે રહેવા ઈચ્છે તો પારિહારિક ભિક્ષુ પારિહારિક ભિક્ષુની સાથે અને અપારિહારિક ભિક્ષુ અપારિહારિક ભિક્ષુની સાથે બેસીને આહાર કરી શકે છે અને પારિહારિક ભિક્ષુ અપારિહારિક ભિક્ષુની સાથે બેસીને આહાર કરી શકતા નથી. પરંતુ છ માસ તપના અને એક માસ પારણાનો પસાર થયા પછી બધા (પારિહારિક અને અપારિહારિક)ભિક્ષુ એક સાથે બેસીને આહાર કરી શકે છે.

અપારિહારિક ભિક્ષુએ પારિહારિક ભિક્ષુ માટે અશન **યાવત્** સ્વાદ્ય આહાર આપવો કે નિમંત્રણ કરીને આપવું કલ્પતું નથી.

જો સ્થવિર કહે કે- 'હે આર્ય ! તમે એ પારિહારિક ભિક્ષુઓને આહાર આપો અથવા નિમંત્રણ કરીને આપો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं से कप्पइ दाउं वा, अणुप्पदाउं वा ।

એવું કહેવા પર તેઓને આહાર આપવો કે નિમંત્રણ કરીને આપવું કલ્પે છે.

कप्पइ से लेवं अणुजाणावेत्तए,

પરિહાર કલ્પસ્થિત ભિક્ષુ જો લેપ (ઘૃતાદિ વિકૃતિ) લેવા ઈચ્છે તો સ્થવિરની આજ્ઞાથી તેને લેવું કલ્પે છે.

"अणुजाणह भंते ! लेवाए"

"હે ભંતે ! મને ઘૃતાદિ વિકૃતિ લેવાની આજ્ઞા પ્રદાન કરો."

एवं से कप्पइ लेवं समासेवित्तए ।

આ પ્રમાણે સ્થવિર પાસેથી આજ્ઞા લીધા પછી તેને ઘૃતાદિ વિકૃતિનું સેવન કરવું કલ્પે છે."

परिहार-कप्पट्ठिए भिक्खू सएणं पडिग्गहेणं बहिया अप्पणो वेयावडियाए गच्छेज्जा, थेरा य णं वएज्जा ।

પરિહારકલ્પમાં સ્થિત ભિક્ષુ પોતાના પાત્રોને ગ્રહણ કરી પોતાના માટે આહાર લેવા જાય, તેને જતાં જોઈને સ્થવિર કહે કે-

"पडिग्गाहेहि अज्जो ! अहं पि भोक्खामि वा पाहामि वा,"

"હે આર્ય ! મારા યોગ્ય આહાર પાણી પણ લેતા આવજો, હું પણ ખાઈશ પીશ."

एवं से कप्पइ पडिग्गाहेत्तए ।

એવું કહેવા પર તેને સ્થવિર માટે આહાર લાવવો કલ્પે છે.

तत्थ नो कप्पइ अपरिहारिएणं परिहारियस्स पडिग्गहंसि असणं वा-जाव-साइमं वा भोत्तए वा पायए वा ।

અપારિહારિક સ્થવિરને પારિહારિક ભિક્ષુનાં પાત્રમાં અશન **યાવત્** સ્વાદ્ય ખાવાનું તથા પિવાનું કલ્પતું નથી.

कप्पइ से सयंसि वा, पडिग्गहंसि, सयंसि वा पलासगंसि, सयंसि वा कमण्डलगंसि, सयंसि वा खुब्भगंसि वा, सयंसि वा पाणिंसि उद्धट्टु-उद्धट्टु भोत्तए वा पायए वा ।

પરંતુ તેને પોતાના પાત્રમાં, પલાશક (પડિયા) માં જલપાત્રમાં, બન્ને હાથમાં અથવા એક હાથમાં લઈને ખાવું કે પીવું કલ્પે છે.

एस कप्पो अपरिहारियस्स परिहारियाओ ।

આ અપારિહારિક ભિક્ષુનો પારિહારિક ભિક્ષુની અપેક્ષાએ આચાર કહ્યો છે.

परिहारकप्पट्ठिए भिक्खू थेराणं पडिग्गहेणं बहिया थेराणं वेयावडियाए गच्छेज्जा थेरा य णं वएज्जा–

પરિહારકલ્પમાં રહેતા ભિક્ષુ સ્થવિરના પાત્રોમાં તેના માટે આહાર પાણી લેવા જાય ત્યારે સ્થવિર તેને કહે કે –

"पडिग्गाहेहि अज्जो ! तुमंपि पच्छा भोक्खसि वा पाहिसि वा"

"હે આર્ય ! તમે પોતાના માટે પણ સાથે લઈ આવજો, ત્યારબાદ ખાઈ પીઈ લે જો."

एवं से कप्पइ पडिग्गाहेत्तए ।

એમ કહેવાથી તેને સ્થવિરના પાત્રોમાં પોતાના માટે આહાર લેવો કલ્પે છે.

तत्थ नो कप्पइ परिहारिएणं अपरिहारियस्स पडिग्गहंसि असणं वा-जाव-साइमं वा भोत्तए वा पायए वा ।

અપારિહારિક સ્થવિરના પાત્રમાં પારિહારિક ભિક્ષુને અશન **યાવત્** સ્વાદ્ય ખાવાનું કે પીવાનું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ से सयंसि वा पडिग्गहंसि, सयंसि वा पलासगंसि, सयंसि वा कमण्डलगंसि, सयंसि वा खुब्भगंसि, सयंसि वा पाणिंसि उद्धट्टु-उद्धट्टु भोत्तए वा पायए वा ।

પરંતુ તેને પોતાના જ પાત્રમાં પલાશકમાં, કમંડલમાં, બંને હાથમાં કે એક હાથમાં લઈ ખાવું-પીવું કલ્પે છે.

एस कप्पो परिहारियस्स अपरिहारियाओ ।

– वव. उ. २, सु. २७-३०

આ પારિહારિક ભિક્ષુનો અપારિહારિક ભક્ષુની અપેક્ષાએ આચાર કહ્યો છે.

**परिहारकप्पट्ठियस्स गिलाणस्स लहु पायच्छित्त दाण विहाणं-**

**પરિહારકલ્પમાં રહેતા રોગી ભિક્ષુને અલ્પ પ્રાયશ્ચિત્ત આપવાનું વિધાન :**

२२६२. परिहार-कप्पट्ठिए भिक्खू गिलाएमाणे अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता आलोएज्जा,

૨૨૬૨. પરિહાર તપ રૂપ પ્રાયશ્ચિત્ત કરનાર ભિક્ષુ જો રોગ થવાથી કોઈ અકૃત્ય સ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો-તેના પ્રાયશ્ચિત્તનાં સંબંધમાં ત્રણ વિકલ્પ છે,

१. से य संथरेज्जा ठवणिज्जं ठवइत्ता करणिज्जं वेयावडियं ।

(૧) જો તે પરિહાર તપ કરવામાં સમર્થ હોય તો આચાર્યાદિ પરિહાર તપરૂપ પ્રાયશ્ચિત્ત તથા તેની આવશ્યક સેવા કરાવે.

२. से य नो संथरेज्जा अणुपरिहारिएणं तस्स करणिज्जं वेयावडियं ।

(૨) જો તે અસમર્થ હોય તો આચાર્યાદિ તેની વૈયાવૃત્ય માટે અનુપારિહારિક ભિક્ષુને મોકલે.

३. से य संते बले अणुपारिहारिएणं कीरमाणं वेयावडियं साइज्जेज्जा, से वि कसिणे तत्थेव आरूहेयव्वे सिया ।

(૩) જો તે પારિહારિક ભિક્ષુ સબળ હોવા છતાં પણ અનુપારિહારિક ભિક્ષુથી વૈયાવૃત્ય કરાવે, તો તેનું પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રાયશ્ચિત્તની સાથે મેળવી દે.

परिहार-कप्पट्ठियं भिक्खुं गिलायमाणं नो कप्पइ तस्स गणावच्छेइयस्स निज्जूहित्तए । अगिलाए तस्स करणिज्जं वेयावडियं-जाव-तओ रोगायंकाओ विप्पमुक्को । तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया । –वव. उ. २, सु. ५-६

પરિહાર તપ રૂપ પ્રાયશ્ચિત્ત કરનાર ભિક્ષુ જો રોગાદિથી પીડિત થાય તો ગણાવચ્છેદક કે તેને ગણથી બહાર કરવો કલ્પતો નથી. પરંતુ જ્યાં સુધી તે રોગથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની અગ્લાન ભાવથી વૈયાવૃત્ય કરવી જોઈએ.ત્યારબાદ ગણાવચ્છેદક તે પારિહારિક ભિક્ષુને અલ્પ પ્રાયશ્ચિત્ત આપે.

परिहारकप्पट्ठिए भिक्खू बहिया थेराणं वेयावडियाए गच्छेज्जा, से य आहच्च अइक्कमेज्जा, तं च थेरा जाणिज्जा-अप्पणो आगमेणं, अन्नेसिं वा अंतिए सोच्चा, तओ पच्छा तस्स अहालहुसए नामं ववहारे पट्ठवियव्वे सिया । – कप्प. उ. ५, सु. ५१

પરિહારકલ્પમાં રહેતા ભિક્ષુ જો સ્થવિરોની વૈયાવૃત્ય માટે ક્યાંય બહાર જાય અને જો કોઈ દોષનું સેવન કરી લે એવું સ્થવિર પોતાના જ્ઞાનથી કે બીજા પાસેથી સાંભળવાથી જાણી લે તો વૈયાવૃત્ય બાદ તેને અલ્પ પ્રાયશ્ચિત્ત આપે.

**परिहारकप्पट्ठियस्स वेयावडियं-**

**પરિહારકલ્પમાં રહેતા ભિક્ષુની વૈયાવૃત્ય :**

२२६३. परिहारकप्पट्ठियस्स णं भिक्खुस्स कप्पइ आयरिय-उवज्झायाणं तद्दिवसं एगगिहंसि पिंडवायं दवावेत्तए।

૨૨૬૩. જે દિવસે પરિહાર તપ સ્વીકાર કરે તે દિવસે પરિહાર કલ્પમાં રહેતા ભિક્ષુને એક ઘરેથી આહાર અપાવવો આચાર્ય કે ઉપાધ્યાયને કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणं परं नो से कप्पइ असणं वा-जाव-साइमं वा दाउं वा अणुप्पदाउं वा कप्पइ से अन्नयरं वेयावडियं करेत्तए, तं जहा–

ત્યારબાદ તેને અશન **યાવત્** સ્વાદિમ દેવું કે વારંવાર દેવું કલ્પતું નથી. પરંતુ આવશ્યક હોય તો વૈયાવૃત્ય કરવી કલ્પે છે, જેમ કે-

उट्ठावणं वा, निसीयावणं वा, तुयट्टावणं वा, उच्चार-पासवण-खेल-जल्लसिंघाणाणं विगिंचणं वा विसोहेणं वा करेत्तए ।

પરિહારકલ્પમાં રહેતા ભિક્ષુને ઉપાડે, બેસાડે, પડખું બદલે, મળ-મૂત્ર, શ્લેષ્મ આદિ પરઠે, મળ-મૂત્ર આદિથી ખરડાયેલા ઉપકરણોને શુદ્ધ કરે.

अह पुण एवं जाणेज्जा–छिन्नावाएसु पंथेसु आउरे झिंझिए पिवासिए तवस्सी दुब्बले, किलंते मुच्छेज्ज वा पवडेज्ज वा, एवं से कप्पइ असणं वा-जाव-साइमं वा दाउं वा, अणुप्पदाउं वा ।

– कप्प. उ. ३, सु. ३१-३३

જો આચાર્ય કે ઉપાધ્યાય એમ જાણે કે-રોગી, ભૂખ્યો, તરસ્યો, તપસ્વી દુર્બળ અને દુઃખી થઈ આવતા-જતાં માર્ગમાં ક્યાંય મુર્છિત થઈ પડી જશે તો અશન **યાવત્** સ્વાદ્ય દેવાં કે વારંવાર દેવાં કલ્પે છે.

**નોંધ :** વિનય માટે જુઓ, જ્ઞાનાચાર-ચરણાનુયોગ પહેલો ભાગ, પાના નં. ૭૦ થી ૯૯ સુધી.

# વૈયાવૃત્ય-૨

**वेयावच्च सरूवं-**

२२६४. आयरियमाईए, वेयावच्चम्मिदसविहे ।
आसेवणं जहायामं, वेयावच्चं तमाहियं ।।

– उत्त. अ. ३०, गा. ३३

**વૈયાવૃત્ય સ્વરૂપ :**

૨૨૬૪. આચાર્ય આદિને લગતાં દસ પ્રકારનાં વૈયાવૃત્ય (સેવા)નું યથાશક્તિ સેવન કરવું તે વૈયાવૃત્ય તપ છે.

**वेयावच्च करण चउभंगो -**

२२६५. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा–

१. आतवेयावच्चकरे णाममेगे, णो परवेयावच्चकरे,

२. परवेयावच्चकरे णाममेगे, णो आतवेयावच्चकरे,

३. एगे आतवेयावच्चकरे वि, परवेयावच्चकरे वि,

४. एगे णो आतवेयावच्चकरे, णो परवेयावच्चकरे ।

–ठाणं. अ. ४, उ. ३, सु. ३१९

**વૈયાવૃત્ય કરનારની ચૌભંગી :**

૨૨૬૫. પુરુષનાં ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે –

(૧) કોઈ પોતાની સેવા કરે છે, પણ બીજાની સેવા કરતો નથી.

(૨) કોઈ બીજાની સેવા કરે છે, પણ પોતાની સેવા કરતો નથી.

(૩) કોઈ પોતાની સેવા કરે છે, અને બીજાની પણ સેવા કરે છે.

(૪) કોઈ પોતાની સેવા કરતો નથી, અને બીજાની પણ સેવા કરતો નથી.

**वेयावच्च पगारा-**

२२६६. तिविहे वेयावच्चे पण्णत्ते, तं जहा–

१. आयवेयावच्चे,

२. परवेयावच्चे,

**વૈયાવૃત્યના પ્રકાર :**

૨૨૬૬. વૈયાવૃત્યનાં ત્રણ પ્રકાર કહ્યાં છે, જેમકે-

(૧) આત્મ વૈયાવૃત્ય - પોતાની સેવા,

(૨) પર વૈયાવૃત્ય - બીજાની સેવા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तदुभयवेयावच्चे ।

–ठाणं. अ. ३, उ. ३, सु. १९४

प. से किं तं वेयावच्चे ?

उ. वेयावच्चे दसविहे पण्णत्ते, तं जहा–

१. आयरिय-वेयावच्चे,

२. उवज्झाय-वेयावच्चे,

३. थेर-वेयावच्चे,

४. तवस्सी-वेयावच्चे,

५. गिलाण-वेयावच्चे,

६. सेह-वेयावच्चे,

७. कुल-वेयावच्चे,

८. गण-वेयावच्चे,

९. संघ-वेयावच्चे,

१०. साहम्मिय-वेयावच्चे ।[१]

–वि.स. २५, उ. ७, सु. २३५

(૩) તદુભય વૈયાવૃત્ય - બંનેની સેવા.

પ્ર. વૈયાવૃત્ય શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. વૈયાવૃત્યનાં દસ પ્રકાર કહ્યાં છે, જેમકે-

(૧) આચાર્ય - વૈયાવૃત્ય,

(૨) ઉપાધ્યાય - વૈયાવૃત્ય,

(૩) સ્થવિર - વૈયાવૃત્ય,

(૪) તપસ્વી - વૈયાવૃત્ય,

(૫) રોગી - વૈયાવૃત્ય,

(૬) શૈક્ષ - વૈયાવૃત્ય,

(૭) કુળ - વૈયાવૃત્ય,

(૮) ગણ - વૈયાવૃત્ય,

(૯) સંઘ - વૈયાવૃત્ય,

(૧૦) સાધર્મિક - વૈયાવૃત્ય.

**वेयावच्च विहाणं-**

२२६७. इमं च धम्ममादाय, कासवेण पवेदित्तं ।
कुज्जा भिक्खू गिलाणस्स, अगिलाए समाहिए ।।[२]

–सूय सु. १, अ. ३, उ. ३, सु. २०

वित्ते अचोइए निच्चं, खिप्पं हवइ सुचोइए ।
जहोवइट्ठं सुकयं, किच्चाइं कुव्वई सया ।।

–उत्त. अ. १, गा. ४४

**વૈયાવૃત્ય વિધાન :**

૨૨૬૭. કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર સ્વામીએ કહેલા આ ધર્મને ગ્રહણ કરીને પ્રસન્નચિત્ત મુનિ ગ્લાનિ રહિત બની રોગી સાધુની સેવા કરે.

વિનયી ગણાતો પ્રસિદ્ધ શિષ્ય ગુરુ દ્વારા પ્રેરિત ન થવા પર પણ કાર્ય કરવા માટે સદા તત્પર રહે છે. પ્રેરણા થવાથી તો તત્કાળ યથોપદિષ્ટ કાર્ય સારી રીતે સંપન્ન કરે છે.

**गिलाणट्ठापेसियं आहारस्स विहि-णिसेहो-**

२२६८. भिक्खागा णामेगे एवमाहंसु समाणे वा वसमाणे वा गामाणुगामं दूइज्जमाणे वा मणुण्णं भोयणजातं लभित्ता–

"से य भिक्खु गिलाइ, से हंदह णं तस्साहरह से य भिक्खू णो भुंज्जेज्जा तुमं चेव णं भुंजेज्जासि ।"

**ગ્લાનનાં નિમિત્તે મોકલેલ આહારનો વિધિ-નિષેધ :**

૨૨૬૮. એક સ્થાનમાં રહેલા અથવા માસ કલ્પ આદિ રહેલ કે ગ્રામાનુગ્રામ વિચરતાં આવેલા સંભોગી અથવા વિસંભોગી સાધુ મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને કોઈ સાધુઓને કહે -

"આ આહાર આપ લઈ લેજો અને આપની સાથે જે બીમાર મુનિ છે તેમને આપજો. જો બીમાર મુનિ તેનો ઉપભોગ ન કરે તો આપ ઉપભોગ કરી લેજો."

---

१. (क) वव. उ. १०, सु. ३९ (ख) उव. सु. ३० (ग) ठाणं. अ. १०, सु. ७१२
(घ) ૫૨-વૈયાવૃત્ય કર્મ પ્રતિમાએ ૯૧ પ્રકાર પણ છે. – सम. सम. ९१, सु. १
(ङ) ठाणं. अ. १०, सु. ७१२ तथा ठाणं. अ. ५, उ. १, सु. ३९७ तथा वि. श. २५, उ. ७, सु. २३५માં ઉપરોક્ત ક્રમ છે. પરંતુ ઉવવાઈ અને વ્યવહાર સૂત્રમાં કંઈક વ્યુત્ક્રમથી દસ પ્રકારની વૈયાવૃત્ય કહી છે.

२. सूय. सु. १, अ. ३, उ. ४, गा. २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"से एगतितो– "भोक्खामि" त्ति कट्टु पलिउंचिय–पलिउंचिय आलोएज्जा, तं जहा–"इमे पिंडे, इमे लोए, इमे तित्तए, इमे कडुयए, इमे कसाए इमे अंबिले, इमे महुरे, णो खलु एत्तो किंचि वि गिलाणस्स सदति" त्ति माइट्ठाणं संफासे । णो एवं करेज्जा । तहाठितं आलोएज्जा जहाठितं गिलाणस्स सदति, तं जहा–तित्तयं तित्तए ति वा-जाव-महुरं महुरे ति।

મનોજ્ઞ આહારમાં લોલુપ ભિક્ષુ "હું જ એકલો આ આહાર ખાઈ લઉં" એમ વિચારી તેને છુપાવી બીમાર મુનિને કહે- 'આ ભોજન લૂખું છે. સૂકુ છે, તીખું છે, કડવું છે, તુરું છે, ખાટું છે, મીઠું છે. આ રોગી માટે યોગ્ય નથી.' તો તેવો પાપાચારી સાધુ માતૃસ્થાનનો સ્પર્શ કરે છે. એમ કરાય નહિ પરંતુ જેવું ભોજન લાવ્યા હોય તેવું રોગીને બતાવે અને હોય તેવું જ કહે, જેમકે- તીખું હોય તો તીખું **યાવત્** મીઠાને મીઠું કહે.

भिक्खागा णामेगे एवमाहंसु समाणे वा वसमाणे वा गामाणुगामं दूइज्जमाणे वा मणुण्णं भोयणजातं लभित्ता–

એક સ્થાનમાં રહેલા અથવા માસકલ્પ આદિ રહેલા અથવા ગ્રામાનુગ્રામ વિચરતા આવેલા સંભોગી અને વિસંભોગી સાધુઓમાં કોઈ ભિક્ષુ મનોજ્ઞ-આહાર પાણી પ્રાપ્ત કરીને કહે -

"से य भिक्खू गिलाइ, से हंदह णं तस्साहरह,

से य भिक्खू णो भुंज्जेज्जा, आहरेज्जासि ।"

આપના સાથી કોઈ મુનિ રોગી છે. આ મનોજ્ઞ આહાર લઈ તેને આપજો. જો રોગી મુનિ તેનો ઉપયોગ ન કરે તો તમે અમારી પાસે પાછો લઈ આવજો.'

से य - "णो खलु मे अंतराए आहरिस्सामि ।"

–आ. सु. २, अ. १, उ. ११, सु. ४०७-४०८

તો આહાર લેનાર મુનિ ઉત્તર દે કે- "જો કોઈ અંતરાય નહિ હોય તો પાછો લાવીને આપને આપી જઈશ."

## विसिट्ठ चरियाए सेवाकरण संकप्पा-

## વિશિષ્ટ ચર્યામાં સેવા કરવાનો સંકલ્પ :

२२६९. जस्स णं भिक्खुस्स अयं पगप्पे,

अहं च खलु पडिण्णत्तो अपडिण्णतेहि गिलाणो अगिलाणेहिं अभिकंख साहम्मिएहिं कीरमाणं वेयावडियं साइज्जिस्सामि,

अहं वावि खलु अपडिण्णत्तो पडिण्णत्तस्स अगिलाणो गिलाणस्स अभिकंख साहम्मियस्स कुज्जा वेयावडियं करणाए ।

૨૨૬૯. કોઈ સાધુની આ આચાર મર્યાદા (પ્રતિજ્ઞા) હોય કે- "હું બીમાર થાઉં તો બીજા સાધુઓને સેવા કરવાનું કહીશ નહિ, પરંતુ સમાન સમાચારીવાળા નીરોગી સાધુ કર્મનિર્જરાના ઉદ્દેશ્યથી સ્વેચ્છાપૂર્વક મારી સેવા કરે તો હું એ સેવાનો સ્વીકાર કરીશ.

જો હું સ્વસ્થ હોઉં તો બીજા સહધર્મી અસ્વસ્થ શ્રમણોની સ્વેચ્છાપૂર્વક નિઃસ્વાર્થભાવથી કર્મ-નિર્જરા માટે સેવા કરીશ."

કોઈ સાધુ આ પ્રમાણે પ્રતિજ્ઞા કરે છે કે-

१. आहट्टु परिण्णं आणक्खेस्सामि आहडं च सातिज्जिस्सामि,

(૧) હું બીજા સાધુઓ માટે આહારાદિ લાવીશ અને બીજા આહારાદિ લાવ્યા હોય તેને સ્વીકારીશ.

२. आहट्टु परिण्णं आणक्खेस्सामि आहडं च नो सातिज्जिस्सामि,

(૨) હું બીજા સાધુઓ માટે આહારાદિ લાવીશ પરંતુ બીજા સાધુઓ લાવ્યા હોય તે નહિ લઉં.

३. आहट्टु परिण्णं नो *आणक्खेस्सामि* आहडं च सातिज्जिस्सामि ।

(૩) હું બીજા સાધુઓ માટે નહિ લાવું પરંતુ બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. आहट्टु परिण्णं णो आणक्खेस्सामि आहडं च णो सातिज्जिस्सामि ।

(૪) હું બીજા માટે લાવીશ નહિ અને બીજા લાવ્યા હશે તેનો સ્વીકાર પણ કરીશ નહિ.

लाघवियं आगमाणे तवे से अभिसमण्णागते भवति ।

આ ચાર પ્રતિજ્ઞાઓમાંથી કોઈ પ્રતિજ્ઞા અંગીકાર કરીને સાધુ લાઘવને પ્રાપ્ત કરી તપને પ્રાપ્ત કરે છે.

जहेतं भगवता पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वताए सम्मत्तमेव समभिजाणिया ।

ભગવાને જે રૂપમાં આનું પ્રતિવાદન કર્યું છે, તેને તે જ રૂપમાં જાણીને બધા પ્રકારથી સર્વથા સમત્વનું આચરણ કરે.

एवं से अहाकिट्टियमेव धम्मं समभिजाणमाणे संते विरते सुसमाहितलेस्से । तत्थावि तस्स कालपरियाए से वि तत्थ वियन्तिकारए ।

આ પ્રમાણે તે ભિક્ષુ તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ ધર્મને સમ્યક્ રૂપથી જાણતાં અને આચરણ કરતાં શાંત, વિરત અને વિશુદ્ધ લેશ્યાવાળો થઈ દેહનો ત્યાગ કરે પણ પ્રતિજ્ઞાનો ભંગ ન કરે. કદાચિત્ પ્રતિજ્ઞાપાલનમાં મરણ થઈ જાય તો તેનું તે મરણ અનશન પ્રાપ્ત મરણ સમાન છે.

इच्चेयं विमोहायतणं हितं सुहं खमं णिस्सेयसं आणुगामियं ।

— आ. सु. १, अ. ८, उ. ५, सु. २१९

તે કર્મક્ષયનું કારણ છે. તે નિર્મોહતાનું સ્થાન છે, હિતકર છે, સુખકર છે, સક્ષમ છે, કલ્યાણકારી છે, ભવાન્તરમાં પુણ્યનું કારણ છે.

१. जस्स णं भिक्खुस्स एवं भवति –'अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा-जाव-साइमं वा आहट्टु दलयिस्सामि आहडं च सातिज्जिस्सामि ।'

(૧) કોઈ મુનિની એવી પ્રતિજ્ઞા હોય કે- 'હું બીજા સાધુઓને અશન **યાવત્** સ્વાદ્ય લાવી આપીશ અને તેના દ્વારા લાવેલા આહારનો સ્વીકાર કરીશ.'

२. जस्स णं भिक्खुस्स एवं भवति– 'अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा-जाव-साइमं वा आहट्टु दलयिस्सामि आहडं च णो सातिज्जिस्सामि' ।

(૨) કોઈ મુનિની એવી પ્રતિજ્ઞા હોય કે- 'હું અશન **યાવત્** સ્વાદ્ય લાવી બીજા મુનિઓને આપીશ પણ તે મુનિઓ દ્વારા લાવેલનો સ્વીકાર નહિ કરું.'

३. जस्स णं भिक्खुस्स एवं भवति– 'अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा-जाव-साइमं वा आहट्टु णो दलयिस्सामि आहडं च सातिज्जिस्सामि' ।

(૩) કોઈ મુનિની એવી પ્રતિજ્ઞા હોય કે- 'હું અશન **યાવત્** સ્વાદ્ય લાવી બીજા મુનિઓને આપીશ નહિ પણ બીજા મુનિઓ લાવ્યા હશે તે લઈશ.'

४. जस्स णं भिक्खुस्स एवं भवति–'अहं च खलु अण्णेसिं भिक्खूणं असणं वा-जाव-साइमं वा आहट्टु णो दलयिस्सामि आहडं च णो सातिज्जिस्सामि' ।

(૪) કોઈ મુનિની એવી પ્રતિજ્ઞા હોય કે- 'હું અશનાદિ **યાવત્** સ્વાદ્ય લાવીને બીજા મુનિઓને આપીશ નહિ અને બીજા લાવ્યા હશે તે લઈશ નહિ.'

अहं च खलु तेण अहातिरित्तेण– अहेसणिज्जेणं अहापरिग्गहिएण असणेणं वा-जाव-साइमेण वा अभिकंख साहम्मियस्स कुज्जा वेयावडियं करणाए ।

હું પોતાની આવશ્યકતાથી વધારે એષણીય તેમજ લાવેલ અશન **યાવત્** સ્વાદ્યમાંથી કોઈ સાધર્મિક સાધુ લેવા ચાહે તો તેને વૈયાવૃત્યની ભાવનાથી આપીશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहं वावि तेण अहातिरित्तेण अहेसणिज्जेण अहापरिग्गहिएण असणेणं वा-जाव-साइमेण वा अभिकंख साहम्मिएहिं कीरमाणं वेयावडियं सातिज्जिस्सामि ।

અથવા કોઈ સાધર્મિક મુનિ પોતાની આવશ્યકતા તથા અધિક અશન **યાવત્** પાન લાવે અને તેમાંથી વૈયાવૃત્ય ભાવનાથી આપવા ઈચ્છે તો હું સ્વીકારીશ.

लाघवियं आगममाणे-**जाव**-सम्मत्तमेव समभिजाणिया
– आ. सु. १, अ. ८, उ. ७, सु. २२७

આમાંથી કોઈ પણ પ્રતિજ્ઞા ધારણ કરનાર ભિક્ષુ લાઘવ પ્રાપ્ત કરીને **યાવત્** સમત્વનું આચરણ કરે છે.

**वेयावच्च फलं-**

**વૈયાવૃત્યનું ફળ :**

२२७०. पंचहिं ठाणेहिं समणे णिग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवति, तं जहा–

१. अगिलाए आयरिय वेयावच्चं करेमाणे,

२. अगिलाए उवज्झाय वेयावच्चं करेमाणे,

३. अगिलाए थेरे वेयावच्चं करेमाणे,

४. अगिलाए तवस्सि वेयावच्चं करेमाणे

५. अगिलाए गिलाण वेयावच्चं करेमाणे ।

पंचहिं ठाणेहिं समणे निग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवति, तं जहा–

१. अगिलाए सेहवेयावच्चं करेमाणे,

२. अगिलाए कुलवेयावच्चं करेमाणे,

३. अगिलाए गणवेयावच्चं करेमाणे,

४. अगिलाए संघवेयावच्चं करेमाणे,

५. अगिलाए साहम्मियवेयावच्चं करेमाणे ।[१]
–ठाणं. अ. ५, उ. १, सु. ३९७

२२७०. પાંચ સ્થાનો વડે શ્રમણ-નિર્ગ્રંથ મહાન નિર્જરા કરનાર તથા મહાપર્યવસાન કરનાર (પરિત સંસારી) બને છે, જેમકે -

(૧) ગ્લાનિ-રહિત બની આચાર્યની વૈયાવૃત્ય કરવાથી,

(૨) ગ્લાનિ-રહિત બની ઉપાધ્યાયની વૈયાવૃત્ય કરવાથી,

(૩) ગ્લાનિ-રહિત બની સ્થવિરની વૈયાવૃત્ય કરવાથી,

(૪) ગ્લાનિ-રહિત બની તપસ્વીની વૈયાવૃત્ય કરવાથી,

(૫) ગ્લાનિ-રહિત બની રોગી-મુનિની વૈયાવૃત્ય કરવાથી.

પાંચ સ્થાનો વડે શ્રમણ-નિર્ગ્રંથ મહાન કર્મનિર્જરા કરનાર અને મહાપર્યવસાન કરનાર બને છે, જેમકે-

(૧) ગ્લાનિ-રહિત બની નવદીક્ષિતની વૈયાવૃત્ય કરવાથી,

(૨) ગ્લાનિ-રહિત બની કુળ (એક આચાર્યનાં શિષ્ય સમૂહની) ની વૈયાવૃત્ય કરવાથી,

(૩) ગ્લાનિ-રહિત બની ગણની વૈયાવૃત્ય કરવાથી,

(૪) ગ્લાનિ-રહિત બની સંઘની વૈયાવૃત્ય કરવાથી,

(૫) ગ્લાનિ-રહિત બની સાધર્મિકની વૈયાવૃત્ય કરવાથી,

प. वेयावच्चेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. वेयावच्चेणं तित्थयरनामगोत्तं कम्मं निबन्धइ ।
– उत्त. अ. २९, सु. ४५

પ્ર. ભંતે ! વૈયાવૃત્યથી જીવને શું મળે છે ?

ઉ. વૈયાવૃત્યથી જીવ તીર્થંકર નામ ગોત્ર બાંધે છે.

---

१. वव. उ. १०, सु. ४०–४१

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

**वेयावच्चअकरणाइ पायच्छित्त सुत्ताइं-**

२२७१. जे भिक्खू गिलाणं सोच्चा णच्चा ण गवेसइ ण गवेसंतं वा साइज्जइ ।

जे भिक्खू गिलाणं सोच्चा णच्चा उम्मग्गं वा पडिपहं वा गच्छइ गच्छंतं वा साइज्जइ ।

जे भिक्खू गिलाण-वेयावच्चे अब्भुट्ठिए सएणं लाभेणं असंथरमाणे जो तस्स न पडितप्पइ न पडितप्पंतं वा साइज्जइ ।

जे भिक्खू गिलाण-वेयावच्चे अब्भुट्ठिए गिलाण-पाउग्गे दव्वजाए अलब्भमाणे णो तं न पडियाइक्खइ न पडियाइक्खंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

— नि. उ. १०, सु. ३६-३९

**વૈયાવૃત્ય ન કરનાર માટે પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૭૧. જે ભિક્ષુ 'આ રોગી છે', એમ સાંભળવા છતાં કે જાણવા છતાં તેની ગવેષણા કરતો નથી અથવા ન કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ 'આ રોગી છે' એમ સાંભળવા છતાં કે જાણવા છતાં ઉન્માર્ગથી કે અન્ય માર્ગથી જાય છે, કે જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ રોગીની સેવા માટે તૈયાર થયો છે પણ પોતાના લાવેલા આહારથી રોગી સંતુષ્ટ થતો નથી તેનો ખેદ પણ પ્રકટ કરતો નથી અથવા ન કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ રોગીની સેવા માટે તૈયાર થયેલો છે તેને રોગી માટે યોગ્ય પદાર્થ ન મળવાથી તેને ફરી આહારનું પૂછતો નથી અથવા ન પૂછનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**असमत्थेण वेयावच्चकारावण पायच्छित्त सुत्तं-**

२२७२. जे भिक्खू नायगेण वा अनायगेण वा, उवासएण वा, अणुवासएण वा अणलेण वेयावच्चं कारेइ कारेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

— नि. उ. ११, सु. ८६

**અસમર્થ પાસે સેવા કરાવનારનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૭૨. જે ભિક્ષુ અસમર્થ સ્વજન પાસે, બીજા પાસે, ઉપાસક પાસે કે અનુપાસક પાસે વૈયાવૃત્ય કરાવે છે કે કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

## સ્વાધ્યાય-૩

**सज्झायभेया-**

२२७३. प. से किं तं सज्झाए ?

उ. पंचविहे सज्झाए पन्नत्ते, तं जहा—

१. वायणा,

२. पडिपुच्छणा,

**સ્વાધ્યાયનાં ભેદ :**

૨૨૭૩. પ્ર. સ્વાધ્યાય શું છે ? અને તેના કેટલા પ્રકાર છે ?

ઉ. સ્વાધ્યાયનાં પાંચ પ્રકાર કહ્યાં છે, જેમ કે-

(૧) **વાચના** : યોગ્ય સમયે શ્રુતાગમનું અધ્યયન તેમજ અધ્યાપન કરવું.

(૨) **પ્રતિપૃચ્છના** : અધ્યયન કરેલા વિષયમાં વિશેષ સ્પષ્ટીકરણ માટે પૂછવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. परियट्टणा,

४. अणुप्पेहा,

५. धम्मकहा,[1]

से तं सज्झाए । – वि. स. २५, उ. ७, सु. २३६

(૩) **પરિવર્તના** : શીખેલા જ્ઞાનને વારંવાર યાદ કરવું.

(૪) **અનુપ્રેક્ષા** : આગમતત્ત્વનું ચિંતન, મનન કરવું.

(૫) **ધર્મકથા** : શ્રુતધર્મની વ્યાખ્યા કરવી.

આ સ્વાધ્યાયનું સ્વરૂપ છે.

**सुत्त-सिक्खण-हेउणो-**

२२७४. पंचहिं ठाणेहिं सुत्तं सिक्खेज्जा, तं जहा–

१. णाणट्ठयाए,

२. दंसणट्ठयाए,

३. चरित्तट्ठयाए,

४. वुग्गहविमोयणट्ठायाए,

५. जहत्थे वा भावे जाणिस्सामीत्ति कट्टु ।

–ठाणं. अ. ५, उ. ३, सु. ४६७

**સૂત્ર શીખવાનાં હેતુઓ :**

૨૨૭૪. પાંચ કારણોથી શ્રુત શીખવું જોઈએ, જેમકે -

(૧) **જ્ઞાનાર્થ** : નવા-નવા તત્ત્વોનાં જ્ઞાન માટે,

(૨) **દર્શનાર્થ** : શ્રદ્ધાની સમૃદ્ધિ માટે,

(૩) **ચારિત્રાર્થ** : ચારિત્રની નિર્મળતા માટે,

(૪) **વ્યુદ્‌ગ્રહ વિમોચનાર્થ** : દુરાગ્રહ છોડવા માટે.

(૫) **યથાર્થભાવ જ્ઞાનાર્થ** : યથાર્થભાવોને જાણવા માટે,

**सज्झाय फलं-**

२२७५. प. सज्झाएणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. सज्झाए नाणावरणिज्जं कम्मं खवेइ ।

– उत्त. अ. २९, सु. २०

**સ્વાધ્યાયનું ફળ :**

૨૨૭૫. પ્ર. ભંતે ! સ્વાધ્યાયથી જીવને શું મળે છે ?

ઉ. સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

तवं चिमं संजमजोगयं च,
सज्झायजोगं च सया अहिट्ठए ।
सूरे व सेणाए समत्तमाउहे,
अलमप्पणो होइ अलं परेसिं ।।

જે મુનિ તપ, સંયમ-યોગ અને સ્વાધ્યાય-યોગમાં સતત અનુષ્ઠાન કરતો હોય છે, તે સેનાથી ઘેરાયેલ સંપૂર્ણ શસ્ત્રોથી સુસજ્જિત શૂરવીર પુરુષની જેમ પોતાની અને બીજાની રક્ષા કરવામાં સમર્થ હોય છે.

सज्झाय सज्झाणरयस्स ताइणो,
अपावभावस्स तवे रयस्स ।
विसुज्झई जंसि मलं पुरेकडं,
समीरियं रुप्पमलं व जोइणा ।।

સ્વાધ્યાય અને સત્‌ધ્યાનમાં રત, છ કાયનાં રક્ષક, પાપથી રહિત ભાવવાળા, તપમાં રત મુનિનો પૂર્વજન્મકૃત કર્મ મળ એજ રીતે વિશુદ્ધ થાય છે, જે પ્રમાણે અગ્નિ વડે તપાવેલ સુવર્ણનો મેલ.

से तारिसे दुक्खसहे जिइंदिए,
सुयेण जुत्ते अममे अकिंचणे ।
विरायई कम्मघणम्मि अवगए,
कसिणऽब्भपुडावगमे व चंदिमे ।।

–दस. अ. ८, गा. ६१-६३

જે પૂર્વોક્ત ગુણોથી યુક્ત છે, પરિષહોને સહન કરનાર છે, જિતેન્દ્રિય તથા શ્રુતથી યુક્ત છે. મમત્વ તથા પરિગ્રહથી રહિત છે તે કર્મરૂપી વાદળોને હટાવીને શુદ્ધ સ્વરૂપે શોભે છે, જેવી રીતે સંપૂર્ણ અભ્ર પટલથી (વાદળ સમૂહથી) મુક્ત ચંદ્રમા શોભા પામે છે.

---

१. (क) उव. सु. ३० (ख) ठाणं. अ. ५, उ. ३, सु. ४६५

(ग) उत्त. अ. ३०, गा. ३४ (घ) વિશેષ વિસ્તાર જ્ઞાનાચારમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सज्जायभूमिसु अण्णउत्थियाइ सद्धिंगमण पायच्छित्त सुत्तं-**

२२७६. जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा अपरिहारिएण सद्धिं बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खमइ वा, पविसइ वा, निक्खमंतं वा, पविसतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. २, सु. ४१

**અન્ય તીર્થિકાદિની સાથે સ્વાધ્યાય ભૂમિએ જવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૭૬. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે તથા પારિહારિક સાધુ અપારિહારિક સાધુની સાથે સ્વાધ્યાય ભૂમિમાં, કે સ્થંડિલભૂમિમાં પ્રવેશ કરે છે કે નિષ્ક્રમણ કરે છે, (પ્રવેશ કરાવે છે, નિષ્ક્રમણ કરાવે છે) પ્રવેશ કરનારનું કે નિષ્ક્રમણ કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**दुगुंन्छिय कुलेसु सज्झाय उद्देसण पायच्छित्त सुत्तं-**

२२७७. जे भिक्खू दुगुंछियकुलेसु सज्झायं उद्दिसइ उद्दिसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १६, सु. ३०

**નિન્દિત કુળમાં સ્વાધ્યાય આપવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૭૭. જે ભિક્ષુ તિરસ્કૃત કુળોમાં સ્વાધ્યાયનો ઉદ્દેશ (મૂળ પાઠ વાંચન કરવું) કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**सुत्त वायणा हेउणो-**

२२७८. पंचहिं ठाणेहिं सुत्तं वाएज्जा, तं जहा–

१. संगहट्ठयाए,

२. उवग्गहट्ठयाए,

३. णिज्जरट्ठयाए,

४. सुत्ते वा मे पज्जवयाते भविस्सइ ।

५. सुत्तस्स वा अवोच्छित्ति-णयट्ठयाए ।

–ठाणं. अ. ५, उ. ३, सु. ४६७

**સૂત્ર-વાચનાના હેતુ :**

૨૨૭૮. પાંચ કારણોથી સૂત્રની વાચના આપવી જોઈએ, જેમકે -

(૧) શિષ્યોને શ્રુત-સંપન્ન બનાવવા માટે,

(૨) શિષ્ય વર્ગ પર ઉપકાર કરવા માટે,

(૩) કર્મોની નિર્જરા માટે,

(૪) વાચના આપવાથી મારું શ્રુત પરિપુષ્ટ થશે, તે વિચારથી.

(૫) શ્રુત ભણવા-ભણાવવાની પરંપરા અવિચ્છિન્ન રાખવા માટે.

**सुयवायणिज्जा-**

२२७९. चत्तारि वायणिज्जा पण्णत्ता, तं जहा–

१. विणीए,

२. अविगतिपडिबद्धे,

**સૂત્ર વાચનાને માટે યોગ્ય :**

૨૨૭૯. ચાર વ્યક્તિ વાંચના આપવા યોગ્ય હોય છે, જેમ કે-

(૧) **વિનીત** : સૂત્રાર્થ દાતા પ્રતિવંદનાદિ વિનયભાવ કરનાર,

(૨) **વિકૃતિ અપ્રતિબદ્ધ** : ઘૃતાદિ વિકૃતિયોમાં આસક્તિ ન રાખનાર,

३. विओसवियपाहुडे,

४. अमाई ।[१]

– ठाणं. अ. ४, उ. ३, सु. ३२६

(૩) વ્યવશમિત પ્રાભૃત-ઉપશાંત કલહવાળા,

(૪) અમાયાવી.

सुय अवायणिज्जा-

२२८०. चत्तारि अवायणिज्जा पण्णत्ता, तं जहा–

१. अविणीए,

२. विगइ-पडिबद्धे,

३. अविओसविय पाहुडे,

४. मायी ।[२] –ठाणं. अ. ४, उ. ३, सु. ३२६

**સૂત્ર વાચનાને માટે અયોગ્ય :**

૨૨૮૦. ચાર વ્યક્તિ વાંચના આપવા યોગ્ય હોતા નથી, જેમ કે -

(૧) **અવિનીત** : સૂત્રાર્થદાતા પ્રતિ વંદનાદિ વિનયભાવ ન કરનાર,

(૨) **વિકૃતિ પ્રતિબદ્ધ :** ઘૃતાદિ વિકૃતિયોમાં આસક્ત રહેનાર,

(૩) **અવ્યવશમિત પ્રાભૃત :** અનુપશાંત કલહવાળા,

(૪) માયાવી.

सुयवायणाए फलं-

२२८१. प. वायणाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. वायणाए निज्जरं जणयइ, सुयस्स य अणासायणाए वट्टइ, सुयस्स अणासायणाए वट्टमाणे तित्थधम्मं अवलम्बइ, तित्थधम्मं अवलम्बमाणे महानिज्जरे महापज्जवसाणे भवइ ।

– उत्त. अ. २९, सु. २१

**સૂત્ર વાચનાનું ફળ :**

૨૨૮૧. પ્ર. ભંતે ! વાચના (અધ્યાપન)થી જીવને શું મળે છે ?

ઉ. વાચનાથી જીવ કર્મોની નિર્જરા કરે છે, શ્રુતજ્ઞાનની અશાતનાના દોષ દૂર કરે છે. શ્રુતજ્ઞાનની અશાતનાના દોષ દૂર થવાથી તીર્થધર્મનું અવલંબન કરે છે. તીર્થધર્મનું અવલંબન લઈને કર્મોની મહાનિર્જરા કરે છે અને મહાપર્યવસાન (સંસારનો અંત) કરે છે.

दुगुंछिय कुले-वायणादाणादाण पायच्छित्त सुत्ताइं-

२२८२. जे भिक्खू दुगुंछिय कुलेसु सज्झायं वाएइ, वाएंतं वा साइज्जइ ।

जे भिक्खू दुगुंछिय कुलेसु सज्झायं पडिच्छइ, पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । – नि. उ. १६, सु. ३१-३२

**તિરસ્કૃત કુળમાં વાચના આપવા-લેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૮૨. જે ભિક્ષુ તિરસ્કૃત કુળોમાં સ્વાધ્યાયની વાચના (સૂત્રાર્થ) આપે છે, (અપાવે છે) આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ તિરસ્કૃત કુળોમાં સ્વાધ્યાયની વાચના લે છે, (લેવડાવે છે) લેનારની અનુમોદના કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

१. (क) तओ कप्पंति वाएताए, तं जहा –
(१) विणीए, (२) नो विगइ पडिबद्धे, (३) विओसविय पाहुडे । –कप्प. उ. ४, सु. ११
(ख) ठाणं अ. ३, उ. ४, सु. २०४

२. (क) तओ नो कप्पंति वाएत्तए, तं जहा –
(१) अविणीए, (२) विगइ–पडिबद्धे, (३) अविओसविय पाहुडे । – कप्प. उ. ४, सु. १०
(ख) ठाणं. अ. ३, उ. ४, सु. २०४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अविहीए वायणा-दाणे पायच्छित्त-सुत्ताइं-**

२२८३. जे भिक्खू हेट्ठिल्लाइं समोसरणाइं अवाएत्ता उवरिल्लाइं समोसरणाइं वाएइ वायंतं वा साइज्जइ ।

जे भिक्खू णवबंभचेराइं अवाएत्ता उत्तमं सुयं वाएइ वायंतं वा साइज्जइ ।

जे भिक्खू अपत्तं वाएइ वाएंतं वा साइज्जइ ।

जे भिक्खू पत्तं ण वाएइ ण वाएंतं वा साइज्जइ ।

जे भिक्खू अव्वत्तं वाएइ वाएंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्तं न वाएइ न वाएंतं वा साइज्जइ ।[१]

जे भिक्खू दोण्हं सरिसगाणं एक्कं संचिक्खावेइ, एक्कं न संचिक्खावेइ, एक्कं वाएइ, एक्कं न वाएइ, तं करंतं वा साइज्जइ ।

जे भिक्खू आयरिय-उवज्झाएहिं अविदिण्णं गिरं आइयइ आइयंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा वाएइ वाएंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियं वा गारत्थियं वा पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं । – नि. उ. १९, सु. १७–३०

**અવિધિથી વાચના આપવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૮૩. જે ભિક્ષુ પ્રારંભનાં સમોસરણ (અંગસૂત્ર, શ્રુતસ્કંધ, અધ્યાય, ઉદ્દેશક)ની વાચના ન આપતાં ત્યારબાદનાં સમોસરણ (ઉપાંગ આદિ)ની વાચના (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નવ બ્રહ્મચર્ય (આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ) ની વાચના ન દેતાં છેદસૂત્ર આદિની વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અયોગ્યને વાચના આપે છે, (અપાવે છે) આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ યોગ્યને વાચના આપતો નથી, (અપાવતો નથી), ન આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અવ્યક્ત (અપ્રાપ્ત યૌવન વયવાળા) ને વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વ્યક્ત (પ્રાપ્ત યૌવન વયવાળા) ને વાચના આપતો નથી, (અપાવતો નથી), ન આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ બે સમાન યોગ્યતાવાળા શિષ્યોમાંથી એકને સુશિક્ષિત કરે છે અને એકને કરતો નથી, એકને વાચના આપે છે, એકને વાચના આપતો નથી અથવા આવું કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ આચાર્ય અને ઉપાધ્યાયે આપ્યા વગર વાચના લે છે, (લેવડાવે છે), લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિકો કે ગૃહસ્થોને વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસેથી વાચના લે છે, (લેવડાવે છે), લેનારની અનુમોદના કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**पासत्थाईणं वायणा दाणे पायच्छित्त सुत्ताइं-**

२२८४. जे भिक्खू पासत्थं वाएइ वाएंतं वा साइज्जइ ।

**પાર્શ્વસ્થાદિને વાચના આપવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૮૪. જે ભિક્ષુ પાર્શ્વસ્થને વાચના આપે છે, (અપાવે છે) આપનારનું અનુમોદન કરે છે.

---

૧. ભાષ્ય માં ૨૧-૨૨ અને ૨૫-૨૬ સુ. ૧૯-૨૦ ના સમાન છે, પુનરાવૃત્તિ થઇ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू पासत्थं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ પાર્શ્વસ્થ પાસેથી વાચના લે છે, (લેવડાવે છે), લેનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू ओसण्णं वाएइ वाएंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અવસન્નને વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू ओसण्णं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અવસન્ન પાસેથી વાચના લે છે, (લેવડાવે છે), લેનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कुसीलं वाएइ वाएंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુશીલને વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कुसीलं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુશીલ પાસેથી વાચના લે છે, (લેવડાવે છે), લેનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू संसत्तं वाएइ वाएंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સંસક્તને વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू संसत्तं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સંસક્ત પાસેથી વાચના લે છે, (લેવડાવે છે), લેનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णितियं वाएइ वायंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નિત્યકને વાચના આપે છે, (અપાવે છે), આપનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णितियं पडिच्छइ पडिच्छंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નિત્યક પાસેથી વાચના લે છે, (લેવડાવે છે), લેનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

— नि. उ. १९, सु. ३१-४०

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

**पडिपुच्छणा फलं-**

२२८५. प. पडिपुच्छणयाए णं भंते ! जीवे किं जणयइ ?

उ. पडिपुच्छणयाए णं सुत्तत्थ-तदुभयाइं विसोहेइ । कंखामोहणिज्जं कम्मं वोच्छिन्दइ ।

—उत्त. अ. २९, सु. २२

**પ્રતિપ્રશ્નનું ફળ :**

૨૨૮૫. પ્ર. ભંતે ! પ્રતિપ્રશ્ન કરવાથી જીવને શું મળે છે ?

ઉ. પ્રતિપ્રશ્ન કરવાથી તેના સૂત્ર, અર્થ અને ઉભય સંબંધી સંદેહો દૂર થાય છે અને કાંક્ષામોહનીય કર્મનો નાશ થાય છે.

**परियट्टणा फलं-**

२२८६. प. परियट्टणाए णं भंते ! जीवे किं जणयइ ?

उ. परियट्टणाए णं वंजणाइं जणयइ, वंजणलद्धिं च उप्पाएइ ।

— उत्त. अ. २९, सु. २३

**પરિવર્તનાનું ફળ :**

૨૨૮૬. પ્ર. ભંતે ! પરિવર્તનાથી જીવને શું મળે છે ?

ઉ. પરિવર્તનાથી જીવ અક્ષરોને ઉત્પન્ન કરે છે. અર્થાત્ સ્મૃતને પરિપક્વ અને વિસ્મૃતને યાદ કરે છે તથા વ્યંજનલબ્ધ (પદાનુસારિણી લબ્ધિ) પ્રાપ્ત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अणुप्पेहा फलं-**

२२८७. प. अणुप्पेहाए णं भंते ! जीवे किं जणयइ ?

उ. अणुप्पेहाए णं आउयवज्जाओ सत्तकम्म-पगडीओ घणियबन्धणबद्धाओ सिढिलबन्धणबद्धाओ पकरेइ ।

दीहकालट्ठिइयाओ हस्सकालट्ठिइयाओ पकरेइ ।

तिव्वाणुभावाओ मन्दाणुभावाओ पकरेइ ।

बहुपएसग्गाओ अप्पपएसग्गाओ पकरेइ ।

आउयं च णं कम्मं सिय बन्धइ, सिय नो बन्धइ ।

असायावेयणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाइ,

अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरन्त संसार कन्तारं खिप्पामेव वीइवयइ ।

– उत्त. अ. २९, सु. २४

**અનુપ્રેક્ષાનું ફળ :**

૨૨૮૭. પ્ર. ભંતે ! અનુપ્રેક્ષાથી જીવને શું મળે છે ?

ઉ. અનુપ્રેક્ષાથી જીવ આયુષ્ય-કર્મ છોડીને શેષ જ્ઞાનાવરણાદિ સાત કર્મોની પ્રકૃતિના પ્રગાઢ બંધનોને શિથિલ કરે છે.

તેમની દીર્ઘકાલીન સ્થિતિને અલ્પકાલીન કરે છે.

તેમના તીવ્ર રસાનુભાવને મંદ કરે છે.

તેમના બહુ પ્રદેશોને અલ્પ પ્રદેશી કરે છે.

આયુષ્ય કર્મનો બંધ કદાચિત્ કરે છે, કદાચિત્ કરતો નથી.

અસાતા-વેદનીય કર્મનો ફરી-ફરી ઉપચય નથી કરતો.

તે અનાદિ અનંત, દીર્ઘમાર્ગી તથા ચાર ગતિરૂપ સંસાર અટવીને તરત જ પાર કરે છે.

**कहाए भेया-**

२२८८. तिविहा कहा पण्णत्ता, तं जहा–

१. अत्थकहा,

२. धम्मकहा,

३. कामकहा ।

–ठाणं. अ. ३, उ. ३, सु. १९४

**કથાના ભેદ :**

૨૨૮૮. કથા ત્રણ પ્રકારની કહી છે, જેમકે-

(૧) **અર્થકથા** : ધન ઉપાર્જન સંબંધી કથા

(૨) **ધર્મકથા** : ધર્મ ભાવનાની કથા,

(૩) **કામકથા** : કામવાસનાત્મક કથા.

**तिविहे धम्मे पण्णत्ते, तं जहा-**

१. सुयधम्मे, २. चरित्तधम्मे,

३. अत्थिकायधम्मे ।

–ठाणं. अ. ३, उ. ३, सु. १९४ (९)

**ધર્મનાં ત્રણ પ્રકાર કહ્યા છે, જેમકે-**

(૧) શ્રુતધર્મ, (૨) ચારિત્ર ધર્મ,

(૩) અસ્તિકાય ધર્મ.

**चउव्विहा कहा पण्णत्ता, तं जहा-**

१. अक्खेवणी,

२. विक्खेवणी,

३. संवेगणी,

**કથાનાં ચાર પ્રકાર કહ્યા છે, જેમકે -**

(૧) **આક્ષેપણી** : જ્ઞાન અને ચારિત્રના આકર્ષણ ઉત્પન્ન કરે એવી કથા.

(૨) **વિક્ષેપણી** : સન્માર્ગની સ્થાપના કરે એવી કથા,

(૩) **સંવેગિની** : જીવનની નશ્વરતા, દુઃખ તથા વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળી કથા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. निव्वेज्जणी ।

(૪) **નિર્વેદની :** કૃતકર્મો શુભાશુભ ફળ બતાવીને સંસાર પ્રત્યે ઔદાસિન્ય કરે એવી કથા,

**अक्खेवणी कहा चउव्विहा पण्णत्ता, तं जहा-**

**આક્ષેપણી કથાના સાત પ્રકાર કહ્યા છે, જેમકે-**

१. आयार अक्खेवणी,

(૧) **આચાર-આક્ષેપણી :** સાધુ અને શ્રાવકનાં આચારના વર્ણનવાળી કથા,

२. ववहार अक्खेवणी,

(૨) **વ્યવહાર-આક્ષેપણી :** વ્રતોનાં દોષથી થતાં પ્રાયશ્ચિત્તનાં વર્ણનની કથા,

३. पण्णत्ति अक्खेवणी,

(૩) **પ્રજ્ઞપ્તિ-આક્ષેપણી :** મધુર વચનોથી સંશય દૂર કરનારી કથા,

४. दिट्ठिवाय अक्खेवणी ।

(૪) **દૃષ્ટીપાત-આક્ષેપણી :** યોગ્યતા અનુસાર વિવિધનયોથી તાત્ત્વિક નિરૂપણ કરતી કથાઓ.

**विक्खेवणी कहा चउव्विहा पण्णत्ता, तं जहा-**

**વિક્ષેપણી કથાના ચાર પ્રકાર કહ્યા છે, જેમકે-**

१. ससमयं कहेति, ससमयं कहेत्ता, परसमयं कहेति,

(૧) વક્તા પોતાના સિદ્ધાંતને પ્રતિપાદન કરી ત્યારબાદ બીજાનાં સિદ્ધાંતની કથા કહે,

२. परसमयं कहेत्ता, ससमयं ठावतित्ता भवति,

(૨) બીજાનાં સિદ્ધાંતની પ્રરૂપણા કરી પછી પોતાના સિદ્ધાંતની સ્થાપના કરે.

३. सम्मावातं कहेति, सम्मावातं कहेत्ता, मिच्छावातं कहेति,

(૩) વક્તા સમ્યક્‌વાદની પ્રરૂપણા કર્યા બાદ મિથ્યાવાદની પ્રરૂપણા કરે.

४. मिच्छावातं कहेत्ता, सम्मवातं ठावतित्ता भवति ।

(૪) વક્તા મિથ્યાવાદની પ્રરૂપણા કર્યા બાદ સમ્યક્‌વાદની સ્થાપના કરે.

**संवेगणी कहा चउव्विहा पण्णत्ता, तं जहा-**

**સંવેગની કથાના ચાર પ્રકાર કહ્યા છે, જેમકે-**

१. इहलोगसंवेगणी,

(૧) **ઈહલોક સંવેગની :** જીવનની અસારતા, અનિત્યતા બતાવતી કથા,

२. परलोगसंवेगणी,

(૨) **પરલોક સંવેગની**-દેવાદિ ભાવોમાં જે અનેક પ્રકારનાં દુઃખોનો અનુભવ થાય છે તેની કથા,

३. आतसरीरसंवेगणी,

(૩) **આત્મ-શરીર સંવેગની :** પોતાના શરીરની અશુચિ દર્શાવતી કથા,

४. परसरीरसंवेगणी ।

(૪) **પર-શરીર સંવેગની :** બીજાનાં શરીરની અશુચિ દર્શાવતી કથા.

**णिव्वेज्जणी कहा चउव्विहा पण्णत्ता, तं जहा-**

**નિર્વેદની કથાના ચાર પ્રકાર કહ્યા છે. જેમકે-**

१. इहलोगे दुच्चिन्ना कम्मा इहलोगे दुहफलवि-वागसंजुत्ता भवंति,

(૧) આ લોકમાં કરેલા દુષ્કર્મ, આ લોકમાં જ દુઃખરૂપે ફળ દેનારા હોય છે તેની કથા,

२. इहलोगे दुच्चिन्ना कम्मा परलोगे दुहफलवि-वागसंजुत्ता भवंति,

(૨) આ લોકમાં કરેલા દુષ્કર્મ, પરલોકમાં દુઃખરૂપે ફળ દેનારા બને છે તેની કથા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. परलोगे दुच्चिन्ना कम्मा इहलोगे दुहफलविवागसंजुत्ता भवंति,

(૩) પરલોકમાં કરેલા દુષ્કર્મ, આ લોકમાં દુઃખરૂપ ફળ દેનારા બને તેની કથા,

४. परलोगे दुच्चिन्ना कम्मा परलोगे दुहफलविवागसंजुत्ता भवंति,

(૪) પરલોકમાં કરેલા દુષ્કર્મ, પરલોકમાં દુઃખરૂપ ફળ દેનારા બને તેની કથા,

१. इहलोगे सुच्चिन्ना कम्मा इहलोगे सुहफलविवागसंजुत्ता भवंति,

(૧) આ લોકમાં કરેલા શુભકર્મ, આ લોકમાં જ સુખમય ફળ દેનારા બને છે.

२. इहलोगे सुच्चिन्ना कम्मा परलोगे सुहफलविवागसंजुत्ता भवंति,

(૨) આ લોકમાં કરેલા શુભકર્મ, પરલોકમાં સુખમય ફળ દેનારા બને છે.

३. परलोगे सुच्चिन्ना कम्मा इहलोगे सुहफलविवागसंजुत्ता भवंति,

(૩) પરલોકમાં કરેલા શુભકર્મ, આ લોકમાં સુખમય ફળ દેનારા બને છે,

४. परलोगे सुच्चिन्ना कम्मा परलोगे सुहफलविवागसंजुत्ता भवंति । –ठाणं. अ. ४, उ. २, सु. २८२

(૪) પરલોકમાં કરેલા શુભકર્મ, પરલોકમાં સુખમય ફળ દેનારા બને છે.

**पवयण सरूवं-**

२२८९. इमं च णं सव्वजगजीव-रक्खणदयट्ठयाए पावयणं भगवया सुकहियं, अत्तहियं, पेच्चा भावियं, आगमेसिभद्दं, सुद्धं, णेयाउयं, अकुडिलं, अणुत्तरं सव्वदुक्खपावाण विउसमणं ।

– प. सु. २, अ. १, सु. ६

प. पवयणं भंते ! पवयणं, पावयणी पवयणं ?

उ. गोयमा ! अरहा ताव नियमं पावयणी, पवयणं पुण दुवालसंगे गणिपिडगे, तं जहा– आयारो-जाव-दिट्ठिवाओ ।

– विया. स. २०, उ. ८, सु. १५

**પ્રવચનનું સ્વરૂપ :**

૨૨૮૯. આ પ્રવચન શ્રમણ ભગવાન મહાવીરે જગતનાં સર્વજીવોની રક્ષા, દયા માટે યોગ્યરૂપે કહ્યું છે. આ પ્રવચન આત્મા માટે હિતકારી, પરલોક હિતકર, ભવિષ્યને માટે કલ્યાણકારી, શુદ્ધ, ન્યાયયુક્ત, મુક્તિપ્રાપ્તિનાં સફળ માર્ગરૂપ,સર્વોત્તમ તથા સર્વ દુઃખો અને પાપોને ઉપશાંત કરનારું છે.

પ્ર. ભંતે ! પ્રવચનને પ્રવચન કહે છે ? કે પ્રવચની ને પ્રવચન કહે છે ?

ઉ. ગૌતમ ! અરિહંત તો નિયમતઃ પ્રવચની છે. અને દ્વાદશાંગ ગણીપિટક પ્રવચન છે, જેમકે- આચારાંગ **યાવત્** દૃષ્ટિવાદ.

**धम्मकहाए विही णिसेहो-**

२२९०. से भिक्खू धम्मं किट्टमाणे णो अन्नस्स हेउं धम्मं आइक्खेज्जा, णो पाणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो वत्थस्स हेउं धम्मं आइक्खेज्जा, णो लेणस्स हेउं धम्मं आइखेज्जा, णो सयणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो अन्नेसिं विरूय-रूवाणं कामभोगाणं हेउं धम्ममाइक्खेज्जा,

अगिलाए धम्ममाइक्खिज्जा,

णण्णत्थ कम्मणिज्जरट्ठयाए धम्मं आइक्खेज्जा ।

–सूय. सु. २, अ. १, सु. ६९०

**ધર્મકથા માટે વિધિ-નિષેધ :**

૨૨૯૦. ધર્મનો ઉપદેશ આપતો સાધુ-આહાર માટે, પાણી માટે, વસ્ત્રો માટે, સ્થાન અથવા શય્યા માટે તથા વિવિધ પ્રકારના કામભોગ પ્રાપ્ત કરવા માટે ઉપદેશ ન આપે.

દીનતાપૂર્વક ઉપદેશ ન આપે પણ પ્રસન્નતાપૂર્વક ધર્મોપદેશ કહે.

માત્ર કર્મનિર્જરાના હેતુથી જ ઉપદેશ આપે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धम्मकहाविवेगो-**

२२९१. जहा पुण्णस्स कत्थति तहा तुच्छस्स कत्थति ।

जहा तुच्छस्स कत्थति तहा पुण्णस्स कत्थति ।

अवि य हणे अणादीयमाणे । एत्थं पि जाण सेयं ति णत्थि।

केऽयं पुरिसे कं च णए ।

– आ. सु. १, अ. २, उ. ६, सु. १०२

दयं लोगस्स जाणित्ता पाईणं पडीणं दाहिणं उदीणं आइक्खे विभए किट्टए वेदवी ।

से उट्ठिएसु वा अणुट्ठिएसु वा सुस्सूसमाणेसु पवेदए-संतिं, विरतिं, उवसमं, णिव्वाणं, सोयवियं, अज्जवियं, मद्दवियं, लाघवियं, अणतिवत्तियं ।

सव्वेसिं पाणाणं, सव्वेसिं भूताणं, सव्वेसिं जीवाणं, सव्वेसिं सत्ताणं अणुवीइ भिक्खू धम्ममाइक्खेज्जा ।

अणुवीइ भिक्खू धम्ममाइक्खमाणे णो अत्ताणं आसाएज्जा, णो परं आसाएज्जा, णो अण्णाइं पाणाइं भूयाइं जीवाइं सत्ताइं आसाएज्जा ।

से अणासायए अणासायमाणे वज्जमाणाणं भूताणं जीवाणं सत्ताणं जहा से दीवे असंदीणे एवं से भवति सरणं महामुणी ।

– आ. सु. १, अ. ६, उ. ५, सु. १९६-१९७

आघाति णाणी इह माणवाणं संसारपडिवण्णाणं संबुज्झमाणाणं विण्णाणं पत्ताणं ।

**ધર્મકથા વિવેક :**

૨૨૯૧. સાધક જેમ સંપન્ન વ્યક્તિને ધર્મ-ઉપદેશ આપે છે, તે જ રીતે રંકાદિને ઉપદેશ આપે છે.

જેમ રંકાદિને ઉપદેશ આપે છે, તેવો જ ઉપદેશ સંપન્ન વ્યક્તિને આપે છે.

અન્યથા તેઓ ઉપદેશને સાંભળી ક્રોધી બની ઉપદેશકને મારવા લાગે તેથી એ જાણ્યા વિના ઉપદેશ આપવામાં કલ્યાણ નથી કે-

"આ શ્રોતા કોણ છે ? અને કયા દેવને નમસ્કાર કરે છે, (કયા સિદ્ધાંતને માને છે.)

આગમના જ્ઞાતા મુનિ પૂર્વ,પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દશામાં સ્થિત જીવોને અનુકંપા બુદ્ધિથી ધર્મનો ઉપદેશ આપે, ધર્મના ભેદ-પ્રભેદોને સમજાવે અને ધર્મનો મહિમા બતાવે.

તે મુનિ ધર્મશ્રવણની ઈચ્છાવાળા અથવા સેવા-શૂશ્રુષા કરનાર મુનિઓ અને ગૃહસ્થોને શાંતિ, વિરતિ, ઉપશમ, નિર્વાણ, શૌચ-નિર્લોભતા, આર્જવ, માર્દવ-નમ્રતા અને પરિગ્રહત્યાગનો યથાર્થ બોધ આપે.

તે મુનિ વિચાર કરીને સર્વ પ્રાણીઓ, ભૂતો, સત્ત્વો અને જીવોને ધર્મનું સ્વરૂપ કહે.

વિચાર કરી ધર્મોપદેશ આપનાર મુનિ એ ધ્યાનમાં રાખે કે તે ઉપદેશ આપતાં પોતાના આત્માની આશાતના ન કરે, બીજાની આશાતના ન કરે અને અન્ય કોઈ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વની પણ આશાતના ન કરે.

કોઈ પ્રાણીને આશાતના ન પહોચાડતાં ધર્મ કહેનારા તે મહામુનિ સંસાર-પ્રવાહમાં ડૂબતા પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વો માટે અસંદીન દ્વીપ (ડૂબે નહીં તેવા દ્વીપ)ની જેમ શરણભૂત હોય છે.

જ્ઞાનીજન સંસારવર્ત્તી, (સારી રીતે સમજનાર) હિતાહિતની સમજ રાખનાર મનુષ્યોને આ પ્રકારે ધર્મોપદેશ આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अट्टा वि संता अदुवा पमत्ता ।

આર્તધ્યાનથી પીડિત અને પ્રમાદમાં ફસાયેલા પણ ધર્માચરણ કરી શકે છે.

अहासच्चमिणं त्ति बेमि ।

આ વાત બિલકુલ સાચી છે એમ હું કહું છું.

णाऽणागमो मच्चुमुहस्स अत्थि, इच्छापणीता वंकाणिकेया, कालग्गहीता णिचये णिविट्ठा पुढो-पुढो जाइं पकप्पेंति ।

મૃત્યુના મુખમાં પડેલા પ્રાણીને મૃત્યુ નહીં આવે એવું તો નથી. છતાં પણ ઈચ્છાને વશમાં થયેલ, અસંયમમાં લીન બનેલ પ્રાણી કાળના મુખમાં પડયો હોવા છતાં કર્મોનો સંગ્રહ કરવામાં તલ્લીન બનીને જન્મ પરંપરાને વધારે છે.

इहमेगेसिं तत्थ तत्थ संथवो भवति । अहोववातिए फासे पडिसंवेदयंति।

– आ. सु. १, अ. ४, उ. २, सु. १३४-१३५[१]

આ સંસારમાં એવા કેટલાક પ્રાણીઓ છે જેઓને જન્મ-મરણના સ્થાનોનો ઘણો સંપર્ક થાય છે અને તેઓ અનેક દુઃખોનો અનુભવ કરે છે.

केसिंचि तक्काइ अबुज्झ भावं,
खुड्डं पि गच्छेज्जा असद्दहाणे ।
आयुस्स कालातियारं वघातं,
लद्धाणुमाणे य परेसु अट्ठे ।।

પોતાની બુદ્ધિથી ધર્મના ઉપદેશનો અભિપ્રાય સમજ્યા વિના કોઈક ક્રોધિત બની જાય છે અને ક્રોધમાં આવીને સાધુનો વધ પણ કરી નાંખે, માટે સાધુ અનુમાનથી બીજાનો અભિપ્રાય જાણીને ધર્મનો ઉપદેશ આપે.

कम्मं च छंदं च विगिंच धीरे,
विणएज्ज उ सव्वतो आयभावं ।
रूवेहिं लुप्पंति भयावहेहिं,
विज्जं गहाय तसथावरेहिं ।।

બુદ્ધિમાન સાધુ શ્રોતાઓના કર્મ અને અભિપ્રાયને જાણીને ધર્મનો ઉપદેશ આપે અને તેમના મિથ્યાત્વને દૂર કરે. તેમને સમજાવે કે– "મનોહર રૂપ ભય આપનારું છે, તેમાં લુબ્ધ થનારો મનુષ્ય નાશ પામે છે." આ પ્રમાણે વિદ્વાન પુરુષ શ્રોતાઓનો અભિપ્રાય જાણીને ત્રસ અને સ્થાવર જીવોનું હિત થાય તેવો ઉપદેશ આપે.

न पूयणं चेव सिलोयकामी,
पियमप्पियं कस्सइ णो कहेज्जा ।
सव्वे अणट्ठे परिवज्जयन्ते,
अणाउले या अकसाइ भिक्खू ।।

–सूय. सु. १, अ. १३, गा. २०-२२

સાધુ ઉપદેશ આપતાં પૂજા અને પ્રશંસાની કામના ન કરે, કોઈની પ્રિય અને અપ્રિય એવી કથા ન કહે તથા બધા અનર્થોને વર્જીને આકુળતા રહિત અને કષાય રહિત બનીને ઉપદેશ આપે.

ओबुज्झमाणे इह माणवेसु आघाइ से णरे जस्स इमाओ जाईओ सव्वओ सुपडिलेहियाओ भवंति आघाइ से णाणमणेलिसं ।

જ્ઞાની પુરુષ સંસારના સ્વરૂપને જાણી મનુષ્યને ધર્મનો ઉપદેશ આપે, જેણે જન્મ-મરણના સ્થાનોને સારી રીતે જાણી લીધાં છે, તે જ અનુપમ જ્ઞાનનો બોધ આપી શકે છે.

से किट्टति तेसिं समुट्ठिताणं निक्खित्तदंडाणं समाहियाणं पण्णाणमंताणं इह मुत्तिमग्गं ।

એવા પાપોના ત્યાગી, સમાધિભાવથી યુક્ત, પ્રજ્ઞાવાન પુરુષ જે કોઈ ધર્મ શ્રવણ માટે ઉપસ્થિત હોય તેને મુક્તિનો માર્ગ બતાવે છે.

---

૧. આ સૂત્રનો બાકી ભાગ (અંશ) ચારિત્રાચાર (ચરણા. ભાગ-૧) પાના નં. ૨૦૯માં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं पेगे महावीरा विप्परिक्कमंति ।

– आ. सु. १, अ. ६, उ. १, सु. १७७-१७८

આવા જે મહાવીર છે, તે જ (સંયમ માર્ગમાં) પરાક્રમી બને છે.

आयगुत्ते सया दंते, छिण्णसोए अणासवे ।
जे धम्मं सुद्धमक्खाति, पडिपुण्णमणेलिसं ।।

–सूय. सु. १, अ. ११, गा. २४

આત્મગુપ્ત, દમિતેન્દ્રિય તેમજ સંસારના પ્રવાહને બંધ કરનાર, આશ્રય રહિત જે પુરુષ છે તે જ પરિપૂર્ણ અને અનુપમ શુદ્ધ ધર્મનો ઉપદેશ આપી શકે છે.

जे भिक्खू मायण्णे अण्णतरं दिसं वा अणुदिसं वा पडिवण्णे धम्मं आइक्खे विभए किट्टए उवट्ठितेसु वा अणुवट्ठितेसु वा सुस्सूसमाणेसु पवेदए ।

મર્યાદાનો જ્ઞાતા સાધુ કોઈ પણ દિશા અને વિદિશામાં જઈને ધર્મનો ઉપદેશ કરે, ધર્મને ભિન્ન ભિન્ન રીતે સમજાવે અને ધર્મનું કીર્તન કરે.

संतिं विरतिं उवसमं निव्वाणं सोयवियं अज्जवियं मद्दवियं लाघवियं अणंतिवातियं सव्वेसिं पाणाणं-जाव-सत्ताणं अणुवीइ किट्टए धम्मं ।

–सूय. सु. २, अ. १, सु. ६८९

ધર્મ સાંભળવા ઉદ્યત થયેલા કે ઉપસ્થિત થયેલા મનુષ્યોને શાંતિ, વિરતિ, ઈન્દ્રિયનિગ્રહ, શૌચ, સરળતા, મૃદુતા, લઘુતા અને અહિંસા ધર્મનો ઉપદેશ આપે અને સમસ્ત ભૂતો **યાવત્** સત્ત્વોના હિત માટે ધર્મનું કીર્તન કરે.

**धम्मकहा पभावो-**

२२९२. इह खलु तस्स भिक्खुस्स अंतियं धम्मं सोच्चा णिसम्म उट्ठाय वीरा अस्सिं धम्मे समुट्ठिता, जे ते तस्स भिक्खुस्स अंतियं धम्मं सोच्चा णिसम्म सम्मं उट्ठाणेणं उट्ठाय वीरा अस्सिं धम्मे समुट्ठित्ता, ते एवं सव्वोवगता, ते एवं सव्वोवरता, ते एवं सव्वोवसंता, ते एवं सव्वत्ताए परिनिव्वुडे ।

–सूय. सु. २, अ. १, सु. ६९१

**ધર્મકથાનો પ્રભાવ :**

૨૨૯૨. આ જિન શાસનમાં સાધુ પાસેથી ધર્મ શ્રવણ કરી ધર્માચરણ કરવા માટે ઉદ્યત કોઈ વીર પુરુષ અર્હત્ ધર્મમાં ઉપસ્થિત થાય છે. એવા ધર્મમાં ઉદ્યત બનેલા વીર પુરુષ મોક્ષમાર્ગનાં સર્વ સાધનોથી સંપન્ન બની જાય છે, સર્વ પાપોથી વિરામ પામી સંપૂર્ણ શાંતિને પામે છે અને સમસ્ત કર્મોનો ક્ષય કરી પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે.

**धम्मकहा फलं-**

२२९३. प. धम्मकहाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. धम्मकहाए णं निज्जरं जणयइ । धम्मकहाए णं पवयणं पभावेइ । पवयणपभावे णं जीवे आगमिस्स भद्दताए कम्मं निबन्धइ ।

–उत्त. अ. २९, सु. २५

**ધર્મકથાનું ફળ :**

૨૨૯૩. પ્ર. ભંતે ! ધર્મકથાથી જીવને શું મળે છે ?

ઉ. ધર્મકથાથી જીવ કર્મોની નિર્જરા કરે છે અને પ્રવચનની પ્રભાવના કરે છે. પ્રવચનની પ્રભાવના કરનાર જીવ ભવિષ્યમાં શુભફળ આપનાર કર્મોનો બંધ કરે છે.

**इत्थि परिसाए रयणीए धम्मकहाकरण पायच्छित्त सुत्तं-**

२२९४. जे भिक्खू राओ वा, वियाले वा, इत्थिमज्झगए, इत्थि संसत्ते, इत्थि-परिवुडे अपरिमाणाए कहं कहेइ, कहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । – नि. उ. ८, सु. १०

**સ્ત્રી-સભામાં રાત્રે ધર્મકથા કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :**

૨૨૯૪. જે ભિક્ષુ રાત્રે કે સંધ્યાકાળે (૧) સ્ત્રીનાં ટોળામાં, (૨) સ્ત્રીવાળા ટોળામાં, (૩) સ્ત્રીઓ દ્વારા ઘેરાઈને વિશેષ કથા કહે છે, (કહેવડાવે છે) કહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધ્યાન – ૪

**णिसिद्ध झाणा- विहित झाणा-**

२२९५. अट्टरुद्दाणि वज्जित्ता, झाएज्जा सुसमाहिए ।
धम्मसुक्काइं झाणाइं, झाणं तं तु बुहावए ।।[१]

– उत्त. अ. ३०, गा. ३५

**निषिद्ध ध्यान અને વિહિત ધ્યાન :**

૨૨૯૫. યોગ્ય મુનિ આર્ત અને રૌદ્ર ધ્યાન સિવાય જે ધર્મ અને શુકલ ધ્યાન ધરે છે, જ્ઞાતીજન તેને જ ધ્યાન કહે છે.

**झाण भेया-**

२२९६. प. से किं तं झाणे ?

उ. झाणे चउव्विहे पन्नत्ते, तं जहा–

१. अट्टे झाणे,

२. रोद्दे झाणे,

३. धम्मे झाणे,

४. सुक्के झाणे ।[२]

– वि. स. २५, उ. ७, सु. २३७

**ધ્યાનનાં ભેદ :**

૨૨૯૬. પ્ર. ધ્યાન શું છે, તેના કેટલા ભેદ છે ?

ઉ. ધ્યાન (એકાગ્ર ચિંતન) નાં ચાર ભેદ છે, જેમ કે–

(૧) **આર્તધ્યાન** : રાગાદિ ભાવનાથી અનુપ્રેરિત ધ્યાન,

(૨) **રૌદ્રધ્યાન** : હિંસાદિ ભાવનાથી અનુરંજિત ધ્યાન,

(૩) **ધર્મધ્યાન** : ધર્મભાવનાથી અનુપ્રાણિત ધ્યાન,

(૪) **શુકલધ્યાન** : શુભાશુભથી પર આત્મોન્મુખ શુદ્ધ ધ્યાન.

**अट्टझाण भेया-**

२२९७. अट्टे झाणे चउव्विहे पण्णत्ते, तं जहा–

१. अमणुण्णसंपयोगसंपउत्ते, तस्स विप्पयोग सतिसमन्नागते यावि भवति,

२. मणुण्णसंपयोगसंपउत्ते, तस्स अविप्पयोग सतिसमन्नागते यावि भवति,

३. आयंकसंपयोगसंपउत्ते, तस्स विप्पयोग सतिसमन्नागते यावि भवति,

४. परिझुसियकामभोगसंपउत्ते, तस्स अविप्पयोग सतिसमन्नागते यावि भवति ।[३]

–वि. स. २५, उ. ७, सु. २३८

**આર્તધ્યાનનાં ભેદ :**

૨૨૯૭. આર્તધ્યાન ચાર પ્રકારનાં કહ્યા છે, જેમ કે–

(૧) અમનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિ થતાં તેના વિયોગની ચિંતા કરવી,

(૨) મનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિ થતાં તેના અવિયોગની ચિંતા કરવી,

(૩) આતંક (રોગ) થવા પર તેના વિયોગની ચિંતા કરવી,

(૪) પ્રીતિ ઉત્પન્ન કરનાર કામભોગ આદિની પ્રાપ્તિ થતાં તેના અવિયોગની ચિંતા કરવી.

**अट्ट झाण लक्खणा-**

२२९८. अट्टस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तं जहा–

१. कंदणया,

**આર્તધ્યાનનાં લક્ષણ :**

૨૨૯૮. આર્તધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે, જેમકે-

(૧) **કન્દનતા** - આક્રંદ કરવું,

---

१. उत्त. अ. ३४, गा. ३१
२. (क) सम. सम. ४, सु. १ (ख) ठाणं. अ. ४, उ. १, सु. २४७
३. ठाणं. अ. ४, उ. १, सु. २४७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. सोयणया,

३. तिप्पणया,

४. परिदेवणया ।[१]

– वि. स. २५, उ. ७, सु. २३९

(૨) **શોચનતા** - શોક કરવો,

(૩) **તેપનતા** - આસું પાડવા,

(૪) **પરિદેવનતા** - વારંવાર વિલાપ કરવો.

**रूद्द झाण भेया-**

२२९९. रोद्दे झाणे चउव्विहे पन्नत्ते, तं जहा–

१. हिंसाणुबंधी,

२. मोसाणुबंधी,

३. तेयाणुबंधी,

४. सारक्खणाणुबंधी ।[२]

–वि. स. २५, उ. ७, सु. २४०

**રૌદ્ર ધ્યાનનાં ભેદ :**

૨૨૯૯. રૌદ્રધ્યાનનાં ચાર ભેદ કહ્યા છે, જેમ કે-

(૧) **હિંસાનુબંધી** : હિંસાને ઉદ્દેશી એકાગ્ર ચિંતન કરવું.

(૨) **મૃષાનુબંધી** : અસત્યને ઉદ્દેશીને નિરંતર ચિંતન કરવું.

(૩) **સ્તેયાનુબંધી** : ચોરી સંબંધી એકાગ્ર ચિંતન કરવું.

(૪) **સંરક્ષણાનુબંધી** : ધનઆદિનાં સંરક્ષણહેતુ અનિષ્ટ ચિંતન કરવું.

**रूद्द झाण लक्खणा-**

२३००. रोद्दस्स झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तं जहा–

१. उस्सन्न दोसे,

२. बहुदोसे,

३. अण्णाणदोसे,

४. आमरणंतदोसे ।[३]

–वि. स. २५, उ. ७, सु. २४१

**રૌદ્ર ધ્યાનનાં લક્ષણ :**

૨૩૦૦. રૌદ્ર ધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે, જેમ કે-

(૧) **ઓસન્ન દોષ** : હિંસાદિ કોઈ એક દોષમાં પ્રવૃત્ત રહેવું,

(૨) **બહુલદોષ** : હિંસાદિ ઘણા દોષોમાં પ્રવૃત્ત રહવું.

(૩) **અજ્ઞાનદોષ** : અજ્ઞાનનાં કારણે હિંસાદિમાં ધર્મ-બુદ્ધિથી પ્રવૃત્તિ કરવી.

(૪) **આમરણાન્ત દોષ** : હિંસાદિ કાર્યોનો મરણ સુધી પશ્ચાત્તાપ ન કરવો તેમજ તેમાં પ્રવૃત્ત રહેવું.

**धम्मझाण भेया-**

२३०१. धम्मे झाणे चउव्विहे चउप्पडोयारे पन्नत्ते, तं जहा–

१. आणाविजये,

२. अवायविजये,

३. विवागविजये,

४. संठाणविजये । – वि. स. २५, उ. ७, सु. २४२

**ધર્મધ્યાનનાં ભેદ :**

૨૩૦૧. ધર્મધ્યાન ચાર પ્રકાર (ચાર પદો)માં વિભાજિત થાય છે, જેમ કે-

(૧) **આજ્ઞાવિચય** : તત્ત્વોનું ચિંતન કરવું.

(૨) **અપાયવિચય** : આશ્રવોનું ચિંતન કરવું.

(૩) **વિપાકવિચય** : કર્મોનું ચિંતન કરવું.

(૪) **સંસ્થાનવિચય** : લોક દ્વીપ-સમુદ્ર આદિનું ચિંતન કરવું.

---

१. (क) उव. सु. ३०, માં ચોથું લક્ષણ "विलवणया" છે. (ख) ठाणं. अ. ४, उ. १, सु. २४७

२. ठाणं. अ. ४, उ. १, सु. २४७

३. ठाणं. अ. ४, उ. १, सु. २४७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धम्मझाण लक्खणा-**

२३०२. धम्मस्स णं झाणस्स चत्तारि लक्खणा पण्णत्ता, तं जहा–

१. आणारुई,

२. निसग्गरुई,

३. सुत्तरुई,

४. ओगाढरुई ।[1]

– वि. स. २५, उ. ७, सु. २४३

**ધર્મધ્યાનનાં લક્ષણ :**

૨૩૦૨. ધર્મધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે, જેમ કે-

(૧) **આજ્ઞારુચિ :** વીતરાગની આજ્ઞામાં રુચિ હોવી.

(૨) **નિસર્ગરુચિ :** તત્ત્વો પર સ્વાભાવિક શ્રદ્ધા હોવી.

(૩) **સૂત્રરુચિ :** આગમોનાં શ્રવણ અને સ્વાધ્યાયમાં રુચિ હોવી,

(૪) **અવગાઢરુચિ :** ધર્મોપદેશ શ્રવણમાં રુચિ હોવી,

**धम्मझाणस्स आलंबणा-**

२३०३. धम्मस्स णं झाणस्स चत्तारि आलंबणा पण्णत्ता, तं जहा–

१. वायणा,

२. पडिपुच्छणा,[2]

३. परियट्टणा,

४. धम्मकहा ।

– वि. स. २५, उ. ७, सु. २४४

**ધર્મધ્યાનનાં આલંબન :**

૨૩૦૩. ધર્મધ્યાનનાં ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે-

(૧) વાચના,

(૨) પૃચ્છના,

(૩) પરિવર્તના,

(૪) ધર્મકથા.

**धम्मझाणस्स अणुप्पेहाओ-**

२३०४. धम्मस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पण्णत्ताओ, तं जहा–

१. एगत्ताणुप्पेहा,

२. अणिच्चाणुप्पेहा,

३. असरणाणुप्पेहा,

४. संसाराणुप्पेहा ।

–वि. स. २५, उ. ७, सु. २४५

**ધર્મધ્યાનની અનુપ્રેક્ષાઓ :**

૨૩૦૪. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કહી છે, જેમ કે-

(૧) **એકત્વાનુપ્રેક્ષા :** આત્મા-એકત્વ ભાવનું ચિંતન કરવું.

(૨) **અનિત્યાનુપ્રેક્ષા :** શરીર આદિના અનિત્ય ભાવનું ચિંતન કરવું.

(૩) **અશરણાનુપ્રેક્ષા :** આત્માની અશરણ દશાનું ચિંતન કરવું.

(૪) **સંસારાનુપ્રેક્ષા :** સંસાર પરિભ્રમણનું ચિંતન કરવું.

**सुक्कझाण भेया-**

२३०५. सुक्के झाणे चउव्विहे चउप्पडोयारे पन्नत्ते, तं जहा–

१. पुहत्तवियक्के सवियारी,

**શુકલધ્યાનના ભેદ :**

૨૩૦૫. શુકલધ્યાનનાં ચાર પ્રકાર અને ચતુષ્પ્રત્યાવતાર કહ્યાં છે, જેમકે-

(૧) **પૃથક્ત્વ-વિતર્ક-સવિચારી :** એક દ્રવ્ય વિષયક અનેક પર્યાયનાં વિષયમાં ચિંતન કરવું.

---

૧. ઉવ. સુ. ૩૦ માં ચોથા લક્ષણ "उवएसरूई" છે.

૨. ઉવ. સુ. ૩૦માં બીજા આલંબન (पुच्छणा) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. एगत्तवियक्के अवियारी,

(૨) **એકત્વ-વિતર્ક-અવિચારી :** કોઈ એક પદાર્થનાં ગુણ કે પર્યાયનું ચિંતન કરવું.

३. सुहुमकिरिए अनियट्टी,

(૩) **સૂક્ષ્મક્રિયા અનિવર્તી :** યોગનિરોધની પ્રવૃત્તિમાં આત્મપરિણામ અવસ્થા,

४. समोछिन्नकिरिए अप्पडिवाई ।[१]

– वि. स. २५, उ. ७, सु. २४६

(૪) **સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી :** સર્વ યોગ નિરોધ થયા બાદ ચૌદમા ગુણસ્થાનની અવસ્થા.

**सुक्कझाण लक्खणा-**

**શુકલ ધ્યાનનાં લક્ષણ :**

२३०६. सुक्कस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तं जहा–

૨૩૦૬. શુકલ ધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે, જેમ કે-

१. खंती,

२. मुत्ती,

३. अज्जवे,

४. मद्दवे ।

–वि. स. २५, उ. ७, सु. २४७

(૧) ક્ષમા,

(૨) નિર્લોભતા,

(૩) સરળતા,

(૪) મૃદુતા.

**सुक्कझाणस्स आलंबणा-**

**શુકલ ધ્યાનનાં આલંબન :**

२३०७. सुक्कस्स णं झाणस्स चत्तारि आलंबणा पन्नत्ता, तं जहा–

૨૩૦૭. શુકલ ધ્યાનનાં ચાર આલંબન (આધાર) કહ્યાં છે, જેમ કે-

१. अव्वहे,

२. असम्मोहे,

३. विवेगे,

४. विओसग्गे ।[२]

– वि. स. २५, उ. ७, सु. २४८

(૧) **અવ્યથ :** વ્યાકુળ ન થવું,

(૨) **અસંમોહી :** દેવાદિકૃત માયામાં મોહિત ન થવું.,

(૩) **વિવેક :** જડ-ચેતનનાં ભેદનો અનુભવ કરવો,

(૪) **વ્યુત્સર્ગ :** શરીર અને ઉપધિમાં અનાસક્ત રહેવું.

**सुक्कझाणस्स अणुप्पेहाओ-**

**શુકલધ્યાનની અનુપ્રેક્ષાઓ :**

२३०८. सुक्कस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पन्नत्ताओ, तं जहा–

૨૩૦૮. શુકલ ધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કહી છે, જેમ કે-

१. अणंतवत्तियाणुप्पेहा,

(૧) **અનન્તવનિતતાનુપ્રેક્ષા :** અનંત ભવ-પરંપરાનું ચિંતન કરવું.

२. विप्परिणामाणुप्पेहा,

(૨) **વિપરિણામાનુપ્રેક્ષા :** પદાર્થોમાં વિપરિણમનનું ચિંતન કરવું.

---

૧. ઉવ. સુ. ૩૦. માં શુકલધ્યાનના પ્રકારોમાં ૩-૪ પ્રકારમાં સ્થાનાન્તર 'અનિયટ્ટી'ની સ્થાને 'અપ્પડિવાઇ' અને અપ્પડિવાઇના સ્થાને અનિયટ્ટી છે.

૨. ઉવ. સુ. ૩૦.માં શુકલધ્યાનના લક્ષણોનું આલમ્બન અને આલમ્બનોને લક્ષણ કહેવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. असुभाणुप्पेहा,

४. अवायाणुप्पेहा ।

से त्तं झाणे ।[१]

– वि. स. २५, उ. ७, सु. २४९

(૩) **અશુભાનુપ્રેક્ષા** : સંસારનાં અશુભ સ્વરૂપનું ચિંતન કરવું.

(૪) **અપાયાનુપ્રેક્ષા** : વિવિધ અપાયોનું ચિંતન કરવું, આ ધ્યાનનું સ્વરૂપ છે.

## કાયોત્સર્ગ–૫

**विउसग्गसरूवं-**

२३०९. सयणासणठाणे वा, जे उ भिक्खू न वावरे ।
कायस्स विउस्सग्गो, छट्ठो सो परिकित्तिओ ।।

– उत्त. अ. ३०, गा. ३६

**વ્યુત્સર્ગનું સ્વરૂપ :**

૨૩૦૯. સૂવા, બેસવા તેમજ ઊભા રહેવામાં જે ભિક્ષુ શરીરની વ્યર્થ ચેષ્ટા નથી કરતો, શરીર ચેષ્ટાના આ ત્યાગને વ્યુત્સર્ગ કહે છે. તે આભ્યંતર તપ નામનું છઠ્ઠું તપ છે.

**विउसग्गस्स भेयप्पभेया-**

२३१०. प. से किं तं विओसग्गे ?

उ. विओसग्गे दुविहे पण्णत्ते, तं जहा–

१. दव्वविओसग्गे, २. भावविओसग्गे य ।

प. से किं तं दव्वविओसग्गे ?

उ. दव्वविओसग्गे चउव्विहे पण्णत्ते, तं जहा–

१. गणविओसग्गे,

२. सरीरविओसग्गे,

३. उवहिविओसग्गे,

४. भत्तपाणविओसग्गे ।

से त्तं दव्वविओसग्गे ।

प. से किं तं भावविओसग्गे ?

उ. भावविओसग्गे तिविहे पण्णत्ते, तं जहा–

१. कसायविओसग्गे,

२. संसारविओसग्गे,

३. कम्मविओसग्गे ।

प. से किं तं कसायविओसग्गे ?

उ. कसायविओसग्गे चउव्विहे पण्णत्ते, तं जहा–

**વ્યુત્સર્ગના ભેદ-પ્રભેદો :**

૨૩૧૦. પ્ર. વ્યુત્સર્ગ શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. વ્યુત્સર્ગના બે ભેદ બતાવ્યા છે, જેમ કે-

(૧) દ્રવ્ય - વ્યુત્સર્ગ, (૨) ભાવ - વ્યુત્સર્ગ.

પ્ર. દ્રવ્ય-વ્યુત્સર્ગ શું છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. દ્રવ્ય-વ્યુત્સર્ગના ચાર ભેદ કહ્યાં છે, જેમ કે-

(૧) **ગણ-વ્યુત્સર્ગ** : ગણ તથા ગણનાં મમત્વનો ત્યાગ,

(૨) **શરીર-વ્યુત્સર્ગ** : દેહ તથા દેહસંબંધી મમતાનો ત્યાગ,

(૩) **ઉપધિ-વ્યુત્સર્ગ** : ઉપધિ તેમજ શરીર પ્રસાધનોનો ત્યાગ,

(૪) **ભક્ત-પાન-વ્યુત્સર્ગ** : આહાર-પાણીની આસક્તિનો ત્યાગ, આ દ્રવ્ય વ્યુત્સર્ગનું વિવેચન છે.

પ્ર. ભાવ વ્યુત્સર્ગ શું છે અને તેના કેટલા ભેદ છે ?

ઉ. ભાવ વ્યુત્સર્ગના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે-

(૧) કષાય-વ્યુત્સર્ગ,

(૨) સંસાર-વ્યુત્સર્ગ,

(૩) કર્મ-વ્યુત્સર્ગ.

પ્ર. કષાય-વ્યુત્સર્ગ શું છે અને તેના કેટલા પ્રકાર છે ?

ઉ. કષાય-વ્યુત્સર્ગના ચાર પ્રકાર કહ્યા છે, જેમકે-

---

१. (क) ठाणं. अ. ४, उ. १, सु. २४७ (ख) उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| १. कोहविओसग्गे, | (૧) **ક્રોધ-વ્યુત્સર્ગ**-ક્રોધનો ત્યાગ, |
| २. माणविओसग्गे, | (૨) **માન-વ્યુત્સર્ગ**-અહંકારનો ત્યાગ, |
| ३. मायाविओसग्गे, | (૩) **માયા-વ્યુત્સર્ગ**-કપટનો ત્યાગ, |
| ४. लोहविओसग्गे । | (૪) **લોભ-વ્યુત્સર્ગ**-લાલચનો ત્યાગ. |
| से त्तं कसायविओसग्गे । | આ કષાય વ્યુત્સર્ગનું સ્વરૂપ છે. |
| प. से किं तं संसार विओसग्गे ? | પ્ર. સંસાર વ્યુત્સર્ગ શું છે અને તેના કેટલા પ્રકાર છે ? |
| उ. संसारविओसग्गे चउव्विहे पण्णत्ते, तं जहा– | ઉ. સંસાર વ્યુત્સર્ગના ચાર પ્રકાર કહ્યા છે, જેમ કે- |
| १. णेरइय संसारविओसग्गे, | (૧) **નારકી-સંસાર-વ્યુત્સર્ગ :** નરકગતિ બાંધવાનાં કારણોનો ત્યાગ, |
| २. तिरिय संसारविओसग्गे, | (૨) **તિર્યંચ-સંસાર-વ્યુત્સર્ગ :** તિર્યંચગતિ બાંધવાનાં કારણોનો ત્યાગ, |
| ३. मणुय संसारविओसग्गे, | (૩) **મનુષ્ય-સંસાર-વ્યુત્સર્ગ :** મનુષ્યગતિ બાંધવાનાં કારણોનો ત્યાગ. |
| ४. देव संसारविओसग्गे । | (૪) **દેવસંસાર-વ્યુત્સર્ગ :** દેવગતિ બાંધવાનાં કારણોનો ત્યાગ, |
| से त्तं संसारविओसग्गे । | આ સંસાર-વ્યુત્સર્ગનું સ્વરૂપ છે. |
| प. से किं तं कम्मविओसग्गे ? | પ્ર. કર્મ વ્યુત્સર્ગ શું છે અને તેના કેટલા પ્રકાર છે ? |
| उ. कम्मविओसग्गे अट्ठविहे पण्णत्ते, तं जहा– | ઉ. કર્મ વ્યુત્સર્ગના આઠ પ્રકાર કહ્યા છે, જેમ કે- |
| १. णाणावरणिज्जकम्मविओसग्गे, | (૧) **જ્ઞાનાવરણીય-કર્મ-વ્યુત્સર્ગ :** (આત્માના જ્ઞાનગુણને આવરનાર કર્મબંધના કારણોનો ત્યાગ) |
| २. दरिसणावरणिज्जकम्मविओसग्गे, | (૨) **દર્શનાવરણીય-કર્મ-વ્યુત્સર્ગ :** (આત્માના દર્શનગુણને આવરનાર કર્મબંધના કારણોનો ત્યાગ) |
| ३. वेयणिज्जकम्मविओसग्गे, | (૩) **વેદનીય-કર્મ-વ્યુત્સર્ગ :** (સાતા-અસાતા વેદના કરનાર કર્મબંધના કારણોનો ત્યાગ) |
| ४. मोहणिज्जकम्मविओसग्गे, | (૪) **મોહનીય-કર્મ-વ્યુત્સર્ગ :** (આત્માની સ્વપ્રતીતિ ગુણના આવરનાર કર્મબંધના કારણોનો ત્યાગ) |
| ५. आउयकम्मविओसग्गे, | (૫) **આયુષ્ય-કર્મ-વ્યુત્સર્ગ :** (કોઈ ભવ - પર્યાયમાં રોકી રાખનાર કર્મપુદ્‌ગલોના બંધના કારણોનો ત્યાગ) |
| ६. णामकम्मविओसग्गे, | (૬) **નામ-કર્મ-વ્યુત્સર્ગ :** (આત્માના અપૂર્તત્વ ગુણના આવરનાર કર્મબંધના કારણોનો ત્યાગ) |
| ७. गोयकम्मविओसग्गे, | (૭) **ગોત્ર-કર્મ-વ્યુત્સર્ગ :** (આત્માના અગુરુલઘુત્વ ગુણના આવરનાર કર્મબંધના કારણોનો ત્યાગ) |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. अंतरायकम्मविओसग्गे ।

(૮) **અંતરાય-કર્મ-વ્યુત્સર્ગ :** (આત્માના શક્તિરૂપ ગુણના આવરનાર કર્મપુદ્ગલોનો બંધના કારણોનો ત્યાગ)

से त्तं कम्मविओसग्गे,

આ કર્મ વ્યુત્સર્ગ છે.

से त्तं भावविओसग्गे ।[१]

આ પ્રમાણે ભાવ વ્યુત્સર્ગનું વિવેચન છે.

– वि. स. २५, उ. ७, सु. २५०-२५५

**काउसग्ग फलं-**

**કાયોત્સર્ગનું ફળ :**

२३११. प. काउस्सग्गेणं भन्ते ! जीवे किं जणयइ ?

૨૩૧૧. પ્ર. ભન્તે ! કાયોત્સર્ગ (ધ્યાનની મુદ્રા)થી જીવને શું મળે છે.

उ. काउसग्गेणं तीयपडुप्पन्नं पायच्छित्तं विसोहेइ, विसुद्धपायच्छित्ते य जीवे निव्वुयहियए ओहरियभारो व्व भारवहे पसत्थज्झाणोवगए सुहंसुहेणं विहरइ ।।

–उत्त. अ. २९, सु. १४

ઉ. કાયોત્સર્ગથી જીવ અતીત અને વર્તમાનના પ્રાયશ્ચિત્ત યોગ્ય અતિચારોનું વિશોધન કરે છે. એવું કરનાર વ્યક્તિ ભારને નીચે રાખનાર ભાર-વાહકની જેમ સ્વસ્થ શરીરવાળા થઈ જાય છે. અને પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થઈને સુખપૂર્વક વિચરણ કરે છે.

## તપ સમાધિ અને ફળ – ૬

**तवाचरण उद्देसो-**

**તપાચરણનો ઉદ્દેશ્ય :**

२३१२. चउव्विहा खलु तवसमाही भवइ, तं जहा–

१. नो इहलोगट्ठयाए तवमहिट्ठेज्जा,

२. नो परलोगट्ठयाए तवमहिट्ठेज्जा,

३. नो कित्ति-वण्ण-सद्द-सिलोगट्ठयाए तवमहिट्ठेज्जा,

४. नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठेज्जा ।

૨૩૧૨. તપ સમાધિનાં ચાર પ્રકાર છે, જેમકે-

(૧) આ લોકનાં સુખ નિમિત્તે તપ ન કરવું જોઈએ.

(૨) પરલોકનાં સુખ નિમિતે તપ ન કરવું જોઈએ.

(૩) કીર્તિ, યશ, પ્રસિદ્ધિ અને પ્રશંસા માટે તપ ન કરવું જોઈએ.

(૪) નિર્જરા સિવાય બીજા કોઈ ઉદ્દેશ્યથી પણ તપ ન કરવું જોઈએ.

चउत्थं पयं भवइ । भवय य इत्थ सिलोगो–

विविहगुणतवोरए य निच्चं,
भवइ निरासए निज्जरट्ठिए ।
तवसा धुणइ पुराणपावगं,
जुत्तो सया तवसमाहिए ।।

–दस. अ. ९, उ. ४, सु. ९-१०

આ ચતુર્થ પદ છે. તેના ઉપર અહીં એક શ્લોક છે.

સદા વિવિધ પ્રકારના ગુણથી યુક્ત તપમાં અનુરક્ત રહેનાર મુનિ પૌદ્ગલિક પ્રતિફળની ઈચ્છાથી રહિત હોય છે. તે નિર્જરાનો અર્થી હોય છે, તે તપ દ્વારા પુરાતન પાપકર્મોનો નાશ કરે છે.

**तव-चरण फलं-**

**તપ આચરણનું ફળ :**

२३१३. अभिगम चउरो समाहिओ, सुविसुद्धो सुसमाहियप्पओ ।
विउलहियसुहावहं पुणो, कुव्वइ सो पयखेममप्पणो ।।

૨૩૧૩. જે ચાર પ્રકારની સમાધિને જાણી સુવિશુદ્ધ થઈ ચિત્તની સુસમાધિ સાધે છે, તે પરમ હિતકારી અને એકાંત સુખકારી મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરે છે.

---

१. उव. सु. ३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाइमरणाओ मुच्चई, इत्थथं च चयइ सव्वसो ।
सिद्धे वा भवइ सासए, देवे वा अप्परए महिड्ढिए ।।
–दस. अ. ९, उ. ४, सु. १३-१४, गा. ६-७

તે જન્મ અને મરણથી છૂટી જાય છે, નરકાદિ અવસ્થાઓને છોડી દે છે. તે શાશ્વત સિદ્ધ થાય છે અથવા અલ્પ કર્મરજ રહેવાના કારણે મહાન ઋદ્ધિશાળી દેવ બને છે.

पच्छा वि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं ।
जेसिं पिओ तवो संजमो य, खन्ती य बम्भचेरं च ।।
–दस. अ. ४, गा. २७

જેમને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેવા પાછલી વયમાં પણ સંયમમાર્ગમાં ગયેલા સાધકો શીઘ્રતાથી સ્વર્ગ ને પ્રાપ્ત કરે છે.

अह जे संवुडे भिक्खू, दोण्हं अन्नयरे सिया ।
सव्वदुक्ख-प्पहीणे वा, देवे वावि महिड्ढिए ।।

સંયમી સાધુની બે અવસ્થા થાય છે - (૧) સર્વ દુઃખોથી મુક્તિ, (૨) ઋદ્ધિ-સિદ્ધિવાળી દેવગતિ.

उत्तराइं विमोहाइं, जुइमन्ताणुपुव्वसो ।
समाइण्णाइं जक्खेहिं, आवासाइं जसंसिणो ।।

દેવલોકના આવાસો ઉત્તમ, મોહ રહિત અને ઉત્તરોત્તર યક્ષાદિ દિવ્ય જીવોની વસતિવાળા હોય છે.

दीहाउया इड्ढिमत्ता, समिद्धा काम-रूविणो ।
अहुणोववन्नो-संकासा, भुज्जो अच्चिमालि-प्पभा ।।

આ યશસ્વી દેવો દીર્ઘાયુ, તેજસ્વી, ઋદ્ધિશાળી હોય છે તથા પોતાની ઈચ્છાનુસાર રૂપ ધારણ કરે છે. વળી તરતના જન્મેલાની જેવી ભવ્યકાંતિવાળા તેમજ સૂર્ય સમાન તેજસ્વી હોય છે.

ताणि ठाणाणि गच्छन्ति, सिक्खित्ता संजमं तवं ।
भिक्खाए वा गिहत्थे वा, जे सन्ति परिनिव्वुडा ।।
– उत्त. अ. ५, गा. २५-२८

હિંસાથી નિવૃત્ત અને તપ તેમજ સંયમનાં અભ્યાસી જીવો સાધુ હોય કે ગૃહસ્થ હોય છતાં ઉત્તમ દેવલોક આવાસો (સ્થાનો)માં જાય છે.

खवेत्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।
सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमन्ति महेसिणो ।।
– उत्त. अ. २८, गा. ३६

સર્વ દુઃખોથી મુક્ત થવા માટે મહર્ષિ સંયમ અને તપ દ્વારા પૂર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે.

एयं तवं तु दुविहं, जे सम्मं आयरे मुणी ।
सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पण्डिए ।।
– उत्त. अ. ३०, गा. ३७

આમ જે પંડિત મુનિ બંને પ્રકારના તપનું સમ્યક્ આચરણ કરે છે તે શીઘ્ર સર્વ સંસારથી વિમુક્ત બને છે.

**तवाइ-तेणाणं दुग्गइ-**

**તપાદિના ચોરોની દુર્ગતિ :**

२३१४. तवतेणे वयतेणे, रूवतेणे य जे नरे ।
आयारभावतेणे य, कुव्वई देवकिब्बिसं ।।

૨૩૧૪. જે મનુષ્ય તપનો ચોર, વચનનો ચોર, રૂપનો ચોર, આચાર અને ભાવનો ચોર હોય છે, તે કિલ્વિષક દેવોમાં ઉત્પન્ન થાય છે.

लद्धूण वि देवत्तं, उववन्नो देवकिब्बिसे ।
तत्था वि से न याणाइ, किं मे किच्चा इमं फलं ।।

કિલ્વિષક દેવ જાતિમાં ઉત્પન્ન થયેલો દેવત્વને પ્રાપ્ત કરીને પણ જાણતો નથી કે- "હું શું કરીને આ ફળને પામ્યો છું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्तो वि से चइत्ताणं, लब्भिही एलमूयगं ।
नरयं तिरिक्खजोणिं वा, बोही जत्थ सुदुल्लहा ।।

એ કિલ્વિષક દેવ ત્યાંથી ચ્યુત થઈને મુંગા બકરા વગેરેની યોનિને પામે છે અથવા નરક યોનિમાં કે તિર્યંચ યોનિમાં ગમન કરે છે, જ્યાં સદ્બોધ સમ્યક્ત્વની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

एयं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासियं ।
अणुमायं पि मेहावी, मायामोसं विवज्जए ।।

–दस. अ. ५, उ. २, गा. ४६-४९

જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહેલ પૂર્વોક્ત દોષને જાણી બુદ્ધિમાન સાધક લેશમાત્ર પણ માયા - મૃષા ન કરે.

**तवस्सियाणं णेरइयाणं कम्मणिज्जरणयाए तुलणा-**

२३१५. प. जावइयं णं भंते ! अन्नगिलायए समणे निग्गंथे कम्मं निज्जरेइ, एवइयं कम्मं नरएसु नेरइया वासेण वा, वासेहिं वा, वाससएहिं खवयंति ?

उ. नो तिणट्ठे समट्ठे ।

प. जावइयं णं भंते ! चउत्थभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेइ, एवइयं कम्मं नरएसु नेरइया वास-सएणं वा, वास-सएहिं वा, वास-सहस्सेण वा खवयंति ?

उ. नो तिणट्ठे समट्ठे ।

प. जावइयं णं भंते ! छट्ठभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेइ, एवइयं कम्मं नरएसु नेरइया वासहस्सेण वा, वास-सहस्सेहिं वा, वास-सय-सहस्सेण वा खवयंति ?

उ. नो तिणट्ठे समट्ठे ।

प. जावइयं णं भंते ! अट्ठमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेइ, एवइयं कम्मं नरएसु नेरइया वास-सय-सहस्सेण वा, वास-सय-सहस्सेहिं वा, वासकोडीए वा खवयन्ति ?

उ. नो तिणट्ठे समट्ठे ।

प. जावइयं णं भंते ! दसमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेइ, एवइयं कम्मं नरएसु नेरइया वास-कोडीए वा वास कोडीहिं वा, वास-कोडाकोडीए वा खवयंति ?

**તપસ્વીઓ અને નારકીઓની કર્મનિર્જરાની તુલના :**

૨૩૧૫. પ્ર. ભંતે ! પર્યુષિત (અમનોજ્ઞ) આહાર કરનારા શ્રમણ નિર્ગ્રંથ જેટલાં કર્મોની નિજરા કરે છે એટલા જ કર્મ નરકોમાં રહેતા નારકીય જીવો એક વર્ષમાં, અનેક વર્ષોમાં કે સો વર્ષમાં ક્ષય કરે ખરા ?

ઉ. ગૌતમ ! આમ કહેવું યોગ્ય નથી.

પ્ર. ભંતે ! જેટલાં કર્મોની ચતુર્થ ભક્ત (એક ઉપવાસ) કરનાર શ્રમણ-નિર્ગ્રંથ નિર્જરા કરે છે, એટલા જ કર્મોની નિર્જરા નરકોમાં રહેલ નારક જીવ સો વર્ષમાં કે સેંકડો વર્ષમાં કે હજાર વર્ષમાં કરી શકે ખરા ?

ઉ. ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી.

પ્ર. ભંતે ! બે ઉપવાસ કરનારા શ્રમણ-નિર્ગ્રંથ જેટલાં કર્મોની નિર્જરા કરે છે એટલા જ કર્મોની નિર્જરા નરકમાં રહેલ નારકી જીવ, એક હજાર વર્ષમાં, હજારો વર્ષમાં કે લાખ વર્ષમાં કરી શકે ખરા ?

ઉ. ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી.

પ્ર. ભંતે ! જેટલા કર્મોની નિર્જરા ત્રણ ઉપવાસ કરનારા શ્રમણ-નિર્ગ્રંથ કરે છે એટલા જ કર્મોની નિર્જરા નરકોમાં રહેલ નારક જીવ એક લાખ વર્ષમાં, અનેક લાખો વર્ષોમાં કે કરોડ વર્ષોમાં કરી શકે ખરા ?

ઉ. ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી.

પ્ર. ભંતે ! ચાર ઉપવાસ કરનાર શ્રમણ-નિર્ગ્રંથ જેટલાં કર્મોની નિર્જરા કરે છે એટલા કર્મોની નિર્જરા નરકમાં રહેલ નરકી જીવ, એક કરોડ વર્ષમાં કે કરોડો વર્ષમાં કે કોટાકોટિ વર્ષોમાં કરી શકે ખરા ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. नो तिणट्ठे समट्ठे ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जावइयं अन्नगिलायए समणे निग्गंथे कम्मं निज्जरेइ, एवइयं कम्मं नरएसु नेरइया वासेणं वा, वासेहिं वा, वास-सएणं वा, नो खवयन्ति-जाव-वास कोडाकोडीए वा नो खवयन्ति ?

उ. गोयमा ! से जहानामए केइ-पुरिसे जुन्ने, जराजज्जरियदेहे, सिढिलतयावलि तरंग-संपिणि-द्धगत्ते, पविरल-परिसडिय-दंत-सेढी, उण्हाभिहए, तण्हाभिहए, आउरे, झुंझिए, पिवासिए, दुब्बले, किलंते, एगं महं कोसंबगंडियं सुक्कं जडिलं गंठिल्लं चिक्कणं वाइद्धं अपत्तियं मुंडेणं परसुणा अवक्कमेज्जा, तए णं से महंताइं महंताइं सद्दाइं करेइ, नो महंताइं महंताइं दलाइं अवद्दालेइ ।

एवामेव गोयमा ! नेरइयाणं पावाइं कम्माइं गाढी-कयाइं चिक्कणी-कयाइं सिलिट्ठी-कयाइं खिलीभूताइं भवंति, संपगाढं पि य णं ते वेदणं वेदेमाणा नो महानिज्जरा णो महापज्जवसाणा भवंति ।

२. से जहानामए केइ-पुरिसे अहिकरणिं आउडेमाणे महया महया सद्देणं, महया-महया घोसेणं, महया महया परंपराघाएणं, नो संचाएइ तीसे अहिगरणिए केइ अहाबायरे पोग्गले परिसाडित्तए,

एवामेव गोयमा ! नेरइयाणं पावाइं कम्माइं गाढी-कियाइं-जाव-नो महापज्जवसाणाइं भवंति ।

३. से जहानामए केइ-पुरिसे तरुणे बलवं-जाव-मेहावी निउणसिप्पोवगए एगं महं सामलिगंडियं उल्लं, अजडिलं, अगंठिल्लं, अचिक्कणं, अवाइद्धं, सपत्तियं तिक्खेण परसुणा अक्कमेज्जा, तए णं से पुरिसे नो महंताइं महंताइं सद्दाइं करेइ महंताइं महंताइं दलाइं अवद्दालेइ ।

एवामेव गोयमा ! समणाणं निग्गंथाणं अहाबायराइं कम्माइं सिढिलीकयाइं निट्ठियाइकयाइं विप्परिणामियाइं खिप्पामेव परिविद्धत्थाइं भवंति । जावइयं ताइयं पि

ઉ. ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી.

પ્ર. ભંતે ! એમ શા માટે કહો છો કે-અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મોનો ક્ષય કરી શકે છે તેટલાં જ કર્મોનો નારકીનાં જીવ નરકમાં એક વર્ષ, અનેક વર્ષ કે સો વર્ષમાં પણ ક્ષય કરી શકતાં નથી **યાવત્** ક્રોડાનુ ક્રોડી વર્ષ સુધી ક્ષય કરી શકતો નથી.

ઉ. ગૌતમ ! જેમ કોઈ વૃદ્ધ,જરાથી જર્જરિત શરીરવાળો, કરચલીથી વ્યાપ્ત શરીરવાળો, કેટલાક દાંતો પડી જવાથી બોખા મુખવાળો, ગરમીથી વ્યાકુળ, તૃષ્ણાથી પીડિત, ભૂખથી પીડિત, શારીરિક અને માનસિક કલેશવાળો દુર્બળ થાકેલો પુરુષ હોય તે એક મોટી કોશંબ નામના વૃક્ષની સુકાયેલી, વક્રગાંઠવાળી ચિકાશવાળી નિરાધાર લાકડી પર કુહાડીથી પ્રહાર કરે, પ્રહાર કરતાં-કરતાં તે પુરુષ મોટેથી હુંકાર કરવા છતાં પણ અનેક ટુકડા કરી શકતો નથી.

એ જ પ્રમાણે હે ગૌતમ ! નરકનાં જીવો પોતાના કર્મ ગાઢ અને ચીકણા કરેલા હોવાથી અને નિધત્ત તથા નીકાચિત કરેલાં હોવાથી તેઓ સમ્પ્રગાઢ વેદનાને ભોગવવા છતાં પણ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા હોતા નથી.

(૨) જેમ કોઈ પુરુષ મોટા શબ્દો વડે મહાઘોષ વડે એરણને ઘનની ચોટ મારે છે, બહુ વધારે આઘાત કરે છે પણ એરણના સ્થૂલ પુદ્‌ગલો ને તોડવામાં સમર્થ નથી થતો.

એજ પ્રમાણે હે ગૌતમ ! નરકનાં જીવો પોતાના કર્મ ગાઢા બાંધેલા હોય છે **યાવત્** તે મહાપર્યવસાનવાળા હોતા નથી.

(૩) જેમ કોઈ તરુણ બળવાન **યાવત્** મેધાવી તથા નિપુણ, શિલ્પકાર એક મોટા શાલ્મલી વૃક્ષની લીલી, કોમળ, ગાંઠ રહિત, ચીકાશ રહિત સીધી, આધાર સહિત લાકડી પર તીક્ષ્ણ ધારવાળી કુહાડીથી પ્રહાર કરતો જોર જોરથી હુંકાર ન કરતો હોય છતાં અનેક ટુકડા કરી શકે છે.

એ જ પ્રમાણે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોના સ્થૂળ કર્મો મંદ વિપાકવાળા, સત્તા વગરના પરિણામિત કરાયેલા, જલ્દી નાશ પામનારા હોય છે. માટે સામાન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते वेदणं वेदेमाणा महानिज्जरा महापज्जवसाणा भवंति ।

वेदनानुं वेदन करवा छतां पण श्रमण निर्ग्रंथ महानिर्जरा अने महापर्यासनवाळा होय छे.

४. प. से जहा वा केइ पुरिसे सुक्कतणहत्थगं जायतेयंसि पक्खिवेज्जा से नूणं गोयमा ! से सुक्के तणहत्थए जायतेयंसि पक्खित्ते समाणे खिप्पामेव मसमसाविज्जइ ?

४. प्र. गौतम ! जेम कोई पुरुष सुका घासनो पुळो अग्निमां नाखे तो ते सूका घासनो पूळो जल्दी बळी जाय छे ?

उ. हंता, मसमसाविज्जइ ।

उ. हा भंते ! बळी जाय छे.

एवामेव गोयमा ! समणाणं निग्गंथाणं अहाबायराइं कम्माइं सिढिलीकयाइं-जाव-महापज्जवसाणा भवंति ।

ए ज प्रमाणे हे गौतम ! श्रमण निर्ग्रंथोनां स्थूळ कर्म मंद थाय छे **यावत्** ते महापर्यावसानने प्राप्त थाय छे.

५. प. से जहानामए केइ पुरिसे तत्तंसि अयकल्लंसि उदगबिंदु पक्खिवेज्जा से नूणं गोयमा ! से उदगबिंदु तत्तंसि अयकवल्लंसि पक्खित्ते समाणे खिप्पामेव विद्धंसं आगच्छइ ?

(५) प्र. गौतम जो कोई पुरुष तपेली लोढी पर पाणीनां टीपां नांखे तो नांखतानी साथे ते तपेली लोढी पर टीपां जल्दीथी भ्रष्ट थई जाय छे ?

उ. हंता, विद्धंसं आगच्छइ ।

उ. हा, भंते ! ते जल्दी नष्ट थई जाय छे.

एवामेव गोयमा ! समणाणं निग्गंथाणं अहाबायराइं कम्माइं सिढिलीकयाइं-जाव-महापज्जवसाणा भवंति ।

ए ज प्रमाणे हे गौतम ! श्रमण निर्ग्रंथोना स्थूळकर्म शिथिल थाय छे **यावत्** महापर्यवसानने प्राप्त थाय छे.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-जावइयं अन्नगिलायए समणे निग्गंथे कम्मं निज्जरेइ एवइयं कम्मं नरएसु नेरइया-जाव-वास-कोडाकोडीए वा नो खवयंति । — वि. स. १६, उ. ४, सु. २-७

आ कारणथी हे, गौतम ! एवुं कह्युं छे के- अन्न ग्लायक श्रमण-निर्ग्रंथ जेटलां कर्मोनो क्षय करे छे तेटला कर्मोनो क्षय नारकीनां जीवो नरकमां **यावत्** कोटाकोटी वर्षमां पण करता नथी.

## तवेणपत्त चारण लद्धिस्स वण्णओ-

## तपथी प्राप्त चारणलब्धिनुं वर्णन :

२३१६. प. कतिविहा णं भंते ! चारणा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा चारणा पण्णत्ता, तं जहा–

१. विज्जाचारणा य, २. जंघाचारणा य ।

२३१६. प्र. भंते ! चारणना केटला प्रकार कह्या छे ?

उ. गौतम ! चारणना बे प्रकार कह्या छे, जेम के-

(१) विद्याचारण अने (२) जंघाचारण.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-विज्जाचारणे-विज्जाचारणे ?

प्र. भंते ! विद्याचारण मुनिने "विद्याचारण" शा माटे कहे छे ?

उ. गोयमा ! तस्स णं छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं विज्जाए लद्धिं खममाणस्स विज्जाचारणलद्धी नामं लद्धी समुप्पज्जइ ।

उ. गौतम ! जे मुनि निरंतर छ्ठ-छ्ठनी तपस्या साथे, पूर्वश्रुत रूप विद्या द्वारा उत्तरगुणलब्धि अर्थात् तपोलब्धि मेळवनार होय छे, तेमने विद्याचरणलब्धि नामनी लब्धि प्राप्त थाय छे.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–विज्जाचारणे विज्जाचारणे ।

माटे हे गौतम ! तेओ विद्याचरण कहेवाय छे.

प. विज्जाचारणस्स णं भंते ! कहं सीहा गती, कहं सीहे गतिविसए पण्णत्ते ?

प्र. भंते ! विद्याचरणनी गति केवी तीव्र होय छे अने ते तीव्र गतिनो विषय केवो होय छे ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे-जाव-किंचिविसेसाहिए परिक्खेवेणं । देवे णं महिड्ढीए-जाव-महेसक्खे-जाव-'इणामेव-इणामेव त्ति कट्टु' केवलकप्पं जंबुद्दीवं दीवं तिहिं अच्छरानिवाएहिं तिक्खुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, विज्जाचारणस्स णं गोयमा ! तहा सीहा गती, तहा सीहे गतिविसए पण्णत्ते ।

ઉ. ગૌતમ ! આ જંબુદ્વીપ નામનો દ્વીપ જે સર્વદ્વીપોમાં (વચ્ચે છે) **યાવત્** તેની પરિધિ (ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીસ યોજનથી) કંઈક વિશેષાધિક છે. આ જંબુદ્વીપની ચારે તરફ કોઈ મહાઋદ્ધિવાળો દેવ **યાવત્** મહાસૌખ્યવાળો દેવ **યાવત્** "હું આમ ફરીને આવું છું" એવો વિચાર કરીને ત્રણ ચપટી લગાડવામાં જેટલો સમય લાગે છે એટલા સમયમાં જંબૂદ્વીપ દ્વીપની ત્રણવાર પ્રદક્ષિણા કરીને પોતાના સ્થાને પાછો આવી જાય છે. હે ગૌતમ ! એવી તીવ્ર ગતિ વિદ્યાચારણની હોય છે અને આવો તે તીવ્ર ગતિનો વિષય છે.

प. विज्जाचारणस्स णं भंते ! तिरियं केवतियं गतिविसए पण्णत्ते ?

પ્ર. ભંતે ! વિદ્યાચારણની તિર્યગ્ગતિનો વિષય કેટલો વિશાળ કહ્યો છે ?

उ. गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं माणुसुत्तरे पव्वए समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति वंदित्ता बितिएणं उप्पाउणं नंदीसरवरे दीवे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति, वंदित्ता तओ पडिनियत्तति, पडिनियत्तित्ता इहमागच्छइ, आगच्छित्ता इह चेइयाइं वंदति । विज्जाचारणस्स णं गोयमा ! तिरियं एवतिए गतिविसए पण्णत्ते ।

ઉ. ગૌતમ ! એક જ વારમાં ઉત્પાત (ઊડીને) માનુષોત્તર પર્વત પર સમોવસરણ કરે છે, ત્યારબાદ ચૈત્યો (જ્ઞાનીઓ)ની વંદના કરે છે, વંદના કરી ત્યાંથી બીજા ઉત્પાતમાં નન્દીશ્વર દ્વીપમાં સમોવસરણ કરે છે, ફરી ત્યાં ચૈત્યો (જ્ઞાનીઓ)ને વંદન કરે છે. ત્યાંથી વંદના કરી ફરી પાછા અહીં આવે છે, આવીને ચૈત્યો (જ્ઞાનીઓ)ની વંદના કરે છે. ગૌતમ ! વિદ્યાચારણની તિર્યગ્ગતિના વિષયમાં આમ જાણવું.

प. विज्जाचारणस्स णं भंते ! उड्ढं केवतिए गतिविसए पण्णत्ते ?

પ્ર. ભંતે ! વિદ્યાચારણની ઉર્ધ્વગતિનો વિષય કેટલો વિશાળ કહ્યો છે ?

उ. गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं नंदणवणे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति, वंदित्ता बितिएणं उप्पाएणं पंडगवणे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति, वंदित्ता तओ पडिनियत्तति, पडिनियत्तित्ता इहमागच्छइ, आगच्छित्ता इहं चेइयाइं वंदति । विज्जाचारणस्स णं गोयमा ! उड्ढं एवतिए गतिविसए पण्णत्ते ।

ઉ. ગૌતમ ! અહીંથી તે વિદ્યાચારણ એક નંદનવનમાં સમોવસરણ કરે છે. ત્યાં ચૈત્યો (જ્ઞાનીઓ)ની વંદના કરે છે. વંદના કરી બીજા ઉત્પાતથી પંડક વનમાં સમોસરણ કરે છે. ત્યાં પણ એ જ પ્રમાણે વંદન કરે છે. ત્યારબાદ ફરી પાછા અહીં આવે છે. અહીં આવીને ચૈત્યો (જ્ઞાનીઓ)ને વંદના કરે છે આ પ્રમાણે હે ગૌતમ! વિદ્યાચારણની ઉર્ધ્વગતિનો વિષય જાણવો.

से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेति नत्थि तस्स आराहणा । से णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेति अत्थि तस्स आराहणा ।

જો વિદ્યાચરણ મુનિ એ તે સ્થાનની આલોચના તથા પ્રતિક્રમણ કર્યા વગર કાળધર્મને પામી જાય તો તેની ચારિત્રની આરાધના થતી નથી. પરંતુ જો આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળધર્મ પામે તો તેની આરાધના થાય છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-जंघाचरणे-जंघाचरणे ?

પ્ર. ભંતે ! જંઘાચારણને "જંઘાચારણ" શા માટે કહે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! तस्स णं अट्ठमंअट्ठमेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणस्स जंघाचारणलद्धी नामं लद्धी समुप्पज्जति । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–जंघाचारणे-जंघाचारणे ।

प. जंघाचारणस्स णं भंते ! कहं सीहा गति, कहं सीहे गतिविसए पण्णत्ते ?

उ. गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे एवं **जहेव विज्जाचारणस्स, नवरं**-तिसत्तखुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, जंघाचारणस्स णं गोयमा ! तहा सीहा गति तहा सीहे गतिविसए पण्णत्ते ।

प. जंघाचारणस्स णं भंते ! तिरियं केवतिए गतिविसए पण्णत्ते ?

उ. गोयमा ! से णं इओ एगेण उप्पाएणं रुयगवरे दीवे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति वंदित्ता तओ पडिनियत्तमाणे बितिएणं उप्पाएणं नंदीसरवरदीवे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति, वंदित्ता इहमागच्छइ, आगच्छित्ता इहं चेइयाइं वंदति ! जंघाचारणस्स णं गोयमा ! तिरियं एवतिए गतिविसए पण्णत्ते ।

प. जंघाचारणस्स णं भंते ! उड्ढं केवतिए गतिविसए पण्णत्ते ?

उ. गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं पंडगवणे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति वंदित्ता तओ पडिनियत्तमाणे बितिएणं उप्पाएणं नंदणवणे समोसरणं करेति, करेत्ता तहिं चेइयाइं वंदति, वंदित्ता इहमागच्छइ, आगच्छित्ता इह चेइयाइं वंदति, जंघाचारणस्स णं गोयमा ! उड्ढं एवतिए गतिविसए पण्णत्ते ।

से णं तस्स ठाणस्स अणालोइय-पडिक्कंते कालं करेति नत्थि तस्स आराहणा । से णं तस्स ठाणस्स आलोइय-पडिक्कंते कालं करेति अत्थि तस्स आराहणा । – विया. स. २०, उ. ९

ઉ. ગૌતમ ! નિરંતર અઠ્ઠમ-અઠ્ઠમની તપસ્યા દ્વારા આત્માને ભાવિત કરતાં મુનિને જંઘાચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. માટે ગૌતમ! તેને "જંઘાચારણ" કહેવાય છે.

પ્ર. ભંતે ! જંઘાચારણની તીવ્ર ગતિ કેવી હોય છે ? અને તે તીવ્ર ગતિનો વિષય કેટલો હોય છે ?

ઉ. ગૌતમ ! આ જંબુદ્વીપ નામનો દ્વીપ **યાવત્** (જેની પરિધિ ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીશ યોજનથી) કંઈક વિશેષાધિક છે. આદિ **સંપૂર્ણ વર્ણન વિદ્યાચારણની જેમ જાણવું. વિશેષ**માં કોઈ મહર્દ્ધિક **યાવત્** ચપટી વગાડે એટલા સમયમાં સંપૂર્ણ જંબુદ્વીપની એકવીસ વાર પ્રદક્ષિણા કરી પાછા ફરે છે. હે ગૌતમ ! જંઘાચારણની તીવ્રગતિ અને તે ગતિનો વિષય આટલો જાણવો.

પ્ર. ભંતે ! જંઘાચારણની તિર્યગ્ગતિનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! અહીંથી તે એક ઉત્પાત રુચકવર દ્વીપ સમોસરણ કરે છે, ત્યારબાદ ત્યાં ચૈત્યો (જ્ઞાનીઓ)ની વંદના કરે છે. ત્યાંથી બીજા ઉત્પાત દ્વારા નંદનવનમાં સમોવસરણ કરે છે. ત્યાં પણ ચૈત્યો (જ્ઞાનીઓ)ને વંદના કરે છે. ત્યાંથી ફરી પાછા અહીં આવે છે. અહી આવીને ચૈત્યો (જ્ઞાનીઓ)ની વંદના કરે છે. હે ગૌતમ ! જંઘાચારણની તિર્યગ્ગતિના વિષયમાં આ પ્રમાણે જાણવું.

પ્ર. ભંતે ! જંઘાચારણની ઉર્ધ્વગતિનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ! અહીથી એક ઉત્પાત તે પંડકવનમાં સમોવસરણ કરે છે. ત્યાં ચૈત્યો (જ્ઞાનીઓ)ને વંદના કરે છે. ત્યારબાદ બીજા ઉત્પાત દ્વારા નંદનવનમાં સમોવસરણ કરે છે. ત્યાં પણ ચૈત્યો (જ્ઞાનીઓ)ની વંદના કરે છે. ત્યાંથી ફરી પાછા અહીં આવે છે. આ જંઘાચારણની ઉર્ધ્વગતિનો વિષય જાણવો.

જો તે જંઘાચારણ મુનિએ તે (પ્રમાદ) સ્થાનની આલોચના તથા પ્રતિક્રમણ કર્યા વગર કાળધર્મ પામી જાય તો તેના ચારિત્રની આરાધના થતી નથી. પરંતુ જો આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળધર્મ પામે તો તેની આરાધના થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ वीरियायारो ॥

अणिगूहियबलवीरिओ,
परक्कमती जो जहुत्तमाउत्तो ।
जुञ्जइ य जहत्थामं,
णायव्वो वीरियायारो ॥

- निशीथभाष्य, भाग-१, गा० ४३

५

# ચરણાનુયોગ

## (વીર્યાચાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વીર્યાચાર

## વીર્યનું સ્વરૂપ : ૧

वीरिय सरूवं-

२३१७. दुहा चेयं सुयक्खायं, वीरियं ति पवुच्चति ।
किं नु वीरस्स वीरत्तं, केण वीरो ति वुच्चति ।।

कम्ममेगे पवेदेंति, अकम्मं वा वि सुव्वता ।
एतेहिं दोहिं ठाणेहिं, जेहिं दिस्संति मच्चिया ।।

पमायं कम्ममाहंसु, अप्पमायं तहाऽवरं ।
तब्भावादेसतो वा वि, बालं पंडितमेव वा ।।

–सूय. सु. १, अ. ८, गा. १-३

**વીર્યનું સ્વરૂપ :**

૨૩૧૭. તીર્થંકર ભગવાને વીર્યનાં બે ભેદ કહ્યા છે. વીર પુરુષનું વીરત્વ શું છે ? અને શા કારણથી તે વીર કહેવાય છે ?

તીર્થંકર ભગવાને બે પ્રકારનાં વીર્ય કહ્યાં છે- (૧) કર્મવીર્ય અને (૨) અકર્મવીર્ય. મૃત્યુલોકના માનવીઓ આ બે ભેદમાં જ સમાવેશ પામે છે.

તીર્થંકર ભગવાને પ્રમાદને કર્મ કહેલ છે અને અપ્રમાદને અકર્મ કહેલ છે. તેથી પ્રમાદીને "બાલ-વીર્ય" કહેલ છે અને અપ્રમાદીને "પંડિતવીર્ય" કહેલ છે.

बालवीरियाईणं विवक्खा-

२३१८. प. अण्णउत्थिया णं भंते ! एवंआइक्खंति, एवं भासंति, एवं पण्णवेंति, एवं परुवेंति "समणा पंडिया, समणोवासया बालपंडिया" ? जस्स णं एगपाणाए वि दंडे अणिक्खित्ते से णं "एगंतबाले" त्ति वत्तव्वं सिया । से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जं णं ते अण्णउत्थिया एवं आइक्खंति-जाव-एगंतबाले त्ति वत्तव्वं सिया, जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु ।

अहं पुण गोयमा ! एवं आइक्खामि-जाव-परुवेमि "एवं खलु समणा 'पंडिया', समणोवासगा 'बालपंडिया' जस्स णं एगपाणाए वि दंडे णिक्खित्ते से णं णो एगंतबाले त्ति वत्तव्वं सिया" ।

– वि. स. १७, उ. २, सु. १०

**બાલવીર્ય આદિની વિવક્ષા :**

૨૩૧૮. પ્ર. ભંતે ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે, વિશેષ રૂપમાં કહે છે. આ પ્રમાણે બતાવે છે. વિશેષ પ્રકારે પ્રરૂપિત કરે છે કે-"શ્રમણ છે તેઓ પંડિત છે. જેઓ શ્રમણોપાસક છે તે બાલપંડિત છે." જેણે એક પણ પ્રાણીના વધનું પ્રત્યાખ્યાન કર્યુ છે તે એકાંતબાલ છે. તો ભંતે! તેઓનું આમ કહેવું સત્ય છે ?

ઉ. હે ગૌતમ! અન્યતીર્થિકોએ જે આ પ્રમાણે કહ્યું છે કે "શ્રમણ પંડિત છે **યાવત્** એકાંતબાલ છે." તેઓનું તે પ્રમાણે કહેવું તે મિથ્યા છે.

હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું **યાવત્** પ્રરૂપિત કરું છું કે "શ્રમણ પંડિત છે અને શ્રમણોપાસક બાલપંડિત છે અને જેણે એક પણ પ્રાણીનાં વધની વિરતિ કરી છે તે જીવ એકાંત બાલ કહેવાતો નથી." (પરંતુ તે બાલ પંડિત કહેવાય છે)

बालवीरियसरूवं-

२३१९. जे याऽबुद्धा महाभागा, वीरा असम्मत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं, सफलं होइ सव्वसो ।।

– सूय. सु. १, अ. ८, गा. २२

चुते हु बाले गब्भातिसु रज्जति ! अस्सिं चेतं पवुच्चंति रूवंसि वा छणंसि वा ।

–आ. सु. १, अ. ५, उ. ३, सु. १५९

**બાલવીર્યનું સ્વરૂપ :**

૨૩૧૯. જે વીર પુરુષ અબુધ્ધ અને અસમ્યક્ત્વદર્શી છે તેનું પરાક્રમ અશુધ્ધ અને સર્વથા કર્મબંધનું કારણ છે.

ધર્મથી પતિત થઈ અજ્ઞાની જીવ ગર્ભાદિકના દુઃખોનો અનુભવ કરે છે. આ જિનશાસનમાં એવું કહ્યું છે કે-"જે રૂપાદિ વિષયોમાં આસક્ત થાય છે તે હિંસામાં પ્રવૃત્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उम्मुं च पासं इह मच्चिएहिं,
आरंभजीवी उभयाणुपस्सी ।
कामेसु गिद्धा णिचयं करेंति,
संसिच्चमाणा पुणरेंति गब्भं ।।

આ મનુષ્યલોકમાં મનુષ્યોની સાથેની સ્નેહજાળથી સદા દૂર રહેવું ! કારણ કે ગૃહસ્થ હિંસાદિ આરંભથી જીવિકા કરે છે, આ લોક અને પરલોકમાં વિષય સુખોની લાલસા કરે છે, વિષય ભોગોમાં આસક્ત થઈ કર્મનું બંધન કરે છે તથા કર્મથી લિપ્ત થઈ વારંવાર જન્મ-મરણ કરે છે.

अवि से हासमासज्ज, हंता णंदीति णण्णति ।
अलं बालस्स संगेणं, वेरं वड्ढेति अप्पणो ।।
– आ. सु. १, अ. ३, उ. २, सु. ११३-११४

તે અજ્ઞાની પ્રાણી હાસ્ય-વિનોદમાં આસક્ત થઈ પ્રાણીઓનો વધ કરવામાં આનંદ માને છે. એવા અજ્ઞાનીના સંગથી બચવું જોઈએ. આવા સંગથી અન્ય આત્માઓ સાથે વેર વધે છે.

**बालो ही उवएस जोग्गो-**

**અજ્ઞ જ ઉપદેશને માટે લાયક છે :**

२३२०. उद्देसो पासगस्स णत्थि ।
बाले पुण णिहे कामसमणुण्णे असमितदुक्खे दुक्खी दुक्खाणमेव आवट्टं, अणुपरियट्टति ।
– आ. सु. १, अ. २, उ. ३, सु. ८०

૨૩૨૦. તત્ત્વને સમજનાર માટે ઉપદેશની આવશ્યકતા નથી.
જે અજ્ઞાની છે, કામ-ભોગોમાં આસક્ત છે, ભોગેચ્છા જેની શાંત થઈ નથી-તે સદા દુઃખી થઈ વિટંબણાના ચક્રમાં ભ્રમણ કરે છે.

**सकम्मवीरिय सरूवं-**

**સકર્મવીર્યનું સ્વરૂપ :**

२३२१. सत्थमेगे सुसिक्खंति, अतिवायाय पाणिणं ।
एगे मंते अहिज्जंति, पाणभूयविहेडिणो ।।

૨૩૨૧. કોઈ અજ્ઞાની જીવ પ્રાણીઓનો ઘાત કરવા શસ્ત્ર તથા ધનુર્વિદ્યાદિનો અભ્યાસ કરે છે અને કોઈ પ્રાણી તથા ભૂતોના વિનાશક મંત્રોનું અધ્યયન કરે છે.

माइणो कट्टु मायाओ, कामभोगे समारंभे ।
हंता छेत्ता पकत्तित्ता, आयसायाणुगामिणो ।।

માયાવી પુરુષ છળકપટ કરીને કામભોગનું સેવન કરે છે તથા પોતાના સુખની ઈચ્છા કરનારા તે જીવો પ્રાણીઓનો ઘાત કરે છે, છેદન કરે છે અને ચીરે છે.

मणसा वयसा चेव, कायसा चेव अंतसो ।
आरतो परतो यावि, दुहा वि य असंजता ।।

અસંયમી જીવ મન,વચન અને કાયાથી અશક્ત હોવા છતાં પણ આ લોક અને પરલોક એમ બન્ને માટે પોતે પ્રાણીઓનો ઘાત કરે છે, અને બીજાઓ પાસે કરાવે છે.

वेराइं कुव्वती वेरी, ततो वेरेहिं रज्जती ।
पावोवगा य आरंभा, दुक्खफासा य अंतसो ।।

પ્રાણીનો ઘાત કરનારા જીવ અનેક જીવોની સાથે અનેક જન્મો માટે વેર બાંધે છે, કારણ બીજા જન્મમાં તે જીવ તેને મારે છે. તે પ્રમાણે વૈરની પરંપરા ચાલે છે. જીવહિંસા પાપ ઉત્પન્ન કરે છે અને અંતે દુઃખ આપે છે.

संपरागं णियच्छंति, अत्तदुक्कडकारिणो ।
राग-दोसस्सिया बाला, पावं कुव्वंति ते बहुं ।।

સ્વયં પાપ કરનારા જીવો સાંપરાયિક કર્મ બાંધે છે રાગ અને દ્વેષના આશ્રયથી તે અજ્ઞાની જીવો બહુ પાપ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं सकम्मवीरियं, बालाणं तु पवेदितं ।
एत्तो अकम्मवीरियं, पंडियाणं सुणेह मे ।।
– सूय. सु. १, अ. ८, गा. ४-९

આ અજ્ઞાની પ્રમાદી જીવોનું સકર્મવીર્ય કહ્યું. હવે પંડિતોનું અકર્મવીર્ય મારી પાસે સાંભળો.

**अकम्मवीरिय सरूवं-**

**અકર્મવીર્યનું સ્વરૂપ :**

२३२२. दविए बंधणुम्मुक्के, सव्वतो छिण्णबंधणे ।
पणोल्ल पावगं कम्मं, सल्लं कंतति अंतसो ।।

૨૩૨૨. મોક્ષાર્થી પુરુષ કષાયરૂપ બંધનથી મુક્ત હોય છે અને સમસ્ત બંધનોને છોડીને પાપ કર્મનો ત્યાગ કરી પૂર્ણરૂપથી શલ્યોને-કર્મોને કાપી નાખે છે.

णेयाउयं सुयक्खायं, उवादाय समीहते ।
भुज्जो भुज्जो दुहावासं, असुभत्तं तहा तहा ।।

મોક્ષમાર્ગને ગ્રહણ કરીને પંડિત પુરુષો ચિંતન કરે છે કે-"પ્રાણી વારંવાર નરક આદિના દુઃખો ભોગવે છે અને જેમ જેમ દુઃખો ભોગવે છે તેમ તેમ તેના અશુભ ધ્યાનની વૃધ્ધિ થાય છે".

ठाणी विविहठाणाणि, चइस्संति न संसओ ।
अणितिए अयं वासे, णायएहिं य सुहीहि य ।।

વિવિધ સ્થાનોના અધિકારી જીવો પોતપોતાના સ્થાનોને છોડી દેશે તેમાં સંશય નથી. જ્ઞાતિજનો અને મિત્રોની સાથેનો નિવાસ પણ અનિત્ય છે.

एवमायाय मेहावी, अप्पणो गिद्धिमुद्धरे ।
आरियं उवसंपज्जे सव्वधम्ममकोवियं ।।

આવો અનિત્યતાવો વિચાર કરીને બુધ્ધિમાન્ પુરુષ મમતાનો ત્યાગ કરે તથા કુતીર્થિક ધર્મોથી અદૂષિત આ આર્યધર્મને ગ્રહણ કરે.

सहसम्मुइए णच्चा, धम्मसारं सुणेत्तु वा ।
समुवट्ठित्ते अणगारे, पच्चक्खाय पावए ।।

નિર્મળ બુધ્ધિ વડે અથવા ગુર્વાદિકથી સાંભળીને ધર્મના સત્ય સ્વરૂપને જાણીને જ્ઞાનાદિ ગુણોના ઉપાર્જનમાં તત્પર સાધુ પાપનો ત્યાગ કરે.

जं किंचुवक्कमं जाणे, आउक्खेमस्स अप्पणो ।
तस्सेव अंतरा खिप्पं, सिक्खं सिक्खेज्ज पंडिते ।।

જ્ઞાની પુરુષ જો કોઈપણ પ્રકારે પોતાના આયુષ્યનો ક્ષયકાળ જાણે તો તે આયુષ્યનો ક્ષય થયા પહેલાં જ સંલેખનારૂપ શિક્ષાને ગ્રહણ કરે.

जहा कुम्मे सअंगाइं, सए देहे समाहरे ।
एवं पावाइं मेधावी, अज्झप्पेण समाहरे ।।

જેમ કાચબો પોતાના અંગોને પોતાના દેહમાં સંકોચીને રાખે છે, તે જ પ્રમાણે બુધ્ધિમાન પુરુષ આત્મલીનતાથી પોતાના પાપોને સંકોચી લે છે (અર્થાત્ સમસ્ત પાપોનો ત્યાગ કરે છે)

साहरे हत्थ-पादे य, मणं सव्विंदियाणि य ।
पावगं च परीणामं, भासादोसं च तारिसं ।।

સાધુ પોતાના હાથ,પગ,મન અને પાંચ ઈન્દ્રિયોની ચેષ્ટાઓને સંકુચિત કરે અથવા ગોપવીને રાખે, પાપમય પરિણામ અને પાપમય ભાષાનો પણ ત્યાગ કરે.

अणु माणं च मायं च, तं परिण्णाय पंडिए ।
सातागार व णिहुते, उवसंते णिहे चरे ।।[1]

પંડિત પુરુષ લેશમાત્ર પણ માન અને માયા ન કરે. માન અને માયાનું અશુભફળ જાણીને સુખશીલતા અને પ્રતિષ્ઠા નો ત્યાગ કરે તથા ક્રોધનો ત્યાગ કરી નિષ્કપટ ભાવથી વિચરે.

---

१. पाठांतर – णुमाणं च मायं च, तं परिण्णाय पंडिए ।
सूयं मे इहमेगेसिं, एयं वीरस्स वीरियं ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाणे य णाइवातेज्जा, अदिण्णं पि य णादिए ।
सादियं ण मुसं बूया, एस धम्मे वुसीमतो ।।

પ્રાણીઓની હિંસા ન કરે, અદત્ત વસ્તુ ગ્રહણ ન કરે, કપટ સહિત જૂઠું ન બોલે, એ જ જિતેન્દ્રિય પુરુષનો ધર્મ છે.

अतिक्कमं ति वायाए, मणसा वि ण पत्थए ।
सव्वतो संवुडे दंते, आयाणं सुसमाहरे ।।

સંયમી મુનિ વચનથી અથવા મનથી પણ કોઈ જીવને પીડા આપવાની ઈચ્છા ન કરે, પરંતુ બહારથી અને અંદરથી ગુપ્ત રહી ઈન્દ્રિયોનું દમન કરીને સારી રીતે સંયમનું પાલન કરે.

कडं च कज्जमाणं च, आगमेस्सं च पावगं ।
सव्वं तं णाणुजाणंति, आयगुत्ता जिइंदिया ।।

– सूय. सु. १, अ. ८, गा. १०-२१

પોતાના આત્માનું પાપથી ગોપન કરનાર જિતેન્દ્રિય પુરુષ ભૂતકાળમાં કોઈએ કરેલા, વર્તમાનકાળમાં કરાતાં અને ભવિષ્યકાળમાં કરવાના હોય એવા પાપકર્મોને અનુમોદન આપતા નથી.

**पण्डियवीरिय सरूवं-**

**પંડિત વીર્યનું સ્વરૂપ :**

२३२३. जे य बुद्धा महाभागा, वीरा सम्मत्तदंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं, अफलं होइ सव्वसो ।।

–सूय. सु. १, अ. ८, गा. २३

૨૩૨૩. જે વીર પુરુષ બુધ્ધ અને સમ્યક્ત્વદર્શી છે તેના પરાક્રમ શુધ્ધ અને સર્વથા કર્મબંધથી મુક્ત હોય છે.

**तितिक्खया मोक्खं-**

**તિતિક્ષાથી મોક્ષ :**

२३२४. अप्पपिंडासि पाणासि, अप्पं भासेज्ज सुव्वते ।
खंतेऽभिनिव्वुडे दंते, वीतगेही सदा जये ।।

૨૩૨૪. સુવ્રત પુરુષ અલ્પભોજન કરે, અલ્પ જલપાન કરે, થોડું બોલે, સદા ક્ષમાશીલ, શાંત, દાંત અને અનાસક્ત બનીને સદા સંયમમાં પુરુષાર્થ કરે.

झाणजोगं समाहट्टु, कायं विउसेज्ज सव्वसो ।
तितिक्खं परमं णच्चा, आमोक्खाए परिव्वएज्जासि ।।

– सूय. सु. १, अ. ८, गा. २५-२६

સાધુ ધ્યાનયોગને ગ્રહણ કરીને સર્વ પ્રકારથી શરીરનો વ્યુત્સર્ગ કરે. પરિષહ, ઉપસર્ગમાં સહિષ્ણુતા રાખવી તે ઉત્તમ છે એવું જાણીને મોક્ષની પ્રાપ્તિ સુધી તે સંયમની સાધનામાં પરાક્રમ કરે.

**समाहिजुत्तस्स सिद्धगई-**

**સમાધિવાળાની સિધ્ધગતિ :**

२३२५. ओयं चित्तं समादाय, झाणं समणुपज्जइ ।
धम्मे ठिओ अविमणो, निव्वाणमभिगच्छइ ।।

૨૩૨૫. રાગ-દ્વેષ રહિત, નિર્મળ ચિત્ત થયા બાદ એકાગ્રરૂપ ધ્યાન ઉત્પન્ન થાય છે તથા શંકા-રહિત ધર્મમાં સંલગ્ન આત્મા નિર્વાણને પ્રાપ્ત કરે છે.

ण इमं चित्तं समादाय, भुज्जो लोयंसि जायइ ।
अप्पणो उत्तमं ठाणं, सण्णि-णाणेण जाणइ ।।

આ પ્રમાણે ચિત્ત-સમાધિને ધારણ કરનાર આત્મા વારંવાર લોકમાં ઉત્પન્ન થતો નથી અને પોતાના ઉત્તમ સ્થાનને જાતિ સ્મરણ જ્ઞાનથી જાણી લે છે.

अहातच्चं तु सुमिणं, खिप्पं पासेइ संवुडे ।
सव्वं वा ओहं तरति, दुक्खाओ य विमुच्चइ ।।

સંવૃત્ત-આત્મા યોગ્ય સ્વપ્ન જોઈ તરત સંપૂર્ણ સંસાર સમુદ્રથી પાર થઈ જાય છે. તેમજ શારીરિક અને માનસિક દુઃખોથી મુક્ત થાય છે.

पंताइं भयमाणस्स, विवित्तं सयणासणं ।
अप्पाहारस्स दंतस्स, देवा दंसेति ताइणो ।।

અલ્પ આહાર કરનાર, અંત-પ્રાંત-ભોજી વિવિક્ત શયન-આસનસેવી, ઈન્દ્રિય-નિગ્રહી, છકાય જીવોનાં રક્ષક, સંયત સાધુને દેવ-દર્શન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वकाम-विरत्तस्स, खमतो भय-भेरवं ।
तओ से ओही भवइ, संजयस्स तवस्सिणो ।।

સર્વ કામ ભોગોથી વિરક્ત, ભીમ-ભૈરવ (ભયંકર) પરીષહ-ઉપસર્ગોનાં વિજેતા, તપસ્વી સંયતને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે.

तवसा अवहड लेस्सस्स, दंसणं परिसुज्झइ ।
उड्ढं अहे तिरियं च, सव्वं समणुपस्सति ।।

જેણે તપ દ્વારા અશુભ લેશ્યાઓનો ત્યાગ કર્યો છે તેનું અવધિદર્શન અતિવિશુધ્ધ થાય છે. તથા ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં રહેતા જીવાદિ સર્વ પદાર્થોને તે જોવા લાગે છે.

सुसमाहियलेस्सस्स, अवितक्कस्स भिक्खुणो ।
सव्वतो विप्पमुक्कस्स, आया जाणइ पज्जवे ।।

સુસમાધિયુક્ત પ્રશસ્ત લેશ્યાવાળા, વિકલ્પરહિત ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરનાર અને સર્વબંધનોથી મુક્ત આત્મા મનનાં પર્યાયોને જાણે છે અર્થાત્ મન:પર્યવજ્ઞાની થઈ જાય છે.

जया से णाणावरणं, सव्वं होइ खयं गयं ।
तया लोगमलोगं च, जिणो जाणति केवली ।।

જ્યારે તેનાં સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે ત્યારે તે કેવલ્ય જ્ઞાન પામી જિન બની સમસ્ત લોક અને અલોકને જાણે છે.

जया से दंसणावरणं, सव्वं होइ खयं गयं ।
तया लोगमलोगं च, जिणो पासति केवली ।।

જ્યારે તેનાં સંપૂર્ણ દર્શનાવરણીય કર્મનો ક્ષય થાય છે ત્યારે તે કેવલ્ય જ્ઞાન પામી તે જિન બની સમસ્ત લોક અને અલોકને જુએ છે.

पडिमाए विसुद्धाए, मोहणिज्जे खयं गए ।
असेसं लोगमलोगं च, पासेति सुसमाहिए ।।

ભિક્ષુ પ્રતિમાઓની વિશુધ્ધ રૂપથી આરાધના કરવાથી તથા મોહનીય કર્મનાં ક્ષય થવાથી તે સુયોગ્ય આત્મા સંપૂર્ણ લોક અને અલોકને જુએ છે.

जहा मत्थयं सूइए, हताए हम्मइ तले ।
एवं कम्माणि हम्मंति, मोहणिज्जे खयं गए ।।

જે પ્રમાણે તાલવૃક્ષનાં અગ્રભાગનું તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા છેદન કરવાથી સંપૂર્ણ તાલ વૃક્ષ ધરાશાયી બને છે, એ જ પ્રમાણે મોહનીય કર્મનો ક્ષય થતાં સર્વ કર્મોનો નાશ થાય છે.

सेणावइम्मि निहए, जहा सेणा पणस्सति ।
एवं कम्माणि णस्संति, मोहणिज्जे खयं गए ।।

જેમ સેનાપતિનાં મૃત્યુથી સારી ય સેના અસ્ત-વ્યસ્ત થઈ જાય છે, તેમ મોહનીય કર્મનાં ક્ષયથી શેષ સર્વ કર્મોનો નાશ થાય છે.

धूमहीणो जहा अग्गी, खीयति से निरिंधणे ।
एवं कम्माणि णस्संति, मोहणिज्जे खयं गए ।।

જેમ ધુવાડા રહિત અગ્નિ બળતણના અભાવે શાંત થાય છે, તેમ જ મોહનીય કર્મનો ક્ષય થતાં શેષ સર્વ કર્મોનો ક્ષય થાય છે.

सुक्क-मूले जहा रुक्खे, सिंचमाणे ण रोहति ।
एवं कम्मा ण रोहंति, मोहणिज्जे खयं गए ।।

જેમ સુકાઈ ગયેલા મૂળવાળું વૃક્ષ જલસિંચનથી પણ હર્યુભર્યુ થતું નથી તેમજ મોહનીય કર્મનાં ક્ષયે શેષ કર્મ ઉત્પન્ન થતાં નથી.

जहा दड्ढाणं बीयाणं, न जायंति पुणंकुरा ।
कम्म बीएसु दड्ढेसु न जायंति भवंकुरा ।।

જેમ બળેલા બીજ ફરી ઉત્પન્ન થતાં નથી તેમજ કર્મબીજનાં નાશથી ભવબીજ ઉત્પન્ન થતાં નથી.

चिच्चा ओरालियं बोंदिं, नाम-गोयं च केवली ।
आउयं वेयणिज्जं च, छित्ता भवति नीरए ।।

ઔદારિક શરીરનો ત્યાગ કરી નામ, ગોત્ર,આયુ અને વેદનીય કર્મને છેદી કેવલી ભગવાન કર્મ રજથી સર્વથા મુક્ત બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं अभिसमागम्म, चित्तमादाय आउसो !।

सेणि-सुद्धिमुवागम्म, आया सोधिमुवेहइ ।।

–दसा. द. ५, सु. ६, गा. १-१७

હે આયુષ્યમાન્ શિષ્ય! આ પ્રમાણેનાં સમાધિનાં ભેદોને જાણી રાગ-દ્વેષ રહિત ચિત્તે ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરી આત્મા વિશુધ્ધ બને છે અર્થાત્ મોક્ષ પદને પામે છે.

**विब्भंत चित्ताणं वीरियहाणी-**

२३२६. किमणेण णो जणेण करिस्सामि ? त्ति मण्णमाणा एवं पेगे वदित्ता, मातरं पितरं हेच्चा णातओ य परिग्गहं, वीरायमाणा समुट्ठाए अविहिंसा सुव्वता दंता ।

**ભ્રાન્ત ચિત્તવાળાની વીર્યહાનિ :**

૨૩૨૬. "ઓ આત્મન્ ! આ સ્વાર્થી સ્વજનોથી મારું શું કલ્યાણ થવાનું છે ?" આવું માનતા અને કહેતા કેટલાક લોકો માતા-પિતા, જ્ઞાતિજનો અને પરિગ્રહનો ત્યાગ કરે છે અને ત્યાગી બની વીર પુરુષની સમાન આચરણ કરતાં દીક્ષિત થાય છે, અહિંસક બને છે, સુવ્રતધારી બને છે અને દાન્ત બને છે.

पस्स दीणे उप्पइय पडिवयमाणे । वसट्टा कायरा जणा लूसगा भवंति ।

સંયમમાં આગળ વધવા છતાં પણ તીવ્ર કર્મોના ઉદયને કારણે દીન બની સંયમમાં પતિત થનારને તું જો. ઈન્દ્રિયોને વશ થવાથી દુ:ખી, સત્ત્વહીન મનુષ્ય વ્રતોનો નાશ કરનાર બને છે.

अहमेगेसिं सिलोए पावए भवति– "से समणविब्भंते, से समणविब्भंते ।"

આ કારણથી કેટલાંક સાધકોની અપકીર્તિ થાય છે કે- "આ શ્રમણ ધર્મથી પતિત થયો છે, આ શ્રમણ ધર્મથી પતિત થયો છે".

पासहेगे समण्णागतेहिं सह असमण्णागए, णममाणेहिं अणममाणे, विरतेहिं अविरते, दवितेहिं अदविते ।

વળી જુઓ ! કેટલાંક સાધકો ઉગ્ર-વિહારીઓની સાથે રહેવા છતાં પણ શિથિલાચારી બને છે, વિનયવાનોની સાથે રહેવા છતાં પણ અવિનયી બને છે, વિરતીઓ સાથે રહેવા છતાં પણ અવિરત બને છે, પવિત્ર પુરુષોની સાથે રહીને પણ અપવિત્ર બને છે.

अभिसमेच्चा पंडिते मेधावी णिट्ठियट्ठी वीरे आगमेणं सदा परिक्कमेज्जासि ।

– आ. सु. १, अ. ६, उ. ४, सु. १९३-१९५

આ સર્વ સંયમ ભ્રષ્ટતાના પરિણામોને જાણીને પંડિત, બુધ્ધિમાન સાધુ સદા જિનભાષિત આગમાનુસાર પરાક્રમ કરે.

## પરીષહ–જય–૨

**परीसहेहिं कम्मखओ-**

२३२७. ण वि ता अहमेव लुप्पए, लुप्पंती लोगंसि पाणिणो ।

एवं सहिएऽधिपासते, अणिहे से पुट्ठोऽधिसाए ।।

–सूय. सु. १, अ. २, उ. १, गा. १३

**પરીષહ સહેવાથી કર્મોનો ક્ષય :**

૨૩૨૭. "આ સંસારમાં હું એકલો દુ:ખોથી પીડાતો નથી, પરંતુ લોકમાં બીજા અનેક પ્રાણીઓ વ્યથા પામી રહ્યા છે". આ પ્રમાણે બુધ્ધિમાન સાધુ વિચારે અને તે પરિષહ આવવા છતાં પણ રાગદ્વેષથી રહિત થઈ સમભાવે તેને સહન કરે.

न य संखयमाहु जीवियं,

तह वि य बालजणे पगब्भती ।

તૂટેલું આયુષ્ય ફરી સાંધી શકાતું નથી. છતાં પણ અજ્ઞાનીજનો પાપ કરવાની ધૃષ્ટતા કરે છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बाले पावेहिं मिज्जती,
इति संखाय मुणी ण मज्जती ।।

छंदेण पलेतिमा पया, बहुमाया मोहेण पाउडा ।
वियडेण पलेति माहणे, सीउण्हं वयसा हियासए ।।
—सूय. सु. १, अ. २, उ. २, गा. २१-२२

અજ્ઞાનીજન પોતાના પાપકર્મોથી મરતા જાય છે. એવું જાણીને મુનિ મદ કરતો નથી.

ઘણી માયા કરનારી તથા મોહથી આચ્છાદિત પ્રજા પોતાની જ સ્વચ્છંદતાથી વિભિન્ન ગતિઓમાં જાય છે. પરંતુ મુનિ નિષ્કપટતાથી સંયમમાં પ્રવૃત્તિ કરે છે. તેમજ મન, વચન, કાયાથી શીતઉષ્ણ આદિ પરીષહોને સહન કરે છે.

**परीसहप्पगारा-**

२३२८. बावीसं परीसहा पण्णत्ता, तं जहा–

१. दिगिंच्छा-परीसहे, २. पिवासा परीसहे,
३. सीय-परीसहे, ४. उसिण-परीसहे,
५. दंस-मसय-परीसहे, ६. अचेल-परीसहे,
७. अरइ-परीसहे, ८. इत्थी-परीसहे,
९. चरिया-परीसहे १०. निसीहिया-परीसहे,
११. सेज्जा-परीसहे, १२. अक्कोस-परीसहे,
१३. वह-परीसहे, १४. जायणा-परीसहे,
१५. अलाभ-परीसहे, १६. रोग-परीसहे,
१७. तणफास-परीसहे, १८. जल-परीसहे,
१९. सक्कारपुरक्कार-परीसहे, २०. पन्ना-परीसहे,
२१. अन्नाण-परीसहे, २२. दंसण-परीसहे ।[१]
—सम. सम. २२, सु. १

**પરીષહના પ્રકાર :**

૨૩૨૮. પરીષહ બાવીસ કહ્યા છે, જેમ કે -

૧. ક્ષુધા-પરીષહ, ૨. પિપાસા પરીષહ,
૩. શીત પરીષહ, ૪. ઉષ્ણ પરીષહ,
૫. દંશ-મશક પરીષહ, ૬. અચેલ પરીષહ,
૭. અરતિ પરીષહ, ૮. સ્ત્રી પરીષહ,
૯. ચર્યા પરીષહ, ૧૦. નિષધા પરીષહ,
૧૧. શય્યા પરીષહ, ૧૨. આક્રોશ પરીષહ,
૧૩. વધ પરીષહ, ૧૪. યાચના પરીષહ,
૧૫. અલાભ પરીષહ, ૧૬. રોગ પરીષહ,
૧૭. તૃણ-સ્પર્શ પરીષહ, ૧૮. જળ પરીષહ,
૧૯. સત્કાર-પુરસ્કાર પરીષહ, ૨૦. પ્રજ્ઞા-પરીષહ,
૨૧. અજ્ઞાન પરીષહ, ૨૨. દર્શન પરીષહ.

**परीसह परूवणा-**

२३२९. परीसहाणं पविभत्ती, कासवेणं पवेइया ।
तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ।।
—उत्त. अ. २, गा. ३

**પરીષહ-પ્રરૂપણા :**

૨૩૨૯. કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીરે પરીષહોના જે ભેદો બતાવ્યા છે તે હું તમને અનુક્રમથી કહું છું તે સાંભળો !

---

१. (क) उत्त. अ. २, सु. २
(ख) સમવાયાંગ અને ઉત્તરાધ્યયનમાં ૧૯ પરીષહોના નામ ક્રમ સમાન છે. ફક્ત ૨૦મા, ૨૧મા અને ૨૨મા પરીષહોના નામમાં વ્યુત્ક્રમ છે.

| સમવાયાંગ | ઉત્તરાધ્યયન |
|---|---|
| (२०) अण्णाण परीसह, | (२०) पण्णा परीसह, |
| (२१) दंसण परीसह, | (२१) अण्णाण परीसह, |
| (२२) पण्णा परीसह, | (२२) दंसण परीसह । |

જુદા-જુદા પ્રકાશનોમાં આ નામોનાં જુદા-જુદા ક્રમ મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. खुहा परीसहे-

२३३०. दिगिंछा परिगए देहे, तवस्सी भिक्खु थामवं ।
न छिन्दे न छिन्दावए, न पए न पयावए ।।

काली पव्वंगसंकासे, किसे धमणि संतए ।
मायन्ने असण-पाणस्स, अदीण-मणसो चरे ।।

– उत्त. अ. २, गा. ४-५

(१) क्षुधा परीषह :

૨૩૩૦. ભૂખથી પીડિત થાય તો પણ મનોબળથી યુક્ત તપસ્વી ભિક્ષુ ફળઆદિનું સ્વયં છેદન ન કરે, બીજા પાસે છેદન ન કરાવે, તે ન પોતે પકાવે અને ન અન્ય દ્વારા પકાવરાવે.

લાંબી ભૂખ સહન કરવાને કારણે કાગડાની જાંઘ સમાન શરીર દુર્બળ થઈ જાય, કૃશ થઈ જાય, ધમનીઓ સ્પષ્ટ નજરે પડવા લાગે તો પણ અશન અને પાણીની માત્રાને જાણનાર સાધક અદીનભાવથી વિચરણ કરે.

२. पिवासा परीसहे-

२३३१. तओ पुट्ठो पिवासाए, दोगुंछी लज्ज-संजए ।
सीओदगं न सेविज्जा, वियडस्सेसणं चरे ।।

छिन्नावाएसु पंथेसु, आउरे सुपिवासिए ।
परिसुक्कमुहे दीणे, तं तितिक्खे परीसहं ।।

–उत्त. अ. २, गा. ६-७

(२) પિપાસા-પરીષહ :

૨૩૩૧. અસંયમથી અરુચિ રાખનાર લજ્જાવાન સંયમી ભિક્ષુ તરસથી પીડિત થાય તો પણ સચિત્ત પાણીનું સેવન ન કરે પરંતુ અચિત્ત પાણીની શોધ કરે.

એકાંત નિર્જન માર્ગોમાં પણ તીવ્ર પ્યાસથી વ્યાકુળ થાય, અત્યંત ગળું સુકાતું હોય તો પણ મુનિ અદીનભાવથી તરસના કષ્ટને સહન કરે.

३. सीय परीसहे-

२३३२. चरन्तं विरयं लूहं, सीयं फुसइ एगया ।
नाइवेलं मुणी गच्छे, सोच्चा णं जिणसासणं ।।

न मे निवारणं अत्थि, छवित्ताणं न विज्जई ।
अहं तु अग्गिं सेवामि, इइ भिक्खू न चिन्तए ।।

–उत्त. अ. २, गा. ८-९

जया हेमंतमासम्मि, सीतं फुसति सवातगं ।
तत्थ मंदा विसीयन्ति, रज्जहीणा व खत्तिया ।।

–सूय. सु. १, अ. ३, उ. १, गा. ४

(૩) શીત-પરીષહ :

૨૩૩૨. વિરક્ત અને અનાસક્ત થઈ વિચરતા મુનિને શીતકાળમાં શીતનું કષ્ટ થાય જ છે તો પણ આત્મજયી જિન-શાસનને સમજીને પોતાની યથોચિત મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરે.

ઠંડી લાગવાથી મુનિ એવું ન વિચારે કે મારી પાસે ટાઢ-નિવારણ માટે યોગ્ય મકાન આદિ કોઈ સારું સાધન નથી, શરીરને ઠંડી આદિથી બચાવવા માટે કંબલ આદિ વસ્ત્ર પણ નથી. તો હું શા માટે અગ્નિનું સેવન ન કરું ?

જ્યારે હેમંત ઋતુમાં ઠંડી બધા અંગોમાં સ્પર્શે છે ત્યારે મંદ સાધુઓ વિષાદને પ્રાપ્ત થાય છે, જેમ રાજ્યથી ભ્રષ્ટ થયેલ ક્ષત્રિય વિષાદને અનુભવે છે.

४. उसिण परीसहे-

२३३३. उसिण-परियावेणं, परिदाहेण तज्जिए ।
घिंसु वा परियावेणं, सायं नो परिदेवए ।।

उण्हाहितत्ते मेहावी, सिणाणं नो वि पत्थए ।
गायं नो परिसिंचेज्जा, न वीएज्जा य अप्पयं ।।

– उत्त. अ. २, गा. १०-११

(૪) ઉષ્ણ-પરીષહ :

૨૩૩૩. ગરમ ભૂમિ, શિલા અને લૂ આદિના પરિતાપથી, તરસના દાહથી, ગ્રીષ્મકાલીન સૂર્યના પરિતાપથી, અત્યંત પીડિત થવાથી પણ મુનિ ઠંડક આદિના સુખ માટે આકુળતા ન કરે.

ગરમીથી પરેશાન થાય તો પણ મેધાવી મુનિ સ્નાનની ઈચ્છા ન કરે, પાણીથી શરીરને સિંચિત ન કરે, પંખા આદિથી હવા ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुट्ठे गिम्हाभितावेणं, विमणे सुप्पिवासिए ।
तत्थ मंदा विसीयंति, मच्छा अप्पोदए जहा ।।
–सूय. सु. १, अ. ३, उ. १, गा. ५

ગ્રીષ્મ ઋતુની તીવ્ર ગરમીથી પીડિત થઈને તથા તરસથી પીડિત થઈ મંદ સાધક વિષાદને પ્રાપ્ત કરે છે જેવી રીતે જળના અભાવમાં માછલાં.

५. **दंसमसय परीसहे-**

**(૫) દંશ-મશક-પરીષહ :**

२३३४. पुट्ठो य दंसमसएहिं, समरे व महामुणी ।
नागो संगाम-सीसे वा, सूरो अभिहणे परं ।।

૨૩૩૪. મહામુનિ ડાંસ તથા મચ્છરોનો ઉપદ્રવ થવા છતાં પણ સમભાવ રાખે. જેવી રીતે હાથી યુધ્ધના મોરચા પર બાણોની પરવા કર્યા વગર શત્રુઓને હણે છે, તેવી રીતે મુનિ પણ પરીષહોની પરવા બિલકુલ ન કરતાં રાગદ્વેષરૂપી અંતરંગ શત્રુઓને હણે.

न संतसे न वारेज्जा, मणं पि न पओसए ।
उवेहे न हणे पाणे, भुंजंते मंस-सोणियं ।।
–उत्त. अ. २, गा. १२-१३

ડાંસ-મચ્છર પરીષહનો વિજેતા સાધક ડાંસ મચ્છરોથી સંત્રસ્ત ન થાય, તેને હટાવે નહીં, તેના પ્રતિ મનમાં દ્વેષ પણ ન લાવે. માંસ અને લોહી પીનાર ડાંસ મચ્છરોની ઉપેક્ષા કરે, તેને મારે નહીં.

पुट्ठो य दंस-मसएहिं, तणफासमचाइया ।
न मे दिट्ठे परे लोए, जइ परं मरणं सिया ।।
–सूय. सु. १, अ. ३, उ. १, गा. १२

દંશ-મશક પરીષહથી પીડિત તથા તૃણની શય્યાના સ્પર્શને સહન કરવામાં અસમર્થ સાધુ એવો વિચાર કરે છે કે "પરલોક તો મેં જોયો નથી. પરંતુ આ કષ્ટથી મરણ તો પ્રત્યક્ષ દેખાય છે".

६. **अचेल परीसहे-**

**(૬) અચેલ-પરીષહ :**

२३३५. परिजुण्णेहिं वत्थेहिं, होक्खामि त्ति अचेलए ।
अदुवा सचेलए होक्खं, इइ भिक्खू न चिंतए।।

૨૩૩૫. "વસ્ત્રો અતિ જીર્ણ થઈ જવાથી હવે હું અચેલક થઈ જઈશ અથવા નવાં વસ્ત્ર ફરી મળશે તો હું પાછો સચેલક થઈ જઈશ." એવું મુનિ ન વિચારે.

एगया अचेलइ होइ, सचेले यावि एगया ।
एयं धम्मं हियं नच्चा, नाणी नो परिदेवए ।।
– उत्त. अ. २, गा. १४-१५

વિભિન્ન અને વિશિષ્ટ પરિસ્થિતિઓના કારણે મુનિ ક્યારેક અચેલક થાય છે અને ક્યારેક સચેલક થાય છે એ બંને સ્થિતિઓ યથાપ્રસંગ સંયમધર્મ માટે હિતકારી છે. એમ સમજીને મુનિ ખેદ ન કરે.

जे भिक्खू अचेले परिवुसिते तस्स णं एवं भवति–

જે ભિક્ષુ વસ્ત્રરહિત થઈ આ પ્રમાણેનો સંકલ્પ કરે છે કે -

"चाएमि अहं तण-फासं अहियासित्तए, सीतफासं अहियासित्तए, तेउफासं अहियासित्तए, दंस मसगफासं अहिया सित्तए, एगतरे अण्णतरे विरूवरूवे फासे अहियासित्तए, हिरियपडिच्छादणं च हं णो संचाएमि अहियासित्तए" एवं से कप्पति कडिबंधणं धारित्तए ।

"હું તૃણ ઘાસનો સ્પર્શ સહન કરી શકું છું, ઠંડી-ગરમીને સહન કરી શકું છું, ડાંસ-મચ્છરની વેદના સહન કરી શકું છું, એક અથવા અનેક પ્રકારના કષ્ટો સહન કરવામાં સમર્થ છું, પરંતુ લજ્જાના કારણે વસ્ત્રનો ત્યાગ કરવા અસમર્થ છું". એવા સાધુને કટિવસ્ત્ર (ચોલપટ્ટક) ધારણ કરવું કલ્પે છે.

अहवा तत्थ परक्कमंतं भुज्जो अचेलं तणफासा फुसंति, सीतफासा फुसंति, तेउफासा फुसंति, दंस मसगफासा फुसंति, एगतरे अण्णतरे विरूवरूवे फासे अहियासेति ।

અથવા અચેલક થઈ વિચરનાર સાધુને જો ફરી તૃણસ્પર્શની વેદના, ઠંડી-ગરમીની વેદના, ડાંસ-મચ્છરની વેદના થાય, એક યા અનેક પ્રકારનાં કષ્ટો આવે તો તેને સારી રીતે સહન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अचेले लाघवियं आगममाणे । तवे से अभिसमण्णागते भवति ।

આ પ્રમાણે તે અચેલક ભિક્ષુ હળુકર્મી હોવાના કારણે 'કાય-કલેશ' આદિ તપ લાભને પામે છે.

जहेयं भगवया पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वयाए सम्मत्तमेव समभिजाणिया ।

– आ. सु. १, अ. ८, उ. ७, सु. २२५-२२६

માટે જેવું ભગવાને પ્રતિપાદન કરેલું છે તેવું જાણીને સાધક સર્વ પ્રકારે સર્વાત્મના સમત્વ ભાવે યોગ્ય આચરણ કરે.

एवं खु मुणी आदाणं सुयक्खातधम्मे विधूतकप्पे णिज्झोसइत्ता ।

શુધ્ધ ધર્મનું આચરણ કરનાર અને આચારનું પાલન કરનાર મુનિ કર્મક્ષય કરવામાં આત્મશક્તિ લગાવે છે.

जे अचेले परिवुसिते तस्स णं भिक्खुस्स णो एवं भवति–

જે મુનિ અચેલક રહે છે તેને એવી ચિંતા હોતી નથી કે -

"परिजुण्णे मे वत्थे, वत्थं जाइस्सामि, सुत्तं जाइस्सामि, सुइं जाइस्सामि, संधिस्सामि, सीविस्सामि, उक्कसिस्सामि, वोक्कसिस्सामि, परिहिस्सामि, पाउणिस्सामि ।"

"મારું વસ્ત્ર જીર્ણ થઈ ગયું છે. હું નવા વસ્ત્રની યાચના કરું. સીવવા માટે દોરા લાવું, સોય લાવું. વસ્ત્ર સાંધીશ, સીવીશ, બીજું વસ્ત્ર જોડીશ, આ વસ્ત્રને ઓછું કરીશ, આને પહેરીશ અથવા શરીર ઢાંકીશ".

अदुवा तत्थ परक्कमंतं भुज्जो अचेल तणफासा फुसंति, सीतफासा फुसंति, तेउफासा फुसंति, दंस-मसगफासा फुसंति एगतरे अण्णयरे विरूवरूवे फासे अहियासेति ।

સંયમમાં પરાકમ કરનાર વસ્ત્રરહિત મુનિને તૃણ સ્પર્શનું દુઃખ પ્રાપ્ત થાય છે, ક્યારેક ઠંડીનું, ક્યારેક ગરમીનું દુઃખ પ્રાપ્ત થાય છે, ક્યારેક ડાંસ-મચ્છરાદિ વિવિધ પ્રતિફળ પરીષહ આવે તેને પણ તે સહન કરે.

अचेले लाघवं आगममाणे तवे से अभिसमण्णागए भवति ।

આ પ્રમાણે તે અચેલક ભિક્ષુ હળુકર્મી હોવાના કારણે 'કાય-કલેશ' આદિ તપ-લાભને પામે છે .

जहेयं भगवया पवेदितं । तमेव अभिसमेच्चा सव्वतो सव्वताए सम्मत्तमेव समभिजाणिया ।

– आ. सु. १, अ. ६, उ. ३, सु. १८७

માટે જેવું ભગવાને પ્રતિપાદન કરેલું છે તેવું જાણી સાધક સર્વ પ્રકારે સર્વાત્મના સમત્વભાવે યોગ્ય આચરણ કરે.

**अचेलस्स पसत्थ परिणामो-**

२३३६. पंचहिं ठाणेहिं अचेलए पसत्थे भवति, तं जहा–

१. अप्पा पडिलेहा,
२. लाघविए पसत्थे,
३. रूवे वेसासिए,
४. तवे अणुण्णाते,
५. विउले इंदियणिग्गहे ।

–ठाणं. अ. ५, उ. ३, सु. ४५५

**અચેલત્વનું પ્રશસ્ત પરિણામ :**

૨૩૩૬. પાંચ સ્થાનથી અચેલક પ્રશસ્ત હોય છે, જેમ કે -

૧. એની પ્રતિલેખના અલ્પ હોય છે,
૨. એનું લાઘવ પ્રશસ્ત હોય છે,
૩. એનું રૂપ વિશ્વાસ યોગ્ય હોય છે,
૪. એનું તપ જિનાનુસાર હોય છે,
૫. એનો ઈન્દ્રિયનિગ્રહ વિશેષ હોય છે.

**७. अरइ परीसहे-**

२३३७. गामाणुगामं रीयंतं, अणगारं अकिंचणं ।
अरई अणुप्पविसे, तं तितिक्खे परीसहं ।।

**(૭) અરતિ-પરીષહ :**

૨૩૩૭. એક ગામથી બીજે ગામ વિચરતાં અકિંચન અણગારના મનમાં સંયમ પ્રતિ ક્યારેય અરતિ કે અરુચિ ઉત્પન્ન થાય તો તે પરીષહને સહન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अरइं पिट्ठओ किच्चा, विरए आयरक्खिए ।
धम्मारामे निरारम्भे, उवसन्ते मुणी चरे ।।
–उत्त. अ. २, गा. १६-१७

વિષયાસક્તિથી વિરક્ત રહેનાર, આત્મભાવની રક્ષા કરનાર, ધર્મમાં રમણ કરનાર, આરંભ-પ્રવૃત્તિથી દૂર રહેનાર નિરારંભી મુનિ અરતિનો પરિત્યાગ કરી ઉપશાંત ભાવથી વિચરે.

**८. इत्थी परीसहे-**

**(૮) સ્ત્રી-પરીષહ :**

२३३८. संगो एस मणुस्साणं, जाओ लोगंसि इत्थिओ ।
जस्स एया परिन्नाया, सुकडं तस्स सामण्णं ।।

૨૩૩૮. લોકમાં જે સ્ત્રીઓ છે તે પુરુષો માટે આસક્તિ છે. એમ જે જાણે છે તેનું શ્રમણપણું- સાધુત્વ સુકૃત અર્થાત્ સફળ થાય છે.

एवमादाय मेहावी, पंकभूया उ इत्थिओ ।
नो ताहिं विणिहन्नेज्जा, चरेज्जत्तगवेसए ।।
–उत्त. अ. २, गा. १८-१९

"બ્રહ્મચારી માટે સ્ત્રીઓ પંક-કીચડ સમાન છે". મેધાવી મુનિ આ વાતને સમજીને કોઈપણ પ્રકારે સંયમી જીવનનો વિનિઘાત ન થવા દે. પરંતુ આત્મસ્વરૂપની શોધમાં વિચરે.

जहा नई वेयरणी, दुत्तरा इह सम्मता ।
एवं लोगंसि नारीओ, दुत्तरा अमईमया ।।

જેમ તીવ્ર વેગથી વહેતી અને વિષમ તટવાળી વૈતરણી નદીને પાર કરવી બહુ જ કઠિન છે તેમ જ વિવેકહીન પુરુષો માટે સ્ત્રીઓ દુસ્તર છે.

जेहिं नारीण संजोगा, पूयणा पिट्ठओ कया ।
सव्वमेयं निराकिच्चा, ते ठित्ता सुसमाहिए ।।
–सूय. सु. १, अ. ३, उ. ४, गा. १६-१७

જે પુરુષો સ્ત્રીસંસર્ગ અને કામશ્રૃંગાર છોડી દે છે તે અનુકૂળ અને પ્રતિકૂળ સર્વ ઉપસર્ગોને જીતીને સંવરરૂપ સમાધિમાં સ્થિત થાય છે.

जे मातरं च पितरं च, विप्पजहाय पुव्वसंयोगं ।
एगे सहिते चरिस्सामि, आरतमेहुणे विविक्तेसी ।।

જે ભિક્ષુ માતા-પિતા વગેરેના પૂર્વ સંબંધને છોડીને એવું વિચારે છે કે - "હું એકલો આત્મસ્થ અને મૈથુન વર્જિત રહીને એકાંત સ્થાનમાં વિચરીશ".

सुहुमेण तं परक्कम्म, छन्नपदेण इत्थिओ मंदा ।
उवायं पि ताओ जाणिंसु, जह लिस्संति भिक्खुणो एगे ।।

અવિવેકી સ્ત્રીઓ છળથી તે સાધુની પાસે આવી કપટથી કે ગૂઢાર્થક શબ્દોથી ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. તે સ્ત્રીઓ એવા ઉપાયો પણ જાણે છે કે- જેથી કોઈ સાધુ તેમનો સંગ કરી બેસે છે.

पासे भिसं निसीयंति, अभिक्खणं पोसवत्थं परिहिंति ।
कायं अहे वि दंसेंति, बाहुमुद्धट्टु कक्खमणुव्वज्जे ।।

તે સ્ત્રીઓ સાધુની ઘણી નિકટ બેસે છે તથા કામને ઉત્પન્ન કરનાર સુંદર વસ્ત્રો ઢીલા કરી વારંવાર સંકોરે છે. શરીરનાં જંઘા આદિ અધોભાગને દેખાડે છે અને હાથ ઊંચો કરી કાંખ બતાવે છે.

सयणाऽऽसणेहिं जोग्गेहिं, इत्थीओ एगया निमंतेंति ।
एताणि चेव से जाणे, पासाणि विरूवरूवाणि ।।

ક્યારેક સ્ત્રીઓ એકાંતમાં પલંગ તથા ઉત્તમ આસન પર બેસવા સાધુને નિમંત્રણ આપે છે પરંતુ ભિક્ષુ તેને વિવિધ પ્રકારના પાશબંધન જાણી સ્વીકાર ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो तासु चक्खु संधेज्जा, नो वि य साहसं समभिजाणे ।
नो सद्धियं पि विहरेज्जा, एवमप्पा सुरक्खिओ होइ ।।

સાધુ તે સ્ત્રીઓ ઉપર દૃષ્ટિ ન કરે અને દુષ્કૃત્ય કરવાનો સ્વીકાર ન કરે. તેમની સાથે વિહાર ન કરે. આ પ્રમાણે સાધુનો આત્મા સુરક્ષિત રહે છે.

आमंतियं ओसवियं वा, भिक्खुं आयसा निमंतेति ।
एताणि चेव से जाणे, सद्दाणि विरूवरूवाणि ।।

સ્ત્રીઓ સાધુને સંકેત કરીને અને વાર્તાલાપ વડે વિશ્વાસ ઉત્પન્ન કરીને ભોગ ભોગવવા નિમંત્રણ આપે છે. પરંતુ સાધુ તે શબ્દોને વિવિધ પ્રકારનાં પાશબંધન સમજી સ્વીકાર ન કરે.

मणबंधणेहिं णेगेहिं, कलुणविणीयमुवगसित्ताणं ।
अदु मंजुलाइं भासंति, आणवयंति भिन्नकहाहिं ।।

સ્ત્રીઓ સાધુના ચિત્તને હરવા માટે અનેક ઉપાય કરે છે. તે કરુણ વાક્યો બોલીને વિનીતભાવ દેખાડી સાધુ પાસે આવે છે તથા મધુર ભાષણ કરીને કામ સંબંધી આલાપ દ્વારા સાધુને પોતાને વશ કરે છે.

सीहं जहा व कुणिमेणं, णिब्भयमेगचरं पासेणं ।
एवित्थिया उ बंधंति, संवुडं एगतियमणगारं ।।

જેમ શિકારી એકાકી નિર્ભય વિચરનાર સિંહને માંસનું પ્રલોભન આપી પાશમાં બાંધી લે છે. તે પ્રમાણે સ્ત્રીઓ સંવૃત્ત અણગારને પોતાની મોહજાળમાં ફસાવી દે છે.

अह तत्थ पुणो नमयंति, रहकारुव्व णेमिं आणुपुव्वीए ।
बद्धे मिए व पासेणं, फंदंते वि ण मुच्चती ताहे ।।

– सूय. सु. १, अ. ४, उ. १, गा. १-९

જેમ રથકાર પૈડાના આરાને અનુક્રમે નમાવે છે તે પ્રમાણે સ્ત્રીઓ સાધુને પોતાને વશ કરીને પોતાના ઈષ્ટ અર્થમાં ઝૂકાવી દે છે. જેમ પાશમાં બંધાયેલ મૃગ ઉછળવા કૂદવા છતાં પણ છૂટી શકતો નથી તેમ સાધુ પણ સ્ત્રીના પાશમાં બંધાયા પછી છૂટી શકતો નથી.

सुतमेयमेवमेगेसिं, इत्थीवेदे त्ति हु सुअक्खायं ।
एवं पि ता वदित्ताणं, अदुवा कम्मुणा अवकरेंति ।।

લોકશ્રુતિમાં સાંભળવામાં આવ્યું છે અને સ્ત્રીવેદ (કામશાસ્ત્ર) માં પણ કહ્યું છે કે-સ્ત્રીઓ "હવે હું આવું કરીશ નહિં". એવું બોલીને પણ અપકાર કરે છે.

अन्नं मणेण चिंतेंति, अन्नं वायाइ कम्मुणा अन्नं ।
तम्हा ण सद्दहे भिक्खु, बहुमायाओ इत्थिओ णच्चा ।।

સ્ત્રીઓ મનમાં બીજું વિચારે છે, વાણીથી બીજું કહે છે અને કાર્યમાં વળી બીજું જ કરે છે. માટે સાધુ ઘણી માયા કરનારી સ્ત્રીઓને જાણીને તેમના પર વિશ્વાસ ન કરે.

जुवती समणं बूया, चित्तलंकारवत्थगाणि परिहेत्ता ।
विरता चरिस्सहं लूहं, धम्ममाइक्खणे भयंतारो ।।

કોઈ યુવતી વિચિત્ર વસ્ત્રાલંકાર પહેરીને સાધુ પાસે આવીને કહે છે કે-"ભયથી બચાવનાર સાધુ! હું વિરક્ત બનીને સંયમ પાળીશ માટે મને ધર્મ કહો".

अदु साविया पवादेण, अहगं साधम्मिणी य समणाणं ।
जतुकुम्भे जहा उवज्जोती, संवासे विदू विसीएज्जा ।।

'અથવા હું શ્રાવિકા હોવાથી સાધુની સાધર્મિણી છું'. એવું કહીને સ્ત્રીઓ સાધુ પાસે આવે છે. જેમ અગ્નિ પાસે લાખનો ઘડો પીગળવા લાગે છે તે પ્રમાણે સ્ત્રી-સંસર્ગથી વિદ્વાન પુરુષ પણ સંયમથી શિથિલ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जतुकुम्भे जोतिमूवगूढे, आसुऽभितत्ते णासमुपयाति ।
एविस्थियाहिं अणगारा, संवासेण णासमुवयन्ति ।।

જેમ અગ્નિથી સ્પર્શાયેલો લાખનો ઘડો શીઘ્ર તપ્ત બનીને શીઘ્ર નષ્ટ થઈ જાય છે. તે પ્રમાણે અણગાર સ્ત્રીના સંસર્ગથી શીઘ્ર સંયમભ્રષ્ટ થઈ જાય છે.

कुव्वंति पावगं कम्मं, पुट्ठा वेगे एवमाहंसु ।
नाहं करेमि पावं ति, अंकेसाइणी ममेस त्ति ।।

કોઈ ભ્રષ્ટાચારી સાધુ પાપકર્મ કરે છે પણ આચાર્ય વગેરેના પૂછવા પર કહે છે કે- "હું પાપકર્મ કરતો નથી. આ સ્ત્રી તો બાળપણથી મારા ખોળામાં શયન કરનારી છે".

बालस्स मंदयं बितियं, जं च कडं अवजाणई भुज्जो ।
दुगुणं करेइ से पावं, पूयणकामए विसण्णेसी ।।

તે મૂર્ખની બીજી મૂર્ખતા એ છે કે-તે પાપકર્મ કરીને પાછો તેનો ઈન્કાર કરે છે. એ પ્રમાણે તે બમણું પાપ કરે છે. તે સંસારમાં પોતાની પૂજા ઈચ્છે છે અને અસંયમની ઈચ્છા કરે છે.

संलोकणिज्जमणगारं, आयगतं णिमंतणेणाऽऽहंसु ।
वत्थं व ताइ ! पायं वा, अन्न पाणगं पडिग्गाहे ।।

દેખાવમાં સુંદર આત્મજ્ઞાની સાધુને સ્ત્રીઓ આમંત્રણ આપીને કહે છે કે-"હે ભવસાગરથી રક્ષા કરનારા સાધક ! આપ આ વસ્ત્ર, પાત્ર, અન્ન અને પાન ગ્રહણ કરો".

णीवारमेय बुज्झेज्जा, णो इच्छे अगारमागंतुं ।
बद्धे ये विसयपासेहिं, मोहमागच्छती पुणो मंदे ।।
– सूय. सु. १, अ. ४, उ. १, गा. २३-३१

પૂર્વોક્ત પ્રકારના પ્રલોભનને સાધુ ભુંડને લલચાવનાર ચોખા વગેરે અન્નની સમાન જાણે. વિષયપાશમાં બંધાયેલો અજ્ઞાની પુરુષ મોહ પામે છે.

एयं खु तासु विण्णप्पं, संथवं संवासं च चएज्जा ।
तज्जातिया इमे कामा, वज्जकरा य एवमक्खाता ।।

ઉપરના દોષોને જાણીને "સ્ત્રીઓ સાથે પરિચય કે સહવાસ ન કરે. સ્ત્રી સંસર્ગથી ઉત્પન્ન થતાં કામભોગો પાપને ઉત્પન્ન કરનાર છે" એમ તીર્થંકર દેવોએ કહ્યું છે.

एवं भयं ण सेयाए,
इति से अप्पगं निरुम्भित्ता ।
णो इत्थिं णो पसुं भिक्खू,
णो सयं पाणिणा णिलिज्जेज्जा ।।

સ્ત્રી સંસર્ગથી પૂર્વોક્ત અનેક પ્રકારના ભય પ્રાપ્ત થાય છે. માટે સ્ત્રી સહવાસ કલ્યાણકારી નથી. તેથી સ્ત્રી તથા પશુનો શ્રમણ પોતાના હાથથી સ્પર્શ પણ ન કરે.

सुविसुद्धदलेस्से मेधावी, परकिरियं वज्जए णाणी ।
मणसा वयसा कायेणं, सव्वफाससहे अणगारे ।।

વિશુદ્ધ લેશ્યાવાન, સંયમની મર્યાદામાં સ્થિત જ્ઞાની સાધુ મન, વચન અને કાયાથી પરક્રિયાનો ત્યાગ કરે. જે સ્ત્રી સંબંધી પરીષહોને સહન કરે છે તે જ સાધુ છે.

इच्चेवमाहु से वीरे,
धूतरए धूयमोहे से भिक्खू ।
तम्हा अज्झत्थविसुद्धे,
सुविमुक्के आमोक्खाए परिव्वएज्जासि ।।
– सूय. सु. १, अ. ४, उ. २, गा. १९-२२

જેમણે સ્ત્રીસંપર્ક જનિત રજ અર્થાત્ કર્મોને દૂર કર્યા છે તથા જે રાગ દ્વેષથી રહિત છે તેવા વીર પ્રભુએ પૂર્વોક્ત વાત કહી છે. માટે નિર્મળ ચિત્તવાળા તેમજ સ્ત્રી સંપર્ક-વર્જિત સાધુ મોક્ષ પર્યન્ત સંયમના અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९. चरिया परीसहे-

२३३९. एग एव चरे लाढे, अभिभूय परीसहे ।
गामे वा नगरे वावि, निगमे वा रायहाणिए ।।

असमाणो चरे भिक्खू, नेव कुज्जा परिग्गहं ।
असंसत्तो गिहत्थेहिं, अणिएओ परिव्वए ।।
— उत्त. अ. २, गा. २०-२१

(૯) ચર્યા-પરીષહ :

૨૩૩૯. શુદ્ધ ચર્યાથી પ્રશંસિત મુનિ એકાકી જ પરીષહોને જીતી ગામ,નગર,નિગમ અથવા રાજધાનીમાં આસક્તિ રહિત થઈ વિચરણ કરે.

ભિક્ષુ ગૃહસ્થનો પરિચય રાખ્યા વગર વિચરે અને પરિગ્રહ ન રાખે, ગૃહસ્થોથી અનાસક્તપણે અને ગૃહબંધનથી રહિત થઈને વિચરે.

१०. णिसीहिया परीसहे-

२३४०. सुसाणे सुन्नगारे वा, रुक्ख-मूले व एगओ ।
अकुक्कुओ निसीएज्जा, न य वित्तासए परं ।।

तत्थ से चिट्ठमाणस्स, उवसग्गम्मि धारए ।
संकाभीओ न गच्छेज्जा, उट्ठेत्ता अन्नमासणं ।।
— उत्त. अ. २, गा. २२-२३

(૧૦) નિષદ્યા-પરીષહ :

૨૩૪૦. સ્મશાનમાં, સૂના ઘરમાં અને વૃક્ષના મૂળમાં એકાકી મુનિ અચપળ ભાવથી બેસે, આસપાસના અન્ય કોઈ પ્રાણીને કષ્ટ ન આપે.

ઉક્ત સ્થાનોમાં બેસતાં જો ક્યારે પણ કોઈ ઉપસર્ગ આવી જાય તો તેને સમભાવથી ધારણ કરે. પરંતુ અનિષ્ટની શંકાથી ભયભીત થઈ ત્યાંથી ઊઠી અન્ય સ્થાન પર ન જાય.

११. सेज्जा परीसहे-

२३४१. उच्चावयाहिं सेज्जाहिं, तवस्सी भिक्खु थामवं ।
नाइवेलं विहन्नेज्जा, पावदिट्ठी विहन्नई ।।

पइरिक्कुवस्सयं लद्धुं, कल्लाणं अदुव पावगं ।
किमेगरायं करिस्सइ, एवं तत्थ हियासए ।।
—उत्त. अ. २, गा. २४-२५

(૧૧) શય્યા-પરીષહ :

૨૩૪૧. ઊંચી-નીચી અથવા સારી તથા ખરાબ શય્યાના કારણે તપસ્વી અને સક્ષમ ભિક્ષુ, સંયમ-મર્યાદાનો ભંગ ન કરે અથવા હર્ષ-શોક ન કરે, પાપ દૃષ્ટિવાળા સાધુ જ હર્ષ-શોકથી અભિભૂત થઈ મર્યાદાને તોડે છે.

સ્ત્રી-પશુ વગેરેથી રહિત એકાંત ઉપાશ્રય મેળવી ભલે તે સારો હોય કે ખરાબ, તેમાં મુનિએ સમભાવથી વિચાર કરી રહેવું જોઈએ કે 'આ એક રાતમાં શું થવાનું છે ? અથવા 'આથી મને શું સુખ દુઃખ થઈ જવાનું છે?'

१२. अक्कोस परीसहे-

२३४२. अक्कोसेज्ज परो भिक्खुं, न तेसिं पडिसंजले ।
सरिसो होइ बालाणं, तम्हा भिक्खू न संजले ।।

सोच्चाणं फरुसा भासा, दारुणा गाम-कण्टगा ।
तुसिणीओ उवेहेज्जा, न ताओ मणसीकरे ।।
—उत्त. अ. २, गा. २६-२७

अप्पेगे पडिभासन्ति, पाडिपंथियमागता ।
पडियारगया एते, जे एते एवजीविणो ।।

(૧૨) આક્રોશ-પરીષહ :

૨૩૪૨. જો કોઈ ભિક્ષુને ગાળ આપે તો તેના પ્રતિ ક્રોધ ન કરે. ક્રોધ કરનાર અજ્ઞાનીઓ જેવા હોય છે એટલે ભિક્ષુ આક્રોશકાળમાં સંજવલિત ન થાય, અર્થાત્ ક્રોધિત ન થાય.

દારુણ ગ્રામકંટક (કાંટા)ની જેમ ભોંકાય તેવી કઠોર ભાષાને સાંભળીને મુનિ મૌન રહીને ઉપેક્ષા કરે, તેને મનમાં પણ ન લાવે.

કોઈ સાધુના દ્વેષી પુરુષ સાધુને જોઈને કહે છે કે- "ભિક્ષા માગીને જીવનનિર્વાહ કરનારા આ લોકો પોતાના પૂર્વ કર્મના ફળ ભોગવે છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पेगे वइं जुंजंति, नगिणा पिंडोलगाहमा ।
मुंडा कंडूविणट्ठगा, उज्जल्ला असमाहिया ।।

ઘણા લોકો સાધુને જોઈને એવા વચનનો પ્રયોગ કરે છે - "આ નગ્ન છે, પરપિંડપ્રાર્થી છે, મુંડિત છે, ખસના રોગથી તેના અંગો સડી ગયા છે, ગંદા છે, અશોભનીય છે અને અસમાધિ ઉત્પન્ન કરનાર છે."

एवं विप्पडिवण्णेगे, अप्पणा तु अजाणगा ।
तमाओ ते तमं जंति, मंदा मोहेण पाउडा ।।
–सूय. सु. १, अ. ३, उ. १, गा. ९-११

આ પ્રમાણે સાધુનો અને સન્માર્ગનો દ્વેષ કરનાર સ્વયં અજ્ઞાની, મોહથી આવૃત્ત થયેલ મૂર્ખ પુરુષ અંધકારથી નીકળી ફરી અંધકારમાં જાય છે. એટલે કે કુમાર્ગગામી થાય છે. એવો વિચાર કરી સાધુ તેના પર દ્વેષ ન કરે, સમભાવ રાખે.

तमेगे परिभासंति, भिक्खुयं साहुजीविणं ।
जे ते उ परिभासंति, अन्तए ते समाहिए ।।

સંયમજીવી સાધુના વિષયમાં કેટલાક લોકો આક્ષેપ વચનો કહે છે. પરંતુ આક્ષેપ કરનારાઓ સમાધિથી દૂર રહે છે.

संबद्ध-समकप्पा हु, अन्नमन्नेसु मुच्छित्ता ।
पिंडवायं गिलाणस्स, जं सारेह दलाह य ।।

તેઓ કહે છે- ' તમારો વ્યવહાર ગૃહસ્થ સમાન છે. તમે પણ પરસ્પર આસક્ત છો. કારણ કે બીમાર સાધુ માટે આહાર લાવીને આપો છો.'

एवं तुब्भे सरागत्था, अन्नमन्नमणुव्वसा ।
नट्ठ-सप्पह-सब्भावा, संसारस्स अपारगा ।।
–सूय. सु. १, अ. ३, उ. ३, गा. ८-१०

'આ પ્રમાણે તમે રાગથી યુક્ત છો અને પરસ્પર એકબીજાને આધીન છો, તેથી તમે સન્માર્ગથી તથા સદ્ભાવથી રહિત છો. માટે તમે સંસારને પાર કરી શકો તેમ નથી.'

एते सद्दे अचायन्ता, गामेसु नगरेसु वा ।
तत्थ मंदा विसीयन्ति, संगामंसि व भीरुणो ।।
–सूय. सु. १, अ. ३, उ. १, गा. ७

જેમ કાયર પુરુષ સંગ્રામમાં વિષાદને પ્રાપ્ત કરે છે તેમ ગામ અથવા નગરમાં રહેલ પૂર્વોક્ત શબ્દો સહન કરવામાં અસમર્થ મંદમતિ પ્રવ્રજિત સાધક પણ વિષાદને પામે છે.

सक्का सहेउं आसाए कंटया,
अओमया उच्छहया नरेणं ।
अणासए जो उ सहेज्ज कंटए,
वईमए कण्णसरे स पुज्जो ।।

મનુષ્ય દ્રવ્ય પ્રાપ્તિની આશાથી લોઢાના કંટકોને કદાચ સહન કરે છે, પણ જે સાધુ કાનોમાં બાણ જેવા તીક્ષ્ણ વચનરૂપ કંટકોને કોઈપણ જાતની આશા વિના સહન કરે છે, તે જ સાધુ પૂજ્ય બને છે.

मुहुत्तदुक्खा हु हवंति कंटया,
अओमया ते वि तओ सुउद्धरा ।
वायादुरुत्ताणि दुरुद्धराणि,
वेराणुबंधीणि महब्भयाणि ।।

લોહમય કંટક તો અલ્પકાળ સુધી જ દુઃખ દેનારા હોય છે અને પછી શરીરમાંથી સુખપૂર્વક કાઢી શકાય છે. પરંતુ કટુ વચન રૂપી કંટક સહજતાથી કાઢી શકાતા નથી, વૈરભાવનો બંધ કરાવનાર છે તથા મહાભયકારી છે.

समावयंता वयणाभिधाया,
कण्णंगया दुम्मणियं जणंति ।
धम्मो त्ति किच्चा परमग्गसूरे,
जिइंदिए जो सहई स पुज्जो ।।
–दस. अ. ९, उ. ३, गा. ६-८

સામે આવેલા કઠિન વચન રૂપી પ્રહાર કર્ણેન્દ્રિયમાં પ્રવેશતા જ દૌર્મનસ્ય ભાવને ઉત્પન્ન કરે છે. જે વીર પુરુષોના પરમાગ્રણી ઈન્દ્રિયોને જીતનારા તે વચનના પ્રહારોને સહન કરે છે તે જ પરમ પૂજ્ય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१३. वइ परीसहे-**

२३४३. हओ न संजले भिक्खू, मणं पि न पओसए ।
तितिक्खं परमं नच्चा, भिक्खू धम्मं विचिंतए ।।

समणं संजयं दन्तं, हणेज्जा कोइ कत्थई ।
नत्थि जीवस्स नासु त्ति, एवं पेहेज्ज संजए ।।

–उत्त. अ. २, गा. २८-२९

अप्पेगे झुंझुयं भिक्खुं, सुणी दंसति लूसए ।
तत्थ मंदा विसीयन्ति, तेउपुट्ठा व पाणिणो ।।

–सूय. सु. १, अ. ३, उ. १, गा. ८

आयदण्डसमायारा, मिच्छासंठिय भावणा ।
हरिसप्पदोससमावण्णा, केइय लूसंतिऽणारिया ।।

अप्पेगे पलियंतंसि, चारो चोरोत्ति सुव्वयं ।
बंधंति भिक्खुयं बाला, कसायवयणेहि य ।।

तत्थ दंडेण संवीते, मुट्ठिणा अदु फलेण वा ।
णातीणं सरती बाले, इत्थी वा कुद्धगामिणी ।।

–सूय. सु. १, अ. ३, उ. १, गा. १४-१६

हम्ममाणो न कुप्पेज्जा, वुच्चमाणो न संजले ।
सुमणो अहियासेज्जा, ण य कोलाहलं करे ।।

–सूय. सु. १, अ. ९, गा. ३१

**१४. जायणा परीसहे-**

२३४४. दुक्करं खलु भो निच्चं, अणगारस्स भिक्खुणो ।
सव्वं से जाइयं होइ, नत्थि किंचि अजाइयं ।।

गोयरग्गपविट्ठस्स, पाणी नो सुप्पसारए ।
सेओ अगार-वासुत्ति, इह भिक्खु न चिन्तए ।।

–उत्त. अ. २, गा. ३०-३१

**(१३) વધ-પરીષહ :**

૨૩૪૩. મારવાથી, પીટવાથી પણ ભિક્ષુ ક્રોધ ન કરે અને બીજી દુર્ભાવનાઓથી મનને પણ દૂષિત ન કરે. તિતિક્ષા-ક્ષમાને સાધનાનું શ્રેષ્ઠ અંગ જાણી મુનિ ધર્મનું ચિંતન કરે.

સંયત અને દાન્ત-શ્રમણને જો કોઈ ક્યાંય મારે તો તેણે એમ ચિંતન કરવું જોઈએ કે "આત્માનો નાશ થવાનો નથી."

ભિક્ષાર્થે ભ્રમણ કરતા સાધુને કોઈ ક્રૂર કૂતરા વગેરે પ્રાણી કરડે તો તે વખતે મંદ સાધક અગ્નિથી દાઝેલા ગભરાયેલા પ્રાણીની જેમ દુઃખી બની જાય છે.

આત્મા દંડનો ભાગી થાય એવા આચારનું સેવન કરનાર, મિથ્યાત્વના કારણે વિપરીત ચિત્ત વૃત્તિવાળા તથા રાગ દ્વેષથી યુક્ત કોઈ અનાર્ય મનુષ્ય સાધુને પીડા પહોંચાડે છે.

કોઈ અનાર્ય દેશના સીમા પર વિચરનાર સુવ્રતધારી સાધુને "આ જાસુસ છે. ચોર છે" એમ કહીને દોરી આદિથી બાંધી દે છે અને કઠોર વચન કહીને હેરાન કરે છે.

ત્યાં લાકડીથી, મુઠ્ઠીથી, થપ્પડથી મારે છે, ત્યારે અજ્ઞાની સાધક જ્ઞાતિજનોને યાદ કરે છે જેમ ક્રોધિત થઈ ઘરેથી નીકળી જનાર સ્ત્રી કષ્ટ આવવા પર જ્ઞાતિજનોને યાદ કરે છે.

સાધુને કોઈ લાકડી અથવા મુઠ્ઠી આદિથી મારે અથવા કઠોર વચન કહે તો તેના ઉપર ક્રોધ ન કરે, કોઈ ગાળ આપે તો હૃદયમાં બળે નહી. પ્રસન્નતાપૂર્વક બધુ સહન કરે, કોલાહલ પણ ન કરે.

**(૧૪) યાચના પરીષહ :**

૨૩૪૪. વાસ્તવમાં અણગાર ભિક્ષુની આ ચર્યા હંમેશા દુષ્કર જ હોય છે, કારણ કે તેને બધું યાચનાથી મળે છે, તેની પાસે કંઈ પણ અયાચિત હોતું નથી.

ગોચરી માટે ઘરમાં પ્રવિષ્ટ સાધુને ગૃહસ્થની સામે હાથ લાંબો કરવો તે સરળ નથી. માટે "ગૃહવાસ જ શ્રેષ્ઠ છે." એવું મુનિ ચિંતન ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सया दत्तेसणा दुक्खं, जायणा दुप्पणोल्लिया ।
कम्मत्ता दुब्भगा चेव, इच्चाहंसु पुढो जणा ।।

–सूय. सु. १, अ. ३, उ. १, गा. ६

બીજા વડે અપાતી વસ્તુની જ એષણા કરવાનું દુઃસહ છે. સાધારણ અજ્ઞાની મનુષ્ય પણ ભિક્ષા માટે ફરતાં સાધુઓને જોઈને કહે છે- "આ દુર્ભાગી પોતાના પૂર્વકૃત કર્મનું ફળ ભોગવે છે."

१५. अलाभ परीसहे-

२३४५. परेसु घासमेसेज्जा, भोयणे परिणिट्ठिय ।
लद्धे पिण्डे अलद्धे वा, नाणुतप्पेज्ज संजए ।।

अज्जेवाहं न लब्भामि, अवि लाभो सुए सिया ।
जो एवं पडिसंचक्खे, अलाभो तं न तज्जए ।।

–उत्त. अ. २, गा. ३२-३३

(૧૫) અલાભ-પરીષહ :

૨૩૪૫. ગૃહસ્થોના ઘરોમાં ભોજન તૈયાર થઈ જવાથી આહારની એષણા કરે. આહાર થોડો મળે અથવા ક્યારેક ન મળે, પણ સંયમી મુનિ તેના માટે અનુતાપ ન કરે.

"આજે મને કંઈ મળ્યું નહીં, સંભવ છે કે કાલ મળી જાય'- જે એમ વિચાર કરે તેને અલાભ કષ્ટ દેતો નથી.

१६. रोग परीसहे-

२३४६. नच्चा उप्पइयं दुक्खं, वेयमाणे दुहट्टिए ।
अदीणो ठावए पन्नं, पुट्ठो तत्थहियासए ।।

तेगिच्छं नाभिनन्देज्जा, संचिक्खऽत्तगवेसए ।
एवं खु तस्स सामण्णं, जं न कुज्जा न कारवे ।।

–उत्त. अ. २, गा. ३४-३५

(૧૬) રોગ-પરીષહ :

૨૩૪૬. "કર્મોના ઉદયથી રોગ ઉત્પન્ન થાય છે. એવું જાણી વેદનાથી પીડિત થવાથી પણ દીન ન બને, વ્યાધિથી વિચલિત પ્રજ્ઞાને સ્થિર રાખે અને પ્રાપ્ત પીડાને સમભાવથી સહન કરે.

આત્મગવેષક મુનિ ચિકિત્સાનું અનુમોદન ન કરે, સમાધિપૂર્વક રહે. એ જ એનું સાધુપણું છે કે તેને રોગ ઉત્પન્ન થવાથી ચિકિત્સા ન કરે, ન કરાવે.

१७. तणफास परीसहे-

२३४७. अचेलगस्स लूहस्स, संजयस्स तवस्सिणो ।
तणेसु सयमाणस्स, होज्जा-गाय-विराहणा ।।
आयवस्स निवाएणं, अउला हवइ वेयणा ।
एवं नच्चा न सेवन्ति, तन्तुजं तण-तज्जिया ।।

–उत्त. अ. २, गा. ३६-३७

(૧૭) તૃણ-સ્પર્શ-પરીષહ :

૨૩૪૭. અચેલક અને રુક્ષશરીરી સંયત તપસ્વી સાધુને ઘાસ પર સૂવાથી શરીરને કષ્ટ થાય છે.

ગરમી પડવાથી બહુ વેદના થાય છે. એમ જાણીને પણ તૃણ-સ્પર્શથી પીડિત મુનિ વસ્ત્ર ધારણ કરતા નથી.

१८. जल्ल परीसहे-

२३४८. किलिन्नगाए मेहावी, पंकेण व रएण वा ।
घिंसु वा परितावेणं, सायं नो परिदेवए ।।

वेएज्ज निज्जरा-पेही, आरियं धम्मऽणुत्तरं ।
जाव सरीरभेदो त्ति, जल्लं काएण धारए ।।

–उत्त. अ. २, गा. ३८-३९

(૧૮) જલ-પરીષહ :

૨૩૪૮. ગ્રીષ્મ ઋતુમાં મેલથી, રજથી અથવા તાપથી શરીર લિપ્ત થઈ જવાથી મેધાવી મુનિ સુખ માટે વિલાપ ન કરે.

નિર્જરાર્થી મુનિ અનુત્તર આર્ય ધર્મને મેળવીને શરીર-વિનાશની અંતિમ ક્ષણો સુધી શરીર પર મેલને રહેવા દે અને તેને સમભાવથી સહન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१९. सक्कार पुरक्कार परीसहे-**

२३४९. अभिवायणमब्भुट्ठाणं, सामी कुज्जा निमन्तणं ।
जे ताइं पडिसेवन्ति, न तेसिं पीहए मुणी ।।

अणुक्कसाई अप्पिच्छे, अन्नाएसी अलोलुए ।
रसेसु नाणुगिज्झेज्जा, नाणुतप्पेज्ज पन्नवं ।।

—उत्त. अ. २, गा. ४०-४१

**(૧૯) સત્કાર-પુરસ્કાર-પરીષહ :**

૨૩૪૯. રાજા દ્વારા કે શાસક વર્ગીય લોકો દ્વારા કરેલા અભિવાદન, સત્કાર અને નિમંત્રણને જે કોઈ અન્ય ભિક્ષુ સ્વીકાર કરે છે તેની મુનિ સ્પૃહા ન રાખે.

નિરહંકારની વૃત્તિવાળા, અલ્પ ઈચ્છાવાળા, અજ્ઞાત કુળોથી ભિક્ષા લેનાર, અલોલુપ ભિક્ષુ રસોમાં આસક્ત ન બને. પ્રજ્ઞાવાન્ સાધુ બીજાને સમ્માન મળતું જોઈ અનુતાપ ન કરે.

**२०. पण्णा परीसहे-**

२३५०. से नूणं पुव्विं कम्माऽणाणफला कडा ।
जेणाहं नाभिजाणामि, पुट्ठो केणइ कण्हुई ।।

अह पच्छा उइज्जन्ति, कम्मा णाणफला कडा ।
एवमस्सासि अप्पाणं, नच्चा कम्म-विवागयं ।।

—उत्त. अ. २, गा. ४२-४३

**(૨૦) પ્રજ્ઞા-પરીષહ :**

૨૩૫૦. મેં ખરેખર પૂર્વકાળમાં અજ્ઞાનરૂપ ફળ આપનાર અપકર્મ કર્યા છે. જેનાથી હું કોઈ દ્વારા કોઈપણ વિષયમાં પૂછવાથી કંઈપણ ઉત્તર દેવામાં સમર્થ નથી.

"અજ્ઞાનરૂપ ફળ આપનાર પૂર્વકૃત કર્મ પરિપકવ થવાથી ઉદયમાં આવે છે." આ પ્રકારે કર્મના વિપાકને જાણી મુનિ પોતાને આશ્વાસન આપે.

**२१. अन्नाण परीसहे-**

२३५१. निरट्ठगम्मि विरओ, मेहुणाओ सुसंवुडो ।
जो सक्खं नाभिजाणामि, धम्मं कल्लाण पावगं ।।

तवोवहाणमादाय, पडिमं पडिवज्जओ ।
एवं पि विहरओ मे, छउमं न नियट्टई ।।

—उत्त. अ. २, गा. ४४-४५

**(૨૧) અજ્ઞાન-પરીષહ :**

૨૩૫૧. "હું વ્યર્થમાં જ મૈથુનાદિ સાંસારિક સુખોથી વિરકત થયો. ઈન્દ્રિય અને મનનું સંવરણ કર્યું. કારણ કે ધર્મ કલ્યાણકારી છે કે પાપકારી છે - આ હું પ્રત્યક્ષ તો કંઈ જોઈ શકતો નથી". (એવું મુનિ ન વિચારે.)

"તપ અને ઉપધાનને સ્વીકાર કરું છું, પ્રતિમાઓનું પણ પાલન કરી રહ્યો છું. આ પ્રકારે વિશિષ્ટ સાધનાપથ પર વિચરવા છતાં મારા જ્ઞાનાવરણાદિ કર્મોનાં આવરણો દૂર થતાં નથી". એવું ચિંતન ન કરે.

**२२. दंसण परीसहे-**

२३५२. नत्थि नूणं परे लोए, इड्ढी वावि तवस्सिणो ।
अदुवा वंचिओ मि त्ति, इइ भिक्खू न चिन्तए ।।
अभू जिणा अत्थि जिणा, अदुवा वि भविस्सई ।
मुसं ते एवमाहंसु, इइ भिक्खू न चिन्तए ।।

— उत्त. अ. २, गा. ४६-४७

**(૨૨) દર્શન-પરીષહ :**

૨૩૫૨. "નિશ્ચયથી જ પરલોક નથી, તપસ્વીની ઋધ્ધિ પણ નથી અથવા હું તો ધર્મનાં નામ પર ઠગાઈ ગયો છું". એવું ભિક્ષુ ચિંતન ન કરે.

"પૂર્વકાળમાં જિન થયા હતા, વર્તમાનમાં જિન છે. અને ભવિષ્યમાં જિન થશે એવું જે કહે છે તે ખોટું બોલે છે" - ભિક્ષુ એવું ચિંતન ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सव्व परीसहजय निद्देसो-**

२३५३. एए परीसहा सव्वे, कासवेण पवेइया ।
जे भिक्खू न विहन्नेज्जा, पुट्ठो केणइ कण्हुई ।।

—उत्त. अ. २, गा. ४८

**બધા પરીષહ જીતવાનો નિર્દેશ :**

૨૩૫૩. કાશ્યપ-ગોત્રીય ભગવાન મહાવીરે આ બધા પરીષહોનું પ્રરૂપણ કર્યું છે. તેમને જાણી ક્યાંય કોઈપણ પરીષહથી આક્રાન્ત થવા છતાં ભિક્ષુ તેનાથી પરાજિત ન થાય.

**परीसह अपराजिओ मुणी-**

२३५४. उट्ठियमणगारमेसणं समणं ठाणठियं तवस्सिणं ।
डहरा वुड्ढा य पत्थए, अवि सुस्से ण य तं लभे जणा ।।

जइ कालुणियाणि कासिया,
जइ रोवंति व पुत्तकारणा ।
दवियं भिक्खुं समुट्ठितं,
णो लब्भति ण संठवित्तए ।।

जइ वि य कामेहिं लाविया,
जइ णेज्जाहि ण बंधिउं घरं ।
जइ जीविय णावकंखए,
णो लब्भंति ण संठवित्तए ।।

—सूय. सु. १, अ. २, उ. १, गा. १६-१८

**પરીષહોથી અપરાજિત મુનિ :**

૨૩૫૪. ગૃહરહિત,એષણાનું પાલન કરવામાં તત્પર, સંયમધારી તપસ્વી સાધુ પાસે આવી તેમના પુત્ર-પૌત્ર, માતા-પિતા વગેરે દીક્ષા છોડી દેવાનું કહે તેમજ ગૃહવાસમાં રહેવાની પ્રાર્થના કરતાં કરતાં થાકી જાય તો પણ સાધુ સ્નેહીજનોને આધીન ન થાય.

સાધુના માતા-પિતા વગેરે તેમની પાસે આવી કરુણાજનક વચન બોલે અથવા પુત્ર માટે રૂદન કરે તો પણ સંયમ પાલન કરવામાં તત્પર તે સાધુને તેઓ ડગાવી શકતા નથી, તેમજ ગૃહવાસમાં સ્થાપિત કરી શકતા નથી.

સાધુના સંબંધીઓ સાધુને વિષયભોગનું પ્રલોભન આપે અથવા તેને બાંધીને ઘરે લઈ જાય પણ જો તે સાધુ અસંયમી જીવનની ઈચ્છા ન કરતો હોય તો તેઓ તેમને વશ કરી શકતા નથી અને ગૃહસ્થ ભાવમાં પણ સ્થાપિત કરી શકતા નથી.

**परीसहपराजिओ मुणी-**

२३५५. सेहंति य णं ममाइणो,
माया पिया य सुता य भारिया ।
पोसाहि णे पासओ तुमं,
लोयं परं पि जहाहि पोसणे ।।

अन्ने अन्नेहिं मुच्छित्ता,
मोहं जंति नरा असंवुडा ।
विसमं विसमेहिं गाहिया,
ते पावेहिं पुणो पगब्भिता ।।

—सूय. सु. १, अ. २, उ. १, गा. १९-२०

**પરીષહોથી પરાજિત મુનિ :**

૨૩૫૫. સાધુને પોતાના પુત્ર,માતા,પિતા,પત્ની વગેરે શિક્ષા આપે છે અને કહે છે - "હે પુત્ર ! તું ઘણો સમજદાર છે માટે અમારું પાલન કર, અમને છોડીને તું પરલોક પણ બગાડી રહ્યો છે, માટે અમારું પાલન કર".

કોઈ કોઈ કાયર પુરુષો સંબંધીજનોના ઉપદેશથી (માતા, પિતા, પુત્ર વગેરેમાં) મૂર્ચ્છિત બની મોહને વશ બને છે. તેઓ અસંયમી પુરુષો દ્વારા અસંયમને ગ્રહણ કરી ફરી પાપકારી કાર્ય કરવામાં લાગી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संतत्ता केसलोएणं, बंभचेरपराजिया ।
तत्थ मंदा विसीयन्ति, मच्छा पविट्ठा व केयणे ।।
—सूय. सु. १, अ. ३, उ. १, गा. १३

કેશલોચથી સંતપ્ત અને કામવિકારથી પરાજિત મૂર્ખ પુરુષ દીક્ષા ધારણ કરીને એવો દુઃખી થાય છે, જેમ જાળમાં ફસાયેલી માછલી દુઃખી થાય છે.

**परीसहसहगो भिक्खू-**

**પરીષહ સહન કરનાર ભિક્ષુ :**

२३५६. से गिहेसु वा, गिहंतरेसु वा, गामेसु वा, गामंतरेसु वा, णगरेसु वा, णगरंतरेसु वा, जणवएसु वा, जणवयंतरेसु वा, संतेगतिया जणा लूसगा भवंति अदुवा फासा फुसंति । ते फासे पुट्ठो धीरो अहियासए ओए समितदंसणे ।
—आ. सु. १, अ. ६, उ. ५, सु. १९६

૨૩૫૬. મુનિને ઘરોમાં, ગામોમાં અથવા ગામોની આસપાસમાં, નગરીમાં, નગરીઓના અંતરાળમાં, જનપદોમાં, જનપદોના અંતરાળમાં, કોઈ કોઈ દ્વેષી મનુષ્ય ઉપસર્ગ કરે અથવા અન્ય કોઈપણ પ્રકારનું સંકટ આવી જાય તો સમદ્રષ્ટિ સાધક સમભાવપૂર્વક તેને સહન કરે.

जो सहइ हु गामकंटए,
अक्कोस पहार-तज्जणाओ य ।
भय-भेरवसद्दसप्पहासे,
समसुह-दुक्खसहे य जे स भिक्खू ।।

જે ઈન્દ્રિયોને કંટક સમાન દુઃખ ઉત્પન્ન કરનાર (૧) આક્રોશમય વચનોને, (૨) પ્રહારોને તર્જનાઓને અને (૪) વૈતાલાદિના અત્યંત ભયાનક શબ્દયુક્ત અટ્ટહાસ્યાદિને સહન કરે છે તથા સુખ અને દુઃખમાં સમભાવ રાખી સહન કરે છે- તે ભિક્ષુ છે.

पडिमं पडिवज्जिया मसाणे,
नो भीयए भयभेरवाइं दिस्स ।
विविहगुणतवोरए य निच्चं,
न सरीरं चाभिकंखए जे स भिक्खू ।।

જે શ્મશાનમાં પ્રતિમા અંગીકાર કરીને ત્યાં અત્યંત ભયાનક દ્રશ્ય જોઈને ભયભીત થતો નથી, જે વિવિધ ગુણો અને તપોમાં રત રહે છે અને જે શરીરની પણ મમતા કરતો નથી- તે જ ભિક્ષુ છે.

असइं वोसट्ठचत्तदेहे,
अक्कुट्ठे व हए व लूसिए वा ।
पुढवि समे मुणी हवेज्जा,
अनियाणे अकोउहल्ले य जे स भिक्खू ।।

જે મુનિ વારંવાર દેહનો વ્યુત્સર્ગ અને ત્યાગ કરે છે, કોઈનાં દ્વારા આક્રોશ વચન કહેવા પર, માર મારવા અથવા કષ્ટ આપવા પર પૃથ્વી સમાન ક્ષમાશીલ બની રહે છે, નિદાન કરતો નથી અને કુતુહલવૃત્તિ રહિત છે- તે ભિક્ષુ છે.

अभिभूय काएण परीसहाइं,
समुद्धरे जाइपहाओ अप्पयं ।
विइत्तु जाइमरणं महब्भयं,
तवे रए सामणिए जे स भिक्खू ।।
—दस. अ. १०, गा. ११-१४

જે શરીરથી પરીષહોને જીતીને પોતાના આત્માનો જન્મ-મરણના પથમાંથી ઉદ્ધાર કરે છે તથા જન્મ મરણ રૂપ સંસારના મૂળને મહાભયકારી જાણીને શ્રામણ્યમાં તથા તપમાં રત રહે છે- તે જ ભિક્ષુ છે.

अणुस्सुओ उरालेसु, जयमाणो परिव्वए ।
चरियाए अप्पमत्तो, पुट्ठो तत्थऽहियासए ।।
—सूय. सु. १, अ. ९, गा. ३०

સાધુ મનોહર શબ્દાદિ વિષયોમાં ઉત્સુક ન થાય. પરંતુ યતનાપૂર્વક સંયમનું પાલન કરે, ભિક્ષાચરી તથા વિહાર વગેરેમાં પ્રમાદ ન કરે, તેમજ ઉપસર્ગ તથા પરીષહોની પીડા થવા પર સમભાવથી સહન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एते भो कसिणा फासा, फरुसा दुरहियासया ।

हत्थी वा सरसंवीता, कीवाऽवसगता गिहं ।।

—सूय. सु. १, अ. ३, उ. १, गा. १७

હે શિષ્યો ! પૂર્વોક્ત કઠોર અને દુઃસહ પરીસહોથી પીડિત થઈ અસમર્થ સાધુ સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે- જેમ બાણોથી વિંધાયેલ હાથી સંગ્રામમાંથી ભાગી જાય છે.

परीसहजयफलं-

२३५७. खुहं पिवासं दुस्सेज्जं, सीउण्हं अरई भयं ।

अहियासे अव्वहिओ, देहे दुक्खं महाफलं ।।

—दस. अ. ८, गा. २७

પરીષહજયનું ફળ :

૨૩૫૭. ભૂખ, પિપાસા, દુઃશય્યા, ઠંડી અને ગરમી, અરતિ તથા ભયને દીન ભાવથી રહિત સાધુ સમભાવે સહન કરે, કારણ કે સમભાવથી સહન કરેલાં શારીરિક દુઃખ મોક્ષરૂપ મહાફળદાયક હોય છે.

## ઉપસર્ગ-જય-૨

अणेगविहा उवसग्गा-

२३५८. चउव्विहा उवसग्गा पण्णत्ता, तं जहा-

१. दिव्वा,

२. माणुसा,

३. तिरिक्खजोणिया,

४. आयसंचेयणिज्जा ।

—ठाणं. अ. ४, उ. ४, सु. ३६१ (१)

અનેક પ્રકારના ઉપસર્ગો :

૨૩૫૮. ઉપસર્ગ ચાર પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

(૧) દેવકૃત ઉપસર્ગ,

(૨) મનુષ્યકૃત ઉપસર્ગ,

(૩) તિર્યંચકૃત ઉપસર્ગ,

(૪) સ્વકૃત ઉપસર્ગ.

दिव्वा उवसग्गा-

२३५९. दिव्वा उवसग्गा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. हासा,

२. पओसा,

३. वीमंसा,

४. पुढोवेमाया ।

—ठाणं. अ. ४, उ. ४, सु. ३६१ (२)

દેવકૃત ઉપસર્ગ :

૨૩૫૯. દેવકૃત ઉપસર્ગનાં ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે-

(૧) કુતૂહલ વશ કરેલ ઉપસર્ગ,

(૨) પૂર્વભવનાં વેરથી કરેલ ઉપસર્ગ,

(૩) પરીક્ષા માટે કરેલ ઉપસર્ગ,

(૪) દ્વેષ આદિ કારણોથી કરેલ ઉપસર્ગ.

माणुसा उवसग्गा-

२३६०. माणुसा उवसग्गा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. हासा,

२. पओसा,

३. वीमंसा,

४. कुसील पडिसेवणया ।

—ठाणं. अ. ४, उ. ४, सु. ३६१ (३)

માનવકૃત ઉપસર્ગ :

૨૩૬૦. માનવકૃત ઉપસર્ગનાં ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે-

(૧) હાસ્યથી કરેલ ઉપસર્ગ,

(૨) દ્વેષથી કરેલ ઉપસર્ગ,

(૩) પરીક્ષાર્થે કરેલ ઉપસર્ગ,

(૪) કુશીલસેવન માટે કરેલ ઉપસર્ગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तिरिक्खजोणिया उवसग्गा-**

२३६१. तिरिक्खजोणिया उवसग्गा चउव्विहा पण्णत्ता, तं जहा–

१. भया,

२. पदोसा,

३. आहारहेउं,

४. अवच्च-लेण सारक्खणया ।

–ठाणं. अ. ४, उ. ४, सु. ३६१ (४)

**તિર્યંચકૃત ઉપસર્ગ :**

૨૩૬૧. તિર્યંચકૃત ઉપસર્ગનાં ચાર પ્રકાર કહ્યાં છે, જેમ કે-

(૧) ભયથી કરેલ ઉપસર્ગ,

(૨) દ્વેષથી કરેલ ઉપસર્ગ,

(૩) આહાર માટે કરેલ ઉપસર્ગ,

(૪) પોતાના બાળકો કે નિવાસસ્થાનની રક્ષા માટે કરેલ ઉપસર્ગ.

**अविवेगुब्भुया उवसग्गा-**

२३६२. आयसंचेयणिज्जा उवसग्गा चउव्विहा पण्णत्ता, तं जहा–

१. घट्टणता,

२. पवडणता,

३. थंभणता,

४. लेसणता ।

–ठाणं. अ. ४, उ. ४, सु. ३६१ (५)

**અવિવેકથી ઉત્પન્ન ઉપસર્ગ :**

૨૩૬૨. સ્વકૃત ઉપસર્ગ ચાર પ્રકારનાં કહ્યાં છે, જેમ કે-

(૧) આંખમાં રજ જવાથી તથા મસળવાથી થનાર કષ્ટ,

(૨) અવિવેકથી ચાલતાં કે પડી જતાં થનાર કષ્ટ,

(૩) હાથ-પગ શૂન્ય થવાથી થનાર કષ્ટ,

(૪) સંધિ-વાતનાં કારણે થનાર કષ્ટ.

**पडिकूलोवसग्गा-**

२३६३. सूरं मन्नति अप्पाणं, जाव जेतं न पस्सति ।
जुज्झंतं दढधम्माणं, सिसुपाले व महारहं ।।

पयाता सूरा रणसीसे, संगामम्मि उवट्ठिते ।
माता पुत्तं ण याणाइ, जेतेण परिविच्छए ।।

एवं सेहे वि अप्पुट्ठे, भिक्खाचरिया अकोविए ।
सूरं मन्नति अप्पाणं, जाव लूहं न सेवई ।।

–सूय. सु. १, अ. ३, उ. १, सु. १-३

**પ્રતિકૂળ ઉપસર્ગ :**

૨૩૬૩. જ્યાં સુધી દઢ સામર્થ્યવાળા કોઈ વિજેતા પુરુષનું દર્શન થતું નથી, ત્યાં સુધી કાયર પુરુષ પોતાને શૂરવીર સમજે છે- જેમ કૃષ્ણ વાસુદેવને યુધ્ધમાં આવતા જોઈને ક્ષોભ પામેલો શિશુપાલ.

પોતાને શૂરવીર માનનાર વાસ્તવમાં કાયર પુરુષ યુધ્ધના અગ્રભાગમાં તો જાય છે. પરંતુ વિકટ સંગ્રામમાં માતા પોતાની ગોદમાંથી પડી ગયેલા બાળકનું પણ જેમ ભાન ભૂલી જાય છે તેમ સંગ્રામમાં વિજયી પુરુષ દ્વારા ઘાયલ થતાં દીન બની જાય છે.

એવી જ રીતે ભિક્ષાચરીમાં અકુશલ તથા પરીષહો અને ઉપસર્ગોથી સ્પૃષ્ટ નહીં થયેલો નવદીક્ષિત સાધુ જ્યાં સુધી સંયમની કઠિનતાઓનો અનુભવ કરતો નથી ત્યાં સુધી જ શૂરવીર સમજે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मोहजासंगा उवसग्गा-**

२३६४. अहिमे सुहुमा संगा, भिक्खूणं जे दुरुत्तरा ।
जत्थ एगे विसीयंति, ण चयंति जावित्तए ।।
–सूय. सु. १, अ. ३, उ. २, सु. १

अप्पेगे णायओ दिस्स, रोयंति परिवारिया ।
पोसणे तात पुट्ठोऽसि, कस्स तात चयासि णे ।।

पिता ते थेरओ तात, ससा ते खुड्डिया इमा ।
भायरा ते सगा तात, सोयरा किं चयासि णे ।।

मातरं पितरं पोस, एवं लोगो भविस्सइ ।
एयं खु लोइयं ताय, जे पोसे पिउ-मातरं ।।

उत्तरा महुरुल्लावा, पुत्ता ते तात खुड्डगा ।
भारिया ते णवा तात, मा सा अण्णं जणं गमे ।।

एहि ताय घरं जामो, मा तं कम्म-सहा वयं ।
बीयं पि तात पासामो, जामु ताव सयं गिहं ।।

गंतु तात पुणाऽऽगच्छे, ण तेणऽसमणो सिया ।
अकामगं परक्कम्मं, को ते वारेउमरहति ? ।।

जं किंचि अणगं तात, तं पि सव्वं समीकतं ।
हिरण्णं ववहारादी, तं पि दासामु ते वयं ।।

इच्चेव णं सुसेहंति, कालुणिय समुट्ठिया ।
विबद्धो, नातिसंगेहिं, ततोऽगारं पधावति ।।

**મોહસંગ સંબંધી ઉપસર્ગ :**

૨૩૬૪. સૂક્ષ્મ સ્નેહાદિ સંબંધનો સંગ ભિક્ષુઓ માટે દુસ્તર હોય છે. કેટલાક પુરુષો તેને લીધે વિષાદ પામે છે. તેથી સંયમપૂર્વક પોતાનો નિર્વાહ કરવામાં સમર્થ થતા નથી.

સાધુને જોઈને તેના માતા-પિતા આદિ સ્વજન તેની પાસે જઈ રડવા લાગે છે અને કહે છે -'હે તાત! તું અમારું પાલન પોષણ કર. અમે તારું પાલન પોષણ કર્યું છે તું શા માટે અમને છોડી દે છે ?'

પરિવારના લોકો સાધુને કહે છે- "હે તાત! તારા પિતા વૃધ્ધ છે. આ તારી બહેન નાની છે. આ તારા પોતાના સહોદર ભાઈઓ છે. તો પણ તું અમને શા માટે છોડી રહ્યો છે ?"

"હે પુત્ર! માતાપિતાનું પાલન કર તો જ તારો આ લોક અને પરલોક સુધરશે. પોતાના માતા- પિતાનું પાલન કરવું એ લૌકિક આચાર છે."

"હે તાત! ઉત્તરોત્તર જન્મેલાં આ તારા પુત્રો મધુરભાષી અને નાના છે. તારી પત્ની પણ નવયૌવના છે. તેથી તે ક્યાંક પરપુરુષ પાસે ચાલી ન જાય."

"હે તાત! એક વાર ઘરે ચાલ. તું ઘરનું કાંઈ કામકાજ કરીશ નહીં. અમે બધું કરી લેશું. એક વખત તું ઘરેથી નીકળી ભલે ગયો, હવે ફરીવાર ઘરે આવી જા."

"હે તાત! એક વખત ઘરે આવી સ્વજનોને મળી ફરી પાછો આવી જજે. તેથી કાંઈ તું અશ્રમણ થઈ જવાનો નથી. ગૃહકાર્યોમાં ઈચ્છારહિત તથા પોતાની રુચિ પ્રમાણે કાર્ય કરતાં તને કોણ રોકી શકે ?"

"હે તાત! તારી ઉપર જે દેવું હતું તે પણ અમે સરખે ભાગે વહેંચી લીધું છે અને તારા વ્યવહાર માટે જેટલા ધનની જરૂરત હશે તે પણ અમે તને આપીશું."

આ પ્રમાણે બંધુ-બાંધવ કરુણ બનીને સાધુને શિખામણ આપે છે. ત્યાર પછી તે જ્ઞાતિજનોના સંગથી બંધાયેલો ભારે કર્મી આત્મા પ્રવ્રજ્યા છોડી પાછો ઘેર ચાલ્યો જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा रुक्खं वणे जायं, मालुया पडिबंधति ।
एवं णं पडिबंधंति, णायओ असमाहिणा ।।

જેમ જંગલમાં ઉત્પન્ન થયેલ વૃક્ષને લતા બાંધી લે છે તે જ પ્રમાણે સાધુને તેનો સ્વજનવર્ગ ચિત્તમાં અશાંતિ ઉત્પન્ન કરી સ્નેહપાશમાં બાંધી લે છે.

विबद्धो णातिसंगेहिं, हत्थी वा वि नवग्गहे ।
पिट्ठतो परिसप्पंति, सूतीगो व्व अदूरगा ।।

જ્યારે તે સાધુ સ્વજન વર્ગના સ્નેહમાં બંધાઈ જાય છે ત્યારે તેઓ તેને નવા પકડેલા હાથીની જેમ સારી રીતે રાખે છે. તેમજ નવી વીયાયેલી ગાય પોતાના વાછરડાની પાસે જ રહે છે તેમ પરિવાર વર્ગ તેની પાસે જ રહે છે.

एते संगा मणुस्साणं, पाताला व अतारिमा ।
कीवा जत्थ य कीसंति, नातिसंगेहिं मुच्छिता ।।

માતા-પિતા વગેરે સ્વજન વર્ગનો સ્નેહ મનુષ્યો માટે સાગરની જેમ દુસ્તર છે. આ સ્નેહમાં પડીને અસમર્થ પુરુષ કલેશ પામે છે.

तं च भिक्खू परिण्णाय, सव्वे संगा महासवा ।
जीवितं नाभिकंखेज्जा, सोच्चा धम्ममणुत्तरं ।।

બધા સ્નેહ સંબંધો કર્મનાં મહાઆશ્રવદ્વાર છે. સર્વજ્ઞદેવ દ્વારા પ્રરૂપિત સર્વોત્તમ ધર્મને સાંભળીને સાધુ અસંયમી જીવનની ઈચ્છા ન કરે.

अहिमे संति आवट्टा, कासवेण पवेदिता ।
बुद्धा जत्थावसप्पंति, सीयंति अबुहा जहिं ।।

—सूय. सु. १, अ. ३, उ. २, सु. २-१४

કાશ્યપ ગોત્રી ભગવાન મહાવીર સ્વામીએ આ સંગોને આવર્ત કહેલ છે. જ્ઞાની પુરુષ તો તેથી દૂર થઈ જાય છે. પરંતુ અજ્ઞાની તેમાં આસક્ત થઈને દુઃખી થાય છે.

रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिया ।
निमंतयंति भोगेहिं, भिक्खुयं साहुजीविणं ।।

રાજા, રાજમંત્રી, બ્રાહ્મણ તથા અન્ય ક્ષત્રિય વગેરે ઉત્તમ આચારથી જીવન જીવનારા સાધુને ભોગ ભોગવવા માટે નિમંત્રિત કરે છે.

हत्थऽस्स रह जाणेहिं, विहारगमणेहि य ।
भुंज भोगे इमे सग्घे, महरिसी पूजयामु तं ।।

"હે મહર્ષિ ! તમે આ હાથી,ઘોડા,રથ અને પાલખી વગેરે પર બેસી ઉદ્યાન આદિમાં ચાલો. તમે આ પ્રશંસનીય ભોગ ભોગવો. અમે તમારો સત્કાર કરીએ છીએ".

वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।
भुंजाहिमाइं भोगाइं, आउसो पूजयामु तं ।।

"હે આયુષ્મન્ શ્રમણ ! વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રીઓ અને શૈયાને ભોગવો. આ દરેક ચીજથી અમે તમારો સત્કાર કરીએ છીએ".

जो तुमे नियमो चिण्णो, भिक्खुभावम्मि सुव्वता ।
अगारमावसंतस्स, सव्वो संविज्जिए तहा ।।

"હે સુવ્રતી! તમે જે મહાવ્રત વગેરે નિયમોનું અનુષ્ઠાન કર્યું છે; તે બધું ગૃહવાસમાં રહેવા છતાં પણ તે જ પ્રમાણે રહેશે".

चिरं दूइज्जमाणस्स, दोसो दाणिं कुतो तव ।
इच्चेव णं निमंतेति, नीवारेण व सूयरं ।।

'હે સાધુ! આપ ચિરકાળથી સંયમમાં વિચરણ કરી રહ્યા છો એટલે હવે ભોગ ભોગવવામાં આપને દોષ કેવી રીતે લાગે ?' તે ભિક્ષુને આ પ્રમાણે નિમંત્રણ કરે છે, જેમ ચોખા નાખીને સુવરને લલચાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चोइया भिक्खुचरियाए, अचयंता जवित्तए ।
तत्थ मंदा विसीयन्ति, उज्जाणंसि व दुब्बला ।।

સાધુની સમાચારીનું પાલન કરવામાં આચાર્ય દ્વારા પ્રેરિત તે શિથિલ સાધુ એમજ વિષાદને પામે છે, જેમ ચઢાણવાળા માર્ગમાં દુર્બળ બળદ પડી જાય છે.

अचयंता व लूहेण, उवहाणेण तज्जिता ।
तत्थ मंदा विसीयंति, उज्जाणंसि जरग्गवा ।।

જેમ ચઢાણવાળા માર્ગમાં ઘરડો બળદ કષ્ટ પામે છે તેમ સંયમનું પાલન કરવામાં અસમર્થ તેમજ તપસ્યાથી પીડિત મંદ સાધુ સંયમ માર્ગમાં ક્લેશ પામે છે.

एवं निमंतणं लद्धुं, मुच्छिया गिद्ध इत्थीसु ।
अज्झोवेवण्णा कामेहिं, चोइज्जंता गिहं गया ।।
—सूय. सु. १, अ. ३, उ. २, गा. १५-२२

આમંત્રણ મળતાં કામભોગમાં આસક્ત, સ્ત્રીમાં મોહિત અને વિષયભોગમાં દત્તચિત્ત પુરુષો સંયમ પાળવા માટે ગુર્વાદિ વડ પ્રેરણા કરવા છતાં ફરી ગૃહસ્થ બની જાય છે.

### उवसग्ग अणाहओ मुणी-

### ઉપસર્ગોથી અપીડિત મુનિ :

२३६५. जहा संगामकालम्मि, पिट्ठतो भीरु पेहति ।
वलयं गहण नूमं, को जाणेइ पराजयं ।।

૨૩૬૫. જેમ કોઈ કાયર પુરુષ યુધ્ધના સમયે "કોનો પરાજય થશે તે કોણ જાણે છે ?" એવું વિચારીને પ્રાણ બચાવવા માટે પાછળની બાજુએ ખાડો, ગહન સ્થાન કે કોઈ છાનું સ્થાન જોઈ રાખે છે.

मुहुत्ताणं मुहुत्तस्स, मुहुत्तो होति तारिसो ।
पराजियाऽवसप्पामो, इति भीरु उवेहति ।।

વળી તે ડરપોક એવું વિચારે છે કે "ઘણા મુહૂર્તોમાં એક મુહૂર્ત એવું પણ આવે કે જેમાં પરાજિત થઈને હું છુપાઈ શકું'. માટે તે સ્થાન પહેલેથી જ શોધી રાખે છે.

एवं तु समणा एगे, अबलं नच्चाण अप्पगं ।
अणागतं भयं दिस्स, अवकप्पंतिमं सुयं ।।

તેમ કોઈ કોઈ કાયર શ્રમણ જીવનપર્યન્ત સંયમ પાલનમાં પોતાને અસમર્થ જાણીને ભવિષ્યકાલીન ભયની કલ્પના કરીને જ્યોતિષ વગેરે શાસ્ત્રોને શીખે છે જેથી પોતાની રક્ષા થઈ શકે.

को जाणति विओवातं, इत्थीओ उदगाओ वा ।
चोइज्जंता पवक्खामो, न णे अत्थि पकप्पितं ।।

વળી તે કાયર સાધુ વિચારે છે કે "સ્ત્રી સેવનથી અથવા કાચાપાણીનો ઉપભોગ કરવાથી હું કેવી રીતે સંયમથી ભ્રષ્ટ થઈ જઈશ તે કોણ જાણે છે ? મારી પાસે પૂર્વોપાર્જિત દ્રવ્ય પણ નથી. માટે કોઈનાં પૂછવાથી કંઈ નિમિત્ત વગેરે બતાવી મારી આજીવિકા ચલાવીશ".

इच्चेवं पडिलेहंति, वलाइ पडिलेहिणो ।
वितिगिच्छ समावण्णा, पंथाणं व अकोविया ।।

સંયમ પાલનમાં સંશય કરનાર અને સન્માર્ગને નહી જાણનારા સાધુઓ યુધ્ધમાં સુરક્ષિત સ્થાનનું અન્વેષણ કરનાર પુરુષની જેમ આજીવિકાના સાધનનો વિચાર કરતા રહે છે.

जे उ संगामकालम्मि, नाता सूरपुरंगमा ।
ण ते पिट्ठमुवेहंति, किं परं मरणं सिया ।।

જે પુરુષો જગત પ્રસિધ્ધ અને વીરોમાં અગ્રગણ્ય છે તેઓ યુધ્ધના સમયે પોતાની રક્ષા માટે પાછળ નજર કરતા નથી. તેઓ સમજે છે કે- 'મૃત્યુ સિવાય બીજું શું થઈ શકવાનું હતું ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं समुट्ठिए भिक्खू, वोसिज्जा गारबंधणं ।
आरंभं तिरियं कट्टु, अत्तत्ताए परिव्वए ।।
–सूय. सु. १, अ. ३, उ. ३, गा. १-७

તે પ્રમાણે જે ભિક્ષુ ગૃહસ્થીના બંધનોને છોડીને તથા સાવદ્યક્રિયાનો ત્યાગ કરી સંયમમાં ઉદ્યત થયા છે તે મોક્ષ પ્રાપ્તિ માટે સંયમમાં પરાક્રમ કરે.

## पुव्व पुरिसदिट्ठंतेण मंदोमुणी-

## પૂર્વ પુરુષોનાં દષ્ટાંતથી સંયમ શિથિલ મુનિ :

२३६६. आहंसु महापुरिसा, पुव्विं तत्ततवोधणा ।
उदएण सिद्धिमावण्णा, तत्थ मंदे विसीयती ।।

૨૩૬૬. કેટલાંક અજ્ઞાની પુરુષો કહે છે કે- "અતીત કાળમાં ઉગ્ર તપસ્વી મહાપુરુષોએ કાચા પાણીનો ઉપભોગ કરીને સિધ્ધિ પ્રાપ્ત કરી છે". આ સાંભળીને મૂર્ખ સાધુ સંયમ પાળવામાં કષ્ટનો અનુભવ કરવા લાગે છે.

अभुंजिया णमी वेदेही, रामउत्ते य भुंजिया ।
बाहुए उदगं भोच्चा, तहा तारागणे रिसी ।।

"વિદેહ જનપદના રાજા નમિરાજર્ષિએ આહાર છોડીને, રામપુત્રે સદા આહાર કરીને, બાહુ અને તારાગણ નામના ઋષિએ જળનું પાન કરીને સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

आसिले देविले चेव, दीवायण महारिसी ।
पारासरे दगं भोच्चा, बीयाणि हरियाणि य ।।

આસિલ, દેવિલ, મહર્ષિ વગેરે દ્વૈપાયન તથા પારાશર ઋષિએ કાચું પાણી, બીજ અને લીલી વનસ્પતિનો ઉપભોગ કરીને સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

एते पुव्वं महापुरिसा, आहिता इह संमता ।
भोच्चा बीओदगं सिद्धा, इति मेयमणुस्सुतं ।।

પ્રાચીન કાળમાં આ મહાપુરુષો લોક વિખ્યાત હતા અને અત્યારે પણ પ્રસિદ્ધ છે તેઓ સચિત્ત જળ તથા બીજનો ઉપભોગ કરીને મોક્ષે ગયા છે. એવું મેં સાંભળ્યું છે".

तत्थ मंदा विसीयंति, वाहछिन्ना व गद्दभा ।
पिट्ठतो परिसप्पंति, पीढसप्पी व संभमे ।।
–सूय. सु. १, अ. ३, उ. ४, गा. १-५

આ રીતે ખોટી વાતો સાંભળી મંદમતિ સાધુ વિષાદને પામે છે. ભારથી પીડા પામેલ ગધેડાની જેમ તે સંયમમાં દુઃખનો અનુભવ કરે છે. તેમજ કોઈ પાંગળો માણસ જેમ લાકડીના સહારે ચાલે છે તેમ સંયમમાં તે પાછળ રહી જાય છે.

इहमेगे उ भासंति, सातं सातेण विज्जती ।
जे तत्थ आरियं मग्गं, परमं च समाहियं ।।

કેટલાક દાર્શનિક કહે છે કે - "સુખથી જ સુખની પ્રાપ્તિ થાય છે". પરંતુ વાસ્તવમાં જે તીર્થંકરો દ્વારા પ્રરૂપિત માર્ગ છે તેનાથી જ પરમ સમાધિ પ્રાપ્ત થાય છે.

मा एयं अवमन्नंता, अप्पेणं लुम्पहा बहुं ।
एतस्स अमोक्खाए, अयहारिव्व जूरहा ।।

જિન શાસનની અવગણના કરીને તુચ્છ વિષય સુખના લોભથી અનન્ત, અક્ષય, અવ્યાબાધ સુખને ન છોડો. જો તમે અસત્ પક્ષને છોડશો નહીં, તો સોનું છોડીને લોઢું લેનારા વણિકની જેમ પશ્ચાત્તાપ કરશો.

पाणाइवाए वट्टन्ता, मुसावाए असंजता ।
अदिन्नादाणे वट्टन्ता, मेहुणे य परिग्गहे ।।
–सूय. सु. १, अ. ३, उ. २, गा. ६-८

સુખથી સુખ મળે છે એવું માનનારા લોકો જીવહિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનું સેવન કરે છે. તેઓ સર્વ પાપોમાં પ્રવૃત્ત થઈ સંયમહીન બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवमेगे तु पासत्था, पण्णवेंति अणारिया ।
इत्थीवंसं गता बाला, जिणसासणपरम्मुहा ।।

સ્ત્રીઓને વશ થયેલ અજ્ઞાની અને જિન શાસનથી વિમુખ સન્માર્ગ ભ્રષ્ટ કોઈ અનાર્ય લોકો આ પ્રમાણે કહે છે-

जहा गंडं पिलागं वा, परिपीलेज्ज मुहुत्तगं ।
एवं विण्णवणित्थीसु, दोसो तत्थ कुतो सिया ।।

"જેમ ગુમડાં કે ફોલ્લાંને દબાવીને તેમાંથી પરુ કાઢી નાખવાથી થોડીવારમાં જ પીડા દૂર થઈ જાય છે તેમ સહવાસ કર્યા પછી કામ-પીડા શાંત થઈ જાય છે. માટે તેમાં શું દોષ છે ?"

जहा मंधादए नाम, थिमितं भुंजती दगं ।
एवं विण्णवणित्थीसु, दोसो तत्थ कुतो सिया ।।

"જેમ ઘેટું કે બકરું પાણીને હલાવ્યા વિના ધીમેથી પીએ છે અને પોતાની તૃષા મિટાવે છે તેમ સમાગમની પ્રાર્થના કરનારી સ્ત્રી સાથે સમાગમ કરવામાં શું દોષ છે!"

जहा विहंगमा पिंगा, थिमितं भुंजती दगं ।
एवं विण्णवणित्थीसु, दोसो तत्थ कुतो सिया ।।

"જેમ કપિંજલ-પિંગા નામની પક્ષિણી આકાશમાં જ પાણીને હલાવ્યા વિના પીએ છે તેથી કોઈ જીવને કષ્ટ થતું નથી તેજ પ્રમાણે સમાગમની પ્રાર્થના કરનારી સ્ત્રી સાથે ભોગ ભોગવવામાં શું દોષ છે ?"

एवमेगे उ पासत्था, मिच्छादिट्ठी अणारिया ।
अज्झोववन्ना कामेहिं, पूतणा इव तरुणए ।।
–सूय. सु. १, अ. ३, उ. ४, गा. ९-१३

પૂર્વોક્ત પ્રકારે મૈથુન સેવનને નિરવદ્ય બતાવનારા પુરુષો પાર્શ્વસ્થ છે, મિથ્યાદષ્ટિ છે તથા અનાર્ય છે. જેમ પૂતના ડાકણ તરુણ ઉપર આસક્ત રહે છે તે જ પ્રમાણે તેઓ કામભોગોમાં અત્યંત આસક્ત રહે છે.

उवसग्गसहण निद्देसो-

२३६७. संखाय पेसलं धम्मं, दिट्ठिमं परिनिव्वुडे ।
उवसग्गे नियमित्ता, आमोक्खाए परिव्वएज्जासि ।।
–सूय. सु. १, अ. ३, उ. ४, गा. २२

**પરીષહ સહનનો નિર્દેશ :**

૨૩૬૭. સમ્યગ્ દષ્ટિ, શાંત મુનિ મોક્ષ આપવામાં કુશળ એવા આ ઉત્તમ ધર્મને જાણીને ઉપસર્ગોને સહન કરે અને જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંયમનું અનુષ્ઠાન કરતા રહે.

उवसग्गसहण फलं-

२३६८. दिव्वे य जे उवसग्गे, तहा तेरिच्छमाणुसे ।
जे भिक्खू सहई निच्चं, से न अच्छइ मण्डले ।।
–उत्त. अ. ३१, गा. ५

**પરીષહ સહનનું ફળ :**

૨૩૬૮. દેવ, તિર્યંચ અને મનુષ્ય સંબંધી ત્રણ પ્રકારનાં ઉપસર્ગોને જે સાધુ સદા સહન કરે છે તે સંસારચક્રમાં રહેતો નથી.

## પંચેન્દ્રિય વિરતિકરણ – ૪

सद्दासत्तिणिसेहो-

२३६९. सोयस्स सद्दं गहणं वयन्ति,
तं रागहेउं तु मणुन्नमाहु ।
तं दोसहेउं अमणुन्नमाहु,
समो य जो तेसु स वीयरागो ।।

**શબ્દની આસક્તિનો નિષેધ :**

૨૩૬૯. શ્રોત્રનો ગ્રાહ્ય શબ્દ છે. જે શબ્દ રાગ ઉત્પન્ન કરે છે તે મનોજ્ઞ છે. જે દ્વેષ ઉત્પન્ન કરે તે અમનોજ્ઞ કહેવાય. જે શબ્દોમાં સમભાવ ધારણ કરે છે તે વીતરાગ છે.

१. सूय. सु. १, अ. ३, उ. ३, गा. २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सद्दस्स सोयं गहणं वयन्ति,
सोयस्स सद्दं गहणं वयन्ति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ।।

શ્રોત્ર શબ્દનો ગ્રાહક છે અને શબ્દ ગ્રાહ્ય છે. જે રાગ ઉત્પન્ન કરે તે મનોજ્ઞ અને દ્વેષનું કારણ બને તે અમનોજ્ઞ કહેવાય.

सद्देसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे हरिणमिगे व मुद्धे,
सद्दे अतित्ते समुवेइ मच्चुं ।।

જે મનોજ્ઞ શબ્દમાં તીવ્રરૂપે આસક્ત હોય તે રાગાતુર અકાળે નાશ પામે છે. જેમ શબ્દમાં અતૃપ્ત-મુગ્ધ હરણ મૃત્યુ પામે છે.

जे यावि दोसं समुवेइ तिव्वं,
तस्सिक्खणे से उ उवेइ दुक्खं ।
दुद्दन्तदोसेण सएण जन्तू,
न किंचि सद्दं अवरज्झई से ।।

જે અમનોજ્ઞ શબ્દ તરફ તીવ્ર દ્વેષ રાખે છે. તે તેજ વખતે પોતાના દુર્દાન્ત દ્વેષને કારણે દુઃખી થાય છે તેમાં શબ્દનો દોષ નથી.

एगन्तरत्ते रुइरंसि सद्दे,
अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले,
न लिप्पई तेण मुणी विरागो ।।

જે પ્રિય શબ્દમાં અત્યંત આસકત હોય છે અને અપ્રિય શબ્દ પ્રત્યે દ્વેષ કરે છે તે અજ્ઞાની દુઃખી થાય છે. વીતરાગ મુનિ એમાં લિપ્ત થતો નથી.

सद्दाणुगासाणुगए य जीवे,
चराचरे हिंसइ णेगरुवे ।
चित्तेहिं ते परियावेइ बाले,
पीलेइ अत्तट्ठगुरु किलिट्ठे ।।

શબ્દની ઈચ્છાનો અનુગામી અનેક પ્રકારે ચરાચર જીવોની હિંસા કરે છે. પોતાના પ્રયોજનને મુખ્ય માનનાર કિલષ્ટ અજ્ઞાની વિવિધ પ્રકારે તેમને દુઃખ આપે છે, પીડે છે.

सद्दाणुवाएण परिग्गहेण,
उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे य कहं सुहं से ?
संभोगकाले य अतित्तिलाभे ।।

શબ્દમાં અનુરાગ અને મમત્વના કારણે શબ્દના ઉત્પાદનમાં, સંરક્ષણમાં, સન્નિયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાં ? તેને ઉપભોગ વખતે પણ તૃપ્તિ મળતી નથી.

सद्दे अतित्ते य परिग्गहे य,
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स,
लोभाविले आययई अदत्तं ।।

શબ્દમાં અતૃપ્ત અને પરિગ્રહમાં આસકત વ્યક્તિ સંતુષ્ટ થતો નથી. અસંતોષને લીધે તે દુઃખી થાય છે. લોભગ્રસ્ત વ્યક્તિ બીજાની શબ્દવાન વસ્તુ ચોરે છે.

तण्हाभिभूयस्स अदत्तहारिणो,
सद्दे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा,
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

શબ્દ અને પરિગ્રહમાં અતૃપ્ત, તૃષ્ણાથી પરાજિત વ્યક્તિ બીજાની વસ્તુઓ ચોરે છે. લોભના દોષથી તેનું કપટ અને જૂઠ વધે છે, કપટ અને જૂઠ વધવા છતાં પણ તે દુઃખથી મુક્ત થતો નથી.

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरन्ते ।
एवं अदत्ताणि समाययन्तो,
सद्दे अतित्तो दुहिओ अणिस्सो ।।

જૂઠ બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલતી વખતે પણ તે દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખમય છે. આમ શબ્દમાં અતૃપ્ત વ્યક્તિ ચોરી કરતો દુઃખી થાય છે, આશ્રયહીન બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सद्दाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ?
तत्थोवभोगे वि किलेसदुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ।।
एमेव सद्दम्मि गओ पओसं,
उवइ दुक्खोहपरंपराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ।।
सद्दे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरम्परेण ।
न लिप्पई भवमज्झे वि सन्तो,
जलेण वा पोक्खरिणीपलासं ।।

–उत्त. अ. ३२, गा. ३५-४७

આમ શબ્દમાં અનુરક્ત વ્યક્તિને ક્યાં કેટલું અને ક્યારે સુખ મળશે ? જે ઉપભોગ માટે તે દુઃખ સહે છે તે ઉપભોગમાં પણ કલેશ અને દુઃખ જ થાય છે.

આમ જે અમનોજ્ઞ શબ્દ પ્રત્યે દ્વેષ રાખે છે તે ઉત્તરોત્તર અનેક દુઃખ પરંપરા ભોગવે છે. દ્વેષયુક્ત ચિત્તથી તે જે કર્મોનું ઉપાર્જન કરે છે તે જ કર્મો પરિણામે દુઃખનું કારણ બને છે.

શબ્દમાં વિરક્ત માણસ શોક રહિત થાય છે. તે સંસારમાં રહેવા છતાં લિપ્ત થતો નથી, જેમ જલાશયમાં કમળનું પાન પાણીથી અલિપ્ત રહે છે.

**रूवासत्ति णिसेहो-**

२३७०. चक्खुस्स रुवं गहणं वयन्ति, तं रागहेउं तु मणुन्नमाहु ।
तं दोसहेउं अमणुन्नमाहु, समो उ जो तेसु स वीयरागो ।।

रुवस्स चक्खुं गहणं वयन्ति, चक्खुस्स रुवं गहणं वयन्ति ।
रागस्स हेउं समणुन्नमाहु, दोसस्स हेउं अमणुन्नमाहु ।।

रुवेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं ।
रागाउरे से जह वा पयंगे, आलोयलोले समुवेइ मच्चुं ।।

जे यावि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।
दुद्दन्तदोसेण सएण जन्तु, न किंचि रुवं अवरज्झई से ।।

एगन्तरत्ते रुइरंसि रुवे, अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले, न लिप्पई तेण मुणी विरागो ।।

रुवाणुगासाणुगए य जीवे, चराचरे हिंसइ णेगरुवे ।
चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरु किलिट्ठे ।।

**રૂપની આસક્તિનો નિષેધ :**

૨૩૭૦. ચક્ષુનો વિષય રૂપ છે. જે રૂપ રાગનું કારણ હોય તેને મનોજ્ઞ કહે છે અને જે દ્વેષનું કારણ હોય તેને અમનોજ્ઞ કહે છે. આ બંનેમાં જે સમભાવ રાખે છે તે વીતરાગ છે.

ચક્ષુ રૂપનું ગ્રાહક છે, રૂપ ચક્ષુનું ગ્રાહ્ય છે. જે રાગનું કારણ છે તેને મનોજ્ઞરૂપ કહે છે અને જે દ્વેષનું કારણ છે તેને અમનોજ્ઞરૂપ કહે છે.

જે મનોજ્ઞ રૂપોમાં અત્યંત લીન છે, આસક્તિ રાખે છે તે રાગાતુર અકાળે જ વિનાશ પામે છે. જેમ પ્રકાશલોલુપ પતંગિયું પ્રકાશના રૂપમાં આસક્ત બની મૃત્યુ પામે છે.

જે અમનોજ્ઞ રૂપ પ્રતિ દ્વેષ રાખે છે તે તરત જ પોતાના દ્વેષનું ફળ દુઃખ ભોગવે છે. એમાં રૂપનો કંઈ પણ અપરાધ નથી.

જે સુંદર રૂપમાં અત્યંત આસક્ત હોય છે અને કુરૂપમાં દ્વેષ કરે છે તે અજ્ઞાની દુઃખની પીડા પામે છે. વિરક્ત મુનિ તેમાં લિપ્ત નથી થતો.

મનોજ્ઞ રૂપની ઈચ્છા કરનાર વ્યક્તિ અનેક પ્રકારે ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. પોતાના પ્રયોજનને વધુ મહત્વ આપનાર કિલષ્ટ અજ્ઞાની વિવિધ પ્રકારથી તે જીવોને દુઃખ દે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रुवाणुवाएण परिग्गहेण,
उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे य कहं सुहं से ?
संभोगकाले य अतित्तिलाभे ।।

રૂપમાં અનુરાગ અને પરિગ્રહના કારણ રૂપ ઉત્પાદનમાં, સંરક્ષણમાં અને સન્નિયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાંયે હોતું નથી. તેને ઉપભોગકાળમાં પણ તૃપ્તિ નથી મળતી.

रुवे अतित्ते य परिग्गहंमि,
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स,
लोभाविले आययई अदत्तं ।।

રૂપમાં અતૃપ્ત તથા પરિગ્રહમાં આસકત અને અત્યંત આસકત વ્યક્તિ સંતોષ પામતો નથી. તે અસંતોષના દુ:ખથી દુ:ખી અને લોભથી કલુષિત-વ્યક્તિ બીજાની રૂપવાન વસ્તુઓ ચોરે છે.

तण्हाभिभूयस्स अदत्तहारिणो,
रुवे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा,
तत्था वि दुक्खा न विमुच्चई से ।।

રૂપ અને પરિગ્રહમાં અતૃપ્ત તેમજ તૃષ્ણાથી ઘેરાયેલો તે બીજાની વસ્તુઓ ચોરે છે. લોભથી તેનું કપટ અને જૂઠ વધે છે. પણ કપટ અને જૂઠના પ્રયોગથી પણ તે દુ:ખથી મુક્ત થતો નથી.

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरन्ते ।
एवं अदत्ताणि समाययन्तो,
रुवे अतित्तो दुहिओ अणिस्सो ।।

જૂઠ બોલતાં પહેલાં, પછી અને બોલતી વેળાએ પણ દુ:ખ જ હોય છે. તેનો અંત પણ દુ:ખદ હોય છે. આમ રૂપથી અતૃપ્ત થઈને તે ચોરી કરનાર દુ:ખી અને આશ્રયહીન બને છે.

रुवाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ।
तत्थोवभोगे वि किलेसदुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ।।

આમ રૂપમાં અનુરક્ત માણસને ક્યાં, ક્યારે અને કેટલું સુખ મળશે ? જે મેળવવા માણસ દુ:ખ ભોગવે છે તેના ઉપભોગમાં પણ કષ્ટ અને દુ:ખ જ હોય છે.

एमेव रुवम्मि गओ पओसं,
उवेइ दुक्खोहपरम्पराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ।।

એવી જ રીતે રૂપ તરફ દ્વેષ રાખનાર પણ ઉત્તરોત્તર અનેક દુ:ખ ભોગવે છે. દ્વેષ યુક્ત ચિત્તથી જે કર્મો કરે છે તે પરિણામે દુ:ખનું કારણ બને છે.

रुवे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरम्परेण ।
न लिप्पई भवमज्झे वि सन्तो,
जलेण वा पोक्खरिणीपलासं ।।

–उत्त. अ. ३२, गा. २२-३४

રૂપમાં વિરકત માણસ શોકરહિત હોય છે, સંસારમાં રહેવા છતાં અલિપ્ત હોય છે. જેમ તળાવમાં કમલ હોય છે.

**गंधासत्ति णिसेहो-**

२३७१. घाणस्स गन्धं गहणं वयन्ति,
तं रागहेउं तु मणुन्नमाहु ।
तं दोसहेउं अमणुन्नमाहु,
समो य जो तेसु स वीयरागो ।।

**ગંધની આસક્તિનો નિષેધ :**

૨૩૭૧. ઘ્રાણનો વિષય ગંધ છે. જે ગંધથી રાગ ઉપજે તે મનોજ્ઞ છે અને જે ગંધથી દ્વેષ થાય તે અમનોજ્ઞ છે. જે મનોજ્ઞ-અમનોજ્ઞ ગંધમાં સમભાવ ધારણ કરે છે તે વીતરાગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गन्धस्स घाणं गहणं वयन्ति,
घाणस्स गन्धं गहणं वयन्ति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ।।

ઘ્રાણ,ગંધ-ગ્રાહક છે. ગંધ ગ્રાહ્ય છે. જે રાગનું કારણ હોય તેને મનોજ્ઞ કહેવાય અને જે દ્વેષનું કારણ હોય તે અમનોજ્ઞ છે.

गन्धेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे ओसहि-गन्ध-गिद्धे,
सप्पे बिलाओ विव निक्खमंते ।।

જે મનોજ્ઞ ગંધમાં તીવ્ર રીતે આસક્ત હોય તેનો અકાળે નાશ થાય છે. જેમ ઔષધિની ગંધમાં આસક્ત સર્પ દરમાંથી નીકળીને વિનાશ પામે છે.

जे यावि दोसं समुवेइ तिव्वं,
तंसिक्खणे से उ उवेइ दुक्खं ।
दुद्दन्तदोसेण सएण जन्तू,
न किंचि गन्धं अवरज्झई से ।।

જે અમનોજ્ઞ ગંધ તરફ તીવ્ર રૂપે દ્વેષ કરે છે, તે જીવ તે જ ક્ષણે પોતાના દુર્દાન્ત (તીવ્ર) દ્વેષને કારણે દુ:ખી થાય છે. એમાં ગંધનો કોઈ દોષ નથી.

एगन्तरत्ते रुइरंसि गन्धे,
अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले,
न लिप्पई तेण मुणी विरागो ।।

જે સુગંધમાં એકાંત આસકત થાય છે. અને દુર્ગન્ધમાં દ્વેષ રાખે છે. તે અજ્ઞાની દુ:ખી થાય છે. વિરકત મુનિ તેમાં લિપ્ત થતો નથી.

गन्धाणुगासाणुगए य जीवे,
चराचरे हिंसइ णेगरुवे ।
चित्तेहिं ते परितावेइ बाले,
पीलेइ अत्तट्ठगुरु किलिट्ठे ।।

ગંધની ઈચ્છાનો અનુગામી અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. પોતાનું કામ સાધવા માટે અજ્ઞાની વિવિધ પ્રકારે તેમને દુ:ખી કરે છે, પીડે છે.

गन्धाणुवाएण परिग्गहेण,
उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे य कहं सुहं से ?
संभोगकाले य अतित्तिलाभे ।।

ગંધમાં અનુરાગ અને પરિગ્રહમાં મમત્વને કારણે ગંધ ઉત્પાદનમાં, સંરક્ષણમાં અને સન્નિયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાંથી ? તેને ઉપભોગ વખતે પણ તૃપ્તિ થતી નથી.

गन्धे अतित्ते य परिग्गहे य,
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स,
लोभाविले आययई अदत्तं ।।

ગંધમાં અતૃપ્ત અને પરિગ્રહમાં આસકત તેમ જ અત્યાસકત વ્યક્તિ સંતોષ પામતી નથી. તે અસંતોષના દોષથી દુ:ખી થાય છે. લોભગ્રસ્ત વ્યક્તિ બીજાની સુગંધમય વસ્તુઓ ચોરે છે.

तण्हाभिभूयस्स अदत्तहारिणो,
गन्धे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा,
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

ગંધ અને પરિગ્રહમાં અતૃપ્ત તેમજ તૃષ્ણાથી પરાજિત વ્યક્તિ બીજાની વસ્તુઓ ચોરે છે. લોભથી તેનું કપટ અને જૂઠ વધે છે. કપટ અને જૂઠથી પણ તે દુ:ખમુક્ત થતો નથી.

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरन्ते ।
एवं अदत्ताणि समाययन्तो,
गन्धे अतित्तो दुहिओ अणिस्सो ।।

જૂઠ બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલતી વખતે પણ તે દુ:ખી થાય છે. તેનો અંત પણ દુ:ખમય થાય છે. આમ ગંધથી અતૃપ્ત તે ચોરી કરનાર દુ:ખી અને આશ્રયહીન બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गन्धाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ? ।
तत्थोवभोगे वि किलेसदुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ।।

આમ ગંધમાં અનુરક્ત વ્યક્તિને ક્યારે ક્યાં અને કેટલું સુખ મળશે ? જેના ઉપભોગ માટે દુઃખ વેઠે છે, તેના ઉપભોગમાં પણ તે દુઃખ અને કલેશ જ પામે છે.

एमेव गन्धम्मि गओ पओसं,
उवेइ दुक्खोहपरम्पराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ।।

એવી જ રીતે ગંધ પ્રત્યે જે દ્વેષ કરે છે તે ઉત્તરોત્તર દુઃખની પરંપરા પામે છે. દ્વેષયુક્ત ચિત્તથી જે કર્મોનું ઉપાર્જન કરે છે તે જ વિપાકમાં દુઃખનાં કારણ બને છે.

गन्धे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरम्परेण ।
न लिप्पई भवमज्झे वि सन्तो,
जलेण वा पोक्खरिणीपलासं ।।

—उत्त. अ. ३२, गा. ४८-६०

ગંધમાં વિરકત માણસ શોકરહિત બને છે, તે સંસારમાં રહેવા છતાં લિપ્ત થતો નથી, જેમ જલાશયમાં કમળ.

**रसासत्तिणिसेहो-**

२३७२. जिब्भाए रसं गहणं वयन्ति,
तं रागहेउं तु मणुन्नमाहु ।
तं दोसहेउं अमणुन्नमाहु,
समो य जो तेसु स वीयरागो ।।
रसस्स जिब्भं गहणं वयन्ति,
जिब्भाए रसं गहणं वयन्ति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ।।
रसेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे वडिस विभिन्नकाए,
मच्छे जहा आमिस-भोगगिद्धे ।।
जे यावि दोसं समुवेइ तिव्वं,
तंसिक्खणे स उ उवेइ दुक्खं ।
दुद्दन्तदोसेण सएण जन्तू,
रसं न किंचि अवरज्झई से ।।
एगन्तरत्ते रुइरे रसम्मि,
अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले,
न लिप्पई तेण मुणी विरागो ।।

**રસની આસક્તિનો નિષેધ :**

૨૩૭૨. રસેન્દ્રિયનો વિષય રસ છે. જે રસમાં રાગ ઉદ્દ્ભવે તે મનોજ્ઞ છે અને જે રસથી દ્વેષ થાય તે અમનોજ્ઞ છે. જે આ રસોમાં સમભાવ રાખે છે તે વીતરાગ છે.

જિહ્વા રસગ્રાહક છે. રસ ગ્રાહ્ય છે. જે રાગનું કારણ છે તેને મનોજ્ઞ કહેવાય અને જે દ્વેષનું કારણ બને તે રસ અમનોજ્ઞ કહેવાય છે.

જે મનોજ્ઞ રસોમાં તીવ્રપણે આસક્ત છે તેનો અકાળે નાશ થાય છે. જેમ માંસ ખાવામાં આસક્ત રાગાતુર માછલી કાંટાથી વિંધાય છે.

જે અમનોજ્ઞ રસ તરફ તીવ્રપણે દ્વેષ રાખે છે તે તે જ ક્ષણે પોતાના દુર્દાન્ત દ્વેષને લીધે દુઃખી થાય છે. એમાં રસનો કોઈ અપરાધ નથી.

જે મનોજ્ઞ રસમાં એકાંત આસક્ત બને છે અને અમનોજ્ઞ રસમાં દ્વેષ કરે છે તે અજ્ઞાની દુઃખી થાય છે. વિરકત મુનિ તેમાં લિપ્ત થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रसाणुगासाणुगए य जीवे,
चराचरे हिंसइ णेगरुवे ।
चित्तेहिं ते परितावेइ बाले,
पीलेइ अत्तट्ठगुरु किलिट्ठे ।।

રસની ઈચ્છાનો અનુગામી અનેક પ્રકારે ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. પોતાની રસતૃપ્તિને જ મુખ્ય માનનાર તે કિલષ્ટ અજ્ઞાની વિવિધ પ્રકારે તે જીવોને સંતાપે છે, પીડે છે.

रसाणुवाएण परिग्गहेण,
उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे य कहं सुहं से,
संभोगकाले य अतित्तिलाभे ।।

રસમાં અનુરક્તિ અને મમત્વને કારણે રસઉત્પાદનમાં, સંરક્ષણમાં અને સન્નિયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાં ? તેને ઉપભોગને વખતે પણ તૃપ્તિ મળતી નથી.

रसे अतित्ते य परिग्गहे य,
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स,
लोभाविले आययई अदत्तं ।।

રસમાં અતૃપ્ત અને પરિગ્રહમાં આસક્ત વ્યક્તિ સંતોષ પામતો નથી. તે અસંતોષના દોષને લીધે દુઃખી થાય છે, લોભથી વ્યાકુળ થઈ ને બીજાની રસમય વસ્તુઓ ચોરે છે.

तण्हाभिभूयस्स अदत्तहारिणो,
रसे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा,
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

રસ અને પરિગ્રહમાં અતૃપ્ત તથા તૃષ્ણાથી પરાજિત વ્યક્તિ બીજાની વસ્તુઓ લઈ લે છે. લોભથી તેનું કપટ અને જૂઠ વધે છે અને તે દુઃખથી મુક્ત થતો નથી.

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरन्ते ।
एवं अदत्ताणि समाययन्तो,
फासे अतित्तो दुहिओ अणिस्सो ।।

જૂઠ બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલતી વખતે તે દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખમય હોય છે. આમ રસમા અતૃપ્ત થઈને ચોરી કરનાર દુઃખી અને આશ્રયહીન બને છે.

रसाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ?
तत्थोवभोगे वि किलेसदुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ।।

આમ રસમાં અનુરક્ત પુરુષને ક્યાં, ક્યારે અને કેટલું સુખ મળે છે ? જેને મેળવવા માટે વ્યક્તિ આટલું દુઃખ વેઠે છે, તેના ઉપભોગમાં પણ કલેશ અને દુઃખ જ હોય છે.

एमेव रसम्मि गओ पओसं,
उवेइ दुक्खोहपरम्पराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ।।

એવી જ રીતે જે રસ તરફ દ્વેષ રાખે છે તે ઉત્તરોત્તર દુઃખની પરંપરા પામે છે. દ્વેષયુક્ત ચિત્તથી જે કર્મોનું ઉપાર્જન કરે છે, તે જ પરિણામે દુઃખનું કારણ બને છે

रसे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरम्परेण ।
न लिप्पई भवमज्झे वि सन्तो,
जलेण वा पोक्खरिणीपलासं ।।

રસમાં વિરકત માણસ શોકરહિત બને છે. તે સંસારમાં રહેવા છતાં લિપ્ત થતો નથી, જેમ તળાવમાં કમળ.

–उत्त. अ. ३२, गा. ६१-७३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**फरिसासत्ति णिसेहो-**

२३७३. कायस्स फासं गहणं वयन्ति,
तं रागहेउं तु मणुन्नमाहु ।
तं दोसहेउं अमणुन्नमाहु,
समो य जो तेसु स वीयरागो ।।

फासस्स कायं गहणं वयन्ति,
कायस्स फासं गहणं वयन्ति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ।।

फासेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे सीय-जलावसन्ने,
गाहग्गहीए महिसे व रन्ने ।।

जे यावि दोसं समुवेइ तिव्वं,
तंसिक्खणे से उ उवेइ दुक्खं ।
दुद्दन्तदोसेण सएण जन्तू,
न किंचि फासं अवरज्झई से ।।

एगन्तरत्ते रुइरंसि फासे,
अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले,
न लिप्पई तेण मुणी विरागो ।।

फासाणुगासाणुगए य जीवे,
चराचरे हिंसइ णेगरुवे ।
चित्तेहिं ते परितावेइ बाले,
पीलेइ अत्तट्ठगुरु किलिट्ठे ।।

फासाणुवाएणं परिग्गहेण,
उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे य कहं सुहं से,
संभोगकाले य अतित्तिलाभे ।।

फासे अतित्ते य परिग्गहे य,
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स,
लोभाविले आययई अदत्ते ।।

तण्हाभिभूयस्स अदत्तहारिणो,
फासे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा,
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

**સ્પર્શની આસક્તિનો નિષેધ :**

૨૩૭૩. સ્પર્શેન્દ્રિય (કાય) નો વિષય સ્પર્શ છે. જે સ્પર્શ રાગનું કારણ બને તે મનોજ્ઞ અને જે દ્વેષનું કારણ હોય તે અમનોજ્ઞ છે. જે આ બંનેમાં સમભાવ રાખે તે વીતરાગ છે.

કાય સ્પર્શની ગ્રાહક છે. સ્પર્શ ગ્રાહ્ય છે. જે રાગનું કારણ છે તેને મનોજ્ઞ કહે છે અને જે દ્વેષનું કારણ છે તેને અમનોજ્ઞ કહેવાય છે.

જે મનોજ્ઞ સ્પર્શમાં તીવ્રરૂપે આસક્ત છે તેનો અકાળે નાશ થાય છે. જેમ જંગલમાં જલાશયના શીતલ સ્પર્શમાં આસકત રાગાતુર પાડો મગરથી પકડાઈ નાશ પામે છે.

જે અમનોજ્ઞ સ્પર્શ તરફ તીવ્રપણે દ્વેષ રાખે છે તે જીવ તે જ ક્ષણે પોતાના દુર્દાન્ત દ્વેષથી દુઃખી થાય છે, એમાં સ્પર્શનો કોઈ દોષ નથી.

જે મનોજ્ઞ સ્પર્શમાં આસક્ત હોય છે અને અમનોજ્ઞ સ્પર્શમાં દ્વેષ રાખે છે તે અજ્ઞાની દુઃખી થાય છે. વિરકત મુનિ તેમાં લિપ્ત થતો નથી.

સ્પર્શની ઈચ્છાનો અનુગામી અનેક પ્રકારે ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. પોતાના પ્રયોજનને મહત્વ આપનાર તે કિલષ્ટ અજ્ઞાની વિવિધ પ્રકારે તે જીવોને પીડે છે, સંતાપે છે.

સ્પર્શમાં અનુરક્તિ અને મમત્વને કારણે સ્પર્શનાં ઉત્પાદનમાં, સંરક્ષણમાં, સન્નિયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાંથી ? ઉપભોગકાળમાં પણ તેને તૃપ્તિ થતી નથી.

સ્પર્શમાં અતૃપ્ત તથા પરિગ્રહમાં આસક્ત વ્યક્તિને સંતોષ થતો નથી. તે અસંતોષના કારણે દુઃખી થાય છે અને લોભથી વ્યાકુળ થઈને બીજાની (સુસ્પર્શમય) વસ્તુઓ ચોરે છે.

સ્પર્શ અને પરિગ્રહમાં અતૃપ્ત તથા તૃષ્ણાથી ઘેરાયેલો વ્યક્તિ બીજાની વસ્તુઓ ઉપાડે છે. લોભના દોષથી તેનું કપટ અને જૂઠાણું વધે છે. કપટ અને જૂઠથી પણ તે દુઃખથી મુક્ત થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरन्ते ।
एवं अदत्ताणि समाययन्तो,
फासे अतित्तो दुहिओ अणिस्सो ।।

જૂઠું બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલતી વખતે પણ તે દુ:ખી થાય છે. તેનો અંત પણ દુ:ખરૂપ છે. આમ સ્પર્શમાં અતૃપ્ત માણસ ચોરી કરે છે, દુ:ખી થાય છે, આશ્રયહીન બને છે.

फासाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ।
तत्थोवभोगे वि किलेसदुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ।।

આમ સ્પર્શમાં અનુરક્ત માણસને ક્યાં, ક્યારે કેટલું સુખ મળે ? જેને મેળવવા આટલું દુ:ખ વેઠે છે તેના ઉપભોગમાં પણ કષ્ટ અને દુ:ખ જ હોય છે.

एमेव फासम्मि गओ पओसं,
उवेइ दुक्खोहपरम्पराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ।।

એવી જ રીતે જે સ્પર્શ પ્રત્યે દ્વેષ રાખે છે તે ઉત્તરોત્તર અનેક દુ:ખોની પરંપરા પામે છે. દ્વેષ યુક્ત ચિત્તથી જે કર્મોનું ઉપાર્જન કરે છે તે જ કર્મ વિપાકના સમયે દુ:ખનું કારણ બને છે.

फासे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरम्परेण ।
न लिप्पई भवमज्झे वि सन्तो,
जलेण व पोक्खरिणीपलासं ।।
– उत्त. अ. ३२, गा. ७४–८६

સ્પર્શમાં વિરક્ત મનુષ્ય શોકરહિત હોય છે. તે સંસારમાં રહેવા છતાં લિપ્ત થતો નથી જેમ જળાશયમાં કમળ.

मुहं मुहं मोह-गुणे जयन्ते,
अणेग-रूवा समणं चरन्ते ।
फासा फुसन्ती असमंजसं च,
न तेसु भिक्खू मणसा पउस्से ।।

સંયમી જીવને રાગદ્વેષની વૃત્તિઓ પર વિજય મેળવવાનો છે. તે વિજય પ્રાપ્ત કરવામાં અનેક પ્રકારનાં સ્પર્શ અને શબ્દોની પ્રતિકૂળતાઓથી પીડિત થવું પડે છે. પરંતુ સંયમી સાધક મનને વિશે લેશમાત્ર દ્વેષબુધ્ધિ કરતો નથી.

मन्दा य फासा बहु-लोहणिज्जा,
तहप्पगारेसु मणं न कुज्जा ।
रक्खेज्ज कोहं विणएज्ज माणं,
मायं न सेवे पयहेज्ज लोहं ।।

એમ કરતાં અનુકૂળતા સાંપડે છે તેવા પ્રસંગો અતિ લોભામણા હોય છે, છતાં સાધક તેવી લાલચોમાં ન લપટાતાં લોભને ત્યાગે છે, માયાનું સેવન કરતો નથી, માનથી દૂર રહે છે અને ક્રોધથી પોતાને બચાવી લે છે.

जे संखया तुच्छ परप्पवाइ,
ते पिज्ज दोसाणुगया परज्झा ।
एए अहम्मे त्ति दुगुंछमाणो,
कंखे गुणे-जावसरीर-भेओ ।।
–उत्त. अ. ४, गा. ११-१३

જે વ્યક્તિ સંસ્કારહીન અને તુચ્છ છે. પરપ્રવાદી અને રાગ-દ્વેષમાં રચ્યો પચ્યો રહે છે તથા વાસનાઓનો દાસ છે તેને "ધર્મ-રહિત" જાણીને સાધક તેનો સંગ ન કરતાં જીવનની અંતિમ પળ સુધી સદ્ગુણોની આરાધના કરતો રહે.

## વીર્ય--શકિત – ૫

**समत्तधिया वीरियपाउरणं-**

२३७४. जहेत्थ मए संधी झोसिते, एवमण्णत्थ संधी दुज्झोसए भवति, तम्हा बेमि- "णो णिण्हवेज्ज वीरियं" ।
–आ. सु. १, अ. ५, उ. ३, सु. १५७ (ग)

**સમત્વ બુધ્ધિથી આત્મશક્તિનું સમુત્થાન :**

૨૩૭૪. જે રીતે મેં કર્મોનો ક્ષય કર્યો છે તે રીતે બીજા મતમાં કર્મો ક્ષીણ કરવા કઠિન છે તેથી હું કહું છું કે- "પોતાની શક્તિનું ગોપન ન કરતાં કર્મોનો ક્ષય કરો".

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अप्पवीरिएण चत्तारि दुल्लभंगा-**

२३७५. चत्तारि परमंगाणि, दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमंमि य वीरियं ।।

–उत्त. अ. ३, गा. १

**આત્મવીર્યમાં ચાર અંગ-દુર્લભ :**

૨૩૭૫. આ સંસારમાં પ્રાણીઓ માટે ચાર પરમ અંગ દુર્લભ છે (૧) મનુષ્યત્વ, (૨) સદ્ધર્મનું શ્રવણ, (૩) શ્રધ્ધા અને (૪) સંયમમાં પુરુષાર્થ.

**अप्पवीरिएण कम्माण-धुणणं-**

२३७६. माणुसत्तंमि आयाओ, जो धम्मं सोच्चा सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं, संवुडे निद्धुणे रयं ।।

–उत्त. अ. ३, गा. ११

**આત્મબળથી કર્મક્ષય :**

૨૩૭૬. મનુષ્યભવને પ્રાપ્ત કરી જે ધર્મને સાંભળી તેમાં શ્રધ્ધા રાખે છે તે તપસ્વી સંયમમાં પુરુષાર્થ કરી સંવૃત (અનાશ્રવ) થાય છે અને કર્મ રજને દૂર કરે છે.

**मोणेण कम्मधुणणं-**

२३७७. जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा ।

ण इमं सक्कं सिढिलेहिं, अद्दिज्जमाणेहिं, गुणासाएहिं, वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं ।

मुणी मोणं समादाय धुणे कम्म सरीरगं ।

पंतं लूहं सेवंति वीरा सम्मत्तदंसिणो ।

एस ओहंतरे मुणी तिण्णे मुत्ते विरते वियाहिते ।

–आ. सु. १, अ. ५, उ. ३, सु. १६१

**મુનિત્વથી કર્મક્ષય :**

૨૩૭૭. જે સમ્યક્ત્વને જુએ છે તે મુનિત્વને જુએ છે. જે મુનિત્વને જુએ છે તે સમ્યકત્વને જુએ છે.

શિથિલાચારી, મમતાયુક્ત, વિષયોમાં આસક્ત, કપટી અને પ્રમાદી તથા ઘરમાં રહેનાર આ સમ્યકત્વ અથવા મુનિત્વનું પાલન કરી શકતા નથી.

મુનિત્વને ધારણ કરી મુનિ શરીરને કૃશ કરે.

એવું કરવા માટે સમ્યગ્દર્શી વીરસાધક હલકું અને લૂખું ભોજન કરે છે.

આવા સાધક જ સંસાર-સમુદ્રથી પાર પામે છે. સાવદ્ય અનુષ્ઠાનથી વિરત થનાર સાધક સંસારથી તરેલ અને મુક્ત કહેવાય છે.

**अपमत्तभावेण करणिज्ज किच्चाइं-**

२३७८. अट्ठहिं ठाणेहिं सम्मं घडितव्वं, जतित्तव्वं, परक्कमितव्वं, अस्सिं च णं अट्ठे णो पमाएतव्वं भवति ।

१. असुयाणं धम्माणं सम्मं सुणणताए अब्भुट्ठेतव्वं भवति ।

२. सुताणं धम्माणं ओगिण्हणयाए उवधारणयाए अब्भुट्ठेतव्वं भवति ।

३. णवाणं कम्माणं संजमेणमकरणताए अब्भुट्ठेतव्वं भवति ।

४. पोराणाणं कम्माणं तवसा विगिंचणयाए, विसोहणयाए अब्भुट्ठेतव्वं भवति ।

**અપ્રમત્તભાવે કરણીય કૃત્યાદિ :**

૨૩૭૮. આઠ સ્થાનોમાં સાધક સમ્યક્ આચરણ કરે, સમ્યક્ પ્રયત્ન કરે, સમ્યક્ પરાક્રમ કરે. તેમજ આ આઠે સ્થાનોમાં થોડો પણ પ્રમાદ ન કરે.

(૧) અશ્રુત ધર્મને સમ્યક્ પ્રકારે સાંભળવા માટે જાગૃત રહે.

(૨) સાંભળેલા ધર્મને મનથી સ્વીકારે તેમજ તેની સ્મૃતિ માટે જાગૃત રહે.

(૩) સંયમ દ્વારા નવા કર્મોનો નિરોધ કરવા માટે જાગૃત રહે.

(૪) તપથી પૂર્વકૃત કર્મને પૃથક્ કરવા તેમજ વિશોધન માટે જાગૃત રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. असंगिहीय परियणस्स संगिण्हणयाए अब्भुट्ठेयव्वं भवति ।

(૫) અસંગૃહીત પરિજન શિષ્યોનો સંગ્રહ કરવા માટે જાગૃત રહે.

६. सेहं आयारगोयरं गाहणताए अब्भुट्ठेयव्वं भवति ।

(૬) શૈક્ષ (નવદીક્ષિત) મુનિને આચાર-ગોચરના સમ્યક્ બોધ માટે જાગૃત રહે.

७. गिलाणस्स अगिलाए वेयावच्चकरणयाए अब्भुट्ठेयव्वं भवति ।

(૭) ગ્લાન સાધુની ગ્લાનિથી રહિત બની વૈયાવૃત્ય માટે જાગૃત રહે.

८. साहम्मियाणमधिकरणंसि उप्पणणंसि तत्थ अणिस्सितोवस्सिते अपक्खग्गाही मज्झत्थभावभूते कहं णु साहम्मिया अप्पसद्दा अप्पझंझा अप्पतुमंतुमा उवसामणताए' अब्भुट्ठेयव्वं भवति ।

— ठाणं. अ. ८, सु. ६४९

(૮) સાધર્મિકોમાં પરસ્પર કલેશ થવાથી "આ મારા સાધર્મિકો કલેશથી કેવી રીતે મુક્ત થશે ?" એમ વિચાર કરી રાગ-દ્વેષ રહિત માધ્યસ્થભાવે તેમને ઉપશાંત કરવા માટે જાગૃત રહે.

## आणाणुसरणं उवएसो-

## આજ્ઞાનુસાર આચરણ કરવાનો ઉપદેશ :

२३७९. अणाणाए एगे सोवट्ठाणा, आणाए एगे णिरुवट्ठाणा एतं ते मा होतु ।

એतं कुसलस्स दंसणं तद्दिट्ठीए, तम्मुत्तीए, तप्पुक्कारे, तस्सण्णी, तण्णिवेसणं ।

अभिभूय अदक्खू अणभिभूते पभू णिरालंबणताए ।

—आ. सु. १, अ. ५, उ. ६, सु. १७२

૨૩૭૯. કેટલાક સાધકો પુરુષાર્થી હોય છે પણ આજ્ઞાના આરાધક હોતા નથી. કેટલાક આજ્ઞાનુકૂળ પ્રવૃત્તિ કરવામાં નિરુદ્યમી હોય છે "હે મુનિ! આ બંને વાત તારા જીવનમાં ન હો." આ વીર પ્રભુનો અભિપ્રાય છે.

માટે જે પુરુષ સદા ગુરુની દૃષ્ટિથી જોનાર હોય, ઉપદિષ્ટ મુક્તિને સ્વીકાર કરનાર હોય, બહુમાન કરનાર હોય, પૂર્ણ શ્રધ્ધા રાખનાર હોય, ગુરુકુળમાં નિવાસ કરતો હોય તેમનું અનુસરણ કરે.

જે પુરુષ કર્મોને જીતીને તત્ત્વદૃષ્ટા બને છે તે મહાત્મા સર્વજ્ઞના ઉપદેશથી બહાર નથી અને કોઈનાથી પરાભૂત થતો નથી અને નિરાલંબન ભાવના ભાવવા સમર્થ થાય છે.

## पमाय परिच्चाग उवएसो-

## પ્રમાદ પરિત્યાગનો ઉપદેશ :

२३८०. समयं तत्थुवेहाए, अप्पाणं विप्पसादए ।
अणण्णपरमं णाणी, णो पमाए कयाइ वि ।।
आयगुत्ते सदा वीरे, जायामायाए जावए ।
विरागं रूवेहिं गच्छेज्जा, महता खुड्डएहिं वा ।।

—आ. सु. १, अ. ३, उ. ३, सु. १२३

૨૩૮૦. મુનિ સમતાનો વિચાર કરી પોતાના આત્માને પ્રસન્ન રાખે. જ્ઞાનવાન્ સાધક સમભાવરૂપ સંયમમાં ક્યારે પણ પ્રમાદ ન કરે.

આત્માનું ગોપન કરીને સદૈવ ધીર બનીને દેહને સંયમયાત્રાનું સાધન માની તેનો નિર્વાહ કરે.

સાધક અતિમોહક દિવ્ય અથવા સામાન્ય કોઈપણ પ્રકારનાં રૂપમાં આસક્તિ ન કરે અને વિરક્ત રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तिविहा धम्म जागरणा-**

२३८१. 'भन्ते ! त्ति' भगवं गोयमे समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–

प. कइविधा णं भंते ! जागरिया पन्नत्ता ?

उ. गोयमा तिविहा जागरिया पन्नत्ता, तं जहा–

१. बुद्धजागरिया, २. अबुद्धजागरिया,

३. सुदक्खुजागरिया ।

प. से केणट्ठेणं भन्ते ! एवं वुच्चति–'तिविहा जागरिया पन्नत्ता', तं जहा–

१. बुद्धजागरिया, २. अबुद्धजागरिया,

३. सुदक्खुजागरिया ?

उ. गोयमा ! जे इमे अरहंता भगवंतो उप्पन्ननाण-दंसण-धरा **जहा खंदए-जाव**-सव्वण्णू सव्वदरिसी एए णं बुद्धा बुद्धजागरियं जागरंति ।

जे इमे अणगारा भगवंतो इरियासमिया-जाव-गुत्तबंभयारी, एए णं अबुद्धा अबुद्धजागरियं जागरंति ।

जे इमे समणोवासगा अभिगय जीवाजीवा-जाव-विहरंति, एए णं सुदक्खुजागरियं जागरंति ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चति–तिविहा जागरिया बुद्ध जागरिया-जाव-सुदक्खुजागरिया ।

–वि. स. १२, उ. १, सु. २५

**त्रण प्रकारनी धर्म जागरणा :**

२३८१. 'भंते !' आ प्रमाणे संबोधन करतां भगवान गौतम स्वामीએ श्रमण भगवान महावीरने वंदन नमस्कार कर्या अने वंदन नमस्कार करी आ प्रमाणे पूछ्युं-

प्र. भंते! जागरिकानां केटला प्रकार कह्या छे ?

उ. गौतम! जागरिकानां त्रण प्रकार कह्यां छे, जेम के-

(१) बुध्ध-जागरिका, (२) अबुध्ध-जागरिका अने

(३) सुदर्शन-जागरिका.

प्र. भंते! एम शा माटे कहेवाय छे के जागरिकानां त्रण प्रकार छे, जेम के -

(१) बुध्ध-जागरिका, (२) अबुध्ध-जागरिका अने

(३) सुदर्शन-जागरिका ?

उ. गौतम ! जे उत्पन्न थयेला केवळज्ञान-केवळदर्शनना धारक अरिहंत भगवान छे **यावत् स्कंदक प्रकरणमां** जे सर्वज्ञ सर्वदर्शी छे, तेओ बुध्ध छे, तेओ बुध्ध जागरिका करे छे.

जे अणगार भगवन्त ईर्या समिति युक्त **यावत्** गुप्त ब्रह्मचारी छे तेओ अबुध्ध छद्मस्थ छे. तेओ अबुध्ध जागरिका करे छे.

जे श्रमणोपासक जीवाजीव आदि तत्त्वोना ज्ञाता छे **यावत्** पौषध आदि करे छे तेओ सुदर्शन जागरिका करे छे.

माटे हे गौतम ! त्रण प्रकारनी जागरिका बुद्ध जागरिका **यावत्** सुदर्शन जागरिका कही छे.

**एगत्त अणत्त भावणा-**

२३८२. जस्स णं भिक्खुस्स एवं भवति– "एगो अहमंसि, ण मे अत्थि कोइ, ण याहमवि कस्सइ" एवं से एगागिणमेव अप्पाणं समभिजाणेज्जा । लाघवियं आगममाणे तवे से अभिसमण्णागते भवति ।

जहेयं भगवया पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वयाए सम्मत्तमेव समभिजाणिया ।

–आ. सु. १, अ. ८, उ. ६, सु. २२२

**એકત્વ અન્યત્વ ભાવના :**

२३८२. જે સાધુની એવી ભાવના હોય કે- "હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી". તે ભિક્ષુ આત્માના એકાકીપણાને જાણી લાઘવ ગુણને પ્રાપ્ત કરે છે અને તેને તપની પ્રાપ્તિ થાય છે.

ભગવાને જે રીતે કહ્યું છે તેને સારી રીતે સમજી સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समाए पेहाए परिव्वयन्तो,
सिया मणो निस्सरई बहिद्धा ।
न सा महं नोवि अहं पि तीसे,
इच्चेव ताओ विणएज्ज रागं ।।

—दस. अ. २, गा. ४

સમભાવથી વિચરતા સાધુનું મન કદાચિત્ બહાર નીકળે તો તે વિચાર કરે કે- "તે (રાગ) મારા નથી. હું તેનો નથી". આ પ્રકારથી રાગને દૂર કરે.

अहेगे धम्ममादाय आदाणप्पभिति सुप्पणिहिए चरे अप्पलीयदढे ।

કેટલાક સાધક મુનિ ધર્મને પ્રાપ્ત કરીને પ્રથમથી જ સાવધાન રહે છે, કોઈ પણ પ્રપંચમાં ફસાતા નથી. લીધેલ પ્રતિજ્ઞામાં દૃઢ થઈ રહે છે.

सव्वं गेहिं परिण्णाय एस पणए महामुणी ।

તે જ મુનિ સર્વ પ્રકારની આસક્તિને દુઃખમય જાણી તેનાથી દૂર રહે છે.

अतियच्च सव्वओ संगं, "ण महं अत्थि त्ति एगो अहमंसि" जयमाणे ।

મુનિ સર્વ પ્રપંચોને છોડી "મારું કોઈ નથી અને હું એકલો છું". આવો વિચાર કરી સંયમમાં યતના કરતાં વિચરે.

एत्थ विरते अणगारे सव्वतो मुंडे रीयंते जे अचेले परिवुसिते संचिक्खति ओमायरियाए ।

તે સંયમમાં સ્થિત અણગાર ભાવથી મુંડિત થઈ, સંયમમાં વિચરતા અલ્પ વસ્ત્ર ધારી થઈ સંયમમાં ઉદ્યત બની પરિમિત આહાર લઈ તપ કરે.

से अकुट्ठे वा, हते वा, लूसिते वा, पलियं पगंथं, अदुवा पगंथं, अतहेहिं सद्दफासेहिं ।

તેને કોઈ અસભ્ય શબ્દ બોલે, મારે, પીટે, ખોટાં આરોપ કરી નિન્દા કરવા લાગે, વાળ ખેંચે કે પ્રહાર કરે.

इति संखाए एगतरे अण्णतरे अभिण्णाय तितिक्खमाणे परिव्वए ।

ત્યારે મુનિ તેને પોતાના કરેલા કર્મોનું ફળ ઉદયમાં આવ્યું છે એવું જાણી તે પરીષહોને સમભાવે સહન કરતાં સંયમમાં વિચરણ કરે.

जे य हिरी जे य अहिरीमणा चेच्चा सव्वं विसोत्तियं संफासे फासे समितदंसणे ।

તે ઉપસર્ગ લજ્જાકારી હોય કે અલજ્જાકારી હોય, સમ્યગ્દર્શી મુનિ તે કષ્ટોને સમ્યક્ પ્રકારથી સહન કરે.

एते भो ! णगिणा वुत्ता जे लोगंसि अणागमण धम्मिणो ।

—आ. सु. १, अ. ६, उ. २, सु. १८४-१८५

હે માનવ ! જે વ્યક્તિ ગૃહવાસને છોડી ફરી તેમાં ફસાતા નથી તે જ સાચા મુનિ કહેવાય છે.

**अणिच्चा भावणा-**

**અનિત્ય ભાવના :**

२३८३. आहारोवया देहा परीसह पभंगुरा । पासह एगे सव्विंदिएहिं परिगिलायमाणेहिं । ओए दयं दयति ।

—आ. सु. १, अ. ८, उ. ३, सु. २१० (क)

૨૩૮૩. શરીર આહારથી વૃદ્ધિ પામે છે અને પરીષહોથી ક્ષીણ થાય છે. છતાં પણ જુઓ કોઈ-કોઈ કાયર મનુષ્ય શરીર ગ્લાન થવા પર સર્વ ઈન્દ્રિયોથી ગ્લાનિ અનુભવે છે પણ તેજસ્વી પુરુષ પરીષહો હોવા છતાં પણ સંયમનું રક્ષણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**असरण भावणा-**

२३८४. वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नई ।
एते मम तेसुवी अहं, नो ताणं सरणं न विज्जई ।।

अब्भागमितंमि वा दुहे, अहवा उक्कमिते भवंतिए ।
एगस्स गई य आगई, विदुमंता सरणं ण मन्नई ।।

–सूय. सु. १, अ. २, उ. ३, सु. १६-१७

**અશરણ ભાવના :**

૨૩૮૪. અજ્ઞાની જીવ ધન, પશુ અને જ્ઞાતિજનોને પોતાનું શરણ માને છે. તે માને છે કે- "તેઓ મારા છે અને હું તેમનો છું;" પરંતુ વસ્તુતઃ તેઓ ત્રાણ અને શરણ નથી.

દુઃખ આવતાં જીવ એકલો જ તે દુઃખ ભોગવે છે તથા ઉપક્રમના કારણે આયુ નષ્ટ થતાં અથવા મૃત્યુ આવતા તે એકલો જ પરલોકમાં જાય છે. ત્યાંથી મરી ને પણ એકલોજ આવે છે. તેથી વિદ્વાન્ પુરુષો કોઈ વસ્તુને પોતાનું શરણ માનતા નથી.

**मेत्ती भावणा-**

२३८५. पुरिसा ! तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ?

–आ. सु. १, अ. ३, उ. ३, सु. १२५

जावन्तऽविज्जपुरिसा, सव्वे ते दुक्खसंभवा ।
लुप्पन्ति बहुसो मूढा, संसारंमि अणन्तए ।।

समिक्ख पंडिए तम्हा, पासजाईपहे बहू ।
अप्पणा सच्चमेसेज्जा, मेत्तिं भूएसु कप्पइ ।।

–उत्त. अ. ६, गा. १-२

**મૈત્રી ભાવના :**

૨૩૮૫. હે જીવ ! તું સ્વયં જ તારો મિત્ર છે, બહારના મિત્રની ઈચ્છા શા માટે કરે છે ?

જેટલા અણસમજુ અજ્ઞાની જીવો છે તે બધા ઉપદ્રવ કરનારા છે. તેઓ વિવેકરહિત છે. તેઓ અનન્ત સંસારના ચક્રાવામાં રખડ્યા જ કરે છે.

તેથી પંડિત પુરુષો અનેક બંધનોની સમીક્ષા કરતાં સ્વયં સત્યની શોધ કરે છે તથા પ્રાણી માત્ર સાથે મૈત્રીભાવ રાખે છે.

**संवर भावणा-**

२३८६. तम्हाऽतिविज्जो परमं ति णच्चा,
आयंकदंसी ण करेइ पावं ।
अग्गं च मूलं च विगिंच धीरे,
पलिछिंदियाणं णिकम्मदंसी ।।

एस मरणा पमुच्चति, से हु दिट्ठभये मुणी ।

लोगंसि परमदंसी विवित्तजीवी उवसन्ते, समिते सदा-जते कालक्कंखी परिव्वए ।

–आ. सु. १, अ. ३, उ. २, सु. ११५-११६

**સંવર ભાવના :**

૨૩૮૬. તત્વજ્ઞાની પુરુષ પરમ મોક્ષપદને જાણી અને નરકના દુઃખોને જાણી પાપકર્મ કરે નહિ.

હે ધીર પુરુષ ! તું અગ્રકર્મના અને મૂળકર્મના સ્વરૂપને સમજી તેને પોતાનાથી દૂર કર. આ કર્મોને તોડી તું કર્મો રહિત બની શકીશ.

આ અગ્રકર્મ અને મૂલકર્મના વિવેકને જાણનાર મુનિ મરણથી મુક્ત થઈ જાય છે.

તે જ મુનિ લોકમાં સર્વશ્રેષ્ઠ મોક્ષનો દૃષ્ટા બને છે. રાગદ્વેષથી રહિત સમભાવથી જીવન વિતાવે છે. શાંત થતાં સમિતિથી યુક્ત, જ્ઞાનાદિ ગુણોથી યુક્ત, સદા અપ્રમત્ત બને છે. પુરુષાર્થ કરતાં પંડિત મરણને ઈચ્છતા સંયમના માર્ગમાં વીરતાથી આગળ વધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંયમમાં પરાક્રમ – ૬

**पण्णावंताण परक्कमं-**

२३८७. एवं तेसिं महावीराणं चिररायं पुव्वाइं वासाइं रीयमाणाणं दवियाणं पास अहियासियं ।

आगतपण्णाणाणं किसा बाहा भवंति, पयणुए य मंससोणिए।

विस्सेणिं कट्टु परिण्णाय एस तिण्णे मुत्ते विरते वियाहिते ।

–आ. सु. १, अ. ६, उ. ३, सु. १८७-१८८ (घ)

**પ્રજ્ઞાવાનોનાં પરાક્રમ :**

૨૩૮૭. કેટલાક મહાવીર પુરુષોએ લાંબા સમય સુધી, પૂર્વો સુધી, વર્ષો સુધી સંયમનું પાલન કરી જે પરીષહો સહન કર્યા છે તેની તરફ હે શિષ્ય! તું દૃષ્ટિ કર.

તે જ્ઞાની મુનિઓની ભુજાઓ પાતળી હોય છે, તેમના શરીરમાં માંસ અને લોહી અતિ અલ્પ હોય છે.

તેઓ રાગદ્વેષ-કષાય રૂપ સંસાર-શ્રેણીનો સમભાવથી વિનાશ કરી સમદૃષ્ટિથી તત્વના જ્ઞાતા બની બંધનથી મુક્ત અને પાપકર્મથી નિવૃત્ત કહેવાય છે.

**पंडियस्स परक्कमं-**

२३८८. एवं जाणित्तु दुक्खं पत्तेयं सातं । अणभिक्कंतं च खलु वयं संपेहाए खणं जाणाहि पंडिते ।

जाव सोयपण्णाणा अपरिहीणा जाव णेत्तपण्णाणा अपरिहीणा जाव घाणपण्णाणा अपरिहीणा जाव जीहपण्णाणा अपरिहीणा जाव फासपण्णाणा अपरिहीणा इच्चेतेहिं विरूवरूवेहिं पण्णाणेहिं अपरिहीणेहिं आयट्ठं सम्मं समणुवासेज्जासि ।

–आ. सु. १, अ. २, उ. २, सु. ६८

**પંડિતનું પરાક્રમ :**

૨૩૮૮. "પ્રત્યેક પ્રાણી સ્વયં પોતાના સુખ અને દુઃખનો નિર્માતા અને ભોક્તા છે". તથા "હજી પણ ધર્માચરણ કરવા યોગ્ય આયુષ્ય શેષ છે" તેમ જાણી સમજી હે જીવ ! અવસરને ઓળખીને ધર્મનું આચરણ કર.

જ્યાં સુધી શ્રોત્ર-પ્રજ્ઞાન (કાન), નેત્ર-પ્રજ્ઞાન (આંખ), ઘ્રાણ-પ્રજ્ઞાન (નાક), રસના-પ્રજ્ઞાન (જીભ) અને સ્પર્શ-પ્રજ્ઞાન (ચામડી) ઈન્દ્રિયોની જ્ઞાનશક્તિ મંદ થઈ નથી. ત્યાં સુધી આત્મકલ્યાણને માટે પ્રયત્ન કરવો યોગ્ય અને હિતકારી છે.

**समत्तदंसिस्स परक्कमं-**

२३८९. मुणी मोणं समादाय, धुणे कम्म-सरीरगं ।
पंतं लूहं सेवंति, वीरा समत्तदंसिणो ।।

एस ओघंतरे मुणी तिण्णे मुत्ते विरते वियाहिते त्ति बेमि । –आ. सु. १, अ. २, उ. ६, सु. ९९ (ख-ग)

जातिं च वुड्ढिं च इहऽज्ज ! पासे,
भूतेहिं जाण पडिलेह सातं ।
तम्हा तिविज्जो परमं ति णच्चा,
समत्तदंसी ण करेति पावं ।।

–आ. सु. १, अ. ३, उ. २, सु. ११२

**સમત્વદર્શીનું પરાક્રમ :**

૨૩૮૯. મુનિ સંયમની આરાધના કરી કર્મરૂપી શરીરને આત્માથી દૂર કરે. સત્પુરુષાર્થી અને તત્ત્વોને સમ્યક્ જાણનાર વીર પુરુષ નીરસ, લુખો-સુકો આહાર કરે છે.

એ જ મુનિ સંસાર-પ્રવાહને તરી જનાર પરિગ્રહથી મુક્ત થયેલ ત્યાગી કહેવાય છે. એમ હું કહું છું.

"હે આર્ય! આ સંસારમાં જન્મ અને જરાના દુઃખોને જો! સંસારનાં સર્વ પ્રાણીઓને પોતાની સમાન સમજ! જેમ તને સુખ પ્રિય છે તથા દુઃખ અપ્રિય છે તેવી રીતે અન્ય પ્રાણીઓને પણ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે." એવો વિચાર કરી પરમ કલ્યાણકારી મોક્ષના માર્ગને જાણી તત્ત્વદર્શી મુનિ પાપકર્મ કરતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

का अरइ के आणंदे ? एत्थंपि अग्गहे चरे ।

सव्वं हासं परिच्चज्ज, अल्लीणगुत्तो परिव्वए ।।

—आ. सु. १, अ. ३, उ. ३, सु. १२४

યોગીઓને માટે શું દુઃખ અને શું સુખ! હર્ષ-શોકના પ્રસંગમાં તેઓ અનાસક્ત રહી સર્વ પ્રકારનાં હાસ્ય, કુતૂહલ ઈત્યાદિને છોડી મન, વચન અને કાયાને ગુપ્ત કરી સદા સંયમનું પાલન કરતા વિચરે.

**मुत्तस्स सरूवं-**

२३९०. जं जाणेज्जा उच्चालइयं तं जाणेज्जा दूरालइयं, जं जाणेज्जा दूरालइयं तं जाणेज्जा उच्चालइयं ।

—आ. सु. १, अ. १, उ. ३, सु. १२५

**મુક્તાત્માનું સ્વરૂપ :**

૨૩૯૦. 'જે કર્મોને દૂર કરનાર છે તે મોક્ષને પ્રાપ્ત કરનાર છે. જે મોક્ષને પ્રાપ્ત કરનાર છે તે કર્મોને દૂર કરનાર છે-' એવું સમજીને વિચરવું જોઈએ.

**वीरस्स परक्कमं-**

२३९१. एस वीरे पसंसिए जे बद्धे पडिमोयए ।

उड्ढं अहं तिरियं दिसासु से सव्वतो सव्वपरिण्णाचारी ण लिप्पति छणपदेण वीरे ।

—आ. सु. १, अ. २, उ. ६, सु. १०३

जे खलु भो ! वीरा समिया सदा जया संघडदंसिणो आतोवरता अहा तहा लोगं उवेहमाणा पाईणं पडीणं दाहिणं उदीणं इय सच्चंसि परिविचिट्ठिंसु ।

साहिस्सामो णाणं वीराणं समियाणं सहियाणं सदा जयाणं संघडदंसीणं आतोवरताणं अहा तहा लोगमुवेहमाणाणं ।

प. किमत्थि उवाही पासगस्स ण विज्जति ?

उ. णत्थि ।

– आ. सु. १, अ. ४, उ. ४, सु. १४६

आवीलए पवीलए णिप्पीलए जहित्ता पुव्वसंजोगं हिच्चा उवसमं ।

**વીરપુરુષનું પરાક્રમ :**

૨૩૯૧. કર્મબંધનોથી બંધાયેલા જીવોને જે મુક્ત કરે છે તે જ પ્રશંસાના પાત્ર છે.

તે વીર પુરુષ ઊંચાં, નીચા અને તિર્યગ્ (ત્રાંસા) ભાગમાં સર્વ રીતે વિવેકથી વ્યવહાર કરે છે કે જેનાથી હિંસાજન્ય પાપથી લુપ્ત થતો નથી.

હે શિષ્ય ! જે સાચા પરાક્રમી, સમિતિથી યુક્ત, જ્ઞાનાદિ ગુણોથી સહિત, સદા યતનાવાન્, કલ્યાણની તરફ દૃઢ લક્ષ્ય ધારણ કરનાર, પાપકર્મથી નિવૃત્ત, લોકને યથાર્થરૂપે જોનાર હતા, તેઓ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર એ ચારે દિશાઓમાં વિચરતા સત્યમાં જ સદા સ્થિત હતા. પરીષહ અને ઉપસર્ગોને સહન કરનાર, સમ્યક્ પ્રવૃત્તિ કરનાર, જ્ઞાનાદિ ગુણોથી યુક્ત, સદા યતનાવાન, નિરંતર જાગૃત, પાપોના ત્યાગી, યથાર્થરૂપે લોકને જાણનાર, જ્ઞાનીઓના સમ્યગ્ જ્ઞાનની અમે પણ આરાધના કરીશું - એવો વિચાર સાધક કરે.

પ્ર. સત્યદૃષ્ટા વીરને કોઈ ઉપાધિ હોય છે કે નહીં ?

ઉ. તેમને કોઈ ઉપાધિ હોતી નથી.

મુનિ પૂર્વ સંયોગોનો ત્યાગ કરી ઉપશમને પ્રાપ્ત કરી પ્રથમ અલ્પ, પછી વિશેષ પ્રકારે દેહનું દમન કરે અને છેવટે સંપૂર્ણ રૂપથી દમન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तम्हा अविमणे वीरे सारए समिए सहिए सदा जए ।

માટે શાંત ચિત્તથી વીર સાધક સ્વરૂપમાં પ્રેમ ધારણ કરી પાંચ સમિતિથી યુક્ત થઈ સદા સંયમમાં યતનાપૂર્વક ક્રિયા કરે.

दुरणुचरो मग्गो वीराणं अणियट्टगामीणं, विगिंच मंस सोणितं ।

મોક્ષગામી વીર પુરુષોના માર્ગે ચાલવું મુશ્કેલ છે માટે હે શિષ્ય! તું (વિષયને ઉત્તેજિત કરનાર) માંસ અને લોહીને તપશ્ચર્યા દ્વારા સૂકવી નાખ.

एस पुरिसे दविए वीरे आयाणिज्जे वियाहिते जे धुणाति समुस्सयं वसित्ता बंभचेरंसि ।

–आ. सु. १, अ. ४, उ. ४, सु. १४३

જે બ્રહ્મચર્યમાં રહે છે, સંયમ સ્વીકાર કરી કર્મ ક્ષય કરવામાં સમર્થ છે, તે પુરુષ મોક્ષને યોગ્ય, સાચો વીર કહેવાય છે.

कोहाइमाणं हणिया य वीरे,
लोभस्स पासे णिरयं महंतं ।
तम्हा य वीरे विरते वहाओ,
छिंदिज्ज सोयं लहुभूयगामी ।।

પરાક્રમી સાધક ક્રોધ અને અહંકારનો નાશ કરે. લોભથી જેમાં ઘણું દુઃખભર્યું છે એવા નરકમાં જવું પડે છે. એમ સમજી વીર સાધક હિંસાથી દૂર રહી મોક્ષગમન માટે તત્પર થઈ સંસારનાં પ્રવાહને છેદી નાખે.

गंथं परिण्णाय इहऽज्ज वीरे,
सोयं परिण्णाय चरेज्ज दन्ते ।
उम्मुग्ग लद्धुं इह माणवेहिं,
णो पाणिणं पाणे समारंभेज्जासि ।।

–आ. सु. १, अ. ३, उ. २, गा. १२०-१२१

વીરપુરુષ પરિગ્રહને અહિતકર્તા જાણી તેનો તરત જ ત્યાગ કરે. વિષયવાંછનારૂપ સંસારના પ્રવાહને અહિતરૂપ જાણી ઈન્દ્રિયોનું દમન કરતા વિચરે. આ મનુષ્યભવમાં સંયમની ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરી કોઈપણ પ્રાણીની વિરાધના ન કરે.

तम्हा दवि इक्ख पंडिए,
पावाओ विरतेऽभिनिव्वुडे ।
पणया वीरा महावीहिं,
सिद्धिपहं णेयाउयं धुवं ।।

મોહને વશીભૂત થઈને મનુષ્ય પાપ કર્મ કરવામાં નિર્લજ્જ બની જાય છે. માટે હે પંડિત પુરુષો ! તમે રાગદ્વેષ રહિત સત્ અસત્‌ના વિવેકથી યુક્ત, પાપથી રહિત, શાંત બનો. વીર પુરુષો જ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરે છે. તે મહામાર્ગ સિધ્ધિનો પથ છે, મુક્તિની નિકટ લઈ જનાર છે અને ધ્રુવ છે.

वेतालियमग्गमागओ, मणं वयसा काएण संवुडो ।
चेच्चा वित्तं च णायओ, आरंभं च सुसंवुडे चरेज्जासि ।।

–सूय. सु. १, अ. २, उ. १, गा. २१-२२

હે ભવ્યો ! કર્મનું વિદારણ કરવાના માર્ગમાં પ્રવેશી, મન, વચન અને કાયાથી ગુપ્ત બની, ધન અને જ્ઞાતિવર્ગ તેમજ આરંભનો ત્યાગ કરી ઉત્તમ સંયમી બની વિચરો.

सुस्सूसमाणो उवासेज्जा, सुप्पण्णं सुतवस्सियं ।
वीरा जे अत्तपण्णेसी, धितिमंता जितिंदिया ।।

વીર સાધુ એ છે જે સ્વસમય, પરસમયના જ્ઞાતા, ઉત્તમ તપસ્વી ગુરુની સેવા ઉપાસના કરે છે. જે કર્મનું વિદારણ કરવામાં વીર, આત્મપ્રજ્ઞાનું અન્વેષણ કરનાર, ધૈર્યવાન, જિતેન્દ્રિય છે તે જ એવું કાર્ય કરી શકે છે.

गिहे दीवमपस्संता, पुरिसादाणिया नरा ।
ते वीरा बंधणुम्मुक्का, नावकंखति जीवितं ।।

–सूय. सु. १, अ. ९, गा. ३३-३४

ગૃહવાસમાં સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી એવું સમજીને જે પુરુષો સંયમ અંગીકાર કરીને ઉત્તરોત્તર ગુણોની વૃધ્ધિ કરે છે, તેઓ જ મોક્ષાર્થી જીવો માટે આશ્રયભૂત છે. તેવા જીવો બંધનથી મુક્ત છે. તે અસંયમી જીવનની અભિલાષા કરતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुक्खं लोगस्स जाणित्ता, वंता लोगस्स संजोगं, जंति वीरा महाजाणं । परेण परं जंति, णावकंखंति जीवितं ।

—आ. सु. १, अ. ३, उ. ४, सु. १२९

સંસારના દુઃખોને જાણી લોકના સંયોગોનો ત્યાગ કરી ધીર સાધક સંયમ માર્ગમાં પ્રયાણ કરતો ઉત્તરોત્તર આગળ વધે છે અને અસંયમિત જીવનની અભિલાષા કરતો નથી.

**भिक्खुस्स परक्कमं-**

२३९२. भारस्स जाता मुणि भुंजएज्जा,
कंखेज्ज पावस्स विवेग भिक्खू ।
दुक्खेण पुट्ठे धुयमातिएज्जा,
संगामसीसे व परं दमेज्जा ।।

अवि हम्ममाणे फलगावतट्ठी,
समागमं कंखति अंतगस्स ।
णिद्धूय कम्मं ण पवंचुवेति,
अक्खक्खए वा सगडं त्ति बेमि ।।

—सूय. सु. १, अ. ७, गा. २९-३०

**ભિક્ષુનું પરાક્રમ :**

૨૩૯૨. સંયમની રક્ષા માટે મુનિ આહાર ગ્રહણ કરે અને પૂર્વકૃત પાપોને દૂર કરવા પ્રયત્ન કરે. પરીષહ કે ઉપસર્ગનું દુઃખ આવે ત્યારે સંયમને સાચવીને રાખે. જેમ રણક્ષેત્રમાં શત્રુને હરાવનાર સુભટ દુઃખથી કાંપતો નથી તેમ સાધુ પણ કર્મરૂપી શત્રુઓને દૂર કરવા માટે દુઃખથી ત્રસિત થતો નથી.

પરીષહ અને ઉપસર્ગથી પીડાતો સાધુ બંને બાજુથી છોલાતા પાટિયાની જેમ રાગદ્વેષ ન કરે. પરંતુ મૃત્યુની પ્રતિક્ષા કરે- પંડિત મરણની ઈચ્છા રાખે. આ પ્રમાણે કર્મોનો ક્ષય કરીને જેમ ધુરી તૂટી જવાથી ગાડું ચાલતું નથી, તે પ્રમાણે તે જન્મમરણના પ્રપંચથી છૂટી જાય છે.

**आयगुत्त भिक्खुस्स परक्कमं-**

२३९३. भिक्खुं च खलु पुट्ठा वा अपुट्ठा वा जे इमे आहच्च गंथा फुसंति से हंता हणह, खणह, छिंदह, दहह, पचह, आलुंपह, विलुंपह, सहसक्कारेह, विप्परामुसह । ते फासे पुट्ठो धीरो अहियासए ।

अदुवा आयारगोयरमाइक्खे तक्कियाणमणेलिसं । अदुवा वइगुत्तीए गोयरस्स अणुपुव्वेण सम्मं पडिलेहाए आयगुत्ते बुद्धेहिं एयं पवेदितं ।

—आ. सु. १, अ. ८, उ. २, सु. २०६

अप्पमत्तो कामेहिं उवरतो पावकम्मेहिं, वीरे आयगुत्ते खेयण्णे,

जे पज्जवजायसत्थस्स खेयण्णे से असत्थस्स खेयण्णे । जे असत्थस्स खेयण्णे से पज्जव-जायसत्थस्स खेयण्णे ।

—आ. सु. १, अ. ३, उ. १, सु. १०९

**આત્મગુપ્ત ભિક્ષુનું પરાક્રમ :**

૨૩૯૩. કોઈ ગૃહસ્થ સાધુને પૂછીને અથવા પૂછ્યા વિના ઘણું દ્રવ્ય ખર્ચી આહારાદિ બનાવે છે. જ્યારે મુનિ એ લે નહિ ત્યારે કદાચિત્ તે ગૃહસ્થ કુપિત થાય છે,સાધુને મારે છે અથવા કહે કે - "આને મારો, પીટો, હાથ-પગાદિ છેદો, જલાવો, એનું માંસ પકાવો, વસ્ત્રાદિ લૂંટી લ્યો. તેનું બધું છીનવી લ્યો. પ્રાણ રહિત કરી દ્યો. અનેક પ્રકારે પીડા પહોંચાડો". આવાં કષ્ટો આવે ત્યારે ધૈર્યવાન્ સાધુ દુઃખોને સહન કરે.

તે કષ્ટ આપનારની પાત્રતાદિનો વિચાર કરી સારી રીતે પોતાના વિશેષ પ્રકારનાં આચારગોચરને સમજાવે અથવા મૌન રહે. પોતાના આચાર-ગોચરનું સમ્યક્ પ્રકારે પાલન કરે- એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે.

જે કામભોગો પ્રતિ અપ્રમત્ત છે અને પાપ કર્મોથી ઉપરત છે, તે વીરપુરુષ આત્મગુપ્ત અને ક્ષેત્રજ્ઞ છે.

જે વિષય ભોગોનાં અનુષ્ઠાનને શસ્ત્રરૂપે જાણે છે, તે સંયમને જાણે છે. જે સંયમને જાણે છે તે વિષયભોગોના અનુષ્ઠાનને શસ્ત્રરૂપે જાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुरिसा ! अत्ताणमेव अभिणिगिज्झ, एवं दुक्खा पमोक्खसि ।

—आ. सु. १, अ. ३, उ. ३, सु. १२६

હે પુરુષ ! તું પોતાના આત્માનો નિગ્રહ કર. એમ કરવાથી તું દુઃખોથી મુક્ત થઈ જઈશ.

इमेव चेव जुज्झाहिं, किं ते जुज्झेण बज्झओ ?

હે સાધક ! પોતાના આંતરિક શત્રુઓની સાથે જ યુધ્ધ કર. બહારનાં યુધ્ધથી શું મળવાનું છે ?

जुद्धारिहं खलु दुल्लभं । जहेत्थ कुसलेहिं परिण्णाविवेगे भासिते ।

—आ. सु. १, अ. ५, उ. ३, सु. १५९

આત્મયુધ્ધ કરવા માટે જે ઔદારિક શરીરાદિ સામગ્રી મળી છે તે વારંવાર પ્રાપ્ત થવી દુર્લભ છે. તીર્થંકર દેવે જે રીતે અધ્યવસાયોની ભિન્નતા કહી છે તેને તેવી જ રીતે માનવી જોઈએ.

सव्वत्थ संमतं पावं ! तमेव उवातिकम्म एस महं विवेगे वियाहिते ।

—आ. सु. १, अ. ८, उ. १, सु. २०२ (क-ख)

સર્વત્ર પાપકર્મ થઈ રહ્યું છે, મેં એ પાપકર્મને છોડી દીધું છે આ જ મારો વિવેક છે.

से हु एगे संविद्धपहे मुणी अण्णहा लोगमुवेहमाणे ।

વાસ્તવમાં એ જ મુનિ મોક્ષ પથનો પથિક હોય છે, જે વીતરાગ માર્ગથી પતિત આચરણ કરનારા લોકોની ઉપેક્ષા કરતો રહે છે.

इति कम्मं परिण्णाय सव्वसो ! से ण हिंसति, संजमति, णो पगब्भति, उवेहमाणे पत्तेयं सातं, वण्णाएसी णारभे कंचणं सव्वलोए ।

આ પ્રમાણે કર્મનાં સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને પ્રત્યેક જીવનાં સુખદુઃખ અલગ અલગ છે એવો વિચાર કરી કોઈપણ જીવની હિંસા ન કરતાં મુનિ સંયમનું પાલન કરે. તેમજ પાપકાર્યમાં ધૃષ્ટતા ન કરે.

एगप्पमुहे विदिसप्पतिण्णे णिव्विण्णचारी अरते पयासु ।

માત્ર મોક્ષ તરફ દૃષ્ટિ રાખી સંસારમાર્ગથી વિરક્ત બનેલો મુનિ સ્ત્રીઓ પ્રત્યે ગૃધ્ધ થતો નથી.

से वसुमं सव्वसमण्णागत पण्णाणेणं अप्पाणेणं अकरणिज्जं पावं कम्मं तं णो अण्णेसी ।

—आ. सु. १, अ. ५, उ. ३, सु. १५९-१६०

એવા પ્રજ્ઞાવાન સંયમી સાધુ નહિં કરવા યોગ્ય પાપકર્મ તરફ દૃષ્ટિ રાખતા નથી. માટે સાધક તેનું અન્વેષણ ન કરે.

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य ।।

આત્મા પરનો વિજય મેળવવો મુશ્કેલ છે છતાં આત્મા પર વિજય પ્રાપ્ત કરવો જ જોઈએ. આત્મવિજેતા જ આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

वरं मे अप्पा दन्तो, संजमेण तवेण य ।
माहं परेहिं दम्मंतो, बन्धणेहिं वहेहि य ।।

—उत्त. अ. १, गा. १५-१६

શિષ્ય એમ વિચાર કરે કે-બંધન અને વધ દ્વારા બીજાથી દમાતો હોઉં તેના કરતાં હું પોતે જ સંયમ અને તપ દ્વારા આત્મા પર વિજય પ્રાપ્ત કરું એ વધારે સારું છે.

**मेहावी मुणिस्स परक्कमं-**

**મેધાવી મુનિનું પરાક્રમ :**

२३९४. सड्ढी आणाए मेधावी ।

૨૩૯૪. વીતરાગની આજ્ઞામાં શ્રદ્ધા રાખનાર મેધાવી હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लोगं च आणाए अभिसमेच्चा अकुतोभयं ।

તે જિનાજ્ઞા અનુસાર ષટ્જીવનિકાય રૂપ લોકને જાણીને અભય બની જાય છે.

अत्थि सत्थं परेण परं, णत्थि असत्थं परेण परं ।

શસ્ત્ર (અસંયમ) એક-એક થી વધુ ને વધુ તીક્ષ્ણતર હોય છે પરતુ અશસ્ત્ર (સંયમ) એક થી અધિક ચઢિયાતું બીજાું નથી હોતું અર્થાત્ તે એકરૂપ જ હોય છે.

जे कोहदंसी से माणदंसी,
जे माणदंसी से मायादंसी ।
जे मायादंसी से लोभदंसी ।
जे लोभदंसी से पेज्जदंसी,
जे पेज्जदंसी से दोसदंसी,
जे दोसदंसी से मोहदंसी,
जे मोहदंसी से गब्भदंसी,
जे गब्भदंसी से जम्मदंसी,
जे जम्मदंसी से मारदंसी,
जे मारदंसी से णिरयदंसी,
जे णिरयदंसी से तिरियदंसी,
जे तिरियदंसी से दुक्खदंसी।

જે ક્રોધદર્શી હોય છે, તે માનદર્શી હોય છે,
જે માનદર્શી હોય છે, તે માયાદર્શી હોય છે,
જે માયાદર્શી હોય છે, તે લોભદર્શી હોય છે,
જે લોભદર્શી હોય છે, તે રાગદર્શી હોય છે,
જે રાગદર્શી હોય છે, તે દ્વેષદર્શી હોય છે,
જે દ્વેષદર્શી હોય છે, તે મોહદર્શી હોય છે,
જે મોહદર્શી હોય છે, તે ગર્ભદર્શી હોય છે,
જે ગર્ભદર્શી હોય છે, તે જન્મદર્શી હોય છે,
જે જન્મદર્શી હોય છે, તે મૃત્યુદર્શી હોય છે,
જે મૃત્યુદર્શી હોય છે, તે નરકદર્શીહોય છે,
જે નરકદર્શી હોય છે, તે તિર્યંચદર્શી હોય છે,
જે તિર્યંચદર્શી હોય છે, તે દુઃખદર્શી હોય છે.

से मेहावी अभिणिवट्टेज्जा कोहं च, माणं च, मायं च, लोभं च, पेज्जं च, दोसं च, मोहं च, गब्भं च, जम्मं च, मारं च, णरगं च, तिरियं च, दुक्खं च ।

તે મેધાવી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, ગર્ભ, જન્મ , મૃત્યુ, નરક, તિર્યંચ અને દુઃખ-ને ત્યજી દે.

एयं पासगस्स दंसणं उवरयसत्थस्स पलियंतकरस्स,

આ સમસ્ત કર્મોનો અંત કરનાર, હિંસા આદિ અસંયમથી ઉપરત અને નિરાવરણ દ્રષ્ટા તીર્થંકર ભગવાનનો ઉપદેશ છે.

आयाणं निसिद्धा सगडब्भि,

જે પુરુષ કર્મબંધના કારણોને રોકે છે તે જ સ્વકૃત કર્મોનો છેદ કરી શકે છે.

प. किमत्थि उवाही पासगस्स, ण विज्जति,

પ્ર. શું સર્વદ્રષ્ટાને કોઈ ઉપાધિ હોય છે ખરી ?

उ. णत्थि ।

ઉ. નથી હોતી.

— आ. सु. १, अ. ३, उ. ४, सु. १२९-१३१

बहुं च खलु पावं कम्मं पगडं ।

આ જીવે ભૂતકાળમાં અનેક પ્રકારના પાપકર્મોનો બંધ કર્યો છે.

सच्चंमि धितिं कुव्वह । एत्थोवरह मेहावी सव्वं पावं कम्मं झोसेति ।

—आ. सु. १, अ. ३, उ. २, सु. ११६-११७

માટે ધૈર્યપૂર્વક સંયમપાલન કરવું જોઈએ. સંયમમાં લીન મેધાવી સમસ્ત પાપ કર્મોનો ક્ષય કરી નાંખે છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्स आणाए उवट्ठिए से मेहावी मारं तरति ।

— आ. सु. १, अ. ३, उ. ४, सु. १२७

હે પુરુષ ! તું સત્યને જ સારી રીતે સમજ. સત્યના શાસનમાં ઉપસ્થિત રહેનાર મેધાવી સંસાર પાર કરી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे महं अबहिमणे ।

જે મહાન હોય છે તેનું મન બહાર નથી હોતું.

पवाएण पवायं जाणेज्जा सहसम्मुइयाए परवागरणेणं अण्णेसिं वा अंतिए सोच्चा ।

પૂર્વજન્મની સ્મૃતિથી, તીર્થંકર ભગવંતને પ્રશ્ન પૂછીને જાણી લેવાથી અથવા કોઈ અતિશય જ્ઞાની પાસેથી સાંભળીને તીર્થંકરોના વચનો વડે વિભિન્ન દાર્શનિકોના વાદને જાણવા જોઈએ.

णिद्देसं णातिवत्तेज्ज मेहावी,

મેધાવી ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે.

सुपडिलेहिय सव्वओ सव्वताए सम्ममेव समभिजाणिया ।

પરંતુ સર્વ પ્રકારે સારી રીતે સમજી વિચારી સંપૂર્ણરૂપે તેનું સમ્યક્ પાલન કરે.

इह आरामं परिण्णाय अल्लीणगुत्तो परिव्वए निट्ठियट्ठी वीरे आगमेणं सदा परक्कमेज्जासि ।

—आ. सु. १, अ. ५, उ. ६, सु. १७२-१७३

આ જિનશાસનમાં સંયમને સ્વીકારી સર્વ પ્રકારે આત્મગુપ્ત બનીને વિચરણ કરે, મોક્ષાભિલાષી વીર મુનિ સદા આગમનિર્દિષ્ટ આદેશ અનુસાર જ પરાક્રમ- પુરુષાર્થ કરે.

अकम्मस्स ववहारो ण विज्जति ।

કર્મોથી મુક્ત આત્મા માટે કોઈ વ્યવહાર અર્થાત્ સંસારભ્રમણ હોતું નથી.

कम्मुणा उवाही जायति ।

સંસાર ભ્રમણ રૂપ ઉપાધિ (દુ:ખ) કર્મ વડે જ થાય છે.

कम्मं च पडिलेहाए कम्ममूलं च जं छणं, पडिलेहिय सव्वं समायाय दोहिं अंतेहिं अदिस्समाणे ।

આથી કર્મનું સારી રીતે પર્યાલોચન કરવું જોઈએ તથા કર્મનું મૂળ હિંસા છે તેથી તેનું પણ સારી રીતે નિરક્ષણ કરીને સંયમ ગ્રહણ કરે અને રાગ તથા દ્વેષ બન્નેથી દૂર રહે.

तं परिण्णाय मेहावी विदित्ता लोगं वंता लोगसण्णं से मतिमं परक्कमेज्जासि ।

– आ. सु. १, अ. ३, उ. १, सु. ११०-१११

આ રીતે સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરી બુદ્ધિમાન સાધક લોકને જાણી, લોક સંજ્ઞાનો ત્યાગ કરી સંયમ અને તપમાં સમ્યક્ પરાક્રમ કરે.

**महेसिस्स परक्कमं-**

२३९५. अवरेण पुव्वं ण सरंति एगे,
किम्मस्स तीतं किं वाऽऽगमिस्सं ?
भासंति एगे इह माणवा तु,
जम्मस्स तीतं तं आगमिस्सं ।।

णातीतमट्ठं ण य आगमिस्सं,
अट्ठं णियच्छंति तथागता उ ।
विधूतकप्पे एताणुपस्सी,
णिज्झोसइत्ता खवगे महेसी ।।

– आ. सु. १, अ. ३, उ. ३, सु. १२४

**મહર્ષિનું પરાક્રમ :**

૨૩૯૫. કેટલાક અજ્ઞાનીઓ પહેલાંના કે પછીના કાળનું સ્મરણ કરતા નથી. તેઓ એ વાતની ચિંતા કરતા નથી કે - ' આનો ભૂતકાળ શું હતો ? ભવિષ્ય શું હશે ?' અર્થાત્ તેઓ ભૂત ભવિષ્યમાં આત્માના અસ્તિત્વને સ્વીકાર કરતા નથી.

કેટલાક અજ્ઞાનીઓ આમ કહે છે - 'જે ભૂતકાળમાં જેવો હતો ભવિષ્યકાળમાં પણ તેવો જ બનશે.' પરંતુ સર્વજ્ઞોનો સિદ્ધાંત આવો છે કે - 'ભૂતકાળની અવસ્થા વર્તમાનમાં અને વર્તમાનની અવસ્થા ભવિષ્યમાં ચાલુ રહેવાનો નિયમ નથી. અર્થાત્ કર્માનુસાર અવસ્થામાં પરિવર્તન થાય છે.' આ સિદ્ધાંતનો વિચાર કરીને વિધૂતકલ્પ (સંયમ)માં ઉપસ્થિત મુનિ સંપૂર્ણ કર્મક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परिग्गह परिच्चाए अपमत्तस्स परक्कमं-**

२३९६. से सुपडिबुद्धं सुवणीयं ति णच्चा पुरिसा ! परमचक्खू ! विपरिक्कम, एतेसु चेव बंभचेरं ।

से सुतं च मे अज्झत्थं च मे – "बंधपमोक्खो अज्झत्थेव ।"

एत्थ विरते अणगारे दीहरायं तितिक्खए ।

पमत्ते बहिया पास, अप्पमत्तो परिव्वए ।

एयं मोणं सम्मं अणुवासेज्जासि ।

–आ. सु. १, अ. ५, उ. २, सु. १५५-१५६

**પરિગ્રહ-પરિત્યાગમાં અપ્રમત્તનું પરાક્રમ -**

૨૩૯૬. તે પરિગ્રહથી વિમુક્ત મુનિ સમ્યક્ પ્રકારે પ્રતિબુદ્ધ છે તેઓ સંયમ પરિપુષ્ટ છે તેમ જાણીને હે પરમ ચક્ષુષ્માન્ પુરુષ ! તું પરિગ્રહના ત્યાગમાં સમ્યક્ પરાક્રમ કર. એવું પરાક્રમ કરનારમાં જ બ્રહ્મચર્ય (સંયમ) સ્થિર રહે છે.

મેં સાંભળ્યું છે અને અનુભવ્યું છે કે 'બંધનમાંથી મુક્તિ સંયમી આત્માને જ સંભવે છે.'

આવો પરિગ્રહથી વિરત અણગાર પરિષહોને જીવનભર સહે.

જે પ્રમત્ત છે તેમને નિર્ગ્રન્થ ધર્મથી બહાર સમજ. આથી મુનિ અપ્રમત્ત થઈને સંયમમાં વિચરણ કરે.

આ પ્રકારે પરાક્રમ વડે મુનિ ધર્મનું સમ્યક્ પાલન કરે.

**कम्म भेयणे परक्कमं-**

२३९७. से वंता कोहं च, माणं च, मायं च, लोभं च, एयं पासगस्स दंसणं उवरतसत्थस्स पलियंतकरस्स, आयाणं सगडब्भि ।

–आ. सु. १, अ. ३, उ. ४, सु. १२८

**કર્મભેદનમાં પરાક્રમ -**

૨૩૯૭. સંયમનિષ્ઠ મુનિ, ક્રોધ, માન, માયા અને લોભનું વમન કરે. હિંસાથી ઉપરત અને સમસ્ત કર્મોનો અંત કરનાર સર્વજ્ઞ - સર્વદર્શી તીર્થંકર પ્રભુનું આ કથન છે કે - 'જે કર્મબંધનનાં કારણોનો નિરોધ કરે છે તે સ્વકૃત કર્મોનો નાશ કરે છે.'

**कसाय पयणुकरणे परक्कमो-**

२३९८. इह आणाकंखी पंडिते अणिहे, एगमप्पाणं संपेहाए धुणे सरीरं, कसेहि अप्पाणं जरेहि अप्पाणं । जहा जुन्नाइं कट्ठाइं हव्ववाहो पमत्थति एवं अत्तसमाहिते, अणिहे ।

विगिंच कोहं अविकंपमाणे, इमं निरुद्धाउयं संपेहाए । दुक्खं च जाण अदुवा गमेस्सं, पुढो फासाइं च फासे । लोयं च पास विप्फंदमाणं ।

**કષાયોને કૃશ કરવાનું પરાક્રમ -**

૨૩૯૮. આ વીતરાગની આજ્ઞાનો આકાંક્ષી પંડિત મુનિ અનાસક્ત બનીને એકમાત્ર આત્માને જ જોતો કર્મ-શરીરને ખંખેરી નાંખે, પોતાના કષાય-આત્માને જીર્ણ કરી નાંખે. જેમ અગ્નિ જીર્ણ કાષ્ઠને તરત જ સળગાવી દે છે તેમ જ સમાહિત આત્મા સ્નેહરહિત બનીને તપરૂપી અગ્નિથી કર્મશરીરને સળગાવી દે.

આ મનુષ્ય-જીવન અલ્પકાલીન છે એમ વિચાર કરીને સાધક મુનિ સ્થિરચિત્ત બની ક્રોધનો ત્યાગ કરે. વર્તમાન કે ભવિષ્યમાં ક્રોધથી ઉત્પન્ન થતાં દુઃખોને જાણે. ક્રોધી પુરુષ જુદાં જુદાં નરકોમાં અનેક પ્રકારના દુઃખો અનુભવે છે. સંસારના જીવો દુઃખોથી ઘેરાઈને આમ તેમ ભટકે છે, તેમને તું જો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे णिव्वुडा पावेहिं कम्मेहिं, अणिदाणा ते वियाहिता । तम्हाऽतिविज्जो णो पडिसंजलेज्जासि ।

—आ. सु. १, अ. ४, उ. ३, सु. १४१-१४२

જે પુરૂષ પાપકર્મોથી નિવૃત્ત છે તેઓ અનિદાન (દુઃખરહિત) છે તેમ કહેવામાં આવ્યું છે. માટે હે વિદ્વાન પુરુષ ! વિષય-કષાયના અગ્નિથી સંતપ્ત ન બનો.

**बंधण विमुत्तिए परक्कमं-**

२३९९. बुज्झिज्ज तिउट्टेज्जा, बंधणं परिजाणिया ।
किमाह बंधणं वीरे ? किं वा जाणं तिउट्टई ।।

चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवी ।
अन्नं वा अणुजाणाति, एवं दुक्खा ण मुच्चई ।।

सयं तिवायए पाणे, अदुवा अण्णेहिं घायए ।
हणंतं वाऽणुजाणाइ, वेरं वड्ढेति अप्पणो ।।

जस्सिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे णरे ।
ममाति लुप्पती बाले, अन्नमन्नेहिं मुच्छिए ।।

वित्तं सोयरिया चेव, सव्वमेतं न ताणए ।
संखाए जीवियं-चेव, कम्मुणा उ तिउट्टति ।।

एए गंथे विउक्कम्म, एगे समण-माहणा ।
अयाणंता विउस्सिता, सत्ता कामेहिं माणवा ।।

—सूय. सु. १, अ. १, उ. १, गा. १-६

**બંધનમાંથી મુક્ત થવાનું પરાક્રમ :**

૨૩૯૯. બોધિ પ્રાપ્ત કરો અને બંધનને જાણીને તેને તોડી નાંખો. શિષ્ય પૂછે છે કે - 'ભગવાન વીરે બંધન કોને કહ્યું છે ? કયા તત્ત્વને જાણીને તેને તોડી શકાય ?'

જે મનુષ્ય ચેતન કે અચેતનમાં સહેજ પણ પરિગ્રહ-બુદ્ધિ રાખે છે અને બીજાઓના પરિગ્રહનું અનુમોદન કરે છે તે દુઃખથી મુક્ત થઈ શકતો નથી.

જે પરિગ્રહી મનુષ્ય પ્રાણીઓનો પોતે ઘાત કરે છે, બીજાઓ પાસે ઘાત કરાવે છે કે ઘાત કરનારનું અનુમોદન કરે છે તે પોતાના વેરને વધારે છે.

મનુષ્ય જે કુળમાં ઉત્પન્ન થાય છે અને જેમની સાથે રહે છે તેમનામાં મમત્ત્વ રાખે છે. આ રીતે પરસ્પર પેદા થતી મુર્च્છાથી મુર્च્છિત બની તે અજ્ઞાની નાશ પામે છે.

ધન અને સગાવહાલાં તે બધું તેની રક્ષા કરવા માટે સમર્થ નથી અને જીવન પણ ક્ષણભંગુર છે - આ જાણીને મનુષ્ય કર્મનાં બંધનો તોડી નાંખે છે.

કેટલાક શ્રમણ-બ્રાહ્મણ આ ધન-પરિવારનો પરિત્યાગ કરે છે, પરંતુ વિરતિ અને અવિરતિના સ્વરૂપને ન જાણતાં ગર્વ કરે છે. તે અજ્ઞાની મનુષ્ય કામભોગોમાં આસક્ત બની જાય છે.

**लोगविण्णु एव अत्तविण्णु-**

२४००. लोगं च आणाए अभिसमेच्चा अकुतोभयं !

से बेमि-णेव सयं लोगं अब्भाइक्खेज्जा, णेव अत्ताणं अब्भाइक्खेज्जा ।

जे लोगं अब्भाइक्खति से अत्ताणं अब्भाइक्खति, जे अत्ताणं अब्भाइक्खंति से लोगं अब्भाइक्खंति ।[1]

—आ. सु. १, अ. १, उ. ३, सु. २२

**લોકજ્ઞ જ આત્મજ્ઞ -**

૨૪૦૦. ભગવાનની આજ્ઞાથી લોકને જાણીને મુનિ લોકને કોઈપણ પ્રકારનો ભય ન આપે.

હું કહું છું - 'મુનિ સ્વયં લોકના અસ્તિત્ત્વનો નિષેધ ન કરે, ન પોતાના આત્માનો અપલાપ કરે.'

જે લોકનો અપલાપ કરે છે તે વાસ્તવમાં પોતાનો જ અપલાપ કરે છે. જે પોતાની જાતનો અપલાપ કરે છે તે લોકનો અપલાપ કરે છે.

---

१. आ. सु. १, अ. १, उ. ४, सु. ३२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आयावाइस्स सम्मं परक्कमं-**

२४०१. जे आया से विण्णाता, जे विण्णाता से आया ।

जेण विजाणंति से आया ।

तं पडुच्च पडिसंखाए ।

एस आयावादी समियाए परियाए वियाहिते ।

—आ. सु. १, अ. ५. उ. ५, सु. १७१

**આત્મવાદીનું સમ્યક્ પરાક્રમ :**

૨૪૦૧. જે આત્મા છે તે વિજ્ઞાતા છે, જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે. કારણ કે સ્વ - પરને જાણે છે એટલે જ તે આત્મા છે.

આ જ્ઞાનની વિભિન્ન પરિણતિઓની અપેક્ષાઓએ આત્માની ઓળખાણ થાય છે.

આ રીતે જે આત્મસ્વરૂપનો જ્ઞાતા છે તેનો જ સંયમપર્યાય સમ્યક્ કહેવાયો છે.

**णाणाइ सहियस्स परक्कमं-**

२४०२. सहिते धम्ममादाय सेयं समणुपस्सति ।

दुहतो जीवियस्स परिवंदण-माणण-पूयणाए जंसि एगे पमायंति ।

सहिओ दुक्खमत्ताए पुट्ठो णो झंझाए ।

पासिमं दविए लोगालोगपवंचातो मुच्चति ।

—आ. सु. १, अ. ३, उ. ३, सु. १२७

**જ્ઞાનાદિથી યુક્ત મુનિનું પરાક્રમ :**

૨૪૦૨. જ્ઞાનાદિથી યુક્ત સાધક ધર્મ ગ્રહણ કરીને આત્મહિતનું સમ્યક્ પ્રકારે અવલોકન કરે છે.

રાગ અને દ્વેષથી કલુષિત કેટલાક પ્રાણીઓ જીવન નિર્વાહ માટે તથા માન-સન્માન-પૂજા માટે હિંસાદિ પ્રમાદનું આચરણ કરે છે.

જ્ઞાનાદિથી યુક્ત સાધક દુઃખના અનેક પ્રસંગો ઉત્પન્ન થવા છતાં વ્યાકુળ થતો નથી.

આથી હે શિષ્ય ! તું જો કે - 'આવો સંયમી સાધક આ ભવ અને પરભવના સમસ્ત પ્રપંચોમાંથી મુક્ત થઈ જાય છે.'

**समाही कामी समणस्स परक्कमं-**

२४०३. जहा य अण्डप्पभवा बलाया,
अण्डं बलागप्पभवं जहा य ।
एमेव मोहायतणं खु तण्हं,
मोहं च तण्हाययणं वयन्ति ।।
रागो य दोसो वि य कम्मबीयं,
कम्मं च मोहप्पभवं वयन्ति ।
कम्मं च जाईमरणस्स मूलं,
दुक्खं च जाईमरणं वयन्ति ।।
दुक्खं हयं जस्स न होइ मोहो,
मोहो हओ जस्स न होइ तण्हा ।
तण्हा हया जस्स न होइ लोहो,
लोहो हओ जस्स न किंचणाइं ।।

रागं च दोसं च तहेव मोहं,
उद्धत्तुकामेण समूलजालं ।
जे जे उवाया पडिवज्जियव्वा,
ते कित्तइस्सामि अहाणुपुव्विं ।।

—उत्त. अ. ३२, गा. ६-९

**સમાધિ-ઈચ્છુક શ્રમણનું પરાક્રમ :**

૨૪૦૩. જેમ બગલી ઈંડામાંથી પેદા થાય છે અને ઈંડું બગલીમાંથી પેદા થાય છે, તેમ તૃષ્ણા મોહમાંથી ઉત્પન્ન થાય છે અને મોહ તૃષ્ણામાંથી ઉત્પન્ન થાય છે-એમ જ્ઞાની પુરૂષો કહે છે.

રાગ અને દ્વેષ આ બન્નેય કર્મનાં બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે અને કર્મ જ જન્મ-મરણનું મૂળ છે. જન્મ-મરણ જ દુઃખનાં મૂળ છે-એમ જ્ઞાની પુરૂષો કહે છે.

જેને મોહ નથી એણે દુઃખનો નાશ કરી દીધો છે. જેને તૃષ્ણા નથી એણે મોહનો નાશ કરી દીધો છે. જેને લોભ નથી એણે તૃષ્ણાનો નાશ કરી દીધો છે. જેની પાસે કંઈ પણ પરિગ્રહ નથી એણે લોભનો નાશ કરી દીધો છે.

રાગ-દ્વેષ અને મોહનું સમૂળું છેદન કરવા માટે મુનિએ જે જે ઉપાયો કરવા જોઈએ તે બધાં હું ક્રમશઃ કહીશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे इन्दियाणं विसया मणुन्ना,
न तेसु भावं निसिरे कयाइ ।
न या मणुन्नेसु मणं पि कुज्जा,
समाहिकामे समणे तवस्सी ।।
– उत्त. अ. ३२, गा. २१

સમાધિ ઈચ્છનાર તપસ્વી શ્રમણ ઈન્દ્રિયોના મનોજ્ઞ વિષયોમાં ક્યારેય રાગ ન કરે અને અમનોજ્ઞ વિષયોમાં મનથી પણ દ્વેષ ન કરે.

**संजमे परक्कंतस्स विमुत्ति-**

**સંયમમાં પરાક્રમ કરનારની મુક્તિ :**

२४०४. एवं ससंकप्प-विकप्पणासुं,
संजायई समयमुवट्ठियस्स ।
अत्थे य संकप्पयओ तओ से,
पहीयए कामगुणेसु तण्हा ।।

२४०४. આ રીતે રાગ-દ્વેષાત્મક સંકલ્પ-વિકલ્પોમાંથી નિવૃત્ત થવાથી મનમાં સમતા ઉત્પન્ન થાય છે તથા ઇન્દ્રિયોના વિષયો તરફ સંકલ્પ-વિકલ્પ ન રહેવાથી કામ ગુણોમાં થનારી તૃષ્ણા પણ નષ્ટ થઈ જાય છે.

स वीयरागो कयसव्वकिच्चो, खवेइ नाणावरणं खणेणं ।
तहेव जं दंसणमावरेइ ज चन्तरायं पकरेइ कम्मं ।।

પછી તે વીતરાગ બનેલ જીવ પૂર્ણ કૃતકૃત્ય થઈને ક્ષણભરમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય કર્મનો ક્ષય કરે છે.

सव्वं तओ जाणइ पासए य,
अमोहणे होइ निरन्तराए ।
अणासवे झाणसमाहिजुत्ते,
आउक्खए मोक्खमुवेइ सुद्धे ।।

ત્યારબાદ તે સર્વજ્ઞ સર્વદર્શી બની જાય છે તથા મોહ અને અન્તરાયથી રહિત બની જાય છે. અંતમાં તે સંપૂર્ણ આશ્રવરહિત થઈને ધ્યાન દ્વારા સમાધિમાં લીન બની કર્મમળથી શુદ્ધ બની આયુષ્યનો ક્ષય થતાં જ મોક્ષ પ્રાપ્ત કરે છે.

सो तस्स सव्वस्स दुहस्स मुक्को,
जं बाहइ सययं जन्तुमेयं ।
दीहामयविप्पमुक्को पसत्थो,
तो होइ अच्चतसुही कयत्थो ।।

તે મુક્ત જીવ સંસારમાં પ્રાણીઓને સતત પીડિત કરનાર સંપૂર્ણ દુ:ખોથી રહિત થઈ જાય છે તથા દીર્ઘકાલીન કર્મરોગથી તે મુક્ત બની જાય છે. તે પ્રશસ્ત અને કૃતાર્થ બનેલો જીવ અત્યંત સુખી થઈ જાય છે.

अणाइकालप्पभवस्स एसो,
सव्वस्स दुक्खस्स पमोक्खमग्गो ।
वियाहिओ जं समुविच्च सत्ता,
कमेण अच्चन्तसुही भवन्ति ।।
–उत्त. अ. ३२, गा. १०७-१११

અનાદિકાલીન સમસ્ત દુ:ખોમાંથી મુક્તિનો આ માર્ગ બતાવવામાં આવ્યો છે તેને સ્વીકારીને જીવ ક્રમશ: પુરુષાર્થ કરી શાશ્વત સુખ પામે છે.

णिम्ममो निरहंकारो, वीतरागो अणासवो ।
संपत्तो केवलं णाणं, सासयं परिणिव्वुडे ।।
–उत्त. अ. ३५, गा. २१

મુનિ મમત્વ અને અહંકાર રહિત બની આશ્રવરહિત થઈ જાય છે, પછી વીતરાગ બની કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શાશ્વત મોક્ષસુખ પ્રાપ્ત કરે છે.

तवोगुणपहाणस्स, उज्जुमइ खंतिसंजमरयस्स ।
परीसहे जिणंतस्स, सुलहा सुग्गइ तारिसगस्स ।।
– दस. अ. ४, गा. २७

જે શ્રમણ તપોગુણથી પ્રધાન, સરળમતિ, શાંત તથા સંયમમાં રત હોય અને પરિષહોને જીતનાર હોય તેના માટે સુગતિ સુલભ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणुत्तरे य ठाणे से,
कासवेणं पवेदिते ।
जं किच्चा णिव्वुडा एगे,
णिट्ठं पावेंति पंडिया ।।

કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત સંયમ સ્થાન સહુમાં શ્રેષ્ઠ છે. તે સંયમની આરાધના કરી અનેક મહાપુરુષો પોતાના કષાયઅગ્નિને શાંત કરી શીતળ બન્યા છે અને તેવા પાપભીરૂ મુનિઓ સંસારના અંતને પ્રાપ્ત કરે છે.

पंडिए वीरियं लद्धुं, णिग्घायाय पवत्तगं ।
धुणे पुव्वकडं कम्मं, णवं चावि ण कुव्वइ ।।

કર્મના વિદારણ માટે સમર્થ વીર્ય-શક્તિની પ્રાપ્તિ કરીને પંડિત સાધક પૂર્વકૃત કર્મોનો નાશ કરે અને નવાં કર્મો ન બાંધે.

ण कुव्वई महावीरे,
अणुपुव्वकडं रयं ।
रयसा संमूहीभूते,
कम्मं हेच्चाण जं मतं ।।

કર્મના વિદારણ માટે સમર્થ ધર્મવીર અનાદિકાળથી કરાતાં આવેલાં પાપકર્મો કરતો નથી, તે પાપકર્મ પૂર્વકૃત પાપના પ્રભાવથી કરાતાં હોય છે. પરંતુ તે પુરુષ પોતાના પૂર્વકૃત પાપકર્મોને રોકીને મોક્ષ તરફ જાય છે.

जं मतं सव्वसाहूणं,
तं मतं सल्लगत्तणं ।
साहइत्ताण तं तिण्णा,
देवा वा अभविंसु ते ।।

સમસ્ત સાધુઓને માન્ય જે સંયમ છે તે કર્મરૂપ શલ્યને કાપનાર છે. એટલે અનેક સાધકો તે સંયમની આરાધના કરીને સંસાર સાગર પાર કરી ગયા છે કે દેવલોકમાં ગયા છે.

अभविंसु पुरा वीरा, आगमिस्सा वि सुव्वया ।
दुण्णिबोहस्स मग्गस्स, अंतं पाउकरा तिण्णे ।।
–सूय. सु. १, अ. १५, गा. २१-२५

પ્રાચીનકાળમાં અનેક વીરપુરુષો થઈ ગયા અને ભવિષ્યમાં પણ થશે - તેઓ દુર્લભ સમ્યગ્ દર્શનાદિ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ પામીને તથા બીજાઓને તે માર્ગ દર્શાવીને સંસાર પાર થયા છે.

### धम्मस्स परक्कमट्ठा एलग दिट्ठन्तो-

२४०५. जहाऽएसं समुद्दिस्स, कोइ पोसेज्ज एलयं ।
ओयणं जवसं देज्जा, पोसेज्ज वि सयंगणे ।।

### ધર્મમાં પરાક્રમ અંગે બકરાનું દૃષ્ટાંત :

૨૪૦૫. જેવી રીતે મહેમાનના ઉદ્દેશ્યથી કોઈ બકરાનું પોષણ કરે છે, તેને ચોખા, મગ, અડદ વગેરે ખવડાવે છે અને પોતાના ઘરના આંગણામાં જ રાખી તેનું પાલન કરે છે.

तओ से पुट्ठे परिवूढे, जायमेए महोदरे ।
पीणिए विउले देहे, आएसं परिकंखए ।।

તેથી તે પુષ્ટ, બળવાન, જાડો, મોટા પેટવાળો, સંપુષ્ટ અને મોટા શરીરવાળો બને છે અને મહેમાનની રાહ જોવાય છે.

जाव न एइ आएसे, ताव जीवइ से दुही ।
अह पत्तंमि आएसे, सीसं छेत्तूण भुज्जई ।।

જ્યાં સુધી મહેમાન આવતા નથી ત્યાં સુધી જ તે બિચારો જીવે છે. મહેમાન આવતાં જ તેનું માથું કાપી નાંખી તેનું ભોજન થઈ જાય છે.

जहा से खलु उरब्भे, आएसाए समीहिए ।
एवं बाले अहम्मिट्ठे, ईहई नरयाउयं ।।

જેમ મહેમાન માટે નક્કી કરવામાં આવેલ બકરો યથાર્થમાં તેની જ આકાંક્ષા કરે છે, તેમ જ અધર્મિષ્ઠ અજ્ઞાની જીવ વાસ્તવમાં નરકના આયુષ્યની ઇચ્છા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हिंसे बाले मुसावाई, अद्धाणंमि विलोवए ।
अन्नदत्तहरे तेणे, माई कण्हुहरे सढे ।।

હિંસક, અજ્ઞાની, મૃષાવાદી, માર્ગનો લુટારૂ, બીજાની વસ્તુ હરણ કરનાર ચોર, માયાવી, કોનું ધન પડાવી લઉં - એવો વિચાર કરતો ધુતારો -

इत्थीविसयगिद्धे य, महारम्भपरिग्गहे ।
भुंजमाणे सुरं मंसं, परिवूढे परंदमे ।।

સ્ત્રી અને વિષયોમાં લપટાયેલો મહાઆરંભ અને મહાપરિગ્રહ કરનાર, મદ્ય અને માંસ નો ભોગી, બળવાન, બીજાઓનું દમન કરનાર.

अयकक्करभोई य, तुंदिल्ले चियलोहिए ।
आउयं नरए कंखे, जहाएसं व एलए ।।

બકરાની માફક કડકડ અવાજ કરતાં કરતાં માંસ ખાનારો, મોટા પેટવાળો, લાલચટક લોહીવાળો વ્યક્તિ એ જ પ્રમાણે નરકાયુની આકાંક્ષા કરે છે, જે રીતે બકરો મહેમાનની.

आसणं सयणं जाणं, वित्ते कामे य भुंजिया ।
दुस्साहडं धणं हिच्चा, बहुं संचिणिया रयं ।।

આસન, શયન, યાન, ધન અને વિષયોનો ભોગ કરી દુઃખપૂર્વક એકઠાં કરેલાં ધનને છોડીને ઘણાં કર્મોનો સંચય તે કરે છે.

तओ कम्मगुरू जन्तू , पच्चुप्पन्नपरायणे ।
अय व्व आगयाएसे, मरणंतम्मि सोयई ।।

કર્મોથી ભારે બનેલો અને વર્તમાન સુખોમાં તલ્લીન તે જીવ - મરણકાળે તેવી રીતે શોક કરે છે જેવી રીતે બકરો મહેમાનના આગમન વખતે કરે છે.

तओ आउपरिक्खीणे, चुया देहा विहिंसगा ।
आसुरियं दिसं बाला, गच्छन्ति अवसा तमं ।।

—उत्त. अ. ७, गा. १-१०

પછી આયુષ્ય ક્ષીણ થતાં તેવા વિવિધ પ્રકારની હિંસા કરનાર અજ્ઞાની જીવો દેહ છૂટયા પછી પરવશ બની અંધકારથી ભરેલા નરકમાં જાય છે.

**धम्मस्स परक्कमट्ठा अंबकागिणी दिट्ठन्तो-**

२४०६. जहा कागिणिए हेउं, सहस्सं हारए नरो ।
अपत्थं अम्बगं भोच्चा, राया रज्जं तु हारए ।।

एवं माणुस्सगा कामा, देवकामाण अन्तिए ।
सहस्सगुणिया भुज्जो, आउं कामा य दिव्विया ।।

अणेगवासानउया जा सा पन्नवओ ठिई ।
जाइं जीयन्ति दुम्मेहा, ऊणे वाससयाउए ।।

—उत्त. अ. ७, गा. ११-१३

**ધર્મમાં પરાક્રમ માટે કોડી અને કેરીનું દૃષ્ટાંત :**

૨૪૦૬. જેમ કોઈ મનુષ્ય એક કોડી માટે હજાર સોના મહોરો ગુમાવે છે અને જેમ કોઈ રાજા અપથ્ય કેરી ખાઈને રાજ્યથી હાથ ધોઈ બેસે છે -

તેમ દેવ સંબંધી કામભોગોની સામે મનુષ્ય સંબંધી કામ-ભોગો કોડી કે કેરી જેવાં તુચ્છ છે. દિવ્ય આયુ અને દિવ્ય કામ-ભોગ મનુષ્ય- આયુ અને માનુષી કામભોગોથી હજાર ગણા અધિક છે.

પ્રજ્ઞાવાન પુરુષની દેવલોકમાં અનેક વર્ષોની સ્થિતિ હોય છે - આ જાણવા છતાં પણ મૂર્ખ મનુષ્ય સો વર્ષથી ઓછા જીવન માટે તેવા દીર્ઘકાલીન સુખોને ગુમાવે છે.

**धम्मस्स परक्कमट्ठा वणिग-दिट्ठन्तो-**

२४०७. जहा य तिन्नि वणिया, मूलं घेत्तूण निग्गया ।
एगोऽत्थ लहई लाहं, एगो मूलेण आगओ ।।
एगो मूलं पि हारित्ता, आगओ तत्थ वाणिओ ।
ववहारे उवमा एसा, एवं धम्मे वियाणह ।।

**ધર્મમાં પરાક્રમ માટે વણિકનું દૃષ્ટાંત :**

૨૪૦૭. જેમ ત્રણ વણિકો મૂડી લઈને નીકળ્યા. તેમાં એક લાભ મેળવે છે, બીજો મૂળ મૂડી લઈને જ પાછો ફરે છે.

અને ત્રીજો મૂળ મૂડી પણ ગુમાવીને પાછો આવે છે- આ વ્યાપારની ઉપમા છે. તેવી જ રીતે ધર્મનાં વિષયમાં પણ જાણવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

माणुसुत्तं भवे मूलं, लाभो देवगई भवे ।
मूलच्छेएण जीवाणं, नरगतिरिक्खत्तणं धुवं ।।

મનુષ્યત્વ મૂળ મૂડી છે અને દેવગતિ લાભરૂપ છે અને મૂળનો નાશ કરનાર જીવ ચોક્કસ નરક કે તિર્યંચ ગતિને પામે છે.

दुहओ गई बालस्स, आवई वहमूलिया ।
देवत्तं माणुसत्तं च, जं जिए लोलयासढे ।।

અજ્ઞાની જીવની આ બે પ્રકારની ગતિ થાય છે, ત્યાં તેને વધ-બંધન આદિ કષ્ટ ભોગવવાં પડે છે. તે લોલુપ અને વંચક પુરુષ દેવત્વ અને મનુષ્યત્વને પહેલાંથી જ હારી જાય છે.

तओ जिए सइं होइ, दुविहं दोग्गइं गए ।
दुल्लहा तस्स उम्मग्गा, अद्धाए सुचिरादवि ।।

દ્વિવિધ દુર્ગતિમાં ગયેલો જીવ સદા હારી ગયેલો જ હોય છે. તેનું તેમાંથી બહાર નીકળવું દીર્ઘકાળ પછી પણ દુર્લભ છે.

एवं जियं सपेहाए, तुलिया बालं च पंडियं ।
मूलियं ते पवेसन्ति, माणुसं जोणिमेन्ति जे ।।

આ રીતે હારેલાને જોઈને તથા મૂર્ખ અને પંડિતની તુલના કરીને જે મનુષ્ય યોનિમાં આવે છે તે મૂળ મૂડી સાથે પ્રવેશ કરે છે.

वेमायाहिं सिक्खाहिं, जे नरा गिहिसुव्वया ।
उवेन्ति माणुसं जोणिं, कम्मसच्चा हु पाणिणो ।।

જે મનુષ્યો વિવિધ પરિણામવાળી શીખામણોના કારણે ઘરમાં રહીને પણ સુવ્રતી બની રહે છે તેઓ માનુષ યોનિમાં ઉત્પન્ન થાય છે કેમ કે પ્રાણી પોતે કરેલાં કર્મોનું ફળ અવશ્ય ભોગવે છે.

जेसिं तु विउला सिक्खा, मूलियं ते अइच्छिया ।
सीलवन्ता सविसेसा, अदीणा जन्ति देवयं ।।

જેની પાસે વિપુલ શિક્ષણ છે, તેવા શીલસંપન્ન અને ઉત્તરોત્તર ગુણોને પ્રાપ્ત કરનાર પરાક્રમી અદીન પુરૂષો મનુષ્યત્વનું અતિક્રમણ કરી દેવત્વ મેળવે છે.

एवमदीणवं भिक्खुं, अगारिं च वियाणिया ।
कहण्णु जिच्चमेलिक्खं, जिच्चमाणे न संविदे ।।

—उत्त. अ. ७, गा. १४-२२

આ રીતે ભિક્ષુ અને ગૃહસ્થનાં પરાક્રમ ફળને જાણીને વિવેકી પુરુષ આવો લાભ કેવી રીતે ખોશે ? તે કષાયો દ્વારા પરાજિત થતો શું એ નથી જાણતો કે- હું પરાજિત થઈ રહ્યો છું ? આ જાણતાં છતાં તેણે પરાજિત ન થવું જોઈએ.

**धम्मस्स परक्कमट्ठा दिव्व माणुस्स भोग तुलणा-**

**ધર્મમાં પરાક્રમ માટે દિવ્ય-માનુષિક ભોગોની તુલના :**

२४०८. जहा कुसग्गे उदगं, समुद्देण समं मिणे ।
एवं माणुस्सगा कामा, देवकामाण अन्तिए ।।

૨૪૦૮. મનુષ્યસંબંધી કામભોગો દેવસંબંધી કામભોગોની તુલનામાં એટલાં જ છે કે જેટલાં કોઈ વ્યક્તિ દર્ભની અણી પર રહેલા જળબિન્દુની તુલના સમુદ્ર સાથે કરે.

कुसग्गमेत्ता इमे कामा, सन्निरुद्धम्मि आउए ।
कस्स हेउं पुराकाउं, जोगक्खेमं न संविदे ।।

આ અતિ-સંક્ષિપ્ત આયુષ્યમાં તે કામભોગો દર્ભની અણી પર રહેલા જળબિન્દુ જેટલાં છે તો પછી કયા કારણે માણસ યોગક્ષેમને સમજતો નથી ?

इह कामाऽणियट्टस्स, अत्तट्ठे अवरज्झई ।
सोच्चा नेयाउयं मग्गं, जं भुज्जो परिभस्सई ।।

આ મનુષ્યભવમાં કામભોગોથી નિવૃત્ત થનાર પુરુષનું આત્મ પ્રયોજન નષ્ટ થઈ જાય છે તે પાર કરાવનાર વીતરાગ માર્ગને સાંભળીને પણ વારંવાર તેમાંથી ભ્રષ્ટ થાય છે. અર્થાત્ જન્મ મરણના ફેરા કર્યા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इह कामणियट्टस्स, अत्तट्ठे नावरज्झई ।
पूइदेहनिरोहेणं भवे देवे त्ति मे सुयं ।।

આ મનુષ્યભવમાં કામભોગોથી નિવૃત્ત થનાર પુરુષનું આત્મપ્રયોજન નષ્ટ નથી થતું. તે ઔદારિક શરીરનો નિરોધ કરીને દેવ બને છે - એમ મેં સાંભળ્યું છે.

इड्ढी जुई जसो वण्णो, आउं सुहमणुत्तरं ।
भुज्जो जत्थ मणुस्सेसु, तत्थ से उववज्जई ।।

–उत्त. अ. ७, गा. २३-२७

(દેવલોકમાંથી ચ્યુત થઈને) તે જીવ વિપુલ ઋદ્ધિ, યશ, વર્ણ, આયુ અને શ્રેષ્ઠ સુખી મનુષ્યકુળોમાં ઉત્પન્ન થાય છે.

**धम्मस्स परक्कमट्ठा उवएसो-**

**ધર્મમાં પરાક્રમ માટે ઉપદેશ :**

२४०९. बालस्स पस्स बालत्तं, अहम्मं पडिवज्जिया ।
चिच्चा धम्मं अहम्मिट्ठे, नरए उववज्जइ ।।

૨૪૦૯. તું અજ્ઞાની જીવોની મૂર્ખતાને જો કે તે અધર્મને ગ્રહણ કરે છે અને ધર્મને છોડીને અધર્મી બની નરકમાં ઉત્પન્ન થાય છે.

धीरस्स पस्स धीरत्तं, सव्वधम्माणुवत्तिणो ।
चिच्चा अधम्मं धम्मिट्ठे, देवेसु उववज्जई ।।

સર્વ ધર્મોનું પાલન કરનાર ધીર પુરુષની ધીરતાને જો કે તે અધર્મને છોડી ધર્મિષ્ઠ બની દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

तुलियाण बालभावं, अबालं चेव पण्डिए ।
चइऊण बालभावं, अबालं सेवए मुणि ।।

–उत्त. अ. ७, गा. २८-३०

પંડિત મુનિ બાલભાવ અને અબાલભાવની તુલના કરી બાલભાવ છોડી અબાલભાવનું સેવન કરે છે.

**धम्मस्स परक्कम कालो-**

**ધર્મમાં પરાક્રમનો સમય :**

२४१०. जरा जाव न पीलेइ, वाही जाव न वड्ढइ ।
जाविन्दिया न हायन्ति, ताव धम्मं समायरे ।।

–दस. अ. ८, गा. ३५

૨૪૧૦. જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવીને પીડા ન કરે, વ્યાધિ વધી ન જાય અને ઈન્દ્રિયો ક્ષીણ ન થઈ જાય ત્યાં સુધીમાં ધર્મનું આચરણ કરી લેવું જોઈએ.

## વીતરાગ ભાવ – ૭

**वीयरागभाव परूवणं-**

**વીતરાગ ભાવની પ્રરૂપણા :**

२४११. मणस्स भाव गहणं वयन्ति,
तं रागहेउं तु मणुन्नमाहु ।
तं दोसहेउं अमणुन्नमाहु,
समो य जो तेसु स वीयरागो ।।

૨૪૧૧. મનના વિષયને ભાવ કહે છે. જે ભાવ રાગનું કારણ બને છે તેને મનોજ્ઞ કહે છે, જે દ્વેષનું કારણ બને છે તેને અમનોજ્ઞ. આ બન્નેમાં જે સમભાવ રાખે છે તે વીતરાગ છે.

भावस्स मणं गहणं वयन्ति,
मणस्स भावं गहणं वयन्ति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ।।

ભાવનું ગ્રહણ કરનારને મન કહેવાય છે, મનથી ગ્રહણ થનાર ને ભાવ કહે છે. રાગના હેતુને સમનોજ્ઞ ભાવ અને દ્વેષના હેતુરૂપ ભાવને અમનોજ્ઞ ભાવ કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भावेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं।
रागाउरे कामगुणेसु गिद्धे,
करेणमुग्गाऽवहिए व नागे ।।

जे यावि दोसं समुवेइ तिव्वं,
तंसिक्खणे से उ उवेइ दुक्खं ।
दुद्दन्तदोसेण सएण जन्तू,
न किंचि भावं अवरज्झई से ।।

एगन्तरत्ते रुइरंसि भावे,
अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले,
न लिप्पई तेण मुणी विरागो ।।

भावाणुगासाणुगए य जीवे,
चराचरे हिंसइ णेगरूवे ।
चित्तेहिं ते परितावेइ बाले,
पीलेइ अत्तट्ठगुरु किलिट्ठे ।।

भावाणुवाएणं परिग्गहेण,
उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे य कहं सुहं से ?
संभोगकाले य अतित्तिलाभे ।।

भावे अतित्ते य परिग्गहे य,
सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स,
लोभाविले आइयई अदत्तं ।।

तण्हाभिभूयस्स अदत्तहारिणो,
भावे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढइ लोभदोसा,
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरन्ते ।
एवं अदत्ताणि समाययन्तो,
भावे अतित्तो दुहिओ अणिस्सो ।।

भावाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ।
तत्थोवभोगे वि किलेसदुक्खं,
निव्वत्तई जस्स कएण दुक्खं ।।

જેવી રીતે હાથણીના માર્ગમાં આકૃષ્ટ કામગુણોમાં ગૃદ્ધ હાથી દુઃખી થાય છે, તેવી રીતે જે મનોજ્ઞ ભાવોમાં તીવ્ર આસક્તિ રાખે છે તે અકાળે જ વિનાશ પામે છે.

જે અમનોજ્ઞ ભાવનો તીવ્ર દ્વેષ કરે છે તે તેજ ક્ષણે દુઃખી થાય છે. એ રીતે પોતાના જ તીવ્ર દ્વેષથી પ્રાણી દુઃખી થાય છે. પરંતુ એના દુઃખી થવામાં ભાવનો (અમનોજ્ઞ ભાવનો) કોઈ અપરાધ નથી.

જે મનોજ્ઞ ભાવમાં સર્વથા અનુરક્ત રહે છે અને અમનોજ્ઞ ભાવનો સતત દ્વેષ કરે છે તે અજ્ઞાની દુઃખોની પીડા પામે છે. પરંતુ વિરક્ત મુનિ તેમાં લેપાતો નથી.

મનોજ્ઞ ભાવમાં આસક્ત જીવ અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. તે પોતાના જ સ્વાર્થને મુખ્ય ગણનાર ક્લેશયુક્ત અજ્ઞાની પુરુષ વિવિધ પ્રકારે તેવા ચરાચર જીવોને પીડા પહોંચાડે છે.

ભાવમાં અનુરાગ અને મમત્ત્વ બુદ્ધિ હોવાને કારણે તેના ઉત્પાદનમાં, રક્ષણમાં, વ્યવસ્થિત રાખવામાં અને તેનો વિનાશ કે વિયોગ થવાથી તે કેવી રીતે સુખી થઈ શકે ? તેના ઉપભોગ વખતે પણ તૃપ્તિ ન થવાથી તેને દુઃખ જ થાય છે.

જે ભાવમાં અતૃપ્ત છે અને તેના પરિગ્રહણમાં અત્યંત આસક્ત છે તેને ક્યારેય સંતોષ થતો નથી. તેવા અસંતોષથી દુઃખી થયેલો મનુષ્ય લોભને વશ થઈ બીજાની વસ્તુઓ ચોરી લે છે.

તે તૃષ્ણાથી પરાજિત થઈ ચોરી કરે છે અને ભાવ પરિગ્રહણમાં અતૃપ્ત રહે છે. અતૃપ્તિ દોષના કારણે તેમાં માયામૃષાની વૃદ્ધિ થાય છે અને માયા-મૃષાનો પ્રયોગ કરવા છતાં તે દુઃખથી મુક્ત થતો નથી.

અસત્ય બોલતાં પહેલાં અને બોલતી વેળાએ પણ જીવ દુઃખી થાય છે. આ રીતે તે ભાવમાં અતૃપ્ત થઈને ચોરી કરતાં પણ આશ્રયહીન થઈ દુઃખી થાય છે.

આ રીતે ભાવમાં આસક્ત પુરુષને સહેજ પણ સુખ ક્યારે અને કેવી રીતે હોઈ શકે ? મનોજ્ઞ ભાવોને પામવા માટે તે દુઃખ ભોગવે છે અને તેમના ઉપભોગમાં પણ અતૃપ્તિનો ક્લેશ અને દુઃખ તો ઉભાં જ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एमेव भावम्मि गओ पओसं,
उवेह दुक्खोहपरम्पराओ ।
पदुट्ठचित्तो य चिणाइ कम्मं,
जं से पुणो होइ दुहं विवागे ।।
भावे विरत्तो मणुओ विसोगो,
एएण दुक्खोहपरम्परेण ।
न लिप्पई भवमज्झे वि सन्तो,
जलेण वा पोक्खरिणीपलासं ।।
–उत्त. अ. ३२, गा. ८७-९९

આ પ્રમાણે જે ભાવનો દ્વેષ કરે છે તે પણ ઉત્તરોત્તર અનેક દુઃખોની પરંપરા પામે છે. દ્વેષયુક્ત ચિત્તથી જે કર્મોનો બંધ કરે છે તે કર્મો પણ ઉદયકાળમાં તેના માટે દુઃખરૂપ જ બની રહે છે.

પરંતુ જે પુરુષ ભાવથી વિરક્ત બની જાય છે તે શોકમુક્ત બની જાય છે. જે રીતે જળમાં રહેવા છતાં કમળ જળથી લેપાતું નથી તે રીતે તે સંસારમાં રહેવા છતાં પણ આ દુઃખોની પરંપરાથી ખરડાતો નથી.

एविन्दियत्था य मणस्स अत्था,
दुक्खस्स हेउं मणुयस्स रागिणो ।
ते चेव थोवं पि कयाइ दुक्खं,
न वीयरागस्स करेन्ति किंचि ।।

આ રીતે ઈન્દ્રિય અને મનના વિષયો, રાગી મનુષ્ય માટે દુઃખનાં નિમિત્ત બને છે. તે વીતરાગ માટે કયારેય લેશમાત્ર પણ દુઃખદાયી નથી બનતાં.

न कामभोगा समयं उवेंति,
न यावि भोगा विगइं उवेंति ।
जे तप्पओसी य परिग्गही य,
सो तेसु मोहा विगइं उवेइ ।।

કામભોગો પોતે સમતાના હેતુ પણ નથી હોતા કે નથી વિકારના હેતુ હોતા. જે પુરુષ તેમના પ્રત્યે દ્વેષ કે રાગ કરે છે તે તદ્વિષયક મોહના કારણે વિકાર પામે છે.

कोहं च माणं च तहेव मायं,
लोहं दुगुंछं अरइं रइं च ।
हासं भयं सोग पुमित्थिवेयं,
नपुंसवेयं विविहे य भावे ।।
आवज्जई एवमणेगरूवे,
एवंविहे कामगुणेसु सत्तो ।
अन्ने य एयप्पभवे विसेसे,
कारुण्णदीणे हिरिमे वइस्से ।।

જે કામગુણોમાં આસક્ત થાય છે, તે ક્રોધ, માન, માયા, લોભ તથા જુગુપ્સા, રતિ, અરતિ, હાસ્ય, ભય, શોક, પુરુષ-વેદ, સ્ત્રી-વેદ, નપુંસક-વેદ તથા હર્ષ- વિષાદ આદિ વિવિધ ભાવો અને એ પ્રકારે અનેક રૂપોને પ્રાપ્ત કરે છે. તે ઉપરાંત બીજાં પણ પરિણામોને પ્રાપ્ત કરે છે. જેથી તે કરુણાસ્પદ, દીન, લજ્જિત અને અપ્રિય બની જાય છે.

कप्पं न इच्छेज्ज सहायलिच्छू,
पच्छाणुतावेय तवप्पभावं ।
एवं वियारे अमियप्पयारे,
आवज्जई इन्दियचोरवस्से ।।

તે મારી શારીરિક સેવા કરશે - એવી ઇચ્છાથી કલ્પયોગ્ય શિષ્યની પણ મુનિ ઈચ્છા ન કરે. સંયમ અને તપનો કોઈ પ્રભાવ ન જોતાં પશ્ચાત્તાપ ન કરે. કેમ કે એવી રીતનો સંકલ્પ કરનાર ઈન્દ્રિયરૂપી ચોરોનો વશવર્તી બની અનેક પ્રકારના વિકારોને પ્રાપ્ત થાય છે.

तओ से जायन्ति पओयणाइं,
निमज्जिउं मोहमहण्णवम्मि ।
सुहेसिणो दुक्खविमोयणट्ठा,
तप्पच्चयं उज्जमए य रागी ।।

વિકારોની પ્રાપ્તિ પછી તેની સમક્ષ તેને મોહરૂપી સમુદ્રમાં ડુબાડનાર વિષયસેવનના પ્રયોજન ઉપસ્થિત થાય છે. પછી તે સુખની પ્રાપ્તિ અને દુઃખના વિનાશ માટે અનુરક્ત બની તે વિષયોના સંયોગની પૂર્તિ માટે ઉદ્યમ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विरज्जमाणस्स य इन्दियत्था,
सद्दाइया तावइयप्पगारा ।
न तस्स सव्वे वि मणुन्नयं वा,
निव्वत्तयंती अमणुन्नयं वा ।।

—उत्त. अ. ३२, गा. १००-१०६

જેટલા શબ્દ આદિ ઈન્દ્રિય-વિષયો છે તે સર્વે મનોજ્ઞ હો કે અમનોજ્ઞ હો વિરક્ત મનુષ્યના મનમાં કંઈ પણ વિકાર પેદા કરી શકતા નથી.

**कम्मणिज्जरा फलं-**

२४१२. प. वोदाणेणं भंते ! जीवे किं जणयइ ?

उ. वोदाणेणं अकिरियं जणयइ । अकिरियाए भवित्ता तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाएइ, सव्वदुक्खाणमंतं करेइ ।

—उत्त. अ. २९, सु. ३०

**કર્મનિર્જરાનું ફળ :**

૨૪૧૨. પ્ર. ભંતે ! વ્યવદાન (પૂર્વ સંચિત કર્મ વિનાશ)-થી જીવને શું લાભ થાય છે ?

ઉ. પૂર્વકૃત કર્મના ક્ષયથી જીવ અક્રિય બની જાય છે, અક્રિય થયા પછી જીવ સિદ્ધ , બુદ્ધ અને મુક્ત બને છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**वीयरागया-फलं-**

२४१३. प. वीयरागयाए णं भंते ! जीवे किं जणयइ ?

उ. वीयरागयाए णं नेहाणुबंधणाणि, तण्हाणु-बंधणाणि य वोच्छिन्दइ, मणुण्णा मणुन्नेसु सद्दफरिसरसरूवगंधेसु चेव विरज्जइ ।

—उत्त. अ. २९, सु. ४७

**વીતરાગતાનું ફળ :**

૨૪૧૩. પ્ર. ભંતે ! વીતરાગતાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉ. વીતરાગતાથી તે સ્નેહના અનુબંધનો અને તૃષ્ણાના અનુબંધનોનો વિચ્છેદ કરે છે તથા મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધથી વિરક્ત બને છે.

**उवसंहारो-**

२४१४. एवं उदाहु निग्गंथे, महावीरे महामुणी ।
अणंतणाणदंसी से, धम्मं देसितवं सुतं ।।

—सूय. सु. १, अ. ९, उ. ४, गा. २४

**ઉપસંહાર :**

૨૪૧૪. અનંતજ્ઞાની અને અનંતદર્શી નિર્ગ્રન્થ મહામુનિ મહાવીરે આમ શ્રુતધર્મનો ઉપદેશ આપ્યો.

* * *

## ।। ચરણાનુયોગ સમાપ્ત ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# परिशिष्ट

- ✳ संकलन में प्रयुक्त आगमों के सन्दर्भ स्थल
- ✳ शब्द सूची
- ✳ सहायक ग्रन्थ सूची

## ચરણાનુયોગ

(પરિશિષ્ટ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# – સંકલનમાં પ્રયુક્ત આગમોનાં સંદર્ભ સ્થળ –

## ચરણાનુયોગ – ભાગ-૧

### મંગલાચરણ

#### સૂત્રકૃતાંગ-સૂત્ર

| પૃષ્ઠ | સુ. | અ. | ગાથા |
|---|---|---|---|
| ૫-૮ | ૧ | ૬ | ૧-૨૯ |

#### ભગવતી-સૂત્ર

| પૃષ્ઠ | શ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૧ | ૧ | ૧ | ૧ |
| ૧૦ | ૧ | ૧ | ૩ |
| ૧૦ | ૧૭ | ૧ | ૧ |
| ટિ/૧૦ | ૨૬ | ૧ | ૧ |
| ૮ | ૪૧ | ૧૯૬ | ૨ |
| ૧૦ | અંતિમ સૂત્ર ૧ | | |
| ૧૧ | અંતિમ સૂત્ર ૧-૨ | | |
| ૧૧ | અંતિમ સૂત્ર | | |
| ૮ | અંતિમ સૂત્ર | | |

#### જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ-સૂત્ર

| પૃષ્ઠ | | |
|---|---|---|
| ટિ/૧ | વ. ૧ | ૧ |

#### સૂર્યપ્રજ્ઞપ્તિ-સૂત્ર

| પૃષ્ઠ | પા. | સૂ. | |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | |
| ૫ | ૨૦ | ૧૦૭ | ગા. ૬ |

#### ચન્દ્રપ્રજ્ઞપ્તિ-સૂત્ર

| પૃષ્ઠ | પા. | ગાથા |
|---|---|---|
| ૫ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૨ |

#### પ્રજ્ઞાપના-સૂત્ર

| પૃષ્ઠ | પદ | ગાથા |
|---|---|---|
| ૪ | ૧ | ૧ |

#### ઉત્તરાધ્યયન-સૂત્ર

| પૃષ્ઠ | અ. | સૂ. |
|---|---|---|
| ૧૨ | ૨૯ | ૧૧ |
| ૧૧ | ૨૯ | ૧૨ |
| ૧૨ | ૨૯ | ૧૬ |

#### નંદી-સૂત્ર

| પૃષ્ઠ | ગાથા |
|---|---|
| ૪ | ૧-૩ |
| ૧૦ | ૪-૧૭ |
| ૩ | ૧૮-૧૯ |
| ૮ | ૨૦-૨૧ |
| ૮ | ૨૨ |

#### આવશ્યક-સૂત્ર

| પૃષ્ઠ | અ. | સૂ. |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ટિ/૧ | ૧ | ૧ |
| ૩ | ૨ | ૩-૬ |
| ૨ | ૪ | ૧૨-૧૪ |

### ધર્મ પ્રજ્ઞાપના

#### આચારાંગ-સૂત્ર

| પૃષ્ઠ | શ્રુત. | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|---|
| ૩૭ | ૧ | ૩ | ૧ | ૧૦૮ (ક) |
| ૩૬ | ૧ | ૪ | ૧ | ૧૩૨ (ખ) ૧૩૩ |
| ૩૨ | ૧ | ૫ | ૩ | ૧૫૭ (ખ-ગ) |
| ૩૭ | ૧ | ૬ | ૨ | ૧૮૪ (ક) |
| ૩૨ | ૧ | ૬ | ૨ | ૧૮૫ (ગ) |
| ૩૮ | ૧ | ૬ | ૩ | ૧૮૯ (ખ) |
| ૪૨ | ૧ | ૮ | ૧ | ૨૦૨ (ગ-ઘ) |
| ૩૨ | ૧ | ૮ | ૩ | ૨૦૯ (ખ) |
| ૧૭ | ૨ | ૧૫ | - | ૭૭૫ |

#### સૂત્રકૃતાંગ-સૂત્ર

| પૃષ્ઠ | સુ. | અ. | ઉ. | ગાથા |
|---|---|---|---|---|
| ૪૩ | ૧ | ૨ | ૨ | ૨૩-૩૪ |
| ૩૮ | ૧ | ૨ | ૨ | ૨૫-૨૮ |
| ૩૭ | ૧ | ૨ | ૨ | ૨૯-૩૦ |
| ૩૮ | ૧ | ૨ | ૨ | ૩૧-૩૨ |
| ૩૮ | ૨ | ૩ | ૩ | ૨૧ (ક) |
| ૩૭ | ૧ | ૩ | ૪ | ૧૫ |
| ૧૭ | ૧ | ૯ | - | ૧ |
| ૩૨ | ૧ | ૧૫ | - | ૪-૫ |
| ૪૪ | ૧ | ૧૫ | - | ૧૬-૧૭ |
| ૪૪ | ૧ | ૧૫ | - | ૧૯-૨૦ |
| ૪૭ | ૨ | ૫ | - | ૧૪ |

#### ઠાણાંગ-સૂત્ર

| પૃષ્ઠ | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૩૯ | ૨ | ૧ | ૫૪ |
| ૩૯ | ૨ | ૧ | ૫૫ |
| ૩૨ | ૨ | ૧ | ૬૧ |
| ૩૩ | ૨ | ૧ | ૭૮ |
| ૫૧ | ૩ | ૧ | ૧૪૩ |
| ૧૭ | ૩ | ૨ | ૧૬૧ (૨) |
| ૪૨ | ૩ | ૨ | ૧૬૩ (૧) |
| ૪૨ | ૩ | ૨ | ૧૬૩ (૨) |
| ૪૮ | ૩ | ૩ | ૧૯૧ (૧-૭) |
| ૪૭ | ૩ | ૩ | ૧૯૪ (૨) |
| ૩૩ | ૩ | ૩ | ૧૯૪ (૧) |
| ૩૩ | ૩ | ૪ | ૧૯૮ (૪-૫) |
| ૪૭ | ૩ | ૩ | ૨૧૬ |
| ૩૩ | ૩ | ૪ | ૨૧૭ |
| ૫૨ | ૪ | ૩ | ૩૧૯ (૫૧-૫૩) |
| ટિ/૩૪ | ૪ | ૪ | ૩૭૨ |
| ટિ/૩૪ | ૫ | ૧ | ૩૯૬ (૩-૪) |
| ટિ/૩૪ | ૫ | ૧ | ૪૦૦ (ખ) |
| ૪૭ | ૫ | ૩ | ૪૪૭ |
| ૪૪ | ૬ | - | ૪૮૫ |
| ૧૮ | ૬ | - | ૫૩૭ |
| ૩૪ | ૧૦ | - | ૭૧૨ (૨) |
| ૩૩ | ૧૦ | - | ૭૬૦ |

#### સમવાયાંગ-સૂત્ર

| પૃષ્ઠ | સમ. | સૂ. |
|---|---|---|
| ટિ/૩૪ | ૧૦ | ૧ |

#### ભગવતી-સૂત્ર (વિવાહ પ્રજ્ઞપ્તિ)

| પૃષ્ઠ | શ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૧૮ | ૧ | ૧ | ૧૦ |
| ૪૧ | ૧ | ૪ | ૧૨-૧૫ |
| ૪૨ | ૧ | ૪ | ૧૬-૧૮ |
| ટિ/૪૨ | ૫ | ૫ | ૧ |
| ટિ/૪૨ | ૭ | ૮ | ૧ |
| ૪૦ | ૯ | ૩૧ | ૨ |
| ટિ/૪૦ | ૯ | ૩૧ | ૧૩(૧) |
| ૪૧ | ૯ | ૩૧ | ૩૨ |
| ૫૦ | ૧૭ | ૨ | ૧-૯ |
| ૩૭ | ૨૦ | ૮ | ૧૬ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉપાસકદસા-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | સૂ. |
|---|---|---|
| ટિ/૧૭ | ૧ | ૯ |

**પ્રશ્નવ્યાકરણ-સૂત્ર**

| પૃષ્ઠ | સુ. | અ. | સૂ. |
|---|---|---|---|
| ટિ/૩૪ | ૨ | ૫ | ૯ |

**ઉવવાઈ-સૂત્ર**

| પૃષ્ઠ | ઉ. | સૂ. |
|---|---|---|
| ૧૩-૧૭ | - | ૧૬ |
| ૧૭ | - | ૫૬ |

**રાયપ્રશ્નીય-સૂત્ર**

| પૃષ્ઠ | સૂ. |
|---|---|
| ટિ/૪૫ | ૨૩૪ |

**દશવૈકાલિક-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ગાથા |
|---|---|---|
| ૩૭ | ૧ | ૧ |

**ઉત્તરાધ્યયન-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ગાથા |
|---|---|---|
| ૫૧ | ૧ | ૪૨ |
| ટિ/૪૪ | ૩ | ૧ |
| ૪૫ | ૩ | ૨-૭ |
| ૪૫ | ૩ | ૮ |
| ૪૫ | ૩ | ૯-૧૦ |
| ૩૬-૩૭ | ૩ | ૧૨-૨૦ |
| ૪૩ | ૫ | ૧૪-૧૫ |
| ૪૬-૪૭ | ૧૦ | ૪-૨૦ |
| ૪૩ | ૧૪ | ૨૪ |
| ૪૩ | ૧૪ | ૨૫ |
| ૩૭ | ૧૬ | ૧૯ |
| ૪૩ | ૧૯ | ૧૯-૨૪ |
| ટિ/૩૮ | ૨૩ | ૬૫-૬૮ |
| ૩૨ | ૨૯ | ૫ |
| ૩૫ | ૨૯ | ૨૮-૨૯ |
| ૩૪ | ૨૯ | ૪૪ |
| ૩૪ | ૨૯ | ૪૮-૫૧ |
| ૩૫ | ૨૯ | ૫૨-૫૪ |
| ટિ/૩૪ | ૩૧ | ૧૦ |

**અનુયોગદ્વાર-સૂત્ર**

| પૃષ્ઠ | સૂત્ર |
|---|---|
| ટિ/૧૮ | ૨૦૭ |
| ૧૯-૨૦ | ૪૨૭ |
| ૨૦ | ૪૩૫ |
| ૨૦ | ૪૩૬-૪૩૯ |
| ૨૧-૨૩ | ૪૪૦-૪૫૭ |
| ૨૩-૨૪ | ૪૫૮-૪૬૬ |
| ૨૫ | ૪૬૭-૪૭૦ |
| ૨૫-૨૬ | ૪૭૧ |
| ૨૬ | ૪૭૨ |
| ૨૬ | ૪૭૩ |
| ૨૭ | ૪૭૪ |
| ૨૭-૨૮ | ૪૭૫ |
| ૨૯-૩૧ | ૪૭૬ |

**વ્યવહાર-સૂત્ર**

| પૃષ્ઠ | ઉ. | સૂ. |
|---|---|---|
| ૫૨ | ૧૦ | ૧૧-૧૩ |

**નિશીથ-સૂત્ર**

| પૃષ્ઠ | ઉ. | સૂ. |
|---|---|---|
| ૫૨ | ૧૧ | ૯ |
| ૫૨ | ૧૧ | ૧૦ |

## આચાર પ્રજ્ઞપ્તિ

**ઠાણાંગ-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ટિ/૫૩ | ૨ | ૩ | ૭૬(૧-૪) |
| ટિ/૫૫ | ૨ | ૪ | ૧૧૫(૧) |
| ટિ/૫૫ | ૨ | ૪ | ૧૧૫(૨) |
| ટિ/૫૫ | ૨ | ૪ | ૧૧૫(૩) |
| ટિ/૫૬ | ૨ | ૪ | ૧૧૫(૪) |
| ૫૫ | ૩ | ૨ | ૧૬૪(૧) |
| ૫૫ | ૩ | ૨ | ૧૬૪(૨) |
| ૫૫ | ૩ | ૨ | ૧૬૪(૩) |
| ૫૬ | ૩ | ૨ | ૧૬૪(૪) |
| ૫૪ | ૩ | ૪ | ૧૯૮(૮-૧૧) |
| ૫૩ | ૫ | ૧ | ૪૧૦(૯) |
| ૫૩ | ૫ | ૨ | ૪૩૨ |

**ભગવતી-સૂત્ર**

| પૃષ્ઠ | શ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૫૫ | ૮ | ૧૦ | ૧૦-૧૮ |

**દશવૈકાલિક-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ઉ. | ગાથા |
|---|---|---|---|
| ૫૩ | ૬ | - | ૧-૬ |
| ૫૩ | ૮ | - | ૧ |
| ૫૬ | ૯ | ૪ | ૧૧-૧૨ |

**ઉત્તરાધ્યયન-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ગાથા |
|---|---|---|
| ૫૪ | ૨૮ | ૧-૩ |
| ૫૪ | ૨૮ | ૩૫ |

**બૃહત્કલ્પ-સૂત્ર**

| પૃષ્ઠ | ઉ. | સૂ. |
|---|---|---|
| ૫૬ | ૬ | ૨૦ |

## જ્ઞાનાચાર

**આચારાંગ-સૂત્ર**

| પૃષ્ઠ | શ્રુત. | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|---|
| ૮૮ | ૧ | ૬ | ૪ | ૧૯૦-૧૯૧ |
| ટિ/૧૧૦ નિર્યુક્તિ | | | | ગાથા-૨૮૩ |
| ૧૧૦ | ૧ | ૯ | | |
| ૫૭ | ટીકા | ૧ | ૧ | ગા. ૭ |
| ટિ/૬૬ | ૨ | ૧ | ૨ | સુ. ૧૨ |

**સૂત્રકૃતાંગ-સૂત્ર**

| પૃષ્ઠ | સુ. | અ. | ઉ. | ગાથા |
|---|---|---|---|---|
| ટિ/૧૧૦ | ૧ | ૨ | ૧ | ૧૫ |
| ટિ/૧૧૦ | ૧ | ૧૧ | - | ૩૫ |
| ૧૧૧ | ૧ | ૧૩ | - | ૨-૪ |
| ૯૩ | ૧ | ૧૩ | - | ૬-૭ |
| ૧૦૫-૧૦૬ | ૧ | ૧૪ | - | ૧-૧૩ |
| ટિ/૭૧ | ૧ | ૧૪ | - | ૭ |
| ૧૦૬-૧૦૭ | ૧ | ૧૪ | - | ૧૫-૧૭ |
| ૧૦૭-૧૦૮ | ૧ | ૧૪ | - | ૧૮-૨૪ |
| ૧૦૮ | ૧ | ૧૪ | - | ૨૫-૨૭ |
| ૧૧૧ | ૧ | ૧૪ | - | ૨૬ |
| ૧૧૧ | ૧ | ૧૪ | - | ૨૭ |

**ઠાણાંગ-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૬૩ | ૨ | ૧ | ૫૩ |
| ૫૮ | ૨ | ૧ | ૫૪-૫૫(૭) |
| ટિ/૧૧૦ | ૨ | ૩ | ૮૪ |
| ૫૭ | ૩ | ૨ | ૧૬૩ |
| ૫૭ | ૩ | ૨ | ૧૬૩(૨) |
| ૧૦૮ | ૩ | ૩ | ૧૭૭ |
| ૮૭ | ૩ | ૩ | ૧૯૩(૬) |
| ટિ/૧૦૪ | ૩ | ૩ | ૧૯૫ |
| ૮૯ | ૩ | ૪ | ૨૦૮ |
| ૧૨૩ | ૩ | ૪ | ૨૧૮(૧) |

| | | | |
|---|---|---|---|
| ૧૨૩ | ૩ | ૪ | ૨૧૮(૨) |
| ૧૨૩ | ૩ | ૪ | ૨૧૮(૩) |
| ૧૨૩ | ૩ | ૪ | ૨૧૯ |
| ટિ/૬૨ | ૩ | ૪ | ૨૨૦ |
| ટિ/૧૧૦ | ૪ | ૧ | ૨૩૫ |
| ૧૧૮ | ૪ | ૧ | ૨૩૬(૬) |
| ૧૧૮ | ૪ | ૧ | ૨૩૬(૧૦) |
| ૧૨૧ | ૪ | ૧ | ૨૩૬(૨) |
| ૧૧૯ | ૪ | ૧ | ૨૩૯ |
| ૧૧૯ | ૪ | ૧ | ૨૪૧(૬) |
| ૧૧૯ | ૪ | ૧ | ૨૪૧ (૧૬) |
| ૧૧૦ | ૪ | ૧ | ૨૫૧ |
| ૮૧-૮૨ | ૪ | ૧ | ૨૫૬(૫-૯) |
| ૧૧૯ | ૪ | ૧ | ૨૫૬(૧૦) |
| ૧૧૯-૨૦ | ૪ | ૧ | ૨૫૬(૧૧) |
| ૧૨૦ | ૪ | ૧ | ૨૫૬(૧૨) |
| ૧૨૦ | ૪ | ૧ | ૨૫૬(૧૩) |
| ૧૨૨ | ૪ | ૧ | ૨૫૬(૧૪) |
| ૧૧૮ | ૪ | ૨ | ૨૭૯(૧) |
| ૧૧૮ | ૪ | ૨ | ૨૮૦(૨) |
| ૧૧૩ | ૪ | ૨ | ૨૮૩(૩) |
| ૧૧૩-૧૧૪ | ૪ | ૨ | ૨૮૪(૧) |
| ૧૧૪ | ૪ | ૨ | ૨૮૪(૨) |
| ૬૫-૬૬ | ૪ | ૨ | ૨૮૫(૧) |
| ૬૫ | ૪ | ૨ | ૨૮૫(૨) |
| ૬૫ | ૪ | ૨ | ૨૮૫(૩) |
| ૧૧૬ | ૪ | ૩ | ૩૧૯(૩) |
| ૧૧૭ | ૪ | ૩ | ૩૧૯(૪) |
| ૧૧૭ | ૪ | ૩ | ૩૧૯(૫) |
| ૧૧૭ | ૪ | ૩ | ૩૧૯(૬) |
| ૧૨૧-૧૨૨ | ૪ | ૩ | ૩૧૯(૨૫) |
| ૧૨૨ | ૪ | ૩ | ૩૧૯(૩૦) |
| ૧૨૨ | ૪ | ૩ | ૩૧૯(૩૪) |
| ૧૨૨ | ૪ | ૩ | ૩૧૯(૩૭) |
| ૧૦૨ | ૪ | ૩ | ૩૧૯(૪૩) |
| ટિ/૭૧ | ૪ | ૩ | ૩૨૦ |
| ૧૧૩ | ૪ | ૩ | ૩૨૭(૨) |
| ૧૧૩ | ૪ | ૩ | ૩૨૭(૭) |
| ૧૧૬-૧૧૭ | ૪ | ૩ | ૩૨૭(૮-૯) |
| ૧૧૪ | ૪ | ૩ | ૩૨૭(૧૪) |
| ૧૧૨ | ૪ | ૪ | ૩૪૪(૩-૬) |
| ૧૦૨-૧૦૩ | ૪ | ૪ | ૩૪૮ |
| ૧૦૧-૧૦૨ | ૪ | ૪ | ૩૪૯ |
| ૧૧૬ | ૪ | ૪ | ૩૫૨ (૪-૫) |
| ૧૨૦ | ૪ | ૪ | ૩૬૦(૧) |
| ૧૨૦ | ૪ | ૪ | ૩૬૦(૨) |
| ૧૨૧ | ૪ | ૪ | ૩૬૦(૩) |
| ૧૨૧ | ૪ | ૪ | ૩૬૦(૪) |
| ૧૨૧ | ૪ | ૪ | ૩૬૦(૫) |
| ૧૧૫ | ૫ | ૧ | ૩૯૪(૧) |
| ૧૧૭ | ૫ | ૨ | ૪૨૦ |
| ૧૨૨ | ૬ | - | ૪૯૯(૧-૩) |
| ટિ/૮૧ | ૭ | | ૫૮૫ |
| ૬૭ | ૧૦ | | ૭૧૪(૧) |
| ૬૯ | ૧૦ | | ૭૧૪(૨) |
| ટિ/૬૨ | ૧૦ | | ૭૪૬ |
| ૧૨૩ | ૧૦ | | ૭૮૧ |

**સમવાયાંગ-સૂત્ર**

| પૃષ્ઠ | સમ. | સૂ. |
|---|---|---|
| ૧૨૩ | ૧૦ | ૭ |
| ૯૬ | ૩૩ | ૧ |

**ભગવતી-સૂત્ર**

| પૃષ્ઠ | શ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૧૦૪ | ૨ | ૫ | ૨૬ |
| ૧૦૩ | ૫ | ૬ | ૧૯ |
| ૮૯ | ૮ | ૮ | ૧-૭ |
| ૫૯ | ૯ | ૩૧ | ૮ |
| ૬૦ | ૯ | ૩૧ | ૧૪ |
| ૬૦ | ૯ | ૩૧ | ૩૨ |
| ટિ/૬૩ | ૧૭ | ૩ | ૧ |

**જ્ઞાતાધર્મકથા-સૂત્ર**

| પૃષ્ઠ | શ્રુત. | અ. | સૂ. |
|---|---|---|---|
| ટિ/૬૩ | ૧ | ૬ | — |

**ઉવવાઈ-સૂત્ર**

| પૃષ્ઠ | સૂ. |
|---|---|
| ૮૧ | ૩૦ (૨૩-૩૪) |

**દશવૈકાલિક-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ઉ. | ગાથા |
|---|---|---|---|
| ૬૧ | ૪ | - | ૩૩-૩૪ |
| ૬૧ | ૪ | - | ૩૫-૩૬ |
| ૬૩ | ૪ | - | ૩૭-૪૮ |
| ૮૨ | ૮ | - | ૩૩ |
| ૭૨ | ૮ | - | ૪૦ |
| ૮૪ | ૮ | - | ૪૩ |
| ૭૨ | ૯ | ૧ | ૧ |
| ૧૦૦ | ૯ | ૧ | ૨-૧૦ |
| ૧૦૩ | ૯ | ૧ | ૧૧ |
| ૧૦૩ | ૯ | ૧ | ૧૨-૧૩ |
| ૧૦૧ | ૯ | ૧ | ૧૪-૧૬ |
| ૧૦૧ | ૯ | ૧ | ૧૭ |
| ૭૩ | ૯ | ૨ | ૧-૨ |
| ૯૦ | ૯ | ૨ | ૩-૪ |
| ૯૨ | ૯ | ૨ | ૫-૧૨ |
| ૯૨ | ૯ | ૨ | ૧૩-૧૮ |
| ટિ/૯૦ | ૯ | ૨ | ૧૯ |
| ૮૨ | ૯ | ૨ | ૨૦ |
| ૯૩ | ૯ | ૨ | ૨૦ |
| ૯૩ | ૯ | ૨ | ૨૧ |
| ૯૧ | ૯ | ૨ | ૨૨-૨૩ |
| ૮૨ | ૯ | ૩ | ૧-૨ |
| ૮૫ | ૯ | ૩ | ૧૩ |
| ૮૫ | ૯ | ૩ | ૧૪-૧૫ |
| ૮૬ | ૯ | ૪ | ૧-૬ |
| ૫૭ | ૯ | ૪ | ૭-૮ |
| ૫૬ | ૯ | ૪ | ૧૧-૧૨ |

**ઉત્તરાધ્યયન-સૂત્ર**

| પૃષ્ઠ | અ. | ગાથા |
|---|---|---|
| ૭૧ | ૧ | ૧ |
| ૮૨ | ૧ | ૨ |
| ૮૭ | ૧ | ૩ |
| ૮૯ | ૧ | ૪-૬ |
| ૮૬ | ૧ | ૭ |
| ૮૩ | ૧ | ૮-૧૦ |
| ૮૪ | ૧ | ૧૧ |
| ૯૦ | ૧ | ૧૨ |
| ૯૩ | ૧ | ૧૩ |
| ૮૪ | ૧ | ૧૪ |
| ૮૩ | ૧ | ૧૭ |
| ૮૪ | ૧ | ૧૮-૧૯ |
| ૮૩ | ૧ | ૨૦ |
| ૮૩ | ૧ | ૨૧ |
| ૮૪ | ૧ | ૨૨ |
| ૮૪ | ૧ | ૨૩ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૮૫ | ૧ | ૨૭-૨૯ |
| ૮૫ | ૧ | ૩૭ |
| ૯૩ | ૧ | ૩૮-૩૯ |
| ૮૩ | ૧ | ૪૦ |
| ૮૫ | ૧ | ૪૧ |
| ૮૨ | ૧ | ૪૩ |
| ૮૭ | ૧ | ૪૫-૪૮ |
| ૧૧૦ | ૧૧ | ૨ |
| ૯૩ | ૧૧ | ૩ |
| ૮૨ | ૧૧ | ૪-૫ |
| ૮૭ | ૧૧ | ૬-૯ |
| ૮૩ | ૧૧ | ૧૦-૧૩ |
| ૧૧૦ | ૧૧ | ૧૪ |
| ૧૧૦ | ૧૧ | ૧૫-૩૨ |
| ૮૭ | ૧૭ | ૪-૫ |
| ૬૪ | ૨૬ | ૧૧ |
| ૬૪ | ૨૬ | ૧૨ |
| ૬૪ | ૨૬ | ૧૯-૨૦ |
| ૬૪ | ૨૬ | ૪૪ |
| ૯૧ | ૨૭ | ૩-૧૬ |
| ૬૧ | ૨૮ | ૩૦ |
| ૧૦૪ | ૨૯ | સૂત્ર-૬ |
| ૬૪ | ૨૯ | સૂત્ર-૧૭ |
| ૬૧ | ૨૯ | સૂત્ર-૨૬ |
| ૬૧ | ૨૯ | સૂત્ર-૬૧ |
| ટિ/૬૩ | ૨૯ | સૂત્ર-૭૨ |
| ૭૬ | ૩૦ | ગાથા-૩૨ |

### દશાશ્રુતસ્કંધ-સૂત્ર

| પૃષ્ઠ | દશા | સૂ. |
|---|---|---|
| ૯૬ | ૩ | ૧-૩ |
| ૭૪ | ૪ | ૧૫-૧૯ |
| ૭૬ | ૪ | ૨૦-૨૫ |

### વ્યવહાર-સૂત્ર

| પૃષ્ઠ | ઉ. | સૂત્ર |
|---|---|---|
| ૬૪ | ૭ | ૧૪ |
| ૬૫ | ૭ | ૧૫ |
| ૬૫ | ૭ | ૧૬ |
| ૬૫ | ૭ | ૧૭ |
| ૬૮ | ૭ | ૧૮ |

### બૃહત્કલ્પ-સૂત્ર

| પૃષ્ઠ | ઉ. | સૂ. |
|---|---|---|
| ૯૪ | ૪ | ૬ |

### નિશીથ-સૂત્ર

| પૃષ્ઠ | ઉ. | સૂ. |
|---|---|---|
| ૧૦૦ | ૧૦ | ૧-૪ |
| ૧૦૦ | ૧૫ | ૪ |
| ૧૦૦ | ૧૬ | ૩૮ |
| ૭૦ | ૧૯ | ૮-૧૮ |
| ૬૬ | ૧૯ | ૧૧ |
| ૬૬ | ૧૯ | ૧૨ |

### આવશ્યક-સૂત્ર

| પૃષ્ઠ | અ. | સૂ. |
|---|---|---|
| ટિ/૬૪ | ૪ | — |
| ટિ/૭૦ | ૪ | ૧૯ |
| ટિ/૭૦ | ૪ | ૨૬ |
| ટિ/૬૯ | ૪ | ૨૬ |
| ૯૯ | ૪ | ૨૬ |

## દર્શનાચાર

### આચારાંગ-સૂત્ર

| પૃષ્ઠ | શ્રુત. | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|---|
| ૧૨૫ | ૧ | ૨ | ૩ | ૭૮ |
| ૧૩૭ | ૧ | ૫ | ૧ | ૧૪૯ |
| ૧૩૭ | ૧ | ૫ | ૧ | ૧૬૭ |
| ટિ/૧૨૫ | ૧ | ૫ | ૫ | ૧૬૮ |
| ૧૩૨ | ૧ | ૫ | ૫ | ૧૬૯ |
| ૨૦૧ | ૧ | ૫ | ૬ | ૧૭૬ |
| ૧૬૭ | ૧ | ૬ | ૧ | ૧૭૮-૧૮૦ |
| ૧૬૫ | ૧ | ૮ | ૧ | ૨૦૦(ક) |
| ૧૬૫ | ૧ | ૮ | ૧ | ૨૦૦(ગ) |
| ૧૬૫ | ૧ | ૮ | ૧ | ૨૦૧(ક) |

### સૂત્રકૃતાંગ-સૂત્ર

| પૃષ્ઠ | સુ. | અ. | ઉ. | ગાથા. |
|---|---|---|---|---|
| ટિ/૧૫૪ | ૧ | ૧ | ૧ | ૭-૮ |
| ૧૬૦ | ૧ | ૧ | ૧ | ૯-૧૦ |
| ટિ/૧૫૦ | ૧ | ૧ | ૧ | ૧૧-૧૨ |
| ૧૬૦ | ૧ | ૧ | ૧ | ૧૩-૧૪ |
| ૧૬૧ | ૧ | ૧ | ૧ | ૧૫-૧૬ |
| ૧૬૨ | ૧ | ૧ | ૧ | ૧૭-૧૮ |
| ૧૬૩ | ૧ | ૧ | ૧ | ૧૯-૨૭ |
| ટિ/૧૫૯ | ૧ | ૧ | ૨ | ૧-૫ |
| ૧૮૨ | ૧ | ૧ | ૨ | ૬-૨૩ |
| ૧૬૯ | ૧ | ૧ | ૨ | ૨૪-૨૯ |
| ૧૬૩ | ૧ | ૧ | ૨ | ૩૦-૩૨ |
| ૧૬૦ | ૧ | ૧ | ૩ | ૫-૧૦ |
| ૧૬૧ | ૧ | ૧ | ૩ | ૧૧-૧૨ |
| ૧૬૨ | ૧ | ૧ | ૩ | ૧૩-૧૬ |
| ૧૬૧ | ૧ | ૧ | ૪ | ૫-૮ |
| ૧૬૫ | ૧ | ૨ | ૩ | ૧૧-૧૨ |
| ૧૩૦ | ૧ | ૨ | ૩ | ૧૯ |
| ૧૯૪ | ૧ | ૩ | ૩ | ૧૧-૨૦ |
| ૧૯૨ | ૧ | ૭ | - | ૧૨-૨૦ |
| ૧૩૭ | ૧ | ૯ | | ૨૮ |
| ૧૭૯ | ૧ | ૧૦ | | ૧૬-૧૭ |
| ૧૯૭ | ૧ | ૧૧ | | ૧-૬ |
| ૧૯૮ | ૨ | ૧૧ | | ૧૧-૧૨ |
| ૧૯૪ | ૧ | ૧૧ | | ૨૨ |
| ૧૨૫ | ૧ | ૧૧ | | ૨૩ |
| ૧૯૩ | ૧ | ૧૧ | | ૨૫-૨૮ |
| ૧૯૬ | ૧ | ૧૧ | | ૨૯-૩૧ |
| ૧૯૬ | ૧ | ૧૧ | | ૩૨-૩૮ |
| ૧૬૮ | ૧ | ૧૨ | | ૧ |
| ૧૮૨ | ૧ | ૧૨ | | ૨ |
| ૧૮૨ | ૧ | ૧૨ | | ૩-૪/૧ |
| ૧૭૩ | ૧ | ૧૨ | | ૪-૧૦ |
| ૧૭૦ | ૧ | ૧૨ | | ૧૧-૧૭ |
| ૧૭૧ | ૧ | ૧૨ | | ૧૮-૨૨ |
| ૧૯૮ | ૧ | ૧૫ | | ૧-૨ |
| ૧૯૮ | ૧ | ૧૫ | | ૩-૫ |
| ૧૩૦ | ૧ | ૧૫ | | ૧૮ |
| ૧૮૩ | ૨ | ૧ | | ૬૩૮ |
| ૧૮૬ | ૨ | ૧ | | ૬૩૯-૬૪૨ |
| ૧૮૭ | ૨ | ૧ | | ૬૪૩ |
| ૧૮૯ | ૨ | ૧ | | ૬૪૪-૬૪૫ |
| ૧૪૯ | ૨ | ૧ | | ૬૪૬-૬૪૭(ક) |
| ૧૫૩ | ૨ | ૧ | | ૬૪૭-૬૫૩ |
| ૧૫૫ | ૨ | ૧ | | ૬૫૪-૬૫૮ |
| ૧૫૭ | ૨ | ૧ | | ૬૫૯-૬૬૨ |
| ૧૫૯ | ૨ | ૧ | | ૬૬૩-૬૬૬ |
| ૧૩૯ | ૨ | ૧ | | ૬૬૭-૬૭૧ |
| ૧૪૧ | ૨ | ૧ | | ૬૭૨-૬૭૬ |
| ૧૮૮ | ૨ | ૧ | | ૬૯૨-૬૯૩ |
| ૧૯૧ | ૨ | ૫ | | ૨-૨૮ |
| ૧૮૦ | ૨ | ૫ | | ૨૯-૩૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ઠાણાંગ-સૂત્ર

| પૃષ્ઠ | અ. | ઉ. | સૂ. |
|---|---|---|---|
| ૧૩૧ | ૨ | ૧ | ૫૪-૫૫ |
| ૧૨૭ | ૨ | ૧ | ૫૯(૧) |
| ટિ/૧૨૭ | ૨ | ૧ | ૫૯(૨-૪) |
| ૧૬૪ | ૨ | ૧ | ૫૯(૫-૭) |
| ૧૨૯ | ૩ | ૨ | ૧૬૩(૧) |
| ૧૨૯ | ૩ | ૨ | ૧૬૩(૨) |
| ૧૨૭ | ૩ | ૩ | ૧૯૦(૧) |
| ટિ/૧૨૭ | ૩ | ૩ | ૧૯૦(૩) |
| ૧૬૪ | ૩ | ૩ | ૧૯૩ |
| ૧૩૦ | ૩ | ૪ | ૨૦૪(૯) |
| ૧૩૦ | ૩ | ૪ | ૨૦૪(૧૦) |
| ૧૩૩ | ૩ | ૪ | ૨૨૩(૧) |
| ૧૩૨ | ૩ | ૪ | ૨૨૩(૨) |
| ૨૦૧ | ૪ | ૧ | ૨૩૬(૭) |
| ૨૦૨ | ૪ | ૧ | ૨૩૬(૧૭) |
| ૨૦૧ | ૪ | ૧ | ૨૩૯(૨) |
| ૨૦૧ | ૪ | ૧ | ૨૪૧(૭) |
